[૫૬૬૮]

Regd. No. MH. By / South 54 Licence No. 137

પ્રબુદ્ધ જીવન

વર્ષ: ૫૦ અંક: ૧૭

મુંબઇ, તા. ૧-૧-૧૯૯૯
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

ઋતોપાસક ઋષિ સ્વ. ઉમાશંકર જોશી

ગુજરાત અને ગુજરાતી સાહિત્યનું નામ આંતરભારતીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સુખ્યાત બનાવનાર આપણા લાડીલા કવિ, વિવેચક અને સંસ્કારપુરુષ ઉમાશંકર જોશીનું સોમવાર તા. ૧૯મી ડિસેમ્બરે રાત્રે મુંબઇમાં કેન્સરની બીમારીથી અવસાન થયું. એમના સ્વર્ગવાસથી આપણને એક વિરલ વિભૂતિની ખોટ પડી છે. અંગત રીતે તો અમે જાણે કુટુંબની એક વડીલ વ્યક્તિ ગુમાવી હોય એવું લાગે છે.

ગાંધીજી અને કાકા કાલેલકરની છત્રછાયા હેઠળ જીવન-ઘડતર કરનાર બ્રાહ્મણત્વના શ્રેષ્ઠ સંસ્કાર ધરાવનાર, વેદ અને ઉપનિષદકાળના ઋષિની યાદ અપાવનાર સ્વ. ઉમાશંકર જોશીએ એક ગુજરાતી કવિ કે સાહિત્યકાર તરીકે જીવનમાં જે સિદ્ધિઓ મેળવી તે ઘણી મોટી હતી. રણજિતરામ સુવર્ણચંદ્રક, ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખસ્થાન, ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિનું પદ, જ્ઞાનપીઠનો એવોર્ડ, સાહિત્ય અકાદમીનું પ્રમુખસ્થાન, કેન્દ્રની રાજ્યસભાનું સભ્યપદ, વિશ્વભારતી-વિશ્વ-વિદ્યાલયનું ઉપકુલપતિપદ જેવી માનભરી સિદ્ધિઓ મેળવવા તેઓ સદ્‌ભાગી બન્યા હતા. આ બધી જ સિદ્ધિઓ આયાસ કે ખટપટ કરીને નહિ, પરંતુ કેવળ પોતાની ગુણવત્તાને ધોરણે તેમણે પ્રાપ્ત કરી હતી. તેઓ સત્ય, ન્યાય, નીતિ અને પ્રામાણિકતાના જીવનભર ઉપાસક રહ્યા હતા. 'ઋત' એમના જીવનનો મંત્ર હતો. તેમની ઋતની ઉપાસના અખંડ હતી. અસત્ય કે દંભનો આશ્રય લઇ આયાસપૂર્વક કશુંક પ્રાપ્ત કરી લેવાનું કે પોતાનો બચાવ કરવાનું તેમણે કદી વિચાર્યું નહોતું. એમના અંતરમાં એક બાજુ જેમ કાર્યસિદ્ધિની આકાંક્ષા રહી હતી તેમ બીજી બાજુ અનાસક્તિ પણ રહેલી હતી. પોતાની ભૌતિક એષણાઓને તેઓ ક્યારેય વાચા આપતા નહિ. યથાશક્ય તેઓ નિસ્પૃહ કે ઉદાસીન રહેતા. સંબંધો બાંધીને કશુંક મેળવી લેવાની ઝંખના તેઓ ક્યારેય રાખતા નહિ. જેમ પત્રવ્યવહારની બાબતમાં તેમ મિત્રો સાથેના સંબંધોની બાબતમાં પણ જૂજ અપવાદ સિવાય, તેઓ સામેથી બહુ ઉત્કંઠા દર્શાવતા નહિ. સહજ રીતે થાય તેટલું થવા દેતા. જાહેર-જીવનમાં અન્ય લોકોના અકારણ દ્વેષ કે ઇર્ષ્યાને પાત્ર થવાનું થાય, પરંતુ ત્યારે પણ ઉમાશંકર સમભાવ અને ઉદાસીનતા ધરાવતા. તેમની પાસે અગાધ જ્ઞાન હતું અને વિશિષ્ટ જીવનદર્શન હતું. તેમની સ્મૃતિ પણ એટલી જ સતેજ હતી. એને લીધે તેમની પાસે અનૌપચારિક રીતે શાંતિથી બેઠા હોઇએ ત્યારે પ્રાચીનકાળના કોઇ ઉચ્ચ પ્રતિભાસંપન્ન ઋષિમુનિની પાસે, કોઇ Geniusની પાસે બેઠાં હોઇએ તેવો અનુભવ થતો. ઉમાશંકરની વિવિધ સિદ્ધિઓને લક્ષમાં રાખીને એમને વિવિધ બિરુદો આપવામાં આવ્યાં છે. પરંતુ 'ઋતોપાસક ઋષિ' તરીકે એમને ઓળખાવવામાં એમને, અપાયેલા ઘણાં બિરુદોનો સમાવેશ થઇ જાય છે.

કવિતા, નાટક, વાર્તા, વિવેચન, સંશોધન-સંપાદન, ઇત્યાદિ વિવિધ ક્ષેત્રે એમની બહુમુખી અને બહુશ્રુત પ્રતિભાએ પાંચ દાયકાથી અધિક સમય સુધી સતત યોગદાન આપ્યા કર્યું. એમનું સત્ત્વશીલ જીવનલક્ષી વિપુલ સાહિત્ય ચિરકાળ સુધી અનેકને પ્રેરણા આપતું રહેશે. એમનું જીવન પણ એવું જ પ્રેરણામય હતું. એમના નિકટના સંબંધમાં આવવાનું અમને સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું. અહીં થોડાંક સ્મરણો તાજાં કરું છું.

શાળા અને કૉલેજનાં પાઠ્યપુસ્તકોમાં ઉમાશંકરની કવિતા ભણવાની આવી હતી ત્યારથી એટલે કે કિશોરાવસ્થાથી જ ઉમાશંકરના નામથી હું સુપરિચિત થયો હતો. મુંબઇમાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રથમ વર્ષમાં હતો ત્યારે અમારા અધ્યાપક બાદરાયણ અને પ્રો. ગૌરીપ્રસાદ ઝાલાએ ઉમાશંકર જોશીનું 'ગુજરાતી કવિતાની આવતી કાલ' એ વિષય ઉપર વ્યાખ્યાન ગોઠવ્યું હતું. એ દિવસે ઉમાશંકરને પહેલીવાર જોયેલા. ઉમાશંકરે વ્યા-ખ્યાનની શરૂઆતમાં કહેલું તે આજે પણ યાદ છે. તેમણે કહ્યું હતું કે મારી અટક જોશી છે. હું માનું છું કે મારી અટક જોઇને આવતી કાલની ગુજરાતી કવિતા વિશે મને બોલવાનું નહિ કહ્યું હોય. આવતી કાલની કવિતા વિશે હું જે કહીશ તે જ્યોતિષી તરીકે નહિ પણ કવિતાના પ્રવાહમાં પડેલા કવિ તરીકે કહીશ.' એ દિવસે ઉમાશંકરને સાંભળ્યા ત્યારે એક તેજસ્વી કવિ અને મધુરરસિક વિદ્વાન વક્તાને સાંભળવાનો આનંદ અનુભવ્યો. પછીથી તો મુંબઇમાં જેટલીવાર તેમનાં વ્યાખ્યાનોનો કે કાવ્ય-વાચનનો કાર્યક્રમ હોય તેટલીવાર તેમાં જવાનું અચૂક રાખતો.

૧૯૪૮માં B. A. થયા પછી મારા પારસી મિત્ર શ્રી મીનુ દેસાઇ સાથે ગુજરાતી સોનેટોનું સંપાદન 'મનીષા' નામથી કરવાનું અમે વિચાર્યું. તે વખતે ઉમાશંકર સાથે મારે પત્રવ્યવહાર થયો હતો. પત્રનો જવાબ ન લખવાની ઉમાશંકરની પ્રકૃતિ ત્યારે હજુ વિકસી ન હતી. એટલે પત્રનો તરત જવાબ આપતા અને વિગતે સલાહ-સૂચનો આપતા, કારણ કે સોનેટ એમનો એક પ્રિય કાવ્યપ્રકાર હતો. એ પત્ર-વ્યવહારથી ઉમાશંકર સાથે પરિચય થયો હતો, પરંતુ રૂબરૂ મળીને વાતો કરવાનો પ્રસંગ હજુ ત્યારે સાંપડ્યો નહોતો.

ઉમાશંકર સાથે મારે વ્યક્તિગત અંગત પરિચય તો

વડોદરામાં મળેલા લેખક મિલન વખતે ઈ. સ. ૧૯૫૦માં થયો હતો. મુંબઈ યુનિવર્સિટિમાં ગુજરાતી વિષય સાથે પ્રથમ નંબરે આવેલો અને તે વખતે પછીથી ખબર પડેલી કે અમારા પરીક્ષકોમાં વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને વિજયરાજ વૈદ્ય સાથે ઉમાશંકર જોશી પણ હતા. લેખક મિલનમાં મેં મારો પરિચય આપ્યો ત્યારે પરીક્ષાના પરિણામની એમણે જ વાત કાઢેલી અને લેખક મિલનના કાર્યક્રમના છેલ્લા દિવસે ચાંદોદમાં રાત્રે નદીકિનારે મળેલી સભામાં બધાનો પરિચય ઉમાશંકરે કરાવ્યો તે વખતે નવા એમ. એ. થયેલા યુવાનોમાં નિરંજન ભગત અને મારો પરિચય કરાવેલો. એ વખતે સો-સવાસો જેટલા લેખકોનો ઉમાશંકરે વિગતે પરિચય કરાવ્યો હતો. તે ઉપરથી તેમની અદ્‌ભુત સ્મરણશક્તિની પ્રત્યક્ષ પ્રતીતિ બધાને થઈ હતી.

વડોદરાના સંમેલન પછી ઉમાશંકરને મુંબઈમાં અને અમદાવાદમાં વારંવાર મળવાનું થતું. મુંબઈમાં પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા આવેલા અને પરમાનંદભાઈ કાપડિયાને ત્યાં ઊતરેલા ત્યારે એમની સાથે ગાઢ પરિચય થયેલો. મારાં પત્નીએ ત્યારે સોફિયા કૉલેજમાં એમનું વ્યાખ્યાન પણ ગોઠવેલું.

સાહિત્ય પરિષદના નડિયાદના સંમેલન વખતે, મુનશી પાસેથી સાહિત્ય પરિષદ લેવાના આંદોલન વખતે મુનશી સાથેની વાટાઘાટમાં ઉમાશંકર વધુ પડતો ગુસ્સો કરી બેઠેલા એ ત્યાં ચર્ચાનો વિષય થઈ ગયેલો. એમના ગુસ્સા વિશે પછીથી મિત્રોએ ટકોર કરેલી. ઉમાશંકરની યુવાનીનો એ આક્રોશ સાહિત્ય પરિષદને છોડાવવા માટેનો હતો. નડિયાદમાં સદ્‌ભાગ્યે જ્યોત્સનાબહેનની સાથે એક જ રૂમમાં મારાં પત્ની તારાબહેનને ઉતારો મળ્યો હતો. એથી જ્યોત્સનાબહેન સાથે ઘણી અત્યંત અંગત વાતો થયેલી. ઉમાશંકરને નાની ઉંમરે ક્ષયરોગની અસર થયેલી અને તે માટે ઉમાશંકરે કેટલી બધી કાળજી રાખીને એ રોગ મટાડેલો તેની વાત જ્યોત્સનાબહેને કહેલી. વળી ચિ. સ્વાતિના જન્મ પછી ઉમાશંકરે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકારેલું તેની વાત પણ જ્યોત્સનાબહેને કરેલી. પોતાનાં આંતરજ્ઞાતીય પ્રેમ લગ્ન હતાં તે સામે એમનાં સગાંસંબંધીઓનો કેટલો વિરોધ હતો અને પોતાને કેટલું સહન કરવું પડેલું તેની વાત પણ કરી હતી.

'સખી મે કલ્પી'તી' કાવ્યના રચયિતા અને 'મનુજ મુજ શી' તથા 'મધુરતર હૈયાંની રચના' કહેનાર કવિ ઉમાશંકર અને જ્યોત્સનાબહેનનું દામ્પત્ય જીવન અત્યંત સ્નેહપૂર્ણ અને પ્રસન્ન હતું. ઉમાશંકર જ્યોત્સનાબહેનની સંભાળ બહુ રાખતા. ઉમાશંકરના પ્રેમ અને પ્રત્યુત્પન્નમતિના ઉદાહરણ તરીકે જ્યોત્સનાબહેને કહેલો એક પ્રસંગ યાદ આવે છે. તેઓ બંનેને ખાદી, કે સ્વદેશી વસ્ત્રો પહેરવાનો નિયમ હતો. બંનેએ સાદાઈથી જીવન જીવવાનું નક્કી કરેલું. વળી જ્યોત્સનાબહેને મનથી એવો નિયમ રાખેલો કે વધુમાં વધુ ત્રીસ રૂપિયા સુધીની સાડી ખરીદવી. એક વખત જ્યોત્સનાબહેનને એક સાડી બહુ ગમેલી અને લેવાનું નક્કી કર્યું; પરંતુ એની કિંમત પૂછતાં સાડત્રીસ રૂપિયા છે એમ જાણ્યું એટલે પોતે તે લેવાનું માંડી વાળ્યું. સાડી બહુ સરસ છે અને ગમી ગઈ છે એટલે ઉમાશંકરે તે લેવાનો આગ્રહ કર્યો, પણ જ્યોત્સનાબહેને ના પાડી. ઉમાશંકરે કારણ પૂછ્યું, એટલે જ્યોત્સનાબહેને કહ્યું કે વધુમાં વધુ ત્રીસ રૂપિયા સુધીનો નિયમ છે અને આ સાડીની કિંમત સાડત્રીસ રૂપિયા છે, માટે તે લેવી નથી. ઉમાશંકર જ્યોત્સનાબહેનની મૂંઝવણ સમજી ગયા. પરંતુ સાડી અપાવવાની એમની ઇચ્છા પ્રબળ હતી. વળી જ્યોત્સનાબહેનની આ કોઈ અફર પ્રતિજ્ઞા નહોતી. સાદાઈથી ઘર ચલાવવા માટે ધારણ કરેલો સામાન્ય નિયમ હતો. એટલે ઉમાશંકરે વચલો માર્ગ કાઢી જ્યોત્સનાબહેનને સમજાવતાં કહ્યું કે 'તમારા નિયમ પ્રમાણે આ સાડી લઈ શકાય એમ છે. વધુમાં વધુ ત્રીસ રૂપિયા સુધી એટલે કે ત્રીસ શબ્દની સાથે જે વધુમાં વધુ રકમ આવે ત્યાં સુધી લઈ શકાય. ૩૧ થી ૩૮ સુધીની રકમોમાં ત્રીસ શબ્દ આવે છે એટલે સાડત્રીસ જ નહિ, આડત્રીસ રૂપિયા સુધી લઈ શકાય. ઓગણ-ચાલીસની સાડી ન લેવાય.' આમ અનુકૂળ અર્થ કરી અને વિશેષ તો પ્રેમપૂર્વક ખૂબ આગ્રહ કરી ઉમાશંકરે જ્યોત્સનાબહેનને એ સાડી અપાવેલી.

૧૯૫૫માં અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં મારે ગુજરાતીના અધ્યાપક તરીકે એક વર્ષ ભણાવવાનું થયું. અમદાવાદના એક વર્ષના તે નિવાસ દરમિયાન ઉમાશંકરને મળવા એમના આશાવાડીના નિવાસસ્થાને ઘણીવાર જતો. ત્યારે ઉમાશંકર એટલા વ્યસ્ત નહોતા. વળી હું રોજ સાંજે પં. સુખલાલજી પાસે એમને જે કંઈ વાંચવું હોય તે વાંચી આપવા માટે જતો. ઉમાશંકર પણ એમને મળવા માટે વખતોવખત આવતા. અને એ રીતે એમની સાથે સારી સાહિત્યગોષ્ઠિ થતી. ગુજરાતી સાહિત્ય પરિષદ મુનશી પાસેથી લઈ લેવા માટે જે આંદોલન થયેલું તેમાં પહેલી સહી પં. સુખલાલજીની હતી. તે સમયે પંડિતજીના સાંનિધ્યમાં ઘણી વાટાઘાટો થતી તથા પરિષદ મુનશી પાસેથી લેવાયા પછી તેના નવા બંધારણની ચર્ચાઓ પંડિતજીની હાજરીમાં થતી. એ વખતે ઉમાશંકર, ઝીણાભાઈ, યશવંત શુક્લ, જયંતી દલાલ વગેરેની વિચારધારા કેવી છે તેનો પ્રત્યક્ષ પરિચય થયેલો. ત્યારે હજુ ઉમાશંકરે ગુજરાત યુનિવર્સિટીમાં કોઈ સ્થાન સ્વીકારેલું નહિ. ભો. જે. વિદ્યાભવનમાં માનાર્હ અધ્યાપક તરીકે તેઓ કામ કરતા અને એકંદરે તેઓ સંસ્કૃતિ ચલાવવામાં અને સાહિત્યલેખનમાં પોતાનો બધો સમય ઉપયોગમાં લેતા.

ઉમાશંકરે પારિતોષિક-એવોર્ડ વગેરે સ્વીકાર્યાં છે અને તેના સમારંભોમાં હાજરી આપી છે, પરંતુ પોતાનાં પચાસ, સાઠ કે પંચોતેર વર્ષ નિમિત્તે જન્મ મહોત્સવ ઉજવવાની સંમતિ કયારેય આપી નથી. તેમને ૫૦ વર્ષ પૂરાં થયાં ત્યારે, સાઠ વર્ષ પૂરાં થયા ત્યારે, સીત્તેર વર્ષ પૂરાં થયા ત્યારે અને છેલ્લે પંચોતેર વર્ષ પૂરાં થયાં ત્યારે દરેક વખતે તે તે ઉજવવા માટે દરખાસ્ત લઈને કેટલાક સાહિત્યકારો તેમની પાસે ગયા હતા, પરંતુ તેનો તેમણે કયારેય સ્વીકાર કર્યો નહોતો. એમનો એ નિર્ધાર એમના અભિજાત સંસ્કારનો દ્યોતક છે. વળી તેઓ અન્ય લેખકો માટેની એવા પ્રકારની માત્ર ઉંમર સાથે સંકળાયેલી ઉજવણીના કાર્યક્રમમાં કોઈ સ્થાન સ્વીકારીને ભાગ લેતા નહિ. કેટલાંક વર્ષ પહેલાં મુંબઈના એક સાહિત્યકારને પચાસ વર્ષ પૂરાં થયાં ત્યારે તેમની ઉજવણીના કાર્યક્રમમાં પ્રમુખ તરીકે ઉમાશંકર પધારશે એવી જાહેરાત થઈ હતી. એ દિવસોમાં મારે માઉન્ટ આબુ જવાનું થયું હતું. ત્યાં એક દિવસ બસ સ્ટેન્ડ પાસે ઉમાશંકર અચાનક મળી ગયા. થોડી વાતચીત થઈ. છૂટા પડતી વખતે મેં એમને કહ્યું, 'હવે મુંબઈમાં...ની ૫૦ વર્ષની ઉજવણી પ્રસંગે તમે પ્રમુખ તરીકે આવવાના છો ત્યારે

(અનુસંધાન પૃષ્ઠ ૧૦ મું)

ભગવાન મહાવીરની જન્મભૂમિ ક્ષત્રિયકુંડ વિશે કેટલાક મુદ્દાઓ

❖ પૂ. શ્રી કલાપ્રભસાગરસૂરિજી (ગુણશિશુ)

વિ. સં. ૨૦૨૭માં કચ્છ મોટાઆસંબીયામાં થયેલ પૂ.પાદ અચલગચ્છાધિપતિ ગુરુદેવશ્રીની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન ત્યાંના ઉપાશ્રયમાં રહેલા જ્ઞાનભંડારનાં અનેક પુસ્તકોનું વાંચન -મનન, સ્વાધ્યાય કરેલ તેમાં મુનિશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી મહારાજ) લિખિત 'ક્ષત્રિયકુંડ' પુસ્તક તથા વિજયેન્દ્રસૂરિ લિખિત 'વૈશાલી' પુસ્તક આ બન્ને પુસ્તકો પણ વાંચેલ ત્યારે જ મનમાં આ અંગે યોગ્ય વિદ્વાનો સાથે અને અનેક ગ્રંથોના તારણરૂપે યોગ્ય સંશોધન કરવાનું 'બીજ' વવાયેલ.

ત્યારબાદના વાંચનના આધારે ભગવાન શ્રી મહાવીરદેવની જન્મભૂમિ આપણા પ્રમાણભૂત જૈનાગમો અને પ્રાચીન ગ્રંથોના આધારે વર્તમાન ક્ષત્રિયકુંડ તીર્થ છે એમ માનું છું. જે ક્ષત્રિયકુંડ તીર્થ બિહારના મુંગેર જિલ્લા (જમુઈ-સિકંદરા પાસે) અંતર્ગત લછવાડ ગામ પાસે વિદ્યમાન છે. રેલવે સ્ટેશનો લકખીસરાય કે કીઉલ નજીક થાય છે.

શ્રી મુંબઇ-શિખરજી તીર્થના છ'રી પાળતા જૈન સંઘ સાથે જતે જ જ્યારે ક્ષત્રિયકુંડ તીર્થની તારક સ્પર્શના-યાત્રા કરી તથા આ તીર્થને સિદ્ધ કરતું આ ક્ષેત્રના જ જૈનેતર વિદ્વાન પ્રોફેસરોનું સાહિત્ય વાંચ્યું ત્યારે મનમયૂર ટહુકી ઊઠ્યો. આ પ્રમાણિત સાહિત્ય તથા વર્ણનો પરથી સિદ્ધ અને હજારો વરસોથી પ્રસિદ્ધ એવી ભગવાન શ્રી મહાવીરદેવની પવિત્ર જન્મભૂમિ ક્ષત્રિયકુંડ તીર્થની વિરુદ્ધમાં 'વૈશાલી'ની માત્ર કલ્પના ગર્ભિત હકીકતોનો પ્રચાર થઇ રહ્યો છે. એટલું નહીં છેલ્લાં વરસોમાં ભગવાન મહાવીર અંગે લખાયેલાં પુસ્તકોમાં તથા કેટલાંક પાઠ્યપુસ્તકોમાં 'વૈશાલી'નો જ પ્રચાર થઇ રહ્યો છે જે ખરેખર અઘટિત છે. ક્ષત્રિયકુંડથી વિહાર કર્યા બાદ એ ક્ષેત્રના પ્રોફેસરો વિગેરેએ બિહારમાં જૈન ધર્મના પ્રચાર માટે ક્ષત્રિયકુંડમાં કોઈ વિદ્યાધામ ઊભું કરવા જિજ્ઞાસા બતાવવા લાગ્યા ત્યારે તેઓને કહ્યું કે ક્ષત્રિયકુંડ તીર્થ તથા કુમાર ગામ તીર્થના ઉદ્ધાર માટે અચૂક કાંઇ કરવા જેવું છે જ પણ તે પહેલાં પાશ્ચાત્યોના માનસમાં 'વૈશાલી'ની માન્યતા ઘર કરી ગઇ છે તેનું શું? એકવાર આ 'ક્ષત્રિયકુંડ તીર્થ'ના ઇતિહાસનો ઉદ્ધાર કરવા જેવો છે. આ ચર્ચામાંથી ડો. શ્યામાનંદપ્રસાદ ડો. બ્રહ્મદેવ અંબાડે વગેરેએ શ્રી અખિલ ભારતીય વિદ્વદ્ સંમેલનની ભૂમિકા રજૂ કરી

પૂ. ગુરુદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને આ વાત ગમી ગઇ. પૂ ગુરુદેવશ્રીએ આ વિદ્વત્સંમેલનનું આયોજન અને તમામ ખર્ચ કરવા (લાભ લેવા) શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) જૈન સંઘને પ્રેરણા કરી જેનો શ્રી સંઘે સ્વીકાર કર્યો. ત્યારબાદ ઉક્ત બધા જ કામે લાગ્યા જેના ફલસ્વરૂપે સં. ૨૦૪૧માં શ્રી અખિલ ભારતીય ઇતિહાસજ્ઞ વિદ્વત્ સંમેલન શિખરજી તીર્થની પાવન ભૂમિ પર યોજાઇ ગયું. આ સંમેલન દ્વારા અનેક ઇતિહાસનાં તથા આગમિક સત્યો-તથ્યો પ્રકાશમાં આવ્યાં.

ભગવાન મહાવીરની જન્મભૂમિ 'ક્ષત્રિયકુંડ'ને સિદ્ધ કરવા જોઇતા મુખ્ય મુદ્દાઓ અહીં રજૂ કર્યા છે.

* કુંડપુર (ક્ષત્રિયકુંડ) તીર્થ વૈશાલીની નજીક હોવાના પ્રાચીન પુરાવા (ઉલ્લેખો) એક પણ પ્રાપ્ત થતા નથી.

* દિગંબરોના પુરાણો કે ગ્રંથોમાં પણ વૈશાલીની નજીકની આ વાતને પુષ્ટિ મળતી નથી.

* ભગવાન શ્રી મહાવીર પછીના પ્રથમ પટ્ટધર શ્રી સુધર્મા સ્વામિજી ભગવત રચિત શ્રી આચારાંગ સૂત્રમાં, સાતમા પટ્ટધર શ્રી ભદ્રબાહુસ્વામી રચિત કલ્પસૂત્રમાં તથા આવશ્યક સૂત્ર અને પ્રાચીન નિર્યુક્તિઓ અને ટીકાઓ વગેરે પ્રમાણિત ગ્રંથોમાં પણ ઉપરોક્ત વાતને સમર્થન નથી મળતુ.

* ક્ષત્રિયકુંડ જો વૈશાલીનું ઉપનગર હોય તો આવી સમૃદ્ધ નગરીનો ઉલ્લેખ ભગવાન મહાવીરની જન્મભૂમિની ક્ષત્રિયકુંડ આદિ વિગતો સાથે ઉપરના ગ્રંથોમાં મળવો જોઇએ પણ તે મળતો નથી.

* વર્તમાન લછવાડ (જમુઇ-સિંકદરા) નજીકના ક્ષત્રિયકુંડ તીર્થના મૂળનાયક ભગવાન શ્રી મહાવીરની પ્રાચીન મૂર્તિ જ આ તીર્થની પ્રાચીનતા અંકિત કરે છે.

* ઉપરોક્ત પ્રમાણિત આગમ ઇતિહાસ ગ્રંથોમાં મળતા ઉલ્લેખો જેવા કે ભગવાન શ્રી મહાવીરનો બ્રાહ્મકુંડમાં ચ્યવન, ક્ષત્રિયકુંડમાં જન્મ, દિક્કુમારિકાઓનું સૂતિકાકર્મ, ત્રિશલામાતાના ઇન્દ્રકુંડલના દોહલાની ઇન્દ્ર - ઇન્દ્રાણી દ્વારા પૂર્તિ, બાલ્યઅવસ્થા, આમલકી ક્રીડા, દીક્ષા સ્વીકાર, જ્ઞાત ખંડવન ઉદ્યાન પ્રથમવિહાર, પ્રથમવિહારની સાંજે કુમાર ગ્રામમાં ગોવાળનો ઉપસર્ગ, કોલ્લાગસન્નિવેશમાં પ્રભુનું પ્રથમ પારણું, ત્યાંથી મોરાકસન્નિવેશમાં જવું, ત્યાંથી અસ્થિક ગામમાં જવું વગેરે ગામો, વૃક્ષો, પર્વતો, તે નામનાં ગામો વગેરે વર્ણન લછવાડ (જમુઇ) પાસેના ક્ષત્રિયકુંડ તીર્થની પાસે વર્તમાનમાં પણ વિદ્યમાન છે. પણ વૈશાલી નજીક ઉપરોક્ત વર્ણન મુજબ કશું જ પ્રાપ્ત થઇ શકતું નથી.

* સં. ૧૩૫૨માં જૈનાચાર્ય શ્રી જિનચંદ્રસૂરિજીના ઉપદેશથી વાચક રાજશેખરગણિ, સુબુદ્ધિરાજજી, હેમતિલકગણિજી, પુણ્યકીર્તિગણિજી વગેરે બડગાંવ (નાલંદા)માં વિચર્યા હતાં ત્યાંના ઠાકોર રત્નપાલ આદિ શ્રાવકોએ સપરિવાર ક્ષત્રિયકુંડ આદિ તીર્થસ્થાનોની યાત્રા કરી હતી. જેનું વર્ણન યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલિમાં પ્રાપ્ત થાય છે.

* પંદરમી સદીમાં આ. શ્રી લોકહિતા (લોહિતા!) ચાર્યસૂરિજી ક્ષત્રિયકુંડ આદિ તીર્થોની યાત્રાર્થે પધાર્યા હતા. તેનો ઉલ્લેખ શ્રી જિનોદયસૂરિજીએ મોકલેલ વિજ્ઞપ્તિપત્ર (મહાલેખ માં મળી આવે છે.

* સં. ૧૪૬૭ માં શ્રી જિનવર્ધનસૂરિજી દ્વારા રચિત પૂર્વદેશીય ચૈત્યપરિપાટીમાં ક્ષત્રિયકુંડનું વર્ણન મળે છે.

* ૧૬ મી સદીમાં થયેલ ઉપાધ્યાય શ્રી જયસાગરજી દ્વારા અહીંની યાત્રા થયાનું વર્ણન દશવૈકાલિક સૂત્રની વૃત્તિમાં પ્રાપ્ત થાય છે.

* આ જિનપ્રભસૂરિજીએ પણ સંસ્કૃતમાં રચેલ 'તીર્થકલ્પ' તીર્થમાલામાં પણ આ તીર્થનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

* સં. ૧૫૬૫માં જૈન મુનિ હંસસોમ રચિત તીર્થમાળામાં આ ક્ષત્રિયકુંડ તીર્થનું વર્ણન મળે છે.

* ૧૮ મી સદીમાં થયેલા મુનિશ્રી શીલવિજયજીએ આ તીર્થનું સુંદર વર્ણન કર્યું છે. સં. ૧૭૫૦માં સ્વરચિત તીર્થમાળામાં આ તીર્થનું વર્ણન કર્યું છે.

* પૂ. આ. શ્રી ધર્મમૂર્તિસૂરિજી તથા વિક્રમના ૧૭મા સૈકાના ઉત્તરાર્ધમાં પૂ આ. શ્રી કલ્યાણસાગરસૂરિજીએ તથા લોઢા ગોત્રીય કુંરપાલ સોનપાલ બંધુઓની પૂર્વ ભારતની યાત્રાના સાહિત્યમાં ક્ષત્રિયકુંડનો ઉલ્લેખ મળે છે.

* વર્તમાનમાં પણ આ ક્ષત્રિયકુંડ પહાડ પર થોડે દૂર પ્રાચીન અવશેષો પડયા છે જે 'સિદ્ધાર્થરાજા'ના મહેલનાં ખંડિયેરો હોવાની લોકોક્તિનો વિદ્વાનો સ્વીકાર કરે છે.

* વૈશાલી નજીક કુંડગામ ભગવાન મહાવીરના જન્મસ્થળનું વર્ણન કરનારા પાશ્ચાત્ય અંગ્રેજ લેખકો કે ભારતીય લેખકો ક્ષત્રિયકુંડ (જમુઈ) ગયા જ નથી. તેઓએ માત્ર દૂર બેઠા બેઠાં પાશ્ચાત્ય વિદ્વાનોનાં વિચારોના આધારે જ કલ્પનાઓના કિલ્લા બાંધ્યા છે.

* શાસ્ત્રોના વિદેહ, વિદેહદિન્ને, વિદેહજચ્ચે, વિદેહસૂમાલે તથા વેસાલિએ વગેરે વર્ણનો પરથી પાશ્ચાત્ય લેખકો 'વૈશાલી' હોવાનું અનુમાન કરે છે. પણ ભગવાન શ્રી મહાવીરનાં માતા ત્રિશલારાણી વૈશાલીના રાજા ચેટકનાં બહેન હતાં. એટલે ભગવાનને નાનાણ (મામા) પક્ષે વૈશાલી સાથે સંબંધ જરૂર હતો. માતા ત્રિશલાના કારણે ભગવાન વિદેહી-વૈશાલીક કહેવાયા હતા.

* બિહારના મુજફ્ફરપુર જિલ્લામાં આવેલ બસાડપટ્ટી એ જ વૈશાલી છે તેની પાસે વસુકુંડ ગામ છે એ જ બ્રાહ્મણ ગામ કે ક્ષત્રિયકુંડ ગામ છે એવું પાશ્ચાત્ય લેખકો અનુમાન કરે છે.

* બસાડના પ્રાચીન અવશેષોને પ્રાચીન વૈશાલી હોવાનો સંકેત કરનારા સંશોધકોમાં સેટ માર્ટિન જનરલ કનિંઘહામ સૌથી મોખરે છે. ત્યાર બાદ સને ૧૯૦૩-૧૯૦૪માં ડો. બ્લાશ અને સને ૧૯૧૩-૧૪માં ડો. રપૂનરની દેખરેખ હેઠળ બસાડનું ખોદકામ થયું જેથી તેઓએ કનિંઘહામ આદિએ પ્રાચીન વિશાલા-વૈશાલી નગરી હોવાની ખાતરી કરી.

* આ વેસાડ (વૈશાલી) નજીકના વસુકુંડ ગામને બ્રાહ્મણકુંડ કહી શકાય નહીં. આ કુંડપુરમાંથી વસુકુંડ શબ્દ બની શકે નહીં.

* ભગવાન શ્રી મહાવીર જ્યારે મોક્ષે પધાર્યા ત્યારે શોકથી વિહ્વલ બનેલા પ્રભુના ભાઇ અને તે વખતે ક્ષત્રિયકુંડના રાજા નંદીવર્ધન પ્રભુના નિર્વાણસ્થળ પર એટલે મધ્યમાં પાવાપુરીમાં પહોંચ્યા હોવાનો પ્રાચીન ગ્રન્થોમાં ઉલ્લેખ મળે છે. વર્તમાન પ્રસિદ્ધ ક્ષત્રિયકુંડ જમુઈ-લછવાડ પાવાપુરીની નજીક જ છે. જે ક્ષત્રિયકુંડથી નંદીવર્ધન રાજા પાવાપુરી પહોંચ્યા હશે. વૈશાલી પાસે કુંડપુર માનીએ તો ત્યાંના રાજા નંદીવર્ધન એક જ રાતમાં પાવાપુરી કઇ રીતે પહોંચી શકે? કારણ કે પાવાપુરી અને વૈશાલીનું ઘણું જ અંતર છે. જે તરત જ પહોંચી શકાય નહી.

* ભગવાન મહાવીરની હયાતીમાં જ રાજગૃહ નગરના રાજા કોણિક અજાતશત્રુએ વૈશાલી'ને પરાભૂત કરી તેને નામશેષ કરી દીધી હતી. આ વૈશાલીના ધ્વંસ સાથે વસુકુંડનો પણ નાશ થયો કહેવાય. તો મહાવીરના નિર્વાણ સમયે નંદીવર્ધનનો રાજા તરીકે ઉલ્લેખ કઇ રીતે ઘટી શકે?

* દિગંબર જૈનો પ્રથમ રાજગૃહીના નાલંદા પાસેના વડગાંવ-(ગોબ્બર) ગામને ભગવાન મહાવીરની જન્મભુમિ માનતા હતા. સને માનતા હતા, સને ૧૯૪૭ પછી વૈશાલી પાસેના વસુકુંડને બ્રાહ્મણકુંડ કે કુંડપુર માની વૈશાલીને કુંડપુર તીર્થ માનવા લાગ્યા છે. તેઓના છેલ્લા સાહિત્ય મુજબ આ બન્ને સ્થળને માને છે પણ ક્ષત્રિયકુંડને નથી માનતા.

* 'મુંગેર કે જૈન તીર્થ'ના વિદ્વાન લેખક પ્રો. સ્વામી રામરઘુવીર જણાવે છે કે દિગંબર ગ્રંથોમાં વૈશાલી (વિશાલા)નો સિંધ દેશમાં હોવાનો ઉલ્લેખ મળે છે. તેઓ પોતાના અનુભવ મુજબ આ પ્રકારના ગ્રંથોની ઐતિહાસિક બાબતો શંકાશીલ માને છે.

* શાસ્ત્રોના વર્ણન મુજબ ભ. મહાવીરની જન્મ-દીક્ષાભૂમિ પછી કોલ્લાગ જતાં વચ્ચે કર્મારં (કુમાર) ગામ, નદીનો જલમાર્ગ અને સ્થલમાર્ગ હોવા જોઇએ તે વૈશાલીના વસુકુંડ પાસે નથી. જ્યારે હાલ પણ વર્તમાન ક્ષત્રિયકુંડ તીર્થ (લછવાડ) પાસે કોલ્લાગ નામનું ગામ તે ગામ જતાં વચ્ચે કુમારગામ જવાના બે માર્ગો જલમાર્ગ અને સ્થલમાર્ગ વિદ્યમાન છે....

* ભગવાન મહાવીરના પિતા સિદ્ધાર્થ રાજા ગણતંત્ર રાજા હતા. તે વાત 'વૈશાલી'ની કલ્પના પછી પ્રસિદ્ધ થઇ છે. હકીકતમાં સિદ્ધાર્થ રાજા-નંદીવર્ધન રાજા સ્વતંત્રનગરના રાજા હતા. વૈશાલીના રાજા ચેટકનાં બેન ક્ષત્રિયાણી ત્રિશલા જ્યારે સિદ્ધાર્થ રાજાને પરણ્યાં ત્યારે લિચ્છવીવંશીય પરિચારિકા-પરિચારિકાઓને સાથે લાવ્યાં હશે. તેઓને રહેવા માટે કુંડપુર નગર નજીક જ જમીન આપી હશે જે વર્તમાનમાં 'લછુઆડ ગામ' તરીકે વર્તમાનના ક્ષત્રિયકુંડ (જમુઈ)ની નજીક જ વિદ્યમાન છે. અન્યથા વૈશાલીની આટલે દુર 'લછવાડ' આ નામનું ગામ અહીં કઇ રીતે હોઇ શકે?...

* દિગંબર જૈન મુનિ ભટ્ટારક સકલકીર્તિ કે જેમણે દિગંબર સાહિત્યમાં વિપુલ સાહિત્ય રચ્યું છે તેઓ સં. ૧૪૯૯ પૂર્વે એટલે પંદરમી શતાબ્દીમાં વિદ્યમાન હતા. તેમણે 'વીરવર્ધમાન ચરિતમ્' સંસ્કૃત પદ્યમાં રચ્યું છે જે પુસ્તકનું પં. હીરાલાલ જૈને સંપાદન કર્યું છે જે વિ. સં. ૨૦૩૧માં પ્રકાશિત થયેલ છે. આ ચરિત્રમાં પં. સકલકીર્તિ ભગવાન શ્રી મહાવીરની જન્મભૂમિનું વર્ણન કરતાં જણાવે છે કે જ્યાં મનુષ્ય દેવો વિદ્યાધરોથી વંદનીય એવી અરિહંત ભગવંતો અને અનેક યોગીઓની નિર્વાણભૂમિઓ પગલે પગલે જોવાય છે. જ્યાં ધ્યાનસ્થ યોગીઓને અનુરૂપ એવી જંગલ અને પર્વતોની ભૂમિઓ છે. જ્યાં જૈન ધર્મ મંદિરોથી શોભતાં સ્થળો શહેરો - તીર્થો વિગેરે છે, એવું કુંડપુર છે. અર્થાત્ ભગવાન શ્રી મહાવીરનું આવું જન્મસ્થળ છે. અનુભવીઓ અને ઇતિહાસજ્ઞોના જણાવ્યા મુજબ વૈશાલી પાસે-પહાડો-પર્વતો મળવા દુર્લભ છે તથા ફરી નિર્વાણ (કલ્યાણક) ભૂમિઓ તો વર્તમાનના ક્ષત્રિયકુંડ (લછવાડ) નજીકમાં છે. સમ્મેતશિખરતીર્થ, ચંપાપુરી તીર્થ, પાવાપુરીતીર્થ, આ ૨૨ તીર્થંકરોની જન્મભૂમિઓ વર્તમાનના ક્ષત્રિયકુંડ નજીક જ છે. વૈશાલી પાસે એક પણ નિર્વાણભૂમિઓ નથી. વર્તમાનનું ક્ષત્રિયકુંડ તીર્થ સ્થાનિક લોકોમાં હજારો વરસોથી

'ક્ષત્રિયકુંડ' ભગવાન મહાવીરનું જન્મસ્થાન તરીકે પ્રસિદ્ધ છે.

* આજે પણ ક્ષત્રિયકુંડ તીર્થમાં આ સ્થાનનામો વિદ્યમાન છે. વર્તમાનમાં અઢી હજાર વર્ષથી પ્રસિદ્ધ ભગવાન મહાવીરની જન્મભૂમિ ક્ષત્રિયકુંડ તીર્થમાં નીચે મુજબના પ્રસંગોની સ્મૃતિ મોજૂદ છે.

* ભગવાન મહાવીરની માતા ત્રિશલાદેવીને ઇન્દ્રાણીના કાનના કુંડલ, પહેરવાનો દોહલો ઉત્પન્ન થયેલ જે દોહલો પૂરવા માટે ઇન્દ્ર-ઇન્દ્રાણીએ ક્ષત્રિયકુંડના પહાડો પર આવી ઇન્દ્રપુરી વસાવેલ. સંસ્કૃતમાં ઇન્દ્રને શુક્ર અને ઇન્દ્રાણીને શુક્રાણિ કે શચિ કહેવાય. તો હાલમાં પણ શક-શકાણી નામના પહાડો ક્ષત્રિયકુંડમાં વિદ્યમાન છે.

* ભગવાન મહાવીર જન્મ્યા ત્યારે પહાડો પર છપ્પન દિકકુમારીકાઓએ પ્રભુનો જન્મોત્સવ કરેલ. તેની સ્મૃતિરૂપે દિકધરા નામનો પહાડ ક્ષત્રિયકુંડમાં વર્તમાનમાં મોજૂદ છે.

* ભગવાન મહાવીરનું ગર્ભપરાવર્તન થયું તે વખતનાં તેમનાં માતા-પિતા ઋષભદત્તવિપ્ર (બ્રાહ્મણ) અને દેવાનંદા બ્રાહ્મણીનો જે ગોત્ર તે ગોત્ર હાલમાં માત્ર આ ક્ષત્રિયકુંડ આસપાસ છે, બીજે નથી. માહણકુંડ (બ્રાહ્મણકુંડ) પણ વર્તમાનમાં વિદ્યમાન છે.

કડોદ અને રાણપુરમાં નેત્રયજ્ઞ

સંઘના આર્થિક સહયોગથી કડોદ-હરિપુરા વિભાગ વેલ્ફેર સોસાયટીના ઉપક્રમે કડોદમાં દામોદરદાસ ગાંધી હોસ્પિટલ દ્વારા નેત્રયજ્ઞનું આયોજન તા. ૪-૧૨-'૮૮ના રોજ કરવામાં આવ્યું હતું.

આ નેત્રયજ્ઞમાં સુરત જિલ્લાના માંડવી, માંગરોળ, બારડોલી, વાલોડ તથા વ્યારા વગેરે તાલુકાનાં ગામડાંઓના લગભગ ૧૩૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. મુંબઇથી આંખના દર્દોના નિષ્ણાત ડોકટરો અને એમના સાથી ડોકટરો મોતિયાના ઓપરેશન માટે પધાર્યા હતા.

નેત્રયજ્ઞના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી સુરેશભાઈ જે. પટેલ, શ્રી મોહિતભાઇ જે. શાહ, શ્રી રણછોડભાઇ કે પટેલ, શ્રીમતી ઉર્મિલાબહેન ગોળવાળા, શ્રી છીતુભાઇ એમ. પટેલ. શ્રી રાજેન્દ્રકુમાર શાહ વગેરે તેમજ સુરત જિલ્લાના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, સંઘ તરફથી ડો. રમણલાલ ચી. શાહ, શ્રી રસિકલાલ એલ. શાહ, શ્રી શિરીષભાઇ કામદાર, શ્રીમતી રિમતાબહેન કામદાર, શ્રીમતી પણુલેખાબહેન દોશી, શ્રીમતી પુષ્પાબહેન મોરજરિયા, શ્રી મધુભાઈ મોરજરિયા તેમજ સંઘના કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

ઉદ્‌ઘાટનવિધિ પત્યા બાદ દરેક ભાઇ-બહેનોએ દર્દીઓની મુલાકાત લીધી હતી તેમજ શ્રી પુષ્પાબહેને તથા તેમના પતિ શ્રી માધુભાઇએ સંઘ તરફથી આવનાર બધા સભ્યો માટે રહેવા-જમવાની તથા સુરતથી કડોદ જવા-આવવાની તથા ઉકઇ, બિલિમોરા, ગણદેવી વગેરે સ્થળે ફરવાની સુંદર વ્યવસ્થા કરી આપી હતી જે માટે તેમના આભારી છીએ.

સંઘના આર્થિક સહયોગથી બીજો નેત્રયજ્ઞ સૌરાષ્ટ્રમાં રાણપુર મુકામે ગુંદીનદ ભાલનળકાંઠા પ્રયોગિક સંઘ અને વિશ્વવત્સલ ઔષધાલયના સહકારથી રવિવાર, તા. ૧૮મી ડિસેમ્બર ૧૯૮૮ના સવારે ૧૦-૩૦ વાગે યોજવામાં આવ્યો હતો, જેમાં ૮૦થી વધુ દર્દીઓના મોતિયાનાં ઓપરેશન કરવામાં આવ્યાં હતાં.

આ નેત્રયજ્ઞના ઉદ્‌ઘાટનનો સમારંભ શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહના પ્રમુખપદે યોજાયો હતો. નેત્રયજ્ઞની ઉદ્‌ઘાટનવિધિ શ્રી શિરીષભાઇ કામદારને હસ્તે દીપ પ્રગટાવીને થઇ હતી. અતિથિવિશેષ તરીકે શ્રીમતી કુસુમબહેન ભાઉ પધાર્યાં હતાં. આ ઉદ્‌ઘાટન સમારંભમાં શ્રીમતી કાશીબહેન મહેતા, શ્રી અંબુભાઇ શાહ, શ્રી દિવાનસંગ ચૌહાણ, ડો. રમણભાઈ શાહ, પ્રા. તારાબહેન શાહ, શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, શ્રી નિરુબહેન એસ. શાહ, શ્રી કુસુમબહેન ભાઉ, શ્રી શિરીષભાઇ કામદાર તેમજ સમારંભ પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

આ પ્રસંગે સંઘની સમિતિનાં પંદરેક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને રાણપુરમાં આવેલી સંસ્થા ભાલ નળકાંઠા ખાદીગ્રામોદ્યોગ ભંડારની પ્રવૃત્તિઓ નિહાળી હતી. કાર્યક્રમને અંતે સંસ્થા તરફથી સૌ મહેમાનો માટે ભોજનની સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી.

મુંબઇથી સમિતિના સભ્યો એક દિવસ પહેલાં નીકળી સુરેન્દ્રનગર પહોંચ્યા હતા શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ તથા શ્રી મહેશભાઇ શાહે સુરેન્દ્રનગર અને વઢવાણની વિવિધ સંસ્થાઓની મુલાકાત સમિતિના સભ્યો માટે ત્યાં ગોઠવી-હતી. સુરેન્દ્રનગરમાં માનવ સેવા સંઘમાં અંધ વિદ્યાલય, બહેરા મૂંગા શાળા તથા વૃદ્ધાશ્રમની પ્રવૃત્તિઓ નિહાળી હતી. તદુપરાંત સૌરાષ્ટ્ર મેડિકલ સેન્ટર, બાલાશ્રમ તથા લોકવિદ્યાલયની વિવિધ પ્રવૃત્તિઓની પ્રત્યક્ષ સારી જાણકારી મળી હતી. સુરેન્દ્રનગર જેવા શહેરમાં આટલી બધી સરસ સામાજિક પ્રવૃત્તિઓ નિહાળીને હર્ષ વ્યક્ત કર્યો હતો. સાંજે ભોજન લોકવિદ્યાલયમાં રાખવામાં આપ્યું હતું. બીજે દિવસે સવારે રાણપુર જતાં માર્ગમાં વઢવાણમાં વિકાસ વિદ્યાલયની મુલાકાત લીધી હતી સ્વ. પુષ્પાબહેન મહેતા, મૃદુલાબહેન તથા અરુણાબહેન દેસાઇએ પોતાની જાત સમર્પિત કરીને ત્યકતા વિધવા વગેરે બહેનો તથા કન્યાઓ અને અનાથ બાળકો માટે સ્વનિર્ભર સંસ્થાનું જે નિર્માણ કર્યું છે તે જોઇ તથા ત્યાં પ્રેમભરી અને સહકારમય વૈચ્છિક ઉત્તમ શિસ્ત જોવા મળી તેથી બધા ખૂબ જ પ્રભાવિત થયા હતા.

આમ રાણપુરના નેત્રયજ્ઞ નિમિત્તે ઉપસ્થિત રહેવાના પ્રસંગે સમિતિના સભ્યોને સુરેન્દ્રનગર અને વઢવાણની વિવિધ સંસ્થાઓની મુલાકાત લેવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું. શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ તથા શ્રી મહેશભાઇ શાહે ઉષ્માભર્યા આતિથ્ય સાથે એક દિવસની આ મુલાકાતોનો કાર્યક્રમ ઘડયો હતો તે માટે તેમના આભારી છીએ.

*

ઉપદ્રશકોને આખરીનનામું

© તનસુખ ભટ્ટ

એક માણસ બીજા માણસને છરી મારે તે ખૂન કહેવાય. છરી મારનાર અદાલતમાં ગુનેગાર ઠરે તો ફાંસીએ પણ લટકે. દુનિયાના ઘણા દેશોમાં ખૂનની સજા દેહાંતદંડની છે.

પણ એક લાખ સિપાહનું લશ્કર પડોશી રાજ્ય ઉપર આક્રમણ કરે, સામનો કરનાર લશ્કરને છરીથી નહિ પણ તરવાર-બંદુકથી મારી નાખે અને આક્રમણ પામેલા રાજ્યને જીતી લે તો તે ખૂનનો ગુનો ન ગણાય, જીતનાર લશ્કર હારેલા લશ્કરના પચીસ-પચાસ હજાર માણસને ઠાર કરે તો તે દૂષિત ન ગણાય. પછી જીતનાર સેનાપતિ કે રાજા ઢંઢેરો બહાર પાડે કે કાયદેસર રથપાયેલી સરકાર સામે બળવો કરનારને ગુનેગાર ગણી મૃત્યુદંડની સજા થશે. પોતે હજારોને મૃત્યુનાં બલિદાન બનાવ્યાં તે ગુનો નથી; પણ હજારો જો નવા રાજ્યનો પ્રતિકાર કરે તો તે ગુનો છે; કારણ કે નવી સરકાર સ્થપાઈ છે તે કદી બનેર કરવામાં નથી આવતું. આવી નજીવી ક્ષુદ્ર બાબત માટે કાયદાની કલમો ટાંકવાની તસ્દી ન લેવાય. ટૂંકમાં, એક માણસ માનવહત્યા કરે તે રાજ્યપલટો, ક્રાંતિ. ખૂન ગુનો છે. ક્રાન્તિ ગુનો નથી. એક કાવ્યપંક્તિ છે:-'નાને ભડકે દિવાળી ને મોટે ભડકે હોળી', રાજ્યક્રાંતિમાં તોપમારાથી નગરો બળી મોટો ભડકો થાય છે, બોંબમારાથી હોળી પ્રગટે છે, પરંતુ વિજેતા તેને નવીન રાજ્ય-સ્થાપનાનો મંગળ પ્રસંગ ગણીને તેની દીવાળી ઊજવે છે, આનું કારણ શું? કારણ સ્પષ્ટ છે. વિજેતાનો ન્યાય કોણ કરે? હારનાર રાજા? હારનારી રાજ્ય અદાલત? જીતનાર રાજ્યનો અંકુશ માનતી જૂની અદાલત? આનો ઉત્તર તુલસીદાસ આપે છે: 'સમરથ કો નહિ દોષ ગુસાંઇ'.

માટે ભાઇઓ! તમે સમર્થ બનો, સમર્થ સામે કોઇ આંગળી નથી ચીંધતું. આંગળી ચીંધે તો તે કપાઇ જાય છે. રશિયાએ પોલેંડ લીધું, અફઘાનિસ્તાન લીધું, અમેરિકા દ્વિયોગ-ગાશિંયામાં લશ્કરી અડ્ડો જમાવે છે. બ્રિટન દક્ષિણના મહા-સાગરમાં ટાપુઓ જીતી લે છે. ઇઝરાયલ ફાટ્યું ફરે છે. દક્ષિણ આફ્રિકા ચોમાસું ચરેલા સાંઢની જેમ શિંગડાં ભરાવે છે પણ કોઇ કાંઇ બોલતું નથી. કારણ કે ગાંધીજી કહેતા હતા કે 'બોલશે તે બોળશે.' મૂંગા રહી કામ કરો. તમે સમર્થ હશો તો ફાવે ત્યાં ફરો ને ફાવે તે તોપ, બંદુક, તમંચો કે એટમ બોમ્બ નામનો ફટાકડો ફોડો, તમારો વાળ પણ વાંકો નહિ થાય. આ જ 'સમરથકો નહિ દોષ ગુસાંઇ'ના સિદ્ધાંત ઉપર જગતનાં રાજ્યોએ બળિયાના બે ભાગને ન્યાયે આક્રમણો કર્યા છે. આ જ સિદ્ધાંત ઉપર ક્રાન્તિ, પ્રતિક્રા-ન્તિ, સંક્રાન્તિ, મારામારી, ધીંગાણાં, લડાઇઓ અને વિશ્વયુદ્ધો થયાં છે, તેમાં જીતનારને પસ્તાવું નથી પડ્યું.

તમે કહેશો કે આ તો પશુતાનો પક્ષપાત થયો. હે જિજ્ઞાસુજનો! હે સત્યના સાધકો! હે મુમુક્ષુ માનવો! તમે માનો કે ન માનો તેવું કંઇ જ નથી. જે હકીકત લાખો વરસોથી ચાલતી આવી છે, સિદ્ધ થતી આવી છે, રવીકારાઇ ગઇ છે અને ઇસુની વીસમી સદીમાં પણ જેનું એકચક્રે રાજ્ય ચાલે છે તે હકીકત સત્ય. ગણાય પરમ સત્ય ગણાય.

તમે શાંતિથી વિચાર તો કરો, પ્રાચીનકાળથી બળવાન પ્રજાઓ નિર્બળ પ્રજાને દબાવતી આવી છે, તેને હાંકી કાઢી તેના મુલકમાં સ્વરાજ્ય સ્થાપતી રહી છે. આર્યો ભારતમાં આવ્યા ત્યારે ભારતમાં કૌલ, કિરાત, દસ્યુ અને દ્રાવિડો વસતા હતા નાગજાતિ પણ હતી. આજે તેઓ ક્યાં છે? કૌલ કાળી ગણાઇને વગડામાં શિકારીનો ને સમુદ્રમાં માછીનો ધંધો કરે છે. કિરાત ભીલ કહેવાઇને પર્વતોમાં જીવ બચાવી નાઠા અને ત્યાં જ રહ્યા. જંગલનું મધ કે જડીબુટ્ટી વેચવા કયારેક તેઓ સુધરેલા જગતમાં આંટો મારી જાય છે. દસ્યુ દાસ બનીને પરસેવો પાડી મજૂરી કરે છે, દ્રાવિડો સમગ્ર ભારતમાંથી દક્ષિણ દિશામાં નાઠા અને આક્રમણમાંથી બચ્યા. નાગ પ્રજા ઉત્તર ભારતમાં ખાંડવનમાં વસતી રહીને આર્યો સાથે સતત સંઘર્ષ ચલાવતી હતી. આ કાયમી ત્રાસનો કાયમી ઉકેલ લાવવા માટે ખાંડવનને આગ લગાડવામાં આવી. નાગ પ્રજાનાઠી અને આસામની ઉત્તરે પહાડી પ્રદેશમાં વસી જીવતી રહી. કૌલ, કિરાત, દસ્યુ દ્રાવિડ અને નાગપ્રજાની ભૂમિ આર્યાવર્ત કહેવાઇ, કારણ શું? 'સમરથ કો નહિ દોષ ગુસાંઇ.'

આર્યો અને નાગલોકો વચ્ચેના સંઘર્ષનું પુનરાવર્તન અમેરિકામાં થયું છે. અમેરિકામાં યુરોપમાંથી ગોરાઓ આવીને વસ્યા ત્યારે ત્યાંના મૂળ વતની રેડ ઇન્ડિયનોની વસ્તી દસ લાખની હતી, ગોરાઓ તોપ-બંદુકને બળે આ જંગલી પ્રજાનો પ્રદેશ દબાવતા ગયા. લાંબા અનુભવે રેડ ઇન્ડિયન રાજા પ્રજા સમજ્યાં કે સમગ્ર જાતિના પૂરા પ્રતિકાર વિના આ ગોરાનું પાપ નહિ ટળે. તેથી તેમના તમામ રાજાઓએ સંપીને અંગ્રેજો ઉપર એકસામટો પ્રચંડ હુમલો કર્યો. આ માટેનો દારૂગોળો તેમણે ફ્રેંચો પાસેથી મેળવ્યો; પણ બિચારી અબુધ પ્રજાનો દારૂગોળો ખૂટ્યો. પરિણામે ગોરાઓએ એવો નરસંહાર કર્યો કે આજે દસ લાખમાંથી ત્રણ લાખ રેડ ઇંડિયનો બચ્યા છે. સાત લાખ ક્યાં ગયા? 'સમરથ કો નહિ દોષ ગુસાંઇ'

હિંસા જીવમાત્રનો સ્વભાવ છે. પશુ, પક્ષી, સરીસૃપ, વાનર, નર, કોઇ તેમાંથી બાકાત નથી. તે મૂળ પ્રેરણા છે, કુદરતી બળ છે, જિજીવિષાનો ધક્કો છે. તેથી જીવોને મળેલી તે કુદરતી બક્ષિસ છે. હિંસા છે ત્યાં સુધી હાથમાં લડવાની ચળ આવશે. રાજાઓ રાજ્ય જીતવા લડે તેની કોઇને નવાઇ નથી; પરંતુ ધાર્મિક ગણાતા લોકો ઝનૂનથી લડે ત્યારે અચરજ ઊપજે ખરી. પ્રાચીનકાળમાં બૌદ્ધ અને હિંદુઓ ઝગડ્યા છે, જૈનો અને હિંદુઓ દક્ષિણ ભારતમાં લડ્યા છે, હિંદુઓ અને મુસલમાનો અંગ્રેજ રાજમાં લડ્યા છે. હવે શીખો અને હિંદુઓનો વારો આવ્યો છે. કારણ? 'લડ કાં લડનારો દે' એવી મનોવૃત્તિ. દુર શા માટે જવું? વર્તમાન યુગમાં કૃશ્ચેવે કહ્યું કે અમે માનેલું કે સામ્યવાદ સ્થપાતાં રશિયામાં સુખના સાગરની છોળો ઊંડશે, પણ આજે રશિયામાં દીકરો બાપ સાથે ઝગડે છે. દીકરી મા સાથે ઝગડે છે યુવાનો વડીલો સાથે ઝગડે છે. રશિયામાંથી ઝાર ગયો પણ ઝગડાખોરો ગયા નથી. મૂડીવાદ ગયો પણ મારકણી મનોવૃત્તિ ગઇ નથી.

દુરના યુરોપની વાત શા માટે? અહીં પણ ઘેર ઘેર

સાસુવહુઓના ઝગડાનો સુકાળ છે. લોકગીતમાં આવા ઝગડાને કવિએ આબેહૂબ મૂકતાં કહ્યું છે :–

સાસુએ જઈ સસરાને સંભળાવિયુ રે લોલ
વહુ કરે છે આપણા ઘરની વાત જો
વહુએ વગોવ્યાં વડાં બોરડાં રે લોલ.

વાત પતિને કાને નાખવામાં આવી. ચિડાયેલા પતિએ
અચ્છેરનાં અમલિયાં તોળાવિયાં રે લોલ
પાશેર તોળાવ્યેા સોમલ બાર જો
વહુએ વગોવ્યાં મોટાં બોરડાં રે લોલ.

પતિએ ઝેર તૈયાર કર્યું, પણ તે પીએ કોણ?
વાટીઘૂંટીને ભરી તાંસળી રે લોલ
પીઓ ગોરી નકર હું પી જાઉ જો
વહુએ વગોવ્યાં મોટા બોરડાં રે લોલ.

પ્રેમાળ પત્ની પતિને ઝેર પીવા દે?
ઘટક દઈને ગોરાંદે પી ગયાં રે લોલ
ઘરચોળાંની વાળી ઓઢણ સોડય રે
વહુએ વગોવ્યાં મોટાં બોરડાં રે લોલ.

અને અંતે છેલ્લું દૃશ્ય આવે છે :–
સોનલાવરણી વહુની ચેા(હ) બળે રે લોલ
રૂપલાવરણી એની રાખ જો
વહુએ વગોવ્યાં વડાં મોટાં બોરડાં રે લોલ.

આમ કયાંક સાસુ વહુને ત્રાસ આપે છે તેા કયાંક 'સેા દિવસ સાસુનેા તેા એક દિવસ વહુનેા' પણ આવે છે, કૈકેયી દશરથ સામે લડે છે, સુરુચિ ઉત્તાનપાદ પતિની સાથે લડે છે. પુત્રવધૂ સાસુજી સામે રાજકીય મેારચા માંડે છે. સિનેતારિકા ઘરેણાંનેા અંગત કબ્જો મેળવવા માતા સામે કોર્ટે ચડે છે. યુરોપમાં સિનેમાની કોઇ કોઇ નટીઓ પેાતાના પાંચમા કે દસમા પતિની સાથે ઝગડીને છૂટાછેડા લે છે. દેશેા વચ્ચે. ખાતાં વચ્ચે, મુત્સદ્દીઓ વચ્ચે, સામસામા મેારચા મંડાણા છે. દરેક જણ માને છે કે પેાતે ખરા છે ને આખી દુનિયા ખેાટી છે, વાઘ અને બકરીને સાથે જમતાં ભાળ્યાં છે? હા, સરકસમાં તેમ બનતું હશે, સંસારમાં નહિ જ.

ત્યારે આનેા ઉપાય શેા? ઉપાય તેા હજારેા વરસેા પહેલાં ઋષિમુનિઓ, પેગમ્બરેા, તીર્થંકરેા કહી ગયા છે. તેમને આપણે પૂજીએ છીએ. વરસમાં એક દિવસ જયંતી કે પુણ્યતિથિ પાળીએ છીએ અને પછી પથારીમાં ચેાંટી જઇએ છીએ. તેમનેા ઉપદેશ પાળવાનું આપણને પરવડતું નથી. પાળનારાને ભેાળા, મૂરખા, વેદિયા, હીણકમાઉ કહી હસીએ છીએ. અલબત્ત, વસતિપત્રકમાં ધર્મ બતાવીએ છીએ પણ વ્યવહારમાં તે બતાવતા નથી, પાળતાં નથી, પાળવેા પણ નથી, કારણ? આપણું કોણ નામ લે છે? આપણી સામે કોણ આંગળી ચીંધે છે? તેા પછી ધર્મનું ડીંડવાણું કેમ પેસાડવું? આપણાં કરતૂત કોણ જાણે છે? જગત તે જાણશે ત્યારે જોયું જશે, 'આજનેા લહાવેા લીજિયે રે કાલ કોણે દીઠી છે?' માટે તેા ચાર્વાક કહી ગયેા કે જ્યેા ત્યાં સુધી લહેર કરેા તે માટે કરજે નાણાં લેા અને મેાજમજા કરેા, દેવું ચૂકવવાની ઉતાવળ ન કરશેા. આ દેહની ભસ્મ થઈ પછી કયેાં લેણદાર આરણમાં ડેાકાવાનેા છે? અને કયેા દેણદાર દેવું ચૂકવશે? માટે ખાઓ, પીઓ ને ઐરસલ્લાં કરેા. લહેરપાણી અને ભજિયાં ઉડાવેા.

સંતવાણી અવશ્ય સાચી છે. પણ તે મંદિર મસ્જિદ, દેરાસર, અપાસરા કે ગિરજાઘર (ચર્ચ)ના મકાનની અંદર જ સત્ય છે તેના આંગણામાં અરધી ખરી છે અને આંગણા બહાર બિલકુલ ખરી નથી. ધર્મસ્થાનકેાના દરવાજાની બહાર તેા કૌટિલ્ય, ચાર્વાક અને મેકિયાવેલીનું રાજ્ય પ્રવર્તે છે તમે જ જુઓને! રામે ધર્મ પાળ્યેા તેા રાજપાટ ગયું ને વનેવને રખડયાં. પાંડવે એ ધર્મ પાળ્યેા તેા મળેલું રાજ પણ ખેાયું ને રાતેરાત, પાનપાન, ભટકયા. વળી અંતે હેમાળે ગળવા ગયા. પ્રણામ કરનારને આશીર્વાદ આપવા જતાં ગાંધીએ ગેાળી ખાધી દયાનંદ સરસ્વતી રાજાને સાચેા રાજધર્મ બતાડવા ગયા તેા ગણિકાએ ઝેર અપાવ્યું. મીરાં હરિને ભજવા ગઇ તેા ઝેર કટેારેા મળ્યેા. સેાક્રેટિસ જુવાનેાને સન્માર્ગે વાળવા ગયા તેા અદાલતે ઝેર પીને મરવાની સજા કરી, ઇસુ ખ્રિસ્તી અધર્મને ઉખેડીને ધર્મ સ્થાપવા ગયા તે ક્રૂસે લટકી ગયા. મહમદને મકકા છેાડવું પડયું. ધર્મ પાળીને તેા કોઇ સુખી નથી થયા પરંતુ ધર્મ પળાવનારા પણ કોઇ સુખી નથી થયા.

માટે હે મહંતેા! મંડલેશ્વરેા! મુનિઓ! મહારાજો! મહાસતીઓ! મૌલવીઓ! મેાબેદેા! પાદરીઓ! કથાકારેા! તમે બધા ચેતેા. તમને મારું આખરીનામું છે કે અબઘડી ધર્મોપદેશ બંધ કરેા. પ્રવચનેાને પેારેા ખવરાવેા. વ્યાખ્યાનેાને વિરામ આપેા. સર્મન (Sermon)ને શાંતિ આપેા અને વાયેઝને વેગળી રાખજો. પેાપ અને મહાત્મા સામે તમંચા તકાયા છે તેા તમે તે કઇ વાડીના મૂળા? તમે કહેશેા કે અમે અમારેા ધર્મોપદેશ ચાલુ રાખીશું, અમને મેાતનેા ડર નથી. તેા હું કહું છું કે તમને મેાતનેા ડર નથી, પણ તમારી વાણી સાંભળવા આવનારા ભકતેા ઉપર તેા દયા આણેા. તેઓ પિરતેાલનેા ધડાકેા થતાં જ ચંપલને બારણે રહેવા દઇને અણવાણે પગે શેરીઓમાં દેાડાદેાડી કરીને ઘરભેગા થઈ જશે. તેમના હૈયાની ફાળનેા તેા વિચાર કરેા! આ તેા તમારા ભલાને માટે આટલું કહું છું. બાકી તેા મુંડે મુંડે મતિર્ભિન્ના.

શ્રી મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર

સંઘના ઉપક્રમે નીચે પ્રમાણે વિદ્યાસત્રના કાર્યક્રમનું આયેાજન કરવામાં આવ્યું છે :

વ્યાખ્યાતા : શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલ
વિષય : તુલસીદાસ અને સુરદાસ
દિવસ : સેામવાર, મંગળવાર, તા. ૧૬, ૧૭ જાન્યુઆરી, ૧૯૮૯
સમય : બંને દિવસે સાંજના ૬-૧૫ વાગે
સ્થળ : ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર, કમિટિ રૂમ, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦૦૨૦

સૌને ઉપસ્થિત રહેવા વિનંતી

તારાબહેન ર. શાહ — સંયેાજક
કે. પી. શાહ, નિરુબહેન એસ. શાહ — મંત્રીઓ

જિનહર્ષસૂરિવિરચિત આરામશોભાચરિત્ર

● જયંત કોઠારી

સંસ્કૃત-પ્રાકૃતમાં આરામશોભાવિષયક જે કથાનકો મળે છે તે બહુધા કોઈ અન્ય કૃતિમાં દૃષ્ટાંત તરીકે પ્રયોજાયેલ મળે છે. જિનહર્ષસૂરિની કૃતિ એવી રીતે રચાયેલી નથી. એ સ્વતંત્ર કાવ્યકૃતિ છે, સંસ્કૃતમાં ૪૫૩ કડીની આ કૃતિ ઈ. ૧૪૮૧માં રચાયેલી છે. કૃતિ હજુ સુધી અપ્રકાશિત છે. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદની હસ્તપ્રત ક્રમાંક ૨૬૮૬૩ને આધારે અહીં એનો પરિચય આપ્યો છે.

આ કૃતિ સંપૂર્ણપણે સંઘતિલકસૂરિની કૃતિને અનુસરે છે- નામકરણોમાં, કથાંશોમાં, ભાવનિરૂપણોમાં, વર્ણનોમાં અને ઉક્તિઓમાં પણ. જાણે કે પ્રાકૃત કૃતિનો સંસ્કૃત અનુવાદ ન હોય! જિનહર્ષસૂરિએ આરંભમાં સમ્યક્ત્વવિચાર આલેખ્યો છે અને જિનગુરુવૈયાવચ્ચના વિષયમાં આ કથા દૃષ્ટાંત તરીકે કહી છે તે પણ સંઘતિલકસૂરિ એમનો મૂળ સ્રોત છે તે બતાવે છે.

અગ્નિશર્માના ગામનું નામ અહીં 'અગસ્તિવિલાસ' છે. કુસટ્ટ દેશનો ઉલ્લેખ નથી. આ જાતના ઉલ્લેખોમાં હસ્તપ્રતની ભ્રષ્ટતા પણ કારણભૂત હોય.

ક્વચિત્ અહીં થોડી વિશેષ વીગતરપષ્ટતા મળે છે. જેમકે વન લઈને ચાલતી વિદ્યુત્પ્રભા દેવતા નથી એવા નિર્ણયના સમર્થનમાં અહીં એના પગ જમીનને અડકે છે એ નિરીક્ષણ પણ મૂકવામાં આવ્યું છે. વીગતપૂરણી ચરિત્ર-નિરૂપણ આદિમાં પણ થાય છે. જેમકે, સુખશીલા અપરમાને તાંબૂલ ખાઈ બેસી રહેતી બતાવી છે. કૃત્રિમ વિલાપ કરતી વેળા એને માથું કૂટતી, કસ તોડી નાખતી, જમીન પર આળોટતી બતાવી છે. પુત્રને રમાડતી આરામશોભા એને ચંદનનો લેપ કરે છે એવું પણ આ કવિ નોંધે છે. કુલધર પાસે આવેલા નંદનને કવિ માત્ર પથશ્રાંત નહીં, દરિદ્ર, દુર્બલ, ક્ષુધાક્રાંત પણ કહે છે. આ કોઈ મહત્ત્વની બાબતો છે એવું ન કહી શકાય, પણ એમાં કવિસ્વભાવનું સૂચન તો જોઈ શકાય.

કવિની વિશેષતા છે તે એમના વર્ણનરસમાં છે. એમણે સંઘતિલકનાં સઘળાં વર્ણનો સાચવ્યાં છે-આરંભમાં વ્યતિરેક અલંકારથી થયેલું વિદ્યુત્પ્રભાનું વર્ણન જતું કર્યા જેવું કર્યું છે તે વિરલ અપવાદ છે-તે ઉપરાંત પોતાના તરફથી વર્ણનો ઉમેર્યાં છે કે વર્ણનવિસ્તાર કર્યો છે. એવું એક અત્યંત નોંધપાત્ર વર્ણન ગ્રીષ્મનું છે, જે આ કવિ પહેલી વાર આપે છે. પથિકોને પડતા શોષ અને કાદવવાળાં પલ્વલોમાં ભરાઈ બેઠેલી ગાયભેંસોના ઉલ્લેખ 'દુષ્ટ રાજા જેવો સૂર્ય વસુંધરાને બાળે છે' જેવું ચીલાચાલુ ઉપમાચિત્ર, તો 'ધૂળરૂપી નખોથી ઉઝરડા પાડતા સળગતા પવનો'નું મર્મસંધન રૂપકચિત્ર-આ બધાંથી 'ગરમીના એકછત્ર સામ્રાજ્ય'ને સરસ ઉઠાવ મળ્યો છે. રાજાએ જોયેલી વિદ્યુત્પ્રભાનું વર્ણન પણ અહીં ઉમેરાયેલું છે, પરંતુ એમાં 'મુખથી ચંદ્રને જીતે છે' જેવા પરંપરાગત વ્યતિરેક અલંકારોથી સર્વ અંગોની વાત કરવામાં આવી છે. પુત્રજન્મ પછી કૃત્રિમ આરામશોભા નગરમાં આવે છે ત્યારે આ કવિએ ફરી વાર નગરશોભા અને સ્વાગતોત્સવને વર્ણવવાની તક લીધી છે. સૈન્યના પડાવના વર્ણનને કવિએ અલંકારમંડિત ને શબ્દભંડારભર્યું છે, તો પહેલીવારના નગરપ્રવેશ-ઉત્સવના વર્ણનમાં વધારે વીગતો દાખલ કરી છે.

વચ્ચેવચ્ચે અલંકારોની મદદથી ચરિત્ર-ભાવ-વિચારાદિને અસરકારકતા અર્પવાનું પણ કવિએ કર્યું છે. જેમકે, આરામ-શોભાએ માત્ર ઉદ્યાન માગ્યું તેથી નાગદેવ વિચારે છે કે આ તો કલ્પદ્રુમ પાસેથી બોર અને કામધેનુ પાસેથી કાંજી માગવા જેવું કહેવાય, આ સ્ત્રીને કંઈ અદ્‌ભુત માગતાં ન આવડ્યું. પત્નીની આવડતની પ્રશંસા સાંભળીને રાજી થયેલા બ્રાહ્મણ વિશે કવિ કહે છે કે શ્લાઘારૂપી મેઘધ્વનિ સાંભળીને મોરની પેઠે બ્રાહ્મણ પ્રસન્ન થયો. કુલધરકન્યાના શીલપ્રભાવ વિશે કહે છે કે એનો શીલયશહંસ વિશ્વમાનસમાં ખેલે છે.

કવિની એક બીજી વિશેષતા તે સદૃષ્ટાંત સુબોધવચનોની ગૂંથણી છે. અપરમાની કુટિલતાને અનુલક્ષીને કવિ સ્ત્રીનિંદામાં સરી પડે છે અને કહે છે: વંશીમૂલ, દાતરડા, મૃગશિંગના જેવી કુટિલતા સ્ત્રીને વિધિ પાસેથી જ મળી છે; વિધાતાએ એને શંખના જેવી બનાવી છે-અંદર વિષાકાર, પણ બહારનો આકાર સુંદર; ભારે કપટકૂડી કામિનીનું ચરિત્ર બુદ્ધિવંતો પણ સમજી શકતા નથી. પુત્રદર્શન સંસારમાં સૌથી અભીષ્ટ છે એમ બતાવતા ચૌરાણિક દાખલાઓ કવિ આપે છે અને એક સુભાષિત રજૂ કરે છે-જગતમાં ચંદન શીતળ ગણાય છે, એનાથી ચંદ્ર વધુ શીતળ છે અને ચંદ્રથીય વધુ શીતળ છે પુત્રાલિંગન.

ભિક્ષાનો પ્રસંગ ઉપસ્થિત થતાં પતિપત્નીને કર્મવિચાર કરતાં કવિએ બતાવ્યાં છે. કર્મપ્રભાવે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, સૂર્ય વગેરેને શું શું કરવું પડે છે (બ્રહ્મા કુંભારની પેઠે ચાકડો ચલાવ્યા કરે છે!) તેના કવિ ત્યાં દાખલા આપે છે. અને વસિષ્ઠે જેને લગ્નમુહૂર્ત આપેલું તે રામને પણ વનમાં જવાનું થયું એમ કહી ગ્રહોનું નહીં પણ કર્મનું બળ છે એમ બતાવે છે. પણ પછી પતિત્યકત કુલધર કન્યાને સંદર્ભે કવિ પુરુષાર્થને નિરવકાશ કરી દેતા વિધિબળનાં ઘણાં દૃષ્ટાંતો આપે છે. કેવાં મજાનાં દૃષ્ટાંતો એમણે ભેગાં કર્યાં છે!-વાગુરિકોનો પાશ છેદીને, દાવાનળભરેલા વનમાંથી નાસી જઈને, બ્યાધના બાણની સીમા કુદાવી જઈને મૃગલો કૂવામાં જઈ પડ્યો! ભૂખ્યા કરચલાએ કરડિયામાં કાણું કર્યું અને એ જઈ પડ્યો ભગ્નાંશ સાપના મુખમાં ને એણે ફોરેલા માર્ગે સાપ બહાર નીકળી ગયો! વગેરે. કવિએ સંત મહિમાનાં જાણીતાં સુભાષિતો પણ ઉદ્‌ધૃત કર્યાં છે.

ક્વચિત્ કવિએ શબ્દચમત્કૃતિ પણ કરી છે. વિદ્યુત્પ્રભાનું પૂર્વનામ ફેરવીને એને 'અપૂર્વ' નામ આપ્યું એમ કહેવામાં 'અપૂર્વ' પર શ્લેષ છે પહેલાં નહોતું એવું એટલે કે બીજું, અને અવનવીન, અસાધારણ. રાજા 'આરામશોભયા આમશોભયા સહ' નગર તરફ ગયો એમ કહેવામાં યમકની રચના છે-'ઉદ્યાન જેની શોભા છે એવી આરામશોભાની સાથે' એવો ત્યાં અર્થ છે.

એમ કહી શકાય કે જિનહર્ષસૂરિએ આ કથાને કવિત્વનો તેમ લોકભોગ્યતાનો પોતીકો પુટ આપ્યો છે. એ રીતે કૃતિ પરંપરામાં જુદી તરી આવે છે. ●

મકરસંક્રાંત ને ઉતરાણ બંને એક જ છે ખરાં?

● પ્રવીણચન્દ્ર જી. કપારેલ

જાન્યુઆરી માસની ૧૪મી તારીખ એટલે મકરસંક્રાન્તિ ઉતરાણ, એવો નિયમ જાણે આપણે સ્વીકારી લીધો છે. પણ બહુ ઓછાના ખ્યાલમાં હશે કે આ તારીખ મકરસંક્રાતિ માટે લાંબે ગાળે બદલાતી રહે છે. એવું ન હોત તો એક જમાનામાં કવિશ્રી દલપતરામે લખ્યું ન હોત કે– 'વરસ બેસતાં બારમી, તારીખ તે સક્રાંતિ!'

સામાન્ય રીતે હમણાં ૧૪મી તારીખે આવતી મકરસંક્રાંતિ ૧૯૭૬માં ૧૫મી તારીખે આવી હતી–એની ત્યારે ઘણાંને નવાઇ લાગી હતી! પણ હજુ સરેરાશ તો એ જાન્યુઆરીની ૧૪મીએ મીએ જ આવે છે! જેને ટૂંકમાં આપણે 'સંક્રાંત' નામે પણ ઓળખીએ છીએ.

આને આપણે પતંગદિન પણ કહીએ છીએ.

આ દિવસને આપણે ઉતરાણ પણ કહીએ છીએ. આ 'ઉતરાણ' શબ્દનું મૂળ સંસ્કૃત રૂપ છે 'ઉત્તરાયન'! —એટલે તે ઉત્તર-અયન! ઉત્તર તરફ જવું તે– ઉત્તર તરફનું પ્રયાણ.

આ 'મકરસંક્રાંતિ' ને 'ઉત્તરાયણ' નામો આમ તો ખગોળ શાસ્ત્રની પરિભાષાના શબ્દો છે.

વર્ષમાં બે વાર આપણને સૂર્યની ગતિની દિશા બદલાતી લાગે છે. સૂર્ય ઉત્તરથી દક્ષિણ તરફ જાય છે ને ત્યાં દક્ષિણ-માંના એના છેલ્લા બિંદુ પર પહોંચે છે તે પછી એ ઉત્તર તરફ જવાની શરૂઆત કરે છે (એવું લાગે છે!) આ 'ઉત્તર-અયન' એટલે કે 'ઉત્તરાયણ' થયું. આ જ રીતે ઉત્તર દિશામાંની એની ગતિના અંતિમ બિંદુ સુધી પહોંચી એ દક્ષિણ તરફ જવાની શરૂઆત કરે તે 'દક્ષિણાયન.' ઉત્તરાયનને આપણે વ્યવહારમાં 'ઉતરાણ' નામે ઓળખીએ છીએ.

મકરસંક્રાંતિ કે સંક્રાંત તે જ ઉત્તરાયણ કે ઉતરાણ એવું આપણે 'જાણીએ છીએ,' એમ કહેવા કરતાં 'માનીએ છીએ' એમ કહેવું વધુ યોગ્ય છે. વ્યવહારમાં ભલે આપણે એ બંનેને એકજ માનીએ ને ઊજવીએ પણ ખગોળવિજ્ઞાનની દૃષ્ટિએ તો આ બંને અનિવાર્યપણે એક જ દિવસે બનતી ઘટનાઓ નથી જ!

પહેલાં તો એક વાત સમજી લઇએ કે સૂર્ય પોતે ઉત્તર કે દક્ષિણ દિશાએ જતો નથી. પૃથ્વીની ધરી ૨૩.૧/૨ અંશ નમેલી રહે છે; તેથી પૃથ્વી સૂર્યની આસપાસ ભ્રમણ કરે ત્યારે આને લઇને આપણને સૂર્ય સાપેક્ષ દૃષ્ટિએ ઉત્તર કે દક્ષિણ તરફ જતો લાગે છે.

હકીકતમાં તેનું આમ ઉત્તર તરફ જવાનું (લાગે છે, તે) ડિસેમ્બરની ૨૨મી તારીખથી શરૂ થાય છે. એટલે ખરું ઉત્તરાયણ–ઉત્તરઅયન તા. ૨૨મી ડિસેમ્બરે શરૂ થાય છે.

હવે મકરસંક્રાંતિ એટલે શું? સૂર્ય ફરતો ફરતો મકરરાશિમાં પ્રવેશે તે 'મકરસંક્રાંતિ' છે! સૂર્યનો આમ મકરરાશિમાં પ્રવેશ. (લગભગ) ૧૪મી જાન્યુઆરીને દિવસે થાય છે. જે લાંબે ગાળે–આપણે પ્રારંભમાં જોયું તેમ–બદલાય છે પણ ખરો!

આમ હકીકતમાં ઉત્તરાયણ ને મકરસંક્રાંતિ આ ખગોળ-શાસ્ત્રની ઘટનાઓ છે જે અનિવાર્ય પણે એક જ દિવસ થાય, એવું બનતું નથી. વર્ષો પહેલાં કોઇ એક જમાનામાં આવું બનતું રહ્યું હોય તેને લઇને કદાચ, આ પરંપરા શરૂ થઇ હોય ને તેને અનુસરીને આપણે એક જ દિવસને આવા બંને નામો ઓળખતા થયાં હોઇએ!

પૃથ્વી પર ઉત્તર ને દક્ષિણ તરફ સૂર્ય જે સીમા સુધી જઇને પાછો ફરે છે (ફરતો લાગે છે) તેની વ્યવહારુ ગણતરી માટે ખગોળશાસ્ત્રીઓએ પૃથ્વી પર ઉત્તર ને દક્ષિણમાં આવા બિંદુઓની બે આડી રેખાઓ કલ્પી છે જે અક્ષાંશરેખાઓ કહેવાય છે. ઉત્તર ગોળાર્ધમાંની આવી રેખા 'કર્કવૃત્ત' કહેવાય છે ને દક્ષિણ ગોળાર્ધમાંની આવી રેખા મકરવૃત્ત' કહેવાય છે.

સૂર્ય આ રેખાઓ સુધી આવીને ફરી જાય છે સામી દિશામાં 'અયન' કરે છે (કરતો લાગે છે) એટલે આ રેખાઓ 'અયન' રેખાઓ નામે પણ ઓળખાય છે.

અંગ્રેજમાં આવી અયનરેખા 'ટ્રોપિક' નામે ઓળખાય છે (મકરવૃત્ત, 'ટ્રાપિક ઓફ કેપ્રિકોર્ન' અને કર્કવૃત્ત. ટ્રોપિક ઓફ કેન્સર નામે ઓળખાય છે.) આ ટ્રોપિક ને અયનરેખા નામો સમજવા ને સરખાવવા જેવાં છે.

આ અંગ્રેજી TROPIC શબ્દનું મૂળ ગ્રીકભાષામાં છે: TROPOS એટલે ફરી જવાની, વળી જવાની ક્રિયા; આ શબ્દે લેટિન ભાષામાં TROPICUS રૂપ ધારણ કર્યું, જે પરથી ફ્રેન્ચ દ્વારા એણે અંગ્રેજીમાં TROPIC રૂપ ધારણ કર્યું.

આ 'ટ્રોપિક' એટલે એ સીમારેખા, જ્યાંથી સૂર્ય પાછો વળી જાય છે – ફરી જાય છે; એટલે કે આપણી ભારતીય દૃષ્ટિના અભિગમ પ્રમાણે જ્યાંથી –જે સીમારેખાથી સૂર્ય સામી દિશામાં 'અયન' કરે છે તે—'અયનરેખા'!

વિશ્વના જુદા જુદા – દુર દુરના પ્રદેશોમાં થયેલાં આવાં નામકરણોના અભિગમ ભલે ભિન્ન હોય પણ વાત તો એક જ કરે છે જે વૈજ્ઞાનિક હકીકત છે. ●

શ્રી સોલી સોરાબજીનું પ્રવચન

સંઘના ઉપક્રમે શ્રી સોલી જે. સોરાબજીના પ્રવચનનો નીચે મુજબ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

વિષય : 'Whither Democracy in India?'
તારીખ : સોમવાર, તા. ૯મી જાન્યુઆરી, ૧૯૮૯
સમય : સાંજના ૬.૧૫ કલાકે
સ્થળ : ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર–કમિટિરૂમ, ચર્ચગેટ, મુંબઇ–૪૦૦૦૨૦.

આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન શ્રી અમરભાઇ જરીવાલા લેશે. રસ ધરાવતા ભાઇ–બહેનોને પધારવા નિમંત્રણ છે.

કે. પી. શાહ
નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ



UMASHANKAR JOSHI
Editor : SANSKRITI
26, Sardar Patel Nagar,
AHMEDABAD - 380006

Sanskrit and a Gujarati Cultural Monthly

ઉમાશંકર જોશી
તંત્રી : સંસ્કૃતિ
૨૬, સરદાર પટેલ નગર,
અમદાવાદ - ૩૮૦૦૦૬

દિલ્લીમુમ્બઈવિમાનયાત્રાસમયે
૯-૯-૧૯૭૭

ચિ. શૈલજ,

प्रथमा मध्यमायां त्वं परीक्षायां तु राजसे।
सदाप्रिया सरस्वत्याः संप्रसादं समाप्नुहि ॥
मुम्बापुर्यां वसिष्यामि कांश्चिद् वै दिवसानहम्।
पूज्यां मातामहीं वत्से पितरौ भ्रातरं तथा ॥
मद्रे कथय भवतां दर्शनार्थं क्वचिद् गृहम्।
आगमिष्यामि, न पुनर् निवासायेति शैलजे॥
गुरवे तव सन्मित्रनर्मदाशंकराय च।
स्नेहसौहार्दपूर्णोऽयं नमस्कारो विधीयते॥

શુભાકાંક્ષી
ઉમાશંકર: જોશીપુરોહિત:

ચિ શૈલજા શાહ સાથે વાતચીત કરતા ઉમાશંકરભાઇ તથા એમણે ચિ. શૈલજાને સંસ્કૃત શ્લોકમાં લખેલો પત્ર

(પૃષ્ઠ ૨ થી ચાલુ)

સ્વ. ઉમાશંકર જોશી

મળીશું.' એમણે કહ્યું. 'એ લોકોએ મારું નામ જાહેર કરી દીધું છે, પરંતુ મેં કંઈ સંમતિ આપી નથી. મેં સ્પષ્ટ ના લખી દીધી છે, અને હું મુંબઈ જવાનો નથી. મુનશીની ષષ્ઠિપૂર્તિમાં જો મેં ભાગ ન લીધો હોય તો.....ની સુવર્ણ જયંતીમાં ભાગ લેવાની શક્યતા જ ક્યાંથી હોય? હું આવી ઉજવણીમાં માનતો નથી અને બીજાઓની તેવી ઉજવણીમાં શક્ય હોય ત્યાં સુધી ભાગ પણ નથી લેતો, આ બાબતમાં, ખાસ કરીને આત્મશ્લાઘાથી પર રહેવાની બાબતમાં, તેમની વિશિષ્ટ દ્રષ્ટિ હતી.

ઉમાશંકર સાહિત્ય પરિષદના અધિવેશનોમાં અવશ્ય ઉપસ્થિત રહેતા અને નાનામોટા અનેક સાહિત્યકારોની સાહિત્ય પ્રવૃત્તિથી પરિચિત રહેતા. પોરબંદરમાં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન વખતે મારો ઉતારો બીજા બધા પ્રતિનિધિઓ સાથે હતો અને ઉમાશંકરનો ઉતારો એક ગેસ્ટ હાઉસમાં હતો. તે વખતે ઉમાશંકરે સ્થાનિક કાર્યકર્તાઓને સૂચના આપીને મારો ઉતારો પોતાની સાથે ગેસ્ટ હાઉસમાં રખાવ્યો હતો. બે દિવસ સતત એમની સાથે રહેવાનું થયું. મારા પી.એચ. ડી.ના અભ્યાસવિષય નળદમયંતીની કથામાં એમને પણ બહુ રસ હતો. તે વખતે કવિ ભાલણના કહેવાતા બીજા નળાખ્યાનની બનાવટ કેવી રીતે થઇ છે તેની ચર્ચા બતીઓ મેં જ્યારે એમને બતાવી ત્યારે તેઓ ખૂબ રાજી થયા હતા.

ઉમાશંકર જ્યારે કોઇ કાર્યક્રમ માટે મુંબઇમાં આવે ત્યારે એમને મળવા માટે સમયની ઘણી ખેંચ રહે. કેટલીકવાર તો જાહેર કાર્યક્રમને અંતે એમને મળવા એટલા બધા સાહિત્યકારો, મિત્રો, ચાહકો હોય કે માંડ બે મિનિટ પણ વાત કરવાની મળે તો મળે. પરંતુ એમને નિરાંતે મળવાનો એક ઉપાય તે સ્ટેશન ઉપર જઇ ટ્રેનના ડબ્બામાં મળવાનો હતો. તેઓ અમદાવાદ પાછા ફરતા હોય ત્યારે બોમ્બે સેન્ટ્રલ ઉપર ટ્રેનના કમ્પાર્ટમેન્ટમાં અડધા કલાક પહેલાં તેઓ પોતે ઘણુંખરું એકલા બેઠા હોય. આવી રીતે બોમ્બે સેન્ટ્રલ સ્ટેશન પર તેમને કેટલીય વાર મળ્યો છું. એક વખત એ રીતે તેમને મળવા માટે ગયો હતો ત્યારે સંસ્કૃતના અધ્યાપક પંડિત શ્રી નર્મદાશંકર શાસ્ત્રી પણ ત્યાં આવેલા. તેમની સાથે ઉમાશંકર સંસ્કૃતમાં વાતચીત કરતા. તે વખતે ઉમાશંકરે મને ભલામણ કરતાં કહ્યું કે હવે તો મુંબઇમાં સ્કૂલ-કોલેજમાંથી સંસ્કૃત ભાષા નીકળતી જાય છે. તમે તમારાં બંને બાળકોને અત્યારથી જ સંસ્કૃત ભાષા શીખવવાનું ચાલુ કરી દો. વળી એ શીખવવા માટે તરત એમણે એમના વતનના મિત્ર નર્મદાશંકર શાસ્ત્રીને ભલામણ કરી. એ સમયથી શાસ્ત્રીજી નિયમિત અમારાં બંને સંતાનોને સંસ્કૃત ભણાવવા માટે ઘરે આવવા લાગ્યા અને ત્રણેક વર્ષમાં તો અમારી પુત્રી ચિ. શૈલજા સંસ્કૃત ભાષામાં વાતચીત અને ભાષણ પણ કરવા લાગી હતી. એની આ પ્રગતિ જોઇ ઉમાશંકરને ઘણો હર્ષ થયો હતો. તેમણે શૈલજાને સંસ્કૃતનો મહાવરો ચાલુ રાખવાની ભલામણ કરેલી અને દાખલો આપતાં કહેલું કે પોતાની પુત્રી સ્વાતિ સ્પેનિશ ભાષા સરસ શીખી હતી, પણ હવે ભારતમાં મહાવરો રહ્યો નથી એટલે ભૂલવા લાગી છે. તેઓ શૈલજાને ક્યારેક સંસ્કૃતમાં શ્લોકરૂપે પત્ર લખતા. શૈલજા ઇંગ્લેન્ડ યુરોપના પ્રવાસેથી પાછી આવી ત્યારે એમણે લખ્યું હતું :

सस्नुषि शैलजे देवभाषाविद्या विभूषिते।
तन्मे कथय यत् प्राप्तं तत्राङ्गलंदेशदर्शने ॥

ચિ. શૈલજા મુંબઇ યુનિવર્સિટીમાં ઇન્ટર આર્ટ્સ (મધ્યમા)ની પરીક્ષામાં વીસ હજાર વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબરે આવી એ સમાચાર જાણીને પોતાનો આનંદ નીચેના શ્લોકમાં વ્યક્ત કરતો પત્ર એમણે ચિ. શૈલજાને લખ્યો હતો:

प्रथमा मध्यमायां त्वं परीक्षायां तु राजसे।
सदाप्रिया सरस्वत्याः संप्रसादं समाप्नुहि ॥
मुम्बापुर्यां वसिष्यामि कांश्चिद् वै दिवसानहम्।
पूज्यां मातामहीं वत्से पितरौ भ्रातरं तथा ॥
मद्रे कथय भवतां दर्शनार्थं क्वचिद् गृहम्।
आगमिष्यामि, न पुनर निवासयेति शैलजे ॥
गुरवे तव सन्मित्रनर्मदाशंकराय च।
स्नेह-सौहार्दपूर्णोऽयं नमस्कारो विधीयते ॥

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગ થયો તે વખતે પ્રોફેસરના હોદ્દા માટે ગુજરાતમાંથી કોણ યોગ્ય છે તેની વિચારણા ચાલેલી અને હંસાબહેન મહેતા તથા રમણલાલ વસંતલાલ દેસાઇની ઇચ્છા એવી હતી કે એ સ્થાને ઉમાશંકર આવે તો સારું. પરંતુ ઉમાશંકરે કહેલું કે પોતે અરજી નહિ કરે. પોતાને નિમંત્રણ આપવામાં આવે તો કદાચ તેઓ સ્વીકારે. યુનિવર્સિટીના નિયમ અનુસાર અરજી કરવી અનિવાર્ય હતી, એટલે ઉમાશંકરે અરજી કરી નહિ. અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ઉમાશંકર જોડાયા નહિ. પરંતુ ગુજરાત યુનિવર્સિટીમાં જ્યારે ગુજરાતીના પ્રોફેસરની પોસ્ટ જાહેર કરવામાં આવી તે વખતે ઘણા મિત્રો અને વડીલોના દબાણને વશ થઇ ઉમાશંકરે ગુજરાત યુનિવર્સિટીમાં અરજી કરી હતી. તેઓ યુનિવર્સિટીમાં જોડાયા અને ગુજરાતીના અધ્યાપક તરીકે ઘણાં વર્ષો સુધી કામ કર્યું અને ત્યાર પછી એ યુનિવર્સિટીમાં ઉપકુલપતિ તરીકે પણ તેમણે સેવા આપી. યુનિવર્સિટીમાં એ સ્થાને આવ્યા પછી ઉમાશંકરની જવાબદારીઓ, સભાઓ, સંપર્કો, પ્રવૃત્તિઓ એટલાં બધાં વધી ગયાં કે પછીથી એમને નિરાંતે મળવાનું દુર્લભ થવા લાગ્યું. ઘણે ઠેકાણે હાજરી આપવાની હોય, સમય સાચવવાનો હોય અને કામો કરવાનાં હોય એટલે ઇચ્છા હોવા છતાં પણ પોતે બધાની સાથે પહેલાંની જેમ મુક્ત મનથી હળીમળી શકતા નહોતા. અમૃતસરમાં પી. ઇ.એન.ના સંમેલનમાં તેઓ નિરાંતે મળ્યા ત્યારે એ વિશે મેં એમનું ધ્યાન દોરેલું, મુંબઇમાં અમારે ઘરે ઊતરવા માટે જ્યોત્સના-બહેને આપેલા વચનની યાદ અપાવેલી અને પોતે વચન જરૂર પાળશે એવી ખાતરી આપેલી.

મુંબઇમાં ઉમાશંકર આવે ત્યારે ઉમેદભાઇ મણિયાર, વાડીલાલ ડગલી કે અન્ય કોઇના ઘરે ઊતરે. અમારા ઘરે ઊતરવા માટે અગાઉથી અમે પત્ર લખતા ત્યારે ત્રણેકવાર તેઓ અમારા ઘરે ઊતરેલા. 'અમારું ઘર નાનું છે એટલે અગવડ તો નહિ પડે ને?' એમ અમે પૂછેલું ત્યારે એમણે કહેલું કે 'માણસને સૂવા માટે છ ફૂટની જગ્યા જોઇએ. એટલી જગ્યા મળી રહે ત્યાં ગમે તે સ્થળે ઊતરી શકાય. ઉમેદભાઇના ઘરે જો હું ઊતરી શકું તો તમારા ઘરે ઊતરવામાં કોઇ પ્રશ્ન જ ન હોય' સાદાઇથી જીવન જીવવાની એમની પાસે સરસ કળા હતી.

છેલ્લે ઉમાશંકર અમારે ત્યાં આવેલા ત્યારે શિયાળામાં દિલ્હીથી આવેલા હોવાથી ગરમ લાંબો કોટ અને બુટમોજાં પહેરીને આવેલા. પરંતુ મુંબઇમાં જરાપણ ઠંડી નહિ. પંખા ચાલે. બે દિવસ રોકાયા પછી ઉમાશંકર અમદાવાદ વિમાનમાં જવાના હતા. અમે એરપોર્ટ ઉપર મૂકવા માટે નીકળ્યા. થોડે ગયા ત્યાં એમને યાદ આવ્યું કે ગરમ કોટ અને બુટ-મોજાં ઘરે ભુલાઇ ગયાં છે. સમય તો હજુ હાથમાં હતો એટલે અમે પાછા ફર્યા અને કોટ તથા બુટમોજાં લઇ લીધાં. ત્યારે ઉમાશંકરે કહેલું કે 'હવે વૃદ્ધાવસ્થાના કારણે સ્મૃતિ ઉપર અસર થવા લાગી છે.' જો કે એમણે એમ કહ્યું હતું તો પણ એમની સ્મૃતિ તો જીવનના અંતિમ દિવસો સુધી એટલી જ સતેજ રહી હતી. ઉમાશંકર ઘણું ખરું પત્રોના જવાબ લખતા નહિ.પરંતુ પત્ર લખનાર બેત્રણ વર્ષે પણ કોઇ સભામાં કે બીજે ક્યાંય મળી જાય તો એ પત્રની વિગત એમને યાદ હોય. કેટલા બધા કુટુંબોના બધા જ સભ્યોનાં નામ તેમને યાદ રહેતાં. એમની સ્મૃતિ માત્ર ગ્રંથો પૂરતી જ નહિ, વ્યકિત અને પ્રસંગો માટે પણ એટલી જ તાજી રહેતી.

એક વખત ઉમાશંકર અમારા ઘરે આવ્યા હતા ત્યારે એટલા પ્રસન્ન ન હતા. થોડીવાર વાતચીત થયા પછી મેં કહ્યું, 'આ વખતે તમે બહુ પ્રસન્ન દેખાતા નથી.' ત્યારે એમણે કહ્યું, 'સાચી વાત છે. મને સ્વાતિની ચિંતા છે. એ દિલ્હીમાં એકલી રહે છે. થોડા દિવસ પહેલાં એ ભણાવવા ગઇ હતી ત્યારે એના ઘરમાં ચોરી થઇ. એમાં એની કેટલીક સારી મનગમતી સાડીઓ પણ ચોરાઇ ગઇ છે. ચોરીની આ ઘટનાથી સ્વાતિ અસ્વસ્થ થઇ ગઇ છે. મારે અમદાવાદ જઇ તરત દિલ્હી જવું છે' મેં કહ્યું, 'તમે હવે રાજ્યસભામાંથી નિવૃત્ત થયા એટલે તમારે દિલ્હી રહેવાનું ખાસ કારણ રહ્યું નહિ. નંદિની અમદાવાદમાં તમારી સાથે છે, તો સ્વાતિને પણ અમદાવાદ બોલાવી લો ને?' એમણે કહ્યું, 'પણ એ માટે સ્વાતિને અમદાવાદમાં એને યોગ્ય નોકરી મળવી જોઇએને?' મેં કહ્યું, 'તમે ધારો તો સ્વાતિને અમદાવાદમાં કોઇપણ સારી જગ્યાએ યોગ્ય નોકરી અપાવી શકો. તમારું કામ કરવા સૌ કોઇ રાજી હોય.' પરંતુ ઉમાશંકર નિરુત્તર રહ્યા. એમના મનના ભાવને હું સમજી શકયો. પોતાના કામ માટે કોઇને કશું જ ન કહેવું એવી પોતાની પ્રકૃતિને તેઓ છોડવા ઇચ્છતા ન હતા. મેં કહ્યું, 'અમે, કેટલાક મિત્રો આ બાબતમાં એ જવાબદારી ઉપાડી લઇએ?' પરંતુ તે માટે પણ તેમણે બહુ ઉત્સાહ દર્શાવ્યો નહિ. આવો કોઇ આયાસ તેમને ગમે પણ નહિ. ખુમારીભર્યું જીવન તેઓ શા માટે છોડે?

ઉમાશંકર પ્રામાણિકતા અને વ્યવહારશુદ્ધિના આગ્રહી હતા. મુંબઇ યુનિવર્સિટીમાં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો આપેલાં ત્યારે તે લેખિત સ્વરૂપે નહોતાં આપ્યાં એટલે એમણે પુરસ્કાર લેવાનો ઇન્કાર કરેલો. પછી જ્યારે રેકટર જી. ડી. પરીખે બતાવ્યું કે નિયમોમાં લેખિતનું કોઇ બંધન નથી ત્યારે એ પુરસ્કાર સ્વીકારેલો.

એક વખત મારે ઘરે હતા ત્યારે કોઇ સંસ્થાએ એમને ઘણાં બધાં પુરસ્કૃત ભેટ આપ્યાં. મોટાં મોટાં બંડલો થયાં. અમદાવાદ જવાના હતા ત્યારે મને કહ્યું, રમણભાઇ! આપણે સ્ટેશને અડધો કલાક વહેલા પહોંચવું છે. સામાનનું વજન કરાવવું છે.' મેં કહ્યું, 'ફર્સ્ટ કલાસમાં આટલો સામાન તો લઇ જઇ શકાશે.' એમણે કહ્યું, 'છતાં શંકામાં ન રહેવું. એક કિલો જેટલું વજન વધારે હોય તો ભલે કોઇ આપણને કંઇ ન પૂછે; પણ અજાણતાં આપણે ગુનેગાર બનીએ. માટે વજન કરાવીને જ જવું છે.'

ઉમાશંકર જ્યારે મળે ત્યારે પ્રવાસની ઘણી વાતો નીકળે. તેઓ દરેક વખતે ટકોર કરે કે પ્રવાસના અનુભવો-સંસ્મરણો તરત લખી લેવાં જોઇએ. પ્રવાસ–અનુભવો લખવાની બાબતમાં પોતાનો જ દાખલો આપતાં તેમણે કહ્યું કે 'જુઓને! મારા પોતાનાં પ્રવાસનાં સંસ્મરણો લખવાનું કેટલાં બધાં વર્ષોથી ટલ્લે ચડતું જાય છે!' યુરોપના પ્રવાસેથી અમે પાછા ફર્યા હતા અને મારે ત્યારપછી એમની જ ભલામણથી ઓસ્ટ્રેલિયા જવાનું હતું. ત્યારે એમણે તરત મને તા. ૧૬-૭-'૭૭ના પત્રમાં લખ્યું હતું કે 'પ્રબુદ્ધ જીવન'માં તમારા સુખરૂપ પાછા ફર્યાના વિગતે સમાચાર વાંચી પ્રસન્નતા થઇ. બધાં ખૂબ ખૂબ તાજાં, મનથી ને ચિત્તથી થયાં હશો! તમે તો તરત પૂર્વ તરફ પ્રવાસે ચાલ્યા પ્રવાસવર્ણનો ટૂંકાં પણ તરત

લખી દેવાં સારાં. પછી રહી જાય છે. ઘણીવાર તો નવા પ્રવાસ ખેડવામાં.' 'પાસપોર્ટ'ની પાંખે' અને પ્રદેશે જયવિજયના' એ બે મારાં પ્રવાસ-પુસ્તકોના લેખનમાં આ રીતે ઉમાશંકરની પ્રેરણા રહેલી છે.

એક વખત હું ઉમેદભાઇ મણિયારને મળવા ગયો ત્યારે 'સંસ્કૃતિ'ની વાત નીકળી. તેમણે મને કહ્યું. 'સંસ્કૃતિ બંધ કરવાનો વિચાર ઉમાશંકર કરે છે, કારણ કે ગ્રાહકો બહુ જ ઓછા છે. 'સંસ્કૃતિ' માટે આપણે મુંબઇમાંથી બસો-ત્રણસો નવા ગ્રાહકો જો કરી આપીએ તો 'સંસ્કૃતિ'ને વાંધો ન આવે.' એ માટે મારાથી બનતી સહાય કરવાનું અને બાર મહિનામાં કેટલાક સખાવતી ભાઇઓની સહાયથી બસો જેટલા નવા ગ્રાહકોનું લવાજમ ભરાવી આપવાનું મેં વચન આપ્યું અને એ દિશામાં કેટલુંક કામ પણ કર્યું. ત્યારપછી ઉમાશંકર જ્યારે મુંબઇ આવ્યા ત્યારે મારા ઘરે એમની પાસે મેં અને ઉમેદભાઇએ તે માટે પ્રસ્તાવ મૂકયો. ઉમાશંકરે તે માટે સ્પષ્ટ ના કહી. તેમણે કહ્યું, 'સંસ્કૃતિને મારે આવી રીતે જિવાડવું નથી. સંસ્કૃતિ પોતાનું ભાગ્ય હશે ત્યાં સુધી ચાલશે. સંસ્કૃતિ બંધ થાય તેથી મને કંઇ ક્ષોભ થશે નહિ. મેં ઘણાં વર્ષ સુધી એકલે હાથે ચલાવ્યું છે. ખોટ ખાઇને પણ ચલાવ્યું છે. જીવનના અંત સુધી એ ચલાવવું જ જોઇએ એવો આગ્રહ શા માટે રાખવો ? 'સંસ્કૃતિ' એ Mass માટેનું નહિ, પણ Class માટેનું સામયિક છે, એટલે એના ગ્રાહકો ઓછા જ હોવાના એ તો પહેલેથી જ, એ શરૂ કર્યું ત્યારથી જ નક્કી હતું. એટલે સંસ્કૃતિ બંધ થાય તેનો માટે અફસોસ કરવાનો ન હોય.' સંસ્કૃતિ ચલાવવા માટેના તેમના આવા નિસ્પૃહ અને સમત્વયુકત વિચારો જાણ્યા પછી અમારે વિશેષ કંઇ કહેવાનું રહ્યું નહિ. સંસ્કૃતિના નવા ગ્રાહકો બનાવવાની યોજના મેં અને ઉમેદભાઇએ ઉમાશંકરના કહેવાથી પડતી મૂકી હતી.

મુંબઇમાં આવે ત્યારે ઉમાશંકર ગમે તેટલાં રોકાણોમાં વ્યસ્ત હોય તો પણ ઉમેદભાઇ મણિયારને મળવા માટે અચૂક સમય કાઢે. એક વખત મારા ઘરે જ્યારે ઊતર્યા હતા ત્યારે એક કાર્યક્રમમાંથી પાછા ફરતાં અમને લગભગ રાતના અગિયાર વાગી ગયા હતા. રસ્તામાં તેમણે મને કહ્યું, 'આપણે ઉમેદભાઇના ઘરે જઇશું ? તમને મોડું તો નથી થતું ને ?'

મેં કહ્યું, 'ના મને મોડું નથી થતું. પરંતુ અગિયાર વાગી ગયા છે અને એમના ઘરે પહોંચતાં સાડા અગિયાર થશે. તેઓ સૂઇ ગયા હશે.'

ઉમાશંકરે કહ્યું, 'ઉમેદભાઇ સામાન્ય રીતે વહેલા સૂતા નથી. અને સૂઇ ગયા હશે તો આપણે એમને ઉઠાડીશું. મિત્ર તરીકે એટલો આપણને હક્ક છે.'

અમે ઉમેદભાઇના ઘરે પહોંચ્યા ત્યારે તેઓ પથારીમાં આડા પડયા હતા. જાગતા હતા. ઘરની લાઇટ ચાલુ હતી. ઉમાશંકરને જોઇને ઉમેદભાઇ તરત બેઠા થયા. ઉત્સાહમાં આવી ગયા. પરસ્પર વાતો ચાલી. વિદ્વાનોને અમારા માટે ચા મૂકી. લગભગ દોઢ કલાક વીતી ગયો. મિનિટે મિનિટે ખડખડાટ હસવાનું થાય એ તો ખરું જ, પરંતુ ઉમેદભાઇ અને ઉમાશંકર બંને પોતાના તદ્દન નિખાલસ અભિપ્રાયો પણ વ્યકત કરે, જાણે બંનેને પોતાના મનની વાત કશી જ છૂપાવવાની ન હોય. કટાક્ષ પણ કરે. આ બે મિત્રોનું આવું નિખાલસ મિલન મારા માટે નવું હતું. બંને વડીલો સાથે પૂરી આત્મીયતા હતી. એટલે તેમની સ્પષ્ટ વાતચીતમાં મારી ઉપસ્થિતિનો તેમને કશો જ વાંધો નહોતો. તેઓએ ઉચ્ચારેલા અભિપ્રાયો મારી પાસેથી કયાંય જશે નહિ તેની પણ તેમને ખાતરી હતી.

પાછા ફરતાં ઉમાશંકરે કહ્યું, 'હું મુંબઇ આવું ત્યારે મન હળવું કરવા ઉમેદભાઇને અચૂક મળું. કેટલીકવાર જાહેરમાં કે બીજી કોઇ વ્યકિત પાસે કોઇ ઘટના કે વ્યકિત વિશે જે કોઇ અભિપ્રાય કે કોઇ માહિતી ઉચ્ચારી ન શકાય તે હું ઉમેદભાઇ આગળ અવશ્ય રજૂ કરું. મારી પ્રવૃત્તિઓ વિશે કે લખાણો વિશે બીજા સૌના પ્રશસાત્મક અભિપ્રાયો જ હોય. ઉમેદભાઇ મને સાચી ટકોર કરી શકે. તે જાણવાને માટે પણ હું ઉત્સુક હોઉં. ઉમેદભાઇ યાદ રાખીને બધી જ વાતો કરે. સાહિત્યજગતના કે સામાજિક જાહેર જીવનના Under Currents ઉમેદભાઇ પાસેથી જાણવા મળે ત્યારે વસ્તુસ્થિતિ ઉપર વધુ પ્રકાશ પડે.'

ધમરજન્સી વખતે ઉમાશંકર બહુ વ્યાકુળ રહેતા. મુંબઇમાં જૈન યુવક સંઘના ઉપક્રમે ત્રણ વ્યાખ્યાનો આપવા માટે એમણે મને સંમતિ પત્ર આપી હતી અને તારીખો પણ છપાઇ ગઇ હતી. પરંતુ ધમરજન્સી જાહેર થયા પછી ઉમાશંકરે એ કાર્યક્રમ માટે ના પાડી હતી અને કહ્યું હતું કે જ્યાં સુધી ધમરજન્સી છે ત્યાં સુધી હું જાહેરમાં બોલવાનું ટાળું છું, કારણ કે મુક્ત મનથી બોલી શકાતું નથી. મારા વકતવ્યમાં સરકાર વિરુદ્ધ વાત આવવાની છે એવું નથી, પરંતુ વાણી ઉપર જાણે ભાર હોય તેવું લાગે છે.' તે સમયે એમણે રાજ્યસભામાં પણ પોતાનો આક્રોશ વ્યકત કર્યો હતો. એ દિવસોમાં ઉમાશંકર કેટલા બધા સંવેદનશીલ હતા તેનો એક પ્રસંગ ઉમેદભાઇ મણિયારે કહ્યો હતો. ઉમાશંકર અને ઉમેદભાઇ વાલકેશ્વરના રસ્તા ઉપરથી ચાલ્યા જતા હતા, એવામાં સાયરન વાગી અને ખબર પડી કે ઇન્દિરા ગાંધી એ રસ્તેથી પસાર થઇ રહ્યાં છે. એ સમાચાર જાણતાં જ ઉમાશંકર ઝડપથી મુખ્ય રસ્તાથી થોડા દૂર ચાલ્યા ગયા. એ જોઇ ઉમેદભાઇ તો વિચારમાં પડી ગયા. ઇન્દિરા ગાંધીની મોટરગાડી પસાર થઇ ગઇ એટલે ઉમાશંકર પાછા આવ્યા. ઉમેદભાઇએ પૂછયું કે 'તમે કેમ આમ કર્યું ?' ઉમાશંકરે કહ્યું, 'જે બાઇએ આખા દેશની બુદ્ધિમત્તાનું અપમાન કર્યું છે, તે બાઇનો ચહેરો પણ આપણી નજરે શા માટે પડવા દઇએ ?' ઉમાશંકરની ધમરજન્સીના વખતની સ્થૂલ અને સૂક્ષ્મ વ્યાકુળતા કેવી હતી તે આ પ્રસંગ દર્શાવે છે.

ઉમાશંકરનાં કુટુંબીજનો, સગાંસંબંધીઓ, મિત્રો વગેરે અનેક વ્યકિતઓ કરતાં અમારો સંબંધ કેટલો બધો ઓછો હતો, તેમ છતાં ઉમાશંકરના આમ, કેટલા બધા પ્રસંગો નજર સામે તરવરે છે ! સતત પરિભ્રમણશીલ રહેનાર અને સતત અનેક વ્યકિતઓના સંપર્કમાં આવનાર, સતત તાજગીસભર એવા એમના વ્યકિતત્વનાં વિવિધ પાસાંનો પરિચય કે અનુભવ અનેકને થયો હશે ! પ્રેરણાસ્ત્રોત સમાન એમના જીવનમાંથી યથોચિત પ્રેરણા ગ્રહણ કરી એમના ભવ્યાત્માને શ્રદ્ધાંજલિ અર્પીએ !

-રમણલાલ ચી. શાહ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ - ૪ ૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૦ અંક : ૧૮

મુંબઇ, તા. ૧૬-૧-૧૯૮૯
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્વ. પૂ. ગણિવર્ય મુક્તિવિજયજી (મૂળચંદજી) મહારાજ

રવિવાર, તા. ૮મી જાન્યુઆરી, ૧૯૮૯ના રોજ પાલિતાણામાં મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટ તરફથી શાસન પ્રભાવક ગચ્છાધિરાજ શ્રી મુક્તિવિજયજી ગણિવર્ય (શ્રી મૂળચંદજી મહારાજ) ની સ્વર્ગારોહણ શતાબ્દીનો કાર્યક્રમ પ. પૂ. શ્રી યશોદેવસૂરિજી, પ. પૂ. શ્રી ચંદ્રોદયસૂરિજી, પ. પૂ. હેમપ્રભસૂરિજી, પ. પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ, પ. પૂ. સાધ્વીશ્રી જ્ઞાનશ્રીજી મહારાજ વિગેરેની નિશ્રામાં ઉજવાયો હતો. એ પ્રસંગે ઉપસ્થિત રહેવાની અને પૂજ્ય મૂળચંદજી મહારાજ વિશે પ્રાસંગિક વક્તવ્ય રજૂ કરવાની મને પણ તક સાંપડી હતી.

આ પ્રસંગે સર્વ વક્તાઓએ મૂળચંદજી મહારાજના જીવન અને કાર્ય વિશે સારો પ્રકાશ પાડયો હતો.

આ કાર્યક્રમનું સંચાલન સ્થાનિક અધ્યાપક અને વિધિકાર શ્રી જયંતીલાલ એમ. શાહે કર્યું હતું તથા ભક્તામર પૂજન પણ તેમણે ભણાવ્યું હતું. પાલિતાણા જેવા નાના કેન્દ્રમાં પણ શ્રોતાઓની ઘણી સારી હાજરી હતી. પૂ. મુક્તિવિજયજીના શિષ્ય-પ્રશિષ્ય કમલસૂરિ, કેસરસૂરિ વગેરેના સમુદાયનાં સાધુ-સાધ્વી પણ સારી સંખ્યામાં ઉપસ્થિત હતાં.

ગણિવર્ય મુક્તિવિજયજી (મૂળચંદજી) મહારાજનો જૈન શાસન ઉપર ઘણો મોટો ઉપકાર છે. એમના જીવન વિશે ઘણી રસપ્રદ અને પ્રેરક માહિતી મળે છે. એ મહાન તેજસ્વી વિભૂતિના જીવનની ઝાંખી આ કાર્યક્રમમાં કરાવવામાં આવી હતી. અહીં મૂળચંદજી મહારાજના જીવન અને કાર્યનો પરિચય આપવામાં આવ્યો છે.

મૂળચંદજી મહારાજનો જન્મ પંજાબમાં શિયાલકોટમાં વિ. સં. ૧૮૮૬માં ભાવડા જૈન જ્ઞાતિમાં ઉપકેશવંશમાં, બરડ ગોત્રમાં થયો હતો. એમના પિતાનું નામ સુખા શાહ હતું. માતાનું નામ ભકોરાબાઇ (મહતાબદેવી) હતું.

બાળક મૂળચંદ નાનપણથી જ બહુ તેજસ્વી હતો. દેખાવે પણ સશક્ત અને પ્રતિભાશાળી હતો. પાંચ વર્ષની ઉંમરે એને નિશાળમાં મૂકવામાં આવ્યો હતો. નિશાળમાં વ્યાવહારિક શિક્ષણ લેવા ઉપરાંત તે સ્થાનકમાં જાય, સામયિક કરે, પ્રતિક્રમણ કરે અને 'થોકડા'નો મુખપાઠ કરે. તે સાધુઓના પરિચયમાં આવીને તેમની પ્રેરણાથી ઘણા નિયમ લેતો. એમ કરતાં મૂળચંદને દીક્ષા લેવાની ભાવના થઇ. માતા-પિતાએ એ પ્રસ્તાવને અનુમોદન આપ્યું.

સોળ વર્ષની ઉંમરે વિ. સં. ૧૯૦૨માં ઋષિ બુટેરાયજી પાસે મૂળચંદે દીક્ષા લીધી અને તે મૂળચંદજી સ્વામી બન્યા.

એ દિવસોમાં પંજાબના સાધુઓમાં બુટેરાયજી મહારાજનું નામ ઘણું મોટું હતું. ચારિત્રના પાલનમાં તેઓ અત્યંત શુદ્ધ હતા. શાસ્ત્રોનો ઘણો ઊંડો અભ્યાસ એમણે કર્યો હતો. એમની જ્ઞાનની ભૂખ ઘણી મોટી હતી. તેઓ જન્મે જાટ કોમના હિન્દુ હતા. સંસ્કૃત ભાષાનું જ્ઞાન તેમને નાનપણથી જ વારસામાં મળ્યું હતું. સોળ વર્ષની વયે દીક્ષા લીધા પછી તેમણે પોતાના ગુરુ ઋષિ નાગરમલજી પાસે, ઋષિ અમરસિંહજી પાસે તથા શ્રીપૂજ રામલાલજી પાસે આગમ ગ્રંથો ઉપરાંત વ્યાકરણ, ન્યાય વગેરેનો પણ ઘણો સારો અભ્યાસ કર્યો. જેમ જેમ તેઓ વધુને વધુ અભ્યાસ કરતા ગયા તેમ તેમ શાસ્ત્રોમાં એવા એવા પાઠ વાંચવામાં આવ્યા કે જે વિશે એમનું મનનું સમાધાન કોઇ કરી શકતું નહિ. જિનપ્રતિમાની પૂજા કરવી કે નહિ તથા મુહપત્તિ મોઢે બાંધવી કે નહિ તે વિશે બુટેરાયજી અને એમના શિષ્ય મૂળચંદજીસ્વામીએ ઘણાની સાથે શાસ્ત્રચર્ચા કરી, પરંતુ મનનું સમાધાન ન થતાં વિ. સં. ૧૯૦૩માં પંજાબમાં રામનગરમાં મુહપત્તિનો દોરો તોડી નાખ્યો. એથી સંઘમાં ઘણો ઊહાપોહ થયો હતો.

પોતાની શંકાઓના સમાધાન માટે બુટેરાયજી મહારાજે પોતાના બે શિષ્યો મૂળચંદજી અને વૃદ્ધિચંદજી સાથે ગુજરાત બાજુ વિહાર કરવાનું નક્કી કર્યું. એક હજાર કરતાં વધુ માઇલનો એ કઠિન અને ઉગ્ર વિહાર હતો. રસ્તામાં યોગ્ય ગોચરી પાણી પણ મળે નહિ, તેમ છતાં તેઓની લગની એટલી બધી તીવ્ર હતી કે બધાં કષ્ટો સહન કરીને પણ તેઓ અમદાવાદ આવી પહોંચ્યા. ત્યાં તેઓ પં. શ્રી મણિવિજયજી દાદાને મળ્યા. તેમની સાથે સત્સંગ કર્યો શાસ્ત્રચર્ચા કરી અને બધી શંકાઓનું સમાધાન મેળવ્યું. તેઓએ પ્રથમ શત્રુંજય મહાતીર્થની યાત્રા કર્યા પછી પં. મણિવિજયજી દાદા પાસે ફરીથી સંવેગી દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. તેઓએ અમદાવાદથી વિહાર કરી શત્રુંજયની યાત્રા કરી અને

ચાતુર્માસ ભાવનગરમાં કર્યું. ત્યારપછી વિ. સં. ૧૯૧૨માં અમદાવાદમાં આવીને મણિવિજયજી દાદા પાસે તેઓએ સંવેગી દીક્ષા લીધી. બુટેરાયજીનું નામ બુદ્ધિવિજયજી, મૂળચંદજીનું નામ મુક્તિવિજયજી અને વૃદ્ધિચંદજીનું નામ વૃદ્ધિવિજયજી રાખવામાં આવ્યું. જો કે આ નવાં નામ કરતાં પોતાનાં જૂનાં નામથી જ તેઓ વધુ ઓળખાતા રહ્યા હતા.

ગુજરાતમાં એ સમયે સાચા ત્યાગી, સંવેગી સાધુઓની સંખ્યા ઘણી જ ઓછી થઇ ગઇ હતી. કઠિન સાધના-માર્ગ અને પ્રતિકૂળ સંજોગોને કારણે સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન અને પંજાબમાં મળીને પચીસથી ત્રીસ જેટલા જ સંવેગી સાધુઓ છૂટાછવાયા વિચરતા હતા. યતિ અને શ્રીપૂજની સંખ્યા ઉત્તરોત્તર વધતી જતી હતી અને મોટાં મોટાં નગરોમાં તેઓનું બળ ઘણું રહ્યું હતું. પંજાબથી આવેલા આ ત્રણ સાધુ મહારાજોએ જૈન સાધુ સંસ્થામાં એક ક્રાંતિકારક પગલું ભર્યું હતું અને તેને લીધે બુટેરાયજી મહારાજ સંવેગી દીક્ષા ધારણ કર્યા પછી જ્યારે પંજાબ પાછા ફર્યા ત્યારે ત્યાં ઘણો ખળભળાટ મચી ગયો હતો. એમના પ્રભાવથી ત્યાર પછી પંજાબના વતની અને જન્મે બ્રહ્મક્ષત્રિય એવા આત્મારામજી મહારાજ અને એમની સાથે ૧૮ સાધુઓ પણ પંજાબમાંથી વિહાર કરીને ગુજરાતમાં આવ્યા અને તેઓએ પણ સંવેગી દીક્ષા ધારણ કરી. આમ પંજાબી સાધુઓનો ગુજરાત ઉપર ઘણો મોટો ઉપકાર થયો. બુટેરાયજી, મૂળચંદજી અને વૃદ્ધિચંદજી મહારાજના એ ઉપકારના કારણે આજે સંવેગી સાધુઓની સંખ્યા અઢી હજારથી વધુ થઇ ગઇ છે. એટલે કે આ એક સૈકામાં સો ગણી વધી ગઇ છે અને તે માટે ગુજરાત પંજાબી સાધુઓનું હંમેશાં ઋણી રહેશે.

બુટેરાયજી મહારાજ પ્રખર શાસ્ત્રજ્ઞાતા હતા. મૂળચંદજી મહારાજ અનુશાસનના આગ્રહી હતા અને તેમની પાસે વ્યવસ્થા શક્તિ ઘણી સારી હતી. મૂળચંદજી મહારાજે જોયું કે સાધુ વગર શાસનનો ઉદ્ધાર નથી માટે જેમ બને તેમ વધુ દીક્ષા આપવી જોઇએ. એમનો પ્રભાવ પણ એવો મોટો હતો કે મળવા આવનાર યુવાનને એમની પાસેથી ખસવાનું મન ન થાય. દીક્ષાની શક્યતા જણાય ત્યાં તેઓ વિલંબ કરતા નહિ. જ્યાં દીક્ષાર્થીની સમતિ હોય, પરંતુ સ્વજનોનો વિરોધ હોય ત્યાં. નગરશેઠ પ્રેમાભાઇ સાથે એવી યોજના કરી હતી કે ગુજરાતના એના દીક્ષાર્થીઓને પંજાબ મોકલવામાં આવે અને ત્યાં આત્મારામજી મહારાજ દીક્ષા તેમને આપે અને પંજાબના એવા દીક્ષાર્થીઓ હોય તો તેમને ગુજરાતમાં મોકલવામાં આવે અને તેમને મૂળચંદજી મહારાજ દીક્ષા આપે. આ રીતે ગોડાંક વર્ષોમાં જ સાધુઓની સંખ્યા જે ૨૫-૩૦ ની હતી તેમાંથી એકસો ઉપર થઇ ગઇ. આમ છતાં જોવાનું એ હતું કે મૂળચંદજી મહારાજ જેને પણ દીક્ષા આપે તેને પોતાનો ચેલો ન બનાવતાં બુટેરાયજી મહારાજનો અથવા વૃદ્ધિચંદજી મહારાજનો ચેલો બનાવતા એટલે કે પોતાના હાથે થનાર નવદીક્ષિત સાધુને પોતાના શિષ્ય તરીકે સ્થાપવાને બદલે પોતાના ગુરુભાઈ તરીકે સ્થાપીને પોતાનો આદર નવદીક્ષિત પ્રત્યે વ્યક્ત કરતા. પૂ. આત્મારામજી મહારાજે જેમને કહ્યું, 'મૈં તુમ્હારા શિષ્ય હોનેકું આયા હું.' પરંતુ આત્મારામજી મહારાજને પણ સંવેગી દીક્ષા આપ્યા પછી અને તેમનું નામ મુનિ આનંદવિજય રાખ્યા પછી તેમને શિષ્ય ન બનાવતાં પોતાના ગુરુભાઇ એટલે બુટેરાયજી મહારાજના શિષ્ય બનાવ્યા, મૂળચંદજી મહારાજનો આ એક ઘણો મોટો ગુણ હતો. એટલા માટે આત્મારામજી મહારાજે પોતે રચેલી પૂજાની ઢાળમાં મુક્તિવિજયજી મહારાજને 'સંપ્રતિ રાજા' તરીકે બિરદાવતાં લખ્યું છે:

મુક્તિ ગણિ સંપ્રતિરાજા,
મુક્તિ ગણિ ચંગી;
તસ લઘુ ભ્રાતા આનંદવિજય-

મૂળચંદજી મહારાજે ભાવનગર, પાલનપુર, વડોદરા, શિહોર, પાલિતાણા, અમદાવાદ એમ ગુજરાતમાં ઘણાં સ્થળે ચાતુર્માસ કર્યાં તેઓ જ્ઞાન-ધ્યાનમાં પણ એટલા જ મગ્ન રહેતા. તેઓ સાધુ - સાધ્વીઓને નિયમિત વાચના આપતા. તેઓ રોજ ઓછામાં ઓછા ત્રણ કલાક તો ધ્યાન ધરતા હતા. તેમણે જ્યાં જ્યાં ચાતુર્માસ કર્યું ત્યાંના સંઘો તેમનાથી ખૂબ પ્રભાવિત થયા હતા. શિહોર જેવા નાના ક્ષેત્રમાં પણ તેમના ચાતુર્માસથી વાતાવરણ ઘણું પ્રોત્સાહિત થયું હતું. શિહોરમાં તેઓ પાસેની એક ટેકરી (જે શત્રુંજયની મરુદેવા ટુંક તરીકે ઓળખાય છે.) ઉપર બપોરે ધ્યાન ધરવા જતાં.

વૃદ્ધિચંદજી મહારાજના આગ્રહથી છેવટે મૂળચંદજી મહારાજને પોતાના કેટલાક શિષ્યો કરવા પડયા હતા. જેમાં હંસવિજય, ગુલાબવિજય, કમલવિજય, શોભણવિજય, દાનવિજય વગેરે મુખ્ય હતા. મૂળચંદજી મહારાજે સંઘની વારંવાર વિનંતી છતાં આચાર્યની પદવી લેવાની ના પાડી હતી અને જીવનના અંત સુધી ગણિ રહ્યા હતા. તે દિવસોમાં ફોટોગ્રાફીની શોધ થઇ હતી. અને આવા મહાન શાસન પ્રભાવકનો ફોટો લેવડાવવા માટે શેઠ પ્રેમાભાઇ અને બીજાઓએ બહુ આગ્રહ કર્યો હતો, પરંતુ તેવો ફોટો તેમણે ક્યારેય લેવા દીધો નહોતો. એમના કાળધર્મ પછી એમનું આબેહૂબ તૈલચિત્ર હંસવિજયજી મહારાજે બનાવડાવીને અમદાવાદમાં ઉજમબાઇની ધર્મશાળામાં રખાવેલું તે એક ચિત્ર આજે ઉપલબ્ધ છે.

એ સમયે સાધુઓ ઓછા હતા અને ક્ષેત્રો ઘણાં હતાં એટલે તેઓએ ક્ષેત્રો વહેંચી લીધાં હતાં. મૂળચંદજી મહારાજ વિશેષતઃ અમદાવાદ કે એની આસપાસ વિચરતા. વૃદ્ધિચંદજી સૌરાષ્ટ્રમાં ગોંડલિવાડમાં વિચરતા. બૂટેરાયજી મહારાજ પોતે અને આત્મારામજી મહારાજ પંજાબમાં વિચરતા. નીતિવિજયજીને સુરત, ખાંતિવિજયજીને હાલાર અને ઝાલાવાડ, ગુણવિજયજી અને શોભણવિજયજીને ઝાલાવાડ, દાનવિજયજીને કચ્છ સંભાળવાનું સોંપવામાં આવ્યું હતું,

મુક્તિવિજય ગણિ આચારપાલનમાં ઘણા ચુસ્ત હતા અને પોતાના શિષ્યો માટે પણ ઘણા કડક રહેતા. તેમની સંઘવ્યવસ્થા નમૂનારૂપ ગણાતી. તેમની પાસે સરસ કાર્યશક્તિ અને ત્વરિત. નિર્ણય લેવાની સૂઝ હતી. તેમની અંતરંગ નીતિ અને બહિરંગ નીતિ પરસ્પર સુસંવાદી હતી. તેઓ શિષ્યોને અત્યંત વાત્સલ્ય ભાવથી રાખતા, પણ પ્રસંગે એટલા જ કડક થઇ શકતા. તેઓ પોતાના ગુરુ મહારાજની આજ્ઞા બરાબર પાળતા અને પોતાની આજ્ઞા શિષ્યો પાસે બરાબર પળાવતા અને

(અનુસંધાન પૃષ્ઠ ૬ ઉપર)

કાન્તનાં ખંડકાવ્યો વિશે

ડા. બળવંત જાની

આધુનિક સાહિત્ય અને નવ્ય વિવેચનથી ઘડાયેલા-ટેવાયેલા અભ્યાસીઓને પણ 'કાન્ત'નાં ખંડકાવ્યો સ્પર્શ્યાં છે અને આજ સુધી ગુજરાતી વિવેચનમાં જે સતત અભ્યાસનો વિષય રહ્યાં છે તે 'કાન્ત'નાં ખંડકાવ્યોમાંથી એકાદ-બેને તો ગુજરાતી કાવ્યસાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓ તરીકે પણ ઓળખાવાયેલ છે. કવિવર 'કાન્તે' આ શકવર્તી ગણાતી રચનાઓ તેમની બાવીશ-ત્રેવીશ વર્ષની વયે રચેલી. આટલી નાની વયે આવું શકવર્તી પ્રદાન કરનાર 'કાન્ત'નાં ખંડકાવ્યોના ભાવ અને અભિવ્યક્તિના વૈશિષ્ટ્યને તપાસીએ.

એક અધૂરું ખંડકાવ્ય 'દેવયાની' તથા બીજી પરિશિષ્ટરૂપે સમાવિષ્ટ રચનાઓ 'સૃષ્ટિ સૌંદર્ય'થી મન પર થતી અસર', 'સ્વર્ગગંગાને તીર' અને 'પ્રિયા કવિતાને આશ્વાસન'ને પણ લક્ષમાં લઈએ તો કાન્તે કુલ મળીને દશ ખંડકાવ્યો રચ્યાં ગણાય. પરંતુ 'દેવયાની' અધૂરી રચના છે અને બીજી પરિશિષ્ટરૂપે આમેજ કરાઇ હોઇ, એ સિવાયની કુલ છ રચનાઓ 'રમા', 'કલ્પના અને કસ્તુરી મૃગ', 'મૃગતૃષ્ણા', 'અતિજ્ઞાન', 'વસંતવિજય' અને 'ચક્રવાકમિથુન'ને અહીં અભ્યાસ માટે ખપમાં લીધી છે.

ફ્યુટિલિટી ઓફ હ્યુમેન એફર્ટ'-માનવીય જીવનની વિફલતા-નિસ્સારતા-એ કાન્તના ખંડકાવ્યોનો કેન્દ્રસ્થ ભાવ છે. બધું જ અકળ છે. કશું જ આપણાં હાથમાં નથી. આ ભાવ ઉપરાંત કાન્તનું જીવનદર્શન પણ કરુણ છે. કાવ્યે-કાવ્યે કરુણ પરિસ્થિતિઓ ઊભી કરી કાન્ત આ કરુણદર્શન વ્યક્ત કરે છે. આ અકળતા, નિસ્સારતા અને કરુણ ભાવયુક્ત કથાનક તેઓ જુદા જુદા 'પોઈન્ટ ઓફ વ્યૂ'થી નિરૂપતા જણાય છે. તેઓ જે પદ્ધતિથી કથાનકને નિરૂપે છે એમાંથી એમની ખરી સર્જક-પ્રતિભાનું દર્શન થાય છે. ભાવ અને અભિવ્યક્તિ એમ ઉભય સ્તરે કવિકર્મનું દર્શન કરાવતા કાન્તનાં ખંડકાવ્યો આ કારણે મારા આસ્વાદ અને અભ્યાસનો વિષય બન્યાં છે.

અજ્ઞાન, જ્ઞાન કે અતિજ્ઞાન એવી કંઈપણ સ્થિતિ માનવજાત માટે આનંદદાયી તો નથી જ, બધું જ અકળ છે. આપણે અજ્ઞાની હોઇએ, જ્ઞાની હોઇએ કે અતિજ્ઞાની હોઇએ કશો જ ફરક પડતો નથી. આ ભાવને કલાત્મક રીતે કાન્તે એમનાં ખંડકાવ્યોમાં ઢાળ્યો છે. માનવીય જીવનની વિફળતા-નિસ્સારતાને ઉપસાવતો આ ભાવ કરુણરસની નિષ્પત્તિ કરાવે છે. ભાવાન્તર્ગત રહેલી કરુણ પરિસ્થિતિ કાન્તનાં ખંડકાવ્યોનું Perenial Theme છે. જે સમગ્ર કૃતિને કલાત્મક પરિમાણ અર્પે છે.

'આષાઢી કૃષ્ણરાત્રીના, બાર વાગી ગયા હતા.'
'વ્યોમથી જલની ધારા, જોરમાં પડતી હતી,
ઢળી પલંગને પાયે. સુંદરી રડતી હતી.'

આ પંક્તિઓ 'રમા' ખંડકાવ્યની છે. અષાઢની મધ્યરાત્રીએ વરસાદી વાતાવરણમાં પતિના વિરહમાં રડતી-વલવલતી-રમાનું ચિત્રણ કરુણ છે. પતિ મોડી રાત્રે ઘેર આવે અને પછી પત્નીની દરકાર પણ ન કરે એ ચિત્રણથી કરુણ વધુ ઘેરો બને છે. રમાના ઉદ્‌ગારો 'નજર નાથ તમે કરતા નથી'-માંથી કરુણરસની નિષ્પત્તિ થાય છે. રાહ જોવાનો શો અર્થ? રમાના ભગ્ન અને દુઃખી હૃદયમાં ઘુમરાયેલી વેદનાનો ભાવકને પણ સ્પર્શ થાય છે. ભાવનું આ રીતનું સ્પર્શક્ષેમ આલેખન એ કાન્તની આગવી સિદ્ધિ છે.

'કલ્પના અને કસ્તુરીમૃગ'માં મૃગને જ્ઞાન-ખ્યાલ નથી કે જે સંગીત તે માણી રહ્યો છે એ જ એનો નાશ કરનારું છે, પ્રાણ હરનારું છે. કાવ્યમાં કવિ આ પરિસ્થિતિથી વ્યાકુળ થઇને તલવારથી પ્રહાર કરે છે અને મીન નીચે પડતાં જ સંગીત બંધ થાય છે, સંગીત બંધ થતાં મૃગ મૂર્છિત થાય છે. 'મૃગતૃષ્ણા'માં પણ મૃગબાળા પાણીની પ્યાસથી પીડાતી-પીડાતી આમતેમ દોડી રહી છે. કવિએ એ ભાવસ્થિતિને સુંદર રીતે અભિવ્યકત કરેલ છે.

'દિસે છે કુરતા કેવી, કર્તાની કરણી મહીં!
ત્રાતા જો હોય, તો આની કેમ સંભાળ લે નહિ!'

કાન્તની પ્રારંભની આ ત્રણેય રચનાઓને કરુણ ભાવ સુંદર રીતે અભિવ્યકત થયો છે. તેમ છતાં આ રચનાઓ એમની પ્રારંભની રચનાઓ છે. એમની કીર્તિદા અને યશોદાયી રચનાઓ તો એ પછીની રચનાઓ 'અતિજ્ઞાન', 'વસંતવિજય' અને 'ચક્રવાકમિથુન' છે. અહીં કાન્ત કોઇ ખ્યાત વસ્તુ સાથે કામ પાડીને પોતાની સર્જકપ્રતિભાની ત્રેવડ એક સર્વાંગસુંદર કલાકૃતિનું નિર્માણ કરે છે. અહીં ભાવ બદલાયો નથી. પણ ભાવ સાથેનું સર્જકનું ડીલીંગ બદલાયું છે. જે એક બહુ મોટી બાબત છે.

અહીં પણ કરુણની જ સૃષ્ટિ છે. પરંતુ એ સૃષ્ટિને ખ્યાત વસ્તુને આધારે અને બળકટ અભિવ્યક્તિ સાંપડી છે. સહદેવની કરુણ અવસ્થિતિ 'અતિજ્ઞાન'ની વિષાદસામગ્રી છે. દુર્યોધન સાથે દ્યુત રમવા જતા યુધિષ્ઠિર સહદેવને બાળક માનીને કશી જાણ કરતા નથી. સહદેવને પૂછ્યા વગર કશું જ ન કહેવાનો અભિશાપ છે. પાછળથી દ્રૌપદી સાથેની તેની ઉદાસીન વર્તણૂક જોતાં ભાવકને ઘડીભર થઇ આવે છે કે હમણાં દ્રૌપદી કશુંક પૂછશે...પણ! કંઇક જ પુછાતું નથી અને અંતે

'ચાલી જરા તે ગ્રહી એક શીશી
પ્યાલી ભરી દંતથી ઓષ્ટ પીસી
પ્યાલી કરી કંઠ વિશે ત્વરાથી
ગયો બધો એ બદલાઇ આથી.'

સહદેવે જે પાન કર્યું એથી સહદેવ બદલાઇ ગયો અને

'સતી બેભાન સૈયામાં ગંધથી જ પડી ગઇ
સૂતો જ્યોતિષી પ્યાલીને છાતી સાથે જડી દઇ!'

સહદેવની આ અંતિમ અવસ્થિતિ નિષ્પત્તિ કરાવે છે. અહીં અતિજ્ઞાન જ દુઃખદાયી નીવડ્યું જોઇ શકાય છે...તો 'વસંતવિજય'માં જ્ઞાન પણ દુઃખદાયી નીવડે છે.

'વસંતવિજય'માં વિનાશથી જ્ઞાત પાંડુ અવશતાથી નાશ તરફ ધકેલાય છે. પોતાની જાતને રોકી શકતો નથી, એ ભાવને અહીં આલેખ્યો છે. પાંડુને શાપ છે. એનાથી છૂટવા જંગલમાં પર્ણકુટિ બાંધીને રહે છે અને તપ કરે છે. પરંતુ અહીં પણ નિયતિ એનો ભાગ ભજવે છે. વસંત ઋતુનો પ્રભાવ પાંડુ પર પડે છે અને કામાસકત પાંડુ-માદ્રીનું મિલન ઘેરા કરુણરસનું ભાન કરાવે છે. વસંતનો પ્રભાવ પાંડુ પર પડ્યો છે, એ

સ્થિતિને કાન્તે જે રીતે આલેખી છે એ જોઇએ. કાવ્યારંભે જ માદ્રી પાંડુને રોકતા કહે છે કે,

'નહીં નાથ! નહીં નાથ! ન જાણો કે સવાર છે.
આ બધું ઘોર અંધારું હજુ તો બહુવાર છે.'

પરંતુ પાંડુ તો નીકળી પડે છે.....

'ખરે ત્યારે આનો અનુભવ જરા આજ કરીએ,
જરા આ પાસેના ઉપવન વિશે ફાંય ફરીએ.'

આ 'જરા' આખી પરિસ્થિતિને પલટાવનારુ નીવડે છે. પછી તો વસંતના વૈભવનું સુંદર ચિત્રણ કાવ્યમાંથી પ્રકટે છે.

'ધીમે ધીમે છટાથી કુસુમરજ લઇ, ડોલતો વાયુ વાય
ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય
મેસીને ડાણ જાણે કયહિં પરભૃતિકા, ગાન સ્વર્ગીય ગાય
ગાળી નાખે હલાવી રસિક હૃદયને, વૃત્તિથી દાબ જાય.'

આ વસંતનો વૈભવ એનું ધાર્યું કરે છે અને પાંડુ બોલી ઉઠે છે–

'પ્રિયે! માદ્રી! આહ! સહન મુજથી આ થતું નથી,
નહીં મારે જોઇએ તપફલ ભલે એ સહુ થતું!'

માદ્રી પણ જાણે છે કે આ તો વિનાશને આવકારી રહ્યા છે એટલે એ કહે છે કે,

'રે હાય! હાય! નહીં, નાથ નહીં કહીને
છૂટી જઇ ભૂજ થકી, અવગત રહી તે.'

પરંતુ પાંડુ તો હવે વસંતના પૂરા પ્રભાવ હેઠળ છે, તે કહે છે કે–

'જાણું બધુ, પણ દીસે સ્થિતિ આ નવીન
મારું નથી બલ બન્યો જલ બહાર મીન
દેવી! વિચાર કરવા સબળા તજી દે
રે હાય! સ્પર્શસુખ પ્રાણ સખી હજી દે.'

પાંડુની માગણીને માદ્રી નકારી શકતી નથી, દૈવનો અંતે વિજય થાય છે અને કરુણ વાતાવરણ છવાઇ જાય છે.

'ચક્રવાકમિથુન'માં પણ રાત્રીવિરહ સહન ન થતાં ચક્રવાક યુગલ સાંજે સૂર્યાસ્ત થાય એ પહેલાં ક્ષણે ક્ષણના સહવાસને તલસતાં-તલસતાં ઊંચે ઊંચે ઊડતાં જ રહે છે ને પછી ઊંડી ખીણમાં ઝંપલાવે છે. રાત્રી સાથે ન ગાળવાનો નિયતિનો શાપ છે એટલે પ્રિયતમાને વિચાર આવે છે અને કહે છે કે,

'પાષાણોમાં નહીં નહીં હવે આપણે નાથ રહેવું
શાને આવું, નહીં નહીં જરે! આપણે નાથ સહેવું
ચાલો એવા સ્થળ મહિં વસે સૂર્ય જેમાં સદૈવ
આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર હોય જ્યાં દૈવ.'

પરંતુ ચક્રવાક જાણે છે એટલે એ પ્રત્યુત્તર આપે છે કે...

'લાંબા છે જ્યાં દિન પ્રિય સખી રાત્રીએ દીર્ઘ તેવી
આ ઐશ્વર્યે પ્રણયસુખની હોય આશા જ કેવી.'

અંતે એવું જ બને છે. પ્રણયસુખની ઝંખના વ્યંદ્ધ જ રહે છે. ચક્રવાક યુગલના રૂપક દ્વારા અહીં પણ કવિ માનવીય જીવનની વિફલતા – નિરસારતાને જ ઘેરા કરુણથી કલાત્મક રીતે આલેખે છે.

કાન્ત પોતે જાણતા હતા કે તેઓ 'નિરાશાવાદી ચિંતક' છે. 'વિષાદનું બાળક' છે. આ નિરાશા અને વિષાદની સૃષ્ટિ તેમનાં ખંડકાવ્યોમાં લયાન્વિત રીતે પડઘાય છે. કવિએ બહુધા કઠોર વર્ણો ખપમાં લીધાં નથી. ખાસ કરીને ઓષ્ઠ્યવર્ણ સ્પર્શોને એવી રીતે યોજ્યા છે કે કાવ્યપંક્તિ સંગીતપૂર્ણ બને છે. પ્રાસ, અનુપ્રાસ–આંતરપ્રાસનો પણ આ કાવ્યપંક્તિને લયાન્વિત બનાવવામાં બહુ મોટો ફાળો છે. સૂઝપૂર્વકની છંદ-યોજના પણ આ ખંડકાવ્યોની આગવી વિશિષ્ટતા છે. કાન્તે ભારે કુશળતાથી ભાવને અનુરૂપ છંદનું આયોજન કર્યું છે. આ કારણે કાવ્યમાંથી ભાવ તીવ્ર રીતે ઊપસે છે. ઉપરાંત માનવજીવનની વિફળતાને કાવ્યોચિત રૂપ અપવામાં એમણે પાંડુ-માદ્રી, સહદેવ જેવી Mythનો ઉપયોગ કર્યો. 'ચક્રવાકમિથુન' અને બીજાં કાવ્યોમાં Myth નથી ત્યાં કવિમય Poetic beliefને રચનાયુક્ત તરીકે પૂરી સમજદારી અને સહજતાથી વિયોગ કરવા પ્રવૃત્ત થયા અને સફળ પણ થયા. Mythનાં સૂઝપૂર્વકના વિનિયોગને કારણે તો આ ખંડકાવ્યો વધુ ચુસ્ત અને ધારદાર પણ બન્યાં છે.

માણસજાતની ક્ષમતા, મર્યાદા અને પરાધીનતાને વાચા આપવામાં કાન્ત પૂરા સફળ થયા છે. લયાન્વિત અને કાવ્યપંક્તિની અને છંદ, Myth વિનિયોગ કળાને કારણે કાવ્યતર્ગત ભાવ એ જ માત્રામાં સંક્રમણ પામે છે. લયાન્વિત કાવ્યપંક્તિની, ભાવાનુરૂપ છંદોયોજન અને Mythનો વિનિયોગ આ રીતે અર્થપૂર્ણ અને સ્પર્શરૂપ છે. અકળાતા, નિરસારતા અને કરુણભાવયુક્ત કથાનક તથા એની સૂઝપૂર્વકની અભિવ્યક્તિનો એક બહુ મોટો આદર્શ કાન્ત આ નિમિત્તે સ્થાપી ગયા છે.

ગોમંડળ પરિક્રમણ

ડૉ. અરુણા બક્ષી

તાદર્થ્ય (જુલાઇ '૮૮) તથા 'પ્રબુદ્ધ જીવન' (નવેમ્બર '૮૮) માં શ્રી ચંદ્રવદન મહેતાએ સૌ. નંદકુંવરબા રચિત 'ગોમંડળ પરિક્રમણ' નામના પ્રવાસપુસ્તકને અદ્‌ભુત ગણાવી તેના પુનર્મુદ્રણ અંગે જે સજાગતા દાખવી છે તે પ્રશંસનીય છે. પરંતુ મારે અહીં જણાવવું જોઇએ કે, ગુજરાતી પ્રવાસસાહિત્યના સંશોધન–અભ્યાસ નિમિત્તે આ પુસ્તક વાંચવાની તક મને પ્રાપ્ત થઇ હતી. વડોદરાની સેન્ટ્રલ લાઇબ્રેરીમાં આજથી દસ વર્ષ પહેલાં આ પુસ્તકનો મેં અભ્યાસ કર્યો હતો. અને મારા પ્રકાશિત મહાનિબંધ 'ગુજરાતી પ્રવાસસાહિત્ય'[૧] માં 'ગોમંડળ પરિક્રમણ' પુસ્તકની એક લેખિકાના પ્રથમ મૌલિક પ્રવાસગ્રંથ તરીકે નોંધ લીધેલી જ છે તથા તેની કેટલીક વિશેષતાઓ પણ ગણવી છે.

પરદેશ પ્રવાસની પ્રવૃત્તિ અતિમંદ હતી તેવા સમયે ગોંડળનાં મહારાણી શ્રી નંદકુંવરબાએ દરિયાપારના ઘણા દેશોનો પ્રવાસ કર્યો હતો. પ્રથમ નાદુરસ્ત તબિયતને કારણે હવાફેર માટે તેઓ સ્કોટલેન્ડ ગયાં હતાં અને ત્યાંથી તેમણે યુરોપના અન્ય કેટલાક દેશોની સફર પણ કરી હતી. તે પછી ફરી બે વાર તેમણે વિદેશપ્રવાસ કર્યા હતા. નવા દેશ, નવા લોકો અને નવા રીતરિવાજથી તેઓ ખૂબ પ્રભાવિત થયાં હતાં. પ્રવાસ દરમિયાન

૧ 'ગુજરાતી પ્રવાસસાહિત્ય', ઈ. સ. ૧૯૦૨, પૃષ્ઠ ૯૧–૯૩ પ્રકા. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.

કરેલ અવલોકનો તથા નોંધોને આધારે તેમણે 'ગોમંડળ પરિક્રમણ' (ઇ. સ. ૧૯૦૨[૧]) નામનો ગ્રંથ લખ્યો છે. ૭૦૦ પૃષ્ઠોના આ દળદાર ગ્રંથને તેઓ 'પૃથ્વી પ્રદક્ષિણા'ને નામે પણ ઓળખાવે છે.

નંદકુંવરબાએ ઇંગ્લેન્ડ, ફ્રાંસ, સ્વીટઝર્લેન્ડ, ઈટાલી, બેલ્જિયમ, હોલેન્ડ, ડેન્માર્ક, સ્વિડન, પોર્ટુગલ, સ્પેન, જર્મની, ઓસ્ટ્રિયા, રશિયા, ગ્રીસ જેવા યુરોપના દેશો ઉપરાંત તુર્કસ્તાન, અમેરિકા, જાપાન, ચીન, ઓસ્ટ્રેલિયા આદિ દેશોનું પરિક્રમણ કર્યું હતું, તે દેશોનાં દર્શનીય સ્થાનો તથા તેમાં વસતાં માનવીઓનાં જીવનનો સમગ્રદર્શી ચિતાર અહીં રજૂ થયો છે. દરેક દેશની પ્રજાનાં સ્વભાવ-લક્ષણોની લેખિકાએ વિશદતાથી છણાવટ કરી છે. વિવિધ પ્રજાની ઓળખ કરાવતી કેટલીક વિચારણીય બાબતો ધ્યાનપાત્ર બને તેવી છે. ગ્રીસ, રશિયા, તુર્કસ્તાન જેવા દેશોનો ઐતિહાસિક પરિવેશ, તેમને વિશેની દંતકથાઓ-આખ્યાયિકાઓ વગેરેનો સુબદ્ધ પરિચય તેમણે કરાવ્યો છે.

સ્વીટઝર્લેન્ડ જેવા મનમોહક પ્રદેશમાં તેમની કલમ વધુ કાવ્યમય બને છે. આલ્પ્સ પર્વતની રમણીય મોહકતા અને કુદરતી કમનીયતાનું તેમણે મુગ્ધ ચિત્રણ કર્યું છે. રૂપાના તાર જેવી ચળકતી નદીઓ, રમકડાં જેવું લૂસર્ન સરોવર. સફેદ માથાં ઊંચાં કરી ચોકી કરતા આસપાસના પહાડો વગેરેનાં શબ્દચિત્રો આકર્ષક બન્યાં છે, લેખિકાને લાકલેમંડ સરોવરમાં લીલી વનસ્પતિથી ઢંકાયેલ નાનકડા બેટ ચંદ્રમુખી સ્ત્રીના મુખ ઉપરનાં છૂંદણાં જેવા તો ક્યારેક કોઇ સુંદરીની ડોકમાં શોભતા લીલમણી જેવા દેખાય છે. લૂસર્ન સરોવરની બે બાજુએ આવેલા, બરફથી ઢંકાયેલ શિખરવાળા અને વનરાજીથી હરિયાળા બનેલા પર્વતોને, સરોવરના સૌંદર્યનું રક્ષણ કરતા બે વૃદ્ધ પહેરેગીર તરીકે તેઓ કલ્પે છે. અંધકારને વિકરાળ રાક્ષસ તથા સૂર્યને પ્રતાપી દેવની ઉપમા આપી તેઓ તમ અને પ્રકાશની લડાઇનું અનુપમ ચિત્ર દોરે છે. સ્વીટઝર્લેન્ડને તેઓ સૂર્યનારાયણની વિશ્રામભૂમિ કહે છે. પારિસ નગરની ભવ્યતા જોતાં તેમને થાય છે. 'અહીં પણ શેરીએ શેરીએ 'ઉચ્છવમંગળ' હોય તેવા દેખાવ નજરે પડે છે અને ભ્રાંતિ પડે છે કે શું કુબેરની અલકાપુરી તો પૃથ્વી પર કોઇએ નહીં આણી હોય?'[૨] આમ કલ્પના અને અલંકારોના સમુચિત વિનિયોગો કરી લેખિકા કેટલાંક આહલાદક ચિત્રો આલેખી શક્યાં છે.

'ગોમંડળ પરિક્રમણ'ના કર્તા એક સ્ત્રી હોવાથી સ્વાભાવિકરીતે જ તેમને વિવિધ દેશોની સ્ત્રીઓના જીવનમાં રસ છે. તેમની દ્રષ્ટિ જે તે દેશની સ્ત્રીઓની સ્થિતિ નિહાળવા તરફ સવિશેષ રહે છે. પોતે જોયેલ દેશોની સ્ત્રીઓના જીવન પર તેઓ સારો પ્રકાશ પાડે છે. સુધરેલા દેશોની સ્ત્રીઓ આપણા દેશની સ્ત્રીઓ કરતાં કઇ કઇ બાબતોમાં ચડિયાતી છે, ઊતરતી છે. યા સમાજ ગુણો ધરાવે છે તેની તેમણે વિગતે ચર્ચા કરી છે અને આપણા દેશની સ્ત્રીઓને તેવા સુધારા અપનાવવા અનુરોધ કર્યો છે. તેમ છતાં પાશ્ચાત્ય દેશોમાં સ્ત્રીઓને અપાતી કેળવણીને તેઓ સ્ત્રીસંસ્કારની વિનાશક ગણાવે છે. 'ડોકટર યા વકીલ એ સ્ત્રીને છાજતું નથી.' એવું વિચિત્ર બલકે અનુચિત મંતવ્ય પણ તે પ્રગટ કરે છે. આર્ય સંસ્કૃતિના હિમાયતી લેખિકાનું સ્ત્રીકેળવણી વિષયક દ્રષ્ટિબિંદુ સંકુચિત જણાય છે. પુસ્તકના આરંભમાં આવતાં પ્રકૃતિનાં તથા અન્ય વર્ણનો રસિક બન્યાં છે. પરંતુ પાછળથી જે તે દેશની વિવિધલક્ષી અને વિસ્તૃત માહિતી વધુ શુષ્ક બની જતી અનુભવાય છે. છતાં લેખિકાની નીડર નિરાભિમાની નિરૂપણરીતિ પ્રશસ્ય છે.

ગુજરાતીમાં પીટીટ ફરામજી દીનશાજીએ 'યુરોપ, અમેરિકા, જાપાન અને ચીન' (ઈ. સ. ૧૮૮૯માં તથા હાજી સુલેમાન શાહ મહમદે 'પૃથ્વીની પ્રદક્ષિણા' (ઇ. સ. ૧૮૯૫માં દુનિયા ભરના પ્રવાસનાં આલેખન કર્યાં છે. પરંતુ એક મહિલાના પ્રથમ મૌલિક પ્રવાસપુસ્તક તરીકે 'ગોમંડળ પરિક્રમણ' પણ ઉલ્લેખનીય છે.

૨ સૌ નંદકુંવરબા, 'ગોમંડળ પરિક્રમણ,' પ્ર. આ. પૃષ્ઠ ૨૧૦

બે આરામશોભાકથાનકો

જયંત કોઠારી

આજ સુધી પઠનપાઠનનો વિષય બની રહેલી હોય એવી આરામશોભાકથા તો સંધરાયેલી છે. શુભવર્ધનગણની પ્રાકૃત અને રાજકીર્તિગણિની સંસ્કૃત 'વર્ધમાનદેશના'માં રાજકીર્તિગણિએ શુભવર્ધનગણિની પ્રાકૃત કૃતિને સરળ સંસ્કૃતમાં થોડા સંક્ષેપ સાથે મૂકી આપી છે. એમાં સમ્યકૃત્વના દ્રષ્ટાંત તરીકે આ કથા કહેવાયેલી છે.

શુભવર્ધનગણિની 'વર્ધમાનદેશના' ઇ. ૧૪૯૬માં રચાયેલી છે ને પ્રકાશિત છે (પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, વિ. સં. ૧૮૮૪). એનાં પ્રથમ ઉલ્લાસમાં ગાથા ૫૫ થી ૩૬૯ સુધી એટલે ૩૧૫ કડીમાં આ કથા છે.

પૂર્વપરંપરાની કોઇ કૃતિ સાથે આ કૃતિનું મળતાપણું નિશ્ચિત થઇ શકતું નથી. ગામનામ પલાશક સંઘતિલકસૂરિની કૃતિ સાથે સંબંધ બતાવે, પણ ત્રીજી-ચોથી બન્ને રાતે રાજા શું બને છે તે જોવા ઊભો રહે છે તે વૃત્તાંત દેવચંદ્રસૂરિની કૃતિ સાથે મળતાપણું બતાવે છે. તો વળી, આરામશોભાનો પૂર્વભવ કહેનાર વીરભદ્રસૂરિ, કુલધરની એક પુત્રીનું શ્રીને સ્થાને અકાતરા નામ અને ઉજ્જયિની નામનો અનુલ્લેખ આ કૃતિને પરંપરાથી થોડી જુદી તારવે છે.

કૃતિમાં એક નવો કથાંશ છે-જિનાલયનું જે ઉદ્યાન સુકાઇ ગયું તે રાજાએ પૂજાર્થે આપેલું હતું, એમને હું શું જવાબ આપીશ એની ચિંતા માણિભદ્ર કરે છે. એક રપષ્ટતા પણ છે. વિદ્યુત્પ્રભાને અપરમા આવે છે તે પછી લૂખુંસૂકું ખાવા વગેરેનું દુઃખ વેઠતાં એનાં બાર વરસ ગયાં ત્યારે નાગકુમારનો ભેટો થયો એવું નિરૂપણ આ પૂર્વે સઘળે થયેલું છે, જેનો અર્થ એવો પણ થાય કે એને ૮+૧૨=૨૦ વર્ષ થયાં છે. શુભવર્ધન આ સ્થળે વિદ્યુત્પ્રભા બાર વર્ષની થઇ એમ કહે છે. આનો અર્થ એમ થાય કે અપરમાનું દુઃખ એણે ચાર વર્ષ વેઠયું. એ સમયની સમાજસ્થિતિ જોતાં આ કદાચ વધારે વાસ્તવિક હોય.

કૃતિમાં મુખ્યત્વે કથાકથન છે. વર્ણનો ઓછાં, સંક્ષિપ્ત અને સાદી રીતે થયેલાં છે – નગરશોભાવર્ણન ને વાસભવનવર્ણન છે જ નહીં, છત્રત્રયવર્ણન સ્વરૂપ અને પડાવવર્ણન પર નાનકડું. જનસ્વભાવને પણ વિશેષ સ્ફુટ કર્યા નથી. અલંકારશોભા ખડી કરી નથી સુભાષિત-દૃષ્ટાંતાદિક વારંવાર ગૂંથ્યાં નથી ને શબ્દશોભા તરફ પણ કવિનું લક્ષ નથી.

આમ છતાં ક્વચિત કોઇક રેખા નવી મળે છે. જેમકે

સુખશીલા અપરમા પગ પર પગ ચડાવીને બેસે છે એમ કવિ પણ વર્ણવે છે. ક્વચિત્ કવિ નવું સુભાષિત ગૂંથે છે. જેમકે વિદ્યુત્પ્રભાની માતાનું મરણ થતાં કવિ કહે છે – બાળકને માતાનું મરણ, યૌવનારંભે પત્નીનું મરણ, વૃદ્ધાવસ્થામાં પુત્રનું મરણ એ ત્રણે ભારે દુઃખજનક છે. ક્વચિત્ તળપદાં ઓઢાંનો ઉપયોગ થયો છે. જેમકે આરામશોભાને માટે ઉપહાર લઇ જવાની વાત આવતાં અગ્નિશર્મા કહે છે કે કપૂરે કોગળા કરતી હોય તેને માટે આનો અર્થ? કૃત્રિમ આરામ-શોભા પાસેથી ઇષ્ટ સુખ મળતું નથી તેથી રાજા વિચારે છે કે ચોળાથી શું ચેપ્પર બને? (આ ઉકિતઓ પછીથી ગુજરાતી કૃતિઓમાં પણ જોવા મળે છે.)

કવિનાં બે ખાસ વલણો તારવી શકાય છે. એક. એ વ્યકિતનામોનો અર્થ કરી એનું ઔચિત્ય સૂચવે છે. જેમકે, વિદ્યુત્પ્રભાની મા પરપુરુષ પ્રત્યે અગ્નિની આંચ જેવી છે તેથી એનું નામ જ્વલનશિખા. વિદ્યુત્પ્રભાની દેહદીપ્તિ વિદ્યુત જેવી છે. કુલાનંદા નામ એટલા માટે કે પોતાના મહાન ગુણોથી એ પોતાના કુલને આનંદ આપે છે.

બીજું, ઘણી ઘટનાઓને કવિએ કર્મવિચાર સાથે જોડી છે. વિદ્યુત્પ્રભાની માતાનું મૃત્યુ કર્મદોષથી થયાનું કવિ કહે છે. વિદ્યુત્પ્રભાએ માતાને ગુમાવી તે સંબંધમાં પણ એ શુભાશુભ કર્મના પરિણામની વાત કરે છે. વિદ્યુત્પ્રભાને માથે પડેલા ઘરકામને અનુલક્ષીને એ કર્મભેદનો મુદ્દો આગળ કરે છે–માણસ આ લોકનાં કર્મો દુઃસહ હોવા છતાં કરે છે, પરલોકનાં કર્મો પણ એવી રીતે કરે તો એ કદી દુઃખી ન થાય. નાગકુમારની પાછળ ગારુડિકો પડયા છે તેમાં એ પોતાના પાપકર્મનો ઉદય જુએ છે તો વિદ્યુત્પ્રભાને એ પરોપકારકર્મ કરવા પ્રેરે છે. અહીં પરોપકાર એ મનુષ્યજીવનનો સાર હોવાનું કવિ સદ્દષ્ટાંત સમજાવે છે. આરામશોભા પણ પોતે પહેલાં સત્કર્મ કર્યું ન હતું અને હવે તક આવી છે એનો વિચાર કરે છે. એને ઉદ્યાનનું વરદાન મળ્યું એનાથી પણ એ એમ વિચાર કરે છે કે આટલા થોડા પરોપકારથી આવું ફળ મળે તો બધાંને ઉપકાર કરનારને કેવું ફળ મળે? નાગકુમાર આરામ-શોભાને મારી નાખવાની ઓરમાનમાની યુકિત જાણે છે ત્યારે 'પિતા સમાન હું વિદ્યમાન હોવા છતાં એને મરણદુઃખ કેમ આપશે?' એમ વિચારવાની સાથે જ 'એણે પહેલાં પુણ્ય ઉપાર્જન કરેલું છે' એમ કહે છે. જૈનધર્મનો કર્મવાદ તો બધી કૃતિઓમાં વાચા પામે છે, પણ એ મુખ્યત્વે આરામ-શોભાના બે ભવને સાંધે છે. આ કવિએ કર્મવાદને વારંવાર પ્રગટપણે વચ્ચે આણ્યો છે એવું અન્ય કવિઓમાં જોવા મળતું નથી.

એમ કહી શકાય કે શુભવર્ધનની કૃતિ વિશેષપણે ધર્મબોધની કૃતિ બનવા જાય છે.

રાજકીર્તિગણિવિરચિત 'વર્ધમાનદેશના' પ્રકાશિત છે. (પ્રકા હીરાલાલ હંસરાજ, જામનગર, વીર સં. ૨૪૬૩) કૃતિનો રચના સમય મળતો નથી, પરંતુ કવિના ગુરુ રત્નલાભની ગુજરાતી કૃતિઓ ઇ ૧૬૦૦–૧૬૦૬ (સં. ૧૬૫૬–૧૬૬૨)ની નોંધાયેલી છે. તેથી કવિનો સમય ઇ. ૧૭મી સદી પૂર્વાર્ધ લેખી શકાય. સમગ્ર 'વર્ધમાનદેશના' સંસ્કૃત ગદ્યમાં છે.

રાજકીર્તિએ શુભવર્ધનના પ્રાકૃત પદ્યને સંસ્કૃત ગદ્યમાં મૂકી આપવા જેવું જ કર્યું છે. માત્ર શુભવર્ધન કરતાંયે એમણે કથાનિરૂપણ વધારે લાઘવયુકત અને સરલ કર્યું છે. શુભવર્ધને નામોનાં અર્થઘટન કર્યાં છે તે એમણે જતાં કર્યાં છે અને સૌન્યના પડાવનું જે થોડું વર્ણન શુભવર્ધને આપેલું તેયે અહીં નથી. તળપદાં ઓઢાં શુભવર્ધને યોજેલાં છે તેનાયે રાજકીર્તિએ લાભ લીધો નથી. આ કવિ નંદનના વર્ણનમાં એના વાળ વીખરાયેલા છે, એનાં વસ્ત્રો તથા વાળમાં જૂના ઢગલા છે' એવો રંગ ઉમેરે છે એ જરા વિલક્ષણ લાગે છે. બાકી શુભવર્ધનમાં જે લાક્ષણિક નિરૂપણ અંશો છે તે રાજકીર્તિમાં પણ છે અને બન્નેની શબ્દરચના પણ ઘણી સમાન છે.

આમ છતાં શુભવર્ધનની કૃતિથી–ક્વચિત્ આખી પરંપરાથી–અહીં થોડાક ફેરફારો નજરે ચડે છે:

૧ નામોમાં ફેરફાર છે. અહીં એક સ્થાને અપરમાનું નામ અગ્નિશિખા આપવામાં આવ્યું છે જે આખી પરંપરામાં કયાંય નથી. કુલધરની પુત્રીઓનાં શુભવર્ધનના અકાતરા ને યશોદેવી એ નામોને સ્થાને સરસ્વતા અને જયમતી નામો મળે છે. શ્રીદત્તનું અહીં નામ નથી. વસંતદેવને ઘેર જ સંદેશો આપવાની વાત છે.

૨. નાગકુમાર અહીં ઘણી વાર યક્ષ તરીકે ઉલ્લેખાય છે.

૩. આરામશોભાએ ઓરમાન બહેનને રાજાના મારમાંથી બચાવી પણ એને કાઢી મૂકવામાં તો આવી એવું અહીં વર્ણન છે. સમગ્ર પરંપરામાં આરામશોભાનાં માતાપિતાને દેશપાર કર્યાનું કહેવાયું છે, જે પરંપરાથી તદ્દન જુદી વાત છે. પરંપરામાં તો આ બધાં પર આરામશોભા ભલાઇ બતાવે છે તે નિમિત્તે સજ્જન–દુર્જનભેદ બતાવે છે.

૪. શુભવર્ધનમાં વિદ્યુત્પ્રભા પિતાને પરણવાનું કહે છે ત્યારે પિતા સ્વીકારે છે કે 'વિપુલ સોનાથી ભરેલું, સો–સો ઓખ ને સાત માળવાળું ઘર પણ ઉત્તમ ગૃહિણી વિના શોભતું નથી' દેખીતી રીતે જ આ ઉત્તમ ગૃહિણીની આવ-શ્યકતા બતાવતી સામાન્ય ઉકિત છે. રાજકીર્તિ પિતાના મુખમાં 'આ ઘર શોભતું નથી' એવા શબ્દો મૂકે છે તેથી અગ્નિશર્માનું ઘર એવી સમૃદ્ધિવાળું એવો અર્થ થઇ જાય છે.

૫. આરામશોભાની ઓરમાન મા અહીં "સાવકી પુત્રીને મારવામાં પાપ નથી" એમ કહે છે તે સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ નોંધપાત્ર મુદ્દો છે.

૬. આરામશોભાને સ્થાને બેસાડેલી પોતાની પુત્રીના રોગ-દ્વેગ દૂર કરવા નજર ઉતારવાની વિધિ મા કરે છે એવો નિર્દેશ અહીં છે તે પણ સામાજિક માન્યતાની દૃષ્ટિએ નોંધપાત્ર છે.

એકંદરે રાજકીર્તિની કૃતિમાં પોતાની વિશિષ્ટ છાપ ઊભી કરે એવું ભાગ્યે જ કંઇ છે.

દસમો જૈન સાહિત્ય સમારોહ

અહેવાલ : પન્નાલાલ ૨. શાહ

(બીજો હપ્તો)

ઇતર મતોની આલોચના

જૈન દાર્શનિકો ઇતર મતોની આલોચના કરતાં પહેલાં એમનો પૂર્વપક્ષ એટલો પરિપૂર્ણ અને ન્યાયયુક્ત રજૂ કરે છે કે એને વાંચી વિપક્ષીનો આશય સ્પષ્ટરૂપે સમજમાં આવે છે. તેમાં લેખક તરફથી કશું લાદવામાં આવતું નથી. જૈન દાર્શનિકો અનેકાંતવાદી હોઇ બે એકાન્તવાદી વિરુદ્ધ મતોએ પરસ્પરનું ખંડન કરવા પ્રયોજેલી બધી દલીલો જૈન દાર્શનિકો તે બનેનું ખંડન કરવામાં પ્રયોજી છેવટે સમન્વયના સિદ્ધાંત પ્રમાણે બંને મતોમાં રહેલા સત્યાંશોને સ્વીકારી અનેકાંતનું પ્રસ્થાપન કરે છે એમ તેમણે જણાવ્યું હતું.

ઘાતી અઘાતી કર્મ: શ્રી ઉષાબહેન મહેતાએ આત્માનું સ્વરૂપ ગુણજ્ઞાન છે, એમ જણાવી એના અવિનાશી, અવિકારી, સ્વાધીન અને પૂર્ણ સ્વરૂપને ઘાત કરે તે ઘાતી કર્મ અને મૂળ સ્વરૂપ રૂપી એવા કેવળજ્ઞાનનો જે ઘાત કરે તે આઘાતી કર્મ એવી વ્યાખ્યા કરી, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એમ ચાર કર્મોને ઘાતી કર્મ તરીકે અને વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય એમ ચાર કર્મોને આઘાતી કર્મો તરીકે ઓળખાવ્યાં હતાં. અને તેના પેટાભેદો સમજાવ્યા હતા.

કાયાની માયાનાં બંધન: આ વિષે શ્રી નટવરલાલ એસ. શાહે ઉપસર્ગ આદિ માટે કાળધર્મને પિછાની જૈનેતર દેવદેવીઓની આરાધના કરતા થયા એ વખતે યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજે મહુડી તીર્થની સ્થાપના કરી એની વિગતો આપી જણાવ્યું હતું કે ગૌતમસ્વામીનો રાસ, નવકાર મંત્રનો છંદ, પૂજન આદિ માનવી માત્રને સાંત્વન આપનારાં છે, પરંતુ શ્રદ્ધાના બળે જ આ બધા જાપથી માનવી શાંતિનો અનુભવ કરી શકશે એમ સ્પષ્ટ કર્યું હતું.

શ્રાવકનો શ્રેષ્ઠ ધર્મ-દાન: આ વિષય પર પ્રા. મણુકચંદ શાહે જણાવ્યું હતું કે દાનના વિવિધ પ્રકાર, જેમ કે અનુકંપાદાન, અભયદાન, કારુણ્યદાન, લજ્જાદાન, ગૌરવદાન, અધર્મદાન, ધર્મદાન, આશાદાન અને પ્રત્યુપકાર દાન વગેરે છે. એમણે જણાવ્યું હતું કે દાન વિના જે મોહાસક્તિપૂર્વક ધનસંચયમાં જ રાચે છે એ તો લક્ષ્મીના દાસ છે, જ્યારે દાન-ધર્મને નિત્ય જીવનમાં અપનાવીને સાચા શ્રાવક કે ગૃહસ્થનું કર્તવ્ય અદા કરીને, આપણે લક્ષ્મીદાસ નહીં પરંતુ લક્ષ્મીનારાયણ બની રહીએ એવી અભીપ્સા વ્યક્ત કરી હતી.

બીજી બેઠક : બપોરના અઢી વાગે બીજી બેઠક મળી હતી તેમાં નીચે મુજબના નિબંધો રજૂ થયા હતા:

કુમારપાળ અંગે સાહિત્ય : પ્રા. તારાબહેન ૨. શાહે કુમારપાળ વિશેની મધ્યકાલીન સાહિત્યની માહિતી રજૂ કરી મહારાજા કુમારપાળના જીવનના પ્રસંગો સાધાર વર્ણવ્યા હતા, જેમાંના કેટલાક પ્રસંગો નવીન હતા. હેમચંદ્રાચાર્યનો કાળધર્મ અને કુમારપાળના વિલાપમાં મહારાજા કુમારપાળ રાજવી હોવાના કારણે ગુરુ હેમચંદ્ર એમને ત્યાં ગોચરી લઇ ન શકયા એ પ્રસંગમાં અપવાદ ન કરવાની હેમચંદ્રાચાર્યની દ્રષ્ટિ અને આ કરતાં પોતે સામાન્ય શ્રાવક હોત તો કેવું સારું એવી કુમારપાળની પ્રતિક્રિયાનો પ્રસંગ એમણે હૃદયસ્પર્શી રીતે રજૂ કર્યો હતો.

યોગશાસ્ત્રમાં બ્રહ્મચર્યની વિભાવના : હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્રમાં બ્રહ્મચર્ય વિશે પરંપરાગત વિભાવનાની પન્નાલાલ ૨. શાહે રજૂઆત કર્યા બાદ આધુનિક વિચારધારા અને જૈન દૃષ્ટિએ બ્રહ્મચર્યની રજૂઆત કરતાં કહ્યું કે બ્રહ્મચર્યની સાધના અતિ દુષ્કર છે એટલે એને લક્ષ્ય ન બનાવવામાં વ્યકિતની પોતાની મર્યાદાને બાહ્ય કવચ આપવાની વૃત્તિના એમણે દર્શન કર્યાં હતાં. સ્થૂળ કામવાસના અને વયજન્ય આવેગ માટે આપણો ઉછેર અને કેળવણી જવાબદાર હોવાની વાતમાં છેદ ઉડાડી કામસંસ્કાર નિર્મૂળ કરવા વિશે આપણા પૂર્વસૂરિઓએ કરેલ ચિંતન અને અનુભવના આધારે આપેલ નવ વાડથી બ્રહ્મચર્યની સાધના સહજ થાય એ સ્તરે પહોંચાય એમ સમજાવ્યું હતું. સ્ત્રી-પુરુષની સમાનતાના આ યુગમાં સ્ત્રીઓને હલકી ચીતરવામાં આવે છે એ બાબતમાં એમણે કહ્યું કે સૂક્ષ્મ રીતે સ્ત્રીજાતિ તરફ નહિ, પરંતુ સ્ત્રી કલેવર તરફ દૃષ્ટિપરિવર્તનની એમાં મહત્તા છે. સ્ત્રી દ્વારા પુરુષને બ્રહ્મચર્યમાં સ્થિર કરાય એવાં ઓજસ્વી ઉદાહરણો મળે છે. તેવાં ઓજસ્વી ઉદાહરણો ચલિત થતી સ્ત્રીને પુરુષ દ્વારા સ્થિર કરાયાના નથી અથવા તદ્દન વિરલ છે.

આ બેઠકમાં શ્રી ગોવિંદજી લોડાયાએ 'ષડદર્શન સમન્વય', ડો. રમેશ લાલને 'બાળદીક્ષા વિરુદ્ધ એક રીટ-પીટીશન', શ્રી નેમચંદ ગાલાએ 'સંલેખના', પ્રા. સાવિત્રી શાહે 'લેશ્યા-પ્રેક્ષા', પ્રા. ઉત્પલા મોદીએ 'ધર્મની આવશ્યકતા', શ્રી ચીમનલાલ એમ. શાહ - કલાધરએ 'પ્રાર્થના', શ્રી દિનેશ ખીમશિયાએ 'જૈનો : ભારતીય જીવનમાં એનું સ્થાન અને યોગદાન', પ્રા. ગુલાબ દેઢિયાએ 'શ્રાવક ભીમશી માણેક', શ્રી સુધાબહેન પી. ઝવેરીએ 'વિજ્ઞાન પ્રયોગશાળાની બહાર', ડો. કોકિલા શાહે 'જૈન દર્શનમાં જ્ઞાનવિજ્ઞાન' એ વિષય પર પોતાના અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કર્યા હતા.

છેલ્લી બેઠક : સોમવાર, તા. ૨૮મીના રોજ સવારના નવ વાગ્યે મળેલી અંતિમ બેઠકમાં નીચે મુજબના નિબંધો રજૂ થયા હતા:

દિવ્યધ્વનિ : આ વિષય પર પ્રવચન આપતાં સાહિત્ય સમારોહના સંયોજક ડો. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે આઠ પ્રાતિહાર્યમાં દિવ્યધ્વનિનો સમાવેશ થાય છે. દિવ્યધ્વનિ એટલે તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થાય ત્યારે તેમના શરીરમાંથી નીકળતો ધ્વનિ અને દેશના (ઉપદેશ) આપે ત્યારે એમના મુખમાંથી નીકળતી વાણીને દેવો મધુર બનાવે તે. ભગવાનની વાણી આંતરિક વિભૂતિ રૂપ છે અને દેવો દ્વારા વાજિંત્રો વડે એનું પ્રસારણ એ પ્રાતિહાર્ય છે. દિવ્યધ્વનિથી મૃગલાઓ દોડી આવે, સ્તબ્ધ થઇ સાંભળે.

આ નિબંધ માટે એમણે 'પ્રવચન સારોદ્ધાર', વીતરાગસ્તોત્રની અવચૂરિ', 'લોકપ્રકાશ,' 'લલિતવિસ્તરા' આદિના સંદર્ભો આપ્યા હતા.

શ્રી પનાલાલ જગજીવનદાસ ગાંધીએ આશ્રવના ચાર પ્રકારના ભેદ સમજાવ્યા હતા.

આ બેઠકમાં ડો. બળવંત જાનીએ 'વસ્તુપાળ તેજપાળનો રાસ' શ્રી શિવકુમાર જૈને 'ધર્મતત્ત્વ પ્રસાર', શ્રી હસમુખ શાંતિલાલ શાહે 'જૈનત્વના વીસા', ડો. ધવલ ગાલાએ જૈનીઝમ એન્ડ ગ્લોબલ પીસ, એ વિષયો પર પોતાના નિબંધો વાંચ્યા હતા.

અન્ય નિબંધો : નીચે જણાવેલ વિદ્વાનો તરફથી આ સમારોહ માટે નિબંધો પ્રાપ્ત થયા હતા. પરંતુ સંજોગવશાત્ જે તે વિદ્વાનો ઉપસ્થિત રહી શકયા ન હતા એટલે એમના નિબંધો રજૂ થઇ શકયા ન હતા.

(૧) જિનદેવ દર્શન પ્રા ફે. બી. શાહ (૨) જૈન ધર્મ અને અનુષ્ઠાનો શ્રી જયંતીલાલ એમ. શાહ (૩) જૈન ધર્મ અને પ્રતિહાસ શ્રી મનોજ એમ. ભ્રહ્મભટ્ટ (૪) કલ્યાણક અને એનું મહત્ત્વ શ્રી સરોજબહેન ચં. લાલકા (૫) જૈન તત્ત્વજ્ઞાન શ્રી નીતાબહેન ઓસવાલ (૬) જૈન ધર્મ અને સ્વચ્છતા ડો. તિલોત્તમા મહેન્દ્ર જાની (૭) જૈનોની વાદ્યપૂજા ડો. હેમંતકુમાર વૈદ્ય (૮) ભદ્રેશ્વરનું જૈન મંદિર ડો. પ્રિયબાળા શાહ (૯) ક્ષત્રિયકુંડ પુ. કલાપ્રભસાગર (૧૦) યશોવિજયની અજ્ઞાતકૃતિ પૂ. નિત્યાનંદવિજયજી મહારાજ.

સમાપન : સમાપનમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે સમારોહની પ્રવૃત્તિ સૌ પ્રથમ નજરોનજર નિહાળવાનો આનંદ અને સંતોષ વ્યકત કર્યો હતો. બેતિર જિનાલય ટ્રસ્ટ વતી શ્રી વસનજી લખમશી, નવનીત પ્રકાશન કેન્દ્ર તરફથી શ્રી હુંગરશીભાઇ ગાલા અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી હિંમતલાલ એસ. ગાંધીએ આભારદર્શન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી એના મંત્રી શ્રી હિંમતલાલ એસ. ગાંધીએ ગાલાબંધુઓનું રૂપિયો, શ્રીફળ, ચંદનહાર અને શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું. મેસર્સ નવનીત પ્રકાશન કેન્દ્ર તરફથી શ્રી અમરચંદભાઇ ગાલાએ બેતિર જિનાલયના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી વસનજી લખમશી. સમારોહના સંયોજક શ્રી ડો. રમણલાલ ચી. શાહ, વિદ્યાલયના મંત્રી શ્રી હિંમતલાલ ગાંધીને રૂપિયો, શ્રીફળ, ચંદનહાર અને શાલ આપી અભિવાદન કર્યું હતું.

ઉદ્ઘાટન સિવાયની દરેક બેઠકનું સંચાલન પ્રા. ગુલાબ દેઢિયાએ કર્યું હતું. નિબંધ વાંચનાર દરેક વિદ્વાનને મેસર્સ નવનીત પ્રકાશન કેન્દ્ર તરફથી સુંદર કલાત્મક સ્મૃતિચિહ્ન ભેટ આપવામાં આવ્યું હતું.

પ્રારંભમાં મુંબઇથી અને અન્ય સ્થળોએથી આવેલા વિદ્વાનો, જૈન સાહિત્યના અભ્યાસુઓ અને રસિકોને ગાંધીધામથી ભદ્રેશ્વર તીર્થની યાત્રા કરાવવામાં આવી હતી. ત્યાંથી ભોજન બાદ સર્વોદય કેન્દ્ર બીદડાની હોસ્પિટલની મુલાકાત લેવામાં આવી હતી. સમારોહ બાદ મે. નવનીત પ્રકાશન કેન્દ્રના વતન રાયણ ગામની મુલાકાત લેવામાં આવી હતી અને સોમવાર, તા. ૨૮-૧૧-'૮૮ના રોજ બપોરનું ભોજન ત્યાં લેવાનું રાખ્યું હતું. ત્યાંથી માંડવીના દરિયાકિનારે પવનચક્કી દ્વારા વિદ્યુતશકિતના ઉત્પાદનની આધુનિક સગવડતાનો ખ્યાલ મેળવવામાં આવ્યો હતો. માંડવીમાં શ્રી પ્રેમજીભાઇ અને હીરજીભાઇ કારાણીની વાડીમાં આરામ અને વનભોજન સહ પર્યટનનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ ગાંધીધામ જંકશન સુપર ફાસ્ટ એકસપ્રેસ દ્વારા અમદાવાદ-મુંબઇ તરફ જવા સૌ પ્રતિનિધિઓ રવાના થયા હતા.

આનંદઘનજીનાં સ્તવનો ભક્તિસંગીત અને પ્રવચનનો કાર્યક્રમ

સંઘના ઉપક્રમે આનંદઘનજીનાં સ્તવનોનો-ભક્તિસંગીત અને પ્રવચનનો કાર્યક્રમ નીચે પ્રમાણે યોજવામાં આવ્યો છે :-

ભક્તિસંગીત : **શ્રીમતી પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠ**

પ્રવચન : **ડો. રમણલાલ ચી. શાહ**

સમય : સોમવાર, મંગળવાર અને બુધવાર તા. ૧૩, ૧૪ અને ૧૫ ફેબ્રુઆરી ૧૯૮૯. રોજ સાંજે સવા છ વાગે.

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ

પ્રત્યેક દિવસે પસંદ કરેલા ત્રણ કે ચાર સ્તવનનું ભકિત-સંગીત સહિત ગાન થશે અને તેનું રહસ્ય સમજાવવામાં આવશે. શ્રોતાઓને સ્તવનની નકલ સભામાં આપવામાં આવશે.

સર્વને પધારવા વિનંતી છે.

ઉષાબહેન મહેતા સંયોજક

કે. પી. શાહ
નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

'પ્રબુદ્ધ જીવન'નો સંયુકત અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧લી ફેબ્રુઆરી ૧૯૮૯ નો અને તા. ૧૬ મી ફેબ્રુઆરી, ૧૯૮૯ નો અંક સંયુકત અંક તરીકે - પ્રજાસત્તાક અંક તરીકે તા. ૧૬ મી ફેબ્રુઆરીએ પ્રગટ થશે. -તંત્રી

સંઘના હીરક મહોત્સવ પ્રસંગે મળેલી ભેટ રકમ

૧૧૬૨૦૬૧ અગાઉના અંકમાં પ્રગટ કરેલ રકમનો સરવાળો

૧૧૦૦૦	શ્રી પાર્શ્વકૃપા ટ્રસ્ટ	
૫૦૦૦	,,	ધીરજલાલ મોરારજી અજમેરા ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૦૦	,,	ભૂપતરાય એલ. શાહ ચે. ટ્રસ્ટ
૨૫૦૦	,,	રસિકલાલ પ્રેમચંદ શાહ
૨૦૦૦	,,	ચીમનલાલ જે. દલાલ એન્ડ કું.
૧૫૦૦	,,	મહાસુખભાઇ કામદાર
૧૫૦૦	,,	મણિલાલ નરસિંહદાસ દોશી પરિવાર
૧૫૦૦		માતુશ્રી કાશીબેન ચુનીલાલ આનંદપરા ચેરીટેબલ ટ્રસ્ટ
૧૦૦૦		શેઠ ટ્રાન્સપોર્ટ કું.
૧૦૦૦		શ્રી પનાલાલ જે. ગાંધી
૧૦૦૦	,,	તુલસીદાસ રવજીભાઇ ગણાત્રા
૫૦૦	,,	ગીવ એન્ડ ટેઇક
૫૦૦	,,	મધુભાઇ એચ. ઝવેરી
૩૫૧	,,	હિંમતભાઇ ગાંધી
૨૫૧	,,	જગમોહનભાઇ દાસાણી
૪૦	,,	મહેશભાઇ સોની

૧૧૯૪૨૦૩

સ્વ. પૂ. ગણિવર્ય મુક્તિવિજયજી (મૂળચંદજી) મહારાજ

(પૃષ્ઠ ૨ થી ચાલુ)

ન પાળે તો દંડ અથવા પ્રાયશ્ચિત આપતા. તેમનો પ્રભાવ એટલો બધો હતો કે તેમના શિષ્યો કોઇ પણ સંઘમાં હોય અને કંઇ પ્રશ્ન ઊભો થાય અને સંઘના આગેવાનો માત્ર એટલું જ કહે, ભલે, અમે એ બાબતમાં મૂળચંદજી મહારાજને લખીશું.' તો પરિસ્થિતિ તરત બદલાઇ જતી.

તેમના એક શિષ્ય ઉત્તમવિજયે એક નાના છોકરાની મશ્કરી કરી અને છોકરાએ મહારાજને લાત મારી તો ભાષા સમિતિ ન સાચવવા માટે એમને મૂળચંદજી મહારાજે અઠ્ઠમનું પ્રાયશ્ચિત આપ્યું હતું. તેવી જ રીતે દંડાસણ ન વાપરવાને કારણે એક શિષ્યને કૂતરું કરડ્યું તો તેમને પણ અઠ્ઠમનો દંડ આપ્યો હતો. મુનિ ભક્તિવિજય પોતાની સંસારી પત્ની માટે કડવા શબ્દો, ના પાડવા છતાં બોલ્યા તો તેમને બહાર ચાલ્યા જવાની આજ્ઞા કરી. તેઓ ઉજમબાઇના ઉપાશ્રયેથી હઠીભાઇની વાડીના ઉપાશ્રયે ગયા અને જ્યાં સુધી મૂળચંદજી મહારાજ પાછા ન બોલાવે અને એમનાં દર્શન ન થાય ત્યાં સુધી આહારપાણીનો ત્યાગ કર્યો. એમ ચાર ઉપવાસ થયા ત્યારે શેઠ ધોળશાજીને ખબર પડી તો તેમણે મૂળચંદજી મહારાજને સમજાવ્યા અને સમાધાન કરાવી આપ્યું. ભક્તિવિજય મુનિએ આંખમાં આંસુ સાથે વંદન કરી ક્ષમા માગી ત્યાર પછી એમની પાત્રતા જોઇ એમને મૂળચંદજી મહારાજે પંન્યાસ પદ આપ્યું હતું. લીંબડીના સંઘે પત્ર લખવામાં અવિનય દાખવ્યો તો મહારાજે લીંબડીમાં સાધુઓનો વિહાર બંધ કરાવ્યો. એક શિષ્ય મુનિ મોતીવિજય તબિયતને કારણે, પણ આજ્ઞા વગર લીંબડી ગયા તો મૂળચંદજી મહારાજે એમને સંઘાડા બહાર મૂક્યા. પરંતુ ત્યારપછી મોતીવિજયે માફી માગી અને ગુરુભાઇ વૃદ્ધિચંદજીનો ભલામણપત્ર આવ્યો કે તરત એમને પાછા સંઘાડામાં લઇ લીધા હતા. મૂળચંદજી મહારાજ આજ્ઞાપાલનમાં કેટલા બધા ચુસ્ત હતા તે આવા કેટલાક પ્રસંગો ઉપરથી જણાઇ આવે છે. પોતે પણ ગુરુભાઇ વૃદ્ધિચંદજીનો બોલ આજ્ઞાની જેમ ઉઠાવતા. ગુરુમહારાજનો અમદાવાદથી એક વખત ભાવનગર પત્ર આવ્યો કે તરત જ ઉનાળામાં ભરબપોરે પોતે અમદાવાદ તરફ વિહાર ચાલુ કરી દીધો હતો.

મુક્તિવિજય ગણિ-મૂળચંદજી મહારાજ વિશે કેટલાક પ્રસંગો મુનિ દર્શનવિજયજીકૃત 'આદર્શ ગચ્છાધિરાજ'માં નોંધાયા છે, કેટલાક પ્રસંગો અનુશ્રુતિથી પ્રાપ્ત છે. એવા કેટલાક પ્રસંગો પૂ. યશોદેવસૂરિ તથા પૂ. ચંદ્રોદયસૂરિએ સભામાં કહ્યા હતા. અહીં કેટલાક પ્રસંગો આપ્યા છે.

મૂળચંદજી મહારાજ યુવાનોને દીક્ષા આપી સમુદાયની વૃદ્ધિ કરતા હતા. તેની સામે અમદાવાદમાં કેટલાકે વિરોધ વ્યક્ત કર્યો અને નગરશેઠ પાસે સંઘ ભેગો કરાવી તેમાં પં. દયાવિમળજી, પં. રત્નવિજયજી ગણિ અને ગણિવર્ય મૂળચંદજી મહારાજ વગેરે બધા મહાત્માઓને પણ ઉપસ્થિત રહેવા નિમંત્રણ અપાયું હતું. તે સભામાં એક વૃદ્ધ શેઠ ઊભા થઇ હિંમતપૂર્વક ફરિયાદ કરી કે, 'મુક્તિવિજયજી મહારાજ માતા-પિતાની રજા વગર જેને તેને મૂંડી નાખે છે તે બરાબર નથી.' સભામાં આ રીતે કેટલો ઊહાપોહ થયો એટલે મૂળચંદજી મહારાજે ઊભા થઇ કહ્યું કે 'સંઘ જે નિર્ણય કરશે તે આજ્ઞા તરીકે હું માથે ચડાવીશ. પરંતુ આ બાબતમાં ઉતાવળો નિર્ણય ન થાય તે જોવા વિનંતી છે. પાટ ઉપર બિરાજમાન સર્વ મહાત્માઓ પ્રત્યે તમને બધાને અત્યંત પૂજ્યભાવ છે એ હું જાણું છું. તમારી હાજરીમાં જ હું એ બધાને પૂછું છું કે તેઓમાંથી કોણે કોણે પોતાનાં માતાપિતાની રજા લઇને દીક્ષા લીધી હતી?' એક પછી એક સાધુ ભગવંતોને સંઘ સમક્ષ પૂછવામાં આવ્યું અને એ બધામાંથી એક પણ સાધુ ભગવંતે એમ કહ્યું નહિ કે પોતે માતા-પિતાની રજા લઇને દીક્ષા લીધી છે. એ જાણી સંઘના આગેવાનોને પણ આશ્ચર્ય થયું. મૂળચંદજી મહારાજે પોતાના પંજાબી બુલંદ અવાજથી પછી સંઘને કહ્યું, તમે બધા જોઇ શકો છો કે તમને જેમના તરફ અત્યંત પૂજ્યભાવ છે અને જેમના વડે શાસનની શોભા છે એવા આપણા આ બધા જ બિરાજમાન પૂજ્ય સાધુ ભગવંતોએ દરેકે રજા વગર દીક્ષા લીધી છે. તેઓએ ભલે એવી રીતે દીક્ષા લીધી હોય પરંતુ આજે તેઓ સંઘના પૂજ્ય બન્યા છે અને તેમને જોઇને તેમનાં માતા - પિતા પણ આજે તો બહુ રાજી થાય છે. દીક્ષા માટે રજા જરૂરી છે. પરંતુ આ વિષમ કાળમાં એવાં વિવેકી અને જ્ઞાની માતા-પિતા કયાં છે કે જે પોતાના પુત્રને દીક્ષા માટે સહર્ષ રજા આપે. આપણને સારા સારા સાધુઓ જોઇએ છે, શાસનના સૂત્રધારો જોઇએ છે, પરંતુ ચેલાઓના ઝાડ ઉપર કંઇ ઊગતા નથી, કે હલાવીને પાડી લેવાય. એ તો તમારામાંથી જ આવવાના છે, અને તમે જો એને આવવા નહિ દો તો પરિસ્થિતિ શું થશે તેનો વિચાર કરો. માટે રજા સિવાય દીક્ષા આપવી નહિ એવો ઠરાવ કરવા કરતાં જેને દીક્ષા લેવાની ભાવના હોય તેને માતાપિતા મારે નહિ, ત્રાસ ન આપે, સાધુ પાસે આવતાં ન અટકાવે એવો ઠરાવ કરવો જોઇએ.'

મૂળચંદજી મહારાજની આ વાણી સાંભળી સંઘ વિચારમાં પડી ગયો, સાચી પરિસ્થિતિ સમજી ગયો અને કંઇપણ ઠરાવ કર્યા વિના વિખરાઇ ગયો.

ઢાંગધ્રામાં દેવશી અને ગુણશી બે ભાઇઓ હતા. તેઓ મૂર્તિપૂજાના વિરોધી હતા. તેમણે આગમ બત્રીસીનો અભ્યાસ કર્યો હતો. તેમણે ઢાંગધ્રામાં વિરોધનો વંટોળ ઊભો કર્યો હતો. મૂળચંદજી મહારાજે એ વાત જાણી ત્યારે તેમણે પોતાના શિષ્ય મહાન તપસ્વી, જ્ઞાની અને સારી તર્કશક્તિ ધરાવનાર મુનિ દાનવિજયજીને ત્યાં મોકલ્યા. તેમણે ત્યાં જઇને પ્રેમ, શાંતિ, ધીરજ અને વાત્સલ્યભાવથી બંને ભાઇઓને શાસ્ત્રોના પાઠો બતાવી એવો સરસ પ્રતિબોધ કર્યો કે બંને તેમની પાસે દીક્ષા લેવા તૈયાર થઇ ગયા. દાનવિજયજીએ તેઓ બંનેને મૂળચંદજી મહારાજ પાસે મોકલ્યા. મૂળચંદજી મહારાજે એ બંનેને દીક્ષા આપી અને દેવશી તે મુનિ દેવવિજય થયા અને ગુણશી તે મુનિ ગુણવિજય થયા. તેઓ બંનેએ આગમ-શાસ્ત્રોનો એટલો સરસ ઊંડો અભ્યાસ કર્યો હતો કે ત્યાર પછી પંજાબથી આવેલા આત્મારામજી મહારાજને મૂર્તિપૂજા વિશે કેટલીક શંકાઓ હતી તો તેનું સમાધાન કરવાનું કામ ગુણવિજયજીને સોંપવામાં આવ્યું. ગુણવિજયજી પાસે બેસીને આત્મારામજી મહારાજે પોતાની શંકાઓનું સરસ સમાધાન

કરી લીધું અને મૂળચંદજી મહારાજ પાસે ગુણવિજયજીની ખૂબ ખૂબ પ્રશંસા કરી. એ વખતે મૂળચંદજી મહારાજે આત્મારામજીને એટલું જ કહ્યું કે 'ગુણવિજયજી મહાન જ્ઞાની મહાત્મા છે. પરંતુ તેમનું આયુષ્ય ટૂંકું છે. વધુમાં વધુ તેઓ છ મહિના સુધી વિદ્યમાન રહેશે.' ત્યાર પછી ગુણવિજયજી મહારાજ મૂળચંદજી મહારાજે કરેલી આગાહી પ્રમાણે છ મહિનામાં કાળધર્મ પામ્યા.

મૂળચંદજી મહારાજ દીક્ષા આપવાના ઉત્સાહી હતા. પરંતુ તે પછી પદવી આપવાની બાબતમાં એટલા જ કડક હતા. એમના એક શિષ્ય દર્શનવિજયજી મહારાજે યોગવહનની ક્રિયા કરી લીધી હતી. એટલે એમને પદવી આપવા માટે પ્રેમાભાઇ શેઠ અને સંઘના આગેવાનોએ ભલામણ કરી હતી. પરંતુ પોતાને યોગ્ય લાગશે તે પછી જ પદવી આપશે એમ મૂળચંદજી મહારાજે કહ્યું હતું. ત્યારપછીનું ચોમાસું દર્શનવિજયજીનું વડોદરામાં હતું અને મૂળચંદજી મહારાજનું કેટલાક માઇલ દુર છાણી ગામમાં હતું. એક દિવસ મૂળચંદજી મહારાજે દર્શનવિજયજીને સંદેશો કહેવરાવ્યો કે અત્યંત તાકીદનું કામ છે એટલે તરત તમે છાણી આવી પહોંચો. જ્યારે સંદેશો આપવામાં આવ્યો ત્યારે દર્શનવિજયજી મહારાજ ગોચરી વહોરીને આવ્યા હતા અને વાપરવાની તૈયારી કરતા હતા. એમની સાથેના સાધુઓએ કહ્યું કે ગોચરી વાપરીને પછી જાવ, પરંતુ ગુરુ મહારાજનો સંદેશો હતો એટલે દર્શનવિજયજી ગોચરી વાપરવા રોકાયા નહિ. તેઓ તરત જ સીધા ચાલ્યા છાણી તરફ. લાંબો વિહાર કરી તેઓ મૂળચંદજી મહારાજ પાસે આવ્યા. સુખશાતા પૂછી અને શું કામ છે તે જાણવા માટે ઉત્સુક રહ્યા, પરંતુ વિનય અનુસાર પૂછ્યું નહિ અને ગુરુમહારાજ કહે તેની રાહ જોતા રહ્યા. લગભગ દોઢ – બે કલાક ગુરુમહારાજે બીજી બધી વાતો કરી, પરંતુ શા માટે બોલાવ્યા છે તે કંઇ કહ્યું નહિ. ચાતુર્માસના દિવસો હતા એટલે પોતાને ઉપાશ્રય પાછા આવવું અનિવાર્ય હતું. ફરી લાંબો વિહાર કરીને દર્શનવિજયજી વડોદરાના ઉપાશ્રયમાં પાછા ફર્યા.

મૂળચંદજી મહારાજે સંદેશવાહક દ્વારા જાણ્યું હતું કે દર્શનવિજયજી ગોચરી વાપર્યા વિના ચાલ્યા આવ્યા છે. ફરી એક વખત એવી જ રીતે મૂળચંદજી મહારાજે સંદેશો મોકલાવ્યો. ફરી ગોચરી વાપર્યા વગર દર્શનવિજયજી આવ્યા. દોઢ-બે કલાક બેઠા, પરંતુ મૂળચંદજી મહારાજે પોતે શા માટે બોલાવ્યા છે તેની કશી જ વાત કરી નહિ. દર્શનવિજયજી પ્રસન્ન ચિત્તે વડોદરા પાછા ફર્યા. ત્રીજી એકવાર મૂળચંદજી મહારાજે એ જ પ્રમાણે સંદેશો કહેવરાવ્યો અને દર્શનવિજયજી મહારાજ આવી પહોંચ્યા. જુદા જુદા વિષયો પર બીજી ઘણી વાત થઇ પણ પોતે શા માટે બોલાવ્યા છે તે મૂળચંદજી મહારાજે કહ્યું નહિ. હવે દર્શનવિજયજીથી રહેવાયું નહિ. તેમણે કહ્યું, 'ગુરુ મહારાજ, આપે મને આટલે દુરથી વિહાર કરાવીને આ ત્રીજી વાર બોલાવ્યો, પરંતુ આપ શા માટે બોલાવો છો તે તો કંઇ કહેતા નથી.' મૂળચંદજી મહારાજે કહ્યું, 'બસ મારે જે કામ હતું તે આ જ હતું. તમારી પાત્રતા જોવી હતી. તમે હજુ કાચા છો એટલે તમારાથી પૂછ્યા વગર રહેવાયું નહિ. તમે હવે વડોદરા પાછા ફરો.'

દર્શનવિજય પાછા ફર્યા. પરંતુ આખે રસ્તે વિચારમાં રહ્યા, કે ગુરુ મહારાજે ખરી કસોટી કરી. અધીરા બનવા માટે સંતાપ થયો. થોડા દિવસ પછી પ્રેમાભાઇ શેઠ અને સંઘના આગેવાનો મળવા આવ્યા અને દર્શનવિજયજીની પદવીની વાત નીકળી ત્યારે મૂળચંદજી મહારાજે કહ્યું કે એમની હજુ જોઇએ તેટલી પાત્રતા થઇ નથી. મેં એમની ત્રણવાર કસોટી કરી. ત્રીજી કસોટીમાં તેઓ અધીરા બની ગયા અને હારી ગયા. એમ છતાં ગોચરી વાપર્યા વગર આટલો લાંબો વિહાર કરીને જવા આવવાના તેમના કાર્યની પ્રશંસા પણ કરી. દર્શનવિજયમાં વિનય ગુણ ઘણો મોટો છે પરંતુ હજુ તેમાં થોડી ન્યૂનતા છે તેમ મૂળચંદજી મહારાજે જણાવ્યું. આ વાત પ્રેમાભાઇએ દર્શનવિજયજીને પણ કરી. એથી દર્શનવિજયજીએ આવી આકરી કસોટી કરવા માટે ગુરુ મહારાજ પ્રત્યે રોષ વ્યક્ત ન કર્યો, પરંતુ અધીરા બની પ્રશ્ન કરવાની પોતાની ભૂલ માટે ક્ષમા માગી. ત્યારપછી થોડા જ વખતમાં દર્શનવિજયજીની પાત્રતા સમજીને તથા પ્રેમાભાઇ શેઠ અને સંઘના આગેવાનોની ભલામણથી મૂળચંદજી મહારાજે દર્શનવિજયજીને પદવી આપી હતી.

જૈન શાસનના રક્ષણને માટે જલદી જલદી દીક્ષા આપવાના ઉત્સાહવાળા મૂળચંદજી મહારાજ કોઇ એક યુવાનને દીક્ષા આપવાની વિધિ અમદાવાદમાં ઉજમબાઇના ઉપાશ્રયમાં કરી રહ્યા હતા. દીક્ષા અંગે તે યુવાનના કેટલાક સગા સંબંધીઓનો વિરોધ હતો. પરંતુ જ્યાં સુધી યુવાનની સંમતિ હતી ત્યાં સુધી મૂળચંદજી મહારાજ સગાંસંબંધીઓની પરવા કરે એવા નહોતા. જ્યારે ઉપાશ્રયમાં દીક્ષાની વિધિ ચાલુ થઇ ત્યારે કેટલાક સગા સંબંધીઓએ ઉપાશ્રયની બહાર ધૂમાધૂમ ચાલુ કરી અને વાતાવરણ ઉગ્ર બનતાં કેટલીક સ્ત્રીઓએ તો મૂળચંદજી મહારાજના નામથી છાજિયા લેવા પણ ચાલુ કર્યાં. પરંતુ એથી મૂળચંદજી મહારાજ અસ્વસ્થ થાય તેવા ન હતા. તેમણે તો દીક્ષાની વિધિ યથાવત્ ચાલુ રાખી અને નિયત ક્રમાનુસાર પૂરી કરી. દીક્ષા અપાઇ ગઇ. એક નવા સાધુનો ઉમેરો થયો. સગા સંબંધીઓ બબડતા બબડતા ચાલ્યા ગયા. બીજે દિવસે સંઘના આગેવાનોની બેઠક મળી. કેટલાક આગેવાનોએ એવો સૂર વ્યક્ત કર્યો કે 'ગુરુ મહારાજ ! તમારે આવી રીતે દીક્ષા ન આપવી જોઇએ.'

મૂળચંદજી મહારાજે શાંતિ અને સ્વસ્થતાપૂર્વક પ્રેમભાવથી કહ્યું, 'જુઓ ભાઇઓ, જૈનશાસનને જીવંત રાખવું હોય તો સાધુઓ જોઇશે. દીક્ષાનો પ્રસંગ એવો છે કે સગાંસંબંધીઓને પોતાના ઘરનો કોઇ યુવાન જાય એ ગમે નહિ. બહાર સ્ત્રીઓ છાજિયા લેતી હોય અને હું ઉપાશ્રયમાં દીક્ષા આપતો હોઉં તો મને પણ એ ગમતી વાત નથી. આપણી પાસે સાધુઓ બહુ જ ઓછા છે, તો તમે મને પહેલો જવાબ એ આપો કે જૈન શાસનને જીવંત રાખવું છે કે નહિ ?' બધાએ હા કહી એટલે મૂળચંદજી મહારાજે કહ્યું કે 'તો સંઘ હવે ઠરાવ કરે કે સંઘના જેટલા આગેવાનો છે તેઓ દરેક પોતાના કુટુંબમાંથી એક યુવાનને દીક્ષા માટે અમને આપે. એમ જો થાય તો મારી પણ સ્થિતિ આવી કફોડી ન થાય' પરંતુ સંઘનો કયો આગેવાન પોતાના સંતાનને દીક્ષા આપવા માટે સામેથી શરત સ્વીકારે ? એટલે બધા જ ચૂપ થઇ ગયા. એટલે મૂળચંદજી મહારાજે તેઓને બધાને વર્તમાન દેશકાળની સ્થિતિ સમજાવી અને તેમાં અપવાદરૂપ સંજોગોમાં સગાંસંબંધીઓનો વિરોધ છતાં દીક્ષા આપવાની જરૂરિયાત દર્શાવી.

એ જમાનામાં સાધુઓ ઓછા હતા, એટલે ઘણાં નગરોને સાધુઓનો લાભ મળતો નહિ. એમાં મહેસાણામાં એક બે તપસ્વી સાધુઓ આવેલા અને તેઓ રોટલા-રોટલીનો

સુકકા ટૂકડા અને થોડું પાણી વહોરતા. આથી મહેસાણાના શ્રાવકોમાં એવી પ્રથા થઇ ગયેલી કે સાધુ મહારાજ ગોચરી માટે આવે ત્યારે રોટલા-રોટલીનો લૂખ્ખો નાનો ટુકડો જ માત્ર વહોરાવવો જોઇએ. જૈન સાધુને બીજું કશું વહોરાવી શકાય નહિ. આથી બીજા સાધુઓ મહેસાણા જવાનું પસંદ કરતા નહિ. પંજાબી સાધુઓને તો મહેસાણામાં ઉણોદરી વ્રત જેવું થઈ જતું. શ્રાવકોએ સાધુભક્તિ માટે યોગ્ય દ્રષ્ટિ રાખવી ઘટે એમ મૂળચંદજી મહારાજને લાગ્યું. એ માટે એમણે દેવ-વિજયજીને મહેસાણા ચાતુર્માસ માટે મોકલ્યા, કારણ કે દેવવિજયજીને આજીવન આયંબિલનું વ્રત હતું. એટલે તેઓ જ ત્યાં ટકી શકે. દેવવિજયજીએ મહેસાણા જઇ લુખ્ખો, નીરસ થોડો આહાર લઇ પોતાની આરાધના ચાલુ કરી. પરંતુ તેમણે વ્યાખ્યાનમાં ભગવતી સૂત્રનો વિષય લીધો અને સુપાત્ર દાન, ગુરુભક્તિ, સાધુઓ માટેનાં શુદ્ધ આહારપાણી, ઉદારતા અને ઉમળકા સહિતની સાધુભક્તિ વગેરે વિષયની અનેકાન્ત દૃષ્ટિએ લોકોને સમજણ આપી આથી મહેસાણાના સંઘને દાનધર્મનું સાચું રહસ્ય સમજાયું. સાધુઓને રોટલા-રોટલીનો માત્ર લુખ્ખો ટુકડો વહોરાવવાની પ્રથામાં તેઓને ફેરફાર કર્યો.

એક વખત મૂળચંદજી મહારાજ અમદાવાદમાં ઉજમ-ફોઇના ઉપાશ્રયમાં નીચે વ્યાખ્યાન આપી રહ્યા હતા ત્યારે ઉપાશ્રયમાં ઉપર બે નવદીક્ષિત યુવાન સાધુઓ વચ્ચે બોલાચાલી થઇ. તેઓ એટલું મોટેથી બોલતા હતા કે વ્યાખ્યાનમાં પણ તેમનો અવાજ સંભળાવવા લાગ્યો. થોડીવારે ઉપરની ગરબડ શાંત થઇ. વ્યાખ્યાન પૂરું થયું અને સૌ વિખરાયા. એ વખતે પ્રેમાભાઇ શેઠ અને બીજા કેટલાક આગેવાનોએ મૂળચંદજી મહારાજને એકાંત સાધીને કહ્યું, 'ગુરુ મહારાજ, આપના સાધુઓ આમ અંદર અંદર લડે અને મોટેથી સામસામે બરાડા પાડે એ કેટલી શરમભાવનારી વાત છે.'

મૂળચંદજી મહારાજે એ સાંભળી લીધું પણ કંઇ ઉત્તર આપ્યો નહિ. થોડા દિવસ પછી પર્વનો એક દિવસ આવ્યો. વ્યાખ્યાનમાં ભાઇઓ અને બહેનોની ઘણી સારી હાજરી થઇ. વ્યાખ્યાનના અંતે પતાસાંની પ્રભાવના હતી. એ વખતે વ્યાખ્યાન પૂરું કરીને ગુરુ મહારાજ, પ્રેમાભાઇ શેઠ અને બીજા આગેવાનો સાથે ઉપાશ્રયમાં ઉપર જઇને બેઠા. એટલામાં નીચે બૈરાંઓનો કોલાહલ વધતો ગયો અને મોટે મોટેથી કેટલાંક બૈરાંઓ પતાસાં માટે લડતાં હોય તેવું જણાયું. હાથ લાંબા કરી કરીને એકબીજાને 'તું તું' કરીને લડતી સ્ત્રીઓમાં કોઇકનું હાથનું ઘરેણું પણ પડી ગયું. મૂળચંદજી મહારાજે આગેવાનોને કહ્યું, 'જુઓ તો ખરાં, આ કઇ બહેનો લડે છે?' આગેવાનોએ જોઇ આવીને કહ્યું કે લડનારી બહેનોમાં કેટલીક તો મોટી મોટી શેઠાણીઓ પણ છે. મૂળચંદજી મહારાજે કહ્યું 'જુઓ ભાઇ, પાંચ પતાસા માટે આ મોટી મોટી શેઠાણીઓ પણ અંદર અંદર ઝઘડે છે. પોતાનાં ઘરેણાં કરતાં પણ પતાસાં એમને વહાલાં લાગે છે. હવે નગરની શેઠાણીઓ જ ધર્મના પ્રસંગે માંહોમાંહે જો આમ બરાડા પાડતી હોય તો અમારી પાસે જે સાધુઓ આવે છે તે તમારા ઘરના જ યુવાનો છે. એટલે અમારા સાધુઓને સારા સંસ્કાર આપવાનું કામ તો અમે કરીએ જ છીએ. પરંતુ નવદીક્ષિત હોઇ ત્યારે પણ તેઓ સારા સંસ્કારી યુવાનો હોય એવું તમે જો ઇચ્છતા હો તો એની શરૂઆત તમારે ઘરથી જ કરવી જોઇએ.' ગુરુ મહારાજની એ ટકોર સાંભળીને સૌ આગેવાનો પરિસ્થિતિ સમજી ગયા અને સાધુઓની ટીકા કરતાં પહેલાં પોતાની જાતને અને કુટુંબને સુધારવાની પ્રથમ આવશ્યકતા છે તે તેમને સમજાયું.

મૂળચંદજી મહારાજે અમદાવાદમાં યતિઓ-શ્રીપૂજ્યોનું જોર તોડી નાખ્યું. તેમને વંદન કરવાનું, તેમના સામૈયામાં જવાનું. તેમની પાસેથી પદવી લેવાનું બંધ કર્યું. તેમના સ્થાપનાચાર્ય ઉપર છેવટે રૂમાલ ઓઢાડવાનું પણ ન સ્વીકાર્યું. એ દિવસોમાં પાલિતાણામાં પણ યતિઓનું ઘણું જોર હતું. એને લીધે પાલિતાણામાં કોઇ સાધુઓનું સામૈયું પણ કરી શકાતું નહિ. સાધુઓ શત્રુંજયની યાત્રાએ આવે તો છાનામાના યાત્રા કરીને ચાલ્યા જાય. જાહેરમાં બહુ દેખાય તો યતિઓ તરફથી તેમને માર પણ પડે. યતિઓનો ડર સાધુઓને અને સંઘને ઘણો રહેતો. આવી પરિસ્થિતિમાં યતિઓનું જોર તોડવા માટે મૂળચંદજી મહારાજે કમ્મર કસી, તેમણે દર્શનવિજયજી મહારાજને ચાતુર્માસ માટે પાલિતાણા મોકલ્યા. તેમણે ત્યાં જઇ હડીભાઇની ધર્મશાળામાં ચોમાસુ કર્યું સંઘના આગેવાનો તો યતિ પાસે જતા, પરંતુ યુવાનો તો સાધુઓની સમાચારીથી પ્રભાવિત થવા લાગ્યા. તેઓ સાધુઓ પાસે આવતા અને ધર્મની વાતો સાંભળતા. યુવાનોમાં નગરશેઠના બે દીકરાઓએ તો પોતાની મેળે એવી પ્રતિજ્ઞા કરી કે રોજ જ્યાં સુધી સાધુ ભગવંતનાં દર્શન ન થાય ત્યાં સુધી ઘી ખાવું નહિ. સાધુઓ પાસે જનાર યુવકોની સંખ્યા દિવસે દિવસે વધતી જતી હતી. એટલે યતિઓએ નગરશેઠને તે અટકાવવા માટે આગ્રહ કર્યો. જે કોઇ જાય તે સંઘ બહાર થાય તેવો ઠરાવ કરવા પણ કહ્યું. એ પ્રમાણે સંઘની સભા બોલાવી ઠરાવ કરી તેના ઉપર સહી લેવામાં આવી. કેટલાકે સહી કરી, કેટલાકે ન કરી. જેમણે ન કરી તેમને થોડા દિવસની મુદત આપવામાં આવી. અને તે મુદતમાં સહી ન કરે તો સંઘ બહાર મૂકવાની ધમકી આપવામાં આવી. પરંતુ એથી પ્રશ્ન ઉકલ્યો નહિ. ખુદ નગરશેઠ હરખચંદ શેઠના ઘરે જ પ્રશ્ન ઊભો થયો, કારણ કે એમણે દીકરાઓને સાધુ પાસે જતા અટકાવ્યા તો તેઓએ ઘી ખાવાનું અને કુટુંબના બધા સભ્યો સાથે જમવાનું બંધ કર્યું. આવી સ્થિતિ બીજા કેટલાંક ઘરોમાં પણ હતી. એથી મુદત પૂરી થયા પછી સંઘ ફરી જ્યારે મળ્યો ત્યારે નગરશેઠે ઠરાવ ફાડી નાખ્યો અને કહ્યું 'દરેક પોતપોતાની મરજી મુજબ કરી શકે છે. જેને યતિ પાસે જવું હોય તે યતિ પાસે જાય અને સાધુ પાસે જવું હોય તે સાધુ પાસે જાય.' યતિઓ પણ પરિસ્થિતિને પામી ગયા અને પોતાનો આગ્રહ છોડી દીધો. આ ઘટના પછી દર્શનવિજયજી મહારાજે વ્યાખ્યાન વાંચવાનું ચાલુ કર્યું. એમણે સમરાદિત્ય કેવળી ચરિત્રનો વિષય વ્યાખ્યાનમાં શરૂ કર્યો. દિવસે દિવસે વ્યાખ્યાનમાં શ્રાવકોની સંખ્યા વધતી ગઇ અને યતિઓ તરફથી કોઇ ત્રાસ ન થાય એ માટે ધર્મશાળાના વ્યવસ્થાપકોએ અને ગામના સશકત યુવકોએ સંગઠિત થઇને પાકી વ્યવસ્થા કરી. એ વર્ષથી પાલિતાણામાં સાધુઓના વ્યાખ્યાનની શરૂઆત થઇ અને યતિઓનું જોર નબળું પડ્યું.

ત્યારપછી મૂળચંદજી મહારાજ પણ પાલિતાણા આવ્યા. તેઓ યુવાનોને શાસ્ત્રજ્ઞાન આપતા અને ભક્તિ સંગીત સહિત રાગ-

શ્રેણિમાં પૂજા ભણાવવાનું શીખવતા. એ વખતે સંઘમાં હજુ પણ કેટલાક લોકો યતિઓ પાસે જતા હતા. આમ સંઘમાં બે ભાગ પડી ગયા હતા. મૂળચંદજી મહારાજે પોતાના અનુયાયીઓ માટે 'સંઘ' શબ્દ વાપરવામાં વ્યવહારુ મુશ્કેલીઓ જોઈ. એટલે એમણે 'સંઘ' ને બદલે 'ટોળી' શબ્દ વાપર્યો અને પોતાને પક્ષે વધુ માણસો હતા એટલે 'મોટી ટોળી' એવો શબ્દ પ્રયોજ્યો અને એ વર્ષે 'શ્રી સિદ્ધક્ષેત્ર જૈન મોટી ટોળી' ની સ્થાપના થઈ. (આ નામ આજે પણ પાલિતાણાના સંઘ માટે ચાલુ છે. યતિઓમાં ભળેલા સમુદાય માટે ત્યારે 'નાની ટોળી' એવો વપરાયેલો શબ્દ, તેઓ યતિઓમાંથી નીકળી ગયા પછી પણ તેમને માટે ચાલુ રહ્યો છે.) મોટી ટોળી' સંગીત સાથે તાલબદ્ધ રીતે પૂજાઓ ભણવવા માટે પાલિતાણામાં આજે પણ જાણીતી છે.)

કેટલાક માણસોને નિંદારસથી અને દોષદ્રષ્ટિથી એક સાધુની વાત બીજા સાધુને અને બીજા સાધુની વાત ત્રીજા સાધુને કરવાની ટેવ હોય છે. તેવો એક માણસ એક દિવસ મૂળચંદજી મહારાજ પાસે આવ્યો અને કહ્યું, ગુરુ મહારાજ! આપ હલ્લે જ આવ્યા પછી કેટલું ઓછું પાણી વાપરો છો. જ્યારે વૃદ્ધિચંદ્રજી મહારાજ તો કેટલું બધું પાણી વાપરે છે.'

મૂળચંદજી મહારાજ એ વ્યક્તિને જાણતા હતા અને વૃદ્ધિચંદ્રજી મહારાજ સાથે વિસંવાદ કરાવવા આવું તે બોલ્યો હતો એ તેઓ તરત સમજી ગયા. એમણે તેને સમજાવીને કહ્યું, 'ભાઈ, પૂર્વના જન્મમાં સંસ્કારો જલદી જતા નથી. ગયા જન્મનાં વૃદ્ધિચંદ્રજી મહારાજ બ્રાહ્મણ હતા. હું મુસલમાન હતો અને તું ચમાર હતો. વૃદ્ધિચંદ્રજી મહારાજ બ્રાહ્મણ હતા. એટલે પાણી બહુ વાપરે એ દેખીતું છે, કારણ કે કહેવત છે કે ભેંસ, બ્રાહ્મણ ને ભાજી, પાણી જોઈ થાય રાજી. ગયા જન્મમાં હું મુસલમાન હતો. મુસલમાનો અઠવાડિયે એક દિવસ, જુમ્માના દિવસે ઓછા પાણીથી નહાય. એટલે હું ઓછું પાણી વાપરું તે યોગ્ય છે. અને ગયા જન્મમાં તું ચમાર હતો. ચામડા ચૂથવાનું કામ તું કર્યા કરતો હતો. એટલે આ જન્મમાં પણ તું બધાના આત્મા સામે નહિ, પરંતુ શરીરની ચામડી સામે જોયા કરે છે. અને બધાની ચામડીના દુર્ગુણો તને દેખાય છે. તું ચમાર હતો. એટલે તારામાં દોષ દ્રષ્ટિ આવે એ સ્વાભાવિક છે.' આમ કલ્પિત વાત કરીને મૂળચંદજી મહારાજે એ માણસને યુક્તિપુર્વક ચમાર જેવો કહ્યો. ત્યારથી એ માણસ સાધુઓના દોષ જોતો બંધ થયો.

અમદાવાદના નગરશેઠ પ્રેમભાઈને રોજનો નિયમ હતો કે ઘરેથી પાલખીમાં ઉપાશ્રયે આવી સામાયિક લઈ વ્યાખ્યાન સાંભળવા બેસે અને વ્યાખ્યાન પૂરું સાંભળે એક વખત પ્રેમાભાઈ શેઠે કોઈકને મોઢે કહ્યું કે 'આપણો વેપારીઓનો સમય તો બજારમાં કયાં ચાલ્યો જાય તેની ખબર પડે નહિ, પરંતુ આપણા જૈન સાધુઓ આખો દિવસ ઉપાશ્રયમાં બેસીને શું કરતા હશે? એમનો સમય કેમ કરીને પસાર થતો હશે? તેમને સાધુજીવનનો કંટાળો નહિ આવતો હોય?'

પ્રેમાભાઈ શેઠે કરેલી આ ટીકા ફરતી ફરતી મૂળચંદજી મહારાજને કાને આવી. એમને એમ લાગ્યું કે પ્રેમાભાઈ શેઠને આ ટીકાનો જવાબ યુક્તિથી આપવો જોઈશે. એક દિવસ એમણે પોતાના શિષ્યોને સૂચના આપી કે આજે મારું વ્યાખ્યાન ગમે તેટલું મોડે સુધી ચાલે તો પણ તમે મને સમયની યાદ આપાવતા નહિ. પછી એ દિવસે એમને વ્યાખ્યાનમાં અધ્યાત્મનો એવો સરસ વિષય વિવિધ દ્રષ્ટાંતો સાથે ચાલુ કર્યો અને ત્રણ સામાયિક કરતાં પણ વધુ સમય એ વિષય ચલાવ્યો. પ્રેમાભાઈ શેઠ અને બીજા બધા શ્રોતાઓ તો તલ્લીન બનીને સાંભળી જ રહ્યા હતા. વ્યાખ્યાન પૂરું થયું ત્યારે પ્રેમાભાઈ શેઠને ખબર પડી કે આજે તો એક નહિ પણ ત્રણ સામાયિક જેટલો સમય પસાર થઈ ગયો હતો. એમણે મહારાજને કહ્યું, 'ગુરુ મહારાજ! અધ્યાત્મની વાતોમાં આજે તો એટલો બધો રસ પડ્યો કે સમય કયાં પસાર થઈ ગયો તેની ખબર જ ન પડી.' મૂળચંદજી મહારાજે કહ્યું. 'પ્રેમાભાઈ, તમે તો કોઈક જ દિવસ આવી અધ્યાત્મની ઊંડી વાતમાં રસ લેનારા છો, પરંતુ અમે સાધુઓ તો અધ્યાત્મની આવી વાતોમાં દિવસ-રાત રસ લેનારા રહ્યા. અમારો સમય કયાં પસાર થઈ જાય તેની ખબર જ ન પડે. ઊલટું અમને તો આવી વાતોમાં દિવસ રાત વીતી જાય તો પણ સમય ઓછો પડે.' ગુરુ મહારાજનો આ જવાબ સાંભળી પ્રેમાભાઈને પોતે કરેલી અજ્ઞાન યુકત ટીકા માટે પશ્ચાત્તાપ થયો અને તે માટે તેમણે મૂળચંદજી મહારાજની ક્ષમા માગી.

એક વખત પ્રેમાભાઈ શેઠના વંડે વૈષ્ણવોની નવનાત મળી હતી. તે વખતે નાતના એક બે આગેવાનોએ જૈન સાધુઓના આચારના અજ્ઞાનને કારણે મજાક કરતાં કહ્યું કે 'જૈન સાધુઓને ખાવાપીવાની કોઈ ચિંતા નહિ. રોજ મિષ્ટાન મળે. અને સારું સારું ખાઈને લહેર કરે.' એ ટીકા પ્રેમાભાઈએ સાંભળી અને એમને મૂળચંદજી મહારાજને તે કહી. એટલે મહારાજે કહ્યું કે, ફરી વૈષ્ણવોની નવ નાત મળે ત્યારે મને જણાવજો. કેટલાક દિવસ પછી પ્રેમાભાઈના વંડે વૈષ્ણવોની નવનાત ફરી એકઠી થઈ. પ્રેમાભાઈએ એ વાત મહારાજને જણાવી, એટલે તેઓ મધ્યાહન સમયે એક તરપણી લઈને તરત વહોરવા નીકળ્યા અને વંડે જઈ પ્રેમાભાઈને 'ધર્મલાભ' કહ્યું. મહારાજ વહોરવા પધાર્યા છે એમ જાણી પ્રેમાભાઈ તરત ઊભા થઈ ગયા અને ગુરુમહારાજને રસોડે લઈ ગયા. બે-ત્રણ મિનિટોમાં જ મહારાજ પાછા ફર્યા અને પ્રેમાભાઈ શેઠ તરત પાછા આવીને નાતના આગેવાનો પાસે બેઠા. કોઈકે કુતૂહલથી પૂછ્યું, 'તમારા મહારાજ વહોરવા પધાર્યા અને બસ બે મિનિટમાં જ પાછા ફર્યા?' પ્રેમાભાઈએ કહ્યું, 'હા, એમણે માત્ર ચપટી મીઠાનો જ ખપ હતો, એટલે તે વહોરીને પાછા ગયા.' એ જાણી આગેવાનો બોલ્યા, ઓહો! એક ચપટી મીઠા માટે તમારા મહારાજ ભરઉનાળામાં આ વેળાએ ઉઘાડા પગે કેટલે દુરથી વહોરવા પધાર્યા. શું એટલું મીઠું એમની પાસે નહોતું.' પ્રેમાભાઈએ કહ્યું, 'અમારા જૈન સાધુઓ કશી જ ખાદ્ય વાનગી પોતાની પાસે વધુ સમય રાખી ન શકે. દરેક ટંક વહોરી લાવીને તે વાપરી લેવી પડે. ઘણાખરા મહાત્માઓ તો દિવસમાં એક જ વખત આહાર કરે અને કેટલાયને તો ઘી-દુધ-દહી-મીઠાઈ વગેરેની યાવત્ જીવન બાધા હોય. સૂર્યાસ્તથી બીજા દિવસે સૂર્યોદય સુધી કોઈ પાણીનું ટીપું સુદ્ધા મુખમાં નાખે નહિ.'

પ્રેમાભાઈની આ વાત સાંભળી જૈન સાધુઓ માલ-પાણી ઉડાવીને લહેર કરે છે એવી ટીકા કરનારાઓએ પોતાની અજ્ઞાનયુકત ટીકા માટે ક્ષમા માગી.

આમ, મૂળચંદજી મહારાજના વ્યક્તિત્વ અને ચરિત્રપાલન ઉપર પ્રકાશ પાડનારા ઘણા પ્રસંગો છે.

મૂળચંદજી મહારાજે વિ. સં. ૧૯૪૪નું ચોમાસું પાલિતાણામાં શત્રુંજય ગિરિરાજની છાયામાં કર્યું. અહીં તેમની તબિયત બગડવા લાગી હતી. પગમાં જે ફોલ્લો ઉઠ્યો હતો તે મટતો ન હતો. છાતીમાં પણ દરદ થતું હતું. ઉપચારો કરવા છતાં આરામ થતો ન હતો. એટલે એમને ચાતુર્માસ પછી પાલિતાણાથી ભાવનગર પધારવા માટે વૃદ્ધિચંદજી મહારાજે વિનંતી કરી હતી. તે પ્રમાણે વિનંતી કરવા ભાવનગર સંઘના આગેવાનો પાલિતાણા પહોંચ્યા હતા. મહારાજશ્રી શિષ્ય પરિવાર સાથે ભાવનગર આવ્યા. વૈદ્યોએ જુદા જુદા ઉપચારો કર્યા પરંતુ ફરક પડ્યો નહિ. અશક્તિ દિવસે દિવસે વધવા લાગી. વૃદ્ધિચંદજી મહારાજ ખડે પગે તેમની વૈયાવચ્ચ કરવા લાગ્યા. સં. ૧૯૪૫ના માગસર વદ-૬ (મારવાડી મિતિ પોષવદ ૬)ના દિવસે મૂળચંદજી મહારાજની તબિયત વધારે બગડી. તેઓ પોતાનો અંતિમ સમય પારખી ગયા અને અનશન સ્વીકારી લીધું. તેઓ બોલ્યા:-

भाई वृद्धिचन्दजी ! अब तो हम चले । सबको सम्हालना ॥ हमसे जिन शासनकी प्रभावना उपासना जो कुछ बन पडी, सो करली । अब तुमही सब सम्हालना ॥ बस । नमो अरिहंताणम् ॥

બપોરે ત્રણ કલાક અને વીસ મિનિટના સમયે એમણે પ૯ વર્ષની વયે દેહ છોડ્યો. ભાવનગરના સંઘે દાદા સાહેબના કમ્પાઉન્ડમાં તેમના પાર્થિવ શરીરને અગ્નિ સંસ્કાર કર્યો. જૈન સંઘના એક મહાન યુગપ્રભાવક મહાત્મા સ્વર્ગે સીધાવ્યા. દાદા સાહેબના કમ્પાઉન્ડમાં એમના અગ્નિ સંસ્કારના સ્થળે ત્યાર પછી સમાધિ મંદિર બાંધવામાં આવ્યું.

મુક્તિવિજયજી ગણિવર્યને મૂળચંદજી મહારાજ ગચ્છાધિરાજ તરીકે તથા વીસમી સદીના જૈન શાસનના રાજા તરીકે ઓળખાવવામાં આવતા હતા. એમના કાળધર્મ વખતે વૃદ્ધિચંદજી મહારાજ બોલી ઊઠ્યા કે 'મારું તો છત્ર ગયું છે.' એ વખતે આત્મારામજી મહારાજ રાધનપુરમાં હતા. કાળધર્મના સમાચાર સાંભળતાં જ તેમણે પોતાના સાધુઓને ગંભીર સ્વરે કહ્યું, 'साधुओ, शासन का सम्राट चला गया । वे बडे थे, बडे गंभीर गुणज्ञ और समयज्ञ थे । इनमें शासनको नेता बनने के गुण थे, और वोही शासनके सच्चे शिरताज थे ।'

મુક્તિવિજયજી (મૂળચંદજી) મહારાજને અંજલિ આપતાં કેટલાંક ગીતો લખાયાં છે. એમાંથી થોડીક પંક્તિઓ જુઓ:

જય મુક્તિવિજય ગણિ મહારાજા,
જય મૂળચંદ ગણિ મહારાજા,
જય તપાગચ્છક નાયક તાજા,
શાસન સમ્રાટ ગુરુરાજા.

* * *

મહાવીર વચન કે સુભટ થે,
મલ્લાહ જિન શાસન નૈયાકા,
ચારિત્ર સુદર્શન ગુણ બઢે એસે,
ગુરુદેવકો વંદન હો !

તેમને અંજલી આપતાં શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) મહારાજે લખ્યું છે :

"ગુરુ બ્રહ્મચારી ધર્મધોરી મહાવતી ગુણપાવના;
પંન્યપાણી સફલવાણી મહાજ્ઞાની શુભમના;
શ્રી જૈનશાસન એકછત્ર સુરાજ્ય શાસક મંડના,
તે મુક્તિવિજય ગણીંદ્ર ગુરુનાં ચરણોમાં હો વંદના."

રમણલાલ ચી. શાહ

મરાઠીમાં ગોષ્ઠિ

સંઘના ઉપક્રમે મરાઠી ભાષામાં ગોષ્ઠિનો કાર્યક્રમ નીચે પ્રમાણે રાખવામાં આવ્યો છે.

વ્યાખ્યાતા : જાણીતાં લેખિકા

શ્રી ઉષાબહેન શેઠ (B. A.)

વિષય : ' अवघाचि संसार सुखाचा करीन'

દિવસ : ગુરુવાર, તા. ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૮૬

સમય : સાંજના ૬-૧૫ વાગે

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ

૩૮૫, સરદાર વી. પી. માર્ગ, રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે, મુંબઇ-૪૦૦૦૦૪.

સૌને ઉપસ્થિત રહેવા વિનંતી.

કમલબહેન પીસપાટી — સંયોજક
કે. પી. શાહ
નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક **ડૉ. જે. પી. પીઠાવાલા** દ્વારા હાડકાંના રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૯-૩૦ થી ૧-૩૦ સુધી પરમાનંદ કાપડિયા સભાગૃહ ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો-ઓપરેટિવ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, પ્રાર્થના સમાજ, મુંબઇ-૪૦૦૦૪ (ફોન : ૩૫૦૨૯૬) ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨-૩૦ થી ૫-૦૦ સુધી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઝાલાવાડ નગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦ ૦૫૮ ખાતે ડૉ. જે. જે. પી. પીઠડવાલા દ્વારા ઉપરોક્ત સારવાર વિનામૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

લિ.

પ્રવીણચંદ્ર મંગલદાસ શાહ — સંયોજક
કે. પી. શાહ
નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

આ તનરંગ, પતંગ સરીખો....

© પ્રવીણચન્દ્ર જી. કાપડિયા

આમ તો આપણો પતંગદિન સામાન્ય રીતે ૧૪મી જાન્યુઆરીને દિવસે-એટલે કે જેને આપણે 'ઉતરાણ' નામે ઓળખીએ છીએ તે દિવસે હોય છે. (જોકે હવે 'ઉતરાયણ' ખગોળ શાસ્ત્રની દ્રષ્ટિએ ૧૪મી જાન્યુઆરીને દિવસે હોય એ અનિવાર્ય નથી જ, એ આપણે જોઇ ગયા છીએ.

આમ છતાં આ વખતે તે પહેલાં જ – ગત ૭મી જાન્યુઆરીને દિવસે આપણે ત્યાં એક અનોખી પતંગ-સ્પર્ધાનો પ્રારંભ થયો છે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉજવણીના પ્રથમ ચરણરૂપે દેશભરમાં પહેલીવાર અમદાવાદમાં રાજ્યકક્ષાએ આ પતંગસ્પર્ધાનું રાજ્યપાલ શ્રી આર. કે. ત્રિવેદીએ ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે એમણે ઉત્સાહભેર ઉજવાતી આ પ્રવૃત્તિમાંથી જીવનને ઉર્ધ્વગામી બનાવવાની ને એકાગ્રતા કેળવવાની પ્રેરણા લેવાની વાત કરી હતી.

આમેય ઉતરાણનું માહાત્મ્ય દર્શાવતી વખતે એમાંથી તારવવાના ઉપદેશના સંદર્ભમાં ઘણાં પેલા ભજનની આ પંક્તિઓ નોંધે છે:

'આ તનરંગ પતંગ સરીખો,
જાતાં વાર ના લાગે.....'

આમાંયે વાત 'પતંગ'ની જ છે પણ એ આપણે ઉતરાણમાં ચગાવી છીએ એ પતંગની વાત નથી જ!

એક વખત આઠમા ધોરણમાં ભણતી મારી ભાણેજ, આ કાવ્યની આ જ પંક્તિનો અર્થ પૂછવા આવી હતી. શાળાના મારા અભ્યાસકાળમાં મારે પણ આ કાવ્ય શીખવાનું આવ્યું હતું. ત્યારે આ પંક્તિઓનો અર્થ ચોકકસ કઇ રીતે સમજાવ્યો હતો એ આજે યાદ નથી; પણ ત્યારેયે એ ગળે નહોતો જ ઊતર્યો, એ વાત બરાબર યાદ છે.

આ નશ્વરદેહ, ગમે ત્યારે વિલીન થઇ જાય એમ છે, એવો એકંદર અર્થ આ માટે-સામાન્ય રીતે-અપાય છે; પણ એ આમ પતંગના રંગ જોડે શા માટે સરખાવાયું હશે? આ તો ગમે ત્યારે ઊડી જાય એવો હોય છે ખરો? તડકામાં લાંબો વખત રહે તો રંગ ફટકી જાય એવું બને; પણ તડકામાં એટલો લાંબો વખત પતંગ રહે છે કયારે?

તો પછી શા માટે કવિ, દેહને પતંગના રંગ જોડે સરખાવે છે? પતંગ ઊડે, ઊડી જાય, ગમે ત્યારે કપાઇ જાય, એવા અર્થમાં હશે? પણ તો પછી એનો 'રંગ' ઊડી જવાનો ઉલ્લેખ અર્થહીન જ ઠરે ને!

ત્યારે? આ કોઇ બીજા પતંગની વાત તો નથી થતી ને? વ્યવહારમાં તો આપણે એક જ પતંગને ઓળખીએ છીએ, એટલે એ જ હોય. એમ લાગે; દેખીતું છે! પણ એવા અર્થનો કોઇ મેળ બેસતો નથી, તેનું શું?

પણ 'પતંગ' શબ્દના બીજાય ઘણા અર્થ છે; પતંગિયું-કૂદતું ચોમાસામાં થતું, પાંખવાળું એક જીવડું; પાંખવાળો કોઇપણ કીડો; પક્ષી. દડો, તણખો, ચિનગારી, સૂર્ય એવા તો એના અનેક અર્થ છે.

અત્યારે આઠમા ધોરણના પાઠ્યપુસ્તકનું મારી પાસે ૧૯૭૬નું પુસ્તક છે. (કુમારભારતી પાઠ-૪ : કવિતા) આ કવિતાનો અર્થ સમજાવતાં સંપાદકોએ (૧૧ વિદ્વાનોની 'ટીમ' છે) લખ્યું છે:

"સંસારની અસારતા અને ક્ષણિકતાનું આલેખન આ પદમાં થયું છે. મનુષ્યમાં પતંગિયા જેવાં ચંચળ યૌવન, સૌંદર્ય વગેરેને નાશ પામતાં વાર નથી લાગતી..." કવિતાને અંતે ટિપ્પણમાં પણ નોંધ્યું છે: 'પતંગ સરીખો-પતંગિયા જેવો અસ્થિર, ચંચળ, (ઉપમા અલંકાર").

એટલે કે, આમાં 'પતંગ' શબ્દનો અર્થ 'પતંગિયું,' લેવાયો છે. પણ આમ થતાં 'તનરંગ'માંના 'તન' એટલે કે 'દેહ'ની જોડે વપરાયેલા 'રંગ' શબ્દનું શું થયું? આ શબ્દની તો સમૂળથી ઉપેક્ષા જ થઇ છે! 'પતંગિયું' અર્થ લઇએ તો 'રંગ' શબ્દનો મેળ એના, આવા અર્થ જોડે શી રીતે બેસી શકે? તો શું 'રંગ' શબ્દ, આમાં 'બ્રહ્માનંદ' જેવા રચયિતાએ નકામો જ વાપર્યો છે? જરાયે નહીં!

આ પુસ્તકના અભ્યાસ-મંડળ અને સંપાદક – મંડળના કોઇ એકાદ સભ્યે પણ થોડી તકલીફ લીધી હોત તો એમને 'પતંગ'નો એક વધુ અર્થ પણ મળી શકયો હોત ને તો–આ પંક્તિનો અર્થ ખૂબ જ સ્પષ્ટ ને વધુ સચોટ રીતે રજૂ થઇ શકયો હોત.

આ સંદર્ભમાં 'પતંગ' શબ્દનો ખાસ નોંધવા જેવો એક અર્થ પણ મળે છે. 'પતંગ' નામનું એક ખુશ્બૂદાર વૃક્ષ થાય છે, મુખ્યત્વે મધ્ય ભારત ને કટક તરફના પ્રદેશમાં! આ ઝાડને ફેબ્રુઆરીની આસપાસ પીળાં ફૂલ આવે છે. આનું લાકડું લાલ રંગનું હોય છે. આ ઝાડને કેટલાંક લાલ ચંદન પણ કહે છે; કોઇ એને 'બકકમ' નામેય ઓળખે છે. હિંદીમાં પણ એ, 'પતંગ' અને 'બકકમ', બંને નામે ઓળખાય છે.

આ ઝાડના લાકડાના કટકા, પાણીમાં ઉકાળવાથી ભભકાદાર લાલ રંગ બને છે. આ રંગને પણ 'પતંગ' કહે છે. એ જલદી ઊડી જાય એવો હોય છે. લાંબો વખત ટકતો નથી.

–અને કદાચ આ જ કારણે–એના આ ભભકાદાર રંગની થોડીજવારમાં ઊડી જવાની ખાસિયતને કારણે – દેહની ક્ષણભંગુરતાને પણ આવા પતંગના રંગની ઉપમા અપાઇ છે.

'આ તનરંગ પતંગ સરીખો
જાતાં વાર ન લાગે જી...'

આ તન, આ દેહ, પતંગ (વૃક્ષ)ના રંગ જેવો છે જેને, જલદી–ગમે ત્યારે–ઊડી જતાં વાર લાગતી નથી.

હવે અર્થ બેસી જાય છે ને?

આપણા પિંગળ લઘુ કોશમાં ઉલ્લેખાયેલી નીચેની પંક્તિઓમાં કદાચ આ આખીય ચર્ચાનો સાર આવી જાય છે.

'સૂર્ય પતંગ, પતંગ ખગ
પાવક ગણો પતંગ,
આ જગ રંગ પતંગનો,
હરિ એક જ નવરંગ.'

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ – ૪૦૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No : 37

વર્ષ:૫૦ અંક:૧૬થી૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, તા. ૧-૩-૧૯૮૯ (૧૬-૨-૮૮ થી ૧-૩-૮૮) મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૩-૦૦ પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

વિજય વલ્લભ સ્મારક

દિલ્હીમાં જી. ટી. કરનાલ રોડ ઉપર આવેલા વિજય વલ્લભ સ્મારકમાં પ્રતિષ્ઠા મહોત્સવનો ભવ્ય અને ગૌરવપૂર્ણ કાર્યક્રમ પ. પૂ. વિજય ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ સાહેબની પવિત્ર નિશ્રામાં તા. ૧લી ફેબ્રુઆરીથી ૧૧મી ફેબ્રુઆરી સુધી અત્યંત વિશાળ પાયા ઉપર શાનદાર રીતે યોજાઇ ગયો. આ પ્રસંગે વિશાળ સાધુ – સાધ્વીઓના સમુદાય ઉપરાંત દેશ-વિદેશથી પધારેલા અનેક નામાંકિત મહાનુભાવો સહિત પચ્ચીસ-ત્રીસ હજારથી વધુ માણસો ઉપસ્થિત રહ્યા હતા. રોજેરોજ વિવિધ પ્રકારના કાર્યક્રમો–જલયાત્રાનો વરઘોડો, કુંભસ્થાપના, જવારારોપણ, વિવિધ પ્રકારનાં પૂજનો તીર્થંકર પરમાત્માનાં પાંચ કલ્યાણકો તથા ધર્મસભાઓ, અધિવેશનો, વિદ્વદ્‌ગોષ્ઠીઓ, રાત્રિભાવનાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમ ઇત્યાદિનું દ્રષ્ટિપૂર્વકનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશાળ મંડપમાં હજારો શ્રોતાઓ બેસી શકે એવી વ્યવસ્થા કલોઝ સરકીટ ટી. વી. સાથે કરવામાં આવી હતી. બહારગામથી આવેલા સેંકડો પ્રતિનિધિઓને ઊતરવા માટે સ્મારકના સ્થળે તેમજ દિલ્હીમાં અન્યત્ર વ્યવસ્થા કરવામાં આવી હતી. ભોજન અને ચાપાણીની સરસ વ્યવસ્થા સવારથી તે સૂર્યાસ્તના સમય સુધી સતત ચાલુ રાખવામાં આવી હતી. ધર્મસભામાં જુદા જુદા સાધુ ભગવંતો, સાધ્વીજી મહારાજો, વિદ્વાનો, પ્રધાનો, શ્રેષ્ઠિઓ વગેરે અનેકનાં વકતવ્યો ગોઠવવામાં આવ્યાં હતાં તથા ગ્રંથવિમોચન અને બહુમાનના જુદા જુદા કાર્યક્રમો પણ યોજાયા હતા. આ પ્રસંગે ખાસ પધારેલા શ્રી જગદીશ ટાયટલર, રમેશ ભંડારી વગેરે રાજદ્વારી મહાનુભાવોએ પ્રેરક ઉદ્‌બોધનો કર્યાં હતાં. વિશાળ ધોરણે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કેટલીય સરસ અને સુવ્યવસ્થિત રીતે થઇ શકે તેનું દ્રષ્ટાંત આ પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમે પૂરું પાડ્યું હતું. એના આયોજનમાં શ્રી રાજકુમાર જૈન, શ્રી નિર્મળકુમાર જૈન, શ્રી વિનોદભાઈ દલાલ, શ્રી રામલાલ જૈન વગેરે સહિત ભોજન સમિતિ, સ્મારિકા સમિતિ, અનુષ્ઠાન સમિતિ, પ્રચાર સમિતિ ઇત્યાદિ વીસેક જેટલી જુદી જુદી સમિતિઓએ પોતપોતાની જવાબદારી ઘણી સારી રીતે ઉઠાવી લીધી હતી. સ્વ. પૂ. મૃગાવતીશ્રીજીની ભલામણથી લાલા જૈરામતીલાલે પોતાના એક પુત્ર શ્રી રાજકુમારને પોતાના વેપારઉદ્યોગમાંથી નિવૃત્ત કરી તેમને માથે સ્મારકની બધી જવાબદારી સોંપી હતી અને છેલ્લાં દસ વર્ષથી શ્રી રાજકુમાર જૈન પોતાની કુશાગ્ર બુદ્ધિ અને નિષ્ઠાથી, તન, મન અને ધનથી પૂરા સમર્પિતભાવે સ્મારક–નિર્માણના આ કાર્યમાં લાગી ગયા હતા.

દિલ્હી અને પંજાબમાં આતંકવાદી પ્રવૃત્તિનો ભય રહેતો હોવાના કારણે સુરક્ષાની વ્યવસ્થા પણ પાકે પાયે કરવામાં આવી હતી. દરેક પ્રતિનિધિને ઓળખપત્ર આપવામાં આવ્યું હતું અને અજાણ્યા માણસો સ્મારકના પટાંગણમાં પ્રવેશી ન જાય તે માટે પૂરેપૂરી તકેદારી રાખવામાં આવી હતી.

બાવીસ એકર જેટલી વિશાળ જગ્યામાં તૈયાર થઈ રહેલા આ વિજય વલ્લભ સ્મારકના આ સંકુલમાં સૌથી મહત્ત્વનું સ્થાન તે વિજય વલ્લભસૂરિનું ગુરુમંદિર છે. વિશાળ ઘુમ્મટ-વાળા આ મંદિરમાં સ્વ. પૂ. વિજય વલ્લભસૂરિની શ્વેત આરસની ૪૫ ઇંચ ઊંચી ભવ્ય પ્રતિમા છે. જીવંત અને આબેહૂબ લાગતી આ પ્રતિમા જોતાં જ તે જોનારનું મન હરી લે તેવી છે. વિશાળ રંગમંડપમાં આ પ્રતિમાજી જોતાં જ અનેરો ઉલ્લાસ અનુભવાય છે. વિજય વલ્લભસૂરિના ૮૪ વર્ષના જીવનકાળને લક્ષ્યમાં રાખી આ ગુરુમંદિરનો ઘુમ્મટ જમીનથી ૮૪ ફુટ ઊંચો બનાવાયો છે. એનું સ્થાપત્ય–વિધાન પણ અનોખી શૈલીનું છે અને ગુલાબી પથ્થરમાંથી કરવામાં આવેલી આખી રચના દુરથી પણ ભવ્ય અને મનોહર લાગે છે. આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા મુંબઇના વલ્લભભકત શ્રી શૈલેશ ઝવેરી અને એમના પરિવારે કરી.

ગુરુમંદિરને અડીને એની પાછળના ઉપરના ભાગમાં ચૌમુખીના પ્રકારનું જિનમંદિર બનાવવામાં આવ્યું છે. એમાં મૂળનાયક તરીકે વાસુપૂજ્યસ્વામી છે. એ ઉપરાંત બાકીની ત્રણે બાજુમાં પાર્શ્વનાથ ભગવાન, આદીશ્વર ભગવાન અને મુનિસુવ્રતસ્વામીની પ્રતિમાઓ બિરાજમાન છે. આ ચારેય પ્રતિમાઓ ૩૬ ઇંચની છે. એક સરખા કદની અને શિલ્પના સુંદર નમૂના સરખી છે. એ માટે 'શ્રી વાસુપૂજ્ય જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ' નામના અલગ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે. ગુરુમંદિરમાંથી આ ચૌમુખીમાંની એક પ્રતિમાનાં દર્શન થાય છે, આ ચારે પ્રતિમાઓની તથા અન્ય પ્રતિમાઓની પ્રતિષ્ઠા પણ ચાર શ્રેષ્ઠિઓને હાથે થઇ અને એ આનંદોલ્લાસના મુહૂર્તે હેલિકોપ્ટરમાંથી પુષ્પવૃષ્ટિ પણ થઈ.

મહાન જૈનાચાર્ય શ્રી વિજય વલ્લભસૂરિજી ૧૯૫૪માં મુંબઈમાં કાળધર્મ પામ્યા. તેમનું કાર્યક્ષેત્ર ગુજરાત, રાજસ્થાન અને પંજાબ રહ્યું હતું. પરંતુ તેમણે જીવનનો સૌથી વધુ કાળ પોતાના ગુરુ આત્મારામજી મહારાજની આજ્ઞાનુસાર પંજાબને સમર્પિત કર્યો હતો. એટલે પંજાબીઓમાં ઘેર-ઘેર ગુરુ વલ્લભનું નામ ગુંજતું રહ્યું છે. તેઓ કાળધર્મ પામ્યા તે પછી એમના માટે યોગ્ય સ્થળે યોગ્ય સ્મારક થવું જોઇએ એવી ભાવના વહેતી રહી હતી. પરંતુ એ દિશામાં ત્યારે કોઈ નક્કર કાર્ય થયું ન હતું. એમ કરતાં ૧૫થી વધુ વર્ષ નીકળી ગયાં. પૂ. વિજય વલ્લભસૂરીશ્વરજીના પટ્ટધર શિષ્ય શ્રી વિજય સમુદ્રસૂરીશ્વરજીએ વડોદરાના ચાતુર્માસ દરમિયાન આ કામ માટે હવે સમય પાકી ગયો છે એમ જાણીને તથા કોઇકને શિરે એની પૂરી જવાબદારી નાખવી એમ વિચારીને તેમણે એ કાર્ય માટે પોતાના સમગ્ર સમુદાયમાંથી તેજસ્વી સાધ્વીરત્ન શ્રી પૂ. મૃગાવતીશ્રીજીને પસંદ કર્યાં અને તે માટે દિલ્હીમાં રૂપનગરમાં ચાતુર્માસ કરીને મૃગાવતીશ્રીજીએ આ યોજના ચાલુ કરી દેવી જોઇએ એમ જણાવ્યું. તે અનુસાર મૃગાવતીશ્રીજી પંજાબમાંથી ભરઉનાળામાં ઉગ્રવિહાર કરી દિલ્હી પહોંચ્યાં અને તેમણે આ યોજના માટે આરંભ કરી દીધો. તેઓ જ્યારે અંબાલાથી દિલ્હી આવી રહ્યાં હતાં ત્યારે એક ખેતરમાં એક વૃક્ષ નીચે થાક ખાવા બેઠાં હતાં ત્યારે અંદરથી જ કોઇ સ્ફૂરણા થઇ કે ગુરુસ્મારક માટે આ સ્થળ અત્યંત અનુકૂળ છે. જાણે કોઈ ભાવિનિર્માણની આગાહી થઇ રહી હોય તેમ સ્મારક માટે એ ખેતરવાળી જગ્યાની પસંદગી થઇ. તે જગ્યા વેચાતી લેવાઇ અને ત્યાં સ્મારકકામ ચાલુ થયું. એ માટે આત્મવલ્લભ જૈન સ્મારક શિક્ષણનિધિ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી તથા સ્મારકની યોજના કરવામાં આવી. ટ્રસ્ટના પેટ્રન જૈન સમાજના કર્ણધાર અને સુખ્યાત ઉદ્યોગપતિ સ્વ. શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇનું સુયોગ્ય માર્ગદર્શન સાંપડ્યું અને આણંદજી કલ્યાણજીની પેઢીના સ્થાપત્યવિદોને તેની જૈન શિલ્પ – સ્થાપત્ય–કળાના નમૂનારૂપ રચના અને બાંધકામ કરવાની જવાબદારી સોંપવામાં આવી.

સ્મારક માટે જમીન લેવાઇ ગયા પછી અને યોગ્ય કાર્યવાહી થઇ ગયા પછી ગચ્છાધિપતિ વિજય ઇન્દ્રદિન્નસૂરિ મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી પૂ. શ્રી મૃગાવતીશ્રીજીએ સ્મારકની યોજનાના કામનો આરંભ કરાવ્યો અને તે મુજબ ૧૯૭૯ના જુલાઇ માસમાં લાલા રતનચંદજી જૈનના વરદ હસ્તે ભૂમિપૂજન થયું અને ત્યાર પછી નવેમ્બર માસમાં લાલા ખેરાયતીલાલજી જૈનના વરદ હસ્તે શિલાન્યાસનો વિધિ થયો.

આ પ્રમાણે આ યોજના આગળ ચાલવા લાગી. આરંભમાં એનું લક્ષ્યાંક નાનું હતું, પરંતુ જેમ જેમ સહકાર મળતો ગયો અને પ્રોત્સાહન વધતું ગયું તેમ તેમ ગુરુમહારાજ વિજય વલ્લભસૂરિના ૮૪ વર્ષના આયુષ્યને લક્ષમાં રાખીને ૮૪ લાખ રૂપિયાની યોજના ૧૯૭૯માં જે વિચારાઇ તે ક્રમે ક્રમે વધીને આજે દસ વર્ષના અંતે પાંચ કરોડથી વધુ રૂપિયાની થઇ છે અને જ્યારે એ પરિપૂર્ણ થશે ત્યારે તેથી પણ ઘણી મોટી રકમની જરૂર રહેશે. આ સમગ્ર યોજનામાં કોઇ એક જ વ્યક્તિનું સૌથી મોટું આર્થિક યોગદાન હોય તો તે લગભગ દોઢ કરોડ રૂપિયાથી પણ વધુ મોટી રકમ આપનાર શ્રી અભયકુમાર ઝવેરચંદનું છે.

પ. પૂ. મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજીએ સ્મારકના આ કામને પોતાની આત્મસાધનાની સાથે સાથે પોતાના જીવનનું એક મહત્ત્વનું બનાવી દીધું હતું. એ માટે તેઓ સ્મારકના જ સ્થળે ઘણી બધી પ્રતિકૂળતા હોવા છતાં છેલ્લાં કેટલાંક વર્ષ દરમિયાન વારંવાર ત્યાં આવીને સ્થિરતા કરી હતી અને છેલ્લાં બે ચાતુર્માસ તેમણે સ્મારકના સ્થળે જ કર્યાં હતાં. એમની શિષ્યાઓ સ્વ. પૂજ્ય શ્રી સુજ્યેષ્ઠાશ્રીજી, પૂજ્ય શ્રી સુવ્રતાશ્રીજી, પૂજ્ય શ્રી સુયશાશ્રીજી તથા પૂજ્ય શ્રી સુપ્રજ્ઞાશ્રીજીનો પણ આ કાર્યમાં ઘણો ઉમંગભર્યો સહકાર સાંપડ્યો હતો. પૂ. શ્રી સુજ્યેષ્ઠાશ્રીજી સ્મારકના જ સ્થળે કાળધર્મ પામ્યાં હતાં અને સ્મારકનું જ કાર્ય કરતાં કરતાં પૂજ્ય શ્રી મૃગાવતીશ્રીજીએ પણ આ જ સ્થળે તા. ૧૮ જુલાઇ, ૧૯૮૬ના રોજ અંતિમ શ્વાસ લીધા હતા. આમ સ્મારકની આ ધરતીમાં સ્મારકના પ્રણેતા અને એમના એક શિષ્યા એમ બેના સ્થૂળ દેહનું વિસર્જન થયું છે અને એમનાં પવિત્ર પરમાણુઓ એ માટીમાં અને એ હવામાં એકરૂપ બની સૌને પ્રેરણા આપી રહ્યાં છે.

આ સ્મારક સંકુલનું બીજું એક અત્યંત મહત્ત્વનું અંગ તે ભોગીલાલ લહેરચંદ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડોલોજી. શ્રી આત્મવલ્લભ જૈન સ્મારક શિક્ષણનિધિ, દિલ્હી અને ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન – મુંબઇના સંયુક્ત સહકારથી આ યોજના થઇ છે. જૈનધર્મ, તત્ત્વજ્ઞાન તથા ભારતીય સાંસ્કૃતિક વિષયોના અધ્યયનનું કામ તેમાં થશે. એ માટે અત્યાર સુધીમાં ૧૩૦૦૦ જેટલી પ્રાચીન હસ્તપ્રતોનો સંગ્રહ થઇ ગયો છે અને તેમાં પાકિસ્તાનથી આવેલી હસ્તપોથી પણ છે. કેટલીક સુવર્ણાક્ષરે લખાયેલી વિરલ હસ્તપ્રતો પણ છે અને ગ્રંથાલયમાં હજારો ગ્રંથો પણ છે. એની સૂચિઓ તૈયાર કરવામાં પૂ. મૃગાવતીશ્રીજીની તેજસ્વી શિષ્યાઓએ શ્રી લક્ષ્મણભાઇના માર્ગદર્શન હેઠળ મહત્ત્વનું યોગદાન આપ્યું છે. ભવિષ્યમાં આ ઇન્સ્ટિટ્યૂટ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર એક મહાન ઇન્સ્ટિટ્યૂટ બની રહેશે એ નિઃસંશય છે.

અહીં ગુરુમંદિરની એક બાજુ પદ્માવતી માતાનું મંદિર બાંધવામાં આવ્યું છે. પૂ. મૃગાવતીશ્રીજી જ્યારે વિદ્યમાન હતાં ત્યારે તેમની નિશ્રામાં શ્રી શાંતિલાલજી જૈન (મોતીલાલ બનારસીદાસ)ના હસ્તે ૧૯૮૪માં તેની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. સ્મારકના સંકુલમાં આ એક અનેરું આકર્ષણ બની રહ્યું છે.

પૂ. મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી આ સ્મારકમાં હતાં તેવામાં ૧૮મી જુલાઇ ૧૯૮૬માં કાળધર્મ પામ્યાં. એમનો અગ્નિ-સંસ્કાર સ્મારકના આ સ્થળમાં હજારો લોકોની હાજરીમાં કરવામાં આવ્યો હતો. એ સ્થળે એટલે કે પદ્માવતી માતાના મંદિરની બાજુમાં સાધ્વી મૃગાવતીશ્રીજીનું સમાધિમંદિર બનાવવામાં આવ્યું છે. એનું સ્થાપત્યવિધાન પણ અનોખી શૈલીનું છે.

ગુરુમંદિરની નીચે વિશાળ બેઝમેન્ટમાં જૈન કલાનું સંગ્રહાલય કરવાનું આયોજન થયું છે. તે માટે પ્રતિમાઓ, શિલ્પાકૃતિઓ, સ્થાપત્યના નમૂનાઓ, ચિત્રો, હસ્તપ્રતો, ફોટાઓ વગેરે એકત્રિત થઇ રહ્યાં છે.

સ્મારકના મુખ્ય મંદિરની એક બાજુ સાધુઓનો ઉપાશ્રય

(અનુસંધાન પૃષ્ઠ ૧૫)

મૃદુભાષી અને સમદર્શી વિદ્વાન, અનંતરાય રાવળ

ચી. ના. પટેલ

નવેમ્બર માસની ૧૮મી તારીખે, શુક્રવાર સવારે સાડા પાંચ વાગ્યે શ્રી અનંતરાયના ઘેરથી ટેલિફોન આવ્યો: રાવળ સાહેબને હૃદયના હુમલાની સારવાર માટે વાડીલાલ સારાભાઇ હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાં તેઓ મૃત્યુ પામ્યા છે. ટેલિફોન પત્નીએ લીધેલો અને હું અકસ્માત જાગી ગયો હોવાથી તેમણે મને ખબર આપી એથી મને ઊંડી બેચેની થઈ. જાગ્યો એટલે મન વિચારે ચઢયું. અનંતરાય સાથે ૧૯૪૩માં ગુજરાત કૉલેજના અધ્યાપકખંડમાં પરિચય થયો હતો ત્યારથી પિસ્તાળીશ વર્ષ સુધી એમની સાથેના સંસર્ગનાં સ્મરણો જાગ્રત થયાં. એ સ્મરણો એવાં સુખદ હતાં કે મન નજીકના સ્વજન ગુમાવ્યાનો ખાલીપો અનુભવવા માંડ્યું. હજુય સાહિત્યમિત્ર શ્રી જયંત કોઠારીને મળવાનું થાય છે ત્યારે અનંતરાય યાદ આવે છે, ખાલીપાનો ભાવ ફરી સળવળે છે અને કોઠારી સાથે અનંતરાયના સરકારી સ્વભાવની અને તેમની વિદ્વત્તાની વાતો કરી મનને હળવું કરવા પ્રયત્ન કરું છું.

અનંતરાય રાવળ એટલે શિક્ષણ જગતમાં ગુજરાત કૉલેજને ઊંચી પ્રતિષ્ઠા અપાવનાર અધ્યાપકોના એક. બી. એ. અને એમ. એ. બેય પરીક્ષાઓ પ્રથમ વર્ગમાં પાસ કરેલી અને નરસિંહરાવ ભોળાનાથ જેવા કડક પરીક્ષકને પ્રસન્ન કરેલા. ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજી ત્રણે ભાષા–સાહિત્યના અભ્યાસી અને પ્રેમી–એમના ખાનગી પુસ્તકસ્ય ગ્રહમાં ડીકઠીક અંગ્રેજી પુસ્તકો ભેગાં થયેલાં. અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ માત્ર એમ. એ.નાં બે વર્ષ દરમિયાન, પણ તે બે વર્ષોમાં તેમણે અંગ્રેજી સાહિત્યદૃષ્ટિનો એવો સમતોલ પરિચય કેળવેલો કે એમના વિવેચનમાં અંગ્રેજી વિવેચન પદ્ધતિ–તેમના સમયની સ્વાભાવિક રીતે વણાઈ ગઈ લાગે છે. કૉલેજના અધ્યાપક–ખંડમાં ગયો તે પહેલાંથી વિદ્યાર્થી હતો ત્યારે, હું અનંતરાયની વિદ્વત્તા વિશે સાંભળતો. ભોગીલાલ સાંડેસરા અને ઉપેન્દ્ર પંડ્યા, બેય તેમના પ્રિય વિદ્યાર્થીઓ, મારાથી એક વર્ષ કૉલેજમાં પાછળ તેમની સાથે પરિચય થયેલો અને તેઓ અનંતરાયના ઉત્સાહી પ્રશંસક હતા. અનામી (રણજિત પટેલ) એક વર્ષ પછી આવેલા તે પણ કયારેક મને મળતા અને અનંતરાય વિશે કહેતા. ઉપેન્દ્ર પંડ્યા અને ભોગીલાલ સાંડેસરા બન્ને બી. એ. એમ. એ.માં પ્રથમ વર્ગમાં આવેલા–તેમની પહેલાં સુરિમતા મેઢ મારી સાથે જ બી. એ.ની પરીક્ષામાં બેઠેલાં અને તે અને એક બીજાં બહેન તે વર્ષે ગુજરાતીમાં પ્રથમ વર્ગમાં આવેલાં. શ્રી અનંતરાયની અધ્યાપકીય કારકિર્દીનાં એ પાંચ વિદ્યાર્થી–વિદ્યાર્થિની ભાઇબહેનો પહેલાં સુકૃણા, તેમાંથી સુરિમતા મેઢ, ઉપેન્દ્ર પંડ્યા અને અનામી સાથે આજ સુધી મારો સંપર્ક ચાલુ રહ્યો છે. અનંતરાયે મને એ મિત્રો અપાવ્યા.

અનંતરાયે મને એ ત્રણ મિત્રો કરતાંય વધુ નજીકના અને આજે ત્રીસ વર્ષથી સતત મિત્ર બની રહેલા જયંત કોઠારી આપ્યા હતા. સને ૧૯૫૬ના મે માસમાં હું ગુજરાત કૉલેજમાંથી ડેપ્યુટેશન ઉપર શહેરમાં જેઠાલાલ નામના ઉત્સાહી શિક્ષણવ્યવસાયીએ શરૂ કરેલી છોકરીઓની કૉલેજના આચાર્ય તરીકે ગયો ત્યારે ત્યાં ગુજરાતીના અધ્યાપકની જગ્યા ખાલી હતી, તે માટે બી.એ. સ્પેશિયલના વર્ગ માટે યુનિવર્સિટીએ કરાવેલી લાયકાતવાળા અધ્યાપકની જરૂર હતી. મેં અનંતરાયને એવા કોઈ ઉમેદવારનું નામ સૂચવવા કહ્યું. તે વર્ષે તેઓ એમ. એ.માં પરીક્ષક હતા. કોઠારી બી. એ.માં પ્રથમ વર્ગમાં આવ્યા હતા અને એમ. એ.નું પરિણામ નહોતું બહાર પડયું પણ તેઓ પ્રથમ વર્ગમાં આવતા હતા અને અનંતરાયે મને તેમનું નામ સૂચવ્યું. પણ કોઠારીએ પ્રકાશ કૉલેજના વહીવટી તંત્ર વિશે અણગમો થાય એવું સાંભળ્યું હતું તેથી તેઓ અરજી કરવા અચકાતા હતા. તેઓ અનંતરાયને મળ્યા, તેમને કહ્યું કે સી. એન. પટેલ આચાર્ય છે ત્યાં સુધી તમને કશી અગવડ નહિ પડે,' અને તે પછી અમદાવાદની બીજી કોઇ કૉલેજમાં તમે ગોઠવાઇ શકશો. તેમની સલાહ માની કોઠારીએ અરજી કરી અને અનંતરાયની ભલામણ માની મેં તેમની નિમણૂક કરાવી. અમે બે વર્ષ સાથે રહ્યા તે દરમિયાન કોઠારીએ મને ગુજરાતી લખતો કર્યો. તે પહેલાં ગુજરાતીમાં કોઇને પોસ્ટકાર્ડ લખવામાં પણ હું મુશ્કેલી અનુભવતો.

અનંતરાયે મારા વિશે કોઠારીને અભિપ્રાય આપ્યો તેની પાછળ ગુજરાત કૉલેજના અધ્યાપકખંડની સંસ્કારી પ્રણાલીનો ઇતિહાસ રહેલો છે. ગુજરાત કૉલેજના તે સમયના વડીલ અધ્યાપકો, અંગ્રેજીમાં શ્રી એસ. એસ. ભાંડારકર, સંસ્કૃતમાં શ્રી ક વી. અભ્યંકર, અર્થશાસ્ત્રમાં શ્રી કે. ટી. મર્ચન્ટ અને ગુજરાતીમાં શ્રી અનંતરાય રાવળ, એ ચારે અધ્યાપકોના પરસ્પર વ્યવહારમાં સૌજન્યશીલતાનું વાતાવરણ સર્જાયું હતું તેનો લાભ મારા જેવા બીજી પેઢીના અધ્યાપકોને પણ મળેલો. ગુજરાત કૉલેજના અધ્યાપકખંડનું એ શિક્ષણ મારે માટે બહુ મૂલ્યવાન બની રહ્યું છે અને આટલાં વર્ષો સુધી મને શ્રી અનંતરાય સાથે બાંધી રાખવામાં એ એક મુખ્ય તંતુ હતું.

અનંતરાયના વિદ્યાર્થીઓ પાસેથી મેં તેમની વિદ્વત્તા વિશે સાંભળ્યું હતું તે હું માનતો, પણ તેની કદર કરી શકવા જેટલો મારો પોતાનો ગુજરાતી સાહિત્યનો અભ્યાસ નહોતો. પાછળથી તેમનાં પુસ્તકો વાંચ્યાં ત્યારે એમના વિદ્યાર્થીઓનો તેમની પ્રત્યેનો અહોભાવ હું પૂરો સમજી શકયો. મેં જોયું કે તેમની પાસે કોઇ કૃતિની ઝીણવટથી પરીક્ષા કરવાની અને સાહિત્યના ઇતિહાસની સંકુલ માહિતીને પરસ્પર સાંકળી સુરેખ ચિત્ર રૂપે જોવાની બન્ને દૃષ્ટિ છે. 'સરસ્વતીચંદ્ર' ઉપરના તેમના લેખોમાં અને 'તારતમ્ય' પુસ્તકમાં ગાંધીજીના 'હિંદ સ્વરાજ' ઉપરનાં 'ગાંધીમીજાક' લેખો પહેલી દૃષ્ટિનાં ઉદાહરણ છે. અને તેમને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ તથા 'તારતમ્ય'માં છપાયેલો દિલ્હીની સાહિત્ય પરિષદમાં વિવેચન વિભાગના અધ્યક્ષ તરીકે તેમણે આપેલા ભાષણનો લેખ તેમની બીજી, ઇતિહાસનો વ્યાપ નિરીક્ષવાની દૃષ્ટિનું ઉદાહરણ છે. 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓમાં યોગ્ય પ્રતિષ્ઠા પામ્યો છે, પણ વિવેચન વિભાગના અધ્યક્ષ તરીકેના તેમના ભાષણમાં પ્રગટ થતી તેમની વિદ્વત્તા એ ભાષણમાં સંકલિત કરાયેલી વિગતોથી અપરિચિત વાચકોને કદાચ પૂરી સમજાય નહિ હોય. મને સ્મરણ છે કે 'તારતમ્ય'ને સાહિત્ય અકાદમીનું ઇનામ મળ્યું ત્યારે ઇનામ માટે એ પુસ્તકની લાયકાતની કેટલીક ટીકા થઈ

હતી. એ ટીકા કરનાર મિત્રો 'ગાંધીમીજક' લેખમાં અને સાહિત્ય પરિષદના વિવેચન વિભાગના અધ્યક્ષ તરીકેના લેખમાં પ્રગટ થતી અનંતરાયની વિશિષ્ટ શક્તિઓની કદર નહોતા કરી શકયા.

અનંતરાયની વિદ્વત્તા માટે મને આદર થયો હતો, પણ તેમની સાથે સ્નેહસંબંધ બંધાયો તે તો તેમના ગાંધીજી પ્રત્યેના અનુરાગને કારણે. ગાંધીજી વિશે તેમણે બહુ લખ્યું નથી. 'ગાંધીમીજક' લેખનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે. એક બીજો લેખ ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પ્રગટ થયેલા પુસ્તક 'અનુદર્શન'માં છપાયો છે. એ લેખ અમે બેયે 'ઇન્ડિયન ઓપિનિયન' અને ૧૯૧૯થી ૧૯૨૨ સુધીના 'નવજીવન'ના અંકોમાં પ્રસિદ્ધ થયેલા લેખોમાંથી તૈયાર કરેલી સંગ્રહની પ્રસ્તાવના રૂપે લખાયો હતો. એ સંગ્રહના લેખોની સંદર્ભનોંધો લખવાનું કામ હું પૂરું ન કરી શકયો એટલે હજુ સુધી તે છપાયો નથી. સંયોગો અનુકૂળ હશે તો ભવિષ્યમાં ફરી પ્રયત્ન કરીશ પણ સંગ્રહ માટે કોઇ પ્રકાશક મળશે કે કેમ તે શંકાસ્પદ લાગે છે.

અનંતરાયે ગાંધીજી વિશે બહુ લખ્યું નહિ હોય, પણ તેમના આચરણમાં ગાંધીજી પ્રત્યેનો તેમનો અનુરાગ સ્પષ્ટ રીતે વ્યકત થતો. તેઓ ગુજરાત કોલેજમાં ૧૯૩૪માં જોડાયા ત્યારથી તેઓ ખાદી પહેરતા. તે સમયે કોલેજના આચાર્ય ફ્રિન્ડલે શિરાઝ નામે સામ્રાજ્યવાદી મિજાજના એક સ્કોટ અર્થશાસ્ત્રી હતા. બધા અધ્યાપકોમાં ખાદી પહેરનાર એકમાત્ર અનંતરાય હતા. તે પછી ધીરજભાઈ ઠાકર જોડાયા (૧૯૪૧-૪૨માં તે પણ ખાદી પહેરતા. પણ ત્યારે આચાર્યપદે હિંદીઓની નિમણૂક શરૂ થઈ ગઇ હતી. સમય જતાં અનંતરાયનો ગાંધીસંસ્કાર એટલો ઊંડો બન્યો કે તેમણે પોતાની જનોઇનો ત્યાગ કર્યો. તેમના પાંચ પુત્રોમાંથી પહેલા બેને તેમણે ઉપનયન સંસ્કાર કરાવ્યો હતો, પણ તે પછીના ત્રણ પુત્રોને ન કરાવ્યો. અને મૃત્યુ પામ્યા ત્યારે કુટુંબના સભ્યોને સૂચના આપી કે પોતાની પાછળ શ્રાદ્ધની કે રૂઢિઆચારની બીજી કશી વિધિ ન કરાવે. શૂદ્રો, પછાત વર્ગો અને દલિતો પ્રત્યે ગાંધીજીને જે સમભાવ હતો તે પણ અનંતરાયે ઝીલ્યો હતો અને એ વર્ગોના ઉત્કર્ષ માટે જે કંઇ કરાતું તેને તેઓ આવકારતા.

ઇશ્વર ઉપર અનંતરાયની શ્રદ્ધા એટલી ઊંડી ને જીવતી હતી કે 'નારાયણ નારાયણ'નું સ્મરણ કરતાં તેઓ મૃત્યુ પામ્યા. આમ પ્રબુદ્ધ જીવન જીવી જનાર, છેલ્લાં પચાસ વર્ષના ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં એક શોભાસ્તંભ જેવા અનંતરાય રાવળને મારી પ્રેમભરી અંજલિ.

સ્વરાજ, રાષ્ટ્રભાષા ને ઉર્દૂ

★ પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

સ્વરાજ મળ્યાને ચાળીસ ચાળીસ વર્ષ વીતી ગયાં છતાં ભારત હજુ વહીવટી તંત્રમાં પોતાની રાષ્ટ્રભાષા અપનાવી શકયો નથી !

કંઈ કારણ ?

આવા વિશાળ રાષ્ટ્રમાં અનેક ભાષાઓનું પ્રચલન હોય એ સ્વાભાવિક ગણાય. પણ દેશ આખાને એકસૂત્રે સાંકળી રાખે એવી એક સંપર્કભાષા તો હોવી જોઇએ ને !

આપણે માટે ગૌરવ લેવા જેવી વાત છે કે આવી આવશ્યકતા પિછાનવાની દુરંદેશી ધરાવનાર ત્રણેય ગુજરાતના પનોતા પુત્રો હતા. આમાં સૌથી પહેલા હતા સ્વામી દયાનંદ સરસ્વતી, બીજા અર્વાચીનોમાં આદ્યકવિ વીર નર્મદ અને ત્રીજા જે આ આવશ્યકતા સાકાર કરવા સદા સક્રિય રહ્યા એ – પૂ. ગાંધીજી !

આનો પ્રારંભ તો ખૂબ જ આશાસ્પદ હતો : આપણે ઉત્સાહભેર આ ક્ષેત્રે કામે લાગી રહ્યા ! પણ એના નામ 'હિંદી'ને લઇને થોડી ગેરસમજ ઉદ્‌ભવી–"આ 'હિંદી' એટલે હિંદુઓની જ ભાષા"ને ?

ગાંધીજીએ આ ટાળવા જુદો જ – વ્યવહારુ – અભિગમ અપનાવ્યો. ભારત ત્યારે 'હિંદુસ્તાન' નામે જ ઓળખાતો હતો. (અંગ્રેજીમાં 'ઇન્ડિયા' ખરું.) એટલે 'હિંદુસ્તાન'ની ભાષા, તે 'હિંદુસ્તાની' એવું કર્યું ! રાષ્ટ્રભાષા માટે એમણે આ નામ અપનાવ્યું ને લખ્યું– 'હિંદી + ઉર્દૂ = હિંદુસ્તાની !' આ અભિગમે ઘણા વિવાદો ટાળ્યા. ગેરસમજ દુર કરી !

આમ છતાં આના સર્વમાન્ય સ્વીકારની આડે આવેલા કેટલાક વાંધાઓમાં એક જબરો વાંધો આપણે ત્યાં પ્રચલિત એક અજ્ઞાન પ્રેરિત પૂર્વગ્રહે ઉપસ્થિત કર્યો. ઘણા લોકોની માન્યતા હતી–હજુ છે–કે ઉર્દૂ મુસ્લિમ કોમોની ભાષા છે.

આમાં વાસ્તવિકતા છે ખરી ?

હવે વધતા જતા શાયરીના શોખને લઇને આપણે ત્યાં ઉર્દુનો પરિચય વધતો જાય છે, એ ખરું ! પણ રાજકારણીઓ, ભાષાવિદો, ઇતિહાસકારો, રાષ્ટ્રભાષાના પ્રચારકો ને ધાર્મિક કટ્ટરતામાં રાચનારા, ઉર્દુ અંગે ભિન્ન ભિન્ન દૃષ્ટિ ધરાવે છે. એને વિષે ઐતિહાસિક હકીકતો જાણીએ તો હાથીનાં જુદાં જુદાં અંગોને સ્પર્શીને, એને વિશે સાવ જુદા જ અભિપ્રાય આપનાર પેલા અંધજનોની વાતો જ યાદ આવે એવું છે.

આ ઐતિહાસિક હકીકત છે. ઉર્દુનો જન્મ ભારતમાં જ થયો છે. પાકિસ્તાન જન્મ્યું ત્યાં સુધી, રાષ્ટ્રની એક ભાષા તરીકે એ ભારત સિવાય દુનિયામાં અન્ય કયાંય વપરાતી નહોતી.

અલબત્ત, આ ઉર્દુ નામના મૂળમાં તો છે તુર્કી શબ્દ 'ઓર્દો' એટલે (શબ્દાર્થમાં–ઊભું કરેલું, બાંધેલું; એટલે કે તંબૂ વગેરે બાંધી ઊભી કરેલી) છાવણી, એટલે કે લશ્કરી છાવણી, લશ્કરી પડાવ ! આ ઉર્દુ !

મુગલો જોડે આવેલા સૈનિકો મુખ્યત્વે તુર્કી, અરબી ને ઇરાની હતા. અહીં સ્થાયી થવા માગતા આ મુગલો જોડે એમની સેના તો હોય જ ! એટલે સૈનિકો ને એમની છાવણી પણ ખરી જ ને !

રોજની ધરાકી મળે તો આપણે ત્યાં સરકસની બહાર પણ નાનકડું બજાર જામી જાય છે. જ્યારે આ છાવણીઓ તો હવે બારે માસની હતી ! એટલે ત્યાં પણ બજાર જામેલું ! ને સેનાની ખાધાખોરાકી તથા અન્ય આવશ્યકતાઓની જબરી માગ હોય એટલે થોડા જ વખતમાં આવું બજાર પણ આ છાવણીઓનું અંગ જ બની ગયું. પરિણામે 'ઉર્દૂ' શબ્દના અર્થમાં એ બજારનો પણ સમાવેશ થઇ ગયો.

આપણા આ વ્યવસાયીઓને મુગલોના સૈનિકોના સતત

ધનિષ્ઠ સંપર્ક, ભાષામાં આદાનપ્રદાનની પ્રક્રિયા એટલી ઝડપી ને સઘન બનાવી કે થોડા વખતમાં એક નવી જ વ્યવહારુ ભાષાએ આકાર ધારણ કર્યો. આ ભાષા મુખ્યત્વે છાવણીમાં એટલે કે 'ઉર્દુ'માં જ પ્રચલિત હોવાથી, એ 'ઝબાન-એ-ઉર્દુ' (છાવણીની ભાષા) નામે ઓળખાઇ. પછી વ્યવહારમાં એ એના ટૂંકા રૂપે માત્ર 'ઉર્દુ' નામે ઓળખાતી થઇ.

રચનામાં મોટે ભાગે ભારતીય ને શબ્દભંડોળમાં પ્રચુર પ્રમાણમાં તુર્કી, અરબી ને ફારસી શબ્દો ધરાવતી (અલબત્ત, જોડે ભારતીય શબ્દો પણ ખરા) આ ભાષાએ ધીમે ધીમે એટલો-એવો વિકાસ સાધ્યો કે થોડા જ વખતમાં, સમૃદ્ધ સાહિત્ય ધરાવવાનું ગૌરવ એણે પ્રાપ્ત કર્યું! પરિણામે સ્વાભાવિક રીતે જ એ રાજદરબારની ભાષા બનીને અંતે અદાલતોની કારવાઇમાં પણ અપનાવાઇ.

મોટા ભાગનું ઉર્દુ સાહિત્ય મુસ્લિમો માટેનું તથા મુસ્લિમો દ્વારા રચાયું હોવાથી સામાન્યજન એને મુસ્લિમોની ભાષા સમજવા પ્રેરાયા, પણ એ સાચું નથી. પ્રારંભમાં ને ત્યાર પછી પણ કેટલાયે હિન્દુઓએ ઉર્દુમાં માતબર સાહિત્ય સર્જ્યું છે.

બ્રિટિશ શાસનકાળમાં પણ ઉત્તર ભારતની અદાલતો ઉર્દુમાં કામ કરતી ને બધી જ કોમો ઉર્દુમાં વ્યવહાર ચલાવતી એય હકીકત છે. લાખો હિંદુઓ એવા હતા જે હિંદી જાણતા નહોતા, ઉર્દુ જ જાણતા હતા. ત્રીસેક વર્ષ પહેલાં, મુંબઇના ઇન્કમટેક્ષ વિભાગના એક ટ્રિબ્યુનલ જજે મને હિંદી શીખવવા માટે બોલાવ્યો હતો. એ પંજાબી હિંદુ હતા. એમને પ્રવાહી ઉર્દુ બોલતાં સાંભળી હું જોઇ જ રહ્યો! થયું – આને હિંદી નહીં આવડતું હોય!' પણ એમણે જ સ્પષ્ટતા કરી કે એ માત્ર ઉર્દુ જાણતા હતા. એમનો અભ્યાસ પણ ઉર્દુમાં જ થયેલો. આજની હિંદી એમને સમજાતી નહોતી.

હકીકતમાં હવે ઉર્દુમાં શબ્દભંડોળ ભલે પ્રચુર માત્રામાં અરબી-ફારસી શબ્દો હોય (તુર્કી શબ્દો બહુ ઓછા છે). પણ ક્રિયાપદો લગભગ બધાં જ ભારતીય છે. વાક્યરચના પણ મોટે ભાગે ભારતીય છે. આપણી ભારતીય ભાષાઓમાંયે ભાગ્યે જ એવી કોઇ ભાષા હશે જેમાં અરબી-ફારસી શબ્દો આજેય છૂટથી વપરાતા ન હોય! આપણે ત્યાંયે જીવનના બધા જ વ્યવહારોમાં કેટલાયે શબ્દો અરબી-ફારસી મૂળના હોય છે! શકરપારા, બિરંજ, શીરો, ઝવેરાત, મહેનત, શહેર, ચીમનલાલ, ખુશાલદાસ, તકિયો, ચશ્મા, સાલમુબારક, રોજ, મહેનત, મજૂર, જરૂર, વગેરે અરબી ફારસી મૂળના જ છે.

કોંગ્રેસના બંધારણમાં તો વર્ષોથી રાષ્ટ્રભાષા માટે 'હિંદુસ્તાની' નામ સ્વીકારાયેલું હતું જ! પણ સ્વરાજ મળ્યા પછી રચાયેલી બંધારણ સભામાંના કોંગ્રેસ પક્ષમાં ઉત્તર ભારતીય હિંદીભાષી લોકોએ રાષ્ટ્રભાષા માટે 'હિંદી' નામનો આગ્રહ રાખ્યો. અંતે બહુમતીથી, ને તેય એક જ વધુ મતની બહુમતીથી બંધારણમાં રાષ્ટ્રભાષાનું નામ હિંદી' રાખવું પડ્યું.

પણ સમજદાર નેતાઓ આથી અત્યંત નારાજ હતા. એટલે પછી નામ તો 'હિંદી' રખાયું પણ જોડે જ એના સ્વરૂપ વગેરે માટે બંધારણમાં નોંધ રખાઇ કે એનાં શૈલી, સ્વરૂપ ને અભિવ્યક્તિ હિંદુસ્તાની પ્રમાણે રહેશે. (with Style, Form and Expression of Hindustani.)

પણ વ્યવહારજીવનમાં હિંદીવાળાઓએ તો પૂર્વગ્રહથી પ્રેરાઇને, ભાષામાંથી વીણી વીણીને ઉર્દુ શબ્દો કાઢવા માંડ્યા. જાહેરમાં ને સાહિત્યમાં આવું ખૂબ ચાલ્યું છે. પણ એમનાયે ઘરમાં તો એ લોકોએ ઉર્દુમિશ્રિત હિંદી જ બોલતા હોય છે. આ 'હિંદુસ્તાની' જ છે ને!

રાષ્ટ્રભાષાનું સ્વરૂપ ઘડવાનો ઇજારો હિંદી માતૃભાષાવાળાઓનો જ નથી! જવાહરલાલે તો ભાષાના આવા કૃત્રિમ સ્વરૂપથી અકળાઇને એકવાર કહી જ દીધું હતું કે રાષ્ટ્રભાષા, એ હિંદી માતૃભાષાવાળાઓની ભાષા નથી.

આ પૂર્વગ્રહમાંથી આપણે તો મુક્ત થઇએ! એટલે અંશે આપણે રાષ્ટ્રભાષાના ઘડતર ને પ્રચારમાં સાચો ને યોગ્ય ફાળો આપ્યો ગણાશે.

પ્રાણીઓ ઉપર ક્રૂર પ્રયોગો

© વિજયગુપ્ત મૌર્ય

એક સમાચાર વાંચ્યા કે કુકડા પ્રત્યે ક્રૂરતા વાપરવાના ગુના માટે એક માણસ ઉપર કેસ કરવામાં આવ્યો. માંસાહાર માટે પ્રાણીઓની કતલ કરવામાં આવે છે, તબીબી વિજ્ઞાન અને બીજા કેટલાક વિજ્ઞાનના ક્ષેત્રે સંશોધન કરવા માટે પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે. તે ક્રૂરતા ખરી કે નહિ? આ પ્રશ્ન અમેરિકાથી ઓસ્ટ્રેલિયા સુધીના વિકાસ પામેલા દેશોમાં ચર્ચવામાં આવ્યો છે. તેમાં ભેદ પાડવામાં આવ્યો છે કે પ્રાણી ઉપર પ્રયોગ કરવામાં આવે કે ખોરાક માટે કતલ કરવામાં આવે ત્યારે તેમને ઓછામાં ઓછું અને ઓછામાં ઓછા સમય માટે પીડા થાય એવી રીતે હત્યા કે સંશોધન કરવું જોઇએ. દા. ત. કુકડાનો વધ કરવો હોય તો એક ફટકા વડે તેની ડોક કાપી નાખવી તેમાં ક્રૂરતા નથી એવો એક બચાવ કરવામાં આવ્યો છે, પણ બજારમાંથી કુકડો ખરીદીને તેના ટાંટિયા ઝાલી ઊંધે માથે લટકાવીને લઇ જવો કે તેને ઉકળતા પાણીમાં નાખીને મારી નાખવો કે જેથી તેનાં પીંછાં તરત જ નીકળી જાય એ નરી ક્રૂરતા છે. કેટલેક ઠેકાણે આવી રીતે હત્યા થાય છે પણ ખરી. ભૂંડને એક ફટકા વડે મારી નાખવો એ ક્રૂરતા ના કહેવાય, પણ જીવતા ભૂંડના મોંમાં અણીદાર સળિયો નાખીને સામે છેડે ગુદામાંથી કાઢવો અને દેવતા ઉપર તેને લટકાવીને રોકવો એ ક્રૂરતા છે.

પ્રાણીનો વધ ગમે તે રીતે કરવામાં આવ્યો હોય અને ગમે તે હેતુ માટે કરવામાં આવ્યો હોય, પરંતુ તેમાં ક્રૂરતાનું તત્ત્વ તો રહેલું જ હોય છે એવો સ્વીકાર કરવો પડે. ભારતમાં છે તેમ ઇંગ્લેન્ડ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં પણ પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા વાપરવા વિષે કાયદા છે અને છતાં પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા અને તે પણ અવિચારી અને નિરર્થક ક્રૂરતા વાપરવાના અસંખ્ય બનાવો રોજ-બ-રોજ બને છે. તેમાંથી ભાગ્યે જ કોઇ સામે કામ ચલાવવામાં આવે છે.

કતલખાનામાં અને વૈજ્ઞાનિક પ્રયોગોમાં જે ક્રૂરતા વાપરવામાં આવે છે તે આપણી નજરે ચઢતી નથી છતાં એમ કહેવું જોઇએ કે માનવકલ્યાણ માટે તથા આપણા પાળેલાં પ્રાણીઓના કલ્યાણ માટે કેટલીક હિંસા થઇ રહી છે. ઔષધો અને બીજા વૈજ્ઞાનિક પ્રયોગો માટે જે પ્રાણીઓનો ઉપયોગ થાય છે તેમાં કદાવર ઘોડા, ઘેટાં સસલાં વાંદરા. ઉંદર અને સસલાના કુળના ગીનીપિગ વગેરેનો સમાવેશ થાય છે. સર્પદંશના એક માત્ર ઇલાજ માટે જે ઇન્જેકશનો બનાવવામાં આવે છે તેમાં ઝેરી સર્પોને ડોકમાંથી પકડીને એક પ્યાલામાં તેમનું ઝેર કાઢવામાં આવે છે. એ ઝેર સમયે – સમયે એક તંદુરસ્ત ઘોડાના શરીરમાં વધુને વધુ પ્રમાણમાં દાખલ કરીને તેના લોહીમાં પ્રતિવિષ ઉત્પન્ન કરવામાં આવે છે ઘોડો મરી ના જાય એટલી માત્રામાં જ વિષ વધારવામાં આવે છે. જ્યારે પ્રતિવિષ વડે લોહી ભરપૂર થઈ જાય ત્યારે ઘોડાના શરીરમાંથી થોડું કે લોહી કાઢી તેમાંથી પ્રતિવિષ એકઠું કરવામાં આવે છે. અને તેમાંથી સર્પદંશના એક માત્ર ઇલાજ તરીકે એન્ટી વેનમ ઇન્જેકશન બનાવવામાં આવે છે. આ પ્રયોગમાં ક્રૂરતા નથી અને ઘોડાને બહુ ઇજા પણ થતી નથી એમ માનવામાં આવે છે. જેમ આવી રીતે એન્ટી વેનમ ઇન્જેકશન બનાવવા લોકકલ્યાણ માટે જરૂરી છે તેમ હડકવાના એકમાત્ર ઉપાય તરીકે ઇન્જેકશન બનાવવા તે પણ લોકકલ્યાણ માટે જરૂરી છે પરંતુ તે ઇન્જેકશનો ઘેટાના શરીરમાં હડકવાના વિષાણુઓ દાખલ કરીને એ વિષાણુ વડે પ્રતિવિષાણુઓ ઉત્પન્ન કરવામાં આવે છે. માણસને હડકાયું કૂતરું કરડયું હોય તો આ પ્રતિવિષમાંથી બનાવેલાં ઇન્જેકશનો એકમાત્ર ઉપાય છે. એવી રીતે કેટલાક રોગો એવા છે કે જેમના ઉપાય પ્રાણીઓ ઉપર પ્રયોગો કર્યા વિના શોધી શકાયા ના હોત દા. ત. કેન્સરનો રોગ શરીરમાં ફેલાતો અટકાવવા કે મટાડવા કોઈ રામબાણ લાગુ શોધાયો નથી તેની શોધ માટે વાંદરાના શરીરમાં કેન્સરનો રોગ દાખલ કરવામાં આવે છે. કેટલાક પ્રયોગો એવા છે કે જેમના ઉપાય શોધવાના પ્રયોગો ક્રૂરતાથી ભરેલા હોય છે, પરંતુ જે રોગના ઇલાજ મળી ચૂકયા હોય કે જે રોગના પ્રયોગોમાં સિદ્ધિ મળી ચૂકી હોય તેમાં માત્ર સ્વાનુભવને ખાતર પ્રાણીઓ ઉપર પ્રયોગો કરવા એ યોગ્ય નથી. તેમ છતાં દર વર્ષે લાખો પ્રાણીઓ ઉપર નિરર્થક ક્રૂરતા આચરવામાં આવે છે.

પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા અટકાવવાની ઝુંબેશ ઉઠાવનારી જીવદયાળુ સંસ્થાઓ ભારત સહિત ઘણા દેશોમાં છે અને પ્રયોગોમાં ક્રૂરતા કેમ ટાળવી તેની માર્ગદર્શિકાઓ પણ છે પણ તેનો અમલ થતો નથી. અથવા ઓસ્ટ્રેલિયાની જેમ અમલ કરાવવા માટે કાયદો નથી.

પ્રાણીઓના કલ્યાણ માટે ઓસ્ટ્રેલિયન સંસ્થાઓમાં ૧,૫૩,૦૦૦ સભ્યો છે, પરંતુ કેટલાક પ્રયોગોમાં ક્રૂરતા નિવારી શકાય એમ તેઓ બધા માનતા નથી. અમેરિકામાં ગાયોની વ્યકિતગત ઓળખ માટે તેમને નિશાની આપવામાં આવે છે અને એ નિશાની ધગધગતા સળિયા વડે કરવામાં આવે છે જેથી તે ભૂંસાઇ ના જાય.

વાંદરાની અને માણસની શરીરરચના ઘણી મળતી આવે છે તેથી જે પ્રયોગો માણસ ઉપર ના થઇ શકે તે વાંદરા ઉપર કરવામાં આવે છે. અમેરિકાની કેન્દ્રીય સરકારના એક પ્રોજેકટમાં વાંદરાને ડામ દેવામાં આવ્યા હતા; પણ એ પ્રયોગો કરનાર સામે રાજ્ય સરકાર કંઇ કરી શકી નહિ કારણ કે રાજ્ય સરકારના કાયદા કેન્દ્ર સરકારના પ્રોજેકટને લાગુ પડતા નથી. ઇંગ્લેન્ડની રોયલ કોલેજ ઓફ સર્જન્સની માલિકીના કેટલાક વાંદરાના કપાળ ઉપર તેમની માલિકીસૂચક અક્ષરો કોતરવામાં આવ્યા હતા. આ નિરર્થક ક્રૂરતા માટે આ કોલેજના સત્તાધીશો સામે કામ ચલાવવામાં આવ્યું હતુ. પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા અટકાવવા બ્રિટનમાં સ્થપાયેલી જીવદયા મંડળી આ વિષયમાં ઘણી જાગૃત છે અને તેને લોકમતનો સબળ ટેકો છે. આપણા દેશમાં લોકમત એવો જાગૃત નથી. ઓસ્ટ્રેલિયામાં કેન્દ્ર સરકાર સાથે જોડાયેલાં રાજ્યો છે. તેના વિકટોરિયા રાજ્યને ખેતીવાડી ખાતાએ પ્રગટ કરેલા આંકડા બતાવે છે કે ૧૯૮૩–૮૪ ના વર્ષમાં પૂરા થયેલા અથવા અધૂરા રહેલા વૈજ્ઞાનિક પ્રયોગોની સંખ્યા ૩,૮૯,૭૫૭ હતી અને તે પ્રયોગો પ્રાણીઓ ઉપર થયા હતા. ઓસ્ટ્રેલિયાની 'Csiro' નામની સંસ્થા એકલીએ તેર જાતિનાં ૧,૮૬,૪૯૯ પ્રાણીઓ ઉપર પ્રયોગો કર્યા હતા અને તે માત્ર બે વર્ષના ગાળામાં. બીજી વૈજ્ઞાનિક સંસ્થાઓએ અને સંરક્ષણ ખાતાની પ્રયોગશાળાઓએ પ્રાણીઓ પર અખતરા કર્યા હોય તે જુદા.

ઓમેગા નામના સાયન્સ ડાયજેસ્ટમાં એક લેખ જણાવે છે કે બધી સંસ્થાઓના આંકડા મળી શકયા નથી, પણ એમ તો કહી શકાય કે એકલા ઓસ્ટ્રેલિયામાં સંશોધન માટે દોઢ વરસે સરેરાશ ૪૦,૦૦,૦૦૦ પ્રાણીઓ પ્રયોગો માટે વપરાય છે. દુનિયાના બીજા દેશોમાં કેટલાંક પ્રાણીઓ વિજ્ઞાનના વિકાસ માટે યાતનાઓ સહન કરતાં હોય છે. અને તેમાં ખપી જતાં હશે! પ્રયોગો સમયે તેઓ વ્યથાની ચીસો પાડે છે અને તેમની જે દુર્દશા થાય છે તે આપણે સાંભળી કે જોઇ શકીએ નહિ એમ ઓમેગા સાયન્સ ડાયજેસ્ટના લેખકે જણાવ્યું છે. તેમાં વધુમાં વધુ પીડા વાંદરા ભોગવે છે. માણસને એકાંતવાસમાં પૂરી રાખવાથી તેના મન અને વર્તન ઉપર શી અસર થાય છે તે જાણવા વાંદરાને એકાંતમાં અંધારામાં પૂરી રાખવામાં આવે છે. શારીરિક પીડા કરતાં પણ માનસિક પીડા બહુ અસહ્ય હોઈ શકે.

જેમ માનવઅધિકારો મેળવવાની ઝુંબેશ ચાલે છે તેમ માનવતાવાદી કેટલીક સંસ્થાઓ મનુષ્યેતર પ્રાણીઓના અધિકાર માટે પણ લડત ચલાવે છે. આપણે તો આપણા અધિકારો માટે પણ જાગૃત નથી તો મનુષ્યેતર પ્રાણીઓના અધિકાર માટે લડત ચલાવનાર કેટલા હશે ?

આ ચર્ચાનો સાર એ છે કે પ્રાણીઓ માટે આપણને સહાનુભૂતિ હોવી જોઇએ, પરંતુ સમાજનો એક વર્ગ એમ માને છે કે પ્રાણીસૃષ્ટિ મનુષ્યના ઉપભોગ માટે છે, માટે ક્રૂરતા વાપર્યા વિના તેમનો ઉપભોગ ના થઈ શકે.

વચનામૃત

'સત્સંગી'

રામાયણ મહાભારત, ગીતા, ઉપનિષદો અને ભાગવતની જેમ વચનામૃત પણ ધર્મગ્રંથ છે. એટલું ખરું કે વચનામૃતનો ગ્રંથ ઉપરોક્ત ગ્રંથોની જેમ સામાન્ય જનતાની જીભે જોઇએ તેટલો ચડ્યો નથી, ઘડીભર ઘણા લોકોને 'વચનામૃત' નામ પણ નવું લાગે. તેનું એક કારણ એ છે કે વચનામૃત સ્વામિનારાયણ સંપ્રદાયનો ધર્મગ્રંથ છે તેથી તે સર્વજનસુલભ ન બન્યો હોય એ દેખીતું છે બીજું કારણ એ છે કે ભારતમાં લોકોનો વાચનપ્રેમ વધતો રહ્યો છે. વળી ભાગવતની સપ્તાહ કે સત્યનારાયણની કથા સાંભળવામાં લોકોની ધર્મ કે ભક્તિ અંગેની જિજ્ઞાસા પર્યાપ્ત થઇ જતી હોય છે. 'વચનામૃત' ગ્રંથની ભૂમિકા પરથી નજર નાખીએ. સહજાનંદ સ્વામીને સર્વગુણસંપન્ન સાધુ ગણીને તેમના ગુરુ રામાનંદસ્વામીએ તેમને ઉદ્ધવ સંપ્રદાયની ગાદીના પોતાના અનુગામી બનાવ્યા. સહજાનંદ સ્વામીએ આ નેતૃત્વ સ્વીકાર્યું ત્યારે તેમની ઉંમર માત્ર ૨૦ વર્ષની હતી. સહજાનંદ સ્વામી જે સ્થળે હોય ત્યાં હંમેશાં ધર્મસભા ભરતા. જ્યારથી તેઓ સંપ્રદાયના ગાદીપતિ બન્યા ત્યારથી તેમના અંતકાળ સુધી, લગભગ ત્રીસ વર્ષના ગાળા દરમ્યાન ગઢડા, વડતાલ, અમદાવાદ, જેતપુર, લોયા વગેરે જુદેજુદે સ્થળે ધાર્મિક સભામાં તેમણે જે ધાર્મિક પ્રશ્નોની ચર્ચા કરી તેમજ સંતો અને ભક્તોના પ્રશ્નોના જે ઉત્તર આપ્યા તે તેમના વિદ્વાન અને સમર્થ સંતોએ નોંધ કરીને પુસ્તક સ્વરૂપે પ્રગટ કર્યાં તે સહજાનંદસ્વામીનાં વચનોનો સંગ્રહ અર્થાત્ વચનામૃત.

વચનામૃત વિશે વિચારતાં પહેલાં સહજાનંદસ્વામીના સમયમાં સમાજનું વાતાવરણ કેવું હતું એનો ખ્યાલ લેવો ઉચિત બનશે. ભોજા ભક્ત સહજાનંદસ્વામીના સમકાલીન હતા. તેથી તેમના ચાબખાના શબ્દોમાં જ તે સમયનું વાતાવરણ જોઇએ. વીરપુરના સંત જલારામ બાપા ભોજા ભક્તના શિષ્ય હતા. તે સમયમાં ભભૂતિ ચોળેલા બાવા જોવા મળતા. તેઓ દોરાધાગા કરતા અને હિંસા તેમને મન સ્વાભાવિક હતી. ભોજા ભક્તે આ બાવાઓનું વર્ણન તેમના એક ચાબખામાં નીચે પ્રમાણે આપ્યું છે :-

નિત નિત દશ'ન નીમ (ભૂતપ્રેતને આપેલા બલિ-નિયમ) ધરાવે,
ઘેર આવે ત્રિયા (સ્ત્રીઓ) ટોળી;
માધ માધ કરી બાવો બોલાવે.
હૈયે કામનાની હોળી રે.
સઘળા શિષ્યોને ભેળા કરી બાવો ખાય,
ખીર ખાંડ ને પોળી;
ભોજો ભગત કહે ભવસાગરમાં,
બાવે મારી બોળી રે.

સહજાનંદસ્વામીનો જીવનમંત્ર અહિંસા હતો. આ બાવાઓનાં હિંસાત્મક વલણ અને આચરણ સામે સહજાનંદસ્વામી અમે તેમના સંતો અહિંસાથી વર્તતા અને શારીરિક કે માનસિક પીડા જે થાય તે તેઓ અદ્‌ભુત ધૈર્યથી સહન કરી લેતા. આ સમયમાં ભોજા ભગત જેવા ભક્તો ભાગ્યે જ જોવા મળે; અર્થાત્ ૧૫૦-૨૦૦ વર્ષ પહેલાંનો સમય ધર્મ, શિક્ષણ, સારા સંસ્કાર વગેરેની દૃષ્ટિએ જાગૃતિરહિત હતો તેમજ અજ્ઞાન, વહેમ, હિંસા, દેવદેવીઓ સંબંધી ખોટા ખ્યાલો, નાતજાતના વધુ પડતા કડક ભેદભાવ વગેરે લોકજીવનનાં આંખે ઊડીને વળગે એવાં તત્ત્વો હતાં. આ પરિસ્થિતિમાં હિંદુ ધર્મના ગ્રંથો જેવા કે વેદ, પુરાણો, રામાયણ, મહાભારત, ગીતા ભાગવત વગેરેનો અભ્યાસ કરીને સમાજને ધર્મ અને ભક્તિનો યોગ્ય અર્થ સમજાવનારા સમર્થ પંડિતો યોગીઓ કે સાધુસંતો ભાગ્યે જ જોવા મળે એ સમજી શકાય તેવું છે. આવા સમયમાં જિંદગીના જોખમે સહજાનંદસ્વામીએ હિંદુ ધર્મના અઘરા અને ગહન ગ્રંથોના સારરૂપે લોકો સરળતાથી સમજી શકે એવી ગુજરાતી ભાષામાં ધર્મ અને ભક્તિ સંબંધી જે સમજણ આપી છે તે વચનામૃતમાં સંગ્રહાયું છે.

અમૃત જેવાં વચનો એટલે વચનામૃત અમૃત પીવાથી માણસ અમર બને છે. તેવી જ રીતે વચનામૃતનું પાન કરીને આચરણ કરે તે અમર બને છે. માનુષી શરીર તો નાશવંત છે છતાં માણસ શી રીતે અમર બને? અભ્યાસીઓ જાણે છે કે ઉપનિષદોમાં અમર થવાની વિદ્યા આપી છે. અમર થવું એટલે શું? પોતાનામાં રહેલો આત્મા દૈવી, આનંદમય અને અમર છે એનું ખરેખર ભાન થાય એટલે અમર બનવું; અર્થાત્ જેને આ પ્રકારનું 'આત્મજ્ઞાન' થાય તે બાહ્ય આનંદો પાછળ ભટકતો નથી અને સ્થિરબુદ્ધિવાળો રહે છે. તેને દુન્યવી સુખ-દુઃખ પ્રત્યે અનાસક્તિ રહે છે, તે જગતના સઘળા પદાર્થોમાં પરમ તત્ત્વ (ભગવાન)ને જુએ છે, પરિણામે તેને માટે જન્મમરણનો પ્રશ્ન થતો નથી. સહજાનંદસ્વામીએ ઉપનિષદોમાં આપેલી ગૂઢ વિદ્યા સામાન્ય માણસ સમજી શકે એવી રીતે ભગવદ્‌ભક્તિની ભાષામાં પોતાની લાક્ષણિક ઢબથી સમજાવી છે. અલબત્ત બધું બ્રહ્મમય છે. તેથી એક વસ્તુ અને બીજી વસ્તુ વચ્ચે તાત્ત્વિક રીતે તફાવત નથી એવા અદ્વૈત મતની આકરી ટીકા સાથે તેમણે પોતાનો તીવ્ર અણગમો બતાવ્યો છે. આનું કારણ સમજવા જેવું છે. અદ્વૈતવાદને અનુસરવાનો દાવો કરતા ત્યાગીઓ વસ્તુ વસ્તુ વચ્ચે ભેદ નથી એવી માન્યતા દ્વારા અનીતિ આચરતા અને ધર્મ ધર્મને ટેકાણે રહે એવું બનતું જે શ્રી સહજાનંદસ્વામીના નિરીક્ષણની બાબત હતી વળી, ધર્મમાં રસ ધરાવતા અનેક લોકો અદ્વૈતવાદનાં નામ પર થતા ભ્રષ્ટાચારને સારી રીતે જાણે છે. આદિશંકરાચાર્ય અદ્વૈતવાદના પ્રખર હિમાયતી છતાં તેમણે ભગવદ્‌ભક્તિનાં એવાં સ્તોત્રો રચ્યાં છે કે ભક્તોને તેમજ તત્ત્વજ્ઞાનીઓને જબ્બર આશ્ચર્ય જ થાય. તેમનું भज गोविन्दं भज गोविन्द मूढमतेवाળું સ્તોત્ર તો સૌ કોઇની માટે પ્રેરક સ્તોત્ર છે.

શ્રી સહજાનંદસ્વામીનો નહિવત્ પરિચય આપ્યા પછી એમ કહેવું જરૂરી લાગે છે કે વચનામૃત માત્ર સુવાક્યોનો સંગ્રહ નથી. દૈવી વાણી અથવા તો તપસ્વીની વાણીને અમૃત સાથે જ સરખાવાય તેથી 'વચનામૃત' શબ્દ યોજાયો છે. વચનામૃતમાં પ્રશ્નોત્તરી, ચર્ચા, નિરૂપણ, આદેશ, સ્પષ્ટિકરણ વગેરે બધું વ્યવસ્થિત રીતે આપેલું છે. ભારતીય તત્ત્વજ્ઞાનમાં જીવ, જગત

અને ઈશ્વરની ચર્ચા હોય જ છે. વચનામૃતમાં પણ આવી ચર્ચા આપેલી છે અને તે સૌ કોઈ સમજી શકે તેવી સરળ ગુજરાતી ભાષામાં આપેલી છે. તે કેવળ સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રચારનો ગ્રંથ નથી. પરંતુ ધર્મ અને ભક્તિ અંગે તેમાં વિગતવાર માર્ગદર્શન છે. મનુષ્ય તરીકેનું જીવન કઈ રીતે સાર્થક બને તેની તેમાં બુદ્ધિપૂર્વકની પૂરતી છણાવટ છે તેમજ જેમને ધર્મ અને ઈશભક્તિની દિશામાં આગળ ધપવું હોય તેમને માટે ગીતા અને ભાગવત જેવો અનન્ય માર્ગદર્શક ગ્રંથ છે.

ધર્મગ્રંથ માત્ર વાંચી જવાથી કે માત્ર કથા સાંભળવાથી 'અમરત્વ' મળતું નથી. એ માટે માનસિક અને શારીરિક શિસ્ત સાથે સદ્‌ગુરુની સહાયથી સાધના કરવી પડે છે. હિંદુ ધર્મના કોઈ પણ ગ્રંથમાં આધ્યાત્મિક જીવન માટે વ્યવસ્થિત સાધનાની વાત આવે જ છે. ઘડીભર તમે કઠોપનિષદ જુઓ તો તેમાં યમરાજ નચિકેતાને આ પ્રમાણે સમજાવે છે :-

'શ્રેય-Good પસંદ કરનાર સુખ મેળવે છે પ્રેય-Pleasant પસંદ કરનાર સુખ મેળવી શકતો નથી. અજ્ઞાની હોવા છતાં પોતાની જાતને સમજદાર અને પંડિત માનીને તે એવી પ્રવૃત્તિઓ કરે છે કે અંધજનોની જેમ ફાંફાં મારે છે અને ફરીફરીને જન્મવાનાં ચક્રમાં પડે છે. જગતના પદાર્થો પ્રત્યેની આસક્તિ અને હર્ષશોકની લાગણીઓને લીધે આત્મા જોઈ શકતો નથી. માણસે પોતાની અંદર રહેલા આત્મા પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરીને આત્માના દૈવી સ્વભાવ અને સ્વાભાવિક સ્વતંત્રતાનો સાક્ષાત્કાર કરવાનો છે. આમ થાય તો હર્ષ અને શોકનો સમગ્ર ગુંચવાડો અદૃશ્ય થાય છે.' હવે આ આત્મજ્ઞાન શી રીતે મળે? તો યમરાજ કહે છે, 'માત્ર ચર્ચાથી નહિ, પણ તે માટે ઝંખના જોઈએ. જગત પ્રત્યે અનાસક્તિ કેળવવી જ જોઈએ. માટે ઇંદ્રિયો પર સંયમ અનિવાર્ય છે. જ્યારે હૃદયનાં આવરણો હટી જાય છે, ત્યારે માણસ દુન્યવી આસક્તિઓથી મુક્ત બને છે અને 'અમર' બને છે.' તમે ગમે તે ઉપનિષદ વાંચો કે ગીતા વાંચો, તેનો ધ્વનિ આ જ છે:- 'ઇચ્છારહિત બનો, જગતથી અનાસક્ત બનો અને ઇંદ્રિયસંયમ અવશ્ય રાખો. પરિણામે શબ્દાતીત શાંતિ મળે, ભગવાનને પમાય અને જન્મમરણના ફેરા ટળે.' આવી સ્થિર બુદ્ધિ હોય, તો જીવનમાં સંસારની ફરજો શ્રેષ્ઠ રીતે બજાવાય તેમજ લોકકલ્યાણની પ્રવૃત્તિ શ્રેષ્ઠ રીતે થાય જેમાં 'સંસારમાં સરસો રહે ને મન મારી પાસ'ની ટોચના ભક્તની સ્થિતિ રહે.

શ્રી સહજાનંદ સ્વામીએ ઉપનિષદોનું ઉપરોક્ત સત્ય ભગવાનની ભક્તિની ભૂમિકા પર સમજાવ્યું છે. ગીતા તમા ઉપનિષદોને અનુરૂપ ઇંદ્રિયો પર કાબૂ રાખવાનો તેમણે જે સતત ભાર સીધી રીતે અને આડકતરી રીતે મૂક્યો છે અને ઇંદ્રિયનિગ્રહ સરળ રીતે સમજાવવા માટે તેમણે જે જહેમત વાણી અને આચરણ દ્વારા લીધી છે એવું ભાગ્યે જ જોવા મળશે. ગીતામાં ઇંદ્રિયનિગ્રહની વાત આ પ્રમાણે દર્શાવી છે:

तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥

અધ્યાય ૩, શ્લોક ૪૧

અર્થાત્ "માટે હે ભરતશ્રેષ્ઠ! તું પ્રથમથી ઇંદ્રિયોને વશ કરી આધ્યાત્મિક જ્ઞાન અને તાર્કિક જ્ઞાનનો નાશ કરનાર આ પાપી કામનો ત્યાગ કર." જેમને આ વિષયમાં રસ હોય તેમણે ગીતાના ત્રીજા અધ્યાયના ૩૬ થી ૪૩ સુધીના સઘળા શ્લોકો વાંચી જવા. ગીતામાં આ સ્પષ્ટ બાબત હોવા છતાં, સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓ 'જુનવાણી' 'ચીકણા' 'અતિ ચોખલિયા' છે એમ કહીને કેટલાક લોકો નાકનું ટેરવું પણ ચડાવે છે; પરંતુ આ પ્રકારની રહેણીકરણી પાછળ શ્રી સહજાનંદસ્વામીએ બતાવેલું ઇંદ્રિયનિગ્રહનું જબરદસ્ત તત્ત્વજ્ઞાન પડેલું છે એ કેટલાક લોકોની સમજમાં આવતું નથી. હિંદુ ધર્મના પાયાની આ વાત શ્રી સહજાનંદ-સ્વામીએ પૂર્ણ કળાથી સરળ ભાષામાં કહી છે એ વચનામૃતનાં સઘળાં પ્રકરણોમાં જોવા મળશે. ઇંદ્રિયનિગ્રહનો આંખે ઊડીને વળગે એવો દાખલો શ્રી સહજાનંદસ્વામીએ એ સ્થાપ્યો છે કે ભાઈબહેનોએ સાથે મળીને કામ કરવું નહિ, તેમની વ્યવસ્થા અલગ અલગ સીધીસાદી વાત છે કે દ્વાર અને દેવતા સાથે રહે તો શું પરિણામ આવે? માણસને કથા સાંભળવા જવા માટે સ્ત્રીઓની હાજરીનું આકર્ષણ ખેંચતું રહે, તો કથામાં વૃત્તિ કેટલી ચોંટે? અને 'અમરત્વ'ની સફર પર પગ ક્યારે મંડાય?

ઇંદ્રિયદમન ન કરવું એવી મનોવૈજ્ઞાનિક સલાહનો અર્થ એવો કઈ રીતે થાય કે ઇંદ્રિયોને છૂટો દોર આપી દેવો? આ સંબંધમાં જીવનની ઉત્તરાવસ્થામાં પ્રબુદ્ધ જીવનનાં તંત્રીપદે

'પ્રબુદ્ધ જીવન'

(રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ ૩૧સ ૧૯૫૬ના અન્વયે)

(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિનું સ્થળ : રસધારા કો. ઓ હા. સોસાયટી,
: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪.

૨. પ્રસિદ્ધિનો ક્રમ : દર મહિનાની પહેલી અને સોળમી તારીખ

૩. મુદ્રકનું નામ : ચીમનલાલ જે. શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : રસધારા કો. ઓ હા. સોસાયટી,
: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪.

૪. પ્રકાશકનું નામ : ચીમનલાલ જે. શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪

૫. તંત્રીનું નામ : ડો. રમણલાલ ચી. શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫,સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪.

૬. માલિકનું નામ અને સરનામું : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-'૮૯ રમણલાલ ચી. શાહ

રહેલા ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસી, વિચારક અને પરહિત-ચિંતક શ્રી ચીમનભાઈ ચકુભાઇ શાહે આ રીતે દર્શાવ્યું છે:-'ફ્રોઇડના વિચારોમાં સત્યનો અંશ એ છે કે માણસનાં અજ્ઞાત મનમાં અસંખ્ય વિકારો ભર્યા છે. તે વિકારો ઉપર માણસ સમજણપૂર્વક સ્વપુરુષાર્થથી કાબૂ ન મેળવે અને માત્ર બહારના દબાણથી તેનું દમન કરે અને પીડાય તો વિપરીત માનસિક પરિણામ આવે. પણ તેનો અર્થ એમ નથી કે મનની વૃત્તિઓને છૂટો દોર આપવો. તે તો ગાંડપણ છે. ગાંડપણ એટલે મન ઉપરનો કાબૂ ગુમાવી બેસવો અને ચંચળ મનની વૃત્તિઓ દ્વારે ત્યાં સઢ વિનાની નાવ પેઠે ખેંચાઇ જવું. ફ્રોઇડ અને તેના જેવા ગમે તે કહે અને તેને ગમે તેવું લોભામણું સ્વરૂપ આપે. સત્ય એ છે કે સંયમ એ ધર્મ છે, સુખનો માર્ગ છે. અસંયમમાં વિનાશ છે. હજારો વર્ષ પહેલાં સ્વાનુભવથી આ સત્ય ઋષિમુનિઓએ કહ્યું અને તે સનાતન સત્ય છે. योगश्चित्त वृत्तिनिरोधः અર્થાત્ ચિત્ત-વૃત્તિનો નિરોધ એ જ યોગ છે."

આ ઇંદ્રિયો માણસને કેવો પજાડે છે તે જાણવામાં જેમને રસ હોય તેઓ પ્રબુદ્ધ જીવનના તા. ૧-૫-'૮૪ના અંકમાં માનનીય તંત્રી મહાશય ડો. રમણલાલ ચી. શાહનો 'બલવાન ઇન્દ્રિયગ્રામ' શીર્ષકવાળો તંત્રીલેખ વાંચે એવી નમ્ર વિનંતિ છે. આ લેખમાં વ્યક્તિગત જીવનનાં પતનમાં તેમજ રાષ્ટ્રીય જીવનના કાવાદાવામાં આ ઇંદ્રિયો કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે અને ભગવાન મહાવીરે ઇંદ્રિયનિગ્રહ માટે કેવો આદેશ આપ્યો છે તેની સરળ અને ખૂબ સુંદર છણાવટ વાંચનારને પોતાના જીવનના યોગ્ય વળાંકનું ભાન થાય એવી મધુર રીતે આપી છે. શ્રી સહજાનંદ સ્વામીએ આગ્રહપૂર્વક આદેશેલો ઇંદ્રિય-નિગ્રહ આજના સમયમાં તદ્દન બંધબેસતો છે અને સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યેનો પ્રવર્તતો પૂર્વગ્રહ ઉચિત નથી એ બતાવવા માટે ઉપરોકત અવતરણો યોગ્ય ગણાશે.

શ્રી સહજાનંદસ્વામીએ સાકાર ભગવાનના સિદ્ધાંત સાથે ઇશભકિતનો મહિમા સરળ ભાષામાં જનસમુદાય સમક્ષ જે ગાયો છે તે વચનામૃતમાં સતત જોવા મળશે. આમાં તેમણે ઇશભકિત માત્ર યંત્રવત્ ક્રિયાકાંડ બની રહે એવી ચીલાચાલુ વાત કરી નથી, પરંતુ મુમુક્ષુને ભગવાનનો સાક્ષાત્કાર થાય, આત્મસાક્ષાત્કાર થાય, દૈવી જીવન જીવવાનું પરમ સદ્ભાગ્ય પ્રાપ્ત થાય અને મુમુક્ષુ અનાસકત રહીને પોતાની ફરજો બજાવે એવો Superman મહાપુરુષ બને તેવી ધર્મશાસ્ત્રોના સારરૂપ ઉચ્ચ કક્ષાની ચર્ચા તેમણે સહૃદયતાથી કરી છે જે ખરેખર હૃદયસ્પર્શી છે. આ ગ્રંથમાં શાસ્ત્રોનાં વચનોનો અવતરણો પણ આપેલાં છે અને સાથે સાથે અઘરો મુદ્દો બુદ્ધિગ્રાહ્ય બને તે માટે ગમી જાય તેવાં ઉદાહરણો આપ્યાં છે. સત્સંગ જીવનમાં અનિવાર્ય છે અને કુસંગથી સદા દૂર રહેવું એનો મહિમા ખૂબ ભારપૂર્વક અવારનવાર જોવા મળશે. માણસને પોતાના જીવનવ્યવહારમાં કોઈ માણસ કૃતઘ્ની જોવા મળે તો તેનો ત્યાગ કરી દેવો એ સમજાવવા માટે શ્રી સહજાનંદસ્વામીએ પોતાના જીવનનો એક સરસ દાખલો આપ્યો છે. પ્રારબ્ધ અને પુરુષાર્થનો અટપટો પ્રશ્ન પોતાના જીવનનો દાખલો આપીને માણસને ગળે ઊતરી જાય તેવી સરળ રીતે તેમણે સમજાવ્યો છે. નીતિમય, સ્વચ્છ અને સ્વસ્થ જીવન જીવવા માટે આ ધર્મગ્રંથને દર્પણની ઉપમા આપવી યોગ્ય લાગે છે.

અલબત્ત, ધર્મ અને ભકિત આચરણની બાબતો છે તેથી જેઓ ઇશભકિતના માર્ગે જવા માગતા હોય તેમને માટે વચનામૃત માર્ગદર્શક અને પ્રેરક ગ્રંથ છે. શ્રી સહજાનંદ સ્વામી પ્રગટયા તો યુ. પી.માં આવેલાં અયોધ્યા પાસેનાં છપૈયા ગામમાં. પરંતુ તેમની કર્મભૂમિ બનવાનું સૌભાગ્ય સાંપડયું ગુજરાતને. તેમાંય તેમનું મુખ્ય મથક તો સૌરાષ્ટ્રમાં આવેલાં સામાન્ય ગામ ગઢડામાં હતું. તેમની માતૃભાષા હિંદી, તેમ છતાંય તેમણે બોધ આપ્યો ગુજરાતી ભાષામાં. લગભગ સાતસો પાનાંના આ ગ્રંથમાં ૧૬-૧૭-૧૮ દાયકાઓ પહેલાંની ગુજરાતી ભાષામાં શ્રી સહજાનંદ સ્વામીનાં વચનો સંગ્રહાએલાં છે, પરંતુ ગુજરાતી ભાષાના વર્તમાન સાહિત્યકારોએ વચનામૃતની ગુજરાતી ભાષાને યોગ્ય રીતે બિરદાવી છે. શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો મહાન ભકતો તો અવશ્ય હતા, પરંતુ તેઓ પંડિતો અને ધર્મશાસ્ત્રોના ઊંડા અભ્યાસી પણ હતા એવી માહિતી દર્શાવવી એ વચનામૃતનાં યોગ્યતા અને વિશ્વસનીયતા માટે ઉચિત લાગે છે.

વચનામૃત સામાન્ય માણસથી માંડીને વિદ્વાન લોકો સુધી સૌ કોઇને ધર્મને રસ્તે જવા માટે એક સુંદર માર્ગદર્શક ગ્રંથ છે.

સંયુકત અંક

'પ્રબુદ્ધ જીવન'ના બે અંક (તા. ૧ અને ૧૬ ફેબ્રુઆરી) સંયુકત અંક તરીકે પ્રગટ કરવાનું નકકી કર્યું હતું, પરંતુ સંજોગવશાત હવે ત્રણ અંક (૧ માર્ચ સહિત) સંયુકત અંક તરીકે પ્રગટ કરવામાં આવે છે. વિલંબ તથા આ ફેરફાર માટે ક્ષમાપ્રાર્થના.

– તંત્રી

હિન્દીમાં વિચારગોષ્ઠિ

સંઘના ઉપક્રમે રાષ્ટ્રભાષા હિન્દીમાં એક વિચારગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમની વિગત આ પ્રમાણે છે.

વકતા : ડો. રામમનોહર ત્રિપાઠી

મહારાષ્ટ્ર વિધાન પરિષદના સભ્ય અને નગરવિકાસ ખાતાના ભૂતપૂર્વ રાજ્યમંત્રી

વિષય : राष्ट्रभाषा हिन्दी का जैन साहित्य पर प्रभाव

અધ્યક્ષ: ડો. રમણલાલ ચી. શાહ

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ

૩૮૫, સરદાર વી. પી. માર્ગ, મુંબઇ - ૪૦૦૦૦૪

દિવસ : શનિવાર, ૧૧મી માર્ચ, ૧૯૮૯

સમય : સાંજના ૫-૪૫ કલાકે

સર્વેને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

અસંતલાલ નરસિંહપુરા સંયોજક

કે. પી. શાહ
નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ કૃત
'જિનદેવદર્શન'

પ્રા. કાન્તિભાઈ બી. શાહ

'જૈન ગુર્જર કવિઓ' અને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' જેવા સમૃદ્ધ ગ્રંથો દ્વારા ગુજરાતી સાહિત્ય સંશોધન ક્ષેત્રે અતિ વિરલ પ્રદાન કરી જનાર શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇએ એમની પચીસ વર્ષની યુવાન વયે જ ઇ.સ. ૧૯૧૦માં બે મહત્ત્વનાં પુસ્તકોની ભેટ ધરેલી: જેમાંનું એક છે સામાયિકક્રિયા વિશેની તાત્ત્વિક વિચારણાનું પુસ્તક 'સામાયિક સૂત્ર' અને બીજું જિનદર્શનનો મહિમા, હેતુ અને એની વિધિ આલેખતું પુસ્તક 'જિનદેવદર્શન'. 'સામાયિક સૂત્ર'ની જેમ જ 'જિનદેવદર્શન'ની પણ બે આવૃત્તિઓ પ્રગટ થયેલી. પહેલી આવૃત્તિ ૧૯૧૦ માં પ્રગટ થઇ. એની બે હજાર નકલો બેએક વર્ષમાં જ ખપી જતાં, પ્રાસ્તાવિક લેખ વિશેષ પ્રસ્તાવ' અને 'પરિશિષ્ટ'ના ઉમેરા સાથે એની બીજી આવૃત્તિ ૧૯૨૪માં પ્રકાશક મેઘજી હીરજીએ પ્રગટ કરી. આ આવૃત્તિ પણ શ્રી મોહનલાલે જ રસ લઇ તૈયાર કરી આપી.

જિનેશ્વર ભગવાનનાં દર્શન, વંદન, સ્તુતિ, પૂજા આદિ (એના હેતુ અને વિધિના વિવરણ સહિત) વિશે લખવાની ઇચ્છા તો શ્રી મોહનલાલના મનમાં પડેલી જ હતી, પણ એનું મુખ્ય નિમિત્ત બન્યું મુનિશ્રી ચારિત્રવિજયજી પાસે તદ્વિષયક પડી રહેલી કેટલીક ટૂંકી અપૂર્ણ નોંધો. એ નોંધો મુનિશ્રીએ મોહનલાલને આપી. મનમાં પડેલી ઇચ્છાને ગતિ મળી અને છેવટે એ નોંધોનો પોતાની રીતે સાદી સરળ શૈલીમાં કરેલો આયોજનપૂર્વકનો વિશદતાભર્યો વિસ્તાર તે આ 'જિનદેવદર્શન' નામનું નાનકડું પુસ્તક.

આ પુસ્તક લખવામાં મુખ્યત્વે 'દેવવંદન ભાષ્ય'નો આધાર લેવાયો છે. તે સિવાય 'કલ્યાણમંદિર', 'ભક્તામર સ્તોત્ર', 'શ્રી આનંદઘનજી ચોવીશી', 'શ્રી દેવચંદ્ર ચોવીશી'નો પણ યથાસ્થાને ઘટતો ઉપયોગ થયો છે. એમાંથી જે દૃષ્ટાંતરૂપ પદ્યાંશો ટાંકવામાં આવ્યા છે તેમણે કૃતિને રસાળ બનાવવામાં સહાય પણ કરી છે.

માણસ કોઇ પણ વિધિ કરે ત્યારે જો એ વિધિ પાછળનો હેતુ લક્ષમાં રાખી એનું આચરણ કરવામાં આવે તો વિશેષ કલ્યાણકારી નીવડે છે. આ બાબતને ધ્યાનમાં રાખી શ્રી જિનદેવનાં દર્શન કયા પ્રકારે કરવાં, કયા હેતુથી કરવાં અને ત્યારે શી-શી ભાવના ભાવવી તે આ પુસ્તકનો મુખ્ય વિષય બન્યો છે. અને તેને અનુષંગે જિનપૂજાના સામાન્ય સ્વરૂપની પણ વિચારણા કરાઇ છે.

દેવવંદનભાષ્ય આદિ ત્રણ ભાષ્યોના અભ્યાસક્રમ સંદર્ભે પાઠશાળાઓમાં આ પુસ્તક ઉપયોગી અને વિદ્યાર્થીગ્રાહ્ય બની રહે તે દૃષ્ટિએ આ પુસ્તકની ભાષા સાદી અને સરળ રાખવામાં આવી છે.

લેખકે આખા પુસ્તકને નાનામોટા કુલ ૬૪ વિભાગોમાં વહેંચ્યું છે. અને તમામ વિભાગોને પેટાશીર્ષકો પણ અપાયાં છે, જે શ્રી મોહનલાલના લખાણની આયોજનપદ્ધતિનાં સૂચક બની રહે છે.

પુસ્તકનો આરંભ વીતરાગ પ્રભુને નમસ્કારથી-મંગલાચરણથી કરવામાં આવ્યો છે. પછી આનંદઘનજીની પંક્તિઓ ટાંકીને પ્રભુમૂર્તિનું વર્ણન કરવામાં આવ્યું છે. રોજિંદી ધર્મક્રિયાઓમાં પ્રભુદર્શનને આવશ્યક એવી ઉત્તમ ક્રિયા ગણવામાં આવી છે; કેમકે પ્રભુદર્શનમાં પ્રભુનાં ગુણગાન, નામસ્મરણ, સ્તુતિપાઠ-ધ્યાન ઇત્યાદિનો સમાવેશ થતાં તેનાથી પ્રભુસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. એનાથી અશુભ કર્મોનો ક્રમિક ક્ષય થતાં અને આત્મા પરમાત્મામાં મગ્નતા પામતાં, આત્મા મોક્ષનો અધિકારી બને છે. આમ દેવદર્શનનો હેતુ દેવના ગુણોનું ધ્યાન કરી તેમની પેઠે આપણાં કર્મોનો ક્ષય કરવાનો છે.

આ દર્શન સમયે મનની સ્થિરતા કાજે અત્યંત શાંતિ હોવી ઘટે; જેથી મન ઉપર શુદ્ધ પુદ્ગલોની વધુ સારી અસર થતી રહે. જો શાંતિને બદલે અશાંતિ હોય તો ચાર પ્રકારનાં ઘનઘાતી કર્મો બંધાય છે. અહીં લેખકે ૧. જ્ઞાનાવરણીય કર્મ, ૨. દર્શનાવરણીય કર્મ, ૩. મોહનીયકર્મ અને ૪. અંતરાયકર્મ –એ ચાર પ્રકારનાં કર્મોનું સંક્ષિપ્ત વિવરણ કર્યું છે.

જિનદર્શન કરનારમાં ઊંચા પ્રકારનું મતિ અને શ્રુત જ્ઞાન જોઇએ. તે ઊંચા પ્રકારનું ન હોય તો ભાષાજ્ઞાન અને અર્થજ્ઞાન તો અવશ્ય જોઇએ. ભાષાજ્ઞાન વિના પ્રભુગુણ વર્ણવી શકાય નહીં અને અર્થજ્ઞાન વિના એનું રહસ્ય પામી શકાય નહીં. આમ પ્રભુદર્શન કરવામાં શાંત વાતાવરણ અને જ્ઞાનની આવશ્યકતા લેખકે સમજાવ્યાં છે. પછી મનની શુદ્ધિ અને એકાગ્રતાનું વિવરણ કરતાં આનંદઘનજીનું એક સુંદર પદ ટાંકીને એનું સમર્થન કરવામાં આવ્યું છે.

'નટુઆ નાચે ચોકમેં રે, લોક કરે લખ સોર,
બાંસ ગ્રહી વરતે ચઢે, વા કો ચિત્ત ન ચલે કહું ઓર રે મના.
જૂઆરી મનમેં જૂઆ રે, કામી કે મન કામ,
આનંદઘન પ્રભુ યું કહે, તુમે ધ્યો ભગવંત કો નામ રે મના.'

દેવવંદનના બે પ્રકાર છે. ૧. દ્રવ્યવંદન અને ૨. ભાવવંદન. પણ ઉત્તમ વંદન તે છે જેમાં કાયા, વચન અને મન– એ ત્રણેના વ્યાપાર વડે ત્રિકરણશુદ્ધિથી આત્માની પરિણતિ કરાય છે. દેવદર્શનની જેમ દેવવંદનનો હેતુ પણ એ જ છે કે તે પરમપદ સમા મોક્ષનો માર્ગ ચીંધવામાં પરોપકારી બને છે.

'અરિહંત' અને 'સિદ્ધ' બન્નેનો 'દેવ'માં સમાવેશ કરી પછીના બે ખંડોમાં અરિહંત અને સિદ્ધનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. 'અરિહંત'ના ત્રણ પાંચની શબ્દાર્થ ચર્ચા પણ અહીં થઇ છે. અરિહંતના ૧૨ ગુણ છે, જેમાંના ૮ પ્રાતિહાર્ય કહેવાય છે ને ૪ આતિશય. પ્રાતિહાર્ય એટલે જે પ્રતિહાર્ય તરીકે પ્રભુ પાસે રહે છે તે. તે આ પ્રમાણે છે: ૧. અશોકવૃક્ષ ૨. દેવતાઓથી થતી પુષ્પવૃષ્ટિ ૩. દિવ્યધ્વનિ ૪. ચામર ૫. સિંહાસન ૬. ભામંડલ ૭. દુંદુભિ ૮. છત્ર. આ પ્રાતિહાર્યનો વિચાર કરતાં એમાં જે ભાવના મૂકી શકાય તો હૃદય ઉલ્લસિત બને છે. ચાર આતિશયો આ પ્રમાણે છે: ૧. અપાયાપગમાતિશય ૨. જ્ઞાનાતિશય ૩. પૂજાતિશય ૪. વચનાતિશય. પ્રભુની આ ચાર ઉત્કૃષ્ટતાઓ છે.

આ ઉપરાંત તીર્થંકરની વાણીના ૩૫ ગુણો અને ૩૪

અતિશયોનો પરિચય અહીં અપાયો છે.

તે પછી 'સિદ્ધ'નું સ્વરૂપ વર્ણવાયું છે. સિદ્ધ આઠ કર્મોથી રહિત છે અને આઠ કર્મે સહિત છે. આ આઠ કર્મો એકેક ખપાવવાથી સિદ્ધનો એકેક ગુણ પ્રાપ્ત થાય છે. આ કર્મો છે : ૧. જ્ઞાનાવરણીય ૨. દર્શનાવરણીય ૩. અંતરાય ૪. મોહનીય ૫. નામ ૬. ગોત્ર ૭ વેદનીય અને ૮ આયુષ્ય. અને તે તે કર્મ નાશ પામતાં અનુક્રમે ૧. કેવલજ્ઞાન ૨. કેવલદર્શન ૩. અનંતવીર્ય ૪. ક્ષાયક સમ્યકત્વ ૫. અરૂપીપણું ૬. અગુરૂલઘુત્વ ૭ અવ્યાબાધ સુખ અને ૮. અક્ષયસ્થિતિ–એ આઠ ગુણો પ્રાપ્ત થાય છે.

આવા ગુણોથી યુકત એવા દેવને દ્વારે કેવા ભાવ અને વિધિપૂર્વક જવું જોઇએ એની વાત હવે લેખક કરે છે એમાં પ્રથમ આવે છે અંગશુદ્ધિ. પછી દશત્રિકનું ક્રમશ: વિશ્લેષણ કરાયું છે. ૧. નૈષેધિકી ૨. પ્રદક્ષિણા ૩. પ્રણામ ૪. પૂજા ૫. અવસ્થા ૬. દિશા ૭. પદભૂમિપ્રમાર્જન ૮. આલંબન ૯. મુદ્રા અને ૧૦. પ્રણિધાન એ દશત્રિક છે. એમાંથી ચોથા પૂજાત્રિકની થોડીક વાત કરીએ.

પ્રભુજીની ત્રણ પ્રકારની પૂજા ગણાવવામાં આવી છે :

૧. અંગપૂજા : જેમાં પ્રભુજીના શરીરની પૂજા કરવાની છે. આ પૂજા કરતી વખતે મન, વચન, કાયા, વસ્ત્ર, પૂજાનાં ઉપકરણો અને ભૂમિ–એ છની શુદ્ધિ રાખવાની હોય છે. પછી ઉત્તરાસંગ ધારણ કરીને આ પૂજા કરવાની હોય છે. આ પૂજામાં જિનબિંબને મોરપિચ્છ કે પુંજણીથી પુંજવાનો, નવરાવવાનો, અંગ લૂછવાનો, વિલેપનનો, આંગીનો, વાસક્ષેપ પૂજાનો સમાવેશ થાય છે. અંગપુજાના મુખ્ય ૫ ભેદ કહ્યા છે. ૧. જલવણ ૨. ચંદન ૩. પુષ્પ ૪. ધૂપ ૫ દીપ.

૨. અગ્રપૂજા : અગ્રપૂજાના ત્રણ ભેદ છે : ૧. અક્ષત ૨.નૈવેદ્ય ૩. ફળ આમ અંગપુજાના ૫ અને અગ્રપૂજાના ૩. પ્રકાર મળી અષ્ટપ્રકારી **દ્રવ્યપૂજા** બને છે. આ જ રીતે પૂજાના વિવિધ ૧૭ ભેદો, ૨૧ પ્રકારો પણ પાડી શકાતા હોઇ સત્તરભેદી પૂજા. એકવીસ પ્રકારી પૂજા એ નામે પણ જિનપૂજાને ઓળખવામાં આવી છે.

૩. ભાવપૂજા : ભાવપૂજા એટલે ગુણ-ગુણીના એકત્વરૂપ પૂજા. ભાવપૂજાના બે પ્રકાર છે. ૧. પ્રશસ્ત ભાવપૂજા અને ૨. શુદ્ધ ભાવપૂજા. પ્રશસ્ત એટલે ગુણી ઉપર રાગ. પણ પત્ની કે પુત્ર ઉપરનો રાગ કર્મ બંધરૂપ છે; જ્યારે પંચપરમેષ્ઠીના ગુણીપણાનો રાગ પ્રશસ્તરાગ છે જે પુણ્યબંધનો હેતુ છે. શુદ્ધ ભાવપૂજા એટલે અરિહંત આદિના ગુણો અનુસાર પ્રવૃત્તિ કરીને, અરિહંતના ગુણને અનુસારી કરીને તન્મયતા સાધવી તે.

આ પૂજામાંથી દ્રવ્યપૂજા (અંગપૂજા અને અગ્રપુજા) કરવાનો અધિકાર શ્રાવક-શ્રાવિકાઓનો છે. સાધુસાધ્વીઓને ભાવપુજાનો અધિકાર છે દહેરાસરમાં જઈ આપણે જે ચૈત્યવંદન કરીએ છીએ તે ભાવપુજા છે.

ચૈત્યગૃહમાં કરવાની ક્રિયાની સફળતા માટે તે સ્થળે આશાતના દૂર કરવી જોઇએ. જે ૮૪ પ્રકારની આશાતનાઓ છે તેની યાદી પણ અહીં પ્રસ્તુત કરાઇ છે.

આ પછી લેખકે ચૈત્યવંદન કરતાં બોલવાનાં સૂત્રો અને અને એના ક્રમના હેતુઓની વિસ્તૃત સમજ આપી છે.

આ રીતે આ નાનકડા પુસ્તકમાં દહેરાસરમાં જઇ આપણે પ્રભુજીનાં જે દર્શન, વંદન, પૂજન કરીએ છીએ તેના હેતુ અને વિધિની વિવરણ સહિતની યોગ્ય સમજ લેખકે આપી છે. 'સામાયિકસૂત્ર'ની જેમ અહીં પણ એમની લેખનશૈલીમાં વિભાગીકરણો, વર્ગીકરણો, પ્રકારો – પેટાપ્રકારોનાં વિષય વહેંચીને ક્રમિક વિશ્લેષણાત્મક રજૂઆત કરવાની એક સુઆયોજિત પદ્ધતિ જોવા મળશે. દૃષ્ટાંતો તરીકે મુકાયેલાં કાવ્યાવતરણોએ વિષયને રસાળ બનાવવામાં સહાય કરી છે. વળી ફેરફુદરડી, જિનદેવદર્શનના વિધિ-હેતુઓની વાત કરતાં કરતાં આ પરત્વે શ્રાવક-શ્રાવિકાઓનો વાસ્તવિક આચાર – વ્યવહાર કેવો વિપરીત જોવા મળે છે તે વિશે પણ લેખક આપણો કાન આમળતા ગયા છે. દહેરાસરમાં જઇ ઘણે મોટેથી ઘંટનાદ કરવો, ઝૂમઝરાડા પાડીને સ્તવન ગાવું-વગેરે જેવી કેટલીયે બાબતોની લેખકે ટીકા કરી છે. આવી એક ટીકા લેખકના જ શબ્દોમાં જોઇએ:

'હમણાંના લોકો બાહ્ય આડંબરમાં જ મોહી રહ્યા છે. ઘેર આવીને વીતરાગ મુદ્રાનાં વખાણ એક કોર રહ્યાં, પરંતુ આંગીનાં જ વખાણ આપણે સાંભળીએ છીએ, અને તે આવી રીતે કે 'ઓહો! આંગી કેવી સરસ હતી! હાર કેવો સુંદર લીલમનો હતો! ઘડીઆળ કેવું શોભતું હતું! આમ થવાથી મૂળ વસ્તુ ભૂલી જવાય છે.....'

રોજિંદી છ આવશ્યક ક્રિયાઓમાંથી એક અતિ મહત્ત્વની જિનદેવ-દર્શન-ચૈત્યવંદનની આવશ્યકક્રિયાના સંસ્કારો દૃઢ કરવા માટે અને તે વિશેની સાચી-શુદ્ધ સમજ કેળવવા માટે પ્રત્યેક શ્રાવક-શ્રાવિકાએ શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇનું, સાદી સરળ ભાષામાં લખાયેલું આ નાનું પુસ્તક વાંચી જવું ઘટે.

સંઘના ઉપક્રમે બે કાર્યક્રમો

● સોલી સોરાબજીનું પ્રવચન

સંઘના ઉપક્રમે ભારતના ભૂતપૂર્વ એટર્ની જનરલ અને સુવિખ્યાત ધારાશાસ્ત્રી શ્રી સોલી સોરાબજીનું 'ભારતની લોકશાહી કઇ દિશામાં?' એ વિષય પરનું એક પ્રવચન સોમવાર, તા. ૯મી જાન્યુઆરી, ૧૯૮૯ના રોજ ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરની કમિટિરૂમમાં રાખવામાં આવ્યું હતું.

વ્યાખ્યાનના પ્રારંભે કાર્યક્રમના પ્રમુખ શ્રી અમરભાઈ જરીવાલાએ વ્યાખ્યાતાનું સ્વાગત કરવાની સાથે તેમનો પરિચય આપ્યો હતો.

શ્રી સોલી સોરાબજીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે લોકશાહી માટે સ્વતંત્ર અખબારો અને સ્વતંત્ર ન્યાયતંત્ર એ બે ઘણી મહત્ત્વની સંસ્થાઓ છે. સત્તાધીશોના દબાણ છતાં આ બે સંસ્થાઓ તેમનું માથું ઊંચું રાખી શકી છે એ આપણા માટે ગૌરવની વાત છે. તાજેતરમાં જ બંદનક્ષી ખરડા વખતે દેશનાં તમામ અખબારોએ એક થઇને દેશમાં પ્રચંડ લોકમત જાગૃત કર્યો હતો. એથી સરકારને આ લોકમતને દાદ આપીને આ ખરડો પાછો ખેંચવો પડ્યો હતો.

લોકશાહી માટે આ એક સારી નિશાની છે. આમ છતાં અખબારી આલમમાં કેટલાક ચમચાઓ ઘૂસી ગયા છે.

લોકોમાં સામાજિક અને આર્થિક અસમતુલા, મહિલાઓ પ્રત્યેનો ભેદભાવ, અસ્પૃશ્યતા વગેરે જ્યાં સુધી દુર થાય નહીં થાય ત્યાં સુધી આપણે ખરી લોકશાહી ભોગવીએ છીએ એમ કહેવાશે નહીં. દેશનું ન્યાયતંત્ર ભલે ગમે તેટલું કથળી ગયું હોય; પરંતુ કોર્ટોએ ખરેખર લોકોના હકકોને થોડેઘણે અંશે રક્ષણ અને સમર્થન તો આપ્યાં જ છે. પરંતુ બીજી બાજુ દેશમાં બની રહેલા અનેક ગુનાઓ અને તેની સામે ગુનેગારોને મળતી છટકબારીઓ જોતાં દેશના ન્યાયતંત્રની હાલત ઘણી ગંભીર જણાય છે. એક સામાન્ય ઉદાહરણ જોવા જઇએ તો સિંગાપુર જેવા નાના દેશમાં આજે લોકોને ન્યાયતંત્ર પાસેથી અભૂતપુર્વ રક્ષણ મળી રહ્યું છે.

આપણા દેશમાં આજે પણ અસમાનતાનું ધોરણ એટલું વધુ છે કે જેટલું સ્વતંત્રતા મળ્યા પહેલાં હતું. આજે પણ આ દેશમાં સ્ત્રીઓને નીચા સ્તરે રાખીએ છીએઅને તેની સામે પૂર્વગ્રહ રાખીએ છીએ. આજે પણ આપણા દેશમાં અસ્પૃશ્યતા છે. ઉદાહરણ તરીકે તાજેતરમાં જ નાથદ્વારાના મંદિર બાતે હરિજનોને મંદિરમાં જતા અટકાવાયા હતા અને તેઓને મારવામાં પણ આવ્યા હતા. આ પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે અને તે આપણા દેશના લોકોની એક ખામી પુરવાર કરી આપે છે, ખામી દુર થવી જ જોઇએ,

આપણા દેશમાં કાયદો જે ભાગ ભજવી રહ્યો છે. તેને ધ્યાનમાં લઇએ તો ઘણા ખરા અંશે ખરેખરા ગુનેગારોને મુકત કરે છે અને ઓછા ગુનેગારોને લાંબા સમય સુધી પરેશાન કરે છે. જો કોઈ વી. આઇ. પી. ફેરાનો ભંગ કરે અને તે લોકો સમક્ષ માફી માગવા ઊભો રહે તો તેને મુકિત મળી જાય છે, પરંતુ ઓછા ગુનો કરનારાઓએ લાંબા સમય સુધી કોર્ટમાં ધકકા ખાવા પડે છે.

સંઘના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણભાઇ કે. શાહે આભારવિધિ કર્યા બાદ કાર્યક્રમની સમાપ્તિ થઇ હતી.

* * *

તુલસીદાસ-સુરદાસ વિશે વ્યાખ્યાનો

સંઘના ઉપક્રમે સ્વ. મંગળજીભાઈ ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્વાસત્રનાં વ્યાખ્યાનો સોમવાર મંગળવાર, તા. ૧૬ અને ૧૭, જાન્યુઆરી, ૧૯૮૯ના રોજ ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટિરૂમમાં યોજવામાં આવ્યાં હતાં. બે દિવસના આ કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલે તુલસીદાસ અને સૂરદાસ પર બે વ્યાખ્યાનો આપ્યાં હતાં.

કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી વાસંતીબહેન દાણીની મંગળ પ્રાર્થનાથી થયો હતો. સંઘના અને કાર્યક્રમના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે સૌનું સ્વાગત કર્યું હતું. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે આજના વ્યાખ્યાતા અને તેમનાં વ્યાખ્યાનો પ્રત્યે આનંદ વ્યકત કર્યો હતો. કાર્યક્રમના સંયોજક પ્રા. તારાબહેન ર. શાહે વ્યાખ્યાતાનો પરિચય આપ્યો હતો.

શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલે પોતાના પ્રથમ વ્યાખ્યાનમાં સુરદાસ વિશે બોલતાં જણાવ્યું હતું કે સુરદાસ એટલે ભકિતરસનું ઝરણું. તેઓને શ્રીમદ્ વલ્લભાચાર્યે ભકિતના સાગર કહ્યા છે. તો શ્રી વિઠ્ઠલજીએ તેમને પુષ્ટીમાર્ગનું જહાજ કહ્યા છે. 'અખિયાં મેરી હરિદરસન કી પ્યાસી' જેવાં મધુર કર્ણપ્રિય પદો લખનાર સુરદાસ જન્મથી અંધ હોવા છતાં તેમની દરેક રચનાઓ ભાષાલાલિત્યથી સભર અને શાસ્ત્રીય રાગોથી યુકત છે. સારસ્વત બ્રાહ્મણ કુળમાં જન્મેલા સુરદાસ જન્મથી જ સંસાર પ્રત્યે વિરકત હતા.

સોળમા શતકમાં થયેલા ભકતકવિ સુરદાસે વ્રજભાષામાં સવાલાખ પદો લખ્યાં છે. તેમના વિશે એક કવિએ કહ્યું છે કે 'સુર સુર તુલસી શશિ' અર્થાત્ આ સૃષ્ટિ પર સુરદાસ સૂર્યરૂપે અને તુલસીદાસ ચંદ્રરૂપે પોતાની અપ્રતિમ કાવ્યકલાથી પ્રકાશે છે. સૂરદાસે હિન્દી ભાષાના વિકાસ માટે એક યુગ-પ્રવર્તક તરીકે કાર્ય કર્યું છે. તેઓ પાસે સુંદર કંઠ, સંગીતની ઉચ્ચ સમજ અને કાવ્ય રચવાની અપ્રતિમ કાલા એવી સાધ્ય હતી કે બહુ નાની વયથી જ તેઓ લોકોના હૃદય સુધી પહોંચી શકયા હતા.

બીજે દિવસે તુલસીદાસ પરના વ્યાખ્યાનમાં શ્રી રૂપારેલે જણાવ્યું હતું કે નિસ્પૃહી, નિર્મોહી, નિજાનંદમાં મસ્ત રહેનાર રામ એ જ આપણા તુલસીદાસ. તેમનું મૂળ નામ રામ હતું. પરંતુ પાછળથી તેઓ તુલસીદાસ તરીકે પ્રસિદ્ધ થયા હતા. સોળમા સૈકામાં થયેલા તુલસીદાસ યમુના નદીના તટ પરના રાજપર ગામના બ્રાહ્મણ પરિવારનું સંતાન હતા. એવું કહેવાય છે કે તેઓ અશુભ નક્ષત્રમાં જન્મ્યા હોવાથી માબાપે તેમને તજી દીધા હતા. તેઓ રત્ના નામની સ્ત્રીને પરણ્યા હતા. આ સ્ત્રીએ જ તેમના આત્માને જગાડયો હતો અને પછી તો તેઓ ભકતકવિ તરીકે પ્રસિદ્ધિને પામ્યા. તેઓએ ઘણી રચનાઓ કરી છે. તેમાંની (૧) રામચરિત માનસ (૨) કવિતાવલી (૩) દોહાવલી (૪) ગીતાવલી અને (૫) બરવઇ રામાયણ એ પાંચ અતિ મહત્ત્વની ગણાઇ છે.

'રામચરિત માનસ', એ તુલસીદાસની શ્રેષ્ઠ કૃતિ છે, તે બધા ગ્રંથોમાં સુમેરુ છે. જો તુલસીદાસે 'રામચરિત માનસ'નું સર્જન ન કર્યું હોત તો મહર્ષિ વાલ્મીકિનું રામાયણ આટલું બધું લોકપ્રિય ન થઇ શકયું હોત. આપણા દેશમાં વર્ષોથી ભજવાતા 'રામલીલા'નું ઉદ્ભવસ્થાન પણ આ 'રામચરિતમાનસ' જ છે.

સુરદાસની રચનાઓ જેમ વ્રજ ભાષામાં હતી તેમ તુલસીદાસની રચનાઓ અવધિ ભાષામાં હતી. સાહિત્યિક દ્રષ્ટિએ ભાષાનું ઊંડાણ સુરદાસમાં જોવા મળે છે, તો તુલસીદાસની રચના સામાન્યજનપ્રવાહને સ્પર્શે તેવી છે. સુરદાસ કૃષ્ણભકિતની મર્યાદા બહાર જતા નથી, તો તુલસીદાસ માત્ર રામની જ નહિ કૃષ્ણ અને શિવજીની પણ રચના પેશ કરે છે. અને તેથી તુલસીદાસનો વિસ્તાર વ્યાપક અને સર્વ જનસમુદાય સુધી પહોંચે તેવો છે.

કાર્યક્રમના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે આ વ્યાખ્યાન-શ્રેણીની સરસ સમીક્ષા કરતું પ્રવચન કર્યું હતું. પ્રા. તારાબહેન ર. શાહે આભારવિધિ કર્યા બાદ બે દિવસની આ વ્યાખ્યાન-શ્રેણીની પુર્ણાહુતિ થઇ હતી.

સંકલન : ચીમનલાલ કલાધર

આ અકળ અવનિ

● તનસુખ ભટ્ટ

ભૂતકાળની ગૌરવગાથા ગાવામાં એક ભયસ્થાન રહેલું છે. દરેક જમાનાના વૃદ્ધ પુરુષો પોતાના આ આયુષ્યકાળને સુવર્ણ યુગ ગણાવીને વર્તમાનકાળને કળિકાળ કહે છે. એક દ્રષ્ટિએ જોતાં આ ઉદ્‌ગારો યથાર્થ ભાસે છે તેમજ અયથાર્થ પણ ભાસે છે. જ્યારે માનવજાતિનો જન્મ પૃથ્વી ઉપર ન હતો ત્યારે મોટાં માછલાં નાનાં માછલાંને ગળતાં તે આજે પણ ગળે છે. એને મત્સ્યન્યાય કહે છે. પછી પશુપંખી થયાં. માંસલક્ષી પશુઓ તૃણલક્ષી પશુઓને મારી ખાતાં તથા માંસભક્ષી ગરુડ, સમળા, બાજ, કાગડો વગેરે પક્ષીઓ કબુતર, હોલાં, લાવરી, ચકલી જેવાં નાનાં પક્ષીઓને મારી ખાતાં. સાપ ઉંદર ગળતા અને અજગર સસલાં કે ઘેટાં – બકરાનાં બચ્ચાં ગળતાં આને 'जीवो जीवस्य जीवनम्' એમ કહે છે. જંગલી મનુષ્યો શિકાર કરતા. મનુષ્ય ખેતી શીખ્યો, સુતારીકામ અને મોચીકામ શીખ્યો, તે સમયે ખેતરોનાં ખેતરો લૂંટાતાં, તૈયાર માલ લૂટાતા. આથી સંસ્કૃતિનો વિકાસ થતાં હિંસક પદ્ધતિનો પણ વિકાસ થયો અને શિકારમાંથી ચોરી-લૂંટ સુધી હિંસક સ્વભાવ પણ વિકસ્યો. શ્રીકૃષ્ણે અર્જુન સાથે દ્વારકાથી હસ્તિનાપુર મોકલેલી સ્ત્રીઓને કાબાઓ અપહરણ કરી ઉઠાવી ગયા હતા તો અલાઉદ્દીન પદ્મિની માટે, સિદ્ધરાજ રાણકદેવી માટે, કરણઘેલો માધવની પત્ની રૂપસુંદરી માટે યુદ્ધ કરવા કે અપહરણ કરવા તૈયાર થયા. પ્રાગૈતિહાસકાળમાં ખેતરો લૂંટાતાં તો ઐતિહાસિક છેલ્લાં બે હજાર વર્ષના કાળમાં રાજ્યના ખજાનાઓ લૂંટાતા. ભારતને વાયવ્ય સરહદમાંથી લૂટવા આવનાર દરેક પરદેશી વિજેતા દિલ્હીના સુલતાનને કે રાજાને હરાવ્યા પછી લશ્કરને ત્રણ દિવસ સુધી પ્રજાને લૂંટવાની છૂટ આપતો. આ લૂંટ માટે જ કેટલાક ખાટસવાદિયાઓ તો વિનાકારણે આક્રમણકારના લશ્કરમાં જોડાતા.

આ પછી શોષણનો સુધરેલો યુગ આવ્યો. એક પ્રજા બીજી પ્રજા પર રાજ્ય કરીને તેનું શોષણ કરવા લાગી. આને ખંડણી કહેતા. અંગ્રેજ પ્રજા ખંડણી ન લેતાં પ્રજાનું દ્રવ્ય જ ચૂસી જતી. Poverty of India કે તેવા અન્ય ગ્રંથોમાં લખ્યું છે કે ભારતથી ઇંગ્લેન્ડ સુધીની સડક બંધાય અને તેમાં કાંકરાને બદલે રૂપિયા નખાય તો રૂપિયાની જેટલી સંખ્યા થાય તેટલું ધન અંગ્રેજો ભારતમાંથી હરી ગયા છે.

પછી આવ્યો કાળાં બજારનો જમાનો. ધોબીનાં ધોયેલાં ધોળાં ઇસ્ત્રી કરેલાં કપડાં પહેરી વેપારીઓ, કાળા બજારિયાઓ માલની અછત ઊભી કરીને પ્રજાને શોષવા લાગ્યા. મારી જ્ઞાતિના એક શાસ્ત્રી મને કહેતા હતા કે તેમના સૌરાષ્ટ્રમાં આવેલા વડિયા ગામમાં પચ્ચીસ-ત્રીસ વેપારીઓ છે. તે બધાને ઘેર મોટરો છે. મોટરો જ્યારે પાંચ હજાર રૂપિયામાં મળતી ત્યારે તે ખરીદવાના પૈસા પ્રજા પાસે ન હતા. મેટ્રિક થયેલાને ત્રીસ રૂપિયા, બી. એ. (જનરલ) ને પિસ્તાળીસ રૂપિયા, બી. એ. (ઓનર્સ)ને પચાસ રૂપિયા, હેડમાસ્તરને એકસો રૂપિયા અને કોલેજના પ્રિન્સિપાલને માસિક ચારસો રૂપિયા મળતા. કાળા બજારને પરિણામે પગારવધારો માગવા હડતાલો અને મોરચા શરૂ થયા. નાસિકનાં સરકારી નોટો છાપવાનાં કારખાનાં રાતદિવસ ચાલુ રહીને વધતા પગારો માટે વધુ નોટો છાપવા લાગ્યાં. નોટો સસ્તી થઇ એટલે બજારભાવ વધ્યા, બજારભાવ વધ્યા એટલે નોટોની છપાઇ અને તેની બજારમાં હેરફેર વધી. તેથી પાછા બજારભાવ વધ્યા. આમ માગ અને છતનું દુષ્ચક્ર ઇ. સ. ૧૯૪૨થી તે આજ લગભગ પચાસ વરસથી ચાલુ છે. સસ્તી ભાજી એક પૈસે શેર મળતી, તુરિયાં (ઘીસોડાં), રીંગણાં ને શકરિયાં બે આને કે એક આને શેર મળતાં. મોંઘાં શાક બે આને શેર (૪૦૦ ગ્રામ) મળતાં. આજે વિલે પારલેમાં શાકના ભાવ વીસ રૂપિયે એક કિલોગ્રામની આસપાસ છે. ચોમાસામાં પહેલીવારનાં કંટોલા ચાળીસ રૂપિયે કિલોને ભાવે વેચાતાં. અઢીસો રૂપિયે હાકુસની પેટી મળે છે. મુંબઇમાં નવ રૂપિયે અને દિલ્હીમાં પાંચ રૂપિયે લીટર દુધ મળે છે.

આમ શિકારમાંથી ખેતરના અન્નદાણાની લૂંટ, તેમાંથી લશ્કર વડે પ્રજાનાં ઘરબાર કે દુકાનોની લૂંટ તેમાંથી વિજેતા વડે પ્રજાનું આર્થિક શોષણ, તેમાંથી કાળાંબજાર અને તેમાંથી અંતે કમરતોડ મોંઘવારી આવી છે. હું કોલેજમાં ભણતો ત્યારે લોજમાં જમવા માટે માસિક પંદર રૂપિયા વીશીવાળાને દેતો. આજે બસો રૂપિયા આપવાની વાત તો જૂની થઇ ગઇ. મનુષ્યજાતિનો હિંસક સ્વભાવ શિકારમાંથી શોષણ સુધી વિકાસ પામ્યો છે. પ્રજામાં મનુષ્યજાતિમાં સભ્યતા (Culture) અને સંસ્કૃતિ (Civilisation)નો મત્સ્ય ન્યાયના કાળથી તે મુદ્રાસ્ફીતિ (ફુગાવો)ના કાળ સુધીમાં કેવો અને કેટલો વિકાસ થયો, માનવજાતિની કેવી ઉન્નતિ થઇ તે સમજાવવા માટે વધારે ઉદાહરણો અહીં આપવાની હવે જરૂર ગણાય ખરી?

છતાં દરેક સિક્કાને બે જુદી જુદી બાજુઓ હોય છે. રાવણનું કુકર્મ જોઇને વિભિષણે તેનો ત્યાગ કર્યો. સો કૌરવમાંથી એક ભાઇ વિકર્ણ દુર્યોધનની સામો થયો. શ્રીકૃષ્ણ વિનાસ્વાર્થે પાંડવોના મિત્ર, મંત્રદાતા અને માર્ગદર્શક (Friend, Philosopher & guide) રહ્યા પૃથ્વીરાજ ચૌહાણ સાથે ચંદબરદાઇ તેના મરણ સુધી રહ્યો. વનરાજ ચાવડાને વાણિયા વેપારીએ લાખો રૂપિયાની મદદ રાજ જીતવા કરી, તો અણહિલ ભરવાડે ગુજરાતભરમાં રખડીને, ગાંઠના રોટલા ખાઇને વનરાજને માટે લશ્કર ઊભું કર્યું. ભાવનગરના દરબાર 'ગરાસિયા' તરીકે ઓળખાતા. તેમાંથી ગંગા ઓઝા (ગૌરીશંકર ઉદયશંકર ઓઝા) દીવાને તખ્તસિંહને મહારાજાનું પદ અપાવ્યું. અબળા ગણાતી ઝાંસીની રાણીએ તલવાર ખેંચીને રણક્ષેત્રમાં તે વીંઝી અને સ્વતંત્રતા માટે મરી ફીટી. અઢાર વરસનો બંગાળી યુવાન ખુદીરામ બોઝ હસતાં હસતાં ફાંસીને માંચડે ચડ્યો. ઉત્તર ભારતમાં ગણેશશંકર વિદ્યાર્થી અને ગુજરાતના પંચમહાલના ગોધરામાં પુરુષોત્તમદાસ હુલ્લડબાજોની સામે થાંભલા જેવા ઊભા રહ્યા ને હણાયા. ઇ. સ ૧૯૪૬માં અમદાવાદના હુલ્લડમાં શાંતિ બાંધતા વસંતરાવ હેગિષ્ટે અને તેના મુસલમાન સાથી રજબઅલીએ સામી છાતીએ ઊભા રહી હુલ્લડખોરોની છરીને

આવકારી તથા કાળજી ચિરાવા દીધા. દાણચોરો પણ કયારેક દૈવી સંપત્તિ દર્શાવીને ખીચડી-કઢીનું સદાવ્રત ચલાવે છે એમ સાંભળ્યું છે. જૂના જમાનાના શાસ્ત્રીઓ ને નવા જમાનાના પ્રાધ્યાપકો-શિક્ષકો બુદ્ધિમાન ગરીબ વિદ્યાર્થીઓને મફત ટયુશન આપતા. હું ઇ. સ. ૧૯૩૪-૩૫માં અમદાવાદમાં મેટ્રિકના વર્ગમાં હતો ત્યારે મારા સંસ્કૃત શિક્ષક રામચંદ્ર બળવંત આઠવલેએ મારા પાછલાં દસ વર્ષના યુનિવર્સિટીના સંસ્કૃત વિષયો પરના પેપરોના પ્રશ્નોના જવાબ લખેલા તે મફત તપાસી આપેલા. વધારામાં એમ કહ્યું કે 'તને જે વિષયનું ટયુશન જોઇતુ હોય તે વિષયનું ટયુશન મફત આપવા હું વ્યવસ્થા કરી શકું તેમ છું. તારે તે જોઇએ છે? કોલેજમાં સંસ્કૃત 'કાવ્ય પ્રકાશ' ખરીદવાના પૈસા મારી પાસે ન હતા ત્યારે મારા પ્રાધ્યાપક અશ્વત્થા આચાર્ય બાળાચાય ગજેન્દ્ર ગડકરે મને તેમનું તાજું જ છપાયેલું તે પુસ્તક ભેટ તરીકે આપેલું. મારા એક મિત્રે મને એમ. એ.માં દોઢસો રૂપિયા એક શ્રીમંત પાસેથી મફત અપાવેલા. કસ્તુરબા, સરોજિની નાયડુ, કમળાદેવી ચટોપાદ્યાય, નેલી સેનગુપ્તા, અરૂણા આસફઅલી, મૃદુલા સારાભાઇ, ઇન્દુમતી શેઠ, હંસાબહેન રાણી ભક્તિબા, કપિલા ખાંડવાળા, મણિબહેન પટેલ, મીઠુબહેન પિટિટ, ગંગાબહેન ઝવેરી, મીરાંબહેન વગેરે સ્વાતંત્ર્ય યુદ્ધમાં જોડાયાં હતાં. અને આ બધી જ ઉચ્ચ વર્ણની ગણાતી સુકોમળ નારીઓએ જેમના કાંકરીવાળા જુવારના રોટલા મહિનાઓ કે વર્ષો સુધી ખાધેલા. સ્ત્રીની એક કક્ષા ડાકણ બને છે તેમ બીજી કક્ષા દેવી બને છે. પુરૂષની એક કક્ષા પશુ બને છે તેમ બીજી કક્ષા પરમહંસ બને છે. ત્યારે પ્રશ્ન થાય છે કે સંસારમાં દૈવી સંપત્તિનું રાજ્ય છે કે આસુરી સંપત્તિનું ? સત્યુગ છે કે કળિયુગ ? **न जाने संसार: किंममृतमय : किं विषमय : !**

મુનિ સેવા આશ્રમ (ગોરજ-વડોદરા)ની મુલાકાત

સંઘના ઉપક્રમે સંઘના સભ્યો માટે ગોરજ (તા. વાઘોડિયા-જિ. વડોદરા) ખાતે આવેલી સામાજિક સંસ્થા મુનિ સેવા આશ્રમની મુલાકાત શનિવાર અને રવિવાર, તા. ૮ અને ૯ એપ્રિલ ૧૯૮૯ના રોજ ગોઠવવામાં આવી છે.

મુંબઇથી શુક્રવાર, તા. ૭મી એપ્રિલે રાત્રે વડોદરા એકસપ્રેસ ટ્રેઇન દ્વારા વડોદરા જવાનું રહેશે અને વડોદરાથી રવિવાર, તા. ૯મી એપ્રિલે રાત્રે વડોદરા એકસપ્રેસ દ્વારા મુંબઈ પાછા ફરવાનું રહેશે. વડોદરાથી ગોરજ જવા-આવવાની વ્યવસ્થા બસ દ્વારા કરવામાં આવશે અને ભોજન તથા ઉતારાની વ્યવસ્થા મુનિ સેવા આશ્રમમાં રહેશે.

સંઘના જે સભ્યો આ મુલાકાતમાં જોડાવા ઇચ્છતા હોય તેમણે તા. ૧૫મી માર્ચ સુધીમાં પોતાનાં નામ રૂા. ૧૭૫ (રૂપિયા એકસો પંચોતેર) ભરીને સંઘના કાર્યાલયમાં નોંધાવી દેવાં. જે સભ્યો તરફથી રકમ આવી હશે તેઓનાં નામ જ છેવટનાં ગણાશે અને ફકત તેની જવાબદારી જ કાર્યાલયના માથે રહેશે.

ટ્રેનના જવા-આવવાના રિઝર્વેશનની અનુકૂળતા રહે તે માટે વેળાસર નામ નોંધાવવા વિનંતી છે. **-મંત્રીઓ**

તા. ક. ઓછામાં ઓછાં ૩૫ નામ આવ્યાં હશે તો જ આ મુલાકાતનું આયોજન કરવામાં આવશે.

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ વસંત વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય વર્તમાન પ્રશ્નો પર પ્રતિવર્ષ **સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ વસંત વ્યાખ્યાનમાળા**નું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષની વ્યાખ્યાનમાળા સોમવાર, મંગળવાર અને બુધવાર, તા. ૩ ૪, ૫, એપ્રિલ, ૧૯૮૯ના રોજ યોજવામાં આવી છે. તેનો કાર્યક્રમ નીચે મુજબ છે :

વિષય : 'Towards the New World'

દિવસ	વાર	વ્યાખ્યાતા	વિષય
૩-૪-૮૯	સોમવાર	એ. પી. વેંકટેશ્વરન ભૂતપૂર્વ વિદેશ મંત્રી	ચીન અને રશિયામાં ફેરફારો
૪-૪-૮૯	મંગળવાર	ડા. રફીક ઝકરીયા ચાન્સેલર-ઉર્દૂ યુનિવર્સિટી અલીગઢ	મધ્યપૂર્વમાં ફેરફારો
૫-૫-૮૯	બુધવાર	એમ. જે. અકબર તંત્રી : ટેલિગ્રાફ	પાકિસ્તાનમાં ફેરફારો

સ્થળ : વાલચંદ હીરાચંદ સભાગૃહ

ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર, ચર્ચગેટ, મુંબઇ-૨૦.

સમય : ત્રણે દિવસ સાંજના ૬-૧૫ કલાકે

આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન **શ્રી અમર જરીવાલા** સંભાળશે.

સૌને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

કે. પી. શાહ
નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલાં લખાણોમાંથી શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને પ્રતિવર્ષ સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક અપાય છે. અમને જણાવતાં આનંદ થાય છે કે ૧૯૮૮ના વર્ષ માટેનું પારિતોષિક ડા. તનસુખભાઇ ભટ્ટને મળે છે.

આ પારિતોષિક માટે નિર્ણાયકો તરીકે (૧) ડા. રમણલાલ ચી. શાહ (૨) ડા. દિનેશભાઇ ભટ્ટ અને (૩) શ્રી પન્નાલાલ ૨. શાહે સેવા આપી છે.

અમે ડા. તનસુખભાઇ ભટ્ટને અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયકોનો આભાર માનીએ છીએ.

-મંત્રીઓ

દ્વિભાગ

(પૃષ્ઠ ૧૬થી ચાલુ)

વાત પ્રિન્સિપાલે બે વાર વિદ્યાર્થીઓને સમજાવી; પણ અમારી હોસ્ટેલની ટોળીના નેતા જરા પણ નમતું આપવા તૈયાર થયા નહોતા. એમનો પગાર, એમનો પ્રવાસ ખર્ચ ભલે ખર્ચે, એમની રજા ખર્ચે તો પણ ભલે ખર્ચે, પણ હોસ્ટેલના વિદ્યાર્થીઓ સાથે આ જાતનું વર્તન થઈ શકે નહિ. વિદ્યાર્થીઓ સાથે એકત્રિત થયેલા વિવિધ સંસ્થાઓના મંત્રીઓ એમાં સોલી બાટલીવાલા, યુસુફ મહેરઅલી વગેરે છેવટ સુધી મક્કમ રહ્યા અને ખટલો કોર્ટે ચઢ્યો.

હવે અહીં અમારા યુસુફ મહેરઅલી તથા વધારે લડાયક સ્વભાવના સોલી બાટલીવાલા બંને ભારતપ્રેમી, ગાંધીપ્રેમી, સત્યને વળગીને ચાલનારા. બંને જણાએ જનાબ મહમદઅલી જિન્હાનો સંપર્ક સાધી એમને કેસ લડવા વિનવ્યા. કારણ એમને આપવાની ફી માટે અહીં કોઈના ગજવાને જરા પણ વાંધો આવે એમ નહોતું.

આખરે મેદાનની રમોલકોઝ કોર્ટમાં ખટલો દાખલ થયો. સામે પક્ષે સરકારી વકીલ ઉપરાંત બે બેરિસ્ટરો હતા. એ લોકોએ તોફાની વિદ્યાર્થીઓએ હોસ્ટેલમાં ગીતો ગાયાં, રાતમાં હોહા કરીને બીજાની ઊંઘમાં ખલેલ પહોંચાડી વગેરે કંઈક વાતો આગળ કરી; પરંતુ આ ખટલામાં જિન્હા સાહેબે પેલા બે અંગ્રેજોએ દરવાજો ખોલી ટ્રેસ પાસ કરીને વિદ્યાર્થીઓને રિવોલ્વર બતાવી એ વાતને એવી ખૂબીથી રજૂ કરી અને જો વિદ્યાર્થીએ એની રિવોલ્વર ઝુંટવી લીધી ન હોત તો કોઈ એકાદનું મોત થઈ જાત એવી દલીલો કરી.

અહીં સામા પક્ષવાળાઓએ કહ્યું કે તેમની પાસે રિવોલ્વર નહોતી પણ તેમના હાથમાં મોંમાં ફૂંકવાની પાઈપો હતી. રિવોલ્વર નહોતી એ સાબિત કરવા આકાશપાતાળ એક કર્યાં. પણ એક સાહેબની રિવોલ્વર છૂપી રહી શકે એમ નહોતું. એમ કેસની બેત્રણ મુદતો પડી. આખરે એ બંને સાહેબો ગુનેગાર ઠર્યા અને એકેક રૂપિયાનો ફાઈન-દંડનો હુકમ થયો તે પછી પંદર-વીસ દિવસે છૂટયા અને પછીની રટીમરમાં સ્વદેશ રજા ગાળવા પહોંચ્યા.

આ ખટલો રસભરેલો હતો. કારણ કે જિન્હા સાહેબે ઑક્સફોર્ડ અને કેમ્બ્રિજના વિદ્યાર્થીઓની હોસ્ટેલમાં વર્તણૂક કેવી છે તે વિશે પોતીકી જાણકારી કામે લગાડી અને પોતાના અનુભવો રજૂ કરી આ ગીત ગાવાના અને તે તાલમાં અને તેમાં ક્રિસ્ટમસ કેરોલનાં ગીતો એ ઉપર તેમણે સુંદર છણાવટ કરી. એ ધાંધલ કહેવાય નહીં એવો સુંદર બચાવ કરી તેઓ કેસ જીત્યા. એક એ ખટલામાં પ્રિન્સિપાલ ડ્રાવર્ટનની પણ સાક્ષી તરીકે જુબાની લેવાઈ ત્યારે તેમણે પણ તદ્દન તટસ્થ જુબાની આપી. અંગ્રેજો તરફ પોતાનો કોઈ પણ પક્ષપાતનો ભાવ પ્રગટ કર્યો નહિં.

આમ બધું છાપે પણ ચઢ્યું. પતી પણ ગયું. વળી હોસ્ટેલના સૌ કોઈ વિદ્યાર્થીઓએ – સંસ્થાઓએ એકઠાં થઈ જનાબ જિન્હાને પોતે કશી ફી નથી લીધી તે માટે એક પર્સ – રકમ આપવા ઠરાવ કરી એમને માટે એક મેળાવડો ગોઠવીને નોતર્યા. તેઓ આવ્યા ત્યારે એમની તારીફમાં યુસુફ મહેરઅલીએ ઘણું છટાદાર ભાષણ કરી એમને એમના જ્ઞાન માટે, કિસ્સો હોંશિયારીથી ચલાવવા માટે, એમની સેવાઓને ભાવથી બિરદાવી અને 'પર્સ' ભેટ કરી. ત્યારે પ્રમુખ તરીકે પણ પ્રિન્સિપાલ ડ્રાવર્ટન જ હાજર હતા. ત્યાં જનાબ મહમદઅલી જિન્હાએ પોતાના જવાબમાં છોકરાઓએ જે લડત આપી એ માટે ધન્યવાદ આપી, પેલી એકત્ર કરેલી 'પર્સ' ખોલ્યા, ગણ્યા વિના હોસ્ટેલના કામમાં વાપરવા માટે પાછી ભેટ તરીકે આપી દીધી. એથી એમની ખૂબ પ્રશંસા થઈ. બહુ ધન્યવાદ મળ્યા.

ટાઇમ્સમાં આ ખટલો વિગતથી ન છપાયો. પણ બીજા નેશનાલિસ્ટ છાપાઓમાં સારી રીતે ચમક્યો હતો. એ વખતના એટલે ૧૯૨૦-૨૯ના સમયના વિદ્યાર્થીઓ મોટેભાગે વકીલો તરીકે પંકાયા. કેટલાક સારા સોલિસિટરો તરીકે પણ નામો કાઢી રહ્યા.

બ્રિટિશ રાજ્યમાં આવા તટસ્થ અંગ્રેજ પ્રિન્સિપાલો હતા, એવા આજે આપણે ત્યાં મળે ખરા ?

વિજય વલ્લભ સ્મારક

(પૃષ્ઠ ૨જાથી ચાલુ)

અને બીજી બાજુ સાધ્વીઓનો ઉપાશ્રય બાંધવામાં આવ્યો છે. આ બંને ઉપાશ્રયો આધુનિક ઢબથી, દિલ્હીના હવામાનને લક્ષમાં રાખી બાંધવામાં આવ્યા છે.

આ સંકુલમાં તબીબી સહાય માટે પણ યોજના કરવામાં આવી છે. 'શ્રી આત્મવલ્લભ જસવંત ધરમ મેડિકલ ફાઉન્ડેશન' તરફથી દરદીઓને મફત દવા આપવામાં આવે છે. આ યોજના ભવિષ્યમાં હજુ વધુ વિકાસ પામશે.

આ સંકુલમાં આ ઉપરાંત અતિથિગૃહ, ભોજનશાળા, આરાધના ભવન, વગેરે માટેનાં મકાનોનાં બાંધકામ થઈ ગયાં છે અને ભવિષ્યમાં હાઈસ્કૂલ અને અન્ય યોજનાઓ આકાર લેશે. આ સંકુલ જ્યારે પરિપૂર્ણ થશે ત્યારે એના બેનમૂન શિલ્પસ્થાપત્યના કારણે તથા વિવિધલક્ષી યોજનાઓના કારણે દેશ-પરદેશનું અને પર્યટકોનું કાયમનું એક આકર્ષણસ્થાન બની રહેશે એ વિશે બેમત નથી. ભવિષ્યમાં આસપાસની વધુ જગ્યા લેવાશે અને કોલેજો, હોસ્ટેલ વગેરે થશે ત્યારે 'જૈન વિશ્વવિદ્યાલય'નું સ્વ. પૂ. વલ્લભસૂરિનું સ્વપ્ન પરિપૂર્ણ થશે !

ગુરુભક્તિને નિમિત્તે જૈન તેમજ હિંદુ ધર્મમાં અનેક સ્થળે અનેક કેન્દ્રો ઊભાં થયાં છે અને થશે ! ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં ગુરુનો મહિમા ઘણો મોટો છે. આત્મ-કલ્યાણની સાથે સાથે લોકકલ્યાણનાં અનેક કાર્યો નિઃસ્વાર્થભાવે ત્યાગી મહાત્માઓ કરતા આવ્યા છે. એવા મહાત્માઓનું ઋણ ચૂકવવા અને ભાવિ પેઢીઓને માટે પ્રેરણારૂપ બની રહે એ માટે જે ગુરુમંદિરો ગુરુસ્થાનકો, ગુરુસ્મારકો થાય છે તેમાં 'વિજય વલ્લભ સ્મારક' એક અનોખી જ ભાત પાડે છે. એ જોતાં વિચાર આવે કે એ પવિત્ર ત્યાગી, પંચમહાવ્રતધારી મહાત્માએ અનેક લોકોના જીવન ઉપર એવો તે શો જાદુ કર્યો હશે કે તેમને માટે આટલું સ્મારક કરવા લોકો હોંશે હોંશે તૈયાર થયા ! મહાત્માઓની હૃદયકળા અકળ હોય છે !

–રમણલાલ ચી. શાહ

દ્વિમાર્ગ

(૧૯૨૪-રૂપનો-વિદ્યાર્થીઓનો અને પ્રિન્સિપાલોનો)

ચંદ્રવદન ચી. મહેતા

દ્વિમાર્ગ એટલે શું ? મિજાજ. મિજાજ એટલે શું ? તોર. ગુરસાનો એક પ્રકાર. દંશના અંશ વગરનો, સત્યના પંથને વળગીને ચાલવાનો, દૃઢ મનોબળ થકી પકવ થયેલો તે દ્વિમાર્ગ.

મહાત્મા ગાંધી ભારતમાં ૧૯૧૫-૧૬ માં આવ્યા ત્યારે વેંગિંગ ગાર્ડન (ફિરોજશાહ મહેતા ઉદ્યાન)માં મિટિંગ હતી ત્યારે ગાંધીજી ચંપલ – અંગરખું પહેરીને આવ્યા હતા એ જોઇને કંઇક પારસી બાનુઓ બ્રિટિશ સંસ્કૃતિની અસરને પરિણામે ડઘાઇ ગઇ હતી. 'નકરો વાનિયો'. પગમાં બુટ નહીં, મોજાં પણ નહીં, એવી એવી ટીકા કરનારાઓ તે હતી. તે 'નકરો વાનિયો' એટલે કે ગાંધીજી ઉપર કેવળ એક નાના ઉપરણા સાથે ટૂંકી પોતડી પગમાં ચપલ પહેરીને શહેનશાહ જ્યોર્જને લંડનમાં મળ્યા હતા. તેઓ ભારતમાં પાછા આવ્યા ત્યારે દાદાભાઇ નવરોજજી જે હિન્દના દાદા ગણાતા હતા. એમની પૌત્રીઓ ગોમીબહેન અને ખુરશેદાબહેન ગાંધીજીની સેવામાં આવી. ખાદી વેચવાનો એમનો બધો કાર્યક્રમ અમલમાં મૂકવામાં તેઓ બીજી પારસી બાનુઓ સાથે તત્પર થઇ. એ વીશી (૧૯૨૦)નો જમાનો. એ બંને પારસી બહેનોનાં સેવાનાં કામોથી, બ્રિટિશ સરકારના વખાણનારા પારસીઓ ધીરે ધીરે ભારતની આઝાદીની લડતમાં જોડાતા ગયા. પારસી પ્રભાતફેરી નીકળતી, કેસરિયા સાડી પહેરી પારસી બાનુઓ પિકેટિંગ કરતી વગેરે.

૧૯૨૩-૨૪ની આ વાત છે. નાતાલના દિવસોમાં મુંબઇમાં એલ્ફિન્સ્ટન કોલેજની હોસ્ટેલમાં રિગલ સિનેમા સામેના રસ્તા ઉપર ખૂણામાં એક જબરજસ્ત હોશિયાર વિદ્યાર્થીઓનું જૂથ ભણે, રહે. જાતજાતનાં કૌતુકો કરે. એમાં મોટાભાગના પારસી, સિન્ધી, મુસલમાન અને ગુજરાતી વિદ્યાર્થીઓ હતા. કોઇપણ પ્રકારનો જાતિભેદ નહીં નડે. મનમાં ઊગેલો જ નહીં, એમાં મોટાભાગના બી. એ. અને વકીલાતનું શીખનારા વિદ્યાર્થીઓ મોખરે. અમારી સાથે યુસુફ મહેરઅલી, સોલી બાટલીવાલા, ચંદ્રકાન્ત ત્રિવેદી, ઇસા જમગરા, જહાંગીર સુખડિયા, પેટીગરા, અડવાણી વગેરે હતા. તે વખતના મોટાભાગના દક્ષિણી વિદ્યાર્થીઓ ફર્સ્ટ ક્લાસ માટે ખંતથી કલાકોના કલાકો સુધી અભ્યાસ કરવાવાળા હતા. એવા એક કોસ્મોપોલિટન ટોળાના નેતાઓમાં એક જહાંગીર ચીનીવાલા હતા અને બીજા જહાંગીર સુખડિયા હતા. ઇસા સોલિસિટરનું ભણતા હતા.

નાતાલની એ સાંજે મિટિંગ થઇ. વિદ્યાર્થીઓમાં અમસ્થી ભાષણબાજી ચાલી. મિટિંગમાંથી હોસ્ટેલની લોબીમાં જ ઉપર પહેલે માળે ગીતો ગાતાં સરઘસ કાઢવાનાં કરતૂકો ગોઠવવા લાગ્યાં. હાથમાં નાનકડી મશાલ, થોડાં વાજિંત્રો હતાં. એમાં ડફ, ઢોલક વાવટા, જાતજાતનાં ગીતો એમ ચાળીશેક જણનું નાનકડું સરઘસ બીજે માળેથી પહેલે માળે આવ્યું, ત્યાંથી ભોંયતળિયે ફરતું ફરતું આવ્યું અને ટેનિસ કોર્ટ પર ગાવા-બજાવવા એકઠું થઇ ગયું. રાતના દસ – અગિયાર વાગ્યા હશે.

એ હોસ્ટેલના કમ્પાઉન્ડને અડીને ઘોરી રસ્તા પર મેજેસ્ટિક હોટેલ હતી. એમાં પાંચેક અંગ્રેજો આવીને ઊતરેલા. એમાંના બે અંગ્રેજોના મનમાં કશી સમજણ વિના, આ એક બ્રિટિશ વિરોધી ચળવળ છે. એવો દારૂના નશાને કારણે ભ્રમ પેદા થયો. એ અંગ્રેજોએ બારીઓથી ઘૂમાઘૂમ કરી પણ કોઇ વિદ્યાર્થીઓ શાંત પડ્યા નહિ એટલે તેઓ બંને અંગ્રેજો રિવોલ્વર લઇ હોસ્ટેલના દરવાજે આવી બારણા ખોલી ધમકાવવા માંડ્યા. રાતના બાર વાગી ગયા હતા. થોડી ધમાધમી થઇ ગઇ.

ત્યારે આજની આટલી વસ્તી નહીં. તોયે રસ્તા પર થોડીઘણી તો હો હા થઇ. સવારે વિદ્યાર્થીઓની સભા થઇ. એમાં પેલા બે અંગ્રેજો હોસ્ટેલમાં ઘસી આવ્યા હતા એમાંના એકની રિવોલ્વર એક છોકરાએ ખૂંચવી લીધી હતી. તેની નોંધ લેવાઇ અને બે અંગ્રેજો ઉપર ટ્રેસ પાસનો દાવો માંડવાનું નક્કી થતાં પછી તો કોલેજના અંગ્રેજ પ્રિન્સિપાલ કોવન્ટન સાહેબ પણ ચર્ચાના મેદાનમાં આવીને જોડાયા અને છોકરાઓનો દૃઢ નિશ્ચય જાહેર થયો કે કોર્ટમાં લડી લેવું, એ એ સમયે ત્યારના પ્રખ્યાત બેરિસ્ટર મહમદઅલી જિન્હાને રોકવામાં આવ્યા.

બીજી બાજુ પેલા બે અંગ્રેજો તે વાઇસરોયના બોડીગાર્ડ હતા. તેઓ સીમલાથી દિલ્હી થઇ મુંબઇ આવ્યા હતા. સ્ટીમરમાં બેસીને લંડન રજા પર જવાના હતા. તેઓ હોસ્ટેલ સામેની મેજેસ્ટિક હોટેલમાં બે દિવસ ઊતર્યા. એમાં આ ધમસાણમાં ભેરવાયા. એટલે એમણે વાઇસરોયને સીમલા તાર ઉપર તાર કર્યા પ્રિન્સિપાલ કોવન્ટનને મળ્યા અને કંઇક સમજૂતી પર આવવા વાટાઘાટો ચાલી.

એલ્ફિન્સ્ટન કોલેજના પ્રિન્સિપાલ કોવન્ટન ઓક્સફર્ડથી આવેલ હતા. બહુ ઠંડા મિજાજના હતા. અંગ્રેજીના પ્રોફેસર, સ્વભાવે નમ્ર અને બ્રિટિશ ન્યાયમાં પાકા દૃઢ વિશ્વાસ ધરાવનારા હતા. એમણે બે-ત્રણ વાર ખાનગીમાં મસલતો કરી. દરમિયાન પેલા બોડીગાર્ડોની સ્ટીમર તો ઊપડી ગઇ. સીમલાથી તેમના ઉપર વિવિધ વિવિધ પ્રકારનાં દબાણો આવતાં હતાં. એટલે પેલા બોડીગાર્ડ જરા ઢીલા પડ્યા. તેમણે કોલેજ લાઇબ્રેરીમાં પુસ્તકો માટે સારી એવી રકમ આપવાની તત્પરતા બતાવી. અને એ માટે ત્રણ – ચાર દિવસે ચર્ચાઓ ચાલી. પ્રિન્સિપાલ કોવન્ટનને આખી ચર્ચામાં પોતે બે બાજુનાં મંતવ્યો રજૂ કર્યાં. અને એ ચર્ચામાં ઠીક ઠીક પ્રમાણમાં હાજરી આપી હતી. પણ કોઇ પણ વખતે એમણે વિદ્યાર્થીઓને ઠપકો આપ્યો નહિ કે દબાણ કર્યું નહિ. મૂળ મુદ્દાની વાત તો એ હતી કે પેલા બે અનાડી દારૂડિયા સંરક્ષકોને જો કોર્ટમાં સજા થાય તો એમની સરકારી નોકરી જોખમાય. એમનાં પેન્શન બગડે. એ

(અનુસંધાન પૃષ્ઠ ૧૫)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ – ૪ ૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ: ૫૦ અંક : ૨૨

મુંબઈ, તા. ૧૬-૩-૧૯૯૦
પાર્સિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં વાર્ષિક રૂા. ૬૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

લેખકનો શબ્દ

કોઈ લેખકનું લખાણ અચાનક જગતમાં કેવો ઉત્પાત મચાવી દે છે તેનું દૃષ્ટાંત નાજેતરમાં સલમાન રશદીની 'Satanic Verses' નામની નવલકથાએ પૂરું પાડ્યું છે. ઈરાનના સૂત્રધાર આયાતોલ્લાહ ખોમેનીએ સલમાન રશદીને મોતની સજા ફરમાવી એથી જગતના દેશોમાં એના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે બ્રિટન અને ઈરાન વચ્ચેના રાજદ્વારી સંબંધો ગંભીર રીતે બગડ્યા છે. બગડતી જતી આ પરિસ્થિતિ હજુ કેટલી બગડશે તે કહી શકાય નહિ. સલમાન રશદીને કોઈ મારી નાખે નહિ તે માટે બ્રિટનની સરકારે સલામતીનાં કડક પગલાં લીધાં છે. પરંતુ તે દરમિયાન ભારત-પાકિસ્તાન અને અન્ય દેશોમાં મળીને પચાસથી વધુ માણસોએ એ નિમિત્તે થયેલાં રમખાણોમાં પોતાના પ્રાણ ગુમાવ્યા છે. લેખકનો શબ્દ સીધી કે આડકતરી રીતે ઘોર હિંસાનું નિમિત્ત કેવી રીતે બને છે તે આના ઉપરથી જોઈ શકાય છે. વિધિની કરુણ વિચિત્રતા તો એ છે કે પોતાના પ્રાણનો ભોગ આપનારાઓએ કે સજા કરનાર ખોમેનીએ જાતે એ પુસ્તક વાંચ્યું નથી.

દુનિયામાં ક્યારેક કોઈક લેખકની કૃતિ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય એવી ઘટના નવી નથી. કેટલીકવાર તો લેખકને એના ગ્રંથને માટે કેદમાં પૂરવામાં પણ આવે છે. ઘણીવાર તો અદાલતમાં કાયદેસર કામ ચલાવ્યા વિના તેમ કરવામાં આવે છે. મોટા ભાગના આવા કેદીઓ રાજ્યસત્તાની વિરુદ્ધ ઉશ્કેરણીજનક લખાણ લખવાને માટે જેલવાસ ભોગવતા હોય છે. ક્યારેક સત્તાપલટો થતાં એવા કેદીઓ મુક્ત થાય છે અને નવી સત્તાની વિરુદ્ધ લખનારા જેલમાં જાય છે. સરમુખત્યારશાહી દેશોમાં આવું વિશેષ બની રહ્યું છે. વર્તમાન સમયમાં દુનિયાભરમાં જુદા જુદા દેશોમાં મળીને સહેજે સવાસોથી વધુ લેખકો પોતાનો ગ્રંથ લખવા માટે જેલવાસ ભોગવે છે. P. E. N.ની આંતરરાષ્ટ્રીય ઓફિસમાં આવા લેખકોની સત્તાવાર માહિતી મળતી હોય છે (જે અધૂરી હોય છે) અને એ સંસ્થા દ્વારા વખતોવખત તે તે સરકારો સામે વિરોધ વ્યક્ત થાય છે. મોટા ભાગના લેખક કેદીઓ સોવિયેત રશિયા, સામ્યવાદી ચીન, અન્ય સામ્યવાદી દેશો અને લશ્કરી સરમુખત્યાર શાહીવાળા દેશોમાં છે. વાણીસ્વાતંત્ર્યની હિમાયત કરનારા લેખકોમાં પણ અટપટું રાજકારણ ચાલતું હોય છે. દુશ્મન રાષ્ટ્રના લેખક પ્રત્યે તેઓ સહાનુભૂતિ દર્શાવે છે અને તેઓને છોડી મૂકવાની હરખાસ્ત કરે છે, પરંતુ પોતાના રાષ્ટ્રના લેખકોનો પ્રશ્ન આવે ત્યારે તેમાંના કેટલાક ઘરઆબરૂપૂર્વક મૌન સેવે છે એવો પણ આક્ષેપ થાય છે. બધા લેખકોમાં એટલી નૈતિક હિંમત હોતી નથી અને જેલવાસ કે મૃત્યુનો ડર એવા લેખકોને ચૂપ કરી દે છે.

લેખકની કૃતિ પ્રતિબંધિત થાય અને લેખકને જેલમાં પૂરવામાં આવે એટલી સજાથી આગળ વધીને હવે લેખકને મારી નાખવાનો હુકમ થાય ત્યાં સુધી વાત વધી છે. સારું છે કે સલમાન રશદી બ્રિટન જેવા લોકશાહીમાં અને વાણી સ્વાતંત્ર્યમાં માનનાર દેશમાં વસે છે જો તે ઈરાનમાં વસતા હોત તો આવો ગ્રંથ લખી ન શકયા હોત અને લખ્યો હોત તો ધર્માન્ધ લોકોએ અને સરકારે તેમને જીવતા રહેવા ન દીધા હોત. બીજા દેશના લેખક નાગરિકને, ન્યાયાલયનો આશ્રય લીધા વિના, મનની મરજીથી દેહાંતદંડની સજા ફરમાવવી એ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એક નવી જ ઘટના છે. એવી સજા ઉચ્ચારવી તે મધ્યયુગીન માનસની, નિર્દયતાની, અધમતાની, જંગલીપણાની સારાસાર વિવેકના અભાવની નિશાની છે. ઈરાદાપૂર્વક થયેલાં બદનક્ષીભર્યા લખાણ માટે પણ મૃત્યુની સજા નથી. તો વાણીસ્વાતંત્ર્ય ધરાવતા લેખકને તેવી સજા કેમ થઈ શકે?

અલબત્ત, સલમાન રશદીએ જે કંઈ લખ્યું છે તે બધું બરાબર છે એમ તો વગર અભ્યાસ કર્યે કેમ કહી શકાય? આપણે તો પ્રશ્ન લેખક તરીકેની એમની સ્વતંત્રતાનો છે અને એ માટે વિશ્વમત તેમની તરફેણમાં છે એ સારું છે.

'સેતાનિક વર્સિસ' એક સર્જનાત્મક ઐતિહાસિક નવલકથા છે. ઇતિહાસ અને ઐતિહાસિક નવલકથા વચ્ચે સ્વરૂપગત તફાવત છે. ઇતિહાસમાં ઇતિહાસકાર પ્રમાણભૂત હકીકતો આપવા માટે બંધાયેલા છે. ઐતિહાસિક નવલકથાનો સર્જક પોતાની કલ્પના પ્રમાણે નવા પ્રસંગોનું કે નવાં કાલ્પનિક પાત્રોનું પણ સર્જન કરી શકે છે અને ભૂમિકારૂપે પોતાની કલ્પનાનું વાતાવરણ પણ જમાવી શકે છે. આમ છતાં સર્જકની કલ્પનાને પણ મર્યાદા રહે છે. ઐતિહાસિક નવલકથા કરતાં ધાર્મિક વિષયની પૌરાણિક નવલકથામાં કલ્પનાને વધુ અવકાશ રહે છે, કારણ કે પુરાણોમાં દસ્તાવેજી ઇતિહાસ બહુ હોતો નથી. પરંતુ બીજી બાજુ ધાર્મિક કથાવસ્તુના ક્ષેત્રે રામ અને કૃષ્ણ, મહાવીર અને બુદ્ધ, ઝરથુસ્ત્રિત અને મહંમદ પયગંબર જેવાં કેટલાંક પાત્રો લોકોમાં એવાં પવિત્ર અને પૂજનીય, આરાધ્યદેવ જેવાં બની ગયાં હોય છે કે તેમના વિશે કલ્પના દ્વારા વિપરીત લખવા જતાં લોકમાનસને આઘાત પહોંચે છે. ભગવાન રામ વિશેની પૌરાણિક નવલકથા લખતી વખતે કોઈ લેખક પોતાની કલ્પના ચલાવીને રામને ઘણી રાણીઓવાળા, વિષયી અને લંપટ બતાવે તો લોકમાનસ તે સહન ન કરી શકે. ધર્મક્ષેત્ર એટલું બધું સંવેદનશીલ છે કે તેમાં લેખક પોતાની કલ્પનાથી ચેડાં કરવા જાય તો તેને પોતાને સહન કરવાનો

બખત આવે. કલાનું સત્ય સહૃદય વાચકના હૃદયની ભાવ પ્રતીતિ ઉપર નિર્ભર હોય છે. એટલે લેખક પોતાની કલ્પનાનો ગમે તેટલો બચાવ કરે, કદાચ દસ્તાવેજી પુરાવા રજૂ કરે તો પણ તે કલા પોતે સફળ સર્જન કૃતિ બની શકતી નથી ઐતિહાસિક અને પૌરાણિક કથાકૃતિઓના ઐતિહાસિક સત્ય વિશે અને સર્જકની કલ્પના વિશે ઘણાં જુદાં જુદાં પાસાંઓની તપાસ થઇ શકે છે, થયેલી પણ છે.

સમર્થ લેખકોને પણ પોતાનો દેશ, જાતિ, જ્ઞાતિ, ભાષા, ધર્મ વગેરેનાં તીવ્ર અભિનિવેશયુકત કે આસકિતયુકત વળગણો રહેવાનો સંભવ છે એવા સમર્થ લેખકો કયારેક લખવા બેસે છે ત્યારે જાણતાં કે અજાણતાં પણ અભિનિવેશ, પૂર્વગ્રહ, દ્વેષ, દુરાગ્રહ કે કંઇથી લખવા પ્રેરાય છે એવું જ્યારે લખાય છે ત્યારે તેના માઠા પ્રત્યાઘાતો પડે છે. એમાં પણ લેખક જ્યારે પોતાના કે અન્યના ધર્મને દ્વેષપૂર્વક હલકો ચીતરવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેનો જબરો ઊહાપોહ થાય છે અને કોઇવાર તે હિંસક આંદોલનમાં પરિણમે છે. કેટલીકવાર લેખકના પોતાના ઘડતરમાં પોતાના જ વડીલો, શિક્ષકો, ધર્મગુરુઓ, સામાજિક કે રાજદ્વારી નેતાઓ દ્વારા ભારે સતામણી થઇ હોય છે ત્યારે તેવા લેખકો જાણતાં કે અજાણતાં તેનું શબ્દ દ્વારા વેર લેવા પ્રવૃત્ત થાય છે. શકય એટલી વરવી ભાષામાં શકય તેટલું વરવું ચિત્ર દોરવા તેઓ ઉદ્યમ કરે છે. આવું જ્યારે થાય છે ત્યારે લેખકનું પૂર્વે ઘવાએલું વ્યકિતત્વ તેના લખાણમાંથી પ્રગટ થયા વિના રહેતું નથી. જોકે સામાન્ય વાચકોને તેનો ખ્યાલ ન આવે તે સંભવિત છે, પરંતુ જાણકારો અને અનુભવી વિવેચકો તો તેની કૃતિમાંથી આવતી ગંધને પારખી જાય છે.

જીવન અને સાહિત્યનાં વિભિન્ન ક્ષેત્રોમાં વખતોવખત નવી વિચારધારા કે નવીન નિરૂપણથી ખળભળાટ મચે છે. કોઇપણ લેખક સામાજિક, રાજકીય, શૈક્ષણિક કે વૈજ્ઞાનિક વિષયો ઉપર કે તેના સિદ્ધાંતો ઉપર અથવા તે ક્ષેત્રની વ્યકિતઓ ઉપર આડાઅવળા પ્રહારો કરે તો પ્રમાણમાં તેના પ્રત્યાઘાતો ઓછા પડે છે અને તેવા પ્રત્યાઘાતો એકંદરે હિંસક સ્વરૂપ લેતા નથી. બર્નાડ શૉ, બર્ટ્રાન્ડ રસેલ, માર્કસ વોલ્ટેર, ફ્રોઇડ વગેરે ચિંતકોએ પોતપોતાના વિષયોમાં સમાજ ઉપર માર્મિક અને આઘાતજનક પ્રહારો કર્યા છે તોપણ સમાજે તે એક નવી વિચારસરણી છે એમ સમજીને નભાવી લીધા છે. સમય જતાં એવા કેટલાક પ્રહારોનું વિસ્મરણ થઇ જાય છે અને એનું મૂલ્ય કૌતુક જેટલું ઓછું થઇ જાય છે.

પરંતુ બીજાં ક્ષેત્રો કરતાં ધર્મનું ક્ષેત્ર વધુ સંવેદનશીલ છે, કારણ કે લોકોની દ્રષ્ટિએ તે એક પવિત્રક્ષેત્ર છે. જેમ કોઇ સામાન્ય માણસ કરતાં કોઇ પવિત્ર સંત મહાત્મા ઉપર થયેલા હુમલાનો લોકો દ્વારા જબરો પ્રતિકાર થાય છે, તેમ ધર્મના વિષય ઉપર થયેલાં પ્રહારનો પણ જબરો પ્રતિકાર થાય છે. એમાં સત્ય અને ન્યાય કયા પક્ષે છે તેનો ઓછો વિચાર થાય છે. પરંતુ 'ધર્મ ખતરેમેં હૈ' એટલા શબ્દો સાંભળતાં જ કેટલાયે લોકો માસ હિસ્ટિરિયાની જેમ પ્રશ્નનો અભ્યાસ કર્યા વિના ધર્મને માટે પોતાના પ્રાણ આપવા નીકળી પડે છે. દુનિયાના ઇતિહાસમાં ધર્મને માટે થયેલાં યુદ્ધો ઓછાં નથી. એટલા માટે જ ધાર્મિક વિષયો ઉપર લખનાર લેખકની સામાજિક દ્રષ્ટિએ ઘણી મોટી જવાબદારી ઊભી થાય છે. લોકશાહીમાં માનનાર તથા સત્ય અને ન્યાયને માન આપનાર સુધરેલા, સુશિક્ષિત, આધુનિક લોકો પણ પોતાના ધર્મની વાત આવે ત્યારે બચાવ કરે છે, આવેશમાં આવી જાય છે અને કયારેક તો આક્રમક કે હિંસક બની જાય છે. તેમને ત્યારે સત્યનું દર્શન થતું નથી અને થતું હોય તો ગમતું નથી.

સત્ય જીરવવું સહેલું નથી. વળી દરેક પ્રસંગે સંપૂર્ણ સત્ય પ્રકાશિત થાય જ છે એવું નથી અને પ્રકાશિત થાય એ વ્યકિત, સમાજ કે રાષ્ટ્રના હિતમાં કેટલીક વાર હોતું નથી. સત્યનું ગોપન કેટલીકવાર વ્યાવહારિક દ્રષ્ટિએ જરૂરી બની જાય છે લોકશાહી રાષ્ટ્રમાં પણ લશ્કરી સંરક્ષણની બધી જ વિગતો જાહેરમાં મૂકી શકાય નહિ કયારેક તેમાં લોકહિતની દ્રષ્ટિએ અસત્યનો પણ આશરો લેવાય છે વ્યકિત કુટુંબ કે સમાજની બધી જ બાબતો સત્યના નામે જાહેરમાં મૂકવાનું હિતાવહ હોતું નથી. એવે પ્રસંગે પોતાને મળેલી માહિતી સત્યના નામે કે વાણી સ્વાતંત્ર્યના નામે કોઇ જાહેરમાં મૂકવા જાય તો તેના મિશ્ર કે વિપરીત પ્રત્યાઘાતો પડયા વગર રહે નહિ દરેક વ્યકિત, કુટુંબ સમાજ, રાષ્ટ્ર અને ધર્મની કંઇકને કંઇક નબળી બાબતો હોય છે. જેમ દરદીના ઘા જાહેરમાં સાફ કરવાથી જોનાર કેટલાકને ચીતરી ચડે છે તેમ આવી નબળી બાબતો જાહેરમાં મૂકવાથી તેનાં પરિણામો અસુભગ આવવાની દહેશત રહે છે. આવા પ્રસંગે લેખકે પોતે પૂરેપૂરું ઔચિત્ય જાળવીને જવાબદારીપૂર્વક પોતાનો શબ્દ પ્રયોજવો જોઇએ એવી અપેક્ષા રહે છે.

વિવિધ કારણોસર દુનિયામાં કેટલાય ગ્રંથો સૈકાઓથી પ્રતિબંધિત થતા આવ્યા છે. કેટલીકવાર પ્રતિબંધને કારણે જ ગ્રંથ વધુ મશહૂર બની જાય છે અને જેમને વાંચવામાં રસ ન હોય એવા અનેક લોકો તે વાંચવા માટે ઉત્સુક બને છે. કેટલીક વાર્તા કે નવલકથામાં થોડુંક અશ્લીલ લખાણ હોય કે જે બહુ ધ્યાન ખેંચતું ન હોય તો પણ એક વખત સરકાર એના ઉપર પ્રતિબંધ ફરમાવે કે તરત કેટલાય લોકો ગમે ત્યાંથી પણ એ ગ્રંથ મેળવીને વાંચે છે. કેટલીકવાર તો લેખક પોતે જ ઇચ્છતો હોય છે કે પોતાના ગ્રંથ ઉપર પ્રતિબંધ આવે તો સારું કે જેથી પોતાની અચાનક ઘણી બધી ખ્યાતિ થઇ જાય.

કેટલીકવાર રાજ્યસત્તાની વિરુદ્ધના લખાણને કારણે કોઇક ગ્રંથ ઉપર પ્રતિબંધ આવે છે. સમય જતાં એની બહુ મહત્તા રહેતી નથી. બ્રિટિશ સરકારે આઝાદીની ચળવળ વખતે પ્રતિબંધિત કરેલા કેટલાય ગ્રંથો અત્યારે વાંચવામાં લોકોને બહુ રસ પડતો નથી. તેવી જ રીતે અશ્લીલ હોવાને કારણે પ્રતિબંધિત થયેલા. પણ પાછળથી મુકત થયેલા એવા કેટલાક ગ્રંથો પછીથી વાચકોમાં બહુ આકર્ષણ જમાવી શકયા નથી.

પ્રાચીન સમયમાં જ્યારે માત્ર હસ્તલિખિત પ્રતો હતી ત્યારે નબળા, અનધિકૃત, દ્વેષયુકત ગ્રંથોના પ્રચારને બહુ અવકાશ નહોતો. એવો ગ્રંથ લખાય તોપણ તેની બહુ નકલો થઇ શકતી નહિ. અને વધુ લોકો સુધી તે ગ્રંથ પહોંચતો નહિ. એટલે તેની વાત મર્યાદિત વર્તુળોમાં શમી જતી. એવા ગ્રંથો જલદી નષ્ટ થઇ જતા. લેખકની હયાતી પછી તેની ફરી નકલ કરવાનો પ્રશ્ન રહેતો નહિ.

વર્તમાન સમયમાં પ્રચારમાધ્યમો વધ્યાં છે. દૈનિકો અને સામયિકો દુનિયાભરમાં લાખોકરોડોની સંખ્યામાં રોજેરોજ છપાય છે એ દરેકને કંઇકને કંઇક લેખનસામગ્રી રોજેરોજ જોઇએ છે. તે માટે સારો પુરસ્કાર પણ અપાય છે. લેખન-સર્જન એ માત્ર નિર્જન હની પ્રવૃત્તિ ન રહેતા વધુ અને વધુ વ્યાવસાયિક પ્રવૃત્તિ બનવા લાગી છે. એને લીધે દુનિયાભરમાં લાખો લેખકો રોજ કંઇકને કંઇક લખતા રહે છે. કેટલાક તો વધુ કમાવા માટે કંઇક ને કંઇક સનસનાટીભર્યું લખવાનું શોધી કાઢે છે. મુદ્રણકલાના વિકાસ સાથે ગ્રંથોની નકલો પણ હજારો-લાખોની સંખ્યામાં છપાવા લાગી છે. બીજી બાજુ રોજે રોજ છપાતાં

(પૃષ્ઠ ૬૯ ઉપર)

કાવ્યશાસ્ત્રવિનોદ વડે કાલનિર્ગમન

● તનસુખ ભટ્ટ

આર્યોનો અને આર્ય ભાષાઓનો ઇતિહાસ આર્યાવર્તના પ્રેમીઓને માટે રસિક છે. પ્રાગૈતિહાસિક કાળમાં આર્યો ઉત્તર ધ્રુવ પ્રદેશમાં રહેતા હતા. ત્યાં ઠંડીનો ત્રાસ અસહ્ય થતાં દક્ષિણ દિશામાં ઠૂંકની ખોજમાં તેઓ આગળ વધ્યા. દરેક દસકે કે સૈકે નાની અને મોટી ટોળીઓ સ્થળાંતર કરતી ગઈ. કેટલાક આર્યો યુરોપમાં જઈ ત્યાં જ વસ્યા. આથી યુરોપવાસીઓ આર્યપ્રજા ગણાય છે. જર્મનો કહે છે કે સંસ્કૃત શર્મન્ (શર્મા) ઉપરથી જરમન શબ્દ બન્યો છે. જર્મનીમાં જેટલા સંસ્કૃતના વિદ્વાનો છે તેટલા બીજા દેશોમાં નથી. હું બી.એ.માં હતો ત્યારે ઝિમરમાનનો ઋગ્વેદનાં સ્તોત્રોનો સંગ્રહ (સિલેકશન) અમારું પાઠ્યપુસ્તક હતું. ઝિમરમાન, મેક્સમૂલર, પિશેલ, ઓલ્ડનબર્ગ, યાકોબી, હોર્નલ, વિન્ડિશ, કુહન, ઓ. ફ્રાન્ક, ફ્રાનો, જ્યોર્જ ગ્રિયરસન, લ્યુડર્સ, સિલ્વર લેવી અને બીજા અનેક યુરોપીઓ સંસ્કૃતના પંડિત છે. વેદ પ્રથમ એક રશિયને છપાવ્યો છે. ચીનમા સંસ્કૃત ભાષા માટે એક આખી યુનિવર્સિટી છે. જર્મનીમાં બર્લિન રેડીઓ સંસ્કૃતમાં સમાચાર આપતો હતો તે જોઇને ભારતે તેનું અનુકરણ કર્યું છે. સ્વરાજ પૂર્વે સંસ્કૃતમાં પીએચ. ડી. થવા માટે જર્મની જવું પડતું.

યુરોપમાં સ્થાયી થયેલાઓને પડતા મૂકીને આર્યો હજી દક્ષિણમાં વધીને ઇરાનમાં આવ્યા. ઇરાનની પ્રમાણમાં ગરમ હવા તથા દ્રાક્ષાદિ ફળો જોઇને કેટલાક આર્યોએ ત્યાં જ ધામા નાખ્યા તેથી પ્રાચીન ઇરાની ભાષા અને પ્રાચીન ઋગ્વેદની ભાષામાં સામ્ય છે. ઋગ્વેદમાં ઇન્દ્રને વૃત્રહન્ કહે છે.પારસીઓના ધર્મગ્રંથ અવસ્તામાં તેને વેરેથ્રેઘન્ કહે છે. આર્યો ઇરાનમાંથી નીકળીને અફઘાનિસ્તાનમાં આવ્યા. કેટલાકને મતે ઇરાનમાં તે કેટલાકને મતે અફઘાનિસ્તાનમાં ગાયત્રીમંત્રનું પ્રાકટય થયું છે. આર્યો ખૈબર ઘાટમાં થઇને પંજાબનાં મેદાનોમાં આવ્યા. ઉષાસંધ્યાની રંગોળીમાંથી ઉષાનાં સ્તોત્રો રચાયાં. ભારતના આદિવાસીઓ કૌલ, કિરાત, દસ્યુ, નાગ, દ્રાવિડો કહેવાતા. તેમની સાથે આર્યોનાં યુદ્ધો અને સંધિ પણ થયાં તથા આર્ય-આર્યેતર જાતિઓ વચ્ચે લગ્નો પણ થયાં એમ જનમેજયે કરેલા સર્પસત્રને અટકાવનાર જરત્કારુના વર્ણન ઉપરથી લાગે છે. આર્યો વિજેતા અને અનાર્ય આદિવાસીઓ વિજિત ગણાયા. આર્યોની ભાષા વૈદિક સંસ્કૃત હતી તો આ આદિવાસીઓની તેમની પોતાની દેશ્ય ભાષા હતી. વિજિત અનાર્યો વૈદિક સંસ્કૃત બોલવા લલચાવા લાગ્યા. આર્યોની વૈદિક સંસ્કૃત ભાષા તેમને મોઢે ચડી નહિ તેથી તેમાં વધારેઘટાડો, સુધારેબગાડો કરીને નવી જ ભાષા તેમણે અજાણતાં સરજાવી. આ બગડેલી ભાષા દેશ્ય અને વૈદિક સંસ્કૃતનો બીચડો પ્રાકૃત કહેવાઇ. વૈદિક સંસ્કૃતમાંથી શિષ્ટ સાહિત્યનું ,કાલિદાસાદિકનું સંસ્કૃત સરજાયું. તે બોલવા જતાં વળી તેમાં પણ બગાડો થયો અને બીજી જ્રની પ્રાકૃત ભાષા સરજાઇ. બાર ગાઉએ બોલી બદલાય એ કહેવત પ્રમાણે પ્રાકૃતનાં પણ વિભિન્ન સ્વરૂપો સરજાયાં. તેવાં છ સ્વરૂપોનાં નામો આમ છે : પાલિ, અર્ધમાગધી, પૈશાચી, શૌરસેની, માગધી, મહારાષ્ટ્રી. અંતિમ પ્રાકૃતનું નામ અપભ્રંશ પડ્યું. આ અપભ્રંશ ભાષા ઇ. સ.ની પાંચમીથી દસમી સદીમાં ભારતમાં બોલાતી. શૌરસેન અપભ્રંશમાંથી ગુજરાતી, મારવાડી, હિંદી, વ્રજ, કનોજી નીકળી. મહારાષ્ટ્રી અપભ્રંશમાંથી મરાઠી બની. માગધ અપભ્રંશમાંથી બંગાળી, મૈથિલી, બિહારી; ભોજપુરી, નીકમી, અર્ધમાગધી અપભ્રંશમાંથી અવધી અને બુંદેલી સરજાઇ, ઢક્કી કે ટાક્કી અપભ્રંશમાંથી પંજાબી નીકળી. વ્રાચડ અપભ્રંશમાંથી સિંધી સરજાઇ. પૈશાચી અપભ્રંશમાંથી કાશ્મીરી કંડારાઇ.

ઇ. સ.ની પહેલી સહસ્રાબ્દિના અંતમાં ગુજરાતમાં સિદ્ધરાજનું રાજ્ય હતું. તેણે હેમચંદ્રાચાર્ય નામે એક મહાપંડિત જૈન આચાર્યને ગુરુ તરીકે ગણ્યા. હેમચંદ્રાચાર્યનું હૃદય એટલું વિશાળ અને અણુ અણુમાં આત્મદર્શી હતું કે સિદ્ધરાજની સાથે તેઓ સોમનાથપાટણ ગયા ત્યારે તેમણે ભગવાન સોમનાથની સંસ્કૃતમાં સ્તુતિ કરી. તેમના મનમાં મહાવીર ને મહેશ્વરમાં ભેદ ન હતો. આ મહાપંડિત આચાર્યવરે સંસ્કૃત અને પ્રાકૃત વ્યાકરણ લખ્યું તેને હાથી પર પધરાવીને સિદ્ધરાજે તેનો વરઘોડો (કે વરહાથી ?) કાઢ્યો આ ગ્રંથ તે સિદ્ધહૈમ. આ સિદ્ધહૈમ ગ્રંથમાં આઠમા અધ્યાયમાં અપભ્રંશ ભાષાનું સૂત્રબદ્ધ વ્યાકરણ આપ્યું છે તથા તે સૂત્રના વ્યાકરણના નિયમો ભાષામાં કઇ રીતે પ્રતિબિંબિત થાય છે તે દર્શાવવા અપભ્રંશ મુક્તકો આપ્યાં છે. આ ઉત્તમ મુક્તકોમાંથી થોડાંક વાનગીરૂપે પ્રગટ કરું છું :

૧ ढोल्ला सामला धण चम्पावण्णी ।
राइं सुवण्णरेह कसवट्टइं दिण्णी ॥

અર્થ :- પ્રિયતમ શામળો છે અને પ્રિયતમા ચંપાવરણી છે જાણે કે કસોટીના પથરા ઉપર સોનેરી રેખા પડી ગઇ છે.

૨ बिट्टए मइ भणिय तुहुं, मा करु वंकी दिट्ठी ।
पुत्ति सकण्णि भल्लि जिव, मारइ हिअइ पइट्ठि ॥

અર્થ :- હે બેટી ! મેં તને કહેલું કે તું વાંકી દૃષ્ટિ કરીને નયનબાણ ન છોડ. પુત્રી ! આ નયનબાણ અણીદાર બરછીની જેમ પારકાનાં હૈયામાં સોંસરવાં ઊતરીને તેને મારી દે છે.

૩ एइ ति घोडा एह थलि, एइ ति निसिआ खग्ग ।
एत्थु मुणिसिम जाणिअइ, जो नरि वालइ वग्ग ॥

અર્થ :- આ જ તે ઘોડા છે. આ જ તે રણસ્થળ છે. આજ તે ધારદાર તરવાર છે. મનુષ્યત્વ (મરદાનગી) તો ત્યારે જ જણાય કે જ્યારે જડવૈયો વાઘ (લગામ)ને આજુબાજુમાં ન વાળે (ઘોડાને રણમાંથી પાછો વાળીને ન નાસે)

૪ अगलिअ नेहनिहाहं, जोअण लक्खु वि जाउ ।
वरिससएण वि जो मिलइ, सहि सोक्खहं सो ठाउ ॥

અર્થ :- સ્નેહનું ગળતર થયા વિના જ નિવૃત્ત થઇને દૂર જઇને, લાખ યોજનોનો ભલે પ્રવાસ કરે, પરંતુ સો વરસે પણ જે ફરીથી મળે તે જ, હે સખી ! સૌખ્યનું સ્થાન છે.

૫ जे महु दिण्णा दिअहडा, दइएं पवसन्तेण ।
ताण गणंतिए अंगुलिउ, जज्जरिआउ नहेण ॥

અર્થ :- પ્રવાસમાં ગયેલા દયિતે (પ્રિયતમે) મને જેટલા દિવસોમાં પાછા ફરવાનું વચન આપ્યું છે તેટલા દિવસોને નેદા ઉપર ગણતાં આંગળીઓ નખ વડે જર્જરિત થઇ ગઇ છે.

૬ દૂરુટ્ઠાणे पडिउ खल्ल, अप्पणु जणु मारेइ।
जिह गिरिसिंगहु पडिअ सिल, अन्नु वि चूरु करेइ ॥

અર્થ : દુરથી ફેંકાઇને ઊંડી પડેલો ખળ પુરુષ પોતે મરતો જાય છે અને સાથે બીજાઓને પણ મારતો જાય છે. ગિરિ-શૃંગથી પડેલી શિલા, અન્યોના પણ ચૂરો કરી નાખે છે તેમજ–

૭ जो गुण गोवइ अप्पणा, पयडा करइ परासु ।
तसु इउं कलिजुगी दुल्लइहो, बलि किज्जइ सुअणासु ॥

અર્થ :- જે પુરુષ પોતાના ગુણો છુપાવીને પારકાના ગુણોને પ્રકટ કરે છે તેવા દુર્લભ સજ્જનની ઉપર હું, આ કલિયુગમાં, વારી જાઉં છું.

૮ अग्गिएं उण्हहु होइ जगु, वाएं सीअलु तेवं ।
जो पुणु अग्गि सीअला, तसु उण्हत्तणु केव ॥

અર્થ :- જગત અગ્નિથી ઉષ્ણ તથા વાથી શીતળ થાય છે. પરંતુ જે અગ્નિથી શીતળ જ રહે છે તેને ઉષ્ણતા કેવી? (નોંધ: અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રુમાન આગળ કેટલાક અમલ-દારોએ રાવ ખાધેલી કે અમે પ્રમાણિકપણે ફરજ બજાવીએ છીએ. છતાંય પ્રજા અમારી કડક ટીકા કરે છે. ઉત્તરમાં ટ્રુમાને કહેવું : If you cannot withstand the heat of the kitchen, get out of it અર્થાત જો તમે રસોડાનો તાપ સહન કરી શકતા નહો તો બહેતર છે કે તમે બહાર નીકળો)

૯ विप्पिअ आरउ जइ वि पिउ, तो वितं आणहि अज्जु ।
अग्गिण दड्ढा जइवि घरु, तो तें अग्गि कज्जु ॥

અર્થ : જો પ્રિયતમ મારું વિપ્રિય કરનારો હોય તો પણ હે આલી (અથવા આજ્જ) તેને આણ. ઘર જો કે અગ્નિથી બળી જાય છે ખરું પરંતુ તે જ અગ્નિથી (બધાં) કાજ થાય છે.

૧૦ जिव जिव वंकिम लोअणहं, णिरु सामलि सिक्खेइ ।
तिवं तिवं वम्महु निअयसरु, इवरपत्थरि तिक्खेइ ॥

અર્થ : જેમ જેમ તે શ્યામલ (યૌવનમાં પ્રવેશતી કન્યા) લોચનની નરી વક્રતોય શીખે છે તેમ તેમ મન્મથ (કામદેવ) કણ પથરા ઉપર નિજ શરની તીક્ષ્ણ ધાર કાઢે છે.

૧૧ संगर सएहिंजु वण्णिअइ, देवखु अम्हारा कन्तु ।
अइणत्तहं चत्तंकुसहं, गय कुंभइं दारंतु ॥

અર્થ :- સેંકડો સંગ્રામમાં જેનાં વર્ણન (વખાણ) થાય છે તે અમારા કંથને અતિમત્ત બનેલા અને અંકુશને ન ગણકારતા (ત્યક્તાંકુશ) એવા ગજના કુંભસ્થળને ચીરી નાખતો તું જો. (અહીં લોકસાહિત્યનું મુક્તક જુઓ)

કુંભાથળ વાધ કસી, જોગારી જમદ્દ !
જાણુ અષાડી વીજળી, કાળે વાદળ કદ્દ !

૧૨ निअमुहकरहिं वि मुद्ध कर अंधारइ पडिपेक्खइ ।
ससिमंडल चन्दिमवे पुणु, काइं न दूरे देक्खइ ? ॥

અર્થ :- મુગ્ધા પોતાની મુખકાંતિને કારણે પોતાના કરોને અંધારામાં પણ ભાળે છે, ચાંદનીના તેજના પ્રતાપે શશીમંડળ શું દૂર નથી દેખતું ?

૧૩ भल्ला हुआ जो मारिआ, बहिणी महारा कन्तु ।
लज्जेनं तु वयंसिअहु, जइ भग्गा घर एन्तु ॥

અર્થ :- હે બેન ! મારો કંથ સંગ્રામમાં ખપી ગયો તે બહુ જ રૂડી વાત કહેવાય. જો તે ભાગીને ઘેર આવત તો મારી બેનપણીઓમાં હું લાજી મરત.

૧૪ वायसु उड्डावन्तिए, पिउ दिट्ठउ सहसत्ति ।
अद्धा वलया महिहिं गय, अद्धा फुद तडन्ति ॥

અર્થ :-કાગડા ઉડાડતી વિરહિણીએ અચાનક પરદેશથી પાછો આવેલો પ્રિયતમ જોયો. કાગડાને ઉડાડતી વેળા તેના વિરહકૃશ કરમાંથી અરધાં બલોયાં ઝટકાથી ઉડીને પૃથ્વી પર પડ્યાં પરંતુ પ્રિયમિલન વડે સવાશેર લોહી ચડવાથી તેનો હાથ એટલો જાડો થઇ ગયો કે બાકીનાં અરધાં બલોયાં તડાતડ કરતાં તૂટીને હેઠે પડ્યાં.

૧૫ जीविउ कासु न वल्लहउ, धणु पुणु कासु न इट्ठु ? ।
दोण्णि वि अवसर निवडिआइं, तिणसम गणइ विसिट्ठु ॥

અર્થ :- જીવિત કોને વહાલું નથી? વળી ધન કોને ઇષ્ટ નથી ? પરંતુ વિશિષ્ટ (ઉત્તમ) નર તો તે કહેવાય જે આ બંનેને, અવસર નીવડ્યે, તૃણસમાન ગણે છે.

૧૬ साहु वि लोउ तडप्फडइ वडत्तणहो तणेण ।
वडप्पणु परिपाकइ, हत्थि मोक्कलडेण ॥

અર્થ :- સહુ લોક વડપણ મેળવવા કાજે તરફડે છે. પરંતુ વડપણ તો જ્યારે હાથને મોકળા મેલવામાં આવે ત્યારે જ પમાય છે.

૧૭ जइ ससणेही तो मुअइ, अह जीवइ निन्नेह ।
बिहिं वि पयारेहिं गइअ घण, किं गज्जसि खल मेह ? ॥

અર્થ : મારી વિરહિણી પ્રિયા જો સ્નેહાળ હશે તો મરી ગઇ હશે. જો જીવતી હશે તો સ્નેહસૂની હશે. આમ બંને પ્રકારે મારી સ્ત્રી (ધન્યા) થઇ જ છે તો પછી હે શઠ મેઘ તું શાને ગરજીને સતાવે છે ?

૧૮ भमरु म रुणझुणि रण्णडइ, सा दिसि जोइ म रोइ ।
सा मालइ देसान्तरिअ, जसु तुहुं मरहिं विओइ ॥

અર્થ : હે ભમરા ! આમ ગુણગુણ કરતો તું રાનમાં રખડમા. તે દિશા તરફ નિહાળીને તું રડીશ મા. જેના વિયોગે તું મરવા પડ્યો છે તે માલતી તો દેશાન્તરમાં પહોંચી છે.

૧૯ पइं मेल्लन्तिहें भटु मरणु, मइं मेल्लन्तहो तुज्झु ।
सारस जसु जो वेगलउ, सो वि कृदन्तहो सज्झु ॥

અર્થ :- તને મેલી જતાં મારું મોત છે. મને મેલી જતાં તારું મોત છે. જે સારસ જેનાથી વેગળું હોય છે તે વેગળું સારસ કૃતાન્ત (કાળ)ને માટે સાધ્ય (આધ) છે.

૨૦ अम्हे थोवा रिउ बहुअ, कायर एम्व भणन्ति ।
मुद्धि निहालहि गयणयलु, कइ जण जोण्ह करन्ति ॥

અર્થ :- અમે થોડા છીએ અને રિપુઓ બહુ છે એમ કાયર કહે છે. હે ભોળી નારી (મુગ્ધા)! ગગનતલમાં નિહાળ અને કહે કે કેટલા જણ જ્યોત્સ્નાં પ્રકાશ કરે છે?

૨૧ અમ્બણુ લાઇવિ જે ગયા, પહિઅ પરાયા કેવિ ।
અવસ ન સુઅહિં સુઅચ્છિઅહિં, જિવં અમ્હહિં તિવં તેવિ ॥

અર્થ :- સ્નેહ (અમ્લવતા) લગાડીને જે પરાયા પથિકો ચાલ્યા ગયા છે તે પથિકો, અત્રસ્થ, સુખની નીંદ નહિ સૂતા હોય. જેવી અમારી તેવી તેમની હાલત હશે.

૨૨ મહુ કન્તહો વે દોસડા, હેલ્લિ મ ઝંખહિ આલુ ।
દેન્તહો હઉ પર ઉવ્વરિઅ, જુજ્ઝન્તહો કરવાલુ ॥

અર્થ :- અલી ! ખોટાં આળ ચડાવીશ મા. મારા કંથના માત્ર બે જ દોષ છે. એક તો એ કે જ્યારે તે કેવા એસે છે ત્યારે શિલિંકમાં હું જ બાકી રહું છું અને જ્યારે તે રણક્ષેત્રમાં જુએ છે ત્યારે માત્ર તેની તરવાર જ બચે છે.

૨૩ જઇ ભગ્ગા પારક્કડા, તો સહિ મજ્ઝુ પિએણ ।
અહ ભગ્ગા અમ્હહં તણા, તો તેં મારિઅડેણ ॥

અર્થ :- હે સખી ! જો પારકા લોકો રણમાંથી ભાગ્યા હશે તો તેમને ભગાડનાર મારો પિયુ હશે. પણ જો આપણા લોકો રણણાંથી નાઠા હશે તો તે વાત તો મારા કંથના કપાઇ ગયા પછીની જ હશે.

૨૪ બપ્પીહા પિઉ પિઉ ભણવિ, કિત્તિઉ રુઅહિ હયાસ ।
તુહુ જલિ, મહુ પુણુ વલ્લહઇ, બિહું વિન પૂરિઅ આસ ॥

અર્થ :- હે હતાશ પપૈયા ! પિયુ પિયુ એમ રડીને તું કેટલું કે રોઇશ? તારી જળ વિષેની અને મારી વહાલા વિષેની એમ બંનેની આશા પૂરી થતી નથી.

૨૫ આયહિં જમ્મહિં જમ્મહિં અન્નહિં વિ, ગોરિ સુ દિજ્જહિ કન્તુ ।
ગય મત્તહં, ચત્તંકુસહં, જો અબ્ભિડઇ હસન્તુ ॥

અર્થ :- હે ગૌરીમાતા આ જન્મમાં અને અન્ય જન્મોમાં મને એવો કંથ દેજે કે જે મદમત્ત, ત્યકતં કુશ ગજરાજની સામો જઇને હસતાં હસતાં તેના મદને અભડાવે.

૨૬ કુંજર સુમરિ મ સલ્લિઇઉ, સરલા સાસ મ મેલ્લિ ।
કવલ જિ પાવિય વિહિવસિણ, તે ચરિ, માણુ મ મેલ્લિ ॥

અર્થ :- હે કુંજર ! સલ્લકી વૃક્ષને સ્મરીને હવે લાંબા નિસાસા ન નાખ. વિધિવશાત જે કોળિયો પામ, તે ચર, માન મેલીશમા.

૨૭ પ્રિય એમ્વહિં કરે સેલ્લુકરિ. છડ્ડુહિં તુહુ કરવાલુ ।
જં કાવાલિય બપ્પડા, લેહિં અમગ્ગુ કપાલુ ॥

અર્થ :- હે પ્રિયતમ ! તું એમ કર કે હાથમાંની તરવાર છાંડીને હવે તું ભાલું લે. આથી કરીને બાપડા અઘોરીઓ (કાપાલિકો)ને ભાંગ્યા વગરની ખોપરી જડી રહેશે.

૨૮ દિઅહા જન્તિ ઝડપ્પડહિં, પડહિં મણોરહ પચ્છિ ।
જં અચ્છઇ તં માણિઅઇ, હોસઇ કરતુ મા અચ્છિ ॥

અર્થ : દિવસો ઝડપથી જાય છે અને મનોરથો પાછા પડે છે, જે થાઈ છે તે માણીએ. ભવિષ્યમાં ભાગ્યમાં હશે એમ વિચારતો બેસી ન રહે.

૨૯ હિઅઇ ખુડુક્કઇ ગોરડી, ગયણિ ઘુડુક્કઇ મેહુ ।
વાસારત્તિ પવાસુઅહં, બિસમા સંકડુ એહુ ॥

અર્થ : હૈયામાં ગોરાંદે ખટકે છે અને ગગનમાં મેઘ ધડૂકે છે. વર્ષાઋતુની રાતોમાં પ્રવાસીઓ માટે આ વસમું સંકટ છે.

૩૦ પુત્તેં જાએં કવણુ ગુણુ, અવગુણુ કવણુ મુએણ ।
જા બપ્પીકી ભૂંહડી, ચમ્પિજ્જઇ અવરેણ ॥

અર્થ : જો બાપદાદાની ભોમકા પરાયા વડે ચંપાતી હોય તો પછી પુત્ર જન્મ્યો તેનો હરખ શો કરવો, ને મુઓ તેનો ખરખરો શું કરવો ?

૩૧ અમ્મીએ સત્થાવત્થેહિં, સુધિ ચિન્તિજ્જઇ માણુ ।
ઘિએ દિટ્ઠે હલ્લો હામેણ, કો ચેઅઇ અપ્પણુ ॥

અર્થ : હે અંબા ! (મા) સ્વસ્થાવસ્થાથી, સુખેથી, પતિ આગળ માનમાં રહેવાનું વિચારાય છે, એકવાર પ્રિયતમનું દર્શન થયું પછી કોણ આકુળવ્યાકુળ થઇને પોતાની ચેહ ચેતાવશે ?

૩૨ વાસુ મહારિસિ એઉ ભણઇ, જઇ સુઇસત્થુ પમાણુ ।
માયહં ચલણ નમન્તાહં, દિવિ દિવિ ગંગાણ્હાણુ ॥

અર્થ :- મહર્ષિ વ્યાસ એમ કહે છે કે શ્રુતિશાસ્ત્ર પ્રમાણ હોય તો માતાનાં ચરણોને નમજો. એથી દિવસે દિવસે ગંગા-સ્નાનનું પુણ્ય પ્રાપ્ત થશે,

૩૩ કેમ સમપ્પઉ દુટ્ઠુ દિણુ, કિધ રયણી છુડુ હોઇ ।
નવવહુ દંસણ લાલસઉ, વહઇ મણોરહ સોઇ ॥

અર્થ :- અવવધૂનાં દર્શનની લાલસાવાળો નવવર એવા મનોરથો અનુભવે છે કે આ દુષ્ટ દિન કેમ સમાપ્ત થાય અને રજની કેમ કરીને છૂટી થાય.

૩૪ જામ ન નિવડઇ કુંભયડિ, સીહચવેઉ ચડક્ક ।
તામ સમત્તહં મયઠાલહં, પઇ પઇ વજ્જઇ ઢક્ક ॥

અર્થ :- જ્યાં સુધી સિંહના પંજાના થાપાનો પ્રહાર હાથીના કુંભસ્થળ ઉપર નથી થતો ત્યાં સુધી જ સમસ્ત મેંગળના પદે પદે, ધંટ ધૂધરા બજે છે.

૩૫ તિલહં તિલત્તણુ તાઉ પર, જાઉં ન નેહ ગલન્તિ ।
નેહિં પણટ્ઠઇ તેજ્જિ તિલ, તિલ ફિટ્ટવિ ખલ હોન્તિ ॥

અર્થ :- જ્યાં સુધી તલમાંથી સ્નેહ (તેલ) ન ગળી જાય ત્યાં સુધી જ તલમાં તલપણું રહે છે, તેલ (સ્નેહ) પ્રણષ્ટ થતાં તે જ તલ, તલ તરીકે ફીટી જઇને, ખોળ બને છે.

૩૬ મહુ કન્તહો ગુટ્ઠદ્વિંઅહો, કડુ ઝુમડાડા બલન્તિ ।
અહ રિડરુહિરે ઉલ્હવઇ, અહ અપ્પર્ણે ન ભન્તિ ॥

અર્થ :- કોડિયા (ગોખડા)માં મારો કંથ હાજર હોય ત્યાં સુધી ક્યાંથી ઝુંપડાં બળી શકે? કાં તો તે રિપુના રુધિરથી ઝુંપડાંની આગ ઓલવશે ને કાં તો પોતાના રુધિરથી. આ બાબતમાં મને ભ્રાંતિ નથી.

૩૭ પિયસંગમિ કાઉ નિદ્દડી, પિઅહો પરોક્ખહો કેમ્વ ?
જઇ ભિન્નિ વિ વિનાસિઆ, નિદ્દ ન એમ્વ ન તેમ્વ ॥

અર્થ : પ્રિયતમના સંગમ વેળાએ નિદ્રા ક્યાંથી હોય ? તેમજ પ્રિયતમના વિરહમાં (પરોક્ષમાં) પણ તે ક્યાંથી હોય ? મેં બેય રિસ્થિતિમાં મારો નિદ્રાનાશ અનુભવ્યો છે. નીંદર આમ પણ નથી અને તેમ પણ નથી.

૩૮ कन्तु जु सीहहो उवमिअइ, तं महु खडइ माणु ।
सीहु निरक्खिय गय हणइ, पिउ पयरक्ख समाणु ॥

અર્થ :– મારા કંથને સિંહની ઉપમા અપાય છે તે ઉપમા મારા માનનું ખંડન કરે છે. સિંહ નિરખેલા (એકમાત્ર) ગજને હણે છે. મારો પિયુ તો પ્રતિસ્પર્ધી વીરની સાથોસાથ તેના પદરક્ષકો (અંગરક્ષકો)ને પણ હણે છે.

૩૯ जाउ पवसन्ते सहु न गयअं न मुअ विओएं तस्तु ।
लज्जिजइ संदेसडा दिन्तेहि सुहय जणस्सु ॥

અર્થ :– જ્યારે મારો તે કંથ પ્રવાસમાં ગયો ત્યારે હું તેની સાથે ન ગઇ. તે જ પ્રમાણે અહીં રહીને તેના વિયોગમાં મરી ન ગઇ. મારા કંથ જેવા ભાગ્યશાળી (સુભગ)જનને સંદેશો મોકલતાં હું લજ્જાઉં છું.

૪૦ चंचलु जीविउ. ध्रुवु मरणु, पिअ रूसिज्जइं काइं ?
दोसइ दिअहा रूसणा, दिव्वइ वरिस सयाइं ॥

અર્થ :– જીવિત ચંચળ છે ને મરણ ધ્રુવ (નક્કી) છે. તો પછી હે પિયુ તું રિસાય છે કાં ? રિસણાના દિવસો દિવ્ય સો વરસ જેવડા દીર્ઘ લાગશે (ત્યારે રિસણું ભારે પડી જશે.)

૪૧ लोणु विलिज्जइ पाणिएण, अरि खल मेह म गज्जु ।
बालिउ गलइ सुद्धम्पडा, गोरी तिम्मइ अज्जु ॥

અર્થ :– લવણ (લૂણ એટલે મીઠું તથા લાવણ્ય) પાણીથી ગળી જાય છે. માટે હે વેરી મેઘ! તું ગરજીશમા. મારી દુઃખી પત્નીના વિરહાગ્નિથી બળતા ઝુંપડાને તું ગાળીશ (ઠારીશ) તો ખરો પરંતુ પાણીમાં લવણ (લાવણ્ય) પીગળે છે. તેથી સાથોસાથ તેનું સૌન્દર્ય પણ ઓગળી જશે.

૪૨ किर खाइ न पिअइ न, विद्दवइ घम्मि न वेच्चइ रूअडकम् ।
इह किवणु न जाणइ जइ, जमहो खणेण पहुच्चइ अडउ ॥

અર્થ : એમ સંભળાયું છે કે (કિલ) કૃપણ મનુષ્ય નથી ખાતો નથી પીતો કે નથી ધર્મમાં રૂપિયાનો વ્યય કરતો અહીં (પૃથ્વી પર) કૃપણ જાણતો નથી કે ક્ષણમાત્રમાં જમના દૂત આવીને અડ્યા રહે છે, (અડીંગો જમાવે છે)

૪૩ एत्तहे मेह पिअन्ति जलु, एत्तहे वडवानलु आवइइ ।
पेक्खु गहीरिमा सायरहो, एक्क वि कणिअ न ओहट्टइ ॥

અર્થ :– અહીં મેઘ જળ પીએ છે. અહીં વડવા નળના ભડકાનાં આવર્તનો થાય છે. છતાં સાગરની ગંભીરતા (ગહરાઇ) જુઓ તેમાંથી જળની એક કણિકા પણ ઓટ પામીને અદૃશ્ય થતી નથી.

૪૪ जे छड्डेविणु रयणनिहि, अप्पउं तहि घल्लन्ति ।
तहं सखहं विट्टालु पर, फुक्किज्जन्त भमन्ति ॥

અર્થ :–જે શંખ રત્નનિધિ સાગરને છોડીને પોતાને તટ ઉપર લાવે છે તે શંખનો વટાળ (સંસર્ગ) પૂરો થાય છે. તે એક મોઢેથી બીજે મોઢે ફૂંકાતો ભમ્યા કરે છે.

૪૫ सरिहिं न सरेहि, न, सरवरेहिं, नवि उज्जाणवणेहिं ।
देश रवण्णा होन्ति वढ, निवसन्ति सुअणेहिं ॥

હે મૂઢ!, (વાંઢા) સરિતાથી નહિ, સર (તળાવ)થી નહિ, સરોવરથી નહિ, ઉદ્યાનવનોથી નહિ પરંતુ સજ્જનોના વસવાટથી જ દેશ રમ્ય બને છે.

૪૬ गयउ सु केसरि पिअहु जलु, निच्चिन्तइं हरणाइं ।
जसु केरएं हुंकारडएं, मुहहु पडन्ति तृणाइं ॥

અર્થ :– હે હરણો! સિંહ કેરા હુંકારથી તમારા મોઢામાંથી તરણાં પડતાં હતાં તે કેસરી હવે ગયો છે. માટે તમે નચિંત બની જળ પીઓ.

૪૭ मइं जाणिउ बुद्धीसु हउं, वेम्मद्दहे दुहुरु त्ति ।
नवरि अचिन्तिय सपडिय, विप्पिय नाव झडत्ति ॥

અર્થ :–મેં જાણ્યું કે પ્રેમના ઘરમાં હું હાહાકાર કરતો બૂડી મરીશ પરંતુ અચિંતિત એવી, કેવળ એક અપ્રિય (પ્રેમભંગ) રૂપી, નૌકા સાંપડી (ને બચી ગયો).

૪૮ सिरि हैरखंडी न लोअडी, गलि मणियडा न वीस ।
तोवि गोट्टडा करावित्रा, मुछए उट्टवइस ॥

અર્થ : શિર પર અનેક ખંડોમાં જર્જરિત થયેલી લોળડી (ઊની વસ્ત્ર) નથી. ગળાની માળામાં પુરા વીસ મણકા નથી. તો પણ મુગ્ધાએ (સોળ વરસની યૌવનથી અજાણ કન્યાએ) આખા ગોઠને (રામનીભરવાડના વાસને) ઉઠબેસ કરાવી.

૪૯ जिम्मिन्दिउ नायगु वसि करहु, जसु अधिन्नइ अन्नइं ।
मूलि विट्टइ तुंबिणिहे, अवसे सुक्कइं पण्णइं ॥

અર્થ : જિહ્વાઇન્દ્રિયરૂપી નાયકને વશ કરે કે જેને આધીન ઇન્દ્રિયો છે. વેલાનું મૂળ વિનાશ પામતાં અવશ્ય તેનાં પાંદડાં સૂકાય છે,

૫૦ हिअडा जइ वेरिअ घणा, तो किं अम्हि चडाहु ?
अम्हहि बे हत्थडा, जइ पुणु मारि मराहु ॥

અર્થ :– હે હૈયા! જો વેરીઓ ઘણા હોય તો શું આભમાં ચઢીને બચાશે ? આપણા બે હાથ છે તે વાપરીને, મારીને મરશું (લોકસાહિત્યનું મુક્તક સરીખાવો)

કાયર મ થા કંથડા, સાથીરી શી વાટ ?
સાથી થારા તીન હૈ, હૈયું, કટારી ને હાથ.

આ મુક્તકો દર્શાવે છે કે ગુર્જર પ્રજા, શાંતિને તથા અશાંતિને, બંનેને માણી જાણતી હતી. શાંતિમાં શૃંગારરસમાં તથા અશાંતિમાં વીરરસમાં તે જીવનનું સાફલ્ય નિરખતી હતી. છમકલાં, ધીંગાણાં યુદ્ધો અને મહાસંગ્રામોની તરફ તે, નર્મદની ભાષામાં કહીએ તો, એ બી રંગ છે એવી દૃષ્ટિ ધરાવતી હતી. ભામિની અને ભાલાં, તરુણી અને તીર બંનેમાં તેને સરખો રસ હતો. ●

'પ્રબુદ્ધ જીવન'
સુવર્ણ જયંતી વિશેષાંક

'પ્રબુદ્ધ જીવન'ને તા. ૧લી મે, ૧૯૮૯ ના રોજ પચાસ વર્ષ પૂરાં થાય છે. એ પ્રસંગે પ્રબુદ્ધ જીવન'નો સુવર્ણ જયંતી વિશેષાંક તા. ૧લી મે, ૧૯૮૯ના રોજ પ્રગટ કરવામાં આવશે.

'પ્રબુદ્ધ જીવન'માં ફક્ત ચિંતનાત્મક લેખો પ્રગટ કરવામાં આવે છે. લેખકમિત્રોને આ વિશેષાંક માટે પોતાનો લેખ તા. ૩૧ મી માર્ચ સુધીમાં મોકલી આપવા નિમંત્રણ છે.

તંત્રી

લઘુકથાનું સ્વરૂપ અને લઘુકથા સંગ્રહ 'રાઈના દાણા'

ગંભીરસિંહ ગોહિલ

સાહિત્યસર્જનના ઉન્મેષોને જ્યારે પ્રચલિત રૂપો પર્યાપ્ત ન જણાય ત્યારે તે નવા માર્ગો શોધી લે છે. ખેત્રણ સદીઓ પહેલાં દીર્ઘ કથાત્મક કાવ્યથી સ્વતંત્ર કથાત્મક ગદ્યસ્વરૂપ તરીકે નવલકથાએ સાહિત્યમાં સ્થાન મેળવ્યું. તેમ ગઇ સદીમાં નવલકથાથી સ્વતંત્ર રીતે ટૂંકી વાર્તાના સાહિત્યસ્વરૂપનો સર્જનાત્મક આવશ્યકતાઓની પરિપૂર્તિ માટે આવિષ્કાર થયો. કથાસાહિત્યનાં સ્વરૂપોનો ક્રમ આ રીતે અપાતો હોય છે : ટુચકો, ટૂંકી વાર્તા, લાંબી વાર્તા, નવલકથા અને મહાનવલ ટૂંકી વાર્તા અને નવલકથા વચ્ચેના અંતરાલમાં લાંબી – ટૂંકી વાર્તા અને લઘુનવલ એ બંને સ્વરૂપો સ્થિર થવા મથી રહ્યાં છે. તેમાં પણ લઘુનવલનાં સાહિત્ય સ્વરૂપે વધુ ધ્યાન ખેંચ્યું છે. તેના સારા નમૂનાઓ આપણા સાહિત્યમાં પ્રાપ્ત થયા છે. તેના સાહિત્યસ્વરૂપ વિશેની વિચારણા પણ ચાલવા લાગી છે. એ જ રીતે કથા-સાહિત્યમાં ટૂંકી વાર્તાથી સ્વતંત્ર સાહિત્યસ્વરૂપ તરીકે લઘુકથાએ તાજેતરમાં ગજું કાઢ્યું છે.

લઘુકથા ટૂંકી વાર્તા પછી સાહિત્યજગતમાં આવેલો નાજુક છોડ છે. તેની માવજત યોગ્ય રીતે થશે તો તેનાં ઉત્તમ ફળ સાહિત્યક્ષેત્રે પ્રાપ્ત થશે. ટૂંકી વાર્તા સ્વતંત્ર સાહિત્ય-સ્વરૂપ તરીકે સ્વીકારાય તે માટે અભ્યાસીઓએ દીર્ઘ સમય સુધી પુરુષાર્થ કર્યો હતો તેવો તબક્કો લઘુકથા માટે આરંભાઇ ચૂક્યો છે છેલ્લા બેએક દાયકાથી લઘુકથાનું સર્જન સારા પ્રમાણમાં થવા લાગ્યું છે. તેના અંગેની વિચારણા પણ તેની સાથે જ ચાલતી રહી છે. આ સ્વરૂપ અંગેની તાત્ત્વિક ચર્ચા સવિશેષપણે થાય તેવો હજી અવકાશ છે.

લઘુકથાના સાહિત્યસ્વરૂપ અંગેની કેટલીક મર્યાદાઓ પ્રથમ દૃષ્ટિએ જ દેખાઇ આવે તેવી છે. કવિતામાં ઊર્મિકાવ્ય લઘુ સ્વરૂપ છે અને નાજુક ભાવોના નિરૂપણ માટે તેનો ટૂંકો ભાવ અસરકારક નીવડે છે. જ્યારે કથાસાહિત્યમાં બધુસ્વરૂપ કસોટીરૂપ બની રહે છે. કેમકે તેમાં કથારૂપને જાળવી રાખીને લાઘવ અને ચોટ સાધવાનાં હોય છે. આથી લઘુકથાના સર્જકે વસ્તુ, નિરૂપણ કે કલાકૌશલ-માંથી શાને અગ્રતા આપવી તે પ્રશ્ન મૂંઝવનારો બને છે. કથાસાહિત્યનું અત્યંત લઘુસ્વરૂપ હોવાથી સામાન્ય રીતે તેમાં બાહ્ય વસ્તુ કે પ્રસંગની અપેક્ષા રહે છે. જો તેમાં ઘટનાનું તિરોધાન કરવામાં આવે તો લઘુકથા અને લલિત નિબંધ-ગદ્યખંડ વચ્ચે ભેદરેખા દોરવી મુશ્કેલ બને. ઊર્મિકાવ્યનું સ્વરૂપ પણ સીમાવર્તી બની રહે. પરિણામે આગવા સ્વરૂપની રૂપરેખા જાળવવા પણ સ્વલ્પ, ક્ષુદ્ર કે ક્ષુલ્લક પરિસ્થિતિની તેમાં આવશ્યકતા રહે છે, તે જ લઘુકથાના આકૃતિવિધાનની ભૂમિકા રચે છે, આમ છતાં લઘુકથામાં વસ્તુ તથા શૈલીના પ્રયોગોને અવકાશ છે જ. માત્ર તે માટે અત્યંત કુશળ અને કરકસરભર્યા રચનાવિધાનની આવશ્યકતા રહે છે.

લઘુકથાની બીજી મર્યાદા એ છે કે તેના સાહિત્યસ્વરૂપને તાત્ત્વિક રીતે ટૂંકી વાર્તાથી અલગ દર્શાવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે. ઉમાશંકર જોશીના શબ્દોમાં ટૂંકી વાર્તા અનુભૂતિકરણ કે વિશિષ્ટ ભાવ-પરિસ્થિતિને સાકાર કરવા મથતી શુદ્ધ કલાસર્જનની પ્રવૃત્તિ કહીએ તો તેનાથી વિશેષ કયાં તત્ત્વોની અપેક્ષા લઘુકથામાં રાખીશું ? ટૂંકી વાર્તાના અનુભવ કે ભાવ કરતાં લઘુકથાના અનુભવ કે ભાવ વિશેષ પ્રમાણમાં ક્ષુલ્લક કે ક્ષુદ્ર હોય એમ કહીશું તો તે સ્વરૂપલક્ષી ભેદરેખા દોરવા માટે પર્યાપ્ત થશે ? અહીં ખરેખર કોઇ તાત્ત્વિક ભેદરેખા દોરવાનું શક્ય છે કે કેમ તે એક પ્રશ્ન છે અને તેનો ઉકેલ શોધવો જ રહ્યો.

સૌથી વધુ ધ્યાન ખેંચનારો ત્રીજો પ્રશ્ન છે લઘુકથાને કથાને ટુચકાથી કઇ રીતે સ્પષ્ટપણે વ્યાવર્તક ગણાવી તે ટુચકો, દૃષ્ટાંત, બોધકથા, નીતિકથા કે રૂપક કથા તરીકે કથા સાહિત્યનું લઘુ રૂપ પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યમાં સારી પેઠે બેડાયેલું છે. લઘુકથા તેનાથી યે સ્વતંત્ર રીતે વિકાસ પામેલું સ્વરૂપ છે. તે બોધક નથી. માત્ર પ્રસંગ રૂપ નથી, ઉદાહરણ તરીકે મૂકવાની ગૌણતા તેમાં નથી, તેમાં પ્રણાલિકા-ગત રૂપક વગેરે નથી–આ બધું સ્પષ્ટ છે. તેમ છતાં લઘુકથા ઘણીવાર આ સ્વરૂપોની સીમારેખા નજીક સરી પડે છે તેમ જ આ રૂપોથી લઘુકથાની વ્યાવર્તકતા તાત્ત્વિક રીતે સિદ્ધ કરવી પડે તેમ છે. હિંદીના પ્રસિદ્ધ કથાલેખક રાજેન્દ્ર યાદવ કહે છે કે લઘુકથાને ટૂંકી વાર્તાથી અલગ ગણી જ ન શકાય. મોટા ભાગની લઘુકથાઓ તેમને ટુચકા જેવી લાગી છે. પોતાનો અનુભવ દર્શાવતાં તેઓ કહે છે કે મેં પાંચ – સાત લઘુકથા લખી છે, પણ મને આ સ્વરૂપ અધરું લાગ્યું છે. હું તેમાં નહીં લખી શકું. હા, વ્યંગ કે ટુચકા જરૂર લખી શકું, પરંતુ તેને લઘુકથા ન જ કહેવરાવી શકું. તેમના આ એકરારમાં ઘણું બધું કહેવાયું છે. તેમણે પણ અનુભવ્યું છે કે લઘુકથાની વિસાત ઘણી ઊંચી છે. લઘુકથાના ક્ષેત્રે સેળભેળની પ્રવૃત્તિ ઘણી ચાલે છે, ટુચકાઓને લઘુકથા તરીકે ખપાવવાની હોડ ચાલી છે એવું પણ તેમાંથી ફલિત થાય છે. આથી લઘુકથાના સ્વરૂપનાં લક્ષણો સ્પષ્ટ રીતે નિર્ધારિત થાય તે આવશ્યક છે. વિવેચકોએ આ સ્વરૂપ તરફ ઓછું ધ્યાન આપ્યું છે. તુર્ગેનેવ, ખલિલ જિબ્રાન, નોર્મન મેઇલર અને બીજા ઘણા પ્રસિદ્ધ સર્જકોએ તેમાં સર્જન કરેલું છે. સ્વતંત્ર સાહિત્ય-સ્વરૂપ તરીકે લઘુકથાની પ્રતિષ્ઠા થાય તે આવશ્યક છે.

લાઘવ એ લઘુકથાનું એક આગવું લક્ષણ છે ખરું. ટૂંકી વાર્તા કરતાં તેનો ક્ષેત્રવિસ્તાર ઘણો મર્યાદિત છે. ઘટનાના તાણાવાણા, ભાવોની વિવિધતા, પાત્રોની મોટી સંખ્યા કે પાત્રરેખાની વીગતપ્રચુરતા લઘુકથામાં ન સંભવે. લઘુકથામાં એકાગ્રતા, સીધાપણું, લક્ષ્યવેધી ગતિશીલતા અને ચેવડભર્યું રચનાવિધાન અનિવાર્ય છે. તેના શબ્દેશબ્દની કરકસર અને પ્રભાવકતા આવશ્યક છે. લઘુકથાનું રૂપ ટુચકા જેવું ન રહે કે ટૂંકી વાર્તાના સીમાડા સુધી તે ન વિસ્તરે તેની સતત કાળજી સર્જકે રાખવી પડે. લાઘવ લઘુકથાની મર્યાદા બાંધે છે. તેમ તેનું તે આવશ્યક ઉપકરણ પણ છે. લાઘવના કલાપૂર્ણ સંયોજનથી લઘુકથાનો સર્જક ધાર્યાં

નિશાન પાડી શકે તેની તે સાહિત્યસ્વરૂપની ગુંજાયશ છે.

લઘુકથાના સ્વરૂપ માટે લાઘવને એક ભેદક લક્ષણ ગણીએ તોપણ તે અંગેના કેટલાક પ્રશ્નો તો રહે જ છે. કોઈ વાર ચાર – છ પાનાંની લઘુકથા કેટલીક ટુંકી વાર્તાઓ કરતાં લાંબી દેખાય છે. બીજે છેડે એક વાક્યની લઘુકથા આપવાના પ્રયત્નો પણ થયા છે. મહત્ત્વનો પ્રશ્ન તે કૃતિ લઘુકથાનું સ્વરૂપ જાળવી રાખે છે કે કેમ તે છે. કેવળ લાઘવ કે કેવળ પ્રસંગને વળાંક આપવાથી લઘુકથા બનતી નથી. લઘુકથાનાં રૂપ અને મિજાજ અનોખાં છે. તેને જે પીછાનશે અને મૂર્ત કરી શકશે તે જ લઘુકથાનું સર્જન કરી શકશે. પરિસ્થિતિની ક્ષુદ્રતા કે ક્ષુલ્લકતા પણ લઘુકથાને પૂર્ણ રૂપ આપી શકે કે કેમ તે પ્રશ્ન છે. ચોવની રચના 'છીંક' કે મોપાસાંની કૃતિ 'દોરીનો ટુકડો'માં પરિસ્થિતિની ક્ષુલ્લકતા ધ્યાન ખેંચે તેમ છે. પરંતુ આ બંને સમર્થ સર્જકોએ ક્ષુદ્ર ઘટનાઓમાંથી વિવિધ આયામ ધરાવતી ટુંકી વાર્તાઓ રચી આપી છે. તે જ ઘટનાઓમાંથી ટુંકી વાર્તાને બદલે લઘુકથાઓ રચી શકાય તેમાં શંકા નથી. પરંતુ તેનાથી લઘુકથાના સ્વરૂપને નિર્ધારિત કરવાનો પ્રશ્ન ઉકલતો નથી. લઘુકથાના સ્વરૂપનો પૂર્ણ પરિચય તો ત્યારે જ થશે જ્યારે મોટા ગજના સર્જકો તે સ્વરૂપનાં ઉત્તમ સર્જનો આપશે અને અભ્યાસીઓને તેના આધારે તેનાં સ્વરૂપલક્ષણો સ્પષ્ટ કરવાની તક મળશે.

અત્યારે લખાતી લઘુકથાઓ જોતાં એમ કહી શકાય કે તે માત્ર કથાનકના ટુકડાઓ નથી. તેમાં કથાતત્ત્વ સાથે કટાક્ષ, પુરાકલ્પન, આયરની, વ્યંજના, પ્રતીક, રૂપક વગેરેનાં તત્ત્વો એક યા બીજી રીતે સંકળાયેલાં હોય છે જે તેને આગવું રૂપ આપે છે. આમ છતાં લઘુકથાના સર્જકોએ આ સ્વરૂપ દ્વારા લાંબો પંથ કાપવાનો બાકી છે. કેમકે આજે કોને નિશ્ચિત રીતે લઘુકથા કહેવાય તે સ્પષ્ટ નથી. તેમ કોઈ કૃતિને તે લઘુકથા નથી જ એવું કહેવા પણ અભ્યાસીઓ આગળ આવતા નથી. તેથી રાજકીય કટાક્ષ, વ્યંગકથા કે માર્મિક પ્રસંગ સૌને આકર્ષે, લોકોમાં તત્કાળ તે ઝિલાય, વંચાય, પ્રશંસા પણ પ્રાપ્ત કરે. પરંતુ જ્યારે ડહોળાયેલાં જળ આજરશે ત્યારે જ કઈ ચીજ બચી રહેશે તે કહેવાનું શક્ય બનશે.

લઘુકથાના સ્વરૂપની ઓળખ આપવા માટેના સંખ્યાબંધ પ્રયાસો થયા છે તે તેના માટે ઊજળી આશાઓ જન્માવે છે. શિશુમુખેથી પ્રથમ વાણી ફૂટે ત્યારે કેવી થાય? અજાણી વસ્તુને ઓળખાવવા બાળક વારંવાર પ્રયત્ન કરે તેનું શું પરિણામ આવે? લઘુકથાની પીછાન માટેનાં કથનિતવ્યોમાં આવાં અમૂંઝણ, ઔત્સુક્ય, વિસ્મય અને મુખરતાનો મધુર કોલાહલ સંભળાય છે. એટલે જ લઘુકથાના સ્વરૂપને સંગીતના મીંડ કે આલાપ, બિંદુ અને રેખાનાં લાંબાઈ – પહોળાઈ, વીજના ચમકાર, મીઠા જળના લોટા, હોકીના ગોલ, સુદામાના તાંદુલ, ત્રાસબિંદુમાં ઝિલાતા સૂર્યનાં પ્રતિબિંબ, કરંડિયાના ડંખીલા સાપની લબકતી જીભ, ૧૦૦ મીટર દોડના અંતે બરડ થતા ખેલાડી, દ્રોણાચાર્યના માનીતા બાણાવળીની દૃષ્ટિ કે શિલ્પકારના ટચુકડા ટાંચણાની ધારદાર શક્તિ વગેરે સાથે સરખાવવામાં આવેલ છે. લઘુકથાની ભાષાને ટેલિગ્રામની ભાષા, જીવન અને મોત વચ્ચે ઝુલતા ત્રસ્તની પ્રભુપ્રાર્થનાની ભાષા સાથે તેના આરંભને મુંબઈની ટ્રેઇનની શરૂઆતથી જ ઝડપની આગાહી આપતી ગતિ સાથે અને તેની અનુભૂતિને વાળ જેવી ધારવાળી બરછીના ઊંડેરા ઘા સાથે સરખાવવામાં આવેલ છે. લઘુકથાના સ્વરૂપની નજાકત, સૂક્ષ્મતા અને સચોટતા ભાવકો અને વિવેચકોને અનેકવિધ રૂપે દેખાઈ છે તેમાં તેની વશેકાઈ છે. આવાં ઝલમય બિંબો અને આભાઓ સુરેખ ચિત્રોરૂપે પરિણમશે તેવી અપેક્ષા રાખી શકાય. એમ થશે ત્યારે ઉત્તમ લઘુકથાઓના સર્જનમાં શિલ્પની કલામયતા, ભાષાકર્મની કુશળતા, આરંભ અને અંતની સૂક્ષ્મતા, શીર્ષકની સચોટતા, સર્વ ઉપકરણોનો ત્રેવડભર્યો વિનિયોગ અને સ્વલ્પ વસ્તુને બૃહત્ અર્થની વ્યંજના માટે યોજવાની શક્તિ કામયાબ નીવડશે.

આવું લઘુકથાનું સ્વરૂપ સર્જક અને વાચક બંને માટે આકર્ષણરૂપ છે. તેમાં લાઘવ જોઈએ, તેમ ગજદાર અભિવ્યક્તિ પણ જોઈએ. ગુજરાતી લઘુકથાએ પણ એ દિશામાં પુરુષાર્થનાં પગલાં ભર્યાં છે. મોહનલાલ પટેલ, ઉજ્જવતકુમાર ત્રિવેદી, અશ્વિન વસાવડા, રમેશ ત્રિવેદી, રાજેન્દ્રસિંહ રાયજાદા, જનક ત્રિવેદી, ભગવત સુથાર, ડો. કેશુભાઈ દેસાઈ, મણિલાલ હ. પટેલ, જયંતી મકવાણા, નિરંજન યાજ્ઞિક, યશવંત કડીકર, સાં. જે. પટેલ, ઈશ્વર પરમાર, મનોહર ત્રિવેદી તથા અન્ય ઘણા સર્જકોએ આ સાહિત્યસ્વરૂપ પર હાથ અજમાવ્યો છે. તેમાં વસ્તુ અને રચનાવિધાનનું વૈવિધ્ય તેમ જ સર્જકતાની અવનવી છટાઓનાં દર્શન થાય છે.

લઘુકથાના આ ક્ષેત્રમાં પ્રા. ઉજ્જવતકુમાર ત્રિવેદીનું આગવું સ્થાન છે. હાસ્યલેખક તરીકે તેઓ લલિતનિબંધના પણ સર્જક છે. આવી હાસ્ય કટાક્ષ અને નર્મમર્મ તેમને સહજ સાધ્ય છે. લઘુકથામાં તેનો વિનિયોગ તેઓ આસાનીથી કરી શકે છે. પરંતુ તેમનું લઘુકથાનું વિશ્વ સવિશેષપણે ભાવનામય છે. તેમણે 'કાસમ મારતરનું વસિયતનામું' (૧૯૮૧), 'કાંટા, ગુલાબના અને બાવળના' (૧૯૮૧), 'સુદામાના તાંદુલ' (૧૯૮૪) અને 'વામનનાં પગલાં' (૧૯૮૭) એમ ચાર લઘુકથાસંગ્રહો આપ્યા છે. તેઓ પોતાની લઘુકથાઓનો પાંચમો સંગ્રહ 'રાઈના દાણા' લઈને ઉપસ્થિત થાય છે ત્યારે તેમને આવકારતાં આનંદ થાય છે. આ પાંચ સંગ્રહોમાં ગ્રંથસ્થ થયેલી તેમની લઘુકથાઓની સંખ્યા ૧૩૪ જેટલી થાય છે. તે સાથે લઘુકથાનું તેમનું લેખનકાર્ય અવિરતપણે ચાલતું રહે છે. આથી લઘુકથાના સાહિત્ય સ્વરૂપમાં પ્રા. ઉજ્જવતકુમારનું સર્જન સાતત્ય અત્યંત ધ્યાનપાત્ર છે.

અવલોકન, અભ્યાસ અને કલ્પનાશક્તિથી વ્યાપક સમાજમાંથી શ્રી ઉજ્જવતકુમાર લઘુકથાક્ષમ વિષય ઉપાડી લે છે તેમાં ઘટના આછીપાતળી હોય છે, પણ તેના પાછળની મનની સ્થિતિનું નિરૂપણ કલાપૂર્ણ અને વ્યંજનાત્મક રીતે થયું હોય છે. પાત્રના મનની ભાવસ્થિતિને સૂક્ષ્મ રીતે પકડી લઈ સાદી ઘરાળુ શૈલીથી લેખક તેને વ્યક્ત કરે છે. સંકુલ

પરિસ્થિતિઓ, પ્રતીકાત્મક વસ્તુ, પુરાણકલ્પન વગેરેથી સામાન્ય રીતે અહીં તેઓ મુક્ત રહ્યા છે જીવનની ચિરંતન સંવેદનાઓને વાચા આપવાનું તેમને ગમે છે. પ્રેમ, દાંપત્ય અને સંસારભાવનાઓનાં વિવિધ રૂપો તેમણે ખૂબીપૂર્વક આલેખ્યાં છે.

આ લઘુકથાઓમાં લેખકની શૈલી સાદી અને સરળ હોવા છતાં તેની સાહજિકતા માણવી ગમે તેવી છે. તેમણે ખપમાં લીધેલી ભાષાની તરાહ ધ્યાનપાત્ર છે. મોટા ભાગની લઘુકથાઓ નીચલા મધ્યમ વર્ગ તથા ગ્રામસમાજની પરિસ્થિતિઓનું આલેખન કરે છે. આ સમાજમાં બોલાતી ધરગથ્થુ ભાષા અને તેમાં પણ ગોહિલવાડી બોલીના કેટલાક લહેકાઓ તેમણે કુશળતાથી યોજેલ છે.

લઘુકથાના ટુંકા વ્યાપમાં પણ શ્રી ધનજયકુમાર ભાવ અને ભાષાની લાક્ષણિકતા દ્વારા અપાવું વાતાવરણ રચી આપે છે. ભાવનો ઉપચય કરવા અને તેને પરાકાષ્ઠાએ લઇ જવા વીગતોનો ઉપયોગ તેઓ કલામય રીતે કરે છે.

લેખકને લઘુવાર્તામાં ભાવનાપ્રવણ આલેખન ગમે છે. જીવનની મંગળ ભાવનાઓ પ્રત્યે તેમને ઊંડું આકર્ષણ હોય તેવું દેખાય છે. દાંપત્યની પવિત્રતા, પ્રામાણિક પરિશ્રમ, કર્તવ્યપરાયણતા, નૈતિકતાની જાળવણી, સંવાદી કુટુંબીજન, વગેરે ભાવનાઓને લઘુકથામાં પ્રવેશ મળે છે. તેનાથી લઘુવાર્તામાં વાતાવરણ બંધાય છે અને ઉચ્ચગ્રાહી સ્તર રચાય છે. પરંતુ તે તેમની સર્જકતાની મર્યાદા પણ બની જાય છે. આ ભાવવિશ્વમાંથી બહાર નીકળી તેઓ કથારચનાના પ્રયોગો કરતા નથી. તેમની લઘુકથાઓનો અંત ઘણીવાર બોલકો બને છે અથવા વાતાવરણ ભારઝલ્લું થઇ જાય છે. ભાવપ્રવણતાથી બેચાઇને ઘણી વાર તેઓ ભાવની સ્પષ્ટતા કરવા બેસી જાય છે ત્યારે સર્જકતાને આંચ આવે છે. પરંતુ આવું વારંવાર બનતું નથી. મોટા ભાગની લઘુકથાઓ સંઘેડાઉતાર રચનાઓ બની રહે છે. કુશળ વસ્તુ-ગૂંથણીની હથોટી તેમણે સિદ્ધ કરી છે. બહુ ઓછા શબ્દોમાં પાત્રરેખાને પણ તેઓ જીવંત બનાવી દે છે. ઉમદા ભાવ-પ્રવણ પાત્રોની તેમણે રચેલી સૃષ્ટિ સાથે તુલના કરી શકાય તેવા લઘુકથાકારો ઓછા મળવાના. ગુજરાતી લઘુકથાના ક્ષેત્રે શ્રી ધનજયકુમારનું પ્રદાન ગણનાપાત્ર છે.

પરિવારજનોની પરિવાર–કથા

પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

શિષ્ટ, શિક્ષિત ને સાહિત્યિકજનોમાં કુટુંબ માટે હવે 'પરિવાર' શબ્દ વધુ વપરાતો થયો છે. આ શબ્દ છે તો મૂળ સંસ્કૃત, પણ સંસ્કૃતમાં એનો મૂળ અર્થ જુદો છે. આપણે ત્યાં આ શબ્દ કુટુંબના અર્થમાં પ્રચલિત છે.

કુટુંબમાં આપણે કેટલાં? માતા, પિતા, બહેન, ભાઇ ને પછી વળી ભાઇની પત્ની!– મુખ્ય તો આટલાં જ ને!

આ પરિવારજનો માટે વપરાતાં નામોનાં મૂળ ને કુળ તપાસવા બેસીએ તો કેટલાંક નામો તો દુનિયાની અન્ય ભાષાઓ જોડે પણ કોઈ ગોત્રથી સંકળાયેલાં મળી આવે એમ છે.

માતા

ઉદાહરણ તરીકે 'માતા' શબ્દ લઇએ : સંસ્કૃતમાં એનું મૂળ રૂપ માતૃ : તેનું એક રૂપ 'માતર' ! હવે સરખાવો–ફારસી માદર; લેટિન; Mater ને તે પરથી અંગ્રેજી 'મધર' ! છે ને એક જ ગોત્રનાં !

પિતા

'પિતા' શબ્દનું પણ એવું જ છે. એનું મૂળ સંસ્કૃત રૂપ 'પિતૃ'; તેનું રૂપ 'પિતર'; હવે જુઓ : ફારસીમાં 'પિદર' ને લેટિનમાં Peter ! આ પરથી અંગ્રેજીમાં રૂપ બન્યું 'ફાધર'. સ્પેનિશ, ઇટાલિયન અને પોર્ટુગિઝ ભાષાઓમાં લેટિન પરથી બન્યું Padre, એટલે પિતા. ખ્રિસ્તી ધર્માચાર્યો ને ધર્મોપદેશકો એમના સંપ્રદાયમાં 'પિતા' કહેવાય છે–ને એટલે જ, એમને માટે વપરાતા આ પોર્ટુગિઝ રૂપ પરથી આપણે ત્યાં 'પાદરી' શબ્દ પ્રચલિત થયો છે. 'પાદરી' એટલે પણ શબ્દાર્થમાં તો 'પિતા' જ !

પુત્રી-દૌહિત્ર-ધી

સંસ્કૃત 'પુત્ર'–'પુત્રી' શબ્દો આપણે ત્યાં એવા જ સ્વરૂપે પ્રચલિત છે; પણ પુત્રી માટે વપરાતા 'દુહિતા' શબ્દની વાત જાણવા જેવી છે.

સંસ્કૃતમાં 'દુહ' એટલે 'દોહવું'; તે પરથી દોહનાર એટલે 'દુહિતૃ'; પ્રાચીનકાળમાં દોહવાનું કામ દીકરીઓ સંભાળતી, એટલે 'દુહિતૃ' પરથી આ દીકરીઓ 'દુહિતા' કહેવાતી થઇ. પણ પછીના કાળમાં આ કામ દીકરીઓ જ સંભાળે એવું કંઇ હંમેશા નહોતું બનતું: એ તો કોઇ પણ કરી લે છતાં, આ પછી યે દીકરીઓ 'દુહિતા' કહેવાતી રહી; એનાં બાળકો સંસ્કૃતમાં (પુત્રીનાં) માબાપનાં 'દૌહિત્ર' ને 'દૌહિત્રી' કહેવાયાં, જેને માટે આપણે ત્યાં વ્યવહારમાં 'દોઢત્રો' ને 'દોઢત્રી' શબ્દો પ્રચલિત છે. હિંદીમાં એનાં રૂપો 'ધેવતા' ને 'ધેવતી' બન્યાં છે. વળી સંસ્કૃત 'દુહિતા' શબ્દે પ્રાકૃતમાં 'ધૂઆ' રૂપ પણ ધારણ કર્યું, જેણે પછી દીકરી માટે સિંધીમાં 'ધીઆ' ને કચ્છીમાં 'ધી' શબ્દો આપ્યા છે.

પણ પેલો 'દુહિતૃ' શબ્દ દીકરીના અર્થમાં ફારસી 'દુખ્તર' (પારસી ગુજરાતીમાં 'દુકતી'–છોકરી) અને અંગ્રેજીના 'Daughter' જોડે તો દેખીતી સંકળાયેલો છે જ !

ભાઇ

'હવે 'ભાઇ'! સંસ્કૃતમાં એનું મૂળ રૂપ 'ભ્રાતૃ'; તેનું ('પિતર ને 'માતર'ની જેમ બનતું) રૂપ 'ભ્રાતર'; ભાઇ માટે વપરાયેલા અવેસ્તા અને જૂની ફારસીના 'બ્રાતર' અને અંગ્રેજીના 'બ્રધર' રૂપથી આ કંઇ દુર નથી !

બહેન

ભાઇ પછી 'બહેન' શબ્દ લઇએ ! આનું મૂળ સંસ્કૃત રૂપ છે 'ભગિની'; ભાષાવિકાસમાં રસ લેનારે ખાસ નોંધવા જેવી વાત એ છે કે સંસ્કૃત 'ભ' અક્ષર ઘણીવાર 'બ' અને 'હ'માં વહેંચાઇ જાય છે. (અંગ્રેજીમાં તો એ માટે B H લખીએ જ છીએ ને !) અને 'હ' તો પાછો મનફાવે ત્યારે આગળ-પાછળ ખસતો પણ રહે !

આ ભગિની શબ્દમાં એવું જ થયું છે. પ્રાકૃત ભાષામાં એનાં 'ભઅણિ' અને 'બહિણી' રૂપો થયાં છે. આમાંના 'બહિણી' રૂપ પરથી મરાઠીમાં બહિણ', હિંદીમાં 'બહિન' ને 'બહન' તથા આપણે ત્યાં 'બહેન' રૂપો વિકસ્યાં.

પણ પેલો 'હ' કંઇ સખણો રહે ! 'બહેન' શબ્દમાં એ વળી પાછો 'બ' જોડે ભળી ગયો બ+હે=ભે: F+HE=BHE)ને એમ થતાં બનેલું રૂપ 'ભેણ' આજેય કચ્છી, પંજાબી ને સિંધીમાં 'બહેન'ના અર્થમાં વપરાય છે.

ભોજાઇ

ભાઇની પત્ની, તે મા-બાપની 'પુત્રવધૂ' ! હિંદીએ 'પુત્રવધૂ' શબ્દ પરથી 'પતોહૂ' શબ્દ બનાવી લીધો છે; પણ આપણે ત્યાં તો આ શબ્દ ક્યારેક ઔપચારિકતામાં જ વપરાય છે; એ બાદ કરતાં, એ ખાસ પ્રચલિત નથી. મોટેભાગે તો વડીલો પણ એને 'વહૂ' કહીને બોલાવે છે. આ 'વહૂ' શબ્દના પણ પેલો સંસ્કૃત 'વધૂ' શબ્દ જ છે, હોં !-જે પરથી હિંદીએ 'બહૂ' શબ્દ બનાવી લીધો છે.

પણ મોટાભાઇની પત્ની માટે નાના ભાઇબહેનોમાં ભાભી, ભોજાઇ જેવા શબ્દો પણ પ્રચલિત છે જ ને !

ભાઇની પત્ની તે, સંસ્કૃત પ્રમાણે 'ભ્રાતૃ-(ભાઇ-) જાયા (પત્ની) = ભ્રાતૃજાયા !' આ પરથી આપણે 'ભોજાઇ' શબ્દ બનાવી લીધો, હિંદીમાં એણે 'ભોજાઇ' ને મરાઠીમાં 'ભાઉજઇ' રૂપો ધારણ કર્યાં છે. આપણો 'ભાભી' શબ્દ પણ આ જ મૂળમાંથી નિષ્પન્ન થયાનું મનાય છે.

પણ મરાઠીમાં તો ભાભી માટે 'વહિની' શબ્દ જ વધુ વપરાય છે. આનાં મૂળમાંય પેલો સંસ્કૃત 'વધૂ' શબ્દ છે. મોટાભાઇની પત્ની તે ઘરની મોટી વહુ જ ને ! એવા અર્થમાં દેશી-પ્રાકૃતમાં 'વહુણણી' શબ્દ વપરાયેલો નોંધાયો છે-જેણે પછી મરાઠીને આ 'વહિણી' ને 'વહિની' આપ્યા છે.

બંગાળીમાં ભાભીને 'બૌઉદા' (કે 'બૌદા') કહે છે. આના મૂળમાંથે પેલો 'વધૂ' શબ્દ તો ખરો જ ! બંગાળીમાં બહેન (ખાસ તો મોટી બહેન) માટે 'દીદી' શબ્દ વપરાય છે, જે વ્યવહારમાં કોઇ નામ કે સંબંધવાચક શબ્દ જોડે ટુંકમાં માત્ર 'દી'રૂપ જ વપરાય છે. 'મંજુબહેન' કહેવું હોય તો (બંગાળી ઉચ્ચાર પ્રમાણે) 'મોંજુદી' જ બોલાય ! આ મોટપણનો ભાવ દર્શાવતો 'દીદી' શબ્દ વ્યવહારમાં 'બહુ' (ઉચ્ચાર બોહુ-બોઉ) રૂપ જોડે વપરાતાં 'બોહુદી' બન્યો, જે વ્યવહારમાં 'બોઉદી' થઇ હવે કંઇક 'બૌદી' જેવો બોલાય છે. આ શબ્દાર્થમાં તો 'બોઉદી' એટલે (મોટી) 'વહુ-બહેન' એટલે કે 'ભાભી-બહેન' એવું થાય !

આ છે કુટુંબીજનોનું કુટુંબ !

કુટુમ્બ

આ 'કુટુમ્બ' શબ્દ મૂળ તો સંસ્કૃત રૂપ જ છે. આ પરથી સંસ્કૃતમાં બનેલો શબ્દ 'કુટુમ્બિન્' કુટુંબના મુખ્ય પુરુષ માટે વપરાયો છે.

પ્રાદેશિક બોલીઓમાં 'કુટુંબનું 'કુટુમ' રૂપ પણ બન્યું છે જે પરથી કુટુંબમાં જોડાયેલાં સગાંઓ, એવા અર્થમાં-સવિશેષ તો સૌરાષ્ટ્રનાં ગામોમાં 'કુટમી' ને 'કટમી' શબ્દો પણ આપણે ત્યાં પ્રચલિત છે !

તો હવે 'પરિવાર' શબ્દનો પણ પરિચય કરી લઇએ ને !

પરિવાર

'પરિ+વૃ' થી બનેલા આ શબ્દનો અર્થ છે-ઘેરનાર, વીંટી લેનાર વગેરે; વડે ઘેરાયેલું તે પરિવાર ! સંસ્કૃતમાં આ શબ્દ મૂળ તો સેવક, અનુચર-પરિચારક, અનુયાયી-વર્ગ માટે મુખ્યત્વે વપરાયો છે. અનુચરો, સેવકોથી ઘેરાયેલા-વીંટાયેલા સંપન્ન લોકોનો-આમ, આ પરિવાર જ છે ને ?

વળી ઘરનો વડો, મુખ્ય, સ્વામી તો આ લોકો ઉપરાંત પોતાનાં સ્ત્રીબાળકો, કુટુંબીજનો વગેરેથી પણ ઘેરાયેલો-ને એમની વચ્ચે રહેનાર પણ ખરો જ ને ! એટલે આ રીતે, એનાં સ્ત્રી, બાળકો, કુટુંબીજનો વગેરે પણ આ પરિવારમાં તો ખરાં જ !

કોઇ ખાસ સંપન્ન ન પણ હોય, એને ત્યાં ઘણાં સેવકો-અનુચરો ન પણ હોય - ઓછાં યે હોય, ન યે હોય, છતાં એય પોતાનાં સ્ત્રીબાળકો, કુટુંબીજનો 'વચ્ચે' તો ખરો જ ને ? એમનાથી ઘેરાયલો તો ખરો જ ! એટલે આ કુટુંબીજનો તે પણ એનો પરિવાર જ !

આમ 'પરિવાર' શબ્દ કુટુંબનો અર્થ સૂચવતો થઇ ગયો !

આ પરિવાર, આપણે જોયા તે પરિવારજનો ને આ એની પરિવાર-કથા !

સ્વ. પૂ. વિજયવલ્લભસૂરિ

● રમણલાલ ચી. શાહ

'પ્રબુદ્ધ જીવન'ના ગયા અંકમાં દિલ્હીમાં સ્થપાયેલા વિજયવલ્લભ સ્મારકનો અને એના પ્રતિષ્ઠા મહોત્સવનો અહેવાલ આપ્યો છે. પંજાબ, રાજસ્થાન, ગુજરાત અને મુંબઇના હજારો-લાખો લોકોના જીવન ઉપર પ્રબળ પ્રભાવ પાડનાર, અનેક સંસ્થાઓની સ્થાપનાના પ્રેરક, ક્રાન્તિકારી યુગદ્રષ્ટા સ્વ. પૂ. વિજય વલ્લભસૂરિના જીવન અને કાર્યનો પરિચય સંક્ષેપમાં અહીં આપવામાં આવ્યો છે. સ્વ. કૂલચંદ હરિચંદ દોશી, સ્વ. રતિલાલ દીપચંદ દેસાઇ વગેરે વિદ્વાનોએ વલ્લભસૂરિનું સવિસ્તર જીવનચરિત્ર લખ્યું છે તથા એમને વિશે વિવિધ સ્મૃતિ-અંકો પ્રગટ થયા છે. પ્રો. શ્રી જવાહર પટનીએ વલ્લભસૂરિના જીવનકવન વિશે શોધનિબંધ લખીને રાજસ્થાનની એક યુનિવર્સિટીની પીએચ.ડી.ની ડિગ્રી પણ મેળવી છે.

જૈન સાધુમહાત્માઓમાં ભાષા અને પ્રદેશના ભેદો વિગલિત થઇ જાય છે. તેઓ જ્યાં વિચરતા હોય તે પ્રદેશના લોકો સાથે એકરૂપ બની જાય છે. તેમની ભાષા પણ તેઓની જીભે સરળતાથી ચઢી જાય છે. વળી લોકોને પણ પોતાની ભાષા ગુરુમહારાજ શુદ્ધ ન બોલી શકતા ન હોય તો કઠતું નથી. પૂ. બુટેરાયજી મહારાજ, પૂ. મૂળચંદજી મહારાજ તથા પૂ. આત્મારામજી મહારાજ વગેરે પંજાબથી ગુજરાતમાં આવ્યા અને ગુજરાતીઓ સાથે એકરૂપ બની ગયા હતા. તેવી જ રીતે પૂ. વલ્લભસૂરિ, પૂ. મૃગાવતીશ્રીજી વગેરે ગુજરાતી મહાત્માઓ પંજાબના લોકો સાથે એકરૂપ બની ગયાં હતાં.

વિજય વલ્લભસૂરિને એક અનાથ ગરીબ કિશોરમાંથી તેજસ્વી સાધુરત્ન બનાવવામાં આત્મરામજી મહારાજનો બહુ મોટો હિસ્સો રહેલો છે.

વલ્લભસૂરિ મહારાજનો જન્મ વિ. સં. ૧૯૨૭ ના કારતક સુદ-૨ના દિવસે વડોદરામાં થયો હતો. એમના પિતાનું નામ દીપચંદભાઇ અને માતાનું નામ ઇચ્છાબાઇ હતું. એમનું પોતાનું નામ છગનલાલ હતું. તેઓ વીસાશ્રીમાળી જ્ઞાતિના હતા. દીપચંદભાઇને સાત સંતાનો હતાં-ચાર દીકરા અને ત્રણ દીકરીઓ. ચાર દીકરામાં છગનલાલ ત્રીજા દીકરા હતા.

દીપચંદભાઇનું આખુ કુટુંબ ધર્માનુરાગી હતું. દુર્ભાગ્યે દીપચંદભાઇનું નાની ઉંમરમાં અવસાન થયું. ત્યારપછી માતા ઇચ્છાબાઇનું પણ અવસાન થયું. તે વખતે પુત્ર છગનલાલની ઉંમર દસેક વર્ષની હતી. માતા જ્યારે મરણપથારીએ હતી ત્યારે તેણે બાળક છગનલાલને અરિહંત ભગવાનનું શરણ લેવાની અને લોકોનું ભલું કરવાની શિખામણ આપી હતી.

બાળક છગનલાલે શાળામાં સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. એ દિવસોમાં ઘણાખરા વિદ્યાર્થીઓ સાત ધોરણ સુધીનો અભ્યાસ કરતા. અંગ્રેજી કેળવણી લેવા હાઇસ્કૂલમાં બહુ ઓછા વિદ્યાર્થીઓ જતા. બાળક છગનલાલને વડીલ ભાઇઓ હતા; એટલે આવાપીવાની કોઇ ચિંતા ન હતી. પરંતુ વેપારમાં કે નોકરીમાં તેમનું મન લાગતું ન હતું. દેરાસર અને ઉપાશ્રયમાં તેઓ નિયમિત જતા અને સાધુમહાત્માઓની વૈયાવચ્ચ કરતા.

વિ સં. ૧૯૪૨માં આત્મારામજી મહારાજ (વિજયાનંદસૂરિ) વડોદરા પધાર્યા હતા. પંદર વરસના કિશોર છગનલાલે આત્મારામજી મહારાજનાં વ્યાખ્યાનો સાંભળ્યાં, એમનો ઉપદેશ એ કિશોરના અંતરને સ્પર્શી ગયો. ત્યાગ અને વૈરાગ્યના સંસ્કારો જાગૃત થયા. એક દિવસ વ્યાખ્યાન પૂરું થયા પછી પણ છગનલાલ ત્યાં બેસી જ રહ્યા. મહારાજે પૂછ્યું, ભાઇ, તું હજુ કેમ બેસી રહ્યો છે? તારે શું જોઇએ છે?' મહારાજે ધાર્યું હતું કે આ કોઇ ગરીબ વિદ્યાર્થીને પૈસાની જરૂર હશે. કિશોર છગનલાલ કંઇ જવાબ ન આપતાં રુદન કરવા લાગ્યા. એને શાંત અને સ્વસ્થ કરી મહારાજશ્રીએ તેનું કારણ પૂછ્યું ત્યારે કિશોર છગનલાલે કહ્યું કે પોતાની ઇચ્છા મહારાજશ્રી પાસે દીક્ષા લેવાની છે. મહારાજશ્રીએ સાંત્વન આપ્યું અને કહ્યું કે વડીલોની અનુમતિ મળે એટલે એને જરૂર દીક્ષા આપવામાં આવશે.

એ તેજસ્વી કિશોર જો દીક્ષા લેશે તો જરૂર શાસનનું ઘણું મોટું કાર્ય કરશે એવી ખાતરી એમને ત્યારે થઇ ગઇ હતી.

આત્મારામજી મહારાજે એક મહિનો વડોદરામાં સ્થિરતા કરી, ત્યાર પછી ત્યાંથી તેઓ છાણી પધાર્યા. કિશોર છગનલાલ ત્યાં પણ મહારાજશ્રી પાસે વારંવાર આવતા. મહારાજશ્રી પોતાના પ્રશિષ્ય મુનિ હર્ષવિજયજીને કિશોર છગનલાલનું ધ્યાન રાખવાની ભલામણ કરીને પોતે આગળ વિહાર કરી ગયા. છગનલાલના મોટાભાઇ ખીમચંદભાઇ તરફથી દીક્ષા માટે સંમતિ મળી નહિ, એટલે વાત વિલંબમાં પડી ગઇ. તેમ છતાં દીક્ષા લેવા માટે પોતાની હઠ ચાલુ રાખી. છેવટે એમની ભાવના સફળ થઇ. વિ. સં. ૧૯૪૩ના વૈશાખ સુદ ૧૩ના રોજ રાધનપુર શહેરમાં આત્મારામજી મહારાજે સંઘ સમક્ષ છગનલાલને દીક્ષા આપી. એમનું નામ મુનિ વલ્લભવિજય રાખવામાં આવ્યું અને મુનિ વલ્લભવિજયને મુનિ હર્ષવિજયના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા.

કિશોર વયના છગનલાલ આત્મારામજી મહારાજ પાસે દીક્ષા લઇ મુનિ વલ્લભવિજય બન્યા એ પછી તેમની સાથે વિહાર કરીને તેઓ રાજસ્થાનમાં થઇ પંજાબ પહોંચ્યા. સં. ૧૯૫૨માં આત્મારામજી મહારાજ કાળધર્મ પામ્યા ત્યાં સુધી તેઓ ઘણુંખરું તેમની સાથે જ રહ્યા અને તેમની પાસે શાસ્ત્રાભ્યાસ કર્યો. આત્મારામજી મહારાજની અંગત દેખરેખ નીચે આ રીતે ઊંડો વિદ્યાભ્યાસ થયો. એથી સમુદાયના બધા સાધુઓમાં તેમની પરિપક્વતાની અને તેજસ્વિતાની આત્મારામજી મહારાજને પાકી પ્રતીતિ થઇ ગઇ હતી અને શાસનની ધુરા પોતાના પછી વલ્લભવિજયને નિશ્ચિંતપણે સોંપી શકાશે એવો દૃઢ વિશ્વાસ તેમને બેઠો હતો. એથી જ 'મારા પછી વલ્લભ પંજાબને સંભાળશે' એમ આત્મારામજી મહારાજે પોતાના અંતિમ દિવસોમાં પંજાબના સંઘોને જણાવ્યું હતું. જિનમંદિરોની

સાથે સાથે સરસ્વતી મંદિરો સ્થાપવાની પ્રેરણા વલ્લભવિજયે પોતાના એ સદ્‌ગુરુ પાસેથી મેળવી હતી. મુનિ વલ્લભવિજયને સં. ૧૯૮૧માં લાહોરમાં આચાર્યની પદવી અપાઈ હતી. આત્મારામજી મહારાજના સમુદાયના આચાર્ય વિજયકમલસૂરિ, પ્રવર્તક કાંતિવિજયજી, હંસવિજયજી વગેરેના સહવાસથી વલ્લભસૂરિની પ્રતિભા વધુ ઘડાઈ હતી.

મુનિ વલ્લભવિજયજીની પોતાના દાદાગુરુ આત્મારામજી મહારાજ પ્રત્યેની આસ્થા અને ભક્તિ અનન્ય હતી. તેમણે પોતાના જીવનના સર્વસ્વ તરીકે પોતાના દાદાગુરુને જ માન્ય હતા. આ અંગે ગુજરાનવાલામાં બનેલો એક પ્રસંગ નોંધવા જેવો છે.

શ્રી આત્માનંદજી મહારાજ કાળધર્મ પામ્યા તે વખતે કેટલાક વિઘ્નસંતોષીઓએ તેનાં કારણો વિશે શંકા દર્શાવી પોલીસમાં ફરિયાદ કરી હતી. પોલીસ અધિકારીએ તપાસ હાથ ધરીને મુનિ વલ્લભવિજયજીને કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા. એ સમયે એમણે પૂરી સ્વસ્થતાથી જે લાક્ષણિક અને માર્મિક જવાબો આપ્યા એથી પોલીસને સંતોષ થયો હતો કે આત્મારામજી મહારાજના કાળધર્મ વિશે શંકા કરવાનું કોઈ કારણ નથી.

પોલીસ અધિકારી અને મુનિશ્રી વલ્લભવિજયજી વચ્ચે આરંભમાં જે સવાલ-જવાબ થયા તે જુઓ :

પોલીસ અધિકારીએ પૂછ્યું: 'તમારું નામ શું ?'

'વલ્લભવિજય.'

'તમારા પિતાનું નામ ?'

'આત્મારામજી મહારાજ.'

'માતાનું નામ ?'

'આત્મારામજી મહારાજ.'

'ગુરુનું નામ ?'

'આત્મારામજી મહારાજ.'

'આ તમે શું કહો છો ?'

'હું બરાબર જ કહું છું. મારા માટે આત્મારામજી મહારાજ માતા, પિતા, ગુરુદેવ જે કંઈ કહો તે સર્વસ્વ હતા.'

વિ. સ. ૧૯૫૨માં વિજયાનંદસૂરિ – આત્મારામજી મહારાજ ગુજરાનવાલામાં કાળધર્મ પામ્યા. એ વખતે મુનિ વલ્લભવિજયજીએ એ ચોમાસું ગુજરાનવાલામાં કર્યું. તે સમયે પોતાના દાદાગુરુને શ્રદ્ધાંજલિ અર્પવા રૂપે તેમણે નીચે પ્રમાણે પાંચ સંકલ્પ કર્યા હતા:

(૧) આત્મારામજી મહારાજના નામથી 'આત્મ સંવત' ચાલુ કરવો અને સંક્રાંતિના દિવસે આત્મસંવતની પણ જાહેરાત કરવી.

(૨) આત્મારામજી મહારાજના અગ્નિસંસ્કારના સ્થળે ગુજરાનવાલામાં સમાધિ મંદિર બનાવવું.

(૩) પંજાબમાં 'આત્માનંદ જૈન સભા'ની સ્થાપના કરવી.

(૪) આત્મારામજી મહારાજના નામથી સ્થળે સ્થળે પાઠશાળાઓ, શાળાઓ ચાલુ કરાવવી અને એક કોલેજની પણ સ્થાપના કરાવવી.

(૫) આત્મારામજી મહારાજનું નામ આપીને એક સામયિક પ્રગટ કરવું.

મુનિ વલ્લભવિજયે યુવાન વયે કરેલા આ સંકલ્પો એમણે પાર પાડ્યા. આત્મસંવત ચાલુ થયો. ગુજરાનવાલામાં સમાધિ-મંદિર બન્યું. આત્માનંદ જૈન સભાની સ્થાપના માત્ર પંજાબમાં જ નહિ, ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન અને મુંબઈમાં પણ થઈ. સ્થળે સ્થળે પાઠશાળાઓ અને શાળાઓ પણ થઈ અને અંબાલામાં વિ. સં. ૧૯૮૪માં શ્રી આત્માનંદ જૈન કૉલેજની સ્થાપના પણ થઈ અને આત્માનંદ જૈન મહાસભા-પંજાબ તરફથી 'વિજયાનંદ' નામે માસિક પણ પ્રગટ થયું જે આજ સુધી ચાલુ છે.

વળી વલ્લભવિજયજીએ પોતાનું જીવનકાર્ય પણ વિચારી લીધું હતું. એમણે કહેલું કે મારા જીવનનાં ત્રણ મુખ્ય આદર્શો છે: (૧) આત્મસંન્યાસ, (૨) જ્ઞાનપ્રચાર અને (૩) શ્રાવકશ્રાવિકાઓનો ઉત્કર્ષ.

આત્મારામજી મહારાજ સ્થાનકવાસી સંપ્રદાય છોડી, ગુજરાતમાં આવી ફરીથી સંવેગી દીક્ષા લઈ મૂર્તિપૂજક સમુદાયમાં જોડાયા હતા અને પાછા જ્યારે તેઓ પોતાના શિષ્યો સાથે પંજાબ પધાર્યા ત્યારે સ્થાનકવાસીઓ તથા સનાતન ધર્મીઓ તરફથી તેમના ઉપર ઉપદ્રવો થતા, પરંતુ તેઓ નીડરતાપૂર્વક તેનો સામનો કરતા. તેમનું જ્ઞાન એટલું અગાધ હતું કે તેમની પાસે આવીને કોઈ શાસ્ત્રાર્થ કરવાની હિંમત કરતું નહિ. એવી જ શંકિત વલ્લભસૂરિની પણ હતી.

વલ્લભસૂરિ મહારાજ વિ. સં. ૧૯૬૪માં પંજાબથી વિહાર કરીને ગુજરાત તરફ આવી રહ્યા હતા. એવામાં માર્ગમાં એક ગામમાં તેઓ હતા. ત્યારે વિજયકમલસૂરિનો ગુજરાનવાલાથી તાર આવ્યો. એમાં લખ્યું હતું કે અહીંના સનાતન ધર્મીઓ ગુરુદેવ આત્મારામજી મહારાજ સાહેબના 'જૈનતત્ત્વાદર્શ' અને 'અજ્ઞાન તિમિર ભાસ્કર' એ બે પુસ્તકો ખોટાં છે એવો પ્રચાર કરી રહ્યા છે અને એ માટે શાસ્ત્રાર્થ કરવા પડકાર ફેંકયો છે. માટે તમે તરત વિહાર કરીને ગુજરાનવાલા આવી પહોંચો.' વલ્લભસૂરિ તે વખતે ૩૭ વર્ષના યુવાન મુનિ વલ્લભવિજય હતા. તાર મળતાં જ તેમણે તરત ગુજરાનવાલા પહોંચવાનો નિર્ણય કરી લીધો. જેઠ મહિનાનો ઉનાળાનો સમય હતો. સખત ગરમીના. એ દિવસોમાં સાડા ચારસો માઇલનો વિહાર કરવાનો હતો. તેઓ સવારના વીસ માઇલ અને સાંજના દસ માઇલ એમ રોજના ત્રીસ માઇલનો ઉગ્ર વિહાર કરીને વીસ દિવસમાં ગુજરાનવાલા પહોંચી ગયા. ગરમીને લીધે અને સતત વિહારને લીધે એમના પગમાં છાલાં પડી ગયાં હતાં અને લોહી નીકળતું હતું. તો પણ આત્મારામજી મહારાજની પ્રતિષ્ઠાને ખાતર તેઓ હર્ષપૂર્વક ત્યાં પહોંચી ગયા. પરંતુ મુનિ વલ્લભવિજય શાસ્ત્રાર્થ માટે આવે છે એવી વાત વહેતી થતાં જ સનાતનીઓએ પોતાનો વિરોધ બંધ કરી દીધો: કારણ કે વલ્લભવિજયના આગમ શાસ્ત્રજ્ઞાનની અને વાદશક્તિની એમને ખબર હતી. વલ્લભવિજયજી ત્યાં પહોંચ્યા ત્યારે શાસ્ત્રાર્થ કરવાનો કોઈ પ્રશ્ન રહ્યો ન હતો.

વલ્લભસૂરિની ગુરુભક્તિ, જ્ઞાનપ્રતિભા, સંયમની સાધના અને ઉગ્ર વિહારની શક્તિનો ખ્યાલ આ ઘટનાઓ પરથી થઈ શકે છે. પંજાબમાં વલ્લભસૂરિને મૂર્તિપૂજા વિશે શાસ્ત્રાર્થ કરવાના કેટલાક પ્રસંગો પ્રાપ્ત થયા હતા. તેવે પ્રસંગે તેઓ સામી વ્યક્તિને ઉતરતા કે અભિનિવેશ વગર, પ્રેમથી અને શાંતિથી

વ્યવહારનયથી અને નિશ્ચયનયથી સમજાવતા.

મૂર્તિપૂજા વિશે તેમણે એક પ્રસંગે કહ્યું હતું કે, 'પ્રત્યેક ધર્મમાં મૂર્તિપૂજા એક યા બીજા સ્વરૂપે છે જ. મૂર્તિઓ ભાવની પ્રતીક છે. વિવિધ સંસ્કૃતિઓ, વિવિધ સ્થળો વગેરેને લીધે ભાવનું પ્રતીક ભલે બદલાય, પરંતુ માનવીના જીવનને ઉદાત્ત બનાવવા માટે પ્રતીક હોવું જોઈએ. આ પ્રતીક વિના કોઈને ન ચાલે. કોઇ છબીને માને, કોઇ ગ્રંથને માને. હિન્દુઓ હરદ્વારની યાત્રાએ જાય, મુસલમાનો પાક થવા માટે મક્કાની હજે જાય, પારસીઓ અગિયારીમાં જાય, શીખો ગુરદ્વારામાં જાય, ઇસાઇઓ દેવળમાં જઇ પ્રાર્થના કરે. આમાં સૌ કોઇનો હેતુ જીવનને ધન્ય બનાવવાનો અને જીવનનો ભાર ઓછો કરવાનો છે મૂર્તિપૂજામાં ન માનનારા નારિતકો પણ પોતાનાં માતા – પિતાની છબીઓ પડાવે છે ને અને સારા સ્થળે રાખે છે. આ મૂર્તિપૂજા નથી તો છે શું ? પ્રભુનું નામ અક્ષરોમાં લખાય એ પણ મૂર્તિપૂજનો એક પ્રકાર છે. તો પછી એમની પ્રતિમા રાખીને આપણા હૃદયમાં પૂજ્યભાવ જાગ્રત કરીએ તો એમાં કશું ખોટું નથી.'

આત્મારામજી મહારાજના કાળધર્મ પછી વલ્લભવિજયે ચૌદેક વર્ષ પંજાબમાં જ માલેરકોટલા, હોંશિયારપુર, અમૃતસર, અંબાલા, લુધિયાના, જીરા, ગુજરાનવાલા વગેરે સ્થળે ચાતુર્માસ કર્યાં અને સમગ્ર પંજાબમાં જૈનધર્મનો ડંકો વગાડયો.

સં. ૧૯૬૫માં તેઓ ગુજરાત તરફ આવ્યા અને દસેક વર્ષ ગુજરાત અને મુંબઇમાં વિચર્યા. અને ત્યાર પછી ત્રણેક ચાતુર્માસ રાજસ્થાનમાં કરીને તેઓ ફરી પાછા પંજાબ ગયા. ત્યાર પછી ફરીથી તેઓ ગુજરાત અને મુંબઈ પધાર્યા અને દસેક વર્ષ ગુજરાત, રાજસ્થાન અને મુંબઈમાં વિચરીને ફરી પાછા પંજાબ પધાર્યા. મુંબઇ સુધીનો તેમનો વિહાર ત્રણેકવાર થયો અને અંતે મુંબઇમાં તેમણે દેહ છોડયો. આમ એક જૈનાચાર્યને શોભે એ રીતે તેમનો ઝડપી વિહાર મુંબઇથી પંજાબ સુધી સતત રહ્યા કર્યો હતો. એ દ્વારા અનેક લોકોને તેમના ધર્મોપદેશનો લાભ મળ્યો. ૮૪ વર્ષના આયુષ્યકાળમાં એમની પ્રેરણાથી અનેક સ્થળે ધાર્મિક, શૈક્ષણિક અને સમાજોપયોગી એવી વિવિધ પ્રકારની યોજનાઓ થઇ હતી.

ઝડપી વિહાર, સ્વાધ્યાય અને સંઘોની વિવિધ પ્રવૃત્તિઓ માટે માર્ગદર્શનમાં પ્રવૃત્ત રહેતા સાધુ ભગવંતો કેટલીકવાર ઉગ્ર તપશ્ચર્યા કરી શકતા નથી. વલ્લભસૂરિથી પણ બહુ આકરી તપશ્ચર્યા થતી નહોતી. તો પણ તેમણે ખાનપાનમાં દસ વાનગીનો નિયમ કાયમ માટે લીધો હતો અને તેમાં પણ બને તેટલી ઓછી વાનગી તેઓ વાપરતા. વિ.સં. ૧૯૭૭માં બિકાનેરથી પંજાબ વિહાર કરવાનો હતો ત્યારે તેમણે પ્રતિજ્ઞા કરી હતી કે જ્યાં સુધી પંજાબમાં પહોંચાય નહિ ત્યાં સુધી રોજ એકાસણું કરવું. પંજાબ પહોંચ્યા પછી પણ તેમણે ફરી પાછા એકાસણાં શરૂ કર્યાં હતાં. તેઓ ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ. વગેરેની તપશ્ચર્યા પણ કરતા. પર્યુષણના દિવસોમાં અઠ્ઠમ કરીને કલ્પસૂત્રનું વાંચન કરતા. વળી તેઓ બાર તિથિએ મૌન રાખતા અને સ્વાધ્યાયમાં ચિત્તને પરોવતા. વધુ પડતી તપશ્ચર્યાને કારણે એમના શરીર ઉપર જ્યારે અસર થવા માંડી ત્યારે એમના મુખ્ય શિષ્ય લલિતવિજયજી મહારાજે તેમને હવે વધુ તપશ્ચર્યા ન કરવા વિનંતી કરી હતી. ત્યાર પછી તબિયતને કારણે વલ્લભસૂરિએ આઠમ ચૌદસ સિવાય ઉપવાસ–એકાસણાં કર્યાં ન હતાં, તો પણ તેઓ છૂટું મોઢું રાખતા નહિ.

વલ્લભસૂરિ મહારાજનાં ઉપદેશ અને પ્રેરણાથી વખતોવખત છ'રી પાળતા સંઘોનું આયોજન પણ થયું હતું. ગુજરાનવાલાથી રામનગર, દિલ્હીથી હસ્તિનાપુર, રાધનપુરથી શત્રુંજય, વડોદરાથી કાવી અને ગાંધાર, શિવગંજથી કેસરિયાજી, ફલોધીથી જેસલમેર, જયપુરથી ખોગામ, વેરાવળથી શત્રુંજય, હોંશિયારપુરથી કાંગડા ઇત્યાદિ સંઘોનું આયોજન તેમની પ્રેરણાથી થયું હતું.

વલ્લભસૂરિ મહારાજનાં ઉપદેશ અને પ્રેરણાથી કેટલાંક નવાં જિનમંદિરોનું નિર્માણ થયું હતું અને કેટલાક જૂનાં જિનમંદિરોનો જીર્ણોધ્ધાર થયો હતો. તેમના હસ્તે લાહોર, રાયકોટ, શિયાળકોટ, જંડિયાલાગુરુ, સુરત, વડોદરા, ચારૂપ, ખંભાત, ડભોઇ, સાદડી, વિજાપુર, મુંબઇ, અકોલા વગેરે શહેરોમાં જિનમંદિરોમાં અંજનશલાકા વિધિ અથવા પ્રતિષ્ઠાની વિધિ થઈ હતી.

વલ્લભસૂરિની યુવાનીનો સમય એ દેશની સ્વતંત્રતા માટેના આંદોલનનો સમય હતો. એ સમયે ગાંધીજીના પ્રભાવ નીચે કેટલાયે જૈન સાધુઓએ મિલના કાપડને બદલે ખાદી પહેરવાનું ચાલુ કરી દીધું હતું. વલ્લભસૂરિ મહારાજ પણ ખાદી પહેરતા અને ખાદી જ વહોરતા. ગાંધીજીના પ્રભાવ હેઠળ તેમણે રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરાઇને આ નિયમ કર્યો હતો. વળી તેમાં મિલના કાપડ કરતાં હિંસા પણ ઓછી થતી. પછીથી તો એમના સમુદાયનાં સાધુ – સાધ્વીઓ પણ ખાદી પહેરતા. વિ. સં. ૧૯૮૧ માં વલ્લભસૂરિને જ્યારે આચાર્યની પદવી આપવામાં આવી ત્યારે પં. હીરાલાલ શર્માએ પોતાના હાથે કાંતેલા સૂતરની ખાદીની ચાદર વહોરાવી હતી. એકવાર એક ગામમાં મહારાજશ્રીનો જ્યારે પ્રવેશ હતો ત્યારે ગામના બધા જ લોકોએ નક્કી કર્યું કે ખાદીનાં વસ્ત્રો પહેરીને મહાજનશ્રીનું સામૈયું કરવું અને તે પ્રમાણે સામૈયું થતાં ત્યાં સૌ કોઇએ કંઇક જુદો જ હર્ષોલ્લાસ અનુભવ્યો હતો.

આઝાદીની લડતના એ દિવસોમાં અંગ્રેજો ચારે બાજુ લોકોની હિલચાલ ઉપર ચાંપતી નજર રાખતા. એ દિવસોમાં બંગાળના કેટલાક હિંસક ક્રાંતિવીરો અંગ્રેજો ઉપર હિંસક હુમલાઓ કરી ગામડાઓમાં છુપાઇ જતા અથવા સાધુનો વેષ પહેરીને ફરતા. એક વખત વલ્લભસૂરિ મહારાજ પોતાના શિષ્યો સાથે જયપુરમાં એક દહેરાસરમાં દર્શન કરવા જતા હતા તે વખતે સાથે શ્રેષ્ઠિ લક્ષ્મીચંદજી ઢઢ્ઢા પણ હતા. એ વખતે એક અંગ્રેજ અમલદારે તેઓને જોયા એટલે તેણે પોલીસ દ્વારા લક્ષ્મીચંદજીને બોલાવીને પૂછ્યું કે 'તમારી સાથે આવેલા આ સંન્યાસી મહેમાનો કોણ છે ? તેઓ ગુપ્ત વેશે ક્રાંતિકારી હોવાનો વહેમ પડે છે, લક્ષ્મીચંદજીએ પોલીસને સમજાવ્યું કે 'આ અમારા અહિંસક જૈન સાધુઓ છે.' પોલીસે આપેલી આ માહિતીથી અંગ્રેજ અમલદારને સંતોષ થયો નહિ. એણે આ સાધુઓની હિલચાલ ઉપર નજર રાખવા માટે ગુપ્તચરો ગોઠવાવી દીધા. પરંતુ એ

ગુપ્તચરોએ અંગ્રેજ અમલદારને જણાવ્યું કે આ જૈન સાધુઓ હિંસક ક્રાન્તિકારીઓ નથી. પરંતુ ત્યાર પછી બન્યું એવું કે વારંવાર વલ્લભસૂરિની પાસે આવવાને કારણે એ ગુપ્તચરો પણ જૈન સાધુ મહારાજોના ઉત્તમ અને ઉદાત્ત આચાર-વિચારો જોઈને વલ્લભસૂરિના ભક્ત બની ગયા.

વલ્લભસૂરિ મહારાજ અંબાલા શહેરમાં હતા ત્યારે એક દિવસ પં. જવાહરલાલ નહેરુના પિતા પં. મોતીલાલ નહેરુને એક સભામાં મળવાનું થયેલું. તે વખતે વલ્લભસૂરિની સાથે વાતચીત કરતાં કરતાં મોતીલાલ નહેરુ સિગરેટ પીતા હતા. વલ્લભસૂરિએ એ જોઈને પ્રેમથી, શાંતિથી, સમભાવથી, મૃદુ સ્વરે ટકોર કરતાં મોતીલાલ નહેરુને કહ્યું કે 'તમે દેશને આઝાદ કરવા માટે આંદોલન ઉપાડ્યું છે. પરંતુ તમે પોતે તો સિગરેટનું વ્યસન ધરાવો છો અને તેમાં પણ પરદેશી સિગરેટ પીવો છો તે કેટલે અંશે યોગ્ય છે?' એ સાંભળી મોતીલાલ નહેરુએ તરત સિગરેટ ફેંકી દીધી અને સિગરેટ ન પીવાની મહારાજશ્રી પાસે બાધા લીધી. ત્યાર પછી મોતીલાલ નહેરુ કેટલીક જાહેર સભાઓમાં કહેતા કે 'હું જ્યારે પરદેશી સિગરેટ પીતો હતો ત્યારે મેં મારી અકકલ ગુમાવી દીધી હતી પરંતુ એક જૈન સાધુએ પ્રેમથી મારી અકકલ પાછી લાવી આપી અને હું ત્યારથી સિગરેટ પીતો બંધ થઇ ગયો છું.'

ભારતને સ્વરાજ્ય મળ્યું તે પહેલાંના એ દિવસો હતા. દેશી રાજ્યોના હિંદુ રાજાઓ તથા મુસલમાન નવાબો વગેરેની સત્તાનો પ્રભાવ લોકજીવન ઉપર ત્યારે ઘણો મોટો હતો. એવા સત્તાધારીઓ પણ સાધુ મહાત્માઓના ચારિત્ર અને ઉપદેશથી પ્રભાવિત થતા અને પોતે સામેથી મહાત્માઓને વંદન કરવા કે તેમનો ઉપદેશ સાંભળવા જતા. વલ્લભસૂરિની તેજસ્વી પ્રતિભાનો પ્રભાવ ગુજરાત, રાજસ્થાન, પંજાબ અને ઉત્તર પ્રદેશમાં લોકોમાં તથા રાજકુટુંબોમાં ઘણો મોટો રહ્યો હતો. વડોદરા, ઉદયપુર, જેસલમેર, રાધનપુર, ભાવનગર, બીકાનિર, કાશ્મીર, નાંદોદ, નાભા, લીંબડી, ખંભાત, માલેરકોટલા, પાલનપુર, માંગરોળ વગેરે રાજ્યોના રાજાઓ કે નવાબો, રાણીઓ, દીવાનો અને એમનાં કુટુંબીજનો વલ્લભસૂરિ પાસે આવતાં. એ દરેકના સંપર્કથી લોકકલ્યાણનું જે કંઇ કાર્ય થાય તે કરાવવા અને આવી વ્યકિતઓના જીવનમાં ધર્મનો પ્રભાવ વધે તથા માંસ-મદિરા શિકાર વગેરેના દુષણો ઘટે તે માટે તેઓ ઉપદેશ આપતા. બીજી બાજુ એવી મોટી મોટી વ્યકિતઓના સંપર્કથી પોતાનામાં સ્થૂળ કે સૂક્ષ્મ અહંકાર ન આવી જાય તે માટે તેઓ સદાય જાગૃત રહેતા. તેઓ સામેથી અકારણ સંપર્ક ન સાધતા. એવી ઓળખાણો વિશે મનથી તેઓ હંમેશાં અલિપ્ત રહેતા.

વલ્લભસૂરિ મહારાજ પાસે વિશિષ્ટ પ્રકારની સર્જક પ્રતિભા હતી. શબ્દો ઉપરનું તેમનું પ્રભુત્વ અસાધારણ હતું. વળી તેઓ શાસ્ત્રજ્ઞાતા હતા. તેમની વ્યાખ્યાન શૈલી પણ રોચક હતી. તેઓ દરેક વિષયમાં ઊંડાણમાં જતા અને પૂરી છણાવટ કરતા. તેઓ બહુશ્રુત હતા. અને અન્ય ધર્મોનો તેમનો અભ્યાસ પણ ઘણો સારો હતો.

વલ્લભસૂરિ મહારાજ સર્જનના ક્ષેત્રે પ્રકૃતિએ કવિ હતા. કાવ્યરચના તેમને માટે સહજ હતી. તેમને ભકિત રસથી સભર ઓગણીસ જેટલી મોટી પૂજાની ઢાળો લખી છે એ ઉપરથી પણ એમની ઉચ્ચ કવિત્વશકિતની પ્રતીતિ થાય છે. એમણે લખેલી બ્રહ્મચર્ય વ્રતની પૂજા તો સુવિખ્યાત છે. એમણે પોતાના દાદાગુરુ આત્મારામજી મહારાજનું જીવન ચરિત્ર 'નવયુગ નિર્માતા'ના નામથી લખ્યું છે. આ ઉપરાંત એમણે 'શ્રી જૈન ભાનુ', 'વિશેષ નિર્ણાયક' વગેરે કેટલાંક પુસ્તકો સિદ્ધાંતચર્ચાના પ્રકારનાં લખ્યાં છે. એમણે અનેક સ્થળોએ આપેલા વ્યાખ્યાનો પણ સંગ્રહિત થયા છે. 'વલ્લભ પ્રવચન', 'નવપદ સાધના અને સિદ્ધિ' વગેરે એમનાં કેટલાક પ્રવચન ગ્રંથો હિન્દી અને ગુજરાતીમાં પ્રગટ થયા છે, જે એમની વિદ્વત્તાની અને રજૂઆતની સમર્થ શૈલીની ઝાંખી કરાવે છે. અલબત્ત, તેઓ વિવિધ યોજનાઓમાં સતત કાર્યરત રહેતા, તથા વિહાર, શિષ્યોનો વિદ્યાભ્યાસ, અને અવિરત જનસંપર્કને કારણે એમના હાથે વ્યવસ્થિતરૂપે જેટલું લેખન-કાર્ય થવું જોઇએ તેટલું થયું નહિ. તેમ થઇ શકયું હોત તો જૈન સાહિત્યના ક્ષેત્રે પણ તેમનું યોગદાન ઘણું મોટું હોત !

વલ્લભસૂરિ મહારાજ પાસે જૈન અને જૈનેતર વિદ્વાનો પોતાની શંકાઓનું સમાધાન કરવા આવતા. તેઓએ દરેકને પ્રેમથી અને શાંતિથી, જરાપણ અધીરા થયા વગર સમજાવતા. સ્નાન વગર શુદ્ધિ નથી એમ કહેવાર બ્રાહ્મણ પંડિતને તેમણે તર્કયુકત દલીલો અને દ્રષ્ટાંતો સહિત સમજાવ્યું હતું કે દેહની શુદ્ધિ કરતાં અંતરની શુદ્ધિ કેટલી ચઢિયાતી છે. પંચમહાવ્રતધારી અને પંચાચારનું કડક પાલન કરનારા જૈન સાધુઓ સ્નાન ન કરતા હોવા છતાં મનથી અને શરીરથી કેટલા બધા પવિત્ર હોય છે તે પણ એમણે સારી રીતે સમજાવ્યું હતું. એવી જ રીતે બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે એમ માનનાર એક વેદાંતી બ્રાહ્મણને તેમણે જગત પણ કઇ રીતે અને કેવી અપેક્ષાએ સત્ય છે તે સરસ રીતે સમજાવીને પછી કર્મનો સિદ્ધાંત તેમાં કેવી રીતે કામ કરે છે તેની તેને પ્રતીતિ કરાવી હતી. વલ્લભસૂરિ જૈન-જૈનેતર એવાં વિવિધ શાસ્ત્રોના ઊંડા જ્ઞાતા હતા એટલે અને તેમની પાસે સમન્વયકારી દ્રષ્ટિ હતી એટલે તેમની પાસે ઇતર ધર્મના વિદ્વાનો પણ પોતાની શંકાના સમાધાન માટે ઘણીવાર આવતા.

જૈન સાધુઓ દ્વારા સમાજોપયોગી પ્રકારનું મહત્ત્વનું કાર્ય જો થતું હોય તો તે વિવિધ સ્થળે પરસ્પર વિરુદ્ધ એવાં જૂથો વચ્ચે એકતા સ્થાપવાનું છે. સાચા જૈન સાધુઓ સમતાના ધારક હોય છે અને તેમની પોતાની સંયમની પવિત્ર આરાધના એટલી ઊંચી હોય છે કે તેઓ જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં તેમના સમગ્ર ચારિત્રના અને ઉપદેશના પ્રભાવથી અને કેટલીકવાર તો માત્ર ઉપસ્થિતિના જ પ્રભાવથી વિસંવાદ ટળી જતો હોય છે. ગામેગામ અને નગરેનગરમાં જૈનો અને અન્ય ધર્મીઓ વચ્ચે અથવા જૈનોના જુદા જુદા ફિરકાઓ વચ્ચે કે સંઘનાં જુદાં જુદાં જૂથો વચ્ચે કોઇક ને કોઇક કારણસર વિસંવાદ, મતભેદ, સંઘર્ષ, કલહ, વિખવાદ, ઝઘડા કે મારામારી ઉદ્ભવે છે. તેવે વખતે બંને પક્ષને બરાબર ન્યાય આપી શકે એવી તટસ્થ વ્યકિતની જરૂર પડે છે. જૈન સાધુઓ બહારથી આવતા હોવાને લીધે તથા તેઓ થોડા સમયમાં અન્યત્ર ચાલ્યા જવાના હોવાને લીધે તથા તેઓ સત્ય અને સંયમના ઉપાસક હોવાને લીધે નિઃસ્વાર્થ તટસ્થ મધ્યસ્થી તરીકે યોગ્ય ન્યાય

આપી શકે છે. વળી તેમની પવિત્ર પ્રતિભાની અસર પણ લોકોના જીવન પર પડે છે. મહાન આચાર્યોના જીવનનો સમાજ ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઘણો મોટો ઉપકાર રહે છે. વલ્લભસૂરિ પણ એવા એક મહાન આચાર્ય હતા કે જેમની ઉપસ્થિતિએ અનેક સ્થળે કલહ, વેરવિરોધ કે સંઘર્ષના પ્રસંગો શમી ગયા છે. જયપુરમાં ખરતરગચ્છ અને તપગચ્છ વચ્ચે પીપલી ગામમાં સ્થાનકવાસી અને મૂર્તિપૂજક વચ્ચે પાલનપુરમાં સંઘમાં બે પક્ષો વચ્ચે, વળામાં તપગચ્છ અને લોકાગચ્છ વચ્ચે, મિયાગામમાં બે ગામના સંઘો વચ્ચે, વણછરામાં દશાશ્રીમાળીના બે પક્ષો વચ્ચે, પિંડવાડામાં શ્રાવકોના બે પક્ષો વચ્ચે, ખિવાણદી ગામમાં ક્ષાવકોના જુદા જુદા પક્ષો વચ્ચે, સમાનામાં જૈનો અને અજૈનો વચ્ચે નાભામાં સ્થાનકવાસીઓ અને મૂર્તિપૂજકો વચ્ચે, વાપીમાં એક કુટુંબના સભ્યો વચ્ચે. ભરૂચમાં શ્રીમાળી અને લાડવા વણિકો વચ્ચે માલેરકોટલામાં નવાબ અને હિન્દુ પ્રજા વચ્ચે એમ વિવિધ પ્રકારના સંઘર્ષો એમણે દુર કરાવ્યા હતા એવી જ રીતે ઝંડિયાલાગુરુ, ગુજરાનવાલા, નવસારી પૂના બુરહાનપુર, વાંકલી અમદાવાદ, શિયાલકોટ, જીરા, બિકાનેર, લુધિયાના, સાદરી, ખુડાલા, પાલિતાણા, મુંબઇ પાલનપુર વગેરે અનેક સ્થળે તેમણે વિવિધ પક્ષો વચ્ચેના ઝઘડાઓનું સમાધાન કરાવ્યું હતું. સમાધાન કરાવવા માટે બને પક્ષો પ્રત્યે સહાનુભૂતિની જરૂર રહે છે તથા ઝઘડાના મૂળને સમજવા માટે તથા તેનું યોગ્ય અને સમાધાનપૂર્વક નિરાકરણ કરવા માટે તીક્ષ્ણ બુદ્ધિશક્તિની અપેક્ષા રહે છે. જેના અંતરમાં બધાને માટે અપાર વાત્સલ્ય રહ્યું હોય તેઓ આવા ઝઘડાઓનું સમાધાન સરળતાથી અને ઝડપથી કરાવી શકે છે. વલ્લભસૂરિ પાસે એ માટે એવું વાત્સલ્ય હતું, એવી કુનેહ હતી અને એવી દીર્ઘદૃષ્ટિ પણ હતી.

વલ્લભસૂરિ જૈન ફિરકાઓને ઉદ્દેશીને કહેતા કે 'ભલે તમે શ્વેતામ્બર હો, દિગમ્બર હો, સ્થાનકવાસી હો, તેરાપંથી હો. ભલે તમારા ગુરુ જુદા જુદા હોય, ભલે તમારી ક્રિયાઓમાં થોડો થોડો ફેરફાર હોય પણ તમે બધા જ પ્રભુ મહાવીરનાં સંતાન છો અને એથી તમારી ફરજ છે કે જૈન સિદ્ધાંતોનો જગતમાં પ્રચાર કરવા અને અહિંસા દ્વારા જગતમાં શાંતિ સ્થાપવામાં સૌ કોઇએ પોતાનો ફાળો આપવો જોઇએ. ધર્મ એ કંઇ અંધિયાર પાણી નથી અથવા એ કોઇનો બાપદારો નથી. ધર્મ એ માનવીના જીવનને ઉન્નત કરનારી વસ્તુ છે. અને જે વસ્તુ સાંકડી મનોવૃત્તિ જગવે, જે વસ્તુ સંકુચિત રીતે વિચાર કરવા પ્રેરે એ સાચેસાચ ધર્મ નથી. 'સવી જીવ કરું શાસન રસી' એ આપણા ધર્મની મુખ્ય વસ્તુ છે. એથી આપણે સૌએ આંતરિક ઝઘડાઓ કે મતભેદો એક બાજુ મૂકી દઇને આત્મકલ્યાણને માર્ગે આગળ ધપવું જોઇએ.'

વલ્લભસૂરી મહારાજે ધર્મોપદેશની સાથે સાથે પ્રસંગ અને પરિસ્થિતિ અનુસાર સમાજસુધારાનું પણ મહત્ત્વનું સંગીન કાર્ય કર્યું હતું. સમાજમાં કેટલાક કુરિવાજો પડી જતા હોય છે. વલ્લભસૂરિ મહારાજની પ્રેરણા અને ઉપદેશથી પંજાબમાં ઘણે સ્થળે વરવિક્રય કે કન્યાવિક્રય ન કરવાના લગ્ન પ્રસંગે પૈસાનો ધુમાડો ન કરવાના, પ્રભુપૂજામાં ચરબીની કાંજી ચડાવેલાં કપડાં ન પહેરવાના ચરબીવાળા સાબુ ન વાપરવાના, હાથીદાંતનો રતનચૂડો ન બનાવવાના ઇત્યાદિ પ્રકારના સંકલ્પો કે નિયમો ઘણા લોકોએ લીધા હતા.

વલ્લભસૂરિ મહારાજે જૈન સમાજની ઉન્નતિ માટે વ્યાવહારિક શિક્ષણની સમાજમાં યોગ્ય વ્યવસ્થા થાય એ માટે પણ ઉપદેશ આપ્યો હતો. એમની પ્રેરણાથી અનેક સ્થળે વિવિધ વિદ્યાસંસ્થાઓની સ્થાપના થઇ છે. એવી સંસ્થાઓમાં અગ્રગણ્ય સંસ્થા તે મુંબઇની શ્રી મહાવીર જૈન વિદ્યાલય છે, જેની અંધેરી, પૂના, વડોદરા, વલ્લભ વિદ્યાનગર, અમદાવાદ અને ભાવનગરમાં શાખાઓ છે લગભગ ૭૫ વર્ષથી વિદ્યાભ્યાસનું અને આગમો સહિત સાહિત્યગ્રંથોના પ્રકાશનનું સંગીન કાર્ય કરતી આ સંસ્થાએ સમાજને હજારો તેજસ્વી જૈન વિદ્યાર્થી આપ્યા છે, જેઓ પોતાની ઉજ્જવલ કારકિર્દી વડે પોતપોતાના ક્ષેત્રમાં ઘણું મહત્ત્વનું કાર્ય કરીને સંસ્થા માટે ગૌરવરૂપ બન્યા છે. પૂ. વલ્લભસૂરિની પ્રેરણાથી આ ઉપરાંત જૂનાગઢ વેરાવળ, પાલનપુર, સાદડી, અંબાલા, લુધિયાના, ફલોધિ ઝઘડિયા વરકાણા, માલેરકોટલા, હોશિયારપુર, ઝંડિયાલાગુરુ, ફાલના વગેરે સ્થળોએ વિવિધ પ્રકારની વિદ્યાસંસ્થાઓની સ્થાપના થઇ છે. જૈન સમાજમાં વિદ્યાકીય તેજ વધારવામાં અને સ્ત્રીકેળવણી દ્વારા સ્ત્રીઓની ઉન્નતિમાં એ રીતે વલ્લભસૂરિ મહારાજનો ફાળો ઘણો મોટો રહ્યો છે.

માત્ર વ્યાવહારિક કેળવણી માણસને સ્વાર્થી કે અહંકેન્દ્રી બનાવી દે. એટલે વ્યાવહારિક કેળવણી પણ ધાર્મિક સંસ્કારવાળી હોવી જોઇએ. એ માટે પૂ. વલ્લભસૂરિ મહારાજના વિચારો અત્યંત વિશદ હતા તેમણે કહ્યું છે, 'કેળવણી વિના આપણો આરો નથી. કેળવણી પણ ધાર્મિક શ્રદ્ધા અને સંસ્કારથી સુવાસિત હોવી જોઇએ. જ્યાં સુધી આ પ્રકારની ધાર્મિક કેળવણી નહિ હોય ત્યાં સુધી આપણો ઉદ્ધાર જ નથી. ફક્ત કેળવાયેલા જૈન જ શાસનની રક્ષા કરશે. સ્વામીભાઇની કમાવાની તાકાતમાં વધારો કરો. એક દિવસની રોટી આપ્યા કરતાં તેને નિરંતર રોટી મળે એવી વ્યવસ્થા કરો. જ્ઞાનીઓએ સાત ક્ષેત્ર કહ્યાં છે : (૧) જિનચૈત્ય, (૨) જિન-પ્રતિમા (૩ અને ૪) સાધુ-સાધ્વી, (૫) સદ્જ્ઞાન, (૬ અને ૭) શ્રાવક અને શ્રાવિકા, તીર્થનો વિચ્છેદ થતાં પ્રથમ શ્રાવક – શ્રાવિકા પછી સાધુ અને સાધ્વીનો વિચ્છેદ થશે તીર્થમાં શ્રાવક શ્રાવિકા પણ છે. માટે સંઘના એ અંગને પણ મજબૂત બનાવવું પડશે. શ્રી મૂળચંદજી મહારાજના સમયમાં કુસંપ નહોતો. અને જ્યાં કુસંપ હોય ત્યાં જંપ થતો. તે સમયે ઝીણાં કપડાં નહોતાં વપરાતાં; જમણાં તો તમે અમને ઝીણાં કપડાં વહોરાવો છો, તે સમયે અમે ચા દુધ માટે વહોરવા નહોતા નીકળતા. આજે અમે તેમ કરતા થઇ ગયા છીએ. અમારે ને તમારે આ સમજવાનું છે કે આપણી આ સહેલાણીપણાની ટેવ ત્યાગી – ફકીરને લાયક છે ખરી? સ્વધર્મીઓ માટે ઉદ્યમ કરો. એકલી પૌદ્ગલિક કેળવણીથી કોઇનો ઉદ્ધાર નથી થવાનો. ધાર્મિક કેળવણી હશે તો ધાર્મિક સંસ્કાર મળશે. તો જ વિવેકપ્રાપ્તિ થશે તો જ શાસનહિતનાં સારાં કામો થશે.'

વલ્લભસૂરિ મહારાજની ઉદારતાના અનેક પ્રસંગો નોંધાયેલા છે.

વિ. સં. ૧૯૭૧માં મહારાજશ્રીની નિશ્રામાં કેસરિયાજીનો સંઘ નીકળ્યો હતો. સંઘ ઉદેપુર પહોંચ્યો હતો તે વખતે ઉદેપુરમાં શ્રી વિજય નેમિસૂરિ મહારાજ બિરાજતા હતા. એ

વખતે સમયની પ્રતિકુળતા હોવા છતાં અને બંને સમુદાય વચ્ચે કેટલોક વિચારભેદ હોવા છતાં વલ્લભસૂરિ નેમિસૂરિ મહારાજની સુખશાતા પૂછવા ગયા હતા અને દોઢ કલાક સુધી બંનેએ વાતચીત કરી હતી. એ સમયે નેમિસૂરિએ વલ્લભસૂરિને કહેલું કે 'તમે મને મળવા આવશો એવું મેં ધારેલું નહિ. પરંતુ તમે આવ્યા તેથી મને બહુ આનંદ થયો છે. તમારી સાથે વાતચીત કર્યા પછી તમારે માટે મારા મનમાં જે પૂર્વગ્રહ હતો તે નીકળી ગયો છે'

એક વખત મહારાજશ્રી વિહાર કરતા કરતા પંજાબના આગા નામના ગામમાંથી પસાર થતા હતા. એ ગામમાં જૈનોનો કોઇ ઉપાશ્રય નહોતો. એટલે તેઓ શીખોના એક ગુરુદ્વારામાં ઊતર્યા હતા. ગામ નાનું હતું અને લોકો ગરીબ હતા. ગુરદ્વારા પણ જીર્ણ હાલતમાં હતું. તેનો કેટલોક ભાગ પડી ગયો હતો. એનું સમારકામ કરાવી શકે એવી ગામના શીખોની આર્થિક સ્થિતિ નહોતી. એ જોઇને મહારાજશ્રીએ પોતાને વંદન કરવા આવેલા આસપાસના ગામના જૈન શ્રેષ્ઠીઓને ઉપદેશ આપીને કહ્યું કે 'આ ગુરુદ્વારાનો જીર્ણોદ્વાર તમારે કરાવી આપવો જોઇએ.' તરત ટીપ થઇ અને એ કામની જવાબદારી એક ભાઇને સોંપવામાં આવી. એ રીતે થોડા વખતમાં એ ગુરદ્વારાનો જીર્ણોદ્વાર થઇ ગયો. આ પ્રસંગ વલ્લભસૂરિની ઉદાર દ્રષ્ટિનો દ્યોતક છે.

વલ્લભસૂરિએ ફ્રાન્ફર્ન્સના ફાલના અધિવેશન વખતથી જ લાઉડસ્પીકરનો ઉપયોગ શરૂ કર્યો હતો. અને ત્યાર પછી તેમણે વૃદ્ધાવસ્થા અને અશકિતના કારણે ડોળીનો ઉપયોગ ચાલુ કર્યો હતો. તે વખતે સમાજના રૂઢિચુસ્ત વર્ગ તરફથી તેમની ટીકા કરતી પત્રિકાઓ પ્રગટ થઇ હતી. મુંબઇમાં તેઓ હતા. ત્યારે તેમના હાથમાં કોઇ ભાઇએ આવીને એવી પત્રિકા હાથમાં મૂકી ત્યારે તેમને શાંતિ, સ્વસ્થતા અને સમતાભાવથી કહ્યું કે 'કાદવની સામે કાદવ ઉછાળવો એ આપણું કામ નથી માટે તેની ઉપેક્ષા જ કરવી જોઇએ. પત્રિકાવાળા એ ધર્મનો નહિ પણ અધર્મનો માર્ગ છે. જેને એ માર્ગે જવું હોય તે ભલે એ માર્ગે જાય. આપણે એ માર્ગે જવું નહિ.'

વિ. સં. ૨૦૦૯ના કારતક સુદ બીજના દિવસે વલ્લભસૂરીના ૮૩મા જન્મદિવસ નિમિત્તે ભાયખલામાં એક વિશાળ મંડપમાં સમારોહ રાખવામાં આવ્યો હતો. તેમનું પ્રવચન ચાલતું હતું ત્યારે મંડપના એક છેડે આગ લાગી, પરંતુ તે તરત બુઝાવી નાખવામાં આવી. તે વખતે કેટલાક લોકો એમ બોલવા લાગ્યા કે વિરોધીઓએ જાણી જોઇને આ આગ લગાડી છે. ત્યારે આચાર્ય મહારાજે કહ્યું, 'ભાઇઓ જાણ્યા વગર આવી રીતે કોઇના ઉપર દોષારોપણ કરવું તે યોગ્ય નથી. કદાચ આગ આકસ્મિક જ લાગી હોય. દિવાળીના દિવસો છે એટલે કોઇ બાળકના ફટાકડાથી પણ આગ લાગી હોય.'

વલ્લભસૂરિની પ્રેરણાથી મુંબઇમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઇ હતી તે વખતે વલ્લભસૂરિ વ્યાવહારિક શિક્ષણને પ્રોત્સાહન આપી સાંસારિક કામો કરે – કરાવે છે એવો આક્ષેપ કરતી પત્રિકાઓ બહાર પડી હતી. પરંતુ એના તરફ લક્ષ્ય ન આપતાં વલ્લભસૂરિએ પોતાના ભકતોને શાંત રહેવા કહ્યું હતું.

વિ. સં. ૧૯૯૫નું ચાતુર્માસ પંજાબમાં રાયકોટ નામના નગરમાં કરવાનું નકકી થયું. તે માટે મહારાજશ્રીએ રાયકોટમાં પ્રવેશ કર્યો ત્યારે સંઘના કેટલાક આગેવાનોએ આવીને કહ્યું કે 'ગુરુ મહારાજ ! અહીં ચાતુર્માસ કરવાનું સલામત નથી. અહીં કેટલીક ઉશ્કેરણીભરી પત્રિકાઓ વહેંચાઇ છે. એ પરથી લાગે છે કે આગળ જતાં મોટું તોફાન થશે.' મહારાજશ્રીએ સંઘના આગેવાનોની એ વાત સાંભળી લીધા પછી કહ્યું કે 'પત્રિકાઓથી આપણે ડરી જવાની જરૂર નથી. ચાતુર્માસ નકકી કર્યું છે. તેથી અહીં જ તે કરીશું. તમે બધા શાંતિ અને સ્વસ્થતા રાખશો. ગામમાં શીખો અને મુસલમાનોની પણ એવી વિનંતી છે કે અમારે અહીં જ ચોમાસુ કરવું. એટલે એ પ્રમાણે જ કરીશું.'

ચાતુર્માસમાં મહારાજશ્રીની વ્યાખ્યાન શૈલી એટલી સરસ અને પ્રેરણામય હતી અને એમની વાણીમાં એવું વાત્સલ્ય હતું કે તોફાનની બધી જ વમળ શમી ગઇ. મહારાજશ્રીના વ્યાખ્યાનમાં જૈનો ઉપરાંત શીખો અને મુસલમાનો પણ આવતા. એક શીખ ભાઇએ તો દેરાસરમાં દરવાજાનું કામ કરીને તેમાંથી થયેલી બધી કમાણી દેરાસરને અર્પણ કરી દીધી હતી.

પંજાબમાં અકાલગઢ નામે નાનું સરખું ગામ છે. એ ગામમાં શ્રાવકોનું એક પણ ઘર ન હતું. મહારાજશ્રી પોતાના શિષ્યો સાથે જ્યારે એ ગામમાંથી પસાર થયા ત્યારે લોકોએ પોતાના ગામમાં રોકાઇ જવા માટે બહુ જ આગ્રહ કર્યો. મહારાજશ્રી ત્યાં રોકાયા. એમના વ્યાખ્યાનમાં ગામના બધા જ લોકો આવવા લાગ્યા અને એમના ઉપદેશની અસર ઝીલવા લાગ્યા. એકાદ દિવસનો મુકામ વિચાર્યો હતો તેને બદલે લોકોના આગ્રહથી, પ્રેમભકિતથી વશ થઇને મહારાજશ્રી ત્યાં પંદર દિવસ સુધી રોકાયા હતા અને લોકોને ધર્મના રંગે રંગ્યા હતા.

બ્રહ્મનિષ્ઠ તપોમય જીવન જીવનાર સાધકોને કયારેક વચન–સિદ્ધિ પ્રાપ્ત થતી હોય છે. એક વખત એમના મુખમાંથી શબ્દ નીકળે તો તે પ્રમાણે જ બને. વલ્લભસૂરિ મહારાજનું પવિત્ર અંત:કરણ જગતના સર્વ જીવો માટે પ્રેમ, કરુણા અને વાત્સલ્યથી એવું સભર હતું કે બીજાનું દુ:ખ તેઓ સહન કરી શકતા નહિ "સબ કુછ અચ્છા હો જાયગા" એમ કહીને તેઓ જ્યારે આશીર્વાદ આપતા ત્યારે બીજાનું દુ:ખ દુર થઈ જતુ. આથી કેટલાક લોકો આવા પ્રસંગોને ચમત્કારિક ગણાવતા. જો કે વલ્લભસૂરિ પોતે સ્પષ્ટ કહેતા કે પોતે આવા કોઇ ચમત્કારો કરતા નથી. એમ છતાં એમના જીવનમાં એવા કેટલાક પ્રસંગો બન્યા છે, જે ચમત્કાર જેવા લેખાય છે. મેરઠ જિલ્લાના એક વકીલને ખોટી રીતે ફાંસીની સજા થઇ હતી. એનાં પત્ની વલ્લભસૂરિ પાસે રડતાં રડતાં આવ્યાં હતાં અને બધી વિગત જણાવી હતી. તે વખતે વલ્લભસૂરિએ 'સબ કુછ અચ્છા હો જાયગા'– એમ કહી સાંત્વન આપી તેને વાસક્ષેપ આપ્યો હતો. ત્યારપછી એ વકીલની ફાંસીની સજા રદ થઈ હતી. પોતાનો જીવ બચી ગયો એ હર્ષ વ્યકત કરવા માટે તે વકીલ મુંબઇ આવ્યો હતો. અને વલ્લભસૂરિના ચોપાટી પરના પ્રવચન વખતે વંદન કરીને વલ્લભસૂરિને પોતાના પ્રાણદાતા તરીકે ઓળખાવ્યા હતા.

બીજા એક પ્રસંગે વલ્લભસૂરિ જ્યારે પાલિતાણામાં હતા ત્યારે સુપ્રસિદ્ધ પંજાબી સંગીતકાર લાલા ધનશ્યામજી જૈન પણ પાલિતાણા આવ્યા હતા. એ વખતે ધનશ્યામજીને સાપ કરડયો હતો

અને એમની સ્થિતિ ગંભીર હતી. એમના મિત્ર લાલા રતનચંદજી તરત ગુરુમહારાજ પાસે દોડયા અને વિગત જણાવી. વલ્લભસૂરિએ 'સબકુછ હો જાયગા' એમ કહી વાસક્ષેપ આપ્યો. એ વાસક્ષેપના ઉપયોગ પછી તરત ઝેર ઊતરવા લાગ્યું અને ધીમે ધીમે તેઓ સાજા થઇ ગયાં. ત્યારથી ધનસ્યામજીની ગુરુમહારાજ પ્રત્યેની શ્રદ્ધા વધુ દૃઢ બની ગઈ.

એક વખત વલ્લભસૂરિ પંજાબમાં ઉનાળામાં પસુર નામના એક ગામમાંથી પસાર થતા હતા. ઉનાળાને કારણે પાણીની તંગી હતી. ગામમાં જૈનોની બિલકુલ વસતી નહોતી. વલ્લભસૂરિ અને એમના સાધુઓને પાણી વાપરવાની જરૂર હતી, પરંતુ ગામમાંથી કોઇપણ ઘરેથી એમને પાણી વહોરાવવામાં આવ્યું નહિ એટલે વલ્લભસૂરિએ પોતાના સાધુઓ સાથે તરત ત્યાંથી વિહાર કર્યો. એમના ગયા પછી એ ગામના બધા જ કૂવાઓનું પાણી ખારું થઇ ગયું અને પાણી કૂવામાં પણ નીચે ઊતરી ગયું. ગામના લોકોને તાત્કાલિક તો ખબર ન પડી, પરંતુ પછીથી સમજાયું કે જૈન સાધુઓને પાણી નથી વહોરાવ્યું માટે આમ થયું છે. એટલે તેઓ વલ્લભસૂરિ પાસે ગયા, પાણી ન વહોરાવવા માટે ક્ષમા માગી અને પોતાના ગામમાં ફરી પધારવા માટે આતુરતાપૂર્વક વિનંતી પણ કરી. કેટલાક સમય પછી વલ્લભસૂરિનો ફરીથી એ બાજુનો વિહાર થયો ત્યારે ગામના લોકોએ ફરીથી બહુ આગ્રહપૂર્વક તેમને પોતાના ગામમાં પધારવા વિનંતી કરી અને તેમનું ભવ્ય સામૈયું કર્યું. એ સમયથી ગામના કૂવાઓનું પાણી ફરી મીઠું થઈ ગયું અને તેની સપાટી પણ ઊંચે આવી ગઇ.

બડૌત નગરમાં જિનમંદિરની પ્રતિષ્ઠાનો પ્રસંગ હતો. બધી તૈયારીઓ થઇ ગઇ હતી. પરંતુ ગામના મુસલમાનોએ પોતાની મસ્જિદ પાસેથી રથયાત્રા પસાર થવા માટે તેમજ ત્યાં આગળ ઢોલ નગારાં વગાડવા માટે રજા ન આપી. એ વખતે આકાશમાં અચાનક ઘોર વાદળાં છવાઇ ગયાં. વીજળીના મોટા કડાકાઓ થવા લાગ્યા. ભયંકર કુદરતી તોફાનથી જૈનોની સાથે સાથે મુસલમાનો પણ ગભરાયા. તે વખતે કેટલાક જૈન અને મુસલમાન આગેવાનો વલ્લભસૂરિ પાસે આવી પહોંચ્યા અને પોતાની ચિંતા વ્યકત કરી. વલ્લભસૂરિએ પ્રેમથી કહ્યું, 'સબકુછ અચ્છા હો જાયગા'– થોડીવાર પછી આકાશમાંથી ધીમે ધીમે વાદળાં વિખરાયાં. અને સૂરજ પ્રકાશવા લાગ્યો. પ્રતિષ્ઠાના મહોત્સવમાં કંઇપણ વિઘ્ન ન આવ્યું એથી રાજી થઇ મુસલમાનોએ સંઘને વિનંતી કરી કે પોતાની મસ્જિદ પાસેથી રથયાત્રા પસાર થવા દેવામાં આવશે અને ઢોલ નગારાં પણ વગાડી શકાશે. આમ ગામમાં સંઘર્ષનું વાતાવરણ ઉલ્લાસભર્યા ઉત્સવમાં ફેરવાઇ ગયું.

જયારે હિન્દુસ્તાનને આઝાદી મળી અને ભારત તથા પાકિસ્તાન એવા બે ભાગ પડયા તે વખતે પંજાબમાં સરહદ પરનાં ગામોમાં તંગદિલીભરી પરિસ્થિતિ ઊભી થઈ હતી. પાકિસ્તાનના ભાગે આવેલાં પંજાબનાં કેટલાંય ગામોમાં જૈનોની વસ્તી હતી. એ જૈનોએ ત્યાં રહેવું કે ભારત ચાલ્યા આવવું એ ચિંતાનો મોટો વિષય હતો. જે રીતે સામુદાયિક ધોરણે રમખાણો ચાલ્યાં અને ઠેર ઠેર હજારો માણસોની કતલ થઇ તે જોઇ તે વખતે પાકિસ્તાનમાં રહેવામાં પોતાની સલામતી નથી એવું હિન્દુઓને અને જૈનોને લાગ્યું.

એ સમયે પૂ. વિજય વલ્લભસૂરિજી મહારાજ ગુજરાનવાલામાં હતા. એમને બચાવીને ભારત લઇ આવવા જોઇએ માટે બહુ ઊહાપોહ થયો. પંજાબના જૈનોએ સરકારો દ્વારા પ્રયત્ન કર્યા કે પોતાના ગુરુ ભગવંતને વિમાન દ્વારા ભારત લઇ આવવામાં આવે. જયારે આ સમાચાર પૂ. વલ્લભસૂરિજીને મળ્યા ત્યારે તેમણે એ વ્યવસ્થાનો સ્પષ્ટ અસ્વીકાર કર્યો અને કહ્યું કે જ્યાં સુધી પાકિસ્તાનમાંથી છેલ્લામાં છેલ્લો જૈન ભારત નહિ આવે ત્યાં સુધી પોતે પણ ભારત નહિ આવે. તેમણે ગુજરાનવાલા અને આસપાસનાં ગામોના જૈનોને શકય એટલી ઝડપથી સ્ત્રીઓ અને બાળકોને ભારત રવાના કરવા માટે સૂચના કરી દીધી હતી અને એ પ્રમાણે સેકડો કુટુંબો ઘરબાર મૂકીને, હાથેપગે નીકળી જઇને ભારતભેગા થઇ ગયાં હતાં. હવે જે કેટલાંક ભાઇબહેનો ગુજરાનવાલામાં રહી ગયાં હતાં તેમની સાથે છેલ્લે પૂ. વલ્લભસૂરિ પણ નીકળવાના હતા. લોકોના મનમાં ગભરાટ ઘણો હતો. પરંતુ ગુરુ મહારાજ તેઓને સાંત્વન આપતા. જયારે ગુજરાનવાલામાંથી બધા જ હિન્દુઓ નીકળી ગયા ત્યારે અઢીસો જેટલા શ્રાવકો મહારાજશ્રી સાથે ઉપાશ્રયમાં આવીને રહ્યા હતા. સ્થાનિક મુસલમાનો તો વલ્લભસૂરિને એક ઓલિયાબાબા તરીકે પૂજતા હતા. પરંતુ બહારગામથી આવેલ ગુંડા મુસલમાનો લૂટફાટ કરતા હતા, આગો લગાડતા હતા અને કેટલાયનાં ખૂન કરતા હતા. એ વખતે એક મુસલમાને ઉપાશ્રમ ઉપર ત્રણ બોમ્બ નાખ્યા. મોટા ધડાકા થયા. પરંતુ સદ્‌ભાગ્યે કોઇને કશી ઇજા થઇ નહિ. બીજે દિવસે એ યુવાન મુસલમાન પોતાની જ કોમના કોઇકની ગોળીથી વિંધાઇ ગયો હતો.

આવી રીતે ગભરાટમાં દિવસો વીતતા હતા. સલામત વ્યવસ્થા ન થાય ત્યાં સુધી ઉપાશ્રય છોડીને નીકળવામાં ઘણું જોખમ હતું. એવામાં પર્યુષણ પર્વ આવ્યાં. એની આરાધના કરવામાં શ્રાવકોને અસ્વસ્થ ચિત્તને લીધે અનુકૂળ લાગતું નહતું. પરંતુ વલ્લભસૂરિએ તો કહ્યું કે સંકટ સમયે તો પર્વની આરાધના વધારે સારી રીતે કરવી જોઇએ. તેમણે પોતે શાંત અને સ્વસ્થ ચિત્તે પર્વની આરાધના કરી અને બધાને સારી રીતે કરાવી. જાણે એ આરાધનાનો જ પ્રતાપ હોય તેમ પર્યુષણ પછી તરત અમૃતસરથી ત્રણ મોટરલોરીઓ આચાર્ય મહારાજને અને શ્રાવકોને લેવા માટે આવી પહોંચી. તેઓએ આચાર્ય મહારાજને અને સાધુ-સાધ્વી સમુદાયને મોટરલોરીમાં બેસી જવા કહ્યું. પરંતુ આચાર્ય મહારાજે કહ્યું કે 'પહેલાં શ્રાવકો જાય અને છેલ્લે અમે સાધુ-સાધ્વીઓ જઇશું. અમારે ઘરસંસાર નથી. અમારી પાછળ કોઇ રડનાર નથી.' દરમિયાન અમૃતસરથી બીજી પંદર મોટરલોરીઓ આવી પહોંચી અને સંઘની સુરક્ષા માટે લશ્કરના કેટલાક સૈનિકો પણ સાથે આવ્યા એટલે મહારાજશ્રી અને સંઘના સભ્યોએ ગુજરાનવાલા છોડવાની તૈયારી કરી. જિનમંદિરની બધી પ્રતિમાઓને, ઉથાપન કરીને ભોંયરામાં ભંડારી દીધી. ઘરેણાં વગેરે કિમતી ચીજો સાથે લઇ લીધી વચમાં દાદાગુરુ આત્મારામજી મહારાજના સમાધિ મંદિરનાં છેલ્લાં દર્શન ભીનાં નયને કર્યાં. સ્થાનિક મુસલમાન ભકતોએ આજીજીપૂર્વક કહ્યું, 'મહારાજ આપ અહીં રોકાઇ જાવ. આપને કંઇ પણ આંચ નહિ આવવા દઇએ.' પરંતુ

પરિસ્થિતિ હવે બદલાઇ ગઇ હતી.

ગુજરાનવાલામાં પંદર જેટલી ટ્રક આવી છે એમ જાણીને લૂંટવાનો આ એક મોટો અવસર મળ્યો છે એમ સમજીને બે હજાર જેટલા ગુંડાઓ ગામની બહાર નહેરની પાસે સંતાઇ ગયા. એ સમાચાર આચાર્ય મહારાજને પહોંચી ગયા. એમણે રસ્તામાં ટ્રકો અટકાવી દીધી. સાથે આવેલા સૈનિકોના કેપ્ટને દુરબીનથી જોયું તો એમ લાગ્યું કે આટલા બધા હથિયારધારી ગુંડાઓનો સામનો પોતાના ઘોડા સૈનિકો બરાબર કરી શકશે નહિ. એટલે આચાર્ય મહારાજે બધાને ટ્રકમાંથી નીચે ઊતરી જવા કહ્યું. કાઉસગ્ગ અને નવકાર મંત્રની ધૂન મચી. એટલામાં જાણે કોઇ દૈવી સહાય આવી પહોંચી હોય તેમ એક લશ્કરી જીપ ત્યાંથી પસાર થઇ. એમાં એક શીખ બ્રિગેડિયર પોતાની પત્ની સાથે જઇ રહ્યા હતા. પત્નીએ જીપ ઊભી રખાવી. ઊતરીને વલ્લભસૂરિનાં દર્શન કર્યાં અને પોતાના પતિને કહ્યું કે આ મારા ગુરુમહારાજ છે.' બ્રિગેડિયરે શી પરિસ્થિતિ છે તે વિશે પૂછયું. તે જાણી તેમની પત્નીએ આગ્રહ કર્યો કે આપણે આ બધા લોકોને સહીસલામત પાર ઉતારીને પછી જ જવું જોઇએ. બ્રિગેડિયરે તરત લશ્કરના બીજા સૈનિકોને બોલાવી લાવ્યા. બધી ટ્રકોની આસપાસ સૈનિકો ગોઠવાઇ ગયા એ જોઇ બે હજાર લુટારુઓએ નાસભાગ કરી મૂકી. બધી ટ્રકો સહીસલામત પાકિસ્તાનની સરહદ વટાવી અમૃતસર આવી પહોંચી જાણે કે ગુરુ મહારાજનું તપ ફળ્યું. બધાને પ્રત્યક્ષ અનુભવ થયો કે ગુરુમહારાજના પ્રતાપે કોઇ દૈવી સહાય મળી.

ગુજરાનવાલાથી વલ્લભસૂરિ અમૃતસર આવ્યા પછી પાકિસ્તાનથી પાછા ફરેલા નિરાધાર શ્રાવકોને આર્થિક રીતે પગભર કરવા માટે તેમણે ઘણી મોટી જુ ઝેશ ઉપાડી હતી. પાકિસ્તાનમાંથી છેલ્લામાં છેલ્લું શ્રાવક કુટુંબ ભારત પહોંચી જાય તે પછી પોતે પાકિસ્તાનમાંથી વિહાર કરશે એવો સંકલ્પ તેમણે કર્યો હતો. પરંતુ અમૃતસર આવ્યા પછી જ્યારે તેમને કોઇક સમાચાર આપતું કે અમુક કુટુંબ હજુ પાકિસ્તાનમાં રહી ગયું છે તો તે સાંભળીને એમની આંખમાંથી આંસુ સરતાં અને તે કુટુંબ સહીસલામત ભારતમાં આવી જાય તે માટે સંઘના આગેવાનોને કહીને ગોઠવણ કરાવતા. પાકિસ્તાનથી આવેલાં હજારો જૈન કુટુંબોને ઘર-બાર અને વેપારધંધામાં થાળે પાડવા માટે પણ વલ્લભસૂરિએ મુંબઇ, ગુજરાત, રાજસ્થાનમાં પોતાના ભક્ત શ્રીમંતોને અપીલો કરી હતી અને એનો ઘણો સારો પ્રતિસાદ એમને સાંપડયો હતો. પંજાબના જૈનો ઉપર એમના ગુરુદેવ વલ્લભસૂરિનું આ રીતે ઘણું મોટું ઋણ રહ્યું છે.

પાકિસ્તાનમાંથી ભારતમાં અમૃતસરમાં આવ્યા પછી વલ્લભસૂરિ બિકાનેર, સાદડી પાલનપુર અને પાલિતાણા થઇ મુંબઇ પધાર્યા. તેઓ જ્યાં જતા ત્યાં અનેકવિધ યોજનાઓ થતી અને તેમની પ્રેરણાથી દરેક યોજના માટે સારો આર્થિક સહયોગ મળી રહેતો. મુંબઇમાં પણ તેમણે ધર્મશાળા, ભોજનશાળા વગેરે માટે યોજના કરાવી હતી. મુંબઇમાં તેઓ પંદરેક વર્ષ પછી પધાર્યા હોવાને કારણે ઠેર ઠેર તેમનાં પ્રવચનો અને વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. મુંબઇમાં બે એક ચાતુર્માસ પછી તેમની ભાવના શત્રુંજયની યાત્રા કરીને પંજાબ પાછા ફરવાની હતી, પરંતુ હવે એમની ઉંમર ૮૪ વર્ષની થવા આવી હતી. પ્રોસ્ટેટ ગ્લાન્ડની તકલીફને કારણે તેમની તબિયત બગડવા લાગી હતી. મુંબઇના નામાંકિત ડોકટરોએ અને પંજાબથી આવેલા વૈદ્યોએ એમની તબિયત સારી થાય એ માટે વિવિધ ઉપચારો કર્યા પરંતુ પહેલાં હતી તેવી તબિયત થઇ નહિ. એટલે પોતાના પટ્ટધર વિજયસમુદ્રસૂરિને પંજાબ તરફ વિહાર કરવા માટે મોકલ્યા હતા. તેમને બોરસદથી પાછા બોલાવી લેવામાં આવ્યા. વલ્લભસૂરિએ કેટલોક સમય મહાવીર જૈન વિદ્યાલયમાં સ્થિરતા કરી હતી. પરંતુ ત્યાર પછી ૧૨મી ઓગસ્ટ, ૧૯૫૪ના રોજ તેઓ શેઠ કાંતિલાલ ઇશ્વરલાલના મરીનડ્રાઇવ પર આવેલા નિવાસસ્થાને ગયા. દિવસે દિવસે એમની તબિયત લથડતી જતી હતી. તેમ છતાં તેઓ રોજેરોજની ધર્મક્રિયાઓ અપ્રમત્તભાવથી કરતા. સં. ૨૦૧૦ના ભાદરવા વદી-૧૦ તા. ૨૨-૯-૧૯૫૪ની રાત્રે તેમની અસ્વસ્થતા વધી ગઇ અને રાત્રે ૨ કલાક અને ૩૨ મિનિટે તેમણે દેહ છોડયો. એમના કાળધર્મના સમાચાર વાયુવેગે મુંબઇમાં અને સમગ્ર ભારતમાં તાર-ટેલિફોન દ્વારા પ્રસરી ગયા. પંજાબથી અનેક ભક્તો મુંબઇ આવી પહોંચ્યા. તેમની ભવ્ય સમશાન યાત્રા નીકળી. હજારો જૈન-જૈનેતર માણસો તેમાં જોડાયા હતા. અને મુંબઇમાં ભાયખલાના મંદિરના ચોગાનમાં તેમના પાર્થિવ દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. એ સ્થળે ત્યાર પછી તેમનું સુંદર સ્મારક રચવામાં આવ્યું.

પંજાબના ભક્તોને ભક્તિ સંગીતનો રસ ઘણો બધો રહ્યો છે. પંજાબમાં આત્મારામજી મહારાજના સમયથી 'સંક્રાંતિ દિન' ઊજવવાની પ્રથા આજ દિવસ સુધી ચાલી આવી છે. માત્ર બેસતા વર્ષના દિવસે જ નહિ, પરંતુ દર બેસતા મહિને સંક્રાંત દિન ઊજવાય છે, અને અંતે ગુરુ મુખે માંગલિક સંભળાવાય છે. એવી ઉજવણીમાં ભક્તિનાં વિવિધ પદો રજૂ થાય છે. વલ્લભસૂરિ મહારાજ વિદ્યમાન હતા ત્યારે પંજાબમાં અનેક કવિઓએ પોતાના ગુરુ મહારાજ વલ્લભસૂરિ માટે પદો લખ્યાં છે. એમના કાળધર્મ પછી પણ એમને અંજલિ આપતાં અનેક પદો જૈન-જૈનેતર કવિઓના હાથે લખાયાં છે અને હજુ લખાય છે. અને મધુર કંઠે અનેકવાર તે ગવાયાં છે. વલ્લભસૂરિ વિશે હજારથી પણ વધુ પદ ઉપલબ્ધ છે. કોઇ જૈન સાધુ ભગવંત વિશે વર્તમાન સમયમાં વધુમાં વધુ પદો જો લખાયાં હોય તો તે વલ્લભસૂરિ વિશેનાં છે. એ બધાં પદો ઉપરથી આપણને પ્રતીતિ થાય છે કે વલ્લભસૂરિના પવિત્ર જીવનનો પ્રભાવ જનજીવન ઉપર અને ભક્ત કવિઓ ઉપર કેટલો બધો રહ્યો છે. એમના વિશેનાં અનેક પદોની સાજસંગીત સાથે રેકર્ડો અને કેસેટો પણ ઊતરી છે.

સ્વ પૂ વલ્લભસુરીના જીવન અને કાર્યનાં જે અનેકવિધ પાસાંઓ છે તેમાંથી અહીં માત્ર રૂપરેખા રૂપે થોડાંકનો પરિચય કરવામાં આવ્યો છે. પંજાબ, રાજસ્થાન, ગુજરાત અને મુંબઇમાં હજુ પણ એવી અનેક વ્યક્તિઓ વિદ્યમાન છે કે જે વલ્લભસૂરિના નિકટના પરિચયમાં આવી હતી. હજુ પણ કયારેક કોઇ કોઇ વ્યક્તિ પાસેથી એવા પ્રસંગો સાંભળવા મળે છે કે જેનો વલ્લભસૂરિના પ્રકાશિત જીવનચરિત્ર ગ્રંથોમાં કયાંય ઉલ્લેખ જોવા મળતો નથી. આવી વડીલ વ્યક્તિઓની મુલાકાત લઇને વિશેષ માહિતી એકત્ર કરવાના કાર્યની યોજના કોઇક સંસ્થાએ ઉપાડી લેવા જેવી છે. તેવી જ રીતે વલ્લભસૂરિ વિશે લખાયેલાં ગીતોનો સંગ્રહ કરીને તે પ્રકાશિત કરવાની જરૂર છે. ●

* લેખકનો શબ્દ *

(પૃષ્ઠ ૨ થી ચાલુ)

દૈનિક છાપાંઓ, સામયિકો, ચોપાનિયાંઓ અને પ્રાસંગિક ગ્રંથો સહિત ઘણી મોટી સામગ્રી કચરાને લાયક બની જાય છે. ઘડીકમાં તે કાલગ્રસ્ત થઈ જાય છે. આટલા બધા વ્યાપક ધોરણે જ્યારે લેખન પ્રવૃત્તિ દુનિયામાં ચાલતી હોય તો સજ્જતા અને અધિકાર વિનાના અસંખ્ય લેખકો ફાવે તેમ લખવા લાગે એ સ્વાભાવિક છે. દૈનિક છાપાંઓમાં કેટલાંયે ચર્ચાપત્રો જ્યારે વાંચીએ છીએ ત્યારે જાણકાર માણસોને આશ્ચર્ય થાય છે કે અહો કેટલા બધા માણસોનું કેટલી બધી બાબતોમાં રાક્ષેરોજ જાહેરમાં કેટલું બધુ અજ્ઞાન પ્રદર્શિત થાય છે. ચર્ચાપત્ર લખનારાઓનાં અજ્ઞાનની ચકાસણી કરવા જેટલી સજ્જતા કેટલીકવાર એના તંત્રી વિભાગમાં પણ હોતી નથી. પરિણામે અજ્ઞાનના નાના મોટા વંટોળ દૈનિકો અને સામયિકોના ચર્ચાપત્રો દ્વારા વારંવાર ઊઠયા કરતા હોય છે.

જેમ ચર્ચાપત્રો અને લેખોમાં કેટલાંય લેખકોની પોતાના વિષયની અભ્યાસ શૂન્યતાનાં દર્શન થાય છે તેમ વિભિન્ન વિષયોના લલિત કે લલિતેતર એવા કેટલાક ગ્રંથો તે તે લેખકના અજ્ઞાનની કે અપૂર્ણ સજ્જતાની ચાડી ખાતા હોય છે. વર્તમાન સમયમાં લેખનના ક્ષેત્રે આ એક મોટી સમસ્યા છે. લેખકોની અનાધિકાર ચેષ્ટા વધતી જાય છે.

સાહિત્યના ક્ષેત્રે લેખકના વાણીસ્વાતંત્ર્યની હિમાયત વર્તમાન જગતમાં ઘણી થાય છે. એક લેખકને પોતાને જે કહેવું હોય તે કહેવાને માટે તે સ્વતંત્ર હોવો જોઇએ. તેને કોઇ બાધન ન હોવાં જોઇએ. આ સિદ્ધાંતનો અસ્વીકાર થઇ શકે નહિ. થવા દેવો પણ ન જોઇએ. લોકશાહીના ઉદય પછી વિશ્વના લેખકો પોતાની આ સ્વતંત્રતા માટે વધુ સભાન બન્યા છે એ સાચું છે. આમ છતાં લેખકને પક્ષે માત્ર સ્વતંત્રતાનો જ વિચાર કરવો એ પર્યાપ્ત નથી. લેખક પોતાની કૃતિ સમાજમાં મૂકે છે તેની સાથે જ એ કૃતિ એની અંગત માલિકીની ન રહેતાં સમાજની માલિકીની બને છે. એટલે સામાજિક પરિમાણો એને મોડાંવહેલાં સ્વીકારવાં જ પડે છે.

વળી લેખક સમાજનો અને રાષ્ટ્રનો એક વધુ જવાબદાર નાગરિક હોવાથી તેની પાસેથી કેટલીક જવાબદારીની અને સજ્જતાની અપેક્ષા રાખી શકાય છે. લેખક થયો એટલે માત્ર વાણીસ્વાતંત્ર્ય જ ભોગવે એટલું બસ નથી. એને પોતાને પોતાની જવાબદારીનું પણ ભાન હોવું જોઇએ. એની સ્વતંત્રતા સ્વચ્છંદતામાં ન પરિણમવી જોઇએ. એની સર્જક-કલ્પના સમાજ, રાષ્ટ્ર કે ધર્મ ઉપરના બેજવાબદાર, ગંદા કે અપભર્યા શબ્દ પ્રહારોમાં ન પરિણમવી જોઇએ. જેમ લેખક વધુ પ્રસિદ્ધ અને એની ભાષાનું ક્ષેત્ર જેમ વધુ વિશાળ હોય તેમ એના શબ્દના સારામાઠા પ્રત્યાઘાતોને વધુ અવકાશ રહે છે. એટલે જ પ્રતિભાસંપન્ન સમર્થ લેખકોની પોતાના શબ્દ માટેની સવિશેષ જવાબદારી રહે છે. ખોટો કે ખરાબ આશયથી બોલાયેલો તેમનો એક શબ્દ પણ ઘણા માઠા પ્રત્યાઘાતો જન્માવી શકે છે.

સાહિત્યના ક્ષેત્રે પોતાના શબ્દ દ્વારા બાહ્ય સ્થૂલ ઉશ્કેરાટ કે ખળભળાટ મચાવવો એ બહુ અઘરી વાત નથી. અધકચરા લેખકો પણ પોતાના વરવા શબ્દો દ્વારા તેમ કરી શકે છે. પોતાના ઉદાત્ત ઔચિત્યપૂર્ણ, માર્મિક અને પ્રેરક શબ્દ દ્વારા સૈકાઓ સુધી અસંખ્ય લોકોના હૈયામાં સુકુમાર સંવેદનો જગાવવા માટે ઘણી મોટી સર્જક-પ્રતિભાની જરૂર રહે છે. માનવજાતને સ્થૂલ હિંસા તરફ ઉશ્કેરનારા સાહિત્ય કરતાં આવા સાહિત્યનું સર્જન કરવું એ ઘણી અઘરી વાત છે. હજારો વર્ષ સુધી માનવજાત માટે દીવાદાંડીરૂપ બની રહે એવા મૂલ્યવાન, અમર સાહિત્યનું સર્જન તો લાખો – કરોડો માણસોમાંથી કોઇક કદાચ કરી શકે તો કરી શકે. **–રમણલાલ ચી. શાહ**

સ્વ. દુલેરાય કારાણી

(પૃષ્ઠ ૨૦ થી ચાલુ)

કાવ્યની અંતિમ પંક્તિ છે :

'હિકડી છાય હલઇ તડેં, હલ્યા ઘી નેં ખીર
પંચામૃત પુહિયા હલ્યા, સેંઢા સભર શરીર,
હુમ્ભ હલઈ ને હેત વ્યા, વ્યા હિંયેંજા હીર,
ચાય અચી ચૂસે ગિડેં, નરવીરેં જા નીર.
ખોરે કે ખમીર, કારાણી ચે કચ્છ જો!'

એક છાશ ચાલ્યા જતાં ઘી, દુધ અને પંચામૃત પણ તેની પાછળ પાછળ ચાલ્યાં ગયાં, બળવાન મજબૂત શરીર નબળાં પડ્યાં, વહાલ ગયું અને હૈયાનું હીર પણ ગયું ચા આવી અને એણે નરવીરોની શક્તિ શોષી લીધી. ખમીર નષ્ટ પામ્યું.

બરોબર જોવા જઇએ તો માત્ર ચા અને છાશનો ઝઘડો નથી. પણ, બે સંસ્કૃતિનો ઝઘડો છે. એક તરફ કૃષિપ્રધાન ગ્રામ્ય સંસ્કૃતિ છે તો તેના પર ભોગપ્રધાન શહેરી સંસ્કૃતિનો હુમલો થયો છે. આ કાવ્ય કચ્છના ગામડે ગામડે એક લોકગીત જેટલું પ્રખ્યાત થઇ ગયું હતું અને હજી પણ એવી વ્યક્તિઓ મળી આવે જેમને આ કાવ્યની ૧૦૦ પંક્તિઓ કંઠસ્થ હોય. કવિનું નામ જાણે કચ્છી ભાષામાં ઓગળી ગયું હતું.

કચ્છ પ્રદેશ અને કચ્છી પ્રજા કેવી બંકી છે તેનું યશોગાન કરતાં કારાણી સાહેબ લખે છે

'કચ્છડો વંકો, કચ્છી વંકા, જગમેં જે જશજા ડંકા,
વંકી કચ્છ વતનજી વાણી, પ પાંજે કચ્છડેજો પાણી.'

'કચ્છ કલાધર'ના બે ભાગ ૧૩૦૦ પાનાંમાં વિસ્તરેલ ગ્રંથ છે. ૧૭૦ રૂપિયાના આ ગ્રંથની ચોથી આવૃત્તિ થાય એ સર્જક અને ભાવક વચ્ચેની ચાહનાનો જીવતો પુરાવો છે.

એક મુલાકાતમાં મેં એમને સાહિત્યની વ્યાખ્યા એમને મન શું છે એવું પૂછ્યું હતું. ત્યારે એમણે કહ્યું હતું કે, 'સાહિત્યની વ્યાખ્યા ઓછામાં ઓછા શબ્દોમાં આપવી હોય તો કહી શકાય કે, સાહિત્ય એટલે જીવનનું અમૃત.

તેઓ કચ્છી, ગુજરાતી, હિન્દી, સિંધી, ઉર્દુ વગેરે ભાષાઓના અભ્યાસી હતા. ગુજરાતીમાં કવિ ન્હાનાલાલ અને ગોવર્ધનરામ, હિન્દીમાં કબીર, તુલસીદાસ, મૈથિલીશરણ ગુપ્ત, રામનરેશ ત્રિપાઠી, ઉર્દુમાં નઝીર અકબરાબાદી અને સિંધીમાં શાહ અબ્દુલ લતીફ ભિટાઇ એમના પ્રિય સર્જકો હતા.

એમણે પોતાના એક કાવ્ય 'વેંધલ પાણી' વહેતાં પાણી–માં લખ્યું છે કે :

'આઉં અઇયા વેંધલ પાણી,
સંસાર સજ્યે પણ વેંધણ પાણી,
કારાણી ઇ ચોંધે ચોંધે,
હલ્યો વિનેતો વેંધલ પાણી,'

પોતાના ૯૪ મા જન્મદિવસે જ ચિરનિદ્રામાં પોઢી જનાર દુલેરાય કારાણી કચ્છ સાહિત્યના ઝળહળતા પ્રકાશસ્તંભ હતા. જ્યાં સુધી કચ્છી ભાષા, સાહિત્ય રહેશે અને ભાવકો કચ્છની વાત કરશે ત્યાં સુધી કારાણીસાહેબ અક્ષરદેહે જીવંત રહેશે.

એમના સદ્‌ગત આત્માને ચિરશાંતિ મળો એવી પ્રાર્થના કરું છું.

સ્વ. દુલેરાય કારાણી

● ગુલાબ દેઢિયા

કચ્છના જાણીતા લોકસાહિત્યકાર અને માનીતા કવિ શ્રી દુલેરાય કારાણીનું ૯૩ વર્ષની વયે નિધન થતાં કચ્છી સાહિત્યમાં 'કારાણી યુગ'નો અસ્ત થયો છે.

કારાણીસાહેબે જીવનભર સાહિત્યસર્જન કરી કચ્છની સંસ્કૃતિનું અદકેરું જતન કર્યું છે. કોઈ ચોક્કસ પ્રકાશન સંસ્થા કે વિતરણ વ્યવસ્થા વગર એમણે આપમેળે ઘણાં પુસ્તકોનું પ્રકાશન કર્યું એ સાહિત્યજગતમાં નોંધપાત્ર કહી શકાય એવું કાર્ય છે.

જે સમયે સંશોધનની સાધનસામગ્રી, પરંપરા કે સંસ્થાના પીઠબળનો અભાવ હતો એવા વખતમાં એમણે ગામડે ગામડે ફરી, મુસ્કેલીઓ વેઠી, કંઠસ્થ લોકસાહિત્ય એકઠું કર્યું હતું. એ વાતોને શબ્દબદ્ધ કરી એમણે મોટી સેવા કરી છે. લોકસંસ્કૃતિના વારસાનું જતન કરનાર ધૂળધોયા માટે હજી પણ બધી જ મુસ્કેલીઓ આપણે ત્યાં અકબંધ કાયમ છે.

ઇ. સ. ૧૯૨૮માં એમનું પ્રથમ પુસ્તક 'કચ્છનાં રસઝરણાં' પ્રગટ થયું. ત્યારથી લગ્ન સાઠ વર્ષ સુધી એ સાહિત્યઝરણાં વહેતાં જ રહ્યાં. 'કચ્છ કલાધર' -બે ભાગ, કચ્છના સંતો અને કવિઓ'-બે ભાગ 'કારાણી કુંજ'-૫ ભાગ કચ્છી કહેવતો, કચ્છનું લોકસાહિત્ય, કચ્છી પિરોલી (પ્રહેલિકા), કચ્છી કિસ્સા ભાવની, કચ્છની રસધાર, કચ્છી શબ્દકોશ, જામ રાવળ, જમાદાર કતેહમામદ, મેકણ દાદા, કારા ડુંગર કચ્છજા(સ પાદન), દયાનંદ ભાવની, ગાંધી ભાવની, સોનલ ભાવની, મહાવીર ભાવની, હરિજન બત્રીસી, કલ્યાણ ભાવની, જગડૂ દાતાર, જામ અબડો, ઝારેજો જુદ્ધ, જાડેજા વીર ખેંગાર, શાહ લતીફનો રસાલો (અનુવાદ), વતનનો વાર્તાલાપ, શાયર નઝીર જેવાં ઘણાં પુસ્તકો આપ્યા એમણે કચ્છની ભાતીગળ ખમીરવંતી ધરણીના કણેકણને સાહિત્યમાં વણી લીધો છે.

એમણે ખેડેલાં કાવ્યસ્વરૂપોનું વૈવિધ્ય પણ અહોભાવ પ્રેરે એવું છે. છંદોબદ્ધ રચના, દુહા, બેત, મુકતક, લોકઢાળ, પદ, ગીત ચારણી કવિત અને ગઝલ સુધી એમનું સર્જન વિસ્તર્યું છે.

કારાણીસાહેબની કવિતામાં સરળતા, ચિત્રાત્મકતા, પ્રવાહિતા અને જોમ જોવા મળે છે. વીર, કરુણ, હાસ્ય અને શાંત રસનું મનોહર આલેખન એમની કવિતાની વિશેષતા છે.

કચ્છના લોકસાહિત્યને શબ્દબદ્ધ કરી એમણે ગુજરાતના લોકસાહિત્યની મોટી સેવા કરી છે. એમની મોટા ભાગની ગદ્યકૃતિઓ ગુજરાતીમાં લખાયેલી છે.

કારાણીસાહેબે કંઠસ્થ દુહાઓ, કાફીઓ, વારતાઓ, કિસ્સાઓ, પિરોલી, સલૂમા, કહેવતો વગેરે અનેક વાતોને શબ્દબદ્ધ ન કરી હોત તો લોકસાહિત્યનો એક ભાગ કાળ સાથે વિલીન થઈ જાત અને કચ્છની ભાતીગળ સંસ્કૃતિનો વારસાના જતનમાં એટલી અધૂરી રહી જાત.

કારાણી આજીવન શિક્ષક હતા. પ્રારંભનાં વર્ષોમાં કચ્છ છોડી નાગપુર ભાઈ પાસે વ્યવસાયમાં જોડાવા ગયા પણ જામ્યું નહિ. માંડવી તાલુકાના ગુંદિયાળી ગામે શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરી હતી. કચ્છના રાજાએ એમની શકિતઓને ઓળખી કચ્છના શિક્ષણાધિકારીપદે નિયુકત કર્યા હતા.

કારાણીજી ગામડે ગામડે શાળાઓની તપાસણી માટે અને બાળકોની પરીક્ષા લેવા જતા હતા. શિક્ષણપ્રવાસ સાથોસાથ એમણે કચ્છના લોકસાહિત્યને એકત્ર કરવાનું કાર્ય કર્યું હતું. દરેક ગામની ખાંભીઓ પાળિયા, દંતકથાઓ, લોકજીવન વગેરે અભ્યાસ કરી એમણે એ બધાંને અક્ષરદેહ આપ્યો.

કચ્છના શિક્ષણાધિકારીપદેથી નિવૃત્ત થયા બાદ કારાણીજી પોતાના પ્રિય મિત્ર અને ચાહક શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમવાળા કલ્યાણચન્દ્રજી બાપા પાસે આવી સોનગઢ રહ્યા. સોનગઢમાં વિદ્યાર્થીઓનો અનન્ય પ્રેમ પામ્યા અને પોતાના વિપુલ સાહિત્યનું ત્યાં સર્જન કર્યું. કવિ અને સંસ્થા બન્ને પક્ષે એમનો સોનગઢ નિવાસ સવિશેષ ફળદાયી કહી શકાય સંસ્થાએ આવા મોટા સર્જકને માનભેર રાખી સાહિત્યસર્જન માટે અનુકૂળતા કરી આપી એ નોંધપાત્ર ઘટના છે. સંસ્થા કે સમાજ તેજસ્વી કલાકારને આ રીતે પ્રોત્સાહન આપે છે ત્યારે કેવું સુભગ પરિણામ આવે છે! કારાણીજીને પુસ્તકોના પ્રકાશન માટે એમના ચાહકોએ જે યોગદાન આપેલ છે તે પણ આનંદ સાથે નોંધવા જેવી ઘટના છે. તેથી જ તેઓ પુસ્તકો ઓછી કિંમતે પ્રસિદ્ધ કરી શકયા અને સાહિત્યનો પ્રસાર કરી શકયા.

સોનગઢથી નિવૃત્ત થયા બાદ તેમણે પોતાના પરિવાર સાથે અમદાવાદમાં નિવાસ કર્યો હતો. કારાણી સાહેબ મહેળભતના માણસ હતા. માણસભૂખ્યા સર્જક હતા એમના પ્રત્યક્ષ પરિચયમાં આવેલા સાહિત્યકારો અને ચાહકોની સંખ્યા ઘણી મોટી છે. સૌને પ્રેમપૂર્વક મળતા અને આદર આપતા. પત્રો લખવામાં તો તેઓ ઘણા ચીવટવાળા હતા. છેક આ વર્ષ સુધી એમણે પત્રો લખ્યા છે. એમના મોતીના દાણા જેવા મરોડદાર અક્ષરો હજી એટલા જ તાજા છે. એમનો પત્રવ્યવહાર પુસ્તક રૂપે પ્રગટ કરવામાં આવે તો એમના જીવનને વધુ નિકટથી જોઈ જાણી શકાય એમ છે.

કારાણીજીએ વર્ષો પહેલાં ચા અને છાશ વિશે 'ચાય અને છાય' નામે એક સંવાદ કાવ્યલખ્યું છે. જેમાં ચા અને છાશ વચ્ચે ઝઘડો થાય છે. છાશ ચાને કચ્છ છોડી જવા કહે છે જે ચાને માન્ય નથી. છાશને જ માતૃભૂમિ છોડવી પડે છે.

(પૃષ્ઠ ૧૯ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ - ૪૦૦૦૦૪, ફોન : ૩૫૬૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૦ અંક : ૨૩

મુંબઇ, તા. ૧-૪-૧૯૮૯
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્વ. પૂ. અજરામરજી સ્વામી

સ્થાનકવાસી સંપ્રદાયમાં થઇ ગયેલા મહાત્માઓમાં સ્વ. પૂ. અજરામરજી સ્વામીનું સ્થાન અનોખું છે. આ મહાન જૈન જ્યોતિર્ધરને આચાર્યની પદવી અપાયાંને બસો વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે લીંબડીમાં દ્વિશતાબ્દી મહોત્સવનું આયોજન તા. ૯ અને ૧૦મી માર્ચ ૧૯૮૯ (ફાગણ સુદ ૨-૩)ના રોજ થયું હતું. મુંબઇ, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાનમાંથી દસ હજારથી વધુ માણસો આ મહોત્સવમાં ભાગ લેવા માટે પધાર્યા હતા. આ પ્રસંગે મને અને મારાં પત્ની શ્રી તારાબહેન શાહને ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ મળ્યું હતું અને તે માટેની બધી વ્યવસ્થા મૂળજી દેવશીની કુંવાળા શ્રી રામજીભાઇ, મંગળજીભાઇ વગેરેએ સંભાળી હતી. બે દિવસના આ ભવ્ય અને શાનદાર કાર્યક્રમમાં પ્રથમ દિવસનો કાર્યક્રમ પ. પૂ. પંડિતરત્ન શ્રી ભાવચંદ્રજી સ્વામી તથા અન્ય મુનિઓ-મહાસતીઓની નિશ્રામાં યોજાયો હતો. બીજા દિવસનો કાર્યક્રમ શ્રી કરસનભાઈ લધુભાઇ નિસરના પ્રમુખપદે યોજાયો હતો.

સ્વ. પૂ. અજરામરજી સ્વામીએ સાઠ વર્ષના પોતાના આયુષ્યકાળમાં મહાન ભગીરથ કાર્યો કર્યાં હતાં. તેઓ જૈન દર્શન ઉપરાંત અન્ય દર્શનોના ઊંડા અભ્યાસી હતા. તેઓ બહુ ઉદાર અને સમન્વયકારી દ્રષ્ટિ ધરાવતા હતા. ગુજરાત, સૌરાષ્ટ્ર, અને કચ્છ બાજુ તેઓ ઘણું વિચર્યા હતા. કચ્છમાં પણ વાગડ વિસ્તાર ઉપર તેમનો ઘણો મોટો પ્રભાવ રહ્યો હતો. તેમના જીવન વિશે કેટલીક માહિતી મળે છે. તે ઉપરથી શતાવધાની પંડિત રત્નચંદ્રજી મહારાજે તેમનું જીવનચરિત્ર લખેલું છે અને તેમના વિશે ભક્તામર પાદપૂર્તિની રચના સંસ્કૃત શ્લોકમાં કરેલી છે.

સ્વ. પૂ. અજરામર સ્વામીના પ્રેરક જીવનની ટૂંકી રૂપરેખા અહીં આપવામાં આવી છે.

અજરામર સ્વામીનો જન્મ વિ. સં. ૧૮૦૯ના જેઠ સુદ-૯ના દિવસે જામનગર પાસે પડાણા ગામમાં થયો હતો. એમના પિતાનું નામ માણેકચંદ હતું, માતાનું નામ કંકુબાઇ હતું. તેઓ જ્ઞાતિએ વીસા ઓસવાલ હતા. અજરામર સ્વામીનું જન્મ-નામ પણ અજરામર હતું. તેઓ પાંચ વર્ષની ઉંમરના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું હતું. દુઃખી થયેલાં વિધવા માતા કંકુબાઈ ધર્મ તરફ વળ્યાં હતાં. બાળક અજરામરે ગામઠી નિશાળમાં ભણવાનું ચાલુ કર્યું હતું. પોતાની માતા રોજ ઉપાશ્રયે ગુરુ મહારાજ પાસે પણ તેમને લઇ જતાં.

માતા કંકુબાઇને રોજ સામાયિક અને પ્રતિક્રમણનો નિયમ હતો. તેઓને પોતાને સૂત્રો વગેરે આવડતાં નહોતાં, પરંતુ સ્થાનકમાં જઇ બીજા બોલે તે સાંભળીને સામાયિક-પ્રતિક્રમણ કરતાં. એક દિવસ બહુ જ વરસાદ પડ્યો. એથી સ્થાનકે જવાનું શક્ય નહોતું. એટલે માતા કંકુબાઇ ઉદાસ બની ગયાં હતાં. પ્રતિક્રમણનો પોતાનો નિયમ તૂટશે એવું લાગતું હતું. તે વખતે માતાની અસ્વસ્થતા બાળક અજરામર કળી ગયો. કારણ જાણીને એણે માતાને કહ્યું, 'મા ! તમે ચિંતા ન કરો, હું તમને આખું પ્રતિક્રમણ કરાવીશ.' માતાએ એ સાચું માન્યું નહિ. પરંતુ અજરામરે કહ્યું કે પોતે રોજ સ્થાનકે સાથે આવે છે એટલે આખું પ્રતિક્રમણ પોતાને મોઢે થઇ ગયું છે. છ વર્ષના એ બાળકે જ્યારે માતાને આખું પ્રતિક્રમણ શુદ્ધ ઉચ્ચારપૂર્વક કરાવ્યું ત્યારે માતાને બહુ આશ્ચર્ય થયું. પોતાનો પુત્ર આટલો બધો તેજસ્વી છે એવી ત્યારે એમને ખાતરી થઇ. મનમાં એવી ભાવના પણ જાગી કે દીકરો મોટો થઇને કોઇ મહાન સાધુ મહાત્મા બને તો કેવું સારું ! માતાને પોતાને પણ દીક્ષા લેવાની ભાવના હતી.

વિ. સં. ૧૮૧૮માં હીરાજીસ્વામી અને કાનજીસ્વામી લીંબડીથી વિહાર કરીને ગોંડલ પહોંચ્યા હતા. ત્યાં તેમનું ચાતુર્માસ હતું. કંકુબાઇ અને અજરામર ગોંડલ હીરાજી સ્વામી પાસે પહોંચ્યાં અને બંનેની દીક્ષા લેવાની ભાવના છે એવી પોતાની ઇચ્છા દર્શાવી. હીરાજી સ્વામીએ એ માટે કેટલોક સમય થોભી જવાનું કહ્યું અને અજરામરને પોતાની પાસે અને કંકુબાઇને જેઠીબાઈ મહાસતીજી પાસે રહીને શાસ્ત્રાભ્યાસ કરવાની વ્યવસ્થા કરી. ચાતુર્માસ પછી અન્યત્ર વિહાર કરી સં. ૧૮૧૯માં હીરાજીસ્વામી ફરી ગોંડલ પધાર્યા અને ગોંડલમાં કંકુબાઇ તથા બાળક અજરામરને દીક્ષા આપવામાં આવી. ગોંડલ માટે આ એક ભવ્ય પ્રસંગ બની ગયો. ગોંડલના નરેશે પણ આ પ્રસંગે ઉત્સાહપૂર્વક રસ લઈ રાજ્ય તરફથી સારો સહકાર આપ્યો હતો. દીક્ષા પછી અજરામર કાનજીસ્વામીના શિષ્ય થયા અને કંકુબાઇ જેઠીબાઇ મહાસતીજીનાં શિષ્યા બન્યાં.

બાળક અજરામર બહુ તેજસ્વી હતો. એની મુખમુદ્રા જોતાં જ, એના ભવ્ય લલાટ ઉપર નજર પડતાં જ અને એની તીક્ષ્ણ આંખો જોતાં જ જોનારને આ કોઇ અસામાન્ય બાળક છે એવી ખાતરી તરત જ થઇ જતી.

માતા કંકુબાઈ અને બાળક અજરામર જ્યારે ગોંડલમાં હીરાજી-સ્વામી અને કાનજીસ્વામી પાસે દીક્ષા લેવાની ભાવનાથી આવ્યાં હતાં ત્યારે બાળક અજરામર ઉપાશ્રયેથી કોઈ જુદા જુદા ગૃહસ્થના ઘરે જમવા માટે જતો – આવતો. ત્યારે ગોંડલની વૈષ્ણવ હવેલીના ગોંસાઇજી મહારાજની તેના ઉપર નજર પડી. એ તેજસ્વી બાળકને બોલાવીને તેની સાથે વાતચીત કરતાં બાળક દીક્ષા લેવાનો છે એ વાત જાણીને આવો તેજસ્વી બાળક પોતાની હવેલીમાં આવીને રહે અને પોતાનો ઉત્તરાધિકારી બને એવો વિચાર તેમને થયો. એ માટે તેમણે બાળક પાસે દરખાસ્ત મૂકી જોઇ અને હવેલીમાં રહે-વાથી કેવાં સરસ વસ્ત્રાભૂષણ પહેરવા મળશે, કેવું સરસ ખાવાપીવાનું મળશે અને કેટલી મોટી મિલ્કતના વારસ થવાશે તે બતાવ્યું. પરંતુ બાળક અજરામર તેનાથી જરાપણ લલચાયો નહિ. તેને તો ત્યાગ–વૈરાગ્યમાં જ પોતાને રસ છે અને સંયમનો માર્ગ જ પોતે ગ્રહણ કરવા માગે છે તેના ઉપર ભાર મૂક્યો. બાલ્યકાળમાં પણ અજરામરની દૃષ્ટિ કેટલી સાચી, સ્વસ્થ અને સ્થિર હતી તે આ પ્રસંગ ઉપરથી જોઇ શકાશે.

દીક્ષા પછી અજરામરસ્વામીએ પોતાનો અભ્યાસ વધારી દીધો. જુદે જુદે સ્થળે કેટલાંક ચાતુર્માસ કર્યા પછી પૂ. શ્રી હીરાજીસ્વામીને એવી ભાવના થઇ કે બાલમુનિને વધુ અભ્યાસ કરાવવા માટે સૂરત તરફ વિહાર કરવો, કારણ કે સૂરતમાં ત્યારે સારા પંડિતો હતા. વિ સં. ૧૮૨૬માં પૂ. શ્રી હીરાજીસ્વામી, પૂ. શ્રી કાનજીસ્વામી અને બાળમુનિ પૂ. શ્રી અજરામરસ્વામી ચાતુર્માસ પછી ભરૂચથી સૂરત તરફ વિહાર કરી રહ્યા હતા. તેઓ નર્મદા નદી ઓળંગવા માટે એના રેતીના પટમાંથી પસાર થઇ રહ્યા હતા. નદી ઓળંગી તેઓ સામે એક વૃક્ષની છાયામાં થાક ખાવા બેઠા હતા. એ વખતે સૂરત નિવાસી ખરતરગચ્છના શ્રીપૂજ્યયતિ શ્રી ગુલાબચંદજી પણ ભરૂચથી સૂરત પાછા ફરી રહ્યા હતા. એમણે રેતીમાં મોટાં પગલાંઓની સાથે નાનાં પગલાં પણ જોયાં. તેઓ સમર્થ લક્ષણવેત્તા હતા. પગલાં જોતાં જ તેમને થયું કે આ કોઇ તેજસ્વી બાળકનાં પગલાં છે. સામે કિનારે પહોંચી તેમણે હીરાજીસ્વામી વગેરેને વૃક્ષ નીચે જોયા એટલે વંદન કરી પૂછ્યું, મહારાજ ! આપ ક્યાંથી પધારો છો ? કઇ બાજુ વિહાર કરવાના છો ?' હીરાજીસ્વામીએ પોતે લીંબડીથી વિહાર કરીને સૂરત જઇ રહ્યા છે તેની વાત જણાવી. વળી બાળ મુનિને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરાવવાની ભાવના છે એ પણ કહ્યું. શ્રીપૂજ્ય ગુલાબચંદજીએ પોતાનો પરિચય આપ્યો અને પગલાં ઉપરથી અને બીજાં શરીરલક્ષણ ઉપરથી બાળ મુનિ બહુ વિદ્વાન અને તેજસ્વી થશે તેની આગાહી કરી. વળી કહ્યું કે તેમને જો વિદ્યાભ્યાસ કરવો હોય તો સૂરતમાં પોતે વિદ્યાભ્યાસ કરાવશે. એથી હીરાજીસ્વામી અને બીજા સાધુઓએ પ્રસન્નતા અનુભવી.

પૂજ્યશ્રી ગુલાબચંદજી મૂર્તિપૂજક ખરતરગચ્છના યતિ હતા. એક સ્થાનકવાસી બાલમુનિને અભ્યાસ કરાવવાનો હતો. અન્ય સંપ્રદાયના પોતે હોવા છતાં બાલમુનિને અવશ્ય અભ્યાસ કરાવશે તેવી ખાતરી આપી. સૂરતમાં જ્યારે વિદ્યાભ્યાસ ચાલુ થયો ત્યારે અન્ય સંપ્રદાયના સાધુને વિદ્યાભ્યાસ કરાવવા માટે સમાજમાં થોડો ખળભળાટ પણ મચ્યો. પરંતુ તેની ખાસ કંઇ અસર થઇ નહિ. ગુલાબચંદજીએ બહુ જ ઉત્સાહથી બાલમુનિને સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના અધ્યયન સાથે વ્યાકરણ, કાવ્ય, અલંકાર, ન્યાય, જ્યોતિષ વગેરે ઘણા વિષયોનું ગહન અધ્યયન કરાવ્યું. વળી સાંખ્ય, વેદાંત વગેરે ષડ્દર્શનનો પણ અભ્યાસ કરાવ્યો અને ન્યાયાવતાર, સ્યાદ્વાદ રત્નાકર વગેરે ગહન અને કઠિન ગ્રંથો પણ ભણાવ્યા. આવા અધ્યયનમાં ઘણાં વર્ષ લાગે અને એક જ સ્થાનક કે ઉપાશ્રયમાં વધુ ચોમાસા કરવાનું યોગ્ય ન ગણાય એટલે હીરાજીસ્વામીએ સૂરતનાં પરાંઓમાં જુદે જુદે સ્થળે એમ છ ચોમાસાં કર્યાં. આ રીતે બાલ મુનિ અજરામર સ્વામીને વિદ્યાભ્યાસ કરવામાં સૂરતમાં સતત છ ચોમાસા કરવા પડ્યાં, પરંતુ એથી એમને સળંગ અભ્યાસ કરવાનો ઘણો બધો લાભ થયો. શ્રીપૂજ્ય મંત્રતંત્ર અને ગુપ્ત વિદ્યાઓના પણ સમર્થ જાણકાર હતા. અજરામર સ્વામી અધિકારી પાત્ર છે એવી ખાત્રી થયા પછી તેમણે મંત્રતંત્ર તથા સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિની ગુપ્ત વિદ્યાઓ અને આમ્નાઓ પણ અજરામર સ્વામીને શીખવાડી.

અજરામર સ્વામીએ આ છ વર્ષના ગાળા દરમિયાન વિદ્યાભ્યાસ કરતાં કરતાં કેટલીયે નોંધો ઉતારી લીધી હતી. વળી તેઓ જ્યારે વિહાર કરવાના હતા ત્યારે શ્રીપૂજ્ય ગુલાબચંદજીએ પોતાના વિશાળ સંગ્રહમાંથી ૩૦૦ જેટલી મહત્ત્વની પોથીઓ પોતાની સાથે લઇ જવા માટે અજરામરસ્વામીએ આપી હતી. (આ બધી પોથીઓ અને અજરામરસ્વામીના પોતાના હાથે લખેલી પ્રતો લીંબડીના જ્ઞાનભંડારમાં આજે પણ સચવાયેલી છે.) આમ અજરામરસ્વામીના વિદ્યાભ્યાસ નિમિત્તે સૂરતનો મૂર્તિપૂજક સમુદાય અને સ્થાનકવાસી સમુદાય બને ઉદારદિલથી એકબીજાની વધુ નજીક આવ્યા. એને જ કારણે અજરામરસ્વામીની માત્ર જૈન સંપ્રદાયો પૂરતી જ નહિ, જૈન અને જૈનેતર ધર્મો વચ્ચે પણ વિશાળ અને ઉદાર દૃષ્ટિ ખીલી હતી. અજરામરસ્વામીનું વ્યક્તિત્વ એવું પવિત્ર અને ઉદાત્ત હતું કે એમની ઉપસ્થિતિમાં સાંપ્ર-દાયિક સંકુચિતતાની વાત ટકી શકતી નથી.

યુવાન અજરામરસ્વામી ઊંડો શાસ્ત્રાભ્યાસ કરીને જ્યારે લીંબડી પધાર્યા હતા ત્યારે લીંબડીના લોકોએ તેમના પ્રત્યે ઘણો બધો આદરભાવ દર્શાવ્યો હતો. પરંતુ અજરામરસ્વામીએ કહ્યું કે પોતે જ્ઞાનમાં હજુ અધૂરા છે અને તેમની ઇચ્છા માળવામાં વિચરતા પૂ. શ્રી દોલતરામજી મહારાજ પાસે આગમશાસ્ત્રોનો અભ્યાસ કરવાની છે. એ માટે કાં તો તેઓ કાઠિયાવાડમાં પધારે અને કાં તો અમારે તેમની પાસે જઇને અભ્યાસ કરવો જોઇએ. સંઘે વિચાર્યું કે જો દોલતરામજી મહારાજ ઝાલાવાડમાં પધારે તો લોકોને પણ લાભ મળે. એ માટે ખાસ માણસ મોકલીને સમગ્ર પરિસ્થિતિ સમજાવી વિનંતી કરવામાં આવી અને પૂ. શ્રી દોલતરામજી મહારાજે એનો સ્વીકાર કર્યો. તેઓ પોતાના શિષ્ય સમુદાય સાથે અમદાવાદ થઇને લીંબડી પધાર્યા. ઝાલાવાડમાં તેઓ બે વરસ વિચર્યા અને અજરામર-સ્વામીએ તેમની પાસે આગમશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો. તેઓ પાછા ફર્યા ત્યારે અજરામરસ્વામીએ તેમને પોતાના ગ્રંથસંગ્રહમાંથી કેટલાક ઉત્તમ મૂલ્યવાન ગ્રંથો દોલતરામજી મહારાજને ભેટ આપ્યા હતા.

અજરામરસ્વામી શાસ્ત્રજ્ઞાતા થયા હતા અને શાસનનો ભાર ઉપાડી શકે એવા તેજસ્વી હતા. એ જોઇ સંઘે વિ. સં. ૧૮૪૫માં લીંબડીમાં મોટું સંમેલન યોજી એમને ૩૫ વર્ષની યુવાન વયે આચાર્યપદે સ્થાપ્યા હતા ત્યારે સંપ્રદાયમાં જે કંઇ શિથિલતા હતી તે દૂર કરવા એમણે જબરો પુરુષાર્થ કર્યો હતો. મહાસતીજીઓના વિદ્યાભ્યાસ માટે પણ તેમણે પ્રબંધો કરાવ્યા હતા. તેમના વ્યક્તિત્વમાં સરળતા, નમ્રતા, વત્સલતા, મધુરતા, ઉદારતા, ગંભીરતા વગેરે ગુણો એવા વિકસ્યા હતા કે જૈન-જૈનેતર એવા અનેક લોકો તેમના ચાહક બન્યા હતા.

(અનુસંધાન પૃષ્ઠ ૮ ઉપર)

ખાટલે મોટી ખોડ

● તનસુખ ભટ્ટ

એક ગરીબ માણસે વ્યાજવટાનો ધંધો કરનાર માવજીભાઈ નામના વેપારી પાસેથી અંગઉધાર પૈસા લીધા. પૈસા પાછા વાળવાની મુદત વીતી જતાં નાણાંની ઉઘરાણી કરવા માવજીભાઇ દેણદારને ઘેર ગયા. પેલા ગરજીએ દેણદારે ખાટલો ઢાળી, ઉપર ગોદડું નાખી લેણદારનો સત્કાર કર્યો. 'ના ના. ઝટ ઊપડવું છે' કહેતા માવજીભાઇ ખાટલાની ઇસ ઉપર જરાવાર બેસી ચાલતા થયા. બીજીવાર આવ્યા ત્યારે સાવ નફકરા થઇને ઇસ ઉપર જ આસન જમાવી ખાસો વખત બેઠા અને ચાપાણી પીધાં. દેણદાર નાણું પાછું વાળે નહિ અને માવજીભાઇ દર અઠવાડિયે આવવાનું ચૂકે નહિ. આવીને ખાટલાની ઇસ ઉપર તેમનો ભીમસેની દેહ ટેકવે. બાપા ! જરા ઇસને છોડીને વાણ ઉપર નિરાંતે બિરાજો એવી વિનંતી કરવાની આ ગરીબ દેણદારમાં ગુંજાશ ન હતી. આમ થોડાં અઠવાડિયાંના આંટાફેરાને અંતે માવજીભાઇની કાઠી જેવી કાયાએ દેણદારની જાહલ ઇસના કડેડાટી બોલાવી કટકા કર્યા. ત્યારથી કહેવત પડી કે 'ખાટલે મોટી ખોડ ને માવજીભાઇ કાંધાળા.' કાંધુ એટલે હઠતો માવજીભાઇએ પણ નાણાં ન મળવાની દાઝ ઉતારવાની તરકીબ શોધી ખરી !

ગુજરાતી તેમજ અન્ય ભારતીય ભાષાઓમાં અંગ્રેજોએ વારસામાં આપેલા અંગ્રેજી શબ્દો વાતચીતમાં વર્તમાનપત્રોમાં અને થોડે અંશે શિષ્ટ સાહિત્યમાં પણ વપરાય છે. આને લીધે ભાષાશુદ્ધિ જળવાતી નથી. શાસકોની ભાષાના શબ્દો અમલદારો વાપરે અને તેનું અનુકરણ કરી પ્રજા પણ તે વાપરે. આ વાત દરેકના અનુભવની ને ઇતિહાસની પણ છે. ઉર્દુ અને અંગ્રેજી શબ્દો દરેક ભારતીય ભાષાઓમાં ધીરે ધીરે ભળી ગયા. આનો ખટકો માતૃભાષાપ્રેમી દેશનેતાઓને અવશ્ય થયો. ઉદાહરણ તરીકે લોકમાન્ય તિલક મરાઠીમાં 'કેસરી' પત્ર કાઢતા. તેમાં રાજકારણની ચર્ચા જ મુખ્યત્વે હોય. તેથી રાજકારણના અંગ્રેજી પારિભાષિક શબ્દોનું સંસ્કૃત શબ્દોની સહાયતાથી તેઓ મરાઠી ભાષાંતર કરતા. અતિશય ભીનું ગળું ધરાવતા કિશોર માટે 'બાલ ગંધર્વ' શબ્દ તેમણે જ શોધી કાઢેલો. મહાત્મા ગાંધીજીએ ઇ. સ. ૧૯૧૯ માં ગુજરાતી નવજીવન સાપ્તાહિક શરૂ કર્યું ત્યારે તેમને પણ અંગ્રેજી પારિભાષિક શબ્દોને સ્થાને તેમના ગુજરાતી પર્યાયોનો પ્રશ્ન ઊભો થયેલો. તેમના વખતમાં હાઇસ્કૂલ-કોલેજમાં ગુજરાતી ભાષાનું શિક્ષણ ન હતું. સંસ્કૃત માટે સેકંડ લેંગ્વેજ' શબ્દ વપરાતો. અંગ્રેજી જ ફર્સ્ટ લેંગ્વેજ' હતી. દક્ષિણ આફ્રિકામાં 'ઇન્ડિયન ઓપિનિયન' અંગ્રેજીમાં કાઢતા. તેમના મિત્રમંડળમાં મુસલમાન તથા પારસી વેપારીઓ હતા તથા અનુયાયીઓમાં ગુજરાતી ક્રિશ્ચિયનો હતા. પરંતુ તેમનો માતૃભાષાનો પ્રેમ જવલંત હોવાથી તેમને મહાદેવ દેસાઇ તથા ચંદ્રશંકર શુકલ જેવા ગુજરાતી ભાષાના ઉપાસકો મળ્યા અને તેમની મૂંઝવણ ટળી.

આપણે મૂળ વાત ઉપર આવીએ. પ્રજામાં અમુક પરભાષાના શબ્દો ભળી ગયા છે. તેમાંથી કયા શબ્દો સ્વીકારવા અને કયા શબ્દો શિષ્ટ સાહિત્યમાં ત્યજવા ?- આનો નિર્ણય પણ થઇ ગયો છે. જે શબ્દો સામાન્ય જનતા સુધી પહોંચી ગયા હોય, તેમની વાતચીતનું એક અંગ બની ગયા હોય તેમનો અસ્વીકાર કરવાની જરૂર નથી. પાસ-નાપાસ, સ્કૂલ-કોલેજ, માસ્તર-હેડમાસ્તર, વેકેશન, ફ્રી કાઉ, કવર, રજિસ્ટર, મનીઓર્ડર, બેન્ક, ચેક, નોટ, રેલવે સ્ટેશન, સ્ટેશન માસ્તર, ટિકિટ, સિગ્નલ, એન્જિન, જંકશન, ગાર્ડ, લોકલ, પેસેન્જર, મેલ, એક્સપ્રેસ, પોલીસ, મેજિસ્ટ્રેટ, વોરંટ, કેસ, જેલ, જેલર, કોર્ટ, સેશન્સ કોર્ટ, હાઇકોર્ટ, મિલિટરી, મેજર, કર્નલ, ટેંક, એરોપ્લેન, મોટર, બસ, બોટ, સ્ટીમર... આવા અનેક શબ્દો અભણ ગ્રામીણો કે ચાર ગુજરાતી ભણેલા અર્ધશિક્ષિતોને મોઢે ચડી ગયા છે. તેમનો શિષ્ટ સાહિત્યમાં બહિષ્કાર ન થાય. જરૂર જ નથી. અંગ્રેજી શબ્દોના શિષ્ટ ગુજરાતી સાહિત્યમાં ઉપયોગ વિશે આમપ્રજાની મળેલી માન્યતા એ પહેલું ધોરણ છે. સ્લેટ, પેન, પેન્સિલ, કોટ, બુટ ટાઇ, બુશશર્ટ, ગેસ, પેટ્રોલ, રેડિયો, સિનેમા, હોમગાર્ડ, બોમ્બ, ક્રિકેટ, ફૂટબોલ હોકી, પોલો...આ અને આવા શબ્દોનો ઉપયોગ બધા વિદ્યાર્થીઓ, શિક્ષકો વ્યાપારીઓ, કારકૂનો અને અમલદારો કરે જ છે. ખેડૂતો અને મજૂરો પણ તે વાપરે છે કે સમજે છે તેથી તે માન્ય છે.

જે શબ્દોનો લોકજીવન સાથે સીધો સંપર્ક નથી તેવા રાજકારણ, રાજ્યબંધારણ, તત્ત્વજ્ઞાન, તંત્રજ્ઞાન, વિજ્ઞાન તથા ઉચ્ચ બૌદ્ધિક જીવન દર્શાવતા શબ્દોને સ્થાને સંસ્કૃત અને મળે તો માતૃભાષાના શબ્દો પ્રયોજવા જોઇએ. એકું અન્નજળ ખાનાર-પીનાર માટે પ્રજા સારી ભાષા નથી વાપરતી. આપણે પાંચ હજાર વર્ષ જૂની સંસ્કૃતિ ધરાવનારાઓએ પરદેશીનો, પરસંસ્કૃતિનો, પરભાષાનો એકવાડ શા માટે ખાવો જોઇએ ?

એક ગુજરાતી પત્રકાર દસકા કે દોઢ દસકા પહેલાં ઇંગ્લેન્ડમાં ગયેલા. ત્યાં જૂની ચોપડીની દુકાનમાં મિલ્ટન, શેકસપિયર, કીટ્સ, બાયરન, બર્નાડ શૉ, વેલ્સ જેવા લેખકોનાં પુસ્તકો તેઓ જોતા હતા ત્યારે ભારતમાં નોકરી કરીને નિવૃત્ત થઇ ઇંગ્લેન્ડમાં રહેતા એક અંગ્રેજે તેમને કહ્યું કે 'તમારે ત્યાં વ્યાસ, વાલ્મીકિ, ભાસ, વિભૂતિ, બાણ, કાલિદાસ, શ્રીહર્ષ, શુદ્રક જેવા મહાન પ્રતિભાસંપન્ન સરસ્વતીસુતો છે ત્યારે અહીંની દુકાનમાં શા માટે ચોથા ઉથલાવો છો ?' ક્રિકેટની રમત રમવા ગયેલી ભારતીય ટુકડીની સાથે રહેલા રેડિયો વિવેચક તેમના હિન્દી પ્રસારણમાં 'નાઇટ વોચમેન' શબ્દ વાપર્યો ત્યારે ત્યાંથી પસાર થતા ભારતમાં રહી ગયેલાને હિન્દી-ઉર્દુના જાણકાર એક નિવૃત્ત સદ્‌ગૃહસ્થ અંગ્રેજ અમલદારે ટીકા કરતાં કહ્યું કે 'આપ 'ચોકીદાર' કા ઇસ્તેમાલ ક્યોં નહીં કરતે હો ?' ખરી વાત એ છે કે દોઢસો વરસની અંગ્રેજી શાસકોની ગુલામીને લીધે આપણું સ્વમાન અને સ્વત્વ લાંબું થઇને સૂઇ ગયું છે. આપણને અંગ્રેજી ભાષાનું ઘેલું લાગ્યું છે. સરકારની જરાયે ટીકા કરવાની આ ઉંમરે ઇચ્છા નથી, પરંતુ કવિ તરીકે બે શબ્દો દુઃખપૂર્વક કહેવા પડે છે કે, સરકારી પ્રસારમાધ્યમોમાં માતૃભાષાનો પ્રેમ નહિવત્ જોવા મળે છે. 'રંધાયું તે પિરસાયું'

એ ન્યાયે અંગ્રેજી ભાષાના રોઇટર, પી. ટી. આઇ. કે ભારતીય સમાચાર સંસ્થાના અંગ્રેજી તારસમાચારોને સરકારી પ્રસાર માધ્યમો ભાષાંતર કરવાની તકલીફ લીધા વિના મૂકે છે. જરાક કઠણ અંગ્રેજી પારિભાષિક શબ્દ આવ્યો કે તેનું દેશી ભાષામાં ભાષાંતર કરવા તેઓ શબ્દકોશની મદદ લેતા હોય તેમ, લાંબા શ્રવણ અનુભવને અંતે લાગતું નથી. બે-ચાર ઉદાહરણો આપું છું. એન્ટાર્ટિકા માટે દક્ષિણ ધ્રુવ, કવાર્ટરફાઇનલ માટે પ્રથમચરણ, સેમી ફાઇનલ માટે ઉપાન્ત્ય, ફાઇનલ માટે અન્ત્ય, ટેકનોલોજી માટે તંત્રજ્ઞાન કે તંત્રવિજ્ઞાન, સપ્લાય માટે આપૂર્તિ, વોકઆઉટ માટે સભાત્યાગ, વોટ માટે મત ઇત્યાદિ શબ્દો થોડા જ શ્રમથી મળી શકે તેમ છે. દસ-પંદર વરસો સુધી આવા શબ્દો વીણી વીણીને મેં સરકારી ઉચ્ચ શાસકોને, પ્રસારણ ખાતાના મંત્રીઓને તથા પ્રસારણ સંચાલકોને મોકલી આપ્યા હતા તથા તેના ભારતીય પર્યાયો પણ સૂચવ્યા હતા. જવાબમાં એમ જાહેર થયું કે રેડિયો વિભાગમાં એક પારિભાષિક શબ્દો માટેનો વિભાગ શરૂ થયો છે; પણ આનું ફળ કદી જોવા મળ્યું નહિ. ભારતનાં પ્રસારણ માધ્યમો, ખેડૂતો, મજૂરો, ગ્રામીણ અર્ધશિક્ષિતો સમજે તેવી ભાષામાં સમાચાર આપવા જોઇએ તેમ માનતાં નથી. તેઓ માત્ર યુનિવર્સિટીના પદવીધરોને માટે ભારતીય ભાષામાં સમાચારો આપવા જોઇએ તેમ માનતા લાગે છે. જો શ્રોતાઓ અંગ્રેજીના જાણકાર હોય તો પછી રોજના સમાચારવાચનમાં દસબાર અંગ્રેજી શબ્દો શ્રમ લેવાની અનિચ્છાને લીધે, સરકી જાય તો તેમાં ગુજરાત ક્યાં રંડાવાની હતી કે માળવો ક્યાં લૂટાવાનો હતો? કયાં ખોટ બેસવાની હતી અને કોને ખોટ બેસવાની હતી?

આ પરભાષાની ઘેલછામાં શ્રમપરિહાર કરવાની આપસમાં અપવાદ હોય અને માતૃભાષાની ભક્તિનું જીવતું-જાગતું ઉદાહરણ હોય તો તે મરાઠી ભાષાનાં વર્તમાનપત્રો, રેડિયોના તથા દુરદર્શનના સમાચારો તથા મરાઠી શિષ્ટ સાહિત્યના ગ્રંથો છે. મરાઠી પ્રચારમાધ્યમો અંગ્રેજી શબ્દોને વીણીને વીણીને, ઘઉંમાંથી કાંકરાની જેમ કાઢી નાખે છે તથા તેને સ્થાને મરાઠી કે સંસ્કૃત મજેલા કે નવા ઘડેલા શબ્દોનો પ્રયોગ કરે છે. મરાઠી પ્રસાર માધ્યમ પદવીધરોનું નહિ પણ પ્રજાનું સેવક છે. તેમને ધન્ય છે.

મારી કોઇ પણ ટીકા કેન્દ્ર સરકારની કે રાજ્ય સરકારની વિરુદ્ધ દ્વેષભાવે નથી, છતાં તેથી કેટલાક છંછેડાય છે. સ્વાભિમાની અમલદારોનું આ જ લક્ષણ હોય. લગભગ ૮૦ વરસની ઉંમરે પહોંચવા આવેલો હું સ્વાતંત્ર્ય સૈનિક હોઇને દેશની દુર્દશા ઉપર મારી બળતરા અને હૈયાવરાળ જ કાઢું છું, પરંતુ કેટલાક સ્વાભિમાની લોકો, પોતાની ભૂલ જોવાને બદલે, મને અનેક ગાળો, અનેક નિમિત્ત સંભળાવે છે. તેમને મારો આ ઉત્તર છે:

ददतु ददतु गालीर्गालिमन्तो भवन्तो
वयमपि तदभावात् त्रालिदाने ऽसमर्थाः ।
जगति विदितमेजत् दीयते विद्यमानं
नहि शशकविषाणं कोऽपि कस्मै ददाति ॥

સંઘનો હીરક મહોત્સવ તથા સ્નેહ મિલન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘને સાઠ વર્ષ પૂરા થયાં છે એ નિમિત્તે હીરક મહોત્સવના કાર્યક્રમનું આયોજન **શ્રી કુંવર વાલેસ**ના પ્રમુખપદે કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે **શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાળાના** આર્થિક સહયોગથી સ્નેહ મિલન યોજવામાં આવ્યું છે તેમાં **શ્રીમતી સુમતિબહેન થાણાવાલાના** ભક્તિસંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

દિવસ : રવિવાર, તા. ૨૩મી એપ્રિલ, ૧૯૮૯

સમય : સવારના ૯-૩૦ થી ૧૨-૩૦

સ્થળ : બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ-૨૦

સવિગત કાર્યક્રમની જાણ સભ્યોને નિમંત્રણ કાર્ડ દ્વારા કરવામાં આવશે.

*

ડો. એ. સી. શાહનું વ્યાખ્યાન

સંઘના ઉપક્રમે નીચે પ્રમાણે વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે :

વ્યાખ્યાતા : ડો. એ. સી. શાહ
(એક્ઝિક્યૂટીવ ડાયરેક્ટર બેન્ક ઓફ બરોડા)

વિષય : Third World Debt Problems Implication for Growth.

દિવસ : ગુરુવાર, તા. ૧૩મી એપ્રિલ, ૧૯૮૯

સમય : સાંજના ૬-૧૫ કલાકે

સ્થળ : ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર કમિટિ રૂમ, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦ ૦૨૦.

આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન શ્રી અમર જરીવાલા લેશે.

સર્વેને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

કે. પી. શાહ

નિરુબેન એસ. શાહ

-મંત્રીઓ

અનુશ્રુતિ અને ઐતિહાસિક સત્ય

● પન્નાલાલ ૨. શાહ

કોઈ પણ વ્યકિત, ઘટના કે સ્થળ અંગેની કપોળકલ્પિત કથાને દંતકથા તરીકે ઓળખવામાં આવે છે. આવી કથા ઐતિહાસિક હોવાનો ડોળ કરતી હોય, પરંતુ વાસ્તવમાં એમાં ઐતિહાસિક તથ્ય એમાં હોતું નથી એવું માની લેવામાં આવે છે. લોકતત્ત્વથી એનું ઘડતર થાય છે અને એ કારણે એમાં પ્રમાણભૂત ઇતિહાસ-કથા ન પણ હોય. આવી અનુશ્રુતિ પ્રણાલિકાગત વારસારૂપે પેઢી – દરપેઢી ઊતરી આવે છે અને એને સત્ય માનીને સ્વીકારી લેવામાં આવે છે પુરાકથા (Myth) અને શુદ્ધ ઇતિહાસ વચ્ચેનું સ્વરૂપ દંતકથા છે: પુરાકથાની કપોળકલ્પિત રંગીન સૃષ્ટિ અને ઇતિહાસનું દરતાવેજી નિરૂપણ એ બન્નેની વચ્ચે લોકવાયકાનું વિશ્વ અંતરિયાળ ભૂમિકાએ ઝુલતું હોય છે. આમ જુઓ તો વ્યકિત, ઘટના કે સ્થળ ઐતિહાસિક હોય છે. પરંતુ એના ચરિત્ર-ચિત્રણમાં લોક-કલ્પનાએ રંગો પૂર્યા હોય છે. એટલે એ શુદ્ધ ઐતિહાસિક રહેવાને બદલે કાલ્પનિક અને રંગદર્શી બની જાય છે. લોકપ્રિય નાયકો, સંતો, સુભટો, સેનાપતિઓ રાજા-મહારાજાઓ, દાનેશ્વરીઓ કે ક્રાંતિકારી વ્યકિતઓ, ઘટના કે સ્થળ વિષે સમાજમાં દંતકથાઓ પ્રચલિત થતી રહેતી હોવાનું જણાય છે

માનવીની પ્રકૃતિમાં વીર-પૂજા (Hero Worshiping) રહેલી છે. કોઈ પણ પ્રકારની વીરતા, ગરિમા, ઐશ્વર્ય, સાહસ કે પરાક્રમ જણાય ત્યાં એનું મન સહજ ઢળે છે. આવી વ્યકિત કે ઘટના કે સ્થળ વિષે એને લગાવ હોવાથી એના વિષે એ મલાવીને વાત કરે છે અને એને ફુલાવી એસે છે. એમાં એના અજ્ઞાત માનસમાં પડેલી પોતાની ઝંખના કે કામના અને સ્વપ્નોના અંશોનું પ્રત્યારોપણ આવી વ્યકિત ઘટના કે સ્થળ પર એ કરી એસે છે. એથી એમાં એક પ્રકારનો કલ્પના-વિલાસ કે કલ્પ ના-વિહાર જણાય છે. આમ છતાં, આવું પાત્ર, ઘટના કે સ્થળનું અસ્તિત્વ હતું. એટલે એના અંગે બહુ દુર સુધી કલ્પના કે તરંગ લંબાવી શકાતાં નથી. આવાં કેટલાંક તથ્યોનાં સ્વીકારથી તરંગ-વિહાર મર્યાદિત થઇ જાય છે. આમ છતાં પોતાની વિસ્મય-ભાવના સંતોષાતી હોવાથી માનવીને દંતકથા કે અનુશ્રુતિનું અદમ્ય આકર્ષણ રહે છે. તે એટલે સુધી કે ઇતિહાસ નિરૂપણ કરનારાઓ પણ એમાં અપવાદરૂપ કે બાકાત રહ્યા નથી. ગ્રીક ઇતિહાસકાર હીરોડોટસ કે રોમન ઇતિહાસકાર લિવીના લખાણને નિર્ભેળ ઇતિહાસ તરીકે આજે આ કારણે સ્વીકારાતા નથી.

પરંતુ લોકવાયકા છે એમ કહીને એમાં રહેલાં ઐતિહાસિક તત્ત્વની અવગણના કરી શકાય નહિ. 'આ બાબત દંતકથાના ક્ષેત્રની છે' એમ કહીને એને છોડી દેવામાં એ અનુશ્રુતિમાં રહેલાં ઐતિહાસિક તત્ત્વને આપણે વિસારે પાડીએ છીએ. એમાં કયારેક પ્રચલિત માન્યતા પૃષ્ઠભૂમાં રહેલી હોય છે. એનું એક સરસ ઉદાહરણ છે : સ્વ. ધૂમકેતુના પિતાનો પંચ્યાશી વર્ષની વયે, પૂર્ણ વાનપ્રસ્થાશ્રમમાં દેહ પડયો. એમની માંદગીના સમાચાર એમને મળ્યા અને તેઓ ગોંડલ ગયા. ત્યાં ખબર પડી કે એમના પિતાએ પોતાનું મૃત્યુ બરાબર પંદર દિવસ પહેલાં ભાખ્યું હતું. દવા – ઉપચારની પણ ના કહી દીધી હતી. સૌને મળવા બોલાવી લીધા હતા અને ભાગેલ દિવસે એમણે સ્વ. ધૂમકેતુના હાથે પાણી પીધું. પીને પડખું ફેરવી ગયા. ફરી એ જાગ્યા નહિ. સ્વ. ધુમકેતુએ ગોંડલથી પાછા આવીને 'હેમચંદ્રાચાર્ય'નાં ફરમો થઇ ગયેલાં પ્રુફોમાંથી એમણે કરેલી ટીકાટિપ્પણ કાઢી નાખી: કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે પોતાના સ્વર્ગગમનની ઝાંખી પોતાના મૃત્યુની પહેલાં છ માસ પર કરી હતી. એ મુદ્દા પર એમણે એવી મતલબની ટીકા કરી હતી કે મોટા પુરુષોનો મહિમા વધારવા આવી વાતો ચાલતી હશે આ ટીકા-ટિપ્પણ પોતાના પિતાજીએ પંદર દિવસ પર ભાખેલ મૃત્યુની હકીકતથી એમણે રદ કર્યાનું સ્વ. ઝવેરચંદ મેઘાણીએ 'જન્મભૂમિ' દૈનિકના તા. ૨૭–૧૦–૧૯૪૦ના અંકના 'કલમ અને કિતાબ' વિભાગમાં 'આંદોલનો' લખતાં નોંધ્યું છે. તાત્પર્ય એટલું જ કે ઐતિહાસિક વ્યકિતના જીવન સાથે સંબધ ધરાવતી, ઘટના કે સ્થળ વિષેની કિંવદન્તીઓ જેવી હકીકતો સુદ્ધાંને નિરર્થક ગણાવી ફગાવી ન દઇ શકાય. પરંતુ તેના મૂળમાં રહેલા રહસ્યને આલેખનામાં ગંભીરતા અને પ્રૌઢતા દાખવવી જોઇએ એ અનુશ્રુતિની આરપાર જઇને એની પાછળના રહસ્યનો મર્મ પકડવો જોઇએ.

આવી લોકવાયકાઓ પ્રસરે છે એનું કારણ શું ? આપણે ત્યાં આત્મકથા લખવાને બદલે પોતાની જાત વિષે મૌન રહેવાનો વિવેક જાળવવાનું મહત્ત્વનું માનવામાં આવ્યું છે. એવા મૌનને પોતાના આંતરિક જીવનવિકાસનું એક પ્રાથમિક અને જરૂરી અંગ માનવામાં આવ્યું છે. તદુપરાંત આત્મકથા લખવામાં કોઇ અન્ય વ્યકિતના દોષ જણાય તો તે ખુલ્લા પાડવા પડે, જ્યારે આપણા વારસાગત કે પ્રાપ્ત સંસ્કાર એવા છે કે સામી વ્યકિતમાં ગોપિત રહેલા સદ્‌ગુણોનો વિકાસ કેમ થાય એના પ્રયત્નો કરવા. એ પ્રકારે કામ થતું હોય ત્યારે કે ત્યારબાદ આ કામગીરી એના ખરા સ્વરૂપમાં પ્રગટ થાય તો સદ્‌ગુણ વિકાસનો મૂળ હેતુ જ માર્યો જાય. એટલે સામી વ્યકિતનું સ્વમાન જળવાય, તેના અહમ્‌ભાવને આંચ ન આવે એ રીતે તે આપમેળે સન્માર્ગે વળવા પ્રેરાય એવું આપણું વર્તન હોવું જોઇએ એવા સંસ્કાર આપણને ગળથૂથીમાં મળ્યા છે. એટલે વ્યકિતની ઉદારતા, મુત્સદ્દીગીરી, શૌર્ય વગેરે ગુણો અંગે કેટલીક હકીકતો આપણને પ્રકટ સત્ય રૂપે કે ઐતિહાસિક તથ્ય તરીકે મળી શકતી નથી. જેના ઉપર ઉપકાર થયો હોય તેવા લોકો કે અન્ય સાક્ષીરૂપ જાણકાર લોકો જે તે ઉપકૃત વ્યકિતનું નામ ગોપિત રાખીને એ હકીકત અંગેની લોકવાયકા વહેતી મૂકે એ સંભવિત છે. એમાં તથ્ય જરૂર છે; પણ આત્મકથા કે જીવનકથા લખાતી હોય તે વ્યકિત સિવાયનાં નામો કાલ્પનિક મળે અથવા તો આત્મકથા લખાતી હોય એની સિવાયની એવી વ્યકિતની ઇતિહાસમાં ખ્યાતી ન હોય એવું પણ બને. એટલે ઇતિહાસ લખનારે આવી અનુશ્રુતિનું ઝીણી નજરે એની આરપાર અવલોકન કરવું જોઇએ અને ઐતિહાસિક સત્ય લગી પહોંચવું જોઇએ. 'દર્શક' ઇતિહાસને ત્રીજી આંખ કહી છે, એ ત્રીજી આંખે અનુશ્રુતિ માટે સારાસાર-વિવેક દાખવવો જોઇએ. જોકે અનુશ્રુતિ અને ઐતિહાસિક સત્ય વચ્ચે, આવા સંજોગોમાં ભેદરેખા દોરવી એ મુશ્કેલ કાર્ય છે અને જન્મજાત ઇતિહાસકાર એ કાઠાસૂઝથી પાર પાડે છે, પાર પાડી શકે છે.

સર્વોદય પરિવાર ટ્રસ્ટ – પિંડવળની મુલાકાત

● ઉષાબહેન મહેતા

સંઘની સમિતિના સભ્યોની ઘણા સમયથી ઇચ્છા હતી કે ધરમપુર પાસે આવેલા પિંડવળ ગામે સર્વોદય પરિવાર ટ્રસ્ટ દ્વારા ચાલી રહેલી આદિવાસી ઉત્કર્ષ પ્રવૃત્તિઓ પ્રત્યક્ષ નિહાળવી. એ મુજબ શનિવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ મુંબઇથી નીકળી વલસાડ પહોંચવાનું નક્કી થયું. અમારી પિંડવળની મુલાકાતના આ કાર્યક્રમમાં સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહ મંત્રીશ્રી નિરુબહેન એસ. શાહ તથા કાર્યવાહક સમિતિના કેટલાક સભ્યો હતા.

નિયત થયેલા કાર્યક્રમ મુજબ શનિવારે રાત્રે નવ વાગે અમે વલસાડ સ્ટેશન પર આવી પહોંચ્યા. અહીં અમને સર્વોદય પરિવાર ટ્રસ્ટના કાર્યવાહક અને 'ભૂમિપુત્ર'ના તંત્રી શ્રી કાંતિભાઇ શાહ સંસ્થાની જીપ લઇને સ્ટેશન પર લેવા આવ્યા હતા. અમારો રાત્રિ-મુકામ ધરમપુર ગામમાં મે. મૂળજી દેવશીની કુાં.ના બંગલામાં નક્કી થયો હતો. મે. મૂળજી દેવશી કુાં.ના માલિક શ્રી મંગળભાઇ તથા તેમનાં પત્ની સૌ. વાસંતીબહેને અમારું ભાવભીનું સ્વાગત કર્યું.

બીજે દિવસે સવારે ચાનાસ્તો કરી અમે જીપમાં બેસી પિંડવળ તરફ રવાના થયા. ધરમપુર છોડ્યા પછી અમારો પ્રવેશ પહાડી પ્રદેશમાં થયો. દુર પથરાએલા લીલા ઘાસનાં ખેતરો, આછાપાતળા વાંસનાં ઝાડો, આંબામાં આવેલ મોર, કાજુનાં વૃક્ષોમાં લટકતા કાજુને નિહાળતાં નિહાળતાં અને પક્ષીઓનો કલરવ સાંભળતાં અમે પ્રસન્નતા અનુભવી. રસ્તામાં થોડાં ઘર અને થોડાં ઝુંપડાં અમે જોતાં હતાં અને અમારી જીપ આગળ વધી રહી હતી. ઉંચરાળ અને કાચા રસ્તા પર ઘણી વખત જીપ ઊછળતી રહેતી. અટકી પણ જતી. જીપની ગતિ વધુ થઇ શકતી નહોતી. ગિયર બદલીને ઢોળાવ ચઢી જતી.

૧-૩૦ વાગ્યે અમે બધા પિંડવળ પહોંચ્યા. જીપની રાહ જોઇને બેઠેલા ત્યાંના કાર્યકર્તા-ભૂમિપુત્રમાં છેલ્લા પાના પર 'હરિશ્ચંદ્ર'ના ઉપનામથી લખે છે-તે બે બહેનો હરવિલાસબહેન તથા કાંતાબહેન તેમજ ડો. નવનીતભાઇ ફ્રેજદાર દોડતા આવ્યા. અમારું સ્વાગત કર્યું. આવકારની સાથે બધાંને પોતાના ઘરમાં લઇ ગયા. જમવાને થોડો સમય હતો. તે પહેલાં તેઓની પ્રવૃત્તિ દેખાડવા માટે લઇ ગયા. થોડે દુર ચાલતાં બાલવાડીમાં પાંચથી દસ વર્ષનાં ભણતાં બાળકો જોયાં. બે અંધ બાળા પણ ભણવા માટે આવી હતી. 'આવો ચકીબાઇનું ગાન હાવભાવ સાથે અમને સાંભળવામાં આવ્યું. બાળકોને મફત નાસ્તો આપવામાં આવે છે. પ્રાથમિક જ્ઞાન આપવામાં આવે છે. વર્ષમાં એકાદબે વખત પર્યટન પર લઇ જવામાં આવે છે. આવી ૧૪ બાલવાડીઓ આ ક્ષેત્રમાં ચાલે છે. બહાર નીકળ્યા ત્યારે ચાર દિવસથી પડાવ નાખીને સંશોધન માટે પરદેશથી આવેલી ચાર યુરોપીય શિક્ષકા બહેનોનો મેળાપ થયો.

આદિવાસીઓને રોજી-રોટી આપી શકાય તે માટે ૨૨ ગામમાં અંબર ચરખાની પ્રવૃત્તિ છેલ્લાં ૭-૮ વર્ષથી શરૂ કરી છે. લગભગ ૬૫૦ આદિવાસીઓને કામ આપ્યું છે. તેઓને દિવસની ૧૫-૨૦ રૂપિયાની આવક થાય છે. અહીં આદિવાસીઓને અંબર ચરખા ચલાવતાં અમે જોયા. બહુ દ્રષ્ટિપૂર્વકનું આયોજન અહીં કરવામાં આવ્યું છે.

પાછા ફરતાં ખાદીનો તૈયાર માલ જોયો. રંગબેરંગી ચાદરો. શેતરંજી, સાડીઓ, શાલ, રૂમાલ તથા સફેદ ખાદી વિગેરે. સૌએ જરૂર પૂરતી ખરીદી પણ કરી.

જમ્યા પછી ત્યાંથી પચ્ચીસ કિલોમીટર દુર આવેલ ગારબરડા નામના ગામે નળિયાનું વિતરણ કરવા માટે જવા તૈયાર થયા. વચ્ચે નદી આવતી હોવાથી શ્રી મંગળજીભાઇએ પોતાની મોટરને એક વાડીમાં રાખી. સંસ્થા તરફથી ટ્રકની વ્યવસ્થા કરવામાં આવી હતી. અમો ટ્રકમાં ગોઠવાઈ ગયા.

ઘણાં વર્ષો પહેલાંની યાદ તાજી થાય છે. અહીંના વસતા આદિવાસીઓ માટે અંગ ઢાંકવા માટે પૂરાં કપડાં ન હતાં જ્યાં સુધી એ કપડું ન ફાટે ત્યાં સુધી તે બદલાતું નહિ. ભેટ ભરવા માટે અનાજ મળતું નહિ. ઝાડનાં મૂળિયાં તથા જીવજંતુઓ ખાઇને પેટ ભરી લેતાં અને જો થોડા પૈસા હાથમાં આવે તો દારૂ પીને જ્યાં ત્યાં જંગલમાં પડી રહે કોણ મા ! કોણ બેન ! કોણ સ્ત્રી ! એનો પણ ખ્યાલ હોય નહિ ! પૈસા કમાવા કે ભેગા કરવાની કોઇને પડી ન હતી. મહેનત-મજૂરી કરવામાં રસ નહોતો. ૧૦૦ થી ૧૫૦ ઇંચ વરસાદ પડતો હોવા છતાં ઢોળાવ પ્રદેશ હોવાને કારણે પાણીને એક જગ્યાએ સ્થિર રહેવું ફાવતું નથી. હાથતાળી દઇને બીજાં પ્રદેશમાં ચાલી જાય છે. આ જ કારણે અહીંના લોકો ચોમાસા સિવાયના દિવસોમાં સદા પાણીથી વંચિત રહે છે. ત્યાંની ભાષા મરાઠી છે છતાં ત્યાંના લોકો થોડું થોડું ગુજરાતી પણ જાણતા હોય છે.

આવા પ્રદેશમાં બે બહેનો અને બે ભાઇઓ વર્ષોથી પડાવ નાખીને પૂજ્ય વિનોબાજી આજ્ઞાનુસાર જિંદગી બીજાને અર્પણ કરીને-જીવન સમર્પણ કરીને – પોતાનું સર્વસ્વ લૂંટાવીને – સમર્પણ, ભાવનાથી ઠંડી – તડકો, વરસાદ કે રાતદિવસનો ખ્યાલ કર્યા વગર કોઇ પણ જાતની અપેક્ષા વગર ગામેગામ ફરીને અભણ આદિવાસીઓની તન, મન, ધનથી સેવા કરે છે. આ બે બહેનોનાં નામ છે હરવિલાસબહેન શાહ તથા ચંદ્રકાંતાબહેન શાહ. ચંદ્રકાંતાબહેન મુંબઇ આવેલી રત્નચિંતામણિ સ્કૂલના વાઇસ પ્રિન્સિપાલ હતાં તેમણે હરવિલાસબહેન જોડે ૧૯૫૭માં મુંબઇ છોડ્યું. લગભગ દસ વર્ષ સુધી પદયાત્રા કરી, બે ભાઇઓનાં નામ છે ડો. નવનીતભાઇ ફ્રેજદાર તથા કાંતિભાઈ શાહ, ડો. નવનીતભાઇ ફ્રેજદાર મુંબઇમાં આવેલ સેન્ટ ઝેવિયર્સ કોલેજના વિદ્યાર્થી હતા. ૧૯૫૨-૫૩માં એ કોલેજમાં ડો. રમણભાઇના હાથ નીચે તેઓ ભણેલા એ યાદ તાજી થઇ. ૧૯૬૮માં અહીં આવીને ડોકટરી સેવાઓ આપવાની શરૂઆત એમણે કરી. હાલ ગામડે ગામડે ફરીને દર્દીઓની સેવા કરે છે. આજે પણ પિંડવળના દવાખાનામાં અઠવાડિયામાં બે દિવસ જ રહે છે. બાકીના દિવસોમાં ગામડામાં રહીને-ફરીને દરેક દરેક વ્યકિતને આરોગ્ય સારવાર આપીને ત્યાંના લોકોને

ચામડીના રોગો ન થાય તેની કાળજી રાખીને–રતાંધળાપણું ન આવે તેની પણ પૂરતી કાળજી રાખીને–મફત મલમ, ગોળીઓ કે ઇંજેકશનો વિના મૂલ્યે નિયમિત આપે છે. શ્રી કાંતિભાઇ શાહ ભૂમિપુત્રના તંત્રી છે. જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી વંચિત રહેતા આ આદિવાસીઓને 'ખાવટી' આપવામાં આવે છે. રૂપિયે કિલો અનાજ વહેંચે છે. દસબાર કિલોમીટર દુરથી ચાલીને તેઓ અનાજ લેવા આવે છે. મહિનાનું એક કુટુંબને વધારેમાં વધારે ૪૦ કિલો અનાજ આપવામાં આવે છે. દર વર્ષે અહીં ખાદીનું ઉત્પાદન રપ લાખનું થાય છે. આ કારણે આદિવાસીઓને રોજીરોટી મળી રહે છે. ટ્રસ્ટનો બધો વહીવટ તેઓ સંભાળે છે. આઠેક હજાર કુટુંબોને તેમની સેવાનો લાભ મળે છે અને વધુ કુટુંબો તેમાં જોડાતાં જાય છે.

ગામડે ગામડે ફરતાં કાર્યકર્તા ભાઇ – બહેનોએ જોયું કે અતિવૃષ્ટિથી બચવા માટે આદિવાસીઓનાં ઝુંપડાં પર પાકું છાપરું પણ નથી. જ્યાં ત્યાં આશરો મેળવતાં હોય છે. તેમણે ઝુંપડા પર નળિયાં અપાવવાનું કાર્ય હાથ ધર્યું છે. એક ઝુંપડાં માટે ૧૦૦૦ નળિયાંની જરૂર પડે છે. તેનો ખર્ચ રૂપિયા ૧૬૦૦ આવે છે. ગેરવ્યવસ્થા ન થાય, પક્ષપાત ન થાય અને આદિવાસીઓ શ્રમનો મહિમા સમજી શકે એ આશયથી જે આદિવાસીઓને પોતાના ઝુંપડા માટે નળિયાં જોઇતાં હોય તેણે પ્રથમ રૂપિયા ૫૦૦ ભરવા પડે. બાકીની રકમ મદદ તરીકે સંસ્થા આપે આ જ કારણે ઘણા આદિવાસીઓ થોડી થોડી બચત કરીને સંસ્થામાં પૈસા જમા કરાવી જાય છે. અત્યાર સુધીમાં તેમણે ૪૦૦૦ કુટુંબોને નળિયાં આપ્યાં છે.

સૌથી વધુ પ્રશંસનીય વાત એ છે કે તેઓએ સરકાર તરફથી મળતી કોઇ મદદ ન લેવાનું નક્કી કરેલ છે. બધું કાર્ય સમાજમાંથી મળતા પૈસાથી જ કરવામાં આવે છે.

ઓળખવિધિ થયા પછી કેસુડાનાં ફૂલના હાર વડે અમારું સ્વાગત કરવામાં આવ્યું. ચંદ્રકાંતાબહેને આદિવાસીઓ સમક્ષ જૈન યુવક સંઘનો પરિચય આપતાં કહ્યું કે જૈન યુવક સંઘના સભ્યો, મુંબઇમાં બેઠાં બેઠાં આપણી ચિંતા કરી રહ્યા છે. રવિવારના દિવસોમાં મુંબઇમાં કોઇને બહાર જવું ફાવતું નથી. ટી વી. પર આવતો કાર્યક્રમ 'મહાભારત' કે સાંજનું ચિત્રપટ છોડવું ગમતું નથી. છતાં સંઘના સભ્યોમાં માનવતા પાંગરી છે. તે માટે ધૂળભર્યા રસ્તામાં ધૂળ ખાતાં ખાતાં તેઓ તમને મળવા આવ્યા છે. ત્યાંના લોકોની પરિસ્થિતિનો ખ્યાલ આપતાં તેમનું હૈયું ભરાઇ આવ્યું. તેઓ ગદગદ થયા અને આંખોમાં આંસુ રેલાયાં. તેમણે ધ્રુજતા અવાજે કહ્યું હતું કે દેશની આઝાદી મળ્યાને વર્ષો વીતી ગયાં છતાં કોઇની નજર આ પ્રદેશમાં દુઃખી રહેતા લોકો પર પડી નથી. આ લોકો કેવી રીતે જીવે છે? કયા આધાર પર જીવે છે? ઉપર આકાશ અને નીચે ધરતી સિવાય તેમનું કોઇ નથી. ઝુંપડા પર નળિયાંઓ પણ નથી. અહિંના દરેક કુટુંબના ઝુંપડા પર નળિયાં ચઢી જાય એવી મારી ભાવના છે. સંઘના સભ્યોનો તેમણે આભાર માન્યો. ત્યાર પછી સંઘના પ્રમુખ ડો. રમણભાઇ શાહે આ મુલાકાતથી થયેલો પોતાનો આનંદ વ્યકત કરતાં કહ્યું કે 'તમારા દુઃખને જાણ્યા પછી તમારા દુઃખમાં ભાગીદાર થવું એ અમારી ફરજ છે. ફૂલ નહિ તો ફૂલની પાંખડી પહોંચાડવાનું અમારું કર્તવ્ય છે. કોઇએ આભારનો ભાર રાખવાની જરૂર નથી. સાચું કહીએ તો અમે તમારા આનંદમાં ભાગ લઇ રહ્યા છીએ. એટલે ઇશ્વરનો આભાર માનીએ છીએ. તમારો સંદેશો અમારા સભ્યોને પહોંચાડવાનો હું જરૂર પ્રયત્ન કરીશ' કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી રસિકલાલ લહેરચંદ શાહે કહ્યું કે 'તમારે અમને મોટા માણસ ગણવાની જરૂર નથી. ખરેખર તો તમે ઇશ્વરના, કુદરતના સાંનિધ્યમાં વધુ છો. અમે તમારું સરળપણું લઇને જઇએ છીએ. જીવનમાં તમે સુખી થાઓ એવી અમારી શુભેચ્છાઓ છે.' સંઘના મંત્રી શ્રી નિરુબહેન શાહે આનંદ વ્યકત કરતાં કહ્યું હતું કે 'તમે બધા વધુમાં વધુ આનંદમાં રહો, જીવનનું ધ્યેય આનંદ મેળવવામાં છે.' શ્રી પ્રવીણચંદ મંગળદાસ શાહે મરાઠીમાં બોલીને આદિવાસીઓનો આભાર માન્યો તેમજ 'તમો સૌ સુખી થાઓ' એવી મનોકામના રજૂ કરી હતી. ત્યાર પછી મારા વકતવ્યમાં મેં કહ્યું હતું, 'તમો તમારા જીવનમાં ખૂબ પ્રગતિ કરો. અમો તમારા સુધી પહોંચી શકયા છીએ એ માટે ઇશ્વરનો આભાર માનીએ છીએ. તમારી પ્રગતિ થાય તે માટે અમો જરૂર મદદરૂપ બનીશું.' શ્રી મંગળજીભાઇએ આનંદ વ્યકત કરતાં કહ્યું: 'હું વીસ વરસથી ધરમપુરના સંપર્કમાં હોવા છતાં તમારા ગામમાં આજે આવ્યો છું.' આદિવાસીઓની સેવા કરવા પોતે તત્પર છે તેવું તેમણે વચન આપ્યું હતું.

ત્યાર બાદ વીસ ઘર માટે નળિયાં આપવા માટે સંઘ તરફથી વીસ હજારનો ચેક શ્રીમતી વાસંતીબહેનના હસ્તે સર્વોદય પરિવાર ટ્રસ્ટના કાર્યકર્તા ભાઇબહેનોને આપ્યો હતો. તે પહેલાં આદિવાસીઓ માટે દુધનો પાવડર તથા કપડાંનું પેકેટ અમો મુંબઇથી લાવેલ તે પિંડવળ આપ્યું હતું.

ચેક સ્વીકારતાં શ્રી નવનીતભાઇ ફોજદાર તથા શ્રી હરવિલાસબહેને જૈન યુવક સંઘનો ખૂબ જ આભાર માન્યો હતો. હરવિલાસબહેને આદિવાસીઓને સંબોધીને કહ્યું હતું 'તમારા માટે આ લોકો આટલી બધી મહેનત કરી રહ્યા છે તો એક કામ કરવું પડશે. તમારે દારૂ છોડવો પડશે. સ્ત્રીઓને મારવાનું બંધ કરવું પડશે! ઘરની કામની જવાબદારી બંનેને સરખી વહેંચવાની રહેશે! એમને વચન આપો.' સર્વેએ હાથ ઊંચો કરીને વચન આપ્યું હતું.

જે ચાર ગામના લોકોને નળિયાં આપવાનાં હતા તે ગામના સરપંચોએ કહ્યું કે 'પાણી તથા અનાજ માટે ગામવાસીઓને ખૂબ લાંબી સફર કરવી પડે છે તો પાણીના સગવડ માટે કૂવા બોદાવી આપો તથા અનાજના વિતરણ માટે અહીં સગવડ કરી આપો.' બીજા એક સરપંચે દારૂ વિશે લોકોને કહ્યું કે 'દારૂના ગુલામ તમે ન બનો! દારૂ પાસે તમે ન જાવ તો દારૂ તમે જરૂર છોડી શકશો! બનાવનારાઓ એની મેળે બંધ થઇ જશે! માટે આજથી દારૂ પીવાનું બંધ.' તાળીઓના ગડગડાટ સાથે તેમના સૂચનને સૌએ આવકાર આપ્યો હતો.

નમતી સંધ્યાએ અમારો કાર્યક્રમ પૂરો થતાં જીવનનો અનેરો આનંદ માણી અમો ધરમપુર જવા નીકળી પડયા. ચંદ્રકાંતાબહેન, હરવિલાસબહેન, ડો. નવનીતભાઇ તથા કાંતિભાઇના કાર્ય માટે અમોએ અહોભાવ વ્યકત કર્યો. તેઓ અમારાથી છૂટા પડયા.

અમારી સફર અહીં પૂરી થઇ. સર્વોદય પરિવાર ટ્રસ્ટના કાર્યકર્તા ભાઇ–બહેનોનો તેમજ શ્રી મંગળજીભાઇનો અને તેમના કુટુંબીજનોનો અમો ખૂબ આભાર માનીએ છીએ. ●

સ્વ. પૂ. અજરામરજી સ્વામી

(પૃષ્ઠ ૨ થી ચાલુ)

અજરામરસ્વામીની સાધના ઘણી ઊંચી હતી. તેમનામાં આત્મબળ પણ ઘણું હતું. આવી વિભૂતિઓના જીવનમાં કેટલાક ચમત્કારના પ્રસંગો બને તે સ્વાભાવિક છે. એમ કહેવાય છે કે એક વખત અજરામરસ્વામી જામનગરથી કચ્છમાં જવા માટે માળિયા ગામે પધાર્યા અને ત્યાંથી તેઓ રણ ઊતરીને વાગડ તરફ જતા હતા ત્યારે રસ્તામાં લૂંટારાઓની એક ટોળી મળી. અજરામરસ્વામીએ લૂંટારુઓને કહ્યું કે પોતે બધા સાધુઓ છે અને તેમની પાસે કોઇ માલમિલકત નથી તો પણ લૂંટારુઓએ તેમને શરીર પર એક જ વસ્ત્ર રાખીને, બાકીનાં વસ્ત્રો, પાતરાંઓ પોથીઓ વગેરે બધું આપી દેવા તોછડાઇથી હુકમ કર્યો. લૂંટારુઓ કોઇ રીતે માનવા તૈયાર ન હતા તે વખતે પરિસ્થિતિ જોઇ મંત્ર ભણીને અજરામરસ્વામીએ તેઓને સ્થંભિત કરી દીધા અને આંખે દેખતા બંધ કરી દીધા હતા એથી ગભરાઇ ગયેલા લૂંટારુઓ માફી માગવા લાગ્યા ત્યારે ફરી કયારેય તેઓ લૂંટ નહિ કરે તેવી પ્રતિજ્ઞા તેમની પાસે અજરામરસ્વામીએ લેવડાવી હતી. પછીથી તો એ લૂંટારુઓ પણ સ્વામીજીના ભકત બની ગયા હતા.

બીજા એક પ્રસંગે અજરામરસ્વામી પોતાના શિષ્યો સાથે કચ્છથી વિહાર કરીને લીંબડી તરફ આવી રહ્યા હતા, ત્યારે રસ્તામાં જંગલમાં એક સિંહ સામેથી દોડતો આવ્યો. તે વખતે શિષ્યો ગભરાઇ ગયા, પરંતુ સ્વસ્થતાપૂર્વક ચાલતા સ્વામીજીએ શિષ્યોને નવકારમંત્રનું રટણ કરતાં કરતાં પોતાની પાછળ પાછળ આવવાનું કહ્યું. એથી સિંહ ત્યાં જ બેસી ગયો અને આક્રમણ કરવાને બદલે એકીટશે સ્વામીજીને નિહાળતો રહ્યો હતો.

વિ. સં. ૧૮૪૬માં અજરામરજી સ્વામીએ માળિયાથી વિહાર કરીને કચ્છનું રણ ઊતરીને એક ગામમાં મુકામ કર્યો હતો. તે વખતે કચ્છના કારભારી મૂર્તિપૂજક જૈન આગેવાન વાઘજી પારેખને કચ્છના મહારાવ સાથે કંઇક અણબનાવ થયાની વાત વહેતી થઇ હતી. અજરામરસ્વામી કચ્છના આ ગામમાં કોઇક શ્રાવકના ઘરના બહારના ભાગમાં ઊતર્યા હતા. રાત્રે તેઓ સંથારો કરતા હતા ત્યારે અંધારામાં એક માણસ આવતો તેમને દેખાયો. સ્વામીજીએ પૂછ્યું, 'કોણ? વાઘા પારેખ છો?'

પોતાનું નામ અજરામરજીના મુખેથી સાંભળતાં વાઘા પારેખને આશ્ચર્ય થયું કારણ કે તેઓ એકબીજાને કયારેય મળ્યા ન હતા. સ્વામીજીએ વાઘા પારેખને પાસે બેસાડી કહ્યું 'કચ્છના મહારાવે તમારા ઉપર ગુસ્સો કર્યો છે એથી ગભરાઇને તમે સંતાતા ફરો છો. કચ્છ છોડીને ભાગી જવાનું તમે વિચારો છો. પરંતુ તેમ કરવાની તમારે જરૂર નથી. હિંમત અને ધીરજ રાખો. મહારાવશ્રીને એક અગત્યનું કામ પડશે ત્યારે તમારા સિવાય બીજું કોઇ એ કામ કરી શકશે નહિ. એ વખતે મહારાવશ્રી તમને બોલાવશે. ત્યારે તમારા હાથે કચ્છની પ્રજાની સેવા કરવાનું મોટું કામ થશે.'

અજરામરસ્વામીએ કહેલી એ વાત બિલકુલ સાચી પડી. મહારાવશ્રીએ કામ પડયું એટલે વાઘા પારેખને બોલાવ્યા બંને વચ્ચે સુમેળ પહેલાંના જેવો થઇ ગયો. મહારાણીએ તો પોતાના ભાઇ તરીકે વાઘા પારેખને ઓળખાવ્યા. કારભારી તરીકેની બધી જવાબદારી તેમને પાછી સોંપવામાં આવી. ત્યારથી વાઘા પારેખને અજરામરસ્વામીના વચનમાં અતૂટ વિશ્વાસ બેસી ગયો હતો.

અજરામરસ્વામીએ કચ્છમાં ત્રણ વખત વિહાર કર્યો હતો એ દિવસોમાં કાઠિયાવાડથી વિહાર કરીને કચ્છમાં જવાનું એટલું સરળ નહોતું. વિહાર બહુ લાંબા અને કપરા રહેતા, તેમ છતાં લોકોની ધર્મભાવનાને અનુસરી અજરામરસ્વામીએ કચ્છમાં કુલ છ જેટલાં ચાતુર્માસ કર્યા હતાં. વિ. સં. ૧૮૪૬માં માંડવીમાં ચાતુર્માસ હતું. ત્યારે વાઘજી પારેખની ઇચ્છા હતી કે સ્વામીજી પોતાના ભુજ નગરમાં પધારે. એ દિવસોમાં સ્થાનકવાસી સાધુઓને ભુજમાં પધારવાની રાજ તરફથી મનાઇ હતી. તે વાઘજી પારેખે રદ કરાવી હતી અને સ્વામીના નગરપ્રવેશ વખતે બેન્ડવાજાં વગાડવામાં ન આવે તે વિશે પણ સંઘને સૂચના આપી હતી.

અજરામરસ્વામીએ કચ્છમાં જે ચાતુર્માસ કર્યાં તેમાં માંડવીની દરિયાની હવા અને પાણીને કારણે તેમને સંગ્રહણીનું તથા પગમાં વાનું દર્દ ચાલુ થયું હતું. ઘણા ઉપચારો કરવા છતાં તેમાં ફરક પડયો નહોતો. અલબત્ત ત્યાર પછી પણ તેમણે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠીક ઠીક વિહાર કર્યો હતો. પરંતુ અશકિત વધતાં વિ. સં. ૧૮૬૪ માં લીંબડીમાં ચાતુર્માસ કર્યા પછી તેમને લીંબડીમાં સ્થિરવાસ કરવો પડયો હતો

લીંબડીમાં તેમને મળવા માટે ચારેબાજુથી અનેક સંત-સતીઓ પધારતાં. એક વખત અમદાવાદથી શત્રુંજયની યાત્રાનો મોટો સંઘ નીકળ્યો હતો. તે લીંબડી થઇને પસાર થતો હતો. તે સંઘમાં આવેલા કેટલાક યતિઓ અજરામરજી સ્વામીને મળવા આવેલા અને તેમની સાથે સંસ્કૃત ભાષામાં શાસ્ત્રચર્ચા કરતી વખતે તેઓ બહુ જ પ્રભાવિત થયા હતા.

વિ. સં. ૧૮૬૮ના ચાતુર્માસમાં અજરામરસ્વામીની પ્રેરણાથી ઘણી તપશ્ચર્યા થઇ હતી અને તેમાં ૩૯ જેટલાં માસખમણ થયાં હતાં અને તે તપશ્ચર્યામાં મૂર્તિપૂજક સંપ્રદાયે પણ ઉત્સાહથી ભાગ લીધો હતો.

વિ. સં. ૧૮૭૦માં શ્રાવણ મહિનામાં અજરામરસ્વામીની તબિયત વધુ બગડતી ગઇ. દીક્ષા પર્યાયનાં પચાસ વર્ષ અને આચાર્ય પદવીના પચીસ વર્ષ તેમણે પૂરાં કર્યા હતાં. પોતાનો અંતકાળ નજીક આવતો જાણીને તેમણે સંથારો લઇ લીધો ક્ષમાપના કરી લીધી. નવકાર મંત્રનું રટણ કરતાં કરતાં શ્રાવણ વદ-૧ની રાત્રે એક વાગે તેમણે દેહ છોડયો. એમના કાળધર્મના સમાચાર ઝડપથી ચારે બાજુ પ્રસરી ગયા અને શ્રાવણ વદ-૨ ના દિવસે એમના દેહના અગ્નિસંસ્કાર વખતે ચારે બાજુથી હજારો માણસો આવી પહોંચ્યા હતા.

આટલા અલ્પ આયુષ્યકાળમાં સ્વ. પૂ. અજરામરજી-સ્વામીએ ઘણી બધી સિદ્ધિઓ મેળવી હતી જૈન શાસન ઉપર તેમનો ઘણો બધો ઉપકાર રહ્યો છે. આ દ્વિશતાબ્દી પાટોત્સવ નિમિત્તે એમના જીવન અને કાર્યને ફરી યાદ કરવાની તક સાંપડી. એમના એ મહાત્માને વારંવાર વંદના!

—રમણલાલ ચી. શાહ

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૯૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ – ૪૦૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન: ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ: ૫૦ અંક : ૨૪

મુંબઇ, તા. ૧૬-૪-૧૯૯૧
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

णाइवेलं वएज्जा

–ભગવાન મહાવીર

ભગવાન મહાવીરની જન્મજયંતી પ્રસંગે એમનાં અનેક વચનોમાંથી હમણાં ઉપરના એક માર્મિક વચનનું સ્મરણ થયું.

णाइवेलं वएज्जा–નાતિવેલં વદેજ્જા એટલે કે અતિવેળા ન બોલવું.

વેળાનો એક અર્થ થાય છે સમય અને બીજો અર્થ થાય છે મર્યાદા. અતિવેળા ન બોલીએ એટલે કે ઘણા લાંબા સમય સુધી ન બોલવું અને અમર્યાદ (નિર્ધારિત મર્યાદા કરતાં વધારે) ન બોલવું.

ભગવાન મહાવીરે અઢી હજાર વર્ષ પહેલાં સાધકોને આપેલી શિખામણમાંની એક શિખામણ તે ઉપર્યુક્ત શિખામણ છે. વર્તમાન પરિસ્થિતિનાં પણ એ એટલી જ સાચી છે. સાધકોને ઉદ્દેશીને કહેવાયેલા એ વચનમાંથી વર્તમાન સમયના સાધુઓ, સાધકો અને જાહેર જીવનમાં પડેલા વક્તાઓએ પણ બોધ લેવા જેવો છે.

જૈન આગમગ્રંથોમાંના 'સૂત્રકૃતાંગ' નામના આગમગ્રંથના ચૌદમા અધ્યયનમાં સાધુને માટે વિનય, સંયમ, ગુરુકુલવાસ, ગમનાગમન, શયન, સમિતિ–ગુપ્તિ વગેરે વિશે હિતવચનો કહેવામાં આવ્યાં છે.

ભગવાન મહાવીરે આપેલી દેશનામાંથી અનેક સૂત્રો એવાં મળે છે કે જે આધ્યાત્મિક જીવનમાં જેમ ઉપયોગી બની રહે છે, તેમ વ્યાવહારિક જીવનમાં પણ ઉપયોગી બની રહે છે. ભગવાન મહાવીરે અનેક પરિસ્થિતિનું ચિંતવન કરીને જે દોહન આપ્યું છે તેમાં ત્રિકાલાબાધિત સત્ય રહેલું છે.

સાધુઓએ વ્યાખ્યાન આપતી વખતે સમ્યક ધર્મની પ્રરૂપણા કરવી જોઇએ; શાસ્ત્રથી વિપરીત વ્યાખ્યા ન કરવી જોઇએ; પોતાના વક્તવ્યમાં અભિમાન ન આવવું જોઇએ; પોતાના ગુણો જાહેરમાં ન દર્શાવવા જોઇએ; આત્મશ્લાઘા ન કરવી જોઇએ; અજ્ઞાન શ્રોતાઓની હાંસી ન ઉડાવવી જોઇએ; પોતાનો ઉપહાસ થાય એવા શબ્દોનો ઉપયોગ ન કરવો જોઇએ, અસત્ય વચનો ન ઉચ્ચારવાં જોઇએ; દ્વિઅર્થી ન બોલવું જોઇએ; શાસ્ત્રના અર્થને છુપાવવો ન જોઇએ; ગુરુમહારાજ પાસેથી પોતાને જે પ્રમાણે શીખવા મળ્યું હોય તે પ્રમાણે જ બોલવું જોઇએ, ઘરનું દોઢડહાપણ ન કરવું જોઇએ; સ્યાદ્વાદમય સાપેક્ષ વચનો બોલવાં જોઇએ. અને **णाइवेलं वएज्जा** એટલે કે મર્યાદા વગરનું ન બોલવું જોઇએ–ઇત્યાદિ હિતવચનો વ્યાખ્યાનકારને ઉદ્દેશીને ભગવાને કહ્યાં છે.

કેટલાક વ્યાખ્યાતાઓ એવા ભ્રમમાં હોય છે કે જેમ વધારે લાંબું બોલાય તેમ પોતાની શક્તિનાં વખાણ થાય. ગઇ પેઢીના એક સાક્ષર જ્યારે પણ કોઇ વિષય પર બોલે ત્યારે વચમાં એકાદ વાક્ય તો એવું આવે જ કે 'આ વિષય ઉપર હું ધારું તો છ મહિના સુધી રોજ વ્યાખ્યાન આપી શકું.' પોતાની વ્યાખ્યાનશક્તિનું માપ પોતે કેટલો સમય બોલી શકે છે તેના ઉપરથી તેઓ કાઢતા. પરંતુ અનુભવે જણાયું હતું કે એકની એક વાત વિષયાંતરો સાથે દોહરાવ્યા સિવાય તેમની પાસે વિષયનું ઉંડાણ એટલું નહોતું, બલકે એ વિષય ઉપર એક કલાકનું સઘન વ્યાખ્યાન આપવા જેટલી સામગ્રી પણ તેમની પાસે નહોતી.

એક વખત વક્તૃત્વશક્તિ ખીલ્યા પછી માણસ ઘણા લાંબા સમય સુધી બોલી શકે છે. પરંતુ ઓછા સમયમાં સારું કેમ બોલવું તેનું મહત્ત્વ વધારે છે. આપણે ત્યાં સામાન્ય જનતા સમયના માપ પ્રમાણે વક્તાનું માપ કાઢે છે અને વધુ સમય બોલનાર તે વધુ મોટા વક્તા એવો ભ્રમ સેવે છે. કેટલાક વ્યાખ્યાતાઓ પણ એ ભ્રમમાં રહે છે. પરંતુ ઓછી મિનિટોમાં સારું બોલવા માટે વધુ તૈયારી કરવી પડે છે. બેચાર–છ કલાક તો લવારી કરનાર પણ બોલી શકે છે. કૃષ્ણમેનન યુનોની સલામતી સમિતિમાં કાશ્મીરના પ્રશ્ન ઉપર સળંગ સાતેક કલાક બોલ્યા ત્યારે એમની પ્રશંસા નહિ પણ ટીકા થઇ હતી.

કેટલાક માણસો પાસે વક્તૃત્વશક્તિ ઘણી સારી હોય છે. પરંતુ એને લીધે જ તેઓ સંક્ષેપમાં પોતાના વક્તવ્યને રજૂ કરી શકતા નથી. બોલવા બેસે ત્યારે ઘણું લાંબું તેઓ બોલે છે. વસ્તુતઃ તેઓ બોલબોલ કરતા હોય છે. તેમનું વક્તવ્ય પ્રારંભમાં સારું લાગે છે, પરંતુ વેળાને–સમયમર્યાદાને એ અતિક્રમી જાય છે ત્યારે તે નીરસ અને બોજારૂપ બની જાય છે. થાકેલા શ્રોતાઓને પછી તેમાં રસ રહેતો નથી. કેટલાક લોકો બોલવા બેસે છે ત્યારે એમની શ્રવણેન્દ્રિય બંધ થઇ જાય છે અને પોતે બોલ્યા જ કરે છે. મુખમાંથી શબ્દો જાણે આવ્યા જ કરતા હોય છે. કેટલાકને 'બોલ–વા' નામનો જાણે વા કે રોગ ન થયો હોય તેવું જણાય છે. કેટલાક ઉન્માદમાં આવી મિથ્યાપ્રલાપ કરવા લાગી જતા હોય છે. કેટલાક બોલે ત્યારે સમય જાણે સ્થગિત થઇ જતો હોય છે. પોતે જાણે 'ભાષણ-સમાધિ'માં ઊતરી જતા હોય છે. અને જગાડ્યા વગર તેઓ જાગી શકતા નથી. ક્યારેક વ્યાખ્યાતાના વક્તવ્ય ઉપર એની વૃદ્ધાવસ્થાની અસર વરતાય છે. એક સમયે પોતાની વક્તૃત્વકલાને લીધે વખણાયેલા વક્તાઓ વૃદ્ધાવસ્થામાં પોતાની એ કલા ગુમાવી બેસે છે અને એમનાં વક્તવ્યની ગાડી વારંવાર પાટા ઉપરથી ઊતરી જતી હોય છે. પોતે

શું બોલી ગયા છે તેની વિસ્મૃતિ થાય છે અને ચવાઇ ગયેલી જૂની વાત નવા ઉત્સાહથી કહેતા હોય છે.

કેટલાક વક્તાઓની વિષયની માંડણી જ એટલી લાંબી–પહોળી હોય છે કે એમના વક્તવ્યને માટે ત્રણ-ચાર કલાક પણ ઓછા પડે. કવિ દુલા કાગ કહેતા તેમ 'અમને ઓછો સમય આપો એ તો ઓસરીમાં ઘોડો ફેરવવા બરાબર છે. અમારું એન્જિન ગરમ થાય અને વેગ પકડવા જાય ત્યાં તો એને બ્રેક મારવાનો વખત આવે. તે અમને ફ્રેમ ફાવે?' અલબત્ત કેટલાક વ્યાખ્યાતાઓ ત્રણ-ચાર કલાક સુધી શ્રોતાઓને પકડી રાખવાની લાયકાત ધરાવતા હોય છે, તો પણ દરેક વખતે તેઓનું વક્તવ્ય પ્રશંસાપાત્ર હોય છે તેવું નથી હોતું. વળી તેમનું આંધળું અનુકરણ કરવા જનારા તો થોડા વખતમાં જ બધેથી બહિષ્કૃત થતાં હોય છે.

કેટલાક સાધુમહાત્માઓ પણ એવા ભ્રમમાં હોય છે કે પોતે જેમ વધુ બોલે તેમ વધુ વખાણ થાય. તેઓ બોટો માપદંડ લઇને નીકળતા હોય છે. ગંભીર વ્યાખ્યાનનું શ્રવણ કરવાની માણસની ચિત્તશક્તિ એકાગ્રતાપૂર્વક પોણા કલાકથી એકદોઢ કલાક સુધી કામ કરતી હોય છે. એથી વધુ સમય લેવામાં આવે તો તે વક્તવ્યની અસર ખોળી પડતી જાય છે. વળી જેમ શ્રોતાનું ચિત્ત થાકે તેમ કંટાળો, ચીડ વગેરે અશુભ અધ્યવસાયો ચાલવા લાગે છે. શ્રોતાઓના ચિત્તને ત્રાસ આપવો એ પણ એક પ્રકારની સૂક્ષ્મ હિંસા છે. એ સમજવાની આવશ્યકતા છે. હમણાં હમણાં તો સાધુઓમાં પણ કેસેટ ઉતારવાની ઘેલછા વધતી જાય છે. અને કેસેટ પૂરી ભરાય એટલા માપે વચ્ચે વચ્ચે પાણી પીતા જઇને પાટ ઉપરથી બોલવા જતાં તેઓને છાશમાં પાણી નાખ્યા કરવું પડતું હોય છે.

આપણે ત્યાં કેટલાક જાહેર કાર્યક્રમો એટલા બધા લાંબા ચાલતા હોય છે કે આરંભમાં પાંચસો – હજાર માણસ હોય તેમાંથી ચાર–પાંચ કલાકને અંતે પ્રમુખ કે મુખ્ય અતિથિ જ્યારે બોલવા ઊભા થાય ત્યારે પાંચ – પચ્ચીસ માણસની હાજરી પણ રહી હોતી નથી. આયોજન જ દૃષ્ટિ વિનાનું હોય છે. શક્ય એટલા વધુમાં વધુ મહાનુભાવોનાં નામો પત્રિકામાં છપાય છે અને કાર્યક્રમમાં ગોઠવાય છે. અને તે દરેકને બે – પાંચ મિનિટ આપતાં આપતાં પણ કાર્યક્રમ ચાર–પાંચ કલાકનો થઇ જાય છે. વર્તમાન જાહેર જીવનમાં અને તેમાં પણ જૈન સમાજના જાહેર કાર્યક્રમોમાં વિવેક ખાતર કે શરમને ખાતર આવેલા અને બેઠેલા શ્રોતાઓ ઉપર વાણીનો વક્તાઓ દ્વારા એટલો બધો અત્યાચાર થાય છે કે કાર્યક્રમ પૂરો થાય ત્યારે સજા પૂરી થયાનો અનુભવ થાય છે.

કેટલીકવાર સાધુ ભગવંતોની નિશ્રામાં યોજાયેલા આવા કાર્યક્રમોમાં પણ નામચીન વક્તાઓ દ્વારા શ્રોતાઓના કંટાળાભર્યા અશુભ અધ્યવસાયોનું વાતાવરણ સર્જાય છે. સાધુ ભગવંતોને છેલ્લે બોલવાનો અવકાશ રહેતો નથી અને છેલ્લે 'માંગલિક' પણ ગબડાવી જવાય છે.

આપણા સમાજના કેટલાક સમર્થ આગેવાનોને એવી ટેવ હોય છે કે આખો લાડવો પોતે જ ખાઇ લેવો પછી બીજાઓનું જે થવાનું હોય તે થાય. પોતાને મળેલી પાંચ – દસ મિનિટને બદલે પોણો કલાક જેટલો સમય ઉદારતાપૂર્વક પચાવી પાડીને તેઓ પોતાનું વક્તવ્ય આડું અવળું ગમે કે છે, તેઓ પૈસાથી કે પ્રતિષ્ઠાથી એટલા મોટા હોય છે કે ચિઠ્ઠી મોકલવાની કે ઘંટડી વગાડવાની કોઈ હિમ્મત દાખવી શકતું નથી. તેનો ગેરલાભ લઇને તેઓ આખા પ્રસંગ ઉપર પોતાની વાણીનું વર્ચસ્વ જમાવીને બેસી જાય છે અને બીજાઓને જાણી જોઇને અન્યાય કરે છે. કેટલાક વરસ પહેલાં ગુજરાતના એક મોટા સાક્ષરના અવસાન પ્રસંગે એમને શ્રદ્ધાંજલિ આપવા માટે સભા યોજાઇ હતી અને તેમાં દસ – બાર સાહિત્યકારોનાં નામ હતાં. પરંતુ બોલનારા પ્રથમ બે સમર્થ સાહિત્યકારોએ પરસ્પર સંતલસ કરીને બે કલાક સુધી પોતાનું વક્તવ્ય એવું ચલાવ્યું કે જેથી પછીના કોઇ સાહિત્યકારને બોલવાનો અવસર સાંપડ્યો નહિ. ઘણાખરા તો ક્ષમાનો સંદેશો મોકલાવી ચાલ્યા ગયા હતા અને સભાને અંતે શોક પ્રસ્તાવ રજૂ થયો ત્યારે ચાર – પાંચથી વધારે માણસો એ સભામાં હાજર ન હતા. છાપાના અહેવાલમાં પોતાના બેનાં નામ સિવાય બીજા કોઇનાં નામ ન આવે એવા ઇરાદાપૂર્વક થયેલું વાણીનું એ અપકૃત્ય હતું.

હમણાં હમણાં જાહેર કાર્યક્રમોને વધુ ઉઠાવદાર બનાવવા માટે એનું સંચાલન કોઇ વિશિષ્ટ વ્યક્તિ (માસ્ટર ઓફ સેરેમની)ને સોંપાય છે, પરંતુ આવા ઘણા કાર્યક્રમો વિશિષ્ટ વ્યક્તિના સંચાલનના કારણે જ 'અતિવેલા'માં પરિણમે છે અને ડહોળાઇ જાય છે. વક્તાનો જન્મથી માંડીને વર્તમાન સમય સુધીનો વિગતે પરિચય અપાય છે અને પ્રત્યેક વક્તાના વક્તવ્ય પછી સંચાલક થોડી શાયરી, એક. ટુચકો અને પોતાનો એક અનુભવ કહેવાની જાણે કે ફ્રેમ્યુલા થઇ ગઇ હોય તેમ વક્તાઓના કુલ વક્તવ્યના સમય કરતાં સંચાલકે પોતે લીધેલો સમય બમણો કે ત્રણગણો થઇ જાય છે. આવા કાર્યક્રમો આરંભમાં ઉઠાવદાર હોય છે, પરંતુ અંતે તે લબડી પડે છે.

'અતિવેલા'ના લક્ષણથી એક અર્થ 'કવેળા' એવો પણ લઇ શકાય. માણસે યોગ્ય સમયે યોગ્ય બોલવું જોઇએ. આપણામાં કહેવત છે ને કે લગ્ન પ્રસંગે મરશિયા ન ગવાય. કેટલાક વક્તાઓ એવી ગ્રંથિથી પીડાતા હોય છે કે તેઓ જાહેરમાં જ્યાં સુધી પ્રસંગથી વિરુદ્ધ પોતાનો સૂર ન કાઢે અને બેચાર અયોગ્ય શિખામણો ન ઉચ્ચારે ત્યાં સુધી તેમને સંતોષ થતો નથી. આવા વક્તાઓ આખા પ્રસંગને ડહોળી નાખે છે અને વાતાવરણને વિવાદમય બનાવી મૂકે છે.

આપણા જાહેર જીવનમાં પડેલી કેટલીક મોટી વ્યક્તિઓ સમારંભોમાં જ્યારે પ્રમુખસ્થાને બિરાજે છે ત્યારે તેમનામાં એવી ગ્રંથિ હોય છે કે પ્રમુખ તરીકે ઉપસંહાર કરતી વખતે વક્તાઓના વક્તવ્ય કરતાં કંઇક વિરોધી સૂર કાઢવો જ જોઇએ. અને એ રીતે પોતાની ઉચ્ચતા પ્રસ્થાપિત કરવી જોઇએ. નવકારમંત્ર પર પ્રવચન કરતાં એક વ્યાખ્યાતાએ પોતાના વ્યાખ્યાનમાં કહ્યું હતું કે પંચપરમેષ્ઠિને આપણે આપણા જીવનમાં પ્રસ્થાપિત કરવા જોઇએ પ્રમુખશ્રીએ વ્યાખ્યાનનો ઉપસંહાર કરતાં કહ્યું કે 'પંચપરમેષ્ઠિને જીવનમાં પ્રસ્થાપિત કરવાની કોઇ જ આવશ્યકતા નથી. આપણે આપણા આત્મામાં જ સ્થિર થવું જોઇએ.' કદાચ પ્રમુખનો અભિપ્રાય સાચો હોય તો પણ વ્યાખ્યાતાના વ્યાખ્યાનના અભિપ્રેત વક્તવ્ય કરતાં વિરોધી સૂર ઇરાદાપૂર્વક વ્યક્ત કરવો એ ઔચિત્યભંગ ગણાય અને શ્રોતાઓના ચિત્તમાં દ્વિધા ઉત્પન્ન કરીને એમને ક્ષુબ્ધ બનાવનાર કહેવાય.

ભગવાન મહાવીરે આ બે શબ્દમાં જ વાણીના સંયમનો અને વક્તવ્યના ઔચિત્યનો મહિમા કેટલી સચોટ રીતે દર્શાવ્યો છે! અનેક વક્તાઓએ અને સભાસંચાલકોએ એમાંથી બોધપાઠ લેવા જેવો છે.

–રમણલાલ ચી. શાહ

રામપ્રસાદ બક્ષી : ઘણું અંગત, થોડું બિનઅંગત

● ડા. હસમુખ દોશી

બહુ જ થોડા સાક્ષરોના પરિચયમાં આવવાનું મારે બન્યું છે. તેમાંય જેમનું મારા પર ઋણ હોય એવા તો બહુ જ થોડા સારસ્વતો હશે; અને એમાંય જેમણે હિંમતપૂર્વક મારાં લખાણોને માન્યતા આપી હોય એવા શ્રી રામપ્રસાદ બક્ષી જેવા વિરલાઓ તો અતિ અલ્પ હશે–જેમની કલમમાં નમ્રતા હોય અને સાથે નીડરતા હોય, નિર્ભિકતા હોય અને સાથે જ ઋજુતા હોય, એવા તો કદાચ તેઓ એક જ હશે.

ઇ.સ. ૧૯૩૬ની વાત છે. પીએચ.ડી.નો મારો મહાનિબંધ ખૂબ મહેનત પછી પ્રસિદ્ધ કરવાનું રમણલાલ દેસાઇના પ્રકાશકોએ સ્વીકાર્યું હતું. હું ખોબ્બે યુનિવર્સિટીનો પીએચ. ડી. હતો પણ યુનિવર્સિટી તરફથી મળતી પુસ્તક પ્રકાશન માટેની ગ્રાંટ એ દિવસોમાં જ બંધ કરવામાં આવી હતી. રાજ્ય સરકારની પણ એવી કોઇ યોજનાઓ ત્યારે નહોતી. હું પોતે પુસ્તક પ્રગટ કરું, પણ વિતરણ-વ્યવસ્થાનો પ્રશ્ન ઊભો જ રહેતો હતો. (અને આજે પણ એ પ્રશ્ન રહેલો જ છે.) પ્રકાશકો એ સમયમાં આ પ્રકારનું પુસ્તક પ્રસિદ્ધ કરવાનું સાહસ કરતા ડરતા હતા. એટલે તેમને કોઇ માન્ય વિદ્વાન વિવેચકની પ્રસ્તાવના મારા મહાનિબંધ સાથે જોડવી હતી. મને એ બહુ રુચતું તો નહોતું; પણ પ્રકાશકો એવો આગ્રહ રાખતા હતા. એ યુગમાં આજની જેમ વિદ્વાનો તો ઘણા હતા. પણ કોઇ ઉપર મારી દૃષ્ટિ ઠરતી નહોતી. છતાં સ્વ. અનન્તરાય રાવળને મેં પત્ર લખ્યો પણ તેઓ અધ્યાપનકાર્ય છોડીને ગુજરાત સરકારના પારિભાષિક શબ્દકોશના કામે લાગી ગયા હતા, એટલે તેમણે નમ્રતાથી પોતાની અશક્તિ દર્શાવી.

મને એમ લાગ્યું છે કે ગુજરાતના વિદ્વાનો કરતાં મુંબઇના ગુજરાતી વિદ્વાનો ઉદાર છે. તેમનો દૃષ્ટિકોણ વિશેષ હોય છે. લઘુતા, સંકુચિતતા કે જૂથબંધીનો મહદ્ અંશે તેમનામાં અભાવ હોય છે. પંડિતયુગ પૂરો થયા પછી વિશેષ કરીને ઉત્તર ગાંધીયુગમાં અમદાવાદ વધારે ને વધારે સાહિત્ય-પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનતું ગયું, એટલું જ નહિ અમદાવાદના એકાદબે સાહિત્યકારોની આસપાસ ગુજરાતી સાહિત્ય કેન્દ્રિત થતું ગયું. અલબત્ત સ્વ. સુરેશ જોશીએ આ કેન્દ્રીકરણનું વડોદરામાં વિકેન્દ્રીકરણ કરી બતાવ્યું. પણ રશિયામાંથી જેમ મૂડીવાદ ગયો અને મજૂરવાદ આવ્યો તેમ તેમણે પણ એ જ પરિસ્થિતિનું જુદી રીતે નિર્માણ કર્યું. પરિસ્થિતિ એટલી હદે વકરતી ગઇ કે પ્રતિભાશાળી મુંબઇસ્થિત કવિઓ અને સર્જકોને ગુજરાતની માન્યતા પ્રાપ્ત કરવા માટે ખૂબ ખુશામત કરવી પડતી. મુંબઇના એક સમર્થ કવિ – વિવેચક હંમેશાં આવી કૃત્રિમ ખુશામતનો ભોગ બનતા રહ્યા. અને છતાં ગુજરાતે હંમેશાં તેમની નિષ્ઠુર અવગણના જ કર્યા કરી. બહુ થોડા મુંબઇસ્થિત વિદ્વાનો આવી વિષમ પરિસ્થિતિથી નિર્લિપ્ત રહી શકયાને પોતાની સાહિત્યસાધના ખુશમિજાજથી ખુમારીપૂર્વક કરતા રહ્યા. આવા વિદ્વાનોમાં એક હતા – સદ્ગત રામપ્રસાદ બક્ષી. જેમણે અલિપ્ત રહીને, કોઇની પણ શેહમાં રહ્યા વિના અને છતાં અનેક યુવાન ને વયસ્ક સાક્ષરોનો ભરપૂર પ્રેમ સંપાદન કરતાં કરતાં આત્મનિષ્ઠાપૂર્વક પોતાની કલમ ચલાવ્યા કરી.

–સ્વ. અનન્તરાય રાવળની નમ્રતાપૂર્વકની અનિચ્છા પ્રગટ થતાં મારા માટે ઘણી કટોકટી સ્થિતિ પેદા થઇ. તેમાં કોઇ શુભ ઘડીએ મને રામપ્રસાદ બક્ષીનું સ્મરણ થઇ આવ્યું. જોકે મને એમ લાગ્યા કરતું હતું કે તેઓ સંસ્કૃત ભાષા-સાહિત્યના પ્રચંડ પંડિત ને વિવેચક છે. જ્યારે મારો વિષય રમણલાલ દેસાઇ જેવા અર્વાચીન યુગના એક મૂલ્યનિષ્ઠ સર્જકના વ્યકિતત્વ અને વાઙ્મય સંબંધે હતો. તેને તેઓ કેટલો ન્યાય આપી શકશે ? તેમની પંડિતયુગી વિદ્વત્તા ગાંધીયુગના એક સંસ્કારસ્વામી સરખા સર્જકનાં વ્યકિતત્વ અને વાઙ્મયને કેટલું પચાવી શકશે ? મને એમ પણ હતું કે તેઓ બહુ સંસ્કૃત પ્રચુર ગુજરાતી લખે છે જે સામાન્ય ગુજરાતી વાચકની પહોંચની બહાર હોય છે. પણ એમ છતાં બીજો કોઇ ઉપાય નહોતો. પ્રકાશકોને કોઇ પ્રતિષ્ઠિત વિદ્વાનના ઉપોદ્ઘાતનો ખપ હતો. અને મારે એ કામ કર્યા વિના છૂટકો નહોતો. એટલે પ્રકાશકોને મેં તેમનું જ નામ સૂચવ્યું. યોગાનુયોગ થિસિસ પૂરો છપાઇ રહેવા આવ્યો એ દિવસોમાં મારે મુંબઇ જવાનું થયું. મારાં પુસ્તક પ્રકાશક અને સ્વ. રમણલાલના પણ તેમના જેટલા જ લોકપ્રિય પ્રકાશક આર. આર. શેઠના શ્રી ભગતભાઇ શેઠને મળવાનું થયું. મારી પાસે તો રામભાઇનું સરનામું નહોતું પણ શ્રી ભગતભાઇએ રામભાઇ તેમના લેખક ન હોવા છતાં તેમનું સરનામું મેળવી લીધું હતું. અને નક્કી કર્યા મુજબ અમે તેમને મળવા સાંતાક્રુઝ ગયા. પણ અમારા કમનસીબે રામભાઈ એકાએક બહારગામ જવાનું થતાં તેઓ ઘરે નહોતા.

હું મુંબઇમાં વધારે દિવસો રોકાઇ શકું તેમ નહોતો. પણ શ્રી ભગતભાઇએ ખૂબ સહકાર આપ્યો. તેમણે મને કહ્યું કે, 'તમે જાઓ હું એકલો હવે રામભાઇને મળી લઈશ. એ મુજબ તેમણે શ્રી રામભાઇને મળીને મારા થિસિસ સંબંધે વાત કરી. અને મને જોયા જાણ્યા વિના કેવળ મારું પુસ્તક વાંચીને એ દરિયાદિલ સારસ્વતે ઉપોદ્ઘાત લખી આપ્યો. એટલું જ નહિ, એવો તો સરસ ઉપોદ્ઘાત લખી આપ્યો કે હું બહુ રાજી થઇ ગયો. સ્વ. રમણલાલ દેસાઇ વિશે મેં જે કંઇ લખ્યું હતું તેની કોઇ પ્રકારે વિડંબના કર્યા વિના મારા મહાનિબંધનું સૌન્દર્ય, તેની મર્યાદાઓ સમેત તેમણે સ્ફુટ કરી આપ્યું હતું. તેમણે મારા ગ્રંથના દોષો પણ એવી રીતે દર્શાવ્યા હતા કે મને જરાય વાગ્યા નહિ. એટલે જે મર્યાદાદર્શન તેમણે કરાવ્યું હતું એ પણ મને તો ખૂબ ગમ્યું હતું. વિષયને મર્મગ્રાહી દૃષ્ટિથી સમજવાનું અને સમજાવવાનું કાર્ય તેમણે જરા પણ વિસ્તાર કર્યા વિના, પૂરી નિષ્ઠાથી ને ન્યાયબુદ્ધિની કર્યું હતું. આવો અભિગમ આવા વિદ્વાનોનો જ હોઇ શકે તેની મને પ્રતીતિ થઇ.

તેમનો આભાર માનતો મેં પત્ર લખ્યો. તેનો જવાબ પણ મને તુરત મળ્યો; જેમાંથી પ્રેમ અને વાત્સલ્ય લીટીએ લીટીએ ટપકતાં હતાં. મારો થિસિસ પ્રગટ થયા પહેલાં તો હું તેમને મળી શકયો નહોતો. પણ એ

પ્રગટ થયા પછી તેમને મળવાનું થયું–અને એ પણ મારા વતન રાજકોટમાં જ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાન્ત શતાબ્દી ઉજવતી હતી, તેમાં કાન્ત વિશે વ્યાખ્યાનો આપવા જેઓ આવ્યા હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પહેલા કુલપતિ ડોલરરાય માંકડ તેમના નજીકના ભાણેજ થતા હતા એટલે તેમનો ઉતારો સ્વાભાવિક રીતે ત્યાં જ હતો. ત્યાં હું તેમને મળવા ગયો ત્યારે આવા પ્રખર વિદ્વાનમાં મળક કરવાની કેવી નિર્દોષ શકિત હતી તેનો મને પરિચય થયો. રામભાઇ ડોલરભાઇની પાસે જ બેઠા હતા; પણ મેં તેમને આજ પૂર્વે કદી જોયા નહોતા એટલે ઓળખી શકયો નહિ. મેં ડોલરભાઇને પૂછયું: 'શ્રી રામજીભાઇ બક્ષી મુંબઇથી આવી ગયા ? હું તેમને મળવા આવ્યો છું.' ડોલરભાઇએ સૂચક સ્મિત કરીને રામભાઇ પ્રત્યે જોયું ને રામભાઇ બોલ્યા: 'રામભાઇ હજી નથી આવ્યા. તેને પનોતી બેઠી છે એટલે આવશે જ નાહ!'

પણ મને સમજતાં વાર ન લાગી. હું તેમને ઓળખી ગયો હતો. અને પછી તો સાહિત્ય સંબંધે ઘણી ઘણી વાતો થઇ. ત્યારે અહીં પણ હું મારાપણું ન છોડી શકયો. કહ્યું : 'રામભાઇ, પહેલાં તો તમે સંસ્કૃત પ્રચુર ગુજરાતી લખતા હતા, પણ મારા થિસિસનો ઉપોદ્ઘાત વાંચીને મારો ભ્રમ ભાંગી ગયો. આવું સરસ ગુજરાતી તો બહુ ઓછા વિદ્વાનો લખી શકતા હશે' તેમણે કહ્યું : 'અમે લોકો ગુજરાતી ભણ્યા જ નથી, સંસ્કૃત જ ભણ્યા છીએ. મેં ગુજરાતી લખ્યું જ ન હોત પણ સાહિત્યિક માસિકોના તંત્રીઓ મને લખવાની ફરજ પાડે છે ને મારે ગુજરાતી લખવું પડે છે. કોઇ તંત્રી કે સંપાદક ફરમાસ કરે એટલે હું લખું છું. દિલના ધકકાથી મેં બહુ થોડું લખ્યું હશે'

ઉકત શબ્દોમાં ભારોભાર નિખાલસતા ભરી હતી. ત્યારે તેમને સિત્તેર વર્ષની ઉંમર થઇ હતી. પણ ટટ્ટાર બેસે, ઉંમર દેખાય જ નહિ અને હૃદય તો જવાન જ લાગે એટલી નિર્ભેળ શુદ્ધ રસિકતા તેમના શબ્દો દ્વારા ટપકતી હતી.

ફરીને વર્ષો પછી મારો વિવેચનસંગ્રહ પ્રસિદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો. આ સંગ્રહ હું પોતે જ પ્રગટ કરતો હતો. કોઇ સરકારી સહાય મળતી હોત તો પણ એ સહાય મને મળવાનું શકય નહોતું એ હું બરાબર સમજતો હતો એટલે પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ બોજ મેં જ ઉઠાવ્યો હતો આ સમયે પણ વિદ્વાનના ઉપોદ્ઘાતની આવશ્કયતા લાગતી નહોતી. પરંતુ મારા મુદ્રક બહુ વ્યવહારુ અને દીર્ઘ દ્રષ્ટિવાળા હતા. તેમણે મને કહ્યું કે ગુજરાતી સાહિત્યમાં ખાસ વિવેચન થતું નથી, જે કંઇ વિવેચનો થાય છે તે બધા મિત્રધર્મની દ્રષ્ટિએ થાય છે. તેમાંય તમારા જેવા લેખક માટે પુસ્તકપ્રકાશન પછી સારા રીવ્યૂ મેળવવાનું પણ દુર્લભ જ બનશે અને તમને ખૂબ મુશ્કેલી પડશે. બહેતર છે કે કોઇ નામાંકિત વિદ્વાનની પ્રસ્તાવના મેળવી લ્યો. એથી આ પુસ્તકનું મૂલ્ય વધી જશે.'

મારા મુદ્રકના આ શબ્દો કેટલા સાચા હતા તેનો અનુભવ મને મારા એ પછીનાં પુસ્તકોનાં પ્રકાશન પછી થયો. પણ આ તો જુદી વાત થઇ.

–આ વખતે ફરીને મેં સ્વ. અનન્તરાય રાવળને યાદ કર્યા. પુસ્તકના ઉપોદ્ઘાત માટે તેમને વિનંતીપત્ર લખ્યો. તેમણે વિસ્તૃત ઉપોદ્ઘાતને બદલે પુસ્તકના ફ્લેપ ઉપર નાનકડો અભિપ્રાય લખી આપવાનું સૂચવ્યું. પણ હું બહુ સ્પષ્ટ હતો. કહ્યું : 'કંઇ પણ લખી આપવું હોય તો વિસ્તૃત ઉપોદ્ઘાત લખી આપો. એવા ફ્લેપનાં વાકયોથી મને સંતોષ થાય એમ નથી.' તેઓ સંમત થયા પણ જ્યારે મેં મારા વિવેચનસંગ્રહ 'પરિપ્રેક્ષા'નું છપાઇ ગયેલું 'ફારમ' તેમને ઉપોદ્ઘાત લખવા માટે મોકલી આપ્યું ત્યારે તેઓ તેમાંના લેખોથી ચોંકી ઊઠયા. આઠેક દિવસો બાદ મને તેમનું પોસ્ટકાર્ડ મળ્યું, 'પરિપ્રેક્ષા'નાં ઝંઝાવાતી તોફાની વિવેચનો માટે કંઇ પણ લખી આપવા માટે તેમણે પોતાની નમ્ર અશકિત જાહેર કરી.

...અને અન્તે ફરીને મારે રામપ્રસાદ બક્ષી તરફ જ વળવાનું રહ્યું. પ્રથમ મિલન પછી ઘણા સમય સુધી હું તેમને મળી શકયો નહોતો. એવા સંજોગોમાં 'પરિપ્રેક્ષા' માટે ઉપોદ્ઘાત લખી આપવા હું તેમને અનુરોધ કરું છું. એટલું જ નહિ, તેમની સંમતિ વિના 'પરિપ્રેક્ષા'ના સંપૂર્ણ છપાઇ ગયેલા ફરમાઓ તેમને મોકલી આપું છું. પણ ત્યારે તેમની શારીરિક સ્થિતિ કેવી હતી ? તેમના જ શબ્દોમાં જોઇએ :

સાંતાક્રુઝ, તા. ૨૮-૧૧-૭૩, રાતે

પ્રિય ભાઇશ્રી હસમુખભાઇ,

પત્ર-પુસ્તક તો મળ્યાં, વાચન પણ સારું કર્યું. હમણાં સાહિત્યપ્રવૃત્તિ રુધિરન્યૂનતાને લીધે ૯૯ ટકા બંધ છે-ત્રણ વર્ષથી. જે કંઇ થોડું કરવું પડે તે બહુ ધીમે કરી શકું છું. 'પરિપ્રેક્ષા' વાંચું છું. (જે માટે મને બપોરે બે કલાક મળે છે-અને સતત એક કલાક જ વાંચી શકું છું.)–પણ ગયે રવિવારે ત્રણ વર્ષ પહેલાં પડયો હતો તેમ ફરી unconseious થઇને–માત્ર દશ મિનિટ પડી ગયો હતો-સદ્ભાગ્યે પાછળ રહેલી આરામખુરશીમાં પડયો નહિ તો માથું ફૂટત. એટલે વિલંબ થતાં તમે યોગ્યતમ અધીરા થશો એ ભયે આજે આ લખું છું. તમારે રાહ તો જોવી જ પડશે, હજી થોડા દિવસ. એ ન બને તેમ હોય – પ્રેસ તાકીદ કરે તો મારા Flap પરના ટૂંકા લખાણની રાહ જોવા રહેશો નહિ – હું જ સામેથી સૂચવું છું.

ક્ષમા કરશો.

રામભાઇ બક્ષીના નમસ્તે.

તેમની તબિયત ખરેખર બહુ ખરાબ હતી મેં તેમને તુરત લખ્યું કે 'તબિયત નાજુક હોય તો હું તમને દેવા માગતો નથી. તમારા ભોગે મારો સ્વાર્થ સાધતો નથી.' પણ મારા આશ્ચર્ય વચ્ચે થોડા જ દિવસો પછી મને 'પરિપ્રેક્ષા' માટે તેમણે લખેલી વિસ્તૃત 'પ્રસ્તાવના' મળી ગઇ. આવી તબિયત વચ્ચે જે ઝીણવટથી તેમણે મારા પુસ્તક વિશે જે કંઇ લખ્યું હતું તેથી મારું હૃદય ભરાઇ આવ્યું. તેઓ સ્વ. સુરેશ જોશીને ઘણો આદર આપતા હતા. કોમકે તેઓ બન્ને શુદ્ધ કલાની ઉપાસનામાં માનનારા હતા. એમ છતાં જે રીતે તેમણે આ પ્રસ્તાવનામાં મારી પીઠ થાબડી હતી તેથી હું ખૂબ પ્રભાવિત થયો. જે દુનિયામાં મારા જેવા માટે ફકત અંધકાર હતો ત્યાં તેમણે મને તેજસ્વી દીપમાળાનું દર્શન કરાવ્યું હતું. ખૂબ જ આભાર

માનતો મેં તેમને પત્ર લખ્યો. તેનો જવાબ પણ તુરત મળ્યો :

સાંતાક્રુઝ, ૧૬-૧૨-૭૩, રવિવાર.

સ્નેહી ભાઇશ્રી હસમુખભાઇ,

તમારો ૧૩/૧૨નો પત્ર મળ્યો. આભાર માનવા જેવું કંઇ નથી. મેં એક બેઠકે એટલી ઉતાવળથી પ્રશ્નોચના લખી કે કેવું લખાયું હશે એની વિમાસણ થતી હતી. પણ મિત્રોનો સ્નેહ અદ્‌ભુત છે.–સ્નેહભાવ બધી બીજી બાબતોની ઉપર તરી આવીને ઝળકે, તે આ.

મુનશી વિશે તમે લખ્યું તે જાણ્યું. વાત ખરી છે ..

સદ્‌ભાગ્યે પ્રશ્નોચના લખ્યા પછી એક દિવસ આરામ લઇ શક્યો. પછી તો એક બપોરે રા॰ કલાક બ્રોકર અને બીજે દિવસે માણેક પોતપોતાના પરિષદ માટે લખેલાં ભાષણો વાંચીને સંભળાવી ગયા. આવી છે મિત્રોની વાત.

Love is stranger than hate એ કથન ડિકન્સનું યથાર્થ છે. હું ધીમે ધીમે પૂર્ણ સ્વાસ્થ્યને આવવાને અને પછી રિસાઇને ન જવાને ફોસલાવી રહ્યો છું. I am Coaxing health back– અને એ પણ મિત્રોના આશીર્વાદથી.

–રામભાઇ બક્ષી

'પરિપ્રેક્ષા' તેમની 'પ્રશ્નોચના' સાથે છપાઇને બહાર પડ્યું. મારા ધાર્યા કરતાં તેને વધુ સફળતા વેચાણની દ્રષ્ટિએ પણ મળી. મને લાગે છે કે સ્વ. રામભાઇની પ્રશ્નોચનાનો તેમાં ઘણો ફાળો હતો. રામભાઇને પ્રશ્નોચના લખવામાં કોઇ વિમાસણ થઇ નહિ. તેમને કોઇ સંબંધો નડ્યા નહિ. કેમકે તેમને સ્થાપિત હિત જેવું કંઈ હતું જ નહિ. આવી નિર્ભિકતા, અને એય મારા જેવા લેખક માટે દર્શાવાતી નિર્ભિકતા, મને તો લાગે છે કે કેવળ રામભાઇ બક્ષીમાં જ એ સમયે હતી. અને એટલે જ તેમના સંબંધમાં મને હેઝલીટના શબ્દો યાદ આવે છે હેઝલીટ જે શબ્દો પોતાને માટે કહે છે એ શબ્દો રામભાઇ પણ કહી શક્યા હોત: I Would rather be a man of disinterested taste and liberal feeling to see and acknowledge to truth and beauty whereever I found it...

*

મારા એક અનુમાન પ્રમાણે આજના કેટલાક વિદ્વાનો એમ માને છે કે રામભાઇએ સાહિત્યવિવેચનના ક્ષેત્રે નવા સિદ્ધાંતોનું પ્રદાન કર્યું નથી. વાઙ્મય વિમર્શ જેવો તેમનો અનન્ય સાહિત્યગ્રંથ જોતાં આ માન્યતાની ઠીક પ્રતીતિ થાય છે. પણ નવા સિદ્ધાંતોને અમલાવવામાં અને તેનું મર્યાદા સહિત ગૌરવ કરવામાં રામભાઇ હમેશાં સમયની સાથે જ રહ્યા છે એ પણ એટલું સાચું છે. 'કાવ્યનું સ્વરૂપ,' 'શબ્દ અને અર્થ,' 'કાવ્યનું કલાતત્વ,' 'કાવ્યનું પ્રયોજન,' 'ભાવકની પ્રતિભા', 'પ્રતીક એટલે ? શબ્દાર્થ ચર્ચા', 'વાર્તા અને અન્ય સાહિત્ય સ્વરૂપો', 'ટૂંકી વાર્તાનું સ્વરૂપ' ઇત્યાદિ લેખો આ સંદર્ભમાં જોવા જોઇએ. તેમની નિરૂપણશૈલી સઘન, સ્વચ્છ અને પારદર્શી છે એટલે તેઓ કોઇ પણ વિષયને સ્પષ્ટતાથી ને બહુ ચોકકસાઇથી ન્યાય આપી શકે છે. અને ન્યાયી બનવાનું લક્ષણ સામાન્ય મનુષ્યોઓમાં કે સાહિત્યકારોમાં પણ બહુ ઓછું હોય છે. રામભાઇમાં એ ગુણ જાણે કે સ્વાભાવિક ને સહજ સાધ્ય હતો.

'પરિપ્રેક્ષા'ની પ્રશ્નોચનામાં પહેલું જ વાકય તેઓ લખે છે : વાદે વાદે જાયતે તત્ત્વ: અને એ વાકયનું તેઓ ઉત્સાહ-ભેર સમર્થન પણ કરે છે. પણ પોતાના દીર્ઘકાલીન સાહિત્ય-જીવનમાં તેમણે ભાગ્યે જ સમકાલીન કે અનુગામી વિદ્વાનો સાથે વાદવિવાદ કર્યો હશે. તેમની પ્રકૃતિ એટલી સૌમ્ય હતી અને એટલી તો શાન્ત હતી કે તેમના વ્યકિતત્વ સાથે એ બંધ-બેસે તેમ નહોતું. અને છતાં વાદવિવાદોથી પર રહીને તેમણે અનેક મતોનું, અનેક વાદોનું અને અનેક સાહિત્યિક વિભાવ-નાઓની પ્રસંગોપાત મીમાંસા કરી હતી. એ સાથે અર્વાચીન યુગની અનેક સાહિત્યકૃતિઓની સૌન્દર્યસભર છતાં નિર્ભિક, ગુણદર્શી છતાં તટસ્થ અને ધીરગ ભીર છતાં રસિક આલોચના કરી હતી. કેટલાંય પુસ્તકોની તેમણે લખેલી ભૂમિકાઓ તેમની આવી પ્રતિભાનું માર્મિક દર્શન કરાવે છે.

* * *

એવા એ રામભાઇ ગયા. પણ પરમ સંતોષ એ છે કે તેઓ એક અમૂલ્ય દીર્ઘજીવન જીવી ગયા: જીવી ગયા એટલું જ નહિ જટિલ દીર્ઘજીવનને જીતી પણ ગયા.

સંઘનો હીરક મહોત્સવ

તથા

સ્નેહ મિલન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘને સાઠ વર્ષ પૂરાં થયાં છે એ નિમિત્તે **હીરક મહોત્સવનો** કાર્યક્રમ **રવિવાર, તા. ૨૩મી એપ્રિલ,** ૧૯૮૯ના રોજ ચોપાટી ખાતેના **બિરલા ક્રીડા કેન્દ્રમાં શ્રી ફાધર વાલેસના** પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે **શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાળા**ના આર્થિક સહયોગથી સ્નેહમિલન પણ યોજવામાં આવ્યું છે.

કાર્યક્રમની વિગત નીચે પ્રમાણે છે :

[] સવારના ૯–૩૦ થી ૧૦-૪૫ સુધી **શ્રીમતી સુમતિ-બહેન થાણાવાલાનું** ભકિત સંગીત

[] સવારના ૧૧–૦૦ થી ૧૨–૦૦ સુધી **શ્રી ફાધર વાલેસનું** –**'સાઠ વર્ષ : સંસ્થામાં, સમાજમાં, જીવનમાં'** એ વિષય પરનું વ્યાખ્યાન.

સવિગત કાર્યક્રમની જાણ સભ્યોને નિમંત્રણ કાર્ડ દ્વારા કરવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ સંયોજક

કે. પી. શાહ
નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

આર્યોનું વિવાહસ્વરૂપ

ⓒ તનસુખ ભટ્ટ

આર્યો ભારતમાં પાંચેક હજાર વર્ષો પૂર્વે આવેલા એમ મનાય છે. યુરોપીય વિદ્વાનો આ આગમનને આટલું બધું જૂનું માનતા નથી. તેઓ ઇ. સ. પૂર્વે દ્વેઢ બે હજાર વરસથી સંતુષ્ટ છે યુરોપીય વિદ્વાનોની એક ભ્રામક માન્યતા એવી છે કે તેમના ઇતિહાસ કે સંસ્કૃતિથી માનવજાતિનાં ઇતિહાસસંસ્કૃતિ પ્રાચીનતર ન હોઈ શકે. અમારા કરતાં વધારે સુધરેલી બીજી પ્રજા કે દેશ કેમ હોઇ જ શકે? આ તેમની માન્યતા છે. ગ્રીક નાટકોમાં સ્થળ, કાળ અને કાર્યની અખંડતા કે એકતા હતી. આને તેઓ Unity of the Time, Unity of the Place અને Unity of the Action કહે છે. સ્થળ, કાળ કે કાર્ય ન બદલાય તેથી તેમનાં નાટકો એકાંકી બનતાં અને પોણી કલાકમાં પૂરાં થતાં. પછી ઇંગ્લેંડના શેકસપિયરે આ એકતા તોડી અને વિવિધ કાળ, વિવિધ સ્થળો એક જ નાટકમાં આણી નાટકને એકાંકીના કેદખાનામાંથી છોડાવ્યું. પરંતુ જ્યારે અંગ્રેજોએ સંસ્કૃત નાટકો વાંચ્યાં ત્યારે તેઓ ડઘાઇ જ ગયા, જે અખંડતાનો નિયમ શેકસપિયરે સોળમી સદીમાં તોડેલો તે નિયમ ભાસકાલિદાસે ઇ. સ.ના આરંભમાં કે તે પૂર્વે તોડેલો ત્યારે અંગ્રેજોને થયેલું કે શેકસપિયરની કરતાં ભાસ-કાલિદાસ વધારે ડાહ્યા કેમ હોઇ જ શકે? અસ્તુ

જરા વિષયાંતર થયું ખરું પરંતુ વિષયાંતરમાં એક લાભ એ છે કે પ્રસ્તુત વિષય સિવાયના અન્ય મુખ્ય કે ગૌણ વિષયો વિષે પણ જ્ઞાન મળે છે-જોકે આને માટે વિષયની એકતાનો તાંતણો અવશ્ય તોડવો પડે છે. તર્કશાસ્ત્રની ઔચિત્યની મર્યાદા ઓળંગવી પડે છે અને નિબંધકારને બદલે જ્ઞાનકોશકાર બનવું પડે છે. વિષયથી દૂર જવું પડે છે. પણ 'વાંસડાવા આમ કે ઓમ' હાંકવામાં આપણે કોઇનો બાપ તો મારતા નથી ને?

આટલું અનાવશ્યક અભિભાષણ કર્યા પછી મૂળ વિષય ઉપર આવું છું. આર્યોના આગમન કાળે જે લગ્નવિધિ હતી તે જ લગ્નવિધિ આજે પણ જળવાઇ રહી છે તેમ યુરોપીય વિવેચકો માને છે. પરંતુ આર્યોનાં વિવાહ સ્વરૂપો વિષે સામાન્ય પ્રજાને આજે કોઇ કલ્પના નથી રહી. પહેલો લગ્ન-પ્રથાના રિવાજવા ભેદ એ છે કે આર્યોમાં પુરુષ કદી કન્યાનાં માબાપ પાસે ધન માગતો ન હતો. આજે આવું ધન મગાય છે. તેને કાઠિયાવાડમાં કરિયાવર, સુરત જિલ્લામાં વાંકડો, ખેડા જિલ્લામાં પરઠણ (પૈઠણ), મહારાષ્ટ્રમાં હુંડા અને હિંદીમાં દહેજ કહે છે બીજો ભેદ એ છે કે આજે સપ્તપદીનાં સાત પગલાં કે મંગળફેરા ફર્યા વગર બન્ને સરકારી ચોપડામાં નોંધ થવાથી તે કાયદેસર ગણાય છે. ત્રીજો ભેદ એ છે કે હવે ક્ષત્રિયોમાં સ્વયંવરો થતા નથી. તેણે નખોદ જ સરજેલું.

આર્યોમાં વિવાહનાં આઠ સ્વરૂપો છે. બ્રાહ્મ, પ્રાજાપત્ય, આર્ષ, દૈવ, ગાંધર્વ, આસુર, રાક્ષસ અને પૈશાચ. કન્યાને વસ્ત્રાભૂષણથી શણગારીને, દ્રવ્યગ્રહણ વિના જ કન્યાદાન થાય તેને બ્રાહ્મવિવાહ કહે છે. વર અને કન્યા બને સાથે જ મંત્રોચ્ચાર કરે અને બધી લગ્નવિધિમાં ગોરની જેમ વર્તે તેને પ્રાજાપત્ય વિવાહ કહે છે. વર પાસેથી એક જોડી ગાયની લઇને કન્યાનું લગ્ન થાય તેને આર્ષવિવાહ કહે છે. મંત્રોચ્ચાર કરી પુરોહિતકર્મ કરનારને જ કન્યા પરણાવાય તેને દૈવવિવાહ કહેવાય છે. કન્યા સ્વેચ્છાએ (લગ્ન પૂર્વે એકાંતમાં) પોતાનો દૃઢ પ્રેમીને સમર્પે તે ગાંધર્વ વિવાહ કહેવાય છે. પુષ્કળ ધન લઇને વરને કન્યાદાન કરાય તેને આસુરવિવાહ કહે છે. કન્યાનું અપહરણ કરીને ઉઠાવી જનાર વિવાહને રાક્ષસવિવાહ કહે છે તથા નિદ્રાવશ અથવા તો માદક પદાર્થના નશામાં બેભાન કન્યાને ઉઠાવી જવામાં આવે તેને પૈશાચવિવાહ કહે છે.

આ આઠ પ્રકારમાં પહેલા ચાર પ્રકારો બાપદાદાના પ્રાચીનકાળથી પ્રવર્તે છે. તેથી તે લગ્નપ્રકારોમાં જો પિતાની સંમતિ હોય તો તે ચારે પ્રકારે કાયદેસરના ગણાય છે. બાકીના ચારમાં જો માતા તથા પિતા બંનેની સંમતિ હોય તો જ તે કાયદેસરના વિવાહ ગણાય છે. આનું કારણ એ છે કે માતા તથા પિતા બંને કન્યાનું મૂલ્ય ધનરૂપે ગ્રહણ કરે છે. પરંતુ જો માતાપિતામાંથી એકનું મરણ થયું હોય તો તે દંપતીમાંથી એક જે જીવિત રહ્યું હોય તે કન્યાધન લે છે. વળી જો માતા અને પિતા બંનેનું મરણ થયું હોય તો પછી પરણનાર કન્યા જ આ, વરનું આપેલું ધન, સ્વીકારે છે. સંક્ષેપમાં, લગ્નના આઠ પ્રકારોમાંથી ગમે તે એક પ્રકારે લગ્ન થયું હોય, પરંતુ જો તેમાં લાગતાવળગતા પક્ષો (એટલે કે માતા, પિતા તથા કન્યા) રાજી હોય તો તે લગ્ન માન્ય ગણાય છે, હિંદીમાં પણ આવી જ કહેવત છે: 'મિયાં બીબી રાજી તો કયા કરેગા કાજી?'

પહેલા ચાર પ્રકારો સભ્ય તથા સંસ્કારી પ્રજાના છે. પાંચમો ગાંધર્વલગ્નનો પ્રકાર પણ શાકુંતલ નાટકની વાર્તા જેટલો જૂનો છે. આ જ પ્રથાને એક સંસ્કૃત શ્લોકમાં આમ વર્ણવી છે; **यः कौमारहरः स एव हि वरः** (જેણે મારા કૌમાર્યનું હરણ કર્યું તે જ મારો વર બન્યો છે.) બાકીના ત્રણ પ્રકારો તો તેના નામ ઉપરથી જ અસભ્ય, અસંસ્કારી, અનાર્ય દેખાઇ આવે છે. સમર્પણથી માંડીને તે અપહરણ સુધીની બધી દૈવીઆસુરી વૃત્તિઓ આ આઠ લગ્નપ્રકારોમાં અભિવ્યક્ત થાય છે. કાલિદાસ કહે છે કે **अर्थो हि कन्या परकीय एव** (કન્યા તો પારકી થાપણ આપણા ઘરમાં પડી છે) બીજી બાજુ એક હાસ્યજનક ટુચકો (ટુચકો જ હશે, સત્ય નહિ હોય) સાંભળ્યો છે. ચરોતરમાં એક અભણ સાસુએ જમાઇનું નાક પકડ્યું. જમાઇ વકીલ, ડોકટર, ઇજનેર કે બેરિસ્ટર હશે. તેણે સાસુ-જીને સો-પચાસ માણસો વચ્ચે લગ્નમંડપમાં તમાચો માર્યો. લગ્નમાં ફટાણાં પણ ગવાય છે અને રામસીતાના મંગળના ધોળ પણ ગવાય છે, જેમકે: સીતાને તોરણ રામ પધાર્યા...'

રસકવિ રસખાન

● પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

વ્રજભાષાના અનન્ય ભક્ત-કવિ 'રસખાન'ની કવિતા એટલે ખરેખર રસની ખાણ જ છે. કૃષ્ણભક્તિમાં આકંઠ ડૂબેલા, પ્રેમાનુભૂતિના આ મસ્ત કવિ, દિલ્હીના બાદશાહ વંશના પઠાણ હતા. સંવત ૧૬૧૫માં જન્મેલા આ કવિનું મૂળ નામ સૈયદ ઇબ્રાહિમ હતું, એમ મનાય છે. આ અદ્‌ભુત કૃષ્ણાનુરાગીની ભક્તિની ઉત્કટતા પિછાણી, શ્રી વલ્લભાચાર્યજીએ એમને દીક્ષા દઈ વૈષ્ણવ સંપ્રદાયના રપર વૈષ્ણવોમાં સ્થાન આપી એમનો આદર કર્યો હતો.

એક મુસલમાન, કૃષ્ણભક્તિમાં પ્રાણપણે ઓતપ્રોત થઈ, વૈષ્ણવ સંપ્રદાયમાં દીક્ષિત થાય એનું ઘણાને આજે આશ્ચર્ય થાય પરંતુ હકીકતમાં રસખાનનો આવિર્ભાવ જ એવા સમયમાં થયો હતો, જ્યારે કોઇને આવું આશ્ચર્ય થાય એવું ન હતું.

મુગલ સમ્રાટ અકબરના સુવ્યવસ્થિત શાસનકાળમાં સુખ-ચેનથી રહેતી જનતા ત્યારે સર્વપ્રકારે નિશ્ચિંત હતી અને કલા-સાહિત્ય પ્રત્યે વધુને વધુ અભિમુખ થતી જતી હતી. ધર્મક્ષેત્રે અકબરની વિશાળ દૃષ્ટિ ને ઉદાર વૃત્તિને લઈને તત્કાલીન ભક્તિમાર્ગનો પ્રવાહ એવા પ્રબળ વેગે વહેતો થયો કે હિંદુ-મુસલમાન બંનેએ એમાં સમાનરૂપે અવગાહન કર્યું. કૃષ્ણભક્તિની સૌંદર્યોપાસના ને મધુરિમા, સૂફી પ્રેમમાર્ગી મુસલમાન સહૃદયો માટે આમેય અનુકૂળ હતી જ! આવી પરિસ્થિતિમાં જાયસી, રહીમ અને રસખાન જેવા અનેક મુસ્લિમ કવિઓએ એમની રચનાઓ દ્વારા વૈષ્ણવ ભાવનાઓનું ગૌરવ કર્યું એનું ત્યારની પરિસ્થિતિમાં ખાસ આશ્ચર્ય નહોતું.

આ મુસલમાન કવિઓની આવી રચનાઓ એવી ઉત્કૃષ્ટ કક્ષા આંબી ગઈ કે હિન્દી નવયુગના વૈતાલિક બાબુ હરિશ્ચંદ્રે લખવું પડ્યું કે–

'ઇન મુસલમાન હરિજનન પૈ
કોટિન હિન્દુ ન વારિએ!'

પણ કહેવું જોઇએ કે આ કવિઓમાં યે રસખાનનું સ્થાન અનેરું છે!

કૃષ્ણ માટેના એમના આવા ઉત્કૃટ પ્રેમ માટે અનેક જનશ્રુતિઓ નોંધાઇ છે. એક અત્યંત માનુની સુંદરી પ્રત્યેના એમના પ્રબળ પ્રેમની ઉપેક્ષાએ એમના ધસમસતા પ્રેમપ્રવાહને કૃષ્ણ પ્રત્યે વાળ્યો ને એમના જીવનની દિશા જ બદલાઇ ગઇ એવું યે કહેવાયું છે.

વળી એમ પણ કહેવાયું છે કે શ્રીમદ્ ભાગવતનો ફારસી અનુવાદ વાંચીને, ફારસીના આ વિદ્વાન એવા ભાવવિહોર થઇ ગયા હતા કે કૃષ્ણ-દર્શનની તાલાવેલી એમને છેક ગોકુળ સુધી ખેંચી ગઇ ને અંતે એ દીક્ષિત વૈષ્ણવ બન્યા.

વ્રજભાષા તો ત્યારે ઉત્કર્ષની ઊંચાઇ એ પહોંચી ચૂકી જ હતી; પરંતુ આ સૌંદર્યોપાસક રસિક જીવની રચના-ઓમાંની તન્મયતા, સ-રસતા, મધુર પ્રાસાદિકતા ને શૃંગારની પ્રવાહિતામાં એ ઔર ખીલી ઊઠી. વ્રજભાષાનું સમસ્ત માધુર્ય એમની રચનાઓમાં સતત નીતરતું રહ્યું.

કૃષ્ણ માટેના એમના પ્રગાઢ પ્રેમ પાસે જપ, તપ, વ્રત, આદિ માટે કોઇ સ્થાન જ ન હતું. સર્વાંગી સમર્પણમાં જ રાચતી આ કવિની જન્મજન્માંતરની આરત તો જુઓ–

માનુષ હૌં તો વહી રસખાનિ
બસૌં સંગ ગોકુલ ગાંવ કે ગ્વારન;
જો પસુ હૌં તો કહા બસુ મેરો?
ચરૌં નિત નંદ કી ધેનુ મંઝારન!
પાહન હૌં તો વહી ગિરિકો
જો ધર્યો કર છત્ર પુરંદર ધારન;
જો ખગ હૌં તો બસેરો કરૌં
નિત કાલિન્દી કુલ કદમ્બકી ડારન

હે પ્રભુ, આવતા જન્મમાં માણસ બનું તો ગોકુળના ગોવાળિયાઓ વચ્ચે જ રહું; પશુ તરીકે જન્મું તો નંદની ગાયો વચ્ચે જ ફરું; પત્થર થઇને જન્મું તો ભગવાન કૃષ્ણે ઊંચકેલા ગોવર્ધન પહાડ પર જ મારું સ્થાન હોય ને પક્ષીનું જીવન મળે તો કાલિંદીના કિનારે કદમ્બવૃક્ષ પર જ મારો વાસ હો!

હૈયાના ઊંડાણમાંથી અવતરતી એમની આ લયબદ્ધ ભાવનાઓ કેવી આકર્ષક છે!

કૃષ્ણના અલૌકિક સૌંદર્યસાગરમાં ડૂબેલી ગોપીની હાલત જોઇ છે?

'રસખાનિ બિલોકત બૌરી ભઇ
દૃગ મૂંદિ કે ગ્વાલિ પુકારી હસી હૌ'

કૃષ્ણના દર્શનથી બાવરી બનેલી ગોપી, આંખો મીંચી, એ શોભાસાગરને રમી રહી છે, ત્યારે એની સખી હસીને કહે છે 'આંખો તો ખોલ!' પણ પેલી કંઇ આંખો ખોલે?! એ તો કહે છે 'આ આંખોમાં તો એ મોહિની મૂરતે બેઠી છે. આંખો ખોલું તો ચાલી જ જાય ને! નહીં ખોલું!'

'ખોલ રિ નૈનનિ! ખોલૌં કહા,
વહ મૂરતિ નૈનન માંઝ બસી હૈ!'

કૃષ્ણને પામવા–એની જોડે એકરૂપ થવાની ગોપીની ઉત્કટ અભિલાષા પણ કેવી છે–

મોરપખા સિર ઉપર રાખિ હૌં
ગુંજ કી માલ ગરે પહિરૌંગી;
ઓઢિ પીતાંબર, લૈ લકુટિ, બન
ગોધન ગ્વારનિ સંગ ફિરૌંગી
ભાવ તો વો હિ મેરો 'રસખાનિ'!
સો તેરે કહે સબ સ્વાંગ કરૌંગી;
વા મુરલી મુરલીધરકી
અધરાન ધરી અધરા ન ધરૌંગી.

કનૈયા, તારી જેમ જ માથે મોરપિચ્છ ને ગળે ગુંજોડીની માળા ધારણ કરીશ ને પીતાંબર પહેરી, લાકડી લઇ, ગોવાળો જોડે તારી જેમ ગાય ચરાવવા પણ જઇશ. બધું તારી જેમ જ કરીશ-તું કહીશ તેવા વેશ ધારણ કરીશ! પણ કનૈયા, એક વાત નહીં બને! કઇ વાત?

મુરલીધરે હોઠ પર મૂકેલી-ચૂમેલી વાંસળી હું મારા હોઠ પર નહીં મૂકું! શા માટે? કૃષ્ણના હોઠને રપર્શી, એ તો મારી શોક જ હોય ને! એને તે વળી હું મારા હોઠને

અડકાડું ? કદી નહીં–

વા મુરલી મુરલીધરકી
અધરાન ધરી, અધરા ન ધરૌંગી

અભિવ્યક્તિનું એમનું આવું અનોખાપણું જ એમની રચનાઓના આકર્ષણનું કેન્દ્ર છે.

કૃષ્ણની બાળલીલાના દશ્યોમાં પણ એમનો ભક્તિભાવ કેવો છલકાય છે ! નાનકડું પીતાંબર ને પગે ઝાંઝર પહેરી કૃષ્ણ હાથમાં ખાવાનું લઇ, આંગણામાં રમતાં રમતાં ખાય છે ને ફરે છે; ત્યાં તો કાગડો આવીને એમના હાથમાંથી માખણરોટી ખૂંચવી ગયો – રસખાનની દૃષ્ટિ તો જુઓ – એ કહે છે...

'કાગ કે ભાગ બડે સજની
હરિ હાથ સૌં લે ગયો માખનરોટી'

કાગડો યે નસીબદાર ને! ખુદ ભગવાનના હાથમાંથી એને ખાવાનું મળ્યું, એ એનું કેવું સદ્‌ભાગ્ય છે!

પ્રેમલક્ષણાભક્તિના આ કવિને મન પ્રેમ જ સર્વોપરિ છે. પ્રેમ તો ભગવાનને પણ કેવા નચાવી શકે છે, જુઓ–

અનાદિ અનંત એવા જે ભગવાનની ખુદ ગણેશ, મહેશ, દિનેશ (સૂર્ય), ઇન્દ્ર શેષનાગ વગેરે દેવતાઓ પણ સ્તુતિ કરતા હોય છે–

સેસ ગનેસ, મહેસ, દિનેસ
સુરેસ હુ જાહિ નિરંતર ગાવૈં–

એવા કૃષ્ણને-કનૈયાને ગોપીઓ–'અહિરકી છોહરિયાં'– કેવા નાચ નચાવે છે–

તાહે અહીરકી છોહરિયાં
છછિયા ભરી છાછ પૈ નાચ નચાવે !

છાશ વલોવતી ગોપીઓ પાસે જઇ કનૈયો છાશ માગે છે; ત્યારે ગોપીઓ કહે છે–'તું નાચે તો વાટકી છાશ મળે !' ને કૃષ્ણ એમની પાસે નાચે છેય ખરાં !

આવા અનોખા, મર્મસ્પર્શી ને ભાવસભર શબ્દચિત્રો આંકવામાં રસખાન નિષ્ણાત છે.

રસખાનના આવા 'સવૈયા' એટલા લોકપ્રિય થઇ પડ્યા હતા કે એ જમાનામાં લોકો એ 'સવૈયા'ને જ 'રસખાન' કહેતા થઇ ગયા હતા.

કૃષ્ણભક્તિમાં જ ડૂબેલા રસખાન ભગવતી ભાગીરથી માટે પણ ભક્તિભાવ ધરાવે છે. ગંગામૈયાનું ગૌરવ ગાતી એમની પંક્તિઓનો વિશિષ્ટ અભિગમ તો જુઓ–

એ રી સુધામયી ભાગીરથી
સબ પથ્ય અપથ્ય બનૈ તુહિ પોસે
આક ધતૂરા ચબાત ફિરૈ
વિષ ખાત ફિરૈ શિવ તેરે ભરોસે !

હે અમૃત જેવું જળ ધરાવતી ભાગીરથી ! તને પ્રસન્ન કરનાર માટે પરેજી રાખવા જેવું કંઇ રહેતું ન થી-બધું પથ્ય બની જાય છે, ભગવાન શંકર પણ આકડો ને ધતુરો ય નિર્ભયપણે ચાવી જાય છે તે તારે ભરોસેરતો !

આવી લલિત-મધુર પદાવલિના રચયિતા ભક્તકવિ રસિક પ્રેમી રસખાને સંવત ૧૬૮૫માં હંમેશને માટે વિદાય લીધી.

પણ રસછોળો ઉડાડતી એમની પ્રેમભરત રચનાઓની મહા મૂલી મૂડી હંમેશને માટે આપણને સોંપતા ગયા છે. *

શ્રી સનત મહેતાનું વ્યાખ્યાન

સંઘના ઉપક્રમે નીચે પ્રમાણે વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે.

વ્યાખ્યાતા : શ્રી સનત મહેતા
ચેરમેન, સરદાર સરોવર નર્મદા નિગમ લિ.
વિષય : Gujarat its Oil Fields and the Centre.
ગુજરાતના તેલભંડારો અને મધ્યસ્થ સરકાર.
દિવસ : મંગળવાર, તા. ૨૫મી એપ્રિલ, ૧૯૮૯
સમય : સાંજના ૬-૧૫ વાગે
સ્થળ : વાલચંદ હીરાચંદ સભાગૃહ, ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦૦૨૦.

આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન શ્રી અમર જરીવાલા લેશે.
સર્વેને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ –મંત્રીઓ

સાભાર સ્વીકાર

* **મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી.** સંપાદક ડો. રમણલાલ ચી. શાહ, સહસંપા. શૈલેશ એચ. કોઠારી તથા ગુલાબ દેઢિયા. પાકું પૂઠું * પૃષ્ઠ-૧૭૦ * મૂલ્ય રૂા. ૫૦. **પ્રકાશક :** શ્રી વલ્લભસૂરિ સ્મારક નિધિ-મુંબઇ.

* **વલ્લભ પ્રવચન** ભાગ-બીજો (હિન્દીમાં). **સંપાદક :** મુનિ નેમચંદ્રજી * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૪૭૨ * પ્રકા. શ્રી આત્માનંદ જૈન મહાસભા-ઉત્તર ભારત, લુધિયાના (પંજાબ).

* **ઊતરો સાગર પાર** (હિન્દી) સંપા. મુનિશ્રી ધર્મધુરંધર-વિજયજી * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ-૧૨૦ * મૂલ્ય : રૂ. ૧૩ પ્રકા-શ્રી આત્માનંદ જૈન સભા, ૩૬-૪૧, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩ * **કુલ બનો મહુકાઓ બગીચા** સંપાદક, પ્રકાશક અને મૂલ્ય ઉપર મુજબ * **ગૌતમ રાસ પરિશિલન** (હિન્દી) લે. મહોપાધ્યાય વિનયસાગર * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ - ૧૩૪ મૂલ્ય રૂ. ૧૫- પ્રકા. પ્રાકૃત ભારતી અકાદમી ૩૮૨૬, યતિ શ્યામલાલજીનો ઉપાશ્રય, મોતિસિંહ ભોમિયાકા રાસ્તા, જયપુર – ૩૦૨૦૦૩ * **નવપદ સાધના ઔર સિદ્ધિ** (હિન્દી) લે. આ. શ્રી વલ્લભસૂરિજી મ. * ડેમી સાઇઝ પૃષ્ઠ ૪૪૪ * મૂલ્ય રૂા ૫૦- પ્રકા. શ્રી આત્માનંદ જૈન મહાસભા ઉત્તર ભારત – લુધિયાના (પંજાબ) * **ભારતીય ધર્મો મેં મુક્તિ વિચાર** (હિન્દી) લે. યુવાચાર્ય ડો. શિવમુનિ ડેમી સાઇઝ * પૃષ્ઠ-૨૧૨ મૂલ્ય રૂા. ૮૦/ પ્રકા. શ્રી અખિલ ભારતીય જૈન વિદ્વત પરિષદ સી ૨૩૫, એ. દયાનંદ માર્ગ, તિલકનગર જયપુર-૩૦૨૦૦૪.

* **હેમ સ્વાધ્યાય પોથી** સંપા પં. શીલચંદ્રવિજયજી ગણિ * ડેમી સાઇઝ મૂલ્ય રૂા. ૪૦/- * પ્રકા. શ્રી હેમચંદ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ સંસ્કાર શિક્ષણનિધિ-શ્રી વિજયનેમિસૂરિ જ્ઞાનશાળા, પાંજરાપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧ * **પરમાગમ સાર** * સંપા. દિનેશભાઇ મોદી * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૧૬૪, * મૂલ્ય રૂ. ૨૦/- પ્રકા. શ્રીમતી સરસ્વતી જોરાવરમલ-મોદી મેમોરિયલ ટ્રસ્ટ, ૯૨૪, રટોક એક્ષચેન્જ ટાવર, દલાલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૨૩.

* **મૂકસેવક અને બોલતા હૈયાં** (કીકુભાઇ નાયક અભિનંદન ગ્રંથ) સંપા. અબ્બાસઅલી તાઇ, ભીમજીભાઇ નાયક, મગનલાલ નાયક * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૪૦૭ * મૂલ્ય રૂા. ૩૦ પ્રકા. શ્રી કીકુભાઇ ગુલાબભાઇ નાયક અમૃત મહોત્સવ સમિતિ, તા. ગણદેવી જિ. વલસાડ મુ. પો. કછોલી પીન. ૩૯૬૩૭૦.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વસંત વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા તા. ૩-૪-૧૯૮૯થી તા. ૫-૪-૧૯૮૯ સુધી એમ ત્રણ દિવસ માટે ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના સભાગૃહમાં યોજવામાં આવી હતી. વિષયો હતા – Towards the New world – નવી દુનિયા તરફ ગતિ – ચીન અને રશિયામાં પરિવર્તન, મધ્ય પૂર્વમાં ફેરફારો અને પાકિસ્તાનમાં પરિવર્તન. વ્યાખ્યાતાઓ હતા કેન્દ્ર સરકારના ભૂતપૂર્વ વિદેશસચિવ શ્રી એ. પી. વેંકટેશ્વરન, અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટીના ચાન્સેલર ડૉ. રફિક ઝકરિયા અને કલકત્તાના ખ્યાતનામ દૈનિક 'ધ ટેલિગ્રાફ'ના તંત્રી શ્રી એમ. જે. અકબર. આ વ્યાખ્યાનમાળાનો સક્ષિપ્ત અહેવાલ નીચે પ્રમાણે છે:

શ્રી એ. પી. વેંકટેશ્વરને ચીન અને રશિયામાં પરિવર્તન એ વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે ચીન દેશ ભારે પ્રગતિ સાધી શક્યો કારણ કે ત્યાં નવી પેઢીના હાથમાં નેતાગીરી આવી પડી અને આ નવી નેતાગીરીને ભૂતકાળથી સંતાપ ન હતો. જૂની પેઢીએ જે લક્ષ્યાંકો નક્કી કર્યા હતા તે નજીકના ભવિષ્યમાં સિધ્ધ થવાની કોઇ શકયતાઓ ન હતી. ચીને ચાર સિદ્ધાંતો અપનાવ્યા છે અને તે એ છે કે વાસ્તવિકતા જેવી છે તેવી રીતે તેનો સામનો કરવો, ફરજ પડે તે અગાઉ પરિવર્તન અપનાવવું, જ્યાં તુલના ન થાય ત્યાં તુલના કરવા બેસી ન જવું અને તમારા ભાવિ પર બીજા કોઇ કાબૂ રાખે તે અગાઉ તમે જ કાબૂ રાખો.

ચીનને મોટો લાભ એ છે કે ચીનમાં અઠ્ઠાણું ટકા ચીનાઓ એક જ જાતિના-રેઇસના છે. એમની ભાષા પણ એક જ છે. પણ ચીનની પ્રજાનો સ્વદેશપ્રેમ નોંધપાત્ર છે. ચીનમાં પણ સામ્યવાદી પક્ષમાં ભાગલા છે જ. ચીનને મહાન કુદકામાં નિષ્ફળતા મળી છતાં ત્રણ પેઢીઓ દરમિયાન જેટલા સુધારા ન થઇ શકે એટલા સુધારા ચીનમાં એક જ પેઢીએ કરી બતાવ્યા છે અને શાણપણ વાપરી ચીને અમેરિકા સાથેના સંબંધો સુધાર્યા છે.

રશિયામાં ગોર્બાચોવે સમાજને મુકત કરવા ત્રણ સિદ્ધાંતો આપ્યા. પેરારટ્રોઇકા દ્વારા સમાજનું પુનર્ગઠન કરવાની, સામુદાયિક નિર્ણયો લેવાની તથા નૂતન વિચારની છૂટછાટ એમણે અપનાવી જે તાજેતરની મોસ્કોની ચૂંટણીમાં જોઈ શકાય છે. પણ એક તરફ પક્ષનું સામુદાયિક બળ તથા બીજી બાજુ વ્યકિતગત વિચારો વચ્ચે ગોર્બાચોવે કામ કરવાનું છે, તે આપણે ભૂલવું ન જોઇએ.

ડૉ. રફિક ઝકરિયાએ 'મધ્ય-પૂર્વમાં ફેરફારો' એ વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે મધ્યપૂર્વના વિસ્તારની આજની સમસ્યાઓને બરાબર સમજવી હોય તથા આ સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ કરવું હોય તો મધ્યપૂર્વનો ઇતિહાસ આપણે પાશ્ચાત્ય દેશોના ઇતિહાસકારોની નજરે નહીં પણ સ્વતંત્ર અને તટસ્થ દૃષ્ટિએ તપાસવો પડશે.

મધ્ય-પૂર્વમાં સહુથી મોટામાં મોટા તથા વ્યાપ્ત સંઘર્ષો મુસ્લિમો અને ખ્રિસ્તીઓ સાથે કુઠેડના સમયથી થયાં છે. એ વખતે ઓટોમન સામ્રાજ્ય તરીકે મુસ્લિમોએ હંગેરી, બલ્ગેરિયા તથા રશેનમાં પગપેસારો કર્યો હતો.

પ્રથમ વિશ્વયુદ્ધ પછી મધ્યપૂર્વનાં જે રાજ્યો બ્રિટન, ફ્રાંસ વગેરેની સત્તા અને વર્ચસ્વ હેઠળ હતાં એ બધામાં સ્વતંત્ર થવા માટેની હવાએ જોર પકડયું ત્યારે રશિયા અને અમેરિકા જેવી મહાસત્તાઓએ ત્યાં વર્ચસ્વ જમાવવાનો પ્રારંભ કર્યો અને બીજા વિશ્વયુદ્ધ બાદ આ પરિસ્થિતિએ ગંભીર સ્વરૂપ પકડયું. પરિણામે ઇરાન અને ઇરાક વચ્ચે ગંભીર યુદ્ધ ખેલાતાં યુદ્ધમાં દસ લાખ માનવીઓ માર્યા ગયા અને ભારે ખુવારી થઇ.

શ્રી એમ. જે. અકબરે 'પાકિસ્તાનમાં પરિવર્તન' એ વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે બ્રિટિશરોને ભારત પરનું શાસન છોડવું પડે તે રુચતી વાત ન હતી. તેથી જ્યારે તેમને દેશ છોડવો પડયો ત્યારે ભારતને અસંખ્ય ભાગમાં વહેંચી નાખવાની યોજના ઘડી હતી. પાકિસ્તાનની સ્થાપનાનો મૂળ ખ્યાલ ઝીણાનો નહિ પણ બિહારના કેટલાક મુસ્લિમ જમીનદારોનો હતો. ભૂતકાળના મુસ્લિમ શાસકોના આ વંશજોને મોગલ સામ્રાજ્ય ગુમાવ્યાનો વસવસો હતો. આનો લાભ બ્રિટિશ શાસકો તરફથી ભારતમાં લઘુમતી તરીકે રહેલ મુસ્લિમોમાં હિન્દુ બહુમતીનો ભય ઊભો કરવામાં આવ્યો હતો. અને એમાંથી સંરક્ષણના નામે પાકિસ્તાનની સ્થાપના જ એક ઇલાજ છે. એમ ઠસાવવામાં આવ્યું હતું. અને બ્રિટિશ સરકારે જાણી જોઇને પાકિસ્તાનની સ્થાપનાને સમર્થન અને વેગ આપીને પોતાની મેલી મુરાદ સફળ બનાવી હતી.

પાકિસ્તાનની સ્થાપના પાછળ કોઇ બુદ્ધિગમ્ય કારણ ન હોવાથી પાકિસ્તાનની સ્થાપના થયા બાદ પણ એની પાસે કોઇ ચોકકસ સિદ્ધાંતો કે આદર્શો હતા નહીં પરિણામે પાકિસ્તાનની સ્થાપના માટે ભારે ઝુંબેશ ઉપાડનાર મુસ્લિમ લીગ પાકિસ્તાનના ઇતિહાસમાં કયારેય શાસક પક્ષ તરીકે વિજય પામી શકયો નહિ. પાકિસ્તાનની પ્રજા પાસે પણ કોઇ ચોકકસ કાર્યક્રમ ન હોવાથી ત્યાં એક પછી એક સરમુખત્યારોના હાથમાં સત્તા કેન્દ્રિત થઇ. હવે ધીમે ધીમે પાકિસ્તાનની પ્રજાને પણ ખાતરી થઇ ગઇ છે કે દેશની એકતા ધર્મ મારફત નહિ પણ લોકશાહી મારફત જ સ્થાપી શકાય તથા જાળવી શકાય આથી પાકિસ્તાનમાં પ્રજાકીય અવાજનો વિજય થતાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના હાથમાં સત્તા આવી છે. બેનઝીર ભૂટ્ટો વઝીરે આઝમ બની શકયાં છે. એમનો વિજય દર્શાવે છે કે ત્યાં મઝહબથી ખેરખાં ઓને પ્રજા સાચા સ્વરૂપમાં સમજી ગઇ છે.

વ્યાખ્યાનમાળાનો પ્રારંભ શ્રીમતી કોકિલાબહેન વકાણીની મંગલ પ્રાર્થનાથી થયો હતો. પ્રમુખસ્થાને શ્રી અમરચંદ જરીવાલા હતા તેમણે ત્રણે વ્યાખ્યાતાનો પરિચય આપ્યો હતો. સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે સૌનું સ્વાગત કર્યું હતું. મંત્રી શ્રી નિરુબહેન એસ શાહે વ્યાખ્યાતાઓનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું. ત્રણે દિવસના વ્યાખ્યાનના અંતે અનુક્રમે ડૉ. કાલિન્દી રાંદેરીએ, શ્રી પ્રવિણચંદ્ર કે. શાહે અને શ્રી એમ. વી. કામથે આભાર-વિધિ કરી હતી.

સંકલન : ચીમનલાલ કલાધર

દાન–ત્યાગ–વૈરાગ્ય

પંડિત શ્રી પનાલાલ જગજીવન ગાંધી

ભગવાનની મૂર્તિમાં ચેતનાનો અંશ કે આત્માનો કોઈ ગુણ રહેલ નથી અને છતાંય તેમાં પરમાત્મતત્વની સ્થાપના –પ્રાણ પ્રતિષ્ઠા–અંજનશલાકા વિધિથી કરી ભગવાનનો–પરમાત્માનો પ્રતિમામાં આરોપ કરીને પરમાત્મા તુલ્ય માનીએ છીએ અને 'જિન પડિમા, જિન સારીખી' લેખીએ છીએ તો પછી સ્વયં સાવરણ સાંસારિક જીવોમાં અવરાયેલ પરમાત્મતત્ત્વ–કેવળજ્ઞાન–સિદ્ધત્વને જોઈને પરમાત્મતુલ્ય સેવા કેમ નહીં કરવી?

તે ક્યારે બને? જ્યારે મનુષ્યનો લક્ષ્યાર્થ દાન એટલે કે 'આપવું' એ બની જાય અને ત્યારે સમજાય છે કે પુણ્યના ઉદયથી મળેલને પણ લેવાય નહિ, પરંતુ તેનો સદુપયોગ જ થાય. આ સદુપયોગ જીવનમાં એટલે સુધી ઉતારવાનો છે કે બીજાઓને વહેંચતા જવું અર્થાત્ ત્યાગ કરવો, પરિગ્રહ ઓછો કરવો. મૂર્ચ્છા ઉતારવી અને ધીમે ધીમે દાનના લક્ષ્ય અર્થે પોતાની જરૂરિયાતો ઓછી કરતા જવું આનું બીજું નામ ત્યાગ છે.

ત્યાગ પરદ્રવ્યનો કરાય. એટલે કે તન–મન અને ધન આ ત્રણે મારા નથી માટે મારે ન જોઈએ એ વૃત્તિપૂર્વકનો ત્યાગ એ સાચો ત્યાગ છે સાચું દાન છે, તેમ કરતા કરતા પર વિષે જાગૃતિ રહેશે, જેથી પર ને સ્વ માનવાની ભૂલ નથી કરી બેસતાં, હકીકતમાં જે પરમાં ત્યાગ–વિરાગભાવે જાગૃત રહી શકે છે તે જ સ્વમાં લીન થઈ સ્વમાં પરિણમી શકે છે.

આપણું એ જ કહેવાય જે આપણાથી છૂટ નહિ અને બહારથી આવીને ચોંટે નહિ. જે વસ્તુ આપણી પોતાની હોય તેનું ગ્રહણ કેવી રીતે થાય તો તેનો ત્યાગ? પણ કેવી રીતે થાય? આત્માનો સ્વભાવ ગ્રહણરૂપ નથી, ગ્રહણ એ પુદ્ગલનો ગુણ છે તો પરને પરદ્રવ્યનું જ દાન હોય અને સ્વને સ્વગુણ પર્યાયના વિકાસરૂપ દાન હોય. પોતે પોતાને વિશેષ આત્મશુદ્ધિ કરાવનારો ભાવ આપવો જોઈએ.

સ્વવીર્યનું દાન સ્વને જ હોય અને સ્વવીર્યની શક્તિનો સદુપયોગ બીજા જીવો પરત્વે હોય છે. આવી વૃત્તિ જ્યારે કેળવો ત્યારે, તેવી, વૃત્તિ એ દ્રષ્ટિ કહેવાય છે. દ્રષ્ટિ એ આંતરીક દશા છે. ક્રિયા નથી, દાન, ત્યાગ એ ક્રિયા છે, પ્રવૃત્તિ છે. જ્યારે ભાવ, દયા, એ દ્રષ્ટિ છે, પ્રવૃત્તિનું કારણ વૃત્તિ છે.

દયા–કરુણા થાય તો હૃદયની કોમળતા સમજાય, પણ હૃદયની કોમળતાની સિદ્ધિરૂપ કાર્ય જો દાનગુણ વર્તાય તો દયા થયું ગણાય. હૃદય દ્રવ્યું એ નકારાત્મક (Negative) ગુણ છે. દાન આપીએ તે હકારાત્મક (Positive) ગુણ છે. દ્રવ્ય દ્રવે છે, દયા આવે છે અને દાન આપીએ છીએ તે સારું છે પરંતુ તે દ્રવવાનું પણ બંધ થવું જોઈએ. દાન વિશેષ આપીને બીજાનાં દુઃખ દુર કરવા ધનશક્તિનો સદ્વ્યય કરવો જોઈએ.

શક્તિનો સદ્પયોગ એ ગુણ છે શક્તિનો દુરોપયોગ એ દોષ છે. જો દાનનો પરમાર્થ ન સમજાય તો દાન ગુણને બદલે દોષ બની જશે અને પર પદાર્થનો દુરોપયોગ થશે અર્થાત્ પાપક્રિયા થશે અને પરિણામે પાપ બંધ થશે. આપણી પોતાની ભાવદયા કરવા પુણ્યબંધ કરવા બીજાઓ પ્રત્યે દ્રવ્યદયા કરવાની છે. પાપભીરૂતા અને ભવભીરૂતા એ સ્વ પ્રતિની ભાવદયા છે. આરંભ સમારંભ, પરિગ્રહ અને ભોગમાં પાપબંધ છે.

આ પાપબંધને અટકાવવા માટે દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ત્યાગધર્મ આપણામાં બતાવ્યાં છે. દાન: દાન એટલે પરિગ્રહ અર્થાત્ ધન–ત્યાગનું પણ લેવું નહિ. ત્યાગભાવે અને ત્યાગ ક્રિયાએ જડ પદાર્થોની માલિકીમાંથી છૂટવાનું છે. પુણ્યના ફળસ્વરૂપે વિશેષ પરિગ્રહ મળે અને ભોગવીએ તો નરક અને તિર્યંચગતિ મળે છે.

શીયળ : શરીરમાંથી પાપાચારનો ત્યાગ, સદ્વર્તન સદ્વ્યવહાર સદાચાર એ શીયળ છે. તપ : પાંચ જ્ઞાનેન્દ્રિયના વિષયભોગનો ત્યાગ સહ ઇન્દ્રિયદમન–દેહદમન તેનું નામ તપ. ભાવ : મનનાં અને બુદ્ધિનાં અહમ્નો ત્યાગ. મન, શરીર, ઇન્દ્રિયો અને પરિગ્રહ આદિ સર્વ વળગાડ છે, આવરણ છે. દમાણ છે. આ સર્વગ્રહણથી અગ્રહણ થવા માટે જ્ઞાની ભગવંતે દાન, શીલ, તપ, ભાવરૂપ એ ચાર પ્રકારનો ધર્મ પ્રરૂપેલ છે.

ત્યાગ કરે અને મનુષ્ય ત્યાગની ટેક ન છોડે તો રાગ ઘટી જશે અને મટી જશે. આ વ્યવહારથી નિશ્ચયની પ્રક્રિયા છે. જ્યારે રાગ ઘટે અને વિરાગ સાચો આવે ત્યારે એ નિશ્ચયથી વ્યવહારની પ્રક્રિયા છે. વૈરાગ્ય એ દ્રશ્ય તત્ત્વ નથી. ત્યાગ આ દ્રશ્ય તત્ત્વ છે. વૈરાગ્ય એ દ્રષ્ટિ છે.

જેની પાસે છે અને છોડી દીધું છે તે પ્રાપ્તનો ત્યાગ છે. એ દાન છે. જેની પાસે છે, નહિ અને કાંઇ જોઇતું નથી તે અગ્રહણનો, ત્યાગ છે એ વૈરાગ્ય છે. અને તે અપ્રાપ્તનો ત્યાગ છે. અર્થાત્ ઇચ્છાનો ત્યાગ છે સહજ કરવું, જતું કરવું અને કરી છૂટવું તે વૈરાગ્ય છે. નહિ તો દેહભાવો છે. શરીરને શરીર માટે સાધન બનાવનાર સંસારી છે. આત્મા માટે શરીરને સાધન બનાવનાર અપરિગ્રહી–ત્યાગી છે. તે દાનધર્મ વિના શક્ય નથી.

મન, વચન, કાયા એ ત્રણે યોગ છે. મનુષ્ય યોનિમાં ચોથો યોગ દાન છે તન, મન, વચનથી કર્મ કરે પણ જો ધન હોવા છતાં ધનથી ધર્મ ન કરે તો તેવો કરેલો ધર્મ ફળતો નથી.

લક્ષ્મીનાં માર્ગ ત્રણ છે. દાન, ભોગ અને નાશ. જે મનુષ્ય લક્ષ્મીનો દાસ બન્યાં વિના ભોગ કરે છે. તેને સાત્વિકતા આવે ત્યારે તે ભોગી મટીને યોગી બને છે. લક્ષ્મીનાં નાશ પહેલાં ભોગવવી સારી અને એથી સારું એનો સદુપયોગ કરવો, દાન કરવું. જ્યારે પર વસ્તુ માટે આ ભાવ આવશે ત્યારે વિષયરહિત થવાશે. એ આચરણ ધર્મ છે અને સજાતિય જીવો પરત્વે પ્રેમ વાત્સલ્ય, અહિંસા, સેવા, પરોપકાર આદિ રાખીશું તો કષાયરહિત થઇશું આ ઔચિત્ય વ્યવહાર ધર્મ છે.

દાન ત્રણ પ્રકારે છે.

૧) શરીર આશ્રિત દાન, ૨) આત્મા આશ્રિત દાન અને ૩) આત્મદાન.

બીજાઓને દાન દેવાનાં પદાર્થ એટલે અન્નદાન ઔષધદાન આચ્છાદાન (વસ્ત્ર) અને આશ્રયદાન (વસતિ રહેઠાણ) આ છે દ્રવ્ય દાન – શરીર આશ્રિત દાન. આ દાન આપનારને દાનેશ્વરી કહેવાય છે.

જ્યારે જીવને એના શુદ્ધ સ્વરૂપની સમજણ આપી પંચાચારની પાલનાની આવશ્યકતાને આત્મિયતા

બતાડી, પંચાચારના પાલના જોડવાં એ આત્માઆશ્રિત દાન છે, ભાવદાન છે એ જ્ઞાન 'ગુરુ' આપે છે. આ જ્ઞાનથી આપણે આપણી જાતને નિર્વિકલ્પક ઉપયોગમાં આત્મજ્ઞાન, આત્મધ્યાનમાં લીન રાખવાની છે એટલે જ મહામહોપાધ્યાયજીએ આ અંગે ફરમાવ્યું છે કે...

'નિજ દયા વિણ કહો, પર દયા હોય કવણ પ્રકારે?'

દેહાવશ્યક સાધન – સામગ્રીનાં દાન અને જ્ઞાનદાન ઉપરાંત એક ત્રીજા પ્રકારનું દાન છે તે અભયદાન છે આપણા તરફથી પ્રાણીમાત્ર અભયને પામે અર્થાત ભય રહિત થાય તે અભયદાન જીવને છોડાવવા, તેનાં પ્રાણ હરતા બચાવવા તે અભયદાન છે જ પરંતુ અભયદાન દેનારી વ્યક્તિ પરમાત્મ સ્વરૂપે તૈયાર થઇ હોવી જોઇએ. સાધુ ભગવંતોથી કોઇ દુર્જન જીવ પણ ડરે નહિ, તેઓ ષડકાય રક્ષક છે. તે જ સાચા અભયદાનનાં દેનારા છે.

આપણે કષાયરહિત થઇએ તો જગતના જીવો આપણાથી ભયરહિત થાય. આમ દેહાશ્રિત દાન એટલે દ્રવ્યદાન ગુરૂ દ્વારા દેખાતું આત્માઆશ્રિત દાન તે જ્ઞાનદાન છે. અને ત્રીજું સ્વયં દ્વારા સહજ સ્થિતિથી અન્ય સહુને નિર્ભયતા બક્ષનારી આત્માની પ્રશાંત અવસ્થાથી અન્યને સહજ જ અભયતાનું દાન છે જે અભયદાન છે. આમ દાનધર્મ દ્વારા જૈન ધર્મ વસ્તુઓ અને વ્યક્તિઓ પ્રત્યેનો વ્યવહારધર્મ બતાવી અભ્યંતરતાએ નિષ્કષાય, નિર્વિકારી, નિરાવરણ એવાં શુદ્ધ બનવાનું શીખવે છે.

આમ સ્વરૂપ સમજીને સ્વરૂપ પામવા માટે દાન, ત્યાગ–વિરાગમને કેળવવા જોઇએ. દાન એટલે ફકત 'આપવું' એટલું જ નહિ પરંતુ છોડવું અને છૂટવું. આત્મા પ્રેમસ્વરૂપ છે. નિશ્ચીય સ્વરૂપથી સહુએ આત્મા એક સ્વરૂપ છે, માટે તેમની પ્રત્યેના પ્રેમથી પ્રેરાઇને આપણી પાસે હોય તે આપવું જોઇએ તે પ્રેમનો વ્યવહાર છે. એ પ્રેમનું વ્યકત સ્વરૂપ છે. ક્રિયા અને ભાવ છે.

ક્રિયા, ભાવ અને લક્ષમાં ભેદ છે. ત્યાગક્રિયા, ત્યાગભાવ અને ત્યાગલક્ષ્ય–એ ત્રણેનાં ભેદ સમજવા જોઇએ.

ગ્રહણરૂપે દેખી શકાતી પર વસ્તુના ત્યાગની ક્રિયા એ ત્યાગક્રિયા છે. ત્યાગક્રિયાની સાથે અંદરમાં ત્યાજ્ય પદાર્થ પ્રત્યે યત્કિંચિત પણ વૈરાગ્ય ભાવ હોય અને વધારે ત્યાગ કરવાની રુચિ હોય તે ત્યાગભાવ કહેવાય. ત્યાગભાવ વધે તો ત્યાગક્રિયા વધે. પ્રાપ્તનો કે જેનો સંયોગ થયો છે, એ ગ્રહિતનો વિયોગ થતાં, એનો અભાવ થતાં, ભાવમાં લેશમાત્ર ફરક નહિ પડે તે તો ત્યાગલક્ષ્ય કહેવાય.

ત્યાગાભાવે અને ત્યાગક્રિયાએ કરીને જડ પદાર્થોની ક્રિયાથી અને માલિકીમાંથી છૂટવાનું છે. પર એવાં પુદ્ગલ પદાર્થોને કર્તા–ભોકતા ભાવથી, અહમ્ મમત્વ ભાવથી આત્માની સર્વ શકિત વડે, ચોમેરથી ગ્રહણ કરવા તેનું નામ 'પરિગ્રહ' તેને જ છોડવાનાં છે.

ત્યાગક્રિયા દરમ્યાન પ્રતિકૂળ સંજોગોમાં પણ ચિત્તની પ્રસન્નતા જળવાય રહે તો ત્યાગ સાચો થયો સમજવો. જો ત્યાગ લક્ષ્ય નથી તો તેના અભાવે સંજ્ઞા જોર કરશે. અને પાછા ગ્રહણ કરવા તરફ ઢળશે તેથી.

આહાર અને આહારસંજ્ઞા, મૈથુન અને મૈથુન સંજ્ઞા,
પરિગ્રહ અને પરિગ્રહસંજ્ઞા, ભય અને ભયસંજ્ઞા,
ઉભયોનો ત્યાગ કરવાનો છે જ્યારે ઉભયનો ત્યાગ થાય ત્યારે પારમાર્થિકતાએ મોક્ષનું લક્ષ્ય થયું કહેવાય.

ત્યાગનું સાચું ફળ છે પરિવર્તન ! ત્યાગના ફળરૂપે આપણી જે પ્રકૃતિ વિકૃતિરૂપે પરિણમી છે તેને પાછી પ્રાકૃતિકસ્વરૂપમાં ફેરવીએ તે વાસ્તવિક ત્યાગનું ફળ છે. ત્યાગ કરવાનો હેતુ સંવર અને નિર્જરાનો હોય છે. નિશ્ચયથી તો જે વસ્તુ વાસ્તવિક મારી હતી જ નહિ, પરંતુ અજ્ઞાનવશ મોહાધીન એને હું મારી માની બેઠો હતો તેવું ભાન થતા તે પરનું મમત્વ – મોહ છૂટી જાય અને તેનો સદુપયોગ થાય છે.

વસ્તુનો ત્યાગ, વસ્તુનાં દાનથી કરવાનો છે પરંતુ વસ્તુ પ્રત્યેના મોહાભાવનો ત્યાગ, ત્યાગનાં વિસ્મરણ ભાવથી કરવાનો છે કહ્યું છે ને કે–

'નેકી કર ઔર દરિયામેં ડાલ'

વસ્તુને મારી નહિ ગણવી તે જ નિશ્ચયનયનો નિષ્પરિગ્રહ, અપરિગ્રહ તે લાવવા માટે ધર્મમાં લોભકષાય કાઢવાનો કહ્યો છે તેથી જ સર્વ પ્રથમ દાનધર્મ બતાવ્યો છે. લોભ કાઢવાથી ક્રોધ પણ ઓછો થાય છે. લોભના પદાર્થો છે તે જ પરિગ્રહ છે. ઇચ્છા એ જ લોભ છે અને લોભનું સાધન પરિગ્રહ છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મરૂપે દેહભાવ દશમા ગુણસ્થાનકમાં છે જેને 'સૂક્ષ્મસંપરાય' (સૂક્ષ્મ લોભકષાય) કહે છે. દશમાં ગુણસ્થાનકે સૂક્ષ્મ લોભકષાય રૂપ જે કર્તા–ભોકતા ભાવ રહેલ છે તે નીકળી જાય છે. પરંતુ બારમાં ગુણસ્થાનકે વીતરાગતા પૂર્વેની અંતીમ અવસ્થામાં જે લોભ છે તે ઠેઠ સુધી નીકળતો નથી. તેને જ પહેલાં કાઢવાં માટે જે ધર્મ કહેલ છે તે પ્રારંભિક–પ્રાથમિક ધર્મ તે દાન !

આત્માને સ્વરૂપથી કંઇ જ નથી જોઇતું. પરંતુ આત્માને જે દેહ વળગેલો છે તે દેહને બધું જોઇએ છીએ, જીવનું દુઃખ દુર કરવું એ દ્રવ્ય અનુકંપા છે. જ્યારે જીવને સર્વથા દુઃખમુકત કરવા પ્રયત્ન કરવો તે ભાવાનુકંપા છે. દ્રવ્યાનુકંપા વ્યવાહારીક કરૂણા છે. ભાવાનુકંપા એ પારમાર્થિક કરુણા છે.

જ્ઞાન અવસ્થાથી મોક્ષભાવ પ્રાપ્ત કરવા માટે ત્યાગ અવસ્થા સાધનરૂપ છે સંસારી તો આવેલ આશ્રિતની ઇચ્છાને સિમિત પૂરી કરે છે જ્યારે સાધુ ભગવંતો ઇચ્છાનો નાશ કરીને યાચકવૃત્તિને ટાપી દે છે. ત્યાગ એ બાહ્ય નિરૂપાધીક જીવન છે જ્યારે જ્ઞાન–ધ્યાન-વૈરાગ્ય એ અભ્યંતર નિરૂપાધીક જીવન છે.

આત્મ સુખાનંદ માટે–બાહ્ય–અભ્યંતર નિરૂપાધીકતાની પ્રાપ્તિ માટે–જ્ઞાન–ધ્યાન અને ત્યાગની સાધના કરવી જ પડે. આનંદની પ્રાપ્તિ માટે કર્મયોગથી જગત સાથે રહીને દાન–ત્યાગ–વૈરાગ આદિ ગુણ કેળવીને જગતનો ઉપયોગી થવાનું છે અને નહિ કે ઉપકારી, કારણ કે આપણે જગતનો ઉપયોગ કર્યો છે તેથી આપણે ઉપયોગી થવાનું છે નહિ કે ઉપકારી ઉપકાર તો જગત ઉપર પરમાત્મા અથવા જગન્નાથ કરે, નહિ કે જીવાત્મા ! આ જ્યારે સમજાય ત્યારે અહમ્નો નાશ થાય છે.

આત્માનું પારમાર્થિક સ્વરૂપ અક્રિય–અકર્મ, અકર્તા અને પૂર્ણ છે. દ્રવ્ય દાનનો દેનારો સદા સર્વદા રહી શકતો નથી. વળી દાન આપનારો ભવાંતરે લેનારો પણ બનવા સંભવ છે. 'લેવું' ને 'આપવું' તથા 'લેનારો' અને 'આપનારો' એ આત્માનું સાચું સ્વરૂપ નથી.

આત્માને પ્રાપ્ત કરવા માટે પ્રથમ ત્યાગ–વિરાગ જોઇએ. ત્યાગ–વિરાગ સહિત જ્ઞાન–ધ્યાન થાય તો ઓછી મહેનતે

બંધન તૂટે, કારણ કે જે વસ્તુ ત્યાગવામાં આવે છે તે સારી અને અનેકગણી થઇ પાછી આવી મળે છે.

ધ્યાનમાં મનોવર્ગણાના અશુભ પુદ્ગલને ત્યાગવામાં આવે છે. તો શ્રેષ્ઠ મનોવર્ગણાના પુદ્ગલો ધ્યાનમાં જ પાછા આવી મળે છે, જે ચિત્તની પ્રસન્નતા લાવનારા હોય છે. ભાષાવર્ગણાનાં પુદ્ગલોનો ત્યાગ કરી, મૌન ધારણ કરનારને વચનસિદ્ધિ સાંપડે છે.

આત્માના સ્વરૂપનું જ્ઞાનદાન મળે છે ત્યારે આધ્યાત્મ ક્ષેત્રમાં પ્રવેશ થાય છે. આ ભવમાં આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હશે તો ભવોભવ સાથે આવશે જ્યારે દ્રવ્ય, સાધન, સામગ્રીઓ દેહ દુઃખ ઓછાં કરશે. પરંતુ તે સામગ્રીઓ સાથે આવતી નથી. તેથી પરોપકારમાં દ્રવ્યાનુકંપાનું સ્થાન જીવનાં વર્તમાન-ભવનું દુઃખ ઓછું કરવા પૂરતું જ છે. તીર્થંકર ભગવંતો વરસીદાન એક વર્ષ પૂરતું જ કરે છે જ્યારે ભગવંત ભાવાનુકંપાથી પ્રેરાઇને આત્મજ્ઞાન નિર્વાણ કલ્યાણક સુધી દે છે. જ્ઞાનદાન જ એવું છે જે મેળવીને લેનારો લેનારો મટી જઇ દેનારો-આપનારો બને છે. અને લેવાદેવાના-લેણદેણના ઋણાનું બંધ છૂટી જઇ મુક્ત થાય છે. જીવને સાચો સુખી કરવો હોય તો આત્મજ્ઞાન આપવું અને આત્મભાન કરાવવું વચનયોગ દ્વારા બધાયે મતિજ્ઞાની જીવોને મતિજ્ઞાન મળે છે. મતિજ્ઞાનનો વિકાસ થાય છે માટે જ જ્ઞાનદાન-વિદ્યાદાનને શ્રેષ્ઠ કહેલ છે. બોલે એક ને સાંભળે અનેક એવું દ્રવ્યદાનમાં શક્ય નથી. ભાખો લોટ્ટાને દાન આપનારને પણ દાન ક્રમથી આપવું પડે છે. અને પોતાનું ઓછું કરીને આપે છે. જ્ઞાનદાન સમકાળે હોય છે. વળી આપનારનું ઓછું નથી થતું અને લેનારો આપનારની બરોબરિયો થઇ શકે છે. જેમ-

વચનેષુ કિ દરિદ્રતા નેમ ભાવેષુ કિ દરિદ્રતા? એ પણ દૈયે રાખવું જોઇએ અને વિચારોની, ભાવોની ઉદાત્તતા, વ્યાપકતા અને શ્રીમંતાઇ કેળવવામાં પાછું પડવું નહિ. મોક્ષના લક્ષે અથવા ત્યાગ-વૈરાગ્યના લક્ષે દ્રવ્યાનુકંપા-ભાવાનુકંપા ક્રમયોગ આદિ કરીએ તો તે દર્શનાચાર છે. એવું લક્ષ ન હોય તો તે લોકાચાર છે. બીજાં જીવોને કિલામણા-આશાતા પહોંચે નહિ એ રીતનું જીવન આપણે જીવવું જોઇએ આપણા રાગ-દ્વેષમાં રહેલ ચિકાશ, પરહિત ચિંતા અને પરહિત કર્તવ્યપણાથી નિકળી જાય છે. પણ તેમ ન કરતાં આપણને ખૂબ ખૂબ જોઇએ છે અને હોય એમાં લેશ-માત્ર પણ ઘટાડો થાય તેવું ઇચ્છતા નથી અને યત્કિંચિત પણ ત્યાગતા નથી તો નક્કી સમજી લેવું કે અનંતાનુબંધી કષાયનો ઉદય આપણામાં વર્તે છે અને પહેલાં જ ગુણસ્થાનકે છીએ એવું સમજવું.

કંઇક ને કંઇક બીજાને આપીને સાત-ક્ષેત્ર અને આઠમા અનુકંપા દાનમાં ધન-ત્યાગ કરીને જીવીએ છીએ અને જે કાંઇ મળે છે તેમાં સંતોષ માનીએ છીએ. આ સ્થિતિ અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય અથવા અવિરતિનો ઉદય છે. જ્યાં દેશથી (આંશિક) ત્યાગ છે, જે ચોથું ગુણસ્થાનક છે.

જે કાંઇ છે તે સર્વ છોડી દેવા જેવું છે અને દુઃખદાયી છે એમ સમજી પ્રતિજ્ઞાપૂર્વક એ સર્વ છોડી દેવાની જ વૃત્તિ પ્રવૃત્તિમાં જે પ્રવર્તે છે તેને પ્રત્યાખ્યાની કષાયનો ઉદય વર્તે છે. તે પાંચમા ગુણસ્થાનની અવસ્થા છે જેણે સર્વ ત્યાગી દીધું છે એવી સર્વ ત્યાગીની અવસ્થામાં માત્ર સંજ્વલના-કષાય ઉદયમાં પ્રવર્તતો હોય છે. તે સર્વવિરતિ અવસ્થા છે. આ અવસ્થા છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનકની છે.

આવા 'ગુરુ' પરમાત્મતત્ત્વનું દાન દે છે તેથી પરમાત્માનાં પ્રતિનિધિ છે એઓ ભગવંત બનાવનાર હોવાથી ભગવંતતુલ્ય છે. એમની પ્રત્યે ગુરુભાવ કરીએ તો ભવસાગર તરી જઇએ જ્યારે શરીર આશ્રિત દાન દેનારમાં દેહભાવ હોવાથી દેવતુલ્ય છે.

દેહથી અને મતાથી મટી આત્માથી બનવાનું છે. જ્ઞાનદાન લેવાનું છે ને અભયદાન આપવાનું છે.

અત્યાર સુધી દેહને 'હું' માનતો હતો અને દેહના ભોગ સુખની સાધન સામગ્રી માટે દોડતો હતો અને આ ગુરુદેવ અમને મળ્યાં, આપે જ્ઞાનદાન દીધા. અમારી દોટ ખોટી છે તે સમજાયું તે માટેની દોટ અટકાવી આપે આત્માને ઓળખાવ્યો. આપનાં ઉપદેશે આત્માને 'હું' માનતો થયો. અવળી દોટ અટકીને સવળી દોટ શરૂ થઇ, તેથી જ દાન દેતા ભાવ એવો જોઇએ.

છૂટવું છે માટે છોડું છું.

પરમાત્મા થવું છે માટે પુદ્ગલ છોડું મું, તમે ને હું સ્વરૂપથી એક છીએ, સજાતિય છીએ...

એક છીએ અભેદ છીએ,
તો પછી?
તમે તમે શું? અને હું હું શું?
તમે અને હું અમે સહુ-આપણે સહુ
એક જ છીએ
માટે જ....
મારું હું મારાને દઉં છું.
લીધું છે તે પાછું વાળું છું
વ્હાલા મારા વ્હાલથી સ્વીકારશો
પ્રેમ મારો પાછો ન વાળશો!

સંકલન : **સૂર્યવદન ઝવેરી**

શ્રી દીપચંદ ત્રિભોવનદાસ ટ્રસ્ટ ગ્રંથ શ્રેણી

ગ્રંથ પાંચમો

જિનતત્ત્વ ભાગ-૩

લેખક : ડૉ. રમણલાલ ચી. શાહ

(પ્રગટ થઇ ચુક્યો છે)

મુલ્ય : રૂા. ૨૦ -

-: પ્રકાશક :-

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

૩૮૫, સરદાર વી. પી. માર્ગ,

મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૫૦૨૯૬

નોંધ : સંઘના સર્વ સભ્યોને માટે કિંમત રૂપિયા પંદર

'પ્રબુદ્ધ જીવન'નો સંયુકત અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧લી મે અને તા. ૧૬ મી મેનો અંક સંયુકત અંક તરીકે તા. ૧૬ મી મે, ૧૯૮૯ ના રોજ પ્રગટ થશે.

પ્રબુદ્ધ જીવન'ને તા. ૧લી મે, ૧૯૮૯ ના રોજ પચાસ વર્ષ પૂરા થાય છે; તેથી ઉપરોકત સંયુકત અંક સુવર્ણ જયંતી વિશેષાંક તરીકે પ્રસિદ્ધ થશે. **તંત્રી**

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ - ૪૦૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪

પ્રબુદ્ધ જીવન

તંત્રી: રમણલાલ ચી. શાહ

સુવર્ણ જયંતી વિશેષાંક

પ્રબુદ્ધ જીવન

પ્રબુધ્ધ જીવન

પ્રબુધ્ધ જૈન

તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

પ્રબુદ્ધ જૈન.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
સંઘના મુખપત્રના વિકાસની તવારીખ

☐ મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
વ્યવસ્થાપક : **જમનાદાસ અમરચંદ ગાંધી**
(તા. ૩૧-૮-૨૯ થી તા. ૨૮-૯-૨૯)

☐ મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
તંત્રી : **જમનાદાસ અમરચંદ ગાંધી**
(તા. ૫-૧૦-૧૯૨૯ થી તા. ૨૨-૧૦-૧૯૩૨)

☐ પ્રબુદ્ધ જૈન
તંત્રી : **ચંદ્રકાન્ત વી. સુતરીઆ**
(તા. ૨૯-૧૦-૧૯૩૨ થી તા. ૧૧-૩-૧૯૩૩)

☐ પ્રબુદ્ધ જૈન
તંત્રી : **રતિલાલ સી. કોઠારી**
સહતંત્રી : **કેશવલાલ મંગળચંદ શાહ**
(તા. ૨૫-૩-૧૯૩૩ થી તા ૯ ૯-૧૯૩૩)
નોંધ : બ્રિટિશ સરકારે **જામીનગીરી** માંગી. સંઘે તે ન આપી અને મુખપત્રનું પ્રકાશન બંધ કર્યું.

☐ તરુણ જૈન
તંત્રી : **ચંદ્રકાન્ત સુતરીઆ**
(તા. ૧-૧-૧૯૩૪ થી તા. ૧૬-૭-૧૯૩૪)

☐ તરુણ જૈન
તંત્રી : **મણિલાલ મોહોકમચંદ શાહ**
(તા. ૧-૮-૧૯૩૪ થી તા. ૧-૫-૧૯૩૫)

☐ તરુણ જૈન
તંત્રી : **તારાચંદ કોઠારી**
(તા. ૧૫-૫-૧૯૩૫ થી તા. ૧૫-૭-૧૯૩૬)

☐ તરુણ જૈન
તંત્રી : **ચંદ્રકાન્ત સુતરીઆ**
(તા. ૧-૮-૧૯૩૬ થી તા. ૧-૮-૧૯૩૭)

☐ પ્રબુદ્ધ જૈન
તંત્રી : **મણિલાલ મોહોકમચંદ શાહ**
(તા. ૧-૫-૧૯૩૯ થી તા. ૧૫-૪-૧૯૫૧)
(મણિલાલ મોહોકમચંદ શાહના તંત્રીપદ દરમિયાન 'પ્રબુદ્ધ જૈન' ના સંપાદનની જવાબદારી **પરમાનંદ કુંવરજી કાપડિયાને**, ત્યાર પછી **જટુભાઇ મહેતાને** અને ત્યાર પછી **ધીરજલાલ ધનજીભાઈ શાહને** અનુક્રમે સોંપાઈ હતી)

☐ પ્રબુદ્ધ જૈન
તંત્રી : **પરમાનંદ કુંવરજી કાપડિયા**
(તા ૧-૫-૧૯૫૧ થી તા. ૧૫-૪-૧૯૫૩)

☐ પ્રબુદ્ધ જીવન
('પ્રબુદ્ધ જૈન' વર્ષ-૧૪, અંક-૧, તા. ૧લી મે, ૧૯૫૩)
તંત્રી : **પરમાનંદ કુંવરજી કાપડિયા**
(તા. ૧-૫-૧૯૫૩ થી તા. ૧૬-૪-૧૯૭૧)

☐ પ્રબુદ્ધ જીવન
તંત્રી : **ચીમનલાલ ચકુભાઈ શાહ**
(તા. ૧-૫-૧૯૭૧ થી તા ૧-૪-૧૯૮૧)

☐ પ્રબુદ્ધ જીવન
તંત્રી : **ચીમનલાલ ચકુભાઇ શાહ**
સહતંત્રી : **રમણલાલ ચી. શાહ**
(તા. ૧૬-૪-૧૯૮૧ થી તા. ૧૬-૧૧-૧૯૮૨)

☐ પ્રબુદ્ધ જીવન
તંત્રી : **રમણલાલ ચી. શાહ**
(તા. ૧૬-૧૨-૧૯૮૨ થી)

સુવર્ણજયંતી વિશેષાંક

પ્રબુદ્ધ જીવન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર

વર્ષ ૯ : ૫૧ * * * તંત્રી : રમણલાલ ચી. શાહ * * અંક ૧ અને ૨

તા. ૧-૫-'૮૯ અને તા. ૧૬-૫-'૮૯ * * વાર્ષિક લવાજમ રૂપિયા ત્રીસ * * આ અંકની કિંમત રૂપિયા દશ

વિષયસૂચિ

ક્રમાંક	વિષય	લેખક	પૃષ્ઠ
૧	'પ્રબુદ્ધ જીવન'–એક વિહંગદૃષ્ટિ	રમણલાલ ચી. શાહ	૨
૨	ભારતીય વિચારધારાનું અહિંસક તત્ત્વ	વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી	૪
૩	દૃષ્ટિપાવતાર	ચંદ્રવદન ચી. મહેતા	૫
૪	'પ્રબુદ્ધ જીવન' વ્યક્તિગત અને સામાજિક	ચી. ના. પટેલ	૭
૫	એમને શત શત નમસ્કાર હો	ગુલાબદાસ બ્રોકર	૮
૬	બાળમનની લીલા	અમૃતલાલ યાજ્ઞિક	૧૦
૭	ગુજરાતી કવિતામાં જળાશયો	તનસુખ ભટ્ટ	૧૨
૮	યોગ અને વિયોગની કથા	કનુભાઈ જાની	૧૮
૯	કનૈયાલાલ મુનશી : ગુજરાતી સાહિત્યનું તેજસ્વી શૃંગ	ચીમનલાલ ત્રિવેદી	૨૦
૧૦	'પ્રબુદ્ધ જીવન'ની વિચારયાત્રા અને મૂલ્યમયીમણુને વંદન	પુરુષોત્તમ ગણેશ માવળંકર	૨૪
૧૧	કુરબાનીની ખુમારી ને નમ્રતા	હીરા રા. પાઠક	૨૫
૧૨	શહેરોના સેનિટેશનના પ્રશ્નો	મૃગેકાન્ત પરીખ	૨૮
૧૩	સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગ'	ચુનીભાઈ વૈદ્ય	૨૯
૧૪	વિચારક સંત અને કવિ અખા ભગત	જયંત ડોઢારી	૩૧
૧૫	વિચાર-વલોણું	જયેન્દ્ર ત્રિવેદી	૩૩
૧૬	ત્રિશલા માતાનાં સ્વપ્નો	તારાબહેન ર. શાહ	૩૫
૧૭	સાપ ગયા ને લિસોટા રહ્યા !	પ્રવીણચંદ્ર છ. કપારેલ	૩૭
૧૮	બેકેટનું એક નાટય ટપકું	પ્રવીણ દરજી	૩૯
૧૯	સમતા	જશવંત શેખડીવાલા	૪૦
૨૦	ધર્મ–જીવન અને વિજ્ઞાન	શેખરચંદ્ર જૈન	૪૧
૨૧	આનંદઘનજીના એક પદનો આસ્વાદ	કાંતિલાલ કાલાણી	૪૩
૨૨	ગુજરાત અને મદ્યનિષેધ	હસમુખ દોશી	૪૫
૨૩	દ્વિભાષિકતા : એક સામાજિક પ્રદૂષણ	રમણલાલ જોશી	૪૭
૨૪	જીવન વ્યક્તિત્વનું હૃદયસ્પર્શી નિરૂપણ : ચરિત્રાત્મક વિષયક રામકૃતિઓ	બળવંત જાની	૪૮
૨૫	મોહરાજ પરાજય	આર. પી. મહેતા	૫૪
૨૬	કાવ્યસાહિત્યમાં રત્નાકર	ગુણવંતલાલ મ. ઝવેરી	૫૬
૨૭	જૈન સાહિત્યમાં વિવાહકરણ અંગે કેટલીક વિચારણા	પન્નાલાલ ર. શાહ	૫૯
૨૮	કાળનો નિકાલ	પં. પનાલાલ જગજીવનદાસ ગાંધી	૬૧
૨૯	સંધિકાળની નિભૃત ક્ષણ	નેમચંદ એમ. ગાલા	૬૭
૩૦	ધરતીની આરતી	સત્સંગી	૬૮
૩૧	દેવધર : માનવમનનું પિયરઘર	હેમાંગિની જાની	૭૧
૩૨	નવકાર મંત્રમાં સંપદા	રમણલાલ ચી. શાહ	૭૩
૩૩	જૈન ગુરુવૈરાનો ઘણકતો દસ્તાવેજ : જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ	ગુલાબ દેઢિયા	૭૭
૩૪	કેટલાંક જૈન તીર્થધામોની મંગલયાત્રા	કંચનલાલ એલ. તલસાણિયા	૭૮
૩૫	નવસંસ્કરણ	ઝાલચંદ વોરા	૮૦
૩૬	સંઘના સાઠ વર્ષ	શાંતિલાલ ટી. શેઠ	૮૧
૩૭	સંઘનો હીરક જયંતી મહોત્સવ	ચીમનલાલ કલાધર	૮૪

'પ્રબુદ્ધ જીવન – એક વિહંગદૃષ્ટિ'

● રમણલાલ ચી. શાહ

આ અંકથી 'પ્રબુદ્ધ જીવન' એકાવનમાં વર્ષમાં પ્રવેશ કરે છે. સંસ્થાના એક પાક્ષિક મુખપત્ર તરીકે અર્ધી સદી સુધી ચાલુ રહેવું એ એની જેવી તેવી સિદ્ધિ ન ગણાય. 'પ્રબુદ્ધ જીવન'માં તો પહેલેથી જ કોઈપણ પ્રકારની જાહેરખબર ન લેવાનો ઠરાવ થયેલો હતો. એટલે જાહેરખબર વિના પાક્ષિક પત્રે દીર્ઘકાળ સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું એ જ એના માટે ઘણો વિકટ પ્રશ્ન ગણાય. અર્ધા સૈકાથી વધુ સમયથી નિયમિત પ્રકાશિત થતું રહીને 'પ્રબુદ્ધ જીવને' જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે એને ગૌરવ અપાવનારી છે. કોઈ પણ સામયિક માટે જાહેરખબર એની જીવાદોરી રૂપ ગણાય છે. જાહેરખબરો વગર માત્ર સભ્યોના લવાજમમાંથી સામયિક ચલાવવું સરળ નથી. વળી, જૈન યુવક સંઘે જ્યારે આ નીતિ અપનાવી ત્યારે એની સભ્યસંખ્યા પણ સો-દોઢસોથી વધુ નહોતી. એ સંજોગોમાં, જાહેરખબર ન લેવી, પણ જે ખોટ આવે તે સંસ્થાએ ભોગવી લેવી અને એ માટે સંસ્થાના કાર્યકર્તાઓએ સભ્યો, મિત્રો, શુભેચ્છકોમાંથી આર્થિક સહાય મેળવવી એવી એણે અપનાવેલી નીતિ આદર પ્રેરે એવી છે.

સામયિકોમાં જાહેરખબર લેવામાં કશું અયોગ્ય નથી એવો મત પણ છે. દૈનિક પત્રો તો જાહેરખબર વગર વધુ સમય જીવી ન શકે. જાહેરખબર દ્વારા બીજેથી આર્થિક સહકાર લેવા જતાં સામયિકની સ્વતંત્રતા, તટસ્થતા, નિર્ભયતા અને કક્ષા કયારેક જોખમાય છે. સામયિકને જાહેરખબર આપનાર કોઈક શ્રીમંતની, કંપનીની કે સંસ્થાની શેહમાં તણાવું પડે અને આત્મશ્લાઘા યુક્ત કે સસ્તી પ્રસિદ્ધિવાળું અથવા વિવાદાસ્પદ કે અન્યત્ર છપાય ગયેલું કે નિઃસત્ત્વ, જાહેરખબરિયા જેવું લખાણ કે એવી કોઈ સામગ્રી દબાણને વશ થઈ છાપવી પડે કે અયોગ્ય પક્ષ લેવો પડે કે મત વ્યક્ત કરવો પડે એવો સંભવ રહે છે. એટલા માટે સામયિકમાં જાહેરખબર ન લેવાનો આદેશ ગાંધીજીએ 'નવજીવન', 'યંગ ઇન્ડિયા', 'હરિજન બંધુ' વગેરે પત્રો દ્વારા સિદ્ધ કરી બતાવ્યો. ગાંધીજીની એ ભાવના અનુસાર અને ગાંધીજીએ ઉપાડેલી રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેનારા જૈન યુવક સંઘના તે સમયના સભ્યોએ 'પ્રબુદ્ધ જીવન'ને પ્રકાશિત કરવામાં જે નીતિ ઘડી તેના પાયામાં તેમની સ્વતંત્રતાની, તટસ્થતાની, નીડરતાની અને સ્વાર્પણની ભાવના રહેલી હતી. એમના તપના પ્રભાવે 'પ્રબુદ્ધ જીવન' આજ દિવસ સુધી ટકી શક્યું છે. વળી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીઓએ એના આરંભકાળથી જ માનાર્હ સેવાઓ આપી છે. સામાજિક, રાજકીય, ધાર્મિક ઇત્યાદિ ક્ષેત્રોના સંવેદનશીલ પ્રશ્નો પરત્વે પોતાના મુક્ત અને પ્રામાણિક વિચારો વ્યક્ત કરવાની બાબતમાં કેટલાક સવેતન તંત્રીઓને કંઈક અંશે જે નૈતિક અને વ્યાવહારિક મર્યાદાઓ રહે છે તે માનાર્હ તંત્રીને રહેતી નથી. સંઘના આ મુખપત્રને સંઘ તરફથી આર્થિક પીઠબળ આરંભકાળથી જ મળતું આવ્યું છે. માટે જ 'પ્રબુદ્ધ જીવન' પોતાનું અસ્તિત્વ આજ દિવસ સુધી, કયારેક વિષમ સંજોગો હતા તો પણ, ખુમારીથી ટકાવી શક્યું છે. ગુજરાતી સામયિકોના ઇતિહાસમાં આ એક સીમાચિહ્નરૂપ બની રહે એવી ઘટના છે.

'પ્રબુદ્ધ જીવન'ને પચાસ વર્ષ પૂરા થયાં તે તો તા. ૧-૫-૧૯૩૯માં એનું પુનઃપ્રકાશન થયું ત્યારથી. વસ્તુતઃ ઈ. સ. ૧૯૨૯માં જૈન યુવક સંઘની સ્થાપના થઈ ત્યારથી જ જૈન યુવક સંઘનું મુખપત્ર તો પ્રગટ થતું જ રહ્યું હતું. પરંતુ આરંભનાં દસ વર્ષ અનિયમિતતાનાં, મુખપત્રના ફેરફારોનાં, સાપ્તાહિકમાંથી પાક્ષિક કરવાનાં અને તંત્રીઓની વારંવાર બદલીનાં વર્ષો છે. સંઘની સ્થાપના ઈ. સ. ૧૯૨૯માં થઈ એ સમયે એના યુવાન કાર્યકર્તાઓને પોતાનો બુલંદ અવાજ લોકો સુધી પહોંચાડવો હોય તો એક મુખપત્રની આવશ્યકતા રહે છે એમ સાવ સહજ રીતે સમજાયું હતું. મુખપત્રથી જ સભ્યોનો સંપર્ક, લોકોનો સંપર્ક અને વિચારોનો પ્રચાર વધુ થઈ શકે છે. એટલે આ શક્તિશાળી અને ઉપયોગી માધ્યમને એના આરંભકાળથી જ બિનવ્યાવસાયિક ધોરણે સ્વીકારવામાં આવ્યું તે સંઘને માટે સર્વથા યોગ્ય, ઉચિત અને સમયાનુરૂપ હતું. પોતાને માટે પડકારરૂપ આ ઘટનાને સંઘે ઝીલી લીધી અને પોતાની સંઘશક્તિ વડે અદ્યાપિ પર્યંત એ પત્રને ગૌરવભેર ચલાવ્યું છે એમાં એની સત્ત્વશીલતા, નિષ્ઠા અને દીર્ઘદર્શિતા નિહાળી શકાય છે.

સંઘની સ્થાપનાના વર્ષથી એટલે કે ૧૯૨૯માં 'મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા' નામનું મુખપત્ર સૌ પ્રથમ પ્રગટ થયું હતું. તે સાપ્તાહિક હતું. તેના વ્યવસ્થાપક તરીકે અને ત્યાર પછી તેના તંત્રી તરીકેની જવાબદારી સ્વ. જમનાદાસ અમરચંદ ગાંધીએ બજાવી હતી. એટલે કે સંઘના મુખપત્રના આદ્યતંત્રી સ્વ. જમનાદાસ અમરચંદ ગાંધી હતા. ત્યાર પછી ક્રમાનુસાર સ્વ. ચંદ્રકાન્ત સુતરીયા, સ્વ. તારાચંદ કોઠારી, સ્વ. રતિલાલ કોઠારી, સ્વ. મણિલાલ મોહોકમચંદ શાહ, સ્વ. પરમાનંદ કાપડિયા, સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ વગેરેએ એ જવાબદારી ઉઠાવી હતી. તેમાં પણ એક દાયકા કરતાં વધુ સમય સુધી સેવા આપનારાઓમાં સ્વ. મણિલાલ મોહોકમચંદ શાહ, સ્વ. પરમાનંદ કાપડિયા અને સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ હતા. સ્વ. મણિલાલ મોહોકમચંદ શાહના તંત્રીપદ દરમિયાન સ્વ. પરમાનંદ કાપડિયાએ 'પ્રબુદ્ધ જૈન' માટે લેખો લખી આપવામાં નિયમિતપણે ઘણી સહાય કરી હતી. 'પ્રબુદ્ધ જૈન'માંથી 'પ્રબુદ્ધ જીવન'નું રૂપાંતર કરવામાં અને સંઘના આ સાંસ્કારિક મુખપત્રને સ્થિર કરવામાં લગભગ ત્રણેક દાયકાથી વધુ સમય સ્વ. પરમાનંદભાઈએ આપેલો છે. એ રીતે 'પ્રબુદ્ધ જીવન'ના વિકાસના ઇતિહાસમાં એમનું યોગદાન સૌથી મોટું અને મહત્ત્વનું રહ્યું છે.

'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા'થી શરૂ કરીને 'પ્રબુદ્ધ જૈન'નું પુનઃપ્રકાશન થયું એ આરંભનાં દસેક વર્ષ દરમિયાન સંઘના મુખપત્રમાં જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના અને તેમાં પણ સાધુ સમાજના પ્રશ્નોની છણાવટ સવિશેષપણે થયેલી જોવા મળે છે. વળી તત્કાલીન સામાજિક અને રાજકીય બાબતો ઉપર, તેમાં પણ દેશની સ્વતંત્રતા માટેના આંદોલનને લગતી ઘટનાઓ ઉપર મહત્ત્વનું ધ્યાન 'પ્રબુદ્ધ જૈન'માં કેન્દ્રિત થતું રહ્યું. માટે તો 'પ્રબુદ્ધ જૈન'નું પ્રકાશન, બ્રિટિશ સરકારને વશ ન થતાં, બંધ કરવાનું નક્કી થયું હતું. ત્યાર પછી 'તરુણ જૈન'ના નવા નામે એનું પ્રકાશન શરૂ કરવામાં આવ્યું અને સમય જતાં 'પ્રબુદ્ધ જૈન' પાછું ચાલુ થયું. પછીના દાયકાઓમાં એ 'પ્રબુદ્ધ જૈન'માંથી 'પ્રબુદ્ધ જીવન'માં રૂપાંતરિત થયું અને અને તે સંઘના મુખપત્રની સાથે સાથે એક સાહિત્યસભર સાંસ્કારિક પાક્ષિક બની રહ્યું હતું. કવિતા, વાર્તા, નાટિકા, પ્રવાસકથા, રેખાચિત્ર, પ્રસંગવર્ણન ઇત્યાદિ પ્રકારની કૃતિઓ પણ તેમાં પ્રગટ થતી રહી હતી. અનુવાદ કરેલા

લેખો અને અન્યત્ર છપાયેલા લખાણો પણ પ્રબુદ્ધ જીવનમાં ઉધૃત કરવામાં આવતાં. વાચકોના અભિપ્રાયો અને અર્થાપત્રો પણ છપાતાં. કેટલીયવાર 'પ્રબુદ્ધ જીવન'નો પ્રથમ લેખ તંત્રીનો પોતાનો નહિ પણ અન્ય કોઈ લેખકનો પણ રહેતો. કયારેક તે પ્રથમ લેખ પુનર્મુદ્રિત કે અનુવાદના પ્રકારનો પણ રહેતો. વળી તત્કાલીન બનાવો પર નાની નાની તંત્રીનોંધ પણ પ્રગટ થતી. ક્રમે ક્રમે 'પ્રબુદ્ધ જીવન'માંથી વાર્તા, નાટિકા જેવા સર્જનાત્મક સાહિત્ય સ્વરૂપો ઓછાં થયાં કે બંધ થયાં અને ક્રમે ક્રમે ચિંતનાત્મક લેખોનું પ્રમાણ વધતું ગયું. ત્યારપછીના ગાળામાં તંત્રીનોંધને બદલે તંત્રીલેખ લખવાની પરંપરા શરૂ થઈ અને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રથમ લેખતો તંત્રીનો પોતાનો જ હોય એવી પરંપરા ચાલુ રહી. સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહે આ પરંપરાને વધુ દૃઢ કરી. સમય જતાં વળી તંત્રીલેખ પણ તત્કાલીન બનેલી ઘટનાઓ ઉપર જ હોવો જોઈએ એવી અનિવાર્યતા પણ ન રહી. તંત્રી પોતાને યોગ્ય લાગે તેવા કોઈપણ વિષય ઉપર પોતાનો લેખ લખે તેવો ધારો ચાલુ થયો. સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયાએ સમાજના અને તેમાં પણ જૈન સમાજના સળગતા પ્રશ્નો ઉપર પોતની કલમ વિશેષપણે વેધકતાથી અને નીડરતાથી ચલાવી. 'પ્રબુદ્ધ જીવન' ત્યારે સામાજિક ચિંતનના એક પાક્ષિક જેવું રહ્યું હતું. સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ રાજકારણના મહારથી હોવાથી એમના તંત્રીપદ દરમિયાન તત્કાલીન રાજકીય પ્રવાહો ઉપર એમની કલમ મુખ્યત્વે ચાલી હતી. સ્વ. ચીમનભાઈનો બીજો પ્રિય વિષય તે ધર્મ અને તત્ત્વજ્ઞાનનો હતો. એટલે એ વિષય ઉપર પણ તેઓ વખતોવખત લખતા. સિત્તેરની ઉંમર વટાવ્યા પછી સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહના હાથમાં 'પ્રબુદ્ધ જીવન'નું સુકાન આવ્યું હતું. અને બાર વર્ષ સુધી, જીવનના અંતિમ દિવસ સુધી એમણે એ સુકાન સમર્થ રીતે સંભાળ્યું હતું.

'પ્રબુદ્ધ જીવન' સૌ પ્રથમ એક સંસ્થાનું મુખપત્ર છે અને ત્યાર પછી એક સાર્વજનિક પાક્ષિક છે. આ મુખપત્રના આરંભ કાળમાં સંઘની પ્રવૃત્તિઓના સમાચાર કે અહેવાલોને મુખ્ય સ્થાન રહેતું. અન્ય જૈન સંસ્થાઓના સમાચારો અને અહેવાલો પણ એમાં પ્રગટ કરવામાં આવતા અને સાથે સાથે જૈન સમાજના કેટલાક મહત્ત્વના પ્રશ્નો પરત્વે વિચાર પ્રેરક લખાણ પ્રગટ થતું. ક્રમેક્રમે ચિંતનાત્મક લેખોનું પ્રમાણ વધતું ગયું. સંસ્થાકીય સમાચારો અને અહેવાલોનું પ્રમાણ ઓછું થતું ગયું. અને વિચારપત્ર તરીકે એણે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું. આથી જૈન સમાજની અન્ય સંસ્થાઓના મુખપત્ર કરતાં 'પ્રબુદ્ધજીવન'નું સ્થાન સામયિકોના ક્ષેત્રે અને સાહિત્યના ક્ષેત્રે વિશિષ્ટ કોટિનું બની રહ્યું.

જૈન યુવક સંઘના મુખપત્રના પ્રથમ અંકથી તે વર્તમાન સમય સુધીની ફાઈલો ઉપર નજર ફેરવતાં પત્રના વિકાસની ગતિનો એક ખ્યાલ જોવા મળે છે. સાડ વર્ષના સમયમાં સમાજ, દેશ અને દુનિયામાં કેવાં કેવાં પરિવર્તનો થતાં ગયાં અને તેમાં કેવાં કેવાં પરિબળોએ કામ કર્યું. તેનો પડઘો સંઘના આ મુખપત્રમાં પડતો રહ્યો છે. એથી આ મુખપત્રનું એક ઐતિહાસિક દસ્તાવેજી મૂલ્ય પણ પણ રહે છે. શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજના (અને તેમાં પણ તપગચ્છના) થોડાક યુવાનોએ ભેગા મળીને તે સમયે બાળદીક્ષા, અયોગ્ય દીક્ષા, સાધુઓના શિથિલાચાર વગેરે સામે જેહાદ ઉપાડી હતી. એમનું બળ ઘણું મોટું હતું, પણ કાર્યક્ષેત્ર મર્યાદિત સ્વીકારવું પડ્યું હતું. સમય જતાં, એકાદ દાયકા પછી શ્વેતાંબર સમાજના સ્થાનકવાસી યુવાનો સભ્યો બન્યા. તથા કેટલાક દિગમ્બરો અને તેરાપંથીઓ પણ તેમાં જોડાયા. બે દાયકા પછીથી તો સંઘનું સભ્યપદ સંઘની નીતિરીતિ અને પ્રવૃત્તિઓ પ્રત્યે આદર ધરાવનાર જૈનેતરો માટે પણ ખુલ્લું મુકાયું. સંઘમાં જૈનો ઉપરાંત હિન્દુઓની સભ્ય સંખ્યા પણ વધતી રહી. તદુપરાંત પારસી, ખ્રિસ્તી અને મુસલમાન સભ્યો નોંધાતાં સંઘનું સ્વરૂપ અને માળખું જૈન રહેવાની સાથે સાથે સાર્વજનિક પણ બનતું ગયું છે. એથી જ સંઘની ઉગ્ર આંદોલનકારી પ્રવૃત્તિઓમાં સમતુલા આવવા લાગી. સમાજમાં જો જૈનોના કોઈ ફિરકાના એક નાના વર્તુળના પ્રશ્નો પરત્વે ઉગ્ર આંદોલનો ઉઠાવવામાં આવે તો બીજા ફિરકાના વર્તુળોમાં બનતી એવી ઘટનાઓ અને અન્ય ધર્મોમાં ચાલતા વિખવાદોના પ્રશ્નો હાથ ધરવા કે કેમ અને તેમાં સમતુલા કેવી રીતે જાળવવી એની સમસ્યા ઊભી થતી ગઈ. એટલે સ્વ. પરમાનંદભાઈના વખતમાં જ જૈન યુવક સંઘનું એક સંસ્કારલક્ષી સંસ્થામાં રૂપાંતર થઈ ગયું. વ્યાખ્યાનો, વ્યાખ્યાનમાળાઓ, સન્માનો, સંસ્કારલક્ષી પર્યટનો, વિચાર-ગોષ્ઠીઓ, સંસ્થાઓની મુલાકાતો ઇત્યાદિ પ્રવૃત્તિઓ એની મુખ્ય પ્રવૃત્તિઓ થઈ ગઈ, એ ૧૯૫૦ પછીના 'પ્રબુદ્ધ જૈન' અને 'પ્રબુદ્ધ જીવન'ની ફાઈલોનો અને સંઘના વાર્ષિક અહેવાલોનો અભ્યાસ કરતાં એ સ્પષ્ટ જણાય છે.

સંઘની સ્થાપનાના સમયે દેશ ગુલામ હતો. બીજા વિશ્વયુદ્ધની પરિસ્થિતિની અસર ભારતના લોકજીવન પર પણ પડી હતી. ભારત આઝાદ થતાં અનાજ, કાપડ અને રહેઠાણની સમસ્યાઓ ઊભી થઈ હતી. ભાષાવાર પ્રાંતરચના, વસતી વધારો, સરકારી તુમારશાહી, ભ્રષ્ટાચાર વગેરેની સમસ્યાઓ પણ ઊભી થઈ હતી. આમ આ સાડ વર્ષના ગાળામાં ભારતીય ભાતીગળ જનજીવન અને તેમાં પણ મુંબઈનું જનજીવન વિવિધ તબક્કાઓમાંથી પસાર થયું. આ સાડ વર્ષના ગાળામાં એક બાજુ ગાંધીજી જેવી વર્તમાન સમયની સર્વોચ્ચ પ્રતિભા જોવા મળી, તો બીજી બાજુ બીજા વિશ્વયુદ્ધ સહિત દેશ અને અને દુનિયામાં અધોગતિનાં અનેક પ્રકરણો પણ જોવા મળ્યાં. આ બધાંના પડઘા 'પ્રબુદ્ધ જીવને' સમયે સમયે કેવા કેવા ઝીલ્યા છે. એ એના ભૂતકાળના અંકો ઉપર નજર નાંખતા જોવા મળે છે. આ બધા જૂના અંકો જોઈએ છીએ ત્યારે કાળની ગતિ કેવી વિચિત્ર અને વિલક્ષણ હોય છે તેની પ્રતીતિ થાય છે. પોતપોતાના સમયમાં અત્યંત ગંભીર, મહત્ત્વની કે કયારેક પ્રાણસમી લેખાતી બાબતો બે ત્રણ દાયકા પછી કેટલી નાની, ગૌણ અને કયારેક તો ક્ષુદ્ર જેવી બની જાય છે તે એમાંથી જોવા મળે છે. કયારેક એમ થાય છે કે કેવી નજીવી બાબતોમાં સમાજના ધુરંધરોને પોતાની શક્તિ વેડફી નાખવાની ફરજ પડી છે. વર્તમાનને પેઢીને જે કેટલીક બાબતો સિદ્ધ સ્વરૂપે સહજ રીતે મળે છે તે સિદ્ધ કરવા ભૂતકાળની પેઢીઓને સામાજિક રૂઢિઓની સામે કેટલો મોટો પુરુષાર્થ કરવો પડ્યો હતો !

સ્વ. મણિલાલ મોહોકમચંદ શાહ, સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયા અને સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહના અનુગામી તરીકે 'પ્રબુદ્ધ જીવન'ના માનાર્હ તંત્રી તરીકે સાતેક વર્ષથી મારા ઉપર જે જવાબદારી આવી છે તે યથાશક્તિ, આનંદપૂર્વક મેં ઉઠાવી છે. સંઘના સર્વ સાથીદારોના સહકાર અને વિશ્વાસ સિવાય તે શક્ય નહોતું.

'પ્રબુદ્ધ જીવન' આદર્શ સ્વરૂપે પ્રગટ થાય છે અને એમાં

કોઈ ત્રુટિ નથી એવો દાવો કરી શકાય નહિ. અગાઉ પણ એવો દાવો થયો નથી. અને કોઈ પણ સામયિક એવો દાવો કરવાનું સાહસ કરી શકે નહિ. લોકો ભિન્ન ભિન્ન રુચિના હોય છે. બધા વાચકોનું બૌદ્ધિક સ્તર એક સરખું હોઈ શકે નહિ. બધા વાચકોની અપેક્ષાઓ કે અભિપ્રાયો પણ એક સરખા ન હોય. જેમ દૈનિક વર્તમાન પત્રોની અમુક કોલમના બંધાણી થઈ ગયેલા વાચકોને એ કોલમ ન આવતાં બીજું કંઈ એમાં વાંચવું ગમતું નથી, તેમ સાપ્તાહિકો, પાક્ષિકો ઇત્યાદિ પત્રોમાં પણ બનતું હોય છે. વળી વ્યાવસાયિક સામાયિકના ઘણાખરા વાચકો રવૈચ્છિક વાચકો હોય છે. ન ગમે તો તે લેવાનું બંધ કરી શકે છે. સંસ્થાના મુખપત્રમાં સભ્ય વાચકો અને રવૈચ્છિક વાચકો એમ બે પ્રકારના હોય છે. પ્રબુદ્ધ જીવન'ના લગભગ અઢી હજાર જેટલા સભ્ય વાચકો છે. તો બીજી બાજુ નોંધાયેલા રવૈચ્છિક વાચકોનું પ્રમાણ હજારથી વધુ છે.

કેટલાયે સામયિકોમાં લલિત, સર્જનાત્મક, મનોરંજનાત્મક સામગ્રી હોય છે. એનો આસ્વાદ કરનારા વાચકોનું પ્રમાણ વધુ હોય છે. એવું લખનારા લેખકો પણ ઘણા હોય છે. વૈચારિક પત્ર માટે મૌલિક, અભ્યાસપૂર્ણ, તટસ્થ, ચિંતનાત્મક લેખો લખનારા લેખકો ઘણા ઓછા હોય છે. 'પ્રબુદ્ધ જીવન' વિચારશીલ સભ્યોનું વૈચારિક પત્ર છે એટલે આવી ઘણી બધી મર્યાદાઓ એને રહે છે. યોગ્ય રતરની લેખરૂપમગ્રી મેળવવાની કસોટીઓમાંથી એને ઘણી વાર પસાર થવું પડ્યું છે. રોજિંદી ઘટનાઓ વિશે તાજી, સચિત્ર સામગ્રી પીરસનારાં પત્રો વધ્યાં છે. અન્ય પ્રચાર માધ્યમો પણ વધ્યાં છે. લોકોની વાંચનટેવ બદલી જાય છે. આમ છતાં 'પ્રબુદ્ધ જીવન' વધતી જતી મોંઘવારીમાં નિયમિતપણે પ્રગટ થતું રહ્યું છે, પોતાનું સ્તર કેટલેક અંશે જાળવી રાખી શક્યું છે અને પોતાની પ્રકાશન-નીતિને નિષ્ઠાથી વળગી રહી શક્યું છે એ એને માટે આનંદ અને ગૌરવની વાત છે.

'પ્રબુદ્ધ જીવન'ના (સંસ્થાના આરંભકાળથી પ્રગટ થતા મુખપત્રના) પ્રકાશનમાં આજ દિવસ સુધી જેમના તરફથી સહકાર સાંપડ્યો છે તે સર્વનો નતમસ્તકે ઋણસ્વીકાર કરીએ છીએ. આ મુખપત્રની વિકાસયાત્રા ઉત્તરોત્તર ચેતનવંતી, મંગલમય રહ્યા કરો એવી શુભકામના દર્શાવીએ છીએ.

ભારતીય વિચારધારાનું અહિંસક તત્ત્વ

● વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

'નમો અરિહંતાણં' – ભગવાન મહાવીર સાથે સર્વ પવિત્ર જીવનના પ્રણેતાઓને, વેદના ઋષિને, ઉપનિષદના કવિને, ભગવાનમહાવીરને, ભગવાન બુદ્ધને, શંકર અને રામાનુજને, ભગવાન ઈસુ, પયગમ્બર મહમ્મદ સાહેબ, જ્ઞાનેશ્વર, નરસિંહ, અખો, કબીર વગેરેને વંદન. એ સૌ માનવજીવનને ઉજાળતા પથપ્રદર્શકો છે. આ ઐહિક જીવનને સભ્ય, પવિત્ર, તેજસ્વી અને સુંદર બનાવનાર એ સૌને પ્રણામ હો. મહાવીર જયંતીના પુણ્ય અવસરે મારી આ પ્રથમ વિધિ.

આજના આ ભ્રષ્ટ વૈભવમાં અને નીચ લાલસા અને સંઘર્ષમાં આ દૈવી પુરુષોનું નામસ્મરણ કરી શાંતા પામીએ! એમણે જગતને વીજળી નથી આપી પણ તેના પ્રકાશને ટપી જાય એવો બોધ આપ્યો છે.

માનો કે હું વેદધર્મનો હિન્દુ છું, પણ હવે આપણે બધી ઉત્તમ વાતોનો સમન્વય કરી ને જ જીવવાનું છે. તેથી મારા હિન્દુધર્મને બાધ નથી. પ્રચલિત યજ્ઞનો વિરોધ ગીતાકારે પણ કર્યો છે. પણ પ્રાણીમાત્રના જીવનનો અનુરાગ ભગવાન મહાવીરે શીખવ્યો. એ પૂર્ણપણે અશક્ય હોય પણ થોડોઘણો એ જૈનોએ સાધી બતાવ્યો છે. આ વિશ્વમાં જીવજન્તુ, વેલવૃક્ષ, ગાય અને વાઘ સૌ જીવનના અધિકારી છે. અને પૂર્ણ પવિત્ર જીવન જીવવું હોય તો માનવધર્મ અહિંસાનો જ હોય.

બાહ્ય અહિંસાવ્રત સાથે બૌદ્ધિક અહિંસા પણ જૈનધર્મે પ્રબોધી છે. અભિપ્રાય કે અભિપ્રેતનો પણ દુરાગ્રહ ન હોય. સામાના વિચારને સમજવાની ઉદારતા, સૌજન્ય, જૈનધર્મ શીખવે છે. ધર્મ આમ સિદ્ધાંતમાં આગ્રહી હોય છે, પણ જૈનધર્મનો આગ્રહ છે કે દુરાગ્રહ ન કરવો, સમજ કેળવવી. તથ્ય હોય તે સ્વીકારવું. માણસને વિશ્વમાનવ બનાવવામાં,સંસ્કારી બનાવવામાં આનાથી બીજું શું હોઈ શકે? ભારતીય વિચારધારાનું આ અહિંસક તત્ત્વ, અનાક્રમક તત્ત્વ ભગવાન મહાવીરે પોષ્યું છે.

જૈન સાહિત્ય જોઈએ તો આપણે સંમૂઢ થઈએ. તપસ્વી જૈન વિદ્વાનોએ, પંડિતોએ શો વિદ્યાપ્રેમ, સાહિત્યપ્રેમ, ભાષાપ્રેમ, એકાન્ત શુદ્ધપ્રેમ દાખવ્યો છે! તમે સિદ્ધસેન લો, હરિભદ્ર લો, હેમચન્દ્રાચાર્ય લો, પુણ્યવિજય લો કે સુખલાલજી લો–કેટલા એમની કોટિના પંડિતો હશે? જૈન સાધુઓએ સંસ્કૃત અને પ્રાકૃત ભાષા સાહિત્ય જેટલા પણ જ્યાં ગયા ત્યાં લોકભાષાને સંસ્કારી, પ્રવચન અને લેખોમાં પ્રયોજી અને તે તે ભાષાઓને દૃઢ રૂપ આપ્યું.

જૈનધર્મે તપશ્ચર્યામાં શરીર-કષ્ટનો મહિમા ખૂબ કર્યો છે, લોકોએ તેને ક્યારેક કદાચ વધુ પડતો પણ કર્યો હશે! (–તેનાથી આત્મવંચના અને આડંબર વધ્યાં હશે?)

જે ધર્મતંત્ર અન્તિમ કક્ષાએ જઈ શકે છે તે આ પણ કરી શકે. કોઈ પણ સિદ્ધાંતને તેને અંતિમ બૌદ્ધિક, પરિણામ સુધી લાવ જવામાં જૈન ધર્મ-સિદ્ધાંત જેવો બીજો કોઈ સિદ્ધાંત નથી.

વૈચારિક દૃષ્ટિએ એ શુભવસ્તુ છે, પણ વ્યવહારમાં ક્યારેક તે બાધક પણ નીવડે છે. અને તેની વિકૃતિઓ અનુભવાય છે. પરંપરાઓને દુરાગ્રહથી વળગી રહેવું અને પરંપરા ન તોડાય–એ વાત મિથ્યા છે. એમ હોય તો એમાં જે ભિન્ન ભિન્ન સંપ્રદાયો–ફાંટાઓ પડ્યા તે ન પડત. ક્યાંક તો આપણે પરંપરાઓને સમાજના હિતમાં ફેરવી છે. તો આજે પણ ફેરવી શકીએ. શુદ્ધ ભાવ, પવિત્ર વ્યવહાર, ઇન્દ્રિય સંયમ, સમતા, અહિંસા રહસ્ય, તપરહસ્ય, વધુ જાળવી શકીએ. સંન્યાસી, ભિક્ષુ કે સાધુ થવું, અનિવાર્ય લાગે તો જરૂર થવું, પણ સામાજિક મહિમા ખાતર તે થાય, અજાણતાં પણ થાય એ ઇષ્ટ નથી. હું તો કહું કે પાંસઠ વર્ષ પછી દરેક જન સંન્યાસ કે સાધુધર્મ સ્વીકારે, આધ્યાત્મિક ઉન્નતિ. અર્થે તેમ જ સમાજસેવા તરીકે, પણ અયોગ્ય તેવી બાળદીક્ષા જવી જોઈએ. પચીસ વર્ષ પછી માણસ ભલે સાધુ કે સંન્યાસી થાય. શંકરાચાર્ય કે પુણ્યવિજયજી જેવાની વાત અપવાદરૂપ ગણવી જોઈએ. ધર્મની શ્રદ્ધાઓમાં અત્યાગ્રહથી આત્મવંચના કે પાખંડ વધે છે. અને તેથી લાભ કરતાં હાનિ વિશેષ થાય છે. શુદ્ધાચાર આવશ્યક છે; પણ કૃતક આચારથી લાભ કરતાં હાનિ વિશેષ છે. ●

દંભાવતાર

ચંદ્રવદન ચી. મહેતા

'પ્રબુદ્ધ જીવન' એટલે સજાગ જીવન–જાગૃત જીવન, 'એવેરનેસ'વાળું જીવન; 'એનલાઇટેડ' થતું યા થનારું જીવન; આપણી આસપાસ શું થઇ રહ્યું છે તેની જાણકારી ધરાવતું જીવન-વ્યુત્પત્તિની દૃષ્ટિએ જેની બુદ્ધિ જાગૃત છે, 'પ્ર'–સાથે સંકળાએલી છે, એટલે સવિશેષ જાગૃત, પ્રથમથી જ, આગળથી જાગૃત, એવી જાણકારીવાળું જીવન અને ભગવાન બુદ્ધની સાથે સાંકળીને કહીએ તો જ્ઞાન થકી તેજે પ્રદીપ્ત થતી જીવનક્રિયાથી માર્ગદર્શક જીવન. આવા આવા અર્થો અનેક નીકળે.

આજે વિજ્ઞાને – સાયન્સે સફળ પ્રવૃત્તિનો મોરચો મુંઢવી લીધો છે; ચારેકોર સાયન્સની બોલબાલા ચાલે છે. વિજ્ઞાન અને સાયન્સ એ બે ભલે એક અર્થમાં વપરાતાં હોય, તોય વિજ્ઞાનનો ઔપનિષદીય અર્થ અને સાયન્સનો અર્થ, એમાં ફરક હોવાના કારણે આપણે આજના સાયન્સના પ્રચલિત અર્થને વળગીને ચાલીશું. ઇલેકિટ્રક, ઇલેકટ્રોનિક જેટવાહનો એક છેડેથી બીજે છેડે તેમ જ અવકાશમાં એક ગ્રહથી બીજા ગ્રહ પર જઇ બેસનાર વાયુયાનો તેમ જ સૂક્ષ્મમાં સૂક્ષ્મ સંદેશાઓનું ક્ષણવારમાં વહન કરનાર તરકીબો, સંશોધનોને પણ આપણે સાયન્સનાં સંશોધનો કહીશું. છેવટે અણુશકિતના પ્રાગલ્યને પણ સાયન્સની શોધ કહીશું.

આ સાથે એક બીજો શબ્દ સાંકળી લઇએ. એ 'અહિંસક' શબ્દ જાણીતો છે. એના સામે પક્ષે સંહાર, મારફાડ, વિનાશ વગેરે શબ્દો વાપરવા પડે એ સમજાય એવી વાત છે. આપણા આ લેખ માટે આટલી ભૂમિકા બસ છે. અહિંસા અને વિનાશ.

અહિંસા ઉપર યોગસૂત્રોના જમાનાથી આજ સુધી લખાયું છે, લખાતું જાય છે. વ્યાખ્યાઓ પણ અહિંસાધર્મથી માંડી વૈરવૃત્તિની નાબૂદી સુધી આપણે વિચારી રહ્યા છીએ. આ બે છેડાના શબ્દોની વચ્ચે એક વિચિત્ર શબ્દ ફૂલતોફાલતો – મહાલી રહ્યો છે, તે શબ્દ છે દંભ.' દંભ-નિષ્ણાતોએ એને ફુલાવી ફુલાવીને એક અવતારનું રૂપ નથી આપ્યું એટલું જ બાકી રાખ્યું છે; બાકી એની અવતારલીલા જો તારવવા બેસીએ તો મહાભારત જેટલો ગ્રન્થ થાય. એનો સાદો દાખલો લઇએ, એટલે દંભનો ભેદ અને અર્થ સ્પષ્ટ થઇ જશે. અર્થ પણ બેસી જશે.

પૂજ્ય રવિશંકર મહારાજને કોણ નહિ ઓળખે? સો વર્ષ જીવ્યા, અહિંસા સિવાય અને ગાંધીજી તથા સરદારનાં કામો સિવાય એમણે બીજી કશી પ્રવૃત્તિ આદરી નથી. ગાંધી-વિચારમાં તરબોળ એ વ્યકિત 'મારો,' 'કાપો', 'ધો' જેવા શબ્દોથી અળગા રહેતા. શાક સમારવા માટે ચાકુ પકડયું હશે તે જ; પણ એથી વધારે એનો અર્થ નહિ અને એનો ઉપયોગ પણ નહિ. આ મહાન વ્યકિતના અવસાન સમયે એને 'મિલિટરી સન્માન' અપાયાં! સિપાહીઓએ તલવાર મ્યાન કરી, નીચે નમાવી, સૈનિકને માટે 'લાસ્ટ પોસ્ટ' નામે બ્યૂગલની અમુક સુરાવલી વગાડવામાં આવે છે. એ વ્યવસાય આરંભાયો. સરદાર પટેલે તલવાર ઊંચી હોય એવું જાણ્યામાં નથી. પકડી પણ નહીં હોય, પણ એમના અવસાન સમયે સોનાપુરમાં ફિલ્ડમાર્શલ કરીઅપ્પા આવ્યા ત્યારે 'લાસ્ટ પોસ્ટ' વગાડવામાં આવી અને એમણે તલવાર નમાવી.

વેરઝેર હવે પૂરાં; રવિશંકર મહારાજને કોની પ્રત્યે, કોની સામે વેર હતાં? કોણ તોંધી શકશે? બ્રિટિશ સામે કયા ગવર્નર જનરલ સામે કદી લડયા નથી? છતાં મિલિટરી બ્યૂગલનાં આપણે માન વરસાવીએ છીએ આની સાથે મશહૂર કવિ, નાટયકાર શેકસપિયરે જ્યારે છલ્લી નાટયરચના કરી, એની કૃતિ તપાસીએ શેકસપિયર પર અહીં હું વિવેચન લખવા નથી બેઠો, પણ જીવનને આરે હવે વેરઝેર કેવાં ? શાંતિ અને પ્રાયશ્ચિત્ત નામ. એ તો એણે જીવતાં છતાં, એના 'ટેમ્પેસ્ટ'–'ઝંઝા' નામે છેલ્લા નાટકમાં બાપોકાર કરીને કહ્યું છે. આપણે ત્યાં મોત પછી કોઇનું ભૂંડું બોલવાનું બંધ કરીએ છીએ. 'ઝંઝા'માં શેકસપિયરે કહ્યું : હવે લડત નહી, સ્ટ્રાટફોર્ડ'. જીવનના અંતે નિર્ણય લીધો. 'ઉત્તમ કર્મ તો ક્ષમાપનામાં જ છે, હવે વળી વૈરમાં નહીં'–પ્રોસ્પેરોના જીવનમાં આ વાંચશે એ કહે છે, એક સોનેટમાં – પારકાને – બીજાંને પીડા ન કરનારો – ગમે તેટલી એનામાં શકિત હોય સજા કરવાની તોય એ બીજાને પીડા ન કરે, એમાં જ એ દિવ્ય અંશ વિલસે છે.'

જાણે નરસિંહ મહેતાની જ લીટી. જાણે મહાત્મા ગાંધી જ બોલે છે. ત્રણસો – ચારસો વર્ષ પહેલાં કવિ, નાટકકારોને આ ભાન થતું. આ સૂચના દેતા–આલેખતા. આ નાટકકારે – એ તખ્તા પર ભજવી બતાવ્યું. ટેમ્પેસ્ટમાં પછી લંડનને અલવિદાય. અને ઉમેરે છે કે જ્યાં હું સૂતો છું, ત્યાં રખે કોઇ મને મોટો માણસ ગણીને, મારાં હાડકાંને કોઇ ખોખેરશો-('ખખડાવશો–અડશો) નહીં. વેસ્ટ મિન્સ્ટર એબીમાં લઇ જશો નહીં. 'Cursed be he that moves My bones.' કેટલો જ્ઞાની, વિજ્ઞાની, જાણકાર, સમજદાર, સુજ્ઞ.

હાડકાં, મારી જાણમાં, ત્રણ જણાનાં બોદાયાં. હટાવાયાં છે. એક રટેલિનનાં બોદાયાં, બીજા તૈમુરલંગનાં બોદાયાં-એ જોવા કે એ કેટલો – ઠીંગણો હતો. અને ત્રીજા બબ્બે ત્રણ ત્રણ વાર વોલ્ટેર ફ્રાન્સના કવિ–નાટક-કારનાં બોદાયાં. હાડકાં બોદાયાં, ગટરમાં ફેંકાયાં અને ફરી વળી સન્માન્યા. એટલે શેકસપિયર મહાન નાટકકાર એ ઉપાધિમાંથી બચી ગયા, આ અપમાનમાંથી ઊગરી ગયા

પણ આપણી મૂળ વાત શેકસપિયરની. આ સમજણ, એવી આપણે ત્યાં નહિ. અહિંસાનો આ દેશ. બુદ્ધ ભગવાનનો દેશ. એમાં આજે સૌથી વધારે સન્માન આપ્યું ગણાય. જો 'મિલિટરી હોન્સ" (Military Hornes) આ પોતે એ આ દંભનો અવતાર ભલે નહીં થયો હોય, પણ દંભનો પરચો એટલી અસર આપણે ડગલેને પગલે અનુભવીએ છીએ. દાખલા તરીકે કોઇ પણ મિનિસ્ટર સાહેબ યા ગવર્નર હોય, તો એમનો મંત્રી તરત કોઇ જાણીતી વ્યકિતનું અવસાન થાય કે દિલસોજીના સંદેશાઓ મોકલે છે. એમાં સૌથી સ્પષ્ટ

વાતોના ખુલાસા કરનારા આપણા એક વખતના કામચલાઉ રાષ્ટ્રપતિ શ્રી હિદાયતુલ્લાહ સાહેબનો બે-ત્રણ હોદ્દા છોડ્યા બાદ જે લેખો પ્રગટ થયા તે વાંચતાં આ દંભનો અર્થ પૂરો સમજાશે. કેટલીકવાર તો કોનું અવસાન થયું છે એની એમને જાણ પણ થતી નથી તેમ જ આ જ્યારે બહાર નીકળે ત્યારે એક યા બે ગાડીઓ ફાલતુ દોડે, રસ્તાને કોઈ બંધ પડી જાય. સરકારી કાર્યવાહીઓમાં આવી ભૂલ તો હોય જ નહીં પણ એક રિવાજ પ્રજાની સેવાને નામે. હવે તો એકાદ વાયુયાન પણ અક્ષાયદું રાખવામાં આવે છે. આ બધી બ્રિટિશ રાજ્યની પ્રથાઓ છે. એ આપણે એટલી જ ચીવટાઈથી પાળીએ છીએ.

આ સેવા નર્યા દંભનો જ એક પ્રકાર છે. કોઈના અવસાન સમયે આપણે બે મિનિટનું મૌન પાળીએ છીએ. બે મિનિટ પૂરી પાળતા તો નથી પણ આપણે શોકમાં ગરક થવાનો દંભ પાળીએ છીએ. કામકાજ બંધ કરીએ છીએ. આ દંભનો જ એક પ્રકાર છે. આ વાતો અનુભવી છે, વારંવાર જાણી છે. અવસાનના ઘણા પ્રસંગોએ આપણે ભાગ્યે જ ગુજરનાર માટે પ્રાર્થના કરતાં હોઈશું. આ પણ એક દંભનો રૂઢ થએલો રિવાજ છે, પેધી ગયેલો રિવાજ છે. પણ જૂની પ્રણાલિકા પ્રમાણે આપણે ભજન કીર્તનનો હવે સમય રહ્યો નથી એટલે એ ટૂંકમાં પતાવવાનો કીમિયો શોધાયો છે, અજમાવીએ છીએ, જેને શોકસભા કહે છે.

પણ આ બે મિનિટોના અવસાનશોકના દંભની વાત જવા દો. સાયન્સની શોધની ખાસ તો એટમબોમ્બની વાત વિચારો. 'અમે એટમના સંશોધનને સર્જનાત્મક ક્રિયાઓમાં વાપરવાના છીએ'-એમ લગભગ બધા દેશો પ્રચાર કરે અને એટમબોમ્બ બનાવવા યેનકેન પ્રકારેણ હવાતિયાં મારે છે અને એમાં કરોડોનું આંધણ કરે છે. ઠરાવોમાં 'એટમ શોધવાની પ્રવૃત્તિ હવે બંધ કરવાના છીએ,' 'કરવી જોઈએ'; ધીમે ધીમે બંધ કરીશું'-એ ઠરાવ જ્યારે પસાર થાય છે ત્યારે તેના બીજે જ દિવસે કયાંક ભૂગર્ભમાં એનો અખતરો થયાના સમાચાર આપણે વાંચીએ છીએ. આ મોટામાં મોટો દંભ યા પ્રપંચ જ કહેવાય.

જગતને ફ્રિલસૂફોએ પ્રપંચ જ કહ્યો છે. એવો જ આ એક મોટો પ્રપંચ છે. કહેવું શું અને કરવું શું એ પણ પ્રપંચ ગણી શકાય. ચારેકોર કુદરતી અકસ્માતોમાં, હોનારતોમાં માણસો મરે છે અને ઉપરાંત માનવને મારી નાખવાની ચળ જરા પણ નરમ પડી નથી. ધર્મને કારણે કે રાજકારણે કે વેપારને કારણે કે ઘર-ઘરેણાંને જમીન કારણે, ભાઈ, ભાઈનું-સાસુ-વહુનું નિકંદન કાઢવામાં આવે છે, અને એ જ ઘડીએ આપણે અહિંસાના ગુણ ગાતા અટકતા નથી ! આ તે કેવો દંભ!

હજી તો આ દંભાવતારની શરૂઆત છે. જ્ઞાતજાત નહીં જોઈએ, તોપણ હરીજનમાંથે આપણે પેટાજાતિ ઘુસાડી. ચાર વર્ણને બદલે છ વર્ણો કર્યા અને ઉપરાંત કયાંક વાંચીએ છીએ કે ત્યાં મતદાન ન્યાતિ અનુસાર થયું. આ ઘટના વધતી જાય છે. જાણી જોઈને પ્રમાણ વધે છે છતાં છાપતાં અચકાઈએ છીએ. આમ ખરી સ્થિતિ ઉપર પણ આપણે ઢાંકપિછોડો કરી રહ્યા છીએ.

ઘણા જણનું એમ માનવું છે કે લગભગ દરેક મોટા દેશોમાં એટમબોમ્બ બનાવવાની હરીફાઈ ચાલી છે. એ માટે રાજદ્વારોને ફોડે, યા એમને લાંચ આપે યા કોઈ જૂઠું બોલી, પોતાની રીતે સ્વાર્થ સાધી કળથી યા બળથી કામ પતાવે છે. આ બધાનો આખરે મદાર શો ? ધ્યેય શું ? સર્જનાત્મક ઉપયોગ એ તો કહેવાની ખોટી વાત છે. મૂળ હેતુ સ્પષ્ટ છે, સામાને હરાવવાનો. પહેલો તે વહેલો એ હિસાબે આ ખેલ, આ પ્રપંચ આકાર લેતો રહે છે. જો બધા જ દેશો દેશના ભલા માટે, એના સદુપયોગ માટે આ સંશોધનનો ઉપયોગ કરવાના હોય તો પછી એને રોકવા માટે આ તકલાદી ઠરાવોની શા માટે વાતો કરે છે ? આ મોટી છેતરપિંડી છે, એ મનમાં બધા સમજે છે, છતાં અહીં વાત કરવાથી અળગા રહે છે. આ દંભ આનો કોઈ ઉપાય અમને દેખાતો નથી. એટલે હવે આ જ્ઞાન પ્રાપ્ત કરી કોઈ હિટલર જેવો ગાંડુ પેદા થયો કે પ્રપંચનો ભાંડો ફૂટશે, ફાટશે. એકબીજાનું સત્યાનાશ કાઢશે. એમાં કોણ કયાં બચશે એ કહેવું મુશ્કેલ છે. આ દિશામાં જે પ્રગતિ કરનારા દેશો છે તે એટલા આગળ નીકળી ગયા છે કે એ હવે ધાર્યું કરવા સિવાય રહેવાના નથી. આ મહાકાળ ભૈરવ કયારે તાંડવ ખેલશે એની હવે રાહ જોવી રહી.

આમ આ દંભાવતાર જ આખરી અવતાર નોંધાય એની વકી છે. પણ એને નોંધનારા કોણ હશે? કયાં હશે? એની આગાહી કરવી મુશ્કેલ છે; કદાચ કોઈ નહીં હોય. આ પરિસ્થિતિ હવે અટકે એમ નથી, પણ વધતી રહે છે. સલાહ આપવી એ એક વાત છે અને અમલમાં મૂકવી, અમલમાં મુકાવવી એ જુદી વાત છે. અને સાચી સલાહ અમલમાં મુકાવવાની આંતરિક આનાકાની હોય તો ત્યાં એ અમલમાં મુકાય શી રીતે ? ન જ મુકાય. એ હકીકત છે તે તરફ આપણે આંખ આડા કાન કરવા સારા પ્રમાણમાં ટેવાયેલા છીએ અને વધારે દંભનો આશરો લઈ ટેવાતા જઈએ છીએ એ દેખીતું છે. પણ એ તરફ આપણે દુર્લક્ષ કેળવીએ છીએ.

સમાજમાં ચારે તરફ નજર કરો તો ભેળસેળ દેખાશે. ખાવાની જણસોમાં દવાઓના કૌભાંડમાં-નિશાળોની પરીક્ષાઓમાં, પાક વધારવાની ઝુંબેશોમાં એવા અનેક દાખલાઓમાં દંભાવતારનું સામ્રાજ્ય બહેકતું જણાશે. પંડિત નેહરુના જમાનામાં ચાગલાને ટી. ટી. કે. સામે તપાસ કરવાનું સોંપ્યું. જાહેર તપાસ થઈ. ટી. ટી. કે.ને રાજીનામું આપવું પડ્યું અને પંડિત નેહરુએ ટી. ટી. કે.ને માનમરતબા સાથે સલુનમાં વિદાય પણ આપી. આજે આ પરિસ્થિતિ નથી. શરમ જેવી કોઈ વસ્તુ રહી નથી. ઢાંકપિછોડાનું સામ્રાજ્ય વિસ્તરતું જાય છે, એ દંભનાં લક્ષણો છે. દંભાવતાર કયાં, કયારે પૂરો થશે, યા સૌ કોઈનો નાશ નોતરી પૂરો થશે એ કોણ કહી શકશે ?

'પ્રબુદ્ધ જીવન'—વ્યક્તિગ અને સામાજિક

ચી. ના. પટેલ

'પ્રબુદ્ધ જીવન' શબ્દોના બે અર્થ શક્ય છે : 'પ્રબુદ્ધ' એટલે મોહમાંથી જાગ્રત થઈ જ્ઞાનસ્થિતિમાં પ્રતિષ્ઠિત થયેલી વ્યક્તિ અને બીજો અર્થ 'સદા જાગ્રત વિવેકબુદ્ધિવાળી વ્યક્તિ સદા આત્મનિરીક્ષણ કરતા રહી પોતાના દરેક કાર્યમાં સારાનરસાનો વિવેક કરતી વ્યક્તિ. આ બેમાંથી પહેલા અર્થમાં 'પ્રબુદ્ધ' એટલે કે 'જ્ઞાની', વ્યક્તિનું જીવન કેવું હોય તે આપણે સંપૂર્ણપણે જાણી ન શકીએ, એવી સ્થિતિનાં વર્ણન મળે છે તે ઉપરથી માત્ર કંઈક કલ્પના કરી શકીએ–ભગવદ્ગીતાના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ વર્ણવ્યાં છે તે ઉપર ખૂબ મનન કરવાથી એવી સ્થિતિની કંઈક ઝાંખી કરી શકીએ. આ અર્થમાં જ્ઞાની માત્ર વ્યક્તિઓ જ હોઈ શકે. આખો સમાજ જ્ઞાની સ્થિતિના ઉચ્ચ સ્તરે જીવતો હોય એવો કોઈ દાખલો ઇતિહાસે નોંધ્યો નથી–જો કે હિંદુ પરંપરામાં સત્યયુગરૂપી એવા યુગની કલ્પના છે ખરી; પણ બીજા અર્થમાં 'પ્રબુદ્ધ જીવન' જીવતી વ્યક્તિ કે પ્રજા કેવાં હોય તેની આપણે ચર્ચા કરી શકીએ. અહીં એવી ચર્ચાનો ઉપક્રમ છે.

સામાન્ય રીતે આપણે બધાં સમાજે સ્વીકારેલાં નીતિનિયમોની મર્યાદામાં રહી આપણી વ્યક્તિગત ઇચ્છાઓ, મહત્ત્વાકાંક્ષાઓ સંતોષવા પ્રયત્નશીલ રહીએ છીએ. આપણી અને આપણા કુટુંબની પણ એમ કરતાં આપણું વર્તન હંમેશાં નીતિશુદ્ધ રહે એનો આપણે વિચાર નથી કરતા. એમ કરવાની આપણને બાળપણથી કંઈ કેળવણી મળતી નથી. છતાં ઘણી વ્યક્તિઓના સદ્‌ભાગ્યે એમનો આત્મા જાગ્રત થાય છે–કુટુંબના સંસ્કારથી ધાર્મિક પુસ્તકોના વાંચન – મનનથી, જાગ્રત સ્ત્રીપુરુષોનાં દૃષ્ટાંતથી અથવા પૂર્વજન્મના સંસ્કારથી કંઈ પ્રત્યક્ષ કારણ વિના એવી વ્યક્તિઓનું જીવન કેવું હોય ?

પહેલું, એવી વ્યક્તિ કુટુંબમાં કે કુટુંબની બહાર સર્વ વ્યક્તિઓ સાથેના વ્યવહારમાં પોતે જાણેઅજાણે કોઈને અન્યાય ન કરે એની કાળજી રાખે. કોઈની સાથે કલેશનો પ્રસંગ ઊભો થાય છે ત્યારે સામાન્ય રીતે દરેક વ્યક્તિને સામી વ્યક્તિની જ ભૂલ દેખાય છે. પોતાની ભૂલ જોવાનું ઘણું અઘરું છે. આપણો સ્વાર્થ, આપણા પૂર્વગ્રહો, ક્રોધ, આપણને આવા પ્રસંગોએ સત્ય જોતાં અટકાવે છે. કયારેક આપણે પાછળથી આપણી ભૂલ જોઈએ છીએ; પણ તે કબૂલ કરવાની નૈતિક હિંમત આપણામાં હોતી નથી. ગાંધીજી મહાપુરુષ થયા કારણ કે એમનામાં એવી હિંમત હતી. બાળપણથી તેઓ પોતાના જીવનમાં જ્યાં જ્યાં અસત્ય દેખાય ત્યાંથી તેનો ત્યાગ કરવા પ્રયત્નશીલ રહેલા. મોટા ભાઈને સોનું ચોરવામાં મદદ કરેલી તેની કબૂલાત કરતો અને ક્ષમા માગતો પત્ર લખી પિતાને આપ્યો. પ્રસંગનું 'આત્મકથા'માં એમણે કરેલું વર્ણન જાણીતું છે; પણ તે સિવાય બીજા બે પ્રસંગો પણ જાણવા જેવા છે. દક્ષિણ આફ્રિકામાં તેમણે ૧૯૦૭ની સાલમાં રજિસ્ટ્રેશનના કાળા કાયદાની સામે સત્યાગ્રહ કરેલો અને તે અંગે તેમને જેલની સજા થયેલી. ત્રણેક અઠવાડિયાં તેઓ જેલમાં રહ્યા પછી હિંદીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા કોઈ અંગ્રેજ સદ્‌ગૃહસ્થની મધ્યસ્થીથી ગાંધીજી અને દક્ષિણ આફ્રિકાના ગૃહપ્રધાન સ્મટ્સ વચ્ચે સમાધાન થયેલું. બેત્રણ માસ પછી એ સમાધાન તૂટી પડ્યું ત્યારે ગાંધીજીએ સ્મટસ ઉપર વચનભંગનો આક્ષેપ કરેલો પણ ૧૯૩૨માં યરવડા જેલમાં 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' લખતાં તેઓ કબૂલ કરે છે કે એ આક્ષેપ કરવામાં તેમણે કદાચ ભૂલ કરી હોય.

પોતાની ભૂલ જોઈ શકવાનો ગાંધીજીના જીવનનો ૧૯૧૯માં રોલેટ કાયદા સામેના સત્યાગ્રહવેળાનો પ્રસંગ તો બહુ જાણીતો છે. તેમની પંજાબ જતાં ધરપકડ થયાના સમાચારે અમદાવાદમાં જે તોફાનો ફાટી નીકળ્યાં તેમાં પોતે 'પહાડ જેવડી ભૂલ' કરી હોવાની તેમણે જાહેરમાં કબૂલાત કરી હતી. એમણે જોયું કે પ્રજાએ આવેશમાં આવી હિંસાનો ત્યાગ કર્યો હતો; કારણ કે સત્યાગ્રહ શરૂ કરતાં પહેલાં પ્રજાને અહિંસા પાળવાની કોઈ કેળવણી આપવામાં આવી નહોતી. ૧૯૨૦–૨૧ની અસહકારની લડત વેળાની ગાંધીજીની ભૂલ આનાથી વધુ સૂક્ષ્મ હતી, પણ તેઓ પાછળથી તે જોઈ શક્યા હતા. તે સમયનાં તેમનાં ભાષણોમાં ગાંધીજી બ્રિટિશ સરકારને વારંવાર શયતાની સરકાર કહેતા અને પરદેશી કાપડની હોળી કરતા. એ ભાષણોમાં નરસિંહરાવ દીવેટિયાને રાજસિક મોહનો આભાસ જણાયેલો અને તેમણે ગાંધીજીને જાહેરમાં પત્ર લખી તેની વિશુદ્ધ ચેતવ્યા હતા. 'નવજીવન'ના ૧૯૨૦ના ડિસેમ્બર ૨૯મીના અંકમાં ગાંધીજીએ તેનો ઉત્તર આપેલો તેમાં તેમણે પોતાનાં ભાષણોમાં રોષ અને હિંસા રહેલાં હોવાનો ઇન્કાર કરેલો. (ગાંધીજીનો ઉત્તર 'કલેકટેડ વર્કસ'ના ૧૯મા ખંડમાં છપાયો છે. પણ નરસિંહરાવનો મૂળ પત્ર મારા વાંચવામાં આવ્યો નથી. સંભવ છે કે તે એ વેળાના 'ગુજરાતી' સાપ્તાહિકના કોઈ અંકમાં છપાયો હોય. કોઈ ઉત્સાહી વાચક તેને ગુજરાતી'ની જૂની ફાઇલોમાંથી શોધી 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરશે તો હું માનું છું કે ઘણા વાચકોને તેમાં રસ પડશે) પણ ૧૯૨૨ના માર્ચ માસમાં ધરપકડ થયા પછી જેલમાંથી તેઓ જમનાલાલ બજાજને લખે છે તેમાં તેઓ પોતાની ભૂલ કબૂલ કરે છે કે એક વર્ષ પહેલાં તેઓ જોઈ શકતા તે કરતાં આજે તેઓ સત્યને અને પોતાની ક્ષુદ્રતાને વધુ સ્પષ્ટ રૂપે જોઈ શકે છે. ગાંધીજીની સત્ય દ્રષ્ટિ આમ જીવનના અંત સુધી નિર્મળ થતી રહી હતી. ઉપનિષદની પ્રખ્યાત પ્રાર્થના 'અસતો મા સદ્‌ગમય' તેમના જીવનની મુખ્ય પ્રેરણા હતી.

જાગ્રત સત્યદૃષ્ટિની માણસો સાથેના વ્યવહારમાં જરૂર છે તેટલી જ, કદાચ તેથી પણ વધુ. આજે જાહેરજીવનના પ્રશ્નો વિશે વિચાર કરવામાં છે. આપણે બધા એવા પ્રશ્નો વિષેના આપણા અભિપ્રાયો છાપાંઓ વાંચીને બાંધતા હોઈએ છીએ પણ છાપાંઓમાં એટલું બધું અસત્ય ને અર્ધસત્ય છપાય છે કે આપણે આપણી સ્વતંત્ર બુદ્ધિથી વિચાર કર્યા વિના એ બધું માની લઈએ તો આપણું મન રાગદ્વેષ ને પૂર્વગ્રહોનું ગુલામ બની જાય એમ ન થાય એની કાળજી રાખવાની દેશના નાગરિક તરીકે આપણી નૈતિક ફરજ છે. આપણી સત્યદ્રષ્ટિને ઝાંખી કરતાં બીજાં અનેક કારણો આપણે આપણા રોજબરોજના જીવનનું

નિરીક્ષણ કરતા રહીશું તો સમજી શકીશું.

હવે સામાજિક, પ્રજાકીય પ્રબુદ્ધતા'ની વાત. દરેક પ્રજાનું જીવન ઘડવામાં તેની ધર્મશ્રદ્ધા બહુ મોટો ભાગ ભજવે છે. ધર્મશ્રદ્ધાની મૂળ પ્રેરણાઓ ઉદાત્ત હોય છે. પણ માણસના સ્વભાવમાં જ કંઈક એવી ત્રુટિ રહેલી છે કે ધર્મશ્રદ્ધાની બધી ઉદાત્ત ભાવનાઓમાં સમય જતાં વિકૃતિઓ આવે છે. પ્રાચીન ભારતીય દર્શનની એક ભાવના હતી વસુધૈવ કુટુંબકમની. પણ હકીકતમાં હિંદુ સમાજ નાતજાતના કેવા નાના ને સંકુચિત વાડાઓમાં છિન્નભિન્ન થઈ ગયો! આભડછેટનો વહેમ પ્રજાના માનસમાં એવું ઘર કરી ગયો કે કયું નાત કોનું રાંધેલું ખાઈ શકે કે તેનું પાણી પી શકે એ રોજબરોજના આચારનો બહુ અગત્યનો પ્રશ્ન બની ગયો અને અમુક જાતિ બીજી કરતાં ઊંચી કે નીચી એવો વિચાર સર્વવ્યાપી બની ગયો. 'ઊજળા વર્ણો', 'હલકી વર્ણો', 'નીચલી વર્ણો' જેવા શબ્દો આપણી ભાષાઓમાં કેટલા વ્યાપક બની ગયા છે.' અને આ ભાવનાઓ માટે શાસ્ત્રોનો આધાર આપણે વેદના પુરુષસૂક્તમાંથી ટાંકીએ છીએ. બ્રાહ્મણ વિશ્વપુરુષનું મોં, ક્ષત્રિય તેના બાહુ, વૈશ્ય તેનું પેટ અને શુદ્ર તેના પગ. એમ કરતાં આપણે ભૂલી ગયા કે મોં, હાથ, પેટ, પગ બધાં જ એક જ શરીરનાં અંગ છે, તેમાં ક્યાંય ઊંચું નથી, ક્યાંય નીચું નથી, બધાં અંગોમાં એક જ લોહી ફરે છે. પગ અપવિત્ર હોય તો તેમાં ફરતું અપવિત્ર લોહી મગજમાં-મોંમાં પહોંચી મોંને પણ અવવિત્ર કરે જ ને? બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યનો જ ભેદ કરીને આપણે ન અટક્યા, ચાર વર્ણોની બહાર અતિશૂદ્રનો અસ્પૃશ્ય વર્ગ પણ કર્યો અને અને તેમની પ્રત્યે સદીઓ સુધી કોઈ સરકારી પ્રજાને ન શોભે એવું વર્તન કરતા રહ્યા. આજે તેમાં કંઈક સુધારો થયો છે, પણ હજુય કેટલા પ્રમાણમાં અસ્પૃશ્યો વિરુદ્ધ તુચ્છકારનો ભાવ વ્યાપક છે!

સ્ત્રીઓ પ્રત્યેનું આપણું વર્તન સદીઓ સુધી એવું જ વિચારહીન રહ્યું છે. શાસ્ત્રોએ તેમને સહધર્મચારિણી કહી, તેમને પતિ સાથે આધ્યાત્મિક સાધનાની અધિકારિણી ગણી, તેમને લક્ષ્મીનો અવતાર ગણી દેવી કહી; મનુસ્મૃતિએ 'યત્ર યત્ર પૂજ્યન્તે નાર્યઃ તત્ર તત્ર રમન્તે દેવતાઃ' લખ્યું, પણ વ્યવહારમાં આપણે સ્ત્રીઓની કેવી દશા કરી? એ જ મનુસ્મૃતિમાં સ્ત્રીઓની નિંદા કરતા શ્લોક વાંચી જવા જેવા છે. સ્ત્રીઓની પવિત્રતાનું રક્ષણ કરવા બાળલગ્નનો રિવાજ અપનાવ્યો, વિધવાવિવાહનો નિષેધ કર્યો, વડીલોના દેખતાં પતિ સાથે વાત કરી શકે, પોતાનાં બાળકોને રમાડી ન શકે, સસરા કે જેઠને પોતાનું મોં ન બતાવી શકે, લગ્ન કરતાં તેની ઇચ્છા ન પુછાય, ગમે તેટલી નાની ઉંમરની કન્યાને કોઈ વૃદ્ધ સાથે પરણાવી શકાય, પત્ની મરી જાય તો બીજે જ દિવસે પતિ બીજું લગ્ન કરી શકે, સાસુસસરા જીવતાં હોય ત્યાં સુધી તેનાં પુત્રપુત્રીઓની કેળવણી લગ્ન આદિ વ્યવહારના પ્રશ્નોમાં તેનો અભિપ્રાય ન પુછાય-સ્ત્રીઓ પ્રત્યેના આપણા અન્યાયોની બહુ લાંબી યાદી થાય એવી છે-સૌથી વધુ ક્રૂર તો મૃત પતિના શબ સાથે સતી થવાનો આદેશ સને ૧૮૨૯માં ૧૬૦ વર્ષ પહેલાં, ગવર્નર-જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિકે તે રિવાજ બંધ કર્યો હતો છતાં હજુ એ ભાવનાનાં મૂળ કેટલાં ઊંડાં છે તે થોડા માસ ઉપર રાજસ્થાનમાં રૂપકુંવર નામની યુવતી સતી થઈ એ ઘટનાના પ્રસંગે જણાઈ આવ્યું. છતાં આ બાબતમાં હિંદુ સરકારનેતાઓએ છેલ્લાં દોઢસો વર્ષ દરમિયાન નિષ્ઠાવાન પુરુષાર્થ કરીને મોટા ભાગનાં અનિષ્ટોનું નિવારણ કર્યું છે અને તેમાં ગાંધીજીનો બહુ મોટો ફાળો રહ્યો છે-જ્યે કે આજે પણ સ્ત્રીઓને અપમાન લાગે અને અસંતોષ રહે એવું સમાજમાં ઘણું બધું છે.

ખ્રિસ્તી ધર્મમાં પણ અનેક વિકૃતિઓ આવી હતી જેમાંની કેટલીક આજે પણ જીવતી હશે. પણ ખ્રિસ્તી દેશોના જાગ્રત સમાજસુધારકોએ છેલ્લાં પાંચસો વર્ષ દરમિયાન ઘણી માત્રામાં ધર્મશુદ્ધિ કેળવી છે. પંદરમી ને સોળમી સદીઓમાં ધર્મના નામે ખ્રિસ્તી દેશોમાં જે અત્યાચારો થયા તેનું વર્ણન કર્યું જાય એમ નથી. પણ જાગ્રત થયેલી વિવેકબુદ્ધિએ તેમાંનું ઘણું બધું ધોઈ નાખ્યું. મુસલમાન મિત્રો ઇસ્લામના ઇતિહાસને તપાસશે તો તેઓ જોઈ શકશે કે બીજા ધર્મસંપ્રદાયોની જેમ ઇસ્લામમાં પણ ધર્મશ્રદ્ધાની વિકૃતિ થઈ છે. પણ બહુ ઓછા મુસલમાન વિચારકોએ એવો પ્રયત્ન કર્યો છે, શિક્ષિત મુસલમાન સ્ત્રીપુરુષો જાગે અને વિચારે. હિંદુ તરીકે હું ઇસ્લામની ત્રુટિઓ ગણાવવાનું સાહસ નહિ કરું. જૈન શિક્ષિતોએ પણ એવું આત્મનિરીક્ષણ કરવાની જરૂર હતી. 'પ્રબુદ્ધ જીવન'ના જૈન વાચકો વિચારે. ●

એમને શતશત નમસ્કાર હો

● ગુલાબદાસ બ્રોકર

આ પ્રસંગ મને મલ્લિકજીએ કહેલો. મલ્લિકજી એટલે સ્વ. ગુરુદયાલ મલ્લિક-ભક્ત અને કવિજન. વિદ્વાન અને પ્રાધ્યાપક.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનમાં વર્ષો સુધી તેમણે અંગ્રેજી સાહિત્ય શીખવ્યું. છેલ્લે મુંબઈ રહ્યા. અહીં ખારની પ્યુપિલ્સ ઓન સ્કૂલમાં, મનની મોજ ખાતર, તેમણે થોડો વખત અંગ્રેજી શીખવ્યું.

મનની મોજ ખાતર જ ગજબ મોજીલા મનુષ્ય એ જ્યારે મળો ત્યારે હસતા જ હોય-એમની સફેદ દુધ જેવી દાઢી ફરકાવતા, ફરકાવતા.

ખાદીનું પહેરણ, ખાદીનો પાયજામો, સહુ ઊંચી નહિ એવી કાયા અને હાસ્ય બાળક જેવું, ફરિસ્તા જેવું. મસ્તરામ લાગે, ખાનાખરાબ હોય તેવા મસ્તરામ, મદથી ભરેલા હોય તેવા મસ્તરામ નહિ.

દોસ્તી થઈ ગઈ તેમની સાથે, જીવનમાં ઘણાઓની સાથે થાય છે, તેમ મારી પુત્રી મીનાક્ષી ત્યારે પ્યુપિલ્સ ઓન સ્કૂલમાં ભણે અને મલ્લિકજીની વાતો કરતાં ધરાય નહિ.

એથી એમને મળવાનું મન થયું. પુત્રીને મેં એ કહ્યું, પુત્રીએ એમને કહ્યું અને એ હાજર!

દોસ્તી થઈ ગઈ અને જામી ગઈ. જાતજાતની વાતો કરે એ. એવો રસ પડે! એમની જિંદગી વિશેની વાતો તો કોઈ રોમાંચકતાનો હોય તેવો રસ પૂરો પાડે. જેમાં સ્ત્રી ન હોય,

શરાબ ન હોય, સત્તા ન હોય, અહમહમિકા ન હોય, પૈસા ન હોય, અને છતાં આપણને પૂરેપૂરા જકડી રાખે એવી રસભરી રોમાંચકતાનો. એમના કરાચીના અનુભવો, શાંતિનિકેતનના અનુભવો, રવીન્દ્રનાથની સાથે થયેલો એમનો, અદ્‌ભુત કથામાં પણ અદ્‌ભુત લાગે એવી રીતનો મેળાપ. પછી શાંતિનિકેતનમાં જ 'અહ્‌ દ્વારકા' કરી એમનું જામી જવું, પછી મુબઈ આવવું, મળવું, હળવું ને રખડવું. કોઈ વ્યાધિ નહિ, કોઈ ઉપાધિ નહિ. જ્ઞાન મેળવવું અને આપવું હસવું અને હસાવવું ને ગાવું, બુલંદ સ્વરે, ભગવાનનું ગીત.

એક દિવસ રવીન્દ્રનાથ વિશે વાત નીકળી. એમને વિશેની તો હર એક વાત રસભરી જ હોય પણ આ તો જેટલી રસભરી તેટલી જ ઉદ્‌બોધક હતી. મલ્લિકજીએ કહ્યું :

'ત્યારે રવીન્દ્રનાથ એટલે કે ગુરુદેવ. કાંઇક નાના ગામડાના નાના ઘરમાં રહેવા ગયેલા. થોડા સમય માટે. હું પણ સાથે ખરો જ. બીજો કોઇ ખાસ રસાલો નહિ.'

ત્યાં ગુરુદેવ વાંચે, લખે, વાતો કરે, પ્રાર્થના કરે, ધ્યાન ધરે, નિરાંતે ભોજન ગાળે.

પણ એક ઉત્કંઠા એમને જબરી ટપાલ માટેનું એમનું કુતૂહલ અદમ્ય. નાના બાળકના જેવું ? ના, નવોઢા જેવું. ટપાલી આવતો લાગે છે એવો ખ્યાલ આવે કે દોડે. પોતે જ પહોંચે ને પોતે જ એના હાથમાંથી ટપાલ મેળવે. એ રીતે દોડીને ટપાલ મેળવે ત્યારે જ એમને શાંતિ થાય.

એક દિવસ તેઓ ઘરના ઉપરના ભાગમાં બેસીને કશુંક લખતા હતા. ઉનાળાના દિવસો હતા. ગરમી તો કહે મારું જ કામ. મને આવી ગરમીમાં કંઇ સૂઝતું નહોતું એટલે હું આમતેમ જોતો બેસી રહ્યો હતો. બાધા જેવો હોઉંશ. મનમાં વિચારતો 'હતોઃ આવા દિવસે આમને શું લખવાનું સૂઝયું હશે ?'

ત્યાં તો ઓચિંતી જરા હરફર થઇ અને મારું ધ્યાન ગયું. ગુરુદેવ પોતાની કલમને બાજુએ મૂકી દઇ, જેને આધારે લખતા હતા તે પટારાને આઘેરો ખસેડી દઇ ઊભા થવા થવા જતા હતા.

હું સજાગ થઇ ગયો. તેમની પાસે પહોંચી ગયો 'કશું જોઇએ છે ?' કરતો.

પણ ત્યાં તો તે ઊભા થઇ ગયા હતા. કહ્યું : 'કશું જોઇતું નથી.' પછી હસ્યા. બોલ્યા : 'ટપાલી આવતો લાગે છે. જોઉં આજે શું લાવે છે એ.'

'કયાં છે ટપાલી? મને એનાં પગલાં સંભળાતાં નથી.' મેં કહ્યું.

'હજી નાકા પર લાગે છે.' પછી હસીને કહે : 'તમારા કાન મારા કાન જેવા સરવા નથી. તમારા કાન પ્રાધ્યાપકના છે, મારા પ્રેમીના.'

એટલું કહી હસતાં હસતાં એ નાનકડો દાદર ઊતરી ગયા. તેમને રોકવાનો કશો અર્થ નહોતો. આ કામ કરવા એ મને જવા જ ન દે ને!

હું આડું અવળું હતું તે સરખું કરવામાં રોકાયો. મારા કાનને કયાંકથી સુમધુર સંગીતના સ્વર સંભળાયા, પણ કવિશ્રીનાં પાછાં ફરતાં પગલાં ન સંભળાયાં. આટલી તે કેટલીક ટપાલ આવી હશે ? મને થયું. થોડું હસવું પણ આવ્યું. આટલી ઉંમરે ટપાલ વિશે આટલું બધું કુતૂહલ ?

પણ કુતૂહલપ્રિય કવિ ન આવ્યા. સંગીતના સૂર બંધ થયા. ટપાલીનાં પગલાં આગળ ચાલવા લાગ્યાં. શું થયું એ જોવા હું નીચે ઊતર્યો તો કુટીરના બારણામાં કવિ સ્તબ્ધ બનીને ઊભા હતા અને પેલા ટપાલીની ચાલી જતી પીઠ તરફ તાકી રહ્યા હતા. તેમના હાથમાં ટપાલની એક ચબરખી પણ નહોતી.

મને હસવું આવ્યું. મેં કહ્યું : 'નિષ્ફળ ગયો પ્રેમોપચાર ? હજી પણ શું એ પ્રેમિકા પાછી ફરીને આપને પત્રદાન કરશે તેમ આપ માનો છો ?'

કોઈક ધ્યાનમાંથી કોઇએ એમને જગાડયા હોય તેમ એ ચમકયા. મારી તરફ ફર્યા. 'ઓહો, ગુરુદયાલ છે.' એમ બોલ્યા ને મારી પાસે આવ્યા.

હું એમને જોઇ જ રહ્યો. એ હસ્યા, સ્વસ્થ થયા અને કહે :

'પ્રેમિકા જ ના આવી. પછી પત્રદાન કયાંથી થાય ?'

'ટપાલી નહોતો ?' મેં પૂછ્યું.

'ના.' એમણે કહ્યું. પછી મારી સામે જોઇને ઉમેર્યું. 'પણ એક ચમત્કાર હતો, ગુરુદયાલ.'

'શેનો ચમત્કાર, ગુરુદેવ ?' મેં પૂછ્યું.

'ચાલો ઉપર. ત્યાં કહું.' કહી એ નાનો દાદર ચઢી ગયા. હું પણ પાછળ ગયો. તેઓ પલાંઠી વાળી બેસી ગયા. લખવા માટેના આધારરૂપ પટારાને પોતાની પાસે ખેંચ્યો. હું તેમની પાસે બેઠો એટલે તેમણે કહ્યું :,

મારી ભૂલ થઇ હતી, ગુરુદયાલ. એ પગલાં ટપાલીનાં નહોતાં.'

'તો કોણ હતું એ ?'

'એક બાઉલ ગાયક હતો. ગીત ગાતો ગાતો જઇ રહ્યો હતો. એનો મીઠો એનો અવાજ હતો કે હું તો બધું ભૂલી એને જ સાંભળી રહ્યો હતો.

એ જ ચમત્કાર હતો ?'

'ના, ચમત્કાર તો એનું ગીત હતું.'

'એટલે ?' મેં પૂછ્યું.

'ગીત કોઇ પંખીને ઉદ્દેશીને હતું. તે ગીત દ્વારા એનો ગાયક ગગનમાં મસ્ત બનીને ગાઇ રહેલા પંખીને પૂછતો હતો:

'હે પંખી ! તું આખી રાત સ્વસ્થ હતું, સુરક્ષિત હતું, તારી આજુબાજુ તારું આખું કુટુંબ હતું. તું તારા નીડમાં હતું. તારી સલામતીને કોઇ જાતનું જોખમ નહોતું. તારી શાંતિને કોઇ જાતની નડતર નહોતી. મોટું એવું વૃક્ષ એના આશ્રયમાં તને પ્રેમથી પૂરી રાખીને પવનમાં લહેરતું હતું. તને કોઇ પ્રકારનો ભય નહોતો. છતાં આખી રાત તું નિઃશબ્દ, મૂક, બેસી જ રહ્યું ? સૂઇ જ રહ્યું ?

ને પ્રભાત થતાં?...પ્રભાત થતાંવેંત તું તારા એ સુરક્ષિત નીડમાંથી બહાર નીકળ્યું અને આ અમાપ આકાશમાં ઊડવા લાગ્યું. અહીં, આ આકાશમાં શી છે તારી સલામતી? તારી પાસે તો છે તારી બે નિર્બળ પાંખો, અને તારી સામે પથરાયો છે ગગનનો આ નીલ સમુદ્ર. એના અગાધ જલમાં તું તો એક બિન્દુ જેવું યે નથી. ને છતાં.... આખી રાત પૂરતી સલામતીમાં શાંત પડયું રહેનારું તું આ અફાટ ઉદધિમાં કોઇ પણ પ્રકારની સુરક્ષા વિનાની દશામાં જેવું ઊડવા માંડયું કે ગાવા લાગ્યું? ઊડે છે તું અફાટ નીલ અવકાશના વારિમાં, હે પંખી... તું...

'ને ગુરુદયાલ, એ બાઉલ આમ ગાતો ગાતો ચાલી ગયો.' કહી ગુરુદેવ અટકયા.

મેં એમની સામે જોયું. ઉત્તમ કાવ્ય અને સંગીતના મિશ્રણ જેવી કલાકૃતિ તેના ભોકતાને જે આનંદ આપે તે એમની આંખોમાં પુરાયેલો હતો. હું પણ કવિશ્રીની વાણીમાંથી એ કાવ્યની અદ્‌ભુતતા માણી રહ્યો હતો ત્યાં એ બોલ્યા:

'ચમત્કારક હતું એ ગીત, નહિ, ગુરુદયાલ?'

'કાવ્ય ઉત્તમ હતું.' મેં કહ્યું.

'કાવ્ય હતું અને ઉત્તમ પણ હતું એ વાત તો ખરી, ગુરુદયાલ, પણ એમાં ચમત્કાર શો હતો, મારે માટે, એ સમજ છે?'

'આપ જ કહોઃ' મેં એમની સામેથી નજર ખસેડયા વિના કહ્યું.

'જે વાત કહેવા માટે મેં કવિતા, ગીત, વાર્તાનાં હજારો પાનાં ભરી કાઢયાં છે અને છતાં હું જેને પૂરી સચોટતાથી કહી શકયો નથી તે વાત આ કોઇ અજાણ્યો કવિ કેવી સરલતાથી આઠ-દસ પંકિતમાં કહી ગયો? ને છતાં...' એ એમનું હંમેશનું નિર્મળ, પ્રેમાળ હાસ્ય હસી રહ્યા: 'ને છતાં લોકો મને મોટો કવિ કહે છે!'

પછી એ પાછા પટારા પાસે બેઠા. કલમ હાથમાં લીધી, કાગળિયાં સરખાં ગોઠવ્યાં ને કહે:

ચાલો ત્યારે, ફરીથી લખવા બેસું, જે આવું કશું કરી શકાતું હોય તો.'

મલ્લિકજીએ કહેલી એ વાતને આજે તો ઘણાં વર્ષો થઇ ગયાં છે, પણ આજે જયારે જયારે મને એ યાદ આવે છે ત્યારે ત્યારે જાણે મારા ઘરમાં જ મારી સામે બેસી મલ્લિકજી અત્યારે મને એ વાત કહી રહ્યા હોય એટલી જ એ તાજી લાગે છે. અને એ ગામડાગામમાં, ગમે તેવા પટારા સામે બેસી કલમ ચલાવી રહેલા અને પેલા બાઉલના શ્રવણથી ઊઠેલો ચમત્કાર તેમની આંખોમાં ઝળવી રહેલા કવિવરની ભવ્ય પ્રતાપી અને પ્રેમભરી મૂર્તિ મારી નજર સમક્ષ તરવરી રહે છે.

આપણા સહુના એમને શતશત નમસ્કાર હો.

બાળમનની લીલા

● અમૃતલાલ યાજ્ઞિક

બાળકનું મન કેવી રીતે કલ્પના કરતું હોય છે, તેના વિચારતરંગો કઇ રીતે હિલોળા લેતા હોય છે તે જો મોટેરાંઓ, ખાસ કરીને માબાપો અને બાળશિક્ષકો, સમજે તો બાળકનો બુદ્ધિવિકાસ અને સંસ્કારઉછેર સારી રીતે કરી શકે. મોટેરાંઓ પોતે બાળક હતાં તે ભૂલીને પોતાની રીતે બાળકનાં તોફાનો-મૂંઝવણો-વર્તનને જુએ છે તેથી બાળકને સમજી શકતાં નથી, અન્યાય કરે છે અને ખોટી દિશામાં ધકેલે છે. આપણે તો ભાગ્યશાળી છીએ કે ભાગવતમાં કૃષ્ણની બાળલીલાનું દર્શન કરાવનાર બાલદ્રષ્ટા કવિએ દશમ સ્કંધમાં કૃષ્ણનાં તોફાનોને કેવાં પ્રેમથી વર્ણવ્યાં છે! છતાં આપણાં ઘર-ઘરનાં કૃષ્ણ જેવાં બાળકોને એવા પ્રેમથી નથી ઉછેરતાં એ કેવું દુર્ભાગ્ય કહેવાય!

જ્યારે રવીન્દ્રનાથ ટાગોરના બાળપણનાં 'સંસ્મરણો' વાંચતો હતો, ત્યારે તેમની આર્ષદ્રષ્ટિથી બાળમનની લીલાઓ જોઇએ તો બાલપુષ્પોનું આપણે પ્રેમથી જળસિંચન કરીને તેમને ખીલવી શકીએ, તેમની શકિત-સુગંધ કુટુંબઘરમાં જ નહીં પણ સમાજ અને રાષ્ટ્રમાં પણ પ્રસરે તેવું વાતાવરણ ઊભું કરી શકીએ. તેમની કવિત્વભરી કથનકલા એટલી સુંદર છે કે તેમના પ્રસંગ વર્ણનમાં જ તેમનો જીવનમર્મ આપણાં હૃદયચિત્તમાં વસી જાય. તેમણે બાળપણનો એક પ્રસંગ વર્ણવતાં કહ્યું છે:

'એક દિવસ મેં જોયું તો મારા મોટા ભાઇ અને મારા ભાણેજ સત્યને નિશાળે મૂકવામાં આવ્યા, પરંતુ મને નિશાળે જવાને યોગ્ય ગણવામાં આવ્યો નહિ. મોટેથી રડવા સિવાય મારી યોગ્યતા જાહેર કરવાનો બીજો કોઇ જ ઉપાય મારા હાથમાં નહોતો. આ પહેલાં હું કદી ગાડીમાં બેઠો નહોતો, કે ઘરની બહાર નીકળ્યો નહોતો. મને રડતો જોઇ અમારા શિક્ષકે મારા મોહનો નાશ કરવા માટે મને જોરથી તમાચો મારી એક સારગર્ભિત વાકય ઉચ્ચાર્યું હતું: 'આજે તું નિશાળે જવા માટે રડે છે, એક દિવસ નહિ જવા માટે તું આના કરતાં ઘણું વધારે રડવાનો છે! એ શિક્ષકનું નામઠામ, આકૃતિપ્રકૃતિ કશું યે મને આજે યાદ નથી, પરંતુ એ ગુરુવાકય અને ગુરુનો તમાચો મનમાં એવાં ને એવાં તાજાં છે. આવડી મોટી સત્ય ભવિષ્યવાણી જીવનમાં ફરી સાંભળી નથી.'

બાળમનનું સ્વાભાવિક પ્રસંગચિત્ર માત્ર રવીન્દ્રનાથ ટાગોરનું જ નથી, આપણે ત્યાં કે અન્યત્ર બાળકના ઉછેરનું ઘરઘરનું ચિત્ર છે. એક બીજું 'સંસ્મરણ' પણ એવું જ 'સંસ્મરણ' પણ એવું જ મર્મદર્શી છે:

'આજના જમાનામાં બાળકોએ વડીલોને 'લઘુ' કરી નાખ્યા છે. કયાંયે એમને કોઇ રોકતું નથી, વગર માગ્યે એમને બધું મળી જાય છે. આટલી સહેલાઇથી અમને કશું મળતું નહોતું. કેટલીયે નજીવી ચીજો પણ અમારે માટે દુર્લભ હતી. એનું ફળ એ આવ્યું હતું કે તે વખતે અમને મામૂલીમાં મામૂલી જે કાંઇ મળતું તેનો અમે પૂરેપૂરો રસકસ વસૂલ કરી લેતા. એનાં છાલછોતરાંથી માંડીને ગોટલા સુધી કશુયે ફેંકી દેવામાં આવતું નહિ. આજે સાધનસંપન્ન ઘરોના છોકરાઓને જોઉં છું તો તેઓને બહુ સહેલાઇથી મોંમાગી ચીજ મળી જાય છે, તેથી તેનાં મોટા ભાગને તો તેઓ માત્ર દાંત દઇને જ

કૂંખી દે છે-એમની દુનિયાનો મોટો ભાગ નકામો કચરામાં ફેંકાઈ જાય છે.

અમારો એક નોકર હતો, તેનું નામ શ્યામ. તે મને ઓરડામાં એક નકકી કરેલી જગ્યાએ બેસાડી મારી ચારે તરફ ચાક વડે કુંડાળું કરતો. પછી ગંભીર મોં કરી આંગળી ઊંચી કરી એ કહેતો : 'જો આ કુંડાળામાંથી બહાર પગ મૂકયો છે તો તારું આવી બન્યું જાણજે !' કુંડાળામાંથી જરાક બહાર પગ દેતાં સીતાની કેવી દુર્દશા થઇ હતી તે મેં રામાયણમાં વાંચ્યું હતું. એટલે કુંડાળાની વાતને અંશ્રદ્ધાળુની પેઠે હું ઉડાવી દઇ શકયો નહિ... અમારા આંગણામાં વડના ઝાડની છાંય મારા આખા મનને કબજે કરી લેતી... આજે એ વડ નથી ! ઘરની બહાર જવાની મનાઇ હતી એટલું જ નહિ, પણ ઘરની અંદર પણ અમને ફાવે તેમ આવ-જા કરવાની છૂટ નહોતી. 'બહાર' નામનો એક અનંત વિસ્તૃત પ્રદેશ હતો તે મારી પકડ બહાર હતો, પણ જેનાં રૂપ રસ, ગંધ, શબ્દ બારીબારણાંનાં છિદ્રોમાંથી ચારે બાજુથી આવીને સ્પર્શી જતાં હતાં. એ હતો મુકત, હું હતો કેદ. અમારે મળવાનો રસ્તો નહોતો. એટલે જ હવે પ્રેમનું આકર્ષણ મોટું હતું. આજે એ ચાકનું કુંડાળું ભૂસાઇ ગયું છે, પરંતુ તોયે એ કુંડાળુ ચિત્તમાં રહ્યું છે. દુર હજી દુર છે, 'બહાર' હજી બહાર જ છે. મોટા થયા પછી મેં Gardenerમાં લખેલું કાવ્ય 'The tame bird was in a cage, the free bird was in the forest' યાદ આવે છે : (અહીં એ કાવ્યનું ગુજરાતી ભાષાંતર જુગતરામ દવેએ કર્યું છે.)

પાંજરાનું પંખી રહેતું, સોનાના પિંજરમાં જી-
વનવગડાનું પંખી રહેતું સુંદર મનહર વનમાં જી.
એક દિવસ બંને પંખીડાં હળ્યાંમળ્યાં ને બોલ્યાં જી !
વનનું પંખી બોલ્યું, 'સાંભળ, પિંજરના ઓ પંખીજી !
ચાલો વનમાં ઊડી જઇએ, વનમાં ઝાઝાં પંખીજી ?'
પાંજરાનું પંખી બોલ્યું : 'વનના પંખી વહાલા જી !
આવ પડયાં રહીએ પિંજર, શા દોડા કરવા ઠાલાજી ?'
વનવગડાનું પંખી કહે, 'ના, એ બોટી વાતો જી;
નથી અમારે બંદી થાવું, કેદ કારમી આ તો જી.'
ગરીબ બાપડું બોલ્યું પંખી પિંજરનું રહેનાર જી :
'હાય હાય ! હું કેમ કરીને છૂટી નીકળું બહાર જી !'

આ રીતે કવિવર રવીન્દ્રનાથે બાળપણમાં રમવાની છૂટ ન આપનાર માબાપ બાળકની સ્થિતિ કેદી જેવી કરે છે તેનું આબેહૂબ ચિત્ર પિંજરાનું પંખી જેવું બાળક બની જાય છે; તેની કુદરતી શકિત ક્ષીણ થાય છે તેનું કેવું હૃદય-સ્પર્શી કરુણ ચિત્ર ઉપરના કાવ્યમાં દોયું છે ! મોન્ટેસોરી અને ફ્રબેલે તેને રમતગમતની છૂટ આપવાની સ્વતંત્રતા આપવાની હિમાયત શિક્ષણવિચારણામાં કરી છે તે જાણીતી હકીકત છે. એટલે જ 'સંસ્મરણો'માં ગુરુદેવ ટાગોર લખે છે :

'બાળકને જો બાળક થવા દેવામાં આવે, એને રમવાનું મળે દોડવાનું મળે, કુતૂહલ મટાડવાનું મળે, તો બાળક પોતાનો ભાર પોતે જ અનાયાસે વહન કરે છે. પરંતુ બાળકને બહાર જવા ન દઇએ, એને રમતાં રોકીએ, એને ડાહ્યોડમરો બનાવીને બેસાડી રાખીએ તો ખૂબ મુશ્કેલભર્યો ક્રાયદો ઉત્પન્ન થાય છે. બાળકનો બધો જ ભાર વડીલો ઉપર જ આવી પડે છે **ઘોડાને જમીન ઉપર ચાલવા દેવાને બદલે એને ખાંધે ઉપાડીને ચાલવા જેવું એ છે !** જે ખાંધે ઉપાડે છે તેનો મિજાજ ઠેકાણે નથી રહેતો. મજૂરીના લોભે એ ખાંધે ઉપાડે છે. પણ બાપડો ઘોડા ઉપર ડગલે ને પગલે એ વેર લેતો હોય છે.'

ત્યાર પછી રવીન્દ્રનાથ ટાગોરે બાળકને શિક્ષા કરવાથી તેનો વિકાસ કેવો કુંઠિત થઇ જાય છે વિશે લખ્યું છે. બાળકમાં સમજણ નથી એવું માની તેને ધમકાવવો કે મારવો એ ખોટું છે, બાળકના વિકાસની આડે આવવા જેવું છે. તે વિશે તેમણે લખ્યું છે :

'શિક્ષકે આપેલી વિદ્યા શીખતાં બાળકો બહુવાર લગાડે છે, પણ શિક્ષકોના મનોભાવ શીખી લેતાં તેમને કશી જ તકલીફ પડતી નથી. શીખવાના બીજા વિષયો કરતાં શિક્ષણ-વ્યાપારમાં જે અન્યાય, અધર્મ, ક્રોધ અને પક્ષપાત હોય છે તે હું બહુ સહેલાઇથી શીખી ગયો હતો સુખની વાત માત્ર એટલી હતી કે અમારી નિશાળના લાકડાના સણિયા જેવા મૂંગા અને જડ પદાર્થો સિવાય બીજા કોઇની ઉપર એવા જંગલીપણાનો ઉપયોગ કરવાનું, હું એ નાની ઉમરે, બીતો...મારા અને સંકુચિત મનના શિક્ષકોના માનસમાં, કઠોડાના સણિયાઓ અને અમારા જેવા નિશાળિયાઓની વચ્ચે, કંઇ જ ફરક નહોતો.'

માબાપો વડીલો અને શિક્ષકો જો બાળકના મનોભાવની લીલાને સમજે અને તેમની શકિતઓને વિકસવા મોકળાશ આપવાનું સમજે, તો કુટુંબનું, સમાજનું, રાષ્ટ્રનું અને માનવતાનું કેટલું હિત થાય ! માબાપ અને શિક્ષકોના શુદ્ધ વર્તનથી બાળક સંસ્કારી આપોઆપ બની શકે છે. તેઓનો ઉપદેશ કે બોધને બદલે તેમના આચારનો જ ઊંડો પ્રભાવ પડે છે, બાળકોમાં પૂજ્યભાવ કુદરતી રીતે જન્માવે છે.

સાભાર સ્વીકાર

* **ઉર્મિ નવરચના-હાવાભાઇ સંઘવી સ્મૃતિ વિશેષાંક** : તંત્રી : જયમલ્લ પરમાર, સહતંત્રી : રાજુલ દવે * પૃષ્ઠ-૧૩૬ * ફેબ્રુઆરી ૧૯૮૯, પ્રકા. ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ, નવરંગ, જકાતનાકા સામે, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧ * **અર્વાચીન જૈન જ્યોતિર્ધરો** લે-સંપા. ડો. સોનેજી (આત્માનંદજી). * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૨૮૦ * પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર * કોબા. (જિ. ગાંધીનગર) પીન-૩૮૨૦૦૯ * **સાહિત્ય સૌરભ** સંગ્રાહક-હીરજી કેશવજી કોઠારી, સંપા. અનવર આગેવાન પ્રકા. હીરજી કે. કોઠારી. રાધાનગર. સી/૩૧૧, માનપાડા રોડ, ડોમ્બીવલી (પૂર્વ) પીન-૪૨૧૨૦૧

ગુજરાતી કવિતામાં જળાશયો

● તનસુખ ભટ્ટ

ભારતીય સંસ્કૃતિનો ઊગમ પંજાબમાં તથા ઉત્તર પ્રદેશમાં થયો છે. પંજાબમાં પ્રકૃતિથી પ્રભાવિત થઈને વેદકાલીન ઋષિઓએ ઉષા, વર્ષાનાદેવ ઇન્દ્ર, અગ્નિ, જળના દેવ વરુણ, આકાશતત્ત્વરૂપ દ્યૌષિતર (જ્યુપિટર) વગેરેની સ્તુતિઓ રચી આ સ્તોત્રો તે જ ઋગ્વેદ: વાયવ્ય પારથી વિશ્વામિત્રઋષિ તેમના ભારત ગોત્રના અન્ય આર્યો સાથે જ્યારે પંજાબમાં પ્રવેશતા હતા ત્યારે તેમને ત્યાંની બે મોટી નદીઓ આડી નડી. આ નદીના વેગવાન પ્રવાહમાં તેમના કાફલાનાં રથગાડાં તણાઈને યોજનો દુર વહી જાય વળી તેમની ઊંડાઇમાં ઊતરતાં જ બધા પ્રવાસીઓના મસ્તક ઉપરથી પાણી વહી જાય. ત્યારે કરવું શું ? વિશ્વામિત્રે આ બંને નદીઓની સ્તુતિ આદરી. એક કહેવત છે કે ખુશામત તો ખુદા કો ભી પ્યારી હૈ; તો પછી આ નદીઓ તેમાં કેમ અપવાદરૂપ હોય ? આ બે નદીઓનાં નામ છે વિપાટ્ (વિપાશા કે બિયાસ) તથા શુતુદ્રી (સતલજ) વિશ્વામિત્ર અને નદીઓ વચ્ચે સંવાદ ચાલ્યો અને જેમ યમુનાએ વસુદેવને માગ આપ્યો હતો તેમ આ બિયાસ-સતલેજ વિશ્વામિત્રના સાર્થ (કાફલા)ને માર્ગ દીધો, અને નદીઓનાં જળ રથગાડાંની ધરીઓથી નીચાં થયાં અને આ છીછરા જળમાં થઈને ઋષિસંઘે સરિતાયુગલ પાર કર્યું પછી ઘોડારમાંથી છૂટેલી હણહણાટ કરતી ઘોડીઓ જેવી તથા વર્ણમાં ઊજળી ગાયો જેવી આ નદીઓનાં જળ વેગથી વહી રહ્યાં વિપાટ્ શુતુદ્રી પયસા જવેતે ।

ઉપનિષદ જ્ઞાની પુરુષની દશા વર્ણવતાં કહે છે :–

યથા નદ્ય સ્યન્દમાનાઃ સમુદ્રેઽસ્તે ગચ્છન્તિ નામરૂપે વિહાય ।
તથા વિદ્વાન નામરૂપાદિમુક્તઃ પરાત્પરં પુરુષમુપૈતિ દિવ્યમ્ ॥

અર્થ :– જેમ સમુદ્ર પ્રતિ વહેતી નદીઓ પોતાનાં નામરૂપ છોડી સાગરમાં જ લીન થાય છે. તે પ્રમાણે વિમુકત બનેલો જ્ઞાની નામરૂપથી છૂટી સર્વશ્રેષ્ઠ એવા દિવ્ય પુરુષમાં લીન થઇ જાય છે

ગીતા સ્થિતપ્રજ્ઞની દશાને સદાય નદીજળથી ભરાતા છતાં ન ઊભરાતા, સાગર સાથે સરખાવતાં કહે છે :–

આપૂર્યમાણમચલપ્રતિષ્ઠં, સમુદ્રમાપ પ્રવિશન્તિ યદ્વત્ ।
તદ્વત્ કામાઃ યં પ્રવિશન્તિ સર્વે, સ શાન્તિમાપ્નોતિ ન કામકામી ॥

અર્થ : અચળ પ્રતિષ્ઠાવાળા અને નદીનાં જળ વડે ભરાતા રહેતા સમુદ્રમાં જેમ નદીનાં જળ પ્રવેશે છે તે જ પ્રમાણે જે (જ્ઞાની)માં કામનાઓ પ્રવેશે છે. (છતાં તેઓ જ્ઞાનીને હલાવતી નથી.) તે જ જ્ઞાની શાંતિ પામે છે–વાસનાઓને ઝંખનારો નહિ. શ્રીકૃષ્ણ ગીતામાં જ કહે છે **સ્રોતસામસ્મિ જાહ્નવી**

વાલ્મીકિ રામાયણમાં ગંગાવતરણનો પ્રસંગ આમ વર્ણવાયો છે :–

ભગીરથની સ્તુતિથી મહાદેવનું હૃદય પીગળ્યું અને જટાજૂટ કરેલી ગંગાને તેમણે બિંદુરૂપે ધીરે ધીરે છોડી, ત્યાંથી તે નમ્રતાપૂર્વક સાત શાખાઓમાં વહી. ગંગાની ત્રણ શાખાઓ પૂર્વ તરફ તથા ત્રણ શાખાઓ પશ્ચિમ તરફ વહેવા લાગી. સાતમી શાખા ભગીરથ પાછળ ચાલી. ગંગાધારા ભગીરથની પાછળ ઊંછળતી, કૂદતી, આગળ વધવા લાગી. જળજીવોથી ભરેલી ગંગા, વીજળીની પેઠે ચમકતી દ્રશ્યમાન થતી હતી. કયાંક તેની ગતિ મંદ પડતી તો કયાંક વળી તે ત્વરિત થતી. કયાંક ગંગા અધોમુખ થતી તો કયાંક તે ઉન્નતમુખ બનતી. તેનું આ મનોહર નૃત્ય ભગીરથ રાજાના રથની પાછળ ચાલતું જ રહ્યું. ભગીરથના ગંગાવતરણના પ્રયત્નને લીધે સુરસરિતાનું નામ ભગીરથી પડ્યું.

રામ – લક્ષ્મણ – સીતાએ અયોધ્યામાંથી વનગમન કર્યું. માર્ગમાં ગુહક મળ્યો. રામે ગુહને, પોતાને આગળ જવા દેવા માટે, સારી રીતે સમજાવ્યા. સીતાને પ્રથમ નૌકામાં આરામપૂર્વક બેસાડીને પછીથી બંને રાજકુમારો હોડી પર ચડ્યા. ગંગાની મધ્ય ધારામાં સીતાએ ભગવતી ભાગીરથીને શ્રદ્ધાંજલિ આપી પૂજન કર્યું અને કહ્યું: 'હે ગંગામાતા ! હું વનમાંથી પાછી ફરીશ ત્યારે આમ જ તમારું પૂજન કરીશ.'

કાલિદાસ ગંગા-યમુના સંગમને વર્ણવે છે. લંકામાંથી વિમાનમાં પાછાં ફરતાં રામ – સીતાને સમુદ્ર ઉલ્લંઘનસ્થાન, નૂપુરપ્રાપ્તિ સ્થાન, પંચવટીનું નિવાસસ્થાન ઓળખાવે છે. પછી સંગમ વર્ણવે છે.

હે ઉત્તાનાંગિ ! યમુનાના તરંગમાં મળી જતી આ જાહ્નવી કેવી શોભાયમાન દીસે છે ! ઇન્દ્રનીલ મણિની સાથે શ્વેતમોતીહાર ગૂંથ્યો હોય તેમ ગંગા–યમુનાનાં જળ પડખોપડખ વહે છે. નીલકમળ સાથે જેમ શ્વેતકમળ સોહે તેમ બંને પ્રવાહો કેવા રળિયામણા વરતાય છે ! કયાંક વળી કાળા અગર (કાલાગુરુ)માં ચંદનનો લેપ નેત્રરંજન કરે છે તેમ ભિન્નવર્ણનાં જળ અતિ ચિત્તાકર્ષક બને છે. કયાંક ચાંદની અને છાંયડાની કૂણગુંથણી જેવાં તે કાળરચિતરાં કળાય છે, કયાંક શરદઋતુનાં સફેદ વાદળાં વચ્ચે બાંકારાંમાંથી દેખાતા નીલવર્ણ આકાશની જેમ બંનેનાં મિશ્રણ પામતાં જળ રંગભેદથી રળિયામણાં બને છે. કયાંક તે શ્વેત ભસ્માંગરાગવાળા શિવજીના દેહ ઉપર કાળો નાગ દેખાય તેમ સિત-અસિત (શ્વેત-અશ્વેત) રંગો દ્રષ્ટિ પથે ચડે છે આમ ગંગાયમુનાના પ્રવાહનો આ સંગમ પ્રથમ ભિન્ન બે પ્રવાહમય, ધીરે ધીરે મિશ્રિત વર્ણમય ને અંતે એકવર્ણનો આભાસ આપે છે.

કાલિદાસના મેઘદુત ખંડકાવ્યમાં વિરહી યક્ષ પોતાના દુતરૂપ મેઘને સંદેશો આપતાં કહે છે :–

'પછી તું વિંધ્યાચળના ગિરિશિલાઓ વડે અનેક પ્રવાહોમાં વિભિન્ન બનેલી રેવા (નર્મદા)ને જોજેશ. જાણે કે હાથીના કાળા દેહ ઉપર સફેદ રંગોના પટ્ટા પાડવા હોય તેવા કાળી શિલા પરના શ્વેતપ્રવાહો તને પ્રસન્ન કરશે પછી નિર્વિન્ધ્યા, ક્ષિપ્રા, ગંભીરા, સરસ્વતી, જાહ્નવી અને માનસસરોવર ઉપર ઊડીને તું અલકાપુરીમાં પ્રવેશજે.'

બાણભટ્ટની કાદંબરીમાં નાયક ચંદ્રાપીડ શિકારે જાય છે. મધ્યાહ્ન થતાં તે તૃષાવ્યાકુળ બને છે તથા જળાશયને શોધે છે. હાથીનાં ભીનાં પગલાં પૃથ્વી ઉપર પડેલાં જોઇને તે સરોવરનું અનુમાન કરે છે અને સાગડ લેતો તે અચ્છોદ નામનો

સરોવરને તીરે આવે છે. સરોવરની વિશાળતા, શીતલતા, સુગંધમયતા જેવા ગુણોથી પ્રસન્ન બની ચંદ્રાપીડ સ્વગત ઉચ્ચરે છે :-

આ સરોવરને ઉત્પન્ન કર્યા પછી અમૃતને ઉત્પન્ન કરનાર બ્રહ્માએ પુનરુક્તિકાર્ય જ કર્યું છે, અમૃતની જેમ આ સરોવર સર્વે ઇન્દ્રિયોને આરામ આપે છે, વિમલતાથી તે નેત્રેન્દ્રિયને, શીતલતાથી તે સ્પર્શેન્દ્રિયને, કમળ સૌરભથી તે ઘ્રાણેન્દ્રિયને, હંસધ્વનિથી તે કર્ણેન્દ્રિયને અને સ્વાદથી તે રસનેન્દ્રિયને મહાસુખ સમર્પે છે. આવા રમણીય સરોવરનું દર્શન ન તજવાની ઇચ્છાથી જ ભગવાન ઉમાપતિ કાયમ કૈલાસમાં વસે છે. ભગવાન વિષ્ણુ આ સરોવરને પરહરીને ખારા સમુદ્રમાં શયન કરવા હવે જતા નથી. આ સરોવર એટલું ગહન છે કે તેના ઊંડા જળમાં વરાહ ભગવાન જેવા મહાકાય હજારો વરાહો પ્રવેશીને અદ્રશ્ય થાય તો તેમનો કયાંય પત્તો પણ ન લાગે. સૃષ્ટિનો અંત આણનારા પ્રલયમેઘો આ સરોવરનું જળ ગ્રહણ કરીને જ અતિવૃષ્ટિ વડે પ્રલય આદરે છે.

ઉત્તર રામચરિતમાં ભવભૂતિ કહે છે :-

एतानि तानि बहुनिर्झरकन्दराणि
गोदावरीपरिसरस्य गिरेस्तटानि ।

અર્થ :- આ રહ્યાં અનેક ઝરણાં, કંદરા અને ગોદાવરીની પડખે ઊભેલા પર્વતના ઢાળો.

ભર્તૃહરિ મહાસાગરની વિરાટતા વર્ણવતાં કહે છે:-

'અહીં મહાસાગરમાં એક કોર શેષશાયી ભગવાન નારાયણ સૂએ છે તો બીજી બાજુ વિષ્ણુના વેરી દાનવો વસે છે. ઇન્દ્રે ક્રોધમાં આવીને જનપદો ઉપર પડતા ને તેમનો કરચર-ધાણ બોલાવતા પાંખાળા પર્વતોની પાંખો કાપવાનો આરંભ કરેલો. આ ત્રાસમાંથી બચવા કેટલાયે પર્વતો શરણાર્થી બની સાગરને આશ્રયે આવેલા. તેવા અનેક પર્વતો વળી બીજી જગ્યાએ ધામા નાખીને પડયા છે. આ જ મહાસાગરમાં કયાંક વડવાનળ પ્રજ્વળી રહ્યો છે તો સૃષ્ટિનો પ્રલય સરજાવતા બારે મેઘો વળી સ્વપરાક્રમની ક્ષણની વાટ જોતાં કાળ વિતાવતા, કોણ જાણે કયે ખૂણે ડેરાતંબુ તાણી પડયા છે. અહો ! આ મહાસાગરનો દેહ કેટલો વિરાટ, બળવાન અને ભાર ઝીલે છે !

પ્રાકૃત વ્યાકરણકાર કળિકાળસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્ર પોતાના વ્યાકરણ નિયમોનાં ઉદાહરણો તરીકે લોકભાષામાં પ્રવર્તતાં મુકતકો (દુહાઓ) આપે છે. એક મુકતક કહે છે :

સાગર તૃણને છાતી ઉપર ધરી રાખે છે અને મૂલ્યવાન રત્નોને છેક તળિયે છુપાવી દે છે. આમ જ કેટલાક શેઠસ્વામીઓ ઉત્તમ સેવકોની અવગણના કરે છે અને ખલપુરુષોને સન્માને છે.'

સંસ્કૃત કવિતામાં જળાશયોનાં વર્ણન પાછળ પ્રકૃતિનું અવલોકન, ઉપાસના અને આનંદ રહેલાં છે. ગુજરાતી કવિતામાં ભકતોની રચનામાં જળાશયોના વર્ણનમાં પ્રકૃતિને કોઇ જ મહત્ત્વ અપાયું નથી, કેટલાય ભકતોની રચનામાં કયાંય જળાશયનો ઉલ્લેખ જ નથી, અને ઉલ્લેખ હોય તો પણ તે માત્ર પોતાના વિધાનને દૃઢ કરવા માટે નદી, સમુદ્ર, તળાવ સરોવર વગેરેને એક અલંકાર તરીકે અથવા સાધન તરીકે પ્રયોજે છે, જેમકે ભવસાગર નામનો જાણીતો શબ્દ બધા જૂના કવિઓમાં માત્ર પ્રેમાનંદ કે શામળ જેવા, ભકત જેટલા જ સાહિત્યકાર કવિઓ, અપવાદરૂપ છે.

નરસિંહ મહેતા કહે છે :-

જોને ઘેર હરિજન જશે ગામ, ને તો નિત્ય ગંગામાં નહાય,
ગંગાજમુનનાં નીર મંગાવંયે, મારા વાલાનાં ચરણ પખાળિયે,
સાયરમાંથી બૂડતો રાખ્યો, રામ કહેતાં ગજરાજ
ગિરિ-તળેટીને કુંડ દામોદર, ત્યાં મહેતાજી નહાવા જાય.

મીરા પોતાને પ્રેમદીવાની કહે છે. તેને કુદરત શાની સ્ફુરે ? કહે છે-

આણી કોર ગંગા, ઓલી કોરે જમના, વચમાં ગોકુળિયું ગામ છે.
જળ જમનાનાં ભરવા ગયાંતાં માથે ગાગર હેમની
માનસરોવર જઇએ, કુંડી રે કાયા, માનસરોવર જઇએ,
ખારા સમુદ્રમાં અમૃતનું વહેણિયું, એવી છે ભકિત અમારી
જળ રે જમનાનાં પાણી રે ઝાતાં, કાનુડે ઉડાડયાં આછાં નીર
યમુનામેં કૂદ પર્યો કનૈયો તેરો, યમુનામેં કૂદ પર્યો
ગંગાજમના નિરમળ પાણી, શીતળ હોત શરીર
તુમ ભયે સરોવર, મૈં તેરી મછિયાં

વિષયાન્તરનો દોષ વહોરી લઇને પણ કેટલીક વાતો કહેવી જોઇએ. હું ગુજરાતીનો પ્રાધ્યાપક હતો ત્યારે મને કેટલાક વિદ્યાર્થી પૂછતા : 'મીરાં તો ચિતોડની હતી. તેની રચના ગુજરાતીમાં કયાંથી હોય ?' પ્રશ્નકારો મીરાંના જીવનચરિત્રથી અજ્ઞાત છે. મીરાં નિઃસંતાન હતી, વિધવા હતી. પંદર-સોળ વરસની વયે તે પરણેલી, એકાદ વરસમાં પતિમરણ પછી દેરનો ત્રાસ વેઠયો. વીસેક વરસની વયે તે ચિતોડ તજી દ્વારકા ગઇ. પવિત્ર સાધ્વી હોવાથી સાડુસિત્તેર વર્ષની વયે મરણ થયું હશે. આમ જીવનનાં વીસ વરસ મેવાડમાં ને ચાલીસ વરસ ગુજરાતમાં વિતાવનારની ભકિતરચના પણ હિંદી ભજનોથી ભમણી હશે તેમ લાગે છે. કાલેલકર, માવળંકર, ગોપાળરાવ વિદ્વાંસ અને મામાસાહેબ ફડકે શુદ્ધ ગુજરાતીમાં પુસ્તકો રચી શકે તો મીરાં તેમ કેમ ન કરી શકે ?

વેરાંતી અખાભગત તેમના છપ્પામાં ગણગણે છે.-

સાગર-ઉદર માંહેલો મર્મ, માલમ જાણે જે કુળધર્મ,
અખા વિચારી જોતાં ફોક, જેમ ઊંડો કૂવો ને ફાટી ભોખ;
ઊંડા જળમાં રત્ન જ પડયું, કેમ કૂબડી ખામ, કને તું બહુ ?
સહુ કહેતાં ન માનો દુઃખ, પણ વહેતે જળે ન દીસે મુખ,
ઘોડાપૂર જયમ આવે નદી, ત્યમ ક્ષણમાં સંપત્ત દીસે વધી,
જેમ અબુધિમાંહેથી અબુને લઇને વરસે છે વાય
તેનાં નદીનાળાં નામ ધર્યાં, પણ ભર્યામાં ભેળાં થાય.

પ્રેમાનંદ નળાખ્યાનમાં કહે છે :-

એક માનસરોવર આગળ આવ્યુ, તેમાં દીઠુ પાણી,
કળિજુગથી તે ફોક થયું નહિ, જળ પીધું રાયરાણી,

પ્રમાનંદે 'રણયજ્ઞ' આખ્યાનમાં સાગરવર્ણન કર્યું હશે. પણ તે આખ્યાન મારી પાસે નથી.

સર્વે ભકતોની જેમ માત્ર અલંકારઅર્થે જળાશયને વર્ણવતાં ભકતકવિ પ્રીતમદાસ કહે છે :-

સુત, વિત, દારા, શીશ સમરપે, તે પામે રસ પીવા જોને,

સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જોને
અપાર સિંધુ મહાજળ ઊંડાં, મરમીને મન સહેલ જીને
જેહ સરિતા સાગરમાં જઈ ભળે, તેનું નામ નદી ટળી જાય
તજી જાહ્નવી ઝીલે ઝાંઝવાં, તે કયાંથી સુખ પામે રે ?
ખારા તે જળને કયારે છીપ ન ચાખે, કેળ ફળે નહિ બીજી વાર

દયારામ ભક્તિમાં અલંકારરૂપે જળ વર્ણવતાં કહે છે:–
આઠ કૂવા ને નવ વાવડી રે લોલ, સોળસેં પનિહારીની હાર-
નદી – નાવ સંજોગ છે, કોનું છે નહિ કોય.
ગંગતરંગ, જલજાહ્નવીને તજી, અલ્પ જલમાં જઈ શીદ ન્હાયે ?

ધીરાભગત આ જ ચીલો ચાલુ રાખતાં કહે છે :–

વિશ્વંભર દરિયો, સભર ભરિયો, માંહે રવિશશી તેજની જ્યોતિ
માનસરોવર માંહે મુકતાફળ, કોઈ હંસ ચરે તેને ચારે,
જેમ જળનિધિ જળધરરૂપે, જળધરરૂપે જળરાજ
ઉર્ણમ માયા વિણ વૃષ્ટિ ન દશે, થાય ન સૃષ્ટિનું કાજ.

ભોજાભગત આદર્શવાદીની જેટલા જ વાસ્તવવાદી હતા. એટલે તેમની ચકોર આંખ સમાજનાં બધાં છિદ્રોને ઝીણીથી જુએ છે તથા તેની તરફ આંગળી પણ ચીંધે છે, તેઓ કહે છે:
બગલો થઈને આરે બેઠા, ચાંચ કરી પહોળી,
આરેથી કાંઈ આહાર મળ્યો નહિ, દરિયો દીધો ડોળી,
માલમખાનના દરિયામાં હોમશે, વહાણ જાશે તારું ભાંગી;
દરિયામાં ડૂબકાં દેશો પછી તો, લોભના લોઢ ગ્યા ભાગી,
કાચબો–કાચબી જળમાં રહેતાં, હતાં હરિનાં દાસ
સાતે સમુદ્ર સત્ય વચને ઠેરાણા, મેલે નહિ માઝા લગાર.

કેશવલાલ હરિરામ ભટ્ટ ભક્ત જેટલા જ કવિ પણ છે, જુઓ:–

વહાણ ભાંગે ભરસાગરે, ત્યારે ઊપજે જે ગભરાટ
એને જે અંતરે થાશે, બીજાથી કેમ કળાશે ?
પાણી તણા જે પૂરમાં, ઓવાળ ભેળો થાય છે
સાથે રહે, જુદો પડે, એમ જ તણાતો જાય છે
આ મહા ભવસાગરે, ભગવાન હું ભૂલો પડ્યો છું.

કેટલું કે લોકસાહિત્ય ધંધાદારી ચારણોએ રચેલું છે. તો અન્ય પ્રકારનું સાહિત્ય લોકકવિઓએ રચ્યું છે. આને કારણે બંને કાવ્યસ્વરૂપોમાં ભાષાભેદ સ્પષ્ટ વરતાય છે. ચારણકવિની ભાષા જૂના જમાનાને છોડવા માગતી નથી. તેનો આદર્શ જૂની અપભ્રંશભાષા છે. લોકકવિની ભાષા 'બાર ગાઉએ બોલી બદલાય' ને ન્યાયે પરસ્પરથી સહેજ ભિન્ન છતાં પોતાના જમાનાની ભાષાનું અનુસરણ કરે છે, રાજદે નામનો ચારણકવિ ગંગાસ્તુતિ કરતાં. ભક્તિઉદ્રેક અનુભવતાં કહે છે :–

કાયા લાગો કાટ, શીકલગર સુધરે નહિ;
નિરમળ હોય નરાટ, ભેટવા તવ ભાગીરથી,
ગંગાજળ ગટકેહ, નર લટકે લીધો નહિ,
ભવસાગર ભટકેહ, ભૂત હુવા ભાગીરથી,
ગંગાઘરે જાય, પગોદિક પાણી પીએ,
માનવીઆરાં માય. ભાગ્ય વડાં ભાગીરથી,
ઊંધાડે જઈને ઊંડે, જળમાં આખ્યું જેહ.
તેનો વંશ તેડે, વૈકુંઠ મૂકે વણારસી;
પાગે જે તળિયું પડે, જાહનવી દ્રશ્ય જાતે,
(એને) પરિયું પીંગલું કરે, વાહર ઢોળે વણારસી;
જાતલનાં અધ્ર જાય, જાતલ ને જુવાતલ તણાં;
પાણી પણગામાંય, થૈ વૈકુંઠ વણારસી,
હાથે જળ હિલ્લોળ, માથે લઈ મંજન કરે,
પામે વૈકુંઠ પ્રોળ, ભેટતાં ભાગીરથી,
આપીને અહત્ર તણો, ધસે કટકો જો ઘાટ;
(તો) એચે હિંડોળા ખાટ, વૈકુંઠ પરિયું વણારસી.
પ્રાણી દેહ પડયે, ગંગાજળ નામે ગળે;
ચટ વૈમાન ચડે, વૈકુંઠ જાય વણારસી,
હૈકણ કટકો હાડરો, જો ગંગાત્રઠ જાય,
(તો) માનવિયાં કુળમાંય, ભૂત ન થે ભાગીરથી,
ઉપર ઊતરિયાં, પંખી તે પાવન થિયાં;
માંહી મંજન કિયાં, ભૂત ન સરજે ભાગીરથી
ભાગીરથી રે ભાગ્ય, ગરવરસેં આપ્યા ગંગા;
નરલોક, સુરલોક, નાગ, તારેવા ત્રંણે ભવન.
પાસે મર ઊભો પિતા, હર સારીખો હોમ;
મા વિણ મરીએ તોય, તું વેગળીએ વણારસી
ખોડો આયો ભાય, તેં ય ભેગો તારિયો;
પડિયો રે શું પાય, ભાટો થયા ભાગીરથી.

ઉપરનું ઉત્તમ ઊર્મિકાવ્ય વાંચ્યા પછી લોકકથા વર્ણવતું, કોઈ સ્ત્રીએ કે અન્ય લોકકવિએ રચેલ, સામાજિક વાતાવરણ અને આત્મબલિદાનની આધ્યાત્મિકતાનો સુભગ સંયોગ વર્ણવતું અતિ સરળ શૈલીનું, લોકકથ્ય જોઈએ સતી થવાના વહેમમાં જેમ અનેક સન્નારીઓના પ્રાણ સમાજે લીધા છે તેમ જ ભોગ ચડાવવાના વહેમમાં પણ અનેક બત્રીસલક્ષણા સ્ત્રી–પુરુષોનાં પ્રાણ સમાજે લીધા છે. આ વહેમ માત્ર ગુજરાતનો જ નથી, ભારતભરનો છે.

વઢવાણમાં માધાવાવ કરીને એક વાવ છે. બાર બાર વરસ સુધી ખોદાવવા છતાં તેમાંથી પાણી મળ્યું નહિ. આદિકાળમાં સૌરાષ્ટ્ર તેનાં નદી-નાળાં માટે વખણાતો.

सौराष्ट्रे पंच रत्नानि नदीनारीतुरंगमाः ।
चतुर्थं सोमनाथ च पंचमं हरिदर्शनम् ॥

આ સૌરાષ્ટ્રની પ્રશંસાનો શ્લોક છે. પરંતુ કાળે કરીને, સૌરાષ્ટ્ર ઉજ્જડ નપાણિયો દેશ બન્યો. આ નપાણિયા દેશમાં વળી વઢવાણી લીમડીની ભૂમિ સાવ પાણી વગરની ગણાતી. 'ભાભળનાં પાણી ભાંભળાં' એ લોકોક્તિ સુપ્રસિદ્ધ છે. માણસ મૂંઝાય ત્યારે જોશીગોર, સાધુબાવા, પીરઓલિયા, દરવેશ ફકીરની તરફ નજર માંડે છે, મૂંઝાયેલા લોકોએ કોઈ જોશીને જળદુર્લભતાનું કારણ પૂછ્યું. જોશીએ જે જવાબ આપ્યો તે આપણે નીચેના કાવ્યમાંથી જ વાંચીએ :–

બાર બાર વરસે માધાવાવ ગળાવી,
તો યે ન નીસર્યાં નીર મારા વાલા;
તેડાવો જાણતલ, તેડાવો જોશી,
જોશીડા જોવરાવો મારા વાલા;
જાણતલ જોશીએ એમ જ ફોડ્યું
દીકરો ને વહુ પધરાવો મારા વાલા;
ઘોડો ખેલવતા વજમલ દીકરા,
માધાવાવ માગે છે ભોગ મારા વાલા;
ખેટડો ધવરાવતાં વહુજી જાડેજી,
માધાવાવ માગે છે ભોગ મારા વાલા;

ડાબા રે પાયમાં હેમનો તોડો,
વજમલહાથ બાજુબંધ મારા વાલા,
ચુંદડી ને મોડિયો માથડે જોડજી,
સોળે સજ્યા શણગાર મારા વાલા,
પહેલું પગથિયું જેમ જેમ ઊતર્યા,
પાતાળ ઝમક્યાં નીર મારા વાલા,
બીજું પગથિયું જેમ જેમ ઊતર્યા,
નજરે દેખાણાં નીર મારા વાલા,
ત્રીજું પગથિયું જેમ જેમ ઊતર્યા,
પાની સમાણાં નીર મારા વાલા;
ચોથું પગથિયું જેમ જેમ ઊતર્યા,
ગોઠણ સમાણાં નીર મારા વાલા;
પાંચમું પગથિયું જેમ જેમ ઊતર્યા,
કડ્ય, કડ્ય સમાણાં નીર મારા વાલા;
છઠું પગથિયું જેમ જેમ ઊતર્યા,
છાતી સમાણાં નીર મારા વાલા;
સાતમે પગથિયે જઈ પગ દીધો,
પરવશ પડિયા પ્રાણ મારા વાલા

આ કરુણાન્તિકા વાંચતાં મન અતિશય ખિન્ન થાય છે. આવા તો કેટલાય ભોગ લેવાયા હશે. પશુબલિ તો આજે પણ દેવાય છે. નરબલિ વિષે ખાસ સંભળાતું નથી. ભાગવત પુરાણમાં જડભરતને ભીલ લોકો પકડીને દેવી આગળ નરબલિ આપવા લઇ ગયા હતા તેવું વર્ણન આવે છે. ઉપનિષદમાં આવે છે કે ક્રોધમાં વરુણ પાસે પુત્ર માગ્યો અને માનતામાં કહ્યું કે તે પુત્ર હું તમને ચડાવીશ. ભાગ્યયોગે પુત્ર થયો, વરુણે નરબલિ માગ્યો તો પિતાએ બહાનાં શરૂ કર્યાં. આથી વરુણે ક્રોધમાં આવીને તેને જળોદરનો રોગ થવાનો શાપ આપ્યો. પછી પુત્રને બદલે બીજો નરબલિ અપાય તેની ખબર પડતાં શુનઃશેપ નામના ત્રણ ભાઇમાંથી વચલા ભાઇને વેચાતો લીધો. શુનઃશેપે વરુણની સ્તુતિ કરી તેથી વરુણે તેને જીવતદાન આપ્યું. આમ ઉપનિષદથી વીસમી સદી સુધી નરબલિની પ્રથા ચાલુ જ રહી છે!

દલપત–નર્મદથી અર્વાચીન કવિતાનો આરંભ થાય છે. દલપતરામને તેના આશ્રયદાતા અંગ્રેજ અમલદાર ફાર્બસ સાથે મિત્રાચારી હતી, તેથી અંગ્રેજી સાહિત્ય તથા અંગ્રેજી કવિતા વિષે તેને ઉપરચોટિયું જ્ઞાન મળ્યું જ હશે એમ અનુમાન કરવામાં અજુગતું નથી. નર્મદાશંકર તો કૉલેજમાં એક વરસ અંગ્રેજ પ્રાધ્યાપકોના હાથ તળે ભણેલ. આથી બંને જણા પ્રકૃતિને ભક્તિ માટેના એક અલંકાર કે સાધક તરીકે ન જોતાં તેમાં સૌંદર્યદર્શન કરે છે, બંનેએ પ્રજાના પ્રેરક ઉદ્બોધક, ઉપદેશક ગુરુજન તરીકે સેવા બજાવેલી તેથી તેમની કવિતા, વિશેષ દલપત કવિતા, બોધાત્મક પણ છે. ઉપદેશક કે ચિંતક તરીકે દલપતરામ કહે છે:–

જાહ્નવી તીરે જળ તણું, દેવું સુલભ જ દાન,
દેજો નિર્જળ દેશમાં, કહું જળ કીમતવાન
જે જેને મન સહી રહ્યું, તે તેને સુખરૂપ
મગરોને સાગર ગમે, કચ્છપને મન કૂપ
જાય નદીજળ પૂર પણ, જળાકાર રહી જાય,
જાય જુવાની જન તણી, દુર્લક્ષણ દેખાય,

કવિ નર્મદ તો કહે છે, કુદરત મારી છે 'માશુક' એટલે કે નર્મદ સૌન્દર્યદર્શી કવિ છે, તે કહે છે:–

નર્મદા, શું ગાઉં શોભા સાંજની?
હાંરે પવન પાણી વાદળ રંગના સુસાજની?
હાંરે પાણી જોરમાં ઉછાળા નોતું મારતું
હાંરે પહોળા પટથી દેખાતી પ્રૌઢ નાર તું
હાંરે વીળ ખળખળી ધીમે ચડી આવતી
હાંરે ડહોળાયેલ નીરરંગ તે ભૂરો હતો.

નરસિંહરાવ કદાચ અંગ્રેજી કવિતાનું આકંઠ પાન કરનારા પહેલા ગુજરાતી સાક્ષર હશે. તેઓ કહે છે:–

અહિયાં સહસ્રલિંગ તળાવ વિશાળું હતું.
અહિયાં પાટણ જૂનું અહીં આ લાંબું સૂતું,
અહિયાં રાણીવાવ તણાં આ હાડ પડેલાં;
એમ દઈ દઈ નામ કરવી રહી વાતો હાવાં,
લીલી હસંતી રૂડી આ વનભૂમિ માંહી;
ગંભીર શો ઘૂઘવતો જળઘોષ ત્યાંહી;
મેરુ જ ગાય અહિં આ જળઘોષ વારિ,

બળવંતરાય ઠાકોર, આનંદશંકર ધ્રુવ તથા મહાત્મા ગાંધીની જન્મસાલ ઈ.સ. ૧૮૬૯ છે. છતાં ત્રણેનાં વ્યક્તિત્વ જુદાં છે, ઠાકોર અને ધ્રુવ ગુજરાતી સાક્ષરો છે તો ધ્રુવ તથા ગાંધીજી ધાર્મિક તત્ત્વચિંતક પુરુષો છે. ત્રણે જણા અંગ્રેજી સાહિત્યના સારા અભ્યાસી છે. ઠાકોરની કવિતા સામાન્ય રીતે દુર્બોધ કઠોર, શુષ્ક, અંગ્રેજી કવિતાની જેમ સવા, અઢી, પોણાચાર કે સવા છ લીટીએ વાક્ય પૂરું કરનારી, વિચારનું પીંજણ કરવામાં રાચનારી અને પોતાને કે પોતાના શિષ્યમંડળને જ સમજાય તેવી અનાકર્ષક છે છતાં અપવાદ સર્વત્ર હોય છે. તો બળવંતરાય પણ ક્યારેક ભૂલથી, આકર્ષક કવિતા લખી નાખે છે:

આદ્યે ઊભાં તટદ્રુમસ જેમાં દુમો નીંદ સેવે,
વચ્ચે સ્વપ્ને મૃદુ મલકતાં શાંત રેવા સુહાવે,
ઊંચાનીચાં રતનધડક શાં હાલતાં સુપ્ત વારિ
તેમાં મેળે તલ સમપડે ઊપડે નાવ મારી.

નર્મદ અને કલાપીમાં ઊર્મિના ઊછાળા અને ઊણપતા (ફૂંફ) છે તો નરસિંહરાવ અને બળવંતરાયમાં ટાઢાશ અને ઊર્મિની મંદતા વરતાય છે. કલાપી અંગ્રેજી પાંચ ચોપડી ભણેલા અને નર્મદ કૉલેજમાં પ્રથમ વર્ષમાંથી ઊઠી ગયેલા કવિઓ છે. છતાં તેઓ ગુજરાતી કવિતામાં અમર છે. પ્રતિભા અને પાંડિત્યને અણબનાવ નથી છતાં બંને એકબીજાના ગાઢ મિત્રો પણ નથી. કલાપી આવેશથી ઉચ્ચારે છે:–

ભલે સૂર્યે ઢાંકી રજ સહુ દિશા મેલી જ કરે
ભલે વ્હેતાં વ્હાણે સઢ સહુ ચિરાઇ તુટી પડે;
પ્રચંડોર્મિ છોને જલધિજલના ઊછળી રહે
ભલે હોડી ડૂબી, ગરક દરિયામાં થઇ જતી.

આવેશ પ્રધાન કવિ સૌન્દર્યદર્શી હોવાના જ તેઓ કહે છે:–

ગંભીર નાદ કરતી સરિતા વહે છે
સીંચી જલે પુલિન શીતલ એ કરે છે.

બળવંતરાય ઠાકોર તથા 'કાન્ત' મિત્રો હતા પરંતુ કવિપ્રતિભા એકબીજાથી તદ્દન વિરુદ્ધ બળવંતરાયની કવિતા

સાંભળીએ ત્યારે તુંબડીમાં કાંકરા ખખડતા લાગે. 'કાન્ત'ની કવિતા સાંભળીએ ત્યારે સરસ્વતીની વીણાનો ઝંકાર સંભળાય. એક ખંડકાવ્યમાં 'કાન્ત' કહે છે :

સરિતાનાં જળ કૃષ્ણ જરા થયાં
કિરણ સૂર્ય તણાં શિખરે ગયાં.

'કાન્ત'નું 'સાગર અને શશી' કાવ્ય શબ્દાલંકારનો ઉત્તમ નમૂનો છે. સાગરમાં જેમ ભરતી ચડી છે તેમ 'કાન્ત'ની સર્જન-શક્તિને પણ તેમાં ભરતી ચડી છે.

જલધિજલ દલ ઉપર દામિની દમકતી
યામિની વ્યોમસર માંહી સરતી
કામિની કોકિલા કેલિકૂજન કરે
સાગરે ભાસતી ભવ્ય ભરતી.

દામોદર ખુશાલદાસ બોટાદકર બોટાદની પ્રાથમિક શાળાના ગુજરાતી માસ્તર, તેમના મરણ વખતે તેમનો પગાર બાવીસ રૂપિયાનો હતો. આવી ગરીબી છતાં તેઓ મસ્ત કવિ હતા. તેમણે આખો સંસ્કૃત અમરકોશ કંઠસ્થ કરેલો. તેથી તેમની કવિતામાં સંસ્કૃત શબ્દોનું પ્રાચુર્ય છે. કંઈ બધાંના અને લોકજીવનના કવિ તો મેઘાણી પણ હતા, પણ તેમણે સંસ્કૃતની ભક્તિ કરી ન હતી. બોટાદકરના રાસમાં 'તાલકૃતલાલિમા લસિતકરતલવતી' તથા 'કટિભાગ વિરાજિત બાલવતી' જેવાં જડબાંતોડ સમાસો આવે છે. પરંતુ તેમાંય અપવાદ છે. 'ઐલવાળો' ખંડકાવ્યમાં કહે છે :-

ના વારિને વસુમતી અવકાશ આપે
ના સંધરે જલનિધિ ઉરમાં લગાર;
મૂંઝાય બે સદનના અતિથિ સરીખું
જ્યાં જ્યાં પડ્યું સલિલ ત્યાં બની શાંત સૂતું.
સર્વત્ર હા! સલિલ માત્ર જણાય કાળું
ડૂબાવતું જગતને પથને પડેલું;
પંથાવરોધ કરતા બહિ બેટ જેવાં
આ ડોકતાં અહિંતહિં તરુઓ ઊભેલાં.

ઓગણીસમી સદીમાં પંચમહાલમાં ગોધરામાં એક અરજણભગત થઈ ગયા, તેમની ખ્યાતિ ફેલાતાં મુંબઈના શેઠિયાઓ તેમના દરશને આવતા મહાદેવભાઈ દેસાઈએ તેમનાં કાવ્યોનો સંગ્રહ 'અજુનવાણી' નામે કર્યો છે. વલીજ ગાંધીવાદી પત્રકાર અભણ ભગતનાં કાવ્યોનું સંશોધન કરે છે. અરજુન ભગત સંસારને સાગર ગણતાં ગાય છે:-

ભર દરિયાકુ તરિયા ન જાવે, અખૂટ ભર્યો માંય ખારો
અથાગ જલકો અંત ન આવે, નહિ હૈ આરો કિનારો
મહાસાગરમાં મીનમચ્છ મોટાં, મગર કરે ધમકારો રે
ઘડી પલકમાં પંડકું આવે, સતગુરુ મેરા ઉગારો રે

'કુમાર' માસિક ઇ. સ. ૧૯૨૨ માં શરૂ થયું ત્યારથી તેમાં ત્રિભુવન વ્યાસની કાવ્યરચના કેટલાક વખત સુધી પ્રકટ થતી રહી. તેઓ ગાંધીવાદી હોઈ 'નવજીવન'માં કામ કરતા હતા. પાછળથી તેઓ રાજકોટની શાળામાં આચાર્ય થયેલા. અમરેલીના વતની હોઈ તેઓ ગીરના જંગલના જાણકાર હતા, 'ગીરનાં જંગલ' નામે કાવ્યમાં તેઓ તેને આમ વર્ણવે છે :-

ઊતાવળી ને ઊંડી નદિયું, સઘન ઘટાથી છાય રહે,
કાળાંભમ્મર પાણી એનાં, ધસતાં ધમઘોકાર વહે,
ઝુકયાં, તરુવર તીરતણાં, જ્યે ગોજ જંગલ ગીર તણાં,
અજબ ખંજરી બજે ભયાનક, પ્રચંડ ઘોષ પછાડ તણી,
ઝીલે તેના પડછંદાઓ, પ્રબ્ન અડીખમ પ્હાડ તણી,
ભીષણ સૂર સમીરતણા, જ્યે ગાજે જંગલ ગીર તણાં.

જૂની કવિતામાં પ્રેમાનંદને અને અર્વાચીન કવિતામાં ન્હાનાલાલને ઘડીને વિધાતાએ હાથ ધોઈ નાખ્યા, કારણ કે તેમના સમાન કવિઓ થોડી સદીઓ સુધી જન્મે એ વિધાતાને મંજૂર ન હતું. અદ્યતન કવિઓ માને છે કે છંદમાં લખવું તે કુછંદ છે, તેમનો છંદ સ્વચ્છંદ છે. પરંતુ અદ્યતન કવિઓના આદિ આચાર્ય મહાકવિ ન્હાનાલાલ છે. તેમણે અંગ્રેજી 'બ્લેંક વર્સ" ઉપરથી 'ડોલનશૈલી' નામે એક લેખન-પદ્ધતિ વિકસાવી મશ્કરા લોકોને લાગ્યું કે આ શૈલીમાં નથી ગદ્ય કે નથી પદ્ય. તેથી તેમણે તેનું નકારાત્મક નામકરણ કર્યું 'અપદ્યાગદ્ય' કવિ કહે છે :-

સન્મુખ સાગર લહરતો
જાણે આકાશ જ ઉતારી પાયર્યું,
જલ ઉપર કિરણ રમતાં,
રૂપાની રેખાઓ દોરતાં,
હસી હસી મીટ મટમટાવતાં,
ને ઊંડી ઊંડી જતાં રહેતાં.
સાગરનો વિશાલ પલવટ
મધ્યાહનમાં પલપલતો હતો.
આધા સાગર ઉપરથી
શીતલ અનિલ આવતા.
યૌવના શું વિચારતી ?
જલના રંગ આલોચતી ?
સાગરનાં તીર નિહાળતી ?
અસીમ જલરેખાઓ વીંધી વીંધી

* *

સામા પારનો સંગમ શોધતી ?
સાગર તેડે હાથ પસારી
નાવડી નાચે નૌતમ મારી, ધીરા પ્રેમળ તાને
નાવ મેં મેલી સાગર ખોળે, તારા અભયદાને
સાગર ગાંડો ઊછળી ઊંછળી, ભેટવા મને આવે
પાતાળ કેરાં પારસમોતી ગુંથી હારલા લાવે
હોડલી કાપે માઝાર પાણી, પાંપણ મારી પ્રેમભીંજણી
વડવાનલે ભભકી મીઠાં, સાગરસોણલાં તોડ્યાં
સુકાન છોડી, લંગર તોડી, સઢ ચડાવી સાતેય છોડી
નાવડી જાણે આરબ ઘોડી, રૌદ્ર જીવનતાને
ખોળલે તારે ખેલવા મેલી, નાવડી અભયદાને

* *

સૂકાં તળાવ મારાં સૂકાં સરોવરો
સૂકાં કદમદળ, સૂકો આ વાયરો
નાનું તળાવ મારું પાણીડાં છલકે
ભીનો પવન કમળ, આછેરાં મલકે
વાદળી ઊતરી રે કાન, મારે તળાવ

* *

આ એક અહીં આ ઝીણું ઝરણું
કો વનપરીનું ભમતું ચરણું

ઓ સારસજોડ ઊડી ગગને
આ તરુવર ડોલી રહ્યાં પવને
મારું સ્વપ્ન રમે જાણે આ જ વને
આ એક અહીં આ ઝીણું ઝરણું
આ અહીં એક ઝીણું ઝરણું,
કો વનપરીનું ભળતું ચરણું,
ઓ સારસજોડ ઊડી ગગને,
આ તરુવર ડોલી રહ્યાં પવને,
મારું સ્વપ્ન રમે જાણે આ જ વને,
આ એક અહીં ઝીણું ઝરણું,

* *

ગુજરાત વિદ્યાપીઠમાં રહેલા કવિ સાબરમતી નદીને ભૂલે? કહે છે :–

આ વર્ષાએ, સભર તવ આ, રૂપ ઝાઝું નિહાળ્યું
બંને કાંઠે પડઋતુ ભરી, નમ્રદા જેવું રિદ્ધ;
આવે આવે, પ્રબળ ધસતાં, નીર આ ઉત્તરેથી
ના મોજાંઓ, નહિ વમળ, બેઠી ગતિના વહેણે
શકિત કેરો અદમ સરતો, શું સલેપાટ જાણે
વાયુઓ સૌ, જલ બની અહીં, દોડતા વ્યગ્રવેગી

'સુન્દરમ્' અને ઉમાશંકર બંને ગામડાના સાધારણ કુટુંબમાં જન્મેલા કવિઓ. ૧૯૩૦ના મીઠાના સત્યાગ્રહમાં, રાષ્ટ્રયજ્ઞમાં તે કાળના યુવાનોએ જાત હોમી દીધેલી. માબાપની આજ્ઞાવિકાનો વિચાર પડતો મૂકી આવા દેશદીવાના યુવાનો જેલમાં ગયેલા. પાછળ માબાપનું શું? આ વિચાર તેમને જેલમાં પણ સતાવતો. પોતાને નદીને માવતરને હુંગર કલ્પીને ઉમાશંકર આપદ્ધર્મમાં ફસાયેલા હૈયાની વરાળ ઠાલવે છે :–

નદી દોડે, સોડે, ભડભડ બળે હુંગર વનો
પડે ઓળા પાણી, મહીં સરિત હૈયે સળગતી;
ધણું દાઝે દેહે; તપી તપી ઊંડે બિંદુ જળનાં
વરાળો હૈયાની પણ મદદ કાંઇ ન દઇ શકે

'સુન્દરમ્' મિયાંમાતર ગામના, ઉમાશંકર ઇડરના પાસેના આમણા ગામના, તેમ કૃષ્ણલાલ શ્રીધરાણી સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના ઊમરાળા ગામના વતની. તેઓ અભ્યાસ પછી દિલ્હીમાં વસેલા તેથી જમનાને સંભારે છે :–

ગંગાએ કાશીને આપ્યું એક અનુપમ મહત્ત્વ
દિલ્હીએ જમનામાં વેર્યાં, ગંગાનાં સૌ તત્ત્વ
જમનાનું રચળ સર્વશ્રેષ્ઠ આ

* * *

ભાંગો ભોગળ, ભાંગો ભોગળ, ખોલો બારીબારણાં
સૃષ્ટિનાં તાંડવ મહીં તમ, તાલપૂરો, સાદ દે મ્હેરામણ.

* *

આપું વીરા, ધન સકળ આ, અંગ માથે મઢેલું
પ્હોંચાડે જો, સમદર તણી, મધ્યમાં નાવ વ્હેલું;
પ્હોંચે પ્હોંચે, ઉદધિપટની, મધ્યમાં નાવ ત્યાં તો
ગાજી ઊઠ્યો. દિશ સકળમાં રોહિણીનો ધુબાકો

* *

ઇરિયાના ખેટથી ઊડ્યા અમે તો, હિમાળા હુંગર જવાં જી
સાતસાત સમદર ઊંડી અમારે, માનસસરમાં નાવાં જી

* *

સામે કાંઠે રાડ પડે ને આ કાંઠે ગોઠીરો થાય,
વચમાં મોજાં ચડે ભયંકર, હોડી મારી ઝોલાં ખાય,
કોઇ ન વહોર ચડશો શરર, જ્યાં હોં ત્યાં જ લાડી લેવાય,

* *

લોઢા કહે ગોઝારો કૂવો વરસે વરસે માણસ ખાય;
અભાગિયો ગોઝારો નહિ તો, શાને ફોગટ મરવા જાય?

* *

સહસ્ર્ર શત ઘોડાઓ અગમ પ્રાન્તથી નીકળ્યા
અફાટ જલધિ પરે, અદમ પાણીપથા ચડ્યા.

* *

નથી તવ તટે મહા ધૂપ્રવર્તા સમુદ્રો પડ્યા
નથી તવ તટે કદીય જગ-જહાજ તો લાંગર્યાં;
અપાર નવ એ ઉંડાણ જગના મહાસિંધુ શાં

ગાંધીવાદી કવિઓની તાસીર અલગ તરેહની છે. અંગ્રેજીમાં જેને Son of the Soil અર્થાત્ 'ધરતીનાં છોરુ' કે 'ધરતીના જણ્યા' કહે છે તેવા છે આ કવિઓ. 'સુન્દરમ્,' કૃષ્ણલાલ શ્રીધરાણી, ઉમાશંકર જોશી અને 'સ્નેહરશ્મિ' એ બધા ગામડાના કવિઓ, ધરતીનું ધાવણ ધાવેલા કવિઓ, રાષ્ટ્રપ્રેમી સૌન્દર્યદર્શી કવિઓ. 'સુન્દરમ્' દેહનૌકાના ભવસાગર મધ્યના રમણ ભમણને ગાય છે :–

કયું કયમ રતુતિ કહે હું તવ તું સમુદ્રેયના
નથી અમર આંસુડે ઝળકતી દીવાદાંડીઓ
તુટેલ પથરા પડ્યા રખડતા રડે પાદરે
ભર્યાં કદમ ભૂમિમાં નવજવાન શા ડોસલે
સુવર્ણ ધૂળની શી ધન્ય પગલે અડી પારસે

ગુજરાતને કાંઠે સાગર હોવાથી ઘણા ગુજરાતી કવિઓએ સાગરગાન ગાયાં હશે. તો પછી આમાં મેઘાણી કેમ ન હોય?

પેલી નૌકાનો નાવિક રે, આવે ગાતો, કોણ હશે?
મારા દિલડાનો માલિક રે, જૂનો જાણે બંધુ દીસે!
એની પંખી શી ડોલણહાર ગતિ
નવ વાંકીચૂકી એની દૃષ્ટિ થતી
આવે મારગ કરતી રે પ્રચંડ તરંગ વિષે
પેલી નૌકાનો નાવિક રે આવે ગાતો કોણ હશે?

પ્રહલાદ પારેખ રાષ્ટ્રીય શાળા દક્ષિણામૂર્તિમાં ભણ્યા. ગુજરાત વિદ્યાપીઠમાં છએક માસ રહ્યા. શાંતિનિકેતનમાં ચાર વરસ ભણ્યા. નાનાભાઇ ભટ્ટની સરદારી નીચે ઇ. સ. ૧૯૩૦માં વિરમગામની સત્યાગ્રહ છાવણી ચાલતી હતી. તેમાં સ્વયંસેવક હતા. છતાં તેઓ જેલમાં ગયા નથી કે ગાંધીવાદની છાંટે સત્યાગ્રહી કવિ બન્યા નથી. કૃષ્ણલાલ શ્રીધરાણીથી તેઓ એક જ ઘોરણ પાછળ કે નીચે હતા. બંને વચ્ચે દોઢેક વરસનું ઉંમરનું અંતર. પણ ગાંધીવાદી રાજકારણનો રંગ તેમની કવિતામાં જડતો નથી. પ્રહલાદ પરિખની કવિતાએ ગાંધીવાદી વાતાવરણમાંથી બહાર નીકળીને જગતના અનેક કવિઓની પેઠે પ્રેમ અને પ્રકૃતિમાં જ પોતાનું કાવ્યલક્ષ્ય નિરખ્યું. કૃષ્ણલાલની જેમ તેઓ પણ વિપત્તિમાં કોઇની સહાયતા સ્વીકારતા નથી, આ નિર્બંધદી કવિ કહે છે :–

તુટો નવ તુટો પહાડ, કણ વા ખરો ના ખરો
નહીં જલધિમોજ એ, કદિય ચિત્ત ચિંતા ધરે

પ્રફુલ્લ મુજ ઉરગીત, સહુ અંગથી નાચતાં
નહીં સતત કાંઠડે ભીષણ પર્વતે આયડે

રમણીક અરાલવાળા ઉપકવિ લેખાયા લાગે છે. તે કહે છે:

અને છે સ્વસ્થ સુતેલું
કાંઠા તણા દીપપ્રકાશ વતું લેઃ
સોનાના કાંગરાવાળા
ચાંદી તણા થાળ સમું તળાવ આ

ગાંધીવાદી કવિતા પછી પ્રહલાદ પારેખે રાષ્ટ્રપ્રેમને સ્થાને સૌન્દર્યદર્શનની પ્રતિષ્ઠા કરીને નવીન કાલખંડનું માત્ર મંગલાચરણ કર્યું. ગાંધીવાદી કવિઓ પછી અર્થાત્ સુન્દરમ્ ઉમાશંકરની જોડી ધર્યા, રાજેન્દ્ર-નિરંજનની જોડી પ્રખ્યાતિ પામી છે. અનેક કવિઓની પેઠે રાજેન્દ્ર શાહ નૌકાપ્રવાસની વાતનું કથન કરતાં કહે છે :-

કાઠ તણી તારી નાવડી નાની, ઘોર મહેરામણ માઝે
સાથ સુકાની કોય ન તારે, કોય ન બંધુ, એકલો એકલો જાજે
તાગવાં તારે અતાગ આ પાણી, કાઠ તણી તારી નાવડી નાની
સઢ ચડાવીને રહેજે સહેલજે, રાતદી, સવાર સાંજે

ગીતા પરીખ ઘોષનું રૌદ્રમય સ્વરૂપ વર્ણવતાં કહે છે :

ને આંહી આહા ! 'અહરબલ'નો
સિંહ જેવી ગર્જના કરતો
પ્રપાત છલંત જળનો
પહાડ કેરા પ્હાણ સહ મસ્તી કરતો
વીરનાં શૌર્યે ભરેલાં હાસ્યવંતો
ફીણ ઘોળાં લહેરથી ઉચાળતો
ઊંચી ઊંચી કૈ ભેખડેથી કૂદતો નીચે
શીકર જેની હવામાં અનિલ ઝુલે દુર દુર હીચે
અને શા રંગ ચાલ તો યે અદ્ભુત લાજ
લીલા ને ગુલાબી, જાંબલી, ભૂરા, કમાલ
થતાં નિહાળું નીરમાં એનાં પડે છે ઉપરથી વેગે ભર્યાં.

ભારતભરની ભાષાઓમાં જળાશય વર્ણનની કવિતા હોવાની જ. એક હિંદી કુંડળિયો સરખામણી માટે પ્રસ્તુત કરું છું :-

નૈયા મોરી તનક સી ખોજી પાથર ભાર
ચહું દિશિ અતિ ભૌંરે ઉઠત, કેવટ હૈ મતવાર,
કેવટ હૈ મતવાર, નાવ મઝધાર હીં આની
આંધી ઉઠત પ્રચંડ, તેહું પર બરસૈ પાની,
કહ ગિરિધર કવિરાય, નાથ હો તુમ ખેવૈયા
ઊઠહી દયા કો ડાંડ, ઘાટ પર આવે નૈયા.

યોગ અને વિયોગની કથા

● કનુભાઈ જાની

મહાદેવભાઈનું જીવન એટલે યોગ અને વિયોગની કથા. ગાંધીજી સાથેનો પરમ યોગ. તો પત્ની દુર્ગાબહેન સાથેનો એવો જ પરમ વિયોગ! મહાદેવભાઈએ શું શું મેળવ્યું, એમની કેવડી મોટી સિદ્ધિઓ, એ યાદ કરતાંની સાથે જ, એની પાછળનો દુર્ગાબહેનનો કેવડો મોટો ત્યાગ, એમણે કેવું એકાકી જીવન ગાળ્યું–એ યાદ આવે. એક તરફ સખ્ય છે ને એનું ગૌરવ છે, બીજી તરફ એક મૂંગી વિરહવ્યથા છે અને સૌ એ જાણતાં હતાં, નહોતાં જાણતાં એમ નહિ. ગાંધીજી પણ જાણતા ને મહાદેવભાઈ પણ જાણતા. વચમાં વચમાં પત્રમાં વાતમાં એ કહેતા પણ ખરા. એવો એક પત્ર ૫-૪-'૧૮ ને રોજ ગાંધીજીએ દુર્ગાબહેનને લખ્યો છે. એમાં લખ્યું છે: 'ભાઈ મહાદેવથી, હું ધારતો હતો તે કરતાં તમે વધારે વિખૂટાં રહ્યાં છો. તેને મેં કહ્યું છે કે તે, ત્યાં, જ્યારે જવું હોય ત્યારે જઈ શકે છે; પણ તમે ધરછતાં હો તો તુરત જ મોકલી દેવા તૈયાર છું.' (દલાલ : 'સ્વ. મહાદેવભાઈ દેસાઈ સ્મૃતિચિત્રો,' આશ્રમ-પ્રકાશન, અમદાવાદ; ૧૯૮૩. પૃ. ૪૧).

રવીન્દ્રનાથે ઊર્મિલાને 'કાવ્યેર ઉપેક્ષિતા', રામાયણના કાવ્યની ઉપેક્ષિતા, કહી છે ને એની વ્યથા કલ્પી છે. મહાદેવભાઈનું જીવનચરિત્ર જ્યારે લખાશે ત્યારે ગાંધીજી સાથેના મહાદેવના તાદાત્મ્યને ખાતર, પતિને એ અનુકૂળતા કરી આપવા ખાતર, એમના તરફના સ્નેહને ખાતર, લગભગ સતત વિયોગ સ્વીકારનાર દુર્ગાબહેનની કથા પણ લખાશે જ. બાપુની ગંગામાં મહાદેવની જમુના મળી ત્યાં, એ બન્ને સરખી રીતે મળી શકે માટે આ સરસ્વતી લુપ્ત થઈ-અત્ર લુપ્તા સરસ્વતી એ કથા પણ લખાશે જ. મહાદેવની જીવનકથા એ પરમ પ્રેમકથા છે.

પ્રેમ થાય એટલે માણસ જાતને હોમી દે. પ્રેમ એ જીવનનું ચાલક બળ છે. શુદ્ધ પ્રેમ એ સહજ નથી, ત્યાગ ને સમજદારી બન્ને માગી લે છે એવો પ્રેમ એ કાંઈ પતિપત્ની વચ્ચે જ હોય એ જરૂરી નથી. કોઈ વિચાર કોઈ વ્યક્તિ કે પ્રકૃતિ પ્રત્યે પણ હોઈ શકે. પણ એનો સહજ અનુભવ મૈત્રીથી થાય છે. મહાદેવ નાના હતા–ત્યારે એમને કેવા મિત્રો મળ્યા! અથવા કહો કે એમણે કેવા મિત્રો કર્યા! સૈયદ ખેલવી, વૈકુંઠભાઈ મહેતા, નરહરિ પરીખ, જે. એ. સંજાણા, રામનારાયણ પાઠક. મિત્રો જીવન ઘડે છે. જાણ્યે-અજાણ્યે મહાદેવને વૈકુંઠભાઈ ન મળ્યા હોત તો ?

તમે જાણો છો કે મહાદેવ આર્થિક દૃષ્ટિએ એક સામાન્ય ઘરનું સંતાન. પિતા હરિભાઈ પ્રાથમિક શાળાના શિક્ષક. સુરત પાસેના દિહેણના અનાવિલ. એકનું એક સંતાન પણ ઉચ્ચ શિક્ષણ આપી શકે એવી સ્થિતિ નહિ ને એ કાળે ૧૯૦૬માં કોલેજ માટે મુંબઈ જવું પડતું. કેવી રીતે પોષાય ? પણ મહાદેવ હોશિયાર. સ્કોલરશિપથી જ ભણ્યા. પહેલો નંબર રાખે. એમાં ઈન્ટરમાં એલ્ફિન્સ્ટન કોલેજમાં પહેલાને બદલે બીજો નંબર આવ્યો ! હવે ? સ્કોલરશિપ બંધ! એટલે ભણતર પણ બંધ! ૧૯૦૮ની એ વાત. વૈકુંઠભાઈ મહાદેવની સ્થિતિ કળી ગયા. પોતે પહેલો નંબર આવેલા, ગયા પ્રિન્સિપાલ પાસે ને લખી આપ્યું કે પોતે પોતાની સ્કોલરશિપ જતી કરે છે. ને મિત્રનો માર્ગ આપોઆપ મોકળો થયો ! આ મૈત્રી ! બન્ને આ રીતે B.A. થયાં ૧૯૧૦માં.

પછી મહાદેવભાઈએ લો કર્યું. સાંજના જ વર્ગો, એટલે દિવસે 'ઓરીએન્ટલ ટ્રાન્સલેટર'ની નોકરી કરે, સાંજે વર્ગો ભરે. એ નોકરીમાં આપણા મૂર્ધન્ય કક્ષાના એક વિદ્વાન, વિવેચક

જહાંગીર એદલજી સંજાણા જોડે પરિચય થયો. લોનું કરતા'તા ત્યાં નરહરિભાઇ જોડે પરિચય થયો. બન્ને પરિચયો આગળ જતાં જીવનઘડતરમાં પૂરક બન્યા કેવી રીતે તે જોઇએ.

૧૯૧૩માં મહાદેવભાઇએ લો પૂરું કર્યું. પોતે મુંબઇ જ હતા ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટરની ઓફિસમાં. છેક ૧૯૧૫ના જૂનની પંદરમી સુધી ત્યાં હતા એ દરમ્યાન બે બનાવો બન્યા. એક તો પિતાની બદલી થઇ અમદાવાદ, મહાલક્ષ્મી સ્ત્રી અધ્યાપન મંદિરમાં હેડમાસ્તર તરીકે ૧-૫-૧૪ને રોજ એટલે પિતા અમદાવાદ ગયા ઘર હતું સાંકડી શેરીમાં દેવજી સરૈયાની પોળમાં. આ એક બનાવ. બીજો બનાવ પણ અગત્યનો છે. મુંબઇની ફાબંસ સભાએ ત્યારે મોલીના 'ઓન ફ્રેમ્પ્રોમાઇઝ' નામના ગ્રંથના અનુવાદ માટે હજાર રૂપિયાનું ઇનામ જાહેર કરેલું અને એમાં જે અનેકોએ નમૂનારૂપ ભાષાન્તરો મોકલ્યાં એમાંથી મહાદેવનું પસંદ થયું ને એમને એ કામ સોંપાયું. આ બીજો બનાવ એટલા માટે અગત્યનો છે કે, એક તો મહાદેવભાઇને કાયદાના અભ્યાસ કરતાં સાહિત્યાદિમાં વિશેષ રસ હતો એની એ નિશાની છે. ને બીજું, ગાંધી સાથે અનાયાસે ખેંચાણ થયું તેમાં જે ઘટનાઓએ પરોક્ષ રીતે ભાગ ભજવ્યો તેવી કડીરૂપ આ પણ એક ઘટના છે. કેવી રીતે ?

બન્યું એવું કે, લો તો કર્યું; પણ પ્રેક્ટિસમાં કંઇ રસ નહિ એ કારણે ને કરવી હોય તો અમદાવાદમાં ઘર હોવાથી ઠીક રહેશે એમ માનીને એ અમદાવાદ આવ્યા. ૧૯૧૫ના જૂનમાં આવ્યા ને ગાંધીજી મે-માં આવેલા ! જુઓ, કુદરત પણ કેવો તાલ મેળવે છે ! એનું સંગીત પણ કેવું તાલબદ્ધ કયારેક લાગે ! ગાંધીજી મેમાં આવ્યા, મહાદેવ જૂનમાં ! ને ત્યાં મિત્ર નરહરિ પણ હતા ! પ્રેક્ટિસ તો ઠીક પણ મિત્રની સાથે ગોષ્ઠિની મજા ને વાચનની મજા. બન્નેએ મળીને રવીન્દ્રનાથના 'ચિત્રાંગદા'નો અનુવાદ કર્યો (૪-૧૨-૧૯૧૫) ત્યારે ગાંધીજીએ કોચરબમાં આશ્રમ શરૂ કરેલો ને એની નિયમાવલિ સૌને ચર્ચા માટે મોકલેલી. આ બે મિત્રો-નરહરિ અને મહાદેવે પણ ગુજરાત કલબના મેજ પરથી એની એક નકલ મેળવી વાંચી ને પોતાના પ્રતિભાવો લખી મોકલ્યા. નીચે સાથે સહી કરી. એક સાંજે ભદ્રમાં ગાંધીજીનું ભાષણ સાથે સાંભળવા ગયા. ભાષણ પૂરું થયું પછી મળ્યા. પોતે લખેલી પ્રતિભાવોવાળી વાત કરી. ગાંધીજી કહે : વખત હોય તો ચાલો સાથે. વાત કરીએ. ભદ્રથી ચાલતા ચાલતા કોચરબ સુધી ગયા. ત્યાં દોઢેક કલાક વાતો કરી. રાતે દસ વાગ્યે પાછા વળ્યા.

એ પંદરની સાલ. કયાં કોચરબ, કયાં એકલો માત્ર એલિસ પુલ ! કયાં આ બેનાં ઘર ! એકનું સાંકડી શેરીમાં તો નરહરિનું રાયપુરમાં ! વચમાં બધુ વેરાન. ગાંધીજી સાથેની આ પ્રથમ મુલાકાતે જ એવો પ્રભાવ પાડ્યો કે બન્ને ચૂપચાપ મૂંગામૂંગા એલિસ પુલ સુધી આવ્યા. ત્યારે મહાદેવના મુખેથી ઉદ્‌ગાર સર્યો : 'નરહરિ, મને તો આ પુરુષના ચરણે બેસી જવાનું મન થાય છે !' 'Love at first sight !' હૃદયથી તો જોડાયા. ખરેખર જોડાવાનું બે વરસ બાદ બન્યું. પણ ગાંધી જોડે નાતો બંધાયો.

દરમ્યાન પેલું પુસ્તક 'ઓન ફ્રેમ્પ્રોમાઇઝ' પૂરું થયું હતું. હજારનું ઇનામ મળ્યું હતું; પણ એના ભાષાન્તર માટે મોલીં સાહેબને પત્ર લખવાનો હતો. પોતે લખ્યો તો ખરો પણ થયું કે લાવ ગાંધીને બતાવું. બતાવવા ગયા. ગાંધીએ ઠપકો આપ્યો, 'આવી પ્રશંસા ! ભારતીયો માટે એ અંગ્રેજ શું બારે ? સીધી વાત મુદ્દાસર વિવેકથી લખો.' ને પોતે પત્ર લખી આપ્યો. ગાંધીએ મહાદેવનું કરેલું આ પહેલું કામ.

તો મહાદેવે ગાંધીનું પહેલું કામ કયારે કર્યું ? ૧૯૧૭ માં. આ '૧૫ ને '૧૭ની વચ્ચે તો એમણે અમદાવાદ છોડેલું ને પેલા મિત્ર વૈકુંઠભાઇના પિતા લલ્લુભાઇ શામળદાસની ભલામણથી સેન્ટ્રલ કોઓપરેટિવ બેન્કમાં ઇન્સ્પેકટરની નોકરી સ્વીકારેલી. ત્યાં બેન્કમાં એક સહકાર્યકર જ ભ્રષ્ટાચારી ! એ મહાદેવથી કેમ જોયું જાય ! એમણે ઉપરી-અમલદારને ફરિયાદ કરી. એણે આંખ આડા કાન કર્યા.

આ ગાળામાં જ મન ગાંધી તરફ લાગેલું જ રહેલું. તેમાં આ પ્રસંગ બન્યો. હોમરૂલવાળા બોલાવતા હતા મંત્રી તરીકે. બીજા એક ભરૂચ જિલ્લાની રાજકીય પરિષદના પ્રમુખ જમનાદાસ દ્વારકાદાસ પણ મંત્રી તરીકે બોલાવતા હતા. શું કરવું ? મૂંઝાયા. ગયા જૂના પરિચિત વકીલ જે. એ. સંજાણા પાસે. સંજાણાએ સાચી સલાહ આપી. 'નોકરી છોડી દો અને તમારા અંતરાત્મા અને આદર્શને અનુકૂળ હોય તે કામ સ્વીકારો...' (દલાલ : પૃ. ૩૬) રાજકારણીઓથી ચેતતા રહેવાનું પણ કહ્યું. નોકરી છોડી.

આ દરમ્યાન અમદાવાદથી નરહરિભાઇનો પત્ર હતો કે પોતે આશ્રમમાં જોડાયા છે. ૧૯૧૭ની એ વાત. વાત જાણી કે મહાદેવને એટલો આનંદ થયો કે પત્ર લખવાને બદલે પોતે જ હરખના માર્યા અમદાવાદ પહોંચ્યા મિત્રને અભિનંદન આપવા. ત્યારે ગાંધીજીએ વાઇસરોયને એક પત્ર લખેલો ને એ સાથે પોતાના સત્યાગ્રહના સિદ્ધાન્તો વિષે પણ લખેલું, એ મૂળ ગુજરાતીનું અંગ્રેજી નરહરિભાઇને કરવાનું હતું ત્યાં જ મિત્ર મહાદેવ આવી ચડ્યો ! એટલે એને આપ્યું, એણે કર્યું. આ મહાદેવે કરેલું ગાંધીજીનું પહેલું કામ ને પછી તો પિતાની અનુમતિ લઇ, એમણે જે ગાંધી યજ્ઞ આરંભ્યો તેની વાતો તો ગાડાં ભરાય એટલી છે ! પણ એમાંય ગાંધીએ મહાદેવને ઓળખ્યા એ વાત ખરી. મહાદેવને ગાંધીની રંઢ હતી એ વાતે ખરી પણ મિત્ર વૈકુંઠના પિતા લલ્લુભાઇએ. ગાંધીજી મંત્રી શોધતા તા ત્યારે જ, મહાદેવની ભલામણ કરેલી એ વાત પણ નથી ભૂલવાની. પછી તો બન્ને અભિન્ન બનીને સાથે રહ્યા ગાંધીના હિન્દભરના ને ગોળમેજી વખતના વિલાયતના પ્રવાસોમાં એ સાથે, લડતોમાં એ સાથે. આગળ-પાછળ જેલમાં સાથે, કામમાં સાથે ને ઊંઘમાંય સાથે ! એમાં કોઇ અતિશયોક્તિ નથી. એક વાર ગાંધી થાકેલા, તાપ સખ્ત. મહાદેવને બોલે માથું મૂકી બાપુ આરામ કરે ને મહાદેવ પંખો નાખે. પણ મહાદેવે થાકેલા. તે ધીમે ધીમે ઝોલે ચડ્યા. એ ગાંધીએ જોયું. ધીરે રહીને સુવાડી દીધા ને પોતે જાગ્યા પંખો નાખવા માંડ્યા. દોઢેક કલાકની ખારસી નિદ્રામાંથી મહાદેવે આંખ ઉઘાડી તો બાપુ વીંઝણો નાખે ! આવી એકતા. એના તો ન ગણાય-ન વીણાય એટલા પ્રસંગો છે. એકવાર મોતીલાલે બાપુ પાસે મહાદેવ માગ્યા. દશરથ પાસેથી

ઋષિએ યજ્ઞ-રક્ષણાર્થે રામ માગ્યા'તા એમ, એમનું 'ઇન્ડિપેન્ડન્ટ' પત્ર મુશ્કેલીમાં હતું. મહાદેવ ગયા. જવાહર-મોતીલાલ પકડાએલા. લડત જોરમાં ચાલે. મહાદેવભાઇએ તંત્રીલેખોથી છાકો પાડ્યો, 'ઇન્ડિપેન્ડન્ટ'ની જમીન જપ્ત થઇ. સરકારે બીજી જમીન માગી. મહાદેવે ના પાડી, સરકારે છાપા પર પ્રતિબંધ મૂક્યો, તો મહાદેવે, નવો નુસ્ખો કર્યો. કોઇ છાપાએ આ પહેલાં આવો પ્રયોગ નથી કર્યો. છાપાની હસ્તલિખિત અગિયાર નકલો બહાર પાડી ! અવી મોંમાગ્યે ભાવે વેચાઇ. જવાહર ને મોતીલાલનો હરખ માય નહિ. પણ સરકારે મહાદેવને પકડ્યા. કેસ કર્યો. એક વરસની જેલ દીધી. નૈનીતાલની જેલમાં એમના પર ત્રાસ ગુજારાયો. જેલના નિયમોનો ભંગ કરીને એમણે એ ત્રાસની વિગતો ગાંધી સુધી પહોંચાડી ને એમણે એ 'નવજીવન'માં છાપી.

આ 'નવજીવન' ને 'યંગ ઇન્ડિયા' એક સાથે અમદાવાદ-મુંબઇથી ચાલતાં હતાં એ જાણો છો ? ને તંત્રી મહાદેવ મુંબઇ-અમદાવાદને બેવડે ઘોડે ચડીને એ ચલાવતા ! ગાંધીનું ને દેશનું કામ તો પાછું ખરું જ ! આ તો વધારાનું કામ !

આ જ રીતે બાપુ સેગાંવ (સેવા ગ્રામ) હતા ત્યારે મહાદેવ ત્યાંથી સાડાપાંચ માઇલ દુર વર્ધામાં વર્ધાથી રોજ બાપુને માટે સેગાંવ ચાલીને જવાનું ને ચાલીને આવવાનું. રોજના અગિયાર માઇલની યાત્રા સતત બે વરસ.

બાપુની ચિન્તા તો એવી રાખે કે ન પૂછો વાત ! ટ્રેનમાં હોય, બાપુ સૂતા હોય, સ્ટેશન આવતું હોય ને ટોળે-ટોળાં બાપુનાં દર્શને ઊમટવાનાં ને એમની ઊંઘ હરામ કરવાનાં એ ચિન્તામાં મહાદેવ, ગાડી જેવી ધીમી પડે ને સ્ટેશન આવે કે નીચે ઊતરે ને જાણે પોતે જ બાપુ હોય એમ સૌને પ્રણામ કરી હારતોરા પહેરે ને 'ગાંધીની જય !' બોલાવે. એકવાર દિલ્હીમાં બાપુ ચિન્તામાં ને ચિન્તામાં ઊંઘતાં નથી એ જોઇ લીધું, એમની યે ઊંઘ હરામ. મોડી રાત થયેલી. પૂછ્યું, 'છે શું ?' બાપુ કહે : 'જોને આ આટલી ઊંમરે ટાગોર જેવાને એક સાઠ સિત્તોર હજાર માટે ટહેલ નાંખતા ગામેગામ ફરવું પડે !'...મહાદેવે કોટ ચઢાવ્યો. નીકળ્યા બહાર. સારી પેઠે ઠંડી હતી. દોઢ વાગ્યે રાત્રે બિરલાને જગાડ્યા. વાત કરી. વચન લીધું. ને પાછા આવી ગાંધીને નિશ્ચિન્ત કર્યા. આવું સખ્ય બાપુની મુલાકાતો ચાલતી હોય એના અહેવાલો તો એટલી ઝડપથી લે કે પુછાયેલ પ્રશ્નની સાથોસાથ ગાંધી એ જવાબ આપશે એય કલ્પીને એ લખી નાંખે તે સાચા પડે. આવી મનોમન એકતા ગાંધીનાં કપડાં ધૂએ, માલિશ કરે, નવડાવે, ટપાલો વાંચે-લખે, લેખો લખે, સલાહ આપે, રાંધે-બધું કરે. ગાંધીના પીર-મુનીમ-બ્રહ્મચારી-ભિસ્તી-બધું. ભારતે કૃષ્ણ-અર્જુન સમની વાત તો કયામાં સાંભળી છે. કદાચ કલ્પના પણ હોય આ તો સાચોસાચ પ્રેમમૈત્રીની જ કથા.

પ્રેમ-મૈત્રી એ જીવનનું અમૃત છે ગાંધી-મહાદેવના પ્રેમની કથા અલગ અને અજબ છે. તો એ પ્રેમને જ કારણે મહાદેવની નહીને ગાંધીની ગંગાને મેળવી દેતાં મૂંગે મોઢે ને હસતે વદને વિરહ વેઠ્યો એ મૂક પણ લુપ્તા નહીં એવી સરસ્વતીની વાત પણ અજબ છે. મહાદેવ ગાંધીના શું એ વિષે અનેક રૂપકો અજમાવાયાં છે : રામના જેવા હનુમાન, કે જૈન-સનના બોસ્વેલ ? કે રામકૃષ્ણના વિવેકાનંદ ? ના. આ બધાથી વિશેષ, ગાંધીના જીવનનું પચ્ચીસ વરસનું રોજ-બ-રોજનું એકેએક પાનું ચીતરી જનાર ગાંધીરામાયણના મુનિ વાલ્મીકિ ! ગાંધીકથાના આદિકવિ, એમની ડાયરીઓ એ જગતનું અજોડ સાહિત્યધન છે. મને ઘણીવાર એમ થાય છે કે જે માણસે બંગાળી, મરાઠી, અંગ્રેજી, સંસ્કૃત... એમ અનેક ભાષાઓમાંથી અનુવાદો આપ્યા, ચરિત્રો લખ્યાં; 'નવજીવન,' 'યંગ ઇન્ડિયા' 'હરિજન', 'ઇન્ડિપેન્ડન્ટ' વગેરે પત્રો ચલાવ્યાં, કેટલાક ધર્મ-યુદ્ધોની કથાઓ લખી ને ડાયરીઓ આપી, એનો અભ્યાસ ડોકટરેટ માટે કેમ કોઇ નહિ કરતું હોય ? બહુ મોટું કામ છે. બહુ મોટો પડકાર છે. મહાદેવને નામે મહાવિદ્યાલય છે, પણ કોઇ મહાવિદ્યાલયે મહાદેવનો અભ્યાસ કર્યો ખરો ?

કનૈયાલાલ મુનશી : ગુજરાતી સાહિત્યનું તેજસ્વી શૃંગ

© ચીમનલાલ ત્રિવેદી

મુનશી આપણા તેજસ્વી સાહિત્યકાર : પદ્મની જેમ ખીલીને ગુજરાતી સાહિત્યમાં નવો મઘમઘાટ પ્રસરાવનાર સર્જક. મુનશી આવ્યા અને ગુજરાતી સાહિત્યમાં નવી જ આબોહવા પ્રગટી. પ્રાચીન ગૌરવના પક્ષપાતી અને સાંસ્કૃતિક ભાવનાના સ્વપ્નદ્રષ્ટા થઇને ગુજરાતના હૃદય ઉપર તેઓ છવાઇ ગયા.

એ પૂર્વે દલપત-નર્મદે અર્વાચીન ગુજરાતી સાહિત્યના શ્રીગણેશ કર્યા અને સમાજ સુધારાનો પવન ફૂંકાયો મુંબઇ યુનિવર્સિટી સ્થપાઇ અને ભારતીય તેમજ પાશ્ચાત્ય સાહિત્યના અભ્યાસથી સંસ્કૃતિઓના પ્રશ્નો આપણા સાહિત્યમાં જૂજવે રૂપે નિરૂપાયા. સમાજના વિષયને સંસ્કૃતિનું વિશાળ વતું'ળ સાંપડ્યું અને જીવનને સમજવાની પાંડિત્યભરી પર્યેષક દૃષ્ટિ આવી. ગુજરાતી સાહિત્યે, ગજું કાઢીને 'સરસ્વતીચંદ્ર'નું ઉન્નત શિખર ઉપસાવ્યું.

વીસમી સદીની પહેલી વીસીમાં ગાંધીજી ભારતમાં આવ્યા અને ક્રમે ક્રમે એમનો પ્રભાવ વિસ્તરતો ગયો. ત્રીસીમાં તો એ પ્રભાવ ગુજરાતી સાહિત્યમાં ચારે તરફ છવાઇ ગયો.

એ પૂર્વે શૈશવમાં માતાની ધર્મવૃત્તિ અને સાહિત્ય-સંસ્કારિતા, પિતાની દક્ષતા અને ક્રમપરાયણતા તથા કોલેજ-કાળમાં શ્રી અરવિંદ દ્વારા રાષ્ટ્રભક્તિના સંસ્કાર અને અનેક ચિંતકોની વિચારસૃષ્ટિમાંથી પોષણ મેળવી યુવાન મુનશીના વ્યક્તિત્વનાં અનેક દલ ઊઘડવા માંડ્યાં હતાં. પાશ્ચાત્ય સંસ્કારની મોહિનીમાંથી મુનશી મુક્ત થતા જતા હતા. શ્રી અરવિંદે આપેલી સ્વદેશભક્તિની પ્રેરણાનું અનુસંધાન, વિવિધ અનુભવોમાંથી પસાર થયા પછી, ગાંધીપ્રવૃત્તિમાં થયું હતું. પરંતુ એ પહેલાં મુંબઇમાં વકીલાત કરતાં કરતાં સમાંતરે મુનશીની સાહિત્યસર્જનપ્રવૃત્તિ આરંભાઇ હતી અને પોતાના નામના પર્યાયવાચક 'ધનશ્યામ' તખલ્લુસથી એમની ટૂંકી વાર્તા પ્રગટ થઇ ચૂકી હતી. સોલિસિટર કાકા જમિયતરામને મુનશી લેખક થાય એ ગમતું નહોતું, પણ મુનશીની હપ્તે હપ્તે છપાતી નવલકથા 'વેરની વસૂલાત'નું મુનશી - કર્તૃત્વ જાણ્યા પછી એમણે આશ્ચર્ય આનંદ અનુભવેલો. મુનશીની પાટણની

પ્રભુતા' પ્રગટ થતાં જ ગુજરાતી સાહિત્યમાં નવી હવા સંચરતી થઇ અને પછી તો એ વાયુમંડલ બની. ગુજરાતી સાહિત્ય મુનશીથી પ્રભાવિત થયું. શ્રી વિજયરાય વૈદ્ય જેવા વિવેચકે, એને કારણે, નર્મદયુગ અને પંડિતયુગ પછી ગાંધીયુગ એવું નામાભિધાન કરવાને બદલે ગાંધીજીના નામ મોહનદાસ ઉપરથી અને એમાં મુનશીના નામ કનૈયાલાલમાંના કનૈયાનો પર્યાયવાચી શબ્દ 'મોહન'નો અર્થ આવી જતો હોવાથી મોહનદાસ અને કનૈયાલાલ-બંનેને સમાવિષ્ટ કરતું 'મોહનયુગ' એવું નામાભિધાન કરેલું. આ ઉપરથી મુનશીનો પ્રભાવ એ કાળે કેવો હતો એનો અંદાજ આવે છે.

મુનશીના વ્યક્તિત્વનાં ધારાશાસ્ત્રી, વહીવટદાર, હૈદરાબાદ રાજ્યના એજન્ટ જનરલ, અન્નમંત્રી, રાજ્યપાલ, કુલપતિ, દેશભકત, મુત્સદ્દી, સંસ્કારપુરુષ – એવાં વિવિધ પાસાં જેમ ઉજ્જવલરૂપે પ્રગટ થયાં છે તેમ એમનામાંના સાહિત્ય-પુરુષનાં વિવિધ રૂપો પણ તેજસ્વિતાથી અંકિત થયાં છે. એમનું સખત પરિશ્રમ અને પુરુષાર્થભર્યું જીવન એમને અનેક સિદ્ધિઓ તરફ દોરી જાય છે. એમની બુદ્ધિની તીક્ષ્ણતા અને એમના હૃદયની સુકુમારતા આપણને પ્રભાવિત કરે છે અને નવલકથા-નાટક જેવી કૃતિઓમાં પ્રગટ થતી એમની સર્જકતા આપણને આંજી દે છે. એમના વ્યક્તિત્વના વિવિધ નયનાકર્ષક રંગો આપણને પુલકિત કરે છે અને એની પાછળ પ્રકાશી રહેલો ભારતીય સંસ્કારોનો-ભારતીયતાનો ઉજ્જવળ ધવલ રંગ આપણને પ્રસન્ન કરે છે. લાગે છે કે મુનશીને એ મૂળ શ્વેત રંગ પ્રત્યે સાચો પ્રેમ છે.

મુનશીમાં ભારતીય સંસ્કાર સાદ્યન્ત ધબકતા રહ્યા છે અને ભારતીય સંસ્કૃતિ એમના જીવન સાથે વણાઇ ગયેલી લાગે છે, અને એનું ગૌરવગાન એમણે જીવનભર ગાયું છે. 'ગુજરાતની અસ્મિતા' એ પ્રયોગ એમના દ્વારા જ અવતારિત થયો. 'ગુજરાત' માસિક દ્વારા ગુજરાતી સાહિત્ય અને સંસ્કારનો વિકાસ – વિસ્તાર સાધવા એ તત્પર થયા હતા. ઇ. ૧૯૨૨માં ગુજરાતી સાહિત્ય સંસદની સ્થાપના કરી એનું મુખપત્ર 'ગુજરાત' પ્રગટ કર્યું હતું. નરસિંહ – નર્મદ જેવા કવિઓના સાહિત્યિક મહોત્સવોનું એમણે આયોજન કર્યું હતું અને 'ગુજરાતને બીજી બધી સંસ્કૃતિઓમાં એક સાંસ્કારિક વ્યકિત તરીકે સ્થાન' આપવાની ઇચ્છા પણ પ્રગટ કરી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદનું સુકાન સંભાળી ગુજરાતી અસ્મિતા વિકસાવવાનું નિમિત્ત બનવા ચાહ્યું હતું. એ પહેલાં અને પછી ગુજરાતમાં મનોહર સાહિત્યિક આબોહવા એમણે જન્માવી હતી અને ગુજરાતને અનેકવિધ સાહિત્યપ્રવૃત્તિઓથી એમણે ધમધમતું કર્યું હતું. ગુજરાતી સાહિત્યનો સુરેખ નમૂનેદાર ઇતિહાસ અંગ્રેજીમાં લખીને ગુજરાતી સાહિત્યનો પરિચય અને આસ્વાદ બિનગુજરાતીભાષીઓને એમણે અસરકારકતાથી કરાવ્યો હતો. ગુજરાતના સામાજિક-સાંસ્કૃતિક જીવનની, એની કલાદ્રષ્ટિની કીર્તિગાથા પણ એ જ રીતે એમણે ગાઇ હતી. સોમનાથના મંદિરના પુનરુદ્ધારનું એમનું સ્વપ્ન પણ એમણે ભારે પુરુષાર્થ કરી, મૂર્તિમંત કરાવી શકયા હતા અને આ સુદીર્ઘ માળાના મેરુની જેમ 'ભારતીય વિદ્યાભવન'ની સ્થાપના કરીને એમણે એમના આંતરદ્રવ્યની મનોરમ પ્રતીતિ કરાવી. આ ભાર્ગવ – ગૂર્જર – ભારતવાસીએ ગુજરાતની મહુલી પણ સજાવી અને ભારતનો પ્રાસાદ પણ ચણ્યો. એ મુંજાલ પણ રહ્યા અને કીર્તિદેવ પણ બન્યા. પોતાની નવલકથાઓમાં એમણે ભાટની તેમજ ગુજરાતની અસ્મિતા પણ ગાઇ અને ભારતના વ્યકિતત્વમાં એને સમન્વિત કરવાનું સ્વપ્ન પણ આલેખ્યું, અને એ દ્વારા ભારતની સાંસ્કૃતિક એકતાને એમણે પુરસ્કારી. ગઇકાલને સાચવીને એનું યશોગાન પણ કર્યું અને આવતી કાલની ઉજ્જવલતા પણ ઉપસાવી.

ભારતીય સંસ્કાર અને સંસ્કૃત વિદ્યાના આ પરમચારકે ભારતીય વિદ્યા અને સંસ્કૃતિ પ્રત્યેનો એમનો સાચો હૃદયરંગ પ્રગટ કર્યો છે. મુનશી-દંપતી સંગીતકલાનું ચાહક. લીલાવતી મુનશીની હારમોનિયમ ઉપર આંગળીઓ ફરતી અને મુનશીજી મૃદંગ પર થાપી મારી તાલ આપતા એનુ ઘણાંને સ્મરણ હશે. ભારતીય વિદ્યાભવન દ્વારા ભારતના ચૈતન્યને ભારતની રગેરગમાં વહેતું રાખવાનું એમનું સ્વપ્ન તેઓ સિદ્ધ કરી શકયા. સાહિત્ય-કૃતિઓમાં જેમ એમનું અક્ષરચૈતન્ય વહ્યું છે તેમ ભારતીય વિદ્યાભવનમાં એમનું ભાવનામધુ સંચિત થયું છે.

કનૈયાલાલ મુનશી ગુજરાતી સાહિત્યનું એક ઉજ્જવલ નામ છે. એમની સાહિત્યસેવા વૈવિધ્યવંતી અને સત્ત્વશાળી છે. કાવ્ય સિવાયનાં લગભગ બધાં જ સાહિત્યસ્વરૂપોમાં એમની કલમ લીલયા વિચરી છે અને એ સર્વને એમણે પોતાની મુદ્રાથી અંકિત કર્યાં છે. નવલિકા-લેખનથી એમણે આરંભ કરેલો. 'શામળદાસનો વિવાહ' જેવી વાર્તાઓ દ્વારા આરંભકાળની ગુજરાતી ટૂંકી વાર્તાનું એમણે ઘડતર કર્યું. પરંતુ ટૂંકી વાર્તાનું ફલક એમને નાનું પડ્યું. મુનશીએ પોતાની સર્જનકલાને ત્રણ પ્રકારમાં વહેંચી છે. પોતે અનુભવેલાં દુઃખસુખની અભિવ્યકિત 'મારી કમલા' (૧૯૧૨)ની વાર્તાઓથી આરંભાઇ. અને સામાજિક નવલકથાઓ 'વેરની વસૂલાત' (૧૯૧૩) 'ડૉનો વાંક ?' (૧૯૧૫) જેવીમાં એ વિસ્તરી. સામાજિક નવલકથાઓમાં તનમન જેવાં પાત્રોએ આકર્ષણ પણ જમાવ્યું. કથનકલાની કુશળતાથી એ લોકપ્રિય પણ બની. ત્યારબાદ તત્કાલીન યુવાનોની મનોદશાનો ચિતાર આપતી 'સ્વપ્નદ્રષ્ટા' અને તત્કાલીન રાજદ્વારી પ્રવૃત્તિઓને નિરૂપતી 'તપસ્વિની' ભાવનાનો સંસ્પર્શ પામીને આવી.

સર્જનકલાના બીજા પ્રકારમાં એમણે પહેલાં સ્વાનુભવને કલ્પનામાં સંધર્યો અને પછી એને મૂર્તિમંત કરતી કાલ્પનિક વ્યકિત કે પ્રસંગને અવલંબી સર્જન કર્યું. 'પાટણની પ્રભુતા' (૧૯૧૬) જેવી ઐતિહાસિક નવલકથાઓમાં આ પદ્ધતિ એમણે સ્વીકારી. ત્રીજા પ્રકારમાં એમણે વણઅનુભવેલી મનોદશાને ઘટાવી, તેનો કાલ્પનિક સ્વાનુભવ કરી, તેના પર મુખ્ય પાત્રો અને પ્રસંગોની રચના કરી. ભગવાન કૌટિલ્ય' (૧૯૨૩)થી આરંભાયેલી આ પદ્ધતિ 'જય સોમનાથ' (૧૯૪૦ માં પ્રબળતા પામતી દેખાય છે. નવલકથા-લેખનની સમાન્તરે એમણે સામાજિક – ઐતિહાસિક – પૌરાણિક નાટકો લખ્યાં; સામાજિક નાટકોમાં એમનો વિનોદી અંશ, સમાજની પોકળતા પરના જોરદાર પ્રહારો-કટાક્ષ પ્રગટ થયાં અને પૌરાણિક નાટકોમાં પુરાણકાળનાં સગર-સુવર્ણા-દેવયાની વસિષ્ઠ-અરુંધતી જેવાં પ્રતાપી પાત્રોના ઊછળતા ઊર્મિઓઘ. ઉત્કટ નાટ્યક્ષણોને ઝીલી લઇને, એમાંના સંઘર્ષને સબળ સંવાદકલા અને અભિનયક્ષમતાથી, કેવળ ગદ્યમાં જ એમણે રજૂ

કર્યો, અને એ દ્વારા ગુજરાતી નાટકને સમૃદ્ધ કર્યું.

મુનશીએ પોતાના વિવિધ વિષયો પરના વિચારો નિબંધો અને વ્યાખ્યાનોમાં પ્રગટ કર્યા અને ચર્ચાઓને ઉત્તેજી. આત્મકથા પણ આપી અને ચરિત્રો પણ આપ્યાં. એમની આત્મકથામાં નર્મદ કે ગાંધીજીની સત્યસ્થાપનાને બદલે આત્મસ્થાપના માટેની કલાત્મક રજૂઆત છે, વાતાવરણને જીવંત બનાવવાનું કૌશલ છે અને સંવેદનોની ભીનાશને ક્રોમળતાથી નિરૂપવાની કળા છે: એથી એ રસમય બની છે અને એમાં કટોર આત્મપરીક્ષણ ન હોવા છતાં એમના આંતર-જગતને પ્રગટ કરવામાં એ સફળ રહી છે.

મુનશીનું સૌથી મહત્ત્વનું પ્રદાન નવલકથાના ક્ષેત્રે અને એમાંયે ઐતિહાસિક નવલકથાના ક્ષેત્રે ગુજરાતની પહેલી ઐતિહાસિક નવલકથા 'કરણઘેલો' ઇ. ૧૮૬૬માં પ્રગટ થઈ હતી. 'સરસ્વતીચંદ્ર' જેવી સત્ત્વશાળી સામાજિક નવલકથા અને મુનશી-બંનેનો જન્મ એક જ વર્ષમાં-ઇ. ૧૮૮૭માં. 'કરણઘેલો' પછી બે જ દાયકાને અંતે 'સરસ્વતીચંદ્ર' જેવી મહાનવલ આપણને મળી હતી એનો ઉદ્દેશ જુદો હતો. સર્જક-ચિંતક ગોવર્ધનરામનું સત્ત્વ ઉત્તમોત્તમ રીતે એમાં પ્રગટ થયું હતું અને એ નવલકથા ગુજરાતની નવલકથાઓનો માનદંડ બની રહી. અઢી દાયકા પછી, મુનશી સામાજિક નવલકથા લખવે આવ્યા, પણ એ ઝાઝું ગજું કાઢી શક્યા નહિ. વર્તમાનની વાસ્તવલક્ષી સામાજિક કૃતિઓ મુનશીના શક્તિવિશેષને પૂરેપૂરી પ્રગટ કરી શકી નહિ અથવા કહો કે, એમાં એ ઝાઝા સફળ થયા નહિ. એટલે એમણે આપણા ભૂતકાળ તરફ દૃષ્ટિ દોડાવી આ સ્વપ્નસેવી રંગદર્શી સર્જકને પોતાના ખ્યાલો અને પોતાની વિભાવનાઓ ઉપસાવવા માટે ભૂતકાળની ભવ્યતા આલેખવાનું વિશેષ અનુકૂળ આવ્યું. એમની નજર એ બબ્બના પર પડી અને એમણે એમના આત્મપ્રદેશમાં રમી રહેલી ભાવનાઓને ઐતિહાસિક નવલકથાઓમાં કંડારવા માંડી:

ઐતિહાસિક નવલકથાઓ અર્વાચીન મુનશીને ભૂતકાળમાં લઈ ગઈ અને પછી તો તેઓ દુરદુરના ભૂતકાળ-વેદ-પુરાણકાળના આર્યાવર્તના સમાજની ભવ્યતાને પણ આલેખવા માંડ્યા.

અહીં નોંધવું જોઈએ કે ઐતિહાસિક નવલકથાઓ મુનશી પૂર્વે પણ લખાઈ હતી. પરંતુ ચૌરાણિક નવલકથાનો તો નવો જ પ્રદેશ મુનશીએ ઉદ્ઘાટિત કર્યો; અને તત્કાલીન પ્રજાનાં સંસ્કાર અને શૌર્યને, મુત્સદ્દીગીરી અને ધર્મભાવનાને ઉઠાવ આપ્યો વસિષ્ઠ, વિશ્વામિત્ર, પરશુરામ, અગસ્ત્ય, લોપામુદ્રા અને કૃષ્ણ-મુનશીની કલમે તાદૃશ થયાં. આ કથાઓએ વાચકોને પોતાના દેશ અને સંસ્કૃતિની ભવ્યતાનું દર્શન કરાવી એમનામાં સ્વત્વ પ્રગટાવવાનું લક્ષ્ય તાક્યું.

ઇ. ૧૯૧૬ થી ઇ. ૧૯૫૬ના ચાર દાયકાના દીર્ઘ સમયગાળા દરમ્યાન મુનશીએ 'પાટણની પ્રભુતા'થી 'ભગ્ન પાદુકા' સુધીની ઐતિહાસિક નવલકથાઓ સરજી. એમની સૌથી વધુ યશોદાયી કૃતિઓ પણ એ જ. અલબત્ત, પાછળથી 'કૃષ્ણાવતાર' વિશેષ લોકપ્રિય બની, પણ એનું કારણ લોક-હૃદયની ધર્મભાવનામાં પણ પડેલું છે. કૃષ્ણચરિત્રને નવલકથારૂપે આલેખીને, કૃષ્ણના વિવિધરંગી વ્યક્તિત્વને કુશળતાથી ઉપસાવીને વાચકના હૃદયમાં મહામાનવ કૃષ્ણને રમતો મૂકી ગુજરાતને જાણે કે કૃષ્ણનું ઘેલું લગાડ્યું તેમ છતાં, ગુજરાતી સાહિત્ય તો એમની ઐતિહાસિક નવલકથા – ત્રપીને જ જતનપૂર્વક જાળવી રાખશે.

નવલકથાકાર મુનશીએ પોતા વિશે કહ્યું છે: The principal features that I brought to Gujarat were an intersting story, dramatic situation and living character.' હા, મુનશીની પાત્ર નિરૂપવાની રીતિ અપૂર્વ છે. એમણે સ્કૂર્તિલાં અને ચિરકાળ સુધી વાચકના ચિત્તમાં જીવતાં રહી શકે એવાં પાત્રો આપ્યાં છે. જેમ રામાયણ-મહાભારત કે પુરાણનાં રામ-રાવણ, નળ-દમયંતી, સુદામો, ઓખા જેવાં પાત્રોને બદલે એ ઉપરથી સરજાયેલાં પ્રેમાનંદનાં પોતાનાં એ પાત્રો લોકહૃદયમાં વસ્યાં છે, તેમ મુનશીનાં કાક-મુંજાલ-કૃષ્ણદેવ-કીર્તિદેવ, મંજરી, રાણુક જેવાં અનેક પાત્રો ગુજરાતી પ્રજાના હૃદયમાં જીવતાં છે. આ પાત્રોએ લોકહૃદયમાં ઇતિહાસ જીવતો કર્યો છે અને એને સહૃદયતાની કેળવણી આપી છે-એમાં કાલવ્યુત્ક્રમનો દોષ છે તે ભલે, લેખકે એલેક-ઝાંડર ડ્યૂમાની અસર ઝીલી છે તે પણ ક્ષમ્ય અને એમાં અર્વાચીનતાનો પગપેસારો થયો છે તે પણ ઉપેક્ષણીય પણ એ પાત્રો દ્વારા ગુજરાતને જે ધસમસતો સુસંકલિત કથારસ મળ્યો અને એના વિવિધ વળોટોમાં એ પાત્રો ચડતાં-પડતાં-પુરુષાર્થ કરતાં માનવહૃદયની જે ગરિમા પ્રગટાવે છે એ લેખકની કલાનો અપ્રતિમ વિજય છે. મુનશીનાં એ પાત્રો ગુજરાતી પ્રજાનું જાણે 'કિમપિ દ્રવ્ય' બની ગયાં છે.

આ પાત્રોમાંનાં કેટલાકમાં આપણને મહાકાવ્યોચિત ઉન્નતતાનાં દર્શન થાય છે. 'ગુજરાતનો નાથ'નો મુંજાલ, ગુજરાતનો નાથ હોય કે ન હોય, એના હૃદયની ભવ્ય વેરાનતાનું મુનશીએ મહાકાવ્યોચિત આલેખન કર્યું છે. એની વિચક્ષણ મુત્સદ્દીગીરી, બુદ્ધિપ્રભા અને શૂરવીરતાને ભૂલી શકાય તેમ નથી, પણ આનંદનો અમૃતરસ ચાખવા 'સ્મરણ સૃષ્ટિનો અનુભવ'માં પ્રવેશતા મુંજાલના રહેંસાતા જીવનું જે ભવ્યોદાત્ત દર્શન મુનશીએ કરાવ્યું છે તેમાં અને એ પ્રકરણના છેલ્લા બે પરિચ્છેદોમાંના મુનશીના ભાષાક્રમમાં-લેખકની ઊંચાઈ પ્રતીત થાય છે. કીર્તિદેવ પોતાનો પુત્ર છે એની આકસ્મિક જાણ મુંજાલને થાય છે ત્યારે એ ચોધાર આંસુએ રડે છે. પણ એ પ્રસંગ કરતાં પણ વિશેષ મુંજાલની 'હજારને રડાવનારી નિષ્ઠુર આંખમાંથી' સોમના મૃત્યુદૃશ્યને આંસુનું એક ટીપું સરી પડે છે. એમાં તેમજ કીર્તિદેવ અને કાકને એ વિદાય આપે છે એ પ્રસંગનિરૂપણમાં મુંજાલના સુકુમાર હૃદયનું માનવીય સંવેદન પ્રગટ થઈ જાય છે. આ માનવીય સંવેદનનું ઋજુ નિરૂપણ કરતી મુનશીની સર્જકતા પાત્રને નવું પરિમાણ આપી 'મૂછી ઊંચેરો' બનાવે છે.

એવું જ પાત્ર છે કાકનું. અનેક સાહસો અને પરાક્રમોથી સહુને દિગ્મૂઢ કરી દેતો કાક, 'ગુજરાતનો નાથ'ના અંત ભાગમાં-રાખેંગાર રાણુકદેવીનું હરણ કરી જાય છે ત્યારે એ બંનેને રોકીને પાટણપતિ સિદ્ધરાજ તરફની પોતાની વફાદારી દર્શાવે છે. મિત્ર તરીકે રાખેંગારને એકલા નાસી છૂટવા પોતાની ઘોડી આપવાનું કહે છે એમાં એનો મિત્રધર્મ પ્રગટ થાય છે. રાખેંગાર આવી રીતે પોતાને એકલા નાસી જવાની તક આપવાને બદલે પોતાને મારી નાખવા વિનવે છે-

એ સમયે કાકની આંખો આંસુથી છલકાઈ જાય છે. કાકની વજ્ર જેવી શૂરવીરતા ભેદાઈ જાય છે અને એના હૃદયની સુકુમાર સંસ્કારિતા ક્ષણાર્ધમાં પ્રગટ થઈ જાય છે : રાણક-દેવીને એ સિદ્ધરાજ કે રાખેંગાર–એ બેમાંથી કોને પરણવા માગે છે એની પસંદગી કરવાનું વ્યક્તિ-સ્વાતંત્ર્ય આપે છે અને સ્ત્રીની અંતરેચ્છાને જાણી-પ્રમાણી કાક એ બંનેને સાથે નાસી જવા દે છે. રાખેંગાર કાકને 'ત્રીસલક્ષણો' કહી ધિરદાવે છે ત્યારે મંજરી 'એના મિત્રમાં આવન લક્ષણ છે' એમ કહી કાકને ઉત્તમોત્તમ અર્ઘ્ય આપે છે. આ પ્રસંગમાં કાકની હૃદયની ઉદાત્તતા મહાકાવ્યના ધીરોદાત્ત નાયકને શોભે એવી છે. રામનારાયણ પાઠકે કાકના આ માનવીય સંવેદનને એમના એક લેખમાં સમુચિત રીતે ઉપસાવ્યું છે.

માનવહૃદયનાં ભાવસંવેદનોની આવી સબળ અભિવ્યક્તિ મુનશીમાં અનેક સ્થળે જોવા મળે છે. કારુણ્યમૂર્તિ હંસા અને મીનળના સંવાદમાં, પોતાના પુત્રને બચાવવા હંસાનું માતૃત્વ જે વેદના અનુભવે છે એનું નિરૂપણ પણ મુનશીની પ્રકુલ્લ સર્જકતાનો સુંદર ઉન્મેષ છે.

આવા અનેક ઉન્મેષો મુનશીની-પંડિતયુગથી તદ્દન નિરાળી-વેગવંતા પ્રવાહવાળી સ્ફૂર્તિલી ગદ્યશૈલીમાં ઝિલાયા છે. ગુજરાતી ગદ્યને મુનશીએ પોતીકો મરોડ આપ્યો એમાં લાલિત્ય અને નાટ્યાત્મકતા સિદ્ધ કર્યાં. થોડા જ શબ્દોમાં ચિત્રો ઉપસાવી આપવાની એમની શક્તિ 'ઉષાએ શું જોયું ?' (ગુજરાતનો નાથ) કે આંધી અને રણના વર્ણનમાં (જય સોમનાથ) સહુને કામણ કરે છે. મુનશીના ગદ્યનાં તાજપ અને સબળતા સહુને પ્રભાવિત કરે એવાં છે. નવલકથાના ઉઘાડમાં લીલયા આલેખાયેલાં વર્ણનચિત્રોથી તેઓ વાચક પર પકડ જમાવે છે. એક તરફ વાસ્તવિક સબળ ગદ્ય અને બીજી તરફ કાવ્યાત્મકતાનો અનુભવ કરાવતું, વિશિષ્ટ વાકભંગિઓવાળું ચેતનવંતું સર્જનાત્મક ગદ્ય, ટૂંકા વાક્યોથી, ભાષાનાં લયમાધુર્ય અને છટાથી એમને ગુજરાતીના એક સમર્થ ગદ્યસ્વામી તરીકે પ્રસ્થાપિત કરે છે.

મુનશીની નવલકથાઓ આપણને વેગવંત ઘટનાઓથી ઉત્તેજિત કરે છે, પાત્રોના વ્યક્તિત્વથી પ્રભાવિત કરે છે, ચમકદાર સંવાદોથી મુગ્ધ કરે છે અને સંઘર્ષનિરૂપણથી હચમચાવી મૂકે છે. 'લોહી તરસ્યો અમાત્ય' કે 'કીર્તિદેવનું કુળ' મીનળ-મુંજાલનાં મિલનદ્રશ્યો કે 'રાણકની ભવિષ્યવાણી' જેવાં પ્રકરણે પ્રસંગને ઉત્કટ બનાવી-રોમાંચ જન્માવી પ્રભાવક નાટ્યાત્મકતા સિદ્ધ કરે છે. એથી જ એમની આ પ્રકારની કૃતિ-ઓનાં નાટ્યરૂપાંતરો સહજતાથી થઈ શકે છે. એમની આત્મકથા પણ આવા નાટ્યતત્ત્વથી જ જીવંત લાગે છે. એથી એ દ્રશ્ય-ચિત્રની જેમ નેત્ર સમક્ષ તરવરે છે અને પાત્રની પ્રત્યેક રેખા ચિત્તમાં આંકી આપે છે.

'સરસ્વતીચંદ્ર'ની જેમ મુનશીમાં પણ અતીત, વર્તમાન અને ભાવિનું પ્રતિનિધિત્વ કરતાં મુંજાલ-કાક અને કીર્તિદેવ જેવાં પાત્રો છે. મુનશી આવી પાત્રસૃષ્ટિનો ઉપયોગ પોતાની કૃતિમાં અનુસ્યૂત વક્તવ્યને, રૂઢ શબ્દ પ્રયોગોએ તો, દર્શનને વ્યક્ત કરવા કરે છે. ગોવર્ધનરામને સદ્‌અર્થે સંસારલીલાનું ચિત્ર આપતાં આપતાં આપણી સાંસ્કૃતિક સ્થિતિનું પોતાનું દર્શન આપવું હતું. મુનશી પુરાણકાળ અને ભૂતકાળનાં ચિત્રો આલેખતાં આલેખતાં સાંપ્રતના પરિપ્રેક્ષ્યમાં અને ભૂતકાળની ભૂમિકામાં ભાવિના પટનું નિદર્શન કરે છે. રાષ્ટ્રની પ્રાચીન ભવ્યતાના મહિમાવંતા અતીતના નિરૂપણ દ્વારા તેઓ પ્રજાને આપણા સંસ્કારવારસાનાં ચિત્રો આપી એના સ્વત્વને જાગૃત કરે છે.

ગુજરાતની અસ્મિતાના ગૌરવગાનથી શરૂ થતી મુનશીની ભાવના આર્યસંસ્કૃતિના જયઘોષ સુધી વિસ્તરે છે. 'ગુજરાતનો નાથ'માં કીર્તિદેવ મુંજાલને, ગુજરાતની રાજનીતિ પાછળ જીવન સમર્પવાને બદલે આર્યાવર્તની રાજનીતિ હાથમાં લઈ, કુસંપી બનેલાં રાજ્યોને એકતંતુએ બાંધી, વિદેશી અરિદલોને પરાસ્ત કરવા વિનવે છે : દુષ્કી બુદ્ધિની રાજનીતિને બદલે અખંડ રાષ્ટ્રનું સ્વપ્ન આપે છે. પરંતુ મુંજાલ કહે છે: 'મહામહેનતે મેં મારી ઝુંપડી ઊભી કરી છે; આર્યાવર્તનો મહેલ ચણવા જાઉં તો એ ઝુંપડી ચગદાઈ જાય.' તત્કાલીન ઇતિહાસની રાજનીતિમાં મુંજાલની દૃષ્ટિ કદાચ સાચી હોય, પણ કીર્તિદેવની અખંડ રાષ્ટ્રની ભાવના એ ભાવિનો સંકેત છે. પિતા અને પુત્રનો–આજનો અને આવતી કાલનો–વર્તમાન અને ભાવિનો આ ભેદ મુનશીએ અત્યંત કલાત્મકતા અને નાટ્યાત્મકતાથી નિરૂપ્યો છે. અહીં, મુંજાલની વાસ્તવિકતાનો કીર્તિદેવની ભાવનામયતા પર ક્ષણિક વિજય થતો લાગતો છતાં, પુત્ર અને પિતાના આ સંવાદમાં મુંજાલનું વ્યક્તિત્વ ઝાંખું પડતું દેખાય છે એ મુનશીના દર્શનનો વ્યંજિત વિજય છે. ભારતના અખંડ વ્યક્તિત્વને ઉપસાવવાનું મુનશીનું આ સ્વપ્ન છે. 'ભગવાન પરશુરામ'માં પણ વસિષ્ઠ કહે છે : 'તમે ને હું ગઈ કાલના છીએ–એ આજનો ને આવતી કાલનો છે.'

મુનશીએ એમની કૃતિઓમાં વ્યક્તિસ્વાતંત્ર્યનું ગૌરવ કર્યું છે. રાષ્ટ્રની અખંડિતતા–એકતાનો–સમન્વયનો પ્રબોધ કર્યો છે અને માનવી અને માનવતાનો મહિમા કર્યો છે. ભાવનાત્મક અપૂર્વતાના અને મહત્ત્વાકાંક્ષાથી ઊભરાતા આ સર્જક જીવનનાં પાછલાં વર્ષોમાં સર્જનક્ષેત્રે કૃષ્ણ તરફ વળ્યા એ ધર્મ-સંસ્કાર-સંસ્કૃતિના એમના મૂળ રંગ સાથે સમુચિત છે. ગુજરાતી ભાષા મુનશીની કલમે વધુ સુંદર બની અને એમના એકતાના દર્શનથી ગુજરાતી સાહિત્ય પુષ્ટ થયું.

'સરસ્વતીચંદ્ર' અને 'માનવીની ભવાઈ'નાં સામાજિક અને જાનપદી નવલકથાનાં બે ઉચ્ચ શૃંગોની વચ્ચે મુનશીની ઐતિહાસિક નવલકથા 'ગુજરાતનો નાથ' એક તેજસ્વી શૃંગ તરીકે ચિરકાળ સુધી આપણને આકર્ષશે. સરસ્વતીચંદ્ર અને કુમુદ તથા કાળુ અને રાજુની વચ્ચે કાક અને મંજરી પણ ગુજ્જર પ્રજાના હૃદય પર વિરાજતાં રહેશે.

'પ્રબુદ્ધ જીવન'ની વિચારયાત્રા અને મૂલ્યમથામણને વંદન !

પુરુષોત્તમ ગણેશ માવળંકર

પરતંત્ર ભારતમાં પ્રજાકીય શિક્ષણ પૂરજોશમાં ચાલતું હતું: સ્વતંત્ર પ્રજાસત્તાકમાં એ લગભગ અટકી ગયું છે. પારકી સરકાર હતી ત્યારે પ્રજાના નેતાઓ પોતાની સૂઝ-સમજ પ્રમાણે જનસમુદાયમાં શિક્ષણયજ્ઞને પ્રજ્વલિત રાખવાની પરાકાષ્ઠા કરતા હતા. આજે આપણું શાસન છે તે વેળાએ આપણે નિષ્ક્રિય અને નિરાશ થઇ ગયા હીએ. લોકશાહીમાં લોકો જ નેતાઓ છે એ તત્ત્વ તથા સત્ય આપણે હજુ પારખ્યું ને પકડ્યું નથી. પરિણામે પાર વિનાનો આચાર અને પ્રમાણ બહારનો દુરાચાર અત્યારે પ્રવર્તે છે.

આવે જ વખતે આહ્વાન અસાધારણ અને અવરોધો અવનવા છે તે ઘડીએ-વિચારની અને આચારની સ્પષ્ટતા તથા શુચિતા સવિશેષ હોવી ઘટે. જે પ્રજા સ્વતંત્રપણે અને મુકત રીતે વિચારી શકતી નથી તે આઝાદી અને લોકશાહી ખોઇ બેસે છે. વિચાર કદી એકસરખો બીબાઢાળ, ચોકઠામાં જડબેસલાક રહેતો નથી. એ નિરંતર ગતિશીલ, સંવેદનસમ, નવાં સ્વરૂપો ધારણ કરતો રહે છે. વ્યકિતના તથા સમાજના નિત્ય જીવન સાથે એ અતૂટપણે બંધાએલો ને વણાએલો રહે છે. જે સમયે જેવી જરૂરિયાત ઊભી થાય તે મુજબ એ નૂતન દિશા અને દૃષ્ટિ આપે છે માટે લોકશાહી સમાજમ આપણે સહુએ અંગત જીવનમાં તેમ સાર્વજનિક વ્યવહારમાં સતત સભાનપણે અને સમજણપૂર્વક વિચારશીલ રહેવું જોઇએ.

સ્વરાજ્યના ચાર દસકા ઉપરાંતનો સમય વીત્યો છતાં હજી ભારતમાં વિચારની, શિક્ષણની, સંસ્કારની મથામણ અને સિદ્ધિ પૂરતી અંકિત થઇ નથી. બધું જાણે આડેધડ ગબડે છે. સરકારો પર ને સ્થાપિત તંત્રો પર બધુ છોડી દેવાની વૃત્તિ વધતી ચાલી છે. મોટાં મંડળો ઉપર નભવાનું વલણ વિસ્તરતું રહ્યું છે. વ્યકિતની હસ્તી હજી સાવ મરી ગઈ નથી. પણ વ્યકિત ઘટતી રહી છે, ભૂંસાતી ચાલી છે, નામશેષ થવાની અણી પર છે. નાનાં અને સામાન્ય જનોનાં સ્વયંસ્ફૂર્ત સમૂહો સક્રિય થતાં નથી. સ્વરાજ્યમાં કોણ જાણે કેમ 'સ્વ'ની માત્રા ઓછીને ઓછી થવા લાગી છે !

મારે મન આ એક મોટો ભયસંકેત છે. એનાં દુષ્પરિણામો ભોગવવાનો પારો વધે એ પહેલાં આપણે ચોંકી જવું જોઇએ. અને સહજ પ્રેરિત સીધાં સાદાં માનવ – વિચાર – આચાર વર્તુળોનો આરંભ અબ ઘડીએ કરવો જોઇએ. એને માટે કેળવણીની નિતાન્ત આવશ્યકતા છે. એ કેવળ ઔપચારિક અને ઓછા સમયની શિક્ષણ સંસ્થાઓથી નહીં થાય. અવિધિસર અને આખો વખત, જ્ઞાત-અજ્ઞાત રીતે ચાલનારી, કેળવણી પ્રક્રિયાઓથી એ સુપેરે થઇ શકશે. આજે આપણા રાષ્ટ્રમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ કંઇ વધ્યું છે અને પૌઢ-શિક્ષણનો પ્રસાર પણ ગણનાપાત્ર થતો રહેતો જણાય છે. કેળવણીના વ્યાપ અને પ્રભાવ સારુ એ બંનેની જરૂર છે. પરંતુ વિશેષ તાકીદ તો સાચી રીતે યુકત અને વિવેકયુકત વ્યાપક શિક્ષણની છે. આપણને લખતાં-વાચતાં-ગણતાં આવડે એ ખપતું છે. પણ પૂરતું નથી. વિધવિત પ્રજાકીય પ્રશ્નો તથા પડકારો શા છે એની સમજ કેળવવી વધુ આવશ્યક છે. વળી શિક્ષણનો અર્થ લોકોને જે નથી આવડતું તે આવડે. અજ્ઞાનીમાંથી એ જ્ઞાની બને, એના કરતાં યે વધુ તો તેઓ જે રીતે વર્તતા હોવા ઘટે એવું વર્તન એમને શીખવવાનો– સમજાવવાનો છે. આજકાલ આવું શિક્ષણ કયાં અને કેટલું અપાય છે ?

એનો અર્થ એ થયો કે આ ક્ષણે આપણા રાષ્ટ્રને વધારે ને ઉત્કટ આંશોમાં સજાગ – સુજાણ – સુસંસ્કૃત ભાઇ-બહેનોની અખંડ તથા અર્થભરી ક્રિયાશીલતાની ભારે જરૂરિયાત છે. આ કામ સરકારો કે સાંપ્રદાયિક સંસ્થાઓ બહુ નહીં કરી શકે. પ્રજાએ જાતે જ એ મોટે ભાગે ઉપાડી લેવું પડશે. સ્વૈચ્છિક રીતે અને સમર્પિત વૃત્તિથી કાર્યરત વ્યકિતઓ અને મંડળીઓ પૂરા ભારતમાં એ માટે પ્રસરેલી જોઇશે. સામાજિક પ્રતિબદ્ધતા અને નિસ્બત ધરાવે એવી સંકલ્પયુકત સક્રિય વ્યકિતઓ તૈયાર કરવી પડશે. આજના યુગનું આ વિશેષ યજ્ઞકાર્ય છે. એ અઘરું છે પણ અશકય નથી, અને એ કરણ છે તેથી જ કરવા જેવું છે.

'પ્રબુદ્ધ જીવન'ની વિચારયાત્રાની તથા મૂલ્યમથામણની અડધી સદી પૂરી થઇ એ નાનીશી પણ અર્થપૂર્ણ અને ઐતિહાસિક ઘટના છે. નર્યા વિચારની અવિરત નીરોગી સેવા આ સુંદર-સ્વચ્છ મુખપત્રે પચાસ વર્ષથી એકધારી કર્યે રાખી છે. એમાં અનેક દિવંગત અને વિદ્યમાન આત્માઓનો અભ્યાસપૂર્ણ શ્રમ અને આદર્શનિષ્ઠાનો સાથ લેખે લાગ્યો છે. તેમાંય આ પત્રની તંત્રી-ત્રિપુટીએ–સદ્‌ગત મુ. પરમાનંદ કાપડિયાએ, સદ્‌ગત મુ. ચીમનલાલ ચકુભાઇએ અને પ્રાધ્યાપક રનેહી રમણભાઇએ– સાતત્યથી અને સંનિષ્ઠા સાથે એને પોષણ અને બળ આપ્યું છે. મથાળે એ કયારેક 'જૈન' હોય કે 'જીવન' રહે, મથામણમાં એ હંમેશ 'પ્રબુદ્ધ' રહ્યું છે. એ એનું વિશેષત્વ છે અનોખાપણ છે. લોકશાહી પ્રજાસત્તાક ભારતને એની હાલની પળે, પ્રબુદ્ધ નાગરિકોની જ તાતી જરૂર છે. નેતાઓ તો શેકબંધ છે, પણ નૈતિક રાહે દોરનારાઓની કમી છે. ભોકતાઓ તો અસંખ્ય છે પણ વિચારપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક ભારતીય લોકશાહીને અને સ્વતંત્રતા–સમાનતા–ન્યાય બંધુતામૂલક રાષ્ટ્રને સત્યના તથા નીતિમત્તાના માર્ગે વિજયવંતી આગેકૂચ કરાવનાર પ્રબુદ્ધ નાગરિકોની અને નિઃસ્વાર્થ ભકતોની ખોટ છે. તેથી જ 'પ્રબુદ્ધ જીવન'ના પચાસમાં વર્ષમાંના મંગલ પ્રવેશને હું આશાથી અને ઉમંગથી વધાવું છું અને ભિરદાવું છું: ●

કુરબાનીની ખુમારી ને નમ્રતા

● હીરા રા. પાઠક

બલિ

મૂકી જેવડું મંદિર મારું ને મૂર્તિ તારી વિરાટ!
વામન બનીને આવવું હોય તો આવજે હૈયાને ઘાટ.
હું જો પાવલિયે તારે ચંપાવા આવડો થાઉં અધીર,
તો તને તારું માન જરીક જ ડતાં શેની પીડ?
પહેલે પગથિયે ચાંપજે મારા હૈયાના હીણા રાગ,
બીજે દમાવજે દ્વેષ દાવાનળ, ત્રીજે તૃષ્ણાના ડાઘ.
અરધો ઉપાડીને પગ તું થંભીશ કે રખે વાગે ચરણ
વાસનાની મારી, ત્યાં તો તને જોઈ ઊખડશે એ સમૂળ.
બલિ મારે થાવું આજ બરોબર આવતું આણી વાટ;
મૂકી જેવડે મંદિર મોર મૂર્તિ હો તારી વિરાટ.

'આતિથ્ય' કાવ્યસંગ્રહ. -ઉમાશંકર જોશી

સમગ્ર કવિતા : પૃ. ૪૫૮

ભક્ત પ્રહ્લાદનો પુત્ર વિરોચન: વિરોચનનો પુત્ર બલિ. તે જ પાતાળનો ને દૈત્યનો રાજા, બલિરાજા તે હતો તપમાં મહા બળવાન, એ બલિરાજા અને વિષ્ણુના વામનાવતારની એક પુરાણ કથા છે વિષ્ણુએ વામનાવતાર બલિરાજાને કારણે જ લીધેલો. ત્રેતાયુગમાં વિષ્ણુ અદિતિની કૂખે જન્મ્યા અને વામન રૂપે ઓળખાયા.

વિષ્ણુએ આ વામનરૂપ ઇન્દ્રને મદદ કરવા ધારણ કર્યું. તપસ્વી બલિરાજાએ ઇન્દ્રપદ પ્રાપ્ત કરવા મન કર્યું. સો યજ્ઞો કરવાનો સંકલ્પ કર્યો. નવાણું પૂરા કર્યા. સોમો પૂરો કરે તે પૂર્વે વિષ્ણુ વામનાવતારે પ્રગટ થયા તેમને ચિંતા પેઠી: રખેને બલિનો આ સોમો યજ્ઞ પૂરો થાય! રખેને તે ઇન્દ્રપદ ખાટી જાય! તો તો ઇન્દ્ર પોતાનું પદ ગુમાવી બેસેને? એ વિચારે બલિને નિષ્ફળ કરવા માટે જ લીધેલો આ વામનાવતાર, પછી તે વામન રૂપે જઈને ઊભા રહ્યા, બલિ રાજાને દ્વાર; 'મને ત્રણ ડગલાં જેટલી ભૂમિ દાનમાં આપ.' માગણી કરી. ત્યારે દૈત્યોના ગુરુ શુક્રાચાર્યે બલિને ચેતવ્યો: 'આ વિષ્ણુ છે. દાન આપતાં વિચાર કરજે. તરકટ કરી તને છેતરશે.' પણ બલિ જેનું નામ. કુરબાની કરવામાં પાછી પાની કેમ કરે? એક વેળા કરેલો સંકલ્પ કેમ ઉથાપે? 'યજ્ઞમાં દાન માગનારની ઇચ્છા પરિપૂર્ણ કરવી જ જોઇએ.' આ ભાવનાથી બલિરાજાએ વિષ્ણુને ઓળખ્યા છતાં; દાનની હા પાડી. સમર્પણના સંકલ્પ અર્થે જલની અંજલિ ભરી અને જેવી બલિએ જલની અંજલિ ભરી કે લાગલું જ વિષ્ણુએ છલ કર્યું: રૂપ પલટ્યું. લઘુ વામનરૂપ દૂર કર્યું, બદલે વિરાટરૂપ ધારણ કર્યું. સાક્ષાત થઇ ઊભા વિરાટકાય! પ્રથમ પગલામાં સમસ્ત પૃથ્વીને આવરી. બીજે પગલે અસીમ આકાશને વ્યાપી લીધું. પણ તે પછીનું ત્રીજું પગલું? તેણે બલિને પૂછ્યું: 'બોલ! હવે ત્રીજું પગલું કયાં ભરું? બલિ માટે દાનનું તેના અમલનું આ અંતિમ આચરણ- કહો કે શરણ હતું. બોલ્યો: દેવ! ત્રીજું પગલું મારા દેહ પર! બીજે કયાં?

થયું, વામને ત્રીજું પગલું ભર્યું! ભર્યું ભર્યું અને એવી રીતે ભર્યું કે બલિના દેહ પર પાય ટેકવ્યો. દબાવ્યો. એવો દબાવ્યો કે બલિ ચંપાતો ચંપાતો હેઠ જઇ પડ્યો સાતમે પાતાળે જઇને ત્યાં સ્થગિત થયો. વિષ્ણુની કસોટી પૂરી થઇ. તે પ્રસન્ન થયા: 'જા. તને આ મન્વંતરમાં ઉપેન્દ્રનું પદ: પછીના મન્વંતરમાં ઇન્દ્ર પદ!

આ છે બલિવામનની પુરાણકથા.

એ કથાને આપણા કવિએ અહીં રૂપકલેખે પ્રયોજ્યું; અને ભક્તિનું સુંદર ભજન ધર્યું. બલિ આમ તો દૈત્ય-અસુર; પણ તાપસાધનાવડે ઇન્દ્રદેવતાનું પદ પામ્યો. મનુષ્યજીવ પણ સુરાસુરની વૃત્તિઓથી ભરેલો છે. એમાંથી આસુરી વૃત્તિઓને ઓગાળવાનો અને અલૌકિક ઐશ્વર્યને પામવાનો અજબ કીમિયો આ ભજનમાં નિર્દેશિત છે. તે કયો? પરમાત્માની કૃપા વડે ને કસોટી વડે. ભકત પોતે યજ્ઞને તપને માર્ગે પ્રેરાય છે. સમર્પિત બનવા સજે થાય છે, અને ભગવાનની કસણીમાંથી તે પાર પડે છે: બલિરાજાની જેમ દિવ્યતાનો અધિકારી બને છે, આ પદમાં તે માટેની ભક્તિની તાલાવેલીભરી માગણી નિવેદિત છે. પણ તેની એક ખૂબી છે, છટા છે, રોનક છે. એ માગણીમાં, આત્મસુધારણાની નિશ્ચયાત્મકતા છે તેમજ પ્રભુ પ્રત્યેના આત્મીય અધિકારની ખુમારી છે; તો વળી નિજ મર્યાદા માપવાની મીટાવવાની સહજ નમ્રતા પણ છે.

એક બાબત અહીં નોંધવાની: પુરાણમાં વામને જે પગલાં ભર્યા, તેનો ત્રણનો આંક ગણવાય છે. એ કારણે જ વિષ્ણુ 'ત્રિવિક્રમ' અને ત્રિક્રમ' નામે ઓળખાયા. કોણ જાણે, આ ઘટનાનો કંઇ એવી રીતે મહિમા થયો!. કે આગળ જતાં, સૂર્યના દિનભરના ગગનાંગણના સંચારના સમયનો ત્રણ ક્રમોનો સંબંધ પણ પ્રસ્તુત પુરાણ કથાના વિસ્તારરૂપે થયો; એ રીતે એ મહત્ત્વના પુરાણ કલ્પનને અન્ય અન્ય કથાઓ વડે ગુંફિત કરેલ છે.

પણ લોકકથા વામનના ત્રણને બદલે સાડા ત્રણ ડગલાંનો આંક માંડે છે; જે કાવ્ય ચમત્કૃતિપ્રેરક છે. પણ આ ગીતના કવિએ તો નાટ્યાત્મક છટાએ વામનના અડધા પગલાને કવિત્વથી લડાવ્યું છે! તેમણે એ અર્ધા પગલાની લોકકથા પ્રેરિત ચેષ્ટાને ઉપાડી લીધી છે. એ ચેષ્ટાની સગતિકતા ને સ્થિરતાના યુગપત્- એકી સાથના વર્ણને, ૧ બલિની સાધનાને ૨ વામનની અનુગ્રહભરી કસોટીમય કૃપાને, તેમજ ૩. ખુદ આ ભજનને યે તે બિંદુએ કવિત્વનો કળાશ ચડાવ્યો છે. એ રીતે, કે જે ભાવ પ્રગટ કરવામાં ખાસ કરીને ચિત્રકલા કામયાબ નીવડી શકે તે કાવ્યકલા દ્વારા તેઓ સુપેરે સાક્ષાત કરી શકયા છે. અર્ધ ડગલાની આ દ્વિધાનું પ્રત્યક્ષીકરણ કરવા છતાં, ત્રણ ડગલાંની જે કંઇ મામિંક હકીકત છે તેમાં પુરાણ દ્રષ્ટિએ કશો ફેરફાર કર્યો નથી. તે યથાવત્ છતાં તેનું કવિત્વ વધુ મામિંક બન્યું છે. કારણ ભાવવાહિતા વધુ સૂક્ષ્મ બની છે. વાસનાનો આવો અસાધારણ પ્રભાવ, તે વિના શું આવી સુંદર રીતે બતાવી શકાયો હોત ખરો કે?

આ ભજનના બે મામિંક શબ્દયુગલ જે શ્લેષયુગલ પણ

છે, તે ધ્યાન ખેંચે છે. તે છે 'વામન' અને 'બલિ.' એને કળતાં આખું કાવ્ય અને તેનો કસબ જ્ઞતો થાય છે. પુરાણ-કથાની ઓથે ને સાથે સાથે જીવશિવનો અથવા ભગવાનભક્તનો સંબંધ રચપાતો જણાય છે જે, એક બાજુથી પુરાણકથાનો સંદર્ભ રચે છે. અન્ય બાજુથી ભગવાનભક્તના વ્યવહારનો મુદ્દો ઉપસાવી આપે છે એ બે પદો એટલે કે શબ્દો, કહ્યું તેમ શ્લેષવાળા-દ્વિઅર્થી છે. એ રચના પકડાતાં, કોણ કોને સંબોધી રહ્યું છે, તેનો નિશ્ચિતાર્થ-પ્રસ્તુતાર્થ પકડાઈ જાય છે. ત્યારે ખબર પડે છે કે એ પુરાણ કલ્પનની જોડાજોડ ભગવાનભક્તનો ભાવસંબંધ પણ એની મેળાએ નિજી શૈલીએ વણાતો આવે છે એથી આ કૃતિ, ઉપરની એટલે કે બહારની બાજુએ એક અને ભીતરી બાજુએ અન્ય – એવું ઉભયરંગી ભાવમનોહર કાવ્યપોત ધરાવે છે.

એ બંને શ્લેષાત્મક શબ્દોમાંથી 'વામન' છે, વિષ્ણુના એક અવતારનું બટુક સ્વરૂપ. જે બટુક સ્વરૂપનું કથાપ્રસંગમાં માર્મિક પ્રયોજન અને પરિણામ છે, તો તેનો બીજો અર્થ તે ભગવાનભક્ત વ્યવહારસંબંધનો છે. 'વામન' ઈશ્વરની લઘુક કહેતાં સૂક્ષ્મ અને વંચક જ્ઞતાં કલ્યાણક હસ્તિનો રૂઢાર્થ નિર્દેશ છે. જેથી તે અકલિત-અગમ્ય શક્તિ છે. ભજનમાં વામન પદ પ્રથમ આવે છે. અને તે આરંભે આવે છે; જ્યારે 'બલિ' પદ પાછળ અંત ભાગે પ્રયોજાયો છે. તે બન્નેનો કાવ્યસ્થાને સુયોગ છે. કાવ્યમાંની ઈશ્વરીય ભાવનાની પ્રથમતા-પ્રધાનતા પ્રભુવાચક 'વામન' પદથી વ્યક્ત થાય છે. તો 'બલિ' પૂર્વોક્ત 'વામન' પદને અનુષંગે હોઈ, ભક્તની આશ્રિતતાનું એ વાચક બની રહે છે. અલબત, ભક્તની કુરબાનીને ને સમર્પિતતાને તે પુરસ્કારે છે. અને સમર્પિતતા એટલે જ ભાવનું શુદ્ધાચરણ, દુરિતનું દમન અને વાસનાઓનું વિગલન છે. મનુષ્યનો દ્વૈતભાવ અને તેની બાધાઓનું નિરસન છે. આ બન્ને શ્લેષાત્મક પદો, ભજનને વ્યંજનાસભર બનાવે છે.

પ્રથમ પંક્તિઓ જોઈએ :

'મૂઠી જેવડું મંદિર મારું ને મૂર્તિ તારી વિરાટ!
વામન બનીને આવવું હોય તો આવજે હૈયાને ઘાટ.'

મનુષ્ય ને તેનો અંતરાત્મા લઘુક છે. જ્યારે ઈશ્વર વિરાટ છે, એવો જીવશિવનો-ભક્તભગવાનનો ભારે વિપરીત તફાવત કવિએ વાતવાતમાં દર્શાવી દીધો. અત્રે મનુષ્યના અંતરાત્માનું -તેની ચેતનાનું આસન હૃદયને લેખ્યું છે. માટે જ તેને પવિત્ર એવા મંદિરનું રૂપક આપેલું છે. કારણ, જે બ્રહ્માંડે ઈશ્વરરૂપે છે, તે પિંડે અંતરાત્મારૂપે છે. તે પરથી જ ગીતાના અંતિમ અધ્યાયમાં (અધ્યાય ૧૮, શ્લોક ૬૨), ભગવાન અર્જુનને જણાવે છે: 'હે અર્જુન! ઈશ્વર સર્વ જીવાત્માના હૃદયદેશમાં બિરાજમાન છે.'

જોઈ શકાશે કે અહીં જીવ પોતાની મર્યાદા પ્રમાણે છે. તેને વશ વર્તીને ઈશ્વરની ઉપકારકતા તે ઇચ્છે છે. અને મર્યાદાનો વાચક રૂઢિગત શબ્દ 'મૂઠી' છે. અને 'મૂઠી' તરીકે ગણવામાં કેટલી યથાર્થતા છે! શરીરશાસ્ત્રમાં હૃદયનું માપ અને આકાર મનુષ્યોની મૂઠી જેટલાં રૂઢોકત છે. જીવના એવા મર્યાદાસભર અસ્તિત્વમાં તે અસીમ ઈશ્વરની ઉપસ્થિતિ યાચે છે.

પણ તે કેવી રીતે? શરૂમાં ઈશ્વર લઘુક સ્વરૂપે આવીને તેની ચેતનામાં વાસો વસે, તેવું કહે છે. કાવ્યની અંતિમ ટૂકમાં તેના વાસ વિશે કવિ શું કહે છે, તે આપણે જોઈશું. લઘુકનો અર્થ સૂક્ષ્મ સ્વરૂપે, એવો જ કવિને અભિપ્રેત હશે ને? કે પછી, જીવની લઘુતાને અનુસાર બનવાનું, એવું જ તેનું સૂચન સમજવું? અને ભગવાન પાસે તો અનંતરૂપની શક્તિ છે. જેવી ભક્તની ભક્તિ તેવી પ્રભુની રૂપશક્તિ! 'વામન' તેનું વડું ઉદાહરણ છે માટે કવિએ પણ એ જ શબ્દ પ્રયોજ્યો. હવે પછી આ 'વામન' શબ્દ કેવી રીતે આખી કૃતિના નિર્માણમાં સક્રિય બની રૂપકવિસ્તાર થઈ રહેશે, તે જોવું રસપ્રદ બનશે. જેનો અંતે 'બલિ' જોડેનો મેળ જામશે.

'હું જો પાવલિયે તારે ચંપાવા આવડો થાઉં અધીર,
તો તને તારું માન જરીક જ છોડતાં શેની પીડ?'

જીવની આ સંબોધનશૈલી એક બાજુ સખાભાવના સમોવડિયાપણાના રણકાવાળી છે. તો બીજી બાજુ શુદ્ધિકરણની ખેવનાના નિર્ણયના સૂરવાળી છે. આ પંક્તિઓમાં જે નમ્રતાભરી ખેવના છે, તેની અભિવ્યક્તિ આતુરતા, તત્પરતા અને ભક્તની અધીરતાથી પ્રગટ થાય છે. તો ભગવાનને પ્રેમના પ્રતિસાદ-(Response) અર્થે અહીં માન મૂકવા મિત્રના અધિકારે ને પૂછી રહે છે. કવિ આ આત્મીયભાવ ધરાળુ વચનોથી નિવેદિત કરે છે. અત્રે તળપદો ધરગથ્થુ 'પાવલિયે' એટલે કે પગે ચરણે પ્રયોગ, ભાવની નિર્વ્યાજ સરળતા સાક્ષાત કરે છે

અને હવે જીવ ભગવાનને બનવવાનાં કાર્યનું નામ પાડે છે:

'પહેલે પગથિયે ચાંપજે મારા હૈયાના હીણા રાગ'
બીજે દુભાવજે દ્વેષ દાવાનળ, ત્રીજે તૃષ્ણાના ડાઘ.

ભક્ત માટે પૃથ્વી આકાશ ને પાતાળને તેમણે માપી-વ્યાપી લીધાં હતાં. તે સંદર્ભમાં જ અહીં પ્રથમ પગલાનો ઉલ્લેખ છે; અહીં પ્રથમ પગરણમાં ભક્ત પોતાના ચિત્તનું કોઈ ભૌતિક સ્થૂલ તત્ત્વ હરી લેવાનું કહે છે. અર્થાત્ મનુષ્ય ચિત્તની પશુમય વૃત્તિઓનું એકેએક નિયંત્રણ કે નાશ ઇચ્છે છે. એ વૃત્તિઓ છે હીન રાગ, દ્વેષ અને અન્ય વાસનાઓ. એ ત્રણે જીવ અંગે અહંપ્રેરિત હોઈ બાધાકારક છે. કારણ જે અહંપ્રેરિત છે તે જ દુરિતપ્રેરિત છે. એટલે તેણે હીન પ્રેમનો નિકાલ માગ્યો. તેની સાથે સંકળાયેલ દ્વેષવૃત્તિનો નાશ માગ્યો કળા કવિ દ્વેષની દાવાનળ શક્તિની સર્વ-દાહકતાની અનિષ્ટ અસર પ્રબળ હોવાનું સમજે છે માટે જ 'દાવાનળ' જેવો ઉગ્ર જલદ રૂપક શબ્દ ત્યાં યોજ્યો. કવિ ત્રીજે ડગલે માનવની તૃષ્ણાઓ-વાસનાઓનું વિસર્જન ઇચ્છે છે. જેના વિકારોનું વિષચક્ર ચિત્તને દૂષિત કરે છે એ વાસનાના પ્રભાવનું વર્ણન કવિ તાદશ-ચિત્રાત્મક રીતે કરે છે. જુઓ :

'અરધો ઉપાડીને પગ તું થંભીશ કે રખે વાગે શૂળ,
વાસનાની મારી, ત્યાં તો તને જોઈ ઊખડશે એ સમૂળ.

અહીં વાસનાનું પ્રાબલ્ય અને તે વિશેનો વામનનો પ્રતિભાવ બન્ને હૃદ્ય રીતે રજૂઆત પામ્યાં છે. આ વાસનાનો માનવ પર સહજ પ્રભાવ છે. અરે ભગવાન જેવા ભગવાન પણ

તેના વિંધ્ય પ્રભાવથી જાણે ઘડીભર થંભી ગયા ! એવા તેના લોભામણા રૂપને ચાંપવા માટે જે કે તેમણે પગ ઉપાડયો છે; ને તેમ છતાં ઉપડેલો પગ થંભ્યો પણ છે. આ સગતિકતાની સ્થિરતાનું એકીસાથ દર્શન, એક સુંદર કાવ્યકૌતુકનું ચિત્ર છે ! કવિએ 'વામન' પ્રભુની ગતિ અને ગતિરુંધનની વચ્ચેની સંક્રાન્ત ક્ષણને અહીં ઝડપી લીધી છે. જે ચેષ્ટામાં વામનની વિમાસણ, અનિશ્ચયાત્મક દ્વિધા, ખચકાટ વ્યંજિત થાય છે. આવી, ઉપાડેલા પાયની ગતિની સાથે સાથે ગતિનું થંભન જે કેવળ ચિત્રકલા જ ઝડપી શકે, તેનું કલ્પનાચિત્ર કવિત્વથી ને માનવીય ભાવથી સજીવન લાગે છે.

પ્રસ્તુત ટૂકની પંકિતઓનું વાક્ય રચવાના વ્યુત્ક્રમની દ્રષ્ટિએ વિલોકન કરવા જેવું છે. આમ તો પ્રવાહી પદ્યરચાને અનુસરીને વાકયની સરલ રચના એકમાંથી બીજી પંકિતના આરંભે રેલાય છે કે તરત જ આગળ ચાલતાં ઊથલો ખાઇને અન્ય સ્વતંત્ર વાકયરચના સાંપડે છે જેમાં પ્રભુના જયજયકારની પ્રસન્નતાનો ભાવ વાચક અનુભવે છે.

પણ ત્યાં તો પ્રભુચમત્કારનો અજબ પરચો ! પ્રભુની સાક્ષાત ઉપસ્થિતિ થતાંવેંત વાસનાનું સ્વયં વિશ્રમન થઇ જાય છે. વાસ્તવિકપણે એ સંભવિત પણ છે. વાસનાને આપણા ધર્મે અવિદ્યા, માયા કહી છે. ભગવાન એક ઘડીભર ભકતની વાસનાના બળથી ખમચાય છે. રખેને તેની શૂળ વાગે પણ માયા યે છેવટે તો ઇશ્વરીય સૃષ્ટિ છે ને ? એટલે ઇશ્વરીય પ્રભાવથી તેનામય બની જાય છે તેને વશવર્તે છે. ઇશ્વરાકાર ચિત્ત બન્યું ત્યાં વાસના આપોઆપ ઓગળી જાય.

આ ઇશ્વરાકાર દશા પામવા માટે ભકત સમર્પિત થવાનું છે એવા સમર્પણનું ઉજ્જ્વળ ઉદાહરણ આ ગીતમાં બલિરાજા છે. એથી જ તે ભગવાનને તત્પર બનીને બોલાવી રહ્યો છે.

'બલિ મારે થવું આજ બરોબર આવ તું આણી વાટ,
મૂકી જેવડે મંદિર મારે મૂર્તિ હો તારી વિરાટ'

ભકતના સર્વ સમર્પણના માગે પછી ભગવાનની વામન મૂર્તિ પણ વિરાટ બની રહો, એવી ભકતની અભ્યર્થના છે. ભકતના નાના શા હૃદયમાં જાગેલી ભૂમાની—વિરાટની એ આરત બની રહે છે. અહીં કવિ પ્રથમ ટૂકમાં સ્વલ્પ ફેરફાર કરીને આ અંતિમ તેવી જ ટૂકથી સમાપન કહે છે. એથી કૃતિના આદિ અંતનો એ કે નિશ્ચિત આકાર બને છે. માટે જ થયેલો ભકતનો ચેતોવિસ્તાર, આ ભજનને એક ઉપરની સપાટી પર લઇ જાય છે.

આ ભજન ભાવ, પુરાણકલ્પન વ.ને કારણે હિંદુધર્મની પરંપરાનું બની રહે છે; તો ચેતોવિસ્તાર અને સાત્ત્વિકતાની અભિલાષાની બાબતે ગાંધીયુગીન મુદ્રા ધરાવે છે.

'પ્રબુદ્ધ જીવન' અંગે

'પ્રબુદ્ધ જીવનમાં સામાન્ય રીતે કાવ્ય, વાર્તા અને નાટક ઇત્યાદિ લેવાતાં નથી. ધર્મ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, સમાજ, રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, આદિ જીવનનાં વિવિધ ક્ષેત્ર અને વિષયો પરના લેખોને આ પત્રના ધોરણ અનુસાર સ્થાન અપાય છે.

* પ્રગટ થતા લેખોને યોગ્ય પુરસ્કાર આપવામાં આવે છે.

* લખાણ સારા અક્ષરે ફૂલસ્કેપ કાગળ ઉપર શાહીથી એક બાજુ લખાયેલું હોવું જરૂરી છે. અસ્વીકૃત લખાણ પાછું મોકલાતું નથી તેથી લેખકોએ લેખની એક નકલ પોતાની પાસે રાખવી. ટપાલમાં કે અન્ય કારણે ગુમ થયેલ લેખ માટે અમે જવાબદાર નથી.

* વિષયોનું વૈવિધ્ય અને પૃષ્ઠસંખ્યાની મર્યાદા જાળવીને લેખો પ્રગટ કરવામાં આવે છે. લેખ કયારે પ્રગટ થઇ શકશે તે ચોકકસ જણાવવાનું મુશ્કેલ છે.

* 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતા લેખોમાં રજૂ થતા વિચારો તે લેખકોના છે. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીની કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તે વિચારો સાથે સહમતી હોવાની જવાબદારી રહેશે નહિ.

* લેખ મોકલવાથી માંડીને વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર 'સંઘ'ના કાર્યાલયના સરનામા પર કરવા વિનંતિ.

-તંત્રી

'પ્રબુદ્ધ જીવન' અંગે

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન અને વાર્ષિક સભ્યો, શુભેચ્છકો, 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો અને વાચકો, લેખક-મિત્રો અને વિવિધ સંસ્થાઓના કાર્યકર્તાઓને નમ્ર અરજ છે કે–

(૧) 'પ્રબુદ્ધ જીવન'માં કોઇપણ ધંધાદારી પેઢી કે કોઇપણ સામાજિક, ધાર્મિક વગેરે પ્રકારની સંસ્થાઓની કોઇપણ જાહેર ખબર (Advertisement) લેવામાં આવતી નથી.

(૨) 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સિવાય અન્ય કોઇ સંસ્થાના કાર્યક્રમોની વિગતો કે સમાચાર (Anouncement) લેવામાં આવતા નથી.

(૩) 'પ્રબુદ્ધ જીવન'માં 'સંઘ' સિવાયની અન્ય કોઇ સંસ્થાઓના થઇ ગયેલ કાર્યક્રમોના અહેવાલ પ્રગટ કરવામાં આવતા નથી.

(૪) અન્ય કોઇ પણ સંસ્થાઓ માટેની દાનની અપીલો છાપવામાં આવતી નથી.

(૫) સામાન્ય રીતે કોઇ પણ વ્યકિતની અંગત સિદ્ધિઓના સમાચાર લેવામાં આવતા નથી. (અપવાદરૂપ સંજોગોમાં કાર્યવાહક સમિતિ તેનો નિર્ણય લઈ શકે છે.)

(૬) 'પ્રબુદ્ધ જીવન'માં ચિંતનાત્મક લેખો આપવામાં આવે છે; એટલે વ્યાખ્યાનો વગેરેના અહેવાલો લેખના સ્વરૂપના હશે અને 'પ્રબુદ્ધ જીવન'ના ધોરણને અનુરૂપ લાગશે તો જ સ્વીકારી શકાશે.

લિ. મંત્રીઓ

શહેરોના સેનિટેશનના પ્રશ્નો

© સૂર્યકાન્ત પરીખ

મુંબઇ જેવા મોટા શહેરને જો પાણી માટે થોડી ખેંચ થાય તો તેનાં શું શું ખતરનાક પરિણામો આવે તે સમજવાની જરૂર છે. આઝાદી પછી જે જાતની જીવનપદ્ધતિ ભારતનાં મોટાં શહેરોમાં ઊભી થતી ગઇ તેમાં દર વર્ષે આપણે કુદરતી સંપત્તિને વધુમાં વધુ વાપરી રહ્યા છીએ. જો આપણે જૈન હોઇએ તો આપણે જાણવું પડશે કે અર્થાળ અને અતિ અર્થાળ એવી પરિગ્રહી જીવન પદ્ધતિ તરફ આપણે દોટ કરી રહ્યા છીએ.

તમને જાણીને નવાઇ લાગશે કે આપણા સાંડાસમાં પાંચ કુટુંબના વપરાશ માટે આપણે દર વરસે ૧૩૦૦૦ (તેર હજાર) ગેલન પાણીનો વપરાશ ૧૬૫ થી ૧૮૦ ગેલન માનવમળને ગટરમાં ધકેલવા માટે કરીએ છીએ. આ પાણી એ ચોખ્ખું પાણી છે, જે મહામોંઘું અને અતિમોંઘું થતું જાય છે. માનવમળને ગટરમાં ધકેલવા માટે વપરાતું પાણી છેવટે તો 'પોલ્યુટેડ' વોટર બની જાય છે; અને છેવટે તે દરિયામાં જાય છે.

એટલે એક તરફ પાણીની આ મોટી સમસ્યા શહેરો માટે વિકરાળ બનતી જાય છે. કારણ કે આપણે ડ્રેનેજ મારફતે જ પાણીનો નિકાલ કરીએ છીએ. આ ડ્રેનેજ સિસ્ટમ કેટલી બધી મોંઘી છે તેનો પણ આપણને કદીએ વિચાર આવ્યો નથી.

૧૪મી સદીમાં સીવરેજ એટલે કે ગટરની ટેકનોલોજીની શરૂઆત થઇ અને ધીમે ધીમે વિસ્તાર પામી. ૧૯૮૬ના અંત સુધી આપણા દેશનાં કુલ્લે ૩,૨૪૫ શહેરોમાં ફક્ત ૩૦૦ જેટલાં જ શહેરોમાં ગટર પ્રણાલી દાખલ થઇ શકી છે. મુંબઇ, કલકત્તા, દિલ્હી, મદ્રાસ વગેરે મોટાં શહેરોની આસપાસ જે નાનાં શહેરો વિકસ્યાં છે ત્યાં જ આ ગટર યોજનાઓ હજ નથી. કારણ કે, ગટર યોજના દાખલ કરવાનું કાર્ય દિવસે દિવસે એટલું બધું વધી ગયું છે કે, વિશ્વબેંકે તૈયાર કરેલા એક રીપોર્ટ મુજબ પટણાનાં તમામ ઘરોને સીવરેજ (ગટર) પૂરી પાડવી હોય તો તેનો અંદાજી ખર્ચ ૫૦ કરોડ રૂપિયા જેટલો થાય તેમ છે. મુંબઇને માટેનો ખર્ચ કદાચ આનાથી ત્રણ ગણો કે ચારગણો હોઇ શકે. એટલે દુનિયાનાં તમામ શહેરોનો વિચાર કરીએ તો દસ ટકા વસ્તીને જ આ ગટર વ્યવસ્થાનો લાભ મળી શકયો છે.

આપણે આ ગટર વ્યવસ્થા શા માટે જોઇએ છે? કારણ કે, માનવમળ-મૂત્રનો નિકાલ કરવા માટે તે ઘણી જરૂરી છે. જો આપણા મળ-મૂત્રનો નિકાલ આપણે અન્ય કોઇ ટેકનોલોજી મારફતે કરી શકીએ તો આટલા મોટા પ્રમાણમાં ગટર વ્યવસ્થાની જરૂર ન પણ પડે પછી તો આપણા રસોડાના તથા સ્નાનગૃહના પાણીના નિકાલને માટે જ વ્યવસ્થા વિચારવી પડે. જે પાણીનો ઉપયોગ શહેરોની આસપાસના વિસ્તારોમાં ખેતીવાડી માટે પણ થઇ શકે. આજની ગટર વ્યવસ્થા છે તેમાં પાણીના અભાવે ગંદકીનો ભરાવો થવાની પૂરી શકયતા છે, અને જે કોઇ દેશોએ તેના જમીનમાં નાખેલા પાઇપો ફાટી જાય છે ત્યાં તે જમીનની અંદર ખૂબ મોટા પ્રમાણમાં ગંદા પાણીને ફેલાવે છે. અને તેમાંથી જ મોટા રોગો જે તે વિસ્તારમાં ફેલાય છે. ગુજરાતમાં ત્રણ વર્ષના દુષ્કાળ દરમ્યાન પાણીના અભાવને કારણે કેટલેય દેશોએ ગટર વ્યવસ્થા ભરાઇ ગઇ હતી, અને કેટલેક દેશોએ તેમાં ભંગાણ પડવાને કારણે પ્રથમ વરસાદ પછી ૧૯૮૮ના ઓગષ્ટ-સપ્ટેમ્બર માસમાં ગટરના ગંદા પાણી સાથે વરસાદનું પાણી ભેગું થયું અને લોકોના પીવાના પાણીની જે વ્યવસ્થા હતી તેમાં તે દુષિત પાણી ભળ્યું અને મોટા પ્રમાણમાં રોગચાળો ફાટી નીકળ્યો. અમદાવાદ શહેરના નવા વિસ્તારોમાં લગભગ હજારેક વ્યકિતઓ આ રોગચાળાનો ભોગ બની મૃત્યુ પામી. ભાવનગર જેવા શહેરમાં પણ આવો રોગચાળો ફાટી નીકળ્યો અને તેમાં પણ ૩૦૦ થી ૪૦૦ વ્યકિતઓ મૃત્યુ પામી.

આ બધાં કારણોને લઇને સેનિટેશનનો વિચાર કરનારા વૈજ્ઞાનિકોએ આપણને ચેતવણી આપી છે કે-

(૧) ગટર યોજના ન હોય તેવાં શહેરોમાં પાણીના નિકાલ માટેની અન્ય વ્યવસ્થા વિચારવી જોઇએ.

(૨) મળ-મૂત્રના નિકાલ માટે એવાં શૌચાલયો બનાવવાં જોઇએ કે જેને માટે ખર્ચાળ ગટર યોજનાની જરૂર ન પડે અને

(૩) નવી વસાહતોમાં એવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે કે જે હવે પછીના પચાસ વર્ષો સુધી કામ લાગે અને ખર્ચની દષ્ટિએ વધુ ન હોય.

આ દિશામાં વિચાર કરનારી કેટલીક સંસ્થાઓ આપણા દેશમાં કામ કરે છે. અને તે સંસ્થાઓના માર્ગદર્શક બનનાર વિચાર તો મહાત્મા ગાંધીનો જ લાગે છે. ગાંધીજીએ માનવમળ અને પશુના છાણમાંથી ગેસ ઉત્પન્ન થઇ શકે છે તે વિચારને રજૂ કરીને તેમના આશ્રમોમાં એવા શૌચાલયો બનાવ્યા કે જેમાં મળના નિકાલ માટે વધુ ખર્ચ કરવો ન પડે અને તે જ મળ-મૂત્રમાંથી ગેસ ઉત્પન્ન કરી શકાય અને તેનો ઉપયોગ બળતણ તરીકે કરી શકાય.

છેલ્લાં ચાળીસ વર્ષમાં આ દિશામાં સંશોધન કરતી અને કામ કરતી સંસ્થાઓએ ટેકનોલોજીમાં ઘણો વિકાસ કર્યો છે અને આજે તો એવી ટેકનોલોજી ઉપલબ્ધ થઇ છે કે, સામૂહિક શૌચાલયોના સંકુલો શરૂ થયા છે, અને તેમાં ડાયજેસ્ટર પદ્ધતિ અપનાવીને મળ-મૂત્રમાંથી ગેસ એકઠો થઇ શકે એવી વ્યવસ્થા થઇ છે અને એ જ ગેસનો બળતણ તરીકે ઉપયોગ થાય છે.

આપણે જે ગતિથી અત્યારે આધુનિક દુનિયા તરફ દોટ મૂકી રહ્યા છીએ તેમાં પાણીના જેટલી જ અગત્યતા ધરાવતા સેનિટેશનના પ્રશ્નને નાગરિકો તરીકે પણ આપણે પૂરેપૂરો સમજવો પડશે અને જો આપણે આપણી પોતાની જ જીવન પદ્ધતિમાં થોડોક ફરક કરીએ અને રસોડાના પાણીને મોઢું ધોવાના ટબના પાણીને એક જુદી ટાંકીમાં એકઠું કરીએ અને એ જ પાણીનો ઉપયોગ આપણા શૌચાલયોના ફલશ ચલાવવામાં કરીએ તો આપણે પાણીનો વપરાશ ઘટાડી શકીશું અને એ રીતે ખર્ચ પણ ઘટાડી શકીશું.

મોટાં શહેરોમાં જ્યાં ઝુપડપટ્ટીઓમાં લોકો રહેતા હોય છે ત્યાં સંડાસની સગવડ ન હોવાને કારણે હજારો

લોકો સવારે તેમજ રાતના ખુલ્લામાં સંડાસ જાય છે, તેથી જે ગંદકી ફેલાય છે તે મુંબઈ – દિલ્હી જેવાં મોટાં શહેરોમાં પણ રોગ ફેલાવવા માટે પૂરતું કારણ બને છે. આવા રોગો ફક્ત ગરીબ વસ્તીને જ લાગુ પડે છે તેવું નથી, પરંતુ સુખી સમાજને પણ લાગુ પડે છે. એટલે જ અત્યારે બહુ વ્યાપક પ્રમાણમાં આપણે મલેરિયા, ફાઇલેરિયા, ફ્લ્યુ તેમજ આંતરડાના અન્ય રોગો પણ ઘણા મોટા પ્રમાણમાં તેમને થાય છે.

આ એક અતિ ગંભીર વિષય છે, અને જાગૃત નાગરિકો તે અંગે વધુ જાણે અને આજના પ્રશ્નો આવતાં દસ વર્ષમાં વધુ ગંભીર બનીને આપણા સરળ અને સુખી જીવનને નષ્ટ ન કરે તે માટે તેના ઉપાયો શોધે અને તેને અમલમાં મૂકે તે ઘણું જરૂરી છે. જેમ જેમ વસ્તીનો વિસ્ફોટ થતો જશે તેમ તેમ આ પ્રશ્નો પણ વધુ મોટા બનવાના છે.

મુંબઈ અને અન્ય મોટાં શહેરોની વિવિધ સામાજિક સંસ્થાઓ આ વિષય પર નિષ્ણાતોને બોલાવીને ચર્ચા કરે તો તેના જે ઉપાયો આજે શોધાયા છે તેની જાણ સહુને થાય અને એ દિશામાં આગળ વધી શકાય.

સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગ

© સુનંદાબહેન વોહોરા

ભારતનાં મુખ્ય દર્શનોએ પરમતત્ત્વને સ્વીકાર્યું છે એ પરમતત્ત્વ શું છે કે જેને માટે ઋષિમુનિઓએ હાડ ગાળી નાખ્યાં, સંતોએ સુખોને તિલાંજલિ આપી. તત્ત્વચિંતકોએ તે તત્ત્વને અચિંત્ય કહ્યું. મહાત્માઓએ તેની પ્રાપ્તિ માટે જન્મોને તેની સામે હોડમાં મૂકી દીધા કયા રહસ્યે તેઓને આકર્ષી લીધા કે તેઓ દુનિયા પ્રત્યેથી વિમુખ થઈ પરમતત્ત્વને સન્મુખ થયા.

તે તત્ત્વ એટલે મોક્ષ–શાશ્વત સુખ; પરંતુ બુદ્ધિવર્ધક યુગમાં લોકો કહે છે કે મોક્ષ કોણે દીઠો છે? તે તો અમારે માટે પરોક્ષ છે, અને આ ઇંદ્રિયસુખ તો પ્રત્યક્ષ છે. દુર્યોધને એમજ કહ્યું હતું કે આ સેના અને સંપત્તિ મળતાં હોય તો જોયું જશે. એકલા કૃષ્ણથી આપણને શું લાભ થવાનો છે? અર્જુને વિચાર કર્યો કે શ્રીકૃષ્ણ હશે તો સઘળું છે. આ વાત જૂની નથી પરંતુ સનાતન-સત્ય છે. આજે આપણી પારાશીશી માપવાની આ બે પ્રતીકો છે. આપણાં નામઠામ ગમે તે હોય પણ લક્ષણોથી જીવન કળાય છે. ભગવાને આ કાળને દુષમ કહ્યો છે કારણ કે જીવો સવિશેષ ભૌતિક સુખવાદી થશે, ધર્મસુખવાદી નહિ બને. ધર્મ ફાલ્યો ઘણો જણાશે પણ સત્ય નહિ હોય. માનવમન ઘણું હીન અને દીન બની જવા પામ્યું છે. માનવજીવનની એક એક પળમાં સત્ય પ્રગટ થાય તેવું સામર્થ્ય છતાં જીવ તેનો વિચાર કેમ કરતો નથી? કારણ કે તેને અંતરની સમશ્રેણીના સુખની ખબર નથી. એ સુખનાં સાધનો નીચે મુજબ છે :

'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, સમ્યગ્શ્રદ્ધા, સમ્યગ્-બોધ, સમ્યગ્આચરણ, સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્સમજ, સમ્યગ્વર્તન, સાચું જોવું, સાચું જાણવું, સાચું કરવું.'

જ્યારે મિથ્યાત્વ આદિથી મુક્ત થઈ જીવ પ્રથમ સમ્યગ્-દર્શન અને જ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે ક્ષીર-નીરવત્ રહેલા ચેતન–અચેતનના ભેદજ્ઞાનનો તેને આંશિક અનુભવ થાય છે. એથી સાધકને સમજાય છે કે પુષ્પમાં જેમ સુવાસ વ્યાપ્ત છે, વ્યાપ્ત હોવા છતાં સ્વભાવે તેનાથી ભિન્ન છે. દેહનું રૂપાંતર થાય કે જન્માંતર થાય તો પણ આત્મા નિત્ય રહે તેવો તેનો સ્વભાવ છે. રાગાદિ વિભાવોના સંયોગ વડે આત્મા તે રૂપ થઈ જતો જણાય છે ખરો, પરંતુ જેમ પહેરેલા વસ્ત્રથી કે તેના સ્પર્શથી શરીર જુદું છે તેમ આત્મા દેહથી અલગ છે, કારણ કે રાગાદિ આત્માનો મૂળસ્વભાવ નથી, એવો પ્રતીતિયુક્ત અનુભવ સમ્યગ્દૃષ્ટિ આત્માને હોય છે.

એક ફાનસના ગોળાને મેશ લાગી હોય તો તેમાં જ્યોત પ્રગટેલી હોવા છતાં તેનો પ્રકાશ પ્રગટપણે જણાતો નથી તેમ આત્માને જ્ઞાનાવરણાદિ કર્મોનું આવરણ હોવાથી આત્મજ્ઞાનનો પ્રકાશ પ્રગટપણે અનુભવમાં આવતો નથી; અને અજ્ઞાનવશ જીવ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે.

અજ્ઞાનને વશ થયેલો આત્મા, પૌદ્ગલિક પદાર્થોના સંયોગ-વિયોગથી થતું સુખદુઃખ પોતાને થતું જણાય છે તેમ અનુભવે છે, પણ આવરણ મંદ થવાનાં નિમિત્તો પ્રાપ્ત થતાં સાધકનું લક્ષ આત્મજ્ઞાન પ્રત્યે વળે છે, તેથી ક્રમે ક્રમે અજ્ઞાન દૂર થતું જાય છે. સ્વયં આત્મા જ સ્વભાવે જ્યોતિ-સ્વરૂપ છે એવી અંતરંગ શ્રદ્ધા થતાં આત્મ પોતે જ બોધ પામે છે કે અરે! આત્મા તે 'હું પોતે જ છું, હું પરમાર્થથી શુદ્ધબુદ્ધ, નિરંજન, નિરાકાર, ચૈતન્યરૂપ છું, સ્વ-જ્ઞાન થતાં હું પણ મટીને પોતે જ્ઞાતા-દ્રષ્ટા બની જાય છે અને કર્તૃત્વ–ભોક્તૃત્વના ભાવ કે જે પરિભ્રમણનાં કારણો હતાં તે મંદતા પામે છે, અને ક્રમે કરીને તે નષ્ટ થાય છે, ત્યારે હું પોતે 'હું' મટી 'હરિ' રૂપે પ્રગટ થાય છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યરચિત યોગશાસ્ત્ર ગ્રંથમાં સમ્યગ્દર્શનાદિના માહાત્મ્યની પ્રરૂપણા નીચે પ્રમાણે કરવામાં આવી છે કે–

'રાજ્ય મળવું, ચક્રવર્તી થવું કે ઇંદ્રપણું મેળવવું દુર્લભ કહ્યું નથી. પણ બોધિરત્ન (સમ્યગ્દર્શન) પ્રાપ્ત કરવું દુર્લભ છે.'

જેવી રીતે તત્ત્વોનું સ્વરૂપ કહેલું છે તેવી જ રીતે સંક્ષેપથી કે વિસ્તારથી તેનો બોધ થવો તેને વિદ્વાન પુરુષો સમ્યગ્જ્ઞાન કહે છે.

સામાન્યતઃ ચારે ગતિમાં સમકિત પ્રાપ્તિની સંભાવના છે. આ વિષમ અને વિકટકાળમાં સંસારપરિભ્રમણના કારણરૂપ મિથ્યાત્વ શું છે તે સમજવું મનુષ્યને અઘરું છે તેમજ સમકિતના સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા થવી જ દુર્ઘટ છે તો પછી સમ્યગ્દર્શન અને જ્ઞાનની સાક્ષાત્ પ્રાપ્તિ દુર્લભ હોય તેમાં આશ્ચર્ય શું?

સંસારમાં જીવો પ્રત્યે મિથ્યાત્વરૂપી ગ્રંથિથી બંધાયેલા છે;

આ મિથ્યાત્વ શું છે?

(૧) મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા કે વિપર્યાસબુદ્ધિ.

(૨) અસત્‌ને સત્‌ સમજવું; સત્‌ને અસત્‌ સમજવું તે.

(૩) દેહમાં આત્મબુદ્ધિ–દેહ તે 'હું' છું તેવી માન્યતા

(૪) આત્મામાં દેહબુદ્ધિ, રાગાદિ પર્યાયમાં પોતાપણું સુખદુઃખાદિમાં આત્માભાવ.

(૫) અસત્‌ પદાર્થોમાં કે દેહાદિમાં સુખબુદ્ધિ.

(૬) સત્‌-આત્માથી વિમુખતા કે તેનું વિસ્મરણ.

(૭) અસત્‌ દેવ, ગુરુ અને ધર્મમાં આસ્થા કે આદર.

(૮) સત્‌દેવ, ગુરુ અને ધર્મમાં અનાસ્થા કે અનાદર.

(૯) તત્ત્વ–સંબંધી એકાંત માન્યતા, વગેરે અનેક પ્રકારે જાણવું.
(સત્‌દેવ–સર્વજ્ઞ વીતરાગ, સદ્‌ગુરુ–નિગ્રંથમુનિ, સત્‌ધર્મ છ દ્રવ્ય તથા નવતત્ત્વની શ્રદ્ધા અને વીતરાગનાં વચનમાં ધર્મમય આજ્ઞાનો આદર)

મિથ્યાત્વના પ્રકારોને જાણે-અજાણે પણ સેવવાથી સંસાર પરિભ્રમણ વધે છે. અને તે આવા પ્રકારે જીવને સતાવ્યા કરે છે.

શાસ્ત્રમાં સમ્યગ્‌દર્શનનાં પાંચ લક્ષણો છે જે આ પ્રમાણે છેઃ શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા, આ પાંચ પ્રકારો આત્મદર્શનને જાણવાના માપદંડો જેવાં છે. તેના ભાવાર્થને સમજવાથી તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે. મિથ્યાત્વરૂપી મિથ્યામતિથી અને દિશામૂઢતાથી પાછા વળેલા જીવમાં આ ગુણો પ્રગટ થાય છે અને તેથી જીવ સાચી દિશા પ્રત્યે વળે છે.

ક્રોધ, માન, માયા, લોભરૂપી કષાયોનું મંદ થવું અર્થાત્‌ બંધનાં કારણોનું શમન થવું તે શમ છે.

જેમ જેમ કષાયો શાંત થતા જાય તેમ તેમ તેનું સ્થાન ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષ લે છે. રાગદ્વેષનું સ્થાન નિર્મળ પ્રેમ અને મધ્યસ્થતા લે છે. કષાયનું શમન થવાથી સાધક ક્રોધને દુભવતો નથી અને પોતે ક્રોધથી દુભાતો નથી. ક્ષમાદિ સ્વગુણો વડે હંમેશાં પ્રસન્ન રહે છે.

જગતના આકર્ષક પદાર્થોને તથા દેવાદિ ગતિનાં સુખોને તુચ્છ માની કેવળ એક મુક્તિની અભિલાષા સેવવી તે સંવેગ છે.

આ ગુણ જેને પ્રાપ્ત થયેલા છે તે આત્માને સંસારનાં સુખદુઃખના કે સંયોગ-વિયોગના પ્રસંગે પ્રીતિ–અપ્રીતિ ઉદ્‌ભવતી નથી. તેવા પ્રસંગોથી વિરકત થઇ તે એક આત્માર્થને જ સાધે છે.

સંસારના પરિભ્રમણનાં કારણોનો બોધ પામી, આત્મા તે પ્રત્યે થાકનો અનુભવ કરે છે. પોતાના દેહ કે પરિવાર પ્રત્યે પણ તેને ઉદાસીનતા આવે છે, અંતરંગ રુચિ રહેતી નથી. જે કંઇ વ્યવહાર કરવો પડે છે તે નછૂટકે થવા દે છે. વળી તે ઇંદ્રિય વિષયોથી લોભાતો નથી, પરંતુ આત્મસ્વરૂપમાં લીન રહેવાનો દઢ પ્રયત્ન કરે છે. તે આત્મા વિચારે છે કે, આ જીવે સંસારમાં ઘણું ઘણું પરિભ્રમણ કર્યું છે, તે હવે સમાપ્ત થાઓ અને સંસાર છૂટી જાઓ–આ ભાવના તે નિર્વેદ છે.

આસ્થા–શ્રદ્ધા સમકિતદશા પ્રાપ્ત થવામાં બાહ્ય નિમિત્ત પરમાત્મા છે. જેમણે આત્મા પ્રગટપણે જાણ્યો છે, અનુભવ્યો છે તે આપ્તપુરુષો જ શ્રદ્ધા કરવા યોગ્ય છે. તેમના પ્રરૂપેલા માર્ગે ચાલવાથી આ આત્માનું કલ્યાણ છે તેવો દઢ નિશ્ચય તે શ્રદ્ધા છે.

સદ્‌ગુરુના યોગે તત્ત્વનો યથાતથ્ય બોધ થયે સાચી શ્રદ્ધા ઊપજે છે. દરેક તત્ત્વને તેના સ્વરૂપે જાણવાથી જીવને વિકલ્પો ટળતા થતી નથી, પણ તત્ત્વરૂપ શ્રદ્ધા રહે છે. આમ આપ્તપુરુષના વચનબોધમાં દઢ શ્રદ્ધા તે આસ્થા છે.

સંસારમાં આધિ, વ્યાધિ ને ઉપાધિથી તપ્ત જીવોને તેમનાં દુઃખો દુર કરવામાં સહાયક થવાની ભાવના તે અનુકંપા છે. દરેક આત્માને પોતાના આત્મા સમાન જાણવાથી અનુકંપાનો ગુણ વિકસે છે. તે ગુણ જ્યારે ચરમસીમાએ પહોંચે છે ત્યારે તે કરુણાનું સ્વરૂપ ધારણ કરે છે. એવો આત્મા સ્વપરનું કલ્યાણ સહજભાવે થાય તેમ વર્તે છે. તે સવિશેષણપણે પરમાર્થમાર્ગનો અધિકારી થાય છે.

સમ્યગ્‌દર્શનના આવા ગુણો પ્રગટવાથી આત્માની જ્ઞાન-દ્રષ્ટિ વિશાળ બને છે. તેની દ્રષ્ટિ પશુપક્ષીની જેમ પોતાનું કે પોતાના પરિવારના જીવનનિર્વાહ કરવા જેટલી મર્યાદિત દ્રષ્ટિ નથી હોતી, પણ સર્વ જીવો પ્રત્યે સમદ્રષ્ટિ રહે છે. બહારથી ગૃહસ્થ ધન દયાદિ રૂપ સત્‌કાર્યો કરે છે અને અંતરમાં આત્મભાવે સૌનું શ્રેય ચાહે છે. આત્માના આ ગુણો તેના અંતરંગને પ્રગટ કરે છે. આ લક્ષણોની સાથે સાથે બીજા ઘણા સહાયક ગુણોનો વિકાસ થાય છે. આવો જીવ મોક્ષ-માર્ગમાં ત્વરાથી આગળ વધે છે.

સમકિતવંત આત્માનાં લક્ષણો :

'સમકિત સાથે સગાઇ કીધી, સપરિવારશું ગાઢી,
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બહાર કાઢી.
હો મલ્લિજિન! એ અમ શોભા સારી'

શ્રી આનંદઘનજી કૃત સ્તવન.

સમકિત-દ્રષ્ટિ જીવમાં ઉત્તમ લક્ષણો પ્રગટ થાય છે અને આ માર્ગના નીચે કહેલા અતિચારો દુર થતાં જાય છે.

शंकाकांक्षापि चिकित्सान्यदृष्टिप्रशंसासंस्तवा सम्यग्‌दृष्टेः अतिचाराः ॥
તત્ત્વાર્થસૂત્ર ૭/૨૩

(૧) શંકારહિત હોય છે. સર્વજ્ઞદેવ પ્રરૂપિત તત્ત્વદર્શન જેવું છે તેવું તે શ્રધ્યે છે. પદાર્થોના સ્વભાવનું રહસ્ય સમજે છે તેમાં શંકારહિત હોય છે. પ્રશ્ન ઉદ્‌ભવે તો વિનયાન્વિત થઇ સદ્‌ગુરુ પાસે સમાધાન મેળવે છે.

(૨) કાંક્ષા-ઇચ્છા રહિત હોય છેઃ સંસારના પદાર્થોથી મને સુખ મળશે તેવી ભ્રમણા ભાંગી જાય છે, તેથી તેના પ્રકારની અંતરંગ ઇચ્છાઓથી દુર રહે છે. કેવળ આત્મસ્વરૂપ પ્રાપ્ત હો તેવી આકાંક્ષા રહે છે.

(૩) વિચિકિત્સા–નિંદાથી રહિત હોય છે. નિંદા જેવા પાપઉત્પાદક વ્યવહારથી તે દુર રહે છે. ગુણીજનો પ્રત્યે અંતરથી પ્રમોદભાવ રાખે છે.

અસ્તુતિ નિંદા દોઊ ત્યાગૈ, ખોજૈ પદ નિરવાના;
ગુરુ નાનક મહ માર્ગ કઠિન હૈ, કોઊ ગુરુમુખ જાના.

(૪) મિથ્યામતિની પ્રશંસાથી મુક્ત હોય છે; કોઈ ચમત્કાર જેવા પ્રલોભનથી અંજાઈને કહેવાતા ત્યાગીઓની પ્રશંસા કરવાથી કે સંપર્કથી દુર રહે છે.

(૫) કુસંગીના સંગ અને સ્તુતિથી દુર રહે છે.

સમ્યગ્દર્શનના આઠ અંગ :

'निस्संकिअ निक्कंखिअ निव्वितिगिच्छा अमूढदिट्ठिअ :
उवेवुहथिरी-करणे वरछल्लथमावणे अट्ठ.'

અતિચાર ગાથા ૩.

સત્દેવ, સદ્ગુરુ, સત્શાસ્ત્ર તેજ તત્ત્વભૂત છે, સત્યાર્થસ્વરૂપ છે તેમાં તથા સન્માર્ગમાં સંશયરહિત શ્રદ્ધા તે નિઃશંકિત ગુણ છે. વળી આત્માની આત્મસ્વરૂપે શ્રદ્ધા હોવાથી તે નીચેના સાત ભયથી રહિત હોય છે :-

(૧) આ લોકમાં આજીવિકાદિનો નાશ થવાના ભયરહિત.

(૨) પરલોકમાં હવે પછી કેવી ગતિ થશે તેવા ભયરહિત.

(૩) મરણ થવાથી મારો નાશ થશે તેવા ભયરહિત.

(૪) રોગ થતાં વેદના ભોગવવી પડશે તેવા ભયરહિત.

(૫) અરક્ષા-પોતાની અને પરિવારની રક્ષાનો ભયરહિત.

(૬) અગુપ્ત-પોતાના ધનમાલ ચોરાઇ જવાના ભયરહિત.

(૭) અકસ્માત-અચાનક અકસ્માત થતાં શું થશે તેવા ભયરહિત.

આવા સાત પ્રકારના ભયથી સમ્યગ્દૃષ્ટિ આત્મા નિઃશંક-નિશ્ચિત હોય છે.

આત્મા પોતાનો આલોક છે, મોક્ષ પરલોક છે, આવો અંતરમાં નિશ્ચય થવાથી તે આત્મા સંપૂર્ણપણે નિઃશંક બની જાય છે.

આત્માને મૃત્યુ નથી અને શરીરાદિ તો જડ છે, અનિત્ય છે. રોગાદિ તે પુદ્ગલના પર્યાય છે, તેથી તેને મૃત્યુનો અને રોગોનો ભય સતાવતો નથી.

પરને પોતાનું માનતો નથી, પૂર્વના યોગે કર્મોદય ઉનો થાય છે. અને તે ફળ આપીને જાય છે, તેથી તેને અરક્ષાનો કે ચોરીનો ભય સતાવતો નથી,

આત્માને વિભાવદશા સિવાય કોઇ અકસ્માત નડતો નથી, તેથી અકસ્માતના ભયે આત્માવિહ્વળ થતો નથી.

સમ્યગ્દૃષ્ટિ આત્મા ઇન્દ્રિયજન્ય સુખોની આકાંક્ષાથી રહિત હોય છે. તેવાં સુખો પુણ્યયોગે પ્રાપ્ત હોવા છતાં અને તે દુઃખનું મૂળ છે. તે વાતનો તેનો નિર્ણય થયો હોવાથી સમ્યગ્દૃષ્ટિ આત્માને નિરાકુળ સુખની પ્રાપ્તિ થાય છે.

દેહ તેના સ્વભાવથી જ અશુચિમય છે. ત્વચા વગરના દેહનો વિચાર કરવાથી તે વાત સ્પષ્ટ થશે. તે દેહમાં આત્માનું શુદ્ધસ્વરૂપ પ્રગટ થવાની કોઇ અપેક્ષાએ સંભાવના હોવાથી તે પવિત્ર મનાય છે તેથી જ્ઞાનીનું મિલન કે કૃશ શરીર જોઇ જ્ઞાનિ કે તિરસ્કાર ન થાય તેમ જ અન્યને વિષે પણ અસદ્ભાવ ન થાય તેવો સમ્યગ્દૃષ્ટિ આત્માનો નિર્વિચિકિત્સા ગુણ છે.

મન, વચન અને કાયાથી અજ્ઞાનીની પ્રશંસા કરે નહિ. તેમનાથી પરાભવ પામે નહિ, તે સમ્યગ્દૃષ્ટિ આત્માનો અમૂઢ-દૃષ્ટિ ગુણ છે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા કોઇના દોષ જુએ નહિ અને કદાચ જાણે તોપણ તે પૂર્વના કર્મનો વિપાક છે. એમ માને અને તેની નિંદા ન કરે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા કારણવશાત્ કોઇ ધર્મી જીવને માર્ગથી ચલિત થતો દેખીને તેને માર્ગમાં લાવવા પ્રયત્ન કરે તે સ્થિતિકરણ ગુણ છે.

રત્નત્રયના ધારકો પ્રત્યે આદર-સત્કારપૂર્વક વર્તવું અને સ્વાભાવિક પ્રીતિ રાખવી તે પરંપરાએ મોક્ષનું કારણ છે. આ ભાવને વાત્સલ્ય કહેવામાં આવે છે.

આ માર્ગ બતાવે છે કે જેમ સોનું માટીથી જુદું પડે છે, શરીરથી વસ્ત્ર જુદું થાય છે. તપેલા લોઢાથી અગ્નિ જુદો છે, શેરડીથી રસ છૂટો પડે છે, દુધમાંથી માખણ જુદું પડે છે.

ફક્ત તેમાં સાચી સમજ અને વિધિ હોવી જરૂરી છે તેમ આત્મ સર્વ પદાર્થથી ભિન્ન છે આત્મા સર્વ ક્ષેત્રથી ભિન્ન છે. આત્મા સર્વ કાળથી ભિન્ન છે, અમૃત છે. આત્મા સર્વ વિભાગથી મુક્ત જ્ઞાનદ્રષ્ટા છે, તેમ આત્મા સમ્યગ્પણાના વિવેકરૂપ વિધિથી સંસાર-કર્મોથી મુક્ત થાય છે.

વિચારક, સંત અને કવિ

અખા ભગત

© જયંત કોઠારી

તિલક કરતાં ત્રેપન થયાં જપમાળાનાં નાકાં ગયાં, તીરથ ફરી ફરી થાકયાં ચરણ, તોય ન પહોંતો હરિને શરણ, કથા સુણી સુણી ફૂટયા કાન, અખા તોય આવ્યું બ્રહ્મજ્ઞાન.

આવી આવી તો જેમની અનેક ઉક્તિઓ લોકજીભે રમે છે એ અખાજી આપણા ગુજરાતની એક વિરલ વિભૂતિ છે. એ આપણને યાદ રહ્યા છે વધુ તો આપણા ઉપર ઠોક પાડનાર તરીકે, આપણા સમગ્ર જીવનવ્યવહારમાં રહેલાં દંભ, અજ્ઞાન, જડતા, પાખંડ વગેરેને ખુલ્લાં પાડનાર તરીકે. ટીલાંટપકાં, નામસ્મરણ, વેશટેક, તીર્થાટન, કથાશ્રવણ, કાયા-કલેશ આ બધા બાહ્યાચારો એમના પ્રહારનાં નિશાન વારંવાર બન્યાં છે. આંતરિક સત્ત્વ વિનાની જડ, રૂઢ ક્રિયાઓની એ કેવી હાંસી ઉડાવે છે !

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન,
એ અખા વહું ઉત્પાત, ઘણા પરમેશ્વર એ કયાંની વાત ?

અખાજીની દૃષ્ટિ તેજાબી છે. એ તરત જ સારાસારની તીક્ષ્ણ કઠોર પરીક્ષા કરી લે છે. એમની દૃષ્ટિમાંથી કશું છટકી શકતું નથી. સદ્ગુરુ, સંતનો મહિમા ગાતાં જ થાકતા નથી એ અખાજી દંભી, પાખંડી, વેષધારી ગુરુઓ પર કશી રહેમ રાખ્યા વિના ચાબખા લગાવે છે :

દેહાભિમાન હૂતો પાશેર, તે વિદ્યા ભણતાં વાધ્યો શેર,
ચર્ચાવાદમાં તોલે થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો,
અખા એમ હલકાથી ભારે હોય, આતમજ્ઞાન સમૂળું ખોય.

અખાજી માત્ર ધાર્મિક જીવનની ચિકિત્સા કરે છે એવું

નથી, આપણો સંસારવ્યવહાર પણ એમના લક્ષ બહાર નથી. એમાં પ્રગટ થતી બાધાઓની નોંધ લેવાનું એ ચૂકતા નથી. કથા સાંભળવા જતા 'આંધળો સસરો અને સરંગટ વહુ'નું અખાજીએ દોરેલું ચિત્ર આપણને કયાં અજાણ્યું છે. સસરો આંધળો છે ને તોયે વહુએ લાજનો ઘૂમટો તાણ્યો છે ! કેવી રૂઢિવશતા, કેવી વિચારહીનતા !

અખાજીનો ખરો પ્રહાર તો વિચારહીનતા, વિચારજડતા પર છે. વિચારજડતાનું એમણે એક ભારે સચોટ અવિસ્મરણીય ચિત્ર આપ્યું છે :

જ્યાં જોઈએ ત્યાં કૂડે કુડ, સામાસામી બેઠા ધૂડ,
કો આવી વાત સૂયની કરે, તે આગળ લઈ ચાંચ જ ધરે,
અમારે હજારો વર્ષ અંધારે ગયાં
તમે આવા ડાહ્યા બાળક કયાંથી થયાં ?

અખાજી તો અનેક પરંપરાગત વિચારોને માન્ય કરતા નથી. વર્ણાશ્રમધર્મનો એ મહિમા કરતા નથી. એમાં ઘણીવાર તો એમને માયા રસપ્રપ્ત થઈને રહેતી લાગે છે. મનુષ્યમાં ઊંચનીચભાવ એમને અસ્વીકાર્ય જ છે. અસ્પૃશ્યતા પાળનારની તો એ ટીકડી ઉડાવે છે– 'આભડછેટ અંત્યજઘેર જણી, બ્રાહ્મણવૈષ્ણવ કીધા ઘણી.' સતયુગ કલયુગની ઉચ્ચાવચતા સામે એ પ્રશ્ન કરે છે કે સગરના સાઠસહસ્ર પુત્રો અવગતિ પામ્યા ત્યારે કલિયુગ કયાં હતો ? પૂર્વજન્મની માન્યતા, કર્મવાદ, અવતારવાદ આ બધામાં અખાજીને કંઈક ને કંઈક તાર્કિક મુશ્કેલી દેખાય છે. 'પશુ મૂઓ કો ભૂત ન થાય, અખા માણસ અવગત કહેવાય' એમ કહી એ ભૂતપ્રેતની માન્યતાની હાંસી ઉડાવે છે અને જ્યોતિષ પણ એમની પરીક્ષામાં ટકી શકતું નથી. એ કહે છે કે ગ્રહો બાપડા પોતે પરવશ ફરે છે–ચંદ્ર ક્ષય પામે છે, રાહુ ધડવિહોણો છે–તો એ ગ્રહો માણસને શું કરવાના હતા ?

એમ લાગે છે કે અખાજી પ્રખર બુદ્ધિવાદી છે. મધ્યકાળમાં એમનો જોટો જડવો મુશ્કેલ છે, તો અર્વાચીનકાળમાંયે એમના જેવા પ્રખર બુદ્ધિવાદી ઝાઝા ન જડે

આવા બુદ્ધિવાદી અખાજી કોઈ દાર્શનિક મતના ચોકઠામાં બંધાયેલા રહે એ બને નહીં. એમાં શંકા નથી કે અખાજીની દાર્શનિક ભૂમિકા વેદાંતની–શંકરના કેવલાદ્વૈત વેદાંતની છે. છતાં એમને વેદાંતી કહેવા એ એમની પૂરી સાચી ઓળખ નથી. 'ખટદર્શનના જૂજવા મતા, માંહોમાંહે તેણે ખાધી ખતા' એમ એ કહે છે ત્યારે ખટદર્શનમાં વેદાંતનો સમાવેશ થાય જ અને 'અખેગીતા'માં બધાં દર્શનોની એ સમીક્ષા કરે છે ત્યાંયે વેદાંતની અદ્વૈરૂપ જોયા વિના એ રહી શકતા નથી. અખાજીએ ગૌડપાદાચાર્યની છાયા ઝીલી છે, છતાં એ પૂરેપૂરા અજાતવાદી બની ગયા નથી. મધ્યકાલીન સંતપરંપરાના ઉદ્ધારમતવાદ અને માનવવાદનો પ્રભાવ અખાજી પર પડયો છે, પરંતુ એ સંતપરંપરામાં ઘણે ઠેકાણે વિકસેલાં ક્રિયાકાંડો ને રૂઢિઓનું અખાજી કયાંય સમર્થન કરતા નથી. અખાજી સૂફીઓના પ્રેમમાર્ગની પરિભાષાનો આશ્રય લે છે, પણ એમને સૂફી કહેવા તે સાચું નથી. અખાજીને કોઈ મત કે માર્ગનું લેબલ લગાડયા વિના એક તત્ત્વવિચારક સંત તરીકે ઓળખીએ એમાં જ ઔચિત્ય જણાય છે.

વેદાંતની ભૂમિકા સ્વીકારવા છતાં અખાજીએ પોતાના તત્ત્વવિચારમાં અનેક સરવાણીઓને સમાસ આપ્યો છે. અખાજીના બ્રહ્મવાદમાં સંસારનો તિરસ્કાર નથી, વિશ્વમાં વસ્તુનું, બ્રહ્મનું, હરિનું દર્શન કરવાની જિકર એ કરે છે. સંન્યાસને તો અખાજી આવશ્યક ગણતા જ નથી, માત્ર અ-કર્તા થઈને, જગતભાવ દુર કરીને જીવવાનું એ પ્રબોધે છે તેથી સંસારનાં પ્રાપ્ત કર્તવ્યોની ઉપેક્ષા એમાં થતી નથી. અખાજીના નિર્ગુણ જ્ઞાનમાર્ગમાં શૃંગારભક્તિનેયે સ્થાન મળે છે. ઉત્કટ શૃંગારનાં કહેવાય એવાં ઘણાં પદો અખાજીએ રચ્યાં છે પણ એમને અભિપ્રેત છે જ્ઞાનશૃંગાર. એટલે કે પરબ્રહ્મ ભાવની રસમય રમણા. અખાજીની દૃષ્ટિએ પરબ્રહ્મનું જ્ઞાન એ શુષ્ક જ્ઞાન નથી, કોઈ બૌદ્ધિક પ્રતીતિ નથી, એ આનંદમય અનુભવ છે તેથી એમાં રસાવેશની અપેક્ષા છે. શુષ્ક વૈરાગ્યને પણ અખાજીની ફિલસૂફીમાં સ્થાન નથી. એ શબ્દ વાપરે છે વિરહવૈરાગ્ય. જગતભાવ દુર થવો એ પૂરતું નથી, પરમ તત્ત્વની ઝંખના જાગવી તે મહત્ત્વનું છે. અખાજીની ફિલસૂફી નાસ્તિમૂલક નથી, અસ્તિમૂલક છે.

અખાજીનો ગુરુવિચાર એમની વિચારમોકળાશનું એક લાક્ષણિક ઉદાહરણ છે. નગુરાપણાનો રંજ અને સદ્‌ગુરુની આવશ્યકતા એ એની પહેલી ભૂમિકા છે. પછી આત્માને અને પરબ્રહ્મને ગુરુ ગણવાની વાત આવે છે. ખરા ગુરુ તો એ જ; પણ અખાજી અહીં અટકતા નથી. એ નગુરાપણાનો મહિમા કરવા સુધી જાય છે ને જ્યાં ગુરુ-શિષ્યભાવને સ્થાન નથી એવી ભૂમિકાને છેવટની ગણાવે છે. આવો નગુરો તે સ્વયં નરહરિ છે એમ એ કહે છે.

એ સંભવિત છે કે અખાજીની આ વિચાર મોકળાશમાં શાસ્ત્રજ્ઞોને આંતરવિરોધો દેખાય. પણ અખાજી શાસ્ત્રકાર નથી, વ્યવસાયી તત્ત્વવિચારક નથી. આપણી તત્ત્વવિચાર–પરંપરાનું એમનું વિશાળ, ઊંડું અને સૂક્ષ્મ અધ્યયન છે. 'પંચીકરણ' જેવી આરંભની કૃતિમાં એ શાસ્ત્રનું સીધું દોહન આપે છે ને પછીથી અવાનવાર બારીક શાસ્ત્રચર્ચાનો આશ્રય લે છે. તેમ છતાં ચુસ્ત શાસ્ત્રીય માંડણીથી એમણે કશું લક્ષ્યું નથી. પ્રખર બુદ્ધિવાદી હોવા છતાં એમણે નકરા બુદ્ધિવાદનો, કહો કે બુદ્ધિવિલાસનો કયાંય મહિમા કર્યો નથી. સૂકા જ્ઞાનને એ બંડળમૂછ સાથે સરખાવે છે અને શાસ્ત્રને તો એક જ આંખ કહે છે. બીજી આંખ છે અનુભવની. એ ન ખૂલે ત્યાં સુધી શાસ્ત્રજ્ઞાન સાચું દર્શન ન આપે. એટલે કે અખાજીનું લક્ષ્ય કોરો વિચાર નથી, અનુભવગત બનેલો વિચાર છે, આત્મસાત થયેલો વિચાર છે. એથી જ એ વિચારને સ્થાને સૂઝ, સમજ, અનુભવ એવા શબ્દો પણ વાપરે છે. ખરેખર તો અખાજી કેવળ વિચારના નહીં, વિચારમય જીવનના ઉપાસક છે એમ કહેવું જોઈએ. અખાજીનો સઘળો તત્ત્વવિચાર વળીવળીને, અખાજીનો શબ્દ વાપરીને કહીએ તો, 'વરતણ'માં આવીને ઠરે છે. ખરી વિચારનિષ્ઠ વ્યક્તિની વરતણ કેવી હોય ? જ્ઞાની, સંત, હરિજન એટલે કે ભક્તજનનાં ચિત્રો, ઉમળકાભેર અને સચોટતાથી, અખાજી અનેક સંદર્ભોમાં આપ્યાં કરે છે. એમનાં લક્ષણો વર્ણવતાં એ થાકતા જ નથી. આ બતાવે છે કે અખાજીનો રસ જીવનસાધનામાં છે. જીવનને સ્વસ્થ, સભર, સાર્થક, સત્યમય અને આનંદમય બનાવવાની ચાવી એમને વિચારમાં

જડી છે એ રીતે વિચારનું મૂલ્ય છે.

આ રીતે જોઈએ ત્યારે અખાજી તત્ત્વવિચારક કરતાં વધુ તો જીવનસાધક સંત છે એમ કહેવા વારો આવે. પણ અખાજી અંગત જીવનસાધનામાં પુરાઈ રહ્યા નથી. ગાંધીજીની જેમ એ માનતા જણાય છે કે જે એકને માટે શક્ય છે તે સૌને માટે શક્ય હોવું જોઈએ. એથી જ તો એમણે આપણી સાથે વાર્તાલાપ આરંભ્યો છે. એમની વાણીમાં આત્મીયતા છે ને મનુષ્યમાત્રના કલ્યાણનો આવેશ પણ ધબકે છે. એ સંસારને, પોતાના સાથી-માનવોને સાથે લઈને ઊંચે જવા માગનાર સંત છે.

જ્ઞાની સંત અખાજીએ પોતાની જાતને કવિમાં ખપાવવાનું ક્યારેય રુચ્યું નથી. જ્ઞાનીને કવિ ગણવાની એ ચોખ્ખી ના પાડે છે. પણ આનું કારણ તો એ છે કે કવિઓ વિશેનો એમનો અભિપ્રાય જરાય ઊંચો નથી. એ જુએ છે કે કવિઓ તો જ્ઞાન કે અનુભવ વિના પોકળ વાણીવિલાસ કરનારા છે. એમની પંગતમાં કેમ બેસાય? પણ કવિતાના ક્ષેત્રે પણ ધીરજથી આપણે અખાજીને કવિપણામાંથી બાકાત રાખી શકીએ તેમ નથી. બલકે મોટા ગજના કવિ તરીકે એમને આપણે સ્વીકારવાના રહે છે. અખાજીએ નિરૂપણ ભલે તત્ત્વવિચારનું, બ્રહ્મજ્ઞાન ને એની સાથે સંબંધ ધરાવતા વિષયોનું કર્યું પરંતુ એમાં એ તટસ્થ નિરૂપક રહ્યા નથી. એમની ભારે જાતસંડોવણી છે એમા. એમની કૃતિઓ વાંચતાં રોષ, ક્ષોભ, વિનોદ, વિસ્મય, આરત, આદર, ઉમળકો, ઉત્સાહ, ઉલ્લાસ, પ્રસન્નતા વગેરે અનેક ભાવોની મુદ્રાઓ આપણે કલ્પી શકીએ છીએ. 'વિચાર કહે પામ્યો કશું અખા? જન્મોજન્મનો કર્યાં છે સખા?' એ પંક્તિમાં વ્યક્ત થતો આરતમિશ્રિત વિષાદનો ભાવ જુઓ અને 'હું એ હું કાઢ્યો ખોળી ભાઈ રે હું એ હું કાઢ્યો ખોળી' એ ઉદ્‌ગારમાં છલકાતો બાલસહજ આનંદમસ્તીનો ભાવ જુઓ. 'અખેગીતા'માં મળતા ભક્તના વર્ણનની ભાવસભરતા તો અનન્ય છે.

આ ભાવાવિષ્ટતા એ અખાજીનો પહેલો કવિગુણ તો પ્રત્યક્ષતા કે મૂર્તતા એ એમનો બીજો કવિગુણ વિચારને ચિત્રમાં પલટાવવાની અદ્‌ભુત કળા અખાજીને સાધ્ય બની છે. ક્યારેક એ સીધું વીગતભર્યું વર્ણન કરે છે-'એક મૂરખને એવી ટેવ' વગેરે જાણે કથાકથન કરતા હોય એવું પણ લાગે. પણ ઝાઝું તો એ ઉપમા-દૃષ્ટાંતનો આશ્રય લે છે. અખાજીની ઉપમાશક્તિનો જોટો જડવો મુશ્કેલ છે. એમની ઉપમાનસૃષ્ટિ એટલી વિશાળ છે કે જાણે જગતાના એકે એક પદાર્થનો એમાં સમાવેશ થયો હોય એવું લાગે ઉપમાનો અનુરૂપતાથી અનાયાસપણે અને ઊભરાતાં આવે છે. ઉપમા-દૃષ્ટાંતની અવયવરચના વિવિધ રીતે થતી આવે અને સતત તાજગીનો અનુભવ આપણને થયા કરે છે. અલંકારરચનાનાં જડ ચોકઠાં કર્યાંયે દેખાતાં નથી. એક બાજુથી 'વ્યાસ વેરયાની એક જ પેર, વિદ્યા મેટી ઉછેરી ઘેર' જેવી સઘન રૂપકરચના આપણને મળે છે, તો બીજી બાજુથી ફેલાવેલાં, વિસ્તારેલાં ઉપમાચિત્રો પણ સાંપડે છે. જેમકે-

બાળક જ્યમ રમાડે શ્વાન, દુર થકી દેખાડે ધાન,
પૂંછ હલાવે, ચાટે લાળ, ઊંચું કરી ભરાવે ફાળ,
ભલભચાવ્યો દેશાન્તર જાય, અખા એમ રમાડે માય.

ઉપમા-દૃષ્ટાંતને અનેક ક્રિયાઓને સમાવતા ગતિશીલ ચિત્રરૂપે રજૂ કરવાની અખાજીની આ વિલક્ષણ રીતિ છે.

અખાજીનો ત્રીજો કવિગુણ તે એમની ભાષાસમૃદ્ધિ છે. એમની ભાષાનું લક્ષ્ય સ્વાભાવિક રીતે જ સૌન્દર્ય નથી પણ સામર્થ્ય છે. સંસ્કૃત, ફારસી, તળપદી, ગુજરાતી, ગામઠી અને ગુજરાતના વિવિધ પ્રદેશોની ભાષાના ખજાનાનો અખાજીએ કસ કાઢયો છે ને 'ત્રેપનમો' 'વિરહવૈરાગ્ય' જેવા અર્થસમર્પક શબ્દો ઘડી કાઢયા છે. કહેવતો, રૂઢોક્તિઓનો પણ એમણે કસ કાઢયો છે અને લોકોક્તિ બનીને રહે એવી અનેક સ્મરણીય મર્મોક્તિઓ આપેલી છે. વિરલ શબ્દોનો વિનિયોગ અને વિલક્ષણ વાક્યરચનાઓ અખાજીની વાણીને કેટલીકવાર દુર્બોધ બનાવે છે, પણ એવાં સ્થાનોએ જ્યારે અર્થપ્રકાશ થાય છે ત્યારે આપણને ચમત્કારનો અનુભવ થયા વિના રહેતો નથી.

અખાજીના વિચાર-અનુભવ-જગતનો આપણને સાક્ષાત્કાર કરાવનાર છે અખાજીનું આ કવિત્વ. એમના કવિત્વની એ જ સાર્થકતા છે.

વિચારક સંત અને કવિ જેમનામાં એક બનીને વસ્યા છે એ આ અખાજી રમધ્યકાલીન ગુજરાતની જ નહીં, સર્વકાળના ગુજરાતની વિરલ વિભૂતિ છે.

વિચાર-વલોણું

● જયેન્દ્ર ત્રિવેદી

રકત-કણોમાં કયા કયા તત્ત્વો રહેલાં છે એનો થોડો-ઘણો ખ્યાલ છે. ખૂટતી માહિતી તજજ્ઞો પાસેથી મેળવી શકું તેમ છું પરંતુ મારી અંત શ્ચેતનાના ઘડતરમાં કયા કયા તત્ત્વોએ ભાગ ભજવ્યો છે અને નિશદિન એમાં શું પરિવર્તન થઈ રહ્યું છે એનો તટસ્થ અભ્યાસ કરવાનો પ્રયત્ન કરું છું પણ પૂર્ણ સફળતા મળતી નથી.

સંસ્કારના જોરે મંદિર-મસ્જિદ-દેવળ-ગુરુદ્વારા પાસેથી પસાર થતી વખતે નમસ્કાર થઈ જાય છે પણ માકર્સને વાંચ્યા પછી ઈશ્વર નથી એની દૃઢ પ્રતીતિ મનને થઈ છે. ક્યારે પરમ તત્ત્વનું અસ્તિત્વ હોઈ શકે છે એમ માનવામાં આ પ્રતીતિને વાંધો આવતો નથી પણ એ તત્ત્વની ઉપાસના કરવાનું મન થતું નથી. મકરન્દ દવે જેવાના સાન્નિધ્યમાં હોઉં છું ત્યારે એ પરમ તત્ત્વની ચેતના સર્વવ્યાપ્ત છે એમાં શંકા થતી નથી પણ એ પરમ તત્ત્વની સાધના કરવાનું મન થતું નથી. ભારતીય ધર્મગ્રન્થો વાંચ્યા છે પણ આ જીવન નશ્વર છે અને સ્વર્ગ-પ્રાપ્તિ કે મોક્ષપ્રાપ્તિ એ જ જીવનનો હેતુ છે એવું કદી લાગ્યું નથી. ચૌદ લોકની વાત કપોલકલ્પિત છે એમ માનું છું પણ જીવ સૂક્ષ્મદેહે અવકાશમાં વિચરતા હોય તો વિચરતા હોય એમ પણ ક્યારેક લાગે છે.

જ્ઞાન-ભક્તિ-કર્મની મહત્તા અને મર્યાદા સમજાય છે પણ

યોગઃ કર્મસુ કૌશલમ્'નું સૂત્ર જ અનુસરવા જેવું લાગે છે. કર્મનો સિદ્ધાન્ત સમજવા પ્રયત્ન કરું છું અને જો જીવની ભવભવની યાત્રામાં વિશ્વાસ મૂકું તો જૈન ધર્મે કરેલી કર્મ-મીમાંસા વધુ બુદ્ધિગમ્ય લાગે છે. દેશ, સંપ્રદાયો અને જ્ઞાતિઓથી જલ્દી મુકત થાય એમ ઇચ્છું છું પણ હિન્દુ અને તેમાંયે બ્રાહ્મણ હોવાનો આનંદ અનુભવું છું. યજ્ઞોપવીતની ઉપયોગિતા સમજી શકયો નથી એટલે જનોઇ લેવી કે નહીં તેનો નિર્ણય કરવાનું પુત્ર પર જ છોડયું હતું અને એણે જનોઈ પહેરી જ નહીં અને મેં તો તેની ઉપયોગિતા નહીં સમજાતાં કયારની છોડી દીધી હતી. પિતા પૂજા કરતી વખતે શ્લોકો ગાતા એ મુગ્ધભાવે સાંભળ્યા કરતો પણ કયારેક પિતા અઠવાડિયાંઓ સુધી 'ભગવાનને વેકેશન આવ્યું છે' એમ કહી પૂજા ન કરતાં ત્યારે વધુ ગમતું. દાદા વહેલી સવારે ચાર વાગે ઉઠાડી પ્રાતઃ સ્નાન સંધ્યા કરાવી રૂદ્રાભિષેકનો પાઠ કંઠસ્થ કરાવતા ત્યારે દાદા પર ખૂબ ગુસ્સો આવતો પણ મોટપણે કાવ્યશાસ્ત્ર ભણ્યો ત્યારે અષ્ટાધ્યાયી રુદ્રીની કેટલીક ઉકિતઓ બહુ ગમવા લાગી અને પાંચમા અધ્યાયની શિવ-સંકલ્પની સ્તુતિની ઉદાત્ત ભાવના ઊંડે સુધી સ્પર્શી ગયેલી.

યુરોપીય મહાકાવ્યોના સાર વાંચ્યા છે પણ રામાયણ-મહાભારતના સાર પાસે એ ઊતરતા લાગ્યા છે. કુરાન-બાઇબલના અનુવાદ વાંચ્યા, મોરારીબાપુનું પવિત્ર વ્યકિતત્વ મને આકર્ષે છે પણ રામકથાને લોકપ્રિય બનાવવા જતાં અને સમાજસુધારકની ધગશથી પવિત્ર કથા જોડે ડાયરાનું મિશ્રણ કરવા જતાં તેઓ ઉત્તરકાંડ જેવા અદ્‌ભુત કાંડને લગભગ બધો વખત છોડી દે એ ગમતું નથી. તેમનો ગંગાજળપ્રેમ સમજતો નથી અને મહિને એક કથા, નવી પેઢી સાથે એક પરિસંવાદ અને એક વ્યાખ્યાનનો સંકલ્પ તેમણે છોડી દીધો તે ગમ્યું નથી. પણ ઉપનિષદોના અનુવાદ પાસે એ બહુ ફિક્કા લાગ્યા છે. રામકૃષ્ણ મિશનનું કામ અત્યંત સ્મરણીય લાગ્યું છે. પણ સંસ્થાઓનું અસ્તિત્વ ટકાવી રાખવા 'અમે હિન્દુ નથી' એવી એફિડેવિટ કલકત્તાની અદાલતમાં કરાવ્યાનું સાંભળતાં મન પર કુઠારાઘાત થયાનો અનુભવ થયેલો અને વિવેકાનંદનો પુનર્જન્મ થાય તો સારું એવો ભાવ મનમાં જાગેલો અને મધ્યકાલમાં હરિજન સાથે એક પંકિતમાં બેસીને ભોજન કરવું પસંદ કરીને મઠાધીશનું પદ ઠુકરાવનાર રામાનંદનો વંશવેલો નષ્ટ થવા લાગ્યો છે એનું દુઃખ થયા કરેલું. આદિ શંકરાચાર્ય બહુ ગમતા હોવાથી આજના શંકરાચાર્યો માટે માનની લાગણી પળભર માટે પણ થતી નથી. બધાં ધર્મસ્થાનોની મિલકતો પ્રજાકલ્યાણના-ભૂખ અને બેકારી-દુર કરવાના કાર્યમાં જ વપરાય એનો અને ધર્મસ્થાનોને ચીનની જેમ કેળવણી કે આરોગ્યની સંસ્થામાં બદલી નાખવાના મતનો હું છું; પણ મુસ્લિમ દુરાગ્રહથી ત્રાસીને રામજન્મભૂમિને રાષ્ટ્રીય રમારકમાં ફેરવી નાખવાનું ગમતું નથી. ધર્મનિરપેક્ષતામાં પૂર્ણ શ્રદ્ધા હોવા છતાં ચૂંટણીમાં મત મેળવવા બધુમતીને વધુ પડતી છૂટછાટ આપતા રાજકીય પક્ષો રાષ્ટ્રદ્રોહી છે એવું મને સતત લાગે છે. રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ પોતાના મનની ઇચ્છા પ્રમાણે ભગવાન સોમનાથના મંદિરની પુનઃપ્રતિષ્ઠામાં ભાગ લેવા જાય તેથી નારાજ થનાર નહેરુ પોતાના વસિયતનામાં પોતાની ભસ્મને ગંગામાં વહેરાવવાની ઇચ્છા વ્યકત કરે ત્યારે વંશપરંપરાના સંસ્કારનું જોર કેવું પ્રબળ હોય છે એનો વિચાર આવે છે પણ ભારતીય ફાડબીલને બદલે નહેરુ સંસદમાં હિન્દુ ફાડબીલ પાસ કરાવે ત્યારે મહાન નહેરુ વામણા અને સ્વાર્થી રાજપુરુષ લાગે છે. ગાંધીજીની હિન્દ-સ્વરાજ ચોપડી બહુ ગમતી હોવા છતાં આજે વિજ્ઞાન-ટેકનોલોજીના યુગમાં એની સંશોધિત પરિવર્ધિત આવૃત્તિ ફાડબીલે હિંમતપૂર્વક બહાર પાડવી જોઇએ એવું મને લાગે છે. વિનોબાનાં લખાણો પરમ આદરપૂર્વક વાંચવા છતાં 'જપુજી' જેવો ગ્રન્થ કે ઇષ્ટદેવના નામનો જપ કર્યા કરવાની સલાહ નોટબુકમાં રામનામ કે ગાયત્રીમંત્ર લખવા જેવી જ નિરર્થક લાગે છે. સંન્યાસી માટે કેટલાક વિશેષ નીતિ નિયમોના બંધન આવશ્યક હોવા જોઇએ એમ માનવા છતાં બધુ ત્રિપુટી પર સાધુ-મહારાજો અને કેટલાક શ્રાવકો જે રીતે તૂટી પડયા છે તેમાં મહાવીર-પ્રબોધિત અહિંસાની હત્યા થતી મને દેખાય છે.

સાહિત્યમાં પ્રશિષ્ટ ગ્રન્થોના મહત્ત્વ વિશે સંપૂર્ણ સજાગ હોવા છતાં કયારેક કયારેક ઉત્તમ જાસૂસી કથાઓ વાંચવી ગમે છે. હોલીવુડની પ્રખ્યાત મહાકાવ્યાત્મક ફિલ્મોની સાથે સાથે કયારેક કયારેક હોરર ફિલ્મો કે જેમ્સ બોન્ડની ફિલ્મો પણ જોવી ગમે છે. શાસ્ત્રીય સંગીત ગમે છે તેમ ઉત્તમ ફિલ્મી ગીતો પણ ગમે છે.

આજની આર્ટસ-ક્રામર્સ કોલેજોના અભ્યાસક્રમો વિદ્યાર્થીને જ્ઞાનની કોઇ નકકર ભૂમિકા આપવાને બદલે સમયનો બગાડ અને અનુપયોગી બેકારોની ફોજ ઉત્પન્ન કરે છે એની ખાતરી હોવા છતાં એ માળખામાં રહીને પણ બગાડ ક્રમ ઓછામાં ઓછો થાય એ માટે હું સતત ઝુઝયો છું. સામ્યવાદી પક્ષોના કેટલાક સિદ્ધાંતો જેમ ગમે છે, એમના કાર્યકરોની નિષ્ઠા જેમ ગમે છે તેમ ભા.જ.પ.ના સિદ્ધાંતો અને તેમના કાર્યકરોની નિષ્ઠા પણ ગમે છે. નથી ગમતાં કોંગ્રેસ, જનતા દળ કે અન્ય પ્રાદેશિક પક્ષોના ટ્રોંગી નેતાઓ અને સ્વાર્થી કાર્યકરો. તથાકથિત પછાત જાતિઓ તરફ સંપૂર્ણ સહાનુભૂતિ હોવા છતાં આઝાદી પછી બંધારણીય રાહે અને કાયદા-કાનૂનો દ્વારા શાસકોએ આ જાતિઓને સમાજના તથા કથિત ઉચ્ચ વર્ણના લોકોના સમાજમાં ભેળવી દેવા માટે જે અધકચરા ઉપાયો અમલમાં મૂકયા છે તેમાંથી થોડા વખતમાં જ દેશમાં જબરું આંતરયુદ્ધ ફાટી નીકળશે એવો ડર મને લાગે છે.

આમ મારા ચેતન-અવચેતન મનમાં પરસ્પરવિરોધી એવું અજબગજબનું વિચાર-વલોણું ચાલે છે. કોઇ સ્પષ્ટતા નથી એટલું સ્પષ્ટ છે. પણ એટલી ખબર છે કે જ્યાં જેટલું સાચું, સાચું અને સીધું હોય છે એ ગમે છે. હજુ અન્નમય કોષથી હું આગળ ન વધ્યો હોય એવું બને, હજુ અવિદ્યાનું કવચ હું તોડી શકયો ન હોઉં એવું બને, તામસી પ્રકૃતિનાં પડળ હું ભેદી શકયો ન હોઉં એવું બને, હજુ મારે ત્યાંસી લાખ નવ્વાણું હજાર નવસો નવાણું ભવના ફેરા બાકી હોય એવું પણ બને પણ મને અત્યારે તો એનું દુઃખ નથી. આટલા બધા ભવ ફેરા ફરવાના બાકી છે એનો મને આનંદ છે, કારણ મને જીવવું ગમે છે. મોક્ષ પામવાની મહાન પળથી દુર રહેવાનું હજુ મને ગમે છે. તથાકથિત ઇશ્વર પામવા કરતાં એની લીલાઓ નિહાળવાનું મને ગમે છે.

કદાચ તમને હું ખરાબે ચડી ગયેલા વહાણ જેવો લાગતો હોઉં, કદાચ તમને હું ત્રિશંકુની ભૂમિકામાં ફસાઇ ગયેલ લાગતો હોઉં, કદાચ તમને હું અપરંપાર દુવિધાઓમાં સપડાઇ ગયેલ લાગતો હોઉં, કદાચ તમને હું, પણ જવા દો એ બધું. મને એટલી ખબર છે કે આ ક્ષણે હું નિખાલસ છું અને અત્યારે એટલું બસ નથી ?

ત્રિશલા માતાનાં સ્વપ્નો

● તારાબહેન ર. શાહ

આબાલવૃદ્ધ સૌ મનુષ્યો નિદ્રાધીન થાય કે સ્વપ્નની વણઝાર ચાલુ થાય. સ્વપ્નરહિત સળંગ રાત્રિઓ પસાર થાય એવું બનવું અશક્ય છે. સ્વપ્નોનું વિસ્મરણ પણ એટલું જ ત્વરિત હોય છે. કેટલાંક સારાંમાઠાં સ્વપ્નો જીવનભર યાદ રહી જાય છે. સ્વપ્નોનું પણ એક શાસ્ત્ર છે અને પ્રત્યેક સ્વપ્નનું કંઈક કારણ, અર્થઘટન કે રહસ્ય હોય છે. જૈનધર્મમાં તીર્થંકરની માતાને એક જ રાત્રિમાં સળંગ અનુક્રમે આવતાં સ્વપ્નોનું માહાત્મ્ય સવિશેષ છે. જૈન ધર્મમાં માતાનું અને તેમાં પણ તીર્થંકર ભગવાનની માતાનું ઘણું ગૌરવ કરવામાં આવ્યું છે. તીર્થંકરના જીવનું તેમની માતાના ઉદરમાં ગર્ભરૂપે ચ્યવન (અવતરણ) થાય તે સમયે ત્રણે લોકમાં આનંદ આનંદ પ્રસરે છે. ઇંદ્રને પોતાના વિશિષ્ટ જ્ઞાનથી એની જાણ થાય છે. તે તરત જ ઇંદ્રાસન પરથી નીચે ઊતરી, પોતાની મોજડી ઉતારી, સાત ડગલાં આગળ ચાલી, તીર્થંકરની માતાનું મુખ જે દિશામાં હોય તે દિશા સામે મુખ કરી તીર્થંકર ભગવાનના અલૌકિક ગુણોની સ્તુતિ કરે છે. જૈનશાસ્ત્રમાં આ સ્તુતિને 'શક્રસ્તવ' (નમુત્થુણં સૂત્ર) કહે છે.

સગર્ભાવસ્થામાં તીર્થંકર ભગવાનની માતાને ચૌદ (દિગમ્બર માન્યતા અનુસાર સોળ) મહાસ્વપ્નો આવે છે. આ સ્વપ્નો સામાન્ય નહિ, પરંતુ મહાસ્વપ્નો હોય છે અને તે માતાના ઉદરમાં તીર્થંકરનો અથવા ચક્રવર્તીનો જીવ છે તેનું સૂચન કરે છે.

તીર્થંકરપદની પ્રાપ્તિ તે એક નહિ, પરંતુ અનેક ભવની સાધનાનું પરિણામ છે. કુમાર વર્ધમાનમાંથી તીર્થંકર ભગવાન મહાવીર બન્યા તે એક નહિ પરંતુ સત્તાવીસ ભવની સાધનાનું ફળ હતું. ભગવાન મહાવીરનો જીવ માતાના ઉદરમાં આવ્યો ત્યારપછી માતા ત્રિશલાને ચૌદ મહાસ્વપ્નો આવ્યાં. તેમણે રાજા સિદ્ધાર્થને તેની વાત કરી. રાજાએ તે વિશે સ્વપ્નપાઠકોને પૂછ્યું. સ્વપ્નપાઠકોએ તેનું ફળ સમજાવતાં કહ્યું કે 'તમારે ત્યાં જગતઉદ્ધારક મહાન આત્માનો જન્મ થશે.' સ્વપ્નપાઠકોએ કરેલી આગાહી પ્રમાણે કુમાર વર્ધમાનનો જન્મ થયો અને તેઓ તીર્થંકર ભગવાન મહાવીર થયા.

આ સ્વપ્નો પાછળ માનસશાસ્ત્રીય પ્રક્રિયા કામ કરી રહી છે. 'સ્વપ્નો સેવવાં' એવો જે રૂઢપ્રયોગ વપરાય છે તેનું કંઈક વિશિષ્ટ પ્રયોજન હોય છે. ભાવિ સંતાન માટે માતા સ્વપ્નો સેવતી હોય છે. માતાના ઉદરમાં ગર્ભ પોષાય છે, તેથી માતાના ચિત્તના સંસ્કારોની અને સેવેલાં સ્વપ્નોની અસર ઉદરસ્થ બાળક ઝીલે છે. દરેક માતા પોતાની શક્તિ અને કક્ષા અનુસાર સ્વપ્નો સેવતી હોય છે. આ કાર્ય માત્ર સગર્ભાવસ્થા દરમિયાન જ નહિ, પણ એથી પણ ઘણું વહેલું ચાલુ થઈ જાય છે. એમાં આસપાસની વ્યક્તિઓ, વાતાવરણ, સંજોગો અને શિક્ષણ મહત્ત્વનો ભાગ ભજવે છે. એટલા માટે જ સ્ત્રીની સગર્ભાવસ્થા દરમિયાન વાંચન, મનન, ચિંતન, ખાનપાન અને ધાર્મિક ક્રિયા પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે, બાળક ઉદરમાં હોય ત્યાં સુધી એને ઘડવું એ મુખ્યત્વે માતાના હાથની વાત છે. જન્મ પછી માતા ઉપરાંત અન્ય વ્યક્તિઓના સંસ્કાર પણ બાળક ઝીલે છે. માતાના આચરણની અસર જેમ ગર્ભમાં રહેલા બાળક પર પડે છે તેમ બાળક પણ જો ઉત્તમ આત્મા હોય તો માતાના મનમાં ઉત્તમ ભાવો જન્માવે છે અને કુટુંબમાં સુખશાંતિ અને સમૃદ્ધિ વધે છે. ભગવાન મહાવીરનો જીવ ત્રિશલા માતાના ઉદરમાં આવ્યો એથી કુળમાં સુખશાંતિ અને સમૃદ્ધિ વધ્યાં અને જન્મ પછી પણ વધતા રહ્યાં. તેથી તેમનું નામ વર્ધમાનકુમાર પાડવામાં આવ્યું હતું.

માતા ત્રિશલાને આવેલાં ચૌદ સ્વપ્નો પરથી તીર્થંકર ભગવાન મહાવીરના જગતહિતકારી, વિરાટ અને ભવ્ય વ્યક્તિત્વની ઝાંખી થાય છે. તેમના જીવનના જુદા જુદા પ્રસંગ અને હકીકતોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરતાં લાગે છે કે આ ચૌદ સ્વપ્નો ભગવાનના જીવનમાં જોવા મળતાં અસાધારણ અદ્‌ભુત શક્તિ, આત્મકલ્યાણ અને લોકકલ્યાણ માટેના અપ્રતિમ પુરુષાર્થના ઉત્તમ અને મહાન પ્રતીકરૂપ (Symbols) છે. એ પ્રતીકો તો શ્રેષ્ઠ છે જ, પરંતુ કેટલાંક સ્વપ્નોની આગળ વિશેષણો પણ ઉમેરાયાં છે. દા. ત. શ્વેત હાથી, પદ્મસરોવર, દેવવિમાન, ક્ષીરસમુદ્ર, નિર્ધૂમ અગ્નિ, ઇત્યાદિ આ વિશેષણો લૌકિકમાંથી અલૌકિકતાની, સામાન્યમાંથી વિશેષતાની અને વિરલતાની પ્રતીતિ કરાવે છે.

બધા જ તીર્થંકરોની માતાને ચૌદ સ્વપ્નો (૧) હાથી (૨) ઋષભ (૩) કેસરી સિંહ (૪) લક્ષ્મીદેવી (૫) પુષ્પમાળા (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ઇન્દ્રધ્વજ (૯) કળશ (૧૦) પદ્મ-સરોવર (૧૧) ક્ષીરસમુદ્ર (૧૨) દેવવિમાન (૧૩) રત્નપુંજ (૧૪) નિર્ધૂમ અગ્નિ – એ પ્રમાણે અનુક્રમે આવે છે. પરંતુ બે તીર્થંકરોની માતાને આવેલાં પહેલા સ્વપ્નના ક્રમમાં ફેર છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવની માતાને આવેલું પહેલું સ્વપ્ન ઋષભનું છે. છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરની માતાને પહેલું સ્વપ્ન કેસરી સિંહનું આવ્યું હતું. (સિંહ એ ભગવાન મહાવીરનું 'લાંછન' પણ છે.)

આ સ્વપ્નોનું શાસ્ત્રકારોએ જુદી જુદી રીતે અર્થઘટન કરી એનું મહત્ત્વ દર્શાવ્યું છે. વળી એમાં રહેલો આધ્યાત્મિક વિકાસક્રમ પણ દર્શાવાય છે. ચૌદ સ્વપ્નો ચૌદ ગુણસ્થાનકના સૂચક છે એમ પણ કહેવાય છે. અહીં ત્રિશલા માતાને આવેલાં એ ચૌદ સ્વપ્નોનું રહસ્ય જોઈશું. દરેક પદાર્થ, વસ્તુ અને વ્યક્તિમાં ગુણદોષ રહેલા હોય છે, શુભ સ્વપ્નના અર્થઘટનમાં તેના શ્રેષ્ઠ ગુણો છે તે જ લક્ષમાં લેવામાં આવે છે.

(૧) સિંહ–સિંહ બળ, પરાક્રમ, નિર્ભયતા, સ્વતંત્રતા, સંયમ ઇત્યાદિનું પ્રતીક છે. 'શક્રસ્તવ'માં ભગવાનને 'પુરિસસિહાણં' એટલે કે પુરુષોમાં સિંહ સમાન કહ્યા છે. તીર્થંકર ભગવાનના અષ્ટ પ્રાતિહાર્યમાં એક પ્રાતિહાર્ય તે સિંહાસન છે. સિંહાસન એટલે સિંહના ઉત્તમ

ગુણ જેવા ગુણ ધરાવનાર માટેનું આસન. ભગવાન મહાવીરે બાળપણમાં રમતાં રમતાં સાપને ઊંચકીને ફેંકવાની અને માનવવેશધારી રાક્ષસને હંફાવવાની વીરતા બતાવી હતી. તેથી જ દેવોએ તેમને મહાવીર નામ આપ્યું. વળી સાધનાકાળ દરમિયાન તેમણે તપશ્ચર્યા કરવામાં તથા પરિષહો અને ઉપસર્ગો સહન કરવામાં અપ્રતિમ વીરતા દાખવી એટલે તેમનું 'મહાવીર' એવું નામ સાર્થક થયું.

(૨) શ્વેત હાથી–પ્રાણીઓમાં શ્વેત હાથી કદમાં મોટો, બળવાન, શાકાહારી અને સમજદાર હોવાને કારણે શુભ પ્રસંગે મંગળ અને પૂજનયોગ્ય તથા ગુરુપદને પાત્ર ગણાય છે. 'નમુત્થુણં' સૂત્ર'માં ભગવાનને 'પુરિસવરગંધહત્થિણં' એટલે કે પુરુષોમાં ગંધહસ્તિ–સમાન ગણાવ્યા છે. ભગવાન મહાવીરે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અનેક લોકોને ઉપદેશ આપી ભવસાગર તરવાનો માર્ગ બતાવ્યો. સમ્યક્ ધર્મ પ્રવર્તાવીને તેઓ જગતગુરુ બન્યા.

(૩) ઋષભ–ઋષભ એ શક્તિનું પ્રતીક છે. બળવાન હોવાને કારણે તે ભાર વહન કરી શકે છે. કાદવમાં ખૂંચી ગયેલા ગાડાને કે રથને ખેંચીને તે બચાવી લે છે. ઋષભ ખેતર ખેડવામાં અને એ રીતે અન્ન પૂરું પાડવામાં સહાય કરે છે. ભગવાન મહાવીરે અધર્મના કીચડમાં ફસાયેલા સમાજને બહાર કાઢયો. એમના સમયમાં ખંડનમંડનમાં રાચતા અનેક વાદો પ્રવર્તતા હતા. આ અનિષ્ટને દુર કરવા ભગવાને અનેકાન્તવાદ આપ્યો. તે સમયમાં ધર્મના નામે યજ્ઞમાં પશુબલિ હોમાતાં હતાં. ભગવાને પશુને બદલે અંતરની બુરાઇઓ પશુવૃત્તિઓને હોમીને સાચી ધાર્મિકતા પ્રગટાવવાનો રાહ બતાવ્યો.

આ સ્વપ્નોની વિશેષતા એ છે કે સિંહ, હાથી, ઋષભ વગેરે નિમ્ન ગણાતાં પશુઓમાં પણ માતાએ ઉચ્ચ સત્ત્વ જોયું. કારણ કે પુરુષાર્થ દ્વારા ક્રૂરતા, જડતા, બુદ્ધિની સ્થૂલતા ખંખેરી સાત્ત્વિકતા પ્રાપ્ત કરવી શક્ય છે. પોતાના પૂર્વભવમાં ત્રિપૃષ્ઠકુમાર જેવા અત્યંત પાશવી અને ક્રૂર રાજકુમારમાંથી ભવાન્તરમાં સત્ત્વશીલ કુમાર વર્ધમાન સર્જાયા અને તેમાંથી જગતવંદ્ય પ્રભુ મહાવીર પ્રગટયા તે માનવપુરુષાર્થના ફળના કારણે.

(૪) લક્ષ્મીદેવી – પદ્માસનસ્થા, ચતુર્ભુજા લક્ષ્મીદેવી સુખસંપત્તિ અને વૈભવની દેવી ગણાય છે. પરંતુ અહીં ચંચલ, નાશવંત ભૌતિક ધનસંપત્તિ કરતાં સાચી ઉપકારક શાશ્વત આધ્યાત્મિક સંપત્તિનો અર્થ લેવાનો છે. આધ્યાત્મિક લક્ષ્મી પ્રાપ્ત કરનાર સાચા અર્થમાં ભગવાન– ભાગ્યવાન બને છે અને પૂજાય છે.

(૫) પુષ્પની માળા–પુષ્પ સુંદરતા, કોમળતા અને પવિત્રતાનું પ્રતીક છે. વિવિધ રૂપ, રંગ અને સુવાસવાળાં પુષ્પોની માળા એટલે ભગવાન મહાવીરના દિવ્ય અને અદ્‌ભુત જીવન પ્રસંગોની હારમાળા, તેની સુરભિ ચારે બાજુ આપોઆપ પ્રસરી જાય છે.

(૬) ચંદ્ર–સૌમ્યતા, શીતળતા, તેજસ્વિતા અને માધુર્ય એ ચંદ્રનાં લક્ષણો છે. એવાં લક્ષણો ભગવાનમાં પણ હોય છે. એમના સંપર્કમાં આવનારને એની પ્રતીતિ થાય છે.

(૭) સૂર્ય–સૂર્ય આકાશવર્તી જ્યોતિષચક્રનો કેન્દ્રીય ગ્રહ છે. સૂર્ય અંધકારનો નાશ કરીને પ્રકાશ ફેલાવે છે. જગતને તે અજવાળે છે. ભગવાન જ્ઞાનરૂપી સૂર્ય વડે મોહરૂપી અને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે.

(૮) ઇન્દ્ર–ધ્વજ–ધ્વજ એ વિજયનું – પ્રતિષ્ઠાનું અને ઊર્ધ્વગામિતાનું પ્રતીક છે. ઇન્દ્રધ્વજ એ દેવોની રચના છે. તીર્થંકરના સમવસરણમાં ચારે દિશામાં દિગન્તવ્યાપી ઇંદ્રધ્વજ દેવો લહેરાવે છે. ઇંદ્રધ્વજ એ ધર્મનો વિજય સૂચવે છે.

(૯) જળપૂર્ણકળશ–કળશ એ ભારતીય સંસ્કૃતિનું શાંતિ, શક્તિ, સભરતા અને જીવન્તતાનું મંગળ અને શ્રદ્ધેય પ્રતીક છે. શુભ અને ધાર્મિક પ્રસંગે તેની સ્થાપના કરવામાં આવે છે. જળ એટલે જીવન અને જળ એટલે શક્તિ. પૂર્ણકુંભ એટલે જરાપણ અપૂર્ણતા વિનાનું જીવન. ત્રિશલા માતાએ સમર્થ, ક્ષતિરહિત, વિશિષ્ટ અને વિરલ શક્તિવાળો પૂર્ણપુરુષ–પુરુષોત્તમ બને તેવો પુત્ર ઇચ્છયો હતો. દરેક તીર્થંકરના જીવનમાં ચોત્રીસ પ્રકારના અતિશયો પ્રગટ થાય છે. આ અતિશયો એટલે અસાધારણ ગુણ કે શક્તિની પરાકાષ્ઠા અને આ અતિશયો જીવનની પૂર્ણતાના સૂચક છે.

(૧૦) પદ્મસરોવર–સરોવરના પાણીથી શરીર અને મન શુદ્ધ અને શાંત બને છે. પદ્મ એટલે કમળ. એ સુંદરતાનું, સુવાસનું અને નિર્લેપતાનું પ્રતીક છે. તેના પર લક્ષ્મીનો વાસ છે. તીર્થંકર ભગવાનનું ચારિત્ર્ય કમળ જેવું સાત્ત્વિક કષાયોથી અને વાસનાઓથી રહિત અને સંસારમળથી અલિપ્ત હોય છે. રાગદ્વેષથી રહિત તેમના હૃદયકમળમાં કૈવલ્યરૂપી લક્ષ્મીનો વાસ હોય છે તેમના પ્રભાવથી અનેક શ્રદ્ધાળુ ભક્તો તેમના તરફ આકર્ષાય છે.

(૧૧) ક્ષીરસમુદ્ર–સમુદ્ર તરવા માટે અતિ વિકટ પણ તેના ઉપર નાનામાં નાની હોડી પણ હીલોળા લઇ શકે.

સમુદ્ર ઉદારતાનું પ્રતીક છે. રત્નાકર સમુદ્રની જેમ તીર્થંકર ભગવાનનું જીવન ગુણરૂપી રત્નાકર જેવું છે. ક્ષીર એટલે દુધ તે ઉજ્જવળતા, પવિત્રતા અને વાત્સલ્યનું સૂચક છે. ભગવાન મહાવીરે સર્વજીવો પ્રત્યે વાત્સલ્યભાવ વહાવ્યો હતો. ચંડકૌશિક જેવા ક્રાતિલ વિષધરને પણ પ્રતિબોધ પમાડયો. ચંડકૌશિકે તેમના પગના અગુંઠે દંશ દીધો ત્યારે અંગુઠામાંથી લોહીને બદલે દૂધની ધારા વહી. આ દુધ તે ભગવાન મહાવીરની વિશ્વવત્સલતાનું પ્રતીક છે.

(૧૨) દેવવિમાન–વિમાનવાસી દેવો પણ જેની સેવા કરે એવા અલૌકિક પુત્રની ત્રિશલામાતાએ ઇચ્છા કરી હતી. ભગવાન મહાવીરના જીવનના દરેક પ્રસંગે ઇંદ્રાદિદેવોએ મોટી સંખ્યામાં હાજર રહી તેમની સેવા કરી છે. તેઓ કેવળજ્ઞાન પામ્યા પછી દેવોએ સમોવસરણની રચના કરી છે.

(૧૩) રત્નપુંજ–રત્ન એ ગુણનું પ્રતીક છે. અનેક રત્નોના સમૂહ સરખા લોકોત્તર ગુણનાં ભંડાર જેવા પુત્રની ભાવના ત્રિશલા માતાએ સેવી હતી.

(૧૪) નિધુંમ અગ્નિ–માતાએ મુખમાં નિધુંમ અગ્નિને પ્રવેશ કરતો દીઠો. અહીં નિધુંમ શબ્દ મહત્ત્વનો છે. ધુમાડો એટલે મલિનતા, અસ્પષ્ટતા, અશુદ્ધિ, ધુંધળાપણું ઇત્યાદિ. અગ્નિ અશુદ્ધિને બાળી નાખે છે જ્ઞાનરૂપી અગ્નિ કર્મરૂપી કચરાને બાળે છે. નિધુંમઅગ્નિ એ સંપૂર્ણ, સર્વોત્તમ, અનંત, અનાવરણ કેવળજ્ઞાનનું સૂચન કરે છે.

આમ, ત્રિશલા માતાને આવેલું એકેએક સ્વપ્ન રહસ્ય અને તત્ત્વથી ભરેલું છે. ચૌદ સ્વપ્નો સળંગ અનુક્રમે આવે તો તેનું મહત્ત્વ કેટલું બધું હોય તે એના ઉપરથી સમજી શકાય છે. મનુષ્યજીવનની સર્વોચ્ચતા તીર્થંકર પદમાં રહી છે તે આ સ્વપ્નો ઉપરથી પણ પ્રતીત થાય છે.

સાપ ગયા ને લિસોટા રહ્યા !

પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

'માલ તો આવે ત્યારે ખરો ! કાવડિયાં તો આગળથી જ ભરી દેવાં પડે છે !'

લગભગ બધી જ રેશનની દુકાને આવું સાંભળવા મળે છે. મળવી જોઇતી ચીજો મળે નહીં એટલે ગ્રાહકો ફરિયાદ કરે ત્યારે બિચારો આવું કહી છૂટે !

પણ એના આ વિધાનમાં વપરાયેલો 'કાવડિયા' શબ્દ નોંધ્યો ? વેપારી વર્ગમાં તો આ શબ્દ હજુયે સારો એવો પ્રચલિત છે; શિક્ષિત ને સંસ્કારી વર્ગ આ પ્રયોગને હવે કંઇક અસંસ્કારી ગણે છે ને લગભગ ભૂલી ગયો છે પરંતુ આ પ્રયોગમાં ઇતિહાસનો જે એક તબક્કો સમાયેલો છે એ જાણવા જેવો છે.

કાવડિયા : આપણે ત્યાં ન્યાયનો દાવો કરતી બ્રિટિશ રાજ પહેલાંની, ઇન્ગ્લેંડની ઇસ્ટ-ઇન્ડિયા કંપની, જનતામાં વધુ ફરતા નાના સિક્કાઓ પર-ઢબ્બૂ, પૈસા વગેરે પર-ન્યાયના પ્રતીક તરીકે ત્રાજવાની છાપ અંકિત કરતી; એની નીચે ન્યાય' એવા અર્થનો-ત્યારની રાજભાષાની ઉર્દુલિપિમાં 'અદ્લ' શબ્દ પણ અંકિત થતો.

પણ સરેરાશ આમજનતા આવું ક્યાં વાંચવા બેસે ? તેમાં યે ગુજરાતી તો મુખ્યત્વે વેપારીવર્ગ ! એને આ ત્રાજવું 'કાવડ' જેવું લાગ્યું એટલે એણે એવા સિક્કાઓ માટે 'કાવડિયા' શબ્દ બનાવી લીધો. પછી તો-આજે જેમ 'ધન'ના અર્થમાં 'પૈસા' શબ્દ વપરાય છે તેમ-આ કાવડિયા શબ્દ ધનના અર્થમાં વપરાતો થયો પણ નાણાંનું મુખ્ય એકમ તો ત્યારેય રૂપિયો જ હતો એટલે પછી ધીમે ધીમે આ શબ્દ 'રૂપિયો' એવા અર્થમાં પ્રચલિત થઇ ગયો.

પછી તો એ 'કંપની'નું રાજ પણ ગયું ને સિક્કા પરની કાવડ પણ નીકળી ગઇ. તે પછી શરૂ થયેલું બ્રિટિશ રાજ પણ હવે તો વિદાય થઇ ગયું છે; પણ 'કાવડિયા' શબ્દ હજુ વપરાશમાં-ભલે ઓછો-પણ ચાલુ રહ્યો છે

રૂપિયો : ને આપણો રૂપિયો ! અંગ્રેજો આવ્યા તે પહેલાંથી આ નામ આપણે ત્યાં વપરાતું રહ્યું છે-એમના રાજ પછીયે આપણા દેશના ચલણનું મુખ્ય એકમ તો 'રૂપિયો' જ કહેવાતું રહ્યું છે.

આ સિક્કો 'રૂપિયો' કહેવાયો કારણ કે પહેલાં એ 'રૂપા'નો, ચાંદીનો બનતો, ત્યારે સોનાના સિક્કા 'સોનૈયા' કહેવાતા ને રૂપાના સિક્કા રૂપૈયા પણ કહેવાતા. આમ મૂળ તો 'રૂપાનો' માટે 'રૂપિયો' !

પણ હવે તો એ સિક્કામાં ચાંદીનો અંશ પણ નથી રહ્યો. વિશ્વયુદ્ધ દરમિયાન ને પછી યે રૂપિયાની કાગળની નોટો પણ ચલણમાં મુકાઇ હતી. એટલે એમાં ધાતુપણું ધાતુ હોવાનો અવકાશ નહોતો. જો કે હવે ફરી રૂપિયાના સિક્કા પ્રચલિત થયા છે પણ હવે તો એ 'નામના' જ 'રૂપિયા' રહ્યા છે.

ટી. ટી. : તાજેતરમાં એક છાપું ઉથલાવતાં એક જાહેર ખબરના સરનામાએ ધ્યાન ખેંચ્યું – એ હતું 'દાદર ટી. ટી. !'

આ અંગ્રેજી (T. T.) એટલે શું ? અત્યારે તો રમત-ગમતને ક્ષેત્રે આ ટી. ટી. સંક્ષેપ રૂપ ટેબલ ટેનિસ (પિંગપોંગ) માટે જ વપરાય છે. પણ જાહેરાતના સરનામામાં તો આવો અર્થ શી રીતે હોઇ શકે ?

યાદ આવ્યું-વીસ-પચીસ વર્ષો પહેલાં દાદર જતી બસ પર પણ 'દાદર ટી. ટી.'નું બોર્ડ રહેતું. આ ટી. ટી. એટલે શું એ જાણવાની તો ત્યારે પણ બસમાં જનારને ક્યાં પડી હતી ? પણ ત્યારે ય કેટલાંક જાણતા હતાં કે આ ટી. ટી. એટલે 'ટ્રામ ટર્મિનસ !' ત્યારે જુદે જુદે માર્ગે જતી ટ્રામની સેવા દાદર જે સ્થાને પૂરી થતી તે સ્થાન તે 'ટર્મિનસ.'

આજે દાદરમાં બોરદાદ સર્કલ નામે ઓળખાતું સ્થાન કોઇ એક જમાનામાં 'ટ્રામ ટર્મિનસ' હતું એ ખરું ! પણ વીસપચીસ વર્ષ પહેલાં તો ટ્રામસેવા બંધ થઇ ચૂકી હતી-ટ્રામો હતી જ નહીં !-ને હજુય નથી ! છતાં આ સ્થાનને હજુ યે ટી. ટી. નામે ઓળખાવાનો શો અર્થ છે ?

'ક્રેમ્પ્સ ક્રોન'ર' : ગોવાલિયા ટેન્ક પછી, ભૂલાભાઇ દેસાઇ રોડ ને પેડર રોડ મળે છે એ ચોક 'ક્રેમ્પ્સ ક્રોન'ર' કહેવાય છે. એક જમાનામાં વર્ષોથી ત્યાં 'ક્રેમ્પ એન્ડ કમ્પની' નામની દવા વગેરે બનાવતી – વેચતી મુંબઇમાં વર્ષોથી પ્રતિષ્ઠિત કમ્પની હતી. એને લઇને આ ચોક 'ક્રેમ્પ્સ ક્રોન'ર' કહેવાતો. પણ હવે ઠીક ઠીક વર્ષો થયા ત્યાં એ કમ્પની નથી. એને સ્થાને નવી ઇમારત પણ બંધાઇ ગઇ છે; છતાં આ ચોક હજુયે 'ક્રેમ્પ્સ ક્રોન'ર' નામે જ વધુ ઓળખાય છે. બસ કન્ડક્ટરો પણ એને એ જ નામે જાણે છે એટલું જ નહીં ત્યાં તો અત્યારે 'ક્રેમ્પ્સ ક્રોન'ર હોટલ' પણ છે. આ બધું છતાં જેને નામે આ ચોક ઓળખાય છે એ 'ક્રેમ્પ' કંપની ત્યાં છે જ નહીં !

આવું તો ચાલ્યા જ કરે છે આપણે ક્રમણાં જ 'ગોવાલિયા ટેન્ક'નો ઉલ્લેખ કર્યો. ટેન્ક એટલે તળાવ ખરું ને ? મુંબઇના આ ગોવાળિયા ટેન્ક, ધોબી તળાવ, સી. પી. ટેન્ક (કાવસજી પટેલ ટેન્ક) લત્તાઓમાં કોઇ જમાનામાં તળાવ હશે; આજે નથી હવે તો એમને નવાં નામ પણ અપાયાં છે છતાં લોકજીભે તો આ લત્તાઓ હજુ યે એમના આ જૂના પ્રચલિત નામે જ ઓળખાય છે.

થેલી : તાજેતરમાં એક છાપામાં વાંચ્યું કે (સ્વ.) મુ. રામપ્રસાદ બક્ષીને થેલી આપવાનો પ્રસ્તાવ થયો હતો પણ એમણે એ સ્વીકારવાની ના પાડી હતી.

કોઇ મહત્ત્વની વ્યક્તિની સેવાઓની કદર કરવા કે તેના પ્રત્યેનો આદર દર્શાવવા, સંબંધિત વ્યક્તિઓને જાહેર જનતા પાસેથી એકઠી કરેલી સારી એવી રકમ-એક જમાનામાં થેલીમાં મૂકીને, સમારંભ યોજીને જાહેરમાં એ વ્યક્તિને ભેટ રૂપે અપાતી. આવી ભેટ આપવી તે વ્યવહારમાં 'થેલી આપવી' કહેવાતી.

આવા સમારંભો હજુયે યોજાય છે. હું પણ કેટલાકમાં ગયો છું. ત્યાં ભાષણો થાય, પેલી વ્યકિતની પ્રશંસા થાય ને જાહેરમાં એ વ્યકિતને માતબર રકમની ભેટ પણ અપાય-જે થેલી આપવી કહેવાય ! પણ આવા આખા યે સમારંભમાં પહેલેથી છેલ્લે સુધી 'થેલી' દેખાય નહીં !

ક્યાંથી દેખાય ? હવેના જમાનામાં મોટી રકમ રોકડમાં રાખવી, ફેરવવી પાલવે નહીં એ સલામત પણ નહીં ! 'ચેક' જ વધુ સલામત, પણ ચેક આપવાનું કે રકમ આપવાનું બોલવું એ કંઇક અશોભનીય લાગે ! 'થેલી' કહેવાથી એની પાછળ 'સેવાની કદર રૂપે અપાયેલી ભેટ'નો જૂનો અર્થ પણ સૂચવી શકાયને ! ઠો ને પછી થેલી હોય જ નહીં !

તાજનો સાક્ષી : છાપાઓમાં હજી યે ઘણીવાર 'તાજના સાક્ષી'ની વાત આવે છે. કોઇ મોટા ગુનામાં સપડાયેલા આરોપીઓમાંથી કોઇ એક જણ પોતાના સાથીઓની વિરુદ્ધમાં અંદરની વાત કહી દેવા, સરકાર પક્ષે સાક્ષી આપવા તૈયાર થાય તેને 'તાજનો સાક્ષી' કહે છે.

પણ આ આઝાદ ભારતમાં વળી 'તાજ'નો સાક્ષી કેવો !

બ્રિટિશ સરકારના જમાનામાં આ રીતે આરોપીમાંથી સરકારી સાક્ષી બની જતો માણસ સરકારનો-એટલે કે બ્રિટનના રાજા કે રાણીનો-ને એમ એમના 'તાજનો' સાક્ષી કહેવાતો એ તો સમજાય ! પણ હવે તો ભારતમાં રાજા કે રાણી છે જ નહીં, ત્યાં તાજ કેવો ને તાજ સાક્ષી કેવો !

પણ છાપાવાળા યે શું કરે ? આ માટે અન્ય કોઇ યોગ્ય, સર્વમાન્ય પ્રયોગ ન બને ત્યાં સુધી શું થાય ?

માઇલેજ : મોટર, સ્કૂટર કે મોટર સાઇકલ લો, નવાં કે જૂનાં, પણ પેટ્રોલના સતત વધતા રહેલા ભાવ, એ વાહન કેટલું 'માઇલેજ' આપે છે તેની કાળજી તો સતત રહે જ છે ! આ 'માઇલેજ' એટલે પેટ્રોલના એક ગેલનના (લગભગ પાંચ લિટર) વપરાશમાં વાહન જેટલું અંતર – જેટલા માઇલ – કાપે તે 'માઇલ' શબ્દ પરથી 'માઇલેજ' જ કહેવાય છે.

પણ હવે આપણે ત્યાં અંતર માપવાનું એકમ માઇલ નથી, કિલોમીટર છે ! મોટરમાં પ્રવાસ થયાનું અંતર માપતું ને બતાવતું યાંત્રિક સાધન પણ હવે કિલોમીટરની જ ગણતરી કરતું હોય છે, આમ છતાં મોટર વાપરનાર, વેચનાર, રિપેર કરનાર, સર્વિસ કરનાર ને પેટ્રોલ વેચનાર પણ પાંચ લિટર (હજુયે ગેલનનું ધોરણ જાળવીને) પેટ્રોલમાં વાહન જેટલું અંતર આપી શકે તેને 'માઇલેજ' કહે છે.

'સ્ટ્રો' : હવે તો ઉનાળો છે, પણ ન હોય ત્યારેય થંડાં પીણાં પીવાં, એ શહેરી સભ્યતાનું અંગ ગણાય છે, ને આવાં પીણાં પીવા માટે શહેરી સભ્યતાને 'સ્ટ્રો' તો જોઇએ જ !

હવે તો બાળકો પણ જાણે છે કે સ્ટ્રો એટલે એકદમ હળવી, પાતળી, પોલી ભૂંગળી-સળી (નળી જ કહોને !) જેનો એક છેડો પ્રવાહીમાં ડુબાવી, બીજો છેડો મોંમા લઇ, શ્વાસ ખેંચી પ્રવાહી ઉપર મોં સુધી ખેંચી-મોંમાં લઇને પિવાય છે ! આ સ્ટ્રો ! હવે તો ગામડાના અશિક્ષિતો પણ આ 'સ્ટ્રો'ને ઓળખે છે.

આ 'સ્ટ્રો' શબ્દ અંગ્રેજી છે; એનો મૂળ અર્થ તો છે ઘાસની, અનાજના છોડની લાંબી થા ટૂંકી સળી. આમ તણખલું, ખરસલું, તે પણ 'સ્ટ્રો' જ છે.

આપણે અત્યારે જે સળીઓ-ભૂંગળીઓ વડે પીણાં પીએ છીએ તે મોટે ભાગે પ્લાસ્ટિક (પોલિથિનની) હોય છે. આ પહેલાં પીણાં માટેની આવી સળીઓ એક વિશિષ્ટ પ્રકારના કાગળની પટ્ટીને ગોળ વાળીને બનાવવામાં આવતી-હજુયે કયાંક આવી સળીઓ વપરાય છે ખરી ! આમ આ સળીઓ પ્લાસ્ટિક કે કાગળની બનેલી હોવા છતાં શા માટે સ્ટ્રો કહેવાય છે ?

એક જમાનામાં પશ્ચિમના દેશોમાં પીણું-ખાસ તો થંડાં પીણાં-આ રીતે પીવા માટે સળીઓ વાપરવાની રીત અપનાવાઈ ત્યારે એ ખરેખર શબ્દાર્થમાં 'સ્ટ્રો' જ હતી-કુદરતી ઘાસની, અનાજના છોડની પાતળી, પોલી સળીઓ જ હતી.

સ્ટ્રોથી પીણાં પીવાની આ રીત સૌને ફાવી ગઇ, ગમી ગઇ ! પરિણામે સ્ટ્રોની માંગ કુદકે ને ભૂસકે વધતી ગઇ ! આ માંગને પહોંચી વળવા કાગળની સળીઓ બનવા માંડી ! આ સળીઓ, કુદરતી સળીઓ કરતાં વધુ સ્વચ્છ, સુઘડ ને કદ-આકાર વગેરેમાં એકસરખી હતી. ને પછી તો બનાવવામાં એટલો યે પરિશ્રમ ન લેવો પડે તેવી પ્લાસ્ટિકની સળીઓ પણ બની; હવે એનો જ ઉપયોગ વધુ પસંદ થાય છે.

આ બધું, ખરું, પણ મૂળ તો આ બધી 'સ્ટ્રો'ને સ્થાને જ વાપરવાની હતી ને ! એટલે હજુયે એ 'સ્ટ્રો' નામે જ ઓળખાય છે. ઘાસનો, તણખલાનો અર્થ તો ક્યારનો ભુલાઇ ગયો ! -ને હવે તો આ 'સ્ટ્રો'માં ઘાસની સળીને સ્થાન જ ક્યાં છે ? એટલે હવે તો સભ્ય સમાજનું અંગ બની ગયેલી 'સ્ટ્રો' એટલે પીણું પીવાનું સાધન-સળી-નલિકા, એટલો જ અર્થ રહ્યો છે ! એટલેસ્તો સભ્ય સમાજમાં હવે તો લીલા નાળિયેરનું પાણી પણ એમાં 'સ્ટ્રો' મૂકીને પિવાય છે !

વર્તમાન નવા જીવનવ્યવહારમાં યે જૂના સંસ્કારોની અસર કેવી પ્રબળ હોય છે ! 'સાપ ગયા ને લિસોટા રહ્યા'-એવું જ છે ને આ ! ને આવા તો કેટકેટલા લિસોટા ઊભરાય છે, આપણી આસપાસ !

શ્રી દીપચંદ ત્રિભોવનદાસ ટ્રસ્ટ ગ્રંથ શ્રેણી

ગ્રંથ પાંચમો

જિનતત્ત્વ ભાગ-૩

લેખક : ડૉ. રમણલાલ ચી. શાહ

(પ્રગટ થઇ ચૂકયો છે)

મુલ્ય : રૂા. ૨૦-

-: પ્રકાશક :-

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૩૮૫, સરદાર વી. પી. માર્ગ,

મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૫૦૨૯૬

નોંધ : સંઘના સર્વ સભ્યોને માટે કિંમત રૂપિયા પંદર

બેકેટનું એક નાટ્યટપકું

● પ્રવીણ દરજી

સેમ્યુઅલ બેકેટનું હમણાં 'એન્ડ ગેઇમ' વાંચતો હતો. બેકેટે એ એકાંકીની પાછળ એકપાત્ર ભજવી શકે – માત્ર હાવભાવથી પ્રદર્શિત કરી શકાય તેવું – ચારેક પાનાંનું એક નાટ્યટપકું મૂક્યું છે. અને હું મૂક અભિનય માટેની સ્ક્રીપ્ટ કે એવા બીજા શબ્દનો પ્રયોગ કરવાને બદલે જાણીબૂઝીને નાટ્યટપકું કહું છું. કારણ કે એમાં શબ્દો વિના અભિનેતા પ્રચુર અભિનયતત્ત્વથી લેખકને અભિપ્રેત એવી, જીવનની વિસંગતિને રજૂ કરી શકે તેવી, અપાર ક્ષમતાઓ પડેલી છે. બેકેટે આ 'માધ્યમ'માં શબ્દોનો, ટૂંકાં ટૂંકાં વાક્યોનો. ક્રિયાપદોનો, પ્રતિક્રાનો જે પ્રયોગ કર્યો છે–એ સર્વ 'માધ્યમ'માં રહેલી શક્યતાઓને આશ્રય પામીએ એ કક્ષામાં વિસ્તારી આપે છે. બેકેટની મુદ્રાવાળું આખું માધ્યમ બની આવ્યું છે.

ફ્રિલિપ ટોયેન્બીએ બેકેટની નાટ્યસૃષ્ટિ માટે કંઇક આવો મત પ્રગટ કર્યો છે : આપણામાંના ઘણા બધાએ અનિચ્છાએ પણ નર્કની યાત્રા કરી છે. આપણે એ જે અનુભવ્યું છે, એ બેકેટની આ સૃષ્ટિમાં છે. જિંદગીના ફલક ઉપર કશુંક બળવાન તત્ત્વ આપણને ખેંચે છે, પીડે છે. એ ખેંચાણ અને વેદનાના અનુભવ વચ્ચે માણસ ટટ્ટાર ઊભો છે, કશીક છટક કરી દે તેવી આશા સાથે એ પુનઃ પુનઃ જાગે છે ને એમ પુનઃ પુનઃ એ વેદનાની ગર્તમાં ધકેલાતો જાય છે–બેકેટ એના આ ટચૂકડા 'માધ્યમ'માં પણ જીવનની એવી 'વેદના ગર્ત'નો તીવ્ર બોધ કરાવે છે. બેકેટ એ 'માધ્યમ'નો પ્રારંભ આમ કરે છેઃ

નજર સામે વિસ્તરેલું રણ છે. આંજી નાખે તેવો પ્રકાશ છે. રંગમંચ ઉપર એક માણસ જમણી બાજુએથી ઊંચકાઇને એકદમ પટકાય છે, આંખના પલકારામાં તે ઊભો થઇ જાય છે, શરીર ઉપર ચોંટેલી રજકણને ખંખેરી નાખે છે, એક બાજુ જઇને ઊભો રહે છે અને પછી પ્રતિક્રિયા કરે છે-શાની ?

જમણી બાજુથી સીટી વાગે છે. તે દિશામાં તે એકાગ્ર બને છે ને સંચાર કરે છે. ત્યાં એ એકાએક ફંગોળાય છે. એકદમ ઊભો થઇ જાય છે, એક બાજુ વળે છે ને પાછો પ્રતિક્રિયા કરે છે.

હવે ડાબી તરફ સીટી વાગે છે. તે પ્રતિસાદ આપે છે, થોડોક ખંચકાય છે, કશુંક તે વિશે વિચારે છે, થોભે છે, બાજુ તરફ વળે છે. વળી પ્રતિક્રિયા કરે છે...

જોયું ? અહીં પટકાવવાની, ફંગોળાવવાની, ઝટ ઊભા થવાની, સીટી વાગતી હોય તે દિશામાં ત્વરિત ગતિએ જવાની, ધૂળ ખંખેરવાની, ડાબી-જમણી તરફ સીટી વાગે એ તરફ ધસી જવાની–વગેરે ક્રિયાઓ કેટલી ઝડપથી આકાર લે છે. પણ પ્રારંભના અનુભવ પછી હવે પેલી 'વ્યક્તિ' કંઇક વિચારે છે, થોભે છે, ખચકાટ અનુભવે છે. બેકેટે પેલાં ક્રિયાપદો પાસેથી પૂરો કસ અહીં કાઢયો છે. વાચકને તેમાંથી આખી ઘટના–ક્રિયા ચાક્ષુષ થઇ રહે છે. ટૂંકાં વાક્યોની ગતિ પણ ધ્યાનમાં લેવા જેવી છે.

રણ વચ્ચે પટકાતો-ફંગોળાતો–સીટી સાંભળતો ને હવે કંઇક વિચાર કરવા થોભતો તે વ્યાકુલ વિમાનમાંથી એક વૃક્ષ ઊતરતું નિહાળે છે. નાનું અમથું વૃક્ષ છે. જમીનથી ત્રણ વાર ઊંચી એની એક ડાળ છે. પેલો માણસ એ વૃક્ષને તાકી રહે છે, કશુંક વિચારે છે, એની છાયામાં જઇને પોતાના હાથ જોતો બેસે છે. બેકેટે રણ વચ્ચે છોડી દીધેલા એકાકી માણસ માટે હવે વિમાન ઊતાર્યું છે. વિમાનમાંથી લીલુંછમ્મ વૃક્ષ, ત્રણવારની ડાળીવાળું ! આપણી લીલીકાચ આશાઓનું જ એ વાચક છે ને ? –એટલામાં ઉપરથી પેલી વશીકરણ કરતી સીટી વાગે છે, પેલા વિમાનમાંથી દરજીની કાતર નીચે આવે છે, વૃક્ષની બાજુમાં, જમીનથી એકવાર ઊંચે પેલો માણસ પોતાના હાથને જોયા જ કરે છે પાછી પેલી કામણગારી સીટી વાગે છે. તે પેલી કાતરને લઇ લે છે. પોતાના નખને આકાર આપવા પ્રવૃત્ત થાય છે. પછી તો એ વિમાનમાંથી ફેંકાય છે. પાણીની શીશી, એક મોટો ઘનાકાર ટુકડો, બીજો એનાથી નાનો ઘનાકાર ટુકડો ને ત્રીજો સૌથી નાનો ઘનાકાર ટુકડો, દોરડું, ફાંસો...દરેક વસ્તુ નીચે આવે છે ત્યારે પેલી સીટી વાગતી રહે છે, પેલો માણસ આવનાર પદાર્થને તાકતો રહે છે, એ તરફ વળી એનો ઉપયોગ કરવા પણ તે લલચાય છે. પેલા ત્રણે ઘનાકાર ટુકડાને વારાફરતી ગોઠવી તે તેમને સ્થિર કરવા અથવા તો તે દ્વારા પોતાને સ્થિર કરવા મથે છે. કદાચ પોતાના જીવનની કહેવાથી સ્થિરતાને ચકાસવાનો પણ તેનો આશય હોઇ શકે ! તૈયાર ફાંસલાને ડાળી તરફ નાખી, તેને ખેંચવા પ્રયત્ન કરે છે–પણ વ્યર્થ. ડાળી યા તો જમણી બાજુથી, વારાફરતી, સીટી વાગવાની ક્રિયા ચાલુ છે, પેલાની પ્રતિક્રિયાઓ પણ ચાલુ છે. ફરી એકવાર રંગમંચ ઉપર તે પટકાય છે, ઊભો થાય છે, ધૂળિયું શરીર ખંખેરે છે-એ દરમ્યાન પેલાં 'ઘનાકાર' ટુકડા, કાતર, દોરડું–ક્રમશઃ પાછું વિમાનમાં જતું રહી અદ્રશ્ય થઇ જાય છે, ઘનાકાર ટુકડા ગોઠવી શકાતા નથી, ડાળી હાથ આવતી નથી, કાતરથી પેલું દોરડું કાપી શકાતું નથી, પેલો ફાંસો ને છેવટે પાણીની શીશી પણ એમ જ વિમાનમાં અદ્રશ્ય થઇ જાય છે. અદ્રશ્ય થતી વસ્તુઓ સામે તે નિઃસહાય બની તાકી રહે છે. અને રહી-સહી આશા જેવું વૃક્ષ પણ પાછું વિમાનમાં જઇ બેસે છે. રણ વચ્ચે આવી મળેલું વૃક્ષ, આભાસી લીલાશ ને દોરડું, કાતર, ઘનાકાર જેવાં જીવનનાં અવલંબનો બધું વ્યર્થ પુરવાર થાય છે. અવશેષમાં રહે છે માત્ર પેલો માણસ અને રણ બે જ !

પેલો માણસ ફરીથી સીટી સાંભળે છે, ફરીથી પટકાય છે, ફંગોળાય છે, ફરીથી પ્રતિક્રિયા કરે છે, જમણી–ડાબી બાજુએથી સીટી વાગવાનું ચાલુ છે...પણ...હવે તે હાલતો નથી–ચાલતો નથી. તે પોતાના હાથને તાકયા કરે છે, કાતર લેવા, ઘનાકાર ટુકડા લેવા, દોરડું લેવા, પેલો ફાંસો લેવા-જાણે બધું પુનઃ વારાફરતી એની નજીક આવી જઇને એને પ્રતિક્રિયા કરવા સાદ દે છે પણ હવે પેલો 'માણસ' બદલાઈ ગયો છે. તે જ્યાં છે ત્યાં જ, પ્રેક્ષકોની સામે પડયો રહે છે, એના હાથને તાકતો રહે છે.

હવે રણ વચ્ચે વિમાનમાંથી ઊતરીને આવેલાં ને પછી અદૃશ્ય થયેલાં તત્ત્વો હાથવા કે વેતવા દુર હોય તો પણ તેને લેવાની તેણે કોઇ સ્પૃહા નથી.

આ ટચૂકડા 'માઇમ'માં બેકેટે, એનાં અન્ય નાટકોની જેમ જ મનુષ્યની વેદનાનો બોધ કરાવ્યો છે. 'માઇમ'નો નાયક સતત પ્રતિક્રિયાઓ કરે છે, ઉત્સાહથી. ચપળ બનીને તરફ તે ધસી જાય છે. પણ છેવટે ત્યાંથી તે હતાશ થઇને જ પાછો પડે છે. પેલી કાતર, પાણીની શીશી, ઘનાકાર ટુકડાઓ, વૃક્ષ, દોરડું બધાં રણ વચ્ચેનાં ક્ષણિક આકર્ષણો છે, પણ તે મિથ્યા મૃગજળ જેવાં સાબિત થાય છે. તેનાથી કશું પ્રાપ્ત થતું નથી કે તે પ્રાપ્ત થવામાં તે નિમિત્ત બની શકતાં નથી. છેવટે તો તેમાંથી નિરતિ જ દ્રઢાય છે, શૂન્યતા જ વિસ્તરે છે. આખરે પેલા 'માણસ'ને તાકી રહેવાનું તો બને છે પોતાના હાથ સામે જ પોતાની સામે જ. અસ્તિત્વ જ – જેવું છે તેવું – સ્વીકાર્ય સત્ય બને છે. બાકીનું સર્વ વિતથ સાબિત થાય છે. એક એક તબક્કે માનવીનું સર્વ ઘટનાઓ સાથે પૂરેપૂરું એકાત્મપણું હોય તો પણ ! છેવટે તો તે એકાકી જ છે. બેકેટમાં દરેક વ્યક્તિ અંતે એકાકી છે તે અનુભવી રહીએ છીએ. આ નાયક પણ તેથી એક સમયે વિમાનમાંથી ઊતરેલી દરેક વસ્તુથી આકર્ષાય છે, એમાં સડોવાય છે પણ સંડોવણીનું મિથ્યાતત્ત્વ સમજાતાં તે સ્થિર બની જાય છે. પોતાની જગાએથી તે ખસતો-હાલતો-ચાલતો નથી. ભલે પછી સીટી વાગે, કાતર, વૃક્ષ કે પાણીની શીશી આવે !

ઉત્તરાર્ધ અને પૂર્વાર્ધને–બે ભિન્ન ક્રિયાઓથી સાંકળીને બેકેટે આ 'માઇમ' દ્વારા ટેલિગ્રાફિક ભાષાને સહારે માનવ-નિયતિમાં રહેલી પાયાની વિસંગતિનો સંકેત આપ્યો છે.

સ મ તા

● જશવંત શેખડીવાળા

માણસની સાચી મહત્તા તેનાં શરીર, દેખાવ, વસ્ત્રાભૂષણ પદ યા પૈસા પરથી નહિ પણ તેના ગુણો પરથી આંકી શકાય. ઉચ્ચ ગુણો ધરાવતો મનુષ્ય ઉચ્ચ લેખાય.

મનુષ્યને ઉચ્ચ બનાવનાર અનેક ગુણોમાંનો એક ગુણ છે : સમતા. શબ્દાર્થકોશો તેના અનેક અર્થ આપે છે, જેવા કે– સમત્વ. ઇષ્ટ યા અનિષ્ટ પદાર્થોની પ્રાપ્તિમાં રાગ-દ્વેષરહિત રહી શકવાનો ગુણ, મનની શાંતિ-સ્વસ્થતા-સ્થિરતા-ધીરજ વગેરે. અંગ્રેજીમાં સમતાનો પર્યાયવાચી શબ્દ છે Equanimity. તેનો પણ અર્થ છે : મનની શાંતિ (Calmness of mind). અર્થાત્ સમતા એટલે એવો ગુણ, જે મનુષ્યને ગમે તેવી ઇષ્ટ યા અનિષ્ટ, અનુકુળ યા પ્રતિકુળ. લાભકર યા હાનિકર સ્થિતિ-પરિસ્થિતિમાં સ્થિર-સ્વસ્થ-શાંતિ રાખે. મહર્ષિ અરવિંદ ઘોષના શબ્દોમાં કહીએ તો 'જ્યારે અંતઃકરણમાં અક્ષુબ્ધ શાંતિ સદૈવ વિરાજમાન રહે ત્યારે સમજવું કે સમતા પ્રાપ્ત થઇ.'

સમતાનો ગુણ ધરાવનાર મનુષ્ય સુખમાં છલકાઇ જતો નથી, દુઃખમાં ગભરાઇ જતો નથી. બન્ને સ્થિતિઓમાં તે પોતાના મનની શાંતિ અને સ્વસ્થતા જાળવી રાખે છે. યોગવાશિષ્ઠ વર્ણવે છે તેમ 'ચિત્રમાં આલેખેલા યુદ્ધમાં સૈન્યની જેવી અક્ષુબ્ધતા હોય છે, તેવી સમતા વ્યવહારરત જ્ઞાનીમાં હોય છે.' જૈન 'સમણસુત્ત'માં કહ્યું છે કે 'માથું મુંડાવવા માત્રથી કોઇ શ્રમણ બની શકતો નથી;...પરંતુ સમતા દ્વારા તે શ્રમણ બની શકે છે...તે લાભ અને હાનિમાં, સુખ, અને દુઃખમાં, જીવન અને મરણમાં નિંદા અને સ્તુતિમાં તથા માન અને અપમાનમાં સમભાવ રાખે છે.' સમતા તેથી ઉચ્ચ કોટિના મનુષ્યનો એક આવશ્યક ગુણ મનાયો છે.

નરસિંહ મહેતાએ 'સમ-દૃષ્ટિ'ને સાચા 'વૈષ્ણવજન'નું એક લક્ષણ ગણ્યું છે. ભગવદ્ ગીતા સમતાની વૃત્તિ-પ્રવૃત્તિને યોગ કહે છે–समत्वं योग उच्यते. અથર્વવેદના એક મંત્ર (૬/૭૪ ૧)માં આવી આશિષ અપાઇ છે : તમારાં તન, મન, વ્યવહાર સમતાયુક્ત બને ! (सं वः पृच्यन्तां तन्वः स मनांसि समु व्रता ।)

મનુષ્યમાં સમતાનો આવો ગુણ હોય, તે ઇચ્છનીય છે. તેનામાં જો સમતાનો ગુણ ન હોય, તો તે દુઃખ, વિપત્તિ યા નિષ્ફળતાની અવસ્થામાં ભાંગી પડે, નિરાશ અને નિષ્ક્રિય બની જાય, વિષમ સ્થિતિમાંથી બહાર નીકળવાનો કશો પુરુષાર્થ ન કરે; પરિણામે તેનું જીવન યાતનામય બની રહે તે જ રીતે, સુખ સમૃદ્ધિ અને સફળતાના સમયમાં સમતા–રહિત વ્યક્તિ ગર્વ બેપરવાઇ, વિલાસિતા, ઉચ્છૃંખલતા યા ઉદ્ધતાઇમાં સરી પડે, અનેકો સાથે અનાવશ્યક રૂપમાં સંઘર્ષમાં ઊતરે; પરિણામે તન–મન–ધનથી ખુવાર અને દુઃખી થાય. મહાભારતકાર વ્યાસે-આદિપર્વમાં– તેથી જ કહ્યું છે કે 'દુઃખથી સંતપ્ત ન થવું અને સુખમાં ફુલાઇ ન જવું; ધીર પુરુષે હંમેશાં સમતાથી રહેવું જોઇએ.'

મનુષ્ય જો સમતા–શીલ હોય તો તે દુઃખમાં કે સુખમાં મનની શાંતિ, સ્વસ્થતા, સ્થિરતા જાળવી રાખશે; અને ધીરજ–વિવેક–દ્રઢતાપૂર્વક કાં તો તે પરિસ્થિતિને પોતાને અનુકૂળ બનાવી દેશે, યા પોતે તેને અનુકૂળ બની રહેશે. પ્રાપ્ત ઇષ્ટ કે અનિષ્ટ યા અનુકૂળ કે પ્રતિકૂળ તમામ પ્રસંગો, વસ્તુઓ વ્યક્તિઓ, કાર્યો, પરિણામોના સંબંધમાં તેનો આવો સમતાયુક્ત અભિગમ અને વ્યવહાર રહેશે. તેથી તે વ્યક્તિગત પારિવારિક કે સામાજિક સંબંધો અને સંઘર્ષોમાંથી સર્જાતા ઘણા કલેશોથી પૂર્ણતઃ કે મહદ્દંશે મુક્ત રહી શકશે, કલેશમુક્ત વ્યક્તિ જ તન–મનથી સ્વસ્થ હોય; અને એવી સ્વસ્થ વ્યક્તિ જ પોતાનું, પરિવારનું, સમાજનું અને રાષ્ટ્રનું કલ્યાણ કરી શકે.

મનુષ્ય માટે તેથી સમતાના ગુણનું ઘણું મહત્ત્વ છે. મનુષ્યમાં જો સમતાનો ગુણ કેળવાય અને દ્રઢમૂલ બને, તો તેની સાથે અન્ય અનેક ઇષ્ટ ગુણોનો–વિવેક, ધીરજ, દ્રઢતા, પ્રસન્નતા, સમજ, સહનશીલતા, સમભાવ, સહિષ્ણુતા પ્રવૃત્તિ-શીલતા વગેરેનો–પણ સ્વાભાવિક રીતે જ ઉદય અને વિકાસ થાય છે. આવા ગુણોવાળી વ્યક્તિઓનાં બનેલ પરિવાર-સંસ્થા-સમાજ–રાષ્ટ્રમાં શાંતિ, સહકાર, વ્યવસ્થા, ક્રિયાશીલતા પ્રવર્તે છે; અને તેમાંથી તેમની સમૃદ્ધિ અને પ્રગતિ સધાય છે.

પરંતુ તેનો અર્થ એવો ખરો કે મનુષ્ય સદૈવ અને

સર્વત્ર સમતા અચૂક જાળવી રાખે, એ જ ધ્યેય લેખાય ? મનુષ્ય વ્યવહારની દૃષ્ટિએ વિચાર કરતાં લાગે છે કે, હંમેશાં તેમ કરવું આવશ્યક નથી, ધ્યેય નથી. જે સમતા વ્યક્તિસાપેક્ષ ગુણ હોય તે કદાચ સમષ્ટિસાપેક્ષ અવગુણ પણ બની રહે. સમાજમાં શોષક અને શોષિત હોય. અન્યાય કરનાર હોય અને અન્યાયનો ભોગ બનાર હોય, સબળ હોય અને નિર્બળ હોય અને તેમની વચ્ચે સંઘર્ષ ચાલતો હોય, ત્યારે તેમને સમ-ભાવથી જોવાનું ઉચિત ન લેખાય. આવી સ્થિતિમાં સમતાશીલ વ્યક્તિ શોષિત અન્યાયનો ભોગ બનાર યા નિર્બળની પડખે ઊભી રહે. અંગત રાગ-દ્વેષ દાખવ્યા વિના, તે પોતાનું કર્તવ્ય વિવેકપૂર્વક અદા કરે. ગાંધીજીનું દૃષ્ટાંત પ્રત્યક્ષ છે. તેમણે હિંસા-જુલમ-અન્યાય-શોષણનો અને તેમ કરનાર વ્યક્તિઓ-સંસ્થાઓનો આજીવન વિરોધ કર્યો હતો; છતાં તેમના પ્રતિ કશો અંગત દ્વેષ કે ડંખ રાખ્યો ન હતો. તેઓ તેમનાં વિચાર-વાણી-વ્યવહારમાં સમતા રાખી શકયા હતા.

અલબત્ત, સૌ કોઈ ગાંધીજી જેવા-જેટલા સમતાશીલ ન બની શકે એ ખરું; પરંતુ તેવા માટે સૌ કોઇએ પ્રયત્નશીલ તો રહેવું જ જોઇએ. સંપૂર્ણ નહિ અને કેટલેક અંશે પણ જો મનુષ્ય સમાનતાનો ગુણ જીવનમાં કેળવી શકે, તો તે તેનું પોતાનું અને સમાજનું ઘણું હિત કરી શકે. ઓછામાં ઓછું તે પોતે તન-મનથી નીરોગી અને પ્રસન્ન રહી શકે.

શંકાશીલ અને નાસ્તિક પણ એટલું તો સ્વીકારશે કે, સમતાશીલ મનુષ્ય અન્ય મનોજ્ઞોના પ્રેમ-આદરભાવનો અધિકારી બને છે. આસ્તિકજન વિશ્વાશપૂર્વક માને છે કે સમતાશીલ મનુષ્ય ઈશ્વરનો પણ પ્રીતિપાત્ર બને છે. ભગવદ્ ગીતા તેની આવી શ્રદ્ધાનું સમર્થન કરે છે. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે: 'સમતારૂપી યોગનો જે ઉપાસક શત્રુ અને મિત્ર પ્રતિ, માન અને અપમાન પ્રતિ, ઠંડી અને ગરમીમાં, સુખ અને દુઃખમાં, આસક્તિથી રહિત બની, સમાન રહે છે તે મને પ્રિય છે'

મનુષ્યે તેથી સમતાનો ગુણ જીવનમાં કેળવવો જોઇએ. *

ધર્મ, જીવન અને વિજ્ઞાન

શેખરચંદ્ર જૈન

સામાન્ય રીતે ધર્મ શબ્દ સાંભળતાં જ લોકોના મનમાં એક વિશેષ કલ્પના જન્મતી હોય છે. તેઓ ધર્મનો અર્થ જીવનથી ભિન્ન, અલિપ્ત રૂઢિવાદિતા, ક્રિયાકાંડ અને એનાથી આગળ જઇ પુરાતનપંથીપણું કે વેદિયાપણું સમજતા હોય છે. વર્તમાન સન્દર્ભે ધર્મ એટલે સમયની સાથે કદમ નહિ મિલાવી શકનાર કોઈ પરંપરાના પ્રતીક રૂપે મૂલવાય છે અથવા તે સંકુચિતતા, આદર્શવાદ કે કામવાદના પર્યાયવાચી રૂપે વપરાય છે. આવી માન્યતા ધરાવનાર લોકોને જ દોષ ના દઇ શકાય. કારણ કે આજે જેઓ આવા વિધાન કરે છે તેઓને બંધાઇ ગયેલી માન્યતા કે ગ્રંથિના પરિપ્રેક્ષ્યમાં જ ધર્મને જોવા-સમજવાની ટેવ પાડવામાં આવી છે. પરિણામે નિરંતર પ્રવાહિત નદીના જળની જેમ સ્વચ્છ ધર્મ રૂપી જળ પણ માન્યતાઓના અંધિયારપણામાં દુષિત બની ગયું છે.

એક વાત નિર્વિવાદ છે કે કોઇ પણ શબ્દ, માન્યતા કે પરંપરા ગમે તેમ જન્મતાં નથી અને પ્રચારિત થતાં નથી. તે સમયે તેની ઉપયોગિતા, જીવન સાથે એકરૂપતા અને જરૂર પડતી હોય છે– ત્યારે જ શબ્દો જન્મતા હોય છે અને તેની વ્યાખ્યા થતી હોય છે. વાસ્તવિક જીવન સાથે તેનો અભિન્ન સંબંધ હોય છે.

જ્યારે માનવ વિકાસના પંથે ડગ ભરી રહ્યો હશે, જ્યારે નવાં ક્ષિતિજ આંબવાની પાંખો ખોલી રહ્યો હશે ત્યારે જે દિશા-નિર્દેશક વાતો હશે તે જ તેના માટે સહુથી વધુ ઉપયોગી બની હશે. જીવનમાં અભિન્નરૂપે સંલગ્ન હોવાથી તે વાતો કે માન્યતાઓ કે સિદ્ધાંતો જ ધર્મ બન્યા હશે. માનવ-માનવ વચ્ચે પ્રેમ, સહકાર, મૈત્રી, કરુણા, ક્ષમાના ભાવોની-સુખી સમાજરચના માટેની જરૂરિયાત અનુભવવામાં આવી હશે. સમાજને વ્યવસ્થિત અને વ્યક્તિને સંયમિત બનાવવા માટેના સિદ્ધાંતો જ ધર્મ સિદ્ધાંતો બન્યા હશે. દરેક વ્યક્તિ પોતાની સ્વતંત્રતા જાળવી બીજાની સ્વતંત્રતાનું હનન ના કરે, બીજાની સંપત્તિને બળજબરીથી ઝુંટવી ના લે. આવા વ્યવસ્થાના નિયંત્રણ ધર્મના સિદ્ધાંતો બન્યા હશે. વ્યક્તિનું ઉત્તરોત્તર પરિમાર્જન થાય, તેમાં રહેલી પશુવૃત્તિ એટલે કે ક્રોધ-માન-માયા-લોભ જેવા કષાયભાવ પર સંયમ રહે તથા તેમણે નક્કી કરેલા નિયમો ધર્મસ્વરૂપે અંકુશ લગાવે તે જરૂરી બન્યું. આ અંકુશ સયમના નામે ધર્મના સ્વરૂપમાં વિકસિત થયો. બીજા શબ્દોમાં કહીએ તો પરસ્પર મૈત્રી, માનવ માનવ વચ્ચે સદ્‌ભાવ, પ્રાણીમાત્ર પ્રત્યે દયા, દુષ્ટ પ્રત્યે ક્ષમા અને હિંસાદિક ક્રિયાની તિલાંજલિ વગેરે ઉચ્ચ જીવન માટેના સિદ્ધાંતો જ ધર્મના સિદ્ધાંતો બન્યા. ભૌતિક સુખોની તીવ્રતા કલેષ-કષાય જન્માવે છે, તે મોહની ખીણમાં ધકેલે છે, અનેક કુકૃત્યો કરવા પ્રેરે છે. માટે ઇન્દ્રિયસંયમ, ત્યાગ અને તપસ્યા દ્વારા આવી ગંદકીને દુર કરી આત્માને પરમાત્મા બનાવવાની કલાનો વિકાસ તે ધર્મના હાર્દ તરીકે વિકસિત થયા અને ધર્મ માનવ તથા સમાજના માર્ગદર્શક સિદ્ધાંત તરીકે અસ્તિત્વમાં આવ્યો. નીતિ તેની વ્યાખ્યા તરીકે પ્રસરી. માણસ સ્વરચિત સિદ્ધાંતો દ્વારા જીવન જીવવા લાગ્યો. લોકો આ કર્તવ્ય-બોધને ધર્મ માની આચરણ કરવા લાગ્યા. આમ ધર્મના ઉદ્‌ગમ કે અસ્તિત્વમાં-કર્તવ્યભાવના, નિયમપાલન અને સમાજ-સંચાલન વગેરેના સિદ્ધાંતો જ મહત્વપૂર્ણ બન્યા. જે વ્યક્તિ આવા નિયમોમાં રહી જીવન જીવતી તે ધર્માચરણ કરનાર વ્યક્તિ ગણાતી. ધર્મ ખરા અર્થમાં કર્તવ્યપરાયણતા પ્રેમ, સત્યને સત્યને સમજવાની પારાશીશી બની શકયો.

કાલાંતરમાં તે સમયના વિદ્વાનો કે સમાજની અગ્રગણ્ય વ્યક્તિ-ઓએ ધર્મની સાથે પાપ-પુણ્ય-સ્વર્ગ-નર્ક જેવા શબ્દ પણ જોડયા. એટલે, જે કર્તવ્યનું પાલન ના કરે તે પાપ અને જે નિયમોનું પાલન કરે તે પુણ્ય. અહી પાપ-પુણ્ય-સદ્-અસદ્ વ્યવહારના પ્રતીક બન્યાં. અને સ્વર્ગ-નર્ક તે સુખદુઃખનાં પ્રતીક બન્યાં. જે ધર્મ કરે તેને પુણ્યપ્રાપ્તિ થાય અને સ્વર્ગના આનંદ ભોગવે અને જે તે પ્રમાણે ના કરે તો તેને પાપ લાગે અને નરકની વેદના ભોગવે. અહી પાપ-નર્ક ભય બતાવવા મૂકેલા શબ્દો છે જેથી વ્યક્તિ આ ભયને લીધે દુરાચરણ કે નિયમ વિરુદ્ધ આચરણ ના કરે. પરિણામે સમાજમાં અરાજકતા

ના ફેલાય. સત્ય પણ છે કે યુગમાં કોઇ રાજકીય કાનૂન ના હતા ત્યારે ધર્મના આ નિયમો જ સમાજ સંચાલન અને વ્યવસ્થા માટે કાનૂન હતા. લોકોને ધર્મમાં વધુ દ્રઢ બનાવવા અનેક ચરિત્ર-કથાઓ દ્રષ્ટાંત રૂપે મૂકવામાં આવી. જેઓ ધર્માચરણમાં દ્રઢ હતા તેઓએ વિપરીત પરિસ્થિતિમાં જીવન અર્પણ કરવાનું સ્વીકાર્યું પણ ધર્મપંથથી ચ્યુત ના થયા. પરિણામે તેઓ જન-જનના આરાધ્ય બન્યા. તેમનાં ચરિત્ર પ્રેરણાસ્તોત્ર બન્યા. સમય જતાં તેઓ ભગવાનની શ્રેણીમાં પ્રતિષ્ઠિત થયા. આવા આરાધ્યોની મહત્તા વધારવા વિવિધ ચમત્કારિક પ્રસંગો ગુંથાયા જેથી જનશ્રદ્ધા વધી.

સમયના પ્રવાહ અને પરિવર્તનની સાથે એક બાજુ સંસ્કૃતિનો વિકાસ થયો તો બીજી બાજુ ભૌતિકસુખો, સત્તાની લાલચ અને ધર્મના નામે વિવિધ પંથો અને સમ્પ્રદાયો ઊગી નીકળ્યા. જીભ લોલુપી અને ચાલાક માણસોએ કર્મની મનસ્વી વ્યાખ્યા કરી તેને 'ભાગ્ય'ના આંધળા પ્રતીક રૂપે સ્થાપ્યા જેથી લોભી પ્રજા તેમાં ફસાઇ. ધર્મના નામે ભય પ્રસર્યો. આવા સંક્રાંતિકાળે અસત્યનાં વાદળાં દૂર કરવા મહાન પુરુષો માર્ગદર્શક બનતાં રહ્યા. વૈદિક સંસ્કૃતિમાં તે અવતાર રૂપે પ્રકટયા તો શ્રમણસંસ્કૃતિમાં તીર્થંકર રૂપે જન્મ્યા. આ તીર્થંકરોએ વાસ્તવમાં તો સત્યધર્મના પ્રકાશન માટે, માનવને પુનઃ સત્પથ દર્શાવવા માટે તીર્થોની રચના કરી. આ મહાપુરુષોએ સત્યના અનુભવ માટે વર્ષો સુધી તપસ્યા કરી આત્માને ઓળખી સ્વ-કલ્યાણની સાથે પરકલ્યાણ પણ કરી શકયા. તેઓએ ધર્મ પર ચઢેલાં પડ દુર કરી સમજાવ્યું કે ધર્મ તે સત્ય છે અને વસ્તુને તેના મૂળ સ્વરૂપમાં જાણવી તે જ ધર્મ છે. વિશ્વમાં પ્રવર્તિત ૯ તત્ત્વો, ૬ દ્રવ્યો અને ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યના નિયમોને તેના મૂળ સ્વરૂપમાં જાણે તે જ ધર્મ છે. માનવમાં જે ભૌતિક સુખ, પરિગ્રહને લીધે હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મચર્ય અને સંગ્રહની ભાવના વધી રહી છે તે જ તેના દુઃખનું મૂળ કારણ છે ચિત્તને દુઃખી બનાવનાર અને માનસિક તથા શારીરિક રોગોનું મૂળ છે- અશાંતિની જડ છે. માટે, જીવનને શાંત, સરળ બનાવવા સંતોષ, સંયમ, સત્યાચરણ, અહિંસાત્મક તથા નિષ્પરિગ્રહી બનવાની દિશા આપી. આમ બાહ્યજગત જો સુખી-સંતોષી બને તો માનવ ક્રમશઃ આ શરીર-સુખોને ઘટાડીને અને પછી ત્યજીને આત્મલીન બની તપસ્યા કરે. વ્રત-નિયમ ધારણ કરે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી ઉચ્ચ ચારિત્ર ધારણ કરી મોક્ષ એટલે સંસારના જન્મ-મરણથી મુકત બને. આ રીતે શરીરસુખથી આત્મસુખ, બાહ્યજગતથી અંતરજગત, ભૌતિકસુખથી આત્મસુખ સુધીનો વિસ્તાર તેજ ધર્મનો સાચો સ્વરૂપ આ તીર્થંકરોએ બતાવ્યો. આ માર્ગને સતત પ્રકાશિત રાખવાનું કર્મ ત્યારબાદ આચાર્ય ભગવંતો કરતા રહ્યા. આ બધાજ ધર્મ સિદ્ધાંતોના કેન્દ્રમાં તો માનવ જ રહ્યો તેના સુખને મહત્ત્વપૂર્ણ માનવામાં આવ્યું.

જેમ-જેમ મનુષ્યની બુદ્ધિનો વિકાસ થયો તેની સંશોધન શકિત જાગી, તેણે નવી વૈજ્ઞાનિક શોધો કરી અને સિદ્ધિ મેળવી તેમ તેમ અહમ્ વધ્યો. તે જાણે સૃષ્ટિનો સ્વયં કર્તા હોય તેવી ભાવના વધી તેણે અત્યાધુનિક સાધનો, સગવડો, શસ્ત્રો શોધ્યાં. તેણે ચંદ્ર પર પહોંચવાના દાવા કર્યા પણ ભૂલી ગયો કે તે તેના સંશોધનના મૂળ આ પૂર્વજોએ લખેલા શાસ્ત્રો જ છે.

બીજી બાજુ ધર્મના નામે ચાલવા માંડેલી ધતિંગબાજી પણ કારણભૂત બની. ધર્મનો પ્રાણ શ્રદ્ધા અને સત્યના સ્થાને વિકસિત થઇ અન્ધશ્રદ્ધા, ક્રિયાકાંડ ધર્મ અને દેવતાનો ઉપયોગ સુખ આપનાર સાધન તરીકે થવા લાગ્યો. લોકો સસ્તામાં તેમની પાસેથી વધુ જ સંસારી સુખ ચાહવા લાગ્યા. જ્યારે તે સુખ પ્રાપ્ત ના થયા ત્યારે તેમની શ્રદ્ધા ડગી, અને ધર્મને ધતિંગ સમજવા માંડયા. 'ભગવાન' શબ્દ તેઓને કોઇ અવાસ્તવિક લાગવા માંડયો. જેઓ અમીર, શાસક કે પ્રભાવશાળી હતા. તેઓ ભગવાન અને ધર્મનો દુરુપયોગ કરી ભાગ્યની આડ લઇ શોષણ-અત્યાચાર કરવા લાગ્યા. ઊંચ-નીચ, છૂત-અછૂત, અમીર-ગરીબ જેવી દીવાલો ધર્મના નામે ચણવવા લાગી. પરિણામે જે શોષિત-ગરીબ હતા તેમનો રોષ વધવા લાગ્યો. તેમના મને ધર્મ અને ભગવાન અમીરો-જાગીરદારો માટે જ હોય તેવું બન્યું. આમ એક બાજુ વિજ્ઞાનની સિદ્ધિ-બીજી બાજુ અમીરોનું મનસ્વીપણું અને માત્ર ક્રિયાકાંડની ભોજભાલાથી ધર્મ વ્યકિતથી પૃથક બનતો ગયો. તે માત્ર થોડાક પરંપરાવાદિઓ માટેની વસ્તુ બનીને સંકુચિત બન્યો.

આ બધાથી ભયંકર તો તેની સામ્પ્રદાયિક વ્યાખ્યા બની. ધર્મના નામે ધર્માચાર્યો-ધાર્મિક નેતાઓ પોતાનો એકડો જ સાચો કરવા બીજા ધર્મની બુરાઇ કરી અનુયાયીઓને ઉશ્કેરવા લાગ્યા. પરિણામે ભયંકર લોહિયાળ જંગ થયા. ધર્મ કે જે માનવના વિકાસ માટે હતો તે વિનાશ માટે શકય બન્યો. ધર્મ સંપ્રદાયની સંકુચિતતામાં વિસરાવવા લાગ્યો. આ બાબતો પણ સાચા ધર્મ પ્રત્યેની ઉદાસી માટે એક કારણ બન્યું. ટુંકમાં ધર્મ એટલે પુરાતનપંથી ઝઘડો કરાવનાર, ભાગ્યવાદને પોષનાર, આળસુ પેદા કરનાર, દેવી - દેવતાઓની પૂજા-ક્રિયા કરી ભૂખ્યા-તરસ્યા રહેવામાં તપ માનીને દુખી થનાર લોકોના પ્રતીક રૂપે ઓળખાવવા લાગ્યો. રૂસ અને ચીને ધર્મને અફીણનો નશો માની તેને તિલાંજલિ આપી અને જનક્રાંતિની સફળતા નિહાળી. પરિણામે લોકોની ધર્મમાંથી શ્રદ્ધા જ ડગી ગઇ.

સમય પરિવર્તનશીલ છે. આ બધી ભૌતિક ઉપલબ્ધિ, રાજકીય સફળતાથી કદાચ ધર્મની બિનઉપયોગિતા લાગી હશે. પણ બીજી બાજુ ભારત જેવા વિશાળ અને શસ્ત્રરહિત દેશે ગાંધીજીના ધર્મના મહાન તત્ત્વ-સત્ય અને અહિંસાથી આઝાદી પ્રાપ્ત કરી તે આ યુગની મહાન ઘટના બની. ધર્મની હાંસી ઉડાવનાર પણ સ્તબ્ધ બન્યા અને શસ્ત્રધારી અંગ્રેજ પણ ઝુકયા. વિજ્ઞાનના ભસ્માસુરની વિનાશલીલાનું પ્રચંડ રૂપ હીરોશીમા-નાગસાકીએ જોયું છે. ધરતીનો માનવ કરુણાથી આક્રાંત ઊઠયો. આજે માણસ પાસે એવા વિનાશક શસ્ત્રો છે કે તે થોડાક કલાકોમાં સંપૂર્ણ વિશ્વને મનુષ્ય, પ્રાણી અને પ્રકૃતિના સૌન્દર્યથી રહિત બનાવી શકે છે. પણ તેની પાસે જીવન આપવાની શકિત કે સાધન કયાં છે. આજે શસ્ત્રોના સ્વામીઓ પણ ચિંતિત છે. વિશ્વનો વિનાશ ના થાય તે માટે હવે સહુ ચિંતિત બન્યા છે. પોતાના જ સર્જન ભસ્માસુરને નાથવા સહુ વ્યાકુળ છે. લોકો જાણે કે ધર્મનો મર્મ શાંતિ, સ્વને સુખ, પ્રજાના કલ્યાણમાં સમજાય છે માટે રોજ શાંતિના પ્રયાસો થઇ રહ્યા છે. ભગવાનને અફીણનો નશો માનનારાઓ પણ હવે આ વિનાશથી ભયભીત બન્યા છે. ભૌતિક સુખને સર્વસ્વ માનનારા ધનને જ જીવનનું લક્ષ્ય માનનારાઓ પણ હવે તેનાથી ત્રાસીને તેને ત્યાગવા લાગ્યા છે. ધન અને વૈભવમાં માનસિક સંતુલન ગુમાવનારા-

એની સંખ્યા વધી છે. ભૌતિક સુખ અનેક રોગોને જન્મ આપનાર છે-આ વાત તેઓ સમજ્યા છે. માંસાહાર જેવી રસનેન્દ્રિયની લોલુપતા શરીરને રોગિષ્ટ બનાવે છે તે જાણી શકયા છે. પરિણામે આજે શાકાહાર તરફનો પ્રચાર વધ્યો છે. આધ્યાત્મિક સુખ કે આત્માની શાંતિ માટે તેઓ પૂર્વ તરફ દોડયા છે. વ્રતોપવાસ, ધ્યાન, યોગ પ્રત્યેનું આકર્ષણ જ બતાવે છે કે તેઓને હવે શરીરસુખ કરતાં મનની શાંતિ જરૂરી છે. આજે પણ આ સામ્પ્રદાયિક સંકુચિતતા ત્યાગશે અન્યથા વિશ્વમાનવની કલ્પના સાકાર નહિ થઇ શકે. ભારતની 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવના આજે વધુ પ્રસારિત થઇ રહી છે. તે સૂચવે છે કે સાચું સુખ સાચા ધર્મને સમજીને જીવનમાં ઉતારવામાં છે.

જો વિશ્વમાં શાંતિ સ્થાપવી હશે તો ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય કરવો પડશે. ધાર્મિક વાતોને સત્યની કસોટીએ કસવી એ જ ધર્મનું વિજ્ઞાન છે અને વિજ્ઞાનનો મનુષ્યમાત્રની પ્રગતિમાં આસ્થા સહિત વિશ્વાસ તે જ વિજ્ઞાનનો ધર્મ બનાવવો પડશે.

ક્રિયાકાંડ અને બાહ્ય પરંપરાઓને સાચી રીતે સમજ્યા વગર કરવાનું બંધ કરી જ્ઞાન સાથે ક્રિયાઓ કે જે દેહ અને મનને શાંતિ આપે તેને જ મહત્ત્વ આપવું પડશે. ધર્મના નામે ચાલતા સામુદાયિક ઝઘડાઓ મૂળથી નષ્ટ કરી ધર્મને માનવ-માનવ વચ્ચેના પ્રેમસેતુ તરીકે વિકસાવવો પડશે.

ભૌતિક સુખની પ્રાપ્તિ તે અંતિમ સત્ય નથી પણ તેનાથી ઉપર ઊઠી આત્મિકગુણોનો વિકાસ કરી સમતા, દયા, કરુણા મૈત્રીના ભાવો જીવનમાં ઉતારવા પડશે. શસ્ત્રનો ઉપયોગ રક્ષણ માટે હશે. માત્ર સત્તાના વિસ્તાર કે અધિનાયકવાદ માટે કરવા પર પ્રતિબંધ મૂકવો પડશે. ધર્મના નામે ફૂટી નીકળેલા પંથોનો બહિષ્કાર કરી સત્યને જ સાચા ધર્મ તરીકે વિકસાવવાનો રહેશે.

જૈન ધર્મના સિદ્ધાંતો મુજબ પંચમહાવ્રતનું પાલન કરી પરિગ્રહ ઘટાડવા માટે પ્રયાસ કરવાનો રહેશે જો આમ બને તો ધર્મ જીવનથી ભિન્ન વસ્તુ ના હોઇ તે જીવનનું એક સ્વાભાવિક અંગ બની જશે. જીવન સ્વયંભૂ આત્મતંત્રથી સંચાલિત થવા લાગશે. જો માનવ સુખી બનીને વિશ્વ-સુખ ઝંખતો હોય તો તેણે જીવનમાં ધર્મની ઉપયોગિતા સમજી-આચરણ કરવું પડશે. વિજ્ઞાનની ઊર્જા કોઇનું ઘર બાળવામાં નહિ-પણ પ્રકાશિત કરવામાં કરવું પડશે. ચંદ્ર પર પહોંચતા પહેલાં પાડોશીનાં અંતરમાં પ્રવેશી તેના સુખદુઃખમાં સામેલ થવું પડશે સાધુ-ભગવંતોએ સમાજને રૂઢિઓમાંથી નવા પ્રકાશમાં લઇ જવાનો રહેશે. આજે વિજ્ઞાનની સાથે ધર્મના સંતુલનની જરૂર છે.

છેલ્લે એટલું જ કે આવો, આપણે ધર્મને તેના વાસ્તવિક સ્વરૂપને જીવનમાં ઉતારીએ અને વિશાળ સાગરમાં એક જલબિન્દુની જેમ પણ પ્રચાર-પ્રસારમાં ભાગીદાર બનીએ.

આજે 'પ્રબુદ્ધજીવન' જેવા માનવમૂલ્યોને સ્થાપનાર પત્રે જે જીવનની ઉચ્ચતા, માનવતાની પુનરર્થાપનાનાં કાર્યો કરી રહ્યા છે તેની સાથે સ્વર મીલાવીએ.

આનંદઘનજીના એક પદનો આસ્વાદ

કાન્તિલાલ કાલાણી

જૈન સાહિત્ય અને ચિંતન માટે વિક્રમનું સત્તરમું શતક ઘણું મહત્ત્વનું છે. આ સૈકામાં મોટા મોટા જ્ઞાનીઓ અને પંડિતો થઇ ગયા. મહાત્મા આનંદઘનજી સંવત ૧૬૬૦થી ૧૬૮૦ આસપાસ જન્મ્યા હોય અને તેમનો દેહોત્સર્ગ સંવત ૧૭૨૦ થી ૧૭૩૫ વચ્ચે થયો હોય તેવો સંભવ છે. લાભાનંદ કે લાભાનંદી નામ ધરાવતા આનંદઘનજી બુંદેલખંડના કોઇક નગરમાં જન્મ્યાનો અને જીવનનો ઘણો સમય પાલનપુર, આબુ અને મારવાડમાં વીતાવ્યો હોવાનો ઉલ્લેખ ચરિત્રકારોએ કર્યો છે. મહાત્મા આનંદઘનજી ઉચ્ચ કોટિના સંત-મહાત્મા, કવિ અને અનુભવી પુરુષ હતા. એમણે સુંદર પદો રચ્યાં છે, જે જૈન તેમજ જૈનેતર લોકોમાં સુંદર આવકાર પામ્યાં છે. તેમાંના એક પદનો આસ્વાદ કરીએ :

અવધુ કયા માગું ગુનહીના,
વે ગુનગગન પ્રવીના.
ગાય ન જાનું બજાય ન જાનું,
ન જાનું સૂર ભેદા;
રીઝ ન જાનું રીઝાય ન જાનું,
ન જાનું પદસેવા.
વેદ ન જાનું કિતાબ ન જાનું,
જાણું ન લક્ષણ છંદા;
તરકવાદ વિવાદ ન જાનું,
ન જાનું કવિફંદા.
આપ ન જાનું જુવાબ ન જાનું,
ન જાનું કથવાતા;
ભાવ ન જાણું ભગતી ન જાણું,
જાનું ન સીરા તાતા.
ગ્યાન ન જાનું વિગ્યાન ન જાનું,
ન જાનું ભજનાભા;
આનંદઘન પ્રભુકે ધરદ્વારે,
રટણ કરું ગુણધામા.

કબીરથી માંડી ઘણા સંત-કવિઓએ 'અવધૂ' શબ્દથી પદની શરૂઆત કરી છે. 'અવધૂ, કુદરત કી ગતિ ન્યારી', 'અવધૂ છોડહુ મન વિસ્તારા', જેવી પંક્તિઓથી શરૂ થતાં પદોમાં 'અવધુ' શબ્દ પ્રયોગ જાયો છે. 'અવધુ' શબ્દ અવધુત શબ્દનું ટૂંકું રૂપ છે. અવધુતનો અર્થ સંન્યાસી અથવા બાવો થાય છે. કોઈ વ્યાખ્યાનકારો તેનો અર્થ અખંડ સ્વરૂપ ભગવાન અથવા ચેતનતત્ત્વ કરે છે. આનંદઘનજીના મનમાં પણ ભગવાન અથવા કોઇ પરમ કોટિના સંતને જ સંબોધન કરવાનું અભિપ્રેત હશે. ભગવાન કે પરમ સંત પાસેથી કાંઇક પ્રાપ્ત કરવું હોય તો સૌ પ્રથમ પાત્રતા કેળવવી પડે. કહે છે કે સિંહણનું દુધ સામાન્ય પાત્રમાં નથી લઇ શકાતું. એ દુધમાં જ એટલી તાકાત હોય છે કે સામાન્ય પાત્રને ફોડી નાખે. એવું બને કે આ કવિની કલ્પના હોય, પણ સિંહણનું દુધ પીનાર સિંહ જેવો પરાક્રમી અને નિર્ભય

બને એ સૂચવવું છે. પાત્રતા વિના જે કાંઇ ઉત્તમ છે તે ટકી શકે નહિ. પાત્રતા કેળવવા પુરુષાર્થ, લગની, ખંત, જાગ્રતિ, જિજ્ઞાસા, સારો સંગ, આચરણની તાલાવેલી, એકાગ્રતા, નિશ્ચયશકિત, ધીરજ, નિષ્ઠા, સમતા, વિવેકશકિત પરિણામલક્ષી દ્રષ્ટિ, સંયમ, શીલ એમ ઘણા ગુણો પચાવવા પડે. એક સામાન્ય પાત્ર તૈયાર કરવું હોય તો કેટકેટલાં સાધનો અને આવડત જોઇએ છે, તો જીવનરૂપી પાત્ર તૈયાર કરવું હોય તો અન્તર્મુખ થઈ ઘણું તપ તથા સાધના કરવાં પડે. પાત્રતા કેળવવાની એક રીત કોઇ અનુભવીએ બતાવી છે તેનું અહીં સ્મરણ થાય છે :

સરવાળો સદ્‌ગુણનો, ગુણનો ગુણાકાર,
બાદબાકી બૂરાઇની, ભ્રમનો ભાગાકાર.

શાળા-મહાશાળામાં જે ગણિત શીખવાય છે તેનો વ્યવહાર-જીવનમાં યત્કિંચિત ઉપયોગ થાય છે, પણ જીવનમાં ગણિત સિદ્ધ કરવું હોય અથવા સાચી પાત્રતા સિદ્ધ કરવી હોય તો કોનો સરવાળો, કોની બાદબાકી, કોનો ગુણાકાર અને કોનો ભાગાકાર કરવો તેની રીત બરાબર આવડવી જોઇએ. જેનામાં આવી આવડત હોય છે તે પાત્રતા કેળવી શકે. મહાત્મા આનંદઘનજી ઉચ્ચ સ્થિતિના સંત હતા એટલે એમનામાં આવી પાત્રતા હોય તે સ્વાભાવિક છે. છતાં તેઓ પોતાને ગુણહીન ગણાવે છે, તેનો અર્થ એટલો જ કરવાનો કે ભગવાન તો ગુણના ભંડાર છે. જગતમાં જે કાંઇ ઉત્તમ કે શ્રેષ્ઠ છે તે ભગવાન પાસે છે. એમની ગુણસંપત્તિ આગળ પોતાની કાંઇ હેસિયત નથી એવું સમજનારા જ પોતાને ગુણહીન કહી શકે. એ ઉપરાંત ગુણો અને ગુણો દ્વારા પ્રાપ્ત થતી શકિતઓ અનંત છે. એને માટે જીવનપર્યન્ત પુરુષાર્થ કરીએ તો પણ ઓછો પડે એવું એમને સૂચવવું છે. પણ પ્રથમ પંકિતના બીજા ખંડમાં તેઓ માર્મિક વાત કરે છે : માગનારો ગુણની ગણતરીમાં પ્રવીણ-કુશળ હોય છે. એનામાં થોડા ગુણ કેળવાયા હોય તો તે તેની ગણતરી કરવા માંડે છે. કેટલાક એથી સંતોષ પણ માની લેતા હશે.

આનંદઘનજી જાગ્રત છે, સાવધાન છે, સૂંઠને ગાંગડે પોતાને ગાંધી કે કરિયાણાનો વેપારી કહેવડાવે તેવા નથી. ગ્રાહક પાછો ન જાય એવો અને એટલો માલસામાન ભર્યો હોય અને કોઇ પોતાની ગણતરી વેપારી તરીકે કરે તે સમજી શકાય, પણ બધાં ડબ્બાં લગભગ ખાલી ખખડતાં હોય એવી હાટડી ચલાવનારને વેપારી ન કહેવાય. એમ થોડાક ગુણની હજી ફૂંપળો ફૂટી હોય અને ગણતરી કરવા માંડે એ કેટલું વાજબી ?

મનુષ્યનો સ્વભાવ એવો છે કે પોતામાં થોડી-ઘણી ગુણ-સંપત્તિ એકઠી થાય એટલે એને વિચિત્ર પ્રકારની બેચેની થવા માંડે. જ્યાં સુધી એ બીજાને કહે નહિ ત્યાં સુધી એ નિરાંતે બેસી શકે નહિ ! પશુ વધુ આહાર લે ત્યારે એને આફરો ચડે. આફરો એટલે પેટનું ચડી જવું અથવા વધુ પડતુ ખાવાથી થતી અકળામણ. ખોરાકના સંદર્ભમાં આફરો શબ્દ પ્રયોજીએ છીએ તે ગુણના સંદર્ભમાં પ્રયોજીએ તો કદાચ કોઇને ઉચિત ન લાગે પણ વાસ્તવિકતા એ છે કે પોતાના સદ્‌ગુણો અન્ય લોકો ન જાણે અને તેની કદર કે મહિમા ન કરે ત્યાં સુધી પોતાને કોઇ સમજતું નથી તેમ એ માનતો હોય છે અને દુ:ખી થતો હોય છે. અન્યને જાણ થાય એટલા ખાતર જ કેમ જાણે એ ગુણ ગ્રહણ કરતો હોય !

આનંદઘનજી આવા લોકોને ચેતવણી આપતા નથી. તેઓ પોતે કેમ વર્તે છે તે સરસ રીતે કહે છે. પોતાના ગુણનો તેમને વિચાર જ આવતો નથી. આવવો જ ન જોઇએ. એને કદી ગાવાના કે બજાવવાના ન જ હોય. અહીં તેઓ ભગવાનને લક્ષમાં રાખીને કહે છે કે ભગવાન, તમારામાં એટલા અપરંપાર ગુણો છે કે હું એને ગાઇ કે બજાવી શકતો નથી, વાણી અને વાજિંત્રો ઘણાં નાનાં પડે છે. વાણી મર્યાદિત છે, સૂર મર્યાદિત છે, જ્યારે ભગવાનનાં ગુણો અનંત છે ! એમના ગુણોનો કદી તાગ લઇ શકાય નહિ. ન ગુણ ગાતાં આવડે કે ન એ ગુણોને વાજિંત્ર વગાડીને પ્રકટ કરતાં આવડે, વળી સૂરના વિવિધ ભેદોની અજ્ઞાનતા હોય, પછી માગવાનો કે માગણી કરવાનો શું અર્થ ?

જે મનુષ્ય પોતાની મર્યાદાઓ સમજે છે અને તેને દુર કરવાનો પુરુષાર્થ કરે છે તે વહેલો-મોડો ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરે જ છે. એટલે એ બાબત તેની ચિંતાનો વિષય ન હોય. એનું લક્ષ ભગવાનમાં જ હોય એટલે ભગવાન શોધવાથી પ્રસન્ન થાય, રીઝે, તે શોધતાં તેને વાર લાગતી નથી. વળી એમને રીઝવવા શું શું કરવું જોઇએ તે પણ તેના ખ્યાલમાં આવી જતું હોય છે. તેમ છતાં તેનું અભિમાન ન આવવું જોઇએ. પોતાનામાં એવી કોઇ આવડત નથી એમ માનીને જ ચાલવું જોઇએ. તેઓ પદસેવાનોય ઉલ્લેખ કરે છે પદસેવા એટલે સ્વરૂપ સેવા. ભગવાન નિરંજન-નિરાકાર છે. આવા પદની કઈ રીતે સેવા થાય તેનું પણ જ્ઞાન નથી. મૂર્તિની સેવા કરવામાં મુશ્કેલી ન પડે. ઘણા લોકો મૂર્તિની પૂજા કરે જ છે ને ? પણ નિરંજનપદની સેવા કરવા માટે પાત્રતા કેળવવી પડે.

સામાન્ય રીતે એવું મનાય છે કે જેને વેદોનું કે કુરાન જેવા ગ્રંથોનું જ્ઞાન હોય તેને ભગવાનના ગુણગાન ગાવાનું સરળ થાય. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એમ ચાર વેદો છે. હિન્દુધર્મશાસ્ત્રોનાં મૂળ વેદોમાં છે. વેદનો અર્થ જ્ઞાન પણ થાય છે. શેનું જ્ઞાન ? આનંદઘનજી કહે છે કે વેદ, કુરાન, બાઇબલ, ઝેન્દ અવસ્તા, શ્રીમદ્‌ભાગવદ્‌ગીતા વગેરેનો અભ્યાસ હોય, પિંગલશાસ્ત્રની જાણકારી હોય તો ગુણગાન ગાવાનું ફાવે, પણ મહાત્મા કહે છે એમાંનું કાંઇ પોતાને આવડતું નથી; તર્ક, વાદવિવાદ કે કવિની હથોટી સિદ્ધ નથી. કાવ્યકલા કે તર્ક સિદ્ધ હોય તો પણ ભગવાન વિશે કહી શકાય, તેમના ગુણનું નિરૂપણ થઇ શકે, તે પણ ફાવતું નથી. ભગવાનનું કેવી રીતે સ્મરણ કરવું, ભગવાન સંબંધી પ્રશ્નોના કેવી રીતે ઉત્તર આપવા એ વિશે તો અજ્ઞાન છે જ; સાથે સાથે ભગવાનની કથાઓ અને વાર્તાઓ પણ આવડતી નથી. હૃદયના ભાવો કેવી રીતે પ્રગટ કરવા, ભગવાનની ભકિત કેવી રીતે કરવી એ પણ જો આવડતુ હોત તો ગુણગાન ગાવામાં મુશ્કેલી ન પડત. અરે, ટાઢું શું અને ઊનું શું એવી સીધી-સાદી બાબત પણ સમજાતી નથી, તો પછી જ્ઞાન, વિજ્ઞાન, ભજન કરવાની રીત તો કયાંથી આવડે ?

જેને આ બધું આવડતું હોય તેને ભગવાનની પ્રતીતિ થઇ જાય એવું માની લેવાની જરૂર નથી. ઊલટું, જેમની પાસે ઉપર્યુકત જાણકારી છે તેઓ અજ્ઞાનમાં વધુ આથડે એવું બને. 'ઇશોપનિષદ'ના રચયિતાએ એક અદ્‌ભુત અને

આંચકો આપે એવી માર્મિક વાત કરી છે. ઋષિ કહે છે :

અન્ધં તમ: પ્રવિશન્તિ યેઽવિદ્યામુપાસતે ।
તતો ભૂય ઇવ તે તમો ય ઉ વિદ્યાયાં રતા: ॥

જેઓ અવિદ્યાની ઉપાસના કરે છે તેઓ ઘોર અંધકારમાં પ્રવેશ કરે છે. અને જેઓ વિદ્યામાં જ રત રહે છે તેઓ માનો કે એનાકરતાં અધિક અંધકારમાં પ્રવેશ કરે છે.

ગજબની વાત કરી છે. અજ્ઞાનથી મનુષ્ય ભટકે તે સમજાય, પણ વિદ્યામાં રત રહેનારા એનાથીય ઘેરા અંધકારમાં કઇ રીતે પ્રવેશે ? અજ્ઞાનીને સુધરવાનો અવકાશ છે કારણ કે અજ્ઞાનને કારણે તેનામાં નમ્રતા હોય છે. જ્યારે જેની પાસે શબ્દજ્ઞાન છે, શાસ્ત્રોનું અને સિદ્ધાંતોનું જ્ઞાન છે, જે પોતાને પંડિત કે વિદ્વાન કહેવડાવે છે તેઓ અહંકારી બની જાય છે. તેમને એમ જ થાય છે કે અમે બધું જ જાણીએ છીએ. જે આવા અહંકારથી પીડાય છે તે ઘોર અંધકારમાં ન પ્રવેશે તો બીજે જાય કયાં ? અજ્ઞાનનો ઉપાય છે અહંકારનો ઉપાય નથી

મહાત્મા આનંદઘનજી ઉચિત જ કહે છે :

જ્ઞાન ન જાનું વિજ્ઞાન ન જાનું,
ન જાનું ભજનામા.

તેમણે સરસ માર્ગ પકડયો છે. તેઓ કહે છે : હું આનંદના સમૂહરૂપ ભગવાનના મંદિરના દ્વાર પાસે ઊભો રહી પ્રભુનું, ગુણોના ધામરૂપ ભગવાનનું, રટણ કરું છું.

કેટલી બધી નમ્રતા પરમ સ્થિતિએ પહોંચ્યા પછી એમ કહેવું કે મંદિરના દ્વાર પાસે ઊભો ઊભો રટણ કરું છું, ત્યારે મહાન વિજ્ઞાની ન્યૂટનનું સ્મરણ થાય. ગુરુત્વાકર્ષણની મહાન શોધ કરનાર ન્યૂટન કહે છે કે હજી હું સમુદ્રને કિનારે ઊભો ઊભો છીપલાં વીણું છું, સમુદ્રમાં પ્રવેશ કરવાની વાત તો દુર રહી ! અહંકાર નામશેષ થઇ જાય છે પછી જ અંતરમાં દીવો થાય છે અને બધું ઝાકમઝોળ થઇ જાય છે. આનંદઘનજીનું આ પદ રોમે રોમે દીવા પ્રકટાવે તેવું છે.

ગુજરાત અને મદ્યનિષેધ

● હસમુખ દોશી

માનવજાતે ઘણી અપ્રતિમ શોધો કરીને માનવોનું કલ્યાણ કર્યું છે. આવી શોધોએ સંસ્કૃતિનો વિકાસ સાધી મનુષ્યો માટે ઘણું મેળવ્યું છે. પણ કેટલીક શોધો એવી કરી જે આત્મઘાતક નીવડી, એટલું જ નહિ આ શોધોએ માનવઅસ્તિત્વને ખળભળાવી મૂકયું. યુદ્ધ એક આવી ભયાનક શોધ છે. દારૂ, તમાકુ, કેફી દ્રવ્યોનું સંશોધન આવી અન્ય ભયંકર શોધો છે.

ગુજરાતના વડોદરા શહેરમાં પછાત વર્ગના કેટલાક લોકો ઝેરી શરાબ પીને મૃત્યુ પામ્યા અને જે અમુક માણસો એ દારૂ પીને સારવાર મળ્યા પછી બચી ગયા. તેમનું જીવન પણ ધુંધળું બની ગયું. કોઇનું મગજ કામ કરતું નથી તો કોઇને પક્ષાઘાતની અસર થઇ, કોઇએ વાચા ગુમાવી તો કોઇની આંખોની રોશની ચાલી ગઇ. અને એટલે આ અચાનક ઘટનાએ કેવળ ગુજરાતમાં નહિ, સમગ્ર દેશમાં વ્યાપક હલચલ મચાવી દીધી અને જે શુભ આશયની ગુજરાતમાં દારૂબંધી ચાલી રહી છે તેની પ્રશંસા થવાને બદલે વ્યાપક નિંદા થઇ રહી છે.

સ્વરાજ પહેલાં અંગ્રેજી શાસનમાં પૂરબહારમાં શરાબ પીવાતો હતો અને ઠેર ઠેર ખાનગી પીઠાંઓ ચાલી રહ્યાં હતાં. ભારતવર્ષમાં પહેલેથી સુરાપાન થતું આવ્યું છે તેનાં ઠીક પ્રમાણો મળી રહે છે. રાજા-મહારાજાઓને વૈભવ ખાતર ભરપૂર પીવાની આદત હતી અને કેટલાય સમ્રાટોએ એ બદીને કારણે રાજ્યો ગુમાવ્યાં હોય તેવાં દૃષ્ટાંતો પણ ઇતિહાસમાંથી મળી આવે છે. સામાન્ય રીતે ઇસ્લામ ધર્મમાં સુરત દારૂબંધીનું ફરમાન છે છતાં મુસલમાન બાદશાહો મહદ્ અંશે શરાબી હતા. જહાંગીરને એ વ્યસન એટલું વળગેલું હતું કે રાજકારભારમાં એ પૂરું ધ્યાન આપી શકતો નહિ. ઔરંગઝેબ નિર્વ્યસની હતો પણ તેણે પોતાના નાના ભાઇ મુરાદની ભરપૂર પીવાની આદતનો ગેરલાભ ઉઠાવી તેની હત્યા કરાવી હતી. હિન્દુ સમ્રાટોનું પતન સુંદરીઓથી થયું છે તો મોગલ સમ્રાટોની અધોગતિમાં શરાબે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પછાતવર્ગો પણ આ બદીથી મુકત નહોતા તેનું સરસ નિરૂપણ મહાકવિ કાલિદાસે 'શાકુન્તલ' નાટકમાં કર્યું છે. આમ ભારતવર્ષમાં હિન્દુઓ તેમજ મુસલમાનો દારૂના ચેપથી મુકત નહોતા.

એવા દેશમાં અંગ્રેજ જેવી શકિતશાળી પરદેશી પ્રજા આવી. અતિશય ઠંડા પ્રદેશમાં રહેવાને કારણે યુરોપ-અમેરિકામાં મદ્યપાન સર્વસામાન્ય છે. આમ છતાં તેના અતિરેકનો ત્યાં પણ વિરોધ થાય જ છે. તેનો તાજો દાખલો હમણાં જ જગતે જોયો છે. અમેરિકાના પ્રવર્તમાન રાષ્ટ્રપ્રમુખ બુશ પોતાના સંરક્ષણ સચિવ તરીકે ટાવર નામના રાજપુરુષની નિમણૂક કરવા માગતા હતા પણ ત્યાંની સેનેટે તેનો જોરદાર વિરોધ કર્યો. ટાવર 'વાઇન એન્ડ વીમેન'ના માણસ હતા. એવો તેમના પર આક્ષેપ કરીને સેનેટે બુશને મૂંઝવણમાં મૂકી દીધા હતા. આવા માણસને માથે આવી જબ્બર જવાબદારી મૂકી શકાય નહિ એવી સેનેટની દલીલ હતી. અમેરિકાના પ્રમુખને નાછૂટકે પોતાની પસંદગીને રદ કરવી પડી. ટાવરને એ સ્થાન ઉપર નિયુકિત મળી નહિ. આમ જ્યાં મદ્યપાન સામાન્ય મનાય છે અને જેને ત્યાંની આબોહવાના સંદર્ભમાં અનિવાર્ય માનવામાં આવે છે એવા દેશોમાં પણ ભરપૂર પીનારાઓ પ્રત્યે લોકોને સહાનુભૂતિ હોતી નથી. આવા શરાબીઓ ત્યાં પણ ઘૃણાની દૃષ્ટિએ જોવાતા હોય છે. અને જે લોકો એ દુષણથી મુકત હોય છે તેમને માનની દૃષ્ટિએ પણ જોવામાં આવતા હોય છે.

ગાંધીજીની પરદેશી શાસન સામેની લડત કેવળ રાજકીય લડત નહોતી. જીવનના અનેક ક્ષેત્રે જે બદીઓ પેસી ગઇ હતી તેને ગાંધીજી નિર્મૂળ કરવા માગતા હતા. પણ એ વિદેશી શાસનમાં શકય નહોતું એટલે જ ગાંધીજીને માટે રાજકારણ એક આનુષંગિક વિષય હતો. તેમના જીવનનું પ્રધાન ચાલકબળ ધર્મ હતો અને તેમનો ધર્મ જીવનનાં શુભ મૂલ્યોથી રચાયેલો હતો. દારૂબંધી તે ધર્મનું એક મહત્ત્વનું સૂત્ર હતું. ફકત રાજકારણને ગાંધીજીએ શુદ્ધ કરવાનું નહોતું પણ જીવન સમગ્રને તેઓ સ્વચ્છ કરવા માગતા હતા. અને આ માટે તેમનું મન ભારતીય જીવનના અનેક પ્રશ્નો સાથે સતત

ચૂંથાયેલું રહેતું હતું. દારૂબંધી માટે તેઓ ભાર દઈને કહેતા કે 'જ્યારે સ્વરાજ મળશે ત્યારે હું સૌ પ્રથમ દારૂને સમાપ્ત કરીશ.

મને યાદ છે કે જ્યારે જ્યારે કોઈ પણ મુદ્દા ઉપર ગાંધીજીના અનુયાયીઓ સત્યાગ્રહ કરતા હતા ત્યારે દારૂનાં પીઠાંઓ ઉપર પીકેટિંગ કરવાનું શરૂ થઈ જતું. રાજકોટનો સત્યાગ્રહ ચાલતો હતો ત્યારે કેટલાય સત્યાગ્રહીઓ દારૂના પીઠા ઉપર સત્યાગ્રહ કરીને દારૂવિરોધી સૂત્રો પોકારતા અને પીઠાની અંદર જતા લોકોને સમજાવીને નમ્રતાથી રોકતા હતા. બાળપણમાં અમે સ્થળે સ્થળે દારૂડિયાઓને જોતા અને ગભરાઈ જતા. એ લોકો પાગલની જેમ રસ્તાઓ ઉપર ભટકતા હોય, ગાળો બોલતા હોય, બીભત્સ ચેનચાળા કરતા હોય કે જે કંઈ સપાટે ચઢે તેનો ઘાણ કાઢી નાખતા હોય એ દિવસોમાં મહિલાઓ બહુ આઝાદ નહોતી અને બને ત્યાં સુધી ઘરની બહાર નીકળતી નહિ એટલે દારૂડિયાના હલકા વર્તનનો ભોગ બનતી નહિ. રમતગમતનાં મેદાનોમાં, નાટકોમાં, સિનેમાઓમાં કે ટ્રેનની મુસાફરીઓમાં બેફામ પીનારાઓ આવતા અને ધાંધલધમાલ કરીને નાટક કે સિનેમાનો ચાલુ શો અટકાવી દેતા. આવું વારંવાર બનતું અમે નિહાળ્યું છે.

–સ્વરાજ તો આવ્યું પણ ગાંધીજી ગયા. અને એ ગયા તેમની સાથે તેમનાં જીવનમૂલ્યો પણ હિજરત કરી ગયાં. કમભાગ્યે તેઓ એવા વારસદારો મૂકી ગયા જેઓ ફકત લોકોને ગાંધીજીના વિચારો માનતા રહ્યા ને પોતાના જીવનમાં જુદા જ વિચારો અપનાવતા રહ્યા. ગાંધીજીએ જે રાષ્ટ્રની કલ્પના કરી હતી એથી અવળી દિશાએ જ તેમનું જીવનવહેણ વહેવા લાગ્યું. સત્તા, સંપત્તિ, સ્વાર્થ ને ભોગવૈભવમાં આળોટનારા તેમના અનુયાયીઓ ફકત પહેરવેશમાં અને શબ્દોમાં જ ગાંધીવાદી રહ્યા. અનીતિ, ભ્રષ્ટાચાર ને હિંસાનું જે વિષવૃક્ષ આજે પ્રજા નિહાળી રહી છે તેનાં મૂળ આ જીવનશૈલીમાં રહેલાં છે. સ્વરાજના આરંભના દિવસોમાં બહુ જલદીથી ગાંધી વિચારોનો દ્રોહ થઈ શકે એમ નહોતું એટલે ઘણાં રાજ્યોમાં દારૂબંધી આવી પણ ધીમેધીમે દારૂબંધીનો રાષ્ટ્રસમગ્રમાંથી મહદ્ અંશે અન્ત આવી ગયો. મહારાષ્ટ્ર રાજ્યમાં તો જ્યારે વિધાનસભામાં દારૂબંધીના અન્તની કાયદેસર જાહેરાત કરવામાં આવી ત્યારે વિધાનસભ્યો હર્ષોલ્લાસથી માટલીઓ પછાડીને ઝુમી ઊઠ્યા હતા.

પ્રગટ રીતે જ્યારે દારૂબંધી હતી ત્યારે પણ ખાનગીમાં ઘણાખરા નેતાઓ, પ્રધાનો, અમલદારો દારૂ પીતા થઈ ગયા હતા. જે લોકો એ બદીથી માંડ બચી શકયા હતા તેઓ પણ ધીમે ધીમે મોટા પિયાસી બની ગયા. તેની પાછળ પરદેશની વારંવાર વિનાકારણ લેવાતી મુલાકાતો, આંતરરાષ્ટ્રીય પરિષદો, સાંસ્કૃતિક ને રાજકીય આદાનપ્રદાન કારણભૂત હતાં એમ સ્પષ્ટ લાગે છે.

આપણો પત્રકાર કે લેખક દારૂ પીતો હોય એવી કલ્પના પણ અમે કરી શકતા નહિ. ન્હાનાલાલ, રમણલાલ, ધુમકેતુ, મેઘાણી, સુંદરમ્ શરાબી હોય એમ કોઈ માને જ નહિ. આપણા પત્રકારો પત્રકાર પરિષદોમાં પ્યાલીઓ ઉડાવતા હતા એમ કોઈ કહે તો કહેનારે જ સાંભળવું પડે એવી પરિસ્થિતિ હતી; ત્યારે આજનો ગુજરાતી લેખક કે પત્રકાર પીવામાં ગૌરવ લેતો હોય એવું ઘણી વાર વાંચીએ છીએ કે સાંભળીએ છીએ. ઘણા સમય પહેલાં એક નામાંકિત ગુજરાતી વાર્તાકાર વધારે પડતા શરાબસેવનથી એકાએક રસ્તામાં જ હાર્ટએટેકનો ભોગ બનીને અકાળે પરમતત્ત્વમાં મળી ગયા એવું સાંભળ્યું ત્યારે અમે ચોંકી ઊઠ્યા હતા. થોડા દિવસો પહેલાં સાહિત્યના અધ્ય–દગ્ધ અભ્યાસી જેવા એક પત્રકારે આજની ગુજરાતી પ્રજાની એ માટે ઝાટકણી કાઢી હતી કે ગુજરાતની જનતા આજે પોતાના સાહિત્યકારોને ઓળખતી નથી પણ મોરારીબાપુ, હરિયાણી કે ડોંગરેજી મહારાજ પાછળ જરૂર ગાંડી છે! (અલબત્ત બે–ચાર દિવસો પછી જ એ પત્રકારે મોરારીબાપુનો લાંબો ઇન્ટરવ્યૂ પોતાના પત્રમાં પ્રગટ કર્યો હતો એ એ જુદી વાત છે.) અને તેમણે જે 'મહાન' લેખકોનો ઉલ્લેખ કર્યો હતો તેમાં ઉકત શરાબસેવનથી એકાએક અકાળે પ્રભુના પ્યારા બની ગયેલા મહાનુભાવ લેખકનો પણ નામોલ્લેખ હતો. પરંતુ આવા લેખકો પ્રત્યે પ્રજાને શું માન હોય? જે લેખકનો દિવસ જ ઇમ્પોર્ટેડ બાટલી પીવાથી શરૂ થતો હોય એવા લેખક પ્રત્યે પ્રજાને, અને તેમાંય ગુજરાત પ્રજાને શી લાગણી હોય? ગાંધીયુગ સુધી ગુજરાતી સાહિત્યકારોનું સાહિત્ય ધર્મની સાથે વંચાતું હતું. આજે હવે એ પરિસ્થિતિ ન રહી હોય તો તેમાં દોષ કોનો? કેટલાક સમય પહેલાં સૌરાષ્ટ્રના એક શાયરે કોઈ જાહેર મુશાયરામાં શરાબ પીને ધાંધલધમાલ મચાવી હતી અને એ માટે એક નિષ્ઠાવાન સરકારી અધિકારીને તેમના સામે પોલીસકેસ કરવો પડયો હતો. ત્યારે એ શાયરે અને તેમના અન્ય શાયર મિત્રોએ પ્રચંડ ઊહાપોહ મચાવ્યો હતો. અને અન્તે તેમની જ જમાતના એક મન્ત્રીની ભલામણથી એ પોલિસકેસ પાછો ખેંચાયો હતો એવું કંઈક યાદ છે. શરાબ પીને જાહેરમાં ધાંધલ કરનારા અને એ ધમાલને અન્તે વી. આઇ. પી. ટ્રીટમેન્ટ માગનારા લેખકો પ્રત્યે પ્રજાને કેવી સહાનુભૂતિ હોય? અનેક સમ્રાટોની જેમ અનેક શાયરો પણ શરાબ પીને કંગાલ બન્યા તેની પાછળ સૂરાને એક પ્રગતિની નિશાની, પ્રેરણાનો સ્રોત કે જીવનના ગમને ભૂલવાની ફેશન ગણાવવાનું કારણ પણ હશે જ. ઉમર ખય્યામથી ગાલીબ અને ગાલીબથી કેટલાક આજકાલના શાયરોની દાસ્તાન તેનો જીવંત પુરાવો છે.

કવિને Artist–કલાકાર માનવા મનાવવાનું કારણ હંમેશાં આગળ ધરવામાં આવે છે. કવિ કે લેખક એ કોઈ સંસ્કારરવામી નહિ, પણ કલાકાર છે અને કલાકારો માટે જે તે ક્ષેત્રમાં સૂરાપાન અનિવાર્ય ગણવામાં આવે છે. જે કલાકારો આર્થિક દ્રષ્ટિએ ઘણા સામાન્ય માણસો હતા. અને જેઓ સતત આવતી કાલની આર્થિક ચિંતાઓથી ઘેરાયેલા રહેતા હતા એવા જૂની રંગભૂમિના અભિનેતાઓ આ અનિષ્ટથી મુકત નહોતા. મોહનલાલથી માંડીને માસ્ટર કુમાર સુધીના ધંધાદારી અભિનેતાઓની જીવનવેદનામાં શરાબે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. અને છતાં જોવા જેવું એ છે કે આજના અવેતન પણ હવે લગભગ સવેતન બની ચૂકેલા ગુજરાત રંગભૂમિના સુશિક્ષિત કલાકારો પણ એ અનિષ્ટથી ગ્રસ્ત થયેલા છે. નાટકનો શો પૂરો થાય એટલે બંધબારણે શરાબની મહેફિલો ઊડતી હોવાના સમાચારો સાંભળવા મળે જ છે.

સિનેસૃષ્ટિમાં તો ભાગ્યે જ કોઈ કલાકાર એવો હશે જે આ બદીથી બચી શકયો હોય. તેમની આંખો સામે અનેક મહાન પ્રતિભાઓનો શરાબને કારણે કરુણ અંજામ આવ્યો

હોવા છતાં આજનો કોઈપણ ફિલ્મકલાકાર આ ભયાનક દૈત્યથી દુર રહેતો હશે. પરિશ્રમના વળતર રૂપે કે કે પછી ફેશન યા શોખને ખાતર સિનેમાસૃષ્ટિની પાર્ટીઓમાં જે બેફામ શરાબ પીવાય છે એ તે ઝાકઝમાળ દેખાતી રંગીન સૃષ્ટિનું જાણે કાયમી આકર્ષણ બની ગયું હોય છે...ત્યાં પણ કે. એલ. સાયગલથી માંડીને રાજકપૂર સુધીના સિતારાઓને દારૂનો દૈત્ય ભરખી ગયો હોવા છતાં એ સિલસિલો ચાલુ જ રહ્યો છે.

આવા વાતાવરણમાં ગુજરાત રાજ્યની દારૂબંધી ભીષણ અંધકારમાં પ્રકાશનાં કિરણ જેવી છે. તેમાં હલકા ઝેરી શરાબના સેવનથી અપમૃત્યુ થાય એટલે દારૂબંધી હટાવી દેવી જોઇએ એમ ભારતના અમુક સંસદોથી માંડીને સામાન્ય લેખકો ને નાગરિકો પણ કહેવા માંડે ત્યારે ધ્રુજારી પસાર થઇ જાય છે. દુરદર્શન ઉપરથી સરકારી સંવાદદાતાઓ બહુ ખૂબીપૂર્વક દારૂબંધીનાં અનિષ્ટો દર્શાવે છે અને કોઇ કુશળ લેખક કે કવિની રીતિએ ગુજરાત સરકારને દારૂબંધી હટાવવાની 'દ્રષ્ટિ' આપે છે ! દારૂબંધીથી કેવાં અપમૃત્યુ નીપજે છે, પોલીસખાતું કેટલું ભ્રષ્ટ બને છે, હલકા, ગેરકાનૂની શરાબના વેપારીઓ કેવો ધુમ નફો કરે છે ને રાજકારણીઓ તેમજ પ્રધાનો એ દ્વારા કેવી તોં એક પ્રકારની રોયલ્ટી મેળવે છે; એ બધું કોઇ કુશળ કલાકારની અદાથી દર્શાવીને પરોક્ષ રીતે દારૂબંધીની નીતિનો ત્યાગ કરવાનો ગુજરાત સરકારને સંકેત કરવામાં આવે છે. દારૂબંધીને કારણે ખુદ સરકારને લાખો રૂપિયાની ઓનની આવક થાય છે એટલે જ એ દારૂબંધીને વળગી રહી છે એવો હળવો આક્ષેપ પણ ભારે સિફતથી થાય છે.

–પણ આ બધાં અનિષ્ટોને એક બાજુએ રાખીએ અને બીજી તરફ દારૂ પીવાની છૂટ આપી દેવામાં આવે તો જે હાનિ દારૂ પીવાથી અને દારૂની દુકાનો ખોલવાથી થશે તે ઘણી ભયાનક હશે. ગુજરાતની પ્રજાની સાંસ્કારિક ચેતના દારૂબંધીને કારણે વધારે ધબકે છે, ગુજરાત યુવાનનું ખમીર નશાબંધીને કારણે વધારે ઉજ્જવળ બન્યું છે. અન્ય પ્રદેશોની તુલનામાં ગુજરાત આ વિષયમાં વધારે ગૌરવશીલ રહ્યું છે. ગાંધી જીવન દર્શનનું આ એક માત્ર પ્રકરણ-જેવું છે તેવું–ગાંધીજીની પોતાની પ્રજાએ સાચવીને તેમના આત્માને શાંતિ પહોંચાડી છે. અને માટે જ દારૂબંધીનો જ્યારે ગુજરાતમાંથી ત્યાગ થશે ત્યારે ગુજરાતનો ગાંધીયુગ સર્વાંગી દ્રષ્ટિએ ખતમ થઇ ગયો હશે.

દાંભિકતા : એક સામાજિક પ્રદૂષણ

© રમણલાલ જોશી

વ્યકિત એ સમાજનો એકમ છે. વ્યકિતની વૃત્તિ-પ્રવૃત્તિની અસર સમગ્ર સમાજ ઉપર પડે છે, એ કારણે દાંભિકતાને એક સામાજિક પ્રદુષણ રૂપે ઓળખાવવાનું પસંદ કરું છું. આજકાલ સમાજમાં દંભનું પ્રમાણ વધી ગયાનું આપણે સાંભળીએ છીએ. આ દંભ શી ચીજ છે ? દંભ એટલે ડોળ, ઢોંગ કરવો. આજે ભૌતિકવાદી માનસ સર્વત્ર જોવા મળે છે. દરેક માણસ દોડતો દેખાય છે. સઘળી ગતિ પ્રગતિ નથી. આજનો માણસ કઇ તરફ ગતિ કરે છે ? કદાચ મૃત્યુ તરફ. એને મન જે દેખાય છે એટલી જ સૃષ્ટિ છે. આ સૃષ્ટિમાં એ ચકરાવે ચડયો છે. હું ભૂલતો ન હોઉં તો સદ્‌ગત વા. મો. શાહના એક પુસ્તકનું શીર્ષક હતું : 'સંસારમાં સુખ કયાં છે ?' દરેકની દોડ સુખ મેળવવા પાછળ છે. સુખ પૈસાથી મેળવી શકાય છે એવી શ્રદ્ધા હોવાથી આજનો માણસ પૈસા મેળવવા પાછળ પોતાની બધી શકિત ખર્ચે છે. જો આ સત્ય હોત તો જેમની પાસે પૈસા છે એ દરેક માણસ સુખી હોવો જોઇએ. પણ વાસ્તવમાં એમ નથી. એટલે સુખનો આધાર બીજા કોઇ તત્ત્વ ઉપર છે એ વસ્તુ આપોઆપ સમજાય છે.

એટલે સમાજમાં વ્યાપક બનેલા દંભનું પગેરું અસત્યમાં મળી આવે છે. માણસ કે સમાજ આવો દંભ કરવાને કેમ પ્રેરાય છે ? દંભ દ્વારા દુન્યવી હેતુઓ હાંસલ કરવાનો એનો આશય હોય છે. સ્વાભાવિક રીતે જ બહિર્મુખતા એની પ્રેરણા છે. બહિર્મુખ વ્યકિત અહીંવૃત્તિથી પીડાય છે. આ જગતનો નિર્માતા પોતે છે અને આવી રીતે દંભાચરણ દ્વારા પોતાનાં સાધ્યો સિદ્ધ કરી શકાય એમ તે માનતો હોય છે. ઇશ્વરના અસ્તિત્વનો, એની સત્તાનો તે બિલકુલ સ્વીકાર કરતો હોતો નથી. માણસ દંભ કરે છે એની પાછળ જે ક્ષુલ્લક આશયો રહ્યા છે એને વ્યાપક રીતે ત્રણ વિભાગમાં વહેંચી શકાય :

૧. પોતે કેવો સાચો અને સારો છે એ બતાવવું.

૨. બીજાને માઠું ન લાગે.

૩. ખોટી રજૂઆત દ્વારા પોતે જેને અનુકૂળ માને છે એવો પ્રતિભાવ મેળવવો. આ ત્રણે પાછળ મનનું અજ્ઞાન રહેલું છે.

પહેલામાં તે પોતાના સાચા સ્વરૂપને ગોપિત કરે છે અને પોતે જે નથી તેને આગળ કરે છે. એમાં કેટલીકવાર આત્મરતિ પણ ભળેલી હોય છે. પ્રદર્શન વૃત્તિથી પ્રેરાઇને તે પોતાના વ્યકિતત્વને ઉઠાવ આપવાનો પ્રયાસ કરે છે.

બીજામાં તે સામા માણસને રખેને ખોટું લાગી જાય એ ગણતરીથી સાચી હકીકત ન કહેતાં ગોળ ગોળ અને મારી-મચડીને વિકૃત રૂપે હકીકતોને રજૂ કરે છે. સ્પષ્ટ છે કે એમાં ભેદદ્રષ્ટિ રહેલી છે. પોતે એનાથી જુદો છે એમ માનીને તે ચાલે છે. સર્વત્ર પરમાત્માની લીલા વિસ્તરી રહ્યાનું નથી એને સ્મરણ કે નથી એવું સ્વપ્ન પણ.

અને છેલ્લી વાત તે પોતાના સાધ્યને અનુકૂળ એવું વલણ સામી વ્યકિતમાં પ્રગટાવવું. દંભ કરવાની પાછળ આવી મનોવૃત્તિ હોય છે

વિચિત્ર વસ્તુ તો એ છે કે દંભ કરનાર વ્યકિત પોતે દંભ કરે છે. એનાથી પોતે જ્ઞાત–અર્ધજ્ઞાત હોય છે. દંભ કરનાર વ્યકિત સામો માણસ પોતાની આ રીતરસમથી અજાણ છે અને પોતે એને કેવો છેતરી શકે છે એમ મનમાં સમજતી હોય છે, પણ જાણકારની આગળ એની વાત છૂપી રહી શકતી નથી. કોઇવાર કોઇ મોઢે ન બોલે પણ સમજે તો છે જ કે આ માણસ દંભ કરી રહ્યો છે. ખરી રમૂજ તો ત્યારે આવે છે જ્યારે સામો માણસ પણ દંભી જ હોય. બંને દંભીઓ એકબી

બીજા સામે ટકરાય છે અને જેનામાં વધુ ચાલાકી, યુક્તિ-પ્રયુક્તિ કે વાણીવિલાસ હોય છે તે બીજાને મહાત કર્યાનો સંતોષ મેળવે છે.

સમાજ વ્યક્તિઓનો બનેલો છે અને વ્યક્તિઓ જેવું આચરણ કરે એવો સમાજ બને છે. કેટલીકવાર સમાજના રીતરિવાજો, રૂઢિ કે પ્રણાલિકાઓના પાલનમાં દંભવૃત્તિ દેખા દે છે. અરે! ધાર્મિક બાબતોમાં પણ નીતિનિયમોમાં છૂટછાટના માર્ગો શોધી કાઢી લોકો ઈશ્વર આગળ પણ દંભ આચરતા હોય છે. શું વ્યક્તિ કે સમાજ, દંભાચરણ માણસને ક્રમશઃ નીચે ઉતારે છે. નિર્દંભી માણસનો સ્વભાવ સરલ હોય છે, અને દરેક બાબતમાં, વ્યવહારમાં તે સરલપણે વર્તે છે. સરલ માણસને છેતરવાના પ્રસંગો પણ આવે છે પરંતુ કોઈને છેતરવા કરતાં કોઈનાથી છેતરાવું વધુ સારું છે, કેમકે છેતરનારને સરવાળે કંઈ ગુમાવવું પડતું નથી, જ્યારે છેતરનારને કદાપિ સાચી શાંતિ મળતી નથી. તુલસીદાસે પણ કહ્યું છે કે 'ભોલે ભાલે મિલે રઘુરાઈ'–ભોળા માણસને રઘુરાય મળે છે. માણસ પોતાના અંતઃકરણને કાચ જેવું નિર્મળ કરે અને જો તેમાં મલિનતાનો ડાઘ સરખો ન રહે તો એવા અંતઃકરણમાં પરમાત્માનું પ્રતિબિંબ પડે છે. સર્વત્ર તે પરમાત્માને વિલસતો અનુભવે છે, અને તેને તો 'જ્યાં હોંડે ત્યાં ભાગે હરિને હાથ' એવો અનુભવ હરક્ષણે થતો રહે છે પરમાત્માની મહાન બક્ષિસરૂપ એવા મનુષ્યજીવનની કૃતાર્થતા અનુભવાય એથી અદકું બીજું શું હોઈ શકે? દાંભિકતાના પ્રદુષણથી મુક્ત થયા સિવાય એ કયાંથી શક્ય બને?

ભવ્ય વ્યક્તિત્વનું હૃદયસ્પર્શી નિરૂપણ : વસ્તુપાલ વિષયક રાસકૃતિઓ

● બળવંત જાની

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાંથી એક જ સ્વરૂપમાં સમાન વિષયની કૃતિઓ રચાઈ હોય એવા ઘણાં ઉદાહરણો મળે છે. બારમી – તેરમી શતાબ્દીમાં સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય અને રાજકીય એમ અનેકવિધ ક્ષેત્રે કરેલા પ્રદાનથી પ્રસિદ્ધને પામેલા મહામાત્ય વસ્તુપાલના ચરિત્રને કેન્દ્રમાં રાખીને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સાત જેટલાં રાસ રચાયા છે. (જો કે 'વસ્તુપાલનું સાહિત્યમંડળ' નામના શોધનિબંધના સંશોધક ડો. ભોગીલાલ સાંડેસરાએ નિબંધ પ્રકાશન પછી ઈ. સ. ૧૯૬૩ માં હીરાનંદસૂરિ કૃત વસ્તુપાલ તેજપાલનો રાસ સંપાદિત કરીને પ્રકાશિત કરતી વેળાએ વસ્તુપાલ વિષયક રાસકૃતિઓના પાંચ કર્તાઓનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ 'જૈન ગૂર્જર કવિઓ'ની સંવર્ધિત એવી બીજી આવૃત્તિના ગ્રંથોમાંથી મને આ વિષયક સાત કર્તાઓ–કૃતિઓ વિષય સંદર્ભો પ્રાપ્ત થયેલ છે.)

આ સાતેય રાસકર્તાઓના જીવનકવનની પૂરતી વિગતો ગુજરાતી સાહિત્યમાં ઇતિહાસમાંથી પ્રાપ્ત થતી ન હોઈ પ્રારંભે એ સાતેય રાસકર્તાઓના જીવન અને પ્રદાનનો આછો પરિચય પ્રસ્તુત કરવાનો આશય છે. ત્યારબાદ એ રાસકૃતિઓની વિષયસામગ્રી અને કથનકળાના સ્વરૂપનો પરિચય રજૂ કરીને અંતે આ રાસ પરંપરાનું મૂલ્યાંકન પ્રસ્તુત કરવાનો ઉપક્રમ જાળવ્યો છે.

વસ્તુપાલ ચરિત્રને વિષયસામગ્રી તરીકે પસંદ કરીને સર્જાયેલા રાસની પરંપરાના આરંભક છે, હીરાનંદસૂરિ ઈ. સ. ૧૪૨૮માં 'વસ્તુપાલ રાસ' તેમણે રચેલો. ત્યાર પછી લક્ષ્મીસાગર સૂરિ, પાર્શ્વચંદ્ર સૂરિ, સમયસુંદર, પ્રેમવિજય, મેરુવિજય અને છેલ્લે સત્તરમાં શતકના ઉત્તરાર્ધમાં થયેલા અભયસોમ પાસેથી રાસકૃતિ મળે છે. આપણે ક્રમશઃ આ કર્તાઓના જીવન અને પ્રદાનની વિગતો જોઈએ.

૧. હીરાનંદસૂરિ : વસ્તુપાલના ચરિત્રને કેન્દ્રમાં રાખીને, મધ્યકાલીન ગુજરાતી રાસસાહિત્ય સ્વરૂપમાં એ વિષયક સર્જનની પરંપરા ઊભી કરનારાઓમાં હીરાનંદસૂરિ પહેલા છે. તેમણે 'વસ્તુપાલ તેજપાલનો રાસ' નામની રાસકૃતિ રચી છે. આ રાસમાં રચના સમય પણ નિર્દેશાયેલ છે. એ મુજબ ઈ સ. ૧૪૨૮ (વિ. સં. ૧૪૮૪)માં રચાયેલ છે. આ રાસના કર્તા હીરાનંદસૂરિ પીંપલગચ્છના જૈન સાધુ વીરપ્રભસૂરિના શિષ્ય તરીકે ઓળખાવાયેલ છે. આ સિવાય એમના જીવનની વિશેષ વિગતો પ્રાપ્ત થતી નથી. એમની કૃતિઓમાંની સૌથી જૂના રચના વર્ષાનિર્દેશનને આધારે ઈ. સ. ૧૪૨૮માં કર્તા હયાત હશે એવું અનુમાન કરીને પંદરમાં શતકનો પૂર્વાર્ધ એમનો કવનકાળ હશે એમ અનુમાની શકાય. એમની મુદ્રિત કૃતિઓ આ પ્રમાણે છે.

(૧) વસ્તુપાલ તેજપાલનો રાસ (૨) વિદ્યાવિલાસ પવાડો (૩) કલિકાલ રાસ, (૪) સ્થૂલિભદ્ર બારમાસા (૫) કલિયુગ બત્રીશી (૬) દિવાળી ગીત (૭) સરસ્વતી–લક્ષ્મી વિવાદ ગીત. અમુદ્રિત કૃતિઓ આ પ્રમાણે છે :

(૧) સમ્યકત્વ મૂલબાર વ્રતરાસ (૨) જાંબુસ્વામીનો વિવાહલો (૩) અઢાર નાતરાની સજ્ઝાય (૪) કર્મવિચાર ગીત, (૫) દશાર્ણભદ્ર ગીત. (૬) નલરાજ ગીત, (૭) પ્રાસ્થાવિક કથા, (૮) શત્રુંજય ભાસ.

૨. લક્ષ્મીસાગરસૂરિ :- આ કર્તા વિશે વિશેષ વિગતો પ્રાપ્ત થતી નથી. લક્ષ્મીસાગર નામધારી બે કર્તાઓ હોવાની સંભાવના છે. એમાંના એક લક્ષ્મીસાગર તપગચ્છમાં થયેલા. એમનો જન્મ સંવત ૧૪૬૪ (ઈ. સ. ૧૪૧૦) ભાદ્રપદ વદી બીજને દિવસે અને દીક્ષા સંવત ૧૪૭૭ (ઈ.સ. ૧૪૧૪)માં લીધાનો અને સંવત ૧૫૩૯ (ઈ. સ. ૧૪૮૩)માં કાળધર્મ પામ્યાના ઉલ્લેખો મળે છે. બીજા એક લક્ષ્મીસાગર માલધારી ગચ્છમાં ગુણસાગરસૂરિના પટ્ટધર થયા હતા. એમની સમયાવધિ સવત ૧૫૪૮ થી ૧૫૭૫ ઈ. સ. ૧૪૯૨ થી ૧૫૨૧ નો પ્રમાણિત થયેલ છે. આ બેમાંથી કયા લક્ષ્મીસાગરસૂરિએ 'વસ્તુપાલ તેજપાલ રાસ' કૃતિ રચી હશે એનો ખ્યાલ કૃતિમાંથી પ્રાપ્ત થતો નથી. કર્તાના સમયવર્ષને આધારે આ કૃતિને પંદરમા શતકના ઉત્તરાર્ધમાં મૂકી છે. હીરાનંદસૂરિ–૧ પછીના ક્રમે આ કૃતિને રાખી છે આ કર્તાની વસ્તુપાલ તેજપાલ રાસ નામે એક જ કૃતિ મળે છે અને તે મુદ્રિત છે.

૩. પાર્શ્વચંદ્રસૂરિ : (પાયચંદીય) પાર્શ્વચંદ્ર નામનો જે એક ગચ્છ ચાલે છે તેના મૂળ પુરુષ આચાર્ય એવા પાર્શ્વચંદ્રસૂરિ હમીરનગરના મૂળ વતની હતા. એમનો જન્મ વિક્રમ સવત ૧૫૩૭ (ઈ. સ. ૧૪૮૧) ચૈત્ર સુદી નોમ ને શુક્રવારે

થયેલો. એમના પિતાનું નામ વેલ્હગશાહ અને માતાનું નામ વિમલાદે હતું તેઓ પ્રાગ્વંશી હતા, એવી વિગતો મળે છે. વિ. સં. ૧૫૪૬ (ઇ. સ. ૧૪૯૦)માં એમણે સાધુરત્નના શિષ્ય તરીકે દીક્ષા લીધેલી. વિપુલ સાહિત્યસર્જન ઉપરાંત મારવાડના રાજા રાવગંગજી તથા મૂળરાજ માલદેવજીને એમણે પ્રબોધેલા. ખૂણોત ગોત્રના ક્ષત્રિય રજપુતોના ૨૨૦૦ જેટલા ઘરને પ્રબોધીને ઓસવાળ શ્રાવક બનાવેલા. બીજા પણ અનેકને એમણે શ્રાવકો બનાવેલાના ઉલ્લેખો મળે છે. એમણે દીક્ષા પછી અનેક પદવીઓ જેવી કે સંવત ૧૫૫૪ (ઇ. સ. ૧૪૯૮) માં ઉપાધ્યાય પદવી, સંવત ૧૫૬૫ (ઇ. સ. ૧૫૦૯) માં આચાર્ય પદવી અને સંવત ૧૫૯૯ (ઇ. સ. ૧૫૪૩) માં યુગપ્રધાન પદવી મળી હતી. સંવત ૧૬૧૨ (ઇ. સ. ૧૫૫૬) માં કાળધર્મ પામેલા. આમ ઇ. સ. ૧૪૮૧ થી ૧૫૫૬ સુધીના જીવનકાળને આધારે પાશ્ચંદ્રસૂરિને આપણે પંદરમા શતકના ઉત્તરાર્ધ અને સોળમા શતકના પૂર્વાર્ધના સમયમાં ગોઠવી શકીએ.

એમની મુદ્રિત કૃતિઓ આ પ્રમાણે છે:

(૧) સાધુ વંદના. (૨) ચરિત્ર મનોરથમાળા. (૩) શ્રાવક મનોરથ માલા, (૪) વસ્તુપાલ તેજપાલ રાસ (૫) આત્મશિક્ષા (૬) આરાધના મોટી. (૭) વીસ વિહરમાન સ્તુતિ (૮) એકાદશ વચન દ્વાત્રિંશિકા (૯) કેશી પ્રદેશી પ્રબંધ (૧૦) ૨૯ ભાવના (૧૧) સંક્ષેપ આરાધના (૧૨) આદિજિન વિનતિ (૧૩) સંવેગ બત્રીશી (૧૪) ચતુર્વિંશતી જિન પંચકલ્યાણક સ્તવન, અને (૧૫) શ્રવણ મનોરથ માલા. પચ્ચીશ જેટલી અમુદ્રિત કૃતિઓ છે. એમાંની કેટલીક શીર્ષક અત્રે દર્શાવેલ છે. (૧) પાક્ષિક છત્રીશી, (૨) અતિચાર ચોપાઇ (૩) આગમ છત્રીસી, (૪) ઉતરાધ્યયન છત્રીસી (૫) ગુરુ છત્રીસી (૬) મુહપત્તી છત્રીસી (૭) વિવેક શતક, (૮) દુહા શતક, (૯) એષણા શતક (૧૦) વિધિ શતક (૧૧) સંગરંગ પ્રબંધ વગેરે.

૪. સમયસુંદર ઉપાધ્યાય : સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, રાજસ્થાની, હિન્દી, સિંધી અને ગુજરાતી એમ વિવિધ ભાષાની મળીને શતાધિક રચનાઓના કર્તા સમયસુંદરનો જન્મ સંવત ૧૬૧૦ (ઇ. સ. ૧૫૫૪)માં થયાનું મનાય છે. મારવાડના સાંચોરની પ્રાગ્વાટ વણિક જ્ઞાતિમાં એમનો જન્મ થયાના ઉલ્લેખો મળે છે. એમના પિતાનું નામ રૂપસિંહ અને માતાનું નામ લીલાદેવી હતું. સંવત ૧૬૩૦ (ઇ. સ. ૧૫૭૪)માં ખરતરગચ્છના જિનચંદ્રસૂરિ ઉપાધ્યાયના શિષ્ય સકલચંદ્રગણિના શિષ્ય તરીકે દીક્ષા લીધેલી. સંવત ૧૬૪૧ (ઇ. સ ૧૫૮૫)માં એમને ગણિપદવી, સંવત ૧૬૪૯ (ઇ. સ. ૧૫૯૩)માં વામનાચાર્યની પદવી, સવત ૧૬૭૧ (ઇ.સ. ૧૬૧૫)માં ઉપાધ્યાય પદવી અને અંતે મહોપાધ્યાયની પદવી મળી હોવાનું જાણવા મળે છે. સંવત ૧૬૯૬ (ઇ. સ. ૧૫૪૦)ને ચૈત્ર સુદી તેરસને દિવસે અમદાવાદમાં તેઓ કાળધર્મ પામેલા.

એમણે રાસા, પ્રબંધ, ચોપાઇ, છત્રીસી, ચોવીસી, સ્તવન, સજઝાઈ અને ગીત જેવાં સાહિત્યસ્વરૂપો ઉપરાંત વ્યાકરણ, ટીકા, કાવ્યલક્ષણ, છંદ, ન્યાય, જ્યોતિષશાસ્ત્ર અને સિદ્ધાન્તચર્ચા અને કથાસાહિત્ય તથા બાલાવબોધ જેવાં વિવિધ ક્ષેત્રોમાં પણ પ્રદાન કર્યું છે. જેમાંથી એમની બહુમુખી સાહિત્યિક પ્રતિભાશક્તિનાં દર્શન થાય છે. ગુજરાતી ભાષામાં એમની ત્રીસ જેટલી રચનાઓ મળે છે. મોગલસમ્રાટ અકબરને સમયસુંદર પ્રત્યે અપાર આદર હતો. 'રાજ્ઞો દદતે સૌખ્યમ' એ આઠ અક્ષરના આઠ લાખથી પણ વિશેષ અર્થો તારવીને રચેલ ગ્રંથ 'અષ્ટલક્ષી'થી અકબર અને અન્ય રાજાઓ પણ પ્રભાવિત થયા હતા. સમયસુંદરને પાંસઠાલીસથી પણ વધુ શિષ્યો હતા. તેમાંના કેટલાક તો ઉત્તમ વિદ્વાન અને સર્જકો તરીકે સુખ્યાત થયેલા. સંવત ૧૬૮૭ (ઇ. સ. ૧૬૨૧)ના દારુણ દુષ્કાળની અત્યંત ઘેરી અસર એમના ચિત્ત પર પડેલી. સમાની સામાજિક રાજકીય સ્થિતિને આલેખતી રચનાનું સર્જન કરેલું. આમ સંવેદનશીલ, પ્રકાંડ પંડિત, બહુશ્રુત અને ઉત્તમ કવિ એવા સમયસુંદરના જન્મવર્ષ ઇ.સ ૧૫૫૪ અને અવસાન વર્ષ ઇ. સ. ૧૬૪૦ ને આધારે સોળમા શતકનો ઉત્તરાર્ધ અને સત્તરમા શતકના પૂર્વાર્ધના સમયમાં આ સર્જકને ગોઠવેલ છે. એમની પચીસેક જેટલી મુદ્રિત કૃતિઓમાંથી કેટલીકનાં શીર્ષકો આ પ્રમાણે છે, (૧) નલદવદંતી રાસ (૨) મૃગાવતી ચરિત્ર ચોપાઇ (૩) સીતારામ ચોપાઇ (૪) વલ્કલચીરી રાસ, (૫) સિંહલસૂત પ્રિયપલક રાસ (૬) વસ્તુપાલ તેજપાલ રાસ (૭) શત્રુંજય તીર્થ રાસ (૮) ક્ષુલ્લક કુમાર રાસ (૯) ચંપકશ્રેષ્ઠી ચોપાઇ (૧૦) ધનદત્ત શ્રેષ્ઠી ચોપાઇ (૧૧) પૂજા રત્નઋષિ રાસ (૧૨) ક્ષમા છત્રીસી (૧૩) કર્મ છત્રીસી (૧૪) સત્યાસિયા દુષ્કાળ વર્ણન છત્રીસી વગેરે... એમની કેટલીક અમુદ્રિત કૃતિઓમાંથી કેટલીકનાં શીર્ષકો આ પ્રમાણે છે:

(૧) સાંબ પ્રદ્યુમ્ન ચોપાઇ (૨) દ્રૌપદી ચોપાઇ (૩) ગૌતમ પૃચ્છા ચોપાઇ (૪) થાવચ્ચાસૂત ચોપાઇ (૫) સાધુવંદના રાસ (૬) ષડાવશ્યક બાલાવબોધ.

૫. પ્રેમવિજય : મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આ કવિ પૂર્વે ત્રણ પ્રેમવિજય નામધારી કર્તાઓ હોવાને 'વસ્તુપાલ તેજપાલ રાસ'ના કર્તા પ્રેમવિજયને ચોથો ક્રમ અપાયેલ છે. તપગચ્છના જૈન સાધુ વિજયસેનસૂરિના શિષ્ય વિમલસેનસૂરિના શિષ્ય તરીકેનો એમનો ઉલ્લેખ મળે છે. એ સિવાય આ કર્તા વિશેની વિગતો પ્રાપ્ત થતી નથી. એમની કૃતિમાંથી રચનાવર્ષ સંવત ૧૬૫૯ (ઇ. સ. ૧૬૦૩) પ્રાપ્ત થતું હોવાને આ સમયે કર્તા હયાત હશે એમ ધારીને સત્તરમાં શતકના પૂર્વાર્ધમાં આ કર્તાને ગોઠવેલ છે. એમની મુદ્રિત કૃતિઓ આ પ્રમાણે છે : (૧) આત્મશિક્ષા ભાવના, (૨) શત્રુંજય સ્તવન, (૩) સીતા સતી સજઝાય અને અમુદ્રિત કૃતિઓ આ પ્રમાણે છે (૧) તીર્થ માલા, (૨) વસ્તુપાલ તેજપાલ રાસ (૩) ધનવિજય પન્યાસ રાસ.

૬. મેરુવિજય :- તપગચ્છના જૈનસાધુ વિજયદાનસૂરિ પંડિતની પરંપરામાં ગોપજી ગણિ રગવિજય ગણિના શિષ્ય તરીકેનો ઉલ્લેખ મળે છે. એથી વિશેષ અન્ય વિગતો મળતી નથી. એમની કૃતિના રચના વર્ષ ઉલ્લેખ સંવત ૧૭૨૧ (ઇ. સ. ૧૬૬૫ પ્રાપ્ત થતું હોવાને એને આધારે સત્તરમા શતકના ઉત્તરાર્ધમાં આ કર્તાને ગોઠવેલ છે. એમના નામે ત્રણ કૃતિઓ નોંધાઇ છે. એ ત્રણેય મુદ્રિત છે. (૧) નમંદાસુંદરી રાસ, (૨) વસ્તુપાલ તેજપાલનો રાસ (૩) શ્રીપાલ રાસ.

૭. અભયસોમ :- ખરતર ગચ્છના જૈનસાધુ સાતમા જિનચંદ્રસૂરિના શિષ્ય સોમસુંદરસૂરિના શિષ્ય તરીકે તેમનો

ઉલ્લેખ મળે છે. એ સિવાય અન્ય વિશેષ વિગતો પ્રાપ્ત થતી નથી. એમની કૃતિના રચના વર્ષ સંવત ૧૭૨૭ (ઈ. સ. ૧૬૭૧) ને આધારે આ કર્તાને સત્તરમાં શતકના ઉત્તરાર્ધમાં ગોઠવ્યા છે. એમની એક કૃતિ મુદ્રિત થયેલી છે.

(૧) માનચુંગ માનવતીની ચોપાઇ. આ ઉપરાંત ચાર જેટલી કૃતિઓ અમુદ્રિત છે. (૧) વૈદ્યભીં ચોપાઇ (૨) વિક્રમ-ચરિત ખાપરાની ચોપાઇ. (૩) વસ્તુપાલ તેજપાલ ચોપાઇ (૪) વિક્રમચરિત લીલાવતી ચોપાઇ.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વસ્તુપાલના ચરિત્રને આલેખતી સાત રાસકૃતિઓ પ્રાપ્ત થાય છે. એ તમામ રાસકૃતિઓના કથાનકો અને કથનકળાના સ્વરૂપનો પરિચય અત્રે પ્રસ્તુત કરેલ છે.

(૧) હીરાનંદસૂરિ કૃત 'વસ્તુપાલ રાસ' :- ઐતિહાસિક સામગ્રીની અભિવ્યક્તિ અને તેનું સ્વરૂપ એમ બે દૃષ્ટિએ આ કૃતિ મહત્ત્વની છે. ઈ. સ. ૧૪૨૮માં આ રચના થઇ છે એવા ઉલ્લેખવાળી હસ્તપ્રત ઉપલબ્ધ છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વસ્તુપાલને વિષય બનાવીને રચાયેલી આ પ્રથમ રાસકૃતિ છે.

સમગ્ર કથાનક છ અધિકારમાં અને અઠાણુ કડીમાં વિભાજિત છે. પ્રથમ અધિકારની પચીસ કડીમાંથી ચૌદ કડી સુધી તો સોળમા તીર્થંકર નેમિનાથનું અને સરસ્વતીનું સ્તવન છે, પછી વસ્તુપાલનો જન્મપ્રસંગ આલેખીને એમનાં કુળ, જન્મભૂમિ, માતાપિતા, પત્ની અને પુત્રાદિનો તથા અનુજ બંધુ તેજપાલનો પરિચય અપાયેલ છે.

બીજા અધિકારમાં ક્રમ છવીસથી છત્રીસ કડી છે, જેમાં વસ્તુપાલે કરેલાં પુણ્યકાર્યોની વિગતો રજૂ કરાઇ છે. ત્રીજો અધિકાર બે કડીનો છે, એમાં વસ્તુપાલના ચરિત્રની વિશેષ વિગતો છે. પછી વચનિકા (બોલીની છાંટવાળું સપ્રાસ ગદ્ય)માં વસ્તુપાલને મળેલાં બત્રીશ બિરુદો છે. ચોથા અધિકારમાં આડત્રીસથી એકતાલીસ ક્રમ સુધીની કડીઓ છે. અહીં શત્રુંજય પર્વતનું વર્ણન, અન્ય પ્રાંતોની નામાવલિ અને તે-તે પ્રદેશના શ્રાવકોનો સંઘ લઇને વસ્તુપાલ શત્રુંજય યાત્રાએ નીકળ્યા એ વિગતો છે. પાંચમા અધિકારની બેતાલીશથી તોંતેર સુધીની કડીમાં યાત્રામાં જોડાયેલી જુદી જુદી પ્રાંતની યુવતીઓના મુખે વ્યંગોક્તિઓ દ્વારા વસ્તુપાલના સદ્‌ગુણો અને તેમના ચરિત્રને વર્ણવ્યા છે. છઠા અધિકારની ચુમોતેરથી અઠાણુ સુધીની કડીમાં યાત્રાસંઘનું વર્ણન છે. એમાં સંઘની શોભા, સંઘમાં મનોરંજન અને શિક્ષણ માટે જોડાયેલા કવિજનો વિષયક વિગતો અને અંતે ગુરુપરંપરા તથા રાસ રચ્યાસંવત નિર્દેશીને હીરાનંદસૂરિએ રાસ પૂર્ણ કરેલ છે.

કથાનકનું અધિકારમાં વિભાજન, વિષયસામગ્રીનું લાઘવથી નિરૂપણ અને કથાનકને જુદી જુદી પ્રયુક્તિઓથી રજૂ કરવાની દૃષ્ટિને રાસસ્વરૂપમાં આ કૃતિનું સ્થાન ઘણું જ મહત્ત્વનું ગણાય. વચનિકા (બોલીની છાંટવાળા અપ્રાસ ગદ્ય) દ્વારા, વ્યંગોક્તિ અને કથન, વર્ણનના માધ્યમથી કથાને રજૂ કરેલ છે. દુહા, ષટપદ, કમલક, ચંદ્રાનન, ભુજંગપ્રપાત, ત્રોટક, અડપલાં, નારાચ અને મોતીદામ જેવા છંદોનો વિનિયોગ, અલંકારોનું નિરૂપણ અને કૃતિમાંથી પ્રગટતો લય પણ આ કૃતિની વિશિષ્ટતા છે. હીરાનંદસૂરિની આવી સૂઝપૂર્વકની કથનકળાને કારણે આ રાસકૃતિ એક મહત્ત્વની સાહિત્યકૃતિ તરીકેના સ્થાનની અધિકારી છે.

કથાનક પાંખું છે. કથન કરતાં વર્ણન વિશેષ છે. કર્તાએ વસ્તુપાલના જીવનને ઓછું અને કાર્યોને વિશેષ મહત્ત્વ આપીને વર્ણવેલ છે, વસ્તુપાલના ગુણોનું કથન કે વર્ણન નહીં પરંતુ જુદા-જુદા પ્રદેશની બોલીમાં તે-તે પ્રદેશની બોલીમાં તે-તે પ્રદેશની યુવતીઓ વ્યંગોક્તિઓ દ્વારા વસ્તુપાલનું ગુણદર્શન કરાવે એવી યોજનામાંથી હીરાનંદસૂરિની સર્જક દૃષ્ટિનો પરિચય મળી રહે છે.

(૨) લક્ષ્મીસાગરસૂરિ કૃત 'વસ્તુપાલ તેજપાલ રાસ' વસ્તુપાલના ચરિત્રને સ્પર્શતી કેટલીક નવી વિગતો અને કથાનકના ક્રમબદ્ધ સુરેખ આલેખનને કારણે આ કૃતિનું મહત્ત્વ છે. કુલ પાંચ ભાસમાં અને અઠાવન કડીમાં સમાવિષ્ટ આ રાસકૃતિ એમાંના કથાતત્ત્વના વિકાસના નિરૂપણને કારણે મહત્ત્વની છે. અહીં કથાનકમાં વિધવા માતા અને તેનું પનલંજન વગેરે ઘટનાઓનું નિરૂપણ થયું છે. મેરુતુંગાચાર્યના 'પ્રબંધચિંતામણિ'માં આલેખાયેલી ઘટનાઓ અહીં કર્તાએ કથાનકમાં ખપમાં લીધી છે.

પ્રથમ ભાસ નવ કડીનો છે. આમાં ચાર પંક્તિની એક કડી છે. છેલ્લી નવમી કડી બે પંક્તિની છે. પછી પાંચ પંક્તિનું વરમુ છે, આ દશ કડી સુધીમાં પ્રારંભે ગૌતમસ્વામીને અને સરસ્વતીને પ્રણામ છે. શરૂઆતમાં અલંકૃત ભાષામાં પાટણનગરનો વૈભવ દર્શાવેલ છે. પછી વસ્તુપાલના પૂર્વજો વિધવા કુંવરીદેવી વિષયક વિગતો મુકાઇ છે. કોઇ એક દિવસે આ વિધવા કુંવરીદેવી હરિભદ્રસૂરિની વ્યાખ્યાનસભામાં બેઠી-બેઠી વ્યાખ્યાન સાંભળતી હતી ત્યારે હરિભદ્રસૂરિની નજર સતત વિધવા કુંવરીદેવી ઉપર મંડાયેલી રહી હતી, એટલે આશરાજ નામના એક વણિકે પૂછ્યું કે, ગુરુદેવ આપની નજર કુંવરીદેવી તરફ સતત જતી હતી એનું રહસ્ય સમજાવો. ગુરુએ થોડી આનાકાની બાદ ઉત્તર આપ્યો કે એ કુંવરીનો કુખે સૂર્ય-ચંદ્ર સમાન બે રત્નપુરુષો અવતરશે. આ સાંભળીને આશરાજે મનોમન કુંવરી સાથે પરણવાનો વિચાર કરી નાખ્યો. અને ખુદ આદિનાથે પણ વિધવા સાથે લગ્ન કરેલા એટલે આ પ્રકારનું વિધવાલગ્ન આવકાર્ય ગણાશે એવું સમાધાન મનોમન કરે છે. આટલું કથાનક પ્રથમ ભાસમાં છે.

બીજી ભાસ અગિયારથી એકવીસ ક્રમ સુધીની કડીમાં છે. તમામ કડીઓ ચાર પંક્તિની છે, પણ બીજી અને ચોથી પંક્તિમાં માત્ર પૂર્વાર્ધ ચરણ છે. એકવીસમી કડી વસ્તુની પાંચ પંક્તિ છે. વિધવા કુંવરીદેવીના નિવાસસ્થાને એક ભરવાડ રહેતો હતો. આશરાજે આ ભરવાડ સાથે મૈત્રી બાંધી અને પછી એક દિવસે આશરાજે ભરવાડને પોતાના મનની ઝંખના રજૂ કરીને મદદ કરવા કહ્યું એટલે પેલા ભરવાડે વિધવા કુંવરીદેવી રાત્રે નિંદ્રાધીન હતી ત્યારે વેગીલી ગતિવાળી સાંઢણી પર નાંખીને એનું હરણ કરીને આશરાજ પાસે લઇ આવ્યો. આ સમય દરમ્યાન કુંવરીદેવીની ઊંઘ ઉડી ગઇ. અને ખૂબ જ કોપિત થઇને કટારથી આત્મહત્યા કરવા તત્પર થઇ. ત્યારે આશરાજે બધી વાત કહી. વાત સાંભળતાં વિશ્વાસ બેઠો અને પછી તેની સાથે લગ્નગ્રંથિથી જોડાઇ પછી

તેઓ કોંકણ દેશના સોપારા નગરમાં જઈને ત્યાં રહીને દાંપત્યજીવન વિતાવવા લાગ્યા. અહીં આશરાજને સાત પુત્રીઓ થઈ પાછળથી બે પુત્રો થયા પણ બાલ્યાવસ્થામાં જ એનું અવસાન થયું. આશરાજ આથી ખિન્ન થયો. પુનઃ હરિભદ્રસૂરિ પાસે જઈને કહ્યું કે બે પુત્રો થયેલા પણ એ તો અવસાન પામ્યા. તમારું વચન સાચું પડયું નહીં. હવે તો માત્ર સાત પુત્રીઓ જ છે. હરિભદ્રસૂરિએ કહ્યું કે તમે ગુજરાતમાં ધોળકા ગામે રહેશો તો અવશ્ય સૂર્ય-ચંદ્ર સમાન કાંતિવાળા બે પુત્રો થશે. એટલે આશરાજ અને કુંવરીદેવી સાતેય પુત્રીઓ સાથે ધોળકા રહેવા આવ્યા. અહીં તેમને બે પુત્રો થયા. પ્રથમનું નામ વસ્તિગ (વસ્તુપાલ) અને બીજાનું નામ તેજીગ (તેજપાલ) રાખ્યું.

ત્રીજી ઢાલ બાવીશથી એકત્રીશ કડીની છે. અહીં ત્રીસ કડી સુધી બે પંક્તિની કડી છે અને છેલ્લે વસ્તુની એકત્રીશમી કડી પાંચ પંક્તિની છે. દિવસે-દિવસે બન્ને કુમારો મોટા થવા લાગ્યા એટલે સમય જતાં વસ્તુપાલના લલિતાદે (લલિતાદેવી) સાથે અને તેજપાલના અનુપમદે (અનુપમાદેવી) સાથે લગ્ન થયા. ધોળકા નગરના વાઘેલા વંશના રાજા વીરધવલે આ બન્ને ગુણવાન વણિકપુત્રોની ખ્યાતી સાંભળીને પોતાની પાસે બોલાવ્યાં. મિલન પછી રાજાએ અત્યંત પ્રસન્ન થઈને રાજ્યના કારભારની કામગીરી સ્વીકારવા કહ્યું. ત્યારે કુમારોએ કહ્યું કે આપની આજ્ઞા શિરોમાન્ય છ પણ પહેલાં તમે અમારી પાસે રહેલું લાખ રૂપિયાનું ધન છે એ જોઈ લો અને પછી કદાચ તમારો ક્રોધ ચડે તો એ દ્રવ્યનું તમે હરણ નહીં કરો એવું વચન આપો. કુમારોની આવી ઊંડી સૂઝ અને દૃષ્ટિથી પ્રભાવિત થઈને બન્નેને રાજાએ પોતાના પ્રધાનો બનાવ્યા. વસ્તુપાલને ખ ભાતનું બ્યવસ્થાતંત્ર ગોઠવવા મોકલ્યા. અહીં શંખ અને સૈયદની જોહુકમી પડકારીને એનો ઘમંડ દુર કરવા એની સામે યુદ્ધ કર્યું અને વિજય મેળવીને બધી લક્ષ્મી મેળવી, ખંડેરાવ નામના એક સરદારનો મદ પણ હરેલો, આવા છત્રીસ યુદ્ધો કરીને, પ્રજાને પરેશાન કરતાં તત્ત્વોને આકરી-કડક સજા કરીને, એક આદર્શ રાજ્ય વ્યવસ્થા ગોઠવીને પ્રજાની આબાદીમાં અભિવૃદ્ધિ કરી હતી. રાજા વીરધવલ વસ્તુપાલની શાંકતથી પ્રસન્ન થઈને વિશેષ આદર આપતા થયેલા. બન્ને ભાઈઓ હવે ધર્મકાર્ય તરફ વળ્યા.

ચોથી ઢાલમાં બત્રીસથી એકતાલીસ ક્રમ સુધીની કડી છે. તમામ કડીઓ બે-બે પંક્તિની છે. છેલ્લી એકતાલીસમી કડી વસ્તુછંદની પાંચ પંક્તિની છે. આ ઢાલમાં વસ્તુપાલે અને તેજપાલે કેવાં અને કેટલાં સત્કર્મો કર્યાં એની યાદી છે. અહીંથી વસ્તુપાલની સર્વધર્મ પરત્વેની સમભાવનાપૂર્વકની દૃષ્ટિનો પરિચય મળે છે. પાંચમી ઢાલમાં બેતાલીસથી અઠ્ઠાવન ક્રમ સુધીની કડી છે તમામ કડીઓ બે-બે પંક્તિની છે. અહીં વસ્તુપાલે સંઘયાત્રા કરેલી એનું વર્ણન છે. એમાં કોણ-કોણ સામેલ હતું, એની વિગતો મૂકીને અંતે ફલશ્રુતિ છે.

આ રાસકૃતિમાંના પાંચ ઢાલ અને તેની અઠ્ઠાવન કડીમાંથી વસ્તુપાલના જીવન અને કાર્યો વિષયક રૂપરેખા પ્રાપ્ત થાય છે. આ રીતે જીવનને વિશેષ મહત્ત્વ આપીને એ વિષયક ઘટનાઓમાંથી કથાનક ગૂંથીને રચાયેલી રાસસ્વરૂપની આ રચનાનું ઘણું બધું મહત્ત્વ છે. મેરુતુંગાચાર્ય કૃત 'પ્રબંધ ચિંતામણિ' સિવાય અન્ય કોઈ સ્થળે વસ્તુપાલના જન્મને લગતી આ રાસમાંની વિગતો નિરૂપાઈ નથી. અહીં અત્યંત રસપ્રદ કથાનક તરીકે એ ઘટનાઓનું નિરૂપણ થયું છે. વિધવા સાથે વિવાહ કરતી વખતે તાર્કિક દૃષ્ટિએ વિધવાવિવાહની ઘટનાને આદિનાથ ભગવાને પણ વિધવા સાથે લગ્ન કર્યું હતું એ પૂર્વકાલીન બનાવ સંભારીને વિધવા સાથે લગ્ન કરવામાં ખોટું ન માનતો આશરાજ લક્ષ્મીસાગરે સરસ રીતે નિરૂપેલ છે. પ્રારંભના ભાસમાં તો એ જ નાયક છે. પછી કેન્દ્રમાં વસ્તુપાલ આવે છે. આશરાજ, હરિભદ્રસૂરિ, વિધવા કુંવરીદેવી, ભરવાડ વસ્તુપાલ વગેરે પાત્રોને અનુષંગે કથાને જે રીતે વિકસાવી છે એમાંથી કર્તાના કથા-કથનના કૌશલ્યનો પરિચય મળે છે.

પ્રત્યેક ભાસને અંતે પાંચ પંક્તિની વસ્તુછંદની એક કડી આવે છે. આ વસ્તુ બહુધા ભાસમાં આવી ગયેલી વિગતોને વર્ણવે છે. આ લઘુરાસકૃતિ વસ્તુપાલના જીવન અને કાર્યોનો લયાન્વિત બાનીમાં રસપ્રદ રીતે પરિચય કરાવે છે. કથાનકને રસપૂર્ણ બનાવવું એમાં પણ સર્જકદૃષ્ટિ જોઈએ એવી સર્જનાત્મકદૃષ્ટિનો સુંદર પરિચય આ રાસકૃતિમાં થાય છે.

(૩) પાર્શ્વચંદ્રસૂરિ કૃત 'વસ્તુપાલ તેજપાલ રાસ' :- પાર્શ્વચંદ્રસૂરિની આ રચના બહુધા લક્ષ્મીસાગરસૂરિના રાસને મળતી આવે છે. કથાના મહત્તમ અંશો એક સરખા છે. પરંતુ અહીં વર્ણનાત્મક અંશો વિશેષ હોઈ રાસકૃતિ થોડેઘણે અંશે જુદી પડે છે. વસ્તુપાલના જીવનની લક્ષ્મીસાગરે વર્ણવેલી વિગતો અહીંથી પણ પ્રાપ્ત થાય છે. અર્થાત્ વસ્તુપાલના અવસાન બાદ એક સૈકા જેટલો સમય પૂર્ણ થાય એ પૂર્વેથી વસ્તુપાલના સંતાનોય હયાત હોય ત્યારથી મેરુતુંગાચાર્ય કૃત 'પ્રબંધચિંતામણિ' અને એ પછી આ બે રાસકૃતિઓમાં વસ્તુપાલની હયાતી દરમ્યાન પ્રકાશમાં ન આવેલી વિગતો બહાર આવી. એ રીતે એક કથાની પરંપરા અહીં દૃઢ થાય છે. આ દૃષ્ટિએ પાર્શ્વચંદ્રસૂરિ દ્વારા આ કૃતિનું મહત્ત્વ છે.

પાર્શ્વચંદ્રની પચાસ જેટલી કૃતિઓમાં ઐતિહાસિક કથાનક પર આધારિત આ રાસકૃતિનું આગવું મહત્ત્વ છે. લક્ષ્મીસાગરસૂરિ જેવા જ બંધમાં આ કૃતિ છે. તેમ છતાં પ્રાસ-અનુપ્રાસની દૃષ્ટિએ અહીં તાજગી જોવા મળે છે. છયાંસી જેટલી કડીમાં વહેંચાયેલી આ રાસકૃતિમાં પણ પાંચ ઢાલ છે.

પરંપરામાં એક ઉમેરણરૂપ આ કૃતિને ગણાવી શકાય. નવો પદક્રમ ન સ્થાપતી હોવા છતાં એક ધારાને-પરંપરાને સમૃદ્ધ કરતી આ કૃતિનું ઐતિહાસિક દૃષ્ટિએ પણ મહત્ત્વ છે.

(૪) સમયસુંદર કૃત 'વસ્તુપાલ તેજપાલ રાસ':-વસ્તુપાલના ચરિત્રમાંથી માત્ર પુણ્યકાર્યો અને યાત્રાઓની વિગતોને આલેખતી આ રાસકૃતિનું ઐતિહાસિક વિગતોને લયબદ્ધ રીતે ઢાળતી કૃતિ તરીકે મહત્ત્વ છે.

પ્રારંભમાં દુહાબંધની પાંચ કડીમાં સરસ્વતી અને જીનદેવોને વંદના પછી વસ્તુપાલની વંશાવળી અને પછી વસ્તુપાલને અઢાર વર્ષ થયાને ધર્મકાર્ય તરફ વળ્યા એવું સૂચવીને પછીની ઢાલમાં છઠ્ઠીથી પચ્ચીસમી કડી સુધી 'ધરમકરણ કરે એ વસ્તુપાલ તેજપાલ'ની ધ્રુવ કડીમાં દેશીમાં વસ્તુપાલે કરેલાં પુણ્યકાર્યોની વિગતો રજૂ થઈ છે. પછી દોહાની એક કડી અને પુનઃ સત્યાવીશમીથી ચાલીસમી કડી સુધી ચોપાઈબંધમાં

વસ્તુપાલે કરેલ યાત્રાનું વર્ણન, સંઘનું વર્ણન થયું છે.

આમ વસ્તુપાલના જીવનનાં અન્ય કાર્યો કરતાં ધર્મકાર્યોને આલેખતું આ કાવ્ય વસ્તુપાલના ધર્મભાવશીલ વ્યક્તિત્વનો સુંદર પરિચય કરાવે છે. આંતરયમક, પ્રાસાનુપ્રાસ આ રાસકૃતિને રસપૂર્ણ બનાવે છે.

(૫) પ્રેમવિજયકૃત 'વસ્તુપાલ તેજપાલ રાસ' :- આ રાસકૃતિ અપ્રકાશિત છે. ખંભાત (ગુજરાત)માંના વિજયનેમિસૂરિશ્વર જ્ઞાનમંદિરમાંની ૨૩૦૩ નંબરની MSS માં આ કૃતિ છે. કૃતિ હસ્તપ્રતના સાડત્રીશમા પૃષ્ઠ સુધી છે. પ્રત્યેક પૃષ્ઠમાં અગિયાર જેટલી પંક્તિ છે.

સમગ્ર રાસ પચ્ચીસ ઢાલમાં વિભાજિત છે. અને પાંચસો ચાર કડી છે. અહીં વસ્તુપાલનું ચરિત્ર વિગતે આલેખાયું છે. એનાં પુણ્યકાર્યોમાંના સ્થાપત્યની વિગતોનું અને સંઘયાત્રાનું વિગતે વર્ણન છે. એ દૃષ્ટિએ વસ્તુપાલના ચરિત્રની વિષયસામગ્રીનું વિગતે આલેખન કરતી આ રચના પ્રથમ લાંબી રાસકૃતિ છે. વિગતપૂર્વકની ગુરુ પદ્યાવલિ પણ આ કૃતિમાં મુકાઇ છે. આ બધી દૃષ્ટિએ આ રાસકૃતિનું ઘણું મહત્ત્વ છે.

(૬) મેરુવિજય કૃત 'વસ્તુપાલ તેજપાલનો રાસ' :- વસ્તુપાલ વિષયક રાસકૃતિઓમાં સૌથી લાંબી આ રચના છે. કુલ ૭ ખંડમાં વિભાજિત છે. આઠસોસાઠ કડી છે. ક્રમબદ્ધ રીતે ઉદાહરણો પ્રસ્તુત કરીને કથા રજૂ કરવાની કર્તાની દૃષ્ટિને કારણે કથનકળાસંદર્ભે આ કૃતિ મહત્ત્વની છે. વસ્તુપાલનાં ચરિત્રનાં તમામ પાસાંઓ કર્તાએ વિગતે આલેખ્યાં છે.

પ્રથમ ખંડમાં આરંભે દોહાબંધમાં રામગિરિ રાગમાં સરસ્વતી અને જિનેશ્વરની વંદના બાદ સીધા પાટણની વાત કરતા નથી પણ સમગ્ર જંબુદ્વીપ, એમાંનો ભરતખંડ, અનેક જૈન તીર્થંકરો, સંતો અને શ્રેષ્ઠીઓના આલેખન બાદ દાન, માન અને દયાની ખાણ જેવા ગુજરાત અને એમાંના પાટણ નગરના અસ્તિત્વની કથા રજૂ કરી છે. પછી નગરનું વર્ણન છે. નગર બહુ મોટું છે, આંટીઘૂંટીવાળું છે, ગીચ છે એ બધું દર્શાવવા એક રાણાનું ભૂલા પડવું અને એની પત્નીનું રાજા પાસે ફરિયાદ કરવા જવું, પછી શોધાશોધ, રાણાની પત્ની અંતે સતી થવા તત્પર હોય ત્યાં રાણાનો પ્રવેશ. આવી એક કલ્પિત કથા જોડીને એ દ્વારા કર્તાએ પાટણનું ભારે કુશળતાથી વર્ણન કર્યું છે. પછી સિધ્ધરાજનો રાજ્યકાળ, હરિભદ્રસૂરિનું આલેખન અને વસ્તુપાલના પૂર્વજોનાં નામ-ઠામ આલેખેલ છે. પછી વસ્તુપાલના પિતા આશરાજની દરિદ્રતા અને એ કારણે પાટણ છોડીને નજીકના માલાસણ ગામમાં સ્થાયી થાય છે. અહીં ગુરુ હરિભદ્રસૂરિ ધર્મોપદેશ બાદ શિષ્યને કહે છે કે મને શાસનદેવીએ કહ્યું છે કે કુમારદેવીને શાસનને વિકસાવનારા બે પુત્રો થશે. આશરાજ આ બધું સાંભળતા હોય છે. બીજે દિવસે કુમારદેવી કથાશ્રવણપાન માટે આવે છે ત્યારે એને જોતાં જ ગુરુ હરિભદ્રસૂરિ માથું નમાવે છે. એટલે ધર્મારાધના બાદ આશરાજ, ગુરુને પૂછે છે કે તમે કુમારદેવી સમક્ષ માથું કેમ નમાવેલું ગુરુ ખરું કારણ કહેતા નથી. પરંતુ પછી વિશેષ આગ્રહને વશ થઇ કહે છે કે આ કુમારદેવીની કુખેથી બે રત્નસમાન પુત્રો જન્મશે. આ જાણીને આશરાજ કુમારદેવીને પૂર્વનાં દૃષ્ટાંતો આપીને પોતાની પત્ની બનાવવાના પ્રયત્નો કરે છે. પરંતુ કુમારદેવી સમત થતાં નથી. એટલે આશરાજ એનું હરણ કરવાની યોજના વિચારે છે. એ જ ગામના રાજવીર રાયકા દ્વારા તેજ ગતિવાળી સાંઢણીમાં બેસાડીને એક રાત્રીએ કુમારદેવીનું હરણ કરવામાં આવે છે. હરણ કરીને કુમારદેવી સાથે આશાપલ્લી (અમદાવાદ) આવ્યા. અહીં પણ કુમારદેવી પત્ની થવા ઘણી આનાકાની કરે છે. પરંતુ છેવટે પરાધીન હાલતમાં એ આશરાજને વશ થઇને એની પત્નીરૂપે રહે છે. અહીંથી સોપારા, નિવાસ માટે જાય છે.આ સમય દરમ્યાન સાત પુત્રીઓ અને બે પુત્રો જન્મેલા આમાંથી બે પુત્રો તો બાલ્યાવસ્થામાં જ અવસાન થતાં આશરાજ ખિન્ન થઇને હરિભદ્રસૂરિ સમક્ષ આવીને કહે છે: ગુરુદેવ આમ થવાનું કારણ શું ? ગુરુ ઉત્તર રૂપે છે કહે છે કે તમે વૈરાટ (ધોળકા) આવીને નિવાસ કરો તો દેવીએ કહેલું સત્ય થશે. એટલે આશરાજ એના પરિવાર સાથે ધોળકા આવીને નિવાસ કરે છે. અહીં પ્રથમખંડ પૂર્ણ થાય છે.

બીજા ખંડના આરંભે સરસ્વતી વંદના કરીને કહે છે કે વિજયરાજસૂરિ કૃત વસ્તુપાલ રાસને આધારે આ રાસ રચાયેલ છે. અહીં વસ્તુપાલ તેજપાલના જન્મનું કથાનક છે. એની બાલચેષ્ટાઓનું આલેખન છે. પછી વિદ્યાના પ્રશંસાના દુહાઓ, બોંતેર કળાઓની વિગત અને આ તમામનો વસ્તુપાલ તેજપાલે બાલ્યાવસ્થામાં જ અભ્યાસ પૂર્ણ કરી લીધો પછી અઢારમા વર્ષે વસ્તુપાલના અનુપમાદેવી અને તેજપાલના લીલાદેવી સાથે લગ્ન થયા એમ દર્શાવેલ છે. અહીં અનવધાનથી બન્નેની પત્નીના નામ બદલાઇ ગયાં જણાય છે. લગ્ન પછી દ્રવ્યપ્રાપ્તિ અને ત્યારબાદ યાત્રાનું આલેખન છે. નગરમાં ચાલતી આંધાધૂંધીના નિર્દેશો પણ કર્યા છે. રાજાને સ્વપ્નમાં દેવી કહે છે કે આ નગરમાં રહેતા બે વણિક પુત્રોને પ્રધાન બનાવો. એ તમને મોદીની દુકાને મળશે, અને તમને ઘી આપશે. પછી નગરની આંધાધૂંધીનું કથાનક, મંત્રીઓની જોહુકમી અને ભ્રષ્ટાચારી માનસ કર્તા પ્રગટાવી શકયા છે, રાજાની દાસીને વસ્તુપાલના સદ્‌ભાવપૂર્ણ વ્યક્તિત્વનો પરિચય થાય છે, રાજાને પણ ખ્યાલ આવે છે : રાજા બન્ને વણિકપુત્રોને રાજ્ય કચેરીમાં નિમંત્રીને વિધિસર રીતે મંત્રીપદ ધારણ કરાવે છે. મંત્રી બન્યા પછી મહેતા ઉદયન અને બીજા સાથે અણબનાવ બને છે. વસ્તુપાલ ઉદયનનો શિરચ્છેદ નથી કરતો પણ સામાન્ય કેદની સજા કરે છે. વસ્તુપાલનું આ દયાભાવનાવાળો વ્યવહાર બધાને સ્પર્શી જાય છે. વસ્તુપાલ ધોળકાને એક સુંદર નગર તરીકે ઉપસાવવા માટે સરોવરો, પ્રાસાદો, જિનાલયો અને ધર્મશાળા વગેરેનું નિર્માણ કરે છે. અહીં બીજો ખંડ પૂર્ણ થાય છે.

ત્રીજા ખંડમાં સરસ્વતીવંદના બાદ તેજપાલના લગ્ન, તેજપાલની પત્નીના વર્ણનમાંથી વિજયની કવિપ્રતિભાનો પરિચય થાય છે. કાવ્યતત્ત્વની દૃષ્ટિએ આ ભાગ ઉત્તમ કોટિનો છે. પછી વસ્તુપાલ-તેજપાલનાં અન્ય સરાહનીય કાર્યો, યુધ્ધોનું આલેખન અને પછી યુધ્ધમાંથી વિજેતા થઇને ધોળકા આવે છે ત્યારે વીરધવલ સન્માન કરે છે. હવે વસ્તુપાલ તેજપાલને ધર્મકાર્ય તરફ અભિમુખ થવાનો વિચાર આવે છે. ત્યાં ખંડ પૂર્ણ થાય છે.

ચોથા ખંડમાં પણ સરસ્વતી વંદના અને પછી કથાનકમાં સંઘર્ષનું તત્ત્વ પ્રવેશતું દૃષ્ટિગોચર થાય છે. ઉદયન મહેતા રાજા વીરધવલ સમક્ષ મંત્રી વસ્તુપાલની મર્યાદાઓ દર્શાવતા કહે છે કે તે તો ચારો છે અને તમારા દ્રવ્યથી ધર્મકાર્યો કરે છે અને કીર્તિ પોતે મેળવે છે રાજા ચકાસણી કરે છે. ઉદયન જૂઠો સાબિત થાય છે. અહીં ચમત્કારોનું પણ આલેખન છે. સૂર્યમલ્લ રાઠોડ સાથે બનેલી ઘટના દ્વારા ફરી સંઘર્ષ થાય છે. ઉદયન મહેતા અને સૂર્યમલ્લ રાઠોડ સાથે મળીને રાજાને વસ્તુપાલ વિશે કાનભંભેરણી કરે છે. રાજા બધું ફરી ચકાસે છે. વસ્તુપાલની પ્રામાણિકતા, નિષ્ઠા અને પૂરા માનવતાવાદી વ્યક્તિત્વનો રાજાને આ નિમિત્તો ખ્યાલ આવે છે એટલે ક્રોધે ભરાયેલા ઉદયન મહેતા અને સૂર્યમલ્લ રાઠોડનો વધ કરવા આદેશ આપે છે. પરંતુ વસ્તુપાલ વચ્ચે પડે છે અને વધ અટકાવીને દેશનિકાલ કરવા કહે છે. અહીં ચોથો ખંડ સમાપ્ત થાય છે.

પાંચમાં ખંડમાં પણ પ્રારંભે સરસ્વતી વંદના અને પછી જ્ઞાતિમિલનની ઘટનાનો પ્રસંગ મૂક્યો છે. એમાં એક વિધવાનો બાળક ભુલાઈ ગયાની ઘટનાથી વિધવા આ કારણે એવું માને કે પોતે વિધવા છે એટલે બાળકને ત્યજવામાં આવેલ છે. આ કારણે વિધવા પોતાનું લગ્ન ગોઠવી આપવા કહે. અહીં જ્ઞાતિજનો સાથે વસ્તુપાલને મતભેદ થાય. આમાંથી ઉચ્ચ-નીચના ભેદ જન્મે. વસ્તુપાલ ખિન્ન થાય, અન્ય પૌરાણિક પાત્રોને થયેલા અન્યાયની વિગતોનું આલેખન કરીને પછી ખિન્ન થયેલો વસ્તુપાલ વિશેષ રૂપે ધર્મકાર્યો તરફ વળે છે એવું નિરૂપણ થયું છે. ધર્મયાત્રા સંઘનું આલેખન, માતા-બંધુઓ, પત્ની અને અન્ય સ્વજનોના સ્મરણાર્થે મંદિરો મૂર્તિઓ અને અન્ય સ્થાપત્યોનું નિર્માણ કરે છે એવું નિરૂપણ થયેલું છે. અહીં પાંચમો ખંડ પૂર્ણ થાય છે.

છઠ્ઠા ખંડના આરંભે સરસ્વતીવંદના અને પછી વિશેષ ધર્મકાર્યો કર્યા એની વિગતો, યાત્રાની વિગતો બંને વસ્તુપાલનું જન્મ અને મૃત્યુ વર્ષ નિર્દેશી, વસ્તુપાલ-તેજપાલની વંશાવળી નિર્દેશીને મેરુવિજયે એની ગુરુપરંપરા મૂકી છે અને રાસ પૂર્ણ કરેલ છે.

કથાનકનો ક્રમિક વિકાસ, સંદર્ભો અને દૃષ્ટાંતો દ્વારા કથાના મર્મને ઉપસાવવાની રીતિ, સુક્તિઓના અનુષંગે વસ્તુપાલના વ્યક્તિત્વનું અશેષ નિરૂપણ કરવાનું આયોજન આ રાસકૃતિને એક સાહિત્યકૃતિને તરીકે સ્થાપે છે.

કર્તાના બહુશ્રુત, તર્કપૂર્ણ અને કાવ્યતત્ત્વની સૂઝના પાસાનો પરિચય કરાવતી આ રાસકૃતિ વસ્તુપાલના ચરિત્ર આલેખતી તમામ રાસકૃતિઓમાં ઉત્તમ કોટિની છે. કથાનકમાં ઉભરેલ સંઘર્ષનું તત્ત્વ રાસના કથાનકને અને વસ્તુપાલના ચરિત્રને બન્નેને આગવી ભૂમિકા અર્પે છે. વસ્તુપાલની બાલચેષ્ટાઓનું, તેજપાલની પત્નીના અને ઉદયન મહેતાની અસૂયાના વર્ણનથી આ કૃતિ દ્વારા માનવભાવોનું આલેખન કરવાની કર્તાની શક્તિનો પરિચય મળે છે.

મધ્યકાલીન જૈનકથાસાહિત્યમાં કથનકળાના આ પ્રકારના ઉત્તમ અંશોને કારણે આ કૃતિનું સ્થાન ખૂબ જ ઊંચું છે. રાસસાહિત્યસ્વરૂપની પરંપરાને સમૃદ્ધ કરતી આ કૃતિ કર્તાની સર્જકપ્રતિભાનો પરિચય કરાવે છે.

(૭) અભયસોમ કૃત 'વસ્તુપાલ તેજપાલ ચોપાઈ'–અહીં રાસને બદલે ચોપાઇ નામ મુકાયું છે. આ પ્રકારનું નામકરણ મૂકવું એ એક મધ્યકાલીન પરંપરા છે. હકીકતે તો આ પણ રાસકૃતિ જ છે આ રાસકૃતિ પણ અપ્રકાશિત છે. ખંભાત (ગુજરાત)માંના વિજયનેમિસૂરિશ્વર જ્ઞાનમંદિરમાની નંબર ૩૩૦૨ નંબરની MSS માં આ કૃતિ છે. કૃતિ MSS ના નવ પૃષ્ઠ સુધી છે. પ્રત્યેક પૃષ્ઠમાં ઓગણીસ પંક્તિ છે.

સંક્ષિપ્તમાં વસ્તુપાલના પુણ્યકાર્યોનું આલેખન કરતી આ કૃતિ સમયસુંદરે રચેલી કૃતિ પરંપરાની છે.

વસ્તુપાલના ચરિત્રને વિષયસામગ્રી બનાવીને રચાયેલા આ રાસાઓના સ્વાધ્યાય દ્વારા વિષયનિરૂપણ અને અભિવ્યક્તિ સંદર્ભે કર્તાઓએ પોતપોતાની રીતે દાખવેલી આગવી વિશિષ્ટતાનો ખ્યાલ આવે છે.

વસ્તુપાલના પૂર્વજોનો ઉલ્લેખ તમામ રાસાઓમાં દૃષ્ટિગોચર થાય છે. રાસામાં મુખ્યચરિત્રના પૂર્વજોના નામોલ્લેખની એક પરંપરા છે અને એનું અહીં દરેક કર્તાએ પોતાની રીતે અલગ પડીને નિરૂપણ કર્યું છે. કોઇએ આરંભે તો કોઇએ કથાનકમાં વચ્ચે ઉચિત સ્થળે એ નિરૂપણ કર્યું છે.

ખરી રીતે તો વસ્તુપાલ સોલંકી શાસનકાળના ભીમદેવ બીજાની પાસે હતા અને ત્યાંથી ધોળકાના રાણા વીરધવલ પાસે મોકલવામાં આવેલા. વસ્તુપાલે પોતે એની રચના 'નરનારાયણનંદ'માં આ વિગત દર્શાવી છે. પરંતુ કોઇ જ 'વસ્તુપાલ રાસ'માં આ વિગત નથી. મેરુતુંગાચાર્ય કૃત 'પ્રબંધચિંતામણિ'ની જ વિગતો બહુધા 'વસ્તુપાલ રાસ'ની વિષયસામગ્રી બની જણાય છે. જો કે મેરુતુંગાચાર્યે દર્શાવેલી વિગતો વસ્તુપાલ વિષયક અન્ય ચરિત્ર ગ્રંથો 'વસ્તુપાલચરિત્ર', 'કીર્તિકૌમુદી', 'વસંતવિલાસ' અને 'પ્રબંધકોશ' વગેરેમાં પણ છે. વસ્તુપાલ રાસાઓના કર્તાઓ કદાચ આ ગ્રંથોને પણ અનુસર્યા હોય. પણ એટલું તો ખરું જ કે વસ્તુપાલે રચેલા 'નરનારાયણનંદ' મહાકાવ્યમાંથી પ્રાપ્ત થતી વસ્તુપાલ વિષયક વિગતનો આધાર આ મધ્યકાલીન ગુજરાતી રાસાના કર્તાઓએ લીધો હતો.

વસ્તુપાલે કરેલાં પુણ્યકાર્યોનો ઉલ્લેખ તમામ રાસાઓમાં છે. કેટલાક રાસાઓમાં વસ્તુપાલના જીવનચરિત્રની વિશેષ વિગતો નથી, એમાં પુણ્યકાર્યોની વિગતો તો છે જ. કેટલાક રાસાઓમાં વસ્તુપાલના જીવનચરિત્રની વિશેષ વિગતો ઉપર વિશેષ લક્ષ અપાયું છે ત્યાં પણ પુણ્યકાર્યોના ઉલ્લેખો તો છે જ. આમ તમામ કર્તાઓ ઉપર વસ્તુપાલના ચરિત્રનું વસ્તુપાલે કરેલાં પુણ્યકાર્યોવાળું પાસું બહુ જ પ્રભાવ પાડી ગયું જણાય છે.

રાસસાહિત્ય સ્વરૂપમાં લઘુ અને દીર્ઘ એમ બન્ને પ્રકારની રાસકૃતિઓ છે, રાસ ખેલવા માટેના તથા સમૂહ સમક્ષ પઠન કરીને રજૂ કરવા માટે પણ રચાતા હતા એમ બે પરંપરા ઊભી થયેલી જણાય છે. આ મુજબ વસ્તુપાલના ચરિત્ર-વિષયક રાસાઓમાં કેટલાક લઘુ કદના અને કેટલાક દીર્ઘ કદના છે. કથનકળા પરથી ખ્યાલ આવે છે કે કેટલાક રાસ ખેલવા માટે તો કેટલાક સમૂહ સમક્ષ પઠન કરીને પ્રસ્તુત કરવા માટે સર્જાયેલા છે.

રાસની રચનામાં કથાતત્ત્વનું નિર્માણ અને એને રજૂ કરવાની વિવિધ રીતિઓનું પણ અહીં દર્શન થાય છે. કર્તાએ બીજી પણ અનેકવિધ પ્રયુક્તિઓ યોજી છે. જુદાં-જુદાં કથનકેન્દ્રો ઊભાં કર્યાં છે. જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી કથાનકને રજૂ કર્યું છે. કથાનકનું પોતપોતાની રીતે વિભાજન કર્યું છે. કાંટ-છાંટ કરીને એક અખંડ સાવયવ કૃતિનું દરેક કર્તાઓએ પોતાની આગવી રીતે નિર્માણ કર્યું છે.

આ રીતે રાસસાહિત્યસ્વરૂપમાં વિષયનિરૂપણ અને અભિવ્યક્તિના સ્વરૂપ સંદર્ભે વસ્તુપાલના ચરિત્રવિષયક રાસકૃતિઓનું મૂલ્ય છે. અભિવ્યક્તિસ્વરૂપ સંદર્ભે હીરાનંદસૂરિ અને મેરુવિજયે યોજેલ તરીકાઓ એમની સર્જનશક્તિના પરિચાયક છે.

જૈનકથાસાહિત્યના 'રાસા' નામના એક અત્યંત સમૃદ્ધ સાહિત્યસ્વરૂપમાં ચરિત્ર વિષયક જે રાસકૃતિઓ છે એમાં વસ્તુપાલના ચરિત્રને આલેખતી કૃતિઓનું ઐતિહાસિક અને સાહિત્યિક એમ ઉભય દૃષ્ટિએ મહત્ત્વ છે. સમાન વિષયસામગ્રીવાળી મધ્યકાલીન રાસકૃતિઓની તુલનાનો ઊંડો અભ્યાસ થાય તો વસ્તુપાલ વિષયક આ રાસકૃતિઓનું ખરું મૂલ્ય સમજાય. એક જ પ્રકારની વિષયસામગ્રીમાંથી સામગ્રીનું ચયન અને અભિવ્યક્તિના સ્વરૂપસંદર્ભે પુરોગામીથી અલગ પડવું ઘણું કપરું છે. પરંપરાને જાળવીને પણ પોતીકી દૃષ્ટિનું દર્શન કરાવવું એમાં જ કર્તાની ખરી મહત્તા છે. આવી મહત્તા આ વસ્તુપાલ વિષયક રાસાઓના કર્તાઓ ધરાવે છે, એ એક બહુ મોટી સિદ્ધિ છે.

આ સાતેય રાસકૃતિઓની વિષયસામગ્રી તો સમાન જ છે પરંતુ એ વિષય-સામગ્રીને પોતપોતાના આગવા દૃષ્ટિબિંદુ Point of view થી દરેક કર્તાએ અભિવ્યક્ત કરી હોઈ દરેક રાસકૃત પુરોગામી રાસકૃતિથી કેટલેક અંશે અલગ તરી આવે છે. એક જ કથાનક કે કેટલાંક દૃષ્ટિબિંદુથી જોઈ શકાય? એવી શક્યતાઓ ચીંધી બતાવતી આ રાસકૃતિઓ મધ્યકાલીન કથામૂલક સાહિત્યની કથનકળાના અભ્યાસીઓને આકર્ષે એ કક્ષાની છે. કથાનકમાં રહેલી વિશેષ શક્યતા કે ક્ષમતા પ્રત્યેક રાસકર્તા પ્રસ્તુત કરતા ગયા પરિણામે વસ્તુપાલ કથાનક વિષયક આ રાસકૃતિઓની પરંપરા એમાં રહેલા અનેક દૃષ્ટિબિંદુનો એક સાથે પરિચય કરાવે છે. પરંપરાના સંદર્ભમાં અભ્યાસ કરતા ઐતિહાસિક ચરિત્ર પર આધારિત રાસકૃતિઓની આવી કેટલીક વિશિષ્ટતાઓ દૃષ્ટિગોચર થાય છે.

મોહરાજ પરાજય

● આર. પી. મહેતા

ગુજરાતમાં અણહિલવાડ પાટણમાં ચૌલુક્યવંશી ચક્રવર્તી રાજા કુમારપાલના અનુગામી અજયપાલ (રાજ્યકાળ : ઈ. ૧૧૭૨–'૭૬)ના રાજ્યાશ્રયમાં કવિ યશપાલ હતા. તે મોઢ વાણિયા ધનદેવ અને રુક્મિણી દેવીના પુત્ર હતા. પિતાની જેમ તેઓ રાજ્યમાં મંત્રી હતા. થારાપદ્ર (હાલનું થરાદ, પાલનપુર પાસે)માં તેઓ રાજ્યપાલ હતા. તેમણે ઈ. ૧૧૭૪માં 'મોહ પરાજય' નામે પાંચ અંકની નાટકની રચના કરી હતી અને થારાપદ્ર ખાતેના કુમારવિહાર ફ્રેગ્રાલંકાર મહાવીર સ્વામીના યાત્રા મહોત્સવ પ્રસંગે એની અભિનયાત્મક રજૂઆત કરાવી હતી.

નાટકનું કથાવસ્તુ સંક્ષેપમાં આ રીતે છે :

રાજા વિવેકચન્દ્રની રાજધાની જનમનોવૃત્તિ ઉપર મોહરાજે આક્રમણ કર્યું. વિવેકચન્દ્ર સદાચાર નામના દુર્ગમાં આવી ગયો. મોહરાજે તેને ઘેરી લીધો. દુર્ગમાં ધર્મચિન્તા નામની નદી જતી હતી. મોહે તેના વહેણને બાંધી લીધું. દુર્ગવાસીઓએ સદાગમ નામનો કૂવો બનાવ્યો, તો મોહે તેને રજથી ભરી દીધો. હવે વિવેકચન્દ્ર શરણે આવ્યો તેથી મોહે તેને બહાર જવા માટે ધર્મદ્વાર ખોલી દીધું. વિવેકચન્દ્ર પોતાની પત્ની શાંતિ અને પુત્રી કૃપા સુન્દરી સાથે બહાર નીકળીને હેમચન્દ્રાચાર્યના તપોવનમાં જતો રહ્યો. આ આચાર્યના પ્રભાવ નીચે રાજા કુમારપાળે પત્ની કીર્તિમંજરી અને સાળા પ્રતાપનો ત્યાગ કર્યો હતો આથી તે બંને મોહરાજને મળ્યાં અને ફરિયાદ કરી. મોહરાજે કુમારપાળ ઉપર આક્રમણની તૈયારી કરી. ગુપ્તચર જ્ઞાનદર્પણ મારફત કુમારપાળને ખબર પડી. તેણે મોહરાજને હરાવવાની પ્રતિજ્ઞા કરી.

રાજા કુમારપાળને આચાર્યનો ઉપદેશ હતો કે તે કૃપાસુન્દરીને પરણે તો મોહરાજને જીતી શકે. રાજા વિદૂષક સાથે હેમચન્દ્રાચાર્યના આશ્રમમાં આવ્યો. તે વિવેકને મળ્યો, તેની પુત્રીને પ્રેમદૃષ્ટિથી જોઈ. ધર્મ-વનના એકાન્તમાં કૃપા તેની સખી સમતા સાથે વાર્તાલાપમાં હતી. છુપાઈને વિદૂષક સાથે ઊભેલા રાજાએ તે સંવાદ દ્વારા પોતાના પ્રત્યેનો પ્રેમ જાણ્યો તેથી રાજા પ્રગટ થયો. રાજા અને કૃપાને પ્રણયપાશમાં બંધાયેલા મહારાણી રાજ્યશ્રી જોઈ ગઈ. તે તેની સખી રૌદ્રતા સાથે આવી હતી. રાજાએ ક્ષમાપ્રાર્થના કરી પણ મહારાણી ન માની.

રાજ્યશ્રી દેવીના મંદિરે ગઈ; ત્યાં વરદાન માગ્યું કે કૃપાસુન્દરી કદરૂપી થઈ જાય. પ્રતિમા પાછળ રાજાના અમાત્ય પુણ્યકેતુએ સેવિકા ગોઠવી રાખી હતી. તેણે અમાત્યની સૂચના અનુસાર પ્રતિમા પાછળથી કહ્યું કે રાજાના વિવાહ કૃપા સાથે થાય, તો તે મોહને જીતી શકે તેમ છે. આને દેવીનું કથન માનીને રાજ્યશ્રી સહમત થઈ ગઈ. તે પોતે વિવેક પાસે ગઈ અને કન્યા માટે પ્રાર્થના કરી. વિવેકે શરત મૂકી કે રાજા પશુમારણ વગેરે સાત પાપોને દેશવટો આપે અને અપુત્રિકાસંપત્તિ ગ્રહણ ન કરે તો પરણાવશે. રાણીએ શરત માન્ય રાખી. રાજાએ તે મુજબ દંડપાશિકને આદેશ આપ્યો, નગરમાં જઈને ઘૂત, માંસ, મદ્ય અને હિંસાને કાઢી મૂક, ચોરી અને પરદારાગમન જતાં જ રહ્યાં છે. વેશ્યાવ્યસન તો નગણ્ય છે. રાજાને ખબર મળ્યા કે શ્રેષ્ઠી કુબેરસ્વામી નિઃસંતાન મરી ગયો છે. રાજાએ તેની અઢળક સંપત્તિ જતી કરી. પછી તો આ ખબર ખોટી નીકળી. મહાવીરની પ્રતિમા અને આચાર્ય સન્મુખ માગશર વદ બારશ વિ. સં. ૧૨૧૬ના રોજ રાજાના કૃપા સાથે લગ્ન થયાં.

રાજાની વ્યસન નામૂદી મુંબેશ સામે કૌલ, કાપાલિક, રહમાન, ઘટચટક (નારિતક) વગેરેએ રાજાને સમજાવ્યો પણ તેણે ગણકાર્યું નહિ. ઘત. માંસાહાર, ચૌર્ય, મદ્યપાન, હિંસા

અને વ્યભિચાર રાજાને મળવા આવ્યા. રાજાએ તેમને સામો ઠપકો આપ્યો. દ્યુતમાં કેટલાય રાજકુટુંબો ફસાયા છે. મારા પૂર્વજો માંસ લેતા. અગાઉ દેશાન્તરભ્રમણમાં મેં પણ લીધેલું. પરંતુ તેના પ્રાયશ્ચિતરૂપે અને પિતાના સ્મરણાર્થે દાંતોની સંખ્યા મુજબનાં બત્રીસ જિનાલય અને ત્રિભુવનવિહાર બંધાવ્યાં. ચાવડાઓ ખૂબ મદ્યપાન કરતા. તેથી યાદવોની જેમ તેઓનું રાજ્ય ગયું. આ રીતે આ વ્યસનોને છૂટ ન આપી. માત્ર વેશ્યાવ્યસનને, જો કૃપાની સંમતિ મળે તો, છૂટ મળી.

રાજા કુમારપાળે હેમચન્દ્રના યોગશાસ્ત્રનું કવચ પહેર્યું અને વીતરાગ-સ્તુતિની તિરસ્કરિણી ધારણ કરીને મોહનાં રક્ષિતસ્થાનોનું નિરીક્ષણ કર્યું. પછી તેના પર આક્રમણ કર્યું. મોહની સેનામાં રાગ, દ્વેષ, અનંગ, કોપ, દર્પ, પાપકેતુ વગેરે હતા. કીર્તિમંજરી અને પ્રતાપ પણ તેઓના પક્ષે હતાં. ભયંકર યુદ્ધ પછી મોહની હાર થઇ. વિવેકચન્દ્રને તેની રાજધાની જનમનોવૃત્તિ પાછી મળી. રાજાએ મહાવીરસ્વામી અને આચાર્ય હેમચન્દ્રની સ્તુતિ કરી. કૃપા અને વિવેકના ગાઢ સંપર્કની અભિલાષા પ્રગટ કરીને કહ્યું-'મારો યશ ચન્દ્રની સાથે મળે ને મોહના અંધકારને દુર કરવામાં સમર્થ થતો રહે.'

આ કથાવસ્તુનો સંક્ષેપમાં નિર્દેશ નાટકને પ્રારંભે લેખકે આ રીતે આપ્યો છે, 'શ્રી હેમચન્દ્ર ગુરુ પાસેથી પાપને શમાવનારા જૈન ધર્મને મેળવીને, અપુત્ર સ્ત્રીનું ધન છોડી દેનારા, દ્યુત વગેરેને કાઢી મૂકનારા જે એકમાત્ર યોદ્ધાએ જગતને માટે કાંટારૂપ મોહરાજને જીતી લીધો હતો; તે લક્ષ્મીના અધિષ્ઠાનરૂપ, ચન્દ્રવંશી રાજા કુમારપાળ (આ અગાઉ) જન્મ્યો હતો.'

'ચેતનાશૂન્ય ભાવો અને વ્યક્તિગત ધર્મો અથવા ભાવનાઓનાં માનુષીકરણને સંક્ષેપમાં 'રૂપક' કહેવામાં આવે છે.' શ્રી કૃષ્ણમાચારિયર અહીં 'રૂપક' શબ્દ સમજાવે છે. જે નાટકના કથાવસ્તુમાં આ પ્રકારના રૂપકતત્ત્વનો સાદ્યંત નિર્વાહ હોય તે રૂપકાત્મક નાટક છે. આમાંથી સહેજ જુદાં પડતાં અર્ધ-રૂપકાત્મક નાટકો છે. તેમાં અમૂર્ત તત્ત્વો ઉપરાંત જીવંત પાત્રો પણ પાત્રોરૂપે હોય છે. મોહરાજ પરાજય' આવું અર્ધરૂપકાત્મક નાટક છે. આચાર્ય બલદેવ ઉપાધ્યાય આનાં અનુસંધાનમાં નોંધે છે, 'આ નાટકમાં કાલ્પનિક અને વાસ્તવિક પાત્રોનો પરસ્પર સમન્વય તથા સંવાદ સાધવામાં આવ્યો છે.'

કૃષ્ણમિશ્ર (ઇ. ૧૧મી સદીનો ઉત્તરાર્ધ)નું નાટક પ્રબોધ ચન્દ્રોદય' આ નાટક માટે પ્રેરણારૂપ છે. આ શ્રેણીનાં નાટકોમાં રૂપકાત્મકતા સાથે નાટ્યાત્મકતાનો સમન્વય સાધવાનું સજ્જનકર્મ દુષ્કર હોય છે. તેથી કૃષ્ણમિશ્રના જેટલી સફળતા અનુગામી નાટ્યસર્જકોમાંથી કોઇને પણ મળી નથી.

પરંતુ તેથી યશઃપાલની નાટ્યકલાની સદંતર ઉપેક્ષા કરવી યોગ્ય નથી. એ. બેરિદલે કીથની નોંધ છે, 'આ નાટક ચોક્કસપણે ગુણોના અભાવવાળું નથી.' સરસ ભાવનિરૂપણ, પ્રસન્ન મધુર ભાષા અને તર્કનિષ્ઠામાં લેખકે પ્રભાવકતા પ્રદર્શિત કરી છે. જેમકે 'જે રીતે કૃણસમૂહ વગર બગીચો, મીઠા વગર અન્ન, પ્રાણ વગર દેહ, નાસિકા વગર મુખ, ચન્દ્ર વગર આકાશ, અલંકાર વગર કાવ્ય, રાજા વગર રાષ્ટ્ર, નલિનીવન વગર તળાવ; તેવી રીતે પતિથી ત્યજાયેલું ગૃહ, અરેરે, શોકજનક દશાને પામે છે.' શ્રી કૃષ્ણચૈતન્યની દ્રષ્ટિએ, નગરની કિલ્લેબંધી અને ગુપ્તચર પ્રવૃત્તિના પ્રસંગોએ વાતાવરણને જીવંત બનાવ્યું છે.

કુમારપાળ દ્વારા જૈનધર્મગ્રહણ અને તેના સુધારાઓ અંગે આ નાટક વિશ્વાસપાત્ર અને આધારભૂત માહિતી પૂરી પાડે છે. કૃતિ સમકાલીન હોવાથી તેનું પ્રામાણ્ય વધુ માનનીય છે. આથી શ્રી અંબાલાલ પ્રેમચંદ શાહની નોંધ યથાર્થ જણાય છે-'ગુજરાતના ૧૨મી સદીના સામાજિક જીવન વિષેની ઐતિહાસિક બાબતો માટે આ નાટક મહત્ત્વનું છે.'

સાભાર સ્વીકાર

[] **વિચારવું કેમ ?** લે. યુવાચાર્ય મહાપ્રજ્ઞ * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૩૫૨ * મૂલ્ય રૂ. ૪૦-૦૦ * પ્રકા. અનેકાન્ત ભારતી પ્રકાશન, ૪/ચારુલ, ડો. રાધાકૃષ્ણન માર્ગ, આંબાવાડી, અમદાવાદ-૧૫ [] **વીણેલાં ફુલ** લે. હરિશ્ચન્દ્ર * ક્રાઉન સોળપેજી * યજ્ઞ પ્રકાશન * હુજરાત પાગા, વડોદરા-૧ [] **સ્ત્રી-પુરુષ મર્યાદા** લે. સંતબાલ * પ્રકા. શ્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર. હઠીભાઇની વાડી, અમદાવાદ-૪. * **જોજે અમૃતકુંભ ઢોળાય ના** * લે. પં. ચંદ્રશેખર વિજયજી મ. * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૧૪૬ * મૂલ્ય રૂા. ૭-૦૦ * પ્રકા. કમલ પ્રકાશન ટ્રસ્ટ ૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ-૧ * **આપણી આંખ** * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૫૬ * મૂલ્ય રૂા. ૨-૦૦ પ્રકા. શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર (સૌરાષ્ટ્ર)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનાં પ્રકાશનો

* સત્યમ્ શિવમ્ સુંદરમ્ લે. પરમાનંદ કાપડિયા રૂા. ૩-૦૦
* ચિંતનયાત્રા , ,, રૂા. ૭-૦૦
* અવગાહન ,, ચીમનલાલ ચકુભાઇ શાહ (અપ્રાપ્ય)
* સમયચિંતન ,, ,, રૂા. ૩૦-૦૦
* તત્ત્વવિચાર અને અભિવંદના લે ,, રૂા. ૩૫-૦૦
* નિહ્નવવાદ લે. ડો. રમણલાલ ચી શાહ (અપ્રાપ્ય)
* જિનતત્ત્વ ભાગ-૧ ,, ,, રૂા. ૨૦-૦૦
* જિનતત્ત્વ ભાગ-૨ ,, ,, રૂા. ૨૦-૦૦
* જિનતત્ત્વ ભાગ-૩ ,, ,, રૂા. ૨૦-૦૦
* નિરીક્ષણ અને અર્થઘટન લે. પન્નાલાલ ૨. શાહ રૂા. ૪૦-૦૦
* અર્ધી સદીના આરે (પર્યુષણ વ્યાખ્યાન માળાનાં પચાસ વર્ષ) ,, ,, રૂા. ૧૦-૦૦

કાવ્યસાહિત્યમાં રત્નાકર

● ગણપતલાલ મ. ઝવેરી

આદિકાળથી, મનુષ્યજીવનમાં પ્રસંગે પ્રયોજાતી અને આકારાતી અનેકવિધ કૌટુમ્બિક, સામાજિક અને ધાર્મિક ઘટનાઓમાં રત્નો અને આભૂષણોનાં ઉપયોગ અને સ્થાન, પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે મહત્ત્વપૂર્ણ અને ઉલ્લેખનીય રહ્યાં છે.

કેવળ દેહના શણગાર અર્થે જ નહીં પરંતુ, માનવ-સંસ્કૃતિના ઘડતર અને વિકાસમાં પણ અલંકારોનાં મૂલ્ય અને વિશિષ્ટતા સ્વીકારાયાં છે. તદુપરાંત, પ્રકૃતિ, ભક્તિ અને શૃંગારના સૂક્ષ્મ તથા સ્થૂલ ભાવોને મૂર્તિમંત કરતા અનેક પ્રકારનાં અલંકારો, રત્નો, ઉપરત્નો અને બહુમૂલ્ય ધાતુઓનું વિપુલ પ્રમાણમાં મૂલ્યાંકન થયું છે. એટલે જ પ્રભુભક્તો, કવિઓ, સાહિત્યકારો અને કલાકારો આવાં સૌન્દર્યવર્ધક પ્રસાધનોના આકર્ષણથી અલિપ્ત રહી શક્યા નથી. એમણે પણ કાવ્યો, શ્લોકો વર્ણનો તેમજ શબ્દાલંકારો, ઉપમાઓ, રૂપકો તથા ભવ્ય કલ્પનાઓના માધ્યમ વડે રત્નો અને આભૂષણોને મન માન્યાં લાડ લડાવ્યાં છે અને બિરદાવ્યાં છે.

સુવર્ણાદિ વસ્તુઓમાંથી નિર્માણ થતા ને ઘડાતા અલંકારો રત્નોના સાયુજ્યથી એવા શોભી ઊઠે છે જેમ તારલા મઢયા આકાશમાં ચંદ્ર દીપી ઉઠે, તદનુસાર જ્યાં જ્યાં અલંકારોનું વર્ણન હોય ત્યાં બહુધા રત્નોનો ઉલ્લેખ હોય જ.

આમ, આભૂષણોના લાલિત્યને નિખારતી અને એમનાં સૌંદર્યને પ્રગટાવતી પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન કેટલીક મનભાવન કાવ્યપંક્તિઓને સંકલિત કરીને યથામતિ આસ્વાદ કરાવવાનો મેં અહિ પ્રયાસ કર્યો છે.

વાલ્મીકિ રામાયણનો પ્રસંગ લઈએ. રાવણ દ્વારા અપહરણ કરાએલાં સીતાજીએ આકાશમાંથી વનપ્રદેશોમાં ફેંકેલા આભૂષણોને એકત્ર કર્યા પછી રામચંદ્રજી લઘુ-ભ્રાતા લક્ષ્મણને બતાવીને પૂછે છે.' શું આ બધા જનકીના જ છે? લક્ષ્મણ કહે છે.

નાહં જાનામિ કેયૂરં, નાહં જાનામિ કુંડલમ્ ।
નૂપુરં ચૈવ જાનામિ, નિત્યં પાદાભિ વંદનાત્ ॥

અર્થાત્-'હે રામ! હું નથી ઓળખતો (બાજૂબંધ) કેયૂરને કે નથી જાણતો કાનના કુંડળોને. હું તો માત્ર એમનાં ઝાંઝર 'નૂપુર)ને જ ઓળખું છું. કારણ હું સીતાજીના ચરણોમાં જ સદા પ્રણામ કરતો હતો' એટલે કે, લક્ષ્મણે સીતાજીનું મુખદર્શન પણ કર્યું નહોતું! ભાભી પ્રત્યેના પૂજ્યભાવ અને મર્યાદાની કેવી પરાકાષ્ઠા?

ભક્તકવિ નરસૈયો પોતાના આરાધ્યદેવ શ્રીકૃષ્ણને મોહિની-સ્વરૂપે કલ્પીને એમણે ધારણ કરેલાં આભૂષણોનું આ રીતે વર્ણન કરે છે.

'બાંયે બાજુબંધ બેરખા પોંચી, ઝાંઝર ઝમકે ને
બિછુઆ ઠમકે રે'

(બાજુબંધ, બેરખા ને પોંચી=હાથનાં ઘરેણાં: બિછુઆ પગનું ઘરેણું.)

વળી, 'નાગદમન'માં નાગણ બાલકૃષ્ણને પાછા ચાલ્યા જવા માટે વિનવતાં કહે છે:

'લાખ ટકાનો મારો હાર આપું
આપું રે તુજને દોરિયો' (ગળાનું આભુષણ)

અને ત્યારબાદ, 'કાળિયાનાગને' નાથ્યા પછી નાગણોની વિનંતીને સ્વીકારીને શ્રી કૃષ્ણ. નાગને મુક્ત કરે છે. નાગણો કૃષ્ણને હર્ષોલ્લાસથી આ પ્રમાણે વધાવે છે.

થાળભરી રત્ન મોતીએ શ્રી કૃષ્ણને વધાવીઆ
નરસૈયાના નાથ પાસેથી નાગણે નાગ છોડાવીઆ.'

અન્યત્ર, નરસિંહ મહેતા કેવી સરળ ભાષામાં આમ પ્રબોધે છે.

વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ સાખ દે, કનકકુંડળ વિષે ભેદ નહોયે,
ઘાટ ઘડિયાં પછી નામરૂપ જૂજવાં, અંત તો હેમનું હેમ હોયે...

અર્થાત્, વેદવાક્ય જેનું સમર્થન કરે છે અને શ્રુતિ-સ્મૃતિ જેની સાખ પૂરે છે એ સનાતન સત્ય છે કે સોનામાંથી ઘડા-એલાં ઘરેણાંના રૂપ-આકાર ભલે જુદાં જુદાં હોય-કુંડળ, હાર, ઇ.ઇ. – પરંતુ મૂળ તો સોનું જ છે. એવી જ રીતે અખિલ બ્રહ્માંડમાં પરમેશ્વર તું એક જ છે. ભલે તારા નામ જુદાં જુદાં હોય

હવે આપણે પરમ ભક્ત મીરાંબાઈનાં ભક્તિગીતોમાંની થોડીક પંક્તિઓનો આસ્વાદ લઈએ જેમાં મીરાંએ રત્નો અને આભૂષણોના માધ્યમથી પ્રભુ પ્રત્યે પોતાનો ભક્તિમય ભાવ સમર્પિત કર્યો છે.

"પાયોજી મૈને રામરતન ધન પાયો"

વળી,

"ચિત્તમાળા ચતુરભુજ ચૂડલો, શીદ સોનીને ઘેર જઉએ?
ઝાંઝરિયાં જગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાં ને કાંબી રે!
પીછૂવા ધૂધરા રામનારાયણના અણવર અંતરે જાબી રે"

અર્થાત્, પ્રભુચિંતન એ મારો ગળાનો હાર છે, ચાર ભુજાવાળા વિષ્ણુદેવ એ મારા ચૂડા-બંગડીઓમાં બિરાજે છે, જગતના સ્વામી મારા ઝાંઝરિયાં છે અને સ્વયં શ્રીકૃષ્ણ મારા પાયલનાં આભુષણ છે-તો પછી મારે સોની પાસે જઈને અન્ય સ્થૂળ ઘરેણાં શા માટે ઘડાવવાં? (કલ્લાં ને કાંબી એ પગનાં ઘરેણાં છે.)

ભક્ત રૈદાસ અદ્વૈતભાવે ગાય છે :

"પ્રભુજી તુમ મોતી હમ ધાગા, જૈસે સોને હી મિલત સુહાગા"

ઉપમા કાલિદાસસ્ય એવા કવિકુલશિરોમણિ કાલિદાસે પોતાની અમર કૃતિ 'મેઘદુત'માં ઉજ્જયિની નગરીના અતુલ ઐશ્વર્યનું કેવા ઠાઠથી વર્ણન કર્યું છે!

(સંસ્કૃતમાંથી સમશ્લોકી અનુવાદ...)

ગૂંથી મોંઘાં મણિ ધરિ મૂક્યાં મોતીના શુભ્ર હારે
દુર્વાવર્ણા જળહળ થતાં, કોટિ વેડૂર્ય રત્નેઃ
પર્વાળાનાં ઢગથી, સીપથી, મોતીનાં જ્યાં બજારો,
જોતાં લાગે જળથી જ ભર્યાં હોય તેવા સમુદ્રો.

ભાવાર્થ:-મૂલ્યવાન રત્નમણિઓની અને શ્વેત મોતીઓની

ગૂંથેલી માળાઓની તથા દુર્વાવર્ણા એટલે કે દુર્વા નામના ઘાસ જેના લીલા રંગના ને ચળકતા વૈડૂર્ય રત્નોના (વૈડૂર્ય ઉપરત્ન છે) વળી, લાલ રંગનાં પરવાળાં (મંગળનું રત્ન)નો અને શ્વેતરંગી મોતીઓનાં, તદુપરાંત, જેનાંથી મોતી પાકે છે તે સીપોના, –આ સર્વે રત્નોના ઢગલાથી નગરનાં બજારો ઊભરાતાં હતાં. જાણે, અગાધ જલરાશિથી પરિપૂર્ણ સમુદ્ર હોય એવું દૃષ્ટિગોચર થતું હતું. ટૂંકમાં, ઉજ્જયિનીના નગરચોકો અને બજારોમાં બહુમૂલ્યરત્નો ઢગલેબંધ ખુલ્લેઆમ વેચાતાં હતાં. એ જ પ્રમાણે, મેઘદૂતમાં 'અલકાપુરી'નું વર્ણન પણ ચિત્તાકર્ષક છે :–

વિત્સંરાધોપશમવિશદૈશ્ચન્દ્ર પાદાનિશીથે
વ્યાલુમ્પન્તિ સ્ફુટજલ જવ ન્મન્દિનશ્ચન્દ્ર કાન્તા : ।

અર્થાત્ હે મેઘ ! ત્યાંના ગોખલા અને પલંગોની ઝાલરોમાં ચંદ્રકાન્તમણિઓ (ઉપરત્ન) અસંખ્ય પ્રમાણમાં લટકી રહ્યાં છે અને જેમની ઉપર મધ્યરાત્રિએ ચંદ્રનાં શીતળ કિરણો હિમકણોની જેમ ટપકે છે–સ્પર્શે છે.

મહાકવિ કાલિદાસનું 'ઋતુસંહાર'માંનું આ કલ્પનારત્ન પણ માણવા જેવું છે.

'સપત્રલેખેષુ વિલાસિનાનાં વક્ત્રેષુ હેમામ્બુરુ હોપમેષુ
રત્નાન્તરે મૌક્તિક સંગ રમ્ય સ્વેદાગમો વિસ્તરતા મુપૈતિ ॥

અર્થાત્ હેમ જેવા સોહામણા કમળ જેવું જેનું મુખ છે અને એ મુખ પર અનેક પ્રકારનાં પ્રસાધનો છે, પરંતુ તેની ઉપર રહેલાં પરસેવાનાં બિંદુઓ જાણે કે વિવિધ પ્રકારનાં રત્નોની વચ્ચે મોતી ભર્યાં હોય તેવું લાગે છે. રત્ન જેવા મુખ પર મોતીઓની ગૂંથણી ન હોય ?

કવિ માઘે પણ ચંદ્રકાન્તમણિની પ્રશસ્તિ રૂપે નીચે મુજબ સુંદર પંક્તિઓ રચી છે:–

કાન્તેન્દુકાન્તોપલકુટ્ટિમેષુ, પ્રતિક્ષણ હર્મ્યતલેષુયત્ર
ઉચ્ચરેધ: પાતિપયોમુચોઽપિ, સમૂહમૂહ: પયસાં પ્રણાલ્ય ॥

એટલે કે, ચન્દ્રકાન્તમણિઓ–રત્નોથી જડેલ અગાશીઓમાં મૂકેલી પરનાળો એટલી ઊંચી હતી કે દર રાત્રિએ એ ચન્દ્રકાન્ત રત્નો સાથે ચંદ્રકિરણોનો સ્પર્શ થવાથી દુધનાં રસઘોધ પડી રહ્યા હોય એવું અનુપમ દ્રશ્ય સર્જાતું.

હવે, રસરાજ કવિ જયદેવની જગપ્રસિદ્ધ કાવ્યકૃતિ ગીત-ગોવિંદમાં પ્રસ્તુત પંક્તિઓનો વર્ણનભાવ આપણે માણીએ : હીરાવલી તરલ કાન્ચન કાન્ચદામ મંજર કરામણિ દ્યુતિ દીપ્તિતસ્ય દ્વારે નિકુંજનિલયસ્પહારનિરીક્ષ્ય રાધાવતી મથસખી સ્વયમિત્યુવાચ॥ ભાવાર્થ :– ગળામાં ઝુલતા રત્નજડિત અને સુવર્ણમંડિત હાર તથા એવા જ ધારણ કરેલા બાજુબંધ અને કંગનના ચમકાર અને લાવણ્યથી દેદીપ્યમાન દીસતા, પુષ્પકુંજના દ્વાર પર ઊભેલા શ્રીહરિને જોતાં જ સખી – રાધારાણીને સંબોધીને કહે છે...

કવિ પ્રેમાનંદ સુદામાચરિત્રમાં દ્વારિકા નગરીની સમૃદ્ધિ આ રીતે વર્ણવે છે :–

'કનકકોટ ચમકારા કરે, મણિમય રત્ન જડ્યાં કાંગરે.'

દ્વારિકા નગરીનો કિલ્લો (કોટ) સોનાથી ચણવામાં આવ્યો હતો અને એને કાંગરે કાંગરે (શિખરે શિખરે) મૂલ્યવાન રત્નો જડેલાં હતાં.

કવિ શામળ ભટ્ટ :– મનુષ્યનો સ્વભાવ કેવો અપરિવર્તનશીલ હોય છે તેનું રત્નો, આભુષણો અને કીમતી ધાતુઓની ઉપમાઓ દ્વારા કવિ કેવું માર્મિક ચિત્ર રજૂ કરે છે :

કેસર કયારા માંહિ બરાસ કસ્તુરી મ્હેકે
પાછળ કનકની પાળ લક્ષધા મોતી હુંકે;
ગંગા જમુના નીર, રત્નજડિત જ ઝારી,
સોળ ધરી શણગાર, સિંચે નરપતિની નારી;
એવી રીતે જો કદિ ઊગીઓ લસણછોડ ગંગા તટે,
બદબોઈ તો ઊડે ઘણી, શામળા સ્વભાવ ના મટે

આપણે હવે આ વિષય પર કવિ ન્હાનાલાલનો રસાસ્વાદ ચાખીએ.

સોનું છે સાસરું સ્ત્રીને,
સ્ત્રીને મહિયર છે રૂપું.

અન્યત્ર કવિશ્રી પારસ કે પારસમણિના સંદર્ભમાં કહે છે, સાથે સાથે નારીની મહિમાનું ગુણગાન કરે છે.

'લોઢું કે પથ્થરને પારસ પરસે થાય કંચન મહામોલ,
નરનો દેવ થાય નારી પરસથી, એ નારી પારસને તોલ.'

અર્થાત્ જેમ પારસ (એ ઉપરત્ન છે)ના સ્પર્શ (પરસ) માત્રથી લોઢું કે પથ્થરનું સોનામાં રૂપાંતર થઈ જાય છે, એટલે કે તુચ્છ ધાતુનું બહુમૂલ્ય ધાતુમાં પરિવર્તન થઈ જાય છે, તેવી જ રીતે, જે સ્ત્રીના સ્પર્શ અથવા સહવાસથી પુરુષ દેવતારૂપ થઈ જાય અથવા ઉચ્ચતમ સ્થાન પ્રાપ્ત કરી શકે તેવી નારી પોતે જ પારસમણિ છે.

કવિ ન્હાનાલાલ, કૈલાસ પર્વતનું ઉન્તુંગ વર્ણન આવી રીતે કરે છે :

હતા એ દુર્ગની ધારે રત્ને જડેલ કાંગરા,
ધરાની રત્નમાળા શું પરબ્રહ્મે હિમાદ્રીને ?

અર્થાત્–કૈલાસ પર્વતની ધારે ધારે આવેલા ન્હાનામોટા શિખરો રત્નોથી જડેલાં હતાં જાણે સ્વયં પરમેશ્વરે જ એ પર્વતરાજને કંઠે રત્નોનો હાર પહેરાવી દીધો ન હોય ! 'ઉષા' માટે કવિનું કેવું કરુણ રૂપક તો જુઓ !

'અંગુલિ અંગુલિ એની મણિની શિખા તેજ'

એટલે કે, પ્રાતઃકાળે ઉષાના પ્રત્યેક કિરણો રત્નમણિની જ્યોત જેવાં ઝળકતાં હતાં.

કવિ મણિશંકર 'કાન્ત' 'ચક્રવાકમિથુન'માં સૂર્યોદય વેળાનું કેવું મનોહર વર્ણન કરે છે :–

'ઘાટાં ભીનાં વિટપ પર એ ત્યાં નિહાળે સુવર્ણ
મણિકણોથી ગ્રથિત સરખાં રમ્ય જ્યાં થાય પર્ણ'

અર્થાત્ ગાઢ હિમકણોની સુમંદ વર્ષાને કારણે થોડીક ભીની થઈ ગયેલી વૃક્ષની ડાળીઓ (વિટપ) સૂર્યકિરણના સ્પર્શથી સુવર્ણરંગી દેખાતી હતી અને પાંદડાં જાણે માણેક – રત્નોથી મઢી દીધાં ન હોય એવાં રક્તવર્ણાં શોભી રહ્યાં હતાં.

કવિવર ઉમાશંકર જોશી સાબરમતી નદીનું કેવું નયન-રમ્ય વર્ણન કરે છે :–

'જ્યોત્સ્નિકા ચૂમે પટ વિસ્તાર, ધવલતા ધરે સોળ શણગાર
ખીલ્યાં કમલી નીલમ–લીલાં છોડ, અલંકરણો તન અંગે અજોડ'

ભાવાર્થ : સાબરમતીની વિસ્તીર્ણ જલસપાટી જાણે સંપૂર્ણ

શ્વેત વસ્ત્રધારિણી કોઈ નવોઢા જેવી શોભતી હતી અને ચંદ્રનાં કિરણો જળરાશિને ચૂંબનોથી અભિષેક કરતાં હતાં. વળી, નદીમાં કયાંક કયાંક ખીલેલાં વનસ્પતિના છોડ નીલમ જેવા વાદળી અને પાના જેવા લીલા રંગના દેખાતા હતા– જાણે કે સાબરમતી સરિતાનો સમસ્ત દેહ અદ્વિતીય અલંકારોથી દીપી ઊઠયો ન હોય !

વેણીભાઈ પુરોહિતની કાવ્યપંક્તિઓની પરખશક્તિનું પ્રમાણ જોઈએ :–

હો મારી સોના અંગુઠીનો હીરલો
મેં તો દીઠો હેરી હેરી–મારી આંખ્યું ઝવેરી.

એટલે કે ઝવેરી જેવી મારી નિષ્ણાત પરખ શક્તિ દ્વારા મેં એક મૂલ્યવાન હીરાને ગોતી કાઢયો–પસંદ કર્યો અને એને સોનાની વીંટીમાં જડાવી દીધો.

કૃષ્ણલાલ શ્રીધરાણી :– રાત્રિના તારામઢયા તેજોમય આકાશને હીરામોતી તથા રત્નોથી ભરેલા ઝગમગતા થાળ (મોટી થાળી) સાથે સરખાવતાં સુંદર રીતે કહે છે :

'રાત્રિનો મોતી જગ થાળ, હીરામોતી ઝાકઝમાળ'

કવિ અવિનાશ વ્યાસની નીચે વર્ણવેલી રસસભર પંક્તિઓને માણતાં આનંદવિભોર થઈ જવાય.

રસિયાની સંગમાં, રમતાં ગગનમાં, મોતીનો હાર તૂટયોજી રંગમાં,
જમુનાજી ખોલી ઊઠયાં મોતી વેરાયાં જે, ઝીલ્યાં મેં સર્વે મ્હારા તરંગમાં.

અન્યત્ર, અવિનાશભાઈ, લાડકી પુત્રીને પતિગૃહે વળાવતી માતાના હૃદયભાવને આવી રીતે વાચા આપે છે :–

જરીએ જડેલ તને અંબર, દીકરી, દીધાં મેં ગોતીગોતી
સોના રે દીધાં ને રૂપા રે દીધાં, માણેક દીધાં ને મોતી.'

કવિ બાલમુકુન્દ દવે નદીમાં પડતાં ચંદ્રકિરણોનાં પ્રતિબિંબોની અનોખી શોભા વર્ણવતાં આમ કહે છે :–

મોતી મોંઘાં ખરલ કરીને પાથર્યાં હોય તેવા
ખોળા વેળુ ઢગ ચળકતા, વિરતર્યાં શ્વેતશ્વેત ॥

અર્થાત્–બહુમૂલ્ય અનેક મોતીઓને ખરલમાં વાટીને એમની રજકણો ચોમેર પાથરતાં સમસ્ત ભૂમિ જેવી રીતે પ્રકાશી ઊઠે, તેવી રીતે નદી તટની રેતીના (વેળુ) અતિ શ્વેતરંગી ઢગલા પૂર્ણિમાની ચાંદનીના સ્પર્શથી ચળકી રહ્યાં હતાં.

કવિ પ્રહલાદ પારેખ એમના 'દાન' કાવ્યમાં શ્રાવસ્તી નગરીમાં ભિક્ષા લેવા નીકળેલા ગૌતમબુદ્ધના શિષ્યને નગરજનો દાનમાં કેવી કેવી બહુમૂલ્ય વસ્તુઓ આપે છે (જો કે શિષ્ય એમાંનું કશું પણ સ્પર્શતા નથી કે સ્વીકારતા નથી) તેનું સ્પષ્ટ વર્ણન આ પંક્તિઓમાં જોઈએ :–

'ભરી મુઠ્ઠી માગે રતન ઠલવે રાજરમણી, લક્ષ્મીવંતી તનુ ઉપરના ભૂષણતણી
કરે વૃષ્ટિ; ને સૌ ગરીબ ગૃહિણી વેણી મહીંના બધાં ચૂંટી મોતી પથ ઉપર દે આજ ફગવી.'

ભાવાર્થ :–રાજાની રાણીઓ મુઠ્ઠી ભરી ભરીને અતિ મોંઘા રત્નોનો, અને નગરનાં શ્રેષ્ઠીઓની ધર્મપત્નીઓ પોતાના અંગે ધારણ કરેલાં આભૂષણોનો રસ્તામાં આજે વરસાદ વરસાવી રહી હતી. તદુપરાન્ત, મધ્યમવર્ગની ગૃહિણીઓ પણ પોત પોતાની વેણીઓમાં ગૂંથેલા સર્વે મોતીઓને ચૂંટી લઈ માર્ગ પર ફેંકી રહી હતી.

કવિ શ્રી સુરેશ દલાલ પોતાની કલમપીંછી દ્વારા ભક્તિ-ગીતો કેવા ચેતોહર શબ્દચિત્રો આલેખે છે :–

'મંદિર સાથે પરણી મીરાં રાજમહેલથી છૂટી રે,
કૃષ્ણ નામની ચૂડી પહેરી, માધવની અંગુઠી રે'

અર્થાત્ મહેલ, વૈભવ અને રાણાનો ત્યાગ કરીને મીરાં, મંદિર, ભક્તિ અને કૃષ્ણ સાથે તાદાત્મ્ય સાધે છે અને સ્થૂલ ધરેણાં હવે મીરાંને શા ખપનાં ? એ તો હવે કૃષ્ણ નામરૂપી અલંકારોને અપનાવે છે અને એમાં જ રાચે છે.

વળી, 'રાધા શોધે મોરપિચ્છ ને શ્યામ શોધતા ઝાંઝરિયાં' કેવી રસીલી રમત છે ? તથા, 'તારા હોઠની છીપે, મૂક્યું મનનું મોતી'

કવિ શ્રી બકુલ રાવળની આ પંક્તિઓ, કૃષ્ણને શોધવા નીકળેલી ગોપીના મનોભાવને આમ સરસ રીતે વ્યક્ત કરે છે, શ્યામનું મુખદર્શન એ પોતાના રત્નરૂપી અંતરમાં જ નિત્ય કરી લે છે.

'વરમાળે લઈ પ્રેમ મોતી હું ગલી ગલી રહી ગોતી,
શ્યામ તમારી સુરતને હું મનમણિમાં નિત જોતી.'

જૈન સાહિત્ય તો રત્નાભુષણોના લાલિત્યમય વર્ણનો અને હૃદયંગમ ઉપમાઓથી અતિ સમૃદ્ધ છે. તેમાંના એક શ્લોકનો અહિં આસ્વાદ કરીએ

પવિત્રગ્રંથ 'કલ્પસૂત્ર'માં માતા ત્રિશલાદેવીએ મહાવીર પ્રભુના જન્મપૂર્વે જે ૧૪ મહાસ્વપ્નો જોયાં તેમાંના એક 'રત્નરાશિ' નામક સ્વપ્નમાં તેઓ શું જુએ છે તેનું વર્ણન અર્ધમાગધી ભાષામાં આ પ્રમાણે છે :–

'પુલગ વેરિંદ નીલ સાસગ કકકેયણ–લોહિય કખમર ગય પવાલ–
ફાલેય–નીલ
સોગંધિય–ગગનમંડલંત, પ્રભાસયંત, તુંગમેરુગિરિ–સંકિનાસ
પિચ્છઈ સા રયણ નિકરરાસિં ॥–

ભાવાર્થ – પોખરાજ, હીરા નીલમ (શનિ) પાનાં, પરવાળાં, માણેક, સ્ફટિક, ચંદ્રમણિ આદિ શ્રેષ્ઠ પ્રકારનાં રત્નોનો ભૂમિ પર કરવામાં આવેલ ઢગલો, જેના તેજ–પ્રકાશથી આખું ગગનમંડળ આલોકિત થયું હોય, તેવો રત્નોનો વિશાળ સમૂહ જાણે સ્વયં ઉંતુંગ મેરુ પર્વત ન હોય એવો ભવ્ય લાગતો હતો.

કાવ્યશાસ્ત્રમાં મોતી અને અન્ય રત્નોના ભંડાર સમા સમુદ્રનું વર્ણન પણ રત્નોના જ માધ્યમથી કેવું અલંકૃત કરવામાં આવ્યું તેનો રસાસ્વાદ માણીએ :

હારમણિ મુક્તાના, શંખ–પાણિમાં, વાસ વસી છાજે,
સદાય વિષ્ણુ સરીખો એ રત્નાકર રસવંતો રાજે.
ધરી પીત પટ અંગે, રસિકવિહારી રાધાયુકત રાજે,
મર્કતમણિ કુંદનમાં જેમ જડેલો, છટા ભર્યો છાજે.

અર્થાત્ :–ગળે મોતીઓનો હાર તથા જેમના હાથમાં શંખ છે એવા વિષ્ણુભગવાન (શંખપાણિ) જેવા છે, રસવંતા સમુદ્ર!

તું કેવો મનભાવન શોભી રહ્યો છે! વળી, શ્યામવર્ણવાળા કૃષ્ણે પીળા રંગનું પીતાંબર ધારણ કર્યું છે અને સાથમાં ગૌરવર્ણી રાધા બિરાજી છે. આવા રાધાકૃષ્ણ યુગલની છટા એવી શોભી રહી છે જાણે પીળા રંગના સોનામાં લીલા રંગનું પાનું (મરકતમણિ) જડી દીધું હોય!

વ્રજભાષામાં કૃષ્ણના મોહકરૂપનું વર્ણન એક કવિએ કર્યું તે કેવું સમોહક છે!

ઋતુમેં વસંત, સૂરનમેં કોયલ હૈ, પંછીનમેં મોર,
રંગનમેં લાલ હૈ,
ફૂલનમેં કમલ, પાનનમેં પાન હૈ, સાંવરે કો રૂપ જૈસે
રત્નોકી ખાન હૈ।

ભાવાર્થ :-ઋતુઓમાં જેમ વસંત, ગાયનમાં કોયલનો ટહુકાર, પક્ષીઓના રૂપમાં મોર, બધા રંગોમાં લાલ માણેક, ફૂલોમાં કમળ. પાંદડાંમાં નાગરવેલનું પાન, આ બધાં શ્રેષ્ઠ ગણાય છે. એ જ પ્રમાણે કૃષ્ણ કનૈયાનું રૂપ તો સર્વે રત્નોની ખાણ જેવું ઉત્તમોત્તમ છે.

એક માતા પોતાના પ્યારા બાલુડાને હાલરડું ગાતાં પોતાના વાત્સલ્યને રત્નના માધ્યમ વડે આ પ્રમાણે પ્રગટ કરે છે:-

'મારા હૈયાના હાર! મારા જીવનના જતન છો, પ્રેમે પોઢાવું મારા નયનોનાં રતન છો.'

લગ્નગીતમાં, વરરાજાને મોરની ઉપમા આપીને કોઈ કવિએ એને ઝવેરાતથી કેવા શણગાર્યા છે!

'મોર તારી સોનાની ચાંચ મોર તારી રૂપાની પાંખ
સોનાની ચાંચે રે મોરલો મોતી ચણવા જાય.'

હવે આપણે થોડાંક સુભાષિતો અને કહેવતોનો આભૂષણ-ગુચ્છ માણીએ :- 'જેવી સોબત તેવી અસર' એ કહેવતનું સમર્થન કરતા સંસ્કૃત ભાષાના એક સ-રસ સુભાષિતનો આસ્વાદ લઈએ :-

'સંતપ્તાયસિ સંસ્થિતસ્ય પયસો નામાડપિ ન જ્ઞાયતે,
મુક્તાકાર તયા તદેવ નલિનીપત્ર સ્થિતં રાજતે;
સ્વાત્યાં સાગર શુક્તિ મધ્ય પતિતં, તન્મૌક્તિકં જાયતે,
પ્રાયેણાધમ મધ્યમોત્તમ ગુણો સંવાસતો જાયતે ॥'

ભાવાર્થ : પ્રખરપણે તપાવેલા લોઢાના તાવડા પર પડતું પાણીનું બિન્દુ તત્કાળ શોષાઈને વરાળ રૂપે ઊડી જાય છે એટલે કે નામશેષ થઈ જાય છે; એ જ જલબિંદુ જ્યારે કમળના પુષ્પ પર બાઝેલું હોય ત્યારે મોતીના દાણા જેવું શોભી ઊઠે છે; પરંતુ, આ જ જલબિન્દુ-મેઘબિન્દુ રૂપે-સ્વાતિનક્ષત્રમાં, સમુદ્રમાં રહેલી સીપના મુખમાં પડે ત્યારે તેનું ખરા મોતીમાં રૂપાંતર થઈ જાય છે. તેવી જ રીતે મહદંશે, માણસને અધમ, મધ્યમ અને ઉત્તમ ગુણો, એ જેવી સોબત કરે અથવા જેના સાન્નિધ્યમાં રહે તે પ્રમાણે પ્રાપ્ત થાય છે.

એક કવિ ચમેલી પુષ્પને આવી રીતે ઝાકળ નૃત્ય કરાવે છે.-

ઝાકળનાં ઝાંઝરિયાં પહેરી નર્તન કરતી મરત ચમેલી.'

અન્ય પંક્તિ જોઈએ: 'કાજળ તજે ન શ્યામતા, હીરો તજે ન શ્વેત
દુર્જન તજે ન વક્રતા, સજ્જન તજે ન હેત'।

સંસ્કૃતમાં બીજું મુક્તક માણીએ :-

'શૈલે શૈલે ન માણિક્યં, મૌક્તિકં ન ગજે ગજે
સાધવો નહિ સર્વત્ર, ચંદનં ન વને વને.'

અર્થાત્ : દરેક પર્વત (અથવા પહાડની ખાણમાં) માણેક અથવા અન્ય રત્નો નથી મળતાં તથા દરેક હાથીના ગંડ-સ્થળમાંથી ગજમોતી નથી પ્રાપ્ત થતાં (આ એક કહેવત છે.) વળી, દરેક વનમાં ચંદન-સુખડનાં ઝાડ ઉપલબ્ધ નથી હોતાં. તે જ પ્રમાણે બધા જ કંઈ સાધુ પુરુષો કે સજ્જનો નથી હોતા. ટૂંકમાં આ બધું દુર્લભ હોય છે.

'મોતી ભાંગ્યું વીંધતાં, મન ભાંગ્યું કવેણ, ઘોડો ભાંગ્યો ઠેકતાં. નહીં સાંધો નહીં રેણ.' કેવી સચોટ ખોખોકિત છે આ?

આપણાં અગાધ કાવ્યસાહિત્યમાંથી અહીં કેટલાંક દૃષ્ટાન્તો આપ્યાં છે. આવાં બીજાં અનેક દૃષ્ટાન્તો વિશ્વના સાહિત્યમાંથી મળી રહે!

જૈન સાહિત્યમાં વિવાહકરણ અંગે કેટલીક વિચારણા

● પન્નાલાલ ર. શાહ

જૈન ધર્મનો ઉદ્દેશ નિવૃત્તિધર્મના પ્રસારનો છે. એટલે એના આગમગ્રંથોમાં જાતિનિર્માણ, સમાજવ્યવસ્થા કે આશ્રમવ્યવસ્થાની વિચારણાને સ્થાન ન હોય એ સ્વાભાવિક છે. ભગવાન મહાવીર કે જૈનાચાર્યો લોકસંગ્રહની પ્રવૃત્તિમાં પડ્યા નથી કે પડતા નથી એનાં ચોકકસ કારણો છે. લોકોત્તર અને આપવા જેવી ચીજ ત્યાગ જ છે એવું શ્રમણ પરંપરામાં ગૃહિત છે, અભિપ્રેત છે. ભોગ તો દરેક જીવો પોતે જ સાધી લે છે અને તેની વ્યવસ્થા પણ ઘડી કાઢે છે. એ અંગેના શાસ્ત્રોને જૈન પરંપરા લૌકિક શાસ્ત્રો કહે છે. જૈન ધર્મ અને શાસ્ત્રોની લોકોત્તરતા આવી પ્રવૃત્તિથી નિર્લેપ રહેવામાં છે. લૌકિક શાસ્ત્રોના નિયમો એ કાળે પણ હતા, પાછળથી પણ એ નિર્માણ પામ્યાં છે અને એમાં પરિવર્તન થતું રહ્યું છે અને આજે પણ અસ્તિત્વમાં આવતાં રહ્યાં છે. એટલે સાધકે લોકસંગ્રહની પ્રવૃત્તિમાં પડવાનું ન હોવાથી ગૃહસ્થની ભોગ મર્યાદાના કશા જ નિયમો જૈનાગમોમાંથી સાંપડતા નથી. તેથી તેમાં ગૃહસ્થાશ્રમ કે લગ્નસંસ્થાનો વિધિ ન હોય એ સમજી શકાય એવી વાત છે.

આ ભૂમિકા લક્ષમાં રાખી વિચારીએ તો જૈન ધર્મમાં વિધાન હોય તો બ્રહ્મચર્યનું જ હોય, એથી વિવાહ કરવો કે નહીં, કેવા પાત્રની સાથે કરવો, કેટલી વયે કરવો એ બાબતનો ઉલ્લેખ અને ઉકેલ જૈનોના પ્રાચીન સાહિત્યમાં મળવા સંભવ નથી. બ્રહ્મચર્યનાં વિધિ-વિધાનો પ્રમાણે સ્વદાર-સંતોષી રનેહ કે દાક્ષિણ્યના કારણે, કન્યાદાનમાં ધર્મ સમજી બીજાનાં સંતાનોનાં સગપણ કે વિવાહની પ્રવૃત્તિ કરે તો તે પ્રવૃત્તિ બ્રહ્મચર્યપાલનમાં આડખીલીરૂપ ગણવામાં આવી છે. બાહ્ય રીતે આવી પ્રવૃત્તિ બ્રહ્મચર્યપાલનમાં હાનિકારક નહિ જણાય, પરંતુ સૂક્ષ્મ રીતે વિચારતાં સ્નેહાદિકને કારણે કે પુણ્ય સમજીને સગપણ વગેરેની પ્રવૃત્તિ કરનારની દશા

વરકન્યાના દલાલ જેવી થાય છે, આ સંજોગોમાં સ્વદારાસંતોષી પોતાના વ્રતને બરાબર વળગી રહે એ વિકટ મનાયું છે. વર કે કન્યાના પક્ષપાતને લઈને, લાકડે માંકડું વળગાડી દેવામાં અને ગમે તેવાં કજોડાં કરી દેવામાં એ પરિણમે છે. પરિણામે સમાજમાં અનેક સડાઓ ઉદ્‌ભવે છે, અને એટલે સ્વદારાસંતોષીને આવી પ્રવૃત્તિ વર્જ્ય ગણવામાં આવી છે. અલબત્ત, ગૃહસ્થ પોતાનાં પુત્રપુત્રીઓને યોગ્ય સ્થળે પરણાવે કે એ કામ કોઈ યોગ્ય સમજદાર અને જવાબદાર સ્વજનને ભળાવે. પણ એ તરફ ઉપેક્ષા ન ચાલે. એમાં સ્વદારાસંતોષી ઉપેક્ષા સેવે તો જૈન ધર્મનો વિનાશ કરે છે એવું શાસ્ત્રકારોએ પંચાશકવૃત્તિ, ધર્મબિન્દુવૃત્તિ અને યોગશાસ્ત્રમાં સ્પષ્ટ કર્યું છે.

સ્મૃતિઓની પેઠે જૈન શાસ્ત્રોમાં કોઈ જાતનાં વૈવાહિક વિધાનો નથી; લગ્ન સ્વયંવર પદ્ધતિથી કરવાં કે અન્ય પદ્ધતિથી કરવાં, એકપત્નીત્વ કે એકપતિવ્રત સ્વીકારવું કે બહુ પત્નીત્વની પ્રથા માન્ય કરવી, અમુક વય સુધી કુંવારા રહેવું યોગ્ય કે પછી નહિ તેમ જ વિવાહિત સ્થિતિમાં પણ વિષયસેવનની મર્યાદા વગેરે બાબતો અંગે જૈન શાસ્ત્રોમાં વિધાનો ન મળે એ એની લોકોત્તર વિચારસરણી જોતાં, સ્વાભાવિક છે. આમ છતાં જૈન સાહિત્યમાં સ્ત્રી-પુરુષોનાં જે વર્ણનો આવે છે તે દ્વારા તે સમયની વૈવાહિક મર્યાદા પર પ્રકાશ પડે છે.

ભગવાન ઋષભદેવના કાળમાં યુગલાવતારનો યુગ હતો. એટલે કે સ્ત્રીની કુક્ષિએ પુત્ર-પુત્રીનું યુગલ જ જન્મતું. વય પ્રાપ્ત થતાં એ યુગલ લગ્નગ્રંથિથી જોડાતું. એટલે કે એ જમાનામાં સહોદર-ભાઈ-બહેનના લગ્ન થતાં, શારીરિક, નૃવંશશાસ્ત્રીય કે અન્ય કારણોસર ભગવાન ઋષભદેવે યુગલ વિવાહની પદ્ધતિ નિષિદ્ધ કરી. ત્યારથી ભાઈ-બહેનના પરસ્પર લગ્ન સામાજિક રીતે થતાં નથી અને યુગલાવતારનો એ યુગ પણ એ વખતે પૂરો થયો. ક્ષત્રિયાદિ અને દક્ષિણ ભારતની કેટલીક જ્ઞાતિઓમાં તેમ કેટલાક મુસ્લિમ પરિવારોમાં આજે પણ મામા-કોઈ વગેરેનાં ભાઈ-બહેનોના લગ્ન થાય છે તે સહોદર-વિવાહના કદાચ અવશેષ હોય એમ કલ્પી શકાય.

'અષ્ટવર્ષા ભવેદ્ગૌરી' જેવાં અનેક વિધાનો વૈદિક સ્મૃતિઓમાં મળશે. એનું અર્થઘટન બાળવિવાહના સમર્થનમાં સહેલાઈથી કરી શકાય, સ્મૃતિઓથી પ્રાચીન જૈન કથા સાહિત્યમાં નાયક-નાયિકાના લગ્ન એ રીતે થતાં વર્ણવાયેલાં નથી. યૌવનપ્રાપ્ત પાત્રોના લાવણ્ય, રૂપ તથા ગુણોમાં સરખેસરખી જોડીઓના વિવાહની નોંધ ઠેર ઠેર મળે છે. નાયિકા હોય તો ચોસઠ કળામાં પ્રવીણ હોય અને નાયક હોય તો બોતેર કળામાં નિપુણ હોય: એવાં આંખને ઠારે એવાં કથા સાહિત્યના પાત્રોને લગ્નગ્રંથિથી જોડવાનું માતા-પિતા વિનયપૂર્વક ઠરાવે. આવાં અનેક વિધાનો અને વર્ણનો જ્ઞાતાસૂત્ર, ભગવતીસૂત્ર અને વિપાકસૂત્ર આદિમાં જોવા મળે છે. સ્થાનાંગસૂત્રની ટીકામાં શ્રી અભયદેવસૂરિએ યુવકની વીશ વર્ષની અને યુવતીની સોળ વર્ષની વય લગ્ન માટે યોગ્ય જણાવી છે. આમ થાય તો જ પ્રજા પરાક્રમી, નિરોગી, દીર્ઘાયુ અને બુદ્ધિશાળી થઈ શકે એવું વિધાન કર્યું છે. પ્રવચન સારોદ્ધારમાં શ્રી નેમિચંદ્રે આ વય અનુક્રમે પચીશ અને સોળની જણાવી છે. આમ ન થાય તો એટલે કે બાળલગ્ન થાય તો પ્રજા નિર્માલ્ય, રોગી અને અલ્પજીવી થાય છે એમ કહ્યું છે.

આગળ જણાવ્યું તેમ સ્વદારાસંતોષીને પરવિવાહકરણ અતિચારરૂપ છે. સાગરધર્મામૃતના કર્તા પંડિત આશાધર આમ છતાં પોતાના સમાનધર્મીને સારી કન્યા આપવી એ મહા પુણ્યનું કામ છે, એમ જણાવે છે. તેરમા સૈકામાં થયેલા પંડિત આશાધર એનું કારણ આપતાં કહે છે કે ખરું વર તો સ્ત્રી જ છે, પણ ભીંત કે છાપરું વગેરે નથી, આમ કહેવાનું કારણ કદાચ એ હોઈ શકે કે વિવાહકરણના અતિચારની આડશમાં લોકોએ સ્વસંતાનોના ભવિષ્યમાં ભેદરકારી દાખવી હશે. પરિણામે અનેક અનાચારો વધ્યા હોવાનો સંભવ છે. 'જૈનો સ્વસંતાનોના વિવાહમાં પણ પાપ સમજે છે' એવી વ્યાપક છાપ વિવાહકરણના અતિચારની ખોટી સમજથી કે ખોટા અર્થઘટનથી પડી હશે અને એથી સમાજજીવનમાં જૈનો માટે ઉપાલંભની અને હાસ્યાસ્પદ સ્થિતિ સર્જાઈ હશે. એથી પંડિત આશાધરે સહધર્મીને સુકન્યા આપવાની કરેલી ભલામણ એ વખતના દેશકાળ પ્રમાણે ઉચિત પણ હશે. બારમા તેરમા સૈકામાં હેમચંદ્રાચાર્યે પોતાના સંતાનોના સગપણ કે વિવાહ વગેરેનો વ્યવસ્થિત પ્રબંધ ન કરનાર ગૃહસ્થ જૈન ધર્મનો ઉપઘાતક છે એમ યોગશાસ્ત્રના તૃતીય પ્રકાશમાં કહ્યું છે.

એ તો દેખીતું જ છે કે જૈન ધર્મમાં વિવાહકરણનું સીધું કથન ન હોય ત્યાં વિધવાવિવાહનું કથન ક્યાંથી હોય? એવા વિવાહ નિંદનીય કે પ્રશંસનીય છે એવું સ્પષ્ટ અને સીધું મંતવ્ય જોવા મળતું નથી. પરંતુ બે - ત્રણ કથાઓમાં વિધવાવિવાહનો પ્રસંગ આવે છે. તેમાં એ અંગે કશી ટીકાટિપ્પણ કે ઘૃણા દર્શાવી નથી. આગળ જોઈ ગયા તેમ ભગવાન ઋષભદેવના સમયમાં યુગલો જન્મતા અને સહોદર લગ્ન થતાં. એ વખતે એક યુગલ ખંડિત થયું અને એ ખંડિત યુગલમાંથી જીવિત સ્ત્રી સાથે ભગવાન ઋષભદેવે લગ્ન કર્યાં હતા. પ્રાચીન સાહિત્યમાં આ હકીકતનું બહુ રોચક અને પ્રસન્નતાપૂર્ણ વર્ણન આવે છે, ભગવાન મહાવીરના છઠ્ઠા ગણધર મંડિતપુત્ર અને સાતમા ગણધર મૌર્યપુત્રની માતા એક છે અને છતાં ગોત્રો જુદાં જુદાં છે, બન્નેના ગૌત્ર જુદાં ત્યારે જ સમજી શકે તે બન્નેના પિતા જુદા હોય. આમ ત્યારે જ બની શકે કે એકવાર આ ગણધરોની માતા પરણી હોય અને એને પુત્ર થયો હોય પછી વૈધવ્ય આવ્યું હોય. વૈધવ્ય બાદ એણે લગ્ન કર્યું હોય અને ફરી સંતાનપ્રાપ્તિનો યોગ થયો હોય. આ પદ્ધતિ વિષે શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય કહે છે કે 'કોઈ દેશમાં એવી પણ પ્રથા છે કે એક પતિના અવસાન બાદ બીજો પતિ વરી શકાય, એમ વૃદ્ધ પુરુષો કહે છે.' ગુજરાતના પ્રસિદ્ધ મંત્રીઓ શ્રી વસ્તુપાલ અને તેજપાલની માતાના વિધવાવિવાહનો પ્રસંગ જાણીતો છે. એમની માતા બાળવિધવા હતાં અને આશરાજ પોરવાડ સાથે એના પુનર્લગ્ન થયા હતા. એ બાળવિધવા સાથે લગ્ન કરતાં આશરાજે વિધવા સાથે લગ્નના સંકોચનું ઋષભદેવના દૃષ્ટાંતથી પોતાના મનનું સમાધાન કર્યું અને પૂર્વપ્રથાનું પાલન કર્યું. અકબરના જગદ્‌ગુચરિત્રમાં જગદ્‌ગુરુશા પોતાની પુત્રી પ્રીતિમતિ લગ્ન બાદ તુરત જ વિધવા થઈ. સ્વજ્ઞાતિના બુદ્ધિમાન અને વૃદ્ધ પુરુષોની સંમતિથી પોતાની પુત્રીને બીજા વર સાથે પરણાવવા જગદ્‌ગુરુશા તૈયાર થયાની હકીકત આવે છે. અહીં રજૂ થયેલી હકીકતો પરથી જૈન સાહિત્યની વિવાહકરણ પ્રત્યેની દૃષ્ટિ આપણે સમજી શકીએ.

કાળનો નિકાલ

પં. પનાલાલ જગજીવનદાસ ગાંધી

અનાદિ-અનંત, અનુત્પન્ન, અવિનાશી સ્વયંભુ, સચ્ચિદાનંદ સ્વરૂપી સત્ એવો આત્મા અસત્ એવા કાળના ચક્રાવામાં ઘેરાઈ જઈ પોતાના મૂળ સ્વરૂપને ખોઈ બેઠો છે એ જ કાળની મોટી મોકાણ છે. જેણે આનંદ સ્વરૂપી આત્માને દુઃખી કરી મૂક્યો છે- વિનાશી કરી મૂક્યો છે અને ભટકતો કરી મેલ્યો છે.

કાળ છ દ્રવ્યમાંનું એક દ્રવ્ય હોવા છતાં તે અસ્તિકાય નથી. અર્થાત્ કાળનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ છે જ નહિ. કાળ તો કેવળ કલ્પના છે.

એવા એ કાળ વિષે વિચારણા કરતાં પૂર્વે કાળ શું છે? તે આપણે કાળ વિષેની જુદી જુદી વ્યાખ્યાઓથી સ્પષ્ટ કરીશું.

કાળ-વ્યાખ્યા :

'वर्तना परिणामक्रिया परा-परत्वे च कालस्य ।'

વર્તના એટલે પાંચેય અસ્તિકાયમાં થતી અર્થક્રિયા કે જેને કાળ કહેવાય છે. ટૂંકમાં જીવ-અજીવ (પુદ્ગલ પ્રધાન) નો પર્યાયનું નામ જ કાળ છે.

જીવ-અજીવના અર્થક્રિયાકારીના અર્થમાં જે ભાવો છે એનું નામ જ કાળ છે.

વધારે સ્પષ્ટતા કરીએ તો પુદ્ગલદ્રવ્યના જે પર્યાયો છે તે કાળ છે, જે અનિત્ય છે. તેમ સંસારી જીવમાં જે કર્તા-ભોક્તા ભાવ છે તે કાળ છે અને તે પણ અનિત્ય છે.

જીવને જે કાળાધ્યાસ અર્થાત્ કાળનો ભ્રમ-આભાસ છે તેનું નામ કાળ છે.

જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય એ પાંચે અસ્તિકાય ભેગાં મળીને જે જગત બનાવે છે અને ચલાવે છે તે જગતનો પ્રવાહ કાળ છે.

કાળ એ અપ્રદેશી છે. જ્યારે પાંચે અસ્તિકાય સપ્રદેશી છે. કાળ અપ્રદેશી છે એટલે કાળ એ દ્રવ્ય નથી. આપણા પોતાના કર્તા – ભોક્તાભાવ જ કાળરૂપ છે.

આપણા સંસારી જીવોનો જે ભોક્તાભાવ અર્થાત્ લાગણી-ભાવ છે એ કાળ છે. આપણો કર્તાભાવ કાળ નથી. પ્રતિસમયે આપણે આપણા ઉપયોગને વેદીએ છીએ અર્થાત્ ભોગવીએ છીએ તે આપણા લાગણીના ભાવને કાળ કહેલ છે બાકી પુદ્ગલદ્રવ્યના ક્રમિકભાવને જે કાળ કહેલ છે તે તો વ્યાવહારીક કાળગણના, કાળની સમજ છે.

આમ સંસારી જીવ અને અજીવ કહેતાં પુદ્ગલદ્રવ્યના જે ક્રમિક પર્યાય છે તેનું નામ કાળ છે.

આપણા આત્માના 'જ્ઞાન-દર્શન' ગુણનો આધાર આપણો જ આત્મા છે. તેમ આપણા જ્ઞાન-દર્શન ગુણનો માલિક પણ આપણો જ આત્મા છે. બીજો કોઈ તેનો માલિક નથી. આપણા જ્ઞાન-દર્શનનો ભોગવટો પણ આપણો જ આત્મા કરી શકે છે બીજું કોઈ નહિ, આવા આપણા સત્તા સ્વરૂપને વર્તના કહેવાય છે.

કર્મના વિપાકોદય સમયે વેદાતી સુખદુઃખની લાગણી એ જ કાળ.

આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય અવગાહનાનુ ગતિ અને સ્થિતિ એક સરખી રીતે જેમ સંસારીજીવ અને પુદ્ગલદ્રવ્યને આપે છે તેમ કાળ કાંઈ બધાનો એક સરખો જતો નથી. કાળ સમ નથી પણ વિષમ છે કારણ કે તે જીવની લાગણીના ભાવો છે. જે સર્વના જુદાં જુદાં છે. તેમ એક જ વ્યક્તિના પણ કાળાંતરે જુદાં જુદાં છે આમ ભાવના ભેદ એ જ કાળ છે.

સંસારી જીવ અને પુદ્ગલદ્રવ્યમાં જે ક્રમિકતા આવી આવે છે એ પણ કાળ છે.

સંસારી જીવના જ્ઞાન ઉપયોગમાં પ્રતિ સમયે જે ધારા બની રહી છે એમાં બોધાદિ ભાવો અને સુખદુઃખના વેદનરૂપી જે વહેણ વહે છે તેનું નામ કાળ છે.

આપણું અપૂર્ણજ્ઞાન. ચલપ્રજ્ઞાન, ક્રમિકજ્ઞાન, ભ્રમિકજ્ઞાન, માર્યિકજ્ઞાન છે તે કાળ છે.

અરે ચૂર્ણ સને અપૂર્ણનો ખુલાસો કરી લઈએ કે... જે દ્રવ્યના જે પોતાના ભાવ (ગુણ) હોય તે કાળાંતરે પ્રાપ્ત થાય તે જ તે દ્રવ્યની અપૂર્ણતાની નિશાની છે. જે દ્રવ્યના, જે પોતાના ભાવ (ગુણ) હોય તેની સમકાળ અર્થાત્ યુગપદ્ વિદ્યમાનતા (Existance) તે જ તે દ્રવ્યની પૂર્ણતા !

નિશ્ચયથી આપણું માનસ, મનોદશા, અવસ્થા એ કાળ છે. જ્યારે પદાર્થ (દ્રવ્ય) સંબંધી તે ભૌતિકપદાર્થનાં પરિવર્તનો એ કાળ છે.

પર્યાય એ જ સમય છે સમય માત્રમાં પર્યાય પરિવર્તનને પામે છે. કાળ એટલે પુદ્ગલદ્રવ્યમાં થતો સંકોચ – વિસ્તાર, સર્જન – વિસર્જન, સંયોગ – વિયોગ, ઉત્પાદ-વ્યય ગતિ-સ્થિતિ અને પરિવર્તનતા-પરિભ્રમણતા.

પરિવર્તનતા પરિભ્રમણતા, ક્રમિકતા, અનિત્યતા એનું જ નામ કાળ

ક્રમ છે ત્યાં કાળ છે. અક્રમ છે ત્યાં કાળ નથી. ગુણ પર્યાય એ કાળ અને ભાવ છે.

સંયોગ સંબંધમાં કાળ હોય છે. સંયોગ સંબંધ એનું જ નામ કાળ.

કાળ ભેદ :

કાળ કયાં હોય? કાળ કોને લાગુ પડે? કાળના ભેદ કયા કયા? હવે આ પ્રશ્નોની વિસ્તૃત વિચારણા કરીશું.

જ્યાં વિનાશીતા અને ક્રમ હોય છે જ્યાં અવિનાશીતા અને અક્રમિકતા હોય છે ત્યાં કાલાતીતતા અર્થાત્ અકાલ હોય છે.

કાળને કોઈપણ કોઈપણ દ્રવ્ય તરીકે લેવું નહિ કાળ એ અસ્તિકાય જ નથી. છતાં કાળને દ્રવ્ય કહેલ છે તે ઉપચરિત દ્રવ્ય તરીકે ગણાવેલ છે. પારમાર્થિક રીતે કાળ દ્રવ્ય નથી.

સંસારીજીવને કાળ એ અભ્યાસ છે. આપણને કર્મજનિત ક્રમિક અવસ્થાઓનું જે વેદન છે તે જ આપણા સંસારી જીવોને માટે કાળ છે. પુદ્‌ગલદ્રવ્યમાં દ્રવ્યની ક્રમિક અવસ્થાઓ છે પણ તેને કાંઇ વેદન-અનુભૂતિ નથી. વાસ્તવિક તો સંસારી જીવોને પાપના ઉદય અને તેનું દુઃખ વેદન જે વર્તે છે તે કાળ છે. પુણ્યના ઉદયમાં અને સુખમાં પણ ક્રમિક અવસ્થા છે તેથી ત્યાં પણ કાળ છે અને છતાંય કાળ ક્યાં વીતી જાય છે એની ખબર પડતી નથી-કાળનો ત્યાં અહેસાસ થતો નથી. જ્યારે એથી વિપરીત દુઃખમાં દુઃખની એક ક્ષણ પણ લાખ વર્ષ જેવી લાગે છે. બાકી સુખમાં, સુખનાં લાખો વર્ષ ક્ષણ જેવાં લાગે છે.

આમ કાળની વ્યાખ્યા બે પ્રકારે થઇ શકે : એક તો ક્રમિકતા છે તે કાળ છે અને બીજું વેદન છે તે કાળ છે. એમાંય દુઃખ વેદન છે તે કાળ છે.

વિદ્યમાન કેવલિ સર્વજ્ઞ ભગવંતોને અઘાતિકર્મના ઉદયની ક્રમિક અવસ્થા અંગે કાળ છે. પરંતુ તે અવસ્થામાં કાળ હોવા છતાં વેદન નથી. એ અવસ્થામાં સદાસર્વદા એક-સરખો સ્વરૂપાનંદ- સહજાનંદ વર્તે છે. આમ અહીં અવસ્થા-જનિત કાળ હોવા છતાં વેદનજનિત કાળ નથી. આના સ્થૂલ ઉદાહરણમાં નિદ્રાને ગણાવી શકાય. નિદ્રાવસ્થાનો કાળ છે; પણ નિદ્રિત વ્યકિતને પોતાને નિદ્રામાં કાળની ખબર નથી. અને કાળ નથી માટે જ નિદ્રિત વ્યકિતને નિદ્રામાં દુઃખ હોવા છતાં દુઃખની અસર નથી. દુઃખ વેદન નથી. તેવું જ મૂર્છામાં અને ઘેનમાં બને છે.

આથી આગળ સિદ્ધ પરમાત્મ ભગવંતોને અઘાતિકર્મ પણ નથી. માટે તેઓને ક્રમિક અવસ્થા પણ હોતી નથી. તેથી તેમને અવસ્થા કે વેદન ઉભય અપેક્ષાએ કાળ નથી. તેઓ સર્વ કળાતીત - અકાલ છે.

સુખી જીવને ક્રમિક અવસ્થા અંગે કાળ છે. અને સુખવેદનની અપેક્ષાઓ કાળની અનુભૂતિ ન હોવા છતાં પણ એ સુખનોય અંત આવે છે ત્યારે દુઃખ આવે છે. એ અપેક્ષાએ કાળ છે. જ્યારે દુઃખીને અર્થાત્ દુઃખવેદન કરનાર જીવને તો ક્રમિક અવસ્થા અને દુઃખવેદન ઉભય પ્રકારે કાળ છે.

જે અદેહી છે તે કાળાતીત-અકાલ છે. જે વિદેહી છે તે કાળ અસરથી મુકત છે. માત્ર સદેહી છદ્મસ્થ સંસારી જીવોને કાળની અસર છે.

કાળના મુખ્ય ભેદ (૧) અનાદિ-અનન્ત (૨) સાદિ-અનન્ત (૩) અનાદિ-સાન્ત અને (૪) સાદિ-સાન્ત ચાર છે. આ ચાર મુખ્ય ભેદ સમગ્ર બ્રહ્માંડની રચનાની અપેક્ષાને ગણાવેલ છે.

જેનો અંત હોય તે અનિત્ય. પછી શરૂઆત હોય તો તે સાદિ-સાન્ત જેમકે પુદ્‌ગલ પર્યાય અને સંસારી જીવોના ભવ પર્યાય. અને જો શરૂઆત ન હોય તો અનાદિ સાન્ત જેમકે સંસારી જીવના અનાદિના ભવભ્રમણનો અંત થઇ શીવ સ્વરૂપ-સિદ્ધસ્વરૂપ પરિણમન થવું.

તે જ પ્રમાણે જેનો અંત નથી તે નિત્ય છે. પછી તેની શરૂઆત હોય તો તે સાદિ-અનંત જેમકે સિદ્ધ સ્વરૂપી જીવોની સિદ્ધ થયા બાદ સિદ્ધાવસ્થાની સ્થિતિ. અને જો શરૂઆત ન હોય તો તે અનાદિ-અનંત જેમકે આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય.

સંત કવિ મીરાંબાઇએ પ્રભુભકિતમાં ગાયું છે કે.....

'મીરાં ને હરિની પ્રીત જગથી પુરાણી.....'

આ પદમાં મીરા પરમાત્માને કાળથી અનાદિ-અનંત જુએ છે અને પોતાના આત્માને પણ આત્મા અજરામર અવિનાશી હોવાથી અનાદિ-અંનત જુએ છે. નિત્ય જુએ છે. જ્યારે જગતને સાદિ-સાન્ત ભાવે અનિત્ય જૂએ છે. કેમ કે આત્મા અને પરમાત્મા ઉભય સ્વયંભૂ, અનાદિઅનુત્પન્ન; અવિનાશી છે જ્યારે જગત વહેણ (પ્રવાહ)થી અનાદિ અનન્ત હોવા છતાં બનાવથી, ઘટનાથી (Event) સાદિ-સાન્ત છે. અર્થાત્ જગત સાદિ-સાન્તપૂર્વક અનાદિ અનન્ત છે. ઉદાહરણ રૂપે...નદીનો પ્રવાહ એનો એ જ પણ પાણી એનું એ નહિ. દીવો એનો એ જ પણ બળી ગયેલું ઘી તેનું તે જ નહિ. આ દ્રષ્ટિએ ભકતજ્ઞાની કવિ સંત મીરાંબાઇએ ઉપરોકત પદ દ્વારા કાળની સુંદર સમજ આપણને આપી છે.

'છે' - 'છે' અને 'છે' તે અનાદિ-અનંતને સૂચવે છે જે સત્‌નો ખરો અર્થ છે. 'નથી'-છે અને છે એ સાદિ-અનંતને સૂચવે છે જે સિદ્ધાવસ્થા છે. જ્યારે 'છે'- 'નથી' અને 'નથી' એ અનાદિ સાન્તને સૂચવે છે. જે સિદ્ધ ભગવંતોનો ભૂત સંસાર પર્યાય છે. અને 'નથી - 'છે'- અને 'નથી' એ સાદિ સાન્ત વિનાથી પર્યાયોને સૂચવે છે.

ક્ષય થાય. અંત આવે તો કાળ ક્ષય થતો ન હોય, અક્ષય સ્થિતિ હોય, અંત આવતો ન હોય તો તે અનંત હોય જેને કાળ ન હોય.

છદ્મસ્થ સંસારી જીવની દશા સાદિ-સાન્ત, અનિત્ય ને વિનાશી એટલે કે ક્રમિક હોવાથી ભેદરૂપ છે. તેથી કરીને જ કાળના ભૂત-ભવિષ્ય ને વર્તમાન એવા ત્રણ વ્યાવહારિક ભેદ પડે છે. અનુત્પન્ન ભવિષ્યકાળ વર્તમાનરૂપે પરિણમીને નષ્ટ થઇ ભૂતકાળ રૂપે પરિણમે છે. ભૂતકાળ એટલે નષ્ટ વર્તમાન જેનું સ્મરણ છે, પણ અનુભવન કે વેદન નથી. જ્યારે ભવિષ્યકાળ એ અનુત્પન્ન છે અને વર્તમાનકાળ રૂપ બને છે. જેનાં સપનાં છે-કલ્પના છે; પણ અનુભવન કે વેદન નથી. અનુભવન-વેદન તો માત્ર વર્તમાન સમયનું હોય છે, ભૂતકાળને ખતમ કરી, ભવિષ્ય-કાળને સુધારવાની તાકાત વર્તમાનકાળમાં રહેલાં-ફોરવેલાં ઉદ્યમ-પુરુષાર્થ-વીર્યશકિતમાં છે. ભવિષ્યના નાશે ભૂતકાળનો નાશ થાય છે. ભવિષ્ય, વર્તમાન બનીને ભૂત બને છે. વર્તમાન કાળનો કર્મબંધ સત્તામાં ભૂતરૂપ બને છે જે ઉધ્યકાળે વર્તમાનરૂપ બનીને પાછો સત્તામાં બંધરૂપ ભૂતરૂપ બને છે. આમ કર્મબંધના સત્તા-ઉદય રૂપ ચક્રાવા ચાલુ રહે છે.

પ્રારબ્ધ એટલે ભવિષ્યકાળ જેમાંથી ક્રમિક પર્યાયો થવાના બાકી છે. પુદ્‌ગલ દ્રવ્યને અનાદિ ભૂતકાળ અને અનંતો ભવિષ્યકાળ છે.

દેહનું જ્યાં ભાન છે ત્યાં કાળ અને ક્ષેત્રના ભેદ છે. દેહનું જ્યાં ભાન નથી ત્યાં કાળ અને ક્ષેત્રનું ય ભાન નથી. ઉદાહરણ તરીકે નિંદ્રા, મૂર્છા, ઘેન, ધ્યાન અને સમાધિ અવસ્થાને લઇ શકાય.

જે દેહને પોતાનો માને નહિ તેને જ્યોતિષશાસ્ત્ર શું ઉપયોગી ? જેને દેહભાવ લાગુ પડેલ હોય તેને માટે ભવિષ્યકાળ અને જ્યોતિષશાસ્ત્ર છે.

જ્યોતિષની કુંડલીનાં ૧૨ ખાનાં (સ્થાન)માં પહેલું જ ખાનું દેહ અંગેનું છે. બાકીનાં અગિયાર ખાનાંનું ગણિ વળગણ અને વિચાર દેહ હોય ત્યાં સુધી દેહભાવવાળાને દેહ અંગે છે.

અનંતા ભૂતકાળનો વિચાર કરી ભવિષ્યકાળને ખતમ કરવા જેણે માર્ગ અપનાવ્યો છે તે મહાત્મા છે.

દ્રવ્ય મહાન નથી. ક્ષેત્ર મહાન નથી. પરંતુ કાળ મહાન છે. કાળને જીતવો તે અધ્યાત્મ છે. કાળનો કાલિયો કરી જઈ ત્રિકાળ સર્વજ્ઞતાને પ્રાપ્ત કરવાનું સામર્થ્ય આત્મામાં છે. માટે આત્મા મહાન છે; જે આત્મા, મહાત્મા અને અંતે પરમાત્મા બની શકે છે.

આપણી આત્માની ક્ષણિક ક્રમિક, અનિત્ય વિનશ્વર દશા છે તે કાળ છે.

સિદ્ધ પરમાત્માને કોઇ કાળ નથી. માટે જ અરિહન્ત-સિદ્ધ ભગવંતોના આત્મા પરમાત્મા કહેવાય છે. તેઓ ત્રિકાળજ્ઞાની – સર્વજ્ઞ છે.

કાળના સમય (કાળનો અવિભાજ્ય નાનામાં નાનો સૂક્ષ્મ એકમ) અનંત છે. અનંત સમયનું જ્ઞાન એક સમય માત્રમાં કેવલજ્ઞાની, અરિહન્ત સિદ્ધ પરમાત્માને છે. કેવલજ્ઞાનનો સમય એક છે.

આપણા છદ્મસ્થના જીવન ઉપર ભવિષ્યનાં ચક્રો, કાળચક્રો પસાર થવાનાં હોય છે તેથી જ ભવિષ્યની ચિંતા-ભય આદિ હોય છે.

અત્રે સમયની વાત નીકળી છે તો તે વિષે પણ સમજી લઇએ કે સમય શું છે ? કાળની ગણના માટે કાળના વિભાગ કરવામાં આવ્યા છે. વર્તમાનમાં આપણી સ્થૂળ ગણનામાં કાળનો નાનામાં નાનો અંશ-એકમ તે સેકન્ડ છે. જે સેકન્ડનું પણ વિભાજન વર્તમાનમાં કરીને અવકાશયાનને અવકાશમાં તરતા મૂકવા માટેના વિજ્ઞાને તેનો સેકન્ડના એકમથી કાળની ગણતરી કરવા માંડી છે જે એક તેનો સેકન્ડ આપણી સેકન્ડનો એક લાખ અબજમો ભાગ જેટલો સૂક્ષ્મ છે. જૈનદર્શને તેથીય આગળ સૂક્ષ્મ વિચારણા કરી કાળના નાનામાં નાના અવિભાજ્ય એકમને 'સમય' તરીકે ઓળખાવેલ છે. જે 'સમય'ની જાણ માત્ર કેવલિ ભગવંતોને જ છે. એની સમજ આપણા છદ્મસ્થની પહોંચની બહાર છે.

એક સમય, એક પુદ્ગલ પરમાણુ અને ચૈતન્યરૂપ જીવનું ક્ષણિક મન એટલે કે ચિદ્શક્તિ આ ત્રણેય તત્ત્વ જો સમજાઇ જાય તો સમસ્ત જગત સમજાઇ જાય. આ ત્રણેને એકમાત્ર કેવલિ સર્વજ્ઞ ભગવંતો જ જાણીને સમજી શકે છે. સમસ્ત જગત આ ત્રણેનો વિસ્તાર છે. આપણો વ્યવહાર અસંખ્ય સમયનો છે જેનો વિસ્તાર અનંત (Infinity) છે.

કાળના ભેદ છે તે ક્રમના છે. જે સમય, પળ, વિપળ, ઘડી, પહોર, દિવસ રાત્રી, અહોરાત્રી, સપ્તાહ, પખવાડિયું, માસ, વર્ષ, યુગ, આદિ એકમોમાં વહેંચાયેલ છે. વર્તમાનનો આપણો વ્યવહાર સેકન્ડ, મિનિટ, કલાક, આદિ એકમોથી છે.

ભવિષ્યની વાતો કરવાનો અધિકાર જેને ભવિષ્યનું જ્ઞાન હોય તેને છે. જે ભવિષ્ય જોઇ ન શકે તેને ભવિષ્યની વાતો કરવાનો કોઇ અધિકાર નથી. તેણે તો પુરુષાર્થ જ કરવો જોઇએ.

જ્યોતિષ એટલે જ્યોતિ + ઇશ અર્થાત્ જે પ્રકાશનો ઇશ્વર છે. એ એક માત્ર કેવલિ ભગવંતો જ છે.

વર્તમાનકાળની આપણી કરણી આપણું ભાવિ ઘડે છે. માટે આપણો અધિકાર વર્તમાનમાં સારી કરણી કરવાનો પુરુષાર્થ ખેડવાનો છે. તો જ પ્રારબ્ધ – ઉદયવલ્ન ભાવિ આપણા પુરુષાર્થના શરણમાં આળોટવા આવશે. માટે જ શાસ્ત્રકાર પરમર્ષિએ ફરમાવ્યું છે કે...

'બંધ સમયે ચિત્ત ચેતીએ ઉદયે શો સંતાપ'

ધર્મ એટલે ભવિષ્યકાળનો નાશ કરવો તે અર્થાત્ ભવોને ટાળવા. ભવોનો અંત લાવવો, ભવાંત કરવો. ભવચક્રમાંથી છૂટવું. ભાવિનો અંત લાવવો એટલે કે અજન્મા-અદેહી બનવું. માટે જ સાધુ ભગવંતો વર્તમાન જોગ, 'અવસરે' આદિ યથાયોગ્ય (Appropriate) શબ્દોનો પ્રયોગ પોતાના રોજબરોજના વ્યવહારમાં કરે છે. ધર્મરાજા યુધિષ્ઠરના જીવનમાં બનેલ પ્રસંગ અહીં ખૂબ બોધદાયક છે.

ધર્મી એટલે એવો સુજ્ઞજન કે જેને એક સમય પછી શું થવાનું છે એની ખબર નથી. એટલે ભાવિમાં શું બનવાનું છે તેની પરવા નથી. પરંતુ ભાવિની ખબર નથી માટે વર્તમાનમાં ખબરદાર (સાવધાન-જાગ્રત) રહીને વર્તમાન સમયનો સદુપયોગ કરી લે છે જેથી ભાવિની તેને લેશમાત્ર ચિંતા રહેતી નથી.

ધર્મી એટલે આત્મામાં રહેવું. આત્મામાં વાસ્તવિક દેશ-કાળ છે નહિ.

સ્વ વર્તમાનકાળ સ્વનો એટલે કે પોતાનો છે જ્યારે ભૂત અને ભવિષ્યકાળ પર છે. ભૂતકાળ નષ્ટ છે જ્યારે ભવિષ્યકાળ અનુત્પન્ન અગમઅગોચર છે. વર્તમાનકાળ આપણા હાથમાં છે. એને જો સુધારીશું તો ભવિષ્યકાળ જે અનુત્પન્ન છે તે ખોટી રીતે ઉત્પન્ન થશે નહિ અને ભૂતકાળ તો નષ્ટ જ છે એટલે એની ફિકર નથી. અર્થાત્ 'છેવટ સારું તેનું સહુ સારું.''

જે વર્તમાનકાળ ભૂતભાવિ સાપેક્ષ છે તે અનિત્ય છે.

જે વર્તમાનકાળ ભૂત-ભાવિ નિરપેક્ષ છે તે નિત્ય છે. ભૂતકાળ દૃષ્ટાંતરૂપ છે. ભવિષ્યકાળ લક્ષ્યરૂપ છે.

કાળના ભેદે ભાવ છે અને ભાવના ભેદે કાળ છે. અર્થાત્ ઋતુ અને પર્વ અનુસારે ભાવ છે અને આત્મભાવમાંથી દેહભાવમાં સરકી પડતાં ભાવથી કાળ છે.

દેશ અને કાળ :

દેશ એટલે ક્ષેત્ર. ક્ષેત્રભેદ એટલે કે અવગાહના ભેદ. ક્ષેત્રના ભેદ છે એ દેશના ભેદ છે જે સ્કંધ – દેશ – પ્રદેશ છે. ક્ષેત્રભેદ તત્કાળ–સમકાળ હોય છે. જ્યારે કાળભેદ કાળાંતરે–સમયાંતરે હોય છે. કાળભેદ વિષે અગાઉ વિચારી ગયા છીએ.

દેશ અને કાળના ભેદનો ઉપયોગ ધર્મ માટે જરૂરી છે. પરંતુ દેશ અને કાળના ભેદોનું બંધન ધર્મને કે ધર્મીને નથી હોતું. આર્યક્ષેત્ર અને પર્યુષણકાળ હોય તો ધર્મ

સારી રીતે થાય; પરંતુ ધર્મ અને ધર્મી, અનાર્યક્ષેત્ર અને વિપરીત કાળમાં પણ જો ટકવા ધારે તો ટકી શકે એમ હોય છે. ધર્મ તો ભાવ સ્વરૂપ છે માટે પ્રતિકૂળ દેશ (ક્ષેત્ર) અને પ્રતિકૂળ કાળે પણ ભાવધર્માવલંબને ભાવસ્વરૂપની પ્રાપ્તિ થઇ શકે છે.

દેશ અને કાળના ભેદો તથા દેશ અને કાળનાં બંધન તો અર્થ અને કામને છે. ધર્મ અને મોક્ષ પુરુષાર્થને દેશ અને કાળના ભેદ નડતા નથી

પીસ્તાલીશ લાખ યોજનની સિદ્ધશીલા ઉપર પીસ્તાલીશ લાખ યોજન પહોળાં તીર્છાલોકના પ્રત્યેક ક્ષેત્રથી, પ્રત્યેક કાળે આવેલ સિદ્ધ પરમાત્માઓ સિદ્ધાવ્યા થયેલ છે. જે ધર્મ ક્ષેત્રાતીત અને કાળાતીત થયાને સ્વરૂપ એકયને પામ્યા છે.

સાધુ ભગવંતને અતિથિ – અભ્યાગતનું સંબોધન કરવામાં આવેલ છે તે એ જ સૂચવે છે કે જેમને ક્ષેત્ર અને કાળના બંધન છે જ નહિ. દેશ – કાળ જેમને બાધક છે જ નહિ, એટલું જ નહિ પણ કોઇ દેશ-કાળ તેમને બંધનરૂપ નથી.

અધ્યાત્મસાર ગ્રંથના શ્લોક ૬૦૭માં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ આ બાબત ફરમાવે છે કે,

सर्वासु मुनयो देशकालावस्थासु केवलम् ।
प्राप्तास्तनियमो नाऽऽस्तां नियता योगयुक्तता ॥

ક્ષેત્ર કાં તો સીમિત છે કે અસીમ છે. જ્યારે કાળ એક સમયરૂપ કે મર્યાદિત છે યા તો અનંતો છે. નિત્ય-અનિત્યની વાતો કાળ આશ્રિત છે. જ્યારે સીમિત-અસીમની વાતો ક્ષેત્ર આશ્રિત છે. જ્યારે સુખદુઃખનું વેદન ભાવમિશ્રિત છે.

સવાલ જીવના સુખનો છે. જીવના ભાવનો છે. જીવ ક્ષેત્રાતીત અને કાળાતીત થાય તો એનો ભાવ એના સ્વભાવને પામે અર્થાત્ અક્ષય-અવ્યાબાધ-અગુરુલઘુ એવાં અનંત શાશ્વત સુખને પ્રાપ્ત કરે.

ક્ષેત્ર અને કાળ જીવની પુદ્ગલદ્રવ્ય આશ્રિત કથા અને ઇતિહાસ છે.

ઇતિહાસ-ભૂગોળ અને ભૂત-ભવિષ્ય તથા વર્તમાનકાળ અતિજ્ઞાની માટે કાલ્પનિક છે. જ્યારે દિવ્યજ્ઞાની માટે તે પ્રત્યક્ષ છે. ઇતિહાસ એ કાળકથા છે જ્યારે ભૂગોળ એ દેશકથા-ક્ષેત્રકથા છે.

સિદ્ધ પરમાત્માની સિદ્ધ થયા પછીની કોઈ કથા નથી. પરંતુ એમના પૂર્વભવની કથા છે જે કહેવાય છે અને વંચાય છે. સિદ્ધ પરમાત્મા સિદ્ધ થયા બાદ કથારહિત થયા છે. પુદ્ગલદ્રવ્યો અને સંસારી જીવોની કથા ચાલુ રહેવાની છે. કેમકે તેમાં નામ – નામાંતરતા ને રૂપ – રૂપાંતરતા અર્થાત્ પરિભ્રમણ અને પરિવર્તનની ક્રિયા સતત ચાલુ છે.

દિશા એટલે દેશાકાશ. દેશાકાશ ધર્મ – અધર્મ – આકાશ અને પુદ્ગલાસ્તિકાયને હોય છે આત્મા એના શુદ્ધ સ્વરૂપમાં દેશાતીત છે. જે પદાર્થ દેશના બંધનમાં હોય તે કાળના બંધનમાં હોય.

આત્મા એના કેવલ જ્ઞાનમાં એક જ સમયે સર્વક્ષેત્રના સર્વ દ્રવ્યોને તેના સર્વ ગુણ-પર્યાય યુકત જુએ છે-જાણે છે.

આમ આત્મા એની જ્ઞાનશક્તિથી ક્ષેત્ર તથા કાળ અપરિચ્છિન્ન છે – અખંડ છે – અલગ છે

કાળ એ પર્યાય ભેદ છે. જ્યારે દેશ એ ક્ષેત્રભેદ છે. આત્મા સ્વરૂપથી દ્રવ્ય અને ભાવરૂપ છે, દેશ અને કાળરૂપ નથી.

ક્ષેત્રથી ચૌદ રાજલોક યા તો સમગ્ર લોકાલોક એટલે કે બ્રહ્માંડ અને કાલથી ત્રિકાલ અનાદિ-અનંતકાળ એ જ બે મહાન તત્ત્વો છે. આ બે તત્ત્વો ઉપર જો આત્મા વિજય મેળવી દેશાતીત - કાલાતીત થાય તો જ્ઞાનથી એ મહાન-સર્વજ્ઞ બની છે. સર્વજ્ઞ સર્વશક્તિમાન-સર્વવ્યાપી બને છે.

દ્રવ્યથી પણ મહાન અને ક્ષેત્ર અર્થાત્ આકાશથી પણ મહાન તત્ત્વો કાળ અને ભાવ છે. ધર્મક્ષેત્રે કાળનો નાશ કરવા માટે ક્રિયા કરવાની હોય છે. જ્યારે સંસારક્ષેત્રે કાળ બગાડવા માટેની ક્રિયા થતી હોય છે. ભાવ સાધ્યો તો દ્રવ્યક્ષેત્ર-કાળ સાધ્યા – દ્રવ્યથી-ક્ષેત્રથી. કાળથી અંતે તો ભવમાં જવાનું છે.

દેશ અને કાળ ઉપર વધારે વિગતે સમજવા માટે સ્વામી માધવતીર્થનું પુસ્તક દેશકાળ જેનું અંગ્રેજી ભાષાંતર 'Time & Space' નામે પણ થયું છે. જિજ્ઞાસુને જો મળે તો જોઇ જવા ભલામણ છે.

કેવલજ્ઞાન અને કાળ :

કેવલજ્ઞાન એક જ છે કે એનું બીજ જ છે યા તો એવું ને એવું જ છે. જ્યારે એક પછી બીજો ખવાતો કાળિયો એવો ને એવો ખરો પરંતુ એ જ નહિ. નદીનો પ્રવાહ એ જ પણ પાણી એનું એ નહિ. કેવળજ્ઞાન જે સમયે પ્રગટ થયું તે સમયે જે છે, જેવું છે તે જ અને તેવું સમયાંતરે છે. અનંતકાળ પછી અર્થાત્ સર્વદા એનું એ જ છે.

પરમાત્મ તત્ત્વ દેશ અને કાળથી અતીત છે. પરમાત્મ તત્ત્વ દ્રવ્ય અને ભાવ ઉભયાત્મ છે. એક છે અભેદ છે. જ્યારે છદ્મસ્થનું દ્રવ્ય (જીવાત્મા) એ દેશ-કાળ-ભાવ આશ્રિત હોવાથી અને દેશ-કાળ પરિવર્તનશીલ હોવાના કારણે તેના દ્રવ્ય અને ભાવ પણ પરિવર્તનશીલ છે જ્યારે પરમાત્માના પરમાત્મ તત્ત્વના ક્ષેત્ર અને કાળ અપરિવર્તનશીલ (સ્થિર) હોવાથી તેમના દ્રવ્ય અને ભાવ પણ અપરિવર્તનશીલ (સ્થિર) હોય છે.

કેવલજ્ઞાની કેવલજ્ઞાનને વેદે છે એ સ્વસંવેદ્યરૂપ છે. કેવલજ્ઞાની સ્વ સ્વરૂપને વેદે છે. જ્યારે પરદ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવ કેવલજ્ઞાનમાં દેખાય છે-જણાય છે કેમકે પ્રતિબિંબિત થાય છે. જેવાં હોય તેવાં અને જેવડાં હોય એવડાં જ અસલ રૂપે અદલોદલ દેખાય છે તે સિદ્ધ જ્ઞાતા-દ્રષ્ટા ભાવ છે.

કેવલજ્ઞાનીને અનાદિ-અનંત જણાય છે. એક જ સમયે ત્રણે કાળના સર્વ પદાર્થના સર્વ પર્યાયોને એઓ જાણે છે. આ વ્યાખ્યા જે કેવલજ્ઞાનીના કેવલજ્ઞાનને સમજવાને માટે કરવામાં આવેલ છે તે છદ્મસ્થની છદ્મસ્થતાની અપેક્ષાએ છદ્મસ્થની સમજણમાં કેવલજ્ઞાનની સમજણ ઉતારવા માટે કરવામાં આવેલી વ્યાખ્યા છે. બાકી તો છદ્મસ્થથી આકાશ માપી શકાય નહિ. તારા ગણી શકાય નહિ, દરિયો ઠાલવી

શકાય નહિ તેમ કેવલજ્ઞાન સમજી શકાય નહિ. સિવાય કે સ્વયં કેવલજ્ઞાની બને. એ તો માંહી પડ્યા તે માણે એના જેવું છે. કેમકે સ્વસંવેદ્ય છે ભાવ તત્ત્વ છે. ભાવતત્ત્વની સ્વાનુભૂતિ જ હોય. સાકર મીઠી છે એ સમજવાથી નહિ. સાકરની મીઠાશનો સ્વાદ અનુભવાય ત્યારે જ એની મીઠાશ સમજાય

છદ્મસ્થનું જ્ઞાન ત્રણે કાળના ભેદરૂપ છે. એણે જાણ્યું, એ જાણે છે. અને એ જાણશે એવાં છદ્મસ્થની ક્રિયાના કાળથી ભૂત વર્તમાન અને ભવિષ્ય એવા ભેદ પડે છે. જ્યારે કેવલિનું જ્ઞાન-જીવન અને ભોગ ત્રણે એકરૂપ છે. અભેદ છે. પરવસ્તુનું ભોક્તૃત્વ નીકળી જતાં કેવલજ્ઞાનનું પ્રાગટીકરણ-અનુભવન થાય છે. પરવસ્તુના ભોક્તૃત્વના કારણે જ કાળના ત્રણ ભેદ પડી જાય છે. માટે જ છદ્મસ્થના જીવન-જ્ઞાન અને ભોગ ત્રણ કાળ રૂપ અર્થાત્ ભેદરૂપ બની જાય છે.

ભેદરૂપ તત્ત્વ અભેદરૂપ તત્ત્વને પકડી નહિ શકે. સાદિ-સાન્ત ભાવોથી અનાદિ-અનંત, સાદિઅનંત તત્ત્વ નહિ સમજાય.

આત્મા સ્વક્ષેત્ર-કાળ-ભાવનો ભોક્તા બને તો સુખી થાય. પરંતુ આત્મા પરક્ષેત્ર-કાળ-ભાવનો ભોક્તા બન્યો રહે તો દુઃખીનો દુઃખી જ રહે. ધ્યાનમાર્ગની સાધનામાં સ્વ ક્ષેત્ર-કાળ-ભાવનું ભોક્તૃત્વ છે તેથી જ ધ્યાનમાં શાંતિ સુખ-સમાધિની પ્રાપ્તિ સહજ થાય છે.

સિદ્ધ પરમાત્માના સિદ્ધ સ્વરૂપને આપણા જ્ઞાન ઉપયોગમાં લઈએ છીએ અર્થાત્ જ્ઞાન ઉપયોગમાં સિદ્ધત્વને જ્ઞેય બનાવીને આપણે એની અસર લઈએ છીએ. તેમ આકાશાસ્તિકાયના અવગાહના પ્રદાનત્વ તત્ત્વનો ઉપયોગ સ્પર્શ સંબંધ દ્વારા ક્રિયામાં કરીએ છીએ.

આકાશાસ્તિકાયમાં અવગાહના પ્રદાનત્વ. ધર્માસ્તિકાયમાં ગતિ પ્રદાનત્વ અને અધર્માસ્તિકાયમાં સ્થિતિ પ્રદાનત્વ છે જ્યારે સંસારી છદ્મસ્થ જીવોના જ્ઞાન દર્શન ઉપયોગમાં કાળ-તત્ત્વ છે.

જીવના વર્તમાન જ્ઞાન-દર્શન ઉપયોગ જે સાદિ-સાન્ત ભાવના છે તે જ કાળ છે. અને તે ઉપયોગ બીજા સમયે-બીજી જ ક્ષણે વિનાશ પામેથી ફરી જીવ તે ઉપયોગનો ઉપભોગ-વેદન કરી શકતો નથી. છદ્મસ્થનો ઉપયોગ ક્ષણિક સ્વ અને કાળ પર હોવાથી કાળ અરૂપી છે. અભોગ્ય છે. કેમકે સમયાંતરે પર છે.

ઘેન, મૂર્છા, નિદ્રા, ધ્યાન સમાધિમાં જીવને કાળની ખબર પડતી નથી તેમ સુખમાં પણ જીવને કાળ કયારે કેટલો વ્યતીત થયો તેની જાણ થતી નથી કલેશ-ઉદ્વેગ-આદિ માનસિક સંતાપકાળમાં દુઃખમાં જીવને તથા અશાતા વેદનીયનાં કાયિક દુઃખમાં જીવને ઝાઝે ભાગે કાળની ખબર પડે છે.

બાકી કેવલજ્ઞાનમાં-તુર્યાવસ્થામાં આ કાળ તત્ત્વ નથી, મતિજ્ઞાનના ઉપયોગમાં કાળનું સ્વરૂપ સાદિ-સાન્ત છે. જ્યારે નિવારણ કેવલજ્ઞાન સાદિ-અનન્ત છે જે સ્વરૂપ-અપરિવર્તનશીલ છે. અપરિચ્છિન્ન છે.

કાળ અને સાધના :

વર્તમાનકાળ ધર્મ પરિણામ વડે સુધારવાથી ભવિષ્યકાળ સુધરવાનો જ છે.

મલિન-દુષિત જલને નિર્મળ કરવાનું સાધન તો ગળણી (Filter) છે. ગળણી વચ્ચે મૂકી દેવાથી અસ્વચ્છ પાણી સ્વચ્છ થઈને આવે છે.

એમ વર્તમાનમાં ધર્મજનિત ભાવ (પરિણામ)રૂપી ગળણી જો પૂરી દઈશું તો બધોય ભવિષ્યકાળ ગળાઈ-ચળાઈને સ્વચ્છ-શુદ્ધ-શુભ્ર બનીને અવતરશે. ઉજ્જવલ ભવિષ્યનું નિર્માણ થશે. પછી કર્મબંધ (ભૂતકાળ)ને જોવાની જરૂર નથી. મોહનીયનો ક્ષયોપશમ ચાલુ રહે છે. ધર્મનો અનુભવ-અનુભૂતિ વર્તમાનકાળમાં થાય છે. ભવિષ્યકાળમાં ધર્મ કરાતો નથી. અર્થાત્ ભવિષ્યકાળના ધર્મની અનુભૂતિ વર્તમાનકાળમાં થતી નથી.

જાગૃત અવસ્થામાં ગુણપ્રાપ્તિ વખતે દોષ રહિતતા આવે તો તેના ફળ રૂપે ધ્યાન અને સમાધિ લાધે છે જે ધર્મનું ફળ છે. એ તત્સમય છે. તે જ સમયે તત્કાળ આનંદ મળે છે. જ્યારે કર્મનું ફળ રોકડું તે જ સમયે નથી. પરંતુ જઘન્યથી અંતર્મુહૂર્ત બાદ અને ઉત્કૃષ્ટથી ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ બાદ છે. આમ ધર્મ એ રોકડાનો વેપાર છે તો કર્મ એ વાયદાનો વેપાર છે-ઉધારી છે.

ધર્મતત્ત્વને નથી તો ભૂત કે નથી તો ભવિષ્ય. ભૂત અને ભવિષ્ય તો કર્મતત્ત્વ છે કે જ્યાં પુદ્ગલના પર્યાયોના પરિવર્તનની આવશ્યકતા છે.

ધર્મતત્ત્વમાં તો આત્માના અપ્રગટ પ્રાપ્ત ગુણોનું પ્રાગટીકરણ છે.

ઉદ્યમ વર્તમાનકાળમાં થાય. ઇચ્છા ભવિષ્ય માટેની હોય. એક જ સમય એ વર્તમાનકાળ અને સમયાંતર એટલે ભવિષ્યકાળ.

ભવિષ્યકાળ જોવો-ઊભો રાખવો એ અધર્મ છે. ભવિષ્ય-કાળને ખતમ કરવો તે ધર્મ છે.

કાળચક્રોને ખતમ કરવા અને કાળનો કાળિયો કરી અકાલ થવું તે ધર્મ છે.

આત્મા સ્વરૂપથી અકાલ છે. એથી ધ્યાનમાં, સમાધિમાં અકાલત્વ વેદાય અર્થાત્ કાળનું ભાન ભુલાય, કાળાતીત થવાય તો આત્માનું અમરત્વ પમાય અર્થાત્ કેવલદર્શન-કેવલજ્ઞાનનું પ્રાગટ્ય થાય.

ઉદ્યમ એટલે વીર્યાંતરાયનો ક્ષયોપશમ જે વર્તમાનકાળમાં છે અને વર્તમાનકાળમાં કામમાં આવે છે. જીવ વર્તમાનરૂપ છે. ભવિષ્યકાળ અને ભૂતકાળ છે એટલે સંબંધ છે. પરંતુ ઉપયોગમાં તો વર્તમાનકાળ છે એટલે જીવ વર્તમાન સ્વરૂપ છે.

કાળનો ખોરાક ક્રિયા અને જ્ઞાન છે. કાળ અનંતો છે. એટલે ક્રિયા બહુ કરવાની રહે છે. પરંતુ બહુ કરીએ તેના કરતાં ખરોખર કરીએ તો કાળનો કાળિયો થઈ જાય.

કાળનો કાળિયો કરવો હોય તો અકાલ એવાં પરમાત્માના ખોળામાં બેસવું જોઈએ. અકાલના ખોળે બેસવું એટલે

કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર થવું. ધ્યાનસ્થ-સમાધિસ્થ-આત્મસ્થ થવું.

જેમ ભાવની સૂક્ષ્મતા વિશેષ તેમ ક્રિયા ઓછી કાળ ઓછો અને પરિણામ (Resnts) ઊંચા.

ક્ષપકશ્રેણિનો કાળ માત્ર બે ઘડીનો છે અને ચૌદમા અયોગી ગુણસ્થાનકે શૈલેશીકરણની પ્રક્રિયામાં 'અ', 'ઇ', 'ઉ', 'ઋ', 'લુ' એ પાંચ સ્વરાક્ષરોના ઉચ્ચારણ જેટલો જ સમય લાગે છે.

દેવ-ગુરુ-ધર્મની આરાધના કરવાથી તેટલો સમય તામસ-રાજસ ભાવ કરતાં નથી અને આરંભ-સમારંભ ઇન્દ્રિયોના વિષય ભોગાદિથી બચીએ છીએ તે દૃષ્ટિએ સ્વસમયનો-સ્વકાળનો સ્થૂલથી સદુપયોગ કર્યો કહેવાય.

પરંતુ જો જ્ઞાનદશાએ મોક્ષના લક્ષ્યે ઉપયોગનો જો સદુપયોગ થાય તો સકામ નિર્જરા થાય, અને મોહનીયકર્મનો ક્ષયોપશમ થા ક્ષય થાય જે સૂક્ષ્મથી સ્વકાળનો સદુપયોગ છે.

જીવનો આયુષ્યકાળ એ એનો વ્યાવહારિક સ્વકાળ છે. એનો વ્યવહારથી ધર્મધ્યાન, ધર્માનુષ્ઠાનાદિ ધર્મક્રિયામાં-ધર્મભાવમાં સદુપયોગ કરવો તે મોક્ષપુરુષાર્થ છે.

ભૂતવત્-ભવિષ્યવત્ ન વિચારતાં માત્ર વર્તમાનકાળને સ્વકાળરૂપ બનાવીને આત્મભાવમાં-સ્વરૂપભાવમાં વર્તવું જેથી કાળાતીત બની શકાય.

ભવિષ્યની ચિંતા કરવી એનું જ નામ પાપ-મિથ્યાત્વ! 'વર્તમાનજોગ' શબ્દ આપણને એ જ સૂચવે છે કે વર્તમાનમાં વર્તો. 'समय वर्ते सावधान.' વર્તમાનનો ઉપયોગ કરી કાળાતીત થાઓ.

આપણને "દેહ એ હું છું" અને કાળ ત્રણ ભૂત-ભવિષ્ય ને વર્તમાન છે એવાં દૃઢ સંસ્કાર છે.

અધ્યાત્મમાર્ગમાં "દેહ એ હું નથી" પણ "હું છું તે આત્મા છું" તેમ જ કાળ ત્રણ નથી. અરે! કાળ છે જ નહિ. "હું આત્મા કાલાતીત છું" એમ વિચારવાનું ને આચરવાનું છે.

ધ્યેય-સાધ્યને લક્ષ્યમાં રાખી વર્તમાનમાં જે જેવું કરવા જેવું હોય તે તેવું કરવાં વિષેનો ઉદ્યમ કરવો જોઇએ. ભૂત જે નષ્ટ છે. ને ભવિષ્ય જે અનુત્પન્ન છે તેનો વિચાર સેવવો તે સંસારભાવ છે.

ભૂત-ભવિષ્યકાળને વર્તમાનકાળમાં આપણે ઘાલીએ છીએ એટલે વર્તમાનકાળ વ્યાવહારિકકાળ બને છે. આપણે વર્તમાનકાળને પારમાર્થિક બનાવવાનો છે જેથી ભૂત-ભવિષ્ય કાળ જ ન રહે. સિદ્ધ પરમાત્મા, કેવલિ ભગવંત માત્ર વર્તમાનરૂપ છે જ્યારે વર્તમાનકાળ પારમાર્થિક બને ત્યારે કાળાતીત થવાય છે.

વર્તમાન ભૂત-ભવિષ્યરૂપ ન હોય અને ભૂત-ભવિષ્ય વર્તમાનરૂપ ન હોય.

ભૂત-ભવિષ્યને વર્તમાનમાં સ્થાપીને આપણે વર્તમાનને દબાવીએ છીએ. જેથી વર્તમાનકાળ આપણે વિભાવથી વીતાવીએ છીએ. જે મોહભાવ છે એ અજ્ઞાન છે અને તે સંસાર છે.

વર્તમાનકાળ એ ભૂત-ભવિષ્ય નિરપેક્ષ નથી. ભવિષ્ય વર્તમાનરૂપ બનીને ભૂતરૂપ બને છે. જે પદાર્થ કાર્ય-કારણરૂપ પરિણમતો હોય તેને નિરપેક્ષ નહિ કહેવાય. સિદ્ધ પરમાત્મા જે અદેહી છે તે અને અરિહંત ભગવંતો નિરપેક્ષ છે. બાકી કોઇ નિરપેક્ષ તત્ત્વ નથી.

ભૂત-ભવિષ્યવત્ નિરપેક્ષ વર્તમાનને જોનારો આંધળો છે. ભૂત-ભવિષ્ય નિરપેક્ષ વર્તમાનમાં રહેનારો સાક્ષી છે-જ્ઞાતા-દૃષ્ટા છે. પરંતુ જો પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વર્તમાન ઉપયોગમાં આવી જાય તો તે સાક્ષીભાવ કે જ્ઞાતા-દૃષ્ટાભાવ નહિ કહેવાય.

જે પદાર્થને વર્તમાનમાં જોઇએ તેને ભૂત-ભવિષ્યવત્ જોવાથી તે પદાર્થ પ્રત્યેના રાગ-દ્વેષ દુર કરી શકાય છે.

વર્તમાનકાળમાં મોહભાવે થતા પુરુષાર્થથી કાળ (ભાવિ-પ્રારબ્ધ) ઊભો રહે છે જ્યારે વર્તમાનકાળમાં થતાં ધર્મ-મોક્ષ પુરુષાર્થથી વર્તમાનકાળથી કાળનો અંત આવે છે. 'વર્તમાન જોગ' શબ્દનો આ લક્ષ્યાર્થ છે.

આપણા વર્તમાનકાળના જ્ઞાન-પર્યાયો જે બીજે જ સમયે જ્ઞેય બને છે તે જ આપણા અજ્ઞાનને આપણી અપૂર્ણતાને સૂચવે છે.

જે દૃશ્ય છે તે દૃશ્ય છે. તે કદી દૃષ્ટા બનતું નથી. જેમ કે આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, ને પુદ્ગલાસ્તિકાય દ્રવ્યો. એથી વિપરીત ચેતન એવા છદ્મસ્થ જીવનો જ્ઞાન ઉપયોગ બીજા જ સમયે જ્ઞેય બની જાય છે. અને જડ થઇ જાય છે. કાળ એ જેમ અરૂપી તત્ત્વ છે. તેમ તે જડ તત્ત્વ પણ છે. વળી ક્રમિક તત્ત્વ છે. અને એ જ મહાન આશ્ચર્ય રૂપ છે. તેથી જ જીવે પોતાનું જ્ઞાન જે જ્ઞેય બને તે અસત્ અવસ્થાને ખતમ કરવાની છે. અને તેમ કરી જીવે પોતાના સત્તાગત કેવલજ્ઞાનને નિરાવરણ કરવાનું છે. જે કેવલજ્ઞાન પ્રગટ થયા બાદ તે જ્ઞાન કદી જ્ઞેય બનતું નથી. કેમકે કેવલજ્ઞાનના જ્ઞાન પર્યાયો-દર્શનપર્યાયો અર્થાત્ જ્ઞાતાભાવ-દૃષ્ટાભાવ કદી પણ જ્ઞેયરૂપ-દૃશ્યરૂપ બનતા નથી. કદી પણ ક્રમરૂપ, કાળરૂપ, અનિત્યરૂપ, પરિવર્તનરૂપ, ખંડિતરૂપ થતાં નથી.

ભવની કિંમત નથી, કાળની કિંમત છે. કારણ પૂર્ણ સુખનું વેદન જેટલું જલ્દી પ્રાપ્ત થાય તેટલું જલ્દી કરવાનું છે.

કાળચક્રમાંથી છૂટીશું તો ભવચક્રમાંથી છૂટીશું. ક્ષણ ઉપર જે વિજય મેળવે છે તે વિવેકી આત્મા છે. મહાત્મા છે. અને જે સ્વયં અકાલ અર્થાત્ કેવલિ ભગવંત બને છે તે પરમાત્મા છે.

ક્ષણ જે ક્રમરૂપ છે તે મનોયોગ ઉપર વર્તે છે. તેના ઉપર સંયમ જાળવવાનો છે. અને વિજય મેળવવાનો છે.

ક્ષેત્ર ઉપરનો વિજય એ વિજય જ નથી. પારમાર્થિક વિજય તો કાળ ઉપરનો વિજય છે.

ક્ષેત્ર વિજેતા ચક્રવર્તી નરદેવ કહેવાય છે.
કાળવિજેતા મહાદેવ પરમાત્મા કહેવાય છે.
ક્ષણ : તદ્ક્રમયો : સંયમાદ વિવેકજ જ્ઞાન : ॥

વહેતા કાળને વહેતો મૂકી વહેતા થઇ જવાનું છે. કાંડા પરની ઘડિયાળ ચાલુ રહે અને હૃદય બંધ પડી જાય તે પહેલાં આપણે સહુ કોઇ પ્રાપ્ત વર્તમાન સમયનો-સ્વકાળનો સદુપયોગ કરી કાળચમળમાંથી મુક્ત થઇ અકાલ પરમાત્મ તત્ત્વને પ્રાપ્ત કરી શકીએ તેવું સૌભાગ્ય – સામર્થ્ય પ્રાપ્ત થાઓ એવી અભ્યર્થના!

સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

સંધિકાળની નિભૃત ક્ષણ

● નેમચંદ એમ. ગાલા

કેટલાક શબ્દો એવા હોય છે કે તે વાંચતાં – તેના ઉચ્ચાર વડે જ અર્થનો ભાવ જાગૃત થાય છે. જાણે શબ્દો આપણને સ્પર્શીને અર્થ અભિપ્રેત કરે. આવા શબ્દોને અંગ્રેજીમાં 'Onomatopoetic Words' કહે છે. દા. ત. : મુલાયમ, રેશમી, ગલપચી, વસંત (ઋતુ), ભીનું અને જરૂર, ખડતલ, ખરબચડું વિગેરે.

અંગ્રેજી ભાષામાં સર્વોત્કૃષ્ટ સોહામણાં તેમજ લોકપ્રિય એવા દશ શબ્દોમાં બે શબ્દો છે : Chime અને Twilight.

Chimeનો લોકપ્રચલિત અર્થ છે : ગિરજાઘરનો ઘંટારવ. એનો મૂળ અર્થ છે : ઘંટડીઓનો સંવાદી 'હારમોનીઅસ' મધુર રણકાર.

ટવાઇલાઇટ એટલે સૂર્યાસ્ત પછીનો અને પ્રાતઃકાળે સૂર્યોદય પહેલાંનો સમય. બેઉ સમય આધ્યાત્મિક દ્રષ્ટિએ શ્રેષ્ઠ ગણાય છે.

ચાઇમ અને ટવાઇલાઇટ બન્ને શબ્દો અભિન્નપણે વણાયેલાં છે.

ગોરજ ટાણે. ગોધુલિના સમયે સમી સાંજે સીમમાંથી ગાયોનું ધણ પાછું ફરે છે. ત્યારે ગાયોના તાલબદ્ધ ડોકના હલનચલનથી ડોકની ઘંટડીઓ સિમ્ફનીની જેમ મધુર રણકારથી સંવાદી રીતે વાગ્યા કરે છે. આ છે ચાઇમ...ટવાઇલાઇટ સમયનું સંગીત સાંજકાળની કુદરતની આરતી ! પક્ષીઓ માળામાં પાછાં ફરી રહ્યા હોય છે.

વેદમાં એક મંત્ર છે. पश्य हिं मे विमन्यव पतन्ति वस्ईष्टये ! वयो न वसतीरूप । ઋષિ કહે છે : કે સાંજના સમયે મારી માનસિક વૃત્તિઓ પાછી ફરી રહી છે અને માટી અંદર વિલીન થઇ રહી છે. બધામાં શ્રેષ્ઠ વસ્તુ છે અંતર્યામી પરમાત્મા. પક્ષી સાંજે માળામાં પાછાં ફરે છે. તે રીતે અંતર્યામી પરમાત્મામાં નિવાસ કરવા મારી બધી વૃત્તિઓ પાછી ફરી રહી છે.

અનેક પ્રકારની શક્તિ ધરાવનાર સૂર્યદેવ ઉદય થતાં પોતાનાં કિરણો વ્યાપક રીતે ફેલાવે છે. વ્યૂહ રશ્મીન સમૂહ અને સંધ્યા સમયે બધાં કિરણોને પોતામાં જ સમેટી લે છે. પ્રભાતે કિરણો ફેલાય છે, સંધ્યા સમયે તેનું સવરણ થાય છે. ઉપાસનાના આવાહન અને વિસર્જનના બે સયોગો મળી આધ્યાત્મિક ઘટના બને છે. આ બે તત્ત્વોનું નિરંતર ધ્યાન એ જ પૂર્ણ ધ્યાન વેદમાં આ વાત સુંદર રીતે કહી છે. ટવાઇલાઇટનો આથી સુંદર અર્થ કયો હોઇ શકે ?

વળી ટવાઇલાઇટનો એક અનોખો અર્થ પણ છે. ટવાઇલાઇટ સ્લીપ. એટલે પ્રસવપીડાને હળવી કરવા પ્રસવ પૂર્વે આવતી કે લવાતી અર્ધમૂર્છિત દશા. નવસર્જન–નવાં ઉન્મેષ પૂર્વેની દશા !

વિનોબાજીએ કહે છે : સંધ્યા એટલે સમયક ધ્યાન, ઉત્તમ ધ્યાન.

સંધ્યા એટલે સંધ્યાવિધિ અને ઉપાસનાનો સમય, આરતીનો સમય ! દેવ–મંદિરમાં આરતી અને મંગળદીવો ઉતારાય, આરતીમાં ૫ થી ૭ દીવા દીવા હોય, મંગળદીવામાં એક દીવો હોય. નગારાં વાગે, ઘંટનાદ સંભળાય, ઝાલર વાગે, શંખ ફૂંકાય. ધૂપઘટાઓ પ્રસરે, ચામર વીંઝાય, પરમાત્માની આરતીનો ઘંટનાદ-ઝાલર ચોમેર સંભળાય, મધુર નાદ ફેલાય. અશુદ્ધિઓ દૂર થાય, અધર્મો નાશ પામે જ્ઞાનનો પ્રકાશ પથરાય.

રજોગુણનો દિવસ સમાપ્ત થયો. તમોગુણી રાત્રિનો પ્રારંભ નથી થયો. આ સંધ્યાના સમયની ગણના ન દિવસમાં થાય, ન રાતમાં. દિવસ અને રાતનો સંધિકાળને સત્ત્વગુણનો, આત્માના સમત્વનો અને પ્રશાંતતાનો પ્રતિનિધિ છે. તેની સંધિકાળે ઉપાસનાનું વિધાન કર્યું છે.

શંકરાચાર્ય કહે છે કે : જેમ માળામાં દોરો મોતીઓથી ઢંકાયેલો છે છતાં બે મોતીઓની વચ્ચે થોડો દેખાય પણ છે. તેવી જ રીતે ચૈતન્યશક્તિ બે વિકલ્પો વચ્ચે ઢંકાયેલી રહે છે; પરંતુ બેઉના વચલા ગાળામાં બે વિકલ્પોની વચ્ચે ચૈતન્યશક્તિ પ્રગટ થાય છે અને સ્પષ્ટ દેખાય છે. આ ગાળો તે દિવસ અને રાતની સંધિનો અન્વય.

મનુષ્યનો શ્વાસોચ્છવાસ ચાલે છે ત્યારે પણ બે શ્વાસની વચ્ચે શાંત રહે છે. તે સમયે ચિત્ત પ્રગટ થાય છે. બાકી ચિત્ત ઢંકાયેલું રહે છે : વિચારોથી પરંતુ એક આવરણ દૂર થાય. અને બીજું આવે એની વચ્ચેની ક્ષણમાં એ સ્પષ્ટ દેખાય છે. એ ઊર્જાવળ સમય છે. બધા ચિંતનો વિચારોથી મુકત શાંત સમય ! વચ્ચગાળાની મુકિતની-નિર્વિકલ્પ ક્ષણને લંબાવવાનો પુરુષાર્થ, એ જ ઉપાસના.

જ્ઞાનેશ્વર મહારાજે 'અમૃતાનુભવ'માં આ ક્ષણની સમજણ આપતાં દૃષ્ટાંતથી કહ્યું છે કે, વર્ષામાં નદી ઉભરાય છે. ગ્રીષ્મમાં નદીનું પાણી ઓસરે છે, પણ વચ્ચે શિયાળામાં નદી શાંત અને મૂળ સ્વરૂપમાં રહે છે. સંકલ્પોની વચ્ચે શાંતિની ક્ષણ પર ધ્યાન આપી તે ક્ષણ, સમય વધે એવા પ્રયત્ન કરવા જોઇએ.

આ ક્ષણ મુકત મનની ક્ષણ છે...ખાલી આકાશ જેવી બહારથી વ્યાપક, પણ અંદરથી શૂન્ય.

આ ક્ષણને પકડી લેવાની છે. ટાગોરે સરસ કહ્યું To fill the sky with void. કવિ વિલિયમ બ્લેક આની જ વાત કરતાં કહ્યું 'રેતીના કણમાં બ્રહ્માંડને નિહાળવો – ક્ષણમાં અનંતતાને મુઠ્ઠીમાં બંધ રાખવી.'

એક ક્ષણ માટે તો માણસ આંતરબાહ્ય સ્થિર થઇ જાય તો મુકિતને ઉપલબ્ધ થઇ જાય.

શ્રીમદ્ રાજચંદ્રની વાત છે : શ્રીમદ્ નીચે ગાદી પર બેઠા છે. દામનગરના શેઠ ખુરશી પર બીડી ફૂંકતા ઉપહાસમાં શ્રીમદ્ને પ્રશ્ન પૂછે છે:

'રાયચંદભાઇ મોક્ષ કેમ મળે ?'

શ્રીમદે કહ્યું: 'તમે અત્યારે જે સ્થિતિમાં બેઠા છો, તે જ સ્થિતિમાં હાથ પગ કંઇ પણ હલાવ્યા વગર સ્થિર

થઈ જઓ. તો તમારો અહિંથી સીધો મોક્ષ થઈ જશે.'

યુરોપના આધ્યાત્મિક કવિ રિલ્કેએ આ જ વાત કાવ્યમાં કહી છે.

"I am the pause between two notes" 'હું સંગીતના બે સૂર વચ્ચેની રિક્તતા છું-શૂન્યતા છે' અને અંતિમ પંક્તિમાં કવિ કહે છે 'અને સંગીત-સૂરાવલિ અખંડ અકબંધ રહે છે.'

ટાગોરે સુંદર વાત કહી. 'Leave some gaps in Life and let Sweet Music flow.

એક સંગીતજ્ઞે પણ કહ્યું છે કે સંગીત સૂરોમાંથી નથી નીપજતું પણ બે સૂરો વચ્ચેના અવકાશ,-શૂન્યતામાંથી નીપજે છે.

એક અન્ય ગીતમાં ટાગોર 'સૂરજ ડૂબી ગયો છે, ચાંદ હજી ઊગ્યો નથી' એવી ક્ષણે માનવીને પૂછે છે કે તારે ક્યા દેશમાં જવું છે ? ઊભો ઊભો શું વિચારી રહ્યો છે ? તું આવ્યો કયાંથી ?' કયાંથી આવ્યો એ સમજાય, તો ક્યા જવાનું તેનો ઉત્તર મળી રહે !

૧૯૬૦-૬૧માં પંડિત જવાહરલાલ નહેરુની તબિયત નાદુરસ્ત રહેતી હતી. આનંદમયીમા પંડિતજીના પત્નીના ગુરુ હતાં એટલે સ્નેહવશ પંડિતજી ઘણીવાર મા પાસે જતા આ અરસામાં પંડિતજી મા પાસે દહેરાદુન પહોંચ્યા અને કહે, 'મા, બરાબર ઊંઘ નથી આવતી, કંઈક ઉપાય બતાવો'. આનંદમયીમાએ કહ્યું 'બાબા, ઉપાય તો થશે પણ પહેલાં એ બતાવો કે ચોવીસ કલાકમાંથી એક અખંડ ક્ષણ મને આપી શકશો ? એ ખંડિત ના જોઈએ કારણ કે ખંડિત બીજ વાવવાથી અંકુર ન ફૂટે.' તો પંડિતજીએ પૂછ્યું: 'અખંડ ક્ષણનો અર્થ શો ?' માએ કહ્યું. 'અખંડ ક્ષણ એટલે એ ક્ષણમાં તું કેવળ તું જ રહીશ, તે વખતે તું દેશનો વડા પ્રધાન નહિ હોય, કે ન તો કોંગ્રેસનો નેતા. એ ક્ષણમાં દેશની, પક્ષની, કુટુંબની કોઈ ચિંતા નહીં કરે. નહિ તો ક્ષણ આપવા જઈશ અને અડધી ક્ષણમાં તો દેશની ચિંતા શરૂ કરી દઈશ. મને આવી ખંડિત ક્ષણ ન જોઈએ. અખંડ ક્ષણ જોઈએ અને ચોકકસ સમય જોઈએ. મારે એક ક્ષણ જોઈએ. વટવૃક્ષનું બી તો એક જ હોય છે જેમાંથી આખો વડલો ઊગે છે. ધરતીના એક કણમાંથી મણ બને છે. તું મને એક કણ દેતો જો.'

પંડિતજીએ કહ્યું : "રોજની એક ક્ષણ તો આપી શકીશ, પણ ચોકકસ સમય તો મા હું નહીં આપી શકું."

માએ કહેવું પડ્યું : "તો બાબા ઉપાય નહીં થઈ શકે."

આ સંધિકાળની ક્ષણ એટલે શૂન્યત્વ, અખંડ ક્ષણ, ભીતરમાં શૂન્યમાં છલાંગ લાગી જાય તો વૈશ્વિક ચેતના સાથે અનુસંધાન થઈ જાય !

શૂન્ય એટલે મૌન, મૌન એટલે શબ્દોનું, ઇચ્છાઓનું અને વિચારોનું મૌન.

અને મૌન, એટલે સહજ પ્રાર્થના, પ્રાર્થના એટલે પરમતત્ત્વ પાસે પહોંચવાનો સૌથી ટૂંકો રસ્તો !

પિંજરામાં તો પાંખો જ ફફડી શકે, ફફડાવી શકાય. પરંતુ ઉડ્ડયન માટે તો અવકાશ જોઈએ.

પાંખોનો ફફડાટ સંભળાય, પણ ઉડ્ડયનો તો નિઃસ્વન જ હોય ! આખું આકાશ પાંખોમાં સમેટી માળામાં ગોઠવાતા પક્ષીની ક્ષણ।

ધરતીની આરતી

'સત્સંગી'

વિદ્યાર્થીઓ તેમ જ યુવાન અભ્યાસીઓ કેટલીક વખત કોઈ સારાં વાંચ્યા પછી તૃપ્તિ થાય એવા પુસ્તકની ખોજમાં રહેતા હોય છે. તેવું પુસ્તક મને અનાયાસે 'ધરતીની આરતી' વાંચવા મળ્યું. અલબત્ત ધરતીની આરતી' તો વૃદ્ધો માટે પણ વાચન અને મનનનો સારો ખોરાક પૂરો પાડે છે. આ પુસ્તકમાં શ્રી રામકૃષ્ણ મિશનની દીક્ષા પામેલા મહાત્મા ગાંધીજીના નિકટના અનુયાયી તથા શ્રી વલ્લભભાઇ પટેલ, શ્રી છોટુભાઇ દેસાઇ, શ્રી મહાદેવભાઇ દેસાઇ વગેરેના સહકાર્યકર સ્વામી આનંદનાં નાનાંમોટાં અનેકવિધ પાસાંને આવરતાં ૨૮ લખાણોનો સંગ્રહ છે. સંપાદન કરનાર પણ છે અભ્યાસી અને કર્મયોગી શ્રી મૃણાંકર મો. ભટ્ટ.

સ્વામી આનંદનો ગમે તે લેખ વાંચો, તમને તેમાં ન માણ્યો હોય એવો રસ મળશે. વાંચતાં વાંચતાં 'આપણે પણ કંઈક આવા થવું' એવું સૂચન પકડ જમાવતું રહે એવાં લેખકનાં શૈલી અને રજૂઆત છે. સ્વામી આનંદ આજીવન સાધુ રહ્યા અર્થાત્ તેમના જ શબ્દોમાં 'દો રોટી, એક લંગોટી'ના હકદાર એવા સાધુ સંપ્રદાયના ચુસ્ત અનુયાયી રહ્યા. તેમણે આખી જિંદગી પૈસા માટે કંઈ જ લખ્યું નથી. આવા અપરિગ્રહી, તપસ્વી અને અભ્યાસી લેખકની વાણીમાં કેવું જોમ હશે અને તેમના વિચારમાં કેવું સામર્થ્ય હશે એ તો વાચક તેમનાં લખાણોમાં ભાવવિહાર બને ત્યારે જ તેને ખબર પડે.

આજે આંતરજ્ઞાતિય, આંતરદેશીય અને આંતરરાષ્ટ્રીય લગ્નો સામાન્ય બની ગયાં છે એવા સમયમાં ઊછરતા અને વિકાસ પામતા યુવાનોએ ગુજરાતમાં ૬૦ થી ૧૦૦ વર્ષ પહેલાં નાત અને તેના રિવાજો એટલે શું એ સમજવા માટે 'મોનજી કુદર' લેખ વાંચવો જ જોઈએ. મોનજી કુદર અને ભીખીબાઇનો ઘરસંસાર સરખો ચાલતો હતો. પરંતુ તેમની એક દીકરીનાં બાળપણમાં લગ્ન થયેલા અને બાળપણ દરમ્યાન જ તેને રંડાપો આવ્યો. તેથી સ્વામી દયાનંદ સરસ્વતીના આર્યસમાજી વિચારોની અસર હેઠળ મોનજીએ તેની દીકરીને યોગ્ય મૂરતિયા સાથે પરણાવી દીધી. બસ થઇ રહ્યું. મોનજી નાતબહાર. નર્યો ત્રાસ. છતાં મોનજી અને ભીખીબાઇ કેવી ટક્કર ઝીલે છે તેનું આબેહૂબ ચિત્ર એવી ચોટદાર શૈલીમાં સ્વામી આનંદ આપે છે કે મોનજી કુદર અને ભીખીબાઇ અમર બને છે. અને લેખ સાહિત્યની કૃતિનો સુંદર

નમૂનો બને છે. વિચારરહિત સમાજ-નાત પ્રત્યે ભાવ રાખનારાં અને સીધે માર્ગે પણ વિચારપૂર્વક ચાલનારાં કુટુંબ પરના પાશવી અત્યાચારોથી વાચકને આંસુ પણ આવે અને સાથે સાથે મોનજી જેવા સહનશીલ, પુરુષાર્થપ્રેમી અને ભગવદ્‌ભક્ત થવાની વાચકને પ્રેરણા જાગે તેમ જ ભીખીબાઈનાં જેવાં નીડરતા અને શૌર્ય કેવી રીતે અને કઈ જગ્યાએ મળે તે ઢુંઢવા માટેની દોડધામની ઝંખના વાચકના મનનો કબજો લઈ લે એવાં આ બંને ધરતી પરનાં વાસ્તવિક પાત્રો લેખકે હૃદયસ્પર્શી રીતે આલેખ્યાં છે.

ગાંધીજીએ અંગ્રેજોનાં શાસન તળે ચાલતા ભારતમાં પોતાની નિરાળી દુનિયા સર્જી હતી. આ દુનિયામાં અનેક નાનાંમોટાં પાત્રો હતાં. આવું એક અદ્‌ભુત પાત્ર તે શ્રી છોટુભાઈ દેસાઈ. ઘણા લોકો ક્રોધ પર કાબૂ મેળવવા માટે ફાંફાં મારે છે પણ ક્રોધના પ્રસંગે ક્રોધને તાબે થતા હોય છે. છોટુકાકાને કજીઓ વેચાતો લીધા વિના જંપવાનું ન ભાવે એવો એમનો મિજાજ હતો. પણ હંમેશા આ કજીઓ અન્યાય સામે હતો. તેઓ રેલવેમાં નોકરી કરતા ત્યારે ગોરા અમલદારો સાથે પણ ઝામડ્યા – માત્ર અન્યાય સામે. સમાજના કાર્યકર તરીકે જીવ્યા ત્યાં સુધી અન્યાય સામે લડતા જ રહ્યા. અન્યાય સામે ક્રોધ કરવાથી ક્રોધનું ઊર્ધ્વીકરણ થાય એવું છોટુકાકાનું સુંદર પાત્ર વાંચવા મળે છે. આજના કાર્યકરોએ 'મહાદેવથી મોટેરા' લેખ ન વાંચ્યો હોય તો તેઓ તેમનું કાર્ય યોગ્ય અર્થમાં ન સમજી શકે એમ મને સ્પષ્ટ લાગે છે. છોટુકાકા જેવા કાર્યકરોએ જીવી જાણ્યું અને તેઓ ગાંધીજીનું નામ ઉજાળતા ગયા. જેવું પાત્ર તેવી શૈલી લેખકની કલમમાંથી સહજ રીતે ટપકે જ છે.

'મૂંગું બળ' નામનો લેખ પિતાનું પાત્ર ભજવતા સૌ કોઈને માટે ખૂબ પ્રેરક છે. વડોદરાના પ્રતિષ્ઠિત ડૉક્ટર બાલાભાઈ રાજ્યના દાક્તરી ખાતાના વડા બન્યા હતા અને મહારાજા સયાજીરાવ ગાયકવાડના અંગત દાક્તર પણ હતા. તેમના સૌથી નાના દીકરા ચંદુલાલ બી. એ. થયા પછી આવા નામાંકિત પિતા આગળ પોતે વેપારી બનવા માગે છે એવી પોતાની ધંધાની પસંદગી દર્શાવે એ અંગે કયા વાચકને આશ્ચર્ય ન થાય? વળી, ચંદુલાલ પ્રામાણિક વેપારી બનવાની નેમ રાખે છે. પરિણામે ઝવેરાતના વેપારથી તેઓ શરૂઆત કરે છે અને વેપારીઓ બાલાભાઈ દાક્તરના દીકરાને સદ્‌ભાવ આવકારે પણ છે. પરંતુ ચંદુલાલની પ્રામાણિકતા તેમને આ વેપારમાંથી રૂખસદ આપે છે. પછી તો ખોટ ખાતાં ખાતાં રસ્તે બેસીને બૂટ-ચંપલ સાંધીને પેટિયું રળવાના વિચાર પર આવે છે, પણ તેમના મિત્રનો ભેટો થવાથી જોડા સીવવાનું કામ યોગ્ય ગણે છે અને કરે પણ છે. પરંતુ પછી બંને મિત્રો ડોલસાના વેપારમાં ઝંપલાવે છે. સારું એવું દેણું કર્યા બાદ આ ડોલસાના ધંધામાં તેઓ ફાવે છે અને પ્રામાણિકતાથી સંપત્તિ પણ મેળવે છે. પછી તો દેશમાં ચાલતી આઝાદીની લડતના સત્યાગ્રહીઓ પ્રત્યે તેઓ પોતાની ફરજ બજાવે છે અને દેશ પ્રેમની અસરકારક વાત તેમના જીવનમાં જોવા મળે છે.

ચંદુલાલ એક પછી એક જુદા ધંધામાં પડે છે અને ખોટ ખાય છે, છતાં તેમના પિતા તેમને કદી ઠપકો આપતા નથી. ચંદુભાઈની વેપારી તરીકે સ્વતંત્ર જીવન જીવવાની ભાવના અંગે તેઓ લગીરે માથું મારતા નથી. ચંદુલાલને ધંધામાં એવી પછડાટો આવતી રહેતી કે તેમને સાદાં ગુજરાન માટે પણ તકલીફ પડતી, તેથી તેમના પિતા તેમને ફરજીઆત તેવી મદદ મોકલતા અને તે સિવાય ધંધાની રીતે નાણાં પણ આપતા. તેમના પિતાની એક જ વાત હતી કે ચંદુલાલનાં માતા તેમનાં નાનપણમાં જ દુનિયા છોડી ગયાં હતાં તેથી ચંદુભાઈને માતૃવાત્સલ્ય પણ મળતું રહે. આવા પિતા ભાગ્યે જ જોવા મળે. બાલાભાઈ દાક્તર કોઈ વાર્તાનું પાત્ર નથી, ધરતી પરનું વાસ્તવિક પાત્ર છે. લેખનું શીર્ષક 'મૂંગું બળ' યથાર્થ જ છે.

નારી જગદંબા છે એ ખ્યાલ 'ધનીમા' લેખ પરથી સાંપડે છે શેઠ મોરારજી ગોકુળદાસનાં ત્રીજી વારનાં ધણિયાણી તે ધનકોરબાઈ. મોરારજી શેઠે ૪૬ વરસની વયે દુનિયા છોડી તે વખત ધનકોરબાઈની ઉંમર માત્ર ૨૧ વરસની. ૭૩ વરસ વૈધવ્ય હેઠળ તેમણે ગાળ્યાં. શેઠનાં બાળકોની મિલકત સરકારમતો અને વેપારધંધો તેમણે સાચવ્યાં અને નાના દીકરા-દીકરીઓને ઉછેર્યાં. રજવાડાં જેવો વહીવટ આટલી નાની ઉંમરે તેમણે એકલે હાથે સંભાળ્યો અને દીપાવ્યો. મોરારજી-શેઠને રાજવીઓ સાથે સંબંધો. તેથી ધનીમા તેમને પોતાના બીજા વાડીબંગલાઓમાં ઉતારો આપીને તેમની બાદશાહી મહેમાનગતી કરતાં.

દીકરા-દીકરીઓ કરોડપતિનાં સંતાને હતાં, પણ ધનીમા એમને લાકડાની પાટો પર કઠણ પથારીએ સુવાડે, મોટે મળસ્કે અંધારામાં ઉઠાડે, પોતપોતાની પથારીઓ હાથે ઉપડાવે અને નહાવું ધોવું, દેવદર્શન વગેરે સંસ્કારો પોતાની નજર હેઠળ રેડતાં. તેમના નોકરો પ્રત્યે માયાળુ સ્વભાવ. એમની નોકરીમાં કોઈને રજા મળ્યાનું કે દંડ થયાનું કોઈએ જાણ્યું નથી. તેમની મુશ્કેલીમાં તેઓ તેમનું બરાબર ધ્યાન રાખતાં. દેશી વાઇસરોયો કે ગોરા ડૉક્ટરને પણ તેમને વંદન કરવાં પડે.

ધનીમા વૈધવ્ય પછી આખી જિંદગી એક જ વખત જમતાં. હંમેશાં વહેલાં ઊઠીને કુંડે પાણીએ નહાય અને પૂજાપાઠ, ધાર્મિક ક્રિયાઓ વગેરે નિત્ય નિયમિત કરતાં રહેતાં. વૈધવ્ય પછી આખી જિંદગી કદી તેમણે કેરી ન ખાધી. પોતે ૧૦ આનાનું છાપલ પહેરે પરંતુ નોકરચાકરને તહેવારને દિવસે ૧૦ રૂપિયાની કિંમતની ચંદ્રકળા આપે. જેમ રાજાઓ તેમને ત્યાં ઊતરતા, વાઇસરોયો પણ તેમના બંગલાની અચૂક મુલાકાત લેતા, તેમ ગાંધીજી પણ તેમને ત્યાં ઊતરતા.

પતિના ગયા પછી જે અબળા જ ગણાય તેવાં ધનકોરબાઈ ત્યાગ અને સંયમની અદ્‌ભુત ભૂમિકા પર સૌનાં ધનીમા બન્યાં અને કુળને ઉજાળવા સતત પરિશ્રમ અને પુરુષાર્થમાં ઓતપ્રોત રહ્યાં. આવી દેવીનાં જીવનમાંથી પ્રેરણા લેવા કોણ ન ઇચ્છે?

'સમાનતાનો મેરુ' લેખ સૌ કોઈને હિંમત આપે તેવો છે. આ સંસારમાં આંસુ શોધવા જવા પડતાં નથી. તો પછી રડ્યે જ રાખવું? અરે, મરદ થઈને રડાય! પણ હિંમત કેવી રીતે આવે? દુઃખમય સંસારનો સામનો કઈ રીતે થાય? સાધુ થવાથી? હા સાધુ થવાથી; પણ ભગવા વસ્ત્રો પહેરનારા સાધુ જ નહિ સમતાને આત્મસાત્ કરનાર સાધુ થવાથી, પછી ભલે માણસ

વેપાર કરતો હોય અને બે રીઢા છોકરાં સાથે રહેનાર ગૃહસ્થ હોય. 'સુખમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી' એવી જેણે સમતા કેળવી છે તે સાચો સંસારી અને સાધુ પણ છે. લેખક વામનદાદાને સમતાના મેરુ ગણાવે છે. સ્વામી આનંદને આ ગૃહસ્થાશ્રમી પાસેથી જ સાધુજીવન ગાળવા માટેના ઉત્તમ સંસ્કારો મળ્યા છે.

વામનદાદા કારમી ગરીબી વચ્ચે જીવે છે, પણ કોઈ દિવસ ફરિયાદ નથી. 'મૂઠી જુવાર ને વાડવેલાની ભાજી ભાગ્યમાં લખાવીને આવ્યા છીએ.' પર સદા મસ્ત રહેનાર વામનદાદાને પ્રણામ કરવાનું કોને મન ન થાય? તેમને તેમનાં કુટુંબમાં કરુણ બનાવોના સાક્ષી બનવું પડ્યું, છતાં સદાય સમતાથી–વેદાંતનું જ્ઞાન જીવનમાં આત્મસાત્ બનેલું–તેથી સહન કરતા ગયા.

દાદાએ દેશભાવના ખાતર તલાટીની નોકરી છોડીને રાષ્ટ્રીય શાળા કાઢી. રવિવારે બે શિક્ષકો અને વિદ્યાર્થીઓ મળીને મૂંઠીઊંડ જુવાર ઊધરાવે, ગૂણી થાય. છ માસ્તરો સરખે ભાગે વહેંચી લે અને બીજા રવિવાર સુધી એમાંથી કુટુંબ ચલાવવાનું. આવી સ્થિતિમાં નવયુવાનોમાં રાષ્ટ્રપ્રેમ સીંચે. આજે શિક્ષકોને જે સગવડો મળે છે અને જે માગણીઓ થાય છે એ જોતાં આવી ગરીબીમાં કામ કરનારાઓનું હૃદય કેવું હશે અને કયાં વીટામીનો તેમનું જીવન ટકાવતાં હશે અને તેમને કાર્યરત બનાવતાં હશે એ પ્રશ્ન સંશોધન, આત્મનિરીક્ષણ માગી લે છે. સ્વામી આનંદે વામનદાદાને પોતાની લાક્ષણિક શૈલીથી અમર બનાવ્યા છે. તેના રસાસ્વાદની તો વાચકને જ ખબર પડે.

જૂની પેઢીના લોકો જાણે છે કે મહાદેવભાઈ દેસાઈ ગાંધીજીના અંગત સેક્રેટરી હતા. પરંતુ તેમનાં બુદ્ધિશક્તિ અને પ્રતિભા ખરેખર કેવાં હતાં તેનો સચોટ ખ્યાલ તો સ્વામી આનંદનો લેખ 'શુક્રતારક સમા' વાંચ્યા પછી જ મળે. અત્યારના યુવાનવર્ગને તો આ લેખ ઘડીભર વાર્તા જેવો લાગે. ગાંધીજીમય બનવું, સાદાઈ, જાતપરિશ્રમ, જનસેવા, ઊંડાં સૂઝ અને સમજણ, વિશાળ વાચન, સુંદર લેખનશક્તિ, આધ્યાત્મિક જીવનપથ પર સતત જાગૃતિ સાથે ચાલવું, પ્રવૃત્તિપરાયણ રહેવું, ફરિયાદ વિના આનંદથી કાર્યરત રહેવું, મોતીના દાણા જેવા અક્ષર વગેરે સદ્‌ગુણોનો સમન્વય મહાદેવભાઈ દેસાઈમાં જે જોવા મળે છે તે ભાગ્યે જ જોવા મળે. શૉર્ટહેન્ડ જાણનારાઓની નોંધોમાં ભૂલ જડે, પણ મહાદેવભાઈની નોંધોમાં ભૂલ ન જડે. પરંતુ આવું રત્ન ભગવાને અકાળે લઈ લીધું. ગાંધીજીને હૈયે આ જખમ તેઓ જીવ્યા ત્યાં લગી રહ્યો. સ્વામી આનંદનાં ઘણા વરસ મહાદેવભાઈનાં અકાળ અવસાનથી ઊંડી ગમગીનીમાં વીત્યાં. તેઓ બંને વચ્ચે સગા ભાઈ જેવો નાતો અને દિલોજાન દોસ્ત જેવો સ્નેહ હતો. લેખકની આ ઊંડી વ્યથા અને મહાદેવભાઈ પ્રત્યે તેમનાં મમતા અને આદર લેખની લીટીએ લીટીએ જોવા મળે છે. આજનો સ્નાતક કે અનુસ્નાતક અથવા સમજદાર યુવાન આ લેખ ન વાંચવા પામે તો તેની વાચનની દિશામાં નજર ખામીભરી છે એમ હું જરૂર માનું.

આ લેખો સિવાય વાસ્તવિકતાનો ખ્યાલ આપતો 'મારા ધરઘણીઓ' તેમની પોતાની જીવન-દ્રષ્ટિની ઝાંખી કરાવતો, 'મારી કેફિયત' સાધુ સમાજમાં કેટલાક સાધુ ન કહેવાય તેવા સાધુઓ અને કેટલાક વંદનીય સાધુઓનો પરિચય આપતો, 'મારા પિતરાઈઓ' બારકરમાં જે હિંમતથી કામ કર્યું હોય તેવા જ રૂપીરીટથી ભયંકર રોગનો સામનો કરનારનો આબેહૂબ ખ્યાલ આપતો 'કરનલ કરડા', બાઇબલમાં જે The Sermon on the Mount Prodigal Son વગેરેની દૃષ્ટાંતકથાઓ છે તેનું ગ્રામ્યભાષામાં સરસ રૂપાંતર કર્યું છે તેવા 'ટીબાનો ઉપદેશ', 'રામનો ખેડુ' અને 'વારતા છેબઢોગાળાની', પાળેલાં પ્રાણીઓમાં પોતાના માલિક પ્રત્યે કેવી મમતા હોય છે અને તે માટે કેવી સમજ કામ કરે છે તે અંગે ઘડીભર વાર્તા જેવો લાગે પણ સત્ય બીના રજૂ કરતો 'પાળેલાં પ્રાણી', હિંદુઓમાં નાતજાતની સંકુચિતતા અસરકારક રીતે આલેખતો 'હાડનું કેન્સર' વગેરે લેખો વાચકનાં માનસિક જીવનમાં કંઈક સંગીન બાબતનો ઉમેરો કરે છે અને તેને વિચાર કરતો બનાવે છે. આમાં જે લેખોનો ઉલ્લેખ થયો નથી તે લેખો પણ એટલા જ રસસભર છે. આ આખો ગ્રંથ પહેલા અક્ષરથી છેલ્લા અક્ષર સુધી ન વંચાય તો વાચકને અફસોસ થાય એવાં આ લખાણોમાં વિચારસમૃદ્ધિ, વિષયોચિત ભાષા, હૃદયસ્પર્શી રજૂઆત અને શ્રેયનું અસરકારક સૂચન રહેલાં છે, તેમજ લેખકનાં તપ અને સચ્ચાઈની પ્રતીતિ થાય છે. આ ગ્રંથ વાંચવાની ભલામણ કરવાની મારી લાયકાત નથી, પરંતુ આ પુસ્તક નજરે ચડે તો વાચકનું સદ્‌ભાગ્ય એટલું જ સૂચન કરવાનો હેતુ છે.

દિવસે દિવસે ગુજરાતીઓ પણ આજના યુગની ભૌતિક ઝાકઝમાળમાં વીંટળાતા જાય છે, ટેલિવિઝનની દુનિયા સર્વસ્વ બનતી જાય છે. અને પૈસો સર્વસત્તાધીશ બનતો જાય છે, ત્યારે શાશ્વત મૂલ્યો અને માનવીનું ખમીર સૂચવતાં આ લખાણો પ્રત્યે અંગૂલિનિર્દેશ કરું તો ભૌતિક દુનિયાના તાલેવરો અને તેમના અનુયાયીઓનો રોષ હું વહોરવા નહિ પામું એટલી આશા જરૂર રાખું છું. વિદ્યાર્થીઓ અને અભ્યાસીઓ ભૌતિકવાદથી પાછા વળે એમ કહેવા જેટલું મારું સ્થાન નથી, પણ તેઓ આ લખાણોનો અલ્પ રંગ પણ લગાડશે તો તેમણે તેમનાં અંગત જીવનમાં અને વ્યવસાયનાં ક્ષેત્રની દ્રષ્ટિએ કંઈક કરવા જેવું કર્યું છે એમ તેમને કયારેક તો જરૂર લાગશે. તેમનો આ આનંદ તેમની પ્રગતિની દિશા ઉઘાડે તો તેમાં આશ્ચર્યની વાત નથી. વાંચકો જે 'રસ' અને 'આનંદ' શોધવા આંધળી દોટ મૂકે છે તેવા 'રસ' અને 'આનંદ' આ તપસ્વી લેખક સાથે તાદાત્મ્ય સાધતાં સાધતાં તેમનાં નિઃસ્વાર્થ અને પરહિતકારી લખાણો વાંચવાથી મળે છે.

વળી, ખૂબી તો એ છે કે લેખક ઉપદેશ આપવા કયાંય થોભતા નથી. લેખક સાધુ છે. છતાં પોતાના ઉપદેશથી કોઈ સુધરે એવી તૃષ્ણા જોવા મળતી નથી. પોતાની રજૂઆત વાચકને અતિશયોક્તિપૂર્ણ લાગે અથવા પાત્રને અન્યાય થાય એવી સાવચેતી ખાતર પાત્રનો ગુણ દર્શાવે તેવા પાત્રના પોતાના જ શબ્દો લેખક આપે છે. આ માટે લેખકે કોઈ વ્યક્તિની વાત બરાબર રજૂ થાય તે માટે નોંધ વગેરેની રીતે કેટલો પરિશ્રમ લીધો હશે એ અભ્યાસીને તરત ખ્યાલમાં આવે તેવી વાત છે. લેખકે જે પાત્રો રજૂ કર્યાં છે તે ચૂંટીચૂંટીને નેતાવર્ગ કે બુદ્ધિજીવીવર્ગ

કે શ્રીમંતવર્ગનાં જ નથી, પરંતુ પોતાના જીવનવ્યવહારમાં જે સંપર્કમાં થયા હોય અને જે સાંભળવામાં આવ્યું હોય તે અંગે તેમના પર જે પ્રભાવ પડ્યો હોય તે દૃષ્ટિએ સહજ રીતે આ પાત્રો આલેખાયાં છે. આ આલેખન પાછળ કોઈ પણ પ્રકારની વ્યાપારી દૃષ્ટિનો તદ્દન અભાવ છે એ વાચકને પ્રતીત થયા વિના રહેશે નહિ લેખકની નિર્મળ દૃષ્ટિ વાચકને સ્પર્શી જાય છે. વાસ્તવિક પાત્રની રજૂઆત, તે વ્યક્તિનું વર્ણન કે તેનાં જીવનની હકીકતો આપતો માહિતીલેખ ન બનતાં. સાહિત્યકૃતિનો સુંદર નમૂનો બની રહે છે.

આ ગ્રંથ વાચકની ઉચિત નિરીક્ષણશક્તિ ખીલવે તેવો છે, સાહિત્યના અભ્યાસીઓ માટે તો સમગ્ર રીતે પ્રેરણાદાયી છે અને કંઈ પામવા માગતા વાચકને યોગ્ય દિશામાં કાર્યરત બનવા પ્રેરે છે. ●

'પ્રબુદ્ધ જીવન'નો સંયુકત અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧લી જૂન, ૧૯૮૯ અને તા. ૧૬મી જૂન ૧૯૮૯નો અંક સંયુકત અંક તરીકે તા. ૧૬મી જૂનના રોજ પ્રગટ થશે.

—તંત્રી

સાભાર સ્વીકાર

પંચતંત્રમ * સંપા. પં. શીલચંદ્ર વિજયજી ગણિ * પૃષ્ઠ ૨૯૫ * મૂલ્ય રૂા. ૧૦૦ – પ્રકા. શ્રી વિશ્વનંદિકર જૈન સંઘ, ચંદ્રકાન્ત પટેલ જૈન આરાધના ભુવન, ભગવાન નગરનો ટેકરો, પાલડી, અમદાવાદ-૭ **જમ્બુદ્વિપલઘુ સંગ્રહણી** * વૃતિકાર આચાર્ય શ્રી વિજય ઉદયસૂરિજી મ. સંપા. મુનિશ્રી નંદીઘોષ વિજયજી મ. * પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશન સમિતિ શ્રી શતુભાઇ કે. શાહ, જીરાલા પાડા, ખંભાત-૩૮૮૬૨૦ **હેમ સમીક્ષા** લે મધુસૂદન ચીમનલાલ મોદી * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ ૩૫૮ * મુલ્ય રૂ. ૨૫/– * પ્રકા. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય નવમ જન્મ શતાબ્દી સ્મૃતિ સંસ્કાર – શિક્ષણ નિધિ – લાલભાઇ દલપતભાઇનો વંડો – પાનકોર નાકા – અમદાવાદ-૧ **હેમચન્દ્રાચાર્ય** (હિંદીમાં) * લે ડો. વિ. ભા. મુસલગાંવકર * ક્રાઉન સોળ પેજી– પૃષ્ઠ–૩૨ * મૂલ્ય-અમૂલ્ય * પ્રકા. શ્રી કાંતિલાલ ચુનીલાલ દોશી-કપડવંજ (ગુજરાત) **હેમચંદ્રાચાર્ય** (લઘુપુસ્તિકા) લે પં. શીલચંદ્ર વિજયજી ગણિવર્ય–પ્રકા. ઉપર મુજબ **પ્રારંભિક ક્ષિતિજો** (૧૯ મી સદી દરમિયાન કચ્છમાં જ્ઞાન સંશોધન) સંપા. મણિલાલ ગાલા * મૂલ્ય રૂા. ૫૦/– પ્રકા. રચના પ્રકાશન ૩૩૨. સર્વોદય કોમર્સિયલ સેન્ટર, સલાપસ માર્ગ, અમદાવાદ-૧.

દેવઘર : માનવમનનું પિયરઘર

ડૉ હેમાંગિની જોષી

રક્ષણાર્થે રહેઠાણ માટે માળો (ઘર) તો પશુ-પક્ષી પણ બાંધે છે પરંતુ તેઓ દેવઘર કે મંદિર નથી બાંધતાં. માનવ પુનિત પાવન ધામ સમાં મંદિર બાંધી, પોતાની કલ્પના પ્રમાણે દેવ-દેવીઓની મૂર્તિ કંડારી પ્રાણપ્રતિષ્ઠા કરે છે... કૂતરાનો કે ચકલાંનો દેવ કેવો હશે?.... ભગવાન જાણે! અને વળી, જેનો માળો ચકલી સદીઓ પહેલાં બાંધતી હતી તેવો જ આજે પણ બાંધે છે જ્યારે માણસ ગુફામાંથી ગગનચુંબી ઇમારત સુધી પહોંચ્યો છે. અન્ય પ્રાણીઓથી મનુષ્યને જુદાં પાડતાં તત્ત્વોમાં દેવાલયનો ઉલ્લેખ અતિયોગ્ય ગણું છું. બીજું, ચોર્યાંસી લાખ યોનિમાં એક માત્ર મનુષ્ય જ હસી શકે છે, આનંદની અભિવ્યક્તિ હાસ્ય દ્વારા કરી શકે છે કારણ તે સચ્ચિદાનંદનું સંતાન છે એની એક ઝલક તે મન દ્વારા પામી શકયો છે. મન છે તેથી તો તે માનવ છે. મન મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે એવી મોક્ષની ચર્ચા કરતા મોરને, કૂતરાને કે સિંહને કોણએ દીઠા?

પશુનો વ્યવહાર શારીરિક સ્તરથી ઊંચો આવ્યો નથી. કૂતરાને રોટલીનો ટુકડો ફેંકીશું તો ય તે શાંતિથી ખાઇ લેશે. માણસને એ રીતે ફેંકીશું તો તેને અપમાન લાગશે. માણસની જગાએ કૂતરો હશે તો તેને લાગશે, કમાલ છે! સારું મજાનું ખાવાનું છે તો ય ખાતો નથી. કૂતરાને માન-અપમાન સતાવતાં નથી. માનવની વાત જુદી છે. એના સુખ-દુઃખ જુદાં છે. મનુષ્યનું શરીર રોટલી માગશે તોય અપમાનિત દુઃખી મન તે નહીં સ્વીકારે, પછી ભલેને ઉપવાસીય કેમ ન રહેવું પડે! કારણ માનવીનો વ્યવહાર બહુધા મનના સ્તરે ચાલે છે.

આ મનને નિયંત્રિત કરીને અંદર લઇ જવાની પ્રાણયાત્રાનું તીર્થધામ તે મંદિર. નદી વહેતી હોય પણ સમગ્ર નદી તીર્થ નથી બની શકતી. જ્યાં ઘાટ બંધાય ત્યાં તીર્થ રચાય. જગતના વહેતા રહેતા પ્રવાહને જેણે ઘાટ ઘડી આપીને તીર્થ રચ્યાં તે તીર્થંકર. માનવીના મનની ચેતનાના બાહ્ય જગત પ્રતિ વહી જતા પ્રવાહને બંધ બાંધી ઊર્જા નિર્માણ કરી પરમતત્ત્વ સુધી વાળી લેવાના પુરુષાર્થનું મૂર્ત સ્વરૂપ તે મંદિર, જ્યાં પ્રાણની પ્રતિષ્ઠા થઇ છે.

મંદિર શબ્દ વાપરું ત્યારે સૌ કોઇ માત્ર હિંદુ દેવાલય એવી ગેરસમજ કરે. મંદિરને કોઇ દેરાસર કહે છે તો કોઇ ગુરુદ્વારા, કોઇ ચર્ચ કહે છે, કોઇ મસ્જિદ, તો કોઇ અગિયારી. એની રચના અને યોજનામાં ફેર હોઇ શકે. માળખાં જુદાં હોઇ શકે પણ અંદર ધબકતો પ્રાણ એક જ છે. અંતરતમ આકાંક્ષા, મનની અભીપ્સા એક જ છે–પરમાનંદની પ્રાપ્તિ.

આધુનિક વિજ્ઞાનયુગમાં મંદિરો પ્રતિ યુવાવર્ગને કવચિત્ અનાસ્થા જાગે છે મંદિરો ચૈતન્યશૂન્ય ભાસે છે; કારણ મંદિરો રચવાના મૂળભૂત હેતુઓ વીસરાઇ ગયા છે. ગાંધીજીએ લખ્યું છે, 'મંદિર એટલે ઇંટ-આરસનું ઘર નહીં કે તેમાં મૂર્તિની સ્થાપના થઈ ગઇ તેથી તે મંદિર બનતું નથી. બ્રાહ્મણને બોલાવી હવન કરાવીને મંદિર બોલવામાં પાખંડ પણ હોવાનો સંભવે છે.'

મંદિરનું મંદિરપણું છે શેમાં? અસલનાં મંદિરો બાંધેલાં શા માટે? બાંધેલાં તો કયા સ્થળોએ બાંધેલાં? આજની જેમ ચોરે અને ચૌટે તો બાંધેલા નહીં. જૂનાં મંદિરો બાંધેલા હિમાલય કે શત્રુંજય જેવા પર્વતના શિખરો ઉપર, નદીના સંગમ સ્થાન ઉપર કે નદી દરિયાને મળે તેવા નિસર્ગના અત્યંત રમ્ય સ્થાને જ્યાં નિસર્ગની પાર્શ્વભૂમિ પર પરમાત્મદર્શનની ભાવના જાગે, આપસની શત્રુતા ટળે. ષડરિપુ પર

જય મળે તેવા શત્રુંજયના શિખર પર કે પછી મનની ભૂમિકા હિમાલય જેટલી ઉત્તુંગ રચાય તેવા દિવ્ય વાતાવરણમાં.

પર્વત એટલે સુકું એટલે કે તપનો પર્યાય છે. તપશ્ચર્યા પ્રધાન જૈનધર્મનાં સ્થાનકો તેથી ઊંચે પર્વત પર જ જોવા મળશે. જળ એટલે રસ એટલે ભોગ; અર્થાત્ સંસારમાં રહીનેય પરમતત્ત્વની સાધનામાં રત ઋષિઓના આશ્રમો બહુધા નદી તીરે જોવા મળશે. નિસર્ગના સાન્નિધ્યમાં પ્રાકૃતિક સૌંદર્યનો ભોગ લેતાં યોગાસક્તિ વધે છે.

મંદિરોનું સામાજિક જીવનમાં જેટલું સ્થાન હતું તેટલું આજે જવલ્લે જ જોવા મળે. સંગીત, નૃત્ય, નાટ્ય, શિલ્પ જેવી બહુવિધ કલાઓની ઉપાસના દેવાલયના આશ્રયે થતી. મંદિરોમાંથી કલા બહાર પડતાં તેમાં ભ્રષ્ટતા અને વાસના જન્મી. દરબારમાં થતો મુજરો કેવળ નબીરાને ભડકાવવા જ હોય છે. જ્યારે દેવાલયમાં પરમેશ્વરની આરાધના અર્થે થતું નૃત્ય મનને ભક્તિભાવથી સભર ભરે છે મંદિરના પવિત્ર વાતાવરણમાં દેવત્વ પાંગરે, મંદિર બહાર પશુત્વ ફૂંકારે.

પ્રાચીનકાળનાં મંદિરો શિક્ષણનાં કેન્દ્રો હતાં. સંસ્કારધામ હતાં. આજે પણ તિરુપતિ જેવાં દેવસ્થાનો યુનિવર્સિટી સ્થાપી આ કાર્ય કરી રહ્યાં છે. પણ આવાં મંદિરો આજે કેટલાં? જૂના મંદિરો તરફથી સંસ્કૃત પાઠશાળાઓ ચાલતી. ધર્મનું શુદ્ધ જ્ઞાન તેમાં અપાતું. મંદિરમાં પૂજારીને સ્પષ્ટ મંત્રોચ્ચાર શીખવાતા. પૂજાવિધિનું વ્યવસ્થિત શિક્ષણ અપાતું. આજના વિજ્ઞાનયુગમાં જીવનાર વ્યક્તિ પૂજન કરાવનારને વિધિઓ પાછળનું રહસ્ય પૂછે કે પછી ધર્મનો સ્થૂળ નહીં બલકે સૂક્ષ્મ અર્થ જાણવા ઇચ્છે તો સૌજન્યશીલ, સંતુષ્ટ કે જ્ઞાની પંડિત પૂજારીઓને બદલે મોટે ભાગે ચતુર્વેદીમાંથી ચોળા અને સદ્‌ગુરુમાંથી ગોરની પાયરીએ ઊતરેલા બહુધા અજ્ઞાની, વિશેષ શ્રમલાભ વિના ધનલાભ ઇચ્છતા, અધિકાર માટે પરસ્પર ઝઘડતા, ભક્તોને છળતા, અસંતોષી, સ્વાર્થી, ધનલોભી પંડાપૂજારીઓ બૌદ્ધિક જનસમાજની સર્વથા, સર્વદા ધર્મજિજ્ઞાસા સંતોષવા ઊણાં ઊતરે છે.

મંદિરોએ યુગોના યુગો સુધી ભારતની એકતા ટકાવી છે, ટકાવતાંય રહ્યાં છે. ભારતભરમાંથી તીર્થસ્થાનોમાં યાત્રીઓ આવે, પોષાક, રહેણીકરણી, ભાષા બધું વીસરી ભાવુક બની જાય. કેદારનાથની યાત્રા કરતાં 'જય કેદાર, જય કેદાર'નો ધ્વનિ પરસ્પર અજાણ્યા વિવિધભાષી વ્યક્તિઓના મુખમાંથી સહજ અભિવાદન રૂપે સરી જાય. આવા ભાવસંસ્કારમાં સહજતા છે, અકૃત્રિમપણું છે. ભક્તિથી ભાવાત્મક સંસ્કાર સહજતાથી સ્ફુરે છે. જે ઐક્ય બુદ્ધિ, વિચાર કે પ્રવચનો સાધી નથી શકતા, જે ઐક્ય ભાષાથી સિદ્ધ નથી થતું તે ભાવનાથી, ભક્તિથી સહજ અનુભવાય છે. ઉત્તરની ગંગા દક્ષિણમાં રામેશ્વર પર ચઢાવતાં, દેવદર્શન કરતાં કરતાં લોકદર્શન અને દેશદર્શન સહજતાથી થાય છે. આ ઐક્યમાં આડખીલી રૂપ કાંઇ હોય તો તે અસ્પૃશ્યતા. ટિળકનું વિધાન ખૂબ ઉચિત લાગે છે, 'અસ્પૃશ્યતા જો દેવને માન્ય હોય તો તેને દેવ માનવા હું તૈયાર નથી.'

રામશાસ્ત્રી પ્રભુને લખે છે-દરેક મંદિરને સભામંડપ હોય. રામેશ્વર જેવા મંદિરોનો સભામંડપ લગભગ ૫૦,૦૦૦ લોકોને સમાવે તેવો વિશાળ છે. મંદિરોમાં જ દેવની સાક્ષીએ ન્યાય તોળાતો. મંદિરો ન્યાયમંદિરો હતાં. ઉત્સવો, લગ્નો મંદિરના કલ્યાણમંડપમાં યોજાતાં. ધર્મસભા, ચર્ચાસભાઓ મંદિરના સભામંડપમાં યોજાય. મંદિરમાં પગરખાં ઉતારીને; અર્થાત્ પ્રતીક સ્વરૂપમાં અહંકાર ઉતારીને જ અંદર જવાનું હોય છે. મંદિરને એની મર્યાદા છે. મંદિરનું વાતાવરણ જ એવું છે. જ્યાં આસુરી સંપત્તિનો વિનાશ અને દૈવી સંપત્તિનો વિકાસ થયા વિના રહે નહીં.

ગાંભીર્ય-પાવિત્ર્ય-સૌંદર્ય-આ ત્રણેયનો અનુભવ મંદિરના વાતાવરણમાં થયા વિના રહે નહીં. કેટલાંક મંદિરને એની ગોશાળા હોય, બેતર હોય કે જેમાં આયુર્વેદિક વનસ્પતિઓ ઉગાડે. પૂજારીને આ વનસ્પતિઓ અને તેના ઉપયોગનું જ્ઞાન હોય. કાંઇ વ્યાધિ-ઉપાધિ આવી તો રોગીને દેવના દ્વારે લાવે. શક્ય છે ઔષધની સાથે સાથે મુખ્યત્વે તેની શ્રદ્ધાય તેને સાજો કરે. મંદિરો આરોગ્યનાં ધામ હતાં. થોડા વખત પહેલાં હું એક કુંડ પર ગયો. પાણીની માથું ફાટી જાય તેવી દુર્ગંધ, વાસી ફૂલોનો ઢગલો અને આજુબાજુની ગંદકી ઘૃણા ઉપજાવે એવી હતી. ત્યાં શ્વાસ લેવો ય મુશ્કેલ લાગે. આવો સ્વચ્છતાનો અભાવ પણ કયારેક સાલતો હોય છે.

મંદિરમાં ગાય ઉપરાંત હાથી, મોર જેવાં પશુ-પંખીઓ પણ પાળે દાદાની આંગળીએ વળગી બાળક મંદિરમાં જાય. કીર્તનના સૂર સાથે સાથે એના હૃદયનો તાર નિસર્ગના અન્ય પશુ-પંખી, વૃક્ષ-વનસ્પતિઓ સાથે સહજ ભળે, કરુણા-અહિંસા સહજ જાગે. દાદાની આંગળી ઝાલી મંદિરમાં જઇ બાળક ભાવથી પ્રસાદ ગ્રહણ કરે તેમાં અને આયાની આંગળીએ ચોપાટી જઇ ભેળપુરી ખાય તે બેનાં પરિણામ જુદાં જ આવે.

અસલનાં કેટલાક મંદિરો અનાથાલયની ગરજ પણ સારતાં. સમાજકલ્યાણનાં ભવ્ય કાર્યો હાથ ધરનાં તેથી કેટલાક સામાજિક પ્રશ્નો આપોઆપ હલ થતા.

કેટલાંક મંદિરો સાથે અતિથિગૃહો હતાં. ભારતીય સંસ્કૃતિમાં અતિથિને દેવ માન્યા છે. તીર્થાટન કરવા નીકળેલા પદયાત્રીઓ અજાણ્યા ગામમાં રાતવાસો કરે કયાં? તો કહે મંદિરમાં. મંદિરમાં ગામલોક ખાલી હાથે જાય નહીં. કાંઇ ને કાંઈ ફળફળાદિ, અનાજ, સીધું-સામગ્રી લઇ જાય. તેમાંથી ભોગ ધરાવાય તે આ યાત્રીઓને પ્રસાદ રૂપે વહેંચી દે. દેનાર દેવને અર્પણ કરે અને લેનાર પ્રસાદરૂપે લે તેથી લેનારને ઊણપ નહીં અને દેનારને અહંકાર નહીં. એક મરાઠી સંતે લખ્યું છે- 'આમ્હી કાય કોણાચે ખાતો રે, દેવ આમ્હાલા દેતો રે.'

જૂના ગામમાં મંદિરના કળશ કરતાં હવેલી તો શું રાજપ્રાસાદ પણ ઊંચો હોવો ઘટે નહીં. એનો અર્થ એવો કે જે દિવસે મંદિરના ભવ્યોત્તુંગ શિખર નીચે સમાજ, રાજનીતિ, કલાઓ ઇત્યાદિ આશ્રય લેશે (દેરાસર દેવાશ્રયનો અપભ્રંશ છે એમ કેટલાક માને છે) તે વેળા સમાજનો નકશો શક્ય છે જુદો હશે.

રાષ્ટ્રકવિ શ્રી મેઘાણીનું એક કાવ્ય છે —

"કરું આશ કોની નવરાશ કોને
ઊંચે શ્વાસ આ આલમ ધાઇ રહી.'

-કહેવાતો પ્રગતિશીલ સુસભ્ય સમાજ બહિર્ગામી હડિયાપટ્ટીથી થાકીને, મનથી હારીને, પોતાના મહિયર દ્વારે, જૂના પિયરઘરે આવીને ઊભશે ત્યારે જગતરૂપી સાસુના સહવાસમાં રૂંધાયેલો શ્વાસ પરમપ્રભુ સ્વરૂપિણી માતાની ગોદમાં મોકળા મને વિશ્વાસમાં પરિણમશે અને તે વેળા દીવાલો વગરનું અલૌકિક—

તુકારામના શબ્દોમાં કહું તો, 'તુકા આકાશા એવઢા' —આકાશ જેટલું વિશાળ દેવઘર રચાશે.

નવકાર મંત્રમાં સંપદા

● રમણલાલ ચી. શાહ

'સમરો મંત્ર ભલો નવકાર' એ પદમાં આપણે ગાઇએ છીએ :

અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર;
સમરો મંત્ર ભલો નવકાર...

નવકારમંત્રની સજ્ઝાયમાં શ્રી કીર્તિવિમલસૂરિએ કહ્યું છે :

સમર જીવ એક નવકાર નિજ હેજ થું,
અવર કાંઇ આળપંપાળ દાખે;
વણ અડસઠ નવકારના નવ પદ,
સંપદા આઠ અરિહંત ભાખે.

તેવી જ રીતે શ્રી લબ્ધિસૂરિના શિષ્ય શ્રી પદ્મવિજયે કહ્યું છે :

અડસઠ અક્ષર તીરથ સાર,
સંપદ આઠ સિદ્ધિ દાતાર;
મંગલમય સમરો નવકાર.

નવકારમંત્રના બાહ્ય સ્વરૂપનું મહાત્મ્ય દર્શાવતાં કહેવાયું છે કે એનાં નવપદ નવનિધિ આપે છે. અડસઠ અક્ષર અડસઠ તીર્થની યાત્રાનું ફળ આપે છે અને એની આઠ સંપદા આઠ સિદ્ધિ અપાવે છે

નવકારમંત્ર અનાદિ સિદ્ધ ગણાય છે. એ ચૂલિકા સહિત નવપદનો છે. પંચ પરમેષ્ઠિને-અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને-એ પ્રત્યેકને નમસ્કાર કરવારૂપ પાંચ પદ નમસ્કારનાં છે. ત્યાર પછી નમસ્કારનો મહિમા દર્શાવનારાં ચાર પદ ચૂલિકાનાં છે. આમ નમસ્કાર મહામંત્રમાં નવપદના બધા મળીને અડસઠ અક્ષર થાય છે. એમાં એકસઠ અક્ષર લઘુ છે અને સાત અક્ષર ગુરુ છે નવકારમંત્રનું આ બાહ્ય સ્વરૂપ છે. મહાનિશીથ સૂત્ર, નમસ્કાર-નિર્યુક્તિ, સિદ્ધચક્ર પ્રવચન સારોદ્ધાર વગેરે શાસ્ત્રોમાં શાસ્ત્રકારોએ નવકારમંત્રના બાહ્યસ્વરૂપમાં નવપદ અને અડસઠ અક્ષર ઉપરાંત આઠ સંપદાનો પણ ઉલ્લેખ કર્યો છે.

સંપદા (સંપદ્) સંસ્કૃત શબ્દ છે. એ માટે અર્ધ માગધીમાં સંપયા શબ્દ વપરાય છે. સંપદા શબ્દના જુદા જુદા અર્થ સંસ્કૃત કોશમાં આપવામાં આવ્યા છે, જેમકે : (૧) સંપદા એટલે સંપત્તિ, લક્ષ્મી, સમૃદ્ધિ. (૨) સંપદા એટલે ઋદ્ધિ, વૃદ્ધિ. (૩) સંપદા એટલે સિદ્ધિ. (૪) સંપદા એટલે ઇચ્છાઓ સારી રીતે પાર પડે તે. ૫) સંપદા એટલે લાભ. (૬) સંપદા એટલે પૂર્ણતા. (૭) સંપદા એટલે સુશોભન. (૮) સંપદા એટલે અર્થનું વિશ્રામ સ્થાન સહયુક્ત પદાર્થ (પદ + અર્થ) યોજના (૯) સંપદા એટલે શુભ અને ઉજ્જ્વલ ભવિષ્ય (૧૦) સંપદા એટલે વિકાસ અથવા પ્રગતિ. (૧૧) સંપદા એટલે સમ્યક રીતિ. (૧૨) સંપદા એટલે મોતીનો હાર.

આમ 'સંપદા' શબ્દ વિવિધ અર્થમાં પ્રયોજાય છે. પરંતુ નવકારમંત્રનો મહિમા દર્શાવવા માટે 'સંપદા' શબ્દ અર્થના વિશ્રામસ્થાનના માટે પ્રયોજાયેલો છે એમ શાસ્ત્રકારો જણાવે છે. અલબત્ત 'સંપદા' શબ્દ નવકાર મંત્રની આરાધનાથી પ્રાપ્ત થતી સિદ્ધિના અર્થમાં ઘટાવી શકાય છે, એમ પણ કહેવાયું છે.

'સંપદા'ની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવે છે :
साङ्गत्येन पद्यते – परिच्छिद्यतेऽर्थो यामिरिति संपदः ।

અર્થાત્ જેનાથી સુસંગત રીતે અર્થ જુદો પાડી શકાય તે 'સંપદા.' એટલે સંપદાનો અર્થ થાય છે – કોઇ નિશ્ચિત અર્થ દર્શાવવા માટે પાસે પાસે યોગ્ય રીતે ગોઠવાયેલા શબ્દોનો સમૂહ સંપદા એટલે એક અર્થ પૂરો થતાં આવતું વિશ્રામસ્થાન.

સંપદા એટલે માત્ર શબ્દનું વિરામસ્થાન એવો અર્થ નથી ઘટાવાતો લાંબુ વાક્ય હોય તો તે ઉચ્ચારતાં માણસને શ્વાસ લેવા (Pause) માટે વચ્ચે થોભવું પડે છે. એમાં પોતપોતાની ઉચ્ચારણશક્તિ અનુસાર માણસ ગમે ત્યાં થોભી શકે છે. સામાન્ય માણસો માટે વાક્યમાં અલ્પવિરામ કે અર્ધવિરામનાં ચિહ્નો આવે છે. પરંતુ કંઠને વિશ્રામ આપવો, પોતપોતાની અનુકૂળતા અનુસાર ગમે ત્યાં રોકાવું તેનું નામ સંપદા નથી એમ શાસ્ત્રકારો કહે છે. નાના મોટા કોઇ પણ વાક્યમાં અર્થનું એક એકમ (Unit) પૂરું થતું હોય એનું નામ સંપદા એવો વિશિષ્ટ અર્થ એ શબ્દનો ઘટાવવામાં આવે છે.

કવિતામાં મંત્રમાં કે એવા પ્રકારની લાઘવયુક્ત રચનાઓમાં અર્થ અને લયની દ્રષ્ટિએ યતિ અથવા વિરામસ્થાન અથવા વિશ્રામસ્થાન આવે છે. કવિતા કે મંત્રનું પઠન સામાન્ય વાતચીત કરતાં વિશેષ છટા અને ગૌરવવાળું હોવાથી તેમાં યોગ્ય સ્થળે વિશ્રામસ્થાનની આવશ્યકતા રહે છે. એટલા માટે એના રચયિતાઓ રચના કરતી વખતે આ દ્રષ્ટિને પણ ખાસ લક્ષમાં રાખે છે. અનાદિસિદ્ધ નવકારમંત્રની તો વાત જ અનોખી છે.

નવકારમંત્ર એ મંત્રના સ્વરૂપની રચના હોવાથી તેમાં સ્વર વ્યંજનની યોજના સહિત યોગ્ય વિશ્રામ સ્થાનની અપેક્ષા રહે છે. આ વિશ્રામ સ્થાન ગમે ત્યારે ગમે ત્યાં હોતું નથી. શબ્દ અને અર્થની દ્રષ્ટિએ યોગ્ય સ્થળે જ જો તે આવે તો જ તેનું મહત્ત્વ રહે છે. એમ ન થાય તો તેના પઠનમાં અનિયમિતતા, કર્કશતા, સંકીર્ણતા લયરહિતતા, અને અર્થની સંદિગ્ધતા ઊભી થવાનો સંભવ રહે છે. સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં સ્વરભારનું પણ ઘણું મહત્ત્વ પ્રાચીન સમયથી સ્વીકારાયેલું છે. એકના એક શબ્દમાં કે વાક્યમાં જ્યાં સ્વરભાર આવવો જોઇએ તેને બદલે બીજે સ્થળે સ્વરભાર આવે તો અર્થનો અનર્થ થઇ ગયાનાં ઉદાહરણો પ્રાચીન સાહિત્યમાં ટાંકવામાં આવે છે. એટલા માટે જ વેદની ઋચાઓના પઠનમાં આરોહ-અવરોહનું પણ એટલું જ મહત્ત્વ છે. અન્ય કેટલાક મંત્રોમાં ઉચ્ચારણની શુદ્ધિ ઉપર ઘણો જ ભાર મૂકવામાં આવે છે. જો ઉચ્ચારણની શુદ્ધિ ન જળવાય તો મંત્ર પાછો પડે છે અને તેનું અશુદ્ધ ઉચ્ચારણ કરનારને

તે હાનિ પહોંચાડે છે એમ મંત્રવિદ્ો માને છે. એટલે એમાં પણ સંપદાનું-વિશ્રામસ્થાનનું વર્ગીકરણ ગંભીરતાપૂર્વક વિચારાયું છે

નવકારમંત્રમાં પદની જે ગણના કરવામાં છે તે વ્યાકરણ અનુસાર નથી વ્યાકરણ અનુસાર विभक्त्यन्तं पदम्- એટલે કે જેને છેડે વિભક્તિ છે તે પદ કહેવાય. એનો સાદો અર્થ કરવો હોય તો એમ કહેવાય કે વાક્યમાં વપરાયેલો શબ્દ તે પદ કહેવાય. શબ્દકોશમાં આપેલો શબ્દ તે શબ્દ છે. અને તે શબ્દ જો વાક્યમાં વપરાયો હોય તો તે પદ બને છે. 'પિતા' શબ્દ શબ્દકોશમાં હોય તો તે શબ્દ છે અને 'પિતા આવ્યા' એમ વાક્યમાં વપરાયો હોય તો તે પદ ગણાય છે. એટલે વ્યાકરણના નિયમ પ્રમાણે તો નવકારમંત્રનો પ્રત્યેક શબ્દ પદ ગણી શકાય. એ રીતે નવકારમંત્રમાં વ્યાકરણની દૃષ્ટિએ વીસ પદ આવે છે. પરંતુ નવકાર મંત્રમાં આવાં બે કે ત્રણ પદના સમૂહનું અર્થની દૃષ્ટિએ એક જ પદ ગણવામાં આવ્યું છે. 'નમો અરિહંતાણં'માં વ્યાકરણની દૃષ્ટિએ બે પદ છે, પણ અર્થની દૃષ્ટિએ તે એક જ પદ છે. નવકાર મંત્રમાં એવાં નવ પદ છે. પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવા રૂપ પ્રત્યેક પદને અંતે અર્થની દૃષ્ટિએ વિશ્રામસ્થાન આવે છે. એટલે નવકારમંત્રના પહેલાં પાંચ પદમાં પાંચ સંપદા આવી જાય છે એ તો સ્પષ્ટ છે. હવે બાકીનાં ચાર પદમાં ત્રણ સંપદા શાસ્ત્રકારો કેવી રીતે બતાવે છે તે જોઇએ. છઠું પદ છે-'એસો પંચ નમુક્કારો' અને સાતમું પદ છે 'સવ્વ પાવપ્પણાસણો'-આ બે પદના મળીને સોળ અક્ષર થાય છે. આ બે પદમાં બીજી બે સંપદાઓ રહેલી છે. એટલે કે છઠ્ઠા અને સાતમા પદમાં છઠ્ઠી અને સાતમી સંપદા રહેલી છે. આઠમું પદ છે 'મંગલાણં ચ સવ્વેસિં' અને નવમું પદ છે 'પઢમમ્ હવઇ મંગલમ્' આ બે પદના મળીને સત્તર અક્ષર થાય છે. પરંતુ આ બે પદમાં ફક્ત એક સંપદા રહેલી છે એમ બતાવવામાં આવે છે. એ રીતે નવકારમંત્રમાં કુલ આઠ સંપદાઓ બતાવવામાં આવે છે. ચૈત્યવંદન ભાષ્ય', 'પ્રવચન સારોદ્ધાર' વગેરે ગ્રંથોમાં આઠમી સંપદા ઉપર પ્રમાણે સત્તર અક્ષરની બતાવવામાં આવી છે.

પ્રવચન સારોદ્ધારમાં લખ્યું છે :
पंचपरमेष्ठिमंते पए पए सत्त संपया कमसो ।
पच्छंतसत्तारसक्खरपमाणा अट्ठमी भणिया ॥
पंचपरमेष्ठिमंत्रे पदे पदे सप्त संपदः ।
पर्यन्तस्तत्तदशाऽक्षरप्रमाणा अष्टमी भणिता ॥

(પંચ પરમેષ્ઠિ મંત્રમાં બધાં મળીને નવ પદ છે તેમાં ક્રમશઃ પ્રથમ સાત પદની સાત સંપદા છે. સત્તર અક્ષરના છેલ્લા બે પદની આઠમી એક સંપદા છે.)
ચૈત્યવંદન ભાષ્યમાં લખ્યું છે કે-

छन्नउसट्ठि नवपय, नवकारे अट्ठ संपया तत्थ ।
सगसंपय पयतुल्ला, सतरकर अठ्ठमी दुपया ॥ ३० ॥

(નવકાર મંત્રમાં વર્ણ (અક્ષર) અડસઠ છે, પદ નવ છે અને સંપદા આઠ છે. તેમાં સાત સંપદા સાત પદ પ્રમાણે જાણવી અને આઠમી સંપદા સત્તર અક્ષરવાળી બે પદની જાણવી.)

ચૈત્યવંદન ભાષ્યમાં એના કર્તા શ્રી દેવેન્દ્રસૂરિએ ચૈત્યવંદનના સૂત્રોમાં બધી મળીને સત્તાણું સંપદાઓ રહેલી છે તેમ જણાવ્યું છે. તેમાં લખ્યું છેઃ

अट्ठनवट्ठ य अट्ठवीस सोलस य वीस बीसामा ।
कमसो मंगल इरिया-सक्कथयाईसु सगनवई ॥ २९ ॥

ચૈત્યવંદનના સૂત્રોમાં નવકારમંત્રની ૮, ઇરિયાવહીની ૮, શક્રસ્તવ (નમુત્થુણં) ની ૯, ચૈત્યસ્તવ (અરિહંત ચેઇઆણં) ની ૮, લોગ્ગસ્સની ૨૮, શ્રુતસ્તવ (પુક્ખરવરદી) ની ૧૬ અને સિદ્ધસ્તવ (સિદ્ધાણં બુદ્ધાણં) ની ૨૦-આ પ્રમાણે બધી મળીને ૯૭ સંપદા થાય છે.

એમાં જણાવ્યું છે તે પ્રમાણે સંપદા એટલે મહાપદની ગણતરી અથવા વીસામાની ગણતરી.

સંપદાનું પ્રયોજન તે તે સ્થાને વિશ્રામ કરવાને માટે છે. જે ગાથામાં ચાર ચરણ હોય તો તેમાં પ્રત્યેક ચરણને પદ ગણીને તે ગાથાની ચાર સંપદા સામાન્યરીતે ગણવામાં આવે છે. નવકારમંત્રમાં ચૂલિકાની ગાથામાં ચાર પદ હોવા છતાં એની સંપદા ત્રણ જ ગણવામાં આવી છે. એટલે કે નવકારમંત્રમાં કુલ પદ નવ છે અને એની સંપદા આઠ બતાવવામાં આવી છે. આ આઠ સંપદાનો નિર્દેશ પ્રાચીન સમયથી થતો આવે છે. જિનેશ્વર ભગવાને એ પ્રમાણે આઠ સંપદા ભાખેલી છે એમ પણ કહેવાય છે. એટલે સંપદાની સંખ્યા વિશે મતમતાંતર નથી. બધા જ શાસ્ત્રકારો આઠની સંખ્યાનું જ સમર્થન કરે છે.

નવકારમંત્રની પાંચ પદની પાંચ સંપદાઓ વિશે કોઇ વિભિન્ન મત નથી. વળી ચૂલિકાનાં ચાર પદની ત્રણ સંપદાઓની સંખ્યા વિશે પણ વિભિન્ન મત નથી. પરંતુ ચાર પદમાં ત્રણ સંપદા કેવી રીતે ગણવી તે વિશે બે જુદા જુદા મત છે. તેમાં મુખ્ય મત ઉપર પ્રમાણે જ છે. પરંતુ 'ચૈત્યવંદન ભાષ્ય', પ્રવચન સારોદ્ધાર' વગેરેમાં જણાવ્યું છે કે કેટલાક આચાર્યોની માન્યતા પ્રમાણે છઠ્ઠી સંપદા ૨ પદની (૧૬ અક્ષરની) 'એસો પંચ નમુક્કારો સવ્વ પાવપ્પણાસણો'ની, સાતમી સંપદા 'મંગલાણં ચ સવ્વેસિં' એ આઠમા પદના આઠ અક્ષરની અને આઠમી સંપદા પઢમં હવઇ મંગલમ્ – એ નવ અક્ષરની છે. તેઓ કહે છે 'नवरक्खरछट्ठमि दुपय छट्ठी' (એટલે કે છઠ્ઠી સંપદા બે પદની સમજવી અને આઠમી સંપદા 'પઢમં હવઇ મંગલં' એ નવ અક્ષરની સમજવી.)

નવકારમંત્રમાં નવ પદ છે એટલે એમાં તેટલી સંખ્યાની જ સંપદા હોવી જોઇએ એવું અનિવાર્ય નથી. પદ અને સંપદાની ગણતરીમાં માત્ર નવકારમંત્રમાં જ આવો ફરક જોવા મળે છે એવું નથી. ઇરિયાવહી સૂત્રમાં કુલ ૩૨ પદ છે પણ તેની સંપદા ફક્ત આઠ જ ગણવામાં આવી છે. એવી જ રીતે 'શક્રસ્તવ' (નમુત્થુણં માં ૩૩ પદ છે અને સંપદા ૯ બતાવવામાં આવી છે. તથા 'અરિહંત ચેઇઆણં' સૂત્રમાં તો પદ ૪૩ જેટલાં છે અને એની સંપદા પણ ફક્ત આઠ જ બતાવવામાં આવી છે. આમ આ બધાં સૂત્રોમાં પદની સંખ્યાના પ્રમાણમાં સંપદાઓ ઓછી બતાવવામાં આવી છે. બીજી બાજુ લોગ્ગસ્સ સૂત્રમાં ૨૮ પદ છે. અને ૨૮ સંપદા બતાવવામાં આવી છે. પુક્ખરવરદી સૂત્રમાં ૧૬ પદ છે. અને ૧૬ સંપદા બતાવવામાં આવી છે. તથા સિદ્ધાણં

બુદ્ધાણું સૂત્રમાં ૨૦ પદ છે. અને તેની સંપદા પણ ૨૦ બતાવવામાં આવી છે.

સંપદાની ગણતરીમાં આમ ફરક શા માટે હશે તેની કોઇ વિશેષ સ્પષ્ટતા 'ચૈત્યવંદન ભાષ્ય' 'પ્રવચન સારોદ્ધાર' વગેરે ગ્રંથોમાં કરવામાં આવી નથી, પરંતુ જે રીતે એની સંપદાઓ બતાવવામાં આવી છે તે રીતે તેની પાછળ કોઇ વિશિષ્ટ પ્રયોજન રહ્યું હશે તેમ માની શકાય. શાસ્ત્રકારોએ સંપદાને અર્થના વિશ્રામસ્થાન તરીકે ઓળખાવી છે અને તે વિશ્રામસ્થાને વિશ્રામ લેવાઇ જાય છે એમ કહેવા કરતાં વિશ્રામ અવશ્ય લેવો જોઇએ એવો આદેશ કરેલો છે. એ ઉપરથી પણ એમ ભાસે છે કે સંપદાઓની ગણતરી પાછળ કોઇ વિશિષ્ટ ઉદ્દેશ રહેલો હોવો જોઇએ. મંત્રો કે સૂત્રોનો ઉચ્ચાર વિશુદ્ધ અને ગૌરવવાળો હોવો જોઇએ. બોલનાર અને સાંભળનારના ચિત્તમાં તે પ્રસન્નતા અને ઉત્સાહનો ભાવ જન્માવે એવું વ્યવહારું પ્રયોજન તો તેમાં રહેલું હશે જ, પરંતુ તે ઉપરાંત આંતરચેતનાની અનુભૂતિ અનુસાર કોઇ વિશિષ્ટ પ્રયોજન પણ રહેલું હશે એવું આ બધા તર્કવત ઉપરથી લાગે છે.

સંપદામાં અક્ષર કરતાં અર્થનું મહત્ત્વ વધારે છે. નવકાર મંત્રમાં નમો સિદ્ધાણં'– એ પદમાં પાંચ અક્ષર છે. અને તેની એક સંપદા ગણવામાં આવી છે. બીજી બાજુ 'તસ્સ ઉત્તરી' સૂત્રમાં तस्स उत्तरीथी ठामि काउस्सग्ग સુધીનાં ૭ પદ અને ૪૯ અક્ષરની માત્ર એક જ સંપદા ગણવામાં આવી છે. તેવી જ રીતે ઇરિયાવહી સૂત્રમાં 'અભિહયા'થી 'તસ્સમિચ્છામિ દુક્કડં' સુધીનાં અગિયાર પદના પ૧ અક્ષરની પણ માત્ર એક જ સંપદા ગણવામાં આવી છે.

પૂર્વાચાર્યોએ સંપદાની આ રીતે જે ગણતરી કરી છે તે ઉપરથી એમ અનુમાન કરી શકાય છે કે માત્ર અર્થના પૂર્ણતા અનુસાર સંપદા ગણવામાં આવે છે એટલું જ નથી, પરંતુ અર્થના ગૌરવ અનુસાર પણ સંપદાનો વિચાર કરવામાં આવે છે.

સંપદા એટલે અર્થનું વિશ્રામસ્થાન એમ નહિ પણ બે પદ વચ્ચે આવતું વિશ્રામ સ્થાન એવો અર્થ ઘટાવીને નવપદની વચ્ચે આઠ વિશ્રામસ્થાન આવે છે માટે આઠ સંપદા હશે એમ કેટલાક બતાવે છે 'પઢમમ્ હવઇ મંગલમ્' એ છેલ્લું પદ ઉચ્ચારતાં મંત્ર પૂરો થાય છે એટલે ત્યાં વિશ્રામ સ્થાન ગણવાની આવશ્યકતા રહેતી નથી. પરંતુ આ અર્થ સ્વીકાર્ય નથી, કારણ કે ઇરિયાવહી, શકસ્તવ, સિદ્ધસ્તવ, ચૈત્યસ્તવ વગેરે સૂત્રોમાં બે પદ વચ્ચેના જેટલાં વિરામસ્થાનો છે એટલી સંપદા ગણવામાં આવી નથી. વળી, એ પ્રમાણે ગણીએ તો 'લોગસ્સ સૂત્ર'નાં ૨૮ પદ વચ્ચે ૨૭ વિશ્રામસ્થાન ગણવાં પડશે પરંતુ તેમાં ૨૭ નહિ પણ પદ અનુસાર ૨૮ સંપદા છે, તેવી જ રીતે પુખ્ખરવરદી' તથા 'સિદ્ધાણં બુદ્ધાણં'માં પદ પ્રમાણે સંપદા છે, એટલે સંપદાનો અર્થ બે પદ વચ્ચે આવતું વિશ્રામ સ્થાન એવો નહિ ઘટાવી શકાય

નવકારમંત્રમાં આઠ સંપદા હોવાથી જૈનોના ઉપધાન (જ્ઞાન આરાધન માટેના તપોમય અનુષ્ઠાન)ની વિધિમાં નવકારને આઠ અધ્યયનસ્વરૂપ ગણીને, પ્રત્યેક અધ્યયન માટે એક આયંબિલ એમ કુલ આઠ આયંબિલ કરવાનું શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે.

નવકારમંત્રમાં પહેલાં સાત પદની પ્રત્યેકની એક એમ સાત સંપદા છે. એ પ્રમાણે સાત પદના સાત આલાપક છે; સાત અધ્યયન છે; અને સાત આયંબિલ છે. આઠમા અને નવમા પદની મળીને એક સંપદા છે. તેનો એક આલાપક છે. તેનું એક અધ્યયન છે. અને તે માટે ઉપધાન તપની વિધિમાં એક આંબિલ કરવાનું હોય છે.

આમ સંપદાની કુલ આઠની સંખ્યા માટે સર્વ શાસ્ત્રકારો સંમત છે.

ચૈત્યવંદન ભાષ્યમાં ઇરિયાવહી, શકસ્તવ અને અરિહંત ચેઇઆણંની સંપદાઓનાં પ્રત્યેકના ભિન્ન ભિન્ન નામ પણ દર્શાવવામાં આવ્યાં છે. એ નામો નીચે પ્રમાણે છે :

ઇરિયાવહીની સંપદાઓ અનુક્રમે આ પ્રમાણે છે : (૧) અભ્યુપગમ સંપદા (૨) નિમિત્ત સંપદા (૩) ઓઘ હેતુ સંપદા (૪) ઇતર હેતુ સંપદા (૫) સંગ્રહ સંપદા (૬) જીવ સંપદા (૭) વિરાધના સંપદા (૮) પડિક્કમણ સંપદા.

શકસ્તવની સંપદાઓ અનુક્રમે આ પ્રમાણે છે : (૧) સ્તોતવ્ય સંપદા (૨) ઓઘ હેતુ સંપદા (૩) વિશેષ સંપદા (૪) ઉપયોગ સંપદા (૫) તદ્ધેતુ સંપદા (૬) સવિશેષોપયોગ સંપદા (૭) સ્વરૂપ સંપદા (૮) નિજસમફલદ સંપદા (૯) મોક્ષ સંપદા.

ચૈત્યસ્તવની સંપદા અનુક્રમે આ પ્રમાણે છે : (૧) અભ્યુપગમ સંપદા (૨) નિમિત્ત સંપદા (૩) હેતુ સંપદા (૪) એક વચનાન્તત સંપદા (૫) બહુવચનાન્ત આગાર સંપદા (૬) આગંતુક આગાર સંપદા (૭) કાયોત્સર્ગવિધિ સંપદા (૮) સ્વરૂપ સંપદા.

પરંતુ નવકારમંત્રની આઠ સંપદાઓનાં નામ ક્યાંય જોવા મળતાં નથી. અલબત્ત અન્ય કેટલાંક સૂત્રોની સંપદાઓનાં આપેલાં નામો ઉપરથી અનુમાન કરી શકાય કે નવકારમંત્રના પહેલા પાંચ પદની સંપદા તે 'સ્તોતવ્ય સંપદા' હોઇ શકે, કારણ કે તેમાં અનુક્રમે પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવે છે. સ્તોતવ્ય સંપદાને 'અરિહંત સ્તોતવ્ય સંપદા', 'સિદ્ધસ્તોતવ્ય સંપદા' એમ અનુક્રમે ઓળખાવી શકાય. બાકીની સંપદાઓમાં 'એસો પંચ નમુક્કારો, સવ્વ પાવ પણાસણો'ની સંપદાને 'વિશેષ હેતુ સંપદા' કહી શકાય. અને મંગલાણં ચ સવ્વે સિં. પઢમં હવઇ મંગલમ્ની સંપદાને 'સ્વરૂપ સંપદા' અથવા 'ફલ સંપદા' કહી શકાય. અલબત્ત આ તો માત્ર અનુમાન છે. આ વિષયમાં જાણકારો વધુ પ્રકાશ પાડી શકે.

એક મત એવો પણ છે કે નવકારમંત્રમાં સંપદા એટલે વિશ્રામસ્થાન એવો અર્થ ન ઘટાવતાં 'સંપદા' એટલે 'સિદ્ધિ' એવો સીધો અર્થ જ ઘટાવવો જોઇએ. એ રીતે નવકાર–મંત્રમાં આઠ સંપદા એટલે આઠ સિદ્ધિ રહેલી છે એવો અર્થ ઘટાવવાનો છે. [જુઓ શ્રી મંત્રરાજ ગુણકલ્પમહોદધિ– (પં. જયદલાલ શર્મા) છઠ્ઠો પરિચ્છેદ.]

સિદ્ધિ આઠ પ્રકારની બતાવવામાં આવે છે. એને મહાસિદ્ધિ પણ કહેવામાં આવે છે. એ નીચે પ્રમાણે છે :

(૧) અણિમા–અણુ જેટલા સૂક્ષ્મ થઇ જવાની શક્તિ.

(૨) લઘિમા–ઇચ્છાનુસાર હલકા અને શીઘ્રગામી થઇ જવાની શક્તિ.

(૩) મહિમા – મહાન અને પૂજ્યતાને યોગ્ય થઇ જવાની

શકિત.

(૪) ગરિમા – ઇચ્છાનુસાર મોટા અને ભારે થઈ જવાની શકિત.

(૫) પ્રાપ્તિ – દુરની વસ્તુને પાસે લાવવાની શકિત.

(૬) પ્રાકામ્ય – બધી જ ઇચ્છા અવશ્ય પાર પડે જ એવી શકિત.

(૭) ઇશિત્વ – બીજા ઉપર પ્રભુત્વ, સ્વામિત્વ કે સત્તા ધરાવવાની શકિત.

(૮) વશિત્વ – બીજાને વશ કરવાની શકિત

(આઠ સિદ્ધિઓનાં આ નામોના ક્રમમાં કેટલોક ફેરફાર જુદા જુદા ગ્રંથોમાં જોવા મળે છે. વળી સિદ્ધિઓના નામોમાં પણ ફરક જોવા મળે છે.)

નવકાર મંત્રના નીચેનાં આઠ પદનું ધ્યાન ધરવાથી આઠ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે એમ શાસ્ત્રકારો જણાવે છે.

(૧) **નમો**-અણિમા સિદ્ધિ

(૨) **અરિહંતાણં**–મહિમા સિદ્ધિ

(૩) **સિદ્ધાણં**–ગરિમા સિદ્ધિ

(૪) **આયરિયાણં**–લઘિમા સિદ્ધિ

(૫) **ઉવજ્ઝાયાણં**–પ્રાપ્તિ સિદ્ધિ

(૬) **સવ્વ સાહૂણં**–પ્રાકામ્ય સિદ્ધિ

(૭) **પંચ નમુક્કારો**–ઇશિત્વ સિદ્ધિ

(૮) **મંગલાણં**–વશિત્વ સિદ્ધિ

(૧) **નમો**–નમો એટલે નમસ્કાર. નમવાની ક્રિયા. જ્યાં સુધી અહંકારનો ભાર છે ત્યાં સુધી નમાતું નથી. એ ભાર નીકળી જાય છે ત્યારે ભાવપૂર્વક નમવાની ક્રિયા થાય છે. નમવાનો મનોભાવ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે અણિમા એટલે અણુ જેટલા થઈ જવાની શકિત પ્રાપ્ત કરાવનારી સિદ્ધિ. નમોપદનું ધ્યાન ધરતાં ધરતાં અણિમા સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

(૨) **અરિહંતાણં**–અરિહંત પરમાત્મા પૂજાને પાત્ર ગણાય છે, એટલે કે એમનો મહિમા થાય છે. અરિહંત માટે 'અર્હત્' શબ્દ પણ પ્રયોજાય છે. અર્હંત એટલે યોગ્યતા ધરાવનાર અથવા મહિમા ધરાવનાર. 'અરિહંતાણં' પદનું ધ્યાન ધરવાથી મહિમા નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

(૩) **સિદ્ધાણ** આ પદમાં રહેલા ત્રણે અક્ષરો ગુરુ છે. વળી સિદ્ધિપદ બધા પદોમાં સૌથી મોટું-ગુરુ છે અને ગૌરવ આપનારું છે. એટલે 'સિદ્ધાણં' પદનું ધ્યાન ગરિમા નામની સિદ્ધિ આપનારું છે.

(૪) **આયરિયાણં**–આચાર્ય ભગવંતો સમસ્ત વિશ્વના જીવોને ઉપદેશ આપવાને યોગ્ય છે એટલે આચાર્ય ભગવંતો આગળ સમસ્ત જગત લઘુ છે. પોતાનામાં લઘુતાનો ભાવ ધારણ કર્યા વગર આચાર્યનો ઉપદેશ ગ્રહણ થઈ શકતો નથી. એટલે **'આયરિયાણં'** પદનું ધ્યાન ધરવાથી લઘિમા નામની સિદ્ધિ પ્રગટ થાય છે.

(૫) **ઉવજ્ઝાયાણ** – ઉવજ્ઝાય શબ્દ ઉપ, અધિ અને આય એ ત્રણ શબ્દોનો બનેલો છે. ઉપ એટલે પાસે. અધિ એટલે અંતઃકરણમાં અને આય એટલે પ્રાપ્તિ અથવા મેળવવું. ઉપાધ્યાય પાસે સિદ્ધાંતનું અધ્યયન કરવાથી શ્રુતજ્ઞાનનો લાભ થાય છે. એટલે **ઉવજ્ઝાયાણં** પદનું ધ્યાન ધરવાથી 'પ્રાપ્તિ' નામની સિદ્ધિ મળે છે.

(૬) **સવ્વ સાહૂણં**–સાધુ એટલે સાધુ એટલે સારા, ભલા. સાધુઓ પોતે પૂર્ણકામ (પૂર્ણ સંતોષી) હોય છે અને બીજાઓની ઇચ્છાઓને કે કાર્યોને સફળ કરી આપવામાં સહાયભૂત થાય છે. એટલે **'સવ્વ–સાહૂણં'** પદનું ધ્યાન ધરવાથી 'પ્રાકામ્ય' નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

(૭) **પંચ નમુક્કારો**–પંચ પરમેષ્ઠિનું સ્થાન સર્વોત્તમ છે. તેઓ જગતના જીવોને માટે સ્વામી જેવા ગણાય છે. એટલે **'પંચ નમુક્કારો'** પદના ધ્યાનથી 'ઇશિત્વ' નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

(૮) **મંગલાણં**–સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ તે ધર્મ છે. ધર્મની સાચી આરાધના કરનારને સર્વ પ્રકારની અનુકૂળતાઓ પ્રાપ્ત થાય છે. અને બીજા જીવો પ્રેમથી તેમને વશ થઈને રહે છે. તથા તેમની આજ્ઞા ઉઠાવવા તત્પર બને છે. એટલે **મંગલાણં** પદનું ધ્યાન ધરવાથી 'વશિત્વ' નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. વશિત્વ એ આઠમી સિદ્ધિ છે અને મંગલની સંખ્યા પણ આઠની ગણાય છે. અષ્ટમંગલ એટલા માટે જ કહેવાય છે. એટલે 'વશિત્વ સિદ્ધિ' મંગલાણં પદ સાથે સંખ્યાની દૃષ્ટિએ પણ અનુરૂપ મનાય છે.

આમ નવકારમંત્રમાં આઠ સંપદાઓ રહેલી છે અને એ મહામંત્રની આરાધના નિર્મળ ચિત્તથી, પૂરી નિષ્ઠા અને ધ્યાનની એકાગ્રતાપૂર્વક કરનારને આઠ સિદ્ધિ અપાવનાર છે એમ શાસ્ત્રકારોએ કહ્યું છે.

સર્વ મંત્રોમાં નવકારમંત્રનું સ્થાન એટલા માટે જ સર્વોપરિ છે.

અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક **ડૉ. જે. પી. પીઠાવાલા** દ્વારા હાડકાંના રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૯–૩૦ થી ૧–૩૦ સુધી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ રસધારા કો–ઓપરેટીવ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, પ્રાર્થના સમાજ, મુંબઈ–૪૦૦૦૦૪ [ફોન : ૩૫૦૨૯૬] ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨–૩૦ થી ૫–૦૦ સુધી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, જાલાવાડનગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ), મુંબઈ–૪૦૦૦૫૮ ખાતે ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોકત સારવાર વિનામૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

–મંત્રીઓ

જૈન ધુરંધરોનો ધબકતો દસ્તાવેજ: 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'

● ગુલાબ દેઢિયા

શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇએ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' લખીને આપણા ઉપર એક મોટો ઉપકાર કર્યો છે. એક હજારથી વધુ પાનાંના પુસ્તકને લેખક સંક્ષિપ્ત ઇતિહાસ કહે છે, જેમાં ઇતિહાસના સીમાડાઓ વિશેની એમની વિસ્તૃત જાગૃત સમજદારીનો આપણને ખ્યાલ આવે છે. 'જૈન ગૂર્જર કવિઓ' જેવું માતબર સર્જન આપનાર મોહનલાલ-ભાઇએ આ વામન છતાં વિસ્તૃત ઇતિહાસ લખવામાં જે શ્રમ લીધો હશે તેનો ખ્યાલ આજે પણ એ પુસ્તકને ઉપર ઉપરથી જોનારને પણ તરત મળી શકે એમ છે.

ઇ. સ. ૧૯૩૩માં આ ગ્રંથ લખાયો અને શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ-મુંબઇએ તે પ્રગટ કર્યો. આજે ૫૬ વર્ષ પછી પણ આ ગ્રંથનું મહત્ત્વ જરાય ઘટ્યું નથી; બલકે વધતું જાય છે.

આ પુસ્તકમાં લેખક જૈનધર્મના ઉદ્‌ભવથી શરૂ કરી છેક સંવત ૧૯૬૦ સુધીના શ્વેતામ્બર જૈનોના સાહિત્ય સુધી ક્રમબદ્ધ રીતે આવ્યા છે. આઠ વિભાગમાં આ ગ્રંથ વિભાજિત છે, દરેક વિભાગમાં ૭ પ્રકરણ છે.

લેખકની સંશોધનવૃત્તિ અને ચીવટનો ખ્યાલ તો ગ્રંથને છેડે આપેલ ૧૮૭ પાનાંની વિસ્તૃત અનુક્રમણિકા પરથી તરત આવી જાય એમ છે. જેમાં જૈન લેખકોની સૂચિ, જૈન લેખકોએ લખેલ સંસ્કૃત, પ્રાકૃત ગ્રંથ-કૃતિઓની સૂચિ જૈન લેખકોએ લખેલ ગુજરાતી ગ્રંથોની સૂચિ, ઐતિહાસિક સાધનોની સૂચિ, જૈન પારિભાષિક શબ્દો અને બિરુદોની સૂચિ, તીર્થંકરો, જૈન તીર્થો અને મંદિરોની સૂચિ, જૈન ગચ્છ, ગણ, સંપ્રદાય આદિની સૂચિ શ્રાવકો, મંત્રીઓની સૂચિ, વણિક ગોત્ર આદિની સૂચિ, યુરોપીય સ્કોલરોની સૂચિ, જૈનેતર હિન્દુ ગ્રંથકારોની સૂચિ, જૈનેતર હિન્દુ લેખકો કૃત ગ્રંથોની સૂચિ. હિન્દુ દેવ-મંદિર, સંપ્રદાયની સૂચિ. શહેરો, સ્થળોની સૂચિ, હિન્દુ રાજકર્તાઓ, રાજ-વંશ જાતિની સૂચિ. મુસલમાન રાજકર્તાઓ, સુબા, જાતિની સૂચિ. સામયિકો, ગ્રંથમાળા, પ્રેસોની સૂચિ અને પ્રકીર્ણ સૂચિ. ગ્રંથમાં અપાયેલ વિગતને શોધવા આ સૂચિ ખૂબ જ ઉપયોગી છે. આ સર્વે વિગતો આઠ હજાર જેટલી થવા જાય છે. પુસ્તકમાં પેરેગ્રાફને સળંગ ૧૧૯૫ સુધી નંબર આપવામાં આવેલ છે અને ફૂટનોટને સળંગ ૫૭૭ સુધી નંબર આપવામાં આવેલ છે. સૂચિમાં દરેક નામ સામે પેરેગ્રાફ નંબર કે ફૂટનોટ નંબર આપેલ છે. જે ધારી વસ્તુને શોધવામાં સહાયક બને છે. આ અતિ શ્રમસાધ્ય અને કષ્ટદાયક કાર્ય એમણે કઇ રીતે કર્યું હશે? કેટલી ધીરજથી કર્યું હશે?

સૂચિની જેમ બીજી ધ્યાન ખેંચતી વસ્તુ તે ગ્રંથનાં ૬૦ જેટલાં ચિત્રો અને ફોટોગ્રાફ્સ છે. એ ચિત્રોનો પરિચય આપતો સાડા પાનાં જેટલો વિગતવાર લેખ મૂક્યો છે. અમુક ચિત્રો બહુરંગી પણ છે. અમુક તીર્થસ્થળના ફોટોગ્રાફ્સ કળાદૃષ્ટિએ પણ બેનમૂન છે. પાંચ દાયકા પહેલાંની છબીકલા, પ્રોસેસિંગ-પ્રિન્ટિંગ વગેરેનો પણ ખ્યાલ આવે છે. આ ફોટોગ્રાફ્સ પણ અનેક વ્યક્તિગત સંગ્રાહકો અને સંસ્થાઓના સૌજન્યથી એમણે મેળવ્યાં છે. ઇતિહાસને વધુ અપ ટુ ડેટ, વધુ ગહન છતાં સરળ બનાવવા એમણે પારાવાર મહેનત કરી છે. લેખક સ્વ. શ્રી મોહનલાલભાઇ દલીચંદ દેશાઇનું આ ભગીરથ કાર્ય જોતાં આપણું મસ્તક આદરપૂર્વક એમના પ્રત્યે આજે પણ ઝુકી જાય એવું આ અદ્‌ભુત કાર્ય છે.

આઠમા વિભાગમાં એમણે વિક્રમની વીસમી સદી વિશે લખ્યું છે. જેમાં પોતાની નજીકના ભૂતકાળમાં થઇ ગયેલ જૈન વિભૂતિઓની વાત કરી છે. જેમાં મુંબઇ યુનિવર્સિટીના રાજબાઇ ટાવરના સર્જક દાનવીર પ્રેમચંદ રાયચંદ, નાટ્યકાર ડાહ્યાભાઇ ધોળશાજી, શ્રીમદ્ રાજચન્દ્ર, જૈન સાહિત્ય પ્રકાશક શ્રાવક ભીમશી માણેક, રાય ધનપતસિંહ બહાદુર. જૈન ધર્મ પ્રસારક સભા, 'જૈન'ના આદ્યતંત્રી ભગુભાઇ ફતેહચંદ કારભારી, જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ વિશે ટૂંકમાં પણ ઊંડાણથી લખ્યું છે. ડો. હર્મન યાકોબી વિશે નોંધ, જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતોની વાત પણ એમણે વાંચનારને તરત સમજ પડે અને ઉપયોગી થાય એ રીતે કરી છે.

જૈન સંસ્કૃતિ અને કલાઓનું પ્રકરણ એક સરસ અભ્યાસ-નિબંધ જેવું છે. જેમાં જૈન ચિત્રકળા વિશે ડો. કુમારસ્વામીએ 'જર્નલ ઓફ ઇન્ડિયન આર્ટ' એન્ડ ઇન્ડસ્ટ્રી'માં જે લેખ લખ્યો તે એમના ધ્યાન બહાર નથી. એનું અવતરણ આપે છે. જે એમની સૂક્ષ્મ બધે ફરી વળતી તલાવગાહી ધૃષ્ટિનું પરિણામ છે.

તો જૈન સાહિત્ય અને કલા માટે સૂચન કરતાં પોતે લખે છે :

(૧) જેટલા જૈનો ભંડારો હોય તેમાંથી ગ્રંથો, ચિત્રો વગેરેની યાદી કરાવવી, અને વિદ્વાનો પાસેથી તે ગ્રંથો તપાસાવી તેમના વિશે સવિસ્તાર રિપોર્ટ તૈયાર કરાવવો.

(૨) ભંડારોમાં કપડાં, ચિત્રો વગેરે જે જે પ્રાચીન અને અત્યારે અપ્રાપ્ય ચીજો હોય તેના અહેવાલ પ્રગટ કરવા અને એક સંગ્રહસ્થાન સ્થાપી ત્યાં તે ચીજો સુરક્ષિત રાખી તેમને પ્રસિદ્ધિમાં લાવવી.

(૩) જે જે જૈન વેપારીઓનાં જૂનાં નિવાસસ્થાનો હોય ત્યાંથી જૂનામાં જૂના ચોપડાઓ, દસ્તાવેજો વગેરે મેળવી તેમાંથી પ્રાચીન જૈન વેપારની વિગતો પ્રગટ કરવી.

આવા સૂચનો કર્યા પછી તેમણે રણજિતરામ વાવાભાઇનો 'જૈન સંસ્કૃતિ' અંગેનો લેખમાંથી અવતરણ મૂકે છે : 'આ પ્રમાણે થયા પછી વિજ્ઞાન, ઉદ્યોગ, સમાજ-વ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા, ધર્મ વ્યવસ્થા, ચિંતન અને કલાના પ્રદેશમાં જૈનોએ શું શું કર્યું તેમનું સ્વરૂપ નિરૂપવાનાં સાધનો અને અનુકૂળતા પ્રાપ્ત થશે.' અને છેલ્લે લખે છે, હાલ જૈનોનું જીવન કેવું કલાવિહીન બની ગયું છે, તે માટે પરમાનંદ કુંવરજી કાપડિયાનો 'આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન' પુસ્તક વાંચવા-વિચારવાનું કહે છે. આ વિગતો પરથી ખ્યાલ આવે છે કે, મોહનલાલભાઇમાં જૈનધર્મ અને સંસ્કૃતિની જાળવણી માટે કેટલી ફિકર હતી.

વર્તમાન સમયને અનુરૂપ જૈનોએ સાહિત્ય અને તત્ત્વજ્ઞાન માટે શું કરવું જોઇએ તે માટે ગ્રંથના છેલ્લા પ્રકરણમાં એમણે ખૂબ જ વિસ્તૃત અને મર્મગ્રાહી ચર્ચા કરી છે જેમાં આજનો આપણો સમયધર્મ શું છે, નવા જૈન સાહિત્યના સર્જન માટે શું કરવું જોઇએ, જૈન તત્ત્વજ્ઞાનના કર્મવાદ, અનેકાંત, ગુણસ્થાન, યોગ, નયવાદ, અહિંસા વગેરે વ્રતો આ બધા વિશે વિચારકો પાસેથી ગ્રંથો લખાવવા જોઇએ. ઘણાં સૂચનો કર્યાં છે, જે આજે પચાસ વર્ષ પછી પણ એટલાં જ તાજાં અને અમલમાં મૂકવાલાયક છે. હરિભદ્રસૂરિથી લઇ આત્મારામજી મહારાજ સુધીના અનેક મહાન આચાર્યોના જીવન અને કાર્યની ટૂંક ઝલક પણ આ ગ્રંથમાં મળે છે.

જૈનોનો ભવ્ય ભૂતકાળ સંક્ષિપ્તમાં છતાં ખૂબ સારી રીતે આ પુસ્તકમાં આલેખાયો છે. આ દિશામાં કામ કરનારને તો એ જરૂર ઉપયોગી થાય પણ સૌ સામાન્યજનોએ પણ આ ગ્રંથ વાંચવા જેવો છે. એક એક પ્રકરણ સ્વતંત્ર છે. વચ્ચે વચ્ચેથી વાંચી શકાય એમ છે. વિગતો છે પણ વિગતોનો ભાર નથી. ઇતિહાસ છે પણ નરી શુષ્કતા નથી. જૈનોએ જે સર્જન કર્યું, જે વૈભવ ઊભો કર્યો, તેની ઘણી સારી રીતે સમજ આ ગ્રંથમાંથી મળી શકે એમ છે. જૈન ધુરંધરોનો ખોલતો દરતાવેજ છે. જીવંત આલ્બમ છે. ગ્રંથ વાંચી ગૌરવ થાય એવાં સ્થાન અનેક છે.

સાથે સાથે એ વાતનો વિષાદ પણ થાય કે, પૂર્વસૂરિએ કેવું સાહિત્ય સર્જ્યું, કેવીધર્મની પ્રભાવના કરી, પારાવાર કર્યો, ગુજરાતનું પરિશ્રમ ગૌરવ વધાર્યું એની સામે આજે આપણામાં પ્રમાદ, સંકુચિતતા, જૈન ધર્મ કે સંસ્કૃતિ, સાહિત્યકળાના વારસા પ્રત્યે કેવી ઘેરી ઉદાસીનતા પ્રવર્તે છે. નવું ઉમેરવા પ્રમાદ સેવીએ છીએ અને પ્રાચીનના યોગ્ય જતન પ્રત્યે પણ બેદરકાર છીએ.

ગુજરાતના સાહિત્યકારોએ, સાહિત્યના ઇતિહાસલેખકો અને જૈનોએ જેની અચૂક નોંધ લેવી પડે એવું અદ્‌ભુત કાર્ય સ્વ. મોહનલાલ દલીચંદ દેશાઇએ કર્યું છે. એમણે પોતાના નિવેદનને અંતે લખ્યું છે: 'જૈન ધર્મ અને સાહિત્ય પ્રત્યે જ્યારે જ્યારે ખોટા આક્ષેપો થાય છે ત્યારે ત્યારે એક સુપ્રસિદ્ધ અંગ્રેજી ભજનની કડી યાદ આવે છે કે, જ્યારે ધુમ્મસ ઊડી જશે ને વાતાવરણ સ્વચ્છ થશે ત્યારે આપણે એકબીજાને અધિક પીછાનીશું.

મારા આ પ્રયત્નથી શ્વેતાંબર જૈનોએ આર્ય સંસ્કૃતિની ભવ્ય ઇમારતમાં કેટલો સુંદર ફાળો આપ્યો છે તે બરાબર જૈન કે જૈનેતર – સર્વ સાહિત્યવિલાસી વર્ગમાં આવશે તો મારો પરિશ્રમ નિરર્થક નથી ગયો એ સમજાતાં આ સાહિત્યસેવકને આનંદ થશે. આવા પ્રયત્નો બૌદ્ધ, વૈષ્ણવ, શૈવ, શીખ, જરથોસ્તી, ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મના સાહિત્યના ઇતિહાસો લખી બહાર પાડવામાં તે તે ધર્મના વિદ્વાનો કરશે તો આનંદ થશે.'

આ અવતરણ પરથી લેખકની વિશાળદૃષ્ટિનો ખ્યાલ આવે છે.

એક વાર આ ગ્રંથ હાથમાં લેનાર સ્વ. મોહનલાલ દલીચંદ દેશાઇને મનોમન વંદન કર્યા વગર નહિ રહી શકે!

કેટલાંક જૈન તીર્થધામોની મંગલયાત્રા

કંચનલાલ એલ. તલસાણિયા

'માણ્યું તેનું સ્મરણ કરવું તેય છે એક લહાણું'

કેટલાક સમય પહેલાં નાગેશ્વર, ઉજ્જૈન, દ્વારકા, માંડવગઢ ઇત્યાદિ ઐતિહાસિક સ્થળોમાં આવેલ પ્રાચીન, ભવ્ય, નયનમનોહર જૈન મંદિરોની તીર્થયાત્રા કરવાનું મને તથા મારાં પત્નીને સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું.

તનથી થાય તે પ્રવાસ અને મનથી થાય તે ધર્મમંગલ યાત્રા. સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં જૈન મંદિરોમાં પ્રતિષ્ઠિત થયેલ તીર્થંકરોનાં દર્શન, સેવા-પૂજા કરવાની પ્રથા રૂઢીરિવાજ નથી. પરિણામે શ્વેતાંબરદિગમ્બર પંથીઓએ અઢળક પૈસા ખર્ચીને બાંધેલ સ્થાપેલ જૈન મંદિરોની યાત્રા કરવાનું બહુધા તેઓથી બનતું નથી. વર્તમાન સમયમાં મુંબઇની કેટલીક જૈન સંસ્થાઓએ ભગવાન મહાવીર સ્વામીના જૈનધર્મી અનુયાયીઓને શ્વેતાંબર, દિગંબર કે દેરાવાસી, સ્થાનકવાસી, કાનજીસ્વામી, શ્રીમદ, તેરાપંથી વિગેરે સાંપ્રદાયિક સંકુચિત વાડામાંથી બહાર કાઢી, તેમનું એકીકરણનું કામ બહુ સારી અને સુંદર રીતે કર્યું છે અને તે પ્રક્રિયા ચાલુ જ છે. તે સમજુ, પ્રજ્ઞાલક્ષી જૈન ભાઇ-બહેનો માટે આનંદ અને ગૌરવની વાત છે. એથી જ અમે સ્થાનકવાસી હોવા છતાં આ યાત્રામાં જોડાયાં હતાં અને તેનો અમને ખરેખર ચેતન અને ઉલ્લાસથી સભર અનુભવ થયો હતો.

ઉજ્જૈન : ક્ષીપ્રા નદીના કાંઠે વસેલું મધ્ય પ્રદેશમાં આવેલું આ શહેર અતિપ્રાચીન અને ઐતિહાસિક છે, તેનાં પ્રાચીન નામો અવંતિકા, પુષ્પકરંડિયની, વિશાલા પણ હતાં. રાજા સુધન્વાના સમયમાં અવંતિકા નામ બદલી ઉજ્જયિની રાખવામાં આવ્યું હતું કારણ કે રાજા જૈન ધર્માવલંબી હતો.

વીર સંવત ૨૪૫ થી ૨૯૧ના સમયમાં થઇ ગયેલા આર્ય સુહસ્તિસૂરિ જ્યારે ઉજ્જયનમાં ચોમાસુ રહ્યા હતા, ત્યારે ભદ્રા શેઠાણીના પુત્ર અવંતિકુમારને પ્રતિબોધી દીક્ષા આપી. તેજ રાત્રીએ અવંતિકુમારે સ્મશાનમાં જઇ અનશન કર્યું, જ્યાં શિયાળોએ તેમનો ભક્ષ કર્યો. આથી તેમની ૩૨ માંથી ૩૧ પત્નીઓએ દીક્ષા લીધી. જે પત્નીએ ગર્ભવતી હોવાથી દીક્ષા ન લીધી, તેણે એક પુત્રને જન્મ આપ્યો જેનું નામ મહાકાલ રાખવામાં આવ્યું. મહાકાલે પિતાની યાદમાં એક મંદિર બનાવ્યું, જેમાં શ્રી અવંતી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી. સમય જતાં શૈવપંથીઓએ આ મંદિર ઉપર અધિકાર જમાવ્યો. પરંતુ શ્રી સિદ્ધસેનસૂરિએ રાજા વિક્રમાદિત્યની હાજરીમાં કલ્યાણ મંદિર સ્તોત્રની રચના કરી અને એના પ્રભાવથી લિંગનો સ્ફોટ કરી પ્રભુની પ્રતિમા બનાવી, ત્યારે રાજાએ આ મંદિર જૈનોને સોંપ્યું. આ ઘટના વિક્રમ સંવત એકમાં બની હોય તેમ મનાય છે. આ ઉપરાંત ઉજ્જૈનમાં દોલતગંજમાં કાચનું સુંદર મંદિર છે. બીજાં વીસેક મંદિરો પણ છે. મણિભદ્ર વીરના સ્થામાંનું એક સ્થાન ઉજ્જયનમાં છે અહીં તેમનો જન્મ થયો હતો અને તેમનું મસ્તક પૂજ્ય છે. મુનિ અભયઘોષ અહીંથી મુક્તિ પામ્યા હતા, તેથી આ નિર્વાણક્ષેત્ર

પણ મનાય છે.

આદિપુરાણ અનુસાર ભગવાન ઋષભદેવે ભારતને બાવન જનપદોમાં વિભાજિત કર્યું હતું, તેમાં અવંતિ પણ હતું એમ કહેવાય છે. માળવાનું પ્રાચીન નામ અવંતિ હતું. અવંતિના વૈભવની સરખામણી અમરાવતીના સ્વર્ગ સાથે થતી, જેને કારણે બીજું નામ અમરાવતી પણ હતું.

હાસમપુરા : આ તીર્થ ઉજ્જૈનથી લગભગ ૧૦ કીલોમીટર દુર આવેલું છે. આ તીર્થ અલૌકિક પાર્શ્વનાથ તરીકે પણ પ્રખ્યાત છ.

નાગેશ્વર : એક વખત નજર માંડો પછી ત્યાંથી આંખ ખસેડવાનુ મન ન થાય તેવી જેનમૂન અદ્‌ભુત, નીલવર્ણી શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૧૪ ફૂટ ઊંચી પ્રતિમા કાઉસગ્ગ મુદ્રામાં બિરાજેલી છે. આ પ્રતિમા લગભગ વર્ષ પહેલાંની હોવાનું મનાય છે

મક્ષી : અહીંનું મંદિર સં. ૧૪૭૨ માં વઢિયાર દેરાના લોલાડા ગામના રહેવાસી સોની સંઘ્રામે બંધાવ્યું હતું એમ કહેવાય છે. આ મંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે. ફાગણ મહિનાની આઠમે અહીંયા વાર્ષિક મેળો ભરાય છે.

ઇન્દોર : શીશ મહેલ તરીકે આખા ભારતમાં સુપ્રસિદ્ધ થયેલું એવું સર હુકમીચંદનુ બંધાયેલું કાચનુ દેરાસર અત્યંત મનોહર અને જોવાલાયક છે. આ ઉપરાંત પીપળી બજારમાં બે દેરાસરો છે. કુલ લગભગ ૨૫ મંદિરો છે. ઇન્દોરની જૈવેરી બાગમાં સર શેઠ હુકમચ દજીની સમાધિ છ. ત્યાં જૈન ધર્મશાળાઓ છે. ત્યાં જ જિનાલય, જૈન મહાવિદ્યાલયો તેમ જ છાત્રાલયો છે. તે ઇન્દોર મધ્યપ્રદેશનું મુખ્ય વ્યાપાર કેન્દ્ર પણ છે. ઇન્દોર તથા આજુબાજુના પ્રદેશ ઉપર હોલકર રાજવંશીએ લગભગ બે સદી સુધી રાજ્ય કર્યું. તેમાં અહલ્યાબાઇ પ્રતાપી રાજમાતા થયાં. જૂનો રાજમહેલ, ગઢ, રાચરચીલું, દરબાર-ખંડ ઇત્યાદી ઐતિહાસિક વસ્તુઓ જોવાલાયક છે.

સિદ્ધવરકુટ : નર્મદા અને કાવેરી નદીઓના સંગમની પશ્ચિમ દિશામાં પર્વતોની વચ્ચે કુદરતી સૌંદર્યથી શોભાયમાન આ તીર્થમાં વિ. સંવત ૧૧ ના સમયની શ્રી આદિશ્વર ભગવાનની પ્રતિમા આવેલી છે. મૂળનાયક શ્રી મહાવીર સ્વામીની શ્યામ રંગની કાઉસ્સગ્ગ મુદ્રાની પ્રતિમા ખૂબ જ મનોહારી અને રમણીય છે. સિદ્ધવરકુટ સિદ્ધક્ષેત્ર છે. અહીંથી બે ચક્રવતિ અને સાડાત્રણ કરોડ મુનિઓ નિર્વાણને પ્રાપ્ત થયા હતા.

ઓંકારેશ્વર મંદિર : ઇન્દોરથી માંધાતા (ઓંકારેશ્વર) ૧૦ કિલોમીટર દુર છ. આ મંદિર જોતાં લાગે છે કે કદાચ : આ મંદિર જૈનોનું રહ્યું હશે. આ મંદિરની કોલ્હાપુરના અંબા મંદિર અજમેરના ખ્વાજા સાહેબની દરગાહ આ ત્રણેની રચનાશૈલીમાં ઘણી સમાનતા લાગે છે. અહીં દસ મંદિરો છે, જેમાં નેમીનાથ, શાંતિનાથ, બાહુબલિ સ્વામી, પાર્શ્વનાથ સ્વામી, મહાવીર સ્વામી ઇત્યાદિની પ્રતિમાઓ છે.

બડવાની : અહીં એક વિશાળ દિગંબર જૈન મંદિર છે જેમાં ભગવાન નેમીનાથની ભવ્ય પ્રતિમા છે, જેની પ્રતિષ્ઠા સં. ૧૩૮૦માં થઇ હતી તેનો લેખ છે.

ચૂલગિરી – બાવનગજજી : ઇન્દોરથી રસ્તા માર્ગે બડવાની ૧૫૦ કિ મી. અને ચૂલગિરી બાવનગજજી ૧૫૦ કિ. મીટર દુર છે. સાતપુડાના પર્વતના સર્વોચ્ચ શિખર ચૂલગિરી પર આવેલું આ તીર્થ જંગલમાં મંગલ સમાન છે. એક જ પથ્થરમાંથી કોતરેલી ૮૪ ફૂટ ઉંચી શ્રી આદિનાથ ભગવાનની લગભગ ત્રણ હજાર વર્ષ જૂની મૂર્તિ છે, એના જેવી બીજે વિશ્વમાં ક્યાંય જોવા નહીં મળે. આ પ્રતિમા ખડ્ગાસનમાં છે અને બાવનગંજના નામથી સુપ્રસિદ્ધ છે. એમનાં ચરણોમાં વંદના કરતાં એમની મહાનતા સમક્ષ આપણી લઘુતાનો અનુભવ થાય છે. આપણું મન પાવનતાથી આનંદિત થઇ જાય છે. હૃદય ભક્તિથી નાચી ઊઠે છે. પ્રભુના મુખ ઉપર ભવ્ય સ્મિત પથરાયેલું નજરે પડે છે. પ્રભુ આપણા પર કરુણાની વર્ષા વરસાવી અભયદાન આપતા હોય તેમ લાગે છે. આ પ્રતિમાની છાતી પર શ્રીવત્સલાંછન છે. ડાબી બાજુ ચતુર્ભુજી ગોમુખ યક્ષ અને જમણી બાજુ ચક્રેશ્વરી યક્ષિણીની મૂર્તિ છે. આ પ્રતિમાનાં દર્શન પગ પાસે ઊભા રહી નથી કરી શકાતાં. પ્રતિમાથી થોડે દુર ઊભા રહેવું પડે છે. ચૂલગિરી ક્ષેત્રમાં વીસ જૈન મંદિરો છે અને તે સિદ્ધક્ષેત્ર છે. જ્યાંથી મુનિશ્રી ઇન્દ્રજિત, કુંભકર્ણ અને બીજા અનેક મુનિશ્રીઓ મુક્તિ પામ્યા છે.

માંડવગઢ : વિંધ્યાચલ પર્વતના ઊંચા શિખર પર આવેલું માંડુના નામે ઓળખાતું તીર્થ ખૂબ જ પ્રાચીન અને ઐતિહાસિક હોવાથી પ્રવાસી યાત્રાળુઓનું મોટું ધામ છે. ૧૩મી સદીના મધ્ય ભાગમાં જયવર્મદેવ રાજાના મંત્રી પૃથ્વીધર (પેથડ) ખૂબજ ધર્મશીલ હતા. તેના વખતમાં અહીં ૩૦૦ જિન મંદિરો હતાં અને એક લાખ જૈનોનાં ઘરો હતાં. તેણે દરેક મંદિર પર સોનાના કળશો ચઢાવ્યા હતા. તેણે તે જમાનામાં રૂપિયા અઢાર લાખના ખર્ચે "શત્રુંજ્યાવતાર" નામે ૭૨ જિનાલયવાળું ભવ્ય મંદિર બંધાવ્યું હતું. પેથડ પછી તેનો પુત્ર ઝાંઝણ મંત્રીપદે આવ્યો. તે પણ ધર્મવીર હતો. તેણે સં. ૧૪૩૯માં શત્રુંજયનો ભવ્ય સંઘ કાઢયો હતો. તે સમયે શ્રેષ્ઠી જાવડ શાહે લાખ્ખો રૂપિયા ખર્ચી પાંચ વિશાળજિનાલયો બંધાવ્યાં હતાં. અને તેમાં ૧૧ શેર સોનાની અને ૨૨ શેર ચાંદીની મૂર્તિઓ પધરાવી હતી. લોકવાયકા પ્રમાણે ત્યાં વસતા જૈનોમાં એવો સંપ હતો કે કોઇ નવો જૈન માંડુમાં વસવા માટે આવે તો તેને ઘર દીઠ એક ઇંટ અને એક સુવર્ણમહોર આપવામાં આવતી હતી. જેથી આગંતુક જૈન પ્રથમ દિવસથી જ લક્ષાધિપતિ બની જતો અને રહેવા માટે સુંદર મકાન બની જતું. અહી શ્રી શાંતિનાથ અને સુપાર્શ્વનાથ ભગવાનના બે મંદિરો છ.

માંડવગઢમાં રાજબહાદુર અને રાણી રૂપમતિના મહેલો છે. પ્રાચીન રાજવીઓની સમૃદ્ધિ જાહોજલાલીની ઝાંખી કરાવતા જહાજ મહેલ, વાયુમહેલ ઇત્યાદિ ઘણા જોવાલાયક સ્થળો છે. ત્યાં એક ચોકકો પોઇન્ટ છે, તેમાં એ જગ્યાએ ઊભા રહીને ખૂબ પાડો તો એક પડઘો તે જ અવાજનો પડે અને બીજી જગ્યાએ ઊભા રહીને ખૂબ પાડો તો તેના તુરત જ બે પડઘા પડે છે.

ભોપાવર-મોહનખેડા-લક્ષ્મણિ :

અહીં પણ અત્યંત નયનરમ્ય, ભવ્ય, ચમત્કારિક પ્રતિમાઓ છે. ભોપાવરમાં શાંતિનાથ ભગવાનની ઊભી ઊંચી પ્રતિમા છે. લક્ષ્મણિમાં ત્યાં પાસેનાં ખેતરોમાંથી નીકળેલી અત્યંત પ્રાચીન પ્રતિમાઓ છે. આ બધાં તીર્થો એવાં દુર છે કે તેની જાણકારી ઓછા લોકોને હોય છે.

એક કહેવત છે કે બાવાના બેઉ બગડ્યા' પણ અમારા માટે તો બન્ને સુધર્યા, અર્થાત્ નવાં સ્થળો જોવાનું-જાણવાનું, ત્યાંના લોકોની રહેણીકરણી જોવાની – જાણવાની કેટલીક સુંદર તક મળી. યાત્રામાં એક ધર્માનુભાવી ઉદ્યોગપતિઓ

વ્યાપારીઓ અને અન્ય તજજ્ઞોની ઓળખાણ થઇ. સાત દિવસ અમો બધા ૭૦ યાત્રાળુઓ મહેમ્બતના માંડવે એક વિશાળ કુટુંબમેળાના સભ્ય તરીકે રહ્યા, હળ્યામળ્યા ધર્મચર્ચાના ચોગાનમાં વિહરતા રહ્યા, સરેરાશ દરરોજ ૨૦૦થી ૩૦૦ કિ.મી.ની એ સ્પેશિયલ બસોમાં પર્યટન કરતાં રહ્યાં, પોતપોતાના રોજિંદા જીવનવ્યવહાર, વ્યવસાયથી સંપૂર્ણ અલિપ્ત બનીને, ધર્મસ્થળોમાં ધાર્મિક આનંદમય વાતાવરણમાં પોતપોતાની યથાશક્તિમતિ મુજબ પરમસમીપે પહોંચવાની કોશિષ કરતાં રહ્યાં અને જીવનમાં કંઇક પામ્યાની અનુભૂતિ લઇને, ધર્મયાત્રા, નિર્વિઘ્ને પાર કરીને મુંબઇ પાછા ફર્યા આપણો સમાજ પોતાની ધાર્મિક રુચિ કે પરંપરાના સમય, સંજોગો, પરિસ્થિતિને સમજી તેમાં થોડો ફેરફાર કરીને આવી ધર્મયાત્રાઓનું આયોજન કરે તે આવકાર્ય પગલું ગણાશે.

તીર્થયાત્રામાં પણ કેટલીક મર્યાદાઓ કે જૂની રૂઢિગ્રસ્તતા કે સંકુચિતતા કોઇકને કદાચ લાગતી હશે. પણ સ્વાનુભવે એમ સમજાય છે કે આપણા ભવ્ય ઐતિહાસિક વારસાને નજરે નિહાળવો અને તીર્થભૂમિના શાંત-પવિત્ર વાતાવરણનો અનુભવ કરવો એ પણ એક વિશિષ્ટ લહાવો છે. આપણે પૂર્વગ્રહ કે ગ્રંથિઓથી મુકત થઇએ તો કેટલું બધું પામી શકીએ છીએ એ આવા અનુભવ પરથી જ સમજાય છે.

નવસંસ્કરણ

— લાલચંદ વોરા

અતિ હિંસાના એક યુગમાં ભગવાન મહાવીરે અહિંસાને પ્રસ્થાપિત કરી છે.

પૂર્ણ અહિંસા એ શું છે? એ કયારે પામી શકાય; કેવા પુરુષાર્થથી પામી શકાય?—એ તેઓએ અમર વાણી દ્વારા આપણને બતાવ્યું છે. અઢી હજાર વર્ષ વહી ગયાં છતાં આજે આપણી આસપાસ આ સંશયકિત અચળા રહી છે.

કાળે કરીને આપણી વચ્ચે ગાંધીજી આવ્યા. તેઓએ જીવનભર અહિંસાની સાધના કરી. તેઓએ કહ્યું કે સત્યને શોધવા માટે, સત્યને સિદ્ધ કરવા કાજે અહિંસા એ એક જ આદર્શ છે સત્યને સમજવા માટે અહિંસાનો આશરો લેવો જ પડશે, કારણ કે અહિંસા એ આચારધર્મ છે. અહિંસા એ પ્રેમનો પ્રવાહ છે અથવા સત્યાગ્રહ કહો તો સત્યાગ્રહ છે.

આજે 'પ્રબુદ્ધ જીવન' વિશેષાંક પ્રગટ કરે છે ત્યારે પચાસ વર્ષ પહેલાંના એ દિવસોની સ્મૃતિ થાય છે. જૈનો જુદા જુદા ફિરકાઓમાં વહેંચાયેલા હતા. શ્રી પરમાનંદભાઇ કાપડિયાએ પ્રકટપણે બધા ફિરકાને એક કરવા પ્રયત્ન કર્યો એટલું જ નહિ પણ તેઓએ જૈન યુવક સંઘના અગ્રણી બનીને કાર્યક્રમ આપ્યો અને એના પરિણામે 'પ્રબુદ્ધ જૈન' અસ્તિત્વમાં આવ્યું. કાકા કાલેલકરના પરિચય પછી 'પ્રબુદ્ધ જીવન' રૂપે આ પત્રનું નવસંસ્કરણ થયું અને તેને જૈન-જૈનેતર સૌનો સહકાર મળ્યો. આજે 'પ્રબુદ્ધ જીવન' એક વટવૃક્ષ બની રહેલ છે અને વિવિધ શાખાઓ દ્વારા પ્રત્યક્ષ સેવાયજ્ઞ આચરી રહેલ છે.

મારા બાપદાદા વિદેશી વસ્ત્રના વેપારી હતા અને હું પણ તેમાં ફસાયેલો. ગાંધીજીએ આફ્રિકાથી અહીં આવીને જોયું. શું જોયું?

અંગ્રેજો, ઇસ્ટ ઇન્ડિયા કંમ્પની કરીને અહી આવ્યા. મોગલો સાથે વેપારી દ્રષ્ટિએ લાગ સાધ્યો. કાચો માલ રૂ વગેરે પ્રતિવર્ષ પ-૭ લાખનું લઇ જાય અને ૬૦-૮૦ લાખનું કાપડ ભારતમાં ઠલવાય. અહીંના કરોડો કાંતનારા, લાખો વણનારા અને તેની પાછળ કરોડોની જાળ બિછાવાઇ હતી (આવું કેટલુંક હેરટીની સોટી' નામના ગ્રંથમાં જોવા મળે છે.)

આ જાળામાં આપણે ફસાયા હતા. એ ગાંધીજીએ જોયું. ત્યાંના ઉદ્યોગપતિઓ એટલે માન્ચેસ્ટર, લેન્કેશાયર વગેરેના માલદારો તો ત્યાંની પાર્લામેન્ટના સભ્યો હતા.

આ વેળા મુંબઇની મૂળજી જેઠા માર્કેટના કાકા કહેવાતા શેઠ નરોત્તમદાસ ભાણજી, શ્રી હીરાલાલ અમૃતલાલ શાહ વગેરે ગાંધીજીના પ્રભાવમાં હતા. એમણે આગામી વર્ષના કાપડના આયાત માલનાં ટેન્ડરો રદ કર્યાં. વિદેશી વસ્ત્રની હોળીઓ થવા લાગી. ટિળક મહારાજ અને કોંગ્રેસ દ્વારા આ કાર્યક્રમોને ટેકો મળ્યો.

હીરાલાલ અમૃતલાલવાળા અમૃતલાલભાઇ અમારે ત્યાં વર્ષમાં એકવાર આવતા અને આ પરિચયોથી આ સેવક સત્યાગ્રહમાં સામેલ થઇ શકયો. વિદેશી વસ્ત્ર બહિષ્કારમાં સક્રિય થયો. ૧૯૩૧માં ગાંધી-ઇરવિન કરાર થયા. ઘણા સત્યાગ્રહીઓ જેલમુકત થયા. ગાંધીજીને પૂછયું; 'અમારે શું કરવું?' ગાંધીજીએ તુરત જવાબ આપ્યો, અહિંસક સમાજની રચના કરવી હશે તો તેમાં રેંટિયો અહિંસાનું પ્રતીક હશે. ખાદીગ્રામોદ્યોગ દ્વારા આર્થિક ઉદ્ધાર તો થશે. અફાટ કામ પડયું છે.' દારૂ અને વિદેશી વસ્ત્ર સામે પિકેટિંગ કરવાનો આદેશ મળ્યો. ભાવનગર કુલચંદ શાહે સંભાળ્યું અને સૌરાષ્ટ્રના કામ માટે 'સ્વદેશ પ્રચારક મંડળ' સ્થપાયું અને ખોટાદ, જસદણથી માંડીને અમરેલી, બગસરા, જેતપુર (કાપડનું મુખ્ય મથક), ધોરાજી, ઉપલેટા અને પોરબંદર સુધીનું કામ મંડળે માથે લીધું અને માત્ર ૭ માસમાં ૨૦ થી ૨૫ લાખનું વિદેશી વસ્ત્ર 'સીલ' કરીને બાંધી રાખવામાં આવ્યું હતું.

શ્રી મણિલાલ કોઠારી અમારા રાહબર હતા. ગોંડલના કેટલાક મુસ્લિમો 'સીલ' કરવા માટે મજહબના નામે નારાજ હતા. ત્યારે ગોંડલના મહારાજા ભગવતસિંહજીએ પોતાનાં ગોડાઉન એ મુસ્લિમો માટે ખાલી કરી આપેલાં.

આમ અહિંસક સમાજની રચનાનો પાયો નખાઇ ગયો. ગાંધીજીએ એક નહિ-અનેક સભામાં કહ્યું, 'મારી નાનકડી થેલીમાં બે જડીબુટ્ટી છેઃ એક દેહનો ખોરાક છે બીજો આત્માનો ખોરાક છે. અભેદભાવ શીખવાડે છે વર્ગવિહીન સમાજની રચના કરવા માટે.' ટૂંકમાં, ગાંધીજીએ તેર પ્રકારના રચનાત્મક કાર્યક્રમો આપ્યા તે છે (૧) એકતા (૨) અસ્પૃશ્યતા નિવારણ (૩) દારૂબંધી (૪) ખાદી ગ્રામોદ્યોગ (૫) ગૃહ-ઉદ્યોગ (૬) ગ્રામસફાઇ (૭) પાયાની કેળવણી (૮) પ્રૌઢ શિક્ષણ (૯) સ્ત્રીસ્વાતંત્ર્ય (૧૦) આરોગ્ય (૧૧) રાષ્ટ્રભાષા (૧૨) માતૃભાષા (૧૩) આર્થિક સમાનતા.

ત્રયોદશ માળા

(રાગ : વૈષ્ણવજન તો તેને રે કહીએ...)

ગાંધીજન તો તેને કહીએ, જે દીન-દલિતનો સંગી રે.
સત્ય-અહિંસા સાધન સાથે, ઐકય તણો ઉમંગી રે...ગાંધી.
ઊંચનીચના ભેદ ભુલાવે આભડછેટને ટાળે રે,
દારૂબંધીનો પૂરણ પ્રેમી, ચરખા સૂતર કાંતે રે...ગાંધી.
ગૃહઉદ્યોગ ગામડી જાણે, ગ્રામ સફાઇ કરતો રે,
કેળવણી પાયાની પ્રેમે, મોટાને પણ પરખે રે...ગાંધી.
સ્વતંત્રતા સ્ત્રીઓની સાથે, જાતે નરવો રહેતો રે,
રાષ્ટ્રવાણીનો પ્રચાર કરતો, માતૃભાષા ભણતો રે...ગાંધી.
ધનસંપતને સરખી કરતો, સમાનતામાં રમતો રે,
હરિજન કે છે તેર સૂત્રની, માળા ગૂંથી તરતો રે...ગાંધી.

સંઘના સાઠ વર્ષ

શાંતિલાલ ટી. શેઠ

આજથી ૭ દાયકા પહેલા સમગ્ર રાષ્ટ્ર પરતંત્રતાની ધૂંસરીથી જકડાયેલું હતું અને જાણે અંધકારયુગ ચાલતો હોય એવી પરિસ્થિતિ પ્રવર્તતી હતી. જાગૃતિનું નામ નિશાન ન હતું એવી પરિસ્થિતિને પલટાવવાના ભગીરથ પ્રયત્નના શ્રીગણેશ પૂજ્ય મહાત્મા ગાંધીએ માંડ્યા હતા. ત્યારે જૈન સમાજની પરિસ્થિતિ પણ સંતોષકારક ન હતી. આવી પરિસ્થિતિમાં યુવકોએ અને તેના સંગઠનોએ સંઘર્ષ દ્વારા સ્થિતિચુસ્ત પરંપરાગત જીવનમાં પરિવર્તન લાવવાના પ્રયત્નોનો શુભારંભ કર્યો હતો. આ અરસામાં સાધુઓના શીથિલાચાર, બાળદીક્ષા અયોગ્યદીક્ષા, જૂનવાણી સામાજિક રીતરીવાજો અને રાષ્ટ્રવિરોધી કેમી માનસ સામે સંગઠીત બનીને કાર્ય કરવાના આશયથી ઇ. સ. ૧૯૨૮ની આખરમાં અને ઈ. સ. ૧૯૨૯ની શરૂ આતના ગાળામાં સમાનલક્ષી જૈન યુથ સિન્ડીકેટ તથા મુંબઇ જૈન યુવક સંઘ એમ બે સંસ્થાની નાના પાયા ઉપર સ્થાપના થઇ હતી તા. ૨૫-૧૧-૧૯૨૮ના રોજ શ્રી હીરાલાલ રામચંદ મલબારી, શ્રી અમૃતલાલ વાડીલાલ શાહ, શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, શ્રી દલપતભાઇ ભુખણદાસ ભણશાલી, શ્રી ચીમનલાલ મોહનલાલ શાહ, શ્રી કીર્તિલાલ ભણશાલી, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી વગેરેના પ્રયત્નોથી જૈન યુથ સિન્ડિકેટની સ્થાપના થઇ હતી. અને તૈયાર થયેલા બંધારણ અનુસાર ઉપપ્રમુખ તરીકે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા (પ્રમુખની જોગવાઇ બંધારણમાં ત્યારે ન હતી), મંત્રી તરીકે શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી અને શ્રી ચીમનલાલ મોહનલાલ શાહ તથા કોષાધ્યક્ષ તરીકે શ્રી હીરાલાલ રામચંદ મલબારીએ આગેવાની લીધી હતી.

એ જ રીતે તા. ૩-૪-૧૯૨૯ના એક પરિપત્રથી શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલ, શ્રી ઉત્તમચંદ દોલતચંદ ઝરોડિયા, શ્રી સી. એન. શાહ, શ્રી ચીમનલાલ મોતીલાલ પરીખ, ડૉ. નગીનદાસ જે. શાહે જૈન યુવકોની તા. ૩-૫-૧૯૨૯ના રોજ એક સભા બોલાવી જેમાં તે ઉપરાંત શ્રી લહેરચંદ ચુનીલાલ કોટવાલ, શ્રી એ. જે. શાહ, શ્રી મોહનલાલ પારેખ, શ્રી ચંદુલાલ ટી. શાહ વગેરે યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. એ સભામાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સ્થાપના કરવામાં આવી. અને ડૉ. નગીનદાસ જે. શાહ, શ્રી ઓધવજી ધનજી શાહ અને શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ સંઘના મંત્રી તરીકે સુકાન સંભાળ્યું. આ બંને સંસ્થાના સ્થાપકોમાં, બંધારણ ઘડવામાં અને અન્ય રીતે આગેવાની ભર્યો ભાગ ભજવવામાં શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર, શ્રી વલ્લભદાસ કૂલચંદ મહેતા, શ્રી વીરચંદ કેવળભાઇ શાહ, શ્રી ચંદુલાલ સારાભાઇ મોદી વગેરે મુખ્ય હતા અનુક્રમે તા. ૨૭ ૫-૧૯૨૯ અને તા. ૪-૭-૧૯૨૯ના રોજ બન્ને સંસ્થાઓની મળેલી સંયુક્ત સભામાં બંને સંસ્થાઓના એકીકરણનો નિર્ણય કરવામાં આવ્યો. અને તેનું નામ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ રાખવાનું ઠરાવવામાં આવ્યું. અને મંત્રીઓ તરીકે ડૉ. નગીનદાસ જે. શાહ, શ્રી ઓધવજી ધનજી શાહ, શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, અને શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ સુકાન સંભાળ્યું.

આ સંસ્થાની સ્થાપના વખતે જે મુખ્ય ઉદ્દેશો રાખવામાં આવ્યા હતા તેમાં નીચેના મહત્વના ઉદ્દેશો હતા.

(૧) મુખ્યત્વે કરીને જૈનોની ધાર્મિક, આર્થિક અને સામાજિક ઉન્નતિના ઉપાયો રાષ્ટ્રહીત સાચવીને યોજવા અને અમલમાં મૂકવા.

(૨) રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં બને તેટલો સહયોગ આપવો અને જૈન સમાજમાં રાષ્ટ્રીય ભાવના ખીલે તેવા પગલા લેવા.

છેલ્લા સાઠ વર્ષના ગાળામાં સમગ્ર સમાજમાં તેમ જ સંસ્થાના બંધારણની રચનામાં તેમ જ કાર્યપ્રવૃત્તિઓમાં આમૂલ પરિવર્તન આવી ગયું છે, આમ છતાં પણ રાષ્ટ્રહિત સાથે મેળ મેળવીને શક્ય તેટલી જૈન સમાજની સેવા કરવી, રાષ્ટ્રીય પ્રવૃત્તિને શક્ય તેટલો વેગ આપવો, વિચાર સ્વાતંત્ર્યના ઉગ્ર પક્ષકાર રહેવું, જૈન સમાજના ઐક્યનું સતત પોષણ અને સમર્થન કરવું, દાનની દિશા બદલાવવા તરફ સમાજનું વારંવાર ધ્યાન ખેંચતા રહેવું અને જનતાની શક્ય તેટલી સેવા કરવી – આટલો સંઘની પ્રવૃત્તિનો મૂળ ઉદ્દેશ રહ્યો છે.

એ નોંધવું આવશ્યક છે કે સ્થાપનાના વર્ષથી એકાદ દાયકા પછી બંધારણમાં થયેલા ફેરફારોથી સંઘ હવે માત્ર શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજને બદલે સમગ્ર સમાજનું પ્રતિનિધિત્વ કરતો થયો.

સંઘનો ઉદ્દેશ જૈન સમાજમાં વૈચારિક ક્રાંતિ પેદા કરવાનો હોવાથી શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીના વ્યવસ્થાપકપદે અને તંત્રી તરીકે તા. ૩૧-૮-૧૯૨૯ના રોજ 'મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા'ના નામે સાપ્તાહિક શરૂ કરવામાં આવ્યું, જે તા. ૧૧-૮-૧૯૩૧ સુધી નિયમિત પ્રગટ થતું રહ્યું.

ત્યારબાદ અઢી વર્ષના ગાળા બાદ 'પ્રબુદ્ધજૈન' એ નામથી ફરી સાપ્તાહિક મુખપત્ર શરૂ કરવામાં આવ્યું. જેના તંત્રી શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી હતા. તેના બે વર્ષના પ્રકાશન બાદ 'અમર અરવિંદ'ની વાર્તા સામે સરકાર તરફથી વાંધો લેવામાં આવ્યો અને રૂા ૬૦૦૦/-ની જામીનગિરીની સરકારે માગણી કરી. સત્યાગ્રહના એ દિવસોમાં અને દેશભક્તિના જુવાળથી આ રકમ ભરવાનું યોગ્ય ન લાગતા 'પ્રબુદ્ધ જૈન'નું પ્રકાશન તા. ૬-૬-૧૯૩૩થી બંધ કરવામાં આવ્યું. વળી ત્રણ માસ બાદ તા. ૧-૧-૧૯૩૪ થી 'તરુણ જૈન'ના નામથી પાક્ષિક મુખપત્ર શરૂ કરવામાં આવ્યું તે તા. ૧-૮-૧૯૩૭ સુધી ચાલ્યું. ઉપરોક્ત પત્રિકાઓએ સંઘનો હેતુ પાર પાડવામાં કરોડરજ્જુની ગરજ સારી.

આજની અતિ લોકપ્રિય પર્યુષણ વ્યાખ્યાનમાળાની સૌ પ્રથમ શરૂઆત ઇ.સ. ૧૯૩૨માં પંડિત સુખલાલજીની પ્રેરણા અને દોરવણી નીચે થઇ હતી. પરંતુ આ વ્યાખ્યાનમાળા ઇ.સ. ૧૯૩૬થી આજ સુધી નિયમિત રીતે યોજવામાં આવી રહી છે. સંઘની આ વ્યાખ્યાનમાળા ઉત્તરોત્તર લોકપ્રિય થતી રહી છે. અને પં. સુખલાલજી પછી પ્રો.

ગૌરીપ્રસાદ ઝાલાએ આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખપદ સંભાળ્યું હતું. અને ઇ. સ. ૧૯૭૨ થી ડૉ. રમણલાલ ચી. શાહ એનું પ્રમુખસ્થાન સંભાળતા આવ્યા છે. આ વ્યાખ્યાનમાળાને લોકપ્રિય કરવામાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ અને ત્યારપછી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ અને ડૉ. રમણલાલ ચી. શાહે મહત્ત્વનું યોગદાન આપ્યું છે. વિશેષ હર્ષની વાત એ છે કે કેટલાક વર્ષ પહેલા શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ તરફથી વ્યાખ્યાનમાળા માટે બધું મળીને રૂપિયા અઢી લાખનું દાન મળ્યું છે. અને એમના આર્થિક સહયોગથી પર્યુષણ વ્યાખ્યાનમાળાના વધતા જતાં ખર્ચને પહોંચી વળવાનું શક્ય બન્યું છે.

સંઘના વિચારોનો પ્રચાર થઇ શકે તે માટે તા. ૧-૫-૩૯થી 'પ્રબુદ્ધજૈન' પાક્ષિક પ્રગટ કરવાનો નિર્ણય કર્યો ત્યારથી ભારત છોડોની ૧૯૪૨ની ચળવળ દરમિયાન ચાર માસ સિવાય આ પત્ર એકધારૂ પ્રકાશિત થતું હતું. વચગાળાના બે વર્ષમાં ત્રણ તંત્રીઓ બદલાયા એ સિવાય શરૂઆતથી પોતાના દેહાંત સુધી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ સંપાદનની જવાબદારી અદા કરી હતી. તેમના દેહવિલય બાદ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે તંત્રી તરીકેની જવાબદારી સ્વીકારી. શ્રી ચીમનભાઇના અવસાન પછી તંત્રી તરીકેની જવાબદારી સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ વહન કરી રહ્યા છે.

તા. ૧૭-૮-૧૯૪૦ના રોજ સંઘ દ્વારા સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયની શરૂઆત કરવામાં આવી. શ્રી મણિલાલ મોહોકમચંદ શાહના મિત્રો તથા પ્રશંસકોએ તેમની સેવાની કદરરૂપે રૂા. ૧૦,૧૬૭ ની થેલી અર્પણ કરી તેમાં શ્રી મણિભાઇએ રૂા. ૧૦,૧૬૭ ઉમેરી પોતાના તરફથી સંઘને અર્પણ કર્યા. તે રકમનું ટ્રસ્ટડીટ કરીને વાચનાલય-પુસ્તકાલય સાથે શ્રી મણિભાઇનું નામ જોડવાનો ઠરાવ તા. ૨૯-૧-૧૯૪૪ ના રોજ કરવામાં આવ્યો. એટલે તેનું નામ શ્રી મણિલાલ મોહકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય - પુસ્તકાલય રાખવામાં આવ્યું. આ રીતે સંઘને એક સ્વતંત્ર સાર્વજનિક સંસ્થાનું સ્વરૂપ આપવામાં આવ્યું. તેમજ શ્રી મણિભાઇને સંઘના આજીવન મંત્રી બનાવવામાં આવ્યા.

૧૯૪૩ ના ઓકટોબરથી ૧૯૪૪ના ડિસેમ્બર સુધી રેશન રાહત પ્રવૃત્તિ ચલાવવામાં આવી. જૈનોના મધ્યમવર્ગનાં કુટુંબોને રેશનના બીજના પચાસથી પોણોસો ટકા રાહત આપવામાં આવતી હતી. એ રીતે ત્રણ વર્ષના ગાળામાં એકંદરે રૂા. ૨૧૩૦૦/- ની રાહત આપવામાં આવી હતી.

ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી વર્ષો સુધી સંઘના મંત્રી હતા. જેઓ તા. ૨૦-૧-૪૭ના રોજ કોમી સંઘર્ષમાં અવસાન પામ્યા. તેઓની માનવતા પ્રેરક વાર્તાઓથી 'પ્રબુદ્ધ જૈન' લોકપ્રિય બન્યું હતું. તેમની સ્મૃતિમાં મિત્રો દ્વારા રૂા. ૨૫૦૦૦/- ભેગા કરીને સસ્તા સાહિત્ય વર્ધક મુદ્રણાલયને આપ્યા. તેણે ડૉ. વ્રજલાલ મેઘાણીના 'માણસાઇની વાતો' અને 'ઉચ્ચ જીવનની મંગળ વાતો'એ બે પુસ્તકોનું પ્રકાશન કર્યું.

સંઘના ઉત્કર્ષની સતત ચિંતા સેવતા સંઘના આજીવન મંત્રી શ્રી મણિલાલ મોહોકમચંદ શાહના તા. ૨૬-૭-૧૯૫૨ ના રોજ થયેલા અવસાનથી સંઘને મોટી ખોટ પડી. તેમનું સ્મૃતિ ફંડ શરૂ કરવામાં આવ્યું. તેમાં મળેલી રૂા. ૨૫૦૦૦/-ની રકમ જૂન, ૧૯૫૪ના રોજ શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહને અર્પણ કરવામાં આવી. તેમના એક તૈલચિત્રની અનાવરણવિધિ તા. ૧-૩-૧૯૫૨ના રોજ શ્રી કાકાસાહેબ કાલેલકરના વરદ હસ્તે સંઘના કાર્યાલયમાં કરવામાં આવી.

સંઘની સ્થાપનાના અઢી દાયકાની ઉજવણીના શુભ પ્રસંગ નિમિત્તે સંઘના રજત મહોત્સવ સમારંભનું તા. ૯-૧૦-૧૯૫૪થી તા. ૧૬-૧૦-૧૯૫૪ સુધીનો આઠ દિવસનો વિવિધલક્ષી કાર્યક્રમ યોજવામાં આવ્યો. અને એ નિમિત્તે 'પ્રબુદ્ધ જીવન'નો રજત મહોત્સવ વિશેષાંક પ્રગટ કરવામાં આવ્યો.

તા. ૩૧-૭-૧૯૫૪ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ જૈન વિચારસરણી પ્રત્યે આદર ધરાવતી વ્યકિતને પણ સભ્યપદનો અધિકાર આપ્યો. આ રીતે સંઘના બંધારણમાં રહેલ સાંપ્રદાયિક તત્ત્વને દુર કરવામાં આવ્યું.

પર્યુષણ પર્વમાં સંઘ દ્વારા જેમ પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે તેમ વસંતઋતુમાં વસંત વ્યાખ્યાનમાળા યોજવાનો નિર્ણય તા. ૨૩-૫-૧૯૫૮ની કાર્યવાહક સમિતિની સભામાં લેવામાં આવ્યો અને આ વ્યાખ્યાનમાળાની જવાબદારી ડૉ. રમણલાલ ચી. શાહ અને તેમના ધર્મપત્ની પ્રા. તારાબહેન ર. શાહને સોંપવામાં આવી. તદનુસાર સાત દિવસની પ્રથમ વ્યાખ્યાનમાળા તા. ૯-૩-૧૯૫૯ થી તા. ૧૫-૩-૧૯૫૯ સુધી બ્લેવાટસકી લોજમાં યોજવામાં આવી સંજોગોવશાત પછીના વર્ષોમાં એ પ્રવૃત્તિ ચાલુ ન રહી શકી. પરંતુ પછીના એક દાયકા બાદ તા. ૬-૨-૧૯૬૯ના રોજ વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું ત્યારથી પ્રતિવર્ષ નિયમિતપણે શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખસ્થાને આ વ્યાખ્યાનમાળા યોજાતી રહી. શ્રી ચીમનભાઇના અવસાન પછી તેમની સ્મૃતિમાં આ વ્યાખ્યાનમાળાને શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ વસંત વ્યાખ્યાનમાળા એવું નામ આપવામાં આવ્યું અને એનું પ્રમુખસ્થાન શ્રી અમર જરીવાલાને સોંપવામાં આવ્યું.

ઇ.સ. ૧૯૬૪માં સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' (પહેલાનું 'પ્રબુદ્ધ જૈન')ના પ્રકાશનને પચ્ચીસ વર્ષ પૂરા થયા હોવાથી તે નિમિત્તે તા. ૧૪થી તા. ૧૬મી નવેમ્બર, ૧૯૬૪ના ત્રણ દિવસ માટે 'પ્રબુદ્ધ જીવન'નો રજત જયંતી મહોત્સવ ઉજવવામાં આવ્યો.

સંઘ દ્વારા સાહિત્ય અને શિક્ષણ વિશેના વ્યાખ્યાનો પરિસંવાદો વગેરે માટે વિદ્યાસત્રની પ્રવૃત્તિનો પ્રારંભ કરવા માટે શ્રી જોરમલ મંગળજી મહેતાએ રૂા. ૨૭,૦૦૦/- ની રકમ આ પ્રવૃત્તિ સાથે તેમના પિતાશ્રી સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતાનું નામ જોડવાની ભાવના સાથે ઇ. સ. ૧૯૭૬માં આપી ત્યારથી વિદ્યાસત્રની પ્રવૃત્તિ નિયમિત ચાલી રહી છે.

સંઘ દ્વારા પ્રેમળ જ્યોતિનો પ્રારંભ તા. ૨૧-૧૦-૧૯૭૬ના ધનતેરસના દિવસે કરવામાં આવ્યો. આ પ્રવૃત્તિના સંયોજક

તરીકે શ્રીમતી નિરુબહેન એસ. શાહને નિયુક્ત કરવામાં આવ્યા. જે આજ દિન સુધી જવાબદારીપૂર્વક એ પ્રવૃત્તિ સંભાળી રહ્યા છે. એટલું જ નહિ પરંતુ તેનો ઘણો સારો વિકાસ થઇ શક્યો છે. શ્રી કમલબહેન પીસપાટીને પણ આ પ્રવૃત્તિના બીજા સંયોજક તરીકે લેવામાં આવ્યા. શ્રીમતી વિદ્યાબહેન ખંભાતવાળા તરફથી તેમના પતિ સ્વ. મહાસુખભાઇ ખંભાતવાળાના સ્મરણાર્થે આ પ્રવૃત્તિ માટે રૂપિયા વીસ હજારની રકમનું દાન આપવામાં આવ્યું. અને એ પછી આ પ્રવૃત્તિનો વ્યાપ ઘણો વધવા લાગ્યો.

સંઘના એક વખતના મંત્રી અને અગ્રણી સ્વ. શ્રી દીપચંદ ત્રિભોવનદાસ શાહના સુપુત્રી પ્રા. તારાબહેન રમણલાલ શાહ અને ડો. રમણલાલ ચી. શાહ તરફથી તેમની સ્મૃતિમાં જૈન ધર્મના પુસ્તકોના પ્રકાશન માટે રૂ. ૩૦,૦૦૦નું દાન આપવામાં આવ્યું જેનો તા. ૧૨-૪-૧૯૭૬ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ સાભાર સ્વીકાર કરતા તેને શ્રી દીપચંદ ત્રિભોવનદાસ શાહ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ નામ આપવામાં આવ્યું. આ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં જૈન ધર્મના કેટલાક પુસ્તકોનું પ્રકાશન થયું છે.

સંઘનું કાર્યાલય પ્રથમ ધનજી સ્ટ્રીટમાં હતું જે જગ્યા ખૂબ જ નાની પડતી હોવાથી સંઘનું મકાન ફંડ શરૂ કરવામાં આવ્યું અને આ ફંડમાંથી પ્રાર્થના સમાજ ખાતેના ટોપીવાલા મેન્સન (હાલ આ બિલ્ડીંગ રસધારા કો. ઓપ. સોસાયટી તરીકે ઓળખાય છે)માં બીજે માળે બે હજાર સ્કવેર ફીટની જગ્યા લેવામાં આવી. વર્તમાન કાર્યાલય આ જગ્યા પર ચાલે છે. આ વિશાળ જગ્યાને કારણે વાચનાલય-પુસ્તકાલયનો વ્યાપ વધારી શકાયો અને અન્ય નવી અનેક પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે.

જૈન યુવક સંઘની શ્રી પરમાનંદભાઇ કાપડિયાની સેવાને લક્ષ્યમાં રાખી તેમની સ્મૃતિ કાયમ રહે તે માટે શ્રી પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ સંચિત કરવામાં આવ્યો તથા સંઘના હોલને શ્રી પરમાનંદભાઇ કાપડિયા સભાગૃહ એવું નામ આપવામાં આવ્યું.

સંઘને શરૂઆતથી જ જેમના આશીર્વાદ અને સહયોગ પ્રાપ્ત થયો છે તેવા વિદ્વદ્વર્ય પં. સુખલાલજી અને શ્રી કાકાસાહેબ કાલેલકરનો સન્માનનો પ્રસંગ પણ સંઘ દ્વારા યોજવામાં આવ્યો હતો.

સંઘે પચાસ વર્ષ પૂરા કર્યા ત્યારે સંઘના સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણીના સમયે પ્રસંગને નિમિત્ત બનાવી સંઘને આર્થિક રીતે સંગીન પાયા પર મુકવાની ભાવનાથી સુવર્ણ મહોત્સવનિધિ સંચય કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

સંઘની છેલ્લા દસ વર્ષની પ્રવૃત્તિઓ તરફ દૃષ્ટિપાત કરતા જણાશે કે સંઘની વિવિધ પ્રવૃત્તિઓનો વ્યાપ ઘણો વધ્યો છે. તેમાં ડો. જે. પી. પીઠાવાલાના સહકારથી ચાલતું આરોગ્ય સારવાર કેન્દ્ર, શ્રી વિદ્યાબહેન મહાસુખલાલ ખંભાતવાળાના રૂપિયા દોઢ લાખના આર્થિક સહયોગથી ચાલતી મહાવીર વંદના અને સ્નેહ મિલનની પ્રવૃત્તિ, શ્રી સી. યુ. શાહ મેડિકલ એઇડ ફંડ, શ્રી જે. એચ. મહેતા અનાજ રાહત ફંડ, શ્રી ધીરજબહેન દીપચંદ શાહ રમકડાંઘર, શ્રી સરસ્વતીબહેન ડાહ્યાભાઇ ઝવેરી ચશ્માઘેર, મહિલા વકતૃત્વ તાલીમવર્ગ, ભકિતસંગીતનો વર્ગ, એકયુપ્રેશર તાલીમ વર્ગ, હિન્દી વિચારગોષ્ઠિ, મરાઠીમાં ચર્ચાસભા, અંગ્રેજીમાં મહિલા ચર્ચા સભા, શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક શ્રી મોહનલાલ મહેતા – 'સોપાન' સ્મૃતિ પારિતોષિક, આચાર્ય શ્રી વલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનમાળા, પ્રજ્ઞાચક્ષુ અને અપંગોને પગભર કરવાની યોજના, સંઘના ઉપક્રમે ગુંદી સર્વોદય આશ્રમના સહકારથી પ્રતિવર્ષ યોજાતો નેત્રયજ્ઞ, ધરમપુર આદિવાસી વિસ્તારમાં તબીબી અને શૈક્ષણિક પ્રવૃત્તિમાં સહાયક થવાની કામગીરી, વડોદરાના શ્રમ મંદિરને સહાય, યુસુફ મહેરઅલી સેન્ટરને સહયોગ, સાપુતારાની ઋત ભરા વિદ્યાપીઠની આદિવાસી વિદ્યાર્થિનીઓને ચીજવસ્તુઓની સહાય, પિંડવળના આદિવાસીઓ માટે સર્વોદય પરિવાર ટ્રસ્ટને સહાય, ગોરજના મુનિસેવા આશ્રમને સહાય વગેરે પ્રવૃત્તિઓ દ્વારા સંઘે માનવતાનું પ્રશસ્ય કાર્ય કર્યું છે, કરી રહેલ છે.

આમ સાઠ વર્ષની સંઘની આ વિકાસયાત્રા અનેક લોકોને પ્રેરણા આપનારી માનવતાના કાર્યમાં જોડનારી અને પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરનારી નિવડી છે તે વાત ખરેખર આપણા સૌના માટે આનંદ અને ગૌરવભરી છે.

ઋણસ્વીકાર અને ક્ષમાયાચના

'પ્રબુદ્ધ જીવન'ના આ સુવર્ણજયંતી વિશેષાંક માટે એક યા અન્ય રીતે સહયોગ આપનારા લેખકોનો, મે. લોહાણા હિતેચ્છુ પ્રેસના માલિક શ્રી કાકુભાઇનો તથા તેમના કર્મચારીગણનો, મે. કે. કે. પ્રિન્ટર્સવાળા શ્રી કાંતિભાઇ યુ. શાહનો, આરંભથી અંત સુધી આ વિશેષાંકની સઘળી સામગ્રી જોનાર-તપાસનાર અને મદદનીશ તરીકે સેવા આપનાર શ્રી ચીમનલાલ એમ. શાહ-'કલાધર'નો, પ્રુફ રીડર શ્રી યાદવનો સંઘના પદાધિકારીઓ અને સમિતિના સભ્યોનો તથા અન્ય સર્વ સભ્યોનો, તથા કાર્યાલયના સર્વ કર્મચારીઓનો આભાર માનીએ છીએ.

આ વિશેષાંકમાં જે કેટલાક લેખકના લેખો સંજોગવશાત નથી લઇ શકાયા તે લેખકોની અમે ક્ષમા ચાહીએ છીએ. આ વિશેષાંકમાં જે કંઇ મુદ્રણદોષો રહી ગયા હોય તે માટે અને વિશેષાંકના પ્રકાશનમાં વિલંબ થવા માટે પણ અમે ક્ષમા પ્રાર્થીએ છીએ.

—તંત્રી

સંઘનો હીરક જયંતી મહોત્સવ

અહેવાલ : ચીમનલાલ કલાધર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘને સાઠ વર્ષ પૂરા થયા હોવાથી તેનો હીરક જયંતી મહોત્સવનો કાર્યક્રમ રવિવાર, ૨૩મી એપ્રિલ ૧૯૮૯ના રોજ સવારના સાડા નવ વાગે ચોપાટી ખાતેના બિરલા ક્રીડા કેન્દ્રમાં જાણીતા સાક્ષર શ્રી ફાધર વાલેસના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગની સાથે શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાળાના આર્થિક સહયોગથી સંઘના સભ્યોનું સ્નેહમિલન પણ યોજવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી સુમતિબહેન થાણાવાલાના મધુર ભક્તિસંગીતથી થયો હતો. સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે 'જેને મૂલવવા માટે કોઇ પણ શબ્દ ઓછા પડે એવા અનન્ય કોટિના આનંદનો આ પ્રસંગ છે. શ્રી પરમાનંદભાઇ કાપડિયાએ સંઘ દ્વારા વિચાર-ક્રાંતિની જ્યોત પ્રજ્વલિત કરી હતી. તે રીતે ત્યાર પછી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ અને એ પછી ડો. રમણભાઇ શાહના નેતૃત્વ નીચે સંઘની વિકાસ યાત્રા આગળ વધી રહી છે. મારા મિત્રો અને શુભેચ્છકોને મારે ખાસ કહેવાનું છે કે અમને સમયે સમયે જાગૃત રાખતા રહેશો અને તમારા જે કંઇ સૂચનો હોય તે અવશ્ય અમને જણાવતા રહેશો.'

સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે જણાવ્યું હતું કે 'આજે ખૂબ જ આનંદનો દિવસ છે. અમે વયમાં વૃદ્ધ થયા છીએ પણ મનથી એવી જ તાજગી ધરાવીએ છીએ. અમે જ્ઞાનમાં અને સેવાકાર્યમાં વૃદ્ધ થયા છીએ. સંઘ સાઠ વર્ષ પૂર્ણ કરવામાં સદ્‌ભાગી નીવડ્યો તેનું અમને ગૌરવ છે.'

આ હીરક જયંતી મહોત્સવ પ્રસંગે સંઘના ત્રણ સ્થાપક સભ્યો સર્વશ્રી એ. જે. શાહ, ચંદુલાલ ટી. શાહ અને મોહનભાઇ પારેખનું સન્માન કરવાનું જાહેર થયું હતું. તે પૈકી શ્રી ચંદુલાલ ટી. શાહ ઉપસ્થિત રહ્યા હોય તેમનું અભિવાદન સંઘનાં મંત્રી શ્રીમતી નિરુબહેન શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. અન્ય બે સભ્યો નાદુરસ્ત તબિયતના કારણે હાજર ન રહી શકતાં તેમના પરિવારના સભ્યોએ આ સન્માન સ્વીકાર્યું હતું. સન્માનનો પ્રત્યુત્તર આપતાં શ્રી ચંદુલાલ ટી. શાહે જણાવ્યું હતું કે 'ચોરાસી વર્ષની મારી આ ઉંમરે સંઘના આ હીરક મહોત્સવમાં ઉપસ્થિત રહેતાં હું ધન્યતા અનુભવું છું, મારા માટે ગૌરવ અને આનંદ લેવા જેવો આ પ્રસંગ છે. સંઘની સ્થાપના અમે થોડાક મિત્રોએ કરી હતી, તે પૈકી અમે ત્રણ જણા હાલ વિદ્યમાન રહ્યા છીએ. સંઘે ઘણી પ્રગતિ કરી છે અને વિકાસની નવી નવી દિશાઓ ઉઘાડી છે એથી મને બહુ જ સંતોષ થાય છે. સંઘનો હજુ ખૂબ જ વિકાસ થાઓ એવી મારી અંતરની શુભેચ્છાઓ છે.'

આ હીરક મહોત્સવના કાર્યક્રમમાં જૈન યુવક સંઘના પાક્ષિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ને પચાસ વર્ષ પૂર્ણ થયા હોઇ આ વૈચારિક પત્રની સેવાની કદરરૂપે સંસ્કાર પરિવાર ટ્રસ્ટ-વડોદરા તરફથી રૂપિયા પાંચ હજારનું પારિતોષિક અને પ્રશસ્તિપત્ર શ્રી ફાધર વાલેસના હસ્તે જૈન યુવક સંઘને અર્પણ કરવામાં આવ્યું હતું. આ પારિતોષિક અંગેની રૂપ-રેખા આપતાં ટ્રસ્ટના સંચાલક શ્રી વિઠ્ઠલભાઇ પટેલે જણાવ્યું હતું કે 'સુખ અને આનંદ વહેંચવાથી વધે છે. સંસ્કાર પરિવારનું ધ્યેય પણ આજ છે. 'પ્રબુદ્ધ જીવન'નો હું વર્ષોથી વાચક છું. ગુજરાતની સંસ્કારિતાનું તે ઉત્તમ પત્ર છે. 'પ્રબુદ્ધ જીવન' માત્ર માહિતી જ નથી આપતું, સાચી દ્રષ્ટિ અને હૃદયની વિશાળતા પણ આપે છે. સંઘના વિકાસમાં આ પત્રનો ઘણો મોટો ફાળો છે. આ પત્ર દ્વારા ગુજરાતી પ્રજાની હજુ વધુને વધુ સેવા થતી રહે તેવી શુભેચ્છા દર્શાવું છું.'

સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે જૈન યુવક સંઘ સાઠ વર્ષ પૂરાં કરે છે એ અમારે માટે અત્યંત આનંદનો વિષય છે. આ સાઠ વર્ષ દરમિયાન સંઘે સમયની સાથે તાલ મિલાવીને પોતાના અસ્તિત્વને ઉપયોગી અને સાર્થક બનાવ્યું છે. જે સંસ્થા સમયની સાથે તાલ મિલાવી ન શકે તે સંસ્થા લાંબુ જીવી પણ ન શકે સમયના પરિવર્તન સાથે સંસ્થાને પણ બદલાવું પડે. આ સૃષ્ટિમાં માત્ર વ્યવહાર પણ ન ચાલી શકે. માત્ર આદર્શ પણ ન ચાલી શકે. વ્યવહાર અને આદર્શનો સમન્વય જ સફળતા બક્ષી શકે. જેમ આત્મા નિત્ય નૂતન રહે છે તેમ દેહનું નથી. દેહ જર્જરિત બને છે જે સંસ્થા કાળના પ્રવાહની ઉપેક્ષા કરી ચાલવા પ્રયત્ન કરે તે ડૂબી જ જાય તેમાં નવાઇ નથી. મુંબઇમાં ઘણી સંસ્થા-ઓની સ્થાપના થઇ અને એમાં કેટલીયેનું અસ્તિત્વ રહ્યું નથી. સમયે સમયે નવીનતા ધારણ કરી શકે એ સંસ્થા લોકોના આકર્ષણનું કેન્દ્ર બની શકે.

કાર્યક્રમના પ્રમુખ અને મુખ્ય વક્તા શ્રી ફાધર વાલેસે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે 'આપણે જીવનમાં ખોટું હસીએ છીએ. આનંદ નથી તોય બતાવીએ છીએ. પ્રસન્નતા નથી તોય રિમત કરીએ છીએ તે ખોટા જ વ્યવહાર છે. સભ્યતાને માટે કરીએ છીએ. વિવેકને માટે કરીએ છીએ લોકોને સારુ લગાડવા માટે કરીએ છીએ. આપણે સારા દેખાવા માટે કરીએ છીએ. મઝા નથી તોય ખૂબ મજા પડી એમ કહીએ છીએ. રસ નથી તોય જોરથી વાહ વાહ કરીએ છીએ. આ પ્રકારનો દંભ માનવીને શું યંત્ર જેવો નથી બનાવી દેતો?

તેમણે જણાવ્યું હતું કે આજે માતા-પિતાએ પોતાનાં સંતાનો પ્રત્યેની જવાબદારી સમજવાની જરૂર છે. બાળકને તેઓ પ્રેમ ન આપી શકે, ઉષ્મા ન આપી શકે તો બાળકનો વિકાસ કેમ થઇ શકે? ઉલટું તે બાળક પોતાના માતાપિતાની ઉપેક્ષા કરતો થઇ જાય. વળી તેના વર્તનમાં સ્વચ્છંદતા અને અન્ય અનિષ્ટો પણ પ્રવેશે. તેને માટે આપણે જ જવાબદાર છીએ.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે બે વ્યક્તિઓ વચ્ચે, બે સંસ્કૃતિઓ વચ્ચે, બે પેઢીઓ વચ્ચે અંતર હોય તે સારી વાત નથી. આપણે રોજ કહીએ છીએ, ફરીયાદ કરીએ છીએ કે પેઢીઓ વચ્ચેનું અંતર વધતું જાય છે. સંપર્ક અને વિશ્વાસ ઓછો થતો જાય છે. પરસ્પર સમજુતીનો સ્વીકાર થતો નથી, અને તેથી અંતર છે તેના કરતા વધતુ જાય છે. નદીના બે કિનારા હોય તો જ નદી વહે. બે કિનારા વચ્ચેનું અંતર ઘટાડવા જો વચ્ચેનો ખાડો પૂરીને ભૂમિ સપાટ બનાવીએ તો નદીનું અસ્તિત્વ જ ભુસાય જાય અને પાણીનું વહેણ અરતવ્યરત બની જાય આજે જૂની નવી પેઢી વચ્ચે સમજણના સેતુની જરૂર છે.

કાર્યક્રમનું સંચાલન સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે કર્યું હતું. આભારવિધિ સંઘના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહે કર્યા બાદ સુકેભોજન બાદ સૌ છૂટા પડ્યા હતા.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ - ૪૦૦૦૦૪, ટે. ન. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

કાર્યવાહક સમિતિ ૧૯૮૮-૮૯

૧	ડૉ. રમણલાલ ચી. શાહ	પ્રમુખ
૨	શ્રી ચીમનલાલ જે. શાહ	ઉપપ્રમુખ
૩	,, કે. પી. શાહ	મંત્રી
૪	,, નિરુબહેન એસ. શાહ	,,
૫	,, પ્રવીણચંદ્ર કે. શાહ	કોષાધ્યક્ષ
૬	,, શૈલેશ એચ. કોઠારી	સહમંત્રી
૭	,, વસુબહેન ભણસાલી	,,
૮	,, ધીરજલાલ ફૂલચંદ શાહ	,,

સભ્યો

૯ શ્રી પન્નાલાલ ૨. શાહ	૧૫ શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ	૨૧ શ્રી જ્યોતિબહેન પી. શાહ
૧૦ પ્રા. તારાબહેન ૨. શાહ	૧૬ ,, કમલબેન પીસપાટી	૨૨ ,, જયંતીલાલ પી. શાહ
૧૧ શ્રી સુબોધભાઈ એમ. શાહ	૧૭ ,, મફતલાલ ભીખાચંદ શાહ	૨૩ ,, અરવિંદભાઈ એમ. ચોકસી
૧૨ ,, ગુણપતલાલ મ. ઝવેરી	૧૮ ડૉ. ધનવંત ટી. શાહ	૨૪ ,, જયાબહેન ટી. વીરા
૧૩ ,, રસિકલાલ લહેરચંદ શાહ	૧૯ શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ	૨૫ ,, ચંદ્રકાન્ત દીપચંદ શાહ
૧૪ ,, અમર જરીવાલા	૨૦ ,, સ્મિતાબહેન એસ. કામદાર	

સહયોગ સમિતિ

૧ શ્રી એ. જે. શાહ	૬ શ્રી જયંતીલાલ ફતેહચંદ શાહ	૧૧ શ્રી ભેરમલ મંગળજી મહેતા
૨ ,, ડુંગરશી રામજી ગાલા	૭ ,, રમણલાલ એલ. લાકડાવાળા	૧૨ ,, સી. એન. સંઘવી
૩ ,, વિદ્યાબહેન એમ. ખંભાતવાલા	૮ ,, માણેકલાલ વી. સવાણી	૧૩ ,, બસંતલાલ નરસિંહપુરા
૪ ,, ઉષાબહેન જે. મહેતા	૯ ,, વસનજી લખમશી શાહ	૧૪ ,, પ્રવીણચંદ્ર ટી. શાહ
૫ ,, શાંતિલાલ દેવજી નંદુ	૧૦ ,, ચંપકલાલ એમ. અજમેરા	

નિમંત્રિત સભ્યો

૧ શ્રી બિપિનભાઈ જૈન	૨૫ શ્રી પ્રદીપ એ શાહ	૪૯ શ્રી સંયુક્તાબહેન પી. મહેતા
૨ ,, કપૂરચંદભાઈ ચંદરયા	૨૬ ,, મહેન્દ્રભાઈ બી. વોરા	૫૦ ,, વિનુભાઈ જે. મહેતા
૩ ,, શર્મીબહેન ભણસાલી	૨૭ ,, મીનાબહેન એન. શાહ	૫૧ ,, કીર્તિભાઈ ફૂલચંદ શાહ
૪ ,, મીરાંબહેન રમેશભાઈ મહેતા	૨૮ ,, ધીરજબહેન વોરા	૫૨ ,, હેમંતભાઈ આર. શાહ
૫ ,, ચંદ્રકુમાર જે. શાહ	૨૯ ,, અરુણભાઈ પરીખ	૫૩ ,, જ્યોતિબહેન એચ. શાહ
૬ ,, સુલીબહેન એ. હીરાણી	૩૦ ,, કાંતિલાલ નારણદાસ શાહ	૫૪ ,, ધીરજલાલ છોટાલાલ દોશી
૭ ,, ગુલાબચંદ કરમચંદ શાહ	૩૧ ,, કુસુમબહેન એન. ભાઉ	૫૫ ,, નેમચંદ મેઘજી ગાલા
૮ ,, તરુણાબહેન બી. શાહ	૩૨ ,, દમયંતીબહેન એન. શાહ	૫૬ ,, જ્યોતિબહેન વી. શાહ
૯ ,, જ્યોત્સ્નાબહેન કે. શેઠ	૩૩ ,, નાનાલાલભાઈ સંઘરાજકા	૫૭ ,, કૃષ્ણાબહેન એન. પારેખ
૧૦ ,, શિરીષભાઈ કામદાર	૩૪ ,, મીરાંબહેન ભંડારી	૫૮ ,, ચંદ્રકાન્ત ડી. ગાંધી
૧૧ ,, પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ	૩૫ ,, યશોમતીબહેન એચ. શાહ	૫૯ ,, હિંમતભાઈ એસ. ગાંધી
૧૨ ,, રજનીકાન્ત એલ. વોરા	૩૬ ,, રમાબહેન જે. વોરા	૬૦ ,, મફીપતરાય જાદવજી શાહ
૧૩ ,, પર્ણલેખાબહેન દોશી	૩૭ ,, બચુભાઈ પી. દોશી	૬૧ ,, શાંતિલાલ ઠાકરશી શાહ
૧૪ ,, જગમોહનભાઈ દાસાણી	૩૮ ,, રસિલાબહેન એમ. ઝવેરી	૬૨ ,, અશોકભાઈ એસ. મહેતા
૧૫ ડૉ અમૂલ શાહ	૩૯ ,, સરલાબહેન એસ. પરીખ	૬૩ ,, પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠ
૧૬ શ્રી ચંદ્રાબહેન હરસુખ શાહ	૪૦ ,, આશાબહેન એમ. મહેતા	૬૪ ,, ભારતીબહેન દિલીપભાઈ શાહ
૧૭ ,, રમાબહેન વિનુભાઈ મહેતા	૪૧ ,, રેખાબહેન એસ. દોશી	૬૫ ,, સુશીલાબહેન એસ. કપાસી
૧૮ ,, રૂપચંદ ભણસાલી	૪૨ ,, શારદાબહેન ગાંધી	૬૬ ,, નીતિનાબહેન ઈન્દુભાઈ કપાસી
૧૯ ,, સરોજબહેન મહેતા	૪૩ ,, નટુભાઈ પટેલ	૬૭ ,, પ્રમોદભાઈ પોપટલાલ શાહ
૨૦ ,, મૃદુલબહેન જે. શાહ	૪૪ ,, મહાસુખભાઈ કામદાર	૬૮ ,, મધુસૂદનભાઈ મોરજરિયા
૨૧ ,, રવીન્દ્ર એચ. મહેતા	૪૫ પ્રા ગુલાબ દેઢીયા	૬૯ ,, પુષ્પાબહેન એમ. મોરજરિયા
૨૨ ,, મુકુન્દભાઈ ગાંધી	૪૬ શ્રી સ્મિતાબહેન બી. શાહ	૭૦ ,, નરેન્દ્રભાઈ ભાઉ
૨૩ ,, શાંતિલાલ બી. ગાંધી	૪૭ ,, આશિતાબહેન કે. શાહ	૭૧ ,, કલાવતીબહેન એસ. મહેતા
૨૪ ,, શ્રીપાળ કે. ભંડારી	૪૮ ,, પૂનમબહેન એ. શાહ	૭૨ ,, કુંદનલાલ રવિચંદ શાહ
		૭૩ ,, નવીનભાઈ મહેતા

Post at G. P. O.
Regd. No. MH 54
Licence No. 37
Licenced to Post
Without Prepayment

'પ્રબુદ્ધ જૈન'-'પ્રબુદ્ધ જીવન'ના ભૂતપૂર્વ તંત્રીઓ



← સ્વ. શ્રી મણિલાલ મોહોકમચંદ શાહ
(તંત્રી : તા. ૧-૫-૧૯૩૯ થી તા. ૧૫-૪-૧૯૫૧)

સ્વ. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા →
(તંત્રી : તા. ૧-૫-૧૯૫૧ થી તા. ૧૬-૪-૧૯૭૧)

← સ્વ. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(તંત્રી : તા. ૧-૫-૧૯૭૧ થી તા. ૧૬-૧૧-૧૯૮૨

વર્ષ : ૫૧ * અંક : ૩ * તા. ૧૬-૬-૧૯૮૯.....Regd. No. MH. By / South 54 * Licence No. 137

પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર * પરદેશમાં રૂા. ૩૦૦/-

તંત્રી : રમણલાલ ચી. શાહ

ચીનમાં લોકશાહી માટે આંદોલન

સામ્યવાદી ચીનમાં લાખો વિદ્યાર્થીઓએ લોકશાહીની માગણી માટે અહિંસક આંદોલન કર્યું એ વિશ્વની એક મહત્ત્વની ઐતિહાસિક ઘટના બની રહેશે !

સોવિયેત રશિયા અને ચીન એ બે જગતના મોટામાં મોટા પ્રસ્થાપિત સામ્યવાદી રાષ્ટ્રોમાં લોકશાહીના જે અંકુર ફૂટયા છે તે વિશ્વના ભાવિ માટે નવી આશા જન્માવી જાય છે.

સામ્યવાદી ચીનમાં વિદ્યાર્થીઓએ સ્વેચ્છાએ આટલા મોટા પાયા ઉપર અહિંસક આંદોલન ઉપાડયું અને એ આંદોલનને અધ્યાપકો, કામદારો, ડૉકટરો, પ્રજનેરો અને બીજા અનેક લોકો તરફથી સહાનુભૂતિભર્યો સત્કાર સાંપડયો છે એ પણ એક મહત્ત્વનું લક્ષણ છે.

રાજ્યસત્તા સામે અહિંસક પ્રતિકારનો આદર્શ ગાંધીજીએ જે સિદ્ધ કરી બતાવ્યો એનું અનુસરણ આટલાં વર્ષે ચીનમાં થયું એ શુભ નિશાની છે. એ કેટલા દીર્ઘકાળ સુધી અહિંસક રહી શકે છે અને એનાં પરિણામો કેવાં આવે છે તે તો ઠીક ઠીક સમય પછી યોગ્ય પરિપ્રેક્ષ્યમાં જોવા મળશે !

દુર્દશામાં જીવતી ગરીબ પ્રજામાં સામ્યવાદ ઝડપથી પ્રસરે છે. ગરીબ પ્રજા સામ્યવાદનો તરત જ સ્વીકાર કરી લે છે કારણ કે સામ્યવાદથી પ્રજાની આર્થિક અસમાનતા દુર થાય છે. લોકોને રોટી, કપડાં અને મકાન લગભગ સમાન ધોરણે મળવા લાગે છે આથી લોકોની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય છે અને ગરીબ લોકો સુખ શાંતિથી રહેવા લાગે છે. પરંતુ લોકોની પ્રાથમિક જરૂરિયાતો જેમ સંતોષાતી જાય છે તેમ તેમ તેમની બૌદ્ધિક જરૂરિયાતો ઊભી થાય છે. સામ્યવાદને સ્થિર કરવો હોય તો વાણીસ્વાતંત્ર્ય ઉપર કાપ મૂકવાની જરૂર પડે છે. પરંતુ લોકો ખાઇ પીને મુંગા ઢોરની જેમ ઝાઝો વખત રહી શકતા નથી. નવી પેઢી આવે છે, જીવનની પ્રાથમિક જરૂરિયાતો એને જન્મથી જ મળેલી હોય છે. એ માટે એને ઝઝુમવાનું હોતું નથી. એટલે એને હવે પોતાના સ્વતંત્ર વિચારોની સ્વતંત્ર અભિવ્યકિતની જરૂર જણાય છે. ઉન્નતિ માટે વૈયકિતક પુરુષાર્થની ભાવના જાગે છે. તે વખતે એને શારીરિક ગુલામી કરતાં પણ માનસિક ગુલામી વધુ અકળાવનારી કે ગુગળાવનારી લાગે છે.

સામ્યવાદી દેશોમાં પોતાના વિચારોની સ્વતંત્ર અભિવ્યકિત માટે છૂટાછવાયા પ્રયત્નો જ્યારે થયાં છે ત્યારે તેને કચડી નાખવામાં આવે છે પરંતુ સામુદાયિક ધોરણે વિશાળ પાયા ઉપર આવું આંદોલન જ્યારે થાય છે ત્યારે તેને રોકવાનું ઘણું અઘરું બની જાય છે. એક બાજુ રાજ્યની લશ્કરી તાકાત અને બીજી બાજુ પ્રજાની સંઘશકિત એ બેનો જ્યારે સામસામો મુકાબલો થાય છે ત્યારે પ્રજાની સંઘશકિત આગળ રાજ્યની લશ્કરી તાકાતે નમતું આપવું પડે છે. જે લશ્કર દુશ્મન દેશના લાખો લોકોની નિર્દય કતલ કરી શકે છે તે લશ્કર પોતાના લાખો દેશબાંધવોની તે રીતે નિર્દય કતલ કરી શકતું નથી. એટલા માટે જ સંઘશકિત પાસે તે પરાજય પામે છે.

કોઇપણ રાષ્ટ્રના પ્રજાવ્યાપી આંદોલનોમાં યુવાનો અને તેમાં પણ વિદ્યાર્થીઓ સૌથી વધુ સક્રિય બની રહે છે. પ્રૌઢો કે વૃદ્ધો પાસે ઝઝુમવાની એટલી શારીરિક તાકાત હોતી નથી મનથી પણ તેઓ મંદ પડી ગયા હોય છે. વળી ઘરસંસાર માંડીને બેઠેલા બાળબચ્ચાંવાળા યુવાનો આવી લડતોમાં ભોગ આપતાં પહેલાં પોતાની કુટુંબની સલામતીની કે આર્થિક જોગવાઇની ચિંતામાં પડે છે. સ્નેહનાં વળગણો તેને કેટલાંક અંતિમ કોટિનાં પગલાં ભરતાં અટકાવે છે. એકંદરે તેમનું માનસ પણ સુરક્ષાવાદી બની ગયું હોય છે પરંતુ યુવાન અપરિણીત વિદ્યાર્થીઓ શારીરિક તાકાતવાળા હોય છે, સ્વાર્પણની ભાવનાવાળા હોય છે, સ્વપ્નો સેવનારા હોય છે, ઉજ્જવળ ભાવિ માટે મથવાવાળા હોય છે, કશુંક કરી બતાવવાની તમન્નાવાળા હોય છે. અન્યાયને તેઓ સાંખી શકતા નથી. ગમે તેવાં કષ્ટો ભોગવવા તેઓ તત્પર હોય છે. તેઓ બંધુત્વની ભાવનાવાળા હોય છે અને અપરિણીત હોવાથી કૌટુંબિક વળગણોમાંથી એકંદરે મુકત હોય છે. આવા વિદ્યાર્થીઓનો વિશાળ સમુદાય જ્યારે આંદોલનને માર્ગે ચડે છે ત્યારે દેખાદેખીથી પણ તેને શૂર ચડે છે. ત્યારે તેને પોતાના પ્રાણની પણ પરવા હોતી કે રહેતી નથી. એટલે જ વિદ્યાર્થીઓનાં આંદોલનો દુનિયાભરમાં એકંદરે સફળ નીવડે છે. એટલા માટે જ દુનિયાના કેટલાય આંદોલનકારી રાજદ્વારી નેતાઓ પોતાના આંદોલનને માટે વિદ્યાર્થીઓનો સાથ લેવા ઇચ્છતા હોય છે. ભારતના આઝાદી માટેનાં આંદોલનોમાં શાળા કે કોલેજનો અભ્યાસ છોડી નીકળી પડેલા યુવાન વિદ્યાર્થીઓનો ફાળો ઘણો મોટો છે.

ચીનના વિદ્યાર્થીઓનું આ આંદોલન અભૂતપૂર્વ છે.

ચીનમાં ચાંગકાઇશેકને દુર કરી માઓત્સે તુંગે સામ્યવાદની સ્થાપના કરી એ પછી પ્રજાએ આટલા મોટા પાયા ઉપર સરકાર સામે પોતાનો અવાજ ઉઠાવ્યો હોય એવી ઘટના પહેલીવાર બની છે.

વિદ્યાર્થીઓનું આ આંદોલન સારી રીતે અહિંસક રહ્યું એ એની એક મોટામાં મોટી સિદ્ધિ ગણાય. વિદ્યાર્થીઓનો સમુદાય અહિંસક આંદોલન માટે ભેગો થાય તોપણ સરકારી અધિકારીઓ ઉપર, પોલીસો ઉપર અને તેમનાં વાહનો ઉપર કે સરકારી બસ વગેરે અન્ય વાહનો કે મકાનો ઉપર છંછેડાઇને પથરાબાજી કર્યા વગર રહી ના શકે. પરંતુ અહીં દસ લાખથી વધુ વિદ્યાર્થીઓ એકત્ર થયેલા હોવા છતાં આંદોલને હિંસક વળાંક લીધો નથી એ ઘટના વિદ્યાર્થીઓ માટે ગૌરવરૂપ ગણાય. અહિંસક લડતની અસર થયા વગર રહેતી નથી એ ભારતે સિદ્ધ કરી બતાવેલું છે. ચીની વિદ્યાર્થીઓએ એનું સચોટ અનુસરણ આટલી મોટી સંખ્યામાં કર્યું છે એ ચીનની આ રૌકાની બીજી ઐતિહાસિક ઘટના ગણાય.

બીજિંગમાં ટાઇનાનમેન સ્કવેરમાં ભૂખહળતાલ એટલે કે ઉપવાસ પર ઉતરેલા વિદ્યાર્થીઓની સંખ્યા ત્રણ હજારથી પણ વધુ હતી. એમાં વિદ્યાર્થીઓ હતા અને વિદ્યાર્થિનીઓ પણ હતી. કેટલાક વિદ્યાર્થીઓએ ખોરાક ન લેવાની સાથે સાથે પાણી પણ ન લેવાનો સંકલ્પ કર્યો હતો એવા કેટલાક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની હાલત એથી બે-ત્રણ દિવસમાં જ ગંભીર થઇ ગઇ. તેઓને હોસ્પિટલમાં લઇ જવાની ફરજ પડી. બીજી બાજુ ભૂખહડતાલ ઉપર ઉતરવાની પ્રક્રિયા જ એવી છે કે માણસને તરત જ તેમના પ્રત્યે સહાનુભૂતિ થાય. કઠિન મનના માણસનું હૃદય પણ આવે વખતે દ્રવી જાય છે. ઉપવાસ પર ઉતરેલા વિદ્યાર્થીઓની ગંભીર દશા જોઇ કેટલાય ડોકટરોને એમ લાગ્યું કે વિદ્યાર્થીઓને સારવાર માટે પોતાની પાસે લઇ આવવામાં આવે તેના કરતાં પોતે જ સ્વેચ્છાએ વિદ્યાર્થી પાસે પહોંચી જવું જોઇએ. અને એટલા માટે ડોકટરોની ટુકડીઓ પોતાના સ્ટાફ સાથે ટાઇનાનમેન સ્કેવરમાં આવી પહોંચી. કેટલાય કામદારોએ આવીને ડોકટરોને સહાય કરવા માટે લાકડાની કેબિનો સ્વેચ્છાએ તૈયાર કરી આપી કે જેથી માંદા વિદ્યાર્થીઓને તેમાં રાખીને ડોકટરો બરાબર સારવાર કરી શકે. કેટલાયે લોકોએ ભૂખહડતાલ સિવાયના વિદ્યાર્થીઓ માટે ખાવા-પીવાને માટે સ્વેચ્છાએ બંદોબસ્ત કર્યો હતો. એકંદરે પ્રજાની સહાનુભૂતિ વિદ્યાર્થીઓ તરફ રહેલી છે.

બીજિંગના આ આંદોલનના પડઘારૂપે શાંઘાઇ શહેરમાં પણ વિદ્યાર્થીઓએ શાંત આંદોલન કર્યું અને ત્યાર પછી ચીનના જુદા જુદા પ્રદેશોમાં ત્રીસ કરતાં વધુ શહેરોમાં વિદ્યાર્થીઓ આ રીતે ભૂખહડતાલ ઉપર ઊતર્યા હતા. ચીનની સરકારે અન્ય પ્રદેશોના સમાચારોને બહુ પ્રસિદ્ધિ મળવા દીધી નથી. તો પણ એટલું તો નક્કી છે કે બીજિંગનાં બીજાં શહેરોમાં સારો પ્રતિસાદ સાંપડયો છે. એ સ્વાભાવિક પણ છે. વિદ્યાર્થીમાનસ જ એવું છે કે અન્ય સાચાં જૂથ પ્રત્યે સહકાર અને સહાનુભૂતિ દર્શાવ્યા વગર રહી શકે નહિ.

ચીનની સરકારે લશ્કરી કાયદો-(માર્શલ લો) જાહેર કરવા છતાં વિદ્યાર્થીઓ ટાઇનાનમેન સ્કવેરમાંથી ખસ્યા નહિ એનો અર્થ એ થયો કે લશ્કરી કાયદાની અવગણના થઇ. કોઇપણ સરકાર માટે આ અવગણનારૂપ ગણાય. અને સરકાર તે સહન કરી શકે નહિ, કારણ કે રાજ્યની પોલીસ દ્વારા કેટલુંક કાર્ય જ્યારે ન થઇ શકે ત્યારે તે લશ્કર પાસે કરાવવું પડે. પરંતુ લશ્કર પણ જો તે કાર્ય ન કરી શકે તો પછી કોની પાસે કરાવી શકાય ? એનો અર્થ એ થયો કે સરકારી તંત્ર નિષ્ક્રિય અને નિરર્થક બની ગયું છે અને સત્તાનો અમલ નિષ્ફળ નીવડયો છે.

લશ્કરનો હુકમ વિદ્યાર્થીઓ જો ન માને તો વિદ્યાર્થીઓ ઉપર ગોળીઓ છોડીને પણ તેમને લશ્કરે હટાવવા જોઇએ-લશ્કરને એટલો અધિકાર અપાય છે. પરંતુ લશ્કરી સેનાપતિ શાણપણવાળા નીકળ્યા. તેમણે જોયું કે બે – ચાર બંદુકો ફોડવાથી એકત્ર થયેલા લાખો વિદ્યાર્થીઓ ભાગવાના નથી પોતાના પ્રાણ જાય તો પણ તેઓ ત્યાંથી ખસવાના નથી. જો આવી પરિસ્થિતિ હોય તો શું લાખો વિદ્યાર્થીઓનો એટલે કે પોતાના જ પ્રજાજનોનો સંહાર કરી શકાય ? સામાન્ય બુદ્ધિથી વિચારતાં પણ લાગે કે પોતાના જ નિર્દોષ વિદ્યાર્થીઓનો આ રીતે સંહાર કરી ન શકાય. માટે જ લશ્કરી સેનાપતિઓએ સરકારને લશ્કરી કાયદાનો અમલ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી એ બહુ જ સમજદારીભર્યું, દીર્ઘદ્રષ્ટિભર્યું અને કુનેહભર્યું પગલું ગણાય.

વળી લશ્કરના કેટલા બધા માણસોને વિદ્યાર્થીઓ પ્રત્યે સાચી સહાનુભૂતિ રહેલી છે ! એને લીધે જ જ્યારે લશ્કરી ટ્રકોમાં સૈનિકોની હેરફેર થતી હોય અથવા ત્યાં રાખવામાં આવ્યા હોય ત્યારે ફરજ બજાવતા ભૂખ્યા – તરસ્યા સૈનિકોને ખાવાનું આપવાનું અને પાણી પીવરાવવાનું કામ આ વિદ્યાર્થીઓ જ પ્રેમથી કરતા હતા. ટી.વી. ઉપર દર્શાવેલાં દ્રસ્યો જોતાં ચીનના વિદ્યાર્થીઓ પ્રત્યે ખરેખર માન થાય એવું છે. ફરજ બજાવીને કંટાળેલા સૈનિકોના સમુદાયને એકત્ર કરીને વિદ્યાર્થીઓ તેમની સમક્ષ લોકનૃત્ય અને સંગીતના કાર્યક્રમો રજૂ કરતા હતા. યુવાન સૈનિકો અને વિદ્યાર્થીઓ વચ્ચે જો આવી પ્રેમભરી સહકારની પરિસ્થિતિ હોય તો એ સૈનિકો વિદ્યાર્થીઓ ઉપર બંદુકની ગોળી કેવી રીતે ચલાવી શકે ?

ચીનમાં વિદ્યાર્થીઓનું આંદોલન સોવિયેત પ્રમુખ ગોર્બાચેવની મુલાકાત વખતે જ થયું તેથી ચીનના સત્તાવાળાઓ ભારે મૂંઝવણમાં મુકાઈ ગયા. ગોર્બાચેવની ચાર દિવસની મુલાકાત ચીની સત્તાવાળાઓએ જેમતેમ કરીને પતાવી. ગોર્બાચેવના એક પ્રતિનિધિએ કહ્યું હતું કે 'અમારી ચીનની મુલાકાત એકંદરે સારી રહી, પરંતુ કયારે, કયાં, કોની સાથે કયા વિષયની અમારે ચર્ચા વિચારણા કરવાની છે એ વિશે અમને છેલ્લી ઘડી સુધી કશી જ ખબર પડતી નહોતી, કારણ કે નિયત કરેલા બધા જ કાર્યક્રમો બદલાઇ ગયા હતા ' ગોર્બાચેવ એટલા ઉદાર હતા કે ચીનમાં મુલાકાતનો પૂરો સમય રોકાયા. એમની જગ્યાએ બીજી કોઇ વ્યકિત હોત તો આવી અવ્યવસ્થિત મુલાકાત રદ કરીને પાછા ચાલ્યા ગયા હોત. પરંતુ ગોર્બાચેવ શાંતિ, સમજદારી અને સુલેહના માણસ છે. તેઓ ચીન સાથે શુભ હેતુથી વાટાઘાટો જ

(પૃષ્ઠ નં. ૧૦ ઉપર)

પ્રત્યુત્તર પાંચ વર્ષ બાદ....

રણજિત પટેલ (અનામી)

પત્રોનો પ્રત્યુત્તર પાઠવવામાં સ્વ. ઉમાશંકરભાઈ મંદ હતા એમ એમના અનેક મિત્રો અને પ્રશંસકોની મીઠી ફરિયાદ હતી, પણ મારી પાસે એમનો એક એવો પત્ર છે કે જે એમના અસાધારણ વિલંબને પણ ધન્યતા આપે !

એપ્રિલ, ૧૯૮૨ના ત્રીજા અઠવાડિયામાં આકાશવાણી અમદાવાદ-વડોદરાના સંગીત વિભાગના વડાએ મને પૂછ્યું : 'અનામીજી ! કહી શકશો કે સતનું ચિત ચિંતન–રે કરવું, સતવાયક નિશ્ચય ઊચરવું–એ કયા કવિની કવિતા છે ?''

તાત્કાલિક તો હું કવિનું ચોકકસ નામ દર્શાવી શક્યો નહિ પણ એની રચનારીતિ જોતાં કવિ દલપતરામ ડાહ્યાભાઈ (ક.દ.ડા.)ની હશે એમ અનુમાન કર્યું" અને થોડાક દિવસોમાં અમારી હેડીના સજ્જનોને પૂછીને જણાવીશ એમ કહ્યું.

ઘરે આવીને ત્રણચાર કવિમિત્રોને લખ્યું જેમાં ઉમાશંકરભાઈ પણ એક હતા. દિવસો સુધી કોઈનો પણ જવાબ આવ્યો નહિ ને એ વાત તો ભુલાઈ ગઇ... પણ માના સુખદ આશ્ચર્ય' વચ્ચે બરાબર પાંચ વર્ષે' તા. ૨૨-૪-'૮૭નો લખેલો ઉમાશંકરભાઈનો આ અંગેનો પત્ર મળ્યો જે નીચે પ્રમાણે છે :

પ્રિય ભાઈશ્રી અનામી.

તમારું તા. ૨૪-૪-'૮૨ નું પોસ્ટકાર્ડ અહીં સચવાયેલું છે. તમે 'સતનું ચિત ચિંતન રે કરવું, સતવાયક નિશ્ચય ઊચરવું" આ કવિતા ક. દ ડા ની તો નથી. દલપતશાળાના કોઇની હશે–એમ કહીને કોની છે તે જણાવવા લખેલું.

સત્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય પ્રકાશિત જૂની વાચનમાળાનો કવિતાસંગ્રહ (ભાગ બીજો ની ૧૯૭૭ની આવૃત્તિ ૪થીમાં પૃષ્ઠ ૨૩–૨૪ ઉપર તે કૃતિ પુનર્મુદ્રિતરૂપે મળે છે અને નીચે 'મ. બ હેરા' એવું લેખકનું નામ આપેલું છે (જે વાચનમાળામાં જ હશે અને અહીં ઉતાર્યું છે એમ માનવું વધારે પડતું નથી) તે જ ચોપડીમાં પૃષ્ઠ ૪૮–૪૯ ઉપર ગુજરાતી વાચનમાળાની છઠ્ઠી ચોપડીની કવિતાઓ શરૂ થાય છે તેમાં પહેલી કવિતાને અંતે પૃષ્ઠ ૪૯ ઉપર કવિનું નામ ('દીસત જંગલ મંગલકારી રે' એના કવિનું નામ) 'મધુવચ્છરામ' છાપ્યું છે, તે બંને એક હોવા જોઇએ. વળી 'નિદ્રા મહીં નહીં હતું તન ભાન જ્યારે' આપણે ભણેલા તે કવિતાની નીચે પણ 'મ. બ. હેરા'નું નામ આપેલું છે. (પૃષ્ઠ–૩૫) ત્રણેમાં કાવ્યરચંદ છે, નર્મદશાળાના કવિ છે. 'અર્વાચીન કવિતા' પૃષ્ઠ-૧૧૫/૧૧૮ જોશો. મધુ વચ્છરામ બ્રજવચ્છરામ વેરા (૧૮૬૭)

જવાબમાં મોડું થયું છે. નભાવી લેશો. તબિયત સારી રાખો છો ને ? સ–પરિવાર સર્વ રીતે આનંદમાં હશો. કયારેક કવિતા–રચના કરતા રહેતા હશો. સૌની કુશળતા ચાહું છું

અમદાવાદ — ઉમાશંકર જોશીનાં
૨૨–૪–૧૯૮૭ — સપ્રેમ વંદે માતરમ્

સાહિત્યકલા અને વાસ્તવિકતા

હસમુખ દોશી

થોડા સમય પહેલાં 'પ્રબુદ્ધ જીવન'નાં પૃષ્ઠો ઉપર મેં સાહિત્યકલાની વાસ્તવિકતાની સાપેક્ષતા સંબંધે લખ્યું હતું. કેટલાક મિત્રોએ રૂબરૂમાં તો એકાદ મિત્રે પત્ર લખીને આ વિશે મને પ્રશ્નો પૂછ્યા હતા. અને એ રીતે કેટલીક ચર્ચા થઇ હતી. સાહિત્યની ચર્ચાઓ અનન્ત હોય છે અને તેમાં કંઇ અંતિમ નથી હોતું. કેટલાક સમયથી એમ પણ લાગવા માંડ્યું છે કે આ કેવળ બુદ્ધિનો વિલાસ છે અને ગરીબ દેશ કે ગરીબ પ્રજાને થપ્પડ મારવા સમાન છે. પણ મનુષ્ય હંમેશાં હિંસા કરીને જીવતો આવ્યો છે. અહિંસક સમાજ ને અહિંસક જીવનનું તેનું સ્વપ્ન કયારે મૂર્ત થશે એ કોઇ કહી શકે તેમ નથી. આજની વિશ્વપરિસ્થિતિના સંદર્ભમાં એ ફકત સ્વપ્ન જ રહેશે તેમ અત્યારે તો લાગે છે.

મોડર્ન આર્ટ કે 'જીવનના વાસ્તવનું કલામાં વિશિષ્ટ રૂપાન્તર'ના નામે છેલ્લા લગભગ ત્રણેક દાયકાથી વાસ્તવવાદી કલાની જે વિડંબના થઇ રહી છે અને જે રીતે તેને ઉપેક્ષવામાં આવે છે તે પરિસ્થિતિ ઉત્તમ સાહિત્ય માટે સુખ ઉપજાવે તેવી નથી, 'સાહિત્ય જીવનનું પ્રતિબિંબ છે એ વિધાનથી આપણે ખૂબ દુર નીકળી ગયા છીએ' તેવા વિચારોનો પુરસ્કાર કર્યા પછી કે પ્રચાર કર્યા પછી કોઇ યુવાન વિદ્વાન ગાંધીયુગની વાસ્તવલક્ષી સાહિત્ય કૃતિઓને પણ યાદ કરે છે ખરા ! થોડા વખત પહેલાં પ્રસિદ્ધ થયેલા એક નવીન વાર્તાકારના વાર્તાસંગ્રહની પ્રસ્તાવનામાં Fictional Truth જેવા શબ્દો વાંચીને ઘણું આશ્ચર્ય થયું હતું. ઉકત સંગ્રહની વાર્તાઓને Fictional Truth તરીકે ઓળખાવી Truth શબ્દની જ વિડંબના કરવામાં આવી હોય તેમ લાગેલું. પરીકથાઓને કથા રૂપકકથાઓને મળતી વાર્તાઓ– વધારે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો શામળ ભટ્ટ કે 'પંચતંત્ર'ને મળતી વાર્તાઓને Fictional Truth કે Artistic Artમાં ખપાવીને ગુજરાત વિદ્વાનો અટકયા હોત તો વધારે સારું હતું. પણ એ સાથે વાસ્તવલક્ષી કે પારદર્શી કલાની આજના વિદ્વાનોને સહજ એવી ઠંડી કે ક્રૂર હાંસી જે રીતે ઉડાવાય છે તે ઉચિત નથી.

'વાસ્તવલક્ષી કે પારદર્શી' કલા એ એક પ્રકારની છેતરપિંડી છે' એવું ભડકતું વિધાન પણ હમણાં વાંચવા મળ્યું હતું. આવું વિધાન કરનાર વિદ્વાનોને એટલું જ કહી શકાય કે વિશ્વનું નેવું ટકા સાહિત્ય એ જ પ્રકારનું છે. એમ જોવા જઇએ તો સાહિત્યરચના માત્ર વ્યાપક છેતરપિંડી નથી તો બીજું શું છે ? જીવનના પ્રતિબિંબથી દુર જવાનું અને પારદર્શી સાહિત્યને સાહિત્ય જ ન ગણવાનું એકાંગી સંકુચિત વલણ એ તો કાળપ્રવાહનું માત્ર એક મોજું છે. એ મોજું ચાલ્યું જતાં સાહિત્યને

સમજવા અને સમજાવવા માટે પારદર્શી સાહિત્યકલા જ ઉચિત પરિપ્રેક્ષ્ય રહેશે.

જોવા જેવું તો એ છે કે આપણે ત્યાં વાસ્તવના કલામાં રૂપાન્તર વિશે એકજ વિદ્વાન તરફથી બે અન્તિમ કહી શકાય તેવી કે સામસામે મૂકી શકાય એવી વિરોધી વિચારધારા વાંચવા મળી છે. ટોલ્સ્ટોયની મહાન લેખાયેલી વિશ્વવિખ્યાત નવલકથા 'એન્ના કેરેનીના'ને મેથ્યુ આર્નોલ્ડ જેવા વિવેચકે Piece of Life-જીવનનો એક ખંડ-કહી એ આર્નોલ્ડની વાસ્તવલક્ષી કલાની ઊંડી સૂઝ અને પરખ દર્શાવે છે. પરંતુ આર્નોલ્ડના એ વિધાનની પશ્ચિમના જ અન્ય વિદ્વાનનો આધાર લઈને તેની ટીકા કરવામાં આવી છે અને 'જીવન સમગ્રને નિરૂપવાની ટોલ્સ્ટોયની અશક્તિનું 'એન્ના કેરેનીના' દ્યોતક છે' એવું વિધાન કરવામાં આવ્યું છે. ત્યાં વાસ્તવલક્ષી કલાના અનાદર સાથે જે નરી આંખે જોઈ શકાય એ વાસ્તવિકતા નથી કે એવા નિરૂપણમાં કંઈ કલા નથી એવો ધરાર આગ્રહ અભિભૂત લાગે છે; અને સ્પષ્ટ થાય છે કે કલા જીવનનું કેવળ અનુકરણ કરે કે વાસ્તવલક્ષી બને તે સામે આપણી 'આધુનિક' વિવેચનાને વાંધો છે. કલામાં વાસ્તવનું રૂપાન્તર જીવનના પ્રતિબિંબ રૂપે નહિ પણ કોઈ જુદી જ રીતે થવું જોઈએ એમ તેનું કહેવું છે. એ રૂપાન્તર પછી Fantasy કે Absurdity જેવું હોય તો પણ વાંધો નહિ ! આ માટે 'આધુનિકો'ની વહારે તેમનો મહાન આરાધ્ય દેવ ઓતેંગા વારંવાર આવ્યો છે... Art has no right to escist if, content to reproduce reality... અને એથી વિરુદ્ધ 'સરસ્વતીચન્દ્ર'માં પૂરી વાસ્તવિકતા કયાં છે ? એનો આક્રોશ પણ થયેલો જ છે!

મુખ્ય મુદ્દો આ છે : કલાની વાસ્તવિકતા પોતે જ સાપેક્ષ વસ્તુ નથી ? એક વ્યકિતને જે વાસ્તવિક લાગે તે બીજી વ્યક્તિને ન પણ લાગે એવું વ્યવહારમાં પણ બને જ છે. પ્રેમમાં નિષ્ફળતા મળતાં બધા જ યુવાનો દેવદાસની જેમ મદ્યપાન કરતા નથી કે ગણિકાઓને ત્યાં પડ્યા રહી પોતાની જિંદગી બરબાદ નથી કરતા. અથવા તો એન્ના કેરેનીનાની જેમ બધ્ધે પુરુષોની જિંદગી બરબાદ કરીને પોતાના સ્વાર્થ માટે કે અનન્ત ઇર્ષ્યાની આગમાંથી છૂટવા માટે કેટલી સ્ત્રીઓ આત્મહત્યા કરતી હશે ? મકાનમાલિકના ત્રાસથી વાજ આવી જઈ સંવેદનશીલ યુવાનોમાંથી કેટલા યુવાનો રાસ્કોલનિકોવની જેમ ખૂન કરવા ધસી જતા હોય છે ? અથવા તો સામાજિક આપત્તિઓમાં ઘેરાયેલા યુવક-યુવતીઓમાંથી કેટલા યુવક-યુવતીઓ આજની ગુજરાતી નવલકથાઓનાં પાત્રો જેવું જીવન જીવે છે ? આર્થિક આપત્તિને નેકીથી ઊંચી ગણીને કેટલા યુવાનો ચેક ઉપર બોટી સહી કરી જુવાન સ્ત્રીઓ જોડે અનૈતિક સંબંધો રાખે છે ? આજની આપણી કહેવાતી અતિવાસ્તવલક્ષી વાર્તાઓમાં કવિતાઓમાં પ્રતિબિમ્બિત થતું જીવન એ ગુજરાતી સ્ત્રી-પુરુષોનું જીવન લાગતું નથી, ખુદ વાર્તાકારોનું જીવન પણ તેમની વાર્તાઓમાં નિરૂપિત જીવનથી અવળી દિશામાં વહેતું હોય છે ! તેઓ પણ આનન્દે છે, મેળાઓ ભરે છે, પરિષદો કે સંમેલનોમાં સોલ્લાસ ભાગ લ્યે છે. પદ કે હોદ્દાઓ માટે સ્પર્ધાઓ કરે છે (કે મરે છે), ખાય છે, પીએ છે ને મોજ માણે છે.

એટલે વિશ્વસાહિત્યમાં ભાગ્યે જ એવી કોઈ રચના હશે જેની વાસ્તવિકતા પડકારી શકાય નહિ. રમણલાલ દેસાઈની ભાવનાશીલતા 'અસંભવિતતા'ના દોષથી ઘણાને આવૃત્ત લાગે છે તેમ દોસ્તોયેવસ્કીની 'વાસ્તવિકતા' પણ કેટલાંયને અસંભવિત લાગવાનું અશકય નથી. ધૂમકેતુની 'આદર્શપ્રિયતા' કેટલાય વિદ્વાનોને અપચો કરે છે તેમ આજની કહેવાતી અતિવાસ્તવિકતા – Surreality અપજ્ય પણ નીવડે છે... અને તે જ તો કલામાત્રની મર્યાદા છે, કલાની વાસ્તવિકતાની સાપેક્ષતા છે.

કલા જીવે છે કોઈ રૂપાન્તરના ગણિતથી નહિ, કોઈ સિદ્ધાંતથી દોરવાઈને નહિ, પણ કોઈ અદ્રષ્ટ લક્ષણોથી – જે પ્રતિભાને નામે ઓળખાય છે. 'હેમ્લેટ'માં કે 'શાકુન્તલ'માં ભરચક Melo-Dramatic સામગ્રી હોવા છતાં તે કલાત્મક લાગે છે; તો આજની રૂપાન્તરની પ્રક્રિયાવાળી કે સામા છેડાની કોઈ અતિવાસ્તવલક્ષી સાહિત્યકૃતિ કલાત્મક ન હોય એ ય પૂરી વાસ્તવિકતા છે !

*

નિત્શેએ કહ્યું છે કે 'કલા વાસ્તવિકતાને સાંખી શકતી નથી.' તે શબ્દોનું અર્થઘટન પણ જુદી રીતે આપણે ત્યાં થયું લાગે છે. વાસ્તવિકતા એટલે રોજીંદા જીવનની એકધારી યન્ત્રવત્ વાસ્તવિકતા. સાહિત્યકૃતિમાં જીવનની આવી નીરસ વાસ્તવિકતાનું નિગરણ કરવાનું હોય છે એમ નિત્શેનો અભિપ્રેત હોય એ શકય છે. માની લઈએ કે કલામાં વાસ્તવિકતાના રૂપાન્તરનું આધુનિક અર્થઘટન સાચું છે. તોપણ આજથી વર્ષો પહેલાં નિત્શે જે કહી ગયો હોય તેને પકડી રાખવાનું ધરાર રૂઢ વલણ આજની કે હવે ગઈ કાલની અસ્તિત્વવાદી ફિલસૂફીથી ચોપાયેલા ગુજરાતી વિધાનો શા માટે અપનાવી રહ્યા છે એ પણ એક મહત્ત્વનો પ્રશ્ન છે. નિત્શે કે સાર્ત્રને વિભૂતિઓ ગણીને તેમની માળા ફેરવ્યા કરવાનું કેટલે અંશે ઉચિત ગણાય ? નિત્શે ગમે તેવા વિરાટ હશે પણ એથી કરીને તેમની વિચારણામાં કોઈ ક્ષતિ કે અસંગતિ ન હોય એમ તો ન જ માની લેવાય. એટલે નિત્શેને તેમને સ્થાને દ્રઢ પ્રતિષ્ઠિત કરીને આજની જીવનરીતિને અનુરૂપ દ્રષ્ટિની સ્વતંત્ર વિચારકો પાસે અપેક્ષા કેમ ન રહે ?

આપણે ત્યાં સિદ્ધાંતો પહેલાં રચપાયા છે અને પછી એ સિદ્ધાંતોની ગુલામી કરતી થોડીક સારી ને વધારે નિર્માલ્ય સાહિત્યકૃતિઓનું સર્જન થયું છે. છેલ્લા ત્રણ દાયકાઓએ આ વિધાનને વધારે સમર્થન આપી જાણ્યું છે. વાસ્તવમાં સાચી પ્રતિભા સિદ્ધાંતોને ઉથાપીને કે ઉથલાવીને જ ઉત્તમ સાહિત્યકૃતિઓનું નિર્માણ કરે છે.

*

'બુદ્ધિપ્રધાન અર્થઘન કવિતા એ જ સાચી કવિતા'નું ગાણું ગાઈને અને પછી અનુયાયીઓ પાસે ગવડાવીને બલવન્તરાય ઠાકોર અને તેમના શિષ્યો એક જમાનામાં અંતિમે બેસી ગયા હતા. આજે તેમનું અંતિમ છિન્નભિન્ન થઈ ગયું છે. આજે 'જીવનની વાસ્તવિકતાનું કલામાં થતાં રૂપાન્તરની પ્રક્રિયા' ગમે તેટલી 'આધુનિક' લાગે પણ તેમાં ઠાકોરની કાવ્ય વિભાવના જેવું જ એકાંગી સત્ય છે. અને આધુનિક કવિતાયે જેમ ઠાકોરશાહીને કબ્રસ્તાન ભેગી કરી દીધી તેમ આજની સાહિત્યવિચારણાને પણ હવે પછીના થોડા જ સમયમાં દિવંગત બનવું પડે તે અસંભવિત નથી. કેમકે, કયામતનો દિવસ તો સૌ માટે નિર્ધાર થઈ ચૂકયો હોય છે. કોઈ વહેલું જાય છે તો કોઈ મોડું. પ્રશ્ન માત્ર સમયનો જ હોય છે.

સમરથ કો નહિ દોષ ગુસાંઇ

'સત્સંગી'

સમર્થ માણસનું આચરણ અયોગ્ય હોય તો પણ તેને દોષ લાગતો નથી એવો અર્થ સંત કવિ તુલસીદાસની આ પંક્તિનો સામાન્ય રીતે ઘટાવાય છે. પરિણામે, સરમુખત્યાર કોઇને નર્યો અન્યાય કરે, તો તેના પર કોઇ દોષારોપણ કરતું નથી. ઘડીભર કોઇ આ અન્યાય અંગે ટીકા કરે, તો 'સમરથકો નહિ દોષ ગુસાંઇ' એવો જવાબ આપી દેવાતો હોય છે. તેવી જ રીતે કેટલાક વિદ્વાન લોકો નીતિ સાપેક્ષ છે એવી દલીલથી અનીતિને નીતિ ઠરાવવાનો પ્રયાસ કરતો હોય છે. ભારતવર્ષમાં તો ધર્મશાસ્ત્રોએ જેને નીતિ કહી છે તે નીતિ છે. એ સિવાય અનીતિને નીતિ ઠરાવવી એ કેવળ બૌદ્ધિક કસરત જ ગણાય. સનાતન મૂલ્યોને દેશકાળનાં બંધન હોતાં નથી. તુલસીદાસની 'સમરથ કો નહિ દોષ ગુસાંઇ' પંક્તિનો અર્થ મનફાવતી રીતે થયો છે.

તા. ૧-૧-'૮૯ના પ્રબુદ્ધ જીવનમાં માનનીય વિદ્વાન લેખક શ્રી તનસુખ ભટ્ટનો 'ઉપદેશકોને આખરીનામું' લેખ હળવી શૈલીસભર ખૂબ જ મનોરંજક છે; તેમજ ધ્યાન ખેંચે તેવાં સત્યો પણ તેમણે સુંદર રીતે રજૂ કર્યાં છે. પરંતુ 'સમરથ કો નહિ દોસ ગુસાંઇ'નો અર્થ તો તેમણે પણ ચીલાચાલુ રીતે લીધો છે. અહીં માનનીય વિદ્વાન લેખકની દ્વેષભાવથી ટીકા કરવાનો લેશમાત્ર આશય નથી. તેમનો લેખ વાંચવાથી આનંદ થયો તેનો સ્વીકાર છે; બલકે તેમણે લેખનો એક વિષય મને સૂઝાડ્યો તે બદલ તેમનો આભાર માની જ લઉ છું. તો સમર્થ શબ્દનો સીધોસાદો અર્થ શક્તિશાળી થાય છે. માણસ તન, મન કે ધનથી શક્તિશાળી હોય. આ સામર્થ્ય કે શક્તિનો સદુપયોગ પણ થાય અને દુરુપયોગ પણ પણ થાય. સમર્થને જો કોઇ દોષ ન લાગે એ સનાતન સત્ય બની જાય તો તો દુનિયામાં નરી અરાજકતા વ્યાપી જાય અને બળિયાના બે ભાગની સ્થિતિ સર્વત્ર વ્યાપે. માનનીય લેખકનું કહેવું પણ એમ જ છે કે લાખો વર્ષોથી આમ જ ચાલતું આવ્યું છે. સમર્થ માણસોએ પોતાનું ધાર્યું કર્યું છે અથવા તેવા પ્રયાસો કરતા રહ્યા છે એ તેમનું કહેવું સત્ય છે. પરંતુ તુલસીદાસની પંક્તિમાં 'સમરથ' શબ્દનો આવો અર્થ નથી અને તેથી એ પંક્તિનો અર્થ ચીલાચાલુ અર્થથી ભિન્ન છે એવું મારું નમ્ર મંતવ્ય છે.

તુલસીદાસ કવિ અવશ્ય હતા, પરંતુ તેથી વિશેષ રામભક્ત હતા. એટલે તુલસીદાસ રાવણને સમર્થ ન કહે પણ રામને સમર્થ કહે એ સ્પષ્ટ છે. 'રૂડો હતો રાવણ શાસ્ત્રવેત્તા, નવે ગ્રહો નિકટમાં રહેતા' એ પંક્તિઓ રાવણની દુન્યવી સમર્થતા જરૂર બતાવે છે. આમ છતાં રામની આગળ રાવણ તદ્દન વામણો લાગે છે. રામની સમર્થતા એટલે માત્ર ધનુર્ધારી રામ તરીકેની સમર્થતા કે રાજા દશરથના પુત્ર તરીકેની સમર્થતા એવો મર્યાદિત અર્થ તેમની સમર્થતાનો નથી. પરંતુ જેને કોઇ તૃષ્ણા નથી, મનોકામના નથી, જેના મન અને શરીર વશ છે, રાજ્ય મળો કે વનવાસ મળો એ જેને મન સરખું છે, સામાન્ય માણસ હો કે રાજા હો કે પશુ હો એ સૌ પ્રત્યે જેને સમદ્રષ્ટિ છે, એકપત્નીવ્રત એટલે બ્રહ્મચર્ય એવી જેની રહેણી છે, જીવમાત્ર પ્રત્યે જેને પ્રેમ છે અને લોકકલ્યાણ માટે ફળની આશારહિત સતત પ્રવૃત્ત રહેવું એવો જેનો કર્મયોગ છે એવા રામ હોવાથી તેઓ સમર્થ છે. આવા રામ જે Divine Consciousness દિવ્ય ચેતના, સમગ્ર વિશ્વની જે પરમ સત્તા કહેવાય છે તેના માત્ર નિમિત્ત છે આવા રામ અસુરોનો સંહાર કરે, તો તેમને દોષ લાગતો નથી, કારણ કોઇ તૃષ્ણા, વાસના કે આશા નથી; તેમને પોતાને કંઇ જોઇતું નથી, પરંતુ દિવ્ય ચેતનાનાં નિમિત્ત તરીકે જનકલ્યાણ માટે કર્મયોગી તરીકે તેમ કરવું પડે છે. રામને માટે અહિંસા પરમોધર્મની જ વાત હતી પરંતુ સમય અને ક્ષત્રિયધર્મનાં અનુસંધાનમાં દિવ્ય ચેતનાના નિમિત્ત તરીકે નિઃસ્વાર્થ અને નિર્વાસનિક રીતે પોતાનો ધર્મ લોકકલ્યાણ ખાતર બજાવવા માટે તેમને હિંસા આચરવી પડી. તેથી રામ જેવા સમર્થને દોષ નહિ ગુસાંઇ એવો તુલસીદાસની પંક્તિનો અર્થ છે.

પ્રાચીન કે અર્વાચીન ઐતિહાસિક લડાઇઓ યુદ્ધો, બળવા કે ક્રાંતિઓમાં હિંસાનો ગુનો ગણાતો નથી એ સાચું. આનું કારણ એ છે કે દુન્યવી દ્રષ્ટિએ રાજસત્તા પ્રમાણે કાનૂન વગેરેની વાત તેમાં રહેલી છે. આવા કિસ્સાઓમાં અદાલત અને કાયદો સાપેક્ષ પદો બની જાય છે; પરંતુ આનો અર્થ એમ નથી કે જીતેલાઓ કોઇ ચોકકસ સંજોગો પૂરતા સમર્થ છે માટે તેમને દોષ ન લાગે. જેટલા પ્રમાણમાં વાસના, સ્વાર્થ અને મનોકામના તેટલા પ્રમાણમાં આવા બનાવોમાં ભાગ લેનારાઓ દોષિત જ ઠરે છે અને તેનો ન્યાય દિવ્ય ચેતના, પરમ સત્તાના દરબારમાં થતો જ રહેતો હોય છે. જેનો આપણને ખ્યાલ આવી શકતો નથી; પરંતુ તે પ્રક્રિયા એવિરત ચાલતી જ રહે છે. આ માટે કોઇ દૈવી વાણી સંભળાય એવું જરૂરી નથી, પરંતુ ઇતિહાસ અને વર્તમાન પ્રવાહોના ઊંડા અભ્યાસથી સમજી શકાશે કે સ્વાર્થ, વાસનાથી પ્રેરાઇને બનતા બનાવોની ફલશ્રુતિ શી હોય છે.

ભારતમાં આવીને આર્યોએ કૌલ, કિરાત, દસ્યુ, દ્રાવિડો, નાગજાતિ વગેરેને પરેશાન કરીને દબાવી દીધા એ અંગેની બંને પક્ષની પ્રમાણભૂત વિગતો સંપૂર્ણપણે તો પ્રાપ્ય નથી; આમ છતાં આર્યોનાં વાસના, સ્વાર્થ વગેરે જેટલા પ્રમાણમાં પ્રેરકબળ હશે તેટલા પ્રમાણમાં તેઓ દોષિત જ ગણાય અને તેની શિક્ષા તેમને મળતી જ રહી હશે, બલકે આજે પણ તેમની અનુગામી પેઢીઓ તે શિક્ષા ભોગવતી હોય છે અને તે દિવ્ય ચેતનાનો અવિરત ક્રમ છે. આર્યો તે સમય પૂરતા બળ અને બુદ્ધિથી સમર્થ હોય, પણ રામ જેવા સમર્થ ન જ ગણાય તેથી આર્યોને દોષ ન લાગે એમ ફલિત થતું જ નથી. દુન્યવી દ્રષ્ટિએ જેઓ સમર્થ ગણાય તેઓ મર્યાદિત અર્થમાં સમર્થ છે અને તેમને દોષ ન લાગે એ પણ દુન્યવી સંજોગોના અનુસંધાનમાં મર્યાદિત અર્થમાં છે.

તુલસીદાસની આ પંક્તિનો અર્થ સમજવા માટે શ્રીમદ્ ભગવતગીતાનાં મંતવ્યો જોઇએ. ૪થા અધ્યાયનો ૨૧મો

શ્લોક આ પ્રમાણે છે:-

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥

અર્થાત્ જે આશારહિત છે, મન અને શરીરને વશ રાખનારો છે, જેણે સર્વ પરિગ્રહો છોડી દીધા છે, તે શરીર-માત્રથી કર્મો કરે છતાં પાપથી લોપાતો નથી.

ડો. રાધાકૃષ્ણન આ શ્લોકનાં મિતાક્ષરી ભાષ્યમાં કહે છે કે જ્યારે માણસમાં વાસનાઓ અને પોતાની ઇચ્છા નિર્મૂળ બની જાય છે ત્યારે તે દૈવી તત્ત્વની ઇચ્છાને પ્રતિબિંબિત કરનાર દર્પણ બને છે. માનુષી આત્મા દૈવી સત્તાનું કેવળ માધ્યમ બની જાય છે.

ગીતાના ૧૮મા અધ્યાયનો ૧૭મો શ્લોક જોઇએ.

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाँल्लोकान्न हन्ति न निबध्यते ॥

અર્થાત્ કર્મોમાં જેને હું કર્તા છું એવો અહંકારનો ભાવ નથી અને (ફળની લાલસાથી) જેની બુદ્ધિ નથી, તે આ બધા લોકોને મારી નાખે તો પણ ખરી રીતે મારતો કે બંધનમાં પડતો નથી.

ડો. રાધાકૃષ્ણન અહીં ચેતવણી આપે છે કે ગીતાનાં આ મંતવ્યથી આપણને ગુના કરવાનો પરવાનો મળતો નથી. ખરી રીતે જોતાં, જેનામાં હું'પણું' નથી અને જેને ફળની લાલસા નથી એવો ટોચનો ભક્ત કદી અયોગ્ય કાર્ય કરે જ નહિ. પરંતુ ઘડીભર દુનિયા જેને અયોગ્ય કાર્ય ગણે તેવું કાર્ય તેને કરવું જ પડે, તો તે સ્વાર્થી હેતુ કે કામના માટે તો એ કરે જ નહિ; તેવું કાર્ય તે દિવ્ય ચેતનાના માધ્યમ તરીકે કેવળ ફરજનાં નિમિત્ત તરીકે કરે છે. દિવ્ય ચેતના સાથે સતત સાયુજ્ય ધરાવનાર ઉચ્ચતમ ભક્તોને જ ગીતાના આ બંને શ્લોકો લાગુ પડે છે અને આવા લોકો જ ખરા અર્થમાં સમર્થ છે. તેથી આવા સમર્થ લોકોને જ 'समरथ को नहि दोष गुसांई' પંક્તિ લાગુ પડે છે પરંતુ કેવળ પૈસાથી, સત્તાથી, પ્રતિષ્ઠાથી કે વિદ્યા – જ્ઞાન – પાંડિત્યશ્રી સમર્થ હોય તેમને આ પંક્તિ લાગુ પાડવામાં આવે તેવો આ પંક્તિનો અર્થ નથી.

ગીતામાં દર્શાવેલી સમર્થતા કોઇ માણસ પ્રાપ્ત કરી શકે નહિ એમ ઘડીભર કહેવામાં આવે. આનો પ્રત્યુત્તર એ છે કે એવા સમર્થ બનવું એ જરૂર દુષ્કરમાં દુષ્કર છે; બલકે હજારોમાં કોઇક જ તેવો પુરૂષાર્થ આદરે, પણ તે અશક્ય નથી અથવા કેવળ કલ્પના નથી. ગામડાના નિરક્ષર માનવીને એમ. એ. પી.એચ. ડી. સુધીના અભ્યાસની કલ્પના પણ શક્ય નથી; ત્યારે શિક્ષિત લોકો માટે તે અભ્યાસ તદ્દન શક્ય છે. તેવી જ રીતે, માનવામાં ન આવે તેવી વૈજ્ઞાનિક શોધો આજે વાસ્તવિકતા ધરાવે છે અને આપણે તે શોધોનું ગૌરવ લઇએ છીએ. આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ અદ્‌ભુત શોધો હોઇ શકે એમ માનવું એ તર્કસંગત જ છે. આપણે અધ્યાત્મના રસ્તા પર ચાલવા લાગીએ તો આવા સમર્થ માનવીની શક્યતાની પ્રતીતિ જરૂર થવા લાગે. પરંતુ અધ્યાત્મનું ક્ષેત્ર સામાન્ય માણસની સમજથી પર છે અને દુન્યવી બાબતોથી અલિપ્ત પ્રકારનું છે એવી પૂર્વગ્રહયુક્ત માન્યતાને લીધે સમર્થ અવતારી મહાપુરુષોનાં ચરિત્રો કાલ્પનિક છે એમ કહેવું ન્યાયપુરઃસર નથી. સારાંશ એ છે કે શ્રીરામ, શ્રીકૃષ્ણ, ભગવાન મહાવીર, ગૌતમબુદ્ધ સહજાનંદ-સ્વામી વગેરે અવતારી મહાપુરુષો હતા અને 'समरथ को नहि दोष गुसांई' એ પંક્તિ તેમને અવશ્ય લાગુ પડે છે; એ જ આ પંક્તિનું રહસ્ય છે.

'જીવમાત્રનો સ્વભાવ હિંસા છે' એવાં માનનીય વિધાન લેખકના વિધાનમાં અર્ધસત્ય છે. સત્ય એ છે કે મનુષ્યમાં તો અહિંસા અને હિંસા બંને રહેલાં છે. માણસ પ્રાણી જરૂર છે, પણ તે વિચારશીલ પ્રાણી છે એ અવશ્ય સ્વીકારવું જ પડે. માણસનાં જીવનમાં દૈવી અને આસુરી બંને પ્રવાહો રહેલા છે. આમાંથી જે પ્રવાહનો વિકાસ થાય તેવો માનવી હોય છે. આસુરી પ્રવાહ જ વિકસતો રહે, તો માણસ રાવણ બને તેમાં આશ્ચર્ય નથી. દૈવી પ્રવાહની જ કેળવણી થતી રહે, તો માણસ રામ બને એ સીધી સાદી વાત છે. આજે વિશ્વમાં આસુરી પ્રવાહનો વેગ સવિશેષ રહેલો છે તેથી જીવમાત્રનો સ્વભાવ હિંસા જોવા મળે છે. તો પણ, સંપૂર્ણપણે આસુરી પ્રવાહનું જ વર્ચસ્વ હોત, તો માણસ રસ્તા પર ચાલી શકત નહિ; અર્થાત્ જે વધારે બળવાન હોત તે જ ચાલી શકત એવું ભયાનક ચિત્ર જગતનું હોત. આ ધરતી પર ભલે અલ્પતમ સુખશાંતિ જે છે તે માણસમાં રહેલી દૈવી સંપત્તિ અર્થાત્ અહિંસા વગેરે સદ્‌ગુણોને લીધે છે એમ કહેવું તર્કસંગત છે. અલબત્ત માણસમાં રહેલા હિંસક સ્વભાવનું ઊર્ધ્વીકરણ કરવાનું ભગીરથ કાર્ય અવશ્ય પડેલું છે.

ઉપદેશકોની પોતાની અને તેમના ભક્તોની સલામતી ખાતર ઉપદેશકોએ ધર્મોપદેશ બંધ કરવો એવું માનનીય વિદ્વાન લેખક મહાશયનું ઉપદેશકોને આખરીનનામું છે. તેમાં હાસ્યરસ જરૂર છે અને સાથે સાથે અવતારી પુરુષો, ધર્મને અનુસરનારાઓ અને ધર્મોપદેશકો પ્રત્યે દુનિયા ક્રૂર બની છે એવું કડવું સત્ય પણ દર્શાવ્યું છે. પરંતુ અહીં પણ ગીતાનાં મંતવ્યથી સમાધાન મેળવવું ઉચિત છે; ૧૭મા અધ્યાયનો ૧૧મો શ્લોક આ પ્રમાણે છે :-

अफलाकाङ्क्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ॥

અર્થાત્ જે લોકો ફળની આંકાક્ષા રાખતા નથી, પણ 'મારે યજ્ઞ કરવો જોઇએ' એમ મનથી પોતાનું કર્તવ્ય સમજીને જે યજ્ઞ કરે છે તે સાત્ત્વિક છે.

ડો. રાધાકૃષ્ણન ગીતાના આ મંતવ્યની સ્પષ્ટતા આ પ્રમાણે આપે છે. 'ગીતાનો યજ્ઞ વેદના વિધિયુક્ત યજ્ઞ જેવો નથી. એમાં જે 'જીવન' રહેલું છે તેની સેવા માટે માણસ પોતાનાં સંપત્તિ અને કાર્યો અર્પણ કરે તેવું બલિદાનભર્યું કાર્ય એટલે ગીતામાં દર્શાવેલો યજ્ઞ. આવી બલિદાનયુક્ત ભાવનાથી કાર્ય કરતા લોકોને ઘડીભર અન્યાયથી મૃત્યુને ભેટવું પડે, તો તેઓ મૃત્યુને પણ હસતે મોંએ સ્વીકારશે, જેથી તેમનાં બલિદાન દ્વારા દુનિયા વિકાસ પામે. સાવિત્રી યમને કહે છે કે સંતો-સજ્જનો તેમનાં યાતના અને બલિદાન દ્વારા જગતને ટકાવી રાખે છે. જે લોકો ફળની આકાંક્ષા રાખતા નથી તેઓ જે સાચું હોય તે કરે છે, પણ પરિણામો પ્રત્યે ઉદાસીન હોય છે. સોક્રેટિસ કે ગાંધી પોતે સાચું કરે છે

કે ખોટું, સારા માણસનો ભાગ ભજવે છે કે ખરાબ માણસનો તેની સાથે જ સંબંધ ધરાવે છે, અને જીવવાના સંજોગો રહેલા છે કે મરવાના તેની ચિંતા કરતા નથી.'

સારા માણસ બનનારને ઘણી ભારે કિંમત ચૂકવવી પડે છે એવા ઐતિહાસિક દાખલા અવશ્ય નોંધાયા છે, તેમજ વણનોંધાયેલા દાખલા પણ હોય. પરંતુ આ દુનિયામાં ભોગ આપનારા રત્નો પાકે જ નહિ એમ શી રીતે કહેવાય? આ ધરતી પર જેમ ચાર્વાકના અનુયાયીઓ દેણું કરીને ઘી પીએ તેમ એવા ફરેલ માથાના માણસો પણ નીકળે જેઓ દેણું કરીને પણ અન્યને સુખના રસ્તે દોરે. તેવી જ રીતે કર્મો કરવાં પણ ફળનો ત્યાગ કરવો એવાં આધ્યાત્મિક જીવનનો રાહ પસંદ કરવા સૌ કોઇ સ્વતંત્ર છે. ભલે નીકળે વિરલા, પણ ભારતમાં એવા સાધકો કે ઉપદેશકો અવશ્ય રહેવાના અને ભલે થોડા, પણ તેમના અનુયાયીઓ પણ ભારતમાં તો રહેવાના. સાચા ત્યાગી લોકો પરિણામની પરવા કરતા નથી. તેમનું ધ્યેય પોતાના આધ્યાત્મિક વિકાસનું હોય છે અને સાથે સાથે ફળની આસક્તિ વિના દુનિયા જે સ્થિતિમાં હોય તેનાથી વધારે સારી સ્થિતિમાં અર્થાત્ અધ્યાત્મની દૃષ્ટિએ યોગ્ય અર્થમાં વધારે સારી સ્થિતિમાં લાવવા માટે નિમિત્ત તરીકે કર્તવ્યપરાયણ રહેવાનું હોય છે. આમ કરતાં પોતાનાં જીવનનું બલિદાન અપાઇ જાય, તો આવા ત્યાગી પુરુષોને મન તેનો કોઇ જ પ્રશ્ન થતો નથી. આપણે જેને સનાતન મૂલ્યો તરીકે ઓળખીએ છીએ તે મૂલ્યો સ્થાપિત થવામાં નોંધાયેલાં અને વણનોંધાયેલાં એક યા બીજા પ્રકારનાં બલિદાનોનો ફાળો ખૂબ મોટો છે એ સત્ય સ્વીકારવાની આપણી કૃતજ્ઞતાભરી પવિત્ર ફરજ છે. ખરેખરા ત્યાગી લોકોનાં જીવન હમેશાં પછીની પેઢીઓ માટે પ્રેરકબળ બનતાં રહ્યાં છે. આવા અનેક નાનામોટા ત્યાગી આત્માઓને કોટિ કોટિ વંદન !

મધ્યકાલીન સાહિત્ય અને કવિ ઉદયરત્ન

પન્નાલાલ ર. શાહ

મધ્યકાલીન સાહિત્યની વાત કરીએ એટલે સાંપ્રદાયિકતાનો બોધ અભિપ્રેત થાય. એમાં સાહિત્યિક ધ્યક્તાનો પણ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવે છે. પરંતુ મધ્યકાલીન સાહિત્યના વ્યાપક અને ઊંડા અભ્યાસના અભાવનું એ સૂચન કરે છે. મધ્યકાલીન સાહિત્ય માત્ર ધર્મ પ્રણિત નથી કે રૂઢ અર્થમાં ધાર્મિક કે સાંપ્રદાયિક સાહિત્ય નથી. હેમચન્દ્રાચાર્ય જ્યારે કાવ્યાનુશાસન અને અલંકારશાસ્ત્રની રચના કરે ત્યારે એ સાંપ્રદાયિક કઇ રીતે હોઇ શકે? બધાને માટે એમનું સર્જન હતું. સર્વમાન્ય સ્વીકારીને તે સમયે પ્રચલિત પરંપરા અને કાવ્યનો જે ખ્યાલ હોય તે રીતે રોચક બનાવી રજુ કરતા હતા. હેમચંદ્રાચાર્ય આનંદઘનજી, યશોવિજયજી, સોમસુંદરસૂરિ કે અન્ય સર્જક હોય, એનું જૈન દાર્શનિક પરંપરામાં કે ઇતર પરંપરામાં જે કામ કર્યું એ પાછળના પરિબળો કયા છે? એ તપાસનો વિષય બની શકે. આ સર્જકોએ આ રચના શા, માટે કરી? તે તપાસના મુદ્દા બની શકે, તે સમયની સાંસ્કૃતિક, સામાજિક પારેસ્થિતિમાં સત્ય એટલે શું એનું જિવાતા જીવનમાં પુનઃઘટન કે પુનઃઅર્થઘટન કરવું પડે. પરંપરાના અર્થનું પણ પુનર્નિર્માણ કરવું પડે. જે સર્જક પોતાના સમયની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને સર્જન કરે છે તેમાં એવુ કશુક સત્ત્વ છે, જે સનાતન છે, જીવંત છે, એમાંથી જગતને ઘણું આપવા જેવું છે. મધ્યકાલીન સાહિત્યમાં એવાં સર્જકોનુ સર્જન વિપુલ છે. અત્યારના જીવનમાં એ કયાં સુસંગત છે તે બતાવવું પડે, પુનર્ઘટન તે અત્યારના સમયનો પડકાર છે. મધ્યકાલીન સાહિત્યની કોઇ પણ કૃતિનો આ દૃષ્ટિએ અભ્યાસ કરવો જોઇએ.

કોઇ પણ યુગના સાહિત્યમાં સર્જક પર પૂર્વસૂરિઓનો ઋણભાર રહે છે. આમ છતાં અનેક સર્જકોના સર્જનમાં વૈવિધ્ય અને નાવીન્ય જોવા મળે છે. એમાં એનું આગવું વ્યક્તિતત્વ વિલસે છે. ઉપાધ્યાય યશોવિજયજીની કૃતિ વૈરાગ્ય-કલ્પલતા ઉદાહરણરૂપે લઇ શકાય. એ કૃતિ રૂપકાત્મક કથાસાગર-મંડાસાગર તરીકે ઓળખાવી શકાય. એ સિદ્ધર્ષિગણિકૃત 'ઉપમિતિભવ પ્રપંચકથા' પર આધારિત છે. આ કૃતિમાં એના નવસર્જનના અંશો તારવી શકાય અને એમાં થયેલ કાવ્યશાસ્ત્રીય પરંપરાના અનુસરણને રફુટ કરી શકાય. એ જ રીતે મમ્મટના કાવ્ય પ્રકાશ ઉલ્લાસ ૨ અને ૩ની ઉપાધ્યાય શ્રી યશોવિજય-જીની ઉપલબ્ધ ટીકામાં એમણે અનેક સ્થળે નવ્ય-ન્યાયની પરિપાટી અને શૈલીનો વિનિયોગ કરીને તેમણે અત્યંત ધીર, ગંભીર, મૂલગામી અને સૂક્ષ્મ ચર્ચા છેડી છે. જો કાવ્ય-પ્રકાશ પરની એમની આખી ટીકા ઉપલબ્ધ થાય તો અલંકારશાસ્ત્રમાં યશોવિજયજીનું પ્રદાન અને સ્થાન પંડિત જગન્નાથ અને વિશ્વેશ્વર પંડિતની સમકક્ષ મૂકી શકાય.

મધ્યકાલીન સાહિત્ય માત્ર સાંપ્રદાયિક કે ભક્તિ સાહિત્ય છે એમ કહીને એની ઉપેક્ષા ન કરી શકાય. જૈન ગુજરાતી કવિઓ એ માત્ર સદ્ભક્ત ગ્રંથ, કૃતિઓ અને કવિઓની યાદી જ નથી. પરંતુ એમાં મધ્યકાળના ઇતિહાસના ઘણા પાસાં સચવાયેલા છે. મધ્યકાળના સર્જકોએ તે સમયના સાંસ્કૃતિક અને સામાજિક પારેવેશનો ખ્યાલ રાખીને લખ્યું હતું. આમ મધ્યકાળમાં લલિત અને લલિતેતર સાહિત્યની જુગલબંધી છે. મધ્યકાળમાં ભક્તિ સાહિત્યમાં વૈવિધ્ય અને ઊંડાણ છે. એમાં આપણા મુક્તકો, અન્યોક્તિ, અત્યુક્તિ અને કલ્પનાના કારણે બદલાતી કાવ્યરુચિ અને પલટાતા કાવ્યપ્રવાહો અને ધોરણો વચ્ચે, આધુનિક રચનાઓ જેવાં જ અને જેટલાં જ આજે પણ તાજગીપૂર્ણ અને આકર્ષક રહ્યાં છે. આનંદઘનજી, યશો-વિજયજી, મોહનવિજયજી, ચિદાનંદજી, દેવચંદ્રજી અને ઉદય-રત્નના ભક્તિ કાવ્યોમાં ઉપાલંભ, મસ્તી, ટીખળ, મર્મ, નમ્રતા, ઉલ્લાસ, શ્રદ્ધા, ધન્યતાદિ ભાવોની દૃષ્ટાંતસુભગ અને સુઘડ કલ્પનાશીલ અને ઊર્મિસંવેદના અને કલ્પનાશીલ્પથી જીવંત બનતી વાણી ગમે એવી છે. એ લક્ષમાં રાખીને મધ્યકાલીન સાહિત્યનો અભ્યાસ થવો જોઇએ.

બહુસંખ્ય નાનીમોટી રચનાઓ દ્વારા કેવળ જૈન સાહિત્યની પરંપરામાં જ નહીં, પણ સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કવિ ઉદયરત્નનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. લાખો જૈનોને કંઠસ્થ સ્તવનો-સજ્ઝાયો દ્વારા આજે પણ ઉદયરત્ન ચિરસ્મરણીય રહ્યા છે. સં. ૧૭૪૯ ('જબુસ્વામીરાસ')થી સં. ૧૭૬૯ ('હરિવંશરાસ' અથવા 'રસરત્નાકર રાસ')નું અર્ધશતક એમની રચનાઓનો ઉપલબ્ધ કવનકાળ છે. એમની રાજ જેવી લાંબી કૃતિઓમાંથી

વિષય વૈવિધ્યનો બહોળો વ્યાપ તરત આપણું ધ્યાન ખેંચે છે જંબુસ્વામી, સ્થૂલિભદ્ર જેવા મુનિઓ, સુદર્શન આદિ શ્રેષ્ઠી મલયસુંદરી, ગુણમંજરી જેવી સ્ત્રીઓ, શત્રુંજય આદિ તીર્થો. 'હરિવંશરાસ' જેવી રચનામાં મહાભારત અંતર્ગત પાંડવાદિનું કથાનક એમ વિસ્તૃત વિષય વ્યાપમાં એમણે રચનાઓ કરી છે.

શલોકા સ્વરૂપની રચનાઓ. શંખેશ્વરપાર્શ્વનાથ અને નેમનાથ જેવાં તીર્થંકરો વિમલ મહેતા જેવા મંત્રી તો ભરત-બાહુબલિ જેવા શક્તિસંપન્ન ઋષભપુત્રોને વિષય વસ્તુ લેખે એમણે આવર્યા છે. નેમનાથ-રાજિમતીના કથાનકનો આધાર લઈ રચેલી 'બાર માસા' કૃતિમાંના ઋતુવર્ણનો ઉદયરત્નની કાવ્યાત્મકતા-સર્જકતાને પ્રગટાવે છે. વ્યક્તિવિશેષ અને સ્થળ વિશેષને વિષય બનાવતાં સ્તવનો-સઝાયોમાં પણ અદ્ભુત વૈવિધ્ય છે. એમાં ભાવ આલેખન છે, કથાનક છે સીધોસાદો ઉપદેશ છે તો ગચ્છ પરંપરાની દસ્તાવેજી વિગતો પણ ઉપલબ્ધ છે. ગચ્છ પરંપરાની દસ્તાવેજી વિગતોમાં ઇતિહાસ સચવાયેલો છે અને એથી એનું મૂલ્ય છે તો પરંપરામાંથી પ્રાપ્ત કથાનકોનો કાવ્યસર્જનમાં વિનિયોગ એમને પરંપરાબદ્ધ કવિ તરીકે નહીં, પણ માનવમનવેદના અને ઉર્ધ્વમૂલક જીવનના ગાતા અને જ્ઞાતા તરીકે પ્રસ્થાપિત કરે છે. ક્રોધ, માન, માયા લોભ, વૈરાગ્ય, ગર્વ, શિયળ જેવી અસંખ્ય સઝાયોમાં પુરા-કથાનો, પરંપરાપ્રાપ્ત કથાનુયોગનો એમણે કુશળતાપૂર્વક વિનિયોગ કર્યો છે. ઉર્ધ્વમૂલક જીવનમાંથી ચ્યૂત કરાવનારા તત્ત્વોની મૂળભૂત સમજણ આપી છે અને જીવનની ઉન્નતિના શીખરો સર કરી શકાય એવી કાવ્ય-બાની આપી છે. કવિ ઉદયરત્નની કૃતિઓ-સ્તવન સઝાય, સલોકાદિનો સર્વસંગ્રહ (ઉદય-અર્ચના સંપાદકો : આ. કાંતિભાઇ બી. શાહ વિનોદચંદ્ર ર. શાહ, કીર્તિદા ર. જોશી) તાજેતરમાં પ્રકાશિત થયેલ 'ઉદય-અર્ચના'માં થાય છે. મધ્યકાળના કવિની કૃતિઓ વેરવિખેર મળે, કંઠસ્થ મળે પણ એકી સાથે બધી કૃતિઓનો સંચય મળે એવા પ્રકાશનોની અને એવા કેન્દ્રીય પુસ્તકાલયોની આજે આવશ્યકતા છે. આ સંદર્ભમાં આ પ્રકાશનને આવકારતા આનંદ અનુભવું છું. ઉત્તમ કાગળ, સુઘડ છપાઇ અને આકર્ષક મુખપૃષ્ઠ આ પ્રકાશનની વિશેષતા છે તો આવા પ્રકાશનના ખર્ચ માટે શ્રેષ્ઠીઓનો સહયોગ પણ આવકાર્ય છે, પરંતુ શ્રેષ્ઠીઓની છપાયેલી તસવીરોનો ઉઠાવ આવતો નથી. એટલે ખૂંચે છે. કદાચ સાદા કાગળોના બદલે આર્ટ – પેપરમાં છાપકામ થયું હોત તો આ ક્ષતિ નિવારી શકાઇ હોત. પ્રારંભમાં કવિ ઉદયરત્નનો એમને લગતી દસ્તાવેજી વિગતો ચકાસીને આપેલો પરિચય સંપાદકોની સૂઝ અને પરિશ્રમનો દ્યોતક છે.

સર્વોદય પરિવાર ટ્રસ્ટને ભેટ રકમ આપવાનો કાર્યક્રમ

અહેવાલ : ચીમનલાલ કલાત્રવ

ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાની આદિવાસી પ્રજાના ઉત્કર્ષ અર્થે પિંડવળ ગામે સર્વોદય પરિવાર ટ્રસ્ટના નામથી કાર્ય કરતી સંસ્થાને ત્યાંના આદિવાસીઓના ઝુંપડાઓ પર નળિયા નખાવી આપવા માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી એક લાખ રૂપિયાની ભેટ રકમ અર્પણ કરવાનો એક કાર્યક્રમ શનિવાર, તા ૧૩-૫ ૧૯૭૯ના રોજ સાંજના સાડા ચાર વાગે ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટિ રૂમમાં ડો. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે જાણીતા સર્વોદય કાર્યકર શ્રી નારાયણભાઇ દેસાઇ અતિથિવિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી કોકિલાબહેન વકાણીની મંગલ પ્રાર્થનાથી થયો હતો.

જૈન યુવક સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે સેવા એ ઇશ્વર સાથે જોડનારી સાંકળ છે. આપણે સૌએ એક દિવસ તો આ જગતમાંથી વિદાય લેવાની જ છે તો આપણાથી કંઇ સારું કામ થઇ શકે તો અત્યારે જ, અત્યારીએ જ શા માટે ન કરીએ ? આજે વિશ્વમાં જ્ઞાન અને કરુણાનાં કાર્યો વધુમાં વધુ થવા જોઇએ. જૈન યુવક સંઘનું ધ્યેય પણ આજ રહ્યું છે. પિંડવળ જેવા આદિવાસી વિસ્તારમાં જે સેવાકાર્યો થાય છે તેને યત્કિંચિત સહાયક થવાનો અમારો આ વિનમ્ર પ્રયાસ છે.

શ્રી અમરભાઇ જરીવાલાએ જણાવ્યું હતું કે ગુજરાત એ રીતે સદ્ભાગી છે કે જેને રવિશંકર મહારાજ, જુગતરામ દવે, બબલભાઇ મહેતા, પુષ્પાબહેન મહેતા, નારાયણ દેસાઇ જેવા સંનિષ્ઠ લોકસેવકોનો લાભ મળ્યો છે. પિંડવળમાં કાંતાબહેન, હરવિલાસબહેન, કાંતિભાઇ નવનીતભાઇ વગેરે ભાઇ બહેનો જે સેવાયજ્ઞ કરી રહ્યાં છે તે ખરેખર આપણા સૌના માટે ગૌરવરૂપ છે.

જૈન યુવક સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે આપણા દેશને આઝાદી મળ્યાને ચાર દાયકા થયા, પરંતુ ધરમપુર જેવા આદિવાસી વિસ્તારોની મુલાકાત લેતાં લાગે છે કે આ પ્રદેશના લોકોને આઝાદી મળી તોય શું ? અને ન મળી તોય શું ? એવી પરિસ્થિતિ રહી છે. આ વિસ્તારનાં કેટલાંક ગામોમાં એક ટકો પણ ફેરફાર થયો નથી. ગાંધીજીએ ગામડાં ઉપર, ગ્રામોદ્યોગ ઉપર ભાર મૂકયો હતો, પરંતુ આપણે ઔદ્યોગિકરણમાં પડ્યા, પરિણામે શહેરો સમૃદ્ધ થયાં અને ગામડાઓ તૂટવા લાગ્યાં. શહેરોમાં સ્લમ્સ વિસ્તારો વધતા ગયા. ભારતમાં એક પણ એવું મોટું શહેર નથી કે જ્યાં લાખો લોકો સ્લમ્સ વિસ્તારમાં ઝુપડપટ્ટીમાં ન રહેતા હોય આપણું આર્થિક આયોજન જ ખામી ભરેલું પુરવાર થયું છે. આવા પછાત વિસ્તારોના વિકાસ માટે માત્ર સરકાર ઉપર આધાર રાખી શકાય નહિ. સ્વૈચ્છિક સંસ્થાઓએ એવું કેટલુંક કામ ઉપાડી લેવું જોઇએ. સર્વોદય પરિવાર ટ્રસ્ટ તરફથી જે કાર્ય ધરમપુર-પિંડવળ વિસ્તારમાં થાય છે તે અમે જાતે નજરે જોયું છે અને તેનાથી બહુ જ પ્રભાવિત થયા છીએ.

કાર્યક્રમના અતિથિવિશેષ, જાણીતા સર્વોદય કાર્યકર શ્રી નારાયણભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે આ સૃષ્ટિ પર બે સંસ્કૃતિનો પ્રવાહ ચાલી રહ્યો છે. એક છે જીવનની સંસ્કૃતિ અને બીજી છે મરણની સંસ્કૃતિ. આ બંને સંસ્કૃતિઓ માત્ર શહેરોને જ સ્પર્શે છે એમ નથી. ગામડાઓને પણ સ્પર્શે છે, પરંતુ દુ:ખની વાત એ છે કે આજે આપણે મરણની સંસ્કૃતિને પોષે તેવાં કાર્યો કરી રહ્યા છીએ. ખરેખર તો પિંડવળ જેવા આદિવાસી વિસ્તારોમાં ચાલનાં સત્કાર્યોને વધુ પુષ્ટિ મળે તેવાં કાર્યો પર ભાર દેવાની જરૂર છે અને એ જ આપણી જીવનસંસ્કૃતિ છે. જૈન યુવક સંઘે આજે પિંડવળના આદિવાસીઓ માટે જે કાર્ય કર્યું તે હકકરઆપાની પરંપરાનું કામ છે. અને આ

કાર્યમાં, તમે સૌએ જે સહિયારો સહકાર આપ્યો તે, ગાંધીજીની પરંપરાનું કામ છે.

જૈન યુવક સંઘ તરફથી રૂપિયા એક લાખનો ચેક સર્વોદય પરિવાર ટ્રસ્ટના શ્રી કાંતાબહેન તથા હરવિલાસ-બહેનને અર્પણ કરતાં જૈન અગ્રણી શ્રી દીપચંદભાઈ ગાડીએ જણાવ્યું હતું કે આજે ભારતમાં ૭ કરોડ જેટલા આદિવાસીઓ છે. ભારતનું સાચું દર્શન શહેરોમાં નહિ ગામડાંઓમાં અને આવા આદિવાસી વિસ્તારોમાં છે યુવક સંઘ દ્વારા આદિવાસીઓ માટે આવું સુંદર કામ થાય છે તેનો મને અત્યંત આનંદ છે.

સર્વોદય પરિવાર ટ્રસ્ટના અગ્રણી શ્રી કાંતાબહેન શાહે જણાવ્યું હતું કે આદિવાસીઓનાં કામો કરવાની પ્રેરણા અમને પૂ વિનોબાએ આપી હતી. તેમણે અમને આદેશ આપ્યો હતો કે 'ભાવનગર' નહિ 'અભાવનગર'ના વિસ્તારમાં જઈ આ સેવા કાર્યનો પ્રારંભ કરો. અને અમે પાણી, વીજળી, એસ. ટી. કે અન્ય કોઈ જાતની સુવિધાથી વંચિત આ પિંડવળનો વિસ્તાર પસંદ કર્યો અને છેલ્લા બાવીસ વર્ષથી અમે અહીં કાર્ય કરી રહ્યાં છીએ. ગીચ જંગલોમાં રહેતી અહીંની આદિવાસી પ્રજા સાથે બહારની દુનિયાનો સંપર્ક ઘણો ઓછો છે. અહીં કુદરતે છૂટા હાથે સૌંદર્ય વેર્યું છે પરંતુ કુદરતના ખોળે જીવતો અહીંનો ગરીબ આદિવાસી અનેક અભાવથી પીડાય છે. પોષક તત્વો અને સમતોલ ખોરાકનો અભાવ ગંદા, ડહોળા પાણી, અસ્વચ્છ આદતો, શાકભાજી અને લીલોતરીનો અભાવ, દહીં, છાશનો અભાવ. આને લીધે અહીંની પ્રજા જુદા જુદા રોગોથી પીડાય છે. મેલેરિયા, મરડો, ક્ષય અને કુષ્ટરોગનું પ્રમાણ પણ અહીં ઘણું છે. ચામડીના દરદો તો અહીં ઘરે ઘરે છે. રતાંધળાપણું તો અહીં ખરું જ. તેથી આ આદિવાસી પ્રજાને શક્ય સારવાર, સમજણ અને સરળ જીવન જીવવાની ઉત્કંઠા જાગે તે માટે સર્વોદય પરિવાર ટ્રસ્ટના કાર્યકરો ઉત્સાહથી કામ કરે છે.

પિંડવળના બીજા અગ્રણી કાર્યકર બહેનશ્રી હરવિલાસ બહેને જણાવ્યું હતું કે પિંડવળની ધરતીનું ઋણ અમને બોલાવતું હતું. અને તેથી જ અમે અહીં વસ્યા અને આજે અમારું તીર્થ પિંડવળ છે. અમારા ભગવાન આદિવાસીઓ છે અને એમને મદદરૂપ થવું એ અમારી પૂજા છે. છેલ્લા આઠ વરસથી અહીંના લોકોને મેંગલોરી નળિયા આપવાની યોજના અમે હાથ ધરી છે. આ યોજનામાં દરેક કુટુંબને પોતાના ઝુપડાં પર પાકું છાપરું કરવા એક હજાર નળિયા અપાય છે. કુટુંબ દીઠ નળિયાનો ખર્ચ પંદરસો રૂપિયાનો આવે છે. તેમાંથી પાંચસો રૂપિયા નળિયા લેનાર કુટુંબ ભોગવે અને બાકીની રકમ ટ્રસ્ટ આપે અને આ રીતે અત્યાર સુધીમાં બે હજારથી વધુ કુટુંબોના ઝુંપડાં પર મેંગલોરી નળિયાનું પાકું છાપરું કરી આપવામાં આવ્યું છે. આજ સુધીમાં વીસ લાખથી વધુ રકમ આ યોજના પાછળ અમે ખર્ચી ચૂક્યા છીએ. ચાર-પાંચ વરસની અંદર આ વિસ્તારનું કોઈ ઝુંપડું પાકા છાપરા વિનાનું ન રહે એવી અમારી નેમ છે. અહીંના આદિવાસી પ્રજાના વિવિધ ક્ષેત્રોમાં રસ લઈ સમગ્રપણે એમને ટેકારૂપ થવાનો પ્રયત્ન અમે કરીએ છીએ. ત્રીસ ચાલીસ હજારની વસતીના એક આખા વિસ્તારની સર્વાંગી ઉન્નતિમાં અને તેટલી સહાય કરવાનું અમારું ધ્યેય રહ્યું છે. આના કારણે લગભગ બે ડાયકાના ગાળામાં આ વિસ્તારમાં અને આદિવાસીઓના જીવનમાં ઘણા ફેરફારો થયા છે.

પિંડવળમાં પોતાનું જીવન સમર્પણ કરવાનો સંકલ્પ કરનારા સર્વોદય પરિવાર ટ્રસ્ટના કર્મઠ કાર્યકર ડો. નવીનીતભાઈ ફોજદારે જણાવ્યું હતું કે છેલ્લાં એકવીસ વર્ષથી આ વિસ્તારમાં હું કામ કરું છું. અહિંના આદિવાસીઓને પોતાના છોકરા-છોકરીના નામની સુદ્ધા ખબર નથી તેમને તાવ આવે, રતાંધળાપણું થાય તો પણ તેમને કંઈ પડી નથી અહીં ગરીબી અને અજ્ઞાનતા તો છે જ પણ વિચારોની અભિવ્યક્તિનો પણ અહીં અભાવ છે તે અમારે દુર કરવાનો છે. છેલ્લાં અઢાર વર્ષથી પિંડવળ ગામે આરોગ્ય કેન્દ્ર ચલાવવામાં આવે છે. પ્રતિવર્ષ પંદર હજાર જેટલા દર્દીઓ આ કેન્દ્રનો લાભ લે છે. રતાંધળાપણું નિવારવા વિટામીન 'એ'ની ગોળી ઝુંપડે ઝુંપડે ફરી અપાય છે. ખસ-ખૂજલી અને ચામડીના અન્ય રોગો નાબૂદ કરવા ગામ આખાની સામૂહિક સારવારની ઝુંબેશ ચલાવાય છે. સ્વચ્છ ચોકખા પીવાના પાણી માટે દરેક ગામે પાકા કૂવા બંધાવાય છે. તેમાં માલસામાન અને કારીગર ટ્રસ્ટ પૂરા પાડે છે અને શ્રમદાન જે તે ગામના લોકો કરીને આવા કૂવાઓનું નિર્માણ કરે છે.

આ પ્રસંગે જાણીતા ઉદ્યોગપતિ શ્રી મફતલાલ મહેતાએ પોતાના તરફથી રૂપિયા એકાવન હજાર સર્વોદય પરિવાર ટ્રસ્ટને આપવાની જાહેરાત કરતા જણાવ્યું હતું કે છેલ્લાં કેટલાંક વર્ષોથી આવા સેવા કાર્યોમાં મને વધુ રસ પડે છે. આવાં સત્કાર્યો વધુ ને વધુ થવા જોઈએ અને આદિવાસી પ્રજાને વધુને વધુ ઉપયોગી બનીને આપણે આપણું કર્તવ્ય બજાવવું જોઈએ.

કાર્યક્રમનું સંચાલન સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે કર્યું હતું. સંઘની સમિતિના સભ્ય શ્રી ગણપતલાલ ઝવેરીએ આભારવિધિ કર્યા બાદ આ કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી.

સાભાર સ્વીકાર

[] **હૈમસ્મૃતિ સંપા.** કુમારપાળ દેસાઈ * પાકું પૂઠું * સાઈઝ ડેમી * પૃષ્ઠ-૧૨૦ * મૂલ્ય રૂા. ૫૦/- * પ્રકા. શ્રી અનિલભાઈ ગાંધી મંત્રી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય નવમ્ જન્મશતાબ્દી મહોત્સવ સમિતિ-અમદાવાદ [] **આત્મ-વલ્લભ** (દિલ્હીના વલ્લભ સ્મારક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગની સ્મરણિકા) પ્રકા. શ્રી આત્મવલ્લભ સરકૃતિ મંદિર ૨૦મો કિ. મી., જી. ટી. કરનાલ રોડ, પોસ્ટ-અલીપુર દિલ્હી-૧૧૦૦૩૬ [] **મેઘધનુષ** લે. નવનીત પારેખ * ડેમી સાઈઝ પૃષ્ઠ-૧૦૨ * મૂલ્ય ૨૦-૦૦ પ્રકા. બાલગોવિંદ પ્રકાશન, બાલા હનુમાન પાસે ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦૦૦૧ **સંત સુરભિ** લે. વિનોબા * સંપાદિકા : મીરા ભટ્ટ * પૃષ્ઠ ૧૬૩ * મૂલ્ય રૂા. ૧૬ પ્રકાશક યજ્ઞ પ્રકાશન ભૂમિપુત્ર, હુઝરાત પાગા, વડોદરા-૩૯૦૦૦૧

ચીનમાં લોકશાહી માટે આંદોલન

(પૃષ્ઠ નં. ૨થી ચાલુ)

કરવા આવ્યા હતા. ચીનની સરહદ ઉપર લાખો રશિયન સૈનિકોનાં થાણાં રાખેલાં છે. તે હવે પોતે હટાવી લેશે એવી હૈયાધારણ એમણે ચીનને આપી છે, ગોર્બાચેવે (૧) અમેરિકા સાથે અણુશસ્ત્રો ઘટાડવાની બાબતમાં વાટાઘાટો કરીને તેનો અમલ કરાવ્યો. (૨) અફઘાનિસ્તાનમાંથી રશિયન સૈનિકો પાછા ખેંચી લીધા. (૩) ચીનની સરહદ ઉપરના રશિયન સૈનિકોને પાછા હટાવી લેવાની સામેથી દરખાસ્ત કરી અને (૪) ખુદ સોવિયેત રશિયામાં ક્રમિક લોકશાહી માટે મહત્ત્વનાં પગલાં ભર્યાં. એથી ગોર્બાચેવ અને સોવિયેત યુનિયનની છાપ આખી દુનિયામાં હવે બદલાઇ ગઇ છે. એનાં શુભ પરિણામો નજીકના ભવિષ્યમાં દુનિયાને જોવા મળશે. ગોર્બાચેવ હૃદયથી અને નિષ્ઠાથી શાંતિના અને લોકકલ્યાણના ચાહક છે. તેઓ માત્ર દંભ કે દેખાવ નથી કરતા માત્ર અંગત પ્રસિદ્ધિ માટે સ્ટંટ નથી કરતા, પરંતુ સાચા અંતરથી દુનિયામાં સુલેહ સમાધાન કરાવી દુનિયાને લોકકલ્યાણ તરફ લઇ જવા માગે છે એમ દેખાય છે. એટલે ગોર્બાચેવની મુલાકાત ચીનના લોકશાહી માટેના આંદોલનને માટે પ્રોત્સાહક અને ઉપકારક નીવડે એવી બની છે.

ચીનની સરકારને વહેમ છે કે વિદ્યાર્થીઓના આ આંદોલન પાછળ કોઇ વિદેશી સત્તાનો હાથ રહેલો છે. કદાચ અમેરિકાનો હાથ રહેલો હોય. ચીની વિદ્યાર્થીઓએ અંગ્રેજી ભાષામાં જે બેનરો બનાવ્યાં તેમાં અમેરિકન શૈલી દેખાય છે. કેટલાંક વાક્યો તો સુપ્રસિદ્ધ અમેરિકન ચિંતકોનાં છે. એટલે અમેરિકા જેવા લોકશાહી દેશની અસર સીધી અને આડકતરી રીતે ચીની વિદ્યાર્થીઓ ઉપર વિશેષ પડવાનો સંભવ છે. વળી ચીનમાં દુનિયાના બીજા દેશો કરતાં અમેરિકનોને વધારે સરળતાપૂર્વક પ્રવેશવાની છૂટ છે. અને અમેરિકનતંત્ર આમ પણ બધે પોતાના ગુપ્તચરો મોકલવામાં જાણીતું અને પાવરધુ છે. એટલે ચીનને અમેરિકા ઉપર વહેમ હોય તો તે સ્વાભાવિક છે. ચીને પોતાના ટી વી ઉપર વિદેશની બધી ચેનલો અટકાવી દીધી છે અને પોતાના સમાચાર વિદેશમાં ન જાય એ માટે ઘણો પાક્કો બંદોબસ્ત કર્યો છે. છતાં અમેરિકાના ટી.વી ઉપર ચીનના ઘણા સમાચારોનાં દ્રશ્યો બતાવાય છે એ દર્શાવે છે કે અમેરિકા પોતે પણ ચીનના આ વિદ્યાર્થી આંદોલનમાં હેતુપૂર્વક ઘણો રસ લઇ રહ્યું છે.

સામ્યવાદી ચીનમાં આર્થિક પ્રગતિ જોઇએ તેવી સંતોષકારક નથી. તેમાં અસમતુલા ઘણી વધી ગઇ છે. યુનિવર્સિટીના એક પ્રોફેસર કરતાં એક હજામ અથવા સાઇકલ રિક્ષાવાળો બમણી કમાણી કરી શકે છે. બુદ્ધિવાદીઓનું અને બીજા અનેક લોકોનું શોષણ થાય છે. શિક્ષણની વ્યવસ્થા સંતોષકારક નથી. એટલે વિદ્યાર્થીઓને જેટલું સારું શિક્ષણ મળવું જોઇએ તેટલું મળતું નથી. સારા સારા માણસો અધ્યાપનનું ક્ષેત્ર છોડીને બીજા ક્ષેત્રમાં ચાલ્યા જાય છે. આથી વિદ્યાર્થીઓના અસંતોષમાં પ્રગટેલું આ જબરદસ્ત આંદોલન છે.

પરંતુ ચીનના વિદ્યાર્થીઓને પોતાને ખરેખર શું શું જોઇએ છે એનું ચિત્ર એમની પોતાની જ પાસે સંપૂર્ણપણે સ્પષ્ટ અને વ્યવસ્થિત નથી. તેઓને લોકશાહી જોઇએ છે; પરંતુ તેમને લોકશાહીનો જાતઅનુભવ નથી કે તેઓને લોકશાહીના સિદ્ધાંતો વિશેનો કોઇ વ્યવસ્થિત અભ્યાસ કરવાની તક સાંપડી નથી. તેઓની સૌથી પ્રથમ પ્રતિક્રિયા તો એ છે કે વર્તમાન સરકારી તંત્ર અત્યંત ભ્રષ્ટ થઇ ગયું છે. તેમાં સગાવાદ પાર વગરનો ચાલે છે. અનેક લોકોને અન્યાય થાય છે. અનેક લોકોને નાની નાની બાબતો માટે પણ પાર વગરની હાડમારી ભોગવવી પડે છે. લોકોનો અવાજ ઉચ્ચ સત્તાધીશો સુધી પહોંચતો નથી આ પરિસ્થિતિમાંથી છૂટવાનો ઉપાય એક જ છે કે દેશમાં લોકશાહી પદ્ધતિ દાખલ કરવામાં આવે, એટલા માટે તેઓની માગણી લોકશાહીની છે. એ માગણી સંતોષાશે કે નહિ તેમનું આંદોલન સફળ થશે કે કેમ એ અત્યારથી કેમ કહી શકાય ? જે સરકાર પાસે આટલી બધી સત્તા પડેલી છે તે સહેલાઇથી પોતાની નિષ્ફળતા કે હાર કેમ સ્વીકારી લે ? આંદોલનને તોડવાના સરકાર દ્વારા કેવા વ્યવસ્થિત ક્રમિક ઉપાયો યોજાય છે એ પણ જોવાનું રહે છે.

આ આંદોલનનાં ભાવિ પરિણામો જ્યારે અને જેવાં આવવાનાં હોય તેવાં આવે, પરંતુ એટલું તો નક્કી છે કે લાખો-કરોડો વિદ્યાર્થીઓના ચિત્તમાં લોકશાહીનું બી વવાઇ ગયું છે અને અંકુર ફૂટી નીકળ્યો છે !

—રમણલાલ ચી. શાહ

તંત્રીલેખ અંગે ખાસ નોંધ

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી **ડૉ. રમણલાલ ચી. શાહ** તા. ૨૭ જૂન, ૧૯૮૯ના રોજ બે સપ્તાહના રશિયાના પ્રવાસે જવા રવાના થયા છે. તેઓ રશિયા જતાં પહેલાં તા. ૩૧-૫-'૮૯ના **'ચીનમાં લોકશાહી માટે આંદોલન'** એ વિષે તંત્રીલેખ તૈયાર કરી છાપવા આપી ગયા હતા. તે પછી તો ચીનમાં અનેક ઘટનાઓ બની છે અને ચીનમાં લોકશાહી માટેનું આંદોલન હાલ તુરત તો લશ્કર દ્વારા જોરજુલમથી કચડી નાખવામાં આવ્યું છે. ચીનની સરકારે લશ્કર દ્વારા લીધેલાં પગલાં પહેલાં આ લેખ લખાયો છે તેની નોંધ સુજ્ઞ વાચકોને લેવા નમ્ર વિનંતી છે. —**મંત્રીઓ**

સાભાર સ્વીકાર

શ્રી કૃષ્ણવીર દીક્ષિત કૃત વિવેચન ગ્રંથો. [] **આહ્લાદ** (કાવ્ય ગ્રંથોના અવલોકન) * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ- ૮૨ * મૂલ્ય રૂા. ૩૭'- [] **ભાવન** (વિવેચન ગ્રંથોના અવલોકન) * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ-૧૭૩ * મૂલ્ય રૂા. ૩૬/- [] **કથાદીપ** (નવલકથાઓના અવલોકનો * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ ૧૫૧ * મૂલ્ય રૂા. ૩૩ * **રંગવિહાર** (નાટ્યગ્રંથોના અવલોકનો * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ ૧૫૧ * મૂલ્ય રૂા. ૩૬ * **લહર** (હ્રાસ્ય અવલોકન) * ક્રાઉન ૧૬ પેજી * પૃષ્ઠ ૮૮ * મૂલ્ય રૂા. ૧૯ આ પાંચેય ગ્રંથોના પ્રકાશક : **રત્નાદ્રિ પ્રકાશન** ૨૩૪૧, મહાલક્ષ્મીની પોળ, રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ * શ્રીમદ્ આચાર્ય શ્રી શુભચંદ્રદેવ વિરચિત **સવીર્ય ધ્યાન** * ભાષાંતર : વીરચંદ રાઘવજી ગાંધી * વિવેચન : આનંદઘનજીના * સંપાદનઃ પન્નાલાલ ૨. શાહ * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૧૩૪ * મૂલ્ય રૂ. ૧૦- પ્રકાશકઃ શ્રી જૈન એસોસિએશન ઓફ ઇન્ડિયા C/૦. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૪૦૦૦૩૬.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ – ૪૦૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪

વર્ષ : ૪૨ * અંક : ૪ * તા. ૧-૭-૧૯૮૯.....Regd. No. MH. By / South 54 * Licence No. 137

પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર * પરદેશમાં રૂા. ૩૦૦/-

તંત્રી : રમણલાલ ચી. શાહ

પેરેસ્ટ્રોઇકાના પ્રદેશમાં

થોડા દિવસ પહેલા સોવિયેટ યુનિયનમાં તાશ્કંદ, સમરકંદ, તિબિલિસી, સોચી, લેનિનગ્રાદ, મોસ્કો વગેરે સ્થળોની મુલાકાત લેવાની તક સાંપડી હતી. દસેક વર્ષ પહેલાં સોવિયેટ યુનિયન (રશિયા કરતાં સોવિયેટ યુનિયન વધારે સાચો શબ્દ છે) નો મેં પ્રવાસ કર્યો હતો તે સમયની પરિસ્થિતિ અને વર્તમાન પરિસ્થિતિ વચ્ચે ઘણો બધો ફરક દેખાયો. સોવિયેત યુનિયની પ્રજા હવે જાણે મુક્ત હવા અનુભવી રહી હોય તેવી પ્રતીતિ થઇ. પહેલાંના વખતમાં કોઇપણ માણસ અજાણ્યાની સાથે વાત કરે નહિ, અજાણ્યાને સલામ ભરે નહિ, કે રિમત ફરકાવે નહિ. વિદેશી લાગતા માણસો સાથે સંપર્ક ન થઇ જાય એટલા આધા રહે. તેઓ આડોશીપાડોશી સાથે પણ ખુલ્લા દિલથી વાત કરે નહિ, કારણ કે રખેને તેઓ ચાડી ખાય અથવા તેમના ઘરમાં કોઇ સરકારી જાસૂસ હોય. દરેક સ્થળે ઓછામાં ઓછા બે કે ત્રણ માણસો ફરજ ઉપર હોય જેથી તેઓ એક બીજાની ઉપર નજર રાખે. લોકો ખાઇપીને પોતાનું શાંત જીવન જીવ્યે જાય. એમાં કોઇ તમન્ના ન હોય, ઉલ્લાસ ન હોય, ભાવના ન હોય વિકાસની દૃષ્ટિ ન હોય કશું કે સિદ્ધ કરવાના સ્વપ્ન વિના. પરિમિત વસ્તુઓમાં અને પરિમિત સ્થળમાં તેમનું જીવન પુરું થઇ જાય. દીવાલોને પણ કાન હોય છે એટલી હદ સુધી ભયનું વાતાવરણ રહેતું. સ્ટેલિને લાખો માણસોએ જરાક શકા જતાં મારી નખાવ્યાનું અથવા સાઇબિરિયાના કોન્સેન્ટ્રેશન કેમ્પમાં મોકલી દેવાયાનું કહેવાય છે. સ્ટેલિન અત્યંત નિર્દય રાજપુરુષ હતો અને એથી સ્ટેલિને ભલે બીજા વિશ્વયુદ્ધમાં સોવિયેત યુનિયનને જીત અપાવી, પરંતુ પ્રજાના હૃદયમાં એને માટે જરાય લાગણી નહોતી. એથી જ એના અવસાન પછી ક્રમે ક્રમે સમગ્ર સોવિયેત યુનિયનમાંથી એની મોટી મોટી તસ્વીરો ઉતારી લેવામાં આવી એનાં પૂતળાં દુર કરવામાં આવ્યાં. સ્ટેનિનગ્રાદ શહેરનું નામ બદલીને પાછું વોલ્ગોગાડ કરી દેવામાં આવ્યું અને સ્ટેલિનની કબર ખોદી નાખીને એના હાડકાંને બહાર ફગાવી દેવામાં આવ્યાં. આજે પણ સોવિયેત યુનિયનની પ્રજામાં સ્ટેલિન પ્રત્યે કોઇને પણ કુણી લાગણી નથી.

પશ્ચિમના જગતમાં છેલ્લા કેટલાક સમયથી નવો ખળભળાટ મચી રહ્યો છે. બાકીના જગતથી પોતાના રાષ્ટ્રને અલિપ્ત રાખવા માટે સામ્યવાદી સોવિયેત યુનિયને ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ પછી જે લોખંડી દીવાલ ઉભી કરી હતી તે દિવાલ હવે રાષ્ટ્ર પ્રમુખ ગોર્બાચેવ પોતે જ હટાવી રહ્યા છે. વિશ્વમાં તંગદિલિ દુર કરવાની બાબતમાં ગોર્બાચેવે જે પગલાં લેવા માંડ્યાં છે તે વિશ્વના ભાવિ માટે એક શુભ નિશાની છે એને તે અત્યંત આવકારદાયક છે. સ્ટેલિન, કૃશ્ચેવ, કોસિજિન, બ્રેઝનેવ વગેરે કડક મુખમુદ્રાવાળા સોવિયેટ સત્તાધીશોએ પોતાના રાષ્ટ્રની પ્રજાને જે રીતે કડક દાબમાં રાખ્યા કરી હતી તે પરિસ્થિતિમાં હસમુખા, ઉદારદિલ, સંનિષ્ઠ ગોર્બાચેવે વિશ્વ શાંતિની દૃષ્ટિએ આવકાર દાયક ફેરફારો કરવા માંડ્યા છે, વિશ્વના ઇતિહાસમાં આ ઘટના એક સીમાચિહ્ન રૂપ બની રહેશે, ગોર્બાચેવની અમેરિકા, ચીન, ભારત, પશ્ચિમ જર્મની વગેરે દેશોની મુક્ત મનની મુલાકાતોએ એમની સંનિષ્ઠાની પ્રતીતિ કરાવી છે. તેઓ સાચા દિલથી વિશ્વશાંતિ અને લોકકલ્યાણની ભાવના ધરાવનાર રાજપુરુષ જણાય છે. બીજા દેશોની મુલાકાતોમાં જાત સલામતીની પરવા કર્યા વગર લોકોમાં જે રીતે તેમણે હળવા મળવાનું ચાલુ કર્યું છે તથા એમના વર્તનમાં જે અનૌપચારિકતા, નિખાલસતા, પ્રેમ અને સાદગિકતા જોવા મળે છે, સામાન્ય લોકો સાથે પણ જે ઉમંગથી તેઓ હાથ મિલાવે છે અને નાનાં બાળકોને તેડી લે છે તે હૃદયની સાચી નિષ્ઠા અને ઉષ્મા વગર બની શકે નહિ.

ગોર્બાચેવે વિશ્વના રાજકારણમાં પોતાના સોવિયેત યુનિયનને માટે બે નવા રશિયન શબ્દો આપ્યા છે, જે આખી દુનિયામાં ઝડપથી પ્રચલિત થઇ ગયા છે. એક શબ્દ છે– 'પેરેસ્ટ્રોઇકા' એટલે પુનઃ વિધાન નવરચના અને બીજો શબ્દ છે 'ગ્લાસ્નોસ્ત' એટલે ખુલ્લાપણું, મોકળાશ. સોવિયેત યુનિયને જુદી જુદી પંચવર્ષીય યોજનાઓ દ્વારા દેશમાંથી બેકારીનું નિવારણ કર્યું અને આર્થિક સમાનતા સ્થાપી. સમગ્ર સોવિયેત યુનિયનની પ્રજાને ખાવા માટે અન્ન, પહેરવા માટે વસ્ત્ર અને રહેવા માટે ઘર મળી રહે એવું આયોજન થયું તે એની એક પરમ સિદ્ધિ ગણાય. સમગ્ર રાષ્ટ્રમાં દરેક વ્યક્તિને કામ અને રોજી મળી રહે અને દરેકને ખાવાપીવાનું અને રહેવાનું મળી રહે એવું આયોજન સફળતાપુર્વક પાર પડ્યું છે. આમ છતાં સોવિયેત યુનિયનમાં ફરતાં રોનક કે સમૃદ્ધિ દેખાય નહિ. જે રોનક યુરોપ-અમેરિકાના સમૃદ્ધ શહેરો ઉપરાંત નાના ગામોમાં જોવા મળે છે. તે સોવિયત યુનિયનમાં મોટાં મોટાં શહેરોમાં પણ જોવા મળતી નથી. ત્યાંનાં ગામડાંઓ તો સાવ સાદાં અને કશા પરિવર્તન

વિનાનાં દેખાય છે.

ગોર્બાચેવને સામ્યવાદના દુષ્પરિણામો દેખાવા લાગ્યાં છે. લોક ક્રાંતિના સાત દાયકા પછી ત્યાંના કેટલાક રાજદ્વારી પુરુષોને અને ચિંતકોને સમજાયું છે કે રશિયામાં કામ ઘણું થાય છે, પરંતુ તે જરૂર પુરતું જ થાય છે. લોકો વધુ મહેનત કરતા નથી અને વધુ મહેનત કરવી હોય તેને માટે પુરતો અવકાશ નથી. વળી આખા રાષ્ટ્રના અસંખ્ય લોકો એવું બેડાળું જીવન જીવવાને હવે ટેવાઈ ગયા છે અને એવી મનોવૃત્તિ ધરાવતા થઈ ગયા છે કે ફરજ ઉપરનું કામ જેટલું થાય તેટલું કરવું; ન થાય તો પોતાને કોઈ કશું કરી શકવાનું નથી. આથી પ્રજામાં નિષ્ક્રિયતાનું તત્ત્વ ઉત્તરોત્તર વ્યાપક બનતું ગયું છે. કશુંક કરી બતાવવાનું, કશુંક સિદ્ધ કરવાનું કે કોઈ બાબતમાં પહેલ કરવાની ઉત્સાહભરી ગતિશીલતાનું તત્ત્વ એકંદરે ઓછું થતું ગયું છે. ક્રિયાન્વિતતાનો અભાવ ઉત્તરોત્તર વધતો ગયો છે ગોર્બાચેવની ફરિયાદ છે કે પોતાના રાષ્ટ્રમાં કેટલાય લોકો હવે જાણી જોઈને ઓછું કામ કરે છે. એટલા માટે સમગ્ર રાષ્ટ્રમાં પરિવર્તન પુનર્વિધાન, પુનર્રચનાની પેરેસ્ટ્રોઇકાની આવશ્યકતા છે. પેરેસ્ટ્રોઇકા એટલે પુનર્રચના. Transformation, Reconstruction. સોવિયેત યુનિયનમાં પેરેસ્ટ્રોઇકાનું નવું વાતાવરણ હવે ચાલુ થયું છે. પેરેસ્ટ્રોઇકાના નવા યુગનું મંડાણ થઈ ચૂક્યું છે. એ માટે લોખંડી દીવાલ દુર કરવાની, રાષ્ટ્રને દુનિયાની દ્રષ્ટિએ ખુલ્લું મૂકવાની. લોકોને પોતાનો અભિપ્રાય મુક્તપણે વ્યક્ત કરવાની Glasnost ની આવશ્યકતા છે.

અમારા એક ગાઇડે અમને કહ્યું કે સ્ટેલિનથી વર્તમાન સમય સુધીના બધાજ રાજ્યકર્તાઓએ છાપાંઓ રેડિયો અને ટી. વી. દ્વારા અમારી પ્રજા સમક્ષ હંમેશા એવું જ ઠસાવ્યા કર્યું કે આખી દુનિયામાં વિકાસ અને પ્રગતિની દ્રષ્ટિએ, સુખ અને સમૃદ્ધિની દ્રષ્ટિએ આપણો દેશ પહેલા નંબરે છે.' પરંતુ ત્યારે દુનિયાના બીજા કોઈ દેશની કશી જ ખબર અમને પડતી નહિ. ગોર્બાચેવે સત્તા ઉપર આવીને નિખાલસતાપૂર્વક અમને કહ્યું કે 'આપણો દેશ દરેક બાબતમાં પહેલા નંબરે નથી. કેટકેટલી બાબતોમાં આપણો દેશ બહુ જ પછાત છે અને આપણે હજુ ઘણું બધું કામ કરવાનું છે. આથી અમારી આંખ હવે ઉઘડી છે.'

સોવિયેત યુનિયને લશ્કર અને ટેકનોલોજીમાં ઘણી જ પ્રગતિ કરી છે. અવકાશક્ષેત્રે પણ તે ઘણું આગળ નીકળી ગયું છે. સોવિયેત યુનિયનના કંઈ કેટલાય માણસો અવકાશમાં બારે માસ વારાફરતી ફર્યા કરે છે. એની આ વૈજ્ઞાનિક પ્રગતિના પ્રમાણમાં લોકોપયોગી ચીજવસ્તુના ઉત્પાદનની બાબતમાં સોવિયેત યુનિયન ઘણું પછાત રહ્યું છે. સાબુ, સીગરેટ, બુટચંપલ, છત્રી, કે એવી બીજી ઘર વપરાશની ચીજોની ઘણી અછત કે તંગી પ્રવર્તે છે. અને એક વસ્તુ લેવા માટે લોકોને દોઢ બે કલાક લાઇનમાં ઊભા રહેવું પડે છે. મોટાં મોટાં શહેરોમાં દરેક ઠેકાણે લોકો લાઇનમાં ઊભેલા જોવા મળે છે. અને કયારેક તો બે કલાકના અંતે વારો આવે ત્યારે વસ્તુ ખલાસ થઈ ગઈ હોય છે તેવા અનુભવો થાય છે. ત્યાં વસતા એક ભારતીય સજ્જને કહ્યું હતું કે 'હજામત કરવાની બ્લેડ ન મળતાં મારે કેટલાય દિવસ સુધી હજામત કર્યા વિના રહેવું પડ્યું હતું.' સોવિયેત યુનિયનમાં પ્રજાની જરૂરિયાતના પ્રમાણમાં ઘરવપરાશની ચીજોનું ઉત્પાદન ઘણું ઓછું છે અને તેની વહેંચણી અસંતોષકારક છે. વિદેશથી અનેક વસ્તુઓની આયાત કરવી પડે છે. લોકોને લાઇનમાં ઊભા રહ્યા વગર ચીજ વસ્તુઓ મળી રહે એવી સંતોષકારક વ્યવસ્થા હજુ થઇ શકી નથી.

જો ઘરવપરાશની ચીજોની બાબતમાં આમ હોય તો મોજશોખની વસ્તુઓ માટે તો કેટલી પડાપડી હોય. લોકોને છેલ્લાં થોડા મહિનાઓમાં મોજશોખની વસ્તુઓ માટે ભૂખ ઉઘડી છે અને નવી નવી વસ્તુઓ લેવા-વસાવવા માટે માણસ ભારે કિંમત આપવા તૈયાર થવા લાગ્યા છે. જ્યાં જ્યાં વિદેશી પ્રવાસીઓ ફરતા હોય ત્યાં યુવાનો આવીને પ્રવાસીઓ પાસે શર્ટ, પેન્ટ, બૂટ ચશ્મા, કેમેરા, વગેરે વેચાતા લેવા માટે માગણી કરતા હોય છે અને તે માટે વધુમાં વધુ રકમ આપવાની તત્પરતા બતાવતા હોય છે.

આ વખતની મુલાકાત દરમિયાન હોટેલમાં, બસમાં, રસ્તામાં, બજારમાં લોકો છૂટથી વાત કરતા હતા. લોકોને પોતાનો અભિપ્રાય મુક્તપણે વ્યક્ત કરવાની જે તક સાંપડી છે. તેથી ચારે બાજુ આનંદોલ્લાસનું વાતાવરણ પ્રસરતું જાય છે. લોકોનાં ગમગીન ચહેરાઓ હવે હસવા લાગ્યા છે. અમે ઘણે ઠેકાણે ઘણા માણસોને લેનિન, સ્ટેલિન, બ્રેઝનેવ, ગોર્બાચેવ વગેરે માટે બેધડક નિખાલસ સવાલો પૂછતા લોકો પણ પોતાનો નિખાલસ અભિપ્રાય નીડરતાથી દર્શાવતા હતા. ટી. વી. ઉપર રાજદ્વારી બાબતો વિશે રોજે રોજ થતી નિખાલસ ચર્ચાઓ સમગ્ર રાષ્ટ્રને બતાવવામાં આવી રહી છે. વળી દુનિયાભરમાં બનતી રોજેરોજની ઘટનાઓ ટી. વી. ઉપરના સમાચારમાં દેખાડવામાં આવી રહી છે. આથી સોવિયેટ પ્રજા જાણે કોઈ નવા યુગમાં પ્રવેશી રહી છે. લેનિનગ્રાદની અમારી એક ગાઇડ બહેને પોતાનો અભિપ્રાય દર્શાવતાં કહ્યું કે સોવિયેત યુનિયનમાં સાઠથી સીતેર ટકા લોકો પેરેસ્ટ્રોઇકાની તરફેણમાં છે. જે લોકો વિરોધમાં છે એ લોકોમાં મુખ્યત્વે કામદાર સંગઠનો છે. તેઓને એવો ભય છે કે નવી નીતિનો અમલ થતાં બુદ્ધિશાળી અને મહેનતુ લોકો આગળ વધી જશે અને પોતે પાછળ રહી જશે અને અસમાનતા વધશે. તેઓનો ભય વાસ્તવિક છે કારણ કે હવે પેરેસ્ટ્રોઇકાના યુગમાં જે વધુ કામ કરશે અને વધુ શક્તિ બતાવશે તે સ્પર્ધામાં આગળ નીકળી જશે અને સમાજમાં વધુ ઊંચું સ્થાન ધરાવશે

સોવિયેત યુનિયનમાં અત્યાર સુધી કોઇને પોતાની નોકરી સિવાય સ્વેચ્છાએ વધુ કામ કરી વધુ કમાવાની છૂટ નહોતી. કોઇપણ માણસને પોતાની ચાલુ નોકરી ઉપરાંત થોડા વધુ કલાક કામ કરી વધુ કમાવું હોય તો સરકારની પરવાનગી મેળવવી પડે અને એવી પરવાનગી સામાન્ય રીતે મળતી નહિ. પેરેસ્ટ્રોઇકાની આ નવી નીતિ અનુસાર કોઇપણ માણસને હવે પોતાના ચાલુ વ્યવસાય ઉપરાંત બેચાર કલાક વધુ કામ કરવું હોય અથવા શનિ રવિની રજાના દિવસોમાં વધુ કામ કરીને વધુ કમાવું હોય તો તે કરી શકે છે અને એ માટે સરકારની કોઇ પરવાનગી લેવાની હવે જરૂર રહેતી નથી.

સોવિયેત યુનિયનમાં અત્યાર સુધી કોઇપણ માણસ પોતાનો અંગત વેપાર ધંધો કરી શકતો નહિ. ચોકલેટ-સિગારેટની નાની સરખી દુકાન પણ માંડી શકે નહિ. જે હોય તે બધું

(વધુ પૃષ્ઠ ૧૦ પર)

બાઘનાં ગુફામંદિરો

● પ્રવીણચંદ્ર રૂપારેલ

એક વખત, મારા એક કલારસિક મિત્રને પ્રાચીન ચિત્રની એક અનુકૃતિ બતાવી પૂછ્યું– 'આ તમે જોયું છે?'

'ઓ, હો! આ તો પરિચિત લાગે છે. હં...! અજંતાનું જ છે ને?'

આ વાત એક રીતે માનવી પડે એવી હતી. સામાન્ય રીતે અજંતાનું જ માની લેવાય એવું આ ચિત્ર મૂળ અજંતાનું નહીં, બાઘનાં ગુફામંદિરોમાંનું હતું. અજંતા ચિત્રશૈલીના પરિવારમાં, નિકટતમ કહી શકાય એવાં ઘણાં ચિત્રો બાઘનાં ગુફામંદિરોમાં અંકિત થયાં છે.

બાઘનાં આ ગુફામંદિરો મધ્ય ભારતમાં ધાર પાસેના મહુ સ્ટેશનથી લગભગ ૯૦ માઇલને અંતરે આવેલાં છે– આપણા દાહોદથી એ વધુ પાસે પડે છે. ત્યાંથી ચારેક માઇલ દુર આવેલા બાઘ નામના નાનકડા ગામના નામ પરથી આ ગુફાઓ બાઘ ગુફાઓને નામે ઓળખાય છે.

વિન્ધ્ય પર્વતના દક્ષિણ ઢાળમાં ૩૦ ફૂટ ઊંચી ભેખડોમાં કંડારાયેલી આ ગુફાઓ લગભગ ૭૫૦ વારના વિસ્તારમાં પથરાયેલી છે. નીચે હળવા મધુર કલકલ નાદે વહે છે બાઘ (કે બાઘની) નદી.

અહીં કુલ નવ ગુફાઓ છે. આમાંની કેટલીક તો હવે લગભગ નષ્ટ થઇ ગઈ છે. જે રહી છે તેમાંય, પ્રમાણમાં ઠીક ઠીક સચવાયેલી તો બે – ત્રણ ગુફાઓ જ છે. આપણા લોકમાનસે હમેશની જેમ અહીંની જુદી જુદી ગુફાઓને મહાકાલ મંદિર, હાથીખાના, રંગમહેલ વગેરે જેવાં, સૂઝ્યાં એવાં નામો આપી રાખ્યાં છે. પણ હકીકતમાં તો આ બધી બૌદ્ધ ગુફાઓ જ છે, જે મુખ્યત્વે ચૈત્યો ને વિહારોમાં વહેંચાયેલી છે.

આ ગુફાઓ વિશે આપણને જાણ તો છેક ઈ. સ. ૧૮૧૮માં થઇ! આ ગુફાઓનું મહત્ત્વનું અંગ તો અમાંનાં ભીંતચિત્રો (Fresco) જ છે! જે કે શિલ્પકૃતિઓ પણ છે ખરી – પણ પ્રમાણમાં ઘણી ઓછી! ને જે છે તે મુખ્યત્વે બુદ્ધ કે બોધિસત્વની છે, માનવકદ કરતાંય મોટી!

એવું લાગે છે કે એક વખત આ ગુફાઓ–એની ભીંતો, છત, સ્તંભો ને શિલ્પકૃતિઓ પણ રંગ ને રેખાઓથી સુશોભિત હશે! હવે તો એમાંનું ઘણું જ થોડું રહ્યું છે! –પણ જે કંઇ રહ્યું છે તે આપણી પ્રાચીન કલાસમૃદ્ધિનો પરાકાષ્ઠા દર્શાવવા માટે પર્યાપ્ત છે.

આ ગુફાઓના રચનાકાળ વિશે કોઇ દસ્તાવેજી પુરાવા તો નથી મળ્યા પણ ગુફાઓની રચના શિલ્પકૃતિઓની શૈલી, તેમનાં વસ્ત્રાભૂષણો, કેશકલાપ વગેરેની વિશિષ્ટતાઓ તથા ચિત્રોની બે આવી વિગતો ધ્યાનમાં લેતાં આ ગુફાઓનો રચનાકાળ છઠ્ઠી–સાતમી સદીમાં ગણી શકાય ખરો! આ ગુફાઓમાંના એક ચિત્રની નીચે એક ક અક્ષર વંચાય છે જે લગભગ છઠ્ઠી–સાતમી સદીની શૈલીનો છે! આ પણ ઉપર તારવેલા અંદાજનું સમર્થન કરે છે!

પણ પછીથી મળી આવેલા એક તામ્રપત્ર પરનો લેખ ધ્યાનમાં લેતાં આ ગુફાઓનો રચનાકાળ એથી યે વહેલો ગણવો પડે એમ છે.

આ બધું સાંકળીને વિદ્વાનોએ તારવ્યું છે કે આ ગુફાઓ ઇ. સ ચોથી ને છઠ્ઠી સદીઓ દરમિયાનની, એટલે કે અજંતાનાં ગુફામંદિરોના રચનાકાળ દરમિયાનની ગણી શકાય.

વિસ્તાર અને ભવ્યતાની દૃષ્ટિએ તો આ ગુફાઓની સરખામણી અજંતા સાથે થઇ શકે એમ છે જ નહિ! જો કે અન્ય કેટલીક દૃષ્ટિએ એ બંનેમાં રહેલું મળતાપણું સહેજે દેખાઇ આવે એમ છે.

ચિત્રો દોરતાં પહેલાં ભીંત પર એક પ્રકારના ગારાનું પડ ને તે પર પછી ચૂનાનું પાતળું સપાટ અસ્તર થતું–તે અજંતા ને અહીંની ગુફાઓમાં સમાન રીતે થયેલું છે પણ અહીં ગારાનું પહેલું પડ, અજંતાની ભીંત પરના પહેલા પડ જેવું ભીંતને ચોંટી રહેનારું નથી બની શકયું. વળી અહીંની ગુફાઓનો પથ્થર પણ ત્યાં જેવો પાકો નથી; આથી જ કદાચ એ પડ મજબૂત રીતે પકડાયું નથી ને તેથી જ અહીંનાં ચિત્રો વહેલાં નષ્ટ થવા માંડ્યાં હશે.

પ્રમાણમાં ઠીક ઠીક સચવાયાં હોય એવાં ચિત્રો ખાસ તો ૪ અને ૫ નંબરની ગુફાઓમાં છે. જો કે એમને પણ કાળ, વરસાદ, હવા, તૂટ–ફૂટ વગેરેની અસરે–ને વધારામાં અહીંના મુલાકાતીઓના પોતાનું નામ અમર કરી જવાના અભરખાએ સારું એવું નુકસાન પહોંચાડ્યું છે.

અહીનાં ભીંતચિત્રોની વિષયોની રજૂઆત, આકૃતિઓની અંગભંગીઓનું વૈવિધ્ય, રંગની પસંદગી ને મેળ, સુકુમાર છતાં સમર્થ રેખાંકન તથા સુશોભનતત્ત્વ વગેરેની દૃષ્ટિએ અજંતા ને બાઘની ગુફાઓમાંનાં ચિત્રોમાં ઘણું સામ્ય છે.

કલાત્મકતાની દૃષ્ટિએ અજંતા કે બાઘની કલામાં કોણ વધુ ઊંચી કે અન્ય કરતાં ઊતરતી કહી શકાય એમ નથી. છતાં એય નોંધવું જોઇએ કે અજંતાની વિશ્વવિખ્યાત, બોધિસત્ત્વ પદ્મપાણિ જેવી ભવ્ય આકૃતિ તો અહીં કયાંય મળે એમ નથી.

આમ છતાં કેટલીક બાબતોમાં વિશિષ્ટતા પણ નોખી તરી આવે છે!

અહીંની ગુફાઓ બૌદ્ધકાળ તથા અજંતાના રચનાકાળ દરમિયાનની જ હોવા છતાં ચિત્રના વિષયો બુદ્ધ કે જાતક-કથાઓ જોડે સંબંધ ધરાવતા લાગતા નથી. (અલબત્ત, બૌદ્ધ સંપ્રદાયને લગતા હોઇ શકે ખરા!)

અહીંના કલાકારોએ વિષયો સીધા જ સમાજજીવનમાંથી પસંદ કર્યા છે એટલે એમાં તત્કાલીન વાસ્તવિકતા તો છે જ છતાં મહાન કલાકૃતિમાં જે ભાવાત્મકતા આવશ્યક હોવી જોઇએ તે અહી સુપેરે જળવાઇ છે. અહીંનાં ચિત્રોમાં માનવ-ભાવોને પ્રધાનતા મળી હોવાથી, અહીં ચિત્રકારનું વ્યક્તિત્વ મોકળાશથી વ્યકત થાય છે – અજંતામાં ત્યાંના ધાર્મિક

અને આધ્યાત્મિક વિષયોના ચિત્રમાં સ્વભાવિક રીતે જ કલાકારોનું વ્યક્તિત્વ ઓગળી જતું લાગે છે.

વળી સમગ્ર દ્રષ્ટિએ જોતાં, અજંતાનાં ચિત્રો કંઈક છૂટક છૂટક સમયે – કકડે કકડે થયાં હોય એવું લાગે છે જ્યારે બાઘમાં આખી ચિત્રમાલાનું આયોજન ને સંયોજન પહેલેથી જ વ્યવસ્થિત રીતે વિચારાયું હોય એવી છાપ પડે છે.

હાથીઓ ને ઘોડાઓ પર સવારી કરીને જતા ઉમરાવોનાં સરઘસ એ અહીંનાં ચિત્રોમાં મુખ્ય છે. એકમાં છ હાથી ને ત્રણ ઘોડા દેખાય છે ને બીજામાં સત્તર ઘોડેસવારોનું શાહી સરઘસ ડાબી તરફ જતું લાગે છે. લગભગ ૨૦ ફૂટ લાંબા આ ચિત્રમાંના ઘોડાઓની ચેષ્ટાઓ એટલી સજીવ રેખાઓથી અંકિત થઈ છે કે સ્વાભાવિકતા ને વાસ્તવિકતાના સમન્વયનું અહીં થતું દર્શન, કદાચ સમગ્ર ભારતીય કલાકૃતિઓમાં અનન્ય છે.

એક ચિત્રમાં ઉપરના ભાગમાં કેટલીક પુરુષઆકૃતિઓ ઊડતી હોય કે વાદળોમાંથી બહાર આવતી હોય એવું લાગે છે. (મુંડન કરેલા શિરત્રાળા આ પુરુષો બૌદ્ધ અહંતો હોય શકે !) ને નીચેના ભાગમાં કેટલીક સ્ત્રી વાદકો દેખાય છે.

અન્ય એક ચિત્રમાં નૃત્ય–સંગીતનાં બે દ્રશ્યો ખાસ ધ્યાન ખેંચે છે. આમાં એક વિશેષતા એ છે કે આમાં નૃત્યકાર સ્ત્રી નહીં પણ પુરુષ છે.

બીજા એક ચિત્રમાં બે સ્ત્રીઓ દેખાય છે. એક પોતાનું દુઃખ વ્યક્ત કરતી લાગે છે ને બીજી એને આશ્વાસન આપતી હોય એવું લાગે છે, તો એક ચિત્રમાં વળી ચાર પુરુષો કોઈ ગંભીર ચર્ચામાં મગ્ન હોય એવું લાગે છે.

અહીંની છતો પર પણ–અજંતાની જેમ જ–પશુ, પંખી, પાંદડાં તથા ફૂલોનાં ગુમખાં વગેરેની ગોઠવણી ધરાવતાં ચોરસો ને વર્તુળોથી સુશોભન થયું છે.

લગભગ ૧૪થી વધુ સદીઓ પહેલાંની ભારતીય ચિત્રકળા જે પરાકાષ્ટાએ પહોંચી હતી તેનું તાદ્રશ દર્શન કરાવતાં આ ભીંતચિત્રોની, આપણા 'અતિરસિક' મુલાકાતીઓએ જે દશા કરી છે તે જોઈ કોઈ પણ કલાપ્રેમીની આંખો ભીની થયા વિના નહીં રહે! અહીંનાં ઝાંખાં પડી ગયેલાં ચિત્રો સ્પષ્ટ રીતે જોઈ શકાય તે માટે અતિ ઉત્સાહી 'કલારસિકો' એ ચિત્રો પર પાણીની છાલકો મરાવતા! વર્ષો સુધી આવી છાલકો મરાતી રહી ને ચિત્રો વધુને વધુ ઝાંખાં ફિક્કાં પડતાં ગયાં.

હવે તો એવી સ્થિતિ આવી છે કે વર્ષો પહેલાં થયેલી એમની અનુકૃતિઓ જોઈ ન હોય તો એમાં શું છે, એનો ખ્યાલેય આવે એમ નથી-એની રેખાઓ પકડવી પણ મુશ્કેલ થઈ પડે !

હવે જો કે એમના સંરક્ષણ માટે ત્યાં કાચવાળી ફ્રેમો જડાઈ ગઈ છે !

પણ કેટલી મોડી !

પેલા શ્લોકની એક પંક્તિ યાદ આવે છે :

'ચૌરે ગતે વા કિમુ સાવધાનમ્'

ચોર (ચોરી કરીને) ભાગી જાય પછી 'સાવધ રહો !' (જાગતા રહેજો) કહેવાનો શો અર્થ છે !

મધ્યકાલીન કૃતિનું સંપાદન : અર્થનિર્ણયની પ્રક્રિયા

જયંત કોઠારી

મધ્યકાલીન કૃતિના સંપાદનમાં અર્થનિર્ણયની પ્રક્રિયા અત્યંત મહત્ત્વની છે. સામાન્ય રીતે કૃતિની વાચના તૈયાર કર્યા પછી એના અર્થઘટનની કામગીરી આપણે હાથ ધરીએ છીએ. શબ્દાર્થો કે ટિપ્પણ દ્વારા આપણે એ કામ કરીએ છીએ. પણ ચોકસાઈથી અર્થનિર્ણય કરવા જનારને એ અનુભવ થયા વિના રહેતો નથી કે એ પ્રક્રિયા પાઠસંપાદન પછીની પ્રક્રિયા નથી, પાઠસંપાદનની જ એક પ્રક્રિયા છે. કેમકે ચોકસાઈથી અર્થનિર્ણય કરવા જતાં પ્રાપ્ત પાઠની પ્રમાણભૂતતા વિશે શંકા જવાના, ભ્રષ્ટ પાઠ પકડાવાના અને પાઠ સુધારણા થવાના પ્રસંગો આવે છે.

પાઠશુદ્ધિ અને અર્થનિર્ણય પરસ્પર કેવા સંકળાયેલાં છે તેનું એક ઉદાહરણ આપણે જોઈએ. 'નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ' (સંપા. શિવલાલ જેસલપુરા, ૧૯૮૧, પૃ. ૮)માં 'પુત્ર–વિવાહનાં પદ'માં નરસિંહ એના પુત્રના વિવાહ પ્રસંગે પોતાને તેડે એવી ઇચ્છા રુકિમણી વ્યક્ત કરે છે તે પછી નીચેની પંક્તિ આવે છે :

'પાળજો માતજી ! વચન તે તમતણું'. નિશ્ચે જાણી સોણ ગાઢ બાંધી. ડો. જેસલપુરા પાસે બે હસ્તપ્રતોનો 'શોણગાઢ', એક હસ્તપ્રતનો 'શોનગાઢ' અને 'નરસિંહ મહેતા કૃત કાવ્ય-સંગ્રહ'નો 'સોના ગાંઠ' એ પાઠો હતા. એમણે એ પણ જોયું જ હશે કે 'નરસિંહ મહેતા કૃત આત્મચરિતનાં કાવ્યો' (સંપા. કે. કા. શાસ્ત્રી, ૧૯૬૯–૭૦)માં 'શોણ – ગાંઠ' પાઠ સ્વીકારવામાં આવ્યો છે. (ડો. જેસલપુરાએ ઉપયોગમાં લીધેલી ત્રણ હસ્તપ્રતો જ શાસ્ત્રીએ ઉપયોગમાં લીધેલી છે. શાસ્ત્રીએ કોઈ પાઠાંતર નોંધ્યું જ નથી. તો ડો. જેસલપુરાએ હસ્તપ્રતમાંથી નોંધેલો 'શોન ગાઢ' પાઠ ખરો કે શાસ્ત્રી ચૂકી ગયા છે ?) આ પછી પણ ડો. જેસલપુરાએ 'શોણ ગાંઠ' પાઠ સ્વીકાર્યો નથી એ એમ બતાવે છે કે એનો અર્થ એમને બેઠો નથી. 'સોણ' વિશે શબ્દકોશમાં એમણે આ પ્રમાણે નોંધ કરી છે : 'સોણ–કમર, કેડ. સં. શ્રોણિ, પ્રા. સોણિ. સોણ બાંધી (રૂ. પ્ર.)=મરાઠર તૈયારી કરી.' આ અર્થ આમ તો બેસી જાય છે, પણ જરા ઝીણો વિચાર કરતાં એમ સવાલ થાય કે અહીં તૈયારી કરવાની વાત કઈ રીતે પ્રસ્તુત ગણાય ? હજુ તો પુત્રનો સંબંધ પણ થયો નથી. પુત્રનો સંબંધ કરવા માટે એણે કમર કસી એવું ય ઘટાવી શકાય એવું નથી, કેમકે નરસિંહ આ પછી કશો જ પ્રયત્ન કરતા નથી, એ તો કૃષ્ણ પર વિશ્વાસ રાખીને જ રહે છે.

આ પાઠ અર્થદ્રષ્ટિએ શંકાસ્પદ લાગે તો વધારે હસ્તપ્રતોના ટેકાવાળો 'સોણ–ગાંઠ' પાઠ તરફ ફરીને જવાનું થાય ને એનો અર્થ શોધવાનો થાય. હરિવલ્લભ ભાયાણી (કૃષ્ણકાવ્ય, ૧૯૮૬, પૃ. ૧૩૯)એ શબ્દપ્રયોગનો અર્થ ને આ સંદર્ભમાં

એની ઉપયુક્તતા પણ સ્ફુટ કરી આપે છે : 'હકીકતે 'શાણુ–ગાંઠ' પાઠ જ સાચો છે. સંસ્કૃતપ્રાકૃત સાહિત્યમાં જાણીતી એક પ્રથા અને શબ્દપ્રયોગની જ પરંપરા અહીં જળવાઈ છે. શકુન–ગ્રંથિ એવો સંસ્કૃત પ્રયોગ મળે છે. પ્રાકૃત સડણ–ગઠિ ને તે પરથી સોણ ગ ઠ કે શોણ ગાંઠ. અસંભવપ્રાય એવા કોઈ ઇષ્ટ કાર્યની સિદ્ધિ જ્યારે મન ઝંખતું હોય, તે વેળા જ કોઈના મોંમાંથી અજાણ્યે નીકળેલા 'સિદ્ધિ થજો', 'સફળ થાઓ', 'પ્રાપ્તિ થશે' એવા શબ્દો સાંભળવામાં આવે. એટલે સારાં શુકન થયાં ગણાય, અને એ શુકન જળવાઈ રહે, પ્રભાવક બને તે માટે શ્રોતા પોતાના વસ્ત્રે એક ગાંઠ વાળી દે છે જેથી શુભ શુકન સરી ન જાય! એક પ્રાકૃત ગાથામાં નાયકની પ્રતીક્ષા કરતી મુગ્ધા નાયિકાનું ઉત્તરીય આવી શકુનગ્રંથિથી ગંઠાઈ ગયું હોવાનું વર્ણન છે. પ્રસ્તુત પદ્યમાં રુકિમણીએ પુત્રવિવાહને પ્રસંગે, કૃષ્ણસહિત ઉપસ્થિત રહેવાની ઇચ્છા વ્યક્ત કરી તેથી, અણધારી આ ઇષ્ટાપત્તિથી હરખેલો નરસિંહ 'શેણુ-ગાંઠ' બાંધે છે.

નરસિંહની આ કૃતિ હરિદાસની આ જ વિષયની કૃતિ સાથે અત્યંત મળતાપણું બતાવે છે–પ્રસંગ નિરૂપણમાં અને ભાષા–પ્રયોગોમાં. (અને એક ધારણા એવી છે કે નરસિંહને નામે મળતી કૃતિ હરિદાસની કૃતિને આધારે મોડા સમયમાં રચાયેલી છે) 'પ્રાચીન કાવ્યમાળા ગ્રંથ ૯' (સંપા હરગોવિંદ દા. કાંટાવાળા, નાથાશંકર પૂ. શાસ્ત્રી, ૧૮૯૦)માં મુદ્રિત હરિદાસકૃત 'શામળદાસનો વિવાહ'માં આ પ્રસંગે 'શણુ–ગાંઠ' શબ્દ છે. ત્યાં પાઠાંતર નોંધવાની પ્રથા જ સ્વીકારવામાં આવી નથી, પરંતુ મને પાકો વહેમ છે કે હસ્તપ્રત 'શોણુ' શબ્દ જ આપતી હોવી જોઇએ અને એ શબ્દ ન બેસતાં સંપાદકોએ 'શણુ' કરી નાખ્યું હોવું જોઇએ. હરિદાસની કૃતિની અનેક હસ્તપ્રતો છે અને જૂની પણ છે. એમાં શોણુ' પાઠ સચવાયો ન હોય અને છેક ઓગણીસમી સદી નજીકની નરસિંહની કૃતિની હસ્તપ્રતોમાં એ સચવાયો હોય એ સંભવિત નથી. 'શણુગાંઠ'નો અર્થ પણ આ સ્થાને મારીમચડી જ બેસાડવો પડે. એવો પાઠ કલ્પવા કરતાં હસ્તપ્રતોમાંથી મળતો પાઠ રાખી અર્થ વિશે સાદેહ વ્યક્ત કરવો એ જ ઉચિત કહેવાય.

સૂક્ષ્મ સર્વાંગી અર્થનિર્ણયને હું મધ્યકાલીન સાહિત્યકૃતિના સંપાદનનું અનિવાર્ય અંગ ગણું છું. લિપિવાચન કરવું, શબ્દો છૂટા પાડી આપવા, પાઠપસંદગી અને પાઠશુદ્ધિ કરવી, ત્યાં સંપાદનનું કામ પુરું થતું નથી. સંપાદક કૃતિનો અર્થ પૂરેપૂરો પામે ત્યારે જ એણે કૃતિને પામી એમ કહેવાય અને એવી અર્થ–સમજણ સાથે વાચના આપે ત્યારે જ એણે પોતાની વાચના આપી કહેવાય. આ એક આદર્શ છે, પણ એ આદર્શની શક્ય તેટલી સિદ્ધિ માટે મથવું એ સંપાદકનું કર્તવ્ય છે. એમાં જ સંપાદનવૃત્તિની સાર્થકતા છે. અર્થનિર્ણયની કામગીરીનાં બેત્રણ અંગો હોઇ શકે.

એક અંગ તે વિરામચિન્હની વ્યવસ્થાનું છે. મધ્યકાળમાં એક અને બે દંડ સિવાય કોઇ વિરામ ચિન્હો નહોતાં. આજે આપણી પાસે વિરામચિન્હોની વિસ્તૃત વ્યવસ્થા છે. એમાંથી બેત્રણ ચિન્હોનો ઉપયોગ ખાસ ઉપયોગી બને – અવતરણ ચિન્હ. સંબોધનચિન્હ અને પ્રશ્નાર્થચિન્હ, અવતરણ ચિન્હને અભાવે મધ્યકાલીન કૃતિમાં પાત્રની ઉક્તિ જુદી પડતી નથી અને ઘણીવાર સંભ્રમની સ્થિતિ સરજાય છે. મધ્યકાલીન કૃતિના વાચનની મુશ્કેલીઓમાં આ એક મુશ્કેલી ઉમેરાય છે. મધ્યકાલીન પદ્યમાં કોઇવાર વચ્ચે એકાદ શબ્દથી ખંડિત થયને ઉક્તિ આવતી હોય છે. કોઇવાર ઉક્તિ એકથી વધુ પંક્તિને કડી સુધી ફેલાતી હોય છે, કોઇવાર ટૂંકી ઉક્તિઓ જોડાઈ જતી હોય છે, કોઇ વાર 'કહે છે' જેવા શબ્દને અભાવે વાક્યને કોઇ પાત્રની ઉક્તિ તરીકે જોવાનું મુશ્કેલ બની જતું હોય છે. દાખલા તરીકે,

એહવઈ માયઇ ઘટનઇ પૂઠઇ, ખણુઅઉ કૂડિ વલી,

કૂલ રોપાવ્યા આસપાસઇ, હોસ્યઈ વંછિત હિવ રલી

અહીં 'હોસ્યઇ વંછિત હિવ રલી' (હવે આનંદ આપનારું મનવંછિત થશે) એ આરામશોભાની અપરમાનો મનોભાવ છે. એને અવતરણચિન્હનમાં ન મૂકેલો હોય તો એ કવિનું કથન ગણાઇ જવાનો ભય રહે છે.

પરણુઉં તુઝ મુઝ પૂછઉ તાત

આમાં અવતરણચિન્હ ન હોય તો 'પરણુઉં તુઝ' 'મુઝ પૂછઉ તાત' એ બે જુદા પાત્રોની જુદી ઉક્તિઓ છે એ તરત ન સમજાય.

આ જ રીતે સંબોધનચિન્હ ન હોય ત્યારે નામ બીજા કોઇ સબંધે વાક્યમાં જોડાઇ જવાનો સંભવ રહે છે.

આ વિરામચિન્હનો મૂકવામાં ક્યાંક મૂંઝવણનો અનુભવ થવાનો પણ એવી મૂંઝવણ તો પાઠનિર્ણયમાં પણ અનુભવવાની આવતી હોય છે અને સંપાદકે કોઇક રસ્તો લેવો પડતો હોય છે. આપણે ત્યાં આ રીતે વિરામચિન્હનો ઉમેરવાની પદ્ધતિ રૂઢ થઇ નથી, પણ એ રૂઢ કરવા જેવી છે એમ મને લાગે છે. જેમ મધ્યકાલીન હસ્તપ્રતની શબ્દો બેગા લખવાની રૂઢિને છોડીને આપણે શબ્દો છૂટા લખીએ છીએ, તેમ એની વિરામચિન્હવ્યવસ્થાને છોડીને આપણી વિરામચિન્હવ્યવસ્થા કેમ ન અપનાવી શકાય?

અર્થનિર્ણયનું બીજું અંગ શબ્દકોશ છે શબ્દકોશ સંપાદકના અર્થનિર્ણયનું પ્રતિબિંબ પાડે છે. મધ્યકાલીન કૃતિમાં ઘણા અજાણ્યા શબ્દો મળવાના, પરિચિત શબ્દોના આપણા અર્થ છોડવા પડે ને નવા અર્થ શોધવા પડે એવું પણ બનવાનું. આ બધા માટે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, દેશ્ય, રાજસ્થાની, હિંદી, ફારસી શબ્દકોશો સુધી જવું પડે. અન્ય મધ્યકાલીન કૃતિઓમાંના પ્રયોગોની સહાય લેવી પડે એવું બનવાનું. પણ આ શ્રમનું વળતર અનન્ય હોવાનું. કૃતિના શબ્દાર્થ જગતના અનેક ખૂણાઓ પ્રકાશિત થતાં તૃપ્તિ અને ચમત્કારનો અનુભવ થવાનો.

અર્થનિર્ણયની આ સૂક્ષ્મતા અને વ્યાપકતા સમજવા માટે મારા અનુભવમાંથી થોડા દાખલા આપીશ રાજસિંહકૃત 'આરામશોભા–ચરિત્ર'માં પતિથી તરછોડાયેલી કુલધર કન્યાના વર્ણનમાં એક પંક્તિ આમ આવી : 'વેગિ ગઇ વહી ચકિત હુઇ ઘણું હૈ. યૂથભ્રષ્ટ જિમ એણી હે.' 'એણી' મધ્યકાળમાં એના અર્થમાં વપરાતો શબ્દ છે તેથી પહેલાં તો એ શબ્દ જ અહીં હોવાનું માની લીધું. કુલધર– કન્યા પોતાને સાથથી છૂટી પડી ગયેલી, પછી, કહે જ છે. પણ બીજે તબક્કે લાગ્યું કે 'યૂથભ્રષ્ટ જિમ એણી હે' એ તો અહીં ઉપમાવાક્ય છે, એમાં 'એણી' કોઇ સંજ્ઞા હોવી

જોઇએ, એ'ના અર્થનો શબ્દ નહીં. સંજ્ઞા તરીકે આ શબ્દ મને પરિચિત નહોતો એટલે એના અર્થની શોધખોળ આદરી. અંતે સંસ્કૃત 'એણી' શબ્દ જ 'હરણી'ના અર્થનો મળી આવ્યો અને સંદર્ભ ચોખ્ખો થઈ ગયો. પણ આ સંસ્કૃત શબ્દ સુધી હું પહોંચ્યો હતો હિંદી કોશ દ્વારા, કેમકે મને એ સંસ્કૃત શબ્દ હોવાનો વહેમ જ નહીં ગયેલો. આ રીતે તમે ભળતા અર્થમાં શબ્દને સમજી લો અને ખરેખર એ શબ્દ જુદા જ અર્થમાં હોય, એ અર્થમાં એ સંસ્કૃત – પ્રાકૃત દૃશ્ય પરંપરામાં પડેલો જ હોય પરંતુ તમે એનાથી અજાણ હો, તમને એનો વહેમ પણ ન આવે. આથી જ લાગે છે કે મધ્યકાલીન કૃતિનું સંપાદન સંસ્કૃત-પ્રાકૃતાદિ ભાષાસાહિત્યની સજ્જતા વિના થાય ત્યારે ઊણું-અધુરું જ રહે. સંસ્કૃત-પ્રાકૃતાદિ ભાષા સાહિત્યોનો શબ્દાર્થ, સામાજિક સંસ્કારો વગેરેનો ઘણો વારસો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને મળ્યો છે. એ એક સમાન પરંપરા છે અને એ પરંપરાનો અભ્યાસ મધ્યકાલીન કૃતિના સંપાદક માટે આવશ્યક બનવો જોઇએ.

સમયપ્રમોદકૃત 'આરામશોભાચોપાઇ'માં અકબર માટે 'દીન દુની-પતિસાહ' એવો પ્રયોગ મળ્યો. 'દુની' (દુનિયા) એ હિંદી શબ્દ ગુજરાતી કૃતિઓમાં કેટલેક ઠેકાણે મળેલો અને 'દીન' એટલે ગરીબ એમ તરત બેસી જાય. 'ગરીબનવાજ' વિશેષણ જાણીતું છે તેથી અહીં ગરીબવર્ગને માટે શિરતાજ-રૂપ એવો અર્થ માની લીધો. પણ બીજે તબક્કે આ અર્થમાં શંકા થઇ. અહીં 'દીન' એ સંસ્કૃત શબ્દ રહેલો માનવો એ યોગ્ય છે ? તરત વાત તો અકબરે જિનચંદ્રસૂરિને બોલાવ્યાની આવે છે. એટલે અહીં સંદર્ભ તો અકબરની ધાર્મિકતાનો છે. તો પછી 'દીન' (ધર્મ) એ ફારસી શબ્દ જ અહીં રહેલો હોવાનું ન માનવું જોઇએ ? 'દીન-દુની-પતિસાહ' એટલે ધાર્મિક સમાજનો અગ્રણી.

ફારસી શબ્દનો આજે આપણને વિલક્ષણ લાગે એવો પ્રયોગ પણ મળ્યો. રાજસિંહકૃત 'આરામશોભાચોપાઇ'માં 'ગુનો બક્ષો' એવો પ્રયોગ બે વાર આવ્યો. 'બક્ષવું' એટલે દાન કરવું, ભેટ આપવું એ અર્થમાં આપણને એ જાણીતો શબ્દ છે. ફારસી શબ્દનો સાથે વ્યુત્પત્તિ કોશ (સં'પા. છોટુભાઈ નાયક) પણ મૂળ ફારસી 'બખ્શ' શબ્દને આવા અર્થમાં જ નોંધે છે. એ અર્થ તો અહીં અસંગત થતો હતો, 'માફ કરવું' એ ચોખ્ખો અર્થ હતો. એમ લાગ્યું કે ગુજરાતી કવિએ આ શબ્દ ભળતા અર્થમાં વાપર્યો છે. પરંતુ પછીથી ફારસી ભાષાના જાણકારને પૂછતાં જાણવા મળ્યું કે 'બક્ષ' શબ્દનો મૂળ અર્થ 'જતું કરવું' એ જ છે ને 'માફ કરવું' એ અર્થમાં એનો પ્રયોગ માન્ય છે. મધ્યકાલીન ગુજરાતી કવિ પાસે ફારસી ભાષાની આ અર્થછાયા હતી એ હકીકત વિસ્મયકારક લાગી. એક કૃતિમાં ફારસી 'પેલ' (=ગ્રમ) જેવો વિરલ શબ્દ વપરાયેલો જોયો ત્યારે મધ્યકાલીન ભાષામાં ફારસી શબ્દોનો પગપેસારો કેટલો થયેલો છે એનો ખ્યાલ આવ્યો. કેટલાક કવિઓ પાસે ફારસીની ઠીક સજ્જતા દેખાય છે.

'રીખઇ' મધ્યકાલીન ગુજરાતીમાં ભાંગોડિયાભર ચાલવાના અર્થમાં જાણીતો શબ્દ છે. માતા મૃત્યુ પામતાં વિદ્યુત્પ્રભાને થયેલા દુઃખના વર્ણનમાં 'રોવઇ રીંખઇ દુખુ ન ખમાઇ' એવી પંક્તિ મળી એટલે પહેલાં ત્યાં 'રીખઇ'નુ જ સાનુસ્વાર રૂપ 'ભાંગોડિયાભર ચાલે' એ અર્થનો વિસ્તાર કરી 'પેટ ઘસકે આજોટે' એવો અર્થ બેસાડ્યો. પણ આ સંદર્ભમાં આ અર્થ વિશે શંકા રહ્યા કરી. છેવટે 'રોવું, વિલાપ કરવો' એ અર્થનો રાજસ્થાની શબ્દ 'રીંકણો' મળી આવ્યો. 'રીંખઇ' એનો જ ઉચ્ચારભેદ હોવાનું સમજાયું. રોવઇ–રીંખઇ' એટલે 'રોવેકકળે'ના જેવો દ્વિરુક્ત પ્રયોગ.

'વિરામ' શબ્દ પહેલી વાર આવ્યો ત્યારે એના સંસ્કૃત અર્થોમાંથી તાણીખેંચીને 'મૃત્યુ, અંત, પરિણામ' એવા અર્થમાં બેસાડ્યો. પણ પછી તો બીજા ચારેક પ્રયોગો મળ્યા અને આ અર્થ પણ બેસાડવો મુશ્કેલ બન્યો. છેવટે એની ચાવી પણ રાજસ્થાની કોશમાંથી મળી. એમાં આ શબ્દના બીજા અર્થોની સાથે 'કષ્ટ, પીડા, ઉત્પાત, ઉપદ્રવ' એ અર્થો નોંધાયેલા મળ્યા અને બધા સંદર્ભમાં બરાબર બેસી ગયા ! આરામશોભા વિષયક કૃતિઓના શબ્દાર્થના ઘણા કોયડા તો રાજસ્થાની કોશે ઉકેલી આપ્યા એટલે એમ લાગે છે કે જૈન પરંપરાની ગુજરાતી કૃતિઓના અભ્યાસમાં રાજસ્થાની ભાષાનું જ્ઞાન ઘણું ઉપયોગી થાય.

અર્થનિર્ણયનું ત્રીજું અંગ ટિપ્પણ છે. શબ્દકોશમાં જે ન સમાઇ શકે તે ટિપ્પણમાં આવે. શબ્દાર્થની વિશેષ ચર્ચા આવશ્યક હોય તે અહીં આવે રૂઢિપ્રયોગો વગેરે તરફ પણ અહીં લક્ષ ખેંચી શકાય. વિલક્ષણ શબ્દઘાતરોની સમજૂતી આપી શકાય. પારિભાષિક, સાંસ્કૃતિક ને ઐતિહાસિક સંદર્ભો રજુ કરી શકાય. આ ઉપરાંત, પદ્યમાં વાક્યાન્વય સ્વાભાવિક રીતે જ કેટલીક છૂટછાટવાળો હોવાનો, કેટલીકવાર અઘડતો-અદ્ધર પણ રહેવાનો. જ્યાં સભ્રમ થવાની શક્યતા હોય ત્યાં યોગ્ય વાક્યાન્વય જોડી આપી શકાય. 'જ્ઞાન દેખિ' એ 'જ્ઞાનિ દેખિ' (જ્ઞાનથી જુએ છે)ના અર્થમાં કે 'કહ્યઉ નાગ' એ 'નાગને કહ્યું' એ અર્થમાં હોય તો એની સ્પષ્ટતા થઇ શકે 'સહૂઇ ખરચ ચલાવિરયું', મમ વિમાસિ એ વચન મ્હારઉ' એ ઉક્તિનો અન્વય 'સવ' ખરચ' હું ઉપાડીશ-એ મારું વચન છે, માટે વિચાર ન કર' એમ કરવાનો છે એ બતાવી શકાય.

મધ્યકાલીન પદ્યમાં વાક્યાન્વય એકકમોથી બીજી પંક્તિમાં જ નહીં, એક કડીમાંથી બીજી કડીમાં પણ વહે છે. આ ખ્યાલમાં ન આવે તો અર્થની ગરબડ થવાનો કે અર્થ ન સમજવાનો સંભવ રહે છે. ચાવે સ્થાને પણ વાક્યની મદદે જવું કષ્ટ ગણાય. એકબે ઉદાહરણ જોઇએ :

કોપઇ, 'બાંધીય આણુઉ, વિપ્રસુતા ઇહાં તાણુઉ,'
માની રાયવચન્ન. પુરુષે નારી અધન્ન. ૧૮૭
બાંધી પાછલી બાંહિ, વેણીદંડ સું સાહી,
રાય તણઇ પાસિ આણી, ચોર સરખીય જાણી ૧૮૮

અહીં 'રાજાનું વચન માનીને, રાજપુરુષે એ અધન્ય (પાપી) નારીને પાછળ હાથ બાંધીને, ચોટલાથી પકડીને ચોર સરખી જાણીને રાજાની પાસે આણી' એમ બે કડીનો ભેગો અન્વય કરવાનો છે.

'કાલિ કહિસુ મું કું હવઇ રે', 'ઢીલ તુ ખિંણ ન ખમાઇ'
ધમ સુણી પ્રેમ ધરી મનિઈ રે, કહિવા લાગુ રાય. ૨૫૦.
'ચિંતામણિ હાથિઇ ચડ્યુ રે, ઢીલું મૂકઇ કુંણ,
તું જીવન તું આતમા રે, કિમ્ કરીવા દઉં ગુણ' ૨૫૧

અહીં પહેલી ઉક્તિ આરામશોભાની છે, બીજી રાજાની

છે, ત્રીજી પણ રાજાની છે. રાજાની બે ઉક્તિ વચ્ચે આરામ અન્વયથી શોભાની ઉક્તિ રાજાએ સાંભળ્યાની વાત મૂકી છે. આ જાતના ઘણો સંભ્રમ થાય એવું છે. આપણે એમ સમજવાનું છે કે: 'કાલે કહીશ. હમણાં મને જવા દો' એવું આત્મશોભાનું વચન સાંભળી રાજા મનમાં પ્રેમ ધરીને કહેવા લાગ્યો, 'હવે તો એક ક્ષણની પણ ઢીલ ખમાય એમ નથી. ચિંતામણિ હાથમાં આવ્યા પછી એની પકડ કોણ છોડે?' વગેરે.

અર્થની આટલી બધી ચોકસાઈનો આગ્રહ એટલા માટે છે કે આપણે મધ્યકાળની સૃષ્ટિથી ઘણા દૂર નીકળી ગયા છીએ. સરેરાશ વાચકને માટે તો એમાં ઘણુંબધું દુર્બોધ હોય છે. અભ્યાસીઓને પણ કૃતિઓ પૂરેપૂરી આત્મસાત્ કરવામાં અગવડ પડતી હોય છે. ત્યારે આ જાતનો સંપાદકશ્રમ જ આપણને કૃતિની સંનિકટ લાવી જવામાં સફળ થતો હોય છે.

અર્થનિર્ણય પરત્વે એક છેલ્લી વાત કહેવી જોઈએ. ભરપૂર શ્રમ પછી પણ મધ્યકાલીન કૃતિમાં સંદિગ્ધ સ્થાનો રહેવાનાં. સંપાદક એની નોંધ જરૂર લે, જેથી બીજાઓનું એના તરફ ધ્યાન ખેંચાય અને શક્ય હોય ત્યાં મદદે આવી શકે. આ રીતે જ મધ્યકાલીન કૃતિનો આપણો બોધ સંપૂર્ણતાને પામી શકે.'

૧૮ અબજ ઈંડાં !

● ગુલાબ દેઢિયા

અઢાર અબજની સંખ્યામાં મીંડાં કેટલાં આવે તે પણ તરત કહેવું મુશ્કેલ હોય છે. જ્યારે ભારત દેશમાં વર્ષ ૧૯૮૮-'૮૯ માં ૧૮.૨૩૮ અબજ ઈંડાં ઉત્પન્ન થશે એવો અંદાજ છે. વર્ષ ૧૯૮૧-'૮૨માં ૧૦.૬૦૦ અબજ, વર્ષ ૧૯૮૪-'૮૫માં વધીને ૧૪.૨૫૨ અબજ અને ૧૯૮૮-'૮૯માં ૧૮.૨૩૮ અબજ ઈંડાં ઉત્પન્ન થવાનું અનુમાન છે.

ભારત દેશમાં મરઘાંઉછેર અને ઈંડાંના વપરાશ માટે કેવું મોકળું મેદાન મળી ગયું છે, તે આ પ્રગતિ પરથી જોઈ શકાશે.

આટલાં ઈંડાંને લોકોના પેટમાં પધરાવવા માટે સન્ડે હો યા મનડે, રોજ બાઓ અંડે'ની જાહેરખબર વર્તમાનપત્રો, સામયિકો અને દૂરદર્શન પર કરવામાં આવી રહી છે. એડવર્ટાઝિંગ કલબ ઓમ્બે તરફથી આયોજિત ૨૨મા ઓલ ઇન્ડિયા એવોર્ડ વિતરણ સમારંભમાં વર્ષ ૧૯૮૮ની 'કેમ્પેઇન ઓફ ધ યિયર' વર્ષની શ્રેષ્ઠ જાહેરખબરનો પુરસ્કાર ઈંડાંની જાહેરખબર કરતી ઇન્ટરપ્રાઇઝ એડવર્ટાઝિંગ કંપનીને મળ્યો છે.

આ જાહેરખબર કંપની સામે નહિ પણ આપણો પ્રશ્ન આપણી જાત સામે હોવો જોઈએ કે ઈંડાંનો પ્રચાર ગમે તે રીતે, સજાવીધજાવીને આટલા જોરશોરથી થઈ રહ્યો છે. મોહક રંગો, ગીતની પંક્તિઓ, વાચક – શ્રોતાપ્રેક્ષકને પકડી રાખે એવો આ જોરદાર પ્રચાર છે. જાહેરખબરના બધા જ ગુણ ધરાવતી આ જાહેર ખબર છે.

ઈંડાં જ પૌષ્ટિક છે. ઈંડાં સસ્તાં છે. આજે તમે ઈંડું ખાધું? એવી વાતો આસપાસની હવામાં જાહેરાતોના પ્રચારથી વહેતી થઈ રહી છે.

અહિંસાપ્રેમી, જીવદયાપ્રેમીઓની આંખ કેમ ખૂલતી નથી? શા માટે આપણે પ્રતિજાહેરખબર આપી ઈંડાંના અવગુણ પણ ન બતાવી દઈએ? આપણે ધર્મના નામે, સંપ્રદાયના નામે, મહોત્સવ પ્રતિષ્ઠાઓને નામે, સાધુસંતોના નામે, આપણા અંગત વાદવિવાદ-ઝગડાને નામે અનેક જાહેરાતો આપીએ છીએ. વર્તમાનપત્રો ભરી દઈએ છીએ તો આ વધી રહેલી જીવહિંસા રોકવા શા માટે જાહેરખબર ન આપવી જોઈએ? એવી જાહેરખબર એજન્સી પકડવી જોઈએ જે 'ઈંડાં ખાઓ'ની જાહેરાતનો જડબાતોડ જવાબ આપી શકે. લોકોને સાચી માહિતીથી વાકેફ કરવાની જરૂર છે.

ઈંડાં ખવડાવવાના ભ્રામક પ્રચારને રોકવાની જરૂર છે. લોકો સમક્ષ સાચી વાતો મૂકવાની જરૂર છે. ઈંડાંમાં રહેલાં પૌષ્ટિક તત્વોને નામે જે અતિશયોક્તિ, અતિરેક અને અર્ધ-સત્ય ફેલાવવામાં આવે છે એની સામે આંગળી ચીંધવાની જરૂર છે, આંગળી ઉઠાવવાની જરૂર છે.

ઈંડાંની બીજી બાજુ શા માટે આપણે ન બતાવી શકીએ? શાકાહારી લોકો પણ ઈંડાં વિશેની ભ્રામક વિગતોથી દ્વિધામાં છે. ઈંડાં વેજિટેરિયન છે, ઈંડાં નિર્જીવ છે, ઈંડાં અતિ પૌષ્ટિક છે, એવી એવી વાતો એમના મનમાં ઠસાવવા વ્યવસ્થિત. સતત, જોરદાર પ્રચાર થઈ રહ્યો છે. સામાન્ય રીતે આવો પ્રચાર લાંબે ગાળે કામયાબ નિવડે છે, આપણાં બાળકોને પણ જરૂર ઢહાડે ઈંડાં સહજ લાગશે.

મરઘાંને જે રીતે ત્રાસ આપવામાં આવે છે, એ વાત તો લોકો સમક્ષ આવતી જ નથી. ઈંડાંમાં જીવ છે અને જીવહિંસા એ પાપ છે એ વાત પણ ભુલાતી જાય છે. ઘણી વાર તો આપણને ખબર પણ નથી હોતી કે કઈ વાનગીમાં ઈંડાંનો વપરાશ થયો છે કે નહિ.

પોલ્ટ્રી ફાર્મને સરકાર પ્રોત્સાહન આપી રહી છે. મરઘાં-ઉછેર કેન્દ્રોમાંથી ઈંડાં મેળવી તેને વેચવા માટે નેશનલ એગ કો-ઓર્ડીનેશન કમિટિ આ કરી રહી છે. શાકાહારી લોકો ઈંડાં ખાતા થઈ જાય એ એમની નેમ છે. ઓછા પૈસે વધુ સ્વાદિષ્ટ અને વધુ પોષક આહાર ઈંડાં જ આપે છે એ એમના દંભી પ્રચારનો વેપારી સૂર છે.

જીવદયાના કામ તરીકે ઈંડાંના પ્રચાર સામે ઝુંબેશ ઉપાડવાની જરૂર છે. પ્રતિજાહેરખબરો આવે, જાહેર રથળોએ હોર્ડિંગ્સ મૂકવામાં આવે નિષ્ણાત ડોકટરોએ ઈંડાંના ગેરફાયદા રજૂ કરતા જે અભિપ્રાય આપેલા છે, તે લેખ રૂપે વિવિધ ભાષાઓમાં લોકો સમક્ષ મૂકવામાં આવે તો લોકો જરૂર વિચારતા થાય. એક જીવને પણ બચાવી શકીએ તોય ઘણું કહેવાય. અહિંસા એટલે માત્ર હિંસા ન કરવી એટલું જ નહિ પણ જીવરક્ષા કરવી એ પણ એનો વિધાયક અર્થ છે.

જીવરક્ષાપ્રેમીઓએ જાગવું જોઈએ. ધાર્મિક સંસ્થાઓએ ઈંડાંના પ્રચાર સામે અડિખમ ઊભા રહેવાની જરૂર છે. જે સાચું છે તે જ કહેવાનું છે. શાકાહારીઓ શાકાહારી મટી ન જાય એ જોવાની પણ જરૂર છે.

આ વર્ષે અઢાર અબજ ઈંડાંને બજારમાં મૂકી એટલાં

જીવોની હિંસા કરવાની આ નેશનલ એગ ફ્રા-ઓર્ડિનેશન કમિટિની ઇચ્છા છે. બધી જ હિંસા નિવારવાનું આપણા હાથમાં નથી, આપણે માટે શક્ય નથી, પણ જેટલું શક્ય હોય તે કરવાની જરૂર છે. એમ ન કરી, માત્ર પ્રમાદી બની બેસી રહીશું તો આપણી અહિંસાને શરમ લાગશે.

ઇંડાંના અવગુણોની થોડી માહિતી પણ જોઈ લઇએ.

મરઘાં ઉછેરનારાઓએ જાહેરખબરો દ્વારા લોકોના મનમાં ઠસાવવા માંડ્યું છે કે, 'ઇંડાં આરોગ્યવર્ધક છે, સ્વાસ્થ્યપ્રદ છે. ઇંડાં સંપૂર્ણ આહાર છે, ઇંડાં શાકાહાર છે. માત્ર બે ઇંડાં ખાવાથી બે ગ્લાસ દુધ, છ કિલો સફરજન અથવા સવા કિલો ટમેટાં કરતાં પણ વધુ પ્રોટીન મળે છે.' આવી રંગીન વાતો શાકાહારી લોકોને ઇંડાં ખાવા તરફ લલચાવવા માટે છે. કોઇ પણ રીતે વધુ લોકો વધુ ઇંડાં ખાય તે એ પોલ્ટ્રી ફાર્મવાળાના લાભમાં છે. એ એમનો ધંધો છે.

ઇંડાં ખાતાં પહેલાં એના અનેક અવગુણોથી માહિતગાર થવાની જરૂર છે. સરકારની સહાયથી ભારતમાં સાડા હજાર મરઘાંઉછેર કેન્દ્રો છે. આ કેન્દ્રો ઇંડાં પેદા કરવાનાં કારખાનાં છે. મરઘાંને સાંકડી જગામાં પૂરી રાખી ત્રાસ ગુજારવામાં આવે છે. મરઘાં ચાંચ મારી એકમેકને લોહીલુહાણ ન કરે તે માટે તેમની ચાંચ ખુટ્ટી કરી દેવામાં આવે છે.

ડો. વસંતકુમાર જાદ જેઓ જાણીતા ડાયેટોલોજિસ્ટ અને ન્યૂટ્રિશનિસ્ટ છે. તેઓ કહે છેઃ 'ઇંડાંમાં પાંચ ટકા ગુણ છે તો પંચાણું ટકા અવગુણ છે.'

ફ્લોરિડાની ડો. કેથરીન નિમ્મો હૃદયરોગ વિષે લખે છે, એક ઇંડાંમાં લગભગ ૪ ગ્રેન કોલેસ્ટરોલની માત્રા મળી આવે છે. વધુ કોલેસ્ટરોલથી બ્લડપ્રેશર, હૃદયની બીમારી, કીડનીના રોગ અને પથરી થવાનો સંભવ વધી જાય છે. જ્યારે ફળો અને શાકભાજીમાં કોલેસ્ટરોલ બિલકુલ હોતું નથી.'

મરઘાંઉછેર કેન્દ્રોમાં જે ઝેરી દવાઓ છાંટવામાં આવે છે, તે ઇંડાં મારફત ખાનારના પેટમાં પણ પ્રવેશે છે.

બી અમેરિકન મેડિકલ એસોસિયેશનના એક રિપોર્ટમાં લખવામાં આવ્યું છે કે, ઇંડાં ખાવાથી કૂડ પોઇઝનિંગ થવાની શક્યતા પણ રહે છે જેને લીધે ઝાડા, ઊલટી, તાવ, માથાનો દુખાવો વગેરે થાય છે.

ઇંડાંમાં કાર્બોહાઇડ્રેટસ જરા પણ હોતું નથી અને કેલ્સિયમ પણ બહુ ઓછું હોય છે. પરિણામે પેટમાં સડો પેદા થાય છે.

મરઘીને જે બીમારી હોય છે તે ઇંડાંમાં સાથે આવે છે. ટી.બી. અને સગ્રહણી એમાં ખાસ છે તેથી બધી દ્રષ્ટિએ વિચાર કરતાં કોઇપણ કહી શકશે કે, ઇંડાં શક્તિવર્ધક નહિ પણ રોગવર્ધક છે.

પ્રજાના આરોગ્યની ચિંતા તે વળી તેઓ શા માટે કરે ?

અહિંસામાં વિશ્વાસ ધરાવનારા તો ઇંડાંને જીવહત્યા સમજીને અડશે પણ નહિ. ખરેખર તો એવો સમય પાકી ગયો છે કે, અહિંસાપ્રેમીઓએ મરઘાં અને ઇંડાંની હિંસા રોકવા, 'ઇંડાં ખાઓ'ના પોકળ પ્રચારને પડકારવો જોઇએ.

પશ્ચિમના દેશોમાં શાકાહારનો પ્રચાર વધી રહ્યો છે, ત્યારે આપણે ત્યાં ઇંડાં અને માંસાહારને ખોટી રીતે પ્રાધાન્ય અપાઇ રહ્યું છે. પ્રચાર અને ફેશન દ્વારા પ્રજાના આરોગ્ય સાથે છેતરપેંડી થઇ રહી છે.

અહિંસાપ્રેમીઓએ બધી ભાષાઓમાં લાખો પુસ્તિકાઓ છપાવી લોકોમાં વહેંચવી જોઇએ. સમજપૂર્વક અસરકારક ટૂંકી ફિલ્મો અને સ્લાઇડો બનાવી લોકોને દર્શાવવી જોઇએ.

ઇંડાંના વેપારીઓ પ્રચાર દ્વારા જ લોકોને લલચાવે છે. તો એ જ પ્રચારમાધ્યમોનો લાભ લઇ એમને સામો જવાબ આપી, શાકાહારની શ્રેષ્ઠતા બતાવવી જોઇએ. આજે પ્રચારનો જમાનો છે. લોકોને સાચી સમજ પડે એ જોવાનું છે.

હજારો અહિંસાપ્રેમી ડોકટરોનાં દવાખાનામાં હિન્દી કે અંગ્રેજીમાં લખેલી નાની નાની પુસ્તિકાઓ મૂકવામાં આવે, મફત વહેંચવામાં આવે તો શાકાહારને પ્રાધાન્ય મળે અને ઇંડાં તથા માંસાહારની ભ્રામક માયાજાળમાં ભંગાણ પડે.

અહિંસાપ્રેમીઓ, ઇંડાં ત્યાગો અને બીજા ત્યાગે એવી રજૂઆત કરો.

शतम् जीवेम शरदः ।

● સંગમ વા. વોરા

शतम् जीवेम शरदः ।

અમે સો શરદ ઋતુ સુધી (અર્થાત્ સો વર્ષ સુધી) જીવીએ. વેદનું આ સૂત્ર એ સમગ્ર માનવજાતિના હૃદયમાં રહેલી ઇચ્છાનો પ્રતિધ્વનિ હોય એમ જણાય છે. પ્રત્યેક મનુષ્ય મળેલા આયુષ્યને ભરપૂર જીવી જવા માંગે છે અને એ પણ સો વર્ષો સુધી ! જીવનના આ સો વર્ષમાંનો છેલ્લો ચતુર્થાંશ હિસ્સો કઇ હોસ્પિટલમાં વીતાવવાની તો કોઇની ઇચ્છા ન જ હોય એ સ્વાભાવિક છે. માટે જ ઉપરોક્ત સૂત્ર કહીને ઉપનિષદકાર અટકી નથી ગયા. સો વર્ષ સુધી જીવવાનું છે એ ખરું પણ કઇ રીતે ?

સો વર્ષ સુધીનું આ જીવન કેવું હોય એ જણાવતાં કહે છે કે અર્થાત્ '**पश्येम शरदः शतम्**' અર્થાત્ સો વર્ષ સુધી અમે દેખી શકીએ. સો વર્ષ સુધી અમારી આંખો તેજસ્વી રહો. અમારી પાંચે પાંચ ઇન્દ્રિયો આયુષ્યના અંતિમ બિંદુ સુધી-સોમે વર્ષે પણ સાબૂત રહો. ફક્ત શ્વાસોચ્છ્વાસની ક્રિયા એ જીવનનું લક્ષણ ખરું પણ જીવંતતાનું નહીં ! માટે કહે છે કે **प्रब्रवाम शरदः शतम्** । સો વર્ષ સુધી અમે બોલી શકીએ. અર્થાત્ અમારી વાણીની તાકાત અકબંધ રહે.

આમ મનુષ્ય તેની પાંચેપાંચ ઇન્દ્રિય સહિત અંત સમય પર્યંત સાબૂત રહે; ક્રિયાશીલ, સક્ષમ, ચેતનવંતી અને જીવંત રહે એવી ઇચ્છા દર્શાવ્યા પછી છેવટે ખૂબ જ મહત્ત્વની વાત ઉચ્ચારતા ઔપનિષદિક આર્ષદ્રષ્ટાઓ કહે છે-**अदीनाः स्याम शरदः शतम्** । સો વર્ષ સુધી અમે અદીનપણે જીવીએ, મરણપર્યંત અમારામાં દીનતાનો પ્રવેશ ન થાય.

દીનતાની લાગણી, પરાધીનતાનો ભાવ, પરવશપણાની પ્રતીતિ, Nothingness ની અનુભૂતિ બહુ ખતરનાક હોય છે. માણસને બાપડો, બિચારો, વામણો ને દયામણો બનાવી દેતી આ ભાવના માણસની ચેતનાને કુંઠિત કરે છે; જીવંતતાને ખતમ કરી નાખે છે. અને વર્તમાન પરિસ્થિતિ પણ કંઇક એવી જ છે. પાંત્રીસ કે ચાલીસ વર્ષની ઉંમરે માથે ટાલ પડી જાય છે. વાળ ધોળા થઇ જાય છે, પીસ્તાલીસ-પચાસ થતાંમાં તો જોમ, ઊર્જા કે શક્તિનો હ્રાસ થવા માંડે છે આંખ અને કાનની શક્તિ ઘટતી ચાલે છે. બે દાદરા ચડતાં તો હાંફી જવાય છે. અને છેવટે ચા થી માંડીને કોઇ પણ વ્યસનની ગુલામી એ જીવવા માટેની જાણે કે એક અનિવાર્ય શરત બની જાય છે. દૈનિક કાર્યો આટોપીને સાંજે ચેર પાટો ફરતો માણસ નૂરહીન, ચૈતન્યહીન થઇ ગયેલો દેખાય છે. એ વખતે ફકત અસ્તિત્વને ટકાવી રાખવું એ જ જીવનનો એકમેવ હેતુ હોય એમ લાગ્યા કરે છે.

જૈવિક ઉત્ક્રાન્તિના ક્રમનો વિચાર કરીએ તો વાનસ્પતિક અસ્તિત્વ Vegitative Existence ની ઉપર પાશવ અસ્તિત્વ Animal Existence રહેલું છે. એથી ઉપર પંચેન્દ્રિય, બુદ્ધિ અને મનવાળું માનવ અસ્તિત્વ – Human Existence રહેલું છે. એથી પણ ઉપર માનવની પૂર્ણતાને પરિપૂર્ણપણે પ્રગટાવવાની કલ્પના અતિમાનવ અસ્તિત્વ Superh-uman Existence દ્વારા કરવામાં આવી છે. આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારીએ તો પ્રથમ બહિરાત્મદશાની વાત કરી છે. આગળ વધતા અંતરાત્મા અને છેવટે અસ્તિત્વની વિકાસયાત્રાના પરિપૂર્ણ – વિરામ સમી, અસ્તિત્વના પરિપૂર્ણ વ્યક્તિત્વ સમી પરમાત્મા – અવસ્થા સુધી પહોંચવાની વાત કરી છે. પરંતુ જ્યાં સમગ્ર જીવન ટકી રહેવાના એક માત્ર હેતુથી જિવાતું હોય ત્યારે દેખીતી મનુષ્યાવસ્થા પણ એકેન્દ્રિય જેવી સવૃત્ત બની જાય છે; અને ત્યારે માનવપણાથી આગળ અતિમાનવપણા સુધી પહોંચવાની વાત બિલ્કુલ અપ્રસ્તુત થઇ પડે છે. પાંત્રીસ-ચાલીસ વર્ષના માણસના અંતરને ઢંઢોળતા તો જાણે 'હવે બહુ થયું'ની ભાવના ડોકાયા કરે છે જીવન પ્રત્યેના નકારાત્મક અભિગમનું સામ્રાજ્ય વ્યાપેલું જણાય છે. સાહિત્યને ક્ષેત્રે પણ ચૈતન્યસભર, ઊર્જામય, જીવંત સાહિત્યની ખોટ વર્તાય છે.

તો બીજી તરફ ઉપનિષદકાર સો વર્ષથી પણ વધુ જીવવાની ભાવનાને વ્યકત કરતા કહે છે કે-**भूयश्च शरदः शतात्** ફકત સો વર્ષ જ શા માટે ? અમે સો વર્ષથી પણ વધુ જીવીએ.

પણ એ કયારે બને ?

એ પ્રશ્નનો જ જાણે ઉત્તર આપતા હોય એમ આગળ ચાલતા કહે છે-**भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येम अक्षभिः यजत्रा।** જે કંઇ કલ્યાણકારી હોય એ જ અમે કાનથી સાંભળીએ. અમે આંખો વડે એ જ જોઇએ કે જે શુભંકર હોય. આ જ વાત શેષ ઇન્દ્રિયો, મન, બુદ્ધિ તથા શરીરને લાગુ પડે છે. સમગ્ર શરીર દ્વારા શુભ પરિબળોનું જ ગ્રહણ-Reception થાય ત્યારે જ શત – વર્ષ – પર્યંત સ્વસ્થતા-પૂર્વક જીવવાની વાત સાર્થક બને.

ઉપનિષદનું આ આખું સૂત્ર જોતાં એક વાત નોંધવા જેવી લાગે છે. આખું સૂત્ર પહેલો પુરુષ એકવચનમાં નહીં પણ બહુવચનમાં છે. I નહીં પણ We; 'હું' પણ 'અમે; 'મારું' નહીં પણ 'અમારું'. કલ્યાણકારી જીવનની વાતને એકલપેટાપણા સાથે વ્યકત પ્રમાણનો સંબંધ છે. 'જે શુભ હોય તેનું હું શ્રવણ કરું' એમ નહીં પણ 'જે શુભ હોય તેનું અમે શ્રવણ કરીએ.' ફકત હું લાંબું જીવું કે ફકત મારી ઇન્દ્રિયો સાબૂત રહે' એ તો નિતાન્ત સ્વાર્થમૂલક ધારણા છે. લોકો વચ્ચે. લોકો સાથે સમૂહમાં, સમાજમાં રહેતા માણસો વિકાસ કે રકાસ ઓછાવત્તો અંશે પરસ્પરાવલંબી હોય છે. આ સ્વાર્થમૂલક ધારણાને અતિક્રમીને પરાર્થમૂલક ભાવનાનાં પ્રવાહને પ્રવાહિત કરવા માટે શુભ વિચારો આવશ્યક છે માટે જ આગળ ચાલતા ઋષિઓ કહે છે કે-

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः :- 'દરેક દિશાઓથી અમને શુભ ને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.' શુભ ને કલ્યાણકારી વિચારણીજ હશે તો જ તેમાંથી સૌના કલ્યાણની ભાવના પ્રગટ થશે.

ચાલો, આપણે લાંબું જીવવાનાં ફાંફાં કે ફાંકાં મારવાને બદલે પોતાના મન, બુદ્ધિ, ઇન્દ્રિય અને શરીર સાથેના જાતના વ્યભિચારને અટકાવીએ; એ બધાંનો કલ્યાણકારી માર્ગોએ ઉપયોગ કરીએ અને એ રીતે એની પાત્રતા કેળવીએ કે **शतं जीवेम शरदः** ની પ્રાર્થના ખરા અર્થમાં ફળીભૂત બને.

સ્વ. એ. જે. શાહ

રમણલાલ ચી. શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની ઇ. સ. ૧૯૨૯માં સ્થાપના થઇ તે સમયના સ્થાપક સભ્યોમાંના એક શ્રી અમૃતલાલ જે. શાહનું થોડા દિવસ પહેલાં આશરે ૮૫ વર્ષની ઉંમરે અવસાન થયું છે. એમના અવસાનથી સંઘને ભારે ખોટ પડી છે.

થોડા સમય પહેલાં સંઘનો હીરક મહોત્સવ ઊજવવામાં આવ્યો ત્યારે એના વિદ્યમાન ત્રણ સ્થાપક સભ્યોનાં બહુમાનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એ સમયે શ્રી એ જે શાહ પોતાની નાદુરસ્ત તબિયતના કારણે ઉપસ્થિત રહી શકયા ન હતા. એટલે એમના વતી એમનાં ધર્મપત્ની શ્રીમતી મધુરીબહેન શાહ તથા સુપુત્ર પ્રદીપભાઇ શાહ ઉપસ્થિત રહ્યા હતા. સંઘ માટે આ એક મહત્ત્વનો ગૌરવપૂર્ણ પ્રસંગ હતો કે જ્યારે સાઠ વર્ષ પૂર્વે સંઘની સ્થાપના કરનાર વિદ્યમાન સભ્યોનું ગૌરવ કરવામાં આવ્યું હતું.

શ્રી એ જે. શાહની તબિયત છેલ્લા કેટલાક સમયથી નાદુરસ્ત રહ્યા કરતી હતી. ઘણાં વર્ષોથી તેઓ સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય હતા અને જીવનપર્યંત સમિતિના અગ્રગણ્ય સભ્ય તરીકે રહ્યા હતા. કેટલાક સમય પહેલાં સમિતિની બેઠકમાં તેઓ આવતા ત્યારે તેમને વિસ્મૃતિ થતી હોય એવો અણસાર આવતો હતો. કારણ કે તેઓ નામ બોલવામાં કે વ્યકિતને ઓળખવામાં ભૂલ કરતા હતા. તેઓ પોતે કહેતા કે પહેલાં જેવું હવે એમને યાદ રહેતું નથી એમની આ

વિસ્મૃતિનો રોગ ઉત્તરોત્તર વધતો ગયો હતો અને છેલ્લે છેલ્લે તેઓ કોઇને ખાસ ઓળખી શકતા નહોતા. આમ એક સક્રિય, તેજસ્વી જીવનનો ક્રમે ક્રમે અંત આવ્યો.

શ્રી એ. જે. શાહનો જન્મ ગુજરાતમાં વસો ગામમાં ઈ. સ ૧૯૦૪ માં થયો હતો. તેમણે મુંબઇમાં આવીને સિડનહામ કોલેજમાં અભ્યાસ કર્યો હતો. બી. કોમ ની ડિગ્રી મેળવ્યા પછી તેઓ ઇંગ્લેન્ડ ઉચ્ચ અભ્યાસ કરવા માટે ગયા હતા અને ત્યાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયા હતા. બીજા વિશ્વયુદ્ધ પહેલાં તેઓ ભારત પાછા ફર્યા હતા. તેઓ લંડનની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સંસ્થાના સભ્ય બન્યા હતા. અને પાંચ દાયકાથી વધુ સમય સુધી એ સંસ્થામાં માનભર્યું સ્થાન તેમણે ભોગવ્યું હતું. ભારતમાં આવ્યા પછી તેઓ ઇન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટમાં જોડાયા હતા અને તેમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતાં કરતાં તેઓ કમિશનરના પદ સુધી પહોંચ્યા હતા. ત્યાર પછી ઇ. સ. ૧૯૪૯માં ઇન્કમ-ટેક્ષ ડિપાર્ટમેન્ટમાંથી નિવૃત્ત થઇ તેમણે પોતાની સ્વતંત્ર પ્રેકટિસ ચાલુ કરી હતી અને તે માટે મે. એ. જે. શાહ એન્ડ કું ની સ્થાપના કરી હતી.

શ્રી એ. જે. શાહનાં લગ્ન સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયાનાં જ્યેષ્ઠ સુપુત્રી શ્રી મધુરીબહેન સાથે ૧૯૩૪માં થયાં હતાં. મધુરીબહેન પણ વિદ્યાભ્યાસમાં તેજસ્વી હતાં. ઉચ્ચ શિક્ષણની તેજસ્વી કારકિર્દી ધરાવનાર આ દંપતીએ સામાજિક ક્ષેત્રે પણ મહત્ત્વનું સેવાકાર્ય કર્યું.

સ્વ. એ. જે. શાહ સંઘની સમિતિના સક્રિય સભ્ય જીવનના અંત સુધી રહ્યા હતા અને એમના તરફથી સંઘને સમયે સમયે યોગ્ય માર્ગદર્શન અને આર્થિક સહકાર સાંપડતાં રહ્યાં હતાં. તેઓ ખૂબ ઉત્સાહી અને ચીવટવાળા હતા. એમના અવસાનથી સંઘને એક તેજસ્વી, સંનિષ્ઠ કાર્યકરની ખોટ પડી છે.

પ્રભુ સદ્‌ગતના પુણ્યાત્માને શાંતિ આપે તથા શ્રી મધુરી-બહેન અને કુટુંબીજનો ઉપર આવી પડેલી આપત્તિને વહન કરવાનું ધૈર્ય આપે!

પેરેસ્ટ્રોઇકાના પ્રદેશમાં

(પૃષ્ઠ ૨ થી ચાલુ)

સરકારનું જ હોય. હવે સરકારે નાના પાયા ઉપર અંગત માલિકીની દુકાનો કરવાની લોકોને છૂટ આપી છે. એને લીધે બધા શહેરોમાં રસ્તાઓ ઉપર ચા-કોફીની, છાપાંની, આઇસ્ક્રીમની, ફળ વગેરેની દુકાનો ચાલુ થઇ ગઇ છે. ક્રમે ક્રમે અંગત માલિકીના વેપારનું ક્ષેત્ર વધતું જશે અને માણસ ઉત્સાહથી વધુ કમાવા માટે વધુ મહેનત કરતો જશે. ટેક્ષીનો વેપાર જે અત્યાર સુધી સરકારની માલિકીનો હતો તેમાં હવે ટેક્ષી ડ્રાઇવરોને અંગત માલિકીની ટેક્ષી ચલાવવાની છૂટ આપવામાં આવી છે. ટેક્ષી ડ્રાઇવરો વધુ કમાવાના ઉત્સાહમાં આવી ગયા છે અને હવે મિટર પ્રમાણેના ભાડા ઉપરાંત ટીપની પણ અપેક્ષા રાખતા થયા છે.

મુકત વાતાવરણથી બધું સરસ જ ચાલશે એમ ન કહી શકાય. સોવિયેત સત્તાધીશો પણ એ જાણે છે કે મુકત વાતાવરણને લીધે કેટલાંક દુષણો આવ્યા વગર રહેશે નહિ. સમગ્ર દેશ ખાધે પીધે સુખી હોવા છતાં વધુ કમાવાની તાલાવેલીમાં કેટલાયે લોકો આડી અવળી પદ્ધતિઓ અપનાવ્યા વગર રહેશે નહિ. લાંચ રુશ્વત અને ભ્રષ્ટાચાર પણ સમય જતાં આવ્યા વગર રહેશે નહિ. સોવિયેત યુનિયનનું અર્થતંત્ર સંગીન છે અને બીજા વિશ્વયુદ્ધ પહેલાંના ભાવો આજે પણ ટકી શકયા છે. બીજા વિશ્વયુદ્ધ પહેલાં બસ કે ટ્રામમાં પાંચ કોપેકમાં જઇ શકાતું હતું અને પચાસ વર્ષ પછી આજે પણ પાંચ કોપેકનો જ ભાવ રહ્યો છે. એ એની આર્થિક સિદ્ધિ જેવી તેવી ન ગણાય. પરંતુ બીજી બાજુ આંતરરાષ્ટ્રીય બજારમાં રૂબલ જેટલો જોરદાર હોવો જોઇએ. તેટલો રહ્યો નથી. એક ડોલરના પાંસઠ કોપેકનો કાયદેસરનો ભાવ હોટેલ કે બેન્કમાં ડોલર વટાવતી વખતે જોવા મળે છે. પરંતુ દરેક હોટેલની બહાર અને તમામ પર્યટક સ્થળોએ કેટલાય લોકો ખાનગીમાં એક ડોલરના આઠ, દસ કે બાર રૂબલ આપવા તૈયાર હોય છે. આવો ગેરકાયદે વેપાર સમગ્ર સોવિયેત યુનિયનમાં ઘણો વધી ગયો છે, તે બતાવે છે કે સોવિયેત યુનિયનમાં અમેરિકન ડોલરની માંગ કેટલી બધી વધી ગઇ છે. અમેરિકાએ વૈજ્ઞાનિક બાબતમાં સોવિયેત યુનિયન જેટલી સરસાઈ પ્રાપ્ત કરી હશે કે કેમ એની ખબર નથી. પરંતુ આર્થિક ક્ષેત્રે અમેરિકન ડોલરે સોવિયેત યુનિયનમાં જઇને સોવિયેત રૂબલને હરાવી, હંફાવી દીધો છે એ નિશ્ચિત છે. અમેરિકાનો સોવિયેત યુનિયન ઉપરનો એ આર્થિક વિજય છે એમ પ્રથમ નજરે કોઇને લાગ્યા વગર રહે નહિ.

સોવિયેત યુનિયને અપનાવેલી નવી નીતિનાં તાત્કાલિક અને દુરગામી પરિણામ એકસરખાં હશે કે જુદાં જુદાં તે કહેવું અત્યારે વહેલું છે. પરંતુ લોકશાહી દેશોની મર્યાદાઓ ત્યાં પણ આવ્યા વગર નહિ રહે. તેમ છતાં એ વિશાળ દેશ પાસે જે વ્યવસ્થાશકિત છે, જે શિસ્તપાલન છે, જે કુદરતી સંપત્તિ છે, વિવિધ ભાષાભાષી પ્રજાઓ વચ્ચે એકતાની જે ભાવના છે, જે બુદ્ધિમત્તા છે તે જોતાં નજીકના ભવિષ્યમાં સોવિયેત યુનિયન સ્વબળ અને પુરુષાર્થ વડે બીજા મોટાં રાષ્ટ્રો કરતાં આગળ નીકળી જાય તો નવાઇ નહિ. પેરેસ્ટ્રોઇકાનાં એનાં વર્ષો સંગીન ભૂમિકા ઉપર મંડાય તો વિશ્વને તે સામ્યવાદ અને લોકશાહીના સમન્વયની નવી જ પદ્ધતિનું સુંદર ઉદાહરણ પૂરું પાડી શકે!

રમણલાલ ચી. શાહ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે સોમવાર, તા. ૨૮મી ઓગસ્ટ, ૧૯૮૯થી મંગળવાર, તા. ૫ મી સપ્ટેમ્બર, ૧૯૮૯ સુધી એમ નવ દિવસ માટે રોજ સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી બિરલા ક્રીડા કેન્દ્ર (ચોપાટી)માં યોજવામાં આવશે. તેનો સવિગત કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે. **-મંત્રીઓ**

અનુભવ ગોચર

પન્નાલાલ ૨. શાહ

જે કેવળ ચિન્મય, નિરંજન, નિરાકાર અવ્યક્ત હોય તે અભિવ્યક્તિથી કદાચ કલાવંત બને, અનેક રૂપમાં આવિર્ભાવ પામી શકે. પંખીમાં, પશુમાં માનવીમાં પ્રાણીમાત્રમાં એ આવિર્ભાવની સ્વાભાવિક ક્રિયા સતત ચુટાતી રહેતી હોય છે. આપણું સમગ્ર જીવન ક્ષણે ક્ષણે અભિવ્યક્તિની કલાને સ્ફુટ કરતી રહે છે. આ અભિવ્યક્તિ સર્વસામાન્ય છે.

જે અભિવ્યક્તિ સર્વ સામાન્ય છે તે વ્યક્તિનિષ્ઠ છે. એને સમષ્ટિ સ્વરૂપ આપવાનું છે. શૂન્યમાંથી એ પરિણામ પામી, સાકારરૂપમાં આખરે તો શૂન્યમાં વિલીન થવાનું. સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલો તરંગ આખરે સમુદ્રમાં વિલીન થાય એવી આ પ્રક્રિયા છે. નિઃશબ્દ થવા શબ્દસ્થ થવાનું છે. કવિ એ કાર્ય કુશળતાથી કરે છે. કવિની અભિવ્યક્તિમાં એ નિર્જનિષ્ઠ રહેતો નથી; એની દ્વારા નિખિલ અભિવ્યક્તિને પામે છે. બધાને એ અભિવ્યક્તિમાં સ્વકીય અનુભૂતિ અભિવ્યક્તિનો આનંદ ગોચર થાય છે.

કવિની અભિવ્યક્તિમાં એની સંવેદન શક્તિ, એની કાંત દૃષ્ટિ એને આવી સિદ્ધિ અપાવે છે. એની સંવેદન શક્તિને આપણે પરકાયા પ્રવેશની શક્તિ કહી શકીએ. એ દ્વારા એ પ્રત્યેકના હૃદયનો ભાવકંપ આત્મસાત્ કરે છે. કાન્ત દર્શન એથી આગળ જાય છે. જે આકારની અંદર નિબદ્ધ નથી, રૂપ માત્રની પેલી બાજુએ એટલે કે અરૂપનો સાક્ષાત્કાર કરી આવે છે, તેને કવિ વાણી દ્વારા વ્યક્ત કરે છે.

ચિત્તવૃત્તિના નિરોધ દ્વારા નિર્વિકલ્પ બનીને સાધક બ્રહ્માનુસંધાન પામે છે. એનો માર્ગ છે ત્યાગનો. બાહ્યાંતર નિગ્રન્થનો : બાહ્ય વ્યાપારોમાંથી ચિત્તને વાળી લઈને સર્વ કર્મને, કરણોને એકમાં લીન કરવાનો, દાર્શનિક કવિની રીતિ નિરાળી છે, સ્વમાં લીન થવા છતાં એના અનુભવના પુરસ્કારને, પ્રકાશને એ પાથરી દે છે. પરંતુ જ્યારે અરૂપના અનુભવને વાણી દ્વારા શબ્દસ્થ, રૂપસ્થ કરી શકાતો નથી, ત્યારે વાણીની વચ્ચેના મૌન દ્વારા એની પ્રતીતિ કરાવીને કવિ પોતાનું કાર્ય સાધે છે. ક્યારેક એમ કરવા જતાં એને મર્યાદા નડે છે. જે અનુભવ ગોચર છે, જે આનંદની સમાધિ-રૂપ સ્થિતિ છે, ચરમ સ્થિતિ છે, આનંદની પછી તૃપ્તિની પછી આવતી સ્વાભાવિક સ્થિતિ છે એને શબ્દનું પિંડદાન કરી શકાતું નથી. એના માનસસરોવરમાં ઉત્પન્ન થયેલું પ્રરૂપંદનું અનંતના ઓવારે જઈ શમન થઈ શકતું નથી, આવી સ્થિતિમાં આનંદની પારાવાર અનુભૂતિને 'નેતિ' 'નેતિ' કહીને રફાદફા કરવી પડે છે.

જૈન ધર્મમાં આત્માના ક્રમિક વિકાસની ચૌદ સોપાન શ્રેણિ વર્ણવી છે. આધ્યાત્મિક વિકાસની આ ઉત્તરોત્તર શ્રેણિનું શ્રીમદ્ રાજચંદ્રે સરસ કાવ્ય સ્વરૂપ 'અપૂર્વ' અવસર એવો ક્યારે આવશે ?'માં આપ્યું છે. તેમાં પરમ પદનું વર્ણન કરતાં આવી જ મુશ્કેલી જણાય છે. સામાન્ય રીતે બીજા જે ન કરી શકે એવું વિશિષ્ટ દર્શન કવિને લાધે છે અને દર્શનના એ અનુભવને વાઙ્મય સ્વરૂપ આપે છે. પણ જ્યાં શ્રી ભગવંતે જે પદ દીઠું હોય એને શબ્દસ્વરૂપ તેઓ પૂર્ણ આપી ન શક્યા હોય ત્યાં એનો અન્ય વાણી કેવી રીતે ચિતાર આપી શકે ? એ માત્ર અનુભવ ગોચર છે એમ કહીને શ્રીમદ્દે અટકી જવું પડે છે. જુઓ :

જે પદ દીઠું શ્રી ભગવંતે જ્ઞાનમાં
કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો,
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો...અપૂર્વ અવસર

આજનો યુગ ટૂંકી કેડીએ (Short Cut) ચાલવાનો છે. એમાં નિઃશબ્દ થવા શબ્દસ્થ થવાની પાયરીપને જીવવાની વાત ન રુચે એ સ્વાભાવિક છે, પરંતુ વાણીની વચ્ચેના મૌન દ્વારા અનુભૂતિ કરીને એની (પરમ પદની) પ્રતીતિ કરીને જીવન સાધનાના આ માર્ગને Short Cut માં રૂપાંતરિત કરી શકાય છે એ સમજાય તો વાણીની, અભિવ્યક્તિની, શબ્દસ્થની, રૂપસ્થની કોઈ મુશ્કેલી આપણને આંતરી શકતી નથી. એ અનુભવ ગોચર જ્ઞાનનો સાર છે.

નવકારમંત્રની આનુપૂર્વી અને અનાનુપૂર્વી

(પૃષ્ઠ ૧૪ થી ચાલુ)

જવું જોઈએ. અને છેલ્લે જે સંખ્યા આવે તે અનાનુપૂર્વીની કુલ સંખ્યા ગણાય. ૧ થી ૩ સુધીની અનાનુપૂર્વીની સંખ્યા કાઢવી હોય તો ૧×૨×૩=૬ થાય. ૧ થી ૪ સુધીની સંખ્યાની અનાનુપૂર્વી કરવી હોય તો ૧×૨×૩×૪=૨૪ થાય. નવકાર મંત્રના પાંચ પદની અનાનુપૂર્વી કરવી હોય તો ૧×૨×૩×૪×૫=૧૨૦ થાય. અને નવપદની અનાનુપૂર્વી કરવી હોય તો ૧×૨×૩×૪×૫×૬×૭×૮×૯= ૩,૬૨,૮૮૦ થાય.

વિક્રમના પંદરમા શતકમાં થઈ ગયેલા મહાન જૈનાચાર્ય શ્રી સોમસુંદરસૂરિના એક તેજસ્વી શિષ્યરત્ન શ્રી જિનકીર્તિસૂરિએ વિ. સં. ૧૪૯૭ માં 'શ્રી પંચપરમેષ્ઠિનમસ્કાર-મહાસ્તોત્ર' (અથવા શ્રી નમસ્કારસ્તવ) નામની કૃતિમાં આનુપૂર્વી – અનાનુપૂર્વી ગણિતની દ્રષ્ટિએ કેવી રીતે ક્રમાનુસાર, ભૂલચૂક વગર બનાવવામાં આવે છે તે અઘરા વિષયની બહુ જ વિગતવાર સમજણ આપી છે. જૈન શાસ્ત્રકારોએ આવા ગાણિતિક વિષયમાં પણ કેટલું ઉંડાણથી વ્યવસ્થિત મનન – નિરૂપણ કર્યું છે તે આ કૃતિ જોવાથી જણાશે.

એ કૃતિમાં શ્રી જિનકીર્તિસૂરિ લખે છે :-

एगाईण पयाण गणअन्ताणं परोप्परं गुणणे ।
अणुपुव्विप्पमुहाणं भंगाणं हुंति संखाओ ॥

[ગણુપર્યન્ત એક વગેરે પદોના સંખ્યાંકોનો પરસ્પર ગુણાકાર કરવાથી આનુપૂર્વી વગેરેની (અનાનુપૂર્વી સહિત) ભંગ સંખ્યા થાય છે]

વળી, તેઓ સમજાવે છે કે :

एगस्स एग भंगो।
दोण्हं दो चेव तिण्हछभंगा ।
चउवीसं च चउण्हं
विसुत्तरसयं च पंचण्हं ॥
सत्त य सयाणि वीसा

છण्हं पणसहस्स चत्त सत्तण्हं ।
चालीस सहस्स तिसया
बीसुत्तरा हुंति अट्ठण्हं ॥
लक्खतिगं बासटठी
सहस्स अठट य सयाणि तह भंसिई
नवकार नवपयाणं
भंगपसंखा उ सव्वा उ ॥

[એકનો ભંગ એક છે; બેના બે છે; ત્રણના ભંગ છ છે; ચારના ભંગ ચોવીસ છે અને પાંચના ભંગ એકસો વીસ છે.

છના ભંગ સાતસો વીસ છે; સાતના પાંચ હજાર ચાલીસ છે. આઠના ચાલીસ હજાર ત્રણસો વીસ ભંગ છે. અને નવકારનાં નવ પદોની ભંગસંખ્યા ત્રણ લાખ બાસઠ હજાર આઠસો એંસી થાય છે.]

(ગણિતની દ્રષ્ટિએ – Permutation and Combinationની દ્રષ્ટિએ એકની સંખ્યાનો જવાબ એક છે અને ૧×૨નો જવાબ બે છે. એ બંનેની અનાનુપૂર્વીમાં પણ ગણના કરવી હોય તો થઇ શકે છે.)

૧ અને ૨ એ બે જ સંખ્યા લેવામાં આવી હોય તો તેમાં ફકત પૂર્વાનુપૂર્વી ૧, ૨ થશે અને પશ્ચાનુપૂર્વી ૨, ૧ થશે, પરંતુ તેમાં અનાનુપૂર્વી નહિ થઇ શકે. એટલે કે નમો અરિહંતાણં અને નમો સિદ્ધાણં એ બે પદનો જ જો જપ કરવો હોય તો આનુપૂર્વીપૂર્વક જપ થશે. તેનાં જપમાં અનાનુપૂર્વી નહિ આવી શકે, કારણ કે અનાનુપૂર્વી માટે ઓછામાં ઓછી ત્રણ સંખ્યાની આવશ્યકતા રહે છે.

૧ થી ૩ સુધીની સંખ્યામાં ૧, ૨, ૩ એ પૂર્વાનુપૂર્વી અને ૩, ૨, ૧ એ પશ્ચાનુપૂર્વી ઉપરાંત ૨, ૧, ૩; ૨, ૩, ૧; ૩, ૧ ૨, અને ૧, ૩, ૨ એ ચાર અનાનુપૂર્વી થશે. આમ ૧ થી ૩ સુધીની સંખ્યામાં બે આનુપૂર્વી અને વધુમાં વધુ ચાર અનાનુપૂર્વી થઇ શકે. એટલે કે એકથી ત્રણ સુધીની સંખ્યાની કુલ અનાનુપૂર્વી (ગણિતની દ્રષ્ટિએ આનુપૂર્વી સહિત) છ થાય છે.

નવકારમંત્રનાં પ્રથમ પાંચ પદ લીધાં હોય અને તે ક્રમાનુસાર હોય એટલે કે નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્જાયાણં, નમો લોએ સવ્વ સાહુણં એ પ્રમાણે ક્રમ હોય તો તે પૂર્વાનુપૂર્વી કહેવાય. અને વિપરીત ક્રમ હોય, છેલ્લેથી હોય એટલે કે નમો લોએ સવ્વ સાહુણં, નમો ઉવજ્જાયાણં, નમો આયરિયાણં, નમો સિદ્ધાણં, નમો અરિહંતાણં-એ પ્રમાણે ક્રમ હોય તો તે પશ્ચાનુપૂર્વી કહેવાય. એવી જ રીતે નવકારમંત્રનાં નવ પદ હોય તો નમો અરિહંતાણથી ક્રમાનુસાર પદ્મમ્ હવઇ મંગલમ્ સુધીનો ક્રમ પૂર્વાનુપૂર્વી કહેવાય અને પદ્મમ્ હવઇ મંગલમ્થી નમો અરિહંતાણં સુધીનો ક્રમ પશ્ચાનુપૂર્વી કહેવાય.

એકથી પાંચ સુધીના અથવા એકથી નવ સુધીનાં પદમાંથી અધવચ્ચ ગમે ત્યાંથી શરૂ કરીને ક્રમાનુસાર આગળ કે ક્રમાનુસાર પાછળ બોલવામાં આવે તો તેને યથાતથાનુપૂર્વી કહેવામાં આવે છે, જેમ કે નમો આયરિયાણં, નમો ઉવજ્જાયાણં, નમો લોએ સવ્વ સાહુણં, એસો પંચ નમુક્કારો, સવ્વ પાવ પણાસણો – એટલાં પદ ક્રમાનુસાર લીધાં હોય અથવા એસો પંચ નમુક્કારો, નમો લોએસવ્વ સાહુણં, નમો ઉવજ્જાયાણં – એટલાં પદ વિપરીત ક્રમાનુસાર લીધાં હોય તો તે યથાતથ આનુપૂર્વી કહેવાય. એના આવા બીજા કેટલાક વિકલ્પો પણ સંભવી શકે.

જેમ નવકારમંત્રમાં તેમ ચોવીસ તીર્થંકરોનાં નામોમાં પ્રથમ તીર્થંકર ઋષભદેવથી શરૂ કરી ચોવીસમા મહાવીર સ્વામી સુધીનાં નામ ક્રમાનુસાર બોલવામાં આવે તો તે પુર્વાનુપુર્વી કહેવાય, મહાવીરસ્વામીથી શરૂ કરી, પાર્શ્વનાથ, નેમિનાથ, નમિનાથ એમ ક્રમાનુસાર બોલતા જઈ પ્રથમ તીર્થંકર ઋષભદેવ સુધી બોલવામાં આવે તો તે પશ્ચાનુપૂર્વી કહેવાય અને અનંતનાથ (૧૪) ધર્મનાથ (૧૫) શાંતિનાથ (૧૬) કુંથુનાથ (૧૭) અરનાથ (૧૮) મલ્લિનાથ (૧૯) એમ વચ્ચેથી ગમે ત્યાંથી ક્રમાનુસાર બોલવામાં આવે અથવા વિપરીત ક્રમાનુસાર વચ્ચેથી બોલવામાં આવે તો તે યથાતથાનુપૂર્વી કહેવાય.

નવકારમંત્રનાં નવપદની અનાનુપૂર્વીની સંખ્યા ઘણી બધી મોટી હોવાથી પાંચ પદની આખી અનાનુપૂર્વી ગણવાનું સરળ છે એક ફોઠામાં પાંચ પદની અનાનુપુર્વી ગોઠવી હોય એવી રીતે ૨૪ ફોઠાની અંદર પાંચ પદની સંપૂર્ણ અનાનુપૂર્વી આપી શકાય છે. અને તેવું જપ ધ્યાન કરવાનું સરળ બને છે. ચોવીસ તીર્થંકરોની દ્રશ્ય ચોવીસીની પુસ્તિકામાં પ્રત્યેક તીર્થંકર સાથે એક એવા ચોવીસ ફોઠાઓ આપવામાં આવે છે. જો એક ફોઠામાં છ અનાનુપૂર્વી આપવામાં આવે તો એવા વીસ ફોઠામાં પાંચ પદની આખી અનાનુપૂર્વી આવી જાય. વીસ વિહરમાન જિનેશ્વરો સાથે આવા વીસ ફોઠા ગોઠવી શકાય. કેટલાક મહાત્માઓ નવપદની ૩,૬૨,૮૮૦ અનાનુપૂર્વીના ફોઠા તૈયાર કરી તે પ્રમાણે નવકારમંત્રનું સંપૂર્ણ અનાનુપૂર્વી પૂર્વક ધ્યાન ધરે છે.

અનાનુપૂર્વીના ફોઠામાં જ્યાં ૧ નો સંખ્યાંક હોય ત્યાં પ્રથમ પદ નમો અરિહંતાણ બોલવું. જ્યાં ૨ હોય ત્યાં નમો સિદ્ધાણં બોલવું; જ્યાં ૩ હોય ત્યાં 'નમો આયરિયાણં' જ્યાં ૪ હોય ત્યાં 'નમો ઉવજ્ઝાયાણં' અને જ્યાં ૫ હોય ત્યાં 'નમો

ભક્તિ સંગીતના વર્ગો

સંઘના ઉપક્રમે બહેનોને ભક્તિ સંગીત સ્તવન વગેરે શીખવવા માટેના છ અઠવાડિયાના વર્ગોનો પ્રારંભ થાય છે.

પ્રારંભ : બુધવાર, તા. ૧૯મી જુલાઈ, ૧૯૮૯
સમય : સાંજના ૪ ૦૦ થી ૫-૦૦
ફી : રૂા. ૫૦/- પચ્ચીસ રૂપિયા
સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ
૩૮૫, સરદાર વી. પી. માર્ગ,
રસધારા કો-ઓપ. સોસાયટી, બીજે માળે
વનિતા વિશ્રામની સામે, મુંબઇ ૪૦૦૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬

દર બુધવારે યોગ્યતાવાર આ વર્ગના અધ્યાપક તરીકે **શ્રી શ્યામ** ગોગટે સેવા આપશે. રસ ધરાવતાં બહેનોએ સંઘના કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી છે.

ઉષાબહેન મહેતા સંયોજક
કે. પી. શાહ
નિરુબહેન એસ. શાહ મંત્રીઓ

લોએ સવ્વસાહૂણં' બોલવું.

જો નવ પદની અનાનુપૂર્વીનો કોઠો હોય તો જ્યાં ૬ હોય ત્યાં 'એસો પંચ નમુક્કારો', ૭ હોય ત્યાં 'સવ્વ પાવ પ્પણાસણો', ૮ હોય ત્યાં 'મંગલાણં ચ સવ્વેસિ' અને ૯ હોય ત્યાં 'પઢમં હવઇ મંગલમ્' બોલવું.

નમૂનારૂપ પાંચ પદની અનાનુપૂર્વીનો આરંભનો અને અંતનો એક એક કોઠો નીચે આપવામાં આવ્યો છે. એવા બીજા બાવીસ જુદા જુદા કોઠા (કુલ ૧૨૦ અનાનુપૂર્વી) થાય છે.

૧	૨	૩	૪	૫
૨	૧	૩	૪	૫
૧	૩	૨	૪	૫
૩	૧	૨	૪	૫
૩	૨	૧	૪	૫

૪	૩	૫	૨	૧
૩	૫	૪	૨	૧
૫	૩	૪	૨	૧
૪	૫	૩	૨	૧
૫	૪	૩	૨	૧

અનાનુપૂર્વીનો કોઠો નજર સામે રાખી જાપ કરવાનો હોય તો આડી લીટી પ્રમાણે ડાબી બાજુથી જમણી બાજુના સંખ્યાંક પ્રમાણે જાપ કરવાથી પાંચે પરમેષ્ઠિનો જાપ આવી જશે. ઊભી લીટી પ્રમાણે ઉપરથી નીચે સુધીનો સંખ્યાંક લેવા જતાં પાંચે પદનો જાપ નહિ થાય. તે પાંચ પદની અનાનુપૂર્વી નહિ બને. અને કેટલાક કોઠાની છેલ્લી ઊભી લીટીમાં તો એક જ પદનું પુનરાવર્તન થશે. (વિશેષ પ્રયોગ તરીકે તેમ કરવામાં આવે તો તે જુદી વાત છે.)

એક થી પાંચ સુધીના પદમાં પ્રત્યેક પદ માટે તેનો સંખ્યાંક આપવામાં આવે છે અને તે સંખ્યાંક પ્રમાણે પદ બોલવાનું હોય છે. ઉદાહરણ તરીકે ૨, ૩, ૫, ૧, ૪; એ પ્રમાણે સંખ્યા આપેલી હોય તો તે વાંચતી વખતે તેના અનુક્રમે નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો લોએ સવ્વ સાહૂણં, નમો અરિહંતાણં અને નમો ઉવજ્ઝાયાણં એ પ્રમાણે બોલવું જોઇએ. દરેક સંખ્યા સાથે કયું પદ રહેલું છે એ યાદ કરવામાં ચિત્ત પરોવાઈ જાય છે. એટલે કે ચિત્ત બહાર અન્ય વિચારોમાં ઓછું ભટકે છે, અથવા ભટકતું નથી. પુર્વાનુપુર્વી અનુસાર સીધા ક્રમમાં જ્યારે જાપ કરવામાં આવે છે ત્યારે તે જાપ યંત્રવત્ બની જવાનો સંભવ વધુ રહે છે. જીભ માત્ર રટણ કરતી હોય અને ચિત્ત તો કયાંય બહાર અન્ય વિષયોમાં કે વિચારોમાં ભટકયા કરતું હોય એવું બને છે. એવા ચંચળ ચિત્તને નવકારમંત્રમાં કેન્દ્રિત કે સ્થિર કરવા માટે અનાનુપૂર્વીની પદ્ધતિ સર્વોત્તમ છે. એટલા માટે જ અનાનુપૂર્વી ગણવાનો મહિમા ઘણો બધો દર્શાવવામાં આવ્યો છે. એથી ચિત્તની ઉપયોગશક્તિ ક્રમે ક્રમે વધતી જાય છે, જે એને કર્મબંધન છેદવામાં ઉપકારક નીવડે છે.

શ્રી જિનકીર્તિસૂરિજી મહારાજ અનાનુપૂર્વીનું માહાત્મ્ય સમજાવતાં કહે છે :

इय अणुपुव्वीप्पमुहे, भंगे सम्मं विआणिउं जो उ ।
भावेण गुणइ निच्चं, सो सिद्धिसुहाइं पावेइ ॥ १ ॥
ज छम्मासिअवरिलिअ – तवेण तिव्वेण झिज्झए पावं ।
नमुक्कारअणुपुव्वी - गुणणेण तयं खणद्धेण ॥ २ ॥
जो गुणइ अणणुपुव्वी, भंगे सयले वि सद्दहाणमणा ।
दढरोठवेरिएहिं, बद्धोवि स मुच्चए सिग्घ ॥ ३ ॥
एएहिं अभिमंतिअ, वासेणं सिरिसिरिवत्तभित्तेण ।
साइणिभूअप्पमुहा, नाऽऽति खणेण सव्वगहा ॥ ४ ॥
अन्नेवि अ उवरुग्गा, रायाइभया दुट्ठरोगा य ।
नवपयअणणुपुव्वी, गुणणेण जंति उवसामं ॥ ५ ॥
तवगच्छ मंडणाणं सीसो सिरि सोमसुंदर गुरुणं ।
परमपय संपयत्थी जं पइ नव पय थुयं एयं ॥
पञ्चनमुक्कार थुय एयं सयं करंति संझमवि ।
जोझएइ लहइसो जिणकित्तिअमहिमसिद्धि सुहं ॥

શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારના આનુપૂર્વી આદિ ભંગોને જે સારી રીતિએ સમજીને ભાવપૂર્વક પ્રતિદિન ગણે છે, તે આત્મા સિદ્ધિસુખોને પ્રાપ્ત કરે છે.

જે પાપ છ માસિક કે વાર્ષિક ભારે તપ કરવાથી નાશ પામે છે, તે પાપ નમસ્કારની અનાનુપૂર્વી ગણવાથી અર્ધક્ષણમાં નાશ પામે છે.

જે મનુષ્ય સાવધાન મનવાળો બનીને અનાનુપૂર્વીના સર્વ ભંગોને ગણે છે, તે મનુષ્ય અતિશય ક્રોધાયમાન એવા વૈરીઓ વડે બંધાયેલો હોય તો પણ શીઘ્ર મુક્ત થઈ જાય છે.

નવકાર મંત્રથી અભિમંત્રિત 'શ્રી શ્રીવત્ત' (શ્રીવેષ્ટ) નામના વાસક્ષેપથી શાકિની, ભૂત, સર્વ દુષ્ટ ગ્રહો આદિ એક ક્ષણ માત્રમાં શમી જાય છે.

બીજા પણ ઉપસર્ગો (ઉપદ્રવો), રાજા આદિના ભય તથા દુષ્ટ રોગ શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્રની અનાનુપૂર્વીને ગણવાથી શાંત થઇ જાય છે.

તપગચ્છના મંડનરૂપ શ્રી સોમસુંદરસૂરિના શિષ્યે પરમપદરૂપ સંપત્તિના અભિલાષી થઇને આ નવપદસ્તોત્રનું કથન કર્યું છે. આ પંચ નમસ્કાર સ્તોત્રનું સંયમમાં તત્પર થઇને જે પઠન કરે છે તથા ધ્યાન ધરે છે તે એવું સુખ પ્રાપ્ત કરે છે કે જેનો મહિમા જિનેશ્વર ભગવાનોએ વર્ણવેલો છે. એને અનુસરીને અનાનુપૂર્વીનો મહિમા દર્શાવતાં ગુજરાતીમાં કહેવાયું છે :

અણાણુપુવ્વી ગણજ્યો જેય છ માસી તપનું ફળ હોય;
સદ્દેહ નવ આણો લગાર. નિર્મળ મને જપો નવકાર.
શુદ્ધ વસ્ત્ર ધરી વિવેક, દિન દિન પ્રત્યે ગણવી એક;
એમ અણાણુપુવ્વી જે ગણે, તે પાંચસે સાગરનાં પાપ હણે.

નવકારમંત્રની આનુપૂર્વી અને અનાનુપૂર્વી

© રમણલાલ ચી. શાહ

જૈનોમાં નવકારમંત્રની અનાનુપૂર્વી ગણવાની પ્રણાલિકા બહુ પ્રાચીન સમયથી ચાલી આવી છે. ચિત્તને નવકારમંત્રમાં કેન્દ્રિત કરવા માટેની આ એક ઉત્તમ પ્રક્રિયા છે. નવકાર મંત્રના પદસ્થ ધ્યાનની શરૂઆત કરવા માટે આ ઉપાય બહુ સહાયક નીવડે છે. ચંચળ વૃત્તિના બાળ જીવોને માટે તો ચિત્તને સ્થિર કરવાના અભ્યાસની દૃષ્ટિએ તે એક અસરકારક ઉપાય છે.

આનુપૂર્વી અને અનાનુપૂર્વી એ બે શબ્દો મૂળ સંસ્કૃત શબ્દ અનુપૂર્વ ઉપરથી આવ્યા છે. 'અનુ' એટલે પાસે, પાછળ, બાજુમાં, નીચે, નિયમિત. 'પૂર્વ' એટલે આગળનું અથવા પહેલાંનું. અનુ+પૂર્વ એટલે આગળ પાછળનો નિયમિત વ્યવસ્થિત ક્રમ. આનુપૂર્વી – આનુપૂર્વ્ય (પ્રાકૃત–આણુપુવ્વી) એટલે અનુક્રમ, પરિપાટી, પૌર્વાપર્ય ભાવ અથવા વિશિષ્ટ રચના. શબ્દકોશમાં એના પર્યાયો આપતાં કહેવાયું છે: આનુપૂર્વી અનુક્રમોઽનુપરિપાટીતિ પર્યાયા : ।

[આનુપૂર્વી એ કર્મસિદ્ધાન્તની પરિભાષાનો એક શબ્દ પણ છે. નામકર્મની એક પ્રકૃતિ માટે તે વપરાય છે. જીવને જે ગતિનું આયુષ્ય ઉદયમાં આવ્યું હોય તે જ ગતિમાં લઈ જાય અને બીજી ગતિ જવા ન દે તેવા પ્રકારનું નામકર્મ તે આનુપૂર્વી નામકર્મ.]

આનુપૂર્વી શબ્દ જૈન શાસ્ત્રોમાં વિવિધ સંદર્ભમાં વપરાયો છે. દસ પ્રકારની આનુપૂર્વી બતાવવામાં આવે છે, જેમાં નામ–આનુપૂર્વી, સ્થાપના–આનુપૂર્વી, દ્રવ્ય–આનુપૂર્વી, ક્ષેત્ર–આનુપૂર્વી, કાળ–આનુપૂર્વી, ભાવ–આનુપૂર્વી વગેરે આનુપૂર્વીનો સમાવેશ થાય છે.

આનુપૂર્વી એટલે જેમાં નિયમિત અનુક્રમ સચવાયેલો રહેલો હોય તે. એકથી દસની સંખ્યા લઈએ તો ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ માં સળંગ નિયમિત ક્રમ રહેલો છે. એવી જ રીતે વિપરીત રીતે, છેલ્લેથી કે ઊંધેથી લઈએ તો ૧૦, ૯, ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧માં પણ સળંગ નિયમિત ક્રમ રહેલો છે. એટલે એ બંનેને આનુપૂર્વી કહી શકાય.

આનુપૂર્વીના ત્રણ પેટા પ્રકારો બતાવવામાં આવે છે. (૧) મૂળથી નિશ્ચિત કરેલા અંત સુધી જે ક્રમ હોય છે તેને પૂર્વાનુપૂર્વી કહેવામાં આવે છે. એટલે કે એકથી દસ સુધીની સંખ્યા નિશ્ચિત કરી હોય (અથવા વધારે કે ઓછી પણ કરી શકાય.) અને તે ક્રમાનુસાર હોય તો તે પૂર્વાનુપૂર્વી કહેવાય છે. (૨) આપેલી સંખ્યાને અંતથી મૂળ સુધી ક્રમાનુસાર ગોઠવવામાં આવી હોય તો તેને પશ્ચાનુપૂર્વી અથવા પશ્ચાતાનુપુર્વી (અથવા પશ્ચિમાનુપુર્વી) કહે છે. ઉ. ત. દસથી એક સુધી ક્રમાનુસાર હોય તો તેને પશ્ચાનુપૂર્વી અથવા પશ્ચાતાનુપુર્વી કહેવામાં આવે છે. (૩) યથાતથ આનુપુર્વી (યથાતથાનુપુર્વી) – જે અનુપુર્વીમાં મરજી મુજબ ગમે ત્યાંથી શરૂ કરી ક્રમાનુસાર ગમે ત્યાં પૂરું કરવામાં આવે તો તે યથાતથ આનુપૂર્વી કહેવાય છે. ધારો કે સંખ્યા એકથી દસ સુધીની હોય પરંતુ તેમાં કોઇક વ્યક્તિ ત્રણ કે ચાર કે ગમે ત્યાંથી શરૂ કરી દસ સુધીમાં ગમે ત્યાં અટકે તો તે યથાતથ આનુપૂર્વી કહેવાય. ઉદાહરણ તરીકે ૨, ૩, ૪, ૫, અથવા ૫, ૬, ૭, ૮, ૯ અથવા ૮, ૯, ૧૦ એ યથાતથ આનુપૂર્વી કહેવાય. એવી જ રીતે ૯, ૮, ૭, ૬ અથવા ૭, ૬, ૫, ૪, ૩ જેવા વિપરીત ક્રમને પણ યથાતથ આનુપૂર્વી કહેવાય.

અનાનુપૂર્વી એટલે આનુપૂર્વી નહિ તે. જેમાં આનુપૂર્વીનો ક્રમ સાચવવામાં આવ્યો ન હોય અથવા તે ક્રમને હેતુપૂર્વક તોડવામાં આવ્યો હોય તો તે અનાનુપૂર્વી બને છે. નવકાર મંત્રના એકથી પાંચ અથવા એકથી નવ સુધીનાં પદના પુર્વાનુપુર્વી કે પશ્ચાનુપુર્વીના ક્રમને સાચવવામાં ન આવે અને તેમાંથી જ બીજી કોઇ સંખ્યા વચ્ચે મૂકીને એ ક્રમને તોડવામાં આવે તો તે અનાનુપૂર્વી બને છે ઉદાહરણ તરીકે ૧, ૨, ૩, ૪, ૫ અથવા ૫, ૪, ૩, ૨, ૧ એ બને આનુપૂર્વી છે, પરંતુ ૧, ૩, ૪, ૨, ૫ અથવા ૩, ૨, ૪, ૫, ૧ એ અનાનુપુર્વી છે. પુર્વાનુપુર્વી ફક્ત એક જ હોય છે. તેવી રીતે પશ્ચાનુપુર્વી પણ ફક્ત એક જ હોય છે, પરંતુ અનાનુપુર્વી સંખ્યા અનુસાર એક કરતાં વધુ હોય છે.

આનુપૂર્વી વગર અનાનુપૂર્વી સંભવી ન શકે. અનાનુપૂર્વીના સમગ્ર એટલે કે કુલ સંખ્યાંકમાં આનુપૂર્વીનો સમાવેશ થઇ જાય છે. વસ્તુત: અનાનુપૂર્વીમાં બંને છેડે આનુપૂર્વી જ હોય છે. પૂર્વાનુપૂર્વીની પ્રથમ સ્થાપના કર્યા પછી તેના આંકડાઓમાં ગણિતિક પદ્ધતિએ એવા ક્રમાનુસાર ફેરફાર કરતા જવામાં આવે છે કે જેથી એક પણ વિકલ્પ અજાણતાં રહી ન જાય કે એક પણ વિકલ્પ ભૂલથી બેવડાય નહિ અને છેલ્લે અનાનુપૂર્વી પશ્ચાનુપૂર્વીમાં પૂરી થાય છે. એટલા માટે જ ગણિતની દૃષ્ટિએ અનાનુપૂર્વીમાં બંને આનુપૂર્વીનો સમાવેશ થઇ જાય છે.

એટલા માટે જ 'નવકારમંત્રની આનુપૂર્વી' એમ કહેવા કરતાં 'નવકારમંત્રની અનાનુપૂર્વી' એમ કહેવું વધુ યોગ્ય છે. 'નવકારમંત્રની આનુપૂર્વી' એમ કહેવાથી તો સીધો નવકારમંત્ર બોલવાનો જ અર્થ થશે. એમાં અનાનુપૂર્વીનો અર્થ નહિ આવે, પરંતુ અનાનુપૂર્વીમાં આનુપૂર્વીનો અર્થ પણ આવી જાય છે.

આનુપૂર્વી સહિત અનાનુપૂર્વીની સંખ્યાને ગણિતની ભાષામાં Permutation & Combination કહેવામાં આવે છે.

કોઇ પણ આપેલી સંખ્યાની આનુપૂર્વી સહિતની અનાનુપૂર્વીની કુલ સંખ્યા કાઢવી હોય તો તેની સાદી રીત એ છે કે પ્રત્યેક સંખ્યાનો ઉત્તરોત્તર ગુણાકાર કરતા

(વધુ પૃષ્ઠ ૧૧ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ – ૪૦૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪

વર્ષ : ૫૧ * અંક : ૬ * તા. ૧૬-૭-૧૯૮૯.....Regd. No. MH. Bv / South 54 * Licence No : 37

પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર * પરદેશમાં રૂા. ૩૦૦/-

તંત્રી : રમણલાલ ચી. શાહ

મુનિ સેવા આશ્રમ

આઝાદી મળ્યા પછી ગુજરાતમાં ગરીબોના ઉદ્ધાર માટે, લોકસેવાના ક્ષેત્રે જીવનને સમર્પિત કરનાર સ્વ પુષ્પાબહેન મહેતા શ્રી જયાબહેન શાહ, શ્રી કાશીબહેન મહેતા શ્રી અરુણાબહેન દેસાઇ, શ્રી કાન્તાબહેન, શ્રી હરવિલાસબહેન, શ્રી શાંતાબાઇ દેસાઇ, શ્રી ધુલાબહેન ભટ્ટ વગેરે મહિલા લોકસેવિકાઓનાં નામોની યાદીમાં મુનિ સેવા આશ્રમ અને એનાં સંચાલિકા-પ્રમુખ શ્રી અનુબહેન ઠક્કરનું નામ પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી ઉમેરાયું છે.

કેટલાંક વર્ષ પહેલાં અમારા વડીલ મિત્ર અને ન્યૂ એરા સ્કૂલના આચાર્ય સ્વ ક્રાન્તિભાઇ વ્યાસે મુનિ સેવા આશ્રમને સહાય કરવા માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘને પત્ર લખ્યો હતો ત્યારે આ આશ્રમનું નામ પહેલીવાર સાંભળ્યું હતું. 'મુનિ સેવા આશ્રમ' એવું નામ કંઇક વિલક્ષણ લાગ્યું હતું. એની શી શી પ્રવૃત્તિઓ હશે તેની કંઇ જાણ પણ ત્યારે નહોતી, પરંતુ ક્રાન્તિભાઇ વ્યાસે જ્યારે ભલામણ કરી હોય ત્યારે તે સર્વ રીતે યોગ્ય જ હોય એવી શ્રદ્ધા હતી. એટલે સંઘ તરફથી આશ્રમ માટે ક્રાન્તિભાઇ વ્યાસને સહાયની રકમનો ચેક મોકલી આપ્યો હતો.

ત્યારપછી કેટલાક સમય બાદ બહેનશ્રી અનુબહેન ઠક્કર મુંબઇ આવ્યાં હતાં ત્યારે ક્રાન્તિભાઇ વ્યાસે તેમને મારા ઘરે મુનિ સેવા આશ્રમની પ્રવૃત્તિઓની જાણકારી આપવા માટે મોકલ્યા હતાં ભગવાં વસ્ત્ર ધારણ કરેલાં એ તેજસ્વી સન્નારીને જોતાં પ્રથમ મુલાકાતે જ એમના સૌમ્ય અને પવિત્ર વ્યક્તિત્વની અને એમના નિઃસ્વાર્થ, નિર્દંભ સરળ, સંનિષ્ઠ સેવાપ્રિય સ્વભાવની પ્રતીતિ થઇ હતી અને મનમાં એમ થયું કે એમની સંસ્થાની મુલાકાત અવશ્ય લેવી જ જોઇએ, અને એમની લોકસેવાની પ્રવૃત્તિઓ નજરે નિહાળવી જોઇએ ત્યાર પછી એક વખત સંઘ તરફથી મુલાકાત ગોઠવવાનું વિચાર્યું હતું પરંતુ ત્યારે ગુંદીના આશ્રમ દ્વારા યોજાયેલા નેત્રયજ્ઞમાંથી પાછા ફરતાં સંઘની સમિતિના સભ્યોની પાસે વડોદરાથી મુનિ સેવા આશ્રમ જવા જેટલો સમય હાથમાં રહ્યો નહિ. પરંતુ ત્યાર પછી સંઘ તરફથી જ્યારે વડોદરાના શ્રમમંદિરની મુલાકાતનો કાર્યક્રમ યોજાયો હતો તે વખતે સંઘના સભ્યોને માટે સાથે સાથે મુનિસેવા આશ્રમની મુલાકાત લેવાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. લગભગ બે કલાકની એ મુલાકાત દરમિયાન મુનિસેવા આશ્રમની કેટલીક પ્રવૃત્તિઓ નજરે નિહાળતાં અને તેમાં પણ ખાસ કરીને અનાથ બાળકો અને મંદબુદ્ધિની બહેનો પ્રત્યે અનુબહેન સહજ રીતે, એમની સાચી માતાની જેમ જે અપાર વાત્સલ્યભાવ વરસાવતાં હતાં તે જોઇને બધાં સભ્યો પ્રભાવિત થયાં હતાં અને દરેકને એમ થયું કે આ આશ્રમ માટે મોટી મદદ તો ભવિષ્યમાં જ્યારે કરીએ ત્યારે પરંતુ અત્યારે જ કંઇ સહાય કરતાં જવું જોઇએ; અને ત્યાંને ત્યાં વીસેક હજારથી વધુ રૂપિયાની સહાય એકત્ર થઇ ગઇ હતી. મુનિ સેવા આશ્રમ અને અનુબહેન ઠક્કરની છબી સંઘની સમિતિના સભ્યોના હૃદયમાં ત્યારથી ચિરાંકિત થઇ ગઇ.

સંઘ તરફથી પ્રતિવર્ષ કોઇ એક સેવાભાવી સંસ્થાને પર્યુષણ પર્વ દરમિયાન આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ યોજવામાં આવે છે અને એ માટે દાતાઓને અપીલ કરવામાં આવે છે. આ વર્ષે સંઘની સમિતિએ ઠરાવ્યું છે તે પ્રમાણે મુનિ સેવા આશ્રમને સહાય કરવાનો કાર્યક્રમ નક્કી થયો છે. સામાન્ય રીતે જે કોઇ સંસ્થાને સહાય કરવાની હોય તો તે પહેલાં તેની મુલાકાત સંઘના જિજ્ઞાસુ સભ્યો માટે ગોઠવવામાં આવે છે. તે અનુસાર થોડાક સમય પહેલાં સંઘના કેટલાક સભ્યોએ મુનિ સેવા આશ્રમની મુલાકાત લીધી હતી. અનુબહેને અમારા સૌનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. આશ્રમની ઉત્તરોત્તર વિકસતી જતી પ્રવૃત્તિઓનું એમણે દર્શન કરાવ્યું હતું. આશ્રમ તરફથી નાના પાયા ઉપર હોસ્પિટલ ચલાવવામાં આવે છે અને તેનો હવે વિસ્તાર થવાનો છે. અનુબહેને કહ્યું કે 'હોસ્પિટલ માટે જે નવાં મકાનો કરવાનું અમે વિચાર્યું છે તેમાં એક મકાન ઉપર શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું નામ આપવાની મારી ભાવના છે.' હું એમને કંઇ પણ પૂછવા જાઉં તે પહેલાં જ એમણે ઉત્સાહ અને આનંદથી ખુલાસો કરતાં કહ્યું કે, 'એ માટે કોઇ રકમની કંઇ જ અપેક્ષા નથી કે કોઇ શરત અમારે કરવી નથી. મને શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અને એની વિવિધ પ્રવૃત્તિઓ માટે બહુ જ પ્રેમ અને આદર છે. એટલે એનું નામ અમારી સંસ્થા સાથે જોડાય એ જ અમારે મન આનંદ અને ગૌરવની વાત છે. એટલે સંઘ કેટલી રકમ ન આપે તો પણ અમે એક મકાનને જૈન યુવક સંઘનું નામ અવશ્ય આપીશું. વરસ પહેલાં તમે બધા આશ્રમની મુલાકાતે આવ્યા હતા અને આવેલા સભ્યોએ જે ભાવપૂર્વક પાંચ દસ મિનિટમાં જ વીસેક હજાર જેટલી મોટી રકમ, ઊભાં ઊભાં કરી આપી ત્યારથી જ

જૈન યુવક સંઘ સાથે મારે એક સ્નેહની ગાંઠ બંધાઈ ગઈ છે.'

અનુબહેનના આવા અત્યંત ઉદાર વક્તવ્યથી અમે પ્રભાવિત થયા હતા. એક દિવસની મુલાકાત દરમિયાન આશ્રમમાં જે બધી પ્રવૃત્તિઓ અમે નિહાળી તે જોઈને કોઈ એક નિષ્ઠાવાન વ્યક્તિ ધારે તો એકલે હાથે પણ કેટલું બધું સરસ સેવાકાર્ય કરી શકે છે તે જોઈ ધન્યતા અનુભવી.

મુનિ સેવા આશ્રમની સ્થાપના અને એના વિકાસનો ઇતિહાસ પણ એટલો જ રોમાંચક છે. અનુબહેન ઠક્કર મૂળ કચ્છ અંજારનાં વતની, પરંતુ પિતાશ્રીના વ્યવસાયને કારણે ગુજરાતમાં અમદાવાદ પાસે સાણંદમાં આવીને વસેલાં. અનુબહેને શાળાનો અભ્યાસ પૂરો કરીને એક શિક્ષિકા તરીકે કારકિર્દી શરૂ કરી હતી.

તેમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતાં જઈ શાળાના નિરીક્ષકની પદવી સુધી પહોંચ્યાં હતાં. પરંતુ એથી મન ધરાતું નહોતું. કોઈ સ્વપ્ન સિદ્ધ થયાનો સાત્ત્વિક સંતોષ નહોતો. એમણે પોતાને માટે અને જગતને માટે કશુંક કરી છૂટવું હતું. આજીવન બ્રહ્મચારિણી રહેવાના સંકલ્પ સાથે સાણંદમાં એક સંન્યાસી મહાત્માના પરિચયમાં તેઓ આવ્યા સત્સંગ વધતો ગયો. હરદ્વારથી સાણંદમાં આવીને વસેલા નેવું વર્ષની ઉંમર વટાવી ચૂકેલા એ મહાત્માને 'મૌની મહારાજ' તરીકે લોકો ઓળખતા કારણ કે એમણે સતત બાર વર્ષ સુધી મૌન પાળેલું. 'મૌની' શબ્દ લોકોની જીભે 'મુની' (મુનિ) બની ગયો અને મૌની મહારાજને લોકો મુનિ મહારાજ તરીકે ઓળખતા. આ મૌની મહારાજના સત્સંગે અનુબહેનની જીવનદિશા ફેરવી નાખી. પાંત્રીસ વર્ષની યુવાન વયે એમણે નોકરી છોડી દીધી અને મૌની મહારાજની આજ્ઞા અનુસાર વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના ગોરજ ગામે આવીને એકલા પંડે સેવાની ધૂણી ધખાવી. દેવ નામની નાનકડી નદીના કિનારે આવેલા આ ગામની બહાર ઘાસની એક કુટિર કરીને તેઓ રહ્યાં. ગામના લોકોએ એમને મદદ કરી અને સાથે સાથે ચેતવણી પણ આપી કે આ તરફના આદિવાસી પછાત વિસ્તારના નાયકા નામની જાતિના લોકો ક્રૂર અને ઘાતકી હોય છે. અનેક ગુનાઓ કરતા ફરે છે. એમની વચ્ચે એકલા રહીને સેવાનું કામ કરવામાં જો કોઈ પુરુષ માટે પણ બહુ કઠિન હોય તો તમારા જેવી એકલી યુવાન મહિલા માટે તો વાત જ શી કરવી? પરંતુ અનુબહેનના હૃદયમાં એવા ઘાતકી લોકો માટે પણ પ્રેમ જ છલકાતો હતો. તેઓ નીડર હતાં. શ્રદ્ધાવાન હતાં. એક સ્વપ્નું લઈને આવ્યાં હતાં. માથે ગુરુ મહારાજના આશીર્વાદ હતા. અને આજ્ઞા પણ હતી. પરિણામ જે આવવાનું હોય તે ભલે આવે. પોતે સાચી નિષ્ઠાથી લોકસેવાનાં કાર્યો કરવા ઇચ્છતાં હતાં.

એમણે અનાથ બાળકોને પોતાની પાસે રાખવા-ઉછેરવાનું ચાલુ કર્યું. એક પછી એક એવાં બાળકોની તેઓ માતા બનતાં ગયાં. પછી તો ગ્રામજનોનો સહકાર મળતો ગયો. ચોર – લૂંટારુઓના વિસ્તારમાં અનુબહેનના પ્રેમકુસુમે જુદી જ સુવાસ પ્રસરાવી. ગુનેગાર કોમ પણ વશ થતી ગઈ અને આસપાસના ગામડાઓમાંથી સારો સહકાર મળવા લાગ્યો. જેમ જેમ સહકાર મળતો ગયો તેમ તેમ સેવાની પ્રવૃત્તિઓની નવી નવી દિશાઓ ખૂલતી ગઈ અને ઇ. સ. ૧૯૮૦માં એક કુટિર બાંધીને શરૂ કરેલા આશ્રમે એક દાયકામાં તો ઘણો બધો વિકાસ સાધ્યો. વ્યક્તિમાં નિઃસ્વાર્થપણું હોય, પરગજુપણું હોય, સેવાની તમન્ના હોય, લોકોના સુખ માટે કંઈક કરી છૂટવાની ભાવના હોય, સહનશીલતા હોય, પ્રેમ અને વાત્સલ્ય હોય, સરળતા અને ઉદારતા હોય, હૃદયમાં એક સ્વપ્નું હોય તો સમાજમાં એનો પડઘો પડ્યા વિના રહેતો નથી. અનુબહેને પોતાના વ્યક્તિત્વની પવિત્ર મહેંકથી અનેક લોકોના હૈયાંને જીતી લીધાં છે, અને એને લીધે મુનિ સેવા આશ્રમે એક દાયકામાં વટવૃક્ષ જેવું રૂપ ધારણ કરી લીધું છે.

અનુબહેને આશ્રમને નામ તો પોતાના ગુરુ મહારાજનું આપ્યું પરંતુ એ વિસ્તારમાં તો માત્ર 'આશ્રમ' એટલો શબ્દ કહો તો તે અનુબહેનનો 'આશ્રમ' એમ સૌ કોઈ જાણે છે અનુબહેનના માત્ર વસ્ત્રનો રંગ જ ભગવો નથી, એમના હૃદયનો રંગ પણ ભગવો છે. એ વિરક્તિને કારણે જ એમણે પોતાની પ્રત્યેક પ્રવૃત્તિને 'મંદિર' તરીકે ઓળખાવી છે. કેટલાં થોડાંક વર્ષમાં જ કેટલાં બધાં 'મંદિરો'ની સ્થાપના આશ્રમમાં થઈ ગઈ!

આશ્રમ દ્વારા ચાલતાં આ 'મંદિરો'ની પ્રવૃત્તિ સંક્ષેપમાં નીચે પ્રમાણે છે. (૧) પ્રાર્થના મંદિર : સવાર-સાંજ સર્વધર્મ પ્રાર્થના અને મૌન માટે (૨) બાળમંદિર : આજુ-બાજુનાં દસ ગામડાંમાં બાળકોની સંભાળ અને કેળવણી (૩) આરોગ્ય મંદિર : વીસ પથારીની હોસ્પિટલ, પ્રસૂતિગૃહ આરોગ્ય શિક્ષણ, તપાસ, દવા તથા ઓપરેશનની સુવિધા (૪) પરિવાર મંદિર : સ્વજનહીન બાળ-કોનો પરિવાર (૫) ગૌ મંદિર : ગામોની આધુનિક તથા વૈજ્ઞાનિક પદ્ધતિથી જાળવણી, સંવર્ધન અને સેવા (૬) શારદા મંદિર : બક્ષી પંચ અને આદિવાસી બાળકો માટે નિવાસી શાળા, પ્રાથમિક શિક્ષણ તેમજ વ્યાવસાયિક સંસ્કારિક તાલીમ (૭) શ્રમમંદિર : ગાલીચાવણાટ કેન્દ્ર અને હાથશાળા (૮) ગ્રામમંદિર : ગામડાંનાં બહેનો અને ભાઈઓને પગભર કરવા પશુપાલન, ખેતી વિકાસકાર્યો, શિક્ષણ શિબિરો તેમજ યુવક મંડળો તથા મહિલા મંડળોની પ્રવૃત્તિઓ (૯) જલારામ મંદિર : શ્રમયજ્ઞ દ્વારા ભોજન તથા કપડાનું સ્વમાનભર્યું વિતરણ (૧૦) ભગિની મંદિર : મંદબુદ્ધિની બહેનો માટેનું કેન્દ્ર (૧૧) ગંગા મંદિર : વયોવૃદ્ધ-અશક્ત અને આશરા વગરની માતાઓ માટે જીવન સંધ્યા સુખેથી ગુજારવા માટેનું સ્થાન.

વહેમ, અંધશ્રદ્ધા, અજ્ઞાન અને કુરિવાજોથી ભરેલા આ વનવગડાના પછાત વિસ્તારના લોકોને શિક્ષણ, આજીવિકા અને આરોગ્યની સુવિધાઓ પૂરી પાડીને તેમના જીવનને નિરામય અને સંસ્કારી બનાવવાનું ભગીરથ કાર્ય આશ્રમ દ્વારા ઉપાડવામાં આવ્યું છે. આસપાસના ગામડાઓમાં સ્ત્રીઓ પણ જ્યારે મજૂરી કરવા જતી હોય ત્યારે તેમનાં એકબે વર્ષનાં બાળકોને સાચવવા માટે તાલીમ લીધેલી બહેનોને મોકલવામાં આવે છે અને એ પ્રવૃત્તિને 'ઘોડિયાઘર' જેવું સરસ, સાર્થક નામ આપવામાં આવ્યું છે. મફત સેવા આપવા ઉપરાંત લોકજીવન સાથે આત્મીયતા કેળવવાનો પણ આ એક સરસ ઉપાય છે. આસપાસનાં ગામડાઓમાં

(પૃષ્ઠ ૮ ઉપર)

જીવન હજુ જીવવા જેવું છે !

• જયેન્દ્ર ત્રિવેદી

હેમચંદ્રાચાર્યની શિષ્ય પરંપરા સદ્‌ભાગ્યે ગુજરાતમાં આજસુધી વણથંભી વિદ્યાનુરાગી વિહાર કરતી આવી છે. એ પરંપરાના એક મુનિશ્રી પન્યાસ પ્રદ્યુમ્નવિજયજી મહારાજનું પત્ર એક સવારે આવી બીજી વાર સૂર્યોદયનો આનંદ આપી ગયું. પત્રના અક્ષરે અક્ષરમાંથી શીલ અને સાહિત્યપ્રીતિની સુગંધ નીતર્યા કરતી હતી. પોતે ભાવનગર પધાર્યા હતા અને મારા મકાનની પાસેના ઉપાશ્રયમાં જ ત્રણ દિવસ મુકામ કરવાના હતા. અનુકૂળતા મુજબ મને જ્ઞાન અને પ્રેમની અંતકડી રમવા જવાનું નિમંત્રણ હતું. મુનિશ્રી 'જન્મભૂમિ'માં પ્રગટ થતા બધા લેખ બહુ જ રસથી વાંચે છે અને સ્મૃતિ અત્યંત તીવ્ર હોવાથી 'એક અનોખી અંતકડી' નામનો મારો એક જૂનો લેખ એમને યાદ એટલે અંતકડી રમવાનું નિમંત્રણ. 'જન્મભૂમિ' નિયમિત પાલિતાણા આવે અને ત્યાંથી દર અઠવાડિયે, મુનિશ્રી જ્યાં વિહાર કરતા હોય ત્યાં એમને મળતું રહે એવી વ્યવસ્થા.

અગાઉ એક વાર એક જૈન-મિત્ર મુનિશ્રી તરફથી મળવા આવેલા અને મુનિશ્રીને પેલું ડ્રેલેન્ડર ક્યાં મળે છે એ માહિતી જોઇએ છે એમ સંદેશો પહોંચાડ્યો. મુનિશ્રીની સ્મૃતિ જેટલી તેજ એટલી જ મારી મંદ એટલે હું સમજી શક્યો નહીં. દુર્ભાગ્યે આ પૂર્વે મુનિશ્રીનો પરિચય નહીં થયેલો અને 'પેલું ડ્રેલેન્ડર' એટલે કયું ડ્રેલેન્ડર એ બહુ વિચાર કરતાં યે સમજાયું નહીં. પછી આવીશ' એમ કહીને એ મિત્ર તો ચાલ્યા ગયા, પણ મને એક મીઠી મૂંઝવણમાં મૂકતા ગયા. પછી તો બધું સ્પષ્ટ થતું ગયું અને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થયેલા મારા લેખ 'એક અનોખું ડ્રેલેન્ડર'ની ઝેરોક્ષ કરાવીને મેં પેલા ઉધરાણી કરતા મિત્રને સોંપી ત્યારે એ પ્રસંગ સમાપ્ત થયો પણ મુનિશ્રી સાથે મારા પરિચયનો આરંભ થયો.

એમના ભાવનગરના મુકામ દરમ્યાન સત્સંગનો જે કાંઇ લાભ મને મળ્યો એમાંથી સાહિત્યિક કૃતિઓના આસ્વાદને લગતી વાત જતી કરીને એમણે કહેલી એક સત્યકથા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને કહેવાની લાલચ હું રોકી શકતો નથી.

આધુનિક કાળમાં જ કોઇ એક નગરમાં એક વેપારી-કુટુંબ સુખસંતોષથી રહે. ધંધો સારો ચાલે. ત્રણે ભાઇઓ એક જ ધંધામાં પરોવાયેલા; સંયુક્ત કુટુંબ. મોની છત્રછાયા નીચે ત્રણે ભાઇઓ અને એમનાં સંતાનો લીલાલહેર કરે. પ્રભુકૃપાથી ત્રણેયને પત્નીઓ પણ ભણેલી અને સુશીલ મળેલી. મોટા દીકરાને ઘરે ત્રણ દીકરા, વચેટના ઘરે બે દીકરી અને નાનાના ઘરે બે દીકરા. વચલી વહુને સારા દિવસો જતા હતા. અચાનક મધરાતે વરંડામાં સૂતેલાં માજીની આંખ ઉઘડી ગઇ અને કાન સરવા થયા. વચલા દીકરા અને વહુની વાત સંભળાઇ ગઇ. વચલી વહુને ચિંતા હતી કે ત્રીજું બાળક પણ દીકરી તરીકે જ આવશે તો ભારે થશે. દીકરી એટલે છેવટે તો ખરચ. દીકરો એ દીકરો ને દીકરી એ દીકરી. બીજા બન્ને ભાઇને ઘરે દીકરા અને પોતાને દીકરીઓ જ. મનગમતી વાત નહોતી. એટલે આખા કુટુંબને અજાણ રાખી વચેટ દીકરો અને વહુ ડાક્તર પાસે જઇને ગર્ભનું પરીક્ષણ કરાવી આવ્યાં હતાં અને દીકરી જ છે એમ નક્કી થતાં વિજ્ઞાનનો લાભ લઇ ગર્ભપાતના નિર્ણય પર આવ્યા હતા. તારીખ પણ નક્કી થઇ ગઇ હતી. પતિ-પત્ની વચ્ચે ચર્ચા ચાલતી હતી કે, કુટુંબને આ વાત પહેલેથી કહી દેવી કે પાછળથી જણાવવી. માજી સાંભળી ગયાં. વાણિયાની જાત ડાહી. માજીએ તો વાત પેટમાં ભંડારી દીધી પણ ચહેરો ચાડી ખાતો હતો. સવારે નાસ્તાના ટેબલ પર મોટા દીકરાએ પૂછ્યું પણ ખરું કે, 'મા તબિયત તો બરાબર છે ને? રોજ જેટલાં પ્રસન્ન નથી દેખાતાં !' 'નારે માડી, મારે શું દુઃખ છે ? ત્રણ કમાઉ દીકરા, ત્રણ કલ્હાગરી વહુઓ અને આનંદ-કિલ્લોલ કરતાં બાળકો ! મારી તબિયતને શું પાણા પડ્યા છે ?'

બપોરે ભોજન કરી ત્રણે ભાઇઓ સાથે દુકાને જાય. મોટાભાઇએ કહ્યું, 'તમે બન્ને ઉપડો, મને જરા શરીરે અસુખ જેવું લાગે છે, થોડીવાર આરામ કરીને આવું છું.'

થોડી વાર પથારીમાં આળોટીને મોટો દીકરો માના રૂમમાં ગયો. હળુ પકડી, 'મા, કંઇક છે ખરું. કોઇ દિવસ નહીં ને આજે તમે કંઇક છુપાવો છો. એવું તે શું બન્યું છે ?'

માએ બધી વાત કરી અને ભ્રૂણહત્યા એ તો જબરું પાપ કહેવાય એમ પોતાની માન્યતા સમજાવી. કોણ જાણે કયો જીવ કર્માનુસાર કેટકેટલા ભવ ભોગવીને હવે આ ઘરમાં આવવાનો છે ત્યારે એની માના ઉદરમાં જ હત્યા થઇ જશે એ વિચારે પોતાની તો ઊંઘ ઊડી ગઇ છે અને શું કરવું તે સમજાતું નથી. દીકરાએ ડાક્તર પાસે જવાની તારીખ જાણી લીધી અને માને તે પહેલાં ઘીના ઘડામાં ઘી પડી રહેશે એવું આશ્વાસન આપીને દુકાને ચાલ્યો ગયો.

માને મોટા દીકરાના ડહાપણમાં પૂરી શ્રદ્ધા એટલે ચિંતાને લડ્સેલી ધર્મધ્યાનમાં વધુ સમય આપવા માંડ્યો.

એક દિવસ મોટી વહુ માજી પાસે બેઠી બેઠી ઘઉં વીણતી હતી. આડીઅવળી ઘણી વાત થઇ ત્યાં મોટી વહુ કહે, 'મા, તમે રજા આપો તો એક વાત મનમાં ઘણા દિવસથી ઘોળાય છે. તમને કહું કહું એમ થાય છે. આજ આપણે બે જ ઘરમાં છીએ એટલે કહી નાખું એવું મન થયું છે, કહું ?'

માને ફાળ પડી. નક્કી આને વાતની ખબર પડી ગઇ લાગે છે. મોટાએ કહી દીધું લાગે છે. વાત હવે ફેલાશે અને કોણ જાણે શું થાશે ? પણ હંમેશની જેમ ગરવા મોંએ જવાબ દીધો, 'કહેને બેટા, કોઇ વાત મનમાં ઝાઝો વખત ઘોળાવા દેવી નહીં. એથી અંતે અનર્થ જ થાય. અને મને વાત કરવામાં વળી સંકોચ શાનો ?'

મોટીએ ફળવેકથી કહ્યું, 'મા, જુઓને, વચલીને સારા દિવસો જાય છે. દીકરો આવશે કે દીકરી એ તો કોણ કહી શક્યું છે ? પણ મારે ત્રણ દીકરા છે અને દીકરી એકેય નથી. દરેક માને દીકરીને લાડકોડ કરવાના ઓરતા થતા જ હોય છે. જો વચલીને દીકરી આવે તો એને હું રાખી લઉં અને મારો નાનો દીકરો એને સોંપી દઉં એવું બની શકે ?

તમે વચલીને એ માટે રાજી કરી શકો? એ પાછી છે બહુ ભણેલી અને હમણાં હમણાં તો વિજ્ઞાન એટલે વિજ્ઞાન. વિજ્ઞાને તો માણસને ન્યાલ કરી દીધા એવું વાતવાતમાં બોલે છે. એટલે મારી વાત એને જુનવાણી તો નહીં લાગે ને? તમને મારી વાત ગમે તો તમે તેને સમજાવશો?'

માને ફાળ તો ટાઢક થઇ ગઇ. મહાવીર સ્વામીને મનમાં ને મનમાં પ્રણામ કરીને એણે મોટીને બાથમાં લીધી અને કહ્યું, 'તેં આ કુટુંબને મોટા પાપમાંથી ઉગારી લીધું. જો હવે આ વાત મારા પર છોડી દે. ભગવાન બધાં સારાં વાનાં કરી દેશે.'

એક દિવસ માએ વચેટ દીકરા-વહુને પાસે બોલાવ્યાં અને મોટા દીકરા અને એની વહુની મહેચ્છા કહી અને પોતાના તરફથી સૂર પરોવ્યો કે, 'જુઓ, પેટની ફોડને ખબર નથી પડતી પણ ન કરે નારાયણ ને ત્રીજી વાર જો દીકરી આવે તો ઉદાર થઇને જેઠ-જેઠાણીને આપશો? તેઓ એમનો નાનો દીકરો તમને આપશે. એ બન્નેએ આખા ઘર માટે બહુ ભોગ આપ્યો છે. મોટાએ તો ભોગ આપવો જ જોઇએ. એમાં નવાઇ શું? આજે થોડોક બદલો આપવાનો વખત આવ્યો છે. તમે જો જરાક ઉદાર બની શકો અને દીકરી આવે તો એમને આપશું એવું વચન આપો તો બન્ને બહુ રાજી થશે. તમતમારે નિરાંતે વિચાર કરીને કાલ-પરમમાં જવાબ આપજો ને!'

અને પછી મોટાભાઇએ દત્તક લીધેલી દીકરીને લાડપાડથી ઉછેરીને કન્યાદાન વખતે વચેટ ભાઇની બન્ને દીકરીઓ કરતાંયે એમ કહીને વધુ કરિયાવર કર્યો કે ધંધાપાણી હમણાં વધુ સારા છે તો વધુ કરિયાવર કરવો જોઇએ ને? મોંઘવારી ય કેટલી વધી ગઇ છે!

કુટુંબ જેટલું ભણેલું એટલું ગણેલું. જેટલું સમજે એટલું બોલે નહીં. મનમાંને મનમાં એકબીજા તરફની લાગણીથી મનને ભીંજવ્યા કરે, વ્યક્ત કરીને વાતનું ગૌરવ ઓછું ન કરે.

મહારાજશ્રીએ વાત પૂરી કરી ત્યાં ભાવનગરના કેટલાક શ્રેષ્ઠીઓ ધર્મલાભ પામવા પધાર્યા અને હું માનવસ્વભાવની વધુ એક ઓળખ પામીને હરખાતો હરખાતો ઘરભણી ઉપડ્યો ત્યારે હું થોડોક જુદો આદમી હતો, થોડોક વધુ આશાવાદી, થોડોક વધુ માનવતાવાદી, માણસજાત ડાહી તો ખરી, એની ખાતરીવાળો.

સાચો ધર્મલાભ તો હું પામ્યો હતો.

બિચારી માતૃભાષા!

'સત્સંગી'

કેમ જાણે ઉપેક્ષાવૃત્તિ માણસના સ્વભાવમાં જડાઇ ગઇ હોય! માણસ નુકસાન સહન કરે છે, પણ સાવધ, અપ્રમત્ત રહેવા તૈયાર નથી. બીજી બાબતોમાં યુનિવર્સિટીઓએ ઉપેક્ષા કરી હોય તે અભ્યાસીઓ માટે અલગ વિષય બને અને એ અંગે તેમને ઘણું કહેવાનું હોય. પરંતુ યુનિવર્સિટીઓએ એક પાયાની બાબતની ઉપેક્ષા સેવી છે જે શિક્ષકને તો ખૂંચે તેવી છે. યુનિવર્સિટીઓની આ ઉપેક્ષાવૃત્તિ અંગે લખવાની પ્રેરણા મને મળી હોય તો તે માનનીય વિદ્વાન લેખક મહાશય શ્રી તનસુખ ભટ્ટના તા. ૧-૪-'૮૯ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલા 'ખાટલે મોટી ખોડ' લેખને આભારી છે. તેમની હૈયાવરાળ સાથે હું સહમત છું અને તેમના પ્રત્યે મારી પૂરી સહાનુભૂતિ છે. યુનિવર્સિટીઓની જે ઉપેક્ષાવૃત્તિ હું બતાવવા માગું છું તે માતૃભાષા પ્રત્યેની છે.

ગુજરાત યુનિવર્સિટીએ બી. એ.ની પહેલી પરીક્ષા ૧૯૫૨માં લીધી જે વખતે પરીક્ષા આપવાનું સદ્‌ભાગ્ય અમારા ભેચનું હતું. તે પહેલાં એકમાત્ર બોમ્બે યુનિવર્સિટી સમગ્ર મુંબઇ રાજ્યમાં હતી. આજે તો એકલા ગુજરાત રાજ્યમાં જ ગુજરાત યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, બરોડા યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વગેરે ઘણી યુનિવર્સિટીઓ કામ કરી રહી છે. યુનિવર્સિટીનું કામ અલગ ઘટકોમાં વહેંચાઇ જાય એનાથી રૂડું શું? પરંતુ આ બધી યુનિવર્સિટીઓ પોતાના જ પ્રશ્ન અર્થાત્ માતૃભાષાના જ પ્રશ્ન પરત્વે ઉપેક્ષાવૃત્તિ રાખતી હોય તો શું સમજવું?

હું ન ભૂલતો હોઉં તો ગુજરાત યુનિવર્સિટીએ ૧૯૫૫માં કોલેજોમાં શિક્ષણના માધ્યમ તરીકે ગુજરાતી ભાષાને અપનાવી, અર્થાત્ ૧૯૫૫થી કોલેજના પ્રથમ વર્ષમાં, ૧૯૫૬માં બીજા વર્ષમાં અને ૧૯૬૦ સુધીમાં એમ. એ. સુધી આમ બન્યું હોય. ૧૯૫૪ સુધી ગુજરાતની કોલેજોમાં માતૃભાષા ગુજરાતી સિવાય બધા વિષયો અંગ્રેજીમાં શીખવવાના હતા. એટલે ૧૯૫૪ સુધી બધા વિષયનાં પુસ્તકો અંગ્રેજીમાં જ મળતાં. આ અંગે પૂર્વતૈયારી વિના શિક્ષણના માધ્યમ તરીકે ગુજરાતી ભાષા દાખલ કરવામાં આવી. આ સિદ્ધાંત સામે કોઇ જ વાંધો ન હોય. પરંતુ ગુજરાત યુનિવર્સિટીએ ગુજરાતીમાં પુસ્તકો આપવાની જવાબદારી જે રીતે સ્વીકારવી જોઇએ તે રીતે સ્વીકારી નહિ એમ સખેદ કહેવું પડે છે.

શિક્ષણના માધ્યમની ભાષા ફેરવવી એ ગંભીર બાબત હતી. માધ્યમ તરીકે ગુજરાતી ભાષા એકચોટ દાખલ થઇ જાય એટલે પછી બધું થઇ રહેશે એ નિર્ણયમાં પૂરતું જ્ઞાનપણ નથી. ફેરફાર કરતાં પહેલાં તેનાં પરિણામોનો વિચાર કરીને રચનાત્મક પાસું તૈયાર કરવું પડે અને તો જ તે ફેરફાર સારું પરિણામ બતાવનાર બને. વાસ્તવમાં ગુજરાતની કોલેજોમાં જુદા જુદા વિષયો શીખવતા પ્રાધ્યાપકો મહારાષ્ટ્ર, મદ્રાસ, યુ. પી. વગેરે તરફના હતા. આનો અર્થ એ થયો કે ગુજરાતમાં તે તે વિષયોના પ્રાધ્યાપકો મળતા નહોતા તો પછી તે વિષયોનાં ગુજરાતી પુસ્તકો તૈયાર કરનાર કેટલા મળે? તે ગુજરાતી પુસ્તકો કેવાં થાય? માર્ગદર્શિકા લખવી અને પાઠ્ય પુસ્તક લખવું એ બે વચ્ચે ઘણો તફાવત છે. કોલેજોના પ્રાધ્યાપકોનાં પુસ્તકો જે પાઠ્ય પુસ્તક અને સંદર્ભ ગ્રંથો તરીકે સૂચવાતાં તે પણ ભાગ્યે જ વંચાતા એવા સમયમાં ગુજરાતી ભાષાના માધ્યમની વાત વહેતી થઇ હતી અને ત્યાર પછી ૩-૪ વર્ષમાં જ તે વાસ્તવિકતા બની. જે પ્રાધ્યાપકો તેમના વિષયો અંગ્રેજીમાં શીખવવાને વર્ષોથી ટેવાયેલા હતા અને તેમની માતૃભાષા ગુજરાતી હોય તોપણ તેઓ તે વિષયો ગુજરાતીમાં શીખવવા ઘણા નારાજ અને ખિન્ન હતા. તેમના

વિષયને અનુરૂપ ગુજરાતી ભાષા માટે તેઓ લાચાર હતા. તેમ છતાં તેઓએ ગુજરાતી ભાષાનું માધ્યમ સ્વીકાર્યું અને શીખવ્યું પણ ખરું.

અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર વગેરે વિષયોમાં વર્ષોથી કેટલાક અંગ્રેજી શબ્દો અધ્યાપકોને તેમના અધ્યાપનકાર્યમાં આત્મસાત્ થયા હોય તે શબ્દોનો ભાવ પ્રમાણેનો ગુજરાતી ભાષાનો પર્યાય તેઓ શોધી ન શકે એ દેખીતી બાબત હતી. તેથી સઘળા વિષયોના પારિભાષિક શબ્દો તૈયાર કરવા એ ગુજરાત યુનિવર્સિટીની તાત્કાલિક જવાબદારી હતી. ગુજરાત યુનિવર્સિટીએ થોડા પારિભાષિક શબ્દોની યાદી સાઇક્લોસ્ટાઇલ કરાવીને કૉલેજોમાં મોકલી હતી, પણ તે યાદી કહેવા પૂરતી જ હતી. ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટીએ પારિભાષિક શબ્દોની નાની પુસ્તિકાઓ છપાવી. પરંતુ તે પણ પર્યાપ્ત નહોતી. વાસ્તવમાં પારિભાષિક શબ્દો નક્કી કરવા માટે સંસ્કૃત, હિંદી, ગુજરાતી ભાષાઓના નિષ્ણાતો તેમજ જે વિષયના પારિભાષિક શબ્દો નક્કી કરવાના હોય તે વિષયના નિષ્ણાત અધ્યાપકની સમિતિ હોવી જોઇએ. આ યાદી ઉપરછલ્લી રીતે તૈયાર ન થવી જોઇએ, પરંતુ તે પર્યાપ્ત અને સંપૂર્ણ હોવી જોઇએ.

ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા હોવી જોઇએ એ સિદ્ધાંત પાછળ વિચારસરણી એ હતી કે વિદ્યાર્થી માતૃ-ભાષાના માધ્યમ દ્વારા જ કોઇ વિષય સારી રીતે ગ્રહણ કરી શકે અને તે વિષય પરની પકડ મેળવવા પણ સરળતાથી સમર્થ થાય. આ સંબંધમાં પ્રબુદ્ધ જીવનના માનનીય તંત્રી મહાશય ડૉ. રમણલાલ ચી. શાહે તા. ૧-૧-'૮૭ના પ્રબુદ્ધ જીવનમાં તેમના 'ભાષાવાદનું વિષ' તંત્રીલેખમાં લખ્યું છે, 'માણસ પોતાની જાતને સારામાં સારી રીતે માતૃભાષામાં વ્યક્ત કરી શકે છે. માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનું જો એ માધ્યમ હોય તો તે તેમાં ગ્રહણ કરવામાં અને વ્યક્ત કરવામાં વધુ સફળતા મેળવી શકે છે.' આ વિચારસરણી વૈજ્ઞાનિક છે એમાં કોઇ જ શંકા નથી. પરંતુ વિદ્યાર્થી વિષય સમજે અને તેના પર પ્રભુત્વ મેળવે તે માટે વિષયની સામગ્રી માતૃભાષામાં પ્રાપ્ય હોવી જોઇએ એ અનિવાર્ય બાબત છે. પ્રાધ્યાપકોનાં વ્યાખ્યાનોથી વિષય સ્પષ્ટ બને અને તેમાં રસ પડે એ આનંદની વાત છે, પરંતુ વાચન માટેની તે વિષયની સામગ્રી માતૃભાષામાં યોગ્ય પ્રમાણમાં ન હોય તો ઉચ્ચ શિક્ષણનું માળખું ખામીભર્યું જ ગણાય

તે સમયે થોડા અપવાદો બાદ કરતાં ઇંગ્લેંડના પ્રાધ્યાપકો અને વિદ્વાનોનાં જુદા જુદા વિષયો પર લખેલાં પુસ્તકો જ ઉપલબ્ધ હતાં. વિદ્યાર્થીઓ પોતાની વિચારશક્તિ ખીલવે અને કોઇ ચોકકસ વિષયનો તલસ્પર્શી અભ્યાસ કરવા પામે એવા ઉચ્ચ શિક્ષણના હેતુને અનુલક્ષીને લખાયેલાં એ પુસ્તકો હતાં. પારિભાષિક શબ્દોની સંપૂર્ણ અને પર્યાપ્ત યાદી આપ્યા બાદ ગુજરાત યુનિવર્સિટીની તરતની જવાબદારી એ હતી કે અભ્યાક્રમ પ્રમાણેના વિષયો માટે સૂચવાતાં પ્રમાણભૂત અંગ્રેજી પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ થાય. પરંતુ આ પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કરવાની વ્યવસ્થિત યોજનાના અભાવે કૉલેજોનાં પુસ્તકાલયોમાં તે માત્ર શોભા પૂરતાં રહ્યાં છે. પરિણામે, નવી પેઢીઓના વ્યાખ્યાતાઓ અને પ્રાધ્યાપકો માટે જે સંદર્ભગ્રંથોનું વાચન જરૂરી ગણાય તે નહિવત્ બન્યું હોય એ દેખીતું છે. ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમના વિષયોને સ્પર્શતા ગ્રંથો સંસ્કૃત, હિંદી, બંગાળી વગેરે ભાષાઓમાં લખાયેલા હોય તેમનો પણ ગુજરાતી ભાષામાં અનુવાદ કરવો એ અહીં સ્વીકૃત જ છે

હું જ્યારે ૧૯૪૮માં કૉલેજના પ્રથમ વર્ષમાં ભણતો હતો ત્યારે અંગ્રેજીના વિષયમાં ગદ્યમાં નિબંધો, પદ્યમાં જુદાંજુદાં કાવ્યો અને એક નવલકથા એમ ત્રણ પુસ્તકોનો અભ્યાસ કરવો પડતો હતો. બીજા વર્ષમાં એટલે ઇન્ટર આર્ટસમાં નિબંધો, શેકસપીયરનું નાટક અને એક નવલકથા, તદુપરાંત The Art of Writing–લેખનકળાનું નાનકડું પુસ્તક એમ ચાર પુસ્તકોનો અભ્યાસ કરવાનો રહેતો. ગુજરાત યુનિવર્સિટી થતાં અભ્યાસક્રમમાં ગુજરાતીનું આ જાતનું સ્થાન થયું ખરું ? ત્યારે બી. એ.નાં બે વર્ષ હતાં વિદ્યાર્થીઓ બી.એ.માં ઐચ્છિક વિષયો જે પસંદ પડે તે લે. પણ બંને વર્ષમાં અંગ્રેજીનો વિષય ફરજિયાત હતો. ગુજરાત યુનિવર્સિટી થયા પછી ત્યારે બી.એ.માં ગુજરાતીને ફરજિયાત વિષય તરીકે સ્થાન મળ્યું ? અહીં ભાષાવાદ કે પ્રાંતવાદની હિમાયત નથી, તેમ રાષ્ટ્રભાષા પ્રત્યે અનાદર નથી; પરંતુ ગુજરાતી ભાષા કે માતૃભાષાનાં યોગ્ય સ્થાનની જ બાબત છે. ગુજરાતના વિદ્યાર્થીઓને ન આવડે સરખું અંગ્રેજી કે હિંદી અને ગુજરાતી–માતૃભાષા અંગે પણ ઉચિત જાણકારી ન મળે તેવા શિક્ષણની શી સાર્થકતા ગણાય ? ઉચ્ચ શિક્ષણનું માધ્યમ ગુજરાતમાં ગુજરાતી છે એનો અર્થ એ જ થાય કે શિક્ષણના પ્રત્યેક તબકકે ગુજરાતી ભાષાનું શિક્ષણ, જેમ અંગ્રેજોના સમયમાં અંગ્રેજીનું શિક્ષણ મહત્ત્વપૂર્ણ હતું, તેમ મહત્ત્વપૂર્ણ બનવું જ જોઇએ. આમ થતું નહિ રહે તો ગુજરાતના શિક્ષિત યુવાનો તેમના વિચારો યોગ્ય રીતે વ્યક્ત નહિ કરી શકે જે વૈયકિતક રીતે તેમજ સામાજિક રીતે ઇષ્ટ નથી.

ગુજરાતીનો વિષય ગમે તે શિક્ષક શીખવી શકે એવી માન્યતા ગુજરાતમાં થોડાં વર્ષો પહેલાં હાઇસ્કૂલના શિક્ષણ અંગે હતી. ભલે શિક્ષકની માતૃભાષા ગુજરાતી હોય એટલે તે શીખવી શકે એમ માની લઇએ, પરંતુ ગુજરાતીનો વિષય શીખવવા માટે વિશિષ્ટ લાયકાત હોવી જ ઘટે એ સત્યનું ગૌરવ લેવામાં ગુજરાતના કેળવણીકારોની શોભા છે. જે ભાષા ગુજરાતીઓના વિચારની અને રોજબરોજના વ્યવહારની છે, જે ભાષા દ્વારા પોતાના ભાવો અને લાગણીઓ વ્યક્ત કરવામાં આવે છે અને જેનાં સાહિત્યનું પાન જીવનઘડતરમાં મહત્ત્વનો ફાળો આપે છે તે ભાષા પ્રત્યે વધુ પડતી ઉદાસીનતામાં નુકસાન જ રહેલું છે. અંગ્રેજોના સમયમાં હાઇસ્કૂલમાં અંગ્રેજી ભાષાના શિક્ષણનું જે મહત્ત્વનું સ્થાન હતું તેવું સ્થાન આપણે આજે પણ ગુજરાતી ભાષાના શિક્ષણને આપી શકયા નથી. તે સમયમાં મેટ્રિકની પરીક્ષામાં પ્રથમ પ્રશ્નપત્ર અંગ્રેજીનો રહેતો ત્યારે આજે આપણે પ્રથમ પ્રશ્નપત્ર ગુજરાતીનો રાખીએ છીએ એટલો બાહ્ય ફેરફાર ગુજરાતીનું મહત્ત્વ બતાવવા માટે જરૂર કર્યો છે. પરંતુ એમ તો નથી ને કે પ્રથમ પ્રશ્નપત્ર સહેલો હોય તો વિદ્યાર્થીઓને બીજા પ્રશ્નપત્રોમાં માઠી અસર ન થાય માટે ગુજરાતીના પ્રશ્નપત્રને પ્રથમ સ્થાન આપ્યું છે ? એ સિવાય એસ. એસ. સી.ના ગુજરાતીના અભ્યાસક્રમમાં

સમીક્ષા, સારલેખન, સંક્ષેપલેખન, છંદો, અલંકારો વગેરે જેવી બાબતોને સ્થાન આપ્યું છે, પરંતુ તેથી ગુજરાતીના વિષયનું ઘનિષ્ટ શિક્ષણ ચાલે છે એવો દાવો થઇ શકે એમ નથી.

બીજી બાજુથી ગુજરાતી ભાષાના વ્યાકરણ અંગે વિદ્યાર્થીઓનો અભ્યાસ કેવો છે તે જાણવા અને સમજવા માટે તો ગુજરાતની હાઇસ્કૂલોના ગુજરાતી શિક્ષકોનો પરિસંવાદ યોજવો જોઇએ. ગુજરાતી ભાષાનું પણ વ્યાકરણ હોય એ વાત વિદ્યાર્થીઓને કૌતુકભરી લાગતી હોય એવું પણ જોવા મળે તો એ અશક્ય નથી. ગુજરાતના વિદ્યાર્થીઓ લેખનકળા અંગે એમ સમજે કે ગુજરાતી તેમની માતૃભાષા છે. એટલે લખતાં તેમને સહજ રીતે જ આવડે, પછી એ અંગે વિશેષ માથાકૂટની શી જરૂર છે. એમ તેઓ માને તો પરિસ્થિતિની અવધિ જ ગણાય. જોડણી, ઉચ્ચાર વગેરે ગુજરાતી ભાષામાં કંઇ હોય જ નહીં અને હોય તો સરળતાથી બધાંને આવડી જ જાય એ ભ્રમને પોષવામાં વિદ્યાર્થીઓનું હિત નથી. અંગ્રેજી, હિંદી અને સંસ્કૃત ભાષાઓ માટે આ સઘળા મુદ્દા સહર્ષ સ્વીકારાય છે, પરંતુ ગુજરાતી ભાષાની વાત આવે ત્યાં આ સઘળા મુદ્દાઓ અંગે મૌન છવાઇ જતું હોય છે. વિદ્યાર્થીઓને ચલચિત્રોનાં સંખ્યાબંધ ગીતો મોઢે આવડે, જ્યારે જે ગુજરાતી કાવ્યો ગાઇ શકાય એવાં હોય છે અને જેનાં ગાનથી સારા સંસ્કારો પડે એ સ્પષ્ટ છે તેમાંનું કોઇ આખું કાવ્ય તો ભાગ્યે જ વિદ્યાર્થીઓને આવડતું હોય છે.

જે પ્રાથમિક શાળા સાથે અનેક વ્યક્તિઓને પ્રત્યક્ષ અને પરોક્ષ સંબંધ છે તેનો ઉલ્લેખ કેવળ અનિવાર્ય જ છે. પ્રત્યક્ષ સંબંધ એટલે વ્યક્તિએ પોતે પોતાના બાળપણમાં પ્રાથમિક શિક્ષણ લીધું હોય તે જાતનો સંબંધ. પરોક્ષ સંબંધ એટલે પોતાનાં સંતાનો કે સંતાનોનાં સંતાનો પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં હોય તે જાતનો સંબંધ પ્રાથમિક શાળા બાળકના કેવળ નિરક્ષરતા નિવારણ માટે નથી તેમ માત્ર બાળકની ગાણિતિક શક્તિ જ ખીલવવા માટે નથી. પરંતુ પ્રાથમિક શિક્ષણના તબક્કામાં ભાષાશિક્ષણ ઘણી મહત્ત્વની બાબત છે. પ્રાથમિક શાળામાં એકથી ચાર ધોરણ સુધીમાં ભાષાની જે સમજ બાળક ગ્રહણ કરે છે તેના ભવિષ્યના ભાષાના અભ્યાસ માટે પાયો બને છે. વાંચતાં આવડવું, લખતાં આવડવું, જોડણીનો ખ્યાલ બેસવો, ઉચ્ચાર સ્પષ્ટ થવા, સરળ અર્થ સમજમાં આવે, ભાવાર્થ સમજમાં આવે, કાવ્ય ગાતાં આવડે અને તેનો અર્થ સમજાય, ઇતર વાચનનો શોખ, વ્યાકરણની સાદી સમજ વગેરે બાબતોના સંસ્કારો ચાર ધોરણ સુધીમાં જેટલા પ્રમાણમાં સરસ અને દૃઢ પડે તેટલા પ્રમાણમાં ધોરણ પાંચથી માંડીને કોલેજના અભ્યાસ સુધી ભાષાજ્ઞાનની ઇમારતનું ચણતર થાય. પરંતુ પ્રાથમિક શિક્ષણ પ્રત્યે સમગ્ર સમાજની ઉદાસીનતા પ્રવર્તે છે ત્યાં ગુજરાતી ભાષાનાં શિક્ષણ કે ગૌરવની વાત અંગે કેટલું ઉત્તોજન મળે એ પ્રશ્ન છે. સમાજમાં આ પાયાના શિક્ષણ પ્રત્યે રસ હશે તો તે વ્યક્તિનો વ્યક્તિગત દૃષ્ટિએ રસ હશે, જેથી ગુજરાતી ભાષાના ગૌરવની વાત ઘડીભર હોય તો તે મર્યાદિત રીતે હોય.

આશ્ચર્યની વાત તો એ છે કે શિક્ષિત માબાપો પોતાનાં બાળકોને બાલમંદિરથી જ જ્યાં અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ અપાતું હોય ત્યાં મોકલે છે. વળી, ગુજરાતી ભાષાના શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતાની અવધિ તો ત્યાં છે કે પ્રાધ્યાપકો અને શિક્ષકો પણ પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમવાળાં બાલમંદિરો અને શાળાઓમાં મોકલે છે. પ્રાધ્યાપકોના આ વલણને આપણે ક્ષમ્ય ગણીએ, કારણ કે તેમને શિક્ષણ અંગેની તાલીમ લેવી પડતી નથી; તેથી તેમને કેળવણીશાસ્ત્રનો ખ્યાલ ન હોય. પરંતુ શિક્ષકોને તો કેમ શીખવવાની તાલીમ લેવી પડતી હોય છે અને કેળવણી-શાસ્ત્રનો અભ્યાસ કરવો જ પડે છે. બાળકોને બાલમંદિરમાં કે પ્રાથમિક શાળામાં પરભાષા દ્વારા શીખવવું એ તેમના પર અત્યાચાર છે એ કેળવણીશાસ્ત્રની સ્પષ્ટ વાત છે. ઉચ્ચ શિક્ષણમાં પણ વિષય સારી રીતે સમજાય અને સરળતાથી ગ્રહણ થાય તેટલા માટે માતૃભાષાનું માધ્યમ અપનાવવામાં આવ્યું અને નાનાં બાળકોને અંગ્રેજી માધ્યમ દ્વારા ભણાવવા માટે માબાપો ગૌરવ લે એ તો વિધિની વિચિત્રતા જ ગણાય.

આ વાસ્તવિક પરિસ્થિતિમાં ગુજરાતની માતૃભાષા ગુજરાતીનું સ્થાન યોગ્ય કક્ષા સાથે ગૌરવભર્યું બને તે માટે ગુજરાતની યુનિવર્સિટીઓની જવાબદારી શી ગણાય? વહીવટી દૃષ્ટિએ અને શિક્ષણની દૃષ્ટિએ યુનિવર્સિટીઓને હાઇસ્કૂલો અને પ્રાથમિક શાળાઓ સાથે તો કશો જ સંબંધ નથી પરંતુ યુનિવર્સિટીઓ સ્નાતકો અને અનુસ્નાતકો તૈયાર કરે છે અને બહાર પાડે છે. આ સ્નાતકો અને અનુસ્નાતકો હાઇસ્કૂલોમાં પણ કામ કરવા લાગે છે. હાઇસ્કૂલના શિક્ષકો એસ. એસ. સી. અને એચ. એસ. સી.ના વિદ્યાર્થીઓને તૈયાર કરે છે જે પી.ટી.સી.ની તાલીમ લઇને પ્રાથમિક શાળાઓ સંભાળે છે. આ રીતે યુનિવર્સિટીઓને પ્રત્યેક શૈક્ષણિક સાથે પરોક્ષ સંબંધ છે. તેથી ગુજરાતની યુનિવર્સિટીઓ માતૃભાષા ગુજરાતી માટે યોગ્ય દૃષ્ટિ અને વાતાવરણ નિર્માણ કરે તો આ પ્રશ્ન જરૂર હલ થઇ શકે તેવો છે પરિણામે સમય જતાં પ્રાથમિક શાળાઓમાં ભાષા-શિક્ષણ યોગ્ય બને, તો પછી શિક્ષણના પ્રત્યેક તબક્કે ભાષા-શિક્ષણની યોગ્ય ઇમારતનું ચણતર થતું રહે.

નાણાંની ખેંચનું કારણ આપીને અથવા તો માતૃભાષા ગુજરાતીની કક્ષા યોગ્ય બને અને તેનું સ્થાન ગુજરાતમાં ગૌરવભર્યું બને એ સંકુચિતતા ગણાય એવું કારણ આપીને ગુજરાતની યુનિવર્સિટીઓ પોતાની ઉચિત જવાબદારી પ્રત્યે ઉદાસીનતા ન સેવે એવું ગુજરાતીઓ જરૂર ઇચ્છે. ગુજરાતી ભાષાના સાહિત્યકારોની પ્રેરણા આ દિશામાં અવશ્ય શુભપરિણામગામી નીવડે.

'પ્રબુદ્ધ જીવન'નો સંયુક્ત અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧લી ઓગસ્ટ અને તા. ૧૬મી ઓગસ્ટનો અંક પર્યુષણ પર્વ નિમિત્તે સંયુક્ત અંક તરીકે તા. ૧૬મી ઓગસ્ટ, ૧૯૮૯ના રોજ પ્રગટ થશે.

-તંત્રી

વિશ્વનું અનન્ય ચિત્રાલય—અજંતા

© પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

દેવતાઓને એકવાર, મૃત્યુલોકમાં કોઇ રમણીય સ્થળે વિહાર કરવાની ઇચ્છા થઇ. એમણે દેવરાજ ઇન્દ્રની આજ્ઞા માગી. આજ્ઞા તો આપી, જોડે એ પણ કહ્યું કે 'સૂર્યોદય પહેલાં પાછા ફરજો !'

દેવતાઓ, અપ્સરાઓ, ગંધર્વો, યક્ષ – કિન્નરો, સિદ્ધો, વિદ્યાધરો વગેરે સૌ ઊપડ્યાં ને પારિજાતકનાં વૃક્ષોથી છવાયેલા અને એના પુષ્પપરિમલથી મોદક બનેલા અહીંના વાતાવરણથી આકર્ષાઇને આ કંદરામાં ઊતરી પડ્યાં. આનંદપ્રમોદમાં રાત્રી ક્યાંય વહી ગઇ ને પ્રાતઃકાળ થવાનો ખ્યાલ ન રહ્યો. સમયસર પાછા ન ફરાતાં, સૂર્યનાં પ્રથમ કિરણની પીંછીના સ્પર્શથી એ સૌ જ્યાં, જેમ હતાં ત્યાં તેમ, ચિત્રરૂપે અંકિત થઈ ગયાં !

લોકમાનસમાં રમતી આ કથા કેવી કાવ્યમય છે !

ને ખરેખર, અહીંનું વાતાવરણ એવું અદ્‌ભુત જ છે. લગભગ ૩૦૦ ફૂટ ઊંચી, અર્ધચન્દ્રાકાર ટેકરીઓની ખીણમાં, ભેખડોની વચ્ચે કંડારાયેલી અટારીઓનો આ કંદોરો ને નીચે એમાં ચરણ પખાળતી વહી જતી વાઘેરા (વાઘૂર કે વ્યાઘ્રી) નદી સામે, વચ્ચે એક ખૂણે પડતો જલધોધ વાતાવરણને પ્રસન્નતાથી ભરી, ગુફાઓને હલાવતા મધુર સંગીતથી ગુંજતી કરી દે છે. આવા વાતાવરણમાં અજંતાનાં ગુફામંદિરોમાંનાં આ ચિત્રોનું દર્શન, કોઇ અલૌકિક સ્વપ્ન–સૃષ્ટિના વિહાર સમું પ્રતીત થાય છે.

આવા સુરમ્ય, શાંત ને એકાંત સ્થળની પસંદગીને લગભગ માધ્યાના ત્રીજા ભાગ જેવડા નાનકડા વિસ્તારમાંય આટલો કલાવૈભવ સમાવવાની કલ્પના કરનારના નિસર્ગપ્રેમ, સૌંદર્યપ્રેમ, ને કલાપ્રેમ કેવો, કેટલો ઉત્કટ હશે ?

આ છે ભારતના ભવ્ય ભૂતકાળની ગરવી ગાથા ગાતાં અજંતાનાં આ ગુફામંદિરોનું આકર્ષણ.

ભારતના ભવ્ય ભૂતકાળની ગરવી ગાથા ગાતા અજંતાનાં આ ગુફા મંદિરોનું આકર્ષણ આપણાં જ નહીં, દુરસુદુર વસતી જગની અન્ય પ્રજાઓનાં હૈયામાં પણ અજંપો જગાડે છે.

છેક ૧૮૧૯ ઇ. સુધી તો આપણે આ સમૃદ્ધ કલાધામના અસ્તિત્વથી પણ અજાણ હતાં. ઔરંગાબાદથી લગભગ ૬૬ માઇલના અંતરે આવેલી આ ટેકરીઓમાં એકવાર અકસ્માત એક સેનાધિકારી જઇ ચડ્યો ને પ્રાચીન ભારતના સમૃદ્ધ સંસ્કારસ્વર્ગનાં દ્વાર વિશ્વ માટે ખૂલી ગયાં !

ચૈત્ય અને વિહાર, એવા બે પ્રકારમાં વહેંચાયેલી અહીંની ૩૦ ગુફાઓમાં કેટલીક તો અધુરી પણ રહેલી છે. ચૈત્ય ગુફાઓ આકારમાં લાંબી હોય છે ને તેને સામે છેડે નાનકડો સ્તૂપ હોય છે; આ પ્રાર્થના મંદિર તરીકે વપરાતી. જ્યારે વિહાર ગુફાઓમાં બૌદ્ધ ભિક્ષુઓ રહેતા ને અધ્યયન કરતા.

આ બધી ગુફાઓનું નિર્માણ એક જ સમયમાં નથી થયું એ તો સહેજે જોઇ શકાય છે. અનેક વિદ્વાનોતા અભિપ્રાયોના તારવણી કરતાં જણાય છે કે ઇ. સ. પૂર્વે બીજી સદીથી ઇ. સ.ની સાતમી સદી સુધીમાં જુદે જુદે વખતે આ ગુફાઓનું નિર્માણ થયું છે. અત્યારે જે અનુક્રમમાં એમાં નંબરો અપાયા છે તે માત્ર સગવડ પૂરતા છે – એમના નિર્માણ કાળના ક્રમ જોડે એને કોઇ જ સંબંધ નથી. પહેલાં ત્યાં પ્રવેશવા માટેનો માર્ગ પણ જુદો હતો; એની સોપાનશ્રેણીના અવશેષો ને એના છેક ઉપરનાં પગથિયાં પાસે કંડારાયેલી નાગરાજની મૂર્તિ એ મુખ્ય પ્રવેશમાર્ગ પ્રત્યે આંગળી ચીંધે છે.

એક કાળે આ બધી જ ગુફાઓ ચિત્રો ને શિલ્પથી સમૃદ્ધ હતી. અત્યારે ચિત્રો તો ૧, ૨, ૧૬, અને ૧૭ નંબરની ગુફાઓમાં જ સૌથી (શક્ય તેટલી) સારી રીતે સચવાયાં છે; ને તેમાંય ૧ અને ૨માં સવિશેષ.

૧, ૪, ૧૭, ૧૯, ૨૪ અને ૨૬ નંબરની ગુફાઓનું શિલ્પ ધ્યાન ખેંચે એવું છે–તેમાં ય ૨૬ નંબરની ગુફાનું શિલ્પ ખાસ! આમ છતાં અહીંના આકર્ષણનું કેન્દ્ર તો અહીંનાં ચિત્રો જ છે.

તથાગત બુદ્ધના જીવનપ્રસંગો અને જાતકોને નામે ઓળખાતી તેમના પૂર્વજન્મની કથાઓ અહીંનાં ચિત્રોના મુખ્ય વિષયો છે. પ્રાણીમાત્ર માટે કરુણાભાવ ને માનવમૂલ્યોની મહાનતાનું ગાન કરતાં અહીંનાં ચિત્રોમાં દેવતાઓ, યક્ષ – કિન્નરો, રાજા ને રંક, સ્ત્રી, પુરુષ ને બાળકો, સાધુ – સંન્યાસી – ભિક્ષુક ને નાગરિકો, પ્રણયમત્ત યુગલો ને ગીતો ગાતાં વાયુવિહાર કરતાં ગંધર્વો, પશુ – પક્ષીઓ ને વૃક્ષવલ્લરીઓ, રાજદરબારો ને વન-ઉદ્યાનો, સૃષ્ટિનાં સર્વ વૈવિધ્યો ને સર્વસ્તરો જાણે અહીં આવરી લેવાયાં છે !

આ બધામાં, વિશ્વભરના કલાપ્રેમીઓને હૈયે વસી ગયેલું 'બોધિસત્ત્વ પદ્મપાણિ' (ગુ. ૧), હૈયું હલાવી દેતું 'મૃત્યુ–શૈયાએ પોઢેલી રાજકુમારી (ગુ. ૧૭) અને બુદ્ધત્વ પ્રાપ્તિ પછી પહેલી જ વાર–ને તેય કેવા અકલ્પ્ય સંજોગોમાં મળતાં 'બુદ્ધ, યશોધરા ને રાહુલ' (ગુ. ૧૭)–આ ચિત્રો તો ભૂલ્યાં ભુલાય એમ નથી ! ઉપરાંત સ્થૂળ રેખાઓથી મુખર 'સર્વનાશ', 'શ્યામા રાજકુમારી' તથા 'માર વિજય' ચિત્રોનું પણ આકર્ષણ જબરું છે.

અહીંનાં સ્ત્રીપાત્રોના આલેખને વિશ્વભરના કલાકારોનું ધ્યાન ખેચ્યું છે. 'સૌષ્ઠવપૂર્ણ' અંગઉપાંગો, સુદીર્ઘ નયનો, લાલિત્યભરી છટાદાર અંગભંગીઓ, સુરમ્ય શૃંગાર સાધનો, અખૂટ અલંકાર વૈભવ, કલાપૂર્ણ કેશકલાપ'ને આ સૌને મોખરે રહેલી મુખર ભાવાભિવ્યક્તિ, અહીંનાં સ્ત્રીપાત્રોને વિશ્વભરની ચિત્રકલામાં વિશિષ્ટ સ્થાન અપાવે છે.

એમના કેશકલાપનું વૈવિધ્ય, એક આખો નવો જ સંગ્રહ તૈયાર થઇ શકે એટલા વિપુલ પ્રમાણમાં છે; તો હાથ ને આંગળીઓની મુદ્રાઓનું વૈવિધ્ય પણ એટલું સમૃદ્ધ છે કે જગતનું કોઇપણ ચિત્રાગાર આ ક્ષેત્રે એની બરોબરી કરી શકે એમ નથી.

આવી અદ્‌ભુત ચિત્રાવલિ ઉપરાંત ગુફાઓનાં સ્તંભો, ભીંતો ને છતો પણ કલાત્મક સુશોભનોથી ભરચક છે. નાના

નાના ચોરસોમાં અંકાયેલી ફૂલ, ફળ ને પાન-વેલીઓ વગેરેની અસંખ્ય નયનરમ્ય આકૃતિઓનો જાણે અહીં એક અનોખો સંગ્રહ કરવામાં આવ્યો છે. કમળ, હાથી, વૃષભ, હંસ વગેરેનો પણ આ ભાતીગળ લાલિત્યપૂર્ણ સુશોભનોમાં છૂટથી – ને અલબત્ત, સુરુચિપૂર્વક, આકર્ષક રીતે વિનિયોગ થયો છે.

આમાંયે કમળ અને હાથીનાં ચિત્રો ખાસ ધ્યાન ખેંચે છે. કમળનાં ફૂલ, કળીઓ, ડોડા, ગુચ્છ વગેરેની એટલી વિવિધતા છે, કે નવીનતા ખૂટતી જ નથી. હાથીહાથણીઓ ને એમનાં બચ્ચાંઓની ચેષ્ટાઓ પણ એટલી જ વૈવિધ્યભરી, વાસ્તવિક ને સજીવ છે.

બૌદ્ધ તત્ત્વજ્ઞાનનાં ઉદાત્ત, પવિત્ર ને આધ્યાત્મિક તત્ત્વોનું દર્શન કરાવતાં આ ચિત્રોમાં વસ્ત્રપરિધાન, કેશકલાપ, આભૂષણો, નૃત્યકલા, વાસ્તુકલા ઉપરાંત લોકરુચિ, સામાજિક રીતરિવાજો, વ્યવહારમાં વપરાતાં ઉપકરણો વગેરે દ્વારા એક રીતે અહીં સમાજના લગભગ નવસો વર્ષના ગાળાનું જીવનદર્શન પણ થાય છે; તો બીજી રીતે, નવસો વર્ષના અનુભવની પીઠિકા પર ઘડાયેલી પરંપરાની ચિત્રશૈલી ને એ નવસો વર્ષ દરમિયાન એણે સાધેલા વિકાસની ક્રમબદ્ધ અસ્ખલિત ધારાનું દર્શન પણ એમાં થાય છે.

વાતાવરણ, પાત્રો, પરિસ્થિતિ વગેરેનો સુરુચિપૂર્ણ સમન્વય સાધી સમગ્ર ચિત્રમંડળનું સંયોજન કરવામાં આશ્ચર્ય-જનક સિદ્ધિ પ્રાપ્ત કરનાર અહીંના કલાકારો, ચિત્રકલાનાં આંતર – બાહ્ય અંગો, તેનું તંત્ર, તેનાં સાહિત્ય વગેરેની બાબતમાં તો પારંગત હોય જ ને! મનોહર રંગમિલાવટ, છાયા – પ્રકાશનું પ્રતિભાપૂર્ણ આયોજન, પાસે કે દૂર હોવાપણું, લંબાઈ, પહોળાઈ ને ઊંડાણ કે ગોળ હોવાપણું દર્શાવવાની કલાથી તેઓ દૃષ્ટીતી રીતે સુપરિચિત હોવાની પ્રતીતિ થાય છે. પણ આ બધાનેય આંટી જાય એવું, પ્રવાહી, વેગવતી, સુકુમાર છતાં સમર્થ, સજીવ ભાવવાહી ને લયબદ્ધ રેખાઓનું અલેખન, ચિત્રકલાના વિશ્વઇતિહાસમાં એમને અનોખું સ્થાન અપાવે છે. પાણીના રેલાની જેમ સરળ ને સહજ રીતે વહી જતી આ રેખાઓ જગતના મહાનમાં મહાન કલાકાર માટે પણ આહ્વાન રૂપ છે.

અધ્યાત્મભાવ ને કલ્પના સમૃદ્ધ સૌંદર્યોપાસનાનો આવો અપૂર્વ સમન્વય સાધનાર આ કલાકારોની અદ્‌ભુત સર્જકતાનો, એમની છીણી ને પીંછી દ્વારા થયેલો આ ઉન્મેષ વિશ્વભરમાં અજોડ છે. શિલ્પ અને સ્થાપત્યકલા જોડે આવી અનન્ય ચિત્રકલાના સંયોજનથી થયેલા આ સમગ્ર નિર્માણમાં એવી અજબ એકરાગતા સધાઇ છે, જાણે કોઇ કાવ્ય સ્ફૂટ થઇને લયબધ્ધ સંગીતરૂપે વહે છે.

નવસો નવસો વર્ષની ચિત્રકલા ને શિલ્પકલાની શૈલી ને પરંપરાના સળંગ ઇતિહાસનું ને નવસો નવસો વર્ષના જીવનના દર્શનનું અસ્ખલિત સાતત્ય જાળવતું આવું એક પણ ચિત્રાલય વિશ્વભરમાં ક્યાંય મળે એમ નથી.

અજંતા, ભારતીય સંસ્કૃતિએ, વિશ્વસંસ્કૃતિના ઇતિહાસને આપેલો અનન્ય વારસો છે.

મુનિસેવા આશ્રમ

(પૃષ્ઠ ૨ થી ચાલુ)

બાલમંદિરો પણ ચાલુ થયાં છે અને આશ્રમ-શાળાઓ તથા છાત્રાલયો માટેની પ્રવૃત્તિ પણ ચાલુ થઇ છે. બાળકોને પૌષ્ટિક આહાર અપાય છે. અને શિસ્તબદ્ધ તાલીમ પણ અપાય છે. તેમના આરોગ્યની તપાસ પણ થાય છે. આશ્રમ દ્વારા ૬ લોકોને વિનામૂલ્યે છાશ આપવામાં આવે છે. આશ્રમમાં 'ગૌ મંદિર' છે અને ગોબરગેસના પ્લાન્ટ પણ છે. આશ્રમ તરફથી લોકોને આજીવિકા અર્થે ગાય-ભેંસ આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે અને ખેતી માટે સાધનો પણ અપાય છે. આશ્રમના શ્રમમંદિરમાં હાથશાળ ઉપર છોકરા છોકરીઓ વણાટનું કામ કરીને રોજી કમાઇ શકે છે.

સંઘ તરફથી મુનિ સેવા આશ્રમને સહાય કરવાના હેતુથી શ્રી અનુબહેન સાથે વિચાર વિનિમય કરી નીચે પ્રમાણે યોજના વિચારી છે. આશ્રમની હોસ્પિટલ (આરોગ્ય મંદિર)ના દરદીઓને દવાઓ આપવા માટે કાયમી તિથિની રકમ નોંધીને માતબર રકમ પર્યુષણ પર્વ દરમિયાન આપવાની સંઘની ભાવના છે. દરદીઓની દવાઓ માટે એક કાયમી તિથિના રૂ. ૨૫૦૦/- રાખવામાં આવ્યા છે. એના વ્યાજમાંથી તે તે તિથિએ દરદીઓને વિના મૂલ્યે દવાઓ આપવામાં આવશે. અને જે કંઇ વધારાનો ખર્ચ થશે તે આશ્રમ ભોગવશે. આ રીતે મુનિ સેવા આશ્રમને રૂપિયા ૨૫૦૦/- લેખે શક્ય તેટલી વધુ તિથિઓ નોંધાવીને સહાય કરવાની સંઘના સર્વ સભ્યોને અને અન્ય ચાહકો તથા શુભેચ્છકોને સંઘ વતી નમ્ર અરજ કરવામાં આવે છે. આશ્રમને સહાય કરવા માટે તો વિવિધ યોજનાઓ છે, પરંતુ દવાની કાયમી તિથિની આ યોજના ઉપર લક્ષ કેન્દ્રિત કરવાનું સંઘની સમિતિએ ઠરાવ્યું છે.

દીન, હીન, દુઃખી, અસહાય ભાંડુઓ પ્રત્યેની આપણી કરુણાસભર કર્તવ્યબુદ્ધિને સતેજ કરવાનો આ અવસર છે.

–રમણલાલ ચી. શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું નવું પ્રકાશન

શ્રી દીપચંદ ત્રિભોવનદાસ ટ્રસ્ટ ગ્રંથ શ્રેણી-ગ્રંથ છઠ્ઠો

પ્રભાવક સ્થવિરો

ભાગ પહેલો

[આ ગ્રંથમાં શ્રી મૂળચંદજી મહારાજ, શ્રી આત્મારામજી મહારાજ, શ્રી વલ્લભસૂરિમહારાજ, શ્રી બુદ્ધિસાગરસૂરિ મહારાજ અને શ્રી ચારિત્રવિજયજી મહારાજનું જીવનચરિત્ર આપવામાં આવ્યું છે.]

લેખક : ડો. રમણલાલ ચી. શાહ

મૂલ્ય રૂ. ૨૦-૦૦

—: પ્રકાશક :—

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

૩૮૫, સરદાર વી. પી. માર્ગ,

મુંબઇ-૪૦૦ ૦૦૪, ફોન : ૩૫૦૨૯૬

નોંધ : સંઘના સભ્યોને માટે કિંમત રૂપિયા પંદર

ચુંટણી–પ્રચારમાં વિચારવિહીનતા

જયાબહેન શાહ

(૧) અશોભનીય

દેશ દુનિયામાં વડાપ્રધાનનું સ્થાન લગભગ સર્વોચ્ચ ગણાય છે. વળી દેશના કારોબારનો મોટા તેમના શિરે હોવાથી લોકનજરે તેમની ઉંચી પ્રતિભા અપેક્ષિત છે. બધા જ માણસો જન્મથી ઉચાઇ વાળા હોતા નથી. પણ જ્યારથી તેમને શિરે જવાબદારી આવે છે ત્યારે સામાન્ય વ્યકિત પણ જવાબદારીના માહોલમાં ઊંચી ઉઠી શકતી હોય છે. આપણા વડાપ્રધાનને માથે આવડા મોટા દેશની જવાબદારી હોવા છતાં તેઓ પદની ગરિમા કે ઉંચાઇને લક્ષમાં લીધા વિના સામાન્યજનની કોટીએ અને કયારેક તેથીએ નિમ્ન કોટીએ સરી પડે છે તે શોચનીય છે. એવી ઘટનાઓ ભૂતકાળમાં પણ બની ચૂકી છે. સરકારી–અધિકારીઓને અન્યની હાજરીમાં તતડાવી નાખવા. મુખ્ય મંત્રીઓની પણ તેનાથી નાના માણસોની હાજરીમાં ખબર લઇ લેવી. આ બધું છોકરમતમાં ખપે તેવું છે. પણ કેટલાક માણસો અનુભવે પણ ઘડાતા હોય છે. ઠોકર ખાઇને પણ શીખતા હોય છે. પણ રાજીવજીની બાબતમાં એવું થયું નથી ઉલ્ટાનું ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ તેઓ જાણે રઘવાયા થતા હોય અને કયારે કયાં કેટલું અને શું બોલવું તેનું ભાનસાન ભૂલીને 'બફવા તફવા'માં ઊતરી જાય છે ને બોલવામાં બાફી મારે છે. તેમાં નથી હોતું માહિતીજ્ઞાન કે નથી હોતો વાણી સંયમ. લોકોને રાજી રાખવા કે તેમની શાબાશી મેળવવા તેઓ કયારેક હલકા મનોરંજન સુધી પહોંચી જાય છે.

આપણા મહાન દેશના વડાપ્રધાન અંગે ટીકાત્મક લખતાં અત્યંત દુઃખ થાય છે. બ્રહ્માંડના વડાપ્રધાન ગ્લેડસ્ટને એક વાર કહેલું કે સાચો નેતા તો એ કહેવાય કે જે પ્રજાને મુઠી એક ઉંચી ચડાવે. પ્રજાની ઉર્ધ્વગતિ કરે. આવી ઉર્ધ્વગતિની વાત તો બાજુએ રહી પણ જાતે સામાન્ય લોકોની કક્ષાએ નીચે ઉતરીને વાણી વિલાસમાં રાચવા માંડે ત્યારે દિલમાં શેરડો પડી જાય છે કે ભારતના વડાપ્રધાન આટલા બધા વામણાં કેમ થઇ શકે?

વડાપ્રધાનશ્રી ૧૫મી જૂને આંધ્રપ્રદેશની યાત્રાએ ગયા વડા પ્રધાન દેશમાં પરિભ્રમણ કરે અને લોકોના સુખદુઃખની વાતો સાંભળે તેને આપણે આવકારીએ પણ આંધ્રના કડપા તેમજ તિરૂપતિમાં તેમણે જે પ્રવચનો કર્યા તેમાં વિચાર વિવેકનો સરાસર ભંગ હતો. તેમણે કહ્યું કે આંધ્ર સરકાર ૧-૮૦ રૂપૈસાના ભાવે ચોખા મેળવીને બે રૂપિયે આદિવાસીઓને વેચે છે. આમ ગરીબ માણસોને મોંઘા ચોખા આપીને નફો કરે છે. તેથી તેઓ હવે પછી દિલ્હીથી ચોખા બારોબાર પંચાયતોને મોકલે ને પંચાયતો ઉચિત રીતે તેનું વિતરણ કરશે. આવું કથન સાંભળીએ ત્યારે હસવું કે રોવું તેની ખબર પડતી નથી.

વારતવમાં આવું કથન ઘણા બધા મહત્ત્વના મુદ્દાઓ ઉભા કરે છે એક તો વડા પ્રધાન જે રાજ્યમાં જાય તેના મુખ્ય મત્રીને તેમણે સાથે રાખવા જોઇએ. જો કે રાજ્ય-સરકારો દ્વારા જ તેમના કાર્યક્રમો યોજાય તે નિહિત છે પણ વડાપ્રધાન બારોબાર બધું ગોઠવે છે એ તો ખોટું છે જ પણ જે તે રાજ્યમાં જઇને સભાઓ ભરીને તે રાજ્યના મુખ્ય-મંત્રીને 'ભાંડવાનું' શરૂ કરે તે તો અક્ષમ્ય ગણાય. સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે આટલી હદે નીચે ઉતરે તે કલ્પના તીત છે. તેનો અતિભાવ લોકોના મનમાં સાનુકૂળ જ ઉદ્ભવે તેવું પણ ન માની શકાય પ્રજા એટલી બધી ખુશામતખોર નથી.

બીજી વાત વડાપ્રધાન જે કોઇ વિધાન કરે તે યથાર્થ માહિતીપૂર્ણ હોવું જોઇએ અને તે અંગે જાહેરમાં ઉચ્ચા-રણો કે આક્ષેપો કરતાં પહેલાં તેમણે રાજ્યના વડા સાથે ચર્ચા કરવી જોઇએ. આવું કાંઇજ કર્યા વિના સીધું જ લોકો વચ્ચે જઇને વાકયુદ્ધ શરૂ કરવું તે કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના પ્રણા-લિકાગત સ્થાપિત વ્યવહારથી પણ ઉલ્ટું છે કોઇપણ વડા પ્રધાન આવી રીતે વર્તી જ શકે નહિ આમ કરીને તેમણે વિવેકની તમામ મર્યાદાઓનો લોપ કર્યો છે. વળી રાજ્ય સરકારે ચોખાના પ્રશ્ન અંગે જે હકીકતો રજુ કરી છે. તે વડાપ્રધાનના વિધાનથી તદ્દન જુદીજ તેની વિગતો બહાર પડી ચૂકી છે. રાજ્ય સરકાર પોતે જ સસ્તાભાવે ચોખાનું વિતરણ કરી જ રહી છે. ને લગભગ ૧૧ કરોડ જેટલી સબસીડી આપીને એટલી ખોટ ભોગવે છે. દિલ્હીના ચોખાનો જે ઇરયુ ભાવ કેન્દ્રે બાંધ્યો છે તે ૧-૮૦ નથી પણ ૧-૯૫ છે. વેચાણભાવ રૂા. ૨-૪૪ ઠરાવેલ છે. વડાપ્રધાનને તેમના સલાહકારોએ ખોટી માહિતી આપીને ગેરરસ્તે દોર્યા છે. આટલી બધી બેકાળજી અક્ષમ્ય છે. ઉપરાંત તેમના વાણી વિલાસમાં મુખ્યમંત્રી સામેની ભારોભાર વગોવણીનો ઈરાદો છતો થઇ જાય છે, જે અશોભનીય છે.

ત્રીજી અને પાયાની બાબત એ છે કે કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર ઉપર દોરદમામ ચલાવી શકે કે કેમ? પંચાયતો દ્વારા વિતરણ કરવાની ધમકી ઉચ્ચારી શકે કે કેમ? પુરવઠાની બાબત પૂરેપૂરી રાજ્યના અધિકારની છે. તેમાં કેન્દ્ર કે વડાપ્રધાન સીધી યા આડકતરી રીતે હસ્તક્ષેપ કરી શકે નહિ. લોકહિતાર્થે સમભાવે સૂચન કરી શકે. પણ એ માત્ર સૂચન રૂપેજ હોય. આદેશ તો ચાલે જ નહિ. પંચાયતીરાજ દ્વારા ચોખાના વિતરણની વાત ગેરબંધારણીય છે, હાસ્યાસ્પદ છે. અવ્યવહારુ તો છે જ. પણ સૌથી મહત્ત્વની વાત એ છે કે રાજ્યના અધિકારો ઉપર કેન્દ્ર ધમકી આપીને તરાપ મારી શકે નહિ. આ બાબ-તમાં બંધારણ બિલ્કુલ સ્પષ્ટ છે. ચૂંટણી વખતુ એવી છે કે તે ભલભલાના સાનભાન ભૂલાવી દે છે ને ચૂંટણીટાણે ગમે તેવા સાધનોનો ઉપયોગ કરીને લોકોને કેમ મનાવવા, ફોસલાવી લેવા, લલચાવી દેવા તરફ નેતાઓ ઢળે છે. વડાપ્રધાને ચૂંટણીના તાપમાનમાં વ્યગ્ર થઇને અયોગ્ય રસ્તો અપનાવ્યો છે એવી કોઇને છાપ પડે તો તેમાં અજુગતું નથી.

વડાપ્રધાનના હિતસ્વીઓએ તેમને સમજાવવા જોઇએ કે એમણે જે આક્રમક અને અશોભનીય અભિગમ અપનાવ્યો છે તે અનુચિત જ છે. ઉપરાંત એ રસ્તે જવાથી પણ મતબેંક ઊભી થઇ શકશે કે લોકમાનસ ઉપર તેના અવળા પ્રત્યાઘાતો પડશે તે જોવાનું રહે છે. લોકો ભલેને અભણ હોય પણ તેમનામાં એક ઊંડી આપસૂઝ હોય છે. લોકોને કાયમ માટે મૂર્ખ બનાવી શકાતા નથી. ઇતિહાસનો એ બોધપાઠ સમજવા જેવો છે.

* * *

(૨) કામ મેળવવાના અધિકાર અંગે

જનતાદળે ચૂંટણીલક્ષી જાહેરાતોમાં એક એવી જાહેરાત કરી છે કે અમે લોકોને રાઇટ - ટુ - વર્ક : કામ મેળવવાનો અધિકાર આપીશું. વાત સારી છે, ન્યાયી છે તેમજ મનભાવી પણ છે. લોકશાહીમાં કોઇ પણ બેકાર મતદારોને મતની કેટલી કિંમત હોઇ શકે? મતના પતકડાંની અંતર્ગત મતદારોને કામ મળી રહેશે તેવી ચાવી પણ મળવી જોઇએ. લોકશાહી તંત્ર વ્યવસાયમાં તો એ વિશેષ અપેક્ષિત છે. પણ એવું કયારે ય અને કયાંય બની શકયું નથી અમેરિકા જેવા દેશમાં કામ નહિ પણ બેકારી ભથ્થુ આપવાની બાંહેધરી છે. પણ અમેરિકાના સાધનો એટલા વિપુલ છે કે ભાગ્યેજ કોઇને બેકારી ભથ્થુ આપવું પડે અને આપવું પડે તો પણ તે એક પ્રકારની તંત્ર વ્યવસ્થાના અંતર્ગત

ભાગરૂપે એક હાથે પ્રજા પાસેથી લઈને બીજે હાથે દેવાની એ વાત છે. એમ છતાં અમેરિકાના કેટલાક રાજ્યો આ બાબતમાં હાથ ભીડવા લાગ્યા છે. ને નિરુત્સાહી પણ છે ત્યાંની વાત ન્યારી છે. તેની સાથે આપણી સરખામણી થઈ શકે નહિ.

એટલે કામ મેળવવાના અધિકારની વાતને બિરદાવતા છતાં એની વાસ્તવિકતા અંગે ઊંડા ઉતરીને વિચાર્યા વગર ખાલી શબ્દોના સાથિયા પુરવાથી કોઈ અર્થ સરે તેમ લાગતું નથી.

જનતાદળને કોઈ એવો સવાલ પૂછી શકે કે ધારો કે મતદારો તમારા ગળામાં રાજ્યમાળા પહેરાવે તો તમે આ વચન પાળી બતાવશો ખરા? કદાચ તેનો જવાબ હકારમાં પણ મળે. તો તેમને બીજો એવો સવાલ પુછવો રહ્યો કે તે કેવી રીતે? ને કેટલી સમય મર્યાદામાં? આ પ્રશ્નનો જવાબ આપવા વર્તમાન રાજકીય પક્ષોમાંથી ભાગ્યેજ કોઈ શક્તિમાન હશે. શક્તિમાન એટલા માટે નહિ હોય કારણ કે આયોજન અંગે તમામ પક્ષોના ખ્યાલો લગભગ સમાન જેવા છે, ચીલાચાલુ છે, બુજર્વા છે.

જે દેશની અધી ં વસતિને ચોખ્ખુ કે સાધારણ પીવાનું પાણી પણ ન મળતું હોય એવા દેશમાં કામ મેળવવાના અધિકારની વાત જોજન જેટલી દુરની છે. રાજકીય પક્ષો કે તેના નેતાઓની એવી ઉત્કટ ભાવના કે દ્રષ્ટિ હોત તો કયા નોય પ્રશ્ન યુદ્ધના ધોરણે હલ કરી નખાયો હોત. લોકો ચોખ્ખા પીવાના પાણીની અપેક્ષા રાખે કે માંગણી કરે તે તે સ્વભાવિક છે, પ્રાણ સમી છે. પણ એ સંબંધે આપણે નપાવટ સાબિત થયા છીએ. ત્યારે બીજી ત્રીજી વાત કરવાનો શો અર્થ છે? બીજા વિશ્વયુદ્ધ વખતે ઇગ્લાંડને ખુબ સહન કરવું પડયું. ખાંડની તંગી પેદા થઈ ત્યારે ઇગ્લાંડના વડાપ્રધાન શ્રી ચર્ચિલ જેવા પણ રેશનમાં મળતી ખાંડથી ચલાવી લેતા હતા. આપણા નેતાઓમાં એટલી સંવેદનશીલતા કે શિસ્ત હોત તો પાણીનો પ્રશ્ન ઉકેલવામાં કોઈ મુશ્કેલી આવત નહિ. અહિ પાણીની વાત ગૌણ છે પણ રાજકીય પક્ષોની કાર્યક્ષમતાનું માપ કાઢવા માટે તે એસીડટેસ્ટ સમી છે તેથી પાણીની બાબતને દાખલારૂપે લીધી છે.

ખરી વાત એ છે કે દેશના સમગ્ર આર્થિક માળખામાં પાયામાંથી ફેરફાર કર્યા વિના રાઇટ-ટુ-વર્કની વાત પોથીમાનાં રીંગણા જેવી સાબિત થાય. રાઇટ-ટુ-વર્કની વાતનું આપણે માત્ર એટલું જ અર્થઘટન કરીએ કે દરેક નાગરિકને માટે કામ મેળવવાની તકો ઉપલબ્ધ હશે. આટલી પણ ખાત્રી ભાગ્યે જ કોઈ પક્ષ આપી શકવાની સ્થિતિમાં હશે. તેમાં નેતાઓની દ્રષ્ટિનો અભાવ રહેલો છે અવાસ્તવિક ભૂંસભર્યા આયોજનનું એ પરિણામ છે. સ્વરાજ આવ્યા પછી દેશમાં જમીન સુધારણાના કાયદાનો ન્યાયી ત્વરિત અને કડક અમલ થયો હોત તો આજ જેવી વિષમ પરિસ્થિતિ પેદા થઈ છે તે થવા પામત નહિ અને કામ મેળવવાના અધિકારની વાત ન કરવી પડત પણ હવે પાણીનો વળ ગંડે આવ્યો છે ત્યારે સૌ જમણે હાથ મૂકીને રોવા બેઠા છે.

ત્યાર પછી પણ લોકોને રોજી, રોટી પૂરી પાડવાની તમામ રાજકીય પક્ષો બાંગ પોકારતા રહ્યા છે પણ તેનું વાસ્તવમાં શું પરિણામ આવ્યું તે હવે જોઈ શકાય છે. કારણ કે આપણે દિશા ચૂકયા હતા. જરૂર હતી ખેતી-પશુપાલનના પાયાના ઉદ્યોગનો તેના યોગ્ય પરિપ્રેક્ષમાં વિકાસ કરવાની, ગ્રામ વિસ્તારમાં વિકેન્દ્રિત ધોરણે નાના નાના ઉદ્યોગો ગ્રામોદ્યોગો ગૃહ ઉદ્યોગો ઉભા કરવાની, પણ ખેદજનક બાબત તો એ છે કે સ્વરાજ આવ્યા પછી પણ આપણા નેતાઓ એ વાત સમજ્યા નહિ અને યંત્રયુગના અનિષ્ટોને ખાળવાને બદલે લોલમલોલમાં ભળી ગયા, પરિણામે ગામડાના કારીગરોનો કચ્ચરઘાણ વળી ગયો ને બેકાર બન્યા. રાક્ષસી કારખાનાં સામે ટકવાની એમની હેસિયત પણ કેટલી?

એટલે સમજવાનું એ છે કે રાઇટ-ટુ-વર્કના અધિકારને કાયદેસર અપનાવવો હોય તો જે તે પક્ષને દેશના વર્તમાન આયોજનમાં પાયામાંથી પરિવર્તન કરવાની ફરજ પડે જનતા દળમાં જોડાયેલા વિવિધ ઘટકોમાંથી એવી વિચારધારામાં માનનાર કોણ અને કેટલા? અને તેમની ક્ષમતા પણ કેટલી? એમ કરવા જે પક્ષ વચનબદ્ધ હશે તેણે પ્રથમ તો દેશના વિત-ઉત્પાદક જંગી અર્થાંઓ તેમજ સરકારી કર્મચારીઓના ઘટ બઢારનાં વેતનો ભાગાંભથ્થા ઉપર કરવત ચલાવવી પડશે ગ્રામોદ્યોગો સામે નાના નાના ઉદ્યોગોને વૈજ્ઞાનિક રીતે રક્ષણ આપવું પડશે, ખેતી અને પશુ - પાલન જેવાં પાયાના ઉદ્યોગોને અગ્રીમતા આપીને વિકસાવવા પડશે. ન્યાયોચિત વિતરણ વ્યવસ્થા ઊભી કરવી પડશે. વર્તમાન કોળવણી પ્રથામાં ધરમૂળ ફેરફારો કરવા પડશે. જાહેર જીવનમાં સાદાઇ તેમજ શ્રમની પ્રતિષ્ઠા કરવી પડવી પડશે. બીજી રીતે કહીએ તો ગાંધી વિચારમૂલક અર્થવ્યવસ્થા કરવી પડે અને તો જ મોટા ભાગનાને કામ મળી શકે

આટલું પણ પૂરતું નથી. દેશમાં શાંતિ ને સુલેહનું વાતાવરણ સર્જાય તો કાયદો તેમજ વ્યવસ્થા તંત્ર પાછળ થતો અઢળક ખર્ચ ઓછો થાય. વિદેશી નીતિ વાસ્તવિક હોય તો સંરક્ષણ ખર્ચમાં બચત કરી શકાય ને આમ બચત કરીને લોકો માટે રોજગારીના નવાં નવાં સાધનો ઉપલબ્ધ કરી શકાય. નહિ તો કૂવામાં જ જો પાણી નહિ હોય તો અવેડામાં કયાંથી આવશે? અને જો નોટો છાપીને જ કામ પૂરું પાડવાની વાત આવે તો તે રોગનો ઇલાજ કરવા જતાં રોગ જ ભગવાન બની રહે. ફુગાવો વધે ને આમજનતા જ તેના ભાર નીચે કચરાઇ જાય.

વળી કુદકે ને ભૂસકે વધતી વસતીવાળા દેશમાં સૌને કામ આપવાની વાત ભારે કઠણ છે, તે પણ ન ભૂલાવું જોઇએ.

પાયાની આવશ્યકતા તો દેશના તમામ લોકોને ન્યાયોચિત રોજી કેમ મળી રહે તેનો વિચાર કરવાની છે. તે અંગેની યોગ્ય નીતિ ઘડવાની છે.

રાઇટ-ટુ-વર્કના અધિકારની વાત ગમે તેટલી ઉપયુક્ત હોવા છતાં દેશની સમગ્ર વાસ્તવિક પરિસ્થિતિની ઉપેક્ષા કરીને તેનો સફળ અમલ થઈ શકે નહિ. તેથી કોઈ પણ રાજકીય પક્ષે ચૂંટણી ટાણે ગુલાબી વચનો આપતા પહેલાં એ વિચારવું જોઇએ કે તેના હાથમાં સત્તાના સૂત્રો આવે તો તેનો તેઓ અમલ કરી શકશે કે કેમ? નહિ તો રાજકીય કક્ષાની પ્રમાણિકતા વિશે લોકોમાં આશંકા પેદા થયા વગર રહે નહિ. તમામ રાજકીય પક્ષો પાસેથી આટલી સમજ અપેક્ષિત છે. નહિ તો એવી વર્તણુંક લોકોને મુર્ખ બનાવવામાં ખપે. જનતાદળ પાસેથી તો લોકો વધુ ગંભીરતાની, વધુ વાસ્તવિક દ્રષ્ટિની વધુ લોકનિષ્ઠાની અપેક્ષા સેવી રહ્યાં છે. એ જાણવામાં લોકોને વધુ રસ છે કે જનતાદળ સત્તા ઉપર આવે તો વર્તમાન વિષમ પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા માટે તે કેવાં પગલાં ભરશે? લોકશાહીના પાયાની બાબતોની સુરક્ષા માટે કેવા પગલા લેશે? દેશની ચિંતાજનક સળગતી ગંભીર સમસ્યાઓને કેવી રીતે ઓળે પાડશે? શ્રીલંકા સંબંધે શું કરશે? ફુગાવો રોકવા કેવા કેવા પગલા લેશે? લોકોને પાયાની જરૂરિયાતો સરળતાથી મળી રહે તે સંબંધમાં તેમજ ભ્રષ્ટાચારને ડામવા કેવા ઉપાયો કરશે? કથળી રહેલી કાયદાની તેમજ વ્યવસ્થાની પરિસ્થિતિને કેવી રીતે કાબુમાં લાવશે? દેશમાં વ્યાપક બની રહેલી બેરોજગારી સંબંધમાં શું કરશે? આવા પ્રશ્નો લોકજુવાર વધુ પ્રસ્તુત છે, એમ જનતાદળે સમજવું જરૂરી છે

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪

વર્ષ : ૫૧ * અંક ૭-૮ : * તા. ૧૬-૮-૧૯૮૯.....Regd. No. MH. Bv / South 54 * Licence No. 137

પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર * પરદેશમાં રૂા. ૩૦૦/-

તંત્રી : રમણલાલ ચી. શાહ

अलं बालस्स संगेणं

— भगवान महावीर

અજ્ઞાનીની સોબત ન કરો

ભગવાન મહાવીરે વિવિધ કક્ષાના મનુષ્યને લક્ષમાં રાખીને જે વિવિધ પ્રકારનો ઉપદેશ આપ્યો છે તે સૂત્રાત્મક અને માર્મિક છે. ભગવાન મહાવીરનાં એવાં સેંકડો-હજારો ઉપદેશ-વચનો આગમગ્રંથોમાં સચવાયેલાં છે.

આચારાંગ સૂત્રના પ્રથમ સ્કંધના બીજા અધ્યયનમાં પાંચમા ઉદ્દેશમાં ભગવાન મહાવીરનું વચન ટાંકતાં કહેવાયું છે: **'अलं बालस्स संगेण'**-અર્થાત્ બાળકબુદ્ધિના એટલે કે મૂર્ખ, અજ્ઞાની અયોગ્ય અથવા અપાત્ર માણસોનો સંગ કરશો નહિ, કારણ કે સામાન્ય રીતે સંગનો રંગ લાગ્યા વગર રહેતો નથી.

ભગવાન મહાવીરે લોકવિજય મેળવવા માટે પોતાના સાધુઓને જે બોધ આપ્યો છે તેમાં પ્રમાદી, લોભી, અભિમાની, ભોગી, માયાવી વગેરે પ્રકારના મનુષ્યોનો સંસર્ગ ન કરવાની સાથે સાથે જે વયની દૃષ્ટિએ બાળક નહિ, પણ ધાર્મિક કે આધ્યાત્મિક દૃષ્ટિએ તથા ચારિત્રપાલનમાં બાળક જેવા હોય એટલે કે મૂર્ખ, અયોગ્ય, અપાત્ર કે કુપાત્ર મનુષ્યો હોય તેનો સંગ ન કરવા કહ્યું છે. સત્સંગનો લાભ ઘણો મોટો છે. સત્સંગ સંસારસાગર તરવામાં નૌકા સમાન નીવડે છે. પરંતુ પોતાને સત્સંગનો અવકાશ ન મળે ત્યારે પણ માણસે કુસંગથી બચવા માટે સાવધ રહેવું જોઇએ.

મનુષ્ય સામાજિક પ્રાણી છે. એકલા રહેવું એને ગમતું નથી. લોકો વચ્ચે રહેવું, લોકોમાં હરવું ફરવું, મૈત્રી બાંધવી, રાત-દિવસ સાથે રહેવું ઇત્યાદિ માણસને સ્વભાવથી જ ગમે છે. જ્યાં સુધી માણસ ભૌતિક સુખની પાછળ પડયો છે, ત્યાં સુધી તેને અનેક લોકો સાથે સંબંધો બાંધવાનું અને રાખવાનું ગમે છે. જેમ સંબંધો કે ઓળખાણ વધારે તેમ તે પોતાની જાતને વધુ મોટો માને છે. પરંતુ આવા સંબંધો કેટલીયવાર ભૌતિક દૃષ્ટિએ પણ માણસને હાનિકારક નીવડે છે. આત્મહિતની દૃષ્ટિએ તો એનો વિચાર જુદી જ રીતે કરવાનો રહે છે.

કેટલાક માણસો આધ્યાત્મિક દૃષ્ટિએ જ્ઞાની હોય છે, પણ તેમનું વ્યાવહારિક જ્ઞાન ઘણું અલ્પ હોય છે. તો કેટલાક માણસોની વ્યાવહારિક જાણકારી ઘણી બધી હોય છે, આધ્યાત્મિક કે પારમાર્થિક દૃષ્ટિએ તેઓ બાલ કે અજ્ઞાની હોય છે. ભૌતિક હોય કે પારમાર્થિક હોય, માણસે અજ્ઞાની કે મૂર્ખ માણસો સાથે સંબંધ રાખતાં પહેલાં વિચાર કરવો જોઇએ. જે સંબંધથી પોતાને લાભ કરતાં હાનિ વિશેષ થવાની હોય એ સંબંધ તરત ત્યજી દેવો જોઇએ. કેટલીકવાર આરંભમાં અન્ય વ્યક્તિની પાત્રતા કે તેના ઇરાદાની ખબર પડતી નથી. કેટલાક માણસો પ્રથમ મુલાકાતે સારા - ડાહ્યા અને ભલા જણાતા હોય છે, પરંતુ સંસર્ગમાં આવ્યા પછી તે કેટલા લુચ્ચા, લોભી, સ્વાર્થી અને કપટી છે, તેની ખબર પડે છે. કેટલાક માણસો સ્વભાવે જ તામસી પ્રકારના હોય છે અને પોતાના સંસર્ગમાં આવનારને પોતાના સ્વભાવનો ચેપ લગાડ્યા વગર રહેતા નથી. કેટલાક માણસો દારૂ, જુગાર, ચોરી, પરસ્ત્રી વગેરેનાં એવાં વ્યસનોમાં એટલા બધા ડૂબી ગયા હોય છે કે તેમના સંપર્કમાં આવનારને તેઓ પોતાના જેવા બનાવ્યા વગર રહેતા નથી.

સરખેસરખામાં હોય મૈત્રી એ ન્યાયે એકબીજાને એકબીજાનાં વ્યસનનો ચેપ લાગે છે. તેવી રીતે સારી સોબત સારા સંસ્કારમાં પરિણમે છે. જ્યારે સોબતીઓ વચ્ચે કક્ષાભેદ હોય છે ત્યારે કેટલીકવાર ઊંચી કક્ષાના માણસોની અસર નીચી કક્ષાના માણસો ઉપર થાય છે. તો કેટલીકવાર નીચી કક્ષાના માણસોની અસર ઊંચી કક્ષાના માણસો ઉપર થાય છે. જેણે વિકસવું છે તેણે પોતાના કરતાં વધુ વિકસિત માણસનો સંગ કરવો જોઇએ. જેઓ બીજાને સુધારવાની ભાવનાવાળા હોય તેમણે પોતાની શક્તિનું માપ જાણી લેવું જોઇએ, કારણ કે એ માર્ગે જવામાં સાહસ છે. પરિણામની અનિશ્ચિતતા છે.

વર્તમાન સમયમાં દુનિયામાં ચારે બાજુ વસતી વધી રહી છે. જેમ જેમ વસતી વધતી જાય છે તેમ તેમ રહેઠાણો, બજારો, હરવાફરવાનાં સ્થળો, યાત્રાધામો ગીચ બનતાં જાય છે. માણસને બીજાનો સંપર્ક કે સંસર્ગ ન કરવો હોય તોપણ કરવો પડે એવા સંજોગો કેટલીકવાર ઊભા થાય છે. મોટાં શહેરોમાં વ્યક્તિ ઘરેથી બહાર ગઇ હોય અને પાછી આવે ત્યાં સુધી તે કયાં ગઇ અને કોને મળી, કોની સોબતે ચડી ગઇ છે, તેની દેખરેખ રાખવાનું અઘરું બનતું જાય છે. કયારેક તો પરિણામ જણાયા પછી ખબર પડે છે કે અમુક વ્યક્તિ ઘણા વખતથી ખોટા માણસોના સંસર્ગમાં રહેતી હતી. શાળા-

કે કૉલેજમાં જનારાં પોતાના સંતાનોની અચાનક વિચિત્ર વર્તણૂક થતી જોઈને ચિંતાતુર બનતાં માબાપોને તપાસ કરતાં પાછળથી ખબર પડે છે કે પોતાનો દીકરો કે દીકરી પોતાનાં શાળા – કૉલેજનાં સોબતીઓ સાથે રહીને કેફી દ્રવ્યો લેતાં થઇ ગયાં છે, ગંદી ગાળો બોલતાં થઇ ગયાં છે, વિડિયો-પાર્લરના જુગાર રમતાં થઇ ગયાં છે કે એથી પણ વધારે ભયંકર ટેવવાળાં થઇ ગયાં છે. પરંતુ ત્યારે એટલું બધું મોડું થઇ ગયું હોય છે કે સંતાનો હાથમાંથી ચાલ્યાં જાય છે, અને તેઓને પોતાની જિંદગીને પાયમાલ કરી નાખતા નજરે લાચારીથી જોયા કરવું પડે છે. સમૃદ્ધ દેશોમાં યુવાન દીકરા-દીકરીની આવી ઘટનાઓના દાખલા ઉત્તરોત્તર વધુને વધુ બનતા જાય છે. સંસર્ગ કે સોબતની પરસ્પર અસર કેટલી ભયંકર થાય છે તે આવાં દૃષ્ટાંતો ઉપરથી જોઇ શકાય છે.

જેમ સંતાનોના તેમ પતિ કે પત્ની દુષ્ટ સોબતથી ખોટે રવાડે ચઢી ગયાના, વૈસાથી, તબિયતથી અને ચારિત્ર્યથી પાયમાલ થઇ ગયાના બનાવો પણ વર્તમાન જગતમાં વધતા જાય છે. હોટેલો, ક્લબો, એકાંત રહેઠાણો, ગુપ્ત આવાસોની વધતી જતી સગવડો તથા વેપારધંધો વધારવાની લાલચે આપવા પડતાં કે મળતાં સ્ત્રી, ધન, ભેટસોગાદનાં પ્રલોભનોમાં ફસાયેલા માણસોની વાત ઘરના સભ્યોને જલદી જાણવા મળતી નથી. A Sailor's wife in every port જેવી જૂની કહેવતની જેમ દેશવિદેશનો વારંવાર પ્રવાસ કરતા મોટી મોટી કંપનીઓના અધિકારીઓ પણ સરખા સોબતીઓ મળી જતાં કે અનુકૂળતા મળી જતાં અનાચારના ભોગ બને છે. કામાતુરને લજ્જા કે ભય રહેતાં નથી એવી સ્થિતિ પછી પ્રવર્તે છે; એટલું જ નહિ એવા માણસો પોતાનાં અપકૃત્યોનું મિત્રવર્તુળમાં અભિમાન ધરાવતા થાય છે.

જે સમર્થ છે અને અડગ આત્મવિશ્વાસ ધરાવે છે તેના ઉપર અપાત્ર કે કુપાત્ર વ્યક્તિની સોબતની માઠી અસર થતી નથી, બલકે આવા માણસો અયોગ્ય માણસની સોબત કરીને પણ તેને યોગ્ય બનાવે છે. તેમનું ધ્યેય સ્પષ્ટ હોય છે અને તેમની શક્તિ મોટી હોય છે. ચોર-લૂંટારુઓ વચ્ચે રહીને તેમની અસર પોતાના ઉપર ન થવા દેતાં તેમનામાંના કેટલાયને પોતે સુધાર્યા હોય એવા મહાત્માઓના દૃષ્ટાંતો ઇતિહાસમાં નોંધાયેલાં છે.

જાપાનના એક બૌદ્ધ ધર્મગુરુની રસિક કથા છે. તેઓ જ્ઞાની, ચારિત્રશીલ અને કરુણાવંત હતા. તેઓ પોતાનાં શિષ્યો સાથે એક ગામથી બીજે ગામ વિહાર કરતા હતા. એક વિસ્તારમાં તેઓ આવ્યા ત્યારે ખબર પડી કે એ વિસ્તારમાં રહેનારા ઘણાખરા લોકો ચોર, ડાકુ, જુગારી, વ્યસની, ઝનૂની, ખૂની વગેરે પ્રકારના છે. બોટું કામ કરતાં કોઇને શરમ નડતી નથી. પકડાઇ જાય અને સજા થાય તો જેલમાં જવામાં શરમ પણ તેમને રહેતી નથી. ગુનેગાર ટોળામાંથી સેંકડો માણસો જેલમાં પણ હતા.

શિષ્યોએ મહાત્માને કહ્યું કે આ પ્રદેશમાં રહેવાનું આપણું કામ નથી. આવા લોકોની વચ્ચે રહીએ તો આપણે પણ કોક વખત સંડોવાઇએ. પરંતુ ધર્મગુરુને થયું કે આવા લોકોની વચ્ચે જ રહેવું જોઇએ અને તેને ઉપદેશ આપી સુધારવા જોઇએ. પરંતુ ઘણા દિવસ સુધી વ્યાખ્યાન દ્વારા ઉપદેશ આપવા છતાં કોઇ પરિણામ દેખાતું નહોતું.

પરંતુ પછી એક દિવસ એવું વિચિત્ર બન્યું કે એક ગૃહસ્થના ઘરેથી એ મહાત્મા પોતે ચંપલ ચોરી લાવ્યા. ચોરી કરીને મુકામે આવ્યા પછી તરત પોતાના શિષ્યોને પોતે ચોરી કરી છે તેની જાણ કરી દીધી એટલું જ નહિ પોતાને જે કોઇ મળવા આવે તેને સરળતાપૂર્વક પોતાની ચોરીની વાત કહી દેવા લાગ્યા. શિષ્યોને આ ગમ્યું નહિ. લોકો પણ ચકિત થઇ ગયા. ચોર – લૂંટારું લોકોની વચ્ચે રહેવાથી મહાત્માઓ પણ બગડે છે એવો અભિપ્રાય લોકોમાં વહેતો થઇ ગયો. શિષ્યોને વધારે નવાઇ તો એ વાતની લાગી કે ચંપલ જૂનાં હતાં. મહાત્માના પગના માપના નહોતાં. અને તે વાપરવાની મહાત્માને કંઇ ઇચ્છા પણ નહોતી. તો પછી મહાત્માએ આવી ચોરી કરી શા માટે ?

મહાત્માની ચોરીની વાત ફરતી ફરતી રાજાના કાને આવી. તે પણ વિચારમાં પડી ગયો. ચોરીના ગુના માટે મહાત્માને સજા કરવી કે નહિ તેનો પ્રશ્ન ઊભો થયો, પરંતુ મહાત્માએ સામેથી કહેવડાવ્યું કે પોતે જે ચોરી કરી છે તે માટે પોતાને કડકમાં કડક સજા થવી જોઇએ, નહિ તો લોકોમાં ખોટો દાખલો બેસશે અને રાજા અન્યાયી છે એવી ટીકા થશે.

મહાત્માની ચોરીની સજા માટે રાજ્યની અદાલતમાં કામ ચલાવવામાં આવ્યું અને મહાત્માને કેટલાક દિવસની કેદની સજા થઇ. મહાત્માએ એ ચુકાદો હર્ષપૂર્વક સ્વીકાર્યો. તેઓ કેદમાં દાખલ થયા.

સજા પૂરી થતાં મહાત્મા પોતાના ધર્મસ્થાનકે પાછા આવ્યા. મહાત્માની પ્રતિષ્ઠા લોકોમાં ઘણી ઓછી થઇ ગઇ. શિષ્યો પણ ચિંતાતુર બન્યા. એવામાં થોડાક દિવસમાં મહાત્માએ બીજા કોઇ ગૃહસ્થને ત્યાં ગયા હતા ત્યારે ત્યાંથી પાછા ફરતાં એક હાથપંખાની ચોરી કરી. મુકામે આવીને તેમણે પોતાના શિષ્યોને પોતે કરેલી ચોરીની વાત કરી દીધી. લોકોને પણ તરત પોતે કરેલી ચોરીની વાત કહેવા લાગ્યા. ફરીથી એ જ પ્રમાણે રાજા સુધી વાત પહોંચી અને મહાત્માને કેટલાક દિવસની કેદની સજા થઇ.

બીજીવાર કેદમાંથી છૂટીને મહાત્મા પોતાના સ્થાનકે આવ્યા. અને ફરી પાછી થોડા દિવસમાં એમણે કોઇ એક ગૃહસ્થના ઘરેથી એક નાના વસ્ત્રની ચોરી કરી. લોકોને થયું કે આ મહાત્મા ચક્રમ થઇ ગયા છે અને એમને હવે ચોરીની ટેવ પડી ગઇ છે. લોકો મહાત્માને ધિક્કારવા લાગ્યા. શિષ્યોને આશ્ચર્ય એ વાતનું થતું કે પોતાનું ગુરુ ચોરી કરીને તરત કબૂલ કેમ કરી દે છે ? અને ચોરી પણ કોઇ નાનકડી, નજીવી અને બિનઉપયોગી ચીજવસ્તુની કેમ કરે છે ? આવી વસ્તુ તો મહાત્મા એક માગે તો ભક્તો દસ વસ્તુ આપે એવી લોકોની ભક્તિ હતી. તેમ ન કરતાં ચોરી કરીને મહાત્માએ પોતાની અને બધા શિષ્યોની આબરૂ બગાડી નાખી છે. મહાત્મા જાણે કે ચોરી કરવાના કોઇ માનસિક રોગોનો ભોગ થયા લાગે છે.

આવી રીતે વખતોવખત ચોરી કરી, તરત કેદની સજા સ્વીકારી કેટલાક દિવસ કેદમાં રહી મહાત્મા પાછા આવતા. લોકોનો હવે મહાત્મા પ્રત્યે કોઇ આદર રહ્યો ન હતો. પરંતુ રાજાને અને લોકોને અવલોકન કરતા એક વાત જણાવા લાગી હતી કે રાજ્યમાં હવે ચોરી, લૂંટ, ખૂન, વ્યભિચાર વગેરેના કિસ્સાઓ પહેલાં કરતાં ઓછાને ઓછા થવા લાગ્યા હતા. તપાસ કરતાં

(અનુસંધાન પૃષ્ઠ ૨૫ ઉપર)

निर्बन्धो नास्ति भूयसा

(બહુ ભણવાનો આગ્રહ નથી)

સંગમ વા. વોરા

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'જ્ઞાનસાર' ગ્રંથની રચના કરી. આ ગ્રંથનું પાંચમું અષ્ટક તે જ્ઞાનાષ્ટકના ચોથા શ્લોકનું છેલ્લું ચરણ છે– निर्बन्धो नास्ति भूयसा – અર્થાત્ બહુ ભણવાનો આગ્રહ નથી.

જ્ઞાનસાર જેવા ગ્રંથમાં જ્યારે ઉપાધ્યાયજી વધુ ભણતરની બિનજરૂરિયાત પર ભાર મૂકે ત્યારે સહેજે આશ્ચર્ય થાય. ચોથા ચરણના વાસ્તવિક અર્થને સમજવાને માટે આગળના ત્રણ ચરણ સમજવા પડે. જેનો અર્થ આ પ્રમાણે છે :

'નિર્વાણ અર્થાત્ મોક્ષ સાથે જોડનાર એવા એકાદ પણ પદનું વારંવાર મનન કરવામાં આવે તો તે પૂરતું છે. વધુ ભણવાનો આગ્રહ નથી.' અહીં પ્રસ્તુતમાં બે વાત કરી. એક તો મોક્ષસંબંધી પદનું વારંવાર ભાવન અને બીજું વધુ ભણતરનો અનાગ્રહ. મોક્ષ–પદ–ભાવન એ Quality અર્થાત્ ગુણવત્તાસૂચક છે. અધિક ભણતર એ Quantity અર્થાત્ પરિમાણ સૂચક છે. ઉપાધ્યાયજીની ત્રાજવે તોલતા Quantity કરતાં Quality નું મહત્ત્વ વધી જાય છે. ઘણું બધું ભણવા કરતાં મોક્ષના એકાદ પદ પર પણ મનન કરવામાં આવે તો એ ઉત્કૃષ્ટ છે

પ્રથમ તો ઘણું બધું ભણવા વિશે વિચાર કરીએ. શું ઘણું ભણવું એ જ્ઞાન છે? પુસ્તકાલયમાં બેસીને હજાર–બે હજાર પુસ્તકો વાંચી જવાં એ જ્ઞાન છે? યુનિવર્સિટીની અનેક ડિગ્રીઓ ધારણ કરી લેવી એ જ્ઞાન છે? ઘણાં બધા આચાર્યો, સંતો, મહંતો, મુનિમહારાજોનાં વ્યાખ્યાન, લેકચર, પ્રવચન, કથાઓમાં ઉપસ્થિત રહીને કર્ણપાવન પ્રવૃત્તિ કરવી એ જ્ઞાન છે? જુદા જુદા સ્થાપિત ધર્મ, મત, સંપ્રદાયોદ્વિનાં મૂર્ધન્ય પુસ્તકોને જિહ્વાગ્રે રમતાં કરી દેવા ને મગજને એન્સાઇક્લોપીડિયા બનાવી દેવું એ જ્ઞાન છે? જિજ્ઞાન ને કૃષ્ણમૂર્તિ ને ઉપનિષદને કુંદ–કુંદાચાર્ય ને હરિભદ્રાચાર્ય ને હેમચન્દ્રાચાર્ય– પ્રકારના મનીષિઓએ જે કંઈ કહ્યું તેનો સાર કંઠસ્થ કરી લેવો એ જ્ઞાન છે ?

ચંદનના લાકડાનો બોજો ઉપાડનાર ગધેડો ચંદનની સૌરભને માણી શકતો નથી. સાધનને સાધ્ય માની લેવાની ભૂલ સાધક ન કરી બેસે એ માટે જ ઉપાધ્યાયજીએ કહી દીધું ' વધુ ભણવાનો આગ્રહ નથી. ' મુંબઈથી કલકત્તા જવા માટેના દિશાસૂચક પાટિયાને વળગી રહેવાથી કલકત્તા નથી પહોંચી શકાતું. સાઇકલ શીખવાની પુસ્તિકા માત્ર વાંચ્યા કરવાથી સાઇકલ નથી આવડી જતી. તરતાં શીખવાનું માર્ગદર્શન પુસ્તક દ્વારા ભલે મળે, પાણીમાં પડયા વિના તો તરતાં ન જ આવડે. એ જ રીતે ઘણો બધો અભ્યાસ કરવા માત્રથી તત્ત્વનો પાર પામી શકાતો નથી. માહિતીના બિનજરૂરી સંગ્રહને આપણે 'જ્ઞાન'નું રૂપકડું લેબલ મારી દઈને મોટી ભૂલ કરીએ છીએ. ઘણું ભણીને પછી ફક્ત માહિતીના પરીક્ષા પર ગોળ ગોળ ભ્રમણ કર્યા કરીએ છીએ પણ તત્ત્વના કેન્દ્ર સુધી પહોંચવામાં નિષ્ફળ જઈએ છીએ.

જેવી રીતે પ્રભુ સમક્ષ ધૂપપૂજા કરતાં કરતાં જાતમાં રહેલ દુર્ગુણરૂપી દુર્ગંધને દૂર કરવાની છે. જેવી રીતે દીપકપૂજા કરતાં કરતાં આત્માના કેવળ ને શુદ્ધ જ્ઞાનરૂપી દીપકને પ્રકાશિત કરવાનો છે એ જ રીતે બહારથી જ્ઞાન મેળવતાં મેળવતાં આત્માની ભીતર રહેલા જ્ઞાનને અનાવૃત્ત કરવાનું છે. બાહ્ય તત્ત્વવાચન ભીતર રહેલા તત્ત્વના ઉઘાડમાં નિમિત્ત બને છે; બની શકે છે. પરંતુ જ્યારે માણસની આંતર–કથાનું ઉદ્ઘાટન બાહ્ય કથા–શ્રવણ દ્વારા ન થતું હોય ત્યારે 'કથા સુણી સુણી ફૂટયા કાન, અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન' એ અખાનું આક્રોશપૂર્વકનું કથન સાચું સાબિત થાય છે. આચારરહિત અને આચારનિરપેક્ષ એવું જૈનદર્શનનું અધ્યયન શાસ્ત્રને માન્ય નથી. શ્રીમદ્જી પણ કહે છે 'ક્રિયા ક્રિયા જડ થઈ રહ્યા શુષ્ક જ્ઞાનમાં કોય માને મારગ મોક્ષનો કરુણા ઊપજે જોય.'

મોક્ષપદ સાથે સંબંધિત એકાદ પદની ભાવનાને ઉપાધ્યાયજી ઉત્કૃષ્ટ ગણે છે. પરંતુ ધર્મ પણ હોલસેલમાં હોય તો વધુ કમાણી થાય એવા ગલતફહેમીમાં રાચવું કટલાકને ગમે છે.

વધુ લસોટવામાં આવેલા હોમીયોપેથિક ઔષધની તીવ્રતા અનેકગણી વધી જાય છે. આયુર્વેદ કહે છે 'मर्दनम् गुण वर्धनम्' વધુ ને વધુ વાટવામાં આવતા ઔષધની અસરકારકતા વધી જાય છે. એ જ રીતે કોઈ એકાદ પણ તત્ત્વ પર ઊંડાણથી વિચાર કરવામાં આવે, વિચારણા જ નહીં હૃદયથી વારે વારે ભાવન કરવામાં આવે તેમ તેમ તીવ્રતા વધતી જાય. તત્ત્વનું માત્ર વાચન કરવું એ સ્વાધ્યાય નથી. પૃચ્છના (પૂછવું), પરાવર્તના (સૂત્રને ફરીફરીને બોલી જવો), અનુપ્રેક્ષા (તર્કપૂર્વક વિશેષ પ્રકારે વિચારણા), ધર્મકથા (આપસમાં એકબીજા સાથે ચર્ચા) એ પાંચેય ભેગા થાય ત્યારે સમ્યક્ સ્વાધ્યાય થયો ગણાય. આ સ્વાધ્યાયને 'અભ્યંતર તપ'માં મોખરાનું સ્થાન આપવામાં આવ્યું છે.

પ્રચલિત પ્રણાલિકા પ્રમાણે પ્રતિક્રમણમાં બોલાતી સિદ્ધસ્તવની ગાથા છે–ઇક્કોવિ નમુક્કારો જિણવર વસહસ્સ વદ્ધમાણસ્સ – સંસારસાગરાઓ તારેઇ નરં વ નારિં વા. (જિનેશ્વરોમાં વૃષભ સમાન મહાવીર પ્રભુને કરેલો એક પણ નમસ્કાર પુરુષને કે સ્ત્રીને સંસારસાગરથી તારે છે). અહીં જો નમસ્કાર ઉત્તમ કોટિનો હોય તો એક નમસ્કાર પૂરતો છે. જ્ઞાનાષ્ટકના શ્લોકમાં કહ્યું કે મોક્ષસંબંધી એક પણ પદનું ભાવન ઉત્કૃષ્ટ છે. આમ સિદ્ધ જેવા એકનું મહત્ત્વ અસંખ્ય ઘેટાના શક્તિહીન ટોળા કરતાં અનેકગણું છે.

રમણ મહર્ષિ કહે છે 'હું કોણ છું' એ પ્રશ્ન જાતને પૂછો અને તમારા બધા સંશયો છેદાઈ જશે. જિદ્દુ કૃષ્ણમૂર્તિ Choiceless awareness (જેમાં કોઈ પસંદગી નથી એવો દ્રષ્ટિભાવ) પર ભાર મૂકે છે, પંન્યાસજી ભદ્રંકર વિજયજી નમસ્કાર મહામંત્રની આરાધના કરવા પર અને મૈત્રીભાવ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે તો વળી આચાર્ય વિજય–રામચંદ્રસૂરિજી 'સંસાર છોડવા જેવો, સંયમ લેવા જેવો,

મોક્ષ મેળવવા જેવો' એ જ વાતને કેન્દ્રમાં મુખ્યત્વે રાખીને વ્યાખ્યાન આપે છે.

મૈત્રી, કરુણા, અરિહંત, જ્ઞાન, આત્મા, તૃષ્ણા, સંસાર, નમસ્કાર, હું, મૃત્યુ, જીવન, મોક્ષ જેવાં બીજાં પણ પદોમાંના કોઈ એક પદ પર (ફક્ત ધ્યાન નહીં પણ) અસ્તિત્વની સમગ્ર ઊર્જાને કેન્દ્રિત કરવામાં આવે તો તેના દ્વારા જે શક્તિ ઉત્પન્ન થાય તેનાથી મનુષ્ય આત્માના વિકાસક્રમની પ્રક્રિયામાં આગળ વધે, કર્મોનો ક્ષય થાય અને સત્તામાં રહેલું જ્ઞાન પ્રગટ થાય. ભાવનાથી ભાવિત થયેલું આવું જ્ઞાન ભલે થોડું હોય તો પણ તે ઇષ્ટ છે પણ બોજરૂપ બનતી વધુ પડતી માહિતીના ધ્યેયહીન સંગ્રહનો કોઈ જ અર્થ નથી એમ અન્ને ઉપાધ્યાયજીનું કહેવું છે.

એક નાગરિકની જેહાદ

જયેન્દ્ર ત્રિવેદી

જગતભરમાં હિંસાનું મોજું ફરી વળ્યું છે. કાયદો નાગરિકની મદદે આવતો નથી એમ સામાન્ય લોકો અનુભવે છે. માફિયા પરિબળોની સામે સામાન્ય નાગરિક અસહાય અને લાચાર મનોદશામાં જેમતેમ જીવે છે. છેલ્લા દોઢેક દાયકાની હિન્દી ફિચર ફિલ્મોને એક સામાન્ય શીર્ષક આપવું હોય તો 'ખૂન કા બદલા ખૂન' આપી શકાય. આમાં નાગરિકોને થતા અન્યાયોનો બદલો કાયદો હાથમાં લઈને કોઈ એન્ગ્રી યંગ મેન લે અને ઢીશૂમ ઢીશૂમનાં દૃશ્યો આવે ત્યારે પ્રેક્ષક પોતે પોતાને થઈ રહેલા અનેક અન્યાયોનો બદલો પોતે લઈ રહ્યો હોય એવી લાગણી અનુભવી રહ્યો હોય છે અને કેટલીક આવી ફિલ્મો મોક્ષ ઑફિસમાં તડાકા પાડે છે અને જરાય કલ્પનાનું વધુ ઘેન ચડાવવા હિંસાની સાથે સેક્સનાં માદક દૃશ્યો અને નાચ – ગાનનો મસાલો ઉમેરવામાં આવે છે. રોજ છાપું ઉઘાડો તો કોઈને કોઈ ગામ ગુંડા પરિબળોથી થરથરી રહ્યું હોવાના સમાચાર આવે છે. શહેર કે ગામડાના આવા થરથરતા લોકોને આવી ફિલ્મો મનોરંજન અને આશ્વાસન પૂરું પાડે છે.

આવા વાતાવરણમાં દુરદર્શને દેખાડેલી મોડી રાતની જાપાનિસ ફિલ્મ 'માઇ સન માઇ સન' આ જ સમસ્યાને સાવ જુદી રીતે નિરૂપે છે.

શું એક નાનકડી વેલ્ડિંગ ફેક્ટરીનો માલિક છે. એનો જુવાન દીકરો તા. પણ હવે ફેક્ટરીમાં કામે લાગ્યો છે અને ફેક્ટરીના વિકાસ માટે નવા નવા વિચારો પિતા પાસે રજૂ કરતો જાય છે. પિતાને આંખે ઝાંખપ આવવા લાગી છે. દીકરાએ પોતાને માટે જે કન્યા પસંદ કરી છે તેનાં રૂપ અને ગુણ મા-બાપને પણ સંતોષ આપે છે. શનિવારની રાત્રે તા. ફરવા જાય છે ત્યારે શુ. અને સુ. દીકરાના ભાવિ સુખની વાતો કરતાં કરતાં જ ઊંઘી જાય છે.

તા. માછલી પકડવાનો કાંટો પાણીમાં નાખી પોતાના જીગરી દોસ્ત અને પિતરાઇ ભાઇ સાથે લગ્નજીવનના સુખની ચર્ચા કરતો હોય છે ત્યાં એક ગોલ્ડન ફીશ પકડાય છે જેને શુકન માની બન્ને દોસ્ત છૂટા પડે છે. તા. ગોલ્ડન ફીશ એક પાણી ભરેલી કોથળીમાં મૂકી ઘરે પાછો ફરતો હોય છે ત્યાં મધરાતે પાછળથી કોઇ અજાણ્યો માણસ એના પર અચાનક હુમલો કરી છરી હુલાવી ભાગી જાય છે. તા.ની ઘૂમાઘૂમને લીધે બે-ત્રણ લોકોનું ધ્યાન આકર્ષાય છે અને તા.ને દવાખાનામાં દાખલ કરાય છે. મધરાતની મીઠી નિંદરમાં પોઢેલાં મા-બાપને ખબર આપવામાં આવે છે ત્યારે કાળ ખાધને ધરતું બારણું પણ બંધ કર્યા વગર વરસતા વરસાદમાં તેઓ દવાખાને દોડે છે.

પોતાનું કોઇ દુશ્મન નથી તો દીકરા પર આવો જીવલેણ ઘા કોણે કર્યો હશે, શા માટે કર્યો હશે. એ શુ. અને સુ.ને સમજાતું નથી. અકસ્માતના સ્થળેથી ગોલ્ડન ફીશવાળી કોથળી અને છત્રી મળી આવ્યાં છે. ડિટેક્ટિવ ખૂનીની શોધમાં છે. દવાખાને પડ્યો પડ્યો મોત સામે ઝઝુમતો તા. એક બાજુથી ફેક્ટરીના વિકાસની વાત બાપની સાથે કરે છે તો બીજી બાજુથી ખુનીને પકડી પાડવા માટે અને બદલો લેવા બાપને આગ્રહ કરે છે.

તા.ના મૃત્યુ પછી મા-બાપનો રસ જીવનમાંથી ઊડી જાય છે. પેલી ગોલ્ડન ફીશને કાચની બરણીમાં રાખીને એને રમતી જોઇને થોડીક નિરાંત અનુભવતાં, તા.ની પાછળ પ્રાર્થના કરતાં, તા.ની કબર પાસે જઇ ચોધાર આંસુએ રડતાં મા-બાપને ડિટેક્ટિવ ખબર આપે છે કે તા.ની હત્યા કરનારો પકડાયો છે. જુવાનડો છે. અદાલતમાં કેસ ચાલશે પણ પુરાવા મળતા નથી. શુ. સુ. અને ભત્રીજો એમ માને છે કે અદાલત હત્યારાને ફાંસીએ ચડાવશે. શુને પોતે દીકરાને આપેલું બદલો લેવાનું વચન યાદ આવે છે અને રસોડાણાંથી મોટી છરી લઇ કોટના ગજવામાં છુપાવી પત્ની સાથે અદાલતમાં જાય છે. અને બહાર બાંકડા પર બેસી હત્યારાને પોલીસ અદાલતમાં લાવે એની રાહ જુએ છે અને પોલીસની સાથે એક જુવાનડાને જોઇ આક્રમણ કરવા જાય છે પણ પોલીસ એને કાવવા દેતી નથી. ડિટેક્ટિવ આવીને ઉશ્કેરાવાથી કંઇ નહીં વળે એમ સમજાવી મામલો રફેદફે કરી સમજાવીને કેસ સાંભળવા અદાલતમાં શુ અને સુને લઇ જાય છે.

પોલીસે અને ડિટેક્ટિવે હત્યારાની પૂછપરછ કરી રાખી છે. હત્યારાએ કબૂલ કર્યું છે કે પોતાને મરનાર સામે કંઇ અદાવત નહોતી. પોતે તો કોઇને પણ મારી નાખવાના મૂડમાં તે રાતે હતો. દુનિયા જીવવા જેવી નથી. પોતાને આ ખૂન કરવા બદલ કોઇ પસ્તાવો નથી.

અદાલતને લાગે છે કે આ કાચી ઉમ્મરના જુવાનિયાએ ઉશ્કેરાટમાં આવીને હત્યા કરી નાખી છે. હત્યા પાછળ કોઇ ઉદ્દેશ્ય નહતો. આને સુધારવો જોઇએ. પાંચથી દસ વર્ષની સજા બસ થઇ પડશે.

શુ ને લાગે છે કે અદાલતે ન્યાય કર્યો નથી. વગર કારણે પોતાના દીકરાને મારી નાખનારને ફાંસીથી ઓછી સજા થઇ શકે જ નહીં. સૌની એના તરફ સહાનુભૂતિ છે પણ કાયદો કાયદાનું કામ કરે છે એમ કહી સૌ હવે આ વાત ભૂલી જવા સલાહ આપે છે.

તા. ઉપર હુમલો થયાની જાણ થતાં જ એની મંગેતર પોતાના પિતા સાથે પોતાના ભાવિ સાસરે આવી પહોંચે છે અને ભારે આઘાત સાથે પોતાના પ્રિયતમના મૃત્યુના સમાચાર સાંભળી ભાંગી પડે છે.

શૂને હવે જીવનમાં બીજો રસ રહ્યો નથી. પત્નીને સમજાવી એ ફેક્ટરી વેચી કાઢે છે. અને કાયદો સુધરાવવા જેહાદ ઉપાડે છે. એને હવે ખબર પડે છે કે સમાજમાં આવા ગુના તો બન્યા જ કરતા હોય છે, અને બે – ચાર વ્યક્તિઓએ તો વળતરના દાવા પણ કર્યા છે. તેને સમજાતું નથી કે હત્યાના બદલામાં વળતર મેળવવાથી શું લાભ? પણ કેટલાંક કુટુંબોની મુલાકાત પછી એને ખ્યાલ આવે છે કે ઘરની કમાનાર વ્યક્તિનું જ ખૂન થઇ જાય પછી ઘર ચાલે ક્યાંથી? એટલે વળતરનો કાયદો પણ હોવો જોઇએ એમ એ માને છે. હવે આખા જાપાનમાં રખડી – રવડી આવી હત્યાના ભોગ બનેલાં કુટુંબોને મળવું, એમની હકીકતો ભેગી કરવી એ જ એનું મિશન થઇ પડયું છે. આ બાજુ ભત્રીજો છાપાના તંત્રીને સતત સમજાવ્યા કરે છે કે અખબારોએ પણ કાયદો સુધારવાની જેહાદમાં સાથ આપવો જોઇએ. તંત્રી ઠંડે પેટે કહે છે કે પોતાને સહાનુભૂતિ છે પણ આવું રોજ રોજ બને છે અને પ્રજાને પરિસ્થિતિ ટેવાઇ પડી ગઇ છે આવા બીજા એક કેસમાં એક જુવાન હત્યારો ડિટેક્ટિવને કહે છે કે હત્યા કરવાનો આનંદ જ જુદો છે. પોતે જો છૂટશે તો ફરી હત્યાઓ કરશે. સમાજને ઠેકાણે લાવવા માટે બીજો કોઇ રસ્તો જ નથી. ડિટેક્ટિવને સમજાતું નથી કે દેશના જુવાનિયાઓને એવું તે કેવું ફ્રસ્ટેશન આવ્યું છે કે આવી નિર્ઘૃણ હત્યાઓ એમને આનંદ આપે છે.

શૂ. ની આંખની ઝાંખપ વધતી ચાલી છે એટલે એની રઝળપાટમાં સૂ. પણ હવે સાથે રહે છે. આવા જ દુઃખથી દુઃખી એક સ્ત્રીએ માહિતી આપી કે યુનિવર્સિટીમાં કાયદો શીખવતાં એક પ્રોફેસર આવી હત્યાઓ કરનારાઓને યોગ્ય સજા થાય અને મરનારના કુટુંબોને પૂરું વળતર મળે એવો કાયદો ઘડાય એ માટે પ્રયત્નશીલ છે. શૂ એમને જઇને મળે છે. શૂ. પાસેથી ૧૫૫ આવા કેસ હિસ્ટ્રી મળતાં પ્રોફેસરને જરૂરી મસાલો સાંપડે છે અને જાપાનની પાર્લામેન્ટમાં આવો કાયદો પસાર કરાવવા તેઓ પણ ઝુંબેશ ઉપાડે છે. દરમ્યાન સાવ અંધ બની ગયેલ શૂ. એ સૂની મદદથી દેશભરમાં રઝળપાટ કરી આવા કાયદાની તરફેણમાં લોકમત કેળવવા જેહાદ ચાલુ રાખી જ છે અને મોકો મળતાં પાર્લામેન્ટની એક કમિટિમાં પોતાની વાત તે દાખલા-દલીલો સાથે રજૂ કરે છે. બીજી બાજુ પેલો ભત્રીજો પણ છાપાવાળાઓને આવા કાયદાની તરફેણમાં લોકમત કેળવવા સમજાવ્યા કરે છે.

વૃદ્ધા વસ્થા, અંધાવસ્થાને કારણે લથડિયાં ખાતો શૂ ગંભીર બીમાર પડે છે. પોતાનો દીકરો તા. જે હરિપતાલમાં મૃત્યુ પામ્યો હતો, તે હરિપતાલમાં જ તે ભરતી થાય છે અને મરતી વખતે પત્ની પાસેથી વચન લે છે કે પોતાના મૃત્યુ પછી પણ કાયદો ન સુધરે ત્યાં સુધી પોતાની જેહાદ તે ચાલુ રાખશે.

દિગ્દર્શકે માનવીની કરુણ લાગણીને સ્પર્શવાની એક પણ તક છોડી નથી. ગોલ્ડફીશનું પ્રતીક છેક સુધી ચાલુ રાખ્યું અને શૂ. ના મરણ પહેલાં જ પાણીની ભરણીમાં ગોલ્ડફીશને મરતી દેખાડી. ફ્લેશ-બેકથી તા.ના બાળપણનાં દૃશ્યો પણ દેખાડયાં. હરિપતાલમાં તા.ના મૃત્યુ વખતે તા.ના પગ પર ઢળી પડેલી સૂને દેખાડતી વખતે નાનકડા તા.ના ટચૂકડા પગને ચૂમતી સૂને એ જ દૃશ્યમાં દેખાડી દિગ્દર્શકે શોકની લાગણીને ગાઢ બનાવી. રઝળપાટ દરમ્યાન પોતાની પુત્રવધૂ થનાર કન્યાનું ગામ નજીક હોવાથી તેની ખબર કાઢવા ત્યાં ઊતરી પડનાર શૂને હોંશ અને પ્રેમથી આવકારી પોતે લગ્ન કરનાર નથી, નાની નાની ચીજવસ્તુઓ બનાવી ગુજરાન ચલાવે છે એવું કહેતી જુવાન કન્યાના મનોભાવો પણ દિગ્દર્શકે ખૂબીથી દર્શાવ્યા છે. અને ફ્લેશ બેક પદ્ધતિથી સમુદ્રને કાંઠે બેસી બીજા પ્રેમીઓને સમુદ્રથી ઊંડા અને આકાશથી વિશાળ ભાવિ જીવનસુખના સંવાદો કરતાં દેખાડયા છે. ૧૫૫ કેસ હિસ્ટ્રી ભેગા કરનાર શૂ. ની રઝળપાટ વખતે બે-ચાર કિસ્સા પૂરેપૂરા દેખાડી બે ક્ષણમાં જાપાનમાં ફાલીફૂલી રહેલી ગુંડાગર્દીનો ખ્યાલ પણ આપી દીધો અને ન્યાય અને દયાની લાગણી વચ્ચે ઝુલતાં ન્યાયતંત્રની લાચારીઓ પણ બરાબર દેખાડી. જાપાન હજુ પણ મુખ્યત્વે બૌદ્ધધર્મ છે પણ અહિંસા કે અવૈરની વાત ફિલ્મમાં ક્યાંયે આવતી નથી. શૂ. ની મરણની ઘડીઓ ગણાય છે ત્યારે એનો ભત્રીજો એની સાક્ષીને એમ કહેતો સંભળાય છે કે તા. ની હત્યાને બરાબર દસ વર્ષ થવા આવ્યા છે. તા.નો હત્યારો આજકાલમાં જ છૂટવો જોઇએ!

આ દસ વર્ષમાં પ્રૌઢાવસ્થામાંથી ઝડપી ગતિએ વૃદ્ધાવસ્થા તરફ પ્રયાણ કરી રહેલા શૂ અને સૂ એ અભિનયના જે શીળા ઓજસ પાથર્યા છે તે આપણી ફિલ્મોમાં ભાગ્યે જ દેખાય છે. તેમાંય શૂ.ના દહાડે દહાડે લથડિયાં ખાતાં પગ અને જેહાદની સફળતાની આશામાં મનમાં વધતા જતા ઉમંગનો જે સમન્વય કલાકારે સાહજિકતાથી દેખાડયો છે તે પ્રેક્ષકોના ચિત્તમાં અવિસ્મરણીય છાપ મૂકી ગયો હશે બસમાં બેસવાની જગ્યા ન મળતાં એકમેકને ટેકે ઊભા રહી બસની ચાલ પ્રમાણે અથડાતાં દંપતીને એકબીજાને ટેકો આપતાં દિગ્દર્શક નિરૂપે છે.

આમ તો જાપાનીસ લોકો લાગણીશીલ ગણાય છે. હતાશાને ઘેરી વળતાં આત્મહત્યા કરવાનું તેમને માટે સહજ છે પણ આવી હતાશા હત્યામાં પણ હવે પરિણમે છે તે આ ફિલ્મ દ્વારા જ જાણવા મળ્યું. હિંસાના મનોવિજ્ઞાનના અભ્યાસો હવે બહાર પડવા માંડયા છે, ત્યારે આ ફિલ્મે ઉઠાવેલા પ્રશ્નો પર ગંભીરતાથી વિચાર થવો જોઇએ.

ગુનેગારો પ્રત્યે દયાની લાગણી બતાડવાનો ધર્મ કોનો છે? મને લાગે છે કે ન્યાયતંત્રને ન્યાય કરવાનો જ અધિકાર છે. કરુણા બતાવાનું ક્ષેત્ર એનું નથી. જેને સહન કરવું પડયું છે, તે ઇચ્છે તો કરુણા બતાવી શકે. તે પોતાને નુકસાન કરનાર વ્યક્તિને ક્ષમા આપી શકે અને ક્ષમા કરવા માટે ન્યાયતંત્રને વિનંતી કરી શકે. પણ જો તેની ઇચ્છા બદલો લેવાની હોય તો ન્યાયતંત્રે તો કાયદાનો અમલ કરવો જ પડે. આજે સામાજિક ન્યાયની વાત જોરશોરથી ચર્ચાય છે પણ એનો અધિકાર કોને છે? દા.ત. મહાનગરોની ફૂટપાથ પર ધામા નાખીને પડેલા ગરીબ લોકોને ન્યાયતંત્ર ત્યાં જ રહેવા દેવાની છૂટ આપે તો એ કાયદાનું પાલન કરે છે? એ ગરીબ લોકો તરફ સૌની સહાનુભૂતિ હોવા છતાં ફૂટપાથ એ રાહદારીઓના ઉપયોગની જગ્યા છે. એના બદલે રાહદારી સલામત નથી ત્યારે એ ફૂટપાથ પર વસવાટ કરનાર કે ધંધો કરનાર વ્યક્તિને ન્યાયતંત્રની સહાનુભૂતિ કઇ રીતે મળી શકે? ઝુંપડપટ્ટી અને ફૂટપાથની વાતની ઘણા લોકો સેળભેળ કરે છે. આથી વિચારનો ગોટાળો થાય છે. આપણી પ્રજા મૂળમાંથી સમસ્યા ઉકેલવાની માથાકૂટમાં પડયા વગર ડાળાં-ડાળખાંને વળગીને સુધારાનો દંભ કર્યા કરે છે.

માનવીની પામરતા

● 'સત્સંગી'

માણસે ચંદ્ર પર પહોંચવાની અનન્ય સિદ્ધિ મેળવી તેમાં તેની મહાનતા અને અદ્‌ભુત બુદ્ધિશક્તિનાં દર્શન થાય છે. દુનિયાની મહાસત્તાઓ અમેરિકા અને રશિયા અદ્યતન ન્યુકલીઅર શસ્ત્રો પાછળ દર વર્ષે અબજો રૂપિયા ખર્ચે છે. તેમાં તેમની શસ્ત્રો શોધવાની અજબ બુદ્ધિશક્તિ અને હેરત પમાડે તેવી નાણાં ખર્ચવાની શક્તિનાં આપણને જરૂર દર્શન થાય છે. માણસ ચૂંટણીઓ લડે છે, વિજય અને સત્તા હાંસલ કરે છે. અને ધારાસભાઓ કે લોકસભા ગજાવે છે. માણસ વાંચે છે ઘણું, લખે છે સુંદર અને પ્રેરણા આપતાં કાવ્યો પણ લખે છે. માણસ દેશપરદેશમાં લાખો અને કરોડોનો વેપાર કરે છે, મોટાં કારખાનાં ચલાવે છે અને શેરબજારનો રાજા બનીને પણ ફરે છે. માણસ ઉત્તુંગ ઇમારતો બનાવે છે. મોટા પુલ અને રેલો બાંધે છે; બસ, ટ્રામ, ટ્રેન, વિમાન વગેરે વાહનો દ્વારા માણસોને ઘડીકમાં તેમનાં ઇચ્છિત સ્થળોએ સહીસલામત રીતે તે પહોંચાડી દે છે. માણસ શું નથી કરતો એજ બહુ મોટો પ્રશ્ન છે. અંગ્રેજ કવિ શેકસપીયરે કંઇ અમસ્તું જ થોડું કહ્યું હશે ? What a piece of work is man ! મનુષ્ય કેવી અદ્‌ભુત કૃતિ છે!' આજે ટેલિવિઝન અને કોમ્પ્યુટરના જમાનામાં આ કથન આપણા મુખમાંથી વારંવાર સરી પડે એવી કાળા માથાના માનવીની કરામતો છે.

માણસ આટલો મહાન છે છતાં તે કેટલો પામર છે એમ પણ કહ્યા વિના રહી શકાતું નથી. માણસની વિચારશક્તિ, બુદ્ધિશક્તિ બહાર ખૂબ દોડે છે, પણ આંતરિક રીતે વિચારવા માટે તે ગતિ કોઇ અગમ્ય કારણને લીધે કુંઠિત થઇ જાય છે. પોતાના આંતરિક ભાવો જાણવા કે તપાસવા માટે તેને જાણે સમય જ નથી ! ઘડીભર તે આંતરિક વિચારણા કરતો હશે તો તે દુન્યવી સિદ્ધિઓ વિશેષ પ્રમાણમાં મેળવવા માટે પોતાની માનસિક શક્તિ કેળવવા માટે હશે. હું આ છું' 'હું તે છું', 'મારામાં આવી શક્તિ છે' એવું સ્થાપિત કરવા માટે ગમે તેટલો શ્રમ કરવો પડે તેમાં તેને થાક લાગતો નથી. પરંતુ 'હું જે છું તે ભગવાન (વિશ્વની પરમ સત્તા) થકી છું, મારા વડીલોને લીધે છું. મારી પત્નીને લીધે છું, સમાજને લીધે છું, મિત્રોને લીધે છું, મારા શિક્ષકોને લીધે છું, મારા સહકાર્યકરોને લીધે છું અર્થાત્ આ સૌ કોઇનો હું ઋણી છું, તેમનો કરજદાર છું, તેમનો આભારી છું' એવી આંતરિક વિચારણા અને તજ્જન્ય ભાવ તેના જીવનમાં કોઇ વિરલ પળે જ થતા હશે.

માણસનાં ધરતી પરના આગમનનું નિમિત્ત માતાપિતા છે. બાળકના ઉછેર દરમ્યાન માબાપ ઉપરાંત ભાઇબહેનો, સગાં-સંબંધીઓ, પડોશીઓ વગેરેનો સહકાર રહેલો હોય છે તે ભણીગણીને વ્યવસાયમાં પડે ત્યાં સુધીમાં મિત્રો, શિક્ષકો, જુદી જુદી સંસ્થાઓ, જ્ઞાતિ, સમાજ, ધર્મગુરુઓ, રાજ્યતંત્ર, મ્યુનિસિપાલિટી, પુસ્તકો વગેરેના સહકારનો ઉમેરો થાય છે. તે રીતસરનો ગૃહસ્થાશ્રમ શરૂ કરે ત્યાર પછી તેની પત્ની અને તેનાં સંબંધીઓ, પડોશીઓ, મિત્રો, સહકાર્યકરો, ઉપરી-અધિકારીઓ, અવનવા સંપર્કો થતા રહે તે વગેરેનો સહકાર મહત્ત્વનો ભાગ ભજવે છે. માણસ પગભર થાય અને કંઇક હાંસલ કરે ત્યાં સુધીમાં તે અનેકનો ઋણી બને છે. માણસ એકંદરે સમાજનો ઋણી બને છે, પછી સમાજની જે અને જેટલી કક્ષા હોય તેવા સમાજનો તે કરજદાર બને છે.

સમાજઋણની આ પાયાની હકીકત હોવા છતાં માણસનું વાસ્તવિક જીવન શું હોય છે ?

'મને આ તકલીફ છે,' તે તકલીફ છે.' 'મારે આ જોઇએ છીએ, તે જોઇએ છીએ, પણ ક્યાં મળે છે ?' 'આવું તે કયાંય હોય ?' 'આટલા પગારમાં શી રીતે પૂરું પડે ?' 'સાહેબ ભવાં ચડાવે એ કઇ રીત છે ?' 'આટલું કરીએ છતાં કદર નહિ ?' 'ભૂખ્યે પેટે કામ થાય ?' 'મારી કોને પડી છે ?' વગેરે ફરિયાદો સતત રહેતી હોય એવું માણસનું રોજબરોજનું વાસ્તવિક જીવન હોય છે. તેનાં અંગત જીવનમાં પણ પોતાનાં માબાપ, પત્ની, બાળકો, સગાંસંબંધીઓ અંગે સદા તેને કચવાટ જ રહેતો હોય છે. તેનું મન માનતું જ નથી હોતું. 'મારું બધું સચવાવું જ જોઇએ' એવી તેની માગણી સતત રહે છે. જરાક ન સચવાય તો 'દુનિયા આવી તે હોય ?' એવો રોષ તેને ઘેરી લે છે.

આવો વિચાર કેટલાંને આવતો હશે ? 'અરે, હું આ સૌનો એક યા બીજી રીતે ઋણી છું. મારી પણ તેમના પ્રત્યે કંઇક ફરજ છે. મારે હકના આત્મકેન્દ્રી વિચારો છોડીને બીજાનો વિચાર કરવો જોઇએ. મારા કચવાટનું ગાણું છોડીને અન્યને મારા પ્રત્યે શો કચવાટ છે તે હું જાણું અને તેમનાં જીવનમાં આનંદ આપું. હું બીજાની સેવા લેવાનું છોડી દઇને તેમની સેવા કરવામાં મારું કર્તવ્ય ગણું. અન્ય પ્રત્યે મારો રૂઆબ છોડીને તેમને મારો સહવાસ ગમે એવો નમ્ર હું બનું. મારી હોશિયારીની જ વાતો કરવાને બદલે તેમની હોશિયારી હું પિછાનું, તેઓ મને ખૂબ સહકાર આપે છે, એવી આંખથી હું તેમને નિહાળું. આવું વિચારવામાં માણસને નાનમ લાગે છે. તેનો હુંકાર તેને, બીજા તેનાં ઋણી છે એ વિચાર તરફ જ પ્રેરે છે, તેમાં છેક લાગતી નથી.

માતૃદેવો ભવ । અને પિતૃદેવો ભવ ।ની ભાવના ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે. ભારતવાસીઓ જુદાં જુદાં પરિબળોને લીધે આ વારસો સાચવવા માટે કાયરતા દાખવતા રહેલા છે. માતાનું ઋણ તો કદી કોઇ ચૂકવી શકે નહિ એવી 'મહાન માતા' ચોથિયું રોટલો અને શાક માટે એક કે બે અને કેટલીક વાર તો ચાર દીકરાઓની ઓશિયાળી રહે એ તો આધુનિક સમય અને નિષ્પ્રાણ કેળવણીની અનન્ય ભેટ છે જે અંગે શરમભરી બાબત કોઇને ખાસ જણાતી નથી, તેની વેદના થતી નથી. સર્વગુણસંપન્ન માબાપ હોવા જોઇએ એવું વિચારનાર સંતાન પોતે સર્વગુણસંપન્ન માબાપ બન્યાં છે કે કેમ એવું આત્મનિરીક્ષણ માત્ર એક મિનિટ માટે કરવા તૈયાર છે? 'માબાપ'ની કેવળ હકીકત જ સંતાનોને તેમનાં પ્રત્યેનું ઋણ સૂચવે છે એથી વિશેષ દલીલ કરવાનો આ વિષય જ નથી.

જ્યાં માબાપ પ્રત્યેનું ઋણ સંતાનોને સ્પર્શતું નથી, ત્યાં

શિક્ષકો પ્રત્યેનાં ઋણની વાત તો હાસ્યાસ્પદ જ લાગવાની. પગાર લઇને શિક્ષકો ભણાવે છે. એમાં વળી ઋણની વાત શી? વાસ્તવમાં એકડો ઘૂંટાવનાર શિક્ષકથી માંડીને યુનિવર્સિટીનું શિક્ષણ લીધું હોય ત્યાં સુધીના સઘળા શિક્ષકોનો વિદ્યાર્થી ઋણી બને છે. દર મહિને કે દર વરસે બધા શિક્ષકોને ગુરુદક્ષિણા આપવા જવું એવો શિક્ષકઋણનો અર્થ નથી. પરંતુ પોતાના શિક્ષકો પ્રત્યે નમ્રતા, આભારનો ભાવ, અને કૃતજ્ઞતાની લાગણી મનોપ્રદેશમાં રહે એ શિક્ષણઋણનો અર્થ છે. પોતાની શકિત પ્રમાણે શિક્ષકદિન નિમિત્તે ફાળો આપવો એ આ ભાવનું મૂર્ત પાસું છે. એ સિવાય કોઇ પણ પીડિત શિક્ષકને એક યા બીજી રીતે ઉપયોગી થવામાં પોતાનું સદ્‌ભાગ્ય ગણાય તો શિક્ષકઋણ અદા કર્યું ગણાય. શિક્ષકનો માત્ર વ્યકિતગત રીતે વિચાર કરવો એવો શિક્ષકઋણનો અર્થ નથી. પરંતુ શિક્ષકત્વને ઉત્તેજન મળતું રહે એ શિક્ષકઋણનું લક્ષ્ય છે, જે સમાજના હિતમાં છે. આવું વિચારનાર સમાજના નાગરિકો સાચા અર્થમાં પ્રગતિશીલ છે એમ કહેવું ઉચિત ગણાશે.

પત્ની અર્ધાંગના છે, જીવનસહચારિણી છે, સહધર્મચારિણી છે વગેરે ઉચ્ચારણો કરતાં માણસ થાકતો નથી. છતાં જતીય સુખ અને પોતાની સગવડો સચવાવામાં જરા જરા પણ ફેર પડે તો માણસનો મિજાજ જતાં વાર લાગે છે ખરી? સવારે ઊઠવાથી માંડીને રાત્રે સૂવાના સમય સુધી પત્ની પોતાના પતિની જે ભાવભરી સેવાચાકરી કરે છે. તેમાં પતિદેવ પોતાનો નર્યો હક સમજે છે. ગૃહિણી તરીકેનું સ્ત્રીનું કાર્ય પુરુષને માલ વગરનું લાગે છે. તેમાં પોતાનો નર્યો અહમ્ પોષવાની વાત છે, પરંતુ ઉચિત વિચારણાની વાત નથી ભારતીય નારી પત્ની તરીકે જે ત્યાગ અને સહનશકિતભર્યું જીવન જીવે છે એ માત્ર પોતાનાં ભરણપોષણ માટે કરે છે એવું માનનારા અનેક પતિદેવો હશે. સ્ત્રીને પુરુષનો આશ્રય અનિવાર્ય છે માટે તે આવું જીવન સ્વીકારે છે એમ કહીને પોતાની બુદ્ધિશકિતનો ચમકારો કેટલાક બતાવશે. વળી, કોઇ એમ કહેશે કે સ્ત્રીમાં રહેલી માતૃત્વની ઝંખના તેને તેવું જીવન જીવવા પ્રેરે છે. આવું વિચારનારા પતિદેવોને પોતાને તો જાણે કે સ્ત્રીના સહવાસની કોઇ ઇચ્છા જ હોતી નથી, પરંતુ સ્ત્રી ખાતર જ તેમને પરણવું પડે છે એવા ભ્રમમાં તેઓ રાચતા રહે છે. તેઓ પત્ની પ્રત્યેનો ઋણભાવ કદી સ્વીકારે એવું બને નહિ. સ્ત્રી વિના પુરુષનું જીવન શૂન્ય છે એમ પુરુષો બોલે જરૂર, પરંતુ પોતાની પત્ની પ્રત્યે તો સ્વામીની જ અદા હોય છે.

વાસ્તવમાં જીવનનું ધ્યેય જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે તેમાં પત્નીનો સહારો અનિવાર્ય જ છે. ગૃહસ્થાશ્રમ સર્વ આશ્રમો કરતાં શ્રેષ્ઠ છે. ગૃહસ્થાશ્રમ દ્વારા જ સ્ત્રીપુરુષો પોતાનો યોગ્ય વિકાસ સાધી શકે છે સમાજધર્મ આચરી શકે છે અને ભગવાન (વિશ્વની પરમ સત્તા) પ્રત્યેનો ભાવ યોગ્ય રીતે ગુથી શકે છે. આ હકીકત સ્ત્રીને પુરુષ કરતાં જરા પણ ઊતરતું સ્થાન આપતી નથી, પરંતુ સમાન સ્થાન અર્પે છે. પુરુષ પોતાની પત્નીનો આદર સહૃદયતાથી કરતાં શીખશે તો તે યોગ્ય અર્થમાં મહાન ગણાશે, નહિતર તે સ્ત્રી આગળ વામણો જ રહેશે પછી ભલે તે પત્નીનો સ્વામી ગણાતો હોય.

વ્યવસાયના ક્ષેત્રમાં કર્મચારીઓમાં ઋણભાવ નજરે ચડે છે ખરો? જ્યાં સુધી યુવકયુવતીઓને નોકરી મળતી નથી ત્યાં સુધી તેઓ નોકરી માટે તરફડિયાં મારે છે. પરંતુ નોકરી મળ્યા બાદ કામચોરીથી માંડીને ઉપરી અધિકારી ઓનો વિરોધ કરવા સુધીની બાબત ધીમેધીમે પ્રવેશવા લાગે છે. અલબત્ત, અન્યાય સામે લડવું એ વિરોધ નથી. મોટે ભાગે નોકરીનાં જીવનમાં ફરિયાદો અને કચવાટ જ જોવા મળે છે. માણસ પોતાની જેવી હોય તેવી નોકરીથી ઉજળો છે એ વાત તે જાણે ભૂલી જાય છે. પગાર હક કરવાને બદલે પગાર વધવાના હકની જ વાત મોખરે રહે છે. પગાર વધ્યા પછી પણ પોતાનું કર્તવ્ય બજાવવાની વાત ક્ષણિક આવેશ જેવી રહે છે. સહકાર્યકરો પ્રત્યે પણ ઋણભાવ ગણાય એ બાબત તો કેવળ હાસ્યપદ જ લાગવાની આ હકીકતો માણસની પામરતા સૂચવે છે.

આજે જગતમાં અલ્પતમ પણ સુખ હોય તો તે ઋષિ-મુનિઓને આભારી છે; તેમનાં તપનું પરિણામ છે. ઋષિ-મુનિઓએ તેમનાં તપ, ચિંતન અને મનન દ્વારા માનવજાતને સુખનો માર્ગ બતાવ્યો. એના પર જગતનાં મંડાણ થયાં છે, તેથી માણસ સુખશાંતિથી જીવન જીવે છે. ઋષિમુનિઓનો માર્ગ જ્યારે ત્યજાય છે, ત્યારે વિશ્વમાં ઘોર દુઃખો આવી પડે છે. જેની સાક્ષી વિશ્વવિગ્રહો પૂરે છે. આ ઋષિમુનિઓની સ્મૃતિને બદલે વિસ્મૃતિ થતી રહે એવું ખુદ ભારતમાં જ બની રહ્યું છે. ત્યાં ઋષિઋણની વાત કરવી એ આમ તો રણમાં રુદન કર્યા બરાબર છે. ઋષિ-મુનિઓનું ઋણ ચૂકવવું એટલે તેમને પ્રાતઃકાળે નમ્રતાથી ભાવપૂર્વક યાદ કરવા અને તેમના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણીથી મસ્તક નમાવવું. તેમના ગ્રંથોનું જ્યાં વાચન થતું હોય ત્યાં જિજ્ઞાસાવૃત્તિથી તેમજ હર્ષોલ્લાસપૂર્વક સાંભળવા જવું માણસે પોતે પણ તેમનો કોઇ ગ્રંથ નિયમિત વાંચવો અને તેમના વિચારોનું મનન કરવાની ટેવ પાડવી, પોતાનાં કુટુંબીજનોને તેમજ મિત્રોને આ વિચારો કહેતા રહેવું અને તેવું આચરણ થાય તે માટે સાચા દિલથી શ્રમ લેવો. આમ ઋષિઋણ ચૂકવવાથી આખરે તો સ્વકલ્યાણ જ રહેલું છે.

ભગવાન (વિશ્વની પરમ સત્તા) પાસે તો માણસ જીવનના છેલ્લા શ્વાસ સુધી માગ્યા જ કરતો હોય છે ભગવાનને કંઇ આપવાની વાત બાજુએ તો માણસનો સ્મૃતિભ્રંશ જોવા મળે છે. ભગવાન વિશ્વંભર છે, તેને પૈસા, હાથીઘોડા કે અલંકારો જોઇતાં નથી. ભગવાન તો 'ભાવ'ના ભૂખ્યા છે. ભગવાનને 'ભાવ' અપાય તેમાં માણસનું તો ઘણું જ રહેલું છે મંદિરો છે, તેમાં મૂલ્યવાન વસ્ત્રાભૂષણોથી શણગારેલી મૂર્તિઓ છે, અન્નકૂટોત્સવ યોજાય છે પરંતુ ભગવાન પ્રત્યે જે 'ભાવ' અપેક્ષિત છે તે ત્યાં નથી હોતો.

ભગવાનનું ઋણ ચૂકવવું એટલે 'જેમ રામ રાખે તેમ રહેવું.' ભગવાનનું ઋણ ચૂકવવું એટલે મન તેનામાં રાખીને પોતાની ફરજો બજાવવી. ભગવાનનું ઋણ ચૂકવવું એટલે કોઇપણ જાતની ફરિયાદ વિના સદા પ્રસન્ન ચિત્ત રાખવું. આપણે સૌ ભાઇબહેનો છીએ એવા ભાવથી કોઇને પણ એક યા બીજી રીતે યથાશકિત અને યથામતિ નિઃસ્વાર્થ દ્રષ્ટિથી ઉપયોગી થઇએ એ ભગવાનનું ઋણ ચૂકવવાની બાબત છે. અન્ય લોકોને ભગવાન તરફ વાળવામાં ભગવાનનું ઋણ ચૂકવવાની મહત્તમ બાબત રહેલી છે. તપને મુખ્ય સાથી ગણનાર ભગવાનનું

ઋણ અદા કરી રહેલી વ્યકિત છે. આમ ભગવાનનું ઋણ ચૂકવવામાં સ્વકલ્યાણ સાથે પરકલ્યાણ પણ રહેલું છે. પરંતુ માનવીની ઋણ ચૂકવવાની પામરતાને લીધે સમગ્ર જગતની પરિસ્થિતિ દુઃખમય, ત્રાસમય અને આઘાતજનક થતી રહી છે.

માનવીની આ પામરતા માટે જવાબદાર કોણ? ધર્મ-ગુરુઓ, કુટુંબ અને શિક્ષકગણ. સાચા ધર્મગુરુઓની સંખ્યા હંમેશાં બહુ થોડી રહેતી આવી છે તેથી માણસને યોગ્ય જીવન જીવવાની સમજ મળતી નથી. માબાપ પોતાનાં સંતાનોમાં સારા ગુણો ખીલવવા માટે ન સમજાય તેવી આળસ કે ઉપેક્ષા સેવતાં હોય છે, નહિતર કુટુંબમાં જ બાળક ઋણભાવ અર્થાત્ ફરજ બજાવતાં જરૂર શીખે. સમાજમાંથી કોરી સ્લેટ જેવાં બાળકો આવતાં જોઈને શિક્ષકો સારા સંસ્કારોનું સિંચન કરવા અંગે ભગ્નાશ બની જાય છે. વળી, શિક્ષકો જીવનનો તલસ્પર્શી અભ્યાસ કરવાનું ખાસ વલણ ધરાવતા નથી. પગારના અનુસંધાન પ્રમાણે અભ્યાક્રમ પૂરો કરવા સિવાયનું ખાસ મતલબ શિક્ષકો રાખતા નથી. ધર્મગુરુઓ, માબાપ અને શિક્ષકો જાગૃત બને તો માણસના સ્વભાવમાં સુધારો થાય, 'હું કોઈનો ઋણી નથી – મારે પક્ષે હકક હાંસલ કરવાની વાત છે, પણ ફરજ બજાવવા જેવું કંઈ નથી' એવી માનવીની દયાજનક પામરતા ઓછી થવા લાગે અને સુંદર જીવન જીવવાનો અનેરો સંતોષ માણસને લાધે; તેમજ જગતનું ચિત્ર આંખને ઠંડક અર્પનારું બને.

વરસની વચ્ચેથી માસનામોની મુલાકાત

પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

ઓગસ્ટ માસ જોડે સંકળાયેલી તો વિશ્વની અનેક બાબતો છે પણ નાનાંથી મોટાં સુધી ઘણાંને ન સમજાતી એક વાત એ છે કે આખા વરસમાં કયાંય નહીં ને જુલાઇ-ઓગસ્ટ આ બે માસમાં જ ક્રમ ઉપરાઉપર ૩૧ દિવસ આવે છે.

એનોય ઇતિહાસ જાણવા જેવો છે.

અત્યારે પ્રચલિત અંગ્રેજી પદ્ધતિના મહિનાઓનાં નામ મૂળ તો રોમનોએ આપેલાં છે. વિખ્યાત રોમન રાજા જુલિયસ સીઝર જે માસમાં જન્મ્યો હતો એ માસને એણે પોતાને નામે ઓળખાવ્યો. આમ મધ્યકાલીન લેટિન ભાષામાં એ Julius Mensis (જુલિયસનો મહિનો) કહેવાયો. (Mensis–મહિનો) વ્યવહારમાં એ ટૂંકમાં માત્ર Julius કહેવાયો. આ પરથી ઓન્ગલો–ફ્રેન્ચમાં એનું Julie રૂપ થયું જે પરથી અંગ્રેજીમાં એણે 'જુલાઇ' રૂપ ધારણ કર્યું.

આ જુલિયસ પછી ગાદી પર આવેલો ઓગસ્ટસ સીઝર, 'પવિત્ર રોમન સામ્રાજ્ય'નો પ્રથમ સમ્રાટ હતો. એ પણ જુલાઇ માસમાં જ જન્મ્યો હતો. પણ એ માસ તો જુલિયસને નામે ચડી ચૂકયો હતો. એટલે એણે તે પછીના માસ સાથે પોતાનું નામ જોડયું જે હવે અંગ્રેજીમાં 'ઓગસ્ટ' નામે ઓળખાય છે.

ત્યારે એ–ઓગસ્ટ–માસમાં ૩૦ જ દિવસ હતા. પણ પોતાના પાલકપિતા–'રાજા'–ને નામે ઓળખાતા 'જુલાઇ' માસમાં ૩૧ દિવસ હોય ને હવે 'સમ્રાટ' બનેલા પોતાના નામથી ઓળખાતા 'ઓગસ્ટ' માસમાં ૩૦ જ દિવસ હોય–એક દિવસ ઓછો હોય–તે આ રોમના 'સર્વપ્રથમ સમ્રાટ'ને ન ફાવ્યું! એટલે એણે ત્યારના કેલેન્ડરની યોજનામાં ફેરફાર કરાવ્યો; ફેબ્રુઆરી માસમાંથી એક દિવસ ઓછો કરાવી, એ 'ઓગસ્ટ' માસમાં ઉમેરાવ્યો ને એમ ઓગસ્ટ માસમાં પણ ૩૧ દિવસ કરાવ્યા.

તો આ 'ઓગસ્ટ' પછી આવતો 'સપ્ટેમ્બર' માસ કોને નામે ઓળખાય છે, એ જાણવાનુંય હવે મન થાય છે ને?

હકીકતમાં, આમાં કોઇ જ વ્યકિતનું નામ નથી. છતાં એ 'સપ્ટેમ્બર' નામે શા માટે ઓળખાય છે એ જાણવાનું રસપ્રદ થઇ પડે એમ છે.

પ્રાચીન રોમન પંચાગ પ્રમાણે એમનું નવું વર્ષ માર્ચ માસથી શરૂ થતું હતું. એટલે એ પ્રમાણે ગણતાં આ 'સપ્ટેમ્બર' માસ તો સાતમો મહિનો જ થાય ને?

એ જ તો એનું આ નામ છે! લેટિનમાં Septem એટલે સાત; (આ રૂપ આપણા સંસ્કૃત 'સપ્તમ્' જોડે કેટલું મળતું આવે છે!) અને '–Ber' એટલે '–મો'; આમ September એટલે 'સાતમો' (મહિનો).

ઇ. સ. ૧૭૫૨માં, ઇન્ગ્લેંડમાં થયેલી પંચાંગ સુધારણા સુધી વર્ષ, માર્ચ માસથી જ શરૂ થતું ગણાતું. આ સુધારણા પછી વર્ષ જાન્યુઆરી માસથી શરૂ થતું ગણાયું. પરિણામે 'સપ્ટેમ્બર' નવમો મહિનો થયો એ ખરું! પણ એનું નામ તો પહેલાં હતું તે જ – 'સપ્ટેમ્બર' એટલે કે 'સાતમો' (માસ) રહી ગયું છે.

આ પછીનો 'ઓકટોબર' મહિનો પંચાંગ સુધારણા પછી દસમો હોવા છતાં એના નામના ઘડતર પ્રમાણેને જૂના પંચાંગ પ્રમાણે તો 'આઠમો' જ છે! લેટિનમાં Octo એટલે આઠ; એમાં –ber' ઉમેરાતાં October એટલે આઠમો (માસ) 'આઠપગો' નામે ઓળખાતું દરિયાઇ પ્રાણી આ અર્થમાં જ Octopus કહેવાય છે: Octo–આઠ; pus પગ.

આ પછીના નવેમ્બરની વાત પણ આવી જ છે. આનું મૂળ લેટિન રૂપ છે Novem (સંસ્કૃત 'નવમ્' જોડે સરખાવવા જેવું જ છે ને?) આ Novem (નવ) + ber (–મો) મળીને બન્યું November એટલે નવમો (માસ).

ને પછી ડિસેમ્બર; વર્તમાન પદ્ધતિ પ્રમાણે વર્ષનો આ છેલ્લો–બારમો મહિનો, જૂની પદ્ધતિ પ્રમાણેના એના દસમા સ્થાનના અર્થ પ્રમાણે જ 'દસમા'નો અર્થ ધરાવે છે.

લેટિનમાં Decem એટલે દસ (આપણા સંસ્કૃત 'દશમ્' જેવું જ છે!) આ Decem (દસ) + Ber (–મો) મળીને December એટલે દસમો (મહિનો).

આ જોડે જ નોંધવું જોઇએ કે પ્રાચીન પંચાંગ પ્રમાણે તો જુલાઇ ને ઓગસ્ટ પણ પાંચમો ને છઠ્ઠો માસ જ હતા ને! એટલે ત્યારે તો જુલાઇ પણ Quintilis (પાંચમો)ને ઓગસ્ટ Sextilis (છઠ્ઠો) નામે ઓળખાતા હતા. પણ પછી એ રોમન બાદશાહોને નામે જુલાઇ તથા ઓગસ્ટ નામે ઓળખાતા થયા એટલે આ સંખ્યાક્રમ ત્યાં અટકી ગયો. આમ છતાં પ્રાચીન રોમન પંચાંગના સપ્ટેમ્બર, ઓકટોબર, નવેમ્બર ને ડિસેમ્બર મહિના, વર્તમાન પદ્ધતિ પ્રમાણે વર્ષના ૯મા, ૧૦મા, ૧૧મા ને ૧૨મા માસ હોવા છતાં હજુ એમના પ્રાચીન

સાતમો, આઠમો, નવમો ને દસમો એવા અર્થના નામે જ ઓળખાતા રહ્યા છે; જોકે આ પછીના મહિનાઓનાં નામ ઘણી રીતે જુદાં પડે છે.

હવેનું નવું વર્ષ ડિસેમ્બર પછીના જાન્યુઆરી માસથી શરૂ થાય છે. પ્રાચીન રોમનોના એક દેવતા Janus નામે ઓળખાય છે; એ દરવાજા-ફાટકના રક્ષક દેવતા છે. (Janua એટલે જ દરવાજો) એને બે મુખ હોય છે: એક આગળ ને એક પાછળ; પ્રાચીન રોમમાં, યુદ્ધકાળ દરમિયાન એના દેવળનાં દ્વાર હમેશાં ખુલ્લાં રહેતાં-શાંતિકાળમાં બંધ!

વર્ષના પ્રવેશદ્વાર જેવો આ માસ એ દેવતાનો ગણાય છે. પ્રાચીન લેટિનમાંના એના Januarius નામ પરથી આ માસ અંગ્રેજીમાં જાન્યુઆરી નામે ઓળખાયો છે.

એક મુખે શિશિર તરફ નિહાળતા ને બીજે મુખે વસંત તરફ મીટ માંડતા બે મુખવાળા દેવતાને નામે આ માસને ઓળખાવવામાં કેવું ઔચિત્ય રહેલું છે!

આ પછીનો બીજો માસ ફેબ્રુઆરી, પ્રાચીન પદ્ધતિ પ્રમાણેનો વર્ષનો છેલ્લો માસ છે. પ્રાચીન રોમનોમાં આ માસમાં સફાઈ-સ્વચ્છતા થતી (આપણે ત્યાં વર્ષના છેલ્લા આસો માસમાં દિવાળી પહેલાં સાફસફાઈ થાય છે જ ને!) આ માસ સફાઈ ને સ્વચ્છતાનો. આંતર-બાહ્ય શુદ્ધિનો માસ ગણાતો. આ માસની ૧૫મી તારીખે ત્યારે સ્વચ્છતાનો, શુદ્ધિનો ઉત્સવ ઊજવાતો.

લેટિનમાં Februum એટલે શુદ્ધિકરણ પવિત્રીકરણ; આ પરથી રોમનોનો આ શુદ્ધિઉત્સવ Februa કહેવાયો; ને આ પરથી જ પવિત્ર થવાનો, શુદ્ધિ માટેનો માસ ફેબ્રુઆરી કહેવાયો.

પ્રાચીન રોમન પદ્ધતિ પ્રમાણે વર્ષના પ્રારંભના જે હવે ત્રીજા ગણાતા 'માર્ચ' માસના નામના મૂળમાં છે રોમનોના પૌરાણિક દેવતા Mars – આ વિગ્રહના દેવતા છે. ને આ જ છે સૂર્યથી અંતર પ્રમાણે ગણાયો ચોથો ગ્રહ મંગળ!

લેટિનમાં એના Martius નામ પરથી આ માસ પણ એ જ નામે ઓળખાયો. પ્રાચીન ફ્રેન્ચમાં આનું એક રૂપ બન્યું Marche; જે પરથી અંગ્રેજી March નામ બન્યું છે.

આ માસમાં વાતાવરણ ખૂબ જ ખુશનુમા હોય છે. વિજયયાત્રા માટે આ અત્યંત અનુકૂળ હોય છે; કદાચ એથી જ આ માસ એ યુદ્ધના દેવતાને નામે ઓળખાયો છે.

આ પછીના એપ્રિલ માસના નામ વિશે વિદ્વાનો એકમત નથી.

લેટિન Aprillis પરથી આ નામ બન્યું છે, જેના મૂળમાં છે Apero-એટલે પછીનું, પછી આવનારું પાછળ આવતું, બીજું વગેરે.

પ્રાચીન પદ્ધતિ પ્રમાણે વર્ષનો પ્રથમ માસ માર્ચ; એટલે તે 'પછી', 'પાછળ આવતો', 'બીજો' (માસ) એવા અર્થમાં એના લેટિન નામ પરથી ફ્રેંચમાં એ નામ Avril બન્યું જેણે અંગ્રેજીમાં પ્રવેશતાં, મૂળ લેટિન રૂપની અસર હેઠળ April રૂપ ધારણ કર્યું.–આ એક મત!

બીજા એક મત પ્રમાણે લેટિન Aprillis ના મૂળમાં છે. Aperire-એટલે ઊઘડવું.

યુરોપમાં એપ્રિલ વસંતનો મહિનો છે, જેમાં ફૂલની કળીઓ ઊઘડે છે. આવા અર્થમાં એ લેટિન નામ પરથી એણે ફ્રેન્ચમાં Avril ને અંગ્રેજી April નામ ધારણ કર્યું છે.

ત્રીજા મત પ્રમાણે આ નામ સાથે ગ્રીક પ્રેમની દેવી Aphroditeનું નામ સંકળાયું છે જેનું લાડમાં ટૂંકું રૂપ થયું છે Aphro. ભૂમધ્ય સમુદ્રના પ્રદેશોમાં યુવક-યુવતીઓ આ માસમાં પ્રેમનાં સ્વપ્નો જોવા માંડે છે–આ પરથી આ માસ એપ્રિલ કહેવાયો હશે.

આ પછીના 'મે' માસનું નામ રોમનોની પૌરાણિક દેવી Maiaના નામ પરથી પડ્યું મનાય છે. આ નામના મૂળમાં છે Magdus-એટલે મહાન; ને વધુ મહાન એટલે Maion (આ જ અંગ્રેજી Main છે!) આ પરથી Maion Mensis એટલે 'વધુ મહાન' (દેવી)નો માસ! ટૂંકમાં આ માસ Maion નામે ઓળખાયો જેનું પ્રાચીન ફ્રેંચમાં રૂપ થયું Mai ને અંગ્રેજીમાં થયું May!

(જો કે કેટલાક, 'વધુ મહાન' ના અર્થમાં મહાન દેવતા 'જ્યુપિટર'નું નામ, આ માસ–નામ જોડે સાંકળે છે, એય નોંધવું જોઇએ.)

આ માસ પણ વસંત-ઋતુનો છે; એટલે આ જ નામ વસંત ઋતુ સૂચવવા માટે પણ વપરાયું. આ 'મે' એટલે વસંત, એવું પણ થયું! ને એટલે જ યુરોપમાં જે દિવસે વસંતોત્સવ ઊજવાય છે તે May Day કહેવાય છે.

જહાજને અને વિમાનો મુસીબતમાં મદદ માટે હોય ત્યારે રેડિયો – ટેલિફોનમાં એક સંકેત શબ્દ વપરાય છે, તે પણ May day છે. (આમાંનો 'd' કેપિટલ નથી.) અને તેને મે મહિના સાથે કંઈ સંબંધ નથી.)

ને હવે જૂન માસ! આ નામ રોમનોની પૌરાણિક દેવી Juno પર પડ્યું, એવું મનાય છે. આ દેવી લગ્નની અને વિશેષ તો મહિલાઓની દેવી છે.

મોટા ભાગના વિદ્વાનો આ માસનું નામ એક જાણીતા પ્રાચીન રોમન ખાનદાન જોડે સાંકળે છે. લેટિનમાં Iunius નામે ઓળખાતા આ ખાનદાનનું નામ મધ્યકાલીન લેટિનમાં Junius રૂપ પામ્યું; આ પરથી આ માસ એ જ નામે ઓળખાયો. આ પરથી પછી ફ્રેંચમાં Juin થયું, અંગ્રેજીમાં એણે, June રૂપ ધારણ કર્યું છે.

ઓગસ્ટ નિમિત્તે શરૂ થયેલી, જુલાઇથી જૂન માસનાં નામોની આ મુલાકાત આપણી સામે ઇતિહાસનાં કેટલાંક પાનાં ખોલી, હવે આપણે ત્યાં પ્રચલિત થયેલા અંગ્રેજી મહિનાઓનો પરિચય પણ કરાવે છે!

કાશીરામમાંથી કૈલાસસાગરના જીવનવિકાસનો આલેખ

પન્નાલાલ ૨. શાહ

જીવનકથા એટલે વ્યક્તિનો એના સમગ્ર સંદર્ભમાં ઇતિહાસ. એમાં બાહ્ય ઘટનાઓનો તો આધાર હોય છે, પરંતુ આંતર-ઘટનાઓ વિશેષ મહત્ત્વની છે. જીવનકથાના આલેખનમાં કઇ કઇ સામગ્રીનો ઉપયોગ થાય છે એના પર જીવનકથાની સૂક્ષ્મતા અને વિશ્વસનીયતાનો આધાર છે. ઘણી બધી મહેનત અને કાળવેધી દ્રષ્ટિ માગી લે એવો આ પ્રકાર છે. જીવનકથા લખવા માટે મળેલી સામગ્રીનો યોગ્ય વિનિયોગ એ એક કળા છે, પ્રસંગો, ઘટના, નોંધપોથી, સમકાલીનોનાં સ્મરણો, પત્રવ્યવહાર આદિ સામગ્રીનું ચરિત્રનાયકના સમગ્ર સંદર્ભમાં સાચું અર્થઘટન ન થાય તો એ જીવનકથા ચરિત્ર બનવાને બદલે પ્રશસ્તિકથા બનવાનો સંભવ રહે છે. ચરિત્ર દ્વારા ચારિત્ર ઘડતરનો એથી હેતુ સિદ્ધ થતો નથી.

પશ્ચિમના સાહિત્યમાં હમણાં હમણાં જીવનકથાનું મબલખ પ્રકાશન થાય છે. ઉત્તમ, મધ્યમ (અને સનસનાટીભરી ઘટના પછી એ ઘટનાના કેન્દ્રમાં રહેલી વ્યક્તિના જીવનની) અધમ કક્ષાની જીવનકથાઓ પ્રગટ થતી રહી છે. પરંતુ આ દેશની પરિસ્થિતિ જુદી છે. એવા કેટલાયે માનવઆત્માના વિકાસના કથાનાયકો છે, જેમણે પોતાની જીવનકથા લખાય એને માટે નારાજગી દર્શાવી છે. સર પ્રભાશંકર પટ્ટણી, સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ જેવા મહામના માનવીઓએ એમના જીવન વિષે લખવા માગતા સર્જકને એમના જીવનના પ્રસંગો, અન્યને પ્રેરણારૂપ બને એ હેતુથી પણ પ્રગટ કરવા બહુ વિનયપૂર્વક સંમતિ આપી ન હતી. આવાં મહાત્માઓના જીવનની સઘળી હકીકતો કાળના ગર્તમાં વિલીન થાય છે.

આવા સંસ્કારના કારણે જેમના જીવનની શ્રદ્ધેય માહિતી સાંપડતી નહોય અગર બહુ ઓછી સાંપડતી હોય એવા ચરિત્રનાયકની કથા લખવી એ એક પડકાર છે. કેટલીક વખત બાહ્ય દૃષ્ટિએ બે જ મહત્ત્વની ઘટના મળે : જન્મ અને મરણની તારીખ, એ પણ નજીકના ભૂતકાળની વ્યક્તિની. પૂજ્ય આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ કાળધર્મ પામ્યાને ચાર વર્ષ થયાં. પરંતુ એમના જીવન વિષેની શ્રદ્ધેય માહિતી સાંપડતી ન હતી. આ સંજોગોમાં એમની જીવનકથા લખવાની ડો. કુમારપાળ દેસાઇએ જવાબદારી સ્વીકારી, એ અંધારામાં ભૂસકો કે ગોળીબાર કરવા જેવું કાર્ય હતું. એમની સાથે આચાર્યશ્રીના જીવનની માહિતી મેળવવા સાધન-સામગ્રીમાં એમના (ચરિત્ર-નાયકના) સંસર્ગમાં આવેલી વ્યક્તિઓની મુલાકાતનો આ લેખક સાક્ષી છે.

ઘણું ખરું જીવનકથામાં વર્ણનો બાહ્ય હોય છે, સપાટી પરનાં હોય છે. એની પછીતે રહેલાં ભીતરનાં સ્પંદનો અને ઊંડાણ ચરિત્રનાયકના જીવનને યોગ્ય પરિમાણ અને ઓપ આપે છે, પંજાબમાં જગરાંવ ગામે સ્થાનકવાસી અગ્રણી રામકિશનના પુત્ર કાશીરામ દીક્ષા લેવા ગુજરાત આવે છે. અહીં એમની તીવ્ર કસોટી થાય છે. મૂર્તિપૂજક સમાજમાં દીક્ષા લ્યે છે. નવ માસ પછી એમને ખોળતા એમના પિતા આવી પહોંચે છે અને દીક્ષા છોડવી પડે છે. ત્રણ-ચાર માસ પછી મૂર્તિપૂજક સમાજમાં પુનઃ દીક્ષિત થાય છે. આવી જીવનની રોમાંચક, ભાવપૂર્ણ, કટોકટી અને કસોટીભરી ઘટના વિષે ચરિત્ર-નાયકનાં ભીતરી સ્પંદનો આ રીતે ઝીલ્યાં છે: 'કષ્ટથી જ દૃષ્ટિની પ્રાપ્તિ થાય છે.' (પૃષ્ઠ – ૩૭)

મૂર્તિપૂજા પરત્વેની એમની દૃષ્ટિમાં આવેલ આમૂલ પરિવર્તન નોંધવા જેવું છે. સ્થાનકવાસી કુળમાં જન્મ એટલે મૂર્તિપૂજાના સંસ્કાર ચિત્તને સ્પર્શતા નથી. એ વખતે જગરાંવ ગામ આર્યસમાજના રંગે રંગાયેલું. કાશીરામ જે કૉલેજમાંથી સ્નાતક થયા એ કૉલેજના અધ્યાપકો આર્યસમાજના રંગે રંગાયેલા હતા આર્ય સમાજની વિચારસરણી ગાઢ અસર યુવાન કાશીરામના ચિત્ત પર થયેલી. દીક્ષા બાદ પરમાત્માના દર્શન કરવા જતાં પરંતુ મનોમન એવું વિચારતા કે આ પ્રતિમા તો પાષાણની છે. મારા નમસ્કાર અને ચૈત્યવંદન આ પથ્થરના પ્રતિમાજીને નહિ, પરંતુ સિદ્ધશિલા પર બિરાજમાન એવા જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરું છું એવો ભાવ રાખતા. એવામાં આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિનું 'જૈન સૂત્રમાં મૂર્તિપૂજા' નામનું પુસ્તક એમના જોવામાં આવ્યું. આ ગ્રંથમાં લેખકે દૃષ્ટાંતો સહિત પ્રતિમાપૂજનની પ્રાચીનતા સિદ્ધ કરી બતાવી હતી. આ ગ્રંથે એમના મૂર્તિપૂજા વિષેના વિચારોમાં આમૂલ પરિવર્તન આણ્યું. તે એટલે સુધી કે પોતે આજ સુધી અસત્ય અને અંધકારમાં રહ્યા તેથી ખૂબ ગ્લાનિ થઇ. (પૃષ્ઠ ૩૨). અંતિમકાળે મેવાડના દેરાસરનો જીર્ણોદ્ધાર થાય તેવી તેમની ભાવના હતી. આ અંગે તેઓ કહેતા કે 'ભવાંતરમાં પણ આ પરમાત્મા પ્રત્યે એ પથ્થર છે એવો અંશમાત્ર પણ વિકલ્પ ન આવે તે માટે પ્રતિમાજી ભરાવું છું.' (પૃષ્ઠ-૧૩૩) આમ તેઓ ખુલ્લા મનના અને જે સત્ય સમજાયું તેને અંતકાળ સુધી અને ભવાંતરમાં પણ દૃઢપણે વળગી રહેનારા સાધક હતા.

વ્યક્તિત્વના ગુણો-ગુરુ પરત્વેની ભક્તિ, વિનયદૃષ્ટિ અને વાણીનો સંયમ, પ્રશંસાથી અલિપ્ત અને વિષમ સંજોગોમાં સ્વસ્થતા – આ બધા ગુણો વ્યક્તિએ કેવા આત્મસાત્ કર્યા છે એના પર એના વિકાસનો અને એની સાધનાનો આધાર છે. અહીં ચરિત્રનાયકમાં આ બધા ગુણો આત્મસાત્ થયેલા જોવા મળે છે. એ અંગેના પુષ્કળ પ્રસંગો 'આત્મજ્ઞાની શ્રમણ કહાવે'માં મળે છે.

વિદ્યાને વાડા હોતા નથી. એટલે પોતાના ગચ્છ સિવાય પણ જ્યાં વિદ્વાન હોય ત્યાં એમની પાસે પહોંચી જતા. શાસનસમ્રાટ આચાર્ય શ્રી વિજયનેમિસૂરિના સમુદાયના પૂ. ઉદયસૂરિ, પૂ. નંદનસૂરિ અને પૂ. લાવણ્યસૂરિ અને અન્ય સમુદાયના પૂ. ભદ્રંકરસૂરિ અને પૂ. અભયસાગરજી જેવા અનેક સાધુજનો પાસેથી એમણે પોતાની અસીમ જ્ઞાનપિપાસાને કંઇક અંશે તૃપ્ત કરી હતી. સમુદાયની વાડાબંધીમાં આ એમની વ્યાપક દૃષ્ટિનાં દ્યોતક ઉદાહરણો છે.

ક્વચિત ગુરુના કડવાં વચનો સાંભળવા પડે તેમ છતાં એમની રજા લઇને જ અન્યત્ર મળવા જતા. વળી ક્યારેક ગુરુ ગુસ્સે થતા તો એમની આંખમાં આંસુ આવી જતાં. એકવાર પૂ ભદ્રંકરસૂરિજીએ પૂછ્યું: 'તમારા ચહેરા પર વિષાદ અને ગ્લાનિ કેમ છે?' આ સમયે એમણે બહુ સરસ જવાબ આપ્યો: 'મારા નિમિત્તે મારા ગુરુને ગુસ્સે થવું પડે છે તેનું

મને અહર્નિશ દુઃખ છે. મને એમ લાગે છે કે હું કેટલો દુર્ભાગી છું કે એમને પ્રસન્ન રાખી શકતો નથી. (પૃષ્ઠ ૫૧) આવી અસાધારણ ગુરુભક્તિથી જ એમનો આટલો આધ્યાત્મિક વિકાસ શક્ય બન્યો. પોતાનાથી પદવીમાં નાના હોય પણ એ સાધુ વિદ્વાવાન હોય તો એમના ચરણમાં બેસવામાં એમણે કદી ક્ષોભ અનુભવ્યો નથી. એમને વંદન તો કરતા જ પણ એમના ઋણનો અવારનવાર જાહેરમાં સ્વીકાર કરતા.

સંયમ માર્ગના આરાધક તો બ્રહ્મચર્યની નવ વાડનું પાલન કરવું જોઇએ, દ્રષ્ટિ, સંયમ અને ભાષા સમિતિનું તેઓ યથાર્થપણે પાલન કરતા. એમની દ્રષ્ટિ તો હંમેશાં નીચી જ હોય. કોઇ શ્રાવિકા વાસક્ષેપ નખાવવા આવ્યાં હોય તોપણ, એમની નજર નીચી રહેતી હોવાથી, એનો એમને ખ્યાલ જ ન હોય. તેઓ માનતા કે દ્રષ્ટિનું કામ તો સ્વાધ્યાય, દર્શન અને જયણાનું છે. તેઓ કહેતા કે 'આંખો તો ભગવાનના દર્શન માટે અને જ્ઞાનના પ્રકાશ માટે છે અન્યત્ર જોવા માટે નહિ.' (પૃષ્ઠ ૫૮) એ જ રીતે ભાષા સંયમની બાબતમાં એમની જાગૃતિ ઉદાહરણીય અને ઉલ્લેખનીય છે. કયારેક વિહાર ચાલતો હોય ત્યારે ગામમાં પ્રવેશતા કોઇ સાધુ એમ પૂછે કે ગામમાં વાણિયાનાં ઘર કેટલાં? તરત જ આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિજી એ સાધુને પ્રેમથી કહેતા કે આપણાથી આવું ન બોલાય. એ આપણને અન્ન આપે છે, પાણી આપે છે, આપણા સંયમનું પોષણ કરે છે. માતા-પિતા તુલ્ય શ્રાવકને 'વાણિયા' ન કહેવાય. ભગવાનના ઉપાસક શ્રાવક હોય. 'વાણિયા' ન હોય. આપણે પૂછવું હોય તો આ ગામમાં શ્રાવકનાં ઘર કેટલાં? એમ પુછાય. (પૃષ્ઠ-૬૦) આવી ઝીણી ઝીણી બાબતોમાં પણ સંયમધર્મના સાધકને છાજે એવી એમની જાગૃતિ હતી.

પ્રશંસા અને લોકસંગ્રહની પ્રવૃત્તિથી તેઓ અલિપ્ત હતા. એમના વિષે ભાગ્યે જ કોઇ લેખ મળે. એમણે પોતે પોતાના પ્રવચનોનાં પુસ્તકો પ્રગટ કર્યાં ન હતાં. કોઇ રોજનીશી લખી ન હતી. વિ. સં. ૨૦૩૯માં એમની નિશ્રામાં ઉપધાન તપની આરાધના ચાલતી હતી અને એમાં એમનો સિત્તેરમો જન્મદિન આવ્યો પૂ. જ્ઞાનસાગરજીએ વ્યાખ્યાનનો પ્રારંભ કર્યો અને એમની પ્રશસ્તિ કરવાની શરૂઆત કરી. એ જ ક્ષણે આચાર્યશ્રી પાટ ઉપરથી ઊભા થઇને બહાર નીકળી ગયા. બધાએ પાછા ફરવા ખૂબ વિનંતી કરી. આચાર્યશ્રીએ પ્રત્યુત્તરમાં કહ્યું હું પાટ પર નહીં બેસું. જો તમારે ગુર્વાજ્ઞાની આરાધના કરવી હોય તો તીર્થંકર પરમાત્માની કરો, પ્રભુની ભક્તિ કરો, અમારી નહીં.' (પૃષ્ઠ, ૮૧) આમ કીર્તિ અને કામના બન્નેથી તેઓ પર થઇ ગયા હતા. એ જ રીતે દેશાસરની પ્રેરણા આપી અટકી જતા. કારણ કે એ જવાબદારી વહન કરવામાં સાધુ ધર્મની આરાધનામાં વિક્ષેપ પડે એમ તેઓ માનતા હતા અને એ મહદંશે સાચું પણ છે.

જીવન-પંથનાં આવાં સીધાં ચઢાણ ચઢનાર મહાત્માના જીવનમાં કંઇક ચમત્કારી ઘટના ન બને તો જ નવાઇ. આચાર્યશ્રી કૈલાસસાગરના જીવનના આવા કેટલાક પ્રસંગો 'આત્મબળનું ઓજસ' એ શીર્ષક હેઠળના પ્રકરણમાં પૃષ્ઠ ૧૧૭થી ૧૩૧માં વર્ણવ્યા છે. આવા બીજા સંતોના જીવનના પ્રસંગો લેખકની જાણમાં છે, જે સહેલાઇથી ચમત્કારિક ઘટના તરીકે ઓળખાવી શકાય એવી ઘટનાનું આલેખન કરવામાં ખૂબ જ વિવેક જાળવવો જોઇએ. અન્યથા ભાવુક ભક્તો અંધશ્રદ્ધામાં સરી પડે એવું એ ભયસ્થાન છે. ચરિત્રનાયક પોતે આવા ચમત્કારોના જીવન-ભર વિરોધી રહ્યા છે. આમ છતાં આવા પ્રમાણભૂત પ્રસંગો અહીં આલેખવામાં આવ્યા છે. અંધશ્રદ્ધામાં સરી ન પડાય એની લેખકે અહીં તકેદારી રાખી છે અને આવા પ્રસંગો પાછળ રહેલી ન્યાયબુદ્ધિની એમણે સરસ સમજણ આપી છે: આવી ઘટનાઓને આત્મબળનું તેજ કહેવાય, ચારિત્રશીલ પ્રભુપરાયણ આત્માથી જે કંઇ સ્વભાવિક રીતે પ્રગટ થાય છે એ જગતની રચનામાં અને વ્યવહારની પરિસ્થિતિમાં ઘણું પરિવર્તન સર્જે છે. હકીકતમાં તો આવી ઘટનાઓ આત્માની અપ્રતીમ તાકાતમાંથી આપોઆપ સર્જાતી સહજ પ્રક્રિયા જ હોય છે. (પૃષ્ઠ ૧૩૮ અને ૧૧૭)

જૈન આચાર્યોનું ચરિત્રલેખન એક રીતે શુષ્ક ઇતિહાસ બને છે. એવા મહાત્માઓએ કરાવેલા ધાર્મિક અનુષ્ઠાનો અને એવી બધી માહિતીઓનો ખડકલો થાય છે. હકીકતમાં ચરિત્રનાયકના આંતર-બાહ્ય વ્યક્તિત્વની વાચકને અનુભૂતિ થાય એવી રસપ્રદ રીતે ચરિત્રનું આલેખન થવું જોઇએ અને ડો. કુમારપાળ દેસાઇ એવું રસપ્રદ આલેખન કરવામાં સફળ નીવડ્યા છે, અને એટલે હું એને આવકારું છું.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું નવું પ્રકાશન

શ્રી દીપચંદ ત્રિભોવનદાસ ટ્રસ્ટ ગ્રંથ શ્રેણી-ગ્રંથ છઠ્ઠો

પ્રભાવક સ્થવિરો

ભાગ પહેલો

[આ ગ્રંથમાં શ્રી મૂળચંદજી મહારાજ, શ્રી આત્મારામજી મહારાજ, શ્રી વલ્લભસૂરિમહારાજ, શ્રી બુદ્ધિસાગરસૂરિ મહારાજ અને શ્રી ચરિત્રવિજયજી મહારાજનું જીવનચરિત્ર આપવામાં આવ્યું છે.]

લેખક : ડો. રમણલાલ ચી. શાહ

મૂલ્ય રૂા. ૨૦-૦૦

—: પ્રકાશક :—

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

૩૮૫, સરદાર વી. પી. માર્ગ,

મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૫૦૨૯૬

નોંધ : સંઘના સભ્યોને માટે કિંમત રૂપિયા ૧૫-૦૦

સંયુક્ત અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧-૯-૧૯૮૯નો તથા તા. ૧૬-૯-૧૯૮૯નો અંક સંયુક્ત અંક તરીકે તા. ૧૬-૯-૧૯૮૯ના રોજ પ્રગટ થશે.

તંત્રી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઇ

તા. ૩૧-૩-૧૯૮૮ના દિવસનું સરવૈયું

૩૧-૩-૮૭	ફંડ અને દેવું			૩૧-૩-૮૭	મિલ્કત અને લેણું		
	રીઝર્વ ફંડ				બ્લોક (કરાર મુજબ)		
					રસધારા કો. ઓ. હા. સો. લિ.		
૧૧૩૫૮૦૮-૧૮	ગયા સરવૈયા મુજબ		૧૨૬૪૭૭૫-૧૮	૫૧૨૩૦-૪૦	ગયા સરવૈયા મુજબ		૫૧૨૩૦-૪૦
૬૮૩૭૧-૦૦	ઉમેરો : આજીવન સભ્યોનાં લવાજમના વપુલ (નેટ)		૬૩૬૧૨-૦૦		**ઇન્વેસ્ટમેન્ટસ** ચોપડા પ્રમાણે પરિશિષ્ટ બ પ્રમાણે		
૬૦૦૦૦-૦૦	પેટ્રન સભ્યોના લવાજમનાં		૫૭૦૦૦-૦૦	૪૯૩૫૦-૦૦	શેરો તથા ડીબેન્ચર્સ	૩૫૩૫૦-૦૦	
			૧૪૧૪૭૬૧-૧૮	૧૦૨૦૦૦-૦૦	યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા યુનિટો	૨૦૨૦૦૦-૦૦	
	અન્ય ફંડો			૧૨૨૦૦૦૦-૦૦	ગવ. કુાં.માં ડીપોઝીટ	૧૭૩૫૦૦૦-૦૦	
૧૩૦૮૦૦૫-૨૪	પરિશિષ્ટ અ મુજબ		૧૨૧૬૬૮૧-૦૦	૮૩૫૦૦૦-૦૦	બેંકોમાં ફીકસ ડીપોઝીટ	૭૮૫૦૦૦-૦૦	
				૨૨૦૬૩૫૦-૦૦			૨૭૫૭૩૫૦-૦૦
	દેવું				**ફર્નીચર અને ફીક્ષ્ચર** (ચોપડા પ્રમાણે)		
૪૦૫૩૫-૩૭	રહાક પ્રો. ફંડના	૫૦૫૧૪-૨૭		૨૫૭૬૧-૨૪	ગયા સરવૈયા મુજબ બાકી	૩૬૩૪૧-૨૪	
૧૦૪૦-૦૦	અગાઉથી આવેલ લવાજમના	૧૩૨૦-૦૦		૭૬૮૨-૨૪	બાદ : કુલ ઘસારાના ૧૯૮૭ સુધી	૬૪૬૨-૨૪	
૫૩૫૨૧૪-૨૩	વપરાણ દેવું	૪૬૫૮૫-૩૭		૧૮૧૦૬-૦૦		૨૧૮૪૬-૦૦	
૫૭૬૭૮૬-૧૦			૧૦૧૪૧૬-૬૪	૫૫૫૦-૦૦	ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી		
	શ્રી જનરલ ફંડ (આવક ખર્ચ ખાતું)			૨૩૬૫૬-૦૦			
	વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનો વધારો	૪૫૫૬૮૫-૭૫		૧૮૧૦-૦૦	બાદ : ચાલુ વર્ષના દરમિયાન ઘસારાના	૨૧૮૪-૦૦	
	બાદ : ગયા સરવૈયા મુજબ બાકી	૭૪૨૪૨-૦૨		૨૧૮૪૬-૦૦			૧૬૬૬૫-૦૦
			૩૮૧૪૪૩-૭૩		**ડીપોઝીટ**		
				૧૨૫-૦૦	પોસ્ટ ઓફિસમાં	૧૨૫-૦૦	
				૧૩૨૫-૦૦	બી. બ. એસ. ટી.	૧૩૨૫-૦૦	
				૩૬૦-૦૦	ટેલિફોન અંગે	૩૬૦-૦૦	
				૬૦૦-૦૦	બિરલા ક્રીડા કેન્દ્ર	૧૧૦૦-૦૦	
				૨૪૧૦-૦૦		૨૬૧૦-૦૦	૨૬૧૦-૦૦

મહેતા ક્રિષ્ણન
તા. ૧૬-૮-૮૮

લેણું સરવૈયું

૨૦૮૦૬૧ ૭૩	શ્રી એમ. એમ. શાહ સા. વા. પુસ્તકાલય	૫૬૧૨૬-૭૩	
૨૪૦૫૦-૧૬	ડુપ્લીકેટ રીફંડ	૩૩૬૧-૧૬	
૬૮૪૦૬-૪૬	ડીબેન્ચરો તથા ડીપોઝીટ પર થયેલા બાજના	૫૩૧૭૦-૧૪	
૩૪૧૪૩-૪૫	સ્ટાફ પાસે	૩૫૪૩૬-૪૫	
૨૦૦-૦૦	ખર્ચ અંગે અને પરચુરણ લેણું	૨૦૦-૦૦	
૩૩૫૬૪-૮૦			૧૮૧૫૭૭-૪૮

રોકડા તથા બેંક બાકી

૧૦૭૨૬-૨૬	બેંક ઓફ ઇન્ડિઆ ચાલુ ખાતે	૩૦૫૬૬-૬૧	
૪૭૬૨૬૦-૬૭	,, ,, ,, બચત ખાતે	૩૦૩૫૮-૪૪	
૨૦૭-૮૭	રોકડ પુરાંત	૬૪૭-૩૨	
૪૮૭૧૬૭-૮૦			૧૦૧૬૦૨-૬૭

જનરલ ફંડ

૭૪૨૪૨-૦૨ ગયા સરવૈયા મુજબ

૩૧૭૮૬૭૪-૦૨	કુલ રૂા. ૩૧૧૪૩૩૫-૫૫	રૂા. ૩૧૧૪૩૩૫-૫૫

ઓડિટરનો રિપોર્ટ :

અમોએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુંબઇનું તા. ૩૧-૩-૮૬ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર સંઘના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યુ છે. અને અમારા ધી મુંબઇ પબ્લિક ટ્રસ્ટ એક્ટ અનુસાર જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

ઉત્તમચંદ સાકરચંદ શાહ

મુંબઇ તા. ૧-૮-૧૯૮૬ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

ઓડિટર્સ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

તા. ૩૧-૩-૮૯ના સરવૈયામાં દર્શાવેલ અન્ય ફંડોની વિગતો દર્શાવતું પરિશિષ્ટ 'અ'

નંબર	ફંડની વિગત	તા. ૧-૧-૮૮ના રોજ	ભેટ	હવાલા	વ્યાજના હવાલા	વર્ષ દરમિયાન ખર્ચ	હવાલા	તા. ૩૧-૩-૮૯ના દિવસે
૧	શ્રી મકાન ફંડ	૯૮૨૯-૧૯		—	—	૫૬૪૪-૫૦	—	૪૧૮૪-૬૯
૨	શ્રી પુસ્તક પ્રકાશન ખાતું	૨૬૫૭૧-૦૯	૫૩૬૯-૦૦	—	—	૧૦૨૩૬-૦૦	—	૨૧૭૦૧-૦૯
૩	શ્રી પ્રેમળજ્યોતિ પ્રવૃત્તિ ખાતું	૨૦૪૩૨-૪૦	૧૭૮૮૩૬-૦૦	૧૫૫૧૩-૦૦	—	૧૮૫૬૮-૪૪	—	૨૧૨૬૭૦-૬૬
૪	શ્રી પ્રબુદ્ધ જીવન કાયમી ફંડ	૨૦૦૦-૦૦		—	—	—	—	૨૦૦૦-૦૦
૫	શ્રી દીપચંદ ત્રિ. શાહ ટ્રસ્ટ	૭૦૭૬૮-૧૨	૧૪૮૫-૦૦	—	૭૦૦૦-૦૦	૭૨૭૫-૫૦	—	૭૨૦૮૭-૬૨
૬	શ્રી વિદ્યાસત્ર પ્રવૃત્તિ ફંડ	૪૬૫૦૫-૦૦		—	૪૫૦૦-૦૦	—	૬૦૦૫-૦૦	૪૫૦૦૦-૦૦
૭	શ્રી જીવન ઘડતર લક્ષી પ્રવૃત્તિ ખાતું	૫૪૬૨-૮૦		—	—	—	—	૫૪૬૨-૮૦
૮	શ્રી સી. સી. શાહ સ્મારકનિધિ પુરસ્કાર ફંડ	૧૪૪૬૬૮-૦૫		૬૩૦૧ ૬૫	—	૧૫૧૦૦૦-૦૦	—	૦-૦૦
૯	શ્રી સ્ટોલ રિઝર્વ ફંડ	૧૬૩૬૮-૧૫	૨૫૦૦-૦૦	૨૨૮૧-૮૫	—	૨૧૧૫૦-૦૦	—	૦ ૦૦
૧૦	શ્રી હસ્તક બાળક પ્રવૃત્તિ રિઝર્વ ફંડ	૫૩૦૦૧-૦૦		—	૫૩૦૦-૦૦	—	૫૩૦૦-૦૦	૫૩૦૦૧-૦૦
૧૧	શ્રી સેવંતિલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ વ્યાખ્યાનમાળા ફંડ	૨૫૦૦૦-૦૦		—	૨૫૦૦૦-૦૦	—	૨૫૦૦૦-૦૦	૨૫૦૦૦૦-૦૦
૧૨	શ્રી ધરમપુર પ્રોજેક્ટ ખાતું	ઉ. ૧૨૪૭૧-૫૫		૧૨૪૭૧-૫૫	—	—	—	૦-૦૦
૧૩	શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી	૭૬૬૬૩-૦૦	૫૦૧-૦૦	—	૭૫૦૦-૦૦	૪૧૦૨-૦૦	૫૮૬૨-૦૦	૭૫૦૦૦-૦૦
૧૪	શ્રી ધી. ધ. શાહ પ્ર. જીવન શ્રેષ્ઠ લેખક પારિતોષિક ફંડ	૧૧૦૦૦-૦૦		૭૦૦-૦૦	૧૧૦૦-૦૦	૧૮૦૦-૦૦	—	૧૧૦૦૦-૦૦
૧૫	શ્રી ધીરજબેન દીપચંદ શાહ રમકડાં ઘર	૪૩૬૪૦-૬૬	૨૮૫૫૭-૫૦	૬૦૦૬-૫૫	૪૩૬૪-૦૦	૧૫૫૬૫-૫૫	—	૭૦૦૬-૪૬
૧૬	શ્રી મહાવીર વંદના સ્નેહમિલન	૧૫૦૦૦-૦૦		—	૧૫૦૦૦-૦૦	૧૦૦૨૩-૦૦	૪૬૭૩-૦૦	૧૫૦૦૦૦-૦૦
૧૭	શ્રી કેળવણી ફંડ	૫૨૫૧-૦૦		—	—	—	૫૨૫-૦૦	૦-૦૦
૧૮	શ્રી અનાજ રાહત ફંડ	૫૬૪૮૩-૦૦	૧૭૭૬૩-૦૦	૧૫૨૬૨-૦૦	૫૬૪૮-૦૦	૨૦૬૧૦-૦૦	—	૭૪૨૪૬-૦૦
૧૯	શ્રી સી. યુ. શાહ મેડીકલ એઇડ ફંડ	૧૦૦૨૬૨-૦૦		—	૧૦૦૦૦-૦૦	—	૧૦૨૬૨-૦૦	૧૦૦૦૦૦-૦૦
૨૦	શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' પારિતોષિક ફંડ	૧૫૦૦૦-૦૦		—	૧૫૦૦-૦૦	૧૦૦૦-૦	૫૦૦-૦૦	૧૫૦ ૦-૦૦
૨૧	શ્રી સરસ્વતીબેન ડાહ્યાભાઇ ઝવેરી ચશ્માઘર	૨૧૧૪૬-૦૦	૧૧૫૧૧-૦૦	—	૨૧૧૦-૦૦	૧૬૧૪-૦૦	—	૩૨૮૫૬-૦૦
૨૨	શ્રી વસંત વ્યાખ્યાનમાળા ફંડ		૫૧૦૦૦-૦૦	૧૩૬૩૨-૫૦	—	૧૩૬૩૨-૫૦	—	૫૧૦૦૦-૦૦
૨૩	શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' પારિતોષિક આવક ખર્ચ ખાતું			૫૦૦-૦૦	—	—	—	૫૦૦-૦૦
૨૪	શ્રી ધીરજબેન દીપચંદ શાહ રમકડાં ઘર આવક ખર્ચ ખાતું			—	—	—	૬૦૦૬-૫૫	ઉ. ૬૦૦૬-૫૫
૨૫	શ્રી અનાજ રાહત ફંડ આવક ખર્ચ ખાતું			—	—	—	૧૫૨૬૨-૬૦	ઉ. ૧૫૨૬૨-૬૦
૨૬	શ્રી વિદ્યાસત્ર આવક ખર્ચ ખાતું			૬૦૦૫-૦૦	—	૮૨૪૪-૬૦	—	૭૬૦-૪૦
૨૭	શ્રી આ. વિજયવલ્લભસૂરિ સ્મારક આવક ખર્ચ ખાતું			૫૮૬૨-૦૦	—	—	—	૫૮૬૨-૦૦
૨૮	શ્રી સ્નેહ સંમેલન આવક ખર્ચ ખાતું			૪૬૭૭ ૦૦	—	—	—	૪૬૭૭-૦૦
૨૯	શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળા આવક ખર્ચ ખાતું		૩૫૧-૦૦	૨૫૦૦૦-૦૦	—	૪૨૦૪૪-૫૦	—	૧૬૧૬૩-૫૦
		૧૨૬૬૮૬૧-૨૪	૨૬૭૮૭૩-૫૦	૧૨૦૮૫૬-૪૦	૮૬૧૦૨-૦૦	૫૦૦૫૪૩-૫૬	૬૦૪૫૮-૫૫	ઉ. ૧૨૧૬૬૮૧-૦૦

ઉત્તમચંદ એસ. શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

મુંબઇ તા. ૧-૮-૧૯૮૯

તા. ૩૧-૩-૧૯૮૯ના દિવસના સરવૈયા મુજબ બતાવેલ ઈન્વેસ્ટમેન્ટ અને દેવા લેણુની વિગતો દર્શાવતું પરિશિષ્ટ 'બ'

૧૯૮૭					૧૯૮૭				
	(૧) વિગતો					દેવું			
	શેરો અને ડીબેન્ચરો				૧૦૦૦–૦૦	૧૯૮૮ સામ્ય લવાજમના			
૫૦૬–૦૦	રસધારા કો. ઓ. હા. સો. લિ. શેર ૧૦		૫૦૦–૦૦		૪૦–૦૦	૧૯૮૯ ,, ,,	૧૩૨૦–૦૦		૧૩૨૦–૦૦
૧૬૦૦૦–૦૦	તાતા ઓઈલ કું. લિ. ડીબેન્ચરો ૨૦૦	૮૦૦૦–૦૦			૧૦૪૦–૦૦				
૧૫૦૦૦–૦૦	બોમ્બે ડાઈંગ એન્ડ મેન્યુ. કું. લિ. ૧૫૦	૧૫૦૦૦–૦૦			૪૬૩૬૦૬ ૧૧	**શ્રમ મંદિર**			
૬૨૦૦૬–૦૦	વોલ્ટાસ લિ.	૬૦૦૦–૦૦				મુનિ સેવાશ્રમ		૫૦૦૧–૦૦	
૫૮૫૦–૦૦	તાતા લોકો એન્ડ એ. કું. લિ. બોન્ડ	૫૮૫૦–૦૦			૧૫૦૦–૦૦	ખર્ચ અંગે		૨૦૦૦–૦૦	
૪૯૩૫૦–૦૦			૩૪૮૫૦–૦૦			પ્રવાસ ફંડ અંગે		૭૫૧૮–૦૦	
				૩૫૩૫૦–૦૦	૫૦–૦૦	આગમ વાચના			
૧૦૨૦૦૦–૦૦	(૨) યુનિટ ટ્રસ્ટ ઓફ ઈ ના યુનિટો			૨૦૨૦૦૦–૦૦		સુરેન્દ્રનગર સંસ્થા		૫૦૦–૦૦	
	(૩) **ગવર્ન. કું. ફીક્સ ડીપોઝીટ**				૯૫–૦૦	દુષ્કાળ રાહત ફંડ		૪૬૦૩–૦૦	
૩૫૦૦૬–૦૦	હિન્દુસ્તાન ઝીંક લિ		૩૫૦૦૦–૦૦			સર્વોદય પરિવાર		૩૦૦૦–૦૦	
૨૧૫૦૦૦–૦૦	ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન		૧૮૦૦૦૦–૦૦		૨૨૩૦૫–૦૦	દાદર રફ્યુજ અંધ બાળક ખાતું		૧૪૭૬–૦૦	
૫૦૦૦૦–૦૦	ભારત હેવી ઇલેક્ટ્રીકલ્સ કું. લિ.				૫૦૧–૦૦	સુભાષચંદ્ર બોઝ જન્મ જયંતી		૫૦૧–૦૦	
૨૦૦૦૦૦–૦૦	ભારત પેટ્રો. કોર્પોરેશન		૪૦૦૦૦૦–૦૦		૨૨૧–૧૨	અલ્પાહાર		૧૬૮૭–૩૭	
૪૦૦૦૦–૦૦	રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટીલાઇઝર		૪૦૦૦૦–૦૦		૫૦૦૦–૦૦	લીફ્ટ ડીપોઝીટ		૩૦૩૫–૦૦	
૧૮૦૦૦૦–૦૦	સ્ટીલ ઓથોરીટી ઓફ ઇ. લિ		૫૮૦૦૦૦–૦૦		૩૧૬૮–૦૦	યુસુફ મહેરઅલી સેન્ટર			
૧૦૦૦૦૦–૦૦	મદ્રાસ રીફાયનરી કું. લિ.		૧૦૦૦૦૦–૦૦		૬૪૦૦–૦૦	ઈન્ટરનેશનલ લેક્ચર સીરીઝ		૬૬૩૦–૨૦	
૫૦૦૦૦–૦૦	નેયવેલી લેગ્નાઇટ કોર્પોરેશન		૫૦૦૦૦–૦૦		૫૩૫૨૧૪ ૨૩				૪૬૫૮૫–૩૭
૧૦૦૦૦૦–૦૦	સિમેન્ટ કોર્પોરેશન ઓફ ઇ. લિ		૧૦૦૦૦૦–૦૦		૧૬૭૬૮–૧૩	શ્રી શાંતિલાલ ટી. શેઠ પ્રો. ફંડ		૨૧૭૬૧–૦૩	
૫૦૦૦–૦૦	હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ		૫૦૦૦–૦૦		૨૩૭૩૭–૨૪	શ્રી એલ. એમ મહેતા પ્રો ફંડ		૨૮૭૨૩–૨૪	
૨૦૦૦૦ ૦૦	ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પો લિ		૨૦૦૦૦–૦૦		૪૦૫૩૫–૩૭				૫ ૧૬૪–૨૭
૧૨૨૦૦૦૦–૦૦						**લેણું**			
	(૪) **બેંકોમાં ફીક્સ ડીપોઝીટ**			૧૭૩૫૦૦૦–૦૦	૨ ૦–૦૦	તેજપાળ હોલ			૨૦૦–૦૦
૬૨૫૦૦૦ ૦૦	બેંક ઓફ ઇ. ફીક્સ ડી પી. રોડ,		૨૭૫૦૦૦–૦૦			**સ્ટાફ પાસે**			
૩૦૦૦૦–૦૦	જૈન સહકારી બેંક લિ.		૩૦૦૦૦–૦૦		૩૩૭૦–૬૦	શ્રી શાંતિલાલ ટી. શેઠ		૩૩૭૦–૬૦	
૧૨૦૦૦૦ ૦૦	કર્પોળ કો. ઓ. બેંક લિ		૧૨૦૦૦૦–૦૦		૩૨૫૯–૩૦	,, એલ. એમ. મહેતા		૬૭૭–૩૦	
૧૨૦૦૦૦–૦૦	માંડવી કો ઓ બેંક લિ.		૧૨૦૦૦૦–૦૦		૬૪૦૦–૦૦	,, ચીમનલાલ એમ. શાહ		૧૬૦૦–૦૦	
૧૨૦૦૦૦ ૦૦	ધી. બોમ્બે મર્કન્ટાઇલ્સ કો. ઓ બેંક લિ		૧૨૦૦૦૦–૦૦		૮૮૧૩–૫૫	,, દીપક એન. શાહ		૮૪૬૮–૫૫	
૧૨૦૦૦૦–૦૦	સારસ્વત કો. ઓ. બેંક લિ.		૧૨૦૦૦૦–૦૦		૨૬૦૦–૦૦	,, પ્યુન હરિચંદ્ર એ. નવાડે		૨૬૦૦–૦૦	
૮૩૫૦૦–૦૦					૭૫૫૦–૦૦	,, અશોક પલસમકર		૮૨૫૦–૦૦	
૨૨૦૬૩૫૦–૦૦				૭૮૫૦૦–૦૦	૧૮૫૦–૦૦	,, વિજય સાવંત		૪૪૫૦–૦૦	
				૨૭૫૭૩૫૦–૦૦	૩૪૧૪૩–૪૫				૩૫૪૩૬–૪૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઈ

તા. ૧-૧-૮૮ થી તા. ૩૧-૩-૮૯ ના દિવસે પૂરાં થતાં ૧૫ માસના સમયના આવક ખર્ચના હિસાબો

૧૯૮૭	આવક			૧૯૮૭	ખર્ચ		
	ભેટના				**વહીવટ તથા વ્યવસ્થા ખર્ચ**		
૬૫૪૮૧-૦૦	ચાલુ ભેટ	૬૧૧૭૦૮-૦૦		૬૫૨૬૫-૦૦	પગાર તથા બોનસ	૧૫૩૫૦૩-૦૦	
૩૧૨-૦૦	પ્રભુ જીવન ભેટના વ્યાખ્યાનમાળાને પરીસંવાદ અંગે	૨૫૪-૦૦		૧૪૨૨૦-૩૨	બ્લોક મેન્ટેનસ તથા વિજળી ખર્ચ	૧૧૨૭૫-૩૦	
		૮૦૦૦-૦૦		૨૫૪૬-૦૦	લીફ્ટ ખર્ચ		
૧૫૮૪૩-૦૦			૬૧૯૬૬૧-૦૦	૬૬૭૭-૮૦	પ્રીન્ટીંગ અને સ્ટેશનરી	૭૬૬૮-૫૫	
	લવાજમના			૬૬૦૧-૪૦	ટેલિફોન ખર્ચ	૭૭૬૫-૦૦	
	૧૯૮૭ સભ્ય લવાજમના	૧૬૦-૦૦		૨૬૦-૦૦	પોસ્ટેજ	૫૧૦-૦૦	
૩૬૪૫-૦૦	વસુલ આવ્યાં	૩૨૫૦-૦૦		૧૫૦૦-૦૦	ઓડિટરોને ઓનરેરિયમ તથા ઇન્કમટેક્ષ કામના	૨૦૦૦-૦૦	
	પ્રબુદ્ધ જીવન લવાજમના			૮૪૦૦-૦૦	સ્ટાફ પ્રો. ફંડ ફાળો અને વ્યાજના	૧૧૩૬૫ ૫૦	
૧૦૦૦-૦૦	બાદ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને પ્ર. જીવનની પ્રતો વિના મૂલ્યે મોકલી તેના			૨૧૬૨૭-૨૦	બસ ભાડું, છત્રી ફ્રેસ અન્ય ખર્ચના	૩૧૧૦૩-૦૦	
૨૬૪૫-૦૦			૧૩૬૪૪-૫૦	૧૨૭-૦૦	બેંક કમીશન	૫૬ ૫૦	
	વ્યાજ તથા કમીશનના				ફ્રેસેટ ખર્ચ (નેટ)	૫૦-૦૦	
૫૭૭૩-૨૦	ડીબેન્ચરો અને બોન્ડના ૬૪૬૧-૪૪			૧૭૪૨૬-૦૦	સ્ટાફ બેનીફીટ ખર્ચ, રેલ્વે પાસ, ચ્હા	૩૪૫૮૨-૮૦	
૧૦૭૮૬૨-૪૧	બેંકના ખાતાઓના ૧૨૬૬૧૫-૪૧			૧૮૧-૦૦	ફરનીચર ઘસારાના ૦%	૨૧૮૪-૦૦	
૧૮૧૬૦૩-૧૧	ગર્વ. કુાંની ડીપોઝીટ પર ૨૨૦૬૬૭ ૨૪			૨૫૦-૦૦	પ્રોફેસ્નલ ટેક્ષ	૨૫૦-૦૦	
૧૩૬૨૦-૦૦	યુનિટ ટ્રસ્ટના યુનિટ પર ૧૪૭૫૦-૦૦			૧૮૬૪૬૪-૭૨			૨૬૬૬૩-૬૫
૬૫૭૫-૦૦	ડીપોઝીટ પર કમીશન ૬૪૦૦-૦૦				**ઉદ્દેશો અંગે :**		
૩૬૬૦૩૩-૭૨	બાદઃ આજીવન સભ્યોને પ્ર. જીવનની પ્રત વિના મૂલ્યે મોકલી તેના	૩૭૩૮૬૪-૦૬			**શૈક્ષણિક**		
૧૮૦-૦-૦૦	બાદ			૩૮૬૮-૦૦	પરિસંવાદ	૬૫૪૭-૭૦	
૧૮૩૬૬-૦૦	અન્ય અંકીત ફંડોને ૧૦%	૮૬૧૦૨-૦૦			મરાઠી ગોષ્ટી ખર્ચ	૫૨૧-૭૫	
૩૬૩૬૬-૦૦			૨૮૮૭૬૨ ૦૬	૭૮૫-૦૦	હિન્દી ગોષ્ટી લેકચર ખર્ચ	૬૦૭-૦૦	
૨૭૬૬૩૪-૭૨				૨૬૪૭-૫૦	અભ્યાસ વર્તુળ ખર્ચ	૮૧૫૩ ૭૫	
૭૦૮-૦૦	પરમાનંદ કાપડિયા સભાગૃહ લવાજમના		૧૧૬૪-૦૦	૧૬૦૦-૦૦	શ્રેષ્ઠ લેખક પારિતોષિક	૭૦૦-૦૦	
૧૨૭૬-૫૦	સંગીત કલાસ પ્રવૃત્તિ (નેટ)			૬-૫૨-૨૦	વસંત વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ	૧૩૬૩૨-૫૦	
૬૧૬-૦૦	ફ્રેસેટ			૬૭૫૦-૫૦	વિજયવલ્લભસૂરિ વ્યાખ્યાનમાળા		
૪૦૦૮-૦૫	આવક કરતાં ખર્ચનો વધારો			૨૬૩૧-૫૦	વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખર્ચ		
૬૬૧૪-૫૫				૪૫૪૭૬-૨૫	પર્યુષણ વ્યાખ્યાનમાળા ખર્ચ		
૩૫૫૩૭-૨૭					ક્રાંતિવીર કાર્યક્રમ	૭૨૧-૦૦	
						૩૩૧૮૩-૭૦	
				૫૦૧૦-૦૦	પુસ્તક ભેટ		
					ભક્તિ સંગીત	૪૩૧૩-૫૦	

	પાછળથી લાવ્યા		પાછળથી લાવ્યા
	એમ. એમ. શાહ લાઇબ્રેરીને સંઘના ઠરાવ પ્રમાણે	૨૦૧૦૦૦-૦૦	
૫૫૩૩-૦૦	પર્યટણ ખર્ચ		
	શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક નિધિ	૬૩૦૧-૯૫	
૬૬૩૪-૫૦	મહિલા વકતૃત્વ	૧૦૦-૦૦	૨૪૩૮૯૬-૧૫
૮૨૬૭-૦૦	સંઘના અન્ય ઉદ્દેશો અંગે ખર્ચ	૩૩૬૭-૦૦	
૫૪૦-૦૦	યોગના કલાસ		
	રાતા મહાવીર આદિવારી	૬૩-૦૦	
૬૪૬૫૮-૪૫			૩૪૬૦-૦૦
	હીરક જયંતી અંગે		૩૫૬૬-૪૦
	વૈદ્યકિય :		
	રોલ, મશીન, ટેલિફ્રેાન ખુથ	૨૨૮૧-૮૫	
૩૭૧૫૮-૬૦	નેત્રયજ્ઞ	૫૩૮૩૦-૨૫	
	ધરમપૂર પ્રોજેકટસ	૧૨૪૭૧-૫૫	
૪૧૫૬-૦૦	શ્રમ મંદિર રકતપીત	૪૩ ૩૬	
	યુસુફ મહેરઅલી સેન્ટરને	૩૨૦-૦૦	
૪૧૩૧૪-૬૦			૧૮૬૪૭-૦૪
	અન્ય હેતુ :-		
૧૬૫૬૬-૫	સ્નેહ સંમેલન		
૧૦૦૦૦-૦૦	અન્ય સંસ્થાઓને		
૨૬૫૬૬-૫૦			
૩૫૫૦૩૭ ૨૭			
	પ્રબુદ્ધ જીવન અંગે :-		
૧૨૬૮૮-૬૫	શ્રી પ્રબુદ્ધ જીવન પેાસ્ટ	૧૪૩૬૩-૭૦	
૩૫૦૪-૦૦	,, ,, ,, પુરસ્કાર	૭૦૮૫-૦૦	
૪૪૫૦૩-૮૫	,, ,, ,, પ્રીન્ટીંગ	૭૩૮૫૧-૦૦	
૪૮૦૦-૦૦	,, ,, ,, પગાર	૨૮૦૦-૦૦	
૧૧૭૪-૦૦	,, ,, ,, ખર્ચ	૧૧૦૬-૬૦	
૨૦૪૫૦-૭૫	,, ,, ,, પેપર ખરીદ	૫૪૪૨૩-૦૦	
૮૭૧૨૧-૨૫			૧૫૪૨૫૬-૬૦
	ખર્ચ કરતાં આવકનો વધારો		૪૫૫૬૮-૭૫
૪૪૨૧૫૮-૫૨			૧૨૨૩૮૬૧-૫૬
મુંબઇ તા. ૧-૮-૧૯૮૬		પ્રમુખ	ટ્રસ્ટીઓ

ઉત્તમચંદ સાંકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

૩૫૫૦૩૭-૨૭ પાછળથી લાવ્યા	પાછળથી લાવ્યા ૧૨૨૩૮૬૧-૫૬
૧૨૨૩૮૬૧-૫૬	

પ્રબુદ્ધ જીવન

૮૪૩૮-૩૮	લવાજમના
૧૦૦૦ ૦૦	સભ્યોને વિના મૂલ્ય પ્રત મોકલતા તેના
૧૮૦૦૦ ૦૦	આજીવન સભ્યોને વિના મૂલ્યે પ્રત મોકલતા તેના
૨૬૧-૦૦	ભેટના
૫૬૦૨૨-૨૫	વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો
૮૭૧૨૧-૨૫	

ઉપરનો હિસાબ તપાસ્યો છે.
અને અમારા જુદા રિપોર્ટ આપી
બરાબર છે
મુંબઇ તા. ૧-૮-૧૯૮૬

૪૪૨૧૫૮-૫૨

૧૨૨-૮-૬૬ ૧૨૨૩૮૬૧-૫૬

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય : મુંબઇ

તા. ૩૧-૩-૮૯ના દિવસનું સરવૈયું

૧૯૮૭	ફંડો અને દેવું			૧૯૮૭	મિલકત અને લેણું :-			
	કાયમી ફંડો :-				**ઇન્વેસ્ટમેન્ટસ :-**			
					ફીક્સ ડીપોઝીટ :-			
૧૦૭૮૯૪-૦૦	ગયા સરવૈયા મુજબ :	૧૦૭૮૯૪-૦૦		૫૦૦૦૦-૦૦	હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમિકલ્સ લિ.		૫૦૦૦૦-૦૦	
	ઉમેરો : શ્રી મુંબઇ જૈન યુવક				**ફરનીચર** (ખરીદ કિંમતે)			
	સંઘ તરફથી કાયમી ફંડમાં :	૨૦૦૦૦-૦૦		૧૫૯૬૧-૦૦	ગયા સરવૈયા મુજબ :	૧૯૧૮૭-૬૩		
				૩૨૨૬-૦૦	ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદ :	૦-૦૦		
		૩૦૭૮૯૪-૦૦		૧૯૧૮૭-૬૩			૧૯૧૮૭-૬૩	
	શ્રી પુસ્તક ફંડ :-				બાદ : કુલ ઘસારાના :			
૫૫૦૦-૦૦	ગયા સરવૈયા મુજબ :	૫૫૦ -૦૦		૮૩૮૬-૬૩	ગયા સરવૈયા મુજબ :	૯૪૩-૬૩		
	શ્રી ફરનીચર ફંડ :			૭૫૭-૦૦	બાદ વર્ષ દરમિયાન ઘસારાના	૧૦૦૪-૦૦		
૨૪૦૦-૦૦	ગયા સરવૈયા મુજબ :	૨૪૦૦-૦૦		૯૧૪૩-૬૩			૧૦૧૪૭-૬૩	
	શ્રી રીઝર્વ ફંડ :			૧૦૦૪૪-૦૦				૯૦૪૦-૦૦
૩૧૬૭૩-૪૨	ગયા સરવૈયા મુજબ :	૩૧૬૭૩-૪૨			**પુસ્તકો** (ખરીદ કિંમતે)			
				૮૨૬૧૭-૬૦	ગયા સરવૈયા મુજબ આકી :	૮૮૬૧૨-૦૫		
				૧૭૬૬૪-૧૫	ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી :	૬૨૨૩-૬૫		
૧૪૭૪૬૭-૪૨			૩૪૭૪૬૭-૪૨	૧૦૦૬૧૨-૦૫		૬૪૮૩૫-૭૦		
	દેવું :-			૧૨૩૦૦-૦૦	બાદ : વર્ષ દરમિયાન ઘસારાના લખી વાળ્યા :	૧૩૨૬૧-૦૦		
૧૬૮૦૬-૦૦	પુસ્તકો આગે ડીપોઝીટ	૨૧૩૧૬ ૦૦		૮૮૬૧૨- ૫	**લેણું**			૮૧૫૪૪-૭૦
૬૧૧૦-૧૨	સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના	૧૭૨૬૭-૬૨		૧૦૦૦૦-૦૦	મ્યુનિસિપાલિટી ગ્રાંટના	૦૦-૦૦		
૨૦૮૦૬૧-૭૩	શ્રી મુંબઇ જૈન યુવક સંઘના	૫૬ ૨૬ ૭૩			પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ ફંડ પાસે મદદ આગે	૨૧૦૦૦-૦૦		
૧૦૦૦-૦૦	ખર્ચ આગે	૧૨૫૦-૦૦			ફીક્સ ડીપોઝીટ પર ચઢેલ વ્યાજના	૩૩૭૫-૦૦		
૨૩૮૦૦૭-૮૫			૬૮૬૬૦-૬૫	૧૦૦૦૦-૦૦	**રોકડ તથા બેંક બાકી :-**			૨૮૩૭૫-૦૦
	ઓડીટરોનો રિપોર્ટ :			૮૦૩૨-૭૪	બેંક ઓફ ઇન્ડિયા અચલ ખાતે (ટ્રસ્ટના નામે)	૨૫૧૦-૦૨		
	અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય મુંબઇનું તા ૩૧-૩-૮૯ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર લાયબ્રેરીના ચોપડા અને વાઉચરો વગેરે તપાસ્યા છે. અમારા ધી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસાર જુદા રિપોર્ટ આધીન બરાબર છે.			૫૩-૬૨	રોકડ પુરાંત	૪૧૨-૮૫		
				૮૦૮૬-૩૬	**શ્રી આવક ખર્ચ ખાતું :-**			૨૯૨૨-૮૭
				૧૬૨૩૨૭-૬૬	ગયા સરવૈયા મુજબ		૨૧૮૭૩૨-૮૬	
				૧૦૦૦૯-૦૦	બાદ મ્યુનિસિપાલિટીના ગ્રાંટના લેણા			
	મુંબઇ તા. ૨૮મી જુન, ૧૯૮૯	ઉત્તમચંદ સાંકરચંદ શાહ		૧૮૨૩૨૭ ૬૬	ઉમેરો :			
		ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ		૩૬૪૦૫-૧૭	વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો		૫૫૮૪૨ ૬૪	
		ઓડીટર		૨૧૮૭૩૨-૮૬				૨૭૪૫૭૫-૫૦
૩૮૫૪૭૫-૨૭	કુલ રૂા.	કુલ રૂા.	૪૪૬૪૫૮-૦૭	૩૮૫૪૭૫-૨૭	કુલ રૂા.	મુંબઇ તા.		કુલ રૂા. ૪૪૬૪૫૮-૦૭

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય : મુંબઈ

તા. ૧-૧-૧૯૮૮ થી તા. ૩૧-૩-૧૯૮૯ ના દિવસે પૂરા થતાં ૧૫ માસના સમયનો આવક જાવક ખર્ચનો હિસાબ

૧૯૮૭	આવક			૧૯૮૭	ખર્ચ		
	વ્યાજ				**વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ**		
૬૭૮-૪૨	બેંકના વ્યાજનાં વગેરે	૨૬૬-૩૨		૮૧૬૯-૧૦	પેપર લવાજમ	૯૬૧૯-૩૦	
૭૮૦૬-૧૬	ગવ. કંપનીની ફીકસ ડીપોઝીટનું ૩૧-૩ ૮૯ સુધીના	૬૬૦૮-૬૧	૬૮૭૪-૬૩	૪૩૪૭૭-૦૦	પગાર તથા બોનસ વગેરે	૬૬૮૪૬-૦૦	
૮૪૮૪-૫૮				૧૩૬૯-૫૦	બુક બાઇન્ડિંગ	૨૧૫૯-૫૦	
	ભેટના			૨૭૩૯-૦૦	ગ્રેવિઝન્ડ ફંડ ફાળાના તથા તેના પર વ્યાજના	૫૨૬૯ ૫૦	
૨૫૦૦૦-૦૦	પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ ફંડ તરફથી	૨૫૦૦૦-૦૦		૧૦૫-૦૦	વિમા પ્રિમિયમના	૧૦૫-૦૦	
૧૬૭૨-૦૦	ભેટના	૧૨૫૦૧-૦૦		૫૫૮૫૯-૬૦			૮૩૬૯૬ ૩૦
૭૬૫૨-૦૦	પુસ્તક લવાજમના	૧૫૩૭૨-૦૦			**વ્યવસ્થા ખર્ચ**		
૩૪૧૨૪ ૦૦				૧૦૦૦-૦૦	ઓડિટરને ઓનેરિયમના	૧૨૫૦-૦૦	
	પરચુરણ આવક		૫૨૮૭૩-૦૦		સ્ટાફને : રજા, મેડિકલ, છત્રી અને અન્ય	૬૩૬૫-૭૭	
૭૮૮-૦૦	પરતી વેચાણના	૬૭૫-૦૦		૬૩૫૦-૭૫	સાફ સફાઈ તથા પરચુરણ ખર્ચના		
૨૩૮-૬૦	લેઇટ ફીનાં	૧૩૬૯-૦૦			સ્ટાફને રેલ્વે પાસ	૧૩૭૪૩-૫૦	
૪૬૫-૦૦	દાખલ ફીનાં	૬૦૫-૦૦		૧૦૧૦-૦૦	પ્રન્ટીંગ તથા સ્ટેશનરી	૧૬૦૬-૦૦	
૧૫૨૧-૬૦				૨૫૦-૦૦	પ્રોફેશનલ ટેક્ષ	૨૫૦-૦૦	
૩૬૪૦૫-૧૭	વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો		૨૬૪૬-૦૦	૧૧૬૧૮-૭૫			૨૩૨૪૫-૨૭
૫૫૮૪૨-૬૪					**ઘસારાના**		
				૭૫૭-૦૦	ફરનીચર પર ઘસારાના ૧૦ %	૧૦૦૪-૦૦	
				૧૨૩૦૦-૦૦	પુસ્તક પર ઘસારાનાં ૧૫ %	૧૩૨૬૧-૦૦	
૮૦૫૩૫-૩૫			૧૨૧૫૩૬-૫૭	૧૩૦૫૭-૦૦			૧૪૨૬૫-૦૦
				૮૦૫૩૫-૩૫			૧૨૧૫૩૬-૫૭

ઉપરનો તા. ૩૧ ૩-૧૯૮૬ સુધી ૧૫ માસનો હિસાબ તપાસ્યો છે અને બરાબર માલુમ પડયો છે

મુંબઈ તા. ૨૮મી જુન ૧૯૮૯

ઉત્તમચંદ સાકરચંદ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
ઓડિટર

મુંબઈ તા.

ટ્રસ્ટીઓ.

તા. ૧-૭-૬૬ થી તા. ૩૧-૭-૬૬ સુધી

મણિલાલ મોકમચંદ શાહ

૧૬

દિવ્યધ્વનિ

* રમણલાલ ચી. શાહ

તીર્થંકર ભગવાનના અર્થાત્ અરિહંત પરમાત્માના જે બાર ગુણ ગણાવવામાં આવે છે, તેમાં ચાર મૂલાતિશય અથવા સહજાતિશયના ચાર ગુણ સાથે આઠ પ્રતિહાર્યના આઠ ગુણ ગણાવાય છે : (૧) અપાયાપગમાતિશય (૨) જ્ઞાનાતિશય (૩) પૂજાતિશય અને (૪) વચનાતિશય એ ચાર મૂલાતિશય છે. પ્રાતિહાર્યો આઠ છે : (૧) અશોકવૃક્ષ (૨) સુરપુષ્પવૃષ્ટિ (૩) દિવ્યધ્વનિ (૪) ચામર (૫) આસન (૬) ભામંડલ (૭) દુંદુભિ અને (૮) છત્ર. સમવસરણ વખતે દેવો તીર્થંકર પરમાત્માનાં આ આઠ પ્રાતિહાર્યોની રચના કરે છે.

આમ, 'દિવ્યધ્વનિ' એ તીર્થંકર પરમાત્માના પ્રાતિહાર્યનો એક પ્રકાર છે. વળી તે અરિહંત ભગવાનનો એક ઉત્તમ ગુણ છે.

તીર્થંકર પરમાત્માનાં આઠ પ્રાતિહાર્ય (સંખ્યા, ક્રમ અને નામની દ્રષ્ટિએ) શ્વેતામ્બર અને દિગમ્બર બંને પરંપરાને માન્ય છે. પ્રાતિહાર્ય માટેનો નીચેનો શ્લોક ઘણો પ્રાચીન છે અને બંને પરંપરામાં તે પ્રચલિત છે :

अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च ।
भामण्डल दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥

[અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, આસન, ભામંડલ, દુંદુભિ અને આતપત્ર (છત્ર) એ જિનેશ્વરોનાં પ્રાતિહાર્ય છે.]

પ્રાચીન સાહિત્યમાં આ શ્લોક લગભગ પંદરસો વર્ષ પૂર્વે થઇ ગયેલા મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિએ પોતાના 'અનેકાન્તજય પતાકા' નામના ગ્રંથમાં ઉધ્ધૃત કરેલો સૌ પ્રથમ જોવા મળે છે. પરંતુ આ શ્લોક એથી કેટલો વધુ પ્રાચીન છે તથા મૂળ કયા ગ્રંથનો એ છે અને એની રચના કોણે કરી છે તે વિશે પ્રમાણભૂત રીતે કશું જાણવા મળતું નથી. સૈકાઓથી પ્રચલિત બનેલો આ શ્લોક અત્યંત પવિત્ર મનાય છે અને સ્તુતિ, ચૈત્યવંદન, વિધિ વગેરેમાં બહુમાનપૂર્વક એનું પઠન થાય છે.

પ્રાતિહાર્યો વિશે પ્રાકૃતમાં શ્રી નેમિચંદ્રસૂરિવિરચિત 'પ્રવચન સારોદ્ધાર' ગ્રંથમાં નીચે પ્રમાણે શ્લોક મળે છે :

कंकिल्लि कुसुमवुट्ठी देवज्झुणि चामराऽऽसणाइं च ।
भावलय भेरी छत्त जयंति जिणपाडिहेराइं ॥

[કંકિલ્લિ (અશોકવૃક્ષ), કુસુમવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, આસન, ભાવલય, (ભામંડળ) ભેરી (દુંદુભિ) અને છત્ર એ જિનનાં પાડિહેર (પ્રાતિહાર્ય) જય પામે છે.]

પ્રાતિહાર્ય શબ્દ સંસ્કૃત પ્રતિહાર ઉપરથી આવ્યો છે. પ્રતિહાર કરે તે પ્રતિહાર્ય. પ્રતિહાર શબ્દ પ્રતિ+હૃ ઉપરથી આવ્યો છે. પ્રત્યેકં હરતિ સ્વામિપાર્શ્વમાનયતિ એટલે કે દરેકને સ્વામી પાસે લઇ આવે તે પ્રતિહાર. પ્રતિહારનો એક અર્થ થાય છે દરવાજો અથવા દ્વાર. એટલે લક્ષણાથી પ્રતિહારનો અર્થ થાય છે દ્વારપાળ, બારણાંનો રક્ષક, ચોકીદાર, પહેરેગીર.

પ્રતિહારનો વિશેષ અર્થ થાય છે છડીદાર, રાજાની આગળ ચાલનાર, રાજાનો અંગરક્ષક. વળી પ્રતિહારનો વિશેષ અર્થ થાય છે ઇન્દ્રની આજ્ઞા મુજબ કામ કરનારા દેવો. દેવો સમવસરણમાં પ્રાતિહાર્યની એટલા માટે રચના કરે છે કે જેથી એ પ્રાતિહાર્યો જગતના લોકોને તીર્થંકર પરમાત્મા પાસે લઇ આવે. પ્રાતિહાર્યો લોકોના ચિત્તમાં આશ્ચર્ય, કુતૂહલ વગેરે ભાવો પ્રેરે છે અને તીર્થંકર પરમાત્મા પ્રત્યે પૂજ્યભાવ જન્માવે છે. એટલા માટે દેવો એની રચના કરે છે. દેવોનું આ પ્રતિહારકર્મ છે એટલે એને પ્રાતિહાર્ય (અથવા મહાપ્રાતિહાર્ય) કહેવામાં આવે છે. રાજાના રક્ષકોને કે પહેરેગીરોને પણ પ્રતિહાર કહેવામાં આવે છે. પરંતુ રાજાના પ્રતિહારો મનુષ્ય હોય છે. વળી તે પગાર લઇ નોકરી કરનારા હોય છે. કયારેક રાજા માટે તેના મનમાં અભાવ કે ધિક્કાર પણ હોઇ શકે છે. તીર્થંકર ભગવાનના પ્રતિહારો દેવો હોય છે. તેઓ નોકરી તરીકે નહિ, પણ પોતાનામાં સહજ રીતે પ્રગટેલા ભક્તિભાવથી પ્રેરાઇને સ્વેચ્છાએ, ઉમંગ અને ઉલ્લાસથી પ્રતિહાર તરીકે કામ કરે છે. તેમની પાસે વૈક્રિય લબ્ધિ હોય છે અને તેઓ અવધિજ્ઞાની હોય છે. તેઓ વૈક્રિય લબ્ધિ કે શક્તિ વડે વિવિધ પ્રકારની રચનાઓ કે રૂપો બનાવી (વિકુર્વી) શકે છે. એટલા માટે દેવો સમવસરણમાં જે રચના કરે છે તે પ્રાતિહાર્ય કહેવાય છે. 'પ્રવચન સારોદ્ધાર'ની વૃત્તિમાં કહ્યું છે: प्रतिहारा: सुरपतिनियुक्तां देवास्तेषां कर्माणि प्रातिहार्याणि ।

'પ્રાતિહાર્ય' શબ્દ ઉપરથી પ્રાકૃતમાં 'પાડિહેર' શબ્દ વપરાય છે. પાડિહેરનો અર્થ કરવામાં આવે છે : (૧) દેવતાકૃત પ્રતિહારકર્મ (૨) દેવતાકૃત પૂજાવિશેષ અને (૩) દેવોનું સાન્નિધ્ય.

બૌદ્ધધર્મમાં પણ પ્રાતિહાર્ય શબ્દ વપરાયેલો છે. વિનયપિટકના 'મહાવગ્ગ' ગ્રંથમાં પંદર પ્રકારનાં પ્રાતિહાર્યો ગણાવવામાં આવ્યાં છે. ત્યાં પ્રાતિહાર્ય એટલે એક પ્રકારનો દૈવી ચમત્કાર અથવા દૈવી ઋદ્ધિ એટલો અર્થ કરવામાં આવ્યો છે. ભગવાન બુદ્ધના એવા ચમત્કારના પંદર પ્રસંગો તેમાં ટાંકવામાં આવ્યા છે.

દેવો સમવસરણમાં પ્રાતિહાર્યોની જે રચના કરે છે તેમાં તીર્થંકર પરમાત્માનો પ્રભાવ કે અતિશય જ રહેલો હોય છે. દેવો ભલે સ્વેચ્છાએ, પૂજ્યભાવ અને ભક્તિભાવથી તેવી રચના કરતા હોય તોપણ તેમાં સવિશેષ બળ, સમૃદ્ધિ, ઓજસ, ઐશ્વર્ય ઇત્યાદિ તીર્થંકર પરમાત્માના અતિશયને કારણે જ આવે છે. એમ કહેવાય છે કે સમવસરણમાં જેવું અશોકવૃક્ષ હોય છે તેવું અશોકવૃક્ષ ખુદ ઇન્દ્રના પોતાના ઉદ્યાનમાં પણ નથી હોતું. ધારો કે તીર્થંકર પરમાત્માની ઉપસ્થિતિ ન હોય તેવે પ્રસંગે બધા જ દેવતાઓ ભેગા મળીને પોતાની તમામ વૈક્રિયાદિ લબ્ધિથી કોઇ એક અશોકવૃક્ષની રચના કરે તોપણ તે અશોકવૃક્ષનું સૌંદર્ય સમવસરણના અશોકવૃક્ષ કરતાં અનેકગણું ઊતરતું કે હીન હોય. વળી, બધા દેવોએ તીર્થંકર ભગવાનની હાજરી વિના ઉત્પન્ન કરેલું અશોકવૃક્ષ (કે અન્ય પ્રાતિહાર્ય) જોનાર લોકોના હૃદયમાં ધર્મની ભાવના ઉત્પન્ન ન કરી શકે, જ્યારે સમવસરણમાં દેવોએ રચેલ અશોકવૃક્ષ (કે અન્ય પ્રાતિહાર્ય) લોકોના હૃદયમાં ધર્મભાવના જાગૃત કરવાનું નિમિત્ત બને છે.

આ આઠ પ્રાતિહાર્યોમાં દિવ્યધ્વનિ નામના પ્રાતિહાર્યમાં

કેટલીક વિશેષ વિચારણા થઈ છે અને શ્વેતામ્બર તથા દિગમ્બર પરંપરામાં તેનું કેટલુંક અર્થઘટન જુદી જુદી રીતે થયું છે. 'દિવ્યધ્વનિ' એટલે શું ? દિવ્ય એટલે દૈવી. એનો એક અર્થ થાય છે 'દેવકૃત' અને બીજો અર્થ થાય છે 'લોકોત્તર.' એટલે દિવ્યધ્વનિનો એક અર્થ થાય છે દેવતાઓએ કરેલો ધ્વનિ અને બીજો અર્થ થાય છે તીર્થંકર ભગવાનની વાણીરૂપ દિવ્યધ્વનિ.

સમોવસરણ વખતે દેવતાઓ અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ, સિંહાસન વિગેરે પ્રતિહાર્યોની રચના તો કરે છે; પરંતુ દેશનાની વાણીરૂપ દિવ્યધ્વનિ તો તીર્થંકર પરમાત્માનો પોતાનો હોય છે. એમનું એ આત્મભૂત લક્ષણ છે. તો તેમાં પ્રાતિહાર્યપણું કેવી રીતે ઘટી શકે ? એવો પ્રશ્ન કોઈને થાય. એનો ખુલાસો કરતાં પ્રવચન-સારોદ્ધાર' વગેરે ગ્રંથોમાં જણાવવામાં આવ્યું છે કે માલવ અને કૈશિકીય વગેરે રાગ વડે તીર્થંકર પરમાત્મા સમોવસરણમાં જે દેશના આપે છે તે વખતે ભગવાનની બંને બાજુ રહેલા દેવો વીણા, વેણુ વગેરે વાદ્યોના ધ્વનિ વડે ભગવંતના શબ્દોને વધુ મધુર અને કર્ણપ્રિય બનાવે છે. જેમ કોઈ ગાયકના મધુર ગીતધ્વનિને સંગીતકારો વાદ્યિંત્રોના ધ્વનિ વડે વધારે મધુર કરે છે તેવી રીતે દેવો પણ તીર્થંકર પરમાત્મા પ્રત્યેના ભક્તિભાવથી પ્રેરાઈને એમની દેશનાના દિવ્યધ્વનિને વધુ આહ્લાદક બનાવે છે. એટલે જેટલા અંશમાં દેવો વાદ્યિંત્રો વડે ભગવાનની વાણીને વધુ મધુર બનાવે છે તેટલા અંશમાં દેવોનું એ પ્રાતિહાર્યપણું ગણવામાં આવે છે. એટલે દિવ્યધ્વનિને પ્રાતિહાર્ય તરીકે ગણવામાં કોઈ બાધ રહેતો નથી.

આના અનુસંધાનમાં બીજો પ્રશ્ન એવો થાય કે શું તીર્થંકર પરમાત્માની વાણીમાં એવી ન્યૂનતા હોય છે કે દેવોએ એને મધુર કર્ણપ્રિય બનાવવાની જરૂર પડે? એનો ઉત્તર એ છે કે તીર્થંકર પરમાત્માની વાણી તો જન્મથી જ અતિશયયુક્ત હોય છે. એટલે એમાં ન્યૂનતા હોવાનો પ્રશ્ન જ નથી રહેતો. દેવો તે દેશના સમયે દિવ્યધ્વનિ કરે છે, તે કોઈ ન્યૂનતા દૂર કરવા માટે નહિ, પણ પોતાના અદમ્ય ભક્તિભાવને વ્યક્ત કર્યા વગર તેઓ રહી શકતા નથી. માટે તેઓ દિવ્યધ્વની કરે છે. દેવોનો દિવ્યધ્વનિ માત્ર માધુર્ય માટે જ નહિ પણ ભગવાનની દેશનાના ધ્વનિને એક યોજન સુધી પ્રસારવા માટે પણ હોય છે.

તીર્થંકર ભગવાનની વાણીરૂપી દિવ્યધ્વનિને અતિશય તરીકે ગણાવવામાં આવે છે. તીર્થંકર ભગવાનના એવા ચોત્રીસ અતિશય છે. તેમાં ચાર અતિશય તે મૂલાતિશય છે, ૧૯ અતિશય દેવોએ કરેલા હોય છે અને ૧૧ અતિશય કર્મનો ક્ષય થયા પછી પ્રગટ થાય છે.

દિગમ્બર પરંપરા પ્રમાણે ભગવાનના ચોત્રીસ અતિશયના એ જ પ્રમાણે ત્રણ પ્રકાર બતાવવામાં આવે છે : (૧) સહજાતિશય (૨) કર્મક્ષયજ અતિશય અને (૩) દેવકૃત અતિશય. પરંતુ દિગંબર પરંપરામાં તે દરેકના અતિશયોની સંખ્યામાં ફરક છે તેમાં સહજાતિશયની સંખ્યા ૧૦ છે, કર્મક્ષયજ અતિશયની સંખ્યા પણ ૧૦ છે અને દેવકૃત અતિશયની સંખ્યા ૧૪ છે. એમાં ભગવાનની જન્મથી હિતકારી અને પ્રિય વાણીને સહજાતિશય તરીકે ઓળખાવવામાં આવે છે અને સમવસરણની સર્વ ભાષારૂપ વાણીને દેવકૃત અતિશય તરીકે ગણાવવામાં આવે છે.

શ્વેતામ્બર પરંપરા પ્રમાણે તીર્થંકર પરમાત્માના આઠ પ્રાતિહાર્યમાંથી અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, ચામર, આસન, દુંદુભિ અને છત્ર એ ૭ પ્રાતિહાર્યનો સમાવેશ દેવકૃત અતિશયમાં થાય છે. ભામંડળ પ્રાતિહાર્યનો સમાવેશ કર્મક્ષયજ અતિશયમાં થાય છે. પરંતુ દિવ્યધ્વનિ પ્રાતિહાર્યનો એટલે દેવોએ વીણા, વેણુ વગેરે દ્વારા કરેલા ધ્વનિનો સમાવેશ કોઈ અતિશયમાં થતો નથી. અલબત્ત ભગવાનની પોતાની વાણીરૂપ જે દિવ્યધ્વનિ છે. તેને ચોત્રીસ અતિશયમાંના એક અતિશય તરીકે ગણાવવામાં આવે છે.

તીર્થંકર પરમાત્માની દિવ્યવાણી પાંત્રીસ પ્રકારના ઉત્તમ ગુણોથી યુક્ત હોય છે. એ ગુણો નીચે પ્રમાણે છે :

(૧) સંસ્કારવત (૨) ઉદાત્ત (ઊંચા સ્વરે), (૩) ઉપચારોપેત (અગ્રામ્ય), (૪) ગંભીરશબ્દ (મેઘગંભીર), (૫) અનુનાદિ (પ્રતિધ્વનિયુક્ત - સરસ પડઘો પડે, રણકો થાય), (૬) દક્ષિણ (સરળ), (૭) ઉપનીતરાગ (માલકોસ વગેરે રાગોથી યુક્ત), (૮) મહાર્થ (મહાન અર્થવાળી) (૯) અવ્યાહત પૌર્વાપર્ય (પરસ્પર વિરોધ વિનાની), (૧૦) શિષ્ટ, (૧૧) અસંદિગ્ધ (સંદેહરહિત), (૧૨) અપહૃતાન્યોત્તર (બીજા કોઈ દૂષણ ન બતાવી શકે એવી), (૧૩) હૃદયગ્રાહી, (૧૪) દેશકાલાવ્યતીત (૧૫) તત્ત્વાનુરૂપ, (૧૬) અપ્રકીર્ણપ્રસૃત, (૧૭) અન્યોન્યપ્રગૃહીત, (૧૮) અભિજાત, (૧૯) અતિસ્નિગ્ધમધુર, (૨૦) અપરમર્મવિદ્ધ (બીજાઓના મર્મને-રહસ્યોને ખુલ્લા ન કરનાર, બીજાના હૃદયને ન વીંધનાર), (૨૧) અર્થધર્માભ્યાસનેપ, (૨૨) ઉદાર, (૨૩) પરનિંદાત્મોકર્ષવિપ્રયુક્ત, (૨૪) ઉપગત શ્લાઘ, (૨૫) અનપનીત, (૨૬) ઉપાદિતાવિચ્છિન્ન કૌતુહલ, (૨૭) અદ્‌ભુત (૨૮) અનાભિવિલંબિત, (૨૯) વિશ્રમવિક્ષેપકિલિકિંચિતાદિવિમુક્ત, (૩૦) અનેક જાતિસંશ્રયથી વિચિત્ર, (૩૧) આહિતવિશેષ-(બીજા વચનોની અપેક્ષાએ વિશિષ્ટ. (૩૨) સાકર, [૩૩] સત્ત્વપરિગ્રહ, [૩૪] અપરિખેદિત અને (૩૫) આયુષ્યચ્છેદ. કોઈ કોઈ ગ્રંથો આ પાંત્રીસ ગુણોનાં નામોમાં કે ક્રમમાં ફરક જોવા મળે છે.

તીર્થંકર પરમાત્માના 'શ્રવણપરમસૌખ્ય' આપનાર દિવ્યધ્વનિનો મહિમા સમયે સમયે ગ્રંથકાર મહર્ષિઓએ વર્ણવ્યો છે. ઉ. ત. દિવ્યધ્વનિ પ્રાતિહાર્યનું વર્ણન કરતાં 'પ્રવચન સારોદ્ધાર'માં કહ્યું છે :

सरससुरारसलोदरः सरभसविविध देशांपद्धत मुक्त व्यापार – प्रसारितवदनैः कुरंगकुलैराकुलाकुलैसत्कर्णैराकर्ण्यमानः सकलजनानन्द प्रेमोददायी दिव्यध्वनिर्विर्तन्यते ।

[સરસ અમૃતરસ સરખો, કાનને અતિપ્રિય લાગતો તથા જે સાંભળવા માટે ચરવા વગેરેનું કાર્ય છોડી દઈ આસપાસથી જ્યાં હરણોનાં ટોળેટોળાં દોડી આવે છે તથા સર્વ જનોને આનંદપ્રમોદ આપનારો એવો દિવ્યધ્વનિ (દેવો સમવસરણમાં) કરે છે.

દિવ્યધ્વનિનું વર્ણન કરતાં 'કલ્યાણ મંદિર સ્તોત્ર'માં શ્રી સિદ્ધસેન દિવાકર કહે છે:

स्थाने गभीरहृदयोदधिसम्भवायाः
पीयूषतां तव गिरः समुदीरयन्ति ।
पीत्वा यतः परमसम्मदसङ्गभाजो
भव्या व्रजन्ति तरसाऽप्यजरामरत्वम् ॥ २१ ॥

[હે સ્વામિન્! ગંભીર હૃદયરૂપ સમુદ્રથી ઉત્પન્ન થયેલી તમારી વાણીને પંડિતો અમૃતરૂપ કહે છે, તે યોગ્ય જ છે. જેવી રીતે મનુષ્ય અમૃતનું પાન કરીને અજરામરપણું પામે છે તેવી જ રીતે તમારી વાણીનું શ્રોત્રેન્દ્રિય વડે પાન કરીને ભવ્ય પ્રાણીઓ પરમાનંદના અનુભવને પામીને શીઘ્રપણે અજરામરપણાને – મોક્ષ પામે છે]

દિગંબર પરંપરાના ૪૮ શ્લોકના 'ભક્તામરસ્તોત્ર'માં દિવ્યધ્વનિ પ્રાતિહાર્યનું નીચે પ્રમાણે વર્ણન થયું છે:

स्वर्गापवर्गगममार्गविमार्गणेष्टः
सद्धर्मतत्त्वकथनैकपटुस्त्रिलोक्याः ।
दिव्यध्वनिर्भवति ते विशदार्थसर्व
भाषास्वभावपरिणामगुणप्रयोज्यः ॥ ३५ ॥

[સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવવામાં શ્રેષ્ઠ મિત્ર, સદ્ધર્મ અને સદ્વસ્તુનું સ્વરૂપ કહેવામાં એક જ ચતુર તથા નિર્મળ અર્થ અને સમસ્ત ભાષા સ્વભાવ પરિણામાદિ ગુણોથી યુક્ત આપનો દિવ્યધ્વનિ થાય છે.]

'વીતરાગસ્તવ'ના પાંચમા પ્રકાશમાં હેમચન્દ્રાચાર્યે 'દિવ્યધ્વનિ'નો મહિમા વર્ણવતાં લખ્યું છે:

मालवकैशिकीमुख्य, – ग्रामराग पवित्रितः ।
तव दिव्यो ध्वनिः पीतो, हर्षोदग्रीवैर्मृगैरपि ॥ ३ ॥

[માલકોશ વગેરે ગ્રામરાગથી પવિત્ર થયેલા આપના દિવ્યધ્વનિનું હર્ષ વડે ઊંચી ગ્રીવાવાળાં બનેલાં હરણાંઓ દ્વારા પણ પાન થાય છે.]

દિવ્યધ્વનિ વિશે 'વીતરાગસ્તવ'ની ટીકામાં કહ્યું છે :-

तथा धर्मोपदेशावसरे हि भगवान् स्वभावसुभगंभविष्णुना श्रोतृजनश्रोत्रपुटप्रविशत्पीयूषकुल्यातुल्येन निरायासप्रवृत्तेनैव स्वरेण देशनां विधत्ते, किन्तु वृत्तिकृत इव सूत्रं, सुरास्तमेव स्वरमायोजनं निष्वग् विस्तारयन्ति, अतो देवकृतत्वात् स दिव्यध्वनिरभिधीयते ।

[ધર્મનો ઉપદેશ આપતી વખતે ભગવાન, સ્વાભાવિક સૌભાગ્યથી ઉત્પન્ન થતા, શ્રોતાજનોના કર્ણવિવરોમાં પેસતા અમૃતના નીક જેવા અને અનાયાસે બોલાતા સ્વર વડે દેશના આપે છે. પરંતુ જેમ ટીકાકારો સૂત્રને ટીકા વડે વિસ્તૃત કરે છે, તેમ તે જ ભગવંતના સ્વરને દેવતાઓ ચારે બાજુ એક યોજન સુધી વિસ્તારે છે, તેથી પ્રસારિત ધ્વનિ દેવકૃત હોવાથી તે અપેક્ષાએ દિવ્યધ્વનિ કહેવાય છે.]

વળી, 'વીતરાગસ્તવ'ની અવચૂરિમાં દિવ્યધ્વનિનું સવિસ્તર વર્ણન કરતાં કહેવાયું છે :

'હે સર્વાતિશાયિ વચનના સ્વામી! સ્વાભાવિક સૌભાગ્યથી ઉત્પન્ન થતી, શ્રોતાજનોના કર્ણમાં પેસતી અમૃતની નીક સમાન અને શ્રમ વિના પ્રવર્તતી વાણી વડે જ્યારે સમવસરણમાં ભવ્યજનોના કલ્યાણને માટે આપ ધર્મદેશના આપો છો ત્યારે ભક્તિથી નિર્ભર હૃદયવાળા દેવતાઓ તે વાણીને સર્વ દિશાઓમાં એક યોજન સુધી વિસ્તારે છે. એથી જ એ ધ્વનિ દેવતાઓ વડે વિસ્તારાતો હોવાથી દિવ્યધ્વનિ મહાપ્રાતિહાર્ય કહેવાય છે.

ક્ષીરાસ્રવી, સર્પિરાસ્રવી, મધ્વાસ્રવી અને અમૃતાસ્રવી મુનિવરોમાં ચૂડામણિ સમાન હે જિનદેવ! મેરુ પર્વત વડે મંથન કરાતા ક્ષીરસમુદ્રના ધ્વનિ સમાન ગંભીર નાદ વડે જ્યારે આપ દેશના આપો છો ત્યારે માધુર્ય રસથી પરિપૂર્ણ એવા આપની વાણીના ધ્વનિને અપૂર્વ આનંદમાં નિમગ્ન મન વડે દેવગુણો તો સાંભળે જ છે, કિન્તુ અનુપમ સહજ પરમ સુખના પ્રકર્ષથી જેઓના નેત્ર અર્ધનિમીલિત થયાં છે એવાં મૃગલાંઓ પણ તેને તીવ્ર સ્પૃહાથી સાંભળે છે.

સર્વ જીવોના વચનથી અનંતગુણ ઉપાદેયતાવાળા વચનના સ્વામી! જ્યારે તે મૃગલાંઓ આપના દિવ્યધ્વનિને સાંભળે છે ત્યારે તેઓની ગ્રીવાઓ હર્ષથી ઊંચી થઈ જાય છે અને જાણે ચિત્રમાં આલિખિત હોય તેવાં અતિસ્થિર થઈ જાય છે! હે નાથ! આપનો તે લોકોત્તમ ધ્વનિ માલવકૈશિકી (માલકોશ) પ્રમુખ ગ્રામરાગો વડે પવિત્રિત-સંવલિત હોય છે. જગતના પરમગુરુ હે, જિનેશ્વર દેવ! કવિઓ અહીં મૃગૈ પીતઃ (તે ધ્વનિનું મૃગલાંઓ વડે પાન કરાયું) એવું એટલા માટે કહે છે કે મૃગલાંઓ ધ્વનિપ્રિય હોય છે. સર્વજ્ઞત્વના કારણે સંગીતના ગ્રામરાગોના સર્વમર્મને જાણનાર હે કલાનાથ! આપ માલવકૈશિકી રાગમાં ધર્મદેશના એટલા માટે આપો છો કે તે વૈરાગ્યરસને વ્યક્ત કરવા માટે અતિસરસ હોય છે.'

દિવ્યધ્વનિ વિશે ઉપાધ્યાય વિનયવિજયજીએ 'લોકપ્રકાશ'માં કહ્યું છે–

मालवकैशिकीमुख्यग्रामरागांचीतोऽर्हताम् ।
आयोजनं ध्वनिर्दिव्यध्वनिमिश्रः प्रसर्पति ॥

[માલકોશ પ્રમુખ રાગોમાં કહેવાતી ભગવંતની દેશનાનો ધ્વનિ (દેવતાઓએ કરેલા) દિવ્યધ્વનિથી મિશ્ર થઈને એક યોજન સુધીમાં ફેલાય છે.]

દિગંબર પરંપરાનુસાર દિવ્યધ્વનિની એક વ્યાખ્યા એવી આપવામાં આવે છે કે તીર્થંકર પરમાત્માને જે સમયે કેવળજ્ઞાન થાય છે બરાબર તે જ સમયે એમના સમગ્ર શરીરનાં સર્વાંગોમાંથી મેઘગર્જના જેવો ૐકારરૂપી દિવ્યધ્વનિ નીકળે છે અને તે એક યોજન સુધી સંભળાય છે. ભગવાનના મુખના બધાં ઉચ્ચારણ – અવયવો એટલે કે તાળવું, જીભ, કંઠ, હોઠ, મુખ વગેરે બધ અથવા શાંત જ હોય છે. તેમ છતાં આ ધ્વનિ પ્રગટ થાય છે. એ ધ્વનિ ભગવાન પોતે પોતાની ઇચ્છાથી પ્રગટ કરે છે એવું નથી. ભગવાનની ત્યારે કોઇ ઇચ્છા હોતી નથી, પરંતુ એ ધ્વનિ એમના દેહમાંથી સહજ રીતે પ્રગટ થાય છે. એ ધ્વનિ એમ કેવી રીતે પ્રગટ થઇ શકે એવો પ્રશ્ન થાય. એનો ઉત્તર એ છે કે ભવ્ય જીવોના પુણ્યના ઉદયથી તે દિવ્યધ્વનિ ભવ્ય જીવોને માટે પ્રગટ થાય છે. આ ધ્વનિ ૐકારરૂપી હોય છે અને તે સાંભળનાર સર્વ જીવોને અતિશય આહ્લાદ આપે છે. સાંભળનાર સર્વ જીવોના કલ્યાણરૂપ એ દિવ્યધ્વનિ હોય છે.

દિગંબર પરંપરા અનુસાર દિવ્યધ્વનિનો બીજો પ્રકાર તે સર્વમાગધી ભાષા છે. ભગવાન જ્યારે દેશના આપે છે ત્યારે ભવ્ય મનુષ્યોની પ્રચલિત લોકભાષામાં આપે છે. પરંતુ ભગવાનની વાણીની એ ચમત્કૃતિ હોય છે કે ત્યાં આવેલા દેવો, મનુષ્યો અને પ્રાણીઓ એ દરેકની પોતપોતાની ભાષામાં ભગવાનની એ દેશના રૂપાંતરિત થઇ જાય છે અને એથી ભગવાનની દેશના સર્વને સમજાય છે. યોગશાસ્ત્રમાં હેમચંદ્રાચાર્યે કહ્યું છે : **निजनिजभाषानुगतं वचनंधर्मावबोधकरम् :** ભગવાનની વાણીનો આ એક 'અતિશય' છે. સમવસરણમાં

ભગવાનની દેશનારૂપી સર્વ માગધી ભાષામાં જ્યારે દિવ્યધ્વનિ પ્રગટ થાય છે ત્યારે ગણધરો ઉપસ્થિત હોય છે. એટલે કહેવાય છે કે ભગવાનનો સર્વભાષારૂપી દિવ્યધ્વનિ હંમેશાં ગણધરોની ઉપસ્થિતિમાં જ પ્રગટ થાય છે.

દિગમ્બર પરંપરા અનુસાર તીર્થંકર ભગવાનનો સ્વભાવત: પ્રગટ થતો દિવ્યધ્વનિ ત્રણેય સંધિકાળમાં નવ મુહૂર્ત સુધી અસ્ખલિત નીકળે છે અને તે એક યોજન સુધી સંભળાય છે. પરંતુ સમવસરણમાં ભગવાનનો સર્વ માગધી ભાષારૂપી જે દિવ્યધ્વનિ હોય છે તે ગણધરો, દેવો, ચક્રવર્તીઓ વગેરેના પ્રશ્નોના ઉત્તરરૂપે અન્ય કાળે પણ પ્રગટ થાય છે.

ભગવાનના સર્વાંગમાંથી પ્રગટ થતો દિવ્યધ્વનિ ૐકારરૂપી હોય છે અને એટલા માટે એ દિવ્યધ્વનિને અનક્ષરાત્મક કહેવામાં આવે છે, પરંતુ ભગવાન જ્યારે દેશના આપે છે ત્યારે તેમના મુખમાંથી પ્રગટ થતો દિવ્યધ્વનિ અક્ષરાત્મક હોય છે. ભગવાનના સમવસરણની જ્યાં જ્યાં જે રચના થાય છે તેમાં જે ભવ્ય મનુષ્યો આવેલા હોય છે તે બધાંની કુલ ભાષાની સંખ્યા અઢાર અને લઘુભાષાની સંખ્યા સાતસો જેટલી હોય છે અને તે દરેકને ભગવાનની દેશના પોતપોતાની ભાષામાં પરિણમે છે. તદુપરાંત સમવસરણમાં આવેલાં જુદાં જુદાં પ્રાણીઓને ભગવાનની દેશનાની ભાષા પોતપોતાની ભાષાના રૂપમાં પરિણમે છે. શાસ્ત્રકારો ઉપમા આપતાં કહે છે કે જેમ આકાશમાં મેઘવર્ષા એક રૂપે જ હોય છે. પરંતુ નીચે આવ્યા પછી ભિન્નભિન્ન સ્થળ અનુસાર તે વર્ષાનું પાણી જુદે જુદે સ્થળે જુદાં જુદાં રૂપમાં પરિણમે છે. તેવી જ રીતે ભગવાનની વાણી એક જ રૂપની હોવા છતાં સર્વ જીવોને પોતપોતાની ભાષામાં પરિણમે છે. ભગવાનની વાણીનો આ એક અતિશય છે.

સમવસરણ કે પ્રતિહાર્યનું આલંબન લઈ કેટલાક તપ, જાપ કે ધ્યાન દ્વારા જિનેશ્વર ભગવાનની આરાધના કરે છે. દિવ્યધ્વનિના આલંબન દ્વારા થતી આરાધના માટેનો મંત્ર શાસ્ત્રકારોએ આ પ્રમાણે આપ્યો છે : ૐ ह्रीं अजरामर दिव्यध्वनिप्रातिहार्योपशोभिताय श्री जिनाय नमः ।

ભવ્ય જીવોને સ્વર્ગાપવર્ગના કલ્યાણમાર્ગ તરફ આકર્ષનાર જિનેશ્વર ભગવાનની દેશનારૂપી દિવ્યવાણીનો અને પ્રાતિહાર્ય દિવ્યધ્વનિનો મહિમા જેવોતેવો નથી. ધર્મરુચિહીન કે તત્ત્વ-રુચિહીન પૃથક્જનને તો તેની કલ્પના પણ ન આવી શકે !

દૃશ્ય—દૃષ્ટા—દૃષ્ટિ અને સાધના

પં. પન્નાલાલ જગજીવનદાસ ગાંધી

સંસારની તપાસ કરવાની છે આપણા જ્ઞાન દર્શન ઉપયોગમાં. જીવનો સંસારભાવ એ સંસાર છે. સંસારની તપાસ દેહમાં કે બહારના પદાર્થોમાં નથી કરવાની. પોતાની ઊલટી દશા જ્ઞાન-દર્શન ઉપયોગમાં જે વર્તે છે તે સંસાર છે. સદ્‌ચિદાનંદ સ્વરૂપ જે પોતાનું છે તે પોતાનામાં ન આરોપતા બહારના પુદ્‌ગલ દ્રવ્યમાં સચ્ચિદાનંદની બુદ્ધિ સ્થાપી છે. તે સાધના વડે જીવ પોતાને સુખરૂપ માને છે તે જીવનો સંસાર ભાવ – મોહ છે.

જીવ પોતાની દૃષ્ટિમાં ભૂલ કરે છે એટલે જ્ઞાનને બદલે અજ્ઞાન બને છે અને સુખને બદલે દુઃખને પામે છે. ભૂલ-ભરેલી દૃષ્ટિ જીવની અને નિમિત્ત પુદ્‌ગલ દ્રવ્ય છે. માટે ધર્મ એટલે પોતાની ભૂલભરેલી દૃષ્ટિને સુધારવી તે છે. એમણે પોતાની ભૂલભરેલી દૃષ્ટિને સુધારતા નિમિત્ત કારણરૂપ પ્રતિકૂળ પુદ્‌ગલ દ્રવ્યને અને દુઃખના બાહ્ય કારણને હઠાવવા પ્રયત્ન કરીએ છીએ. પરંતુ ભૂલનું મૂળ જે દૃષ્ટિમાંની ભૂલ છે તે નથી સુધારતા.

દૃષ્ટિ સ્વરૂપથી મહિમાવાળી છે. પરંતુ જો દૃષ્ટિ ઊલટી હોય તો દૃશ્યને સહન નથી કરવું પડતું પરંતુ દૃષ્ટાને સહન કરવું પડે છે. આપણી દૃષ્ટિ અને આપણો ઉપયોગ ખોટો છે, ભૂલયુક્ત છે. તેથી અજ્ઞાન અને મોહવશે દુઃખ ભોગવવું પડે છે. મહિમા તો દૃષ્ટિનો છે. દૃષ્ટિને સવળી કરીશું તો આત્માના મહિમાને પામીશું. આત્મશક્તિ ખીલવીશું. આખો સંસાર છે, એ ચિદ્‌શક્તિનો-દૃષ્ટિનો મહિમા છે-ચિદ્‌વિલાસ છે.

ધર્મની શરૂઆત માત્ર ધર્મના ઉપકરણ – સાધનોથી થાય છે અને ત્રણે યોગથી થાય છે, તેમ સમજીએ છીએ તે અધૂરી સમજણ છે. અધર્મ તો આપણી દૃષ્ટિ અને ઉપયોગમાં જે ભૂલ અજ્ઞાન-મોહ આદિ ભાવોને સમ્યગ્ બનાવવારૂપ ઉપયોગમાં થાય છે. અધર્મ અગર ધર્મ ઉભય આપણા જ્ઞાનદર્શન ઉપયોગમાં છે.

દૃષ્ટિની વિપરીતતા એ અધર્મ છે જેને મિથ્યાદૃષ્ટિ કહીએ છીએ કે જેના વડે અજ્ઞાન મોહ રાગ દ્વેષ અને દુઃખ વર્તે છે. દૃષ્ટિની સમ્યગ્તાથી ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને આત્માનું સુખ પ્રવર્તે છે. જેને સમ્યગ્ દૃષ્ટિ કહેવાય છે.

પુદ્‌ગલમાં જે છે નહિ તે સદ્‌ચિદાનંદપણું પુદ્‌ગલમાં જીવ જૂએ છે. અને તે પુદ્‌ગલમાંથી અને તેના વડેથી પોતાને સુખ મળે છે તેમ સમજે છે. આ છે જીવની મહાભયંકર ભૂલ, મૂઢતા, અજ્ઞાનતા જેનાથી જીવ, સુખને બદલે દુઃખ પામે છે, મહાભયંકર ભવાટવિમાં ભમે છે.

જીવ પોતે ચૈતન્યસ્વરૂપ હોવા છતાં જડ એવા પુદ્‌ગલ દ્રવ્યમાં સ્વબુદ્ધિ કરીને તેમાં સુખ – આનંદ – બુદ્ધિ અને સત્ બુદ્ધિ, ચૈતન્યબુદ્ધિ કરે છે. તે જીવની મહાન ભૂલ છે; જે ભૂલનું પરિણામ વિવિધ સ્વરૂપના દુઃખો છે. જેમ વિશ્વમાં ભોગસામગ્રીઓ બધી બહાર પડેલી છે; પરંતુ પુણ્યોદય પ્રમાણે જીવને તે તે સામગ્રી પ્રાપ્ત થાય છે. પણ બધી પ્રાપ્ત થતી નથી તેમ દેહમાં બધા રોગનાં મૂળ બીજરૂપે પડેલાં છે. પરંતુ પાપના ઉદય પ્રમાણે જીવને તે તે રોગની ઉત્પત્તિ થાય છે, અશાતા ભોગવે છે, આવા નાશવંત દેહમાં અને રોગના ઘરમાં આપણે સત્‌ચિદાનંદ બુદ્ધિ સ્થાપીએ છીએ, સુખબુદ્ધિ અને ભોગવૃત્તિ સ્થાપીએ છીએ, અનિત્યમાં નિત્યબુદ્ધિ કરીએ છીએ, પરમાં સ્વની બુદ્ધ કરીએ છીએ, તે જીવની મહાન ભૂલ છે, દોષ છે, આવરણરૂપ છે, દુઃખરૂપ છે. તે જ અધર્મ છે. દૃષ્ટિદોષ છે. જ્ઞાનદર્શનના ઉપયોગની અશુદ્ધિ છે. આ છે વિભાવદશા.

સદ્‌ચિદાનંદ સ્વરૂપ આપણે ઇચ્છીએ છીએ. પરંતુ જ્યાં સદ્‌ચિદાનંદપણું વર્તે છે ત્યાં આત્મામાં દૃષ્ટિ કરતા નથી પરંતુ ઇચ્છા પરની-પુદ્‌ગલ દ્રવ્યની ભોગેચ્છા કરીએ છીએ.

ન્યાં સદ્‌ચિદાનંદપણું છે જ નહિ.

કેવળી ભગવંતના જ્ઞાનમાં દુર રહેલા સર્વ જ્ઞેય પ્રદાર્થ જેમ પ્રતિબિંબિત થાય છે તેમ તેમનો દેહ પણ તેમના જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. તેઓ પોતાના દેહનાં પણ માત્ર જ્ઞાતા – દ્રષ્ટા છે. એક જ આકાશ – ક્ષેત્ર હોવા છતાં અઘાતી કર્મ વર્તવા છતાં, અઘાતી કર્મના તેઓ વેદક – ભોકતા નથી પરંતુ માત્ર જ્ઞાતા છે – દ્રષ્ટા છે.

સંસારભાવમાં રમણ કરતા જીવને ધર્મ પામવો હોય તો ઉપયોગમાં આત્માને શોધવાનો છે. શુદ્ધ નયની અપેક્ષાએ, નિશ્ચય નયની અપેક્ષાએ, ઉપયોગમાં આત્માને શોધીને ઉપયોગથી ઉપયોગને શુદ્ધ કરીને વેદવાનો છે, અનુભવવાનો છે.

શરીરમાં આત્મા રહેલ છે. તે શરીર–ઇન્દ્રિય–પ્રાણ–મન–બુદ્ધિનો મહિમા ગાઇએ છીએ અને તેના સારા માટે મથીએ છીએ. પરંતુ આત્માનું શુદ્ધ સ્વરૂપ, કેવળજ્ઞાનનું સુખ જે લૂંટાઇ રહ્યું છે, તેની લેશમાત્ર ચિંતા આપણે કરતા નથી. શરીર આદિ વચ્ચે રહીને આત્માને શોધવો અને પામવો, સ્વસ્વરૂપના જ્ઞાન–ધ્યાને અને અનુભવથી તે નિશ્ચયથી ધર્મસાધના છે.

આત્માને આપણા વિકલ્પ વડે શોધવાનો છે. આપણા સ્વરૂપને આપણા જ્ઞાન વડે સમજવાનું છે, માટે અભ્યંતર સાધન–આપણા જ્ઞાનસ્વરૂપને સમજવારૂપ સાધન છે. એ ધર્મ માટે સાચું સાધન છે. બહારનું સાધન ધર્મ માટે નથી. ને નિમિત્ત સાધન જરૂર છે.

અભ્યંતર જ્ઞાન–સાધન સ્વરૂપનું જ્ઞાન સમજવા માટે ઉપાદાન કારણ છે, જે નિશ્ચય કારણ છે. જ્યારે દેવ–ગુરુ–ધર્મ–શાસ્ત્ર (શ્રુતજ્ઞાન) એ નિમિત્ત સાધન છે. વ્યવહાર સાધન છે. જેમ પરમાત્મા પાસેથી શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ તેમ તે જ્ઞાન આપણા આત્માના શુદ્ધ સ્વરૂપવાળું પણ છે. તેથી આપણે આપણા સ્વરૂપનું જ્ઞાન પણ પ્રાપ્ત કરીએ છીએ. આપણું સ્વરૂપજ્ઞાન એ ઉપાદાનકારણ છે અને જ્ઞાનીનું શ્રુતજ્ઞાન એ નિમિત્તે કારણ કે કૃતજ્ઞતા નિમિત્તકારણની અવશ્ય માનવાની છે. Attention સાંભળનારનું હોય તો વકતાનું જ્ઞાન પછી શ્રોતાનું જ્ઞાન પણ બની જાય છે.

શ્રવણ માટે વકતાની જરૂર હોય છે. પરંતુ મનન અને નિદિધ્યાસન (અનુભવ) શ્રોતા પોતાનું પોતે કરવાનું હોય છે.

ક્ષપકશ્રેણી ચોથા ગુણસ્થાનકથી મંડાઇ શકે છે. યોગ કરતાં અનેકગણી ઉપયોગની આંતરક્રિયા કરવાની છે. ઉપયોગ જ બંધન છે. અને ઉપયોગ નિરાવરણ થયા પછી બંધનમુકત બને છે. (નિરાવરણ થયા પછી ઉપયોગ બંધનમુકત છે) ભલે દ્રશ્યરૂપ અઘાતી કર્મના ઉદયરૂપ દેહાદિ બંધન દેખાય છે, પણ તે દેહ આત્માને માત્ર આવરણરૂપ છે, પરંતુ ઉપયોગને તે બંધનરૂપ નથી, જ્ઞાન–દર્શન રસને અસર થાય. વિકૃત થાય તો ઉપયોગને બંધન આવ્યું કહેવાય.

આકરી જ્ઞાનદશા એ નિશ્ચય ચારિત્ર છે. સમિતિગુપ્તિ મહાવ્રત એ યોગપ્રધાન ચારિત્ર છે. જે નિશ્ચય ચારિત્રને પ્રાપ્ત કરવા માટે સહાયક છે, બાધક નથી.

આપણે ખરાબ તો વ્યવહાર ખરાબ
આપણે સારા તો વ્યવહાર સારો.

જગતમાં કોઇ ચીજ સારી–ખરાબ છે નહિ. જીવ કેવો છે તે સમજવાનું છે.

મતિજ્ઞાનના વિષયો બધા જ્ઞેય તત્ત્વો છે. ધ્યેયરૂપ પદાર્થનો (પરમાત્મતત્ત્વનો) સંબંધ ધ્યાનથી થાય, સ્મરણથી થાય, વિચારથી પણ થાય અને જપથી પણ થાય.

પાંચે ઇન્દ્રિયોથી જાણે છે એટલે જ્ઞાન પ્રાપ્ત કરે છે તેને જ્ઞાનેન્દ્રિય કહેવાય. અને એ જ પાંચે ઇન્દ્રિયોથી ભોગ ભોગવાય ત્યારે તે ભોગરૂપ છે. અને પાંચેય ઇન્દ્રિયો અંતરમુખ થાય એટલે યોગમાં છે, અંતર્મુખ છે, યોગી છે.

સંકલ્પ બદલાય નહિ. વિકલ્પો બધા જ જ્ઞેયના થાય. સંકલ્પનો પદાર્થ ઉપોદ્દય છે. વિકલ્પના પદાર્થ ઉપાદેય પણ ખરા અને હોય પણ ખરા.

સંકલ્પ – વિકલ્પ આદિ, સ્મરણ આદિ મતિજ્ઞાનમાં થાય છે. એટલે દરેક ક્રિયામાં નવકાર મંત્રનું સ્મરણ કરવું તે જપ છે. તેથી પરમાત્મતત્ત્વની સાથે સંબંધ ચાલુ રહે છે.

આત્માની સાથે જે નજીકમાં નજીક છે, જ્યાં આપણે સ્વયં છીએ, ઉપયોગથી છીએ તે શરીર ઇન્દ્રિયો, પ્રાણ, મન અને બુદ્ધિને બરાબર સમજી–વિચારી અને તે સર્વથી પર થઇને સ્વરૂપને પ્રાપ્ત કરવાનું છે. આપણા ઉપયોગને, મનયોગને સમજવાનો છે અને યોગને પણ સમજવાનો છે.

દુઃખમાં જીવને દુઃખ ન લાગે અને સુખમાં જીવ પાગલ નથી બનતો તો તે સજ્જાય, ઇશ્વરધ્યાનના પ્રતાપે મંદિર, મૂર્તિ, દેવ, ગુરુ, ધર્મ, સત્સંગ આદિથી જીવનમાં સમતુલા આવે છે. 'છે' તેનું સુખ–આનંદ વર્તે છે, 'નથી' તેનો મોહ ઊતરે છે.

સંયમ, તપ આદિ બાહ્ય પંચાચારની પાલનાની ચોકકસ જરૂર છે. પરંતુ તે જ પૂર્ણતત્ત્વ નથી, પરંતુ તે સાધન–તત્ત્વ છે. સંયમ, તપથી આત્માનો અનુભવ થાય તેવું એકાંતે નથી પરંતુ જ્ઞાન–ધ્યાનથી, ધ્યાન, ધારણા સમાધિથી આત્માનો સાક્ષાત્ અનુભવ થાય છે.

ઉપયોગથી બંધ થાય છે અને બંધનું ફળ પણ ઉપયોગ વડે ભોગવાય છે. માટે ઉપયોગ ઉપર વિજય મેળવવાનો છે. જે અશુભ ઉપયોગ ઉપર શુદ્ધ લક્ષ્યે ઉપયોગ કરીને પ્રાપ્ત કરી શકાય છે. ઉપયોગ વડે ઉપયોગ જ (કેવળજ્ઞાનરૂપ) કરવા જેવો છે. બીજું નહીં, ઉપયોગ વડે ઉપયોગમાં સ્થિર રહેશું તો ઘાતીકર્મોનો ક્ષય થશે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીશું.

ધર્મશાસ્ત્ર જો સમજવા હોય તો સ્વરૂપથી સમજવા, સાધનથી ન સમજાય. સાધન પરિવર્તનશીલ છે, અનિત્ય છે, સામાયિક આત્માના જ્ઞાન–દર્શન–ચારિત્ર અને ઉપયોગથી થાય છે. બહારનું સાધન છે તે કટાસણું, ચરવળો, સ્થાપનાજી વિગેરે છે.

ધર્મ – અધર્મ, આકાશ, દ્રવ્ય પર અને જડ છે. છતાં સંસારી જીવ તેનો ઉપયોગ નિર્દોષપણે કરે છે. જ્યારે પુદ્‌ગલ દ્રવ્ય પણ પર અને જડ હોવા છતાં સંસારી જીવ તેનો ઉપયોગ સદોષ કરે છે, કર્તાભોકતાભાવે – દેહભાવે કરે છે.

દરેક દ્રવ્યનો જે પોતાનો ગુણધર્મ છે, તેનું કાર્ય અન્ય દ્રવ્યો માટે છે. જે અન્ય દ્રવ્ય સાથેના સંબંધરૂપ છે. સ્વરૂપ–શકિત પોતાની હોય પરંતુ તેનો ઉપયોગ બીજા માટે થતો

હોય છે. આત્મા પાસે જ્ઞાનશક્તિ છે તે ઉપરાંત આનંદરૂપ વેદનશક્તિ છે. જ્યારે ધર્મ – અધર્મ – આકાશ અને પુદ્ગલાસ્તિકાય ચૈતન્યરહિત હોવાથી તેઓમાં વેદનતત્ત્વ નથી અને તેમની જે સ્વરૂપશક્તિ છે તે અન્ય દ્રવ્યોના ઉપયોગમાં આવે છે. જ્યારે આત્મામાં આનંદવેદન તત્ત્વ છે તેમજ જ્ઞાન-શક્તિથી વિશ્વના સર્વ પરપદાર્થો તેના જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે બીજા દ્રવ્યોને ઉપયોગમાં જ્ઞાનશક્તિ આવે છે તે પરપ્રકાશ છે. આત્મશક્તિ સ્વપ્રતિ આનંદ વેદનરૂપ છે. અને પરપ્રતિ પ્રકાશક સ્વરૂપ છે. જગતનો ઉપયોગ પોતાના જ્ઞાન-દર્શન માટે કરીએ. સાક્ષીભાવ રાખીએ તો આનંદ મળે છે. જ્ઞાનદર્શનનો ઉપયોગ જગત માટે એટલે કે દેહભાવે કરીએ તો અનિત્યતા પ્રાપ્ત થાય છે તેથી દુઃખ થાય છે.

ઘાતીકર્મ હોય ત્યાં સુધી જીવને ઉપયોગ આવરણરૂપ રહે છે. જીવ ચૈતન્ય છે ઉપયોગથી (જ્ઞાન-દર્શન ઉપયોગ) તે ઉપયોગ ઉપર ઘાતીકર્મનું આવરણ રહે છે, ત્યાં સુધી જીવ કેવળજ્ઞાનને વેદી શકતો નથી.

સયોગી કેવળી ભગવંતનો યોગ-ઉપયોગ

(૧) ઉપયોગ-નિર્વિકલ્પ કેવળજ્ઞાન ઉપયોગ.

(૨) યોગ-વિશ્વના જીવોને અરિહંત સિદ્ધનું સ્વરૂપ વાચન-યોગ દ્વારા સમજાવે છે. યોગનો સંબંધ વિશ્વ સાથે છે, કાર્ય કરવા માટે.

કેવળજ્ઞાનનો જેવો ઉપયોગ વીતરાગ સ્વરૂપ છે તેવો વીતરાગ સ્વરૂપ ઉપયોગ સજાતીય એવા મતિજ્ઞાનનો બનાવવો જોઇએ. આપણે આપણા મન-વચન-કાય યોગનો સદુપયોગ કરી વિશ્વના જીવોના કલ્યાણાર્થે વાપરવા જોઇએ. આમ આપણે સયોગી કેવળી ભગવંતનું જીવન જોઇને સાધના કરવાની છે. આમ ભોગી જેટલો જલદી યોગી થાય તેટલું સારું. યોગી જીવે ત્યાં સુધી જગતને ઉપકારી છે. યોગીના ત્રણે યોગ જગતના લોકોના કલ્યાણ માટે છે. સ્વપર કલ્યાણકારી છે. જ્યારે ભોગીના ત્રણેય યોગ પોતાના ભોગ માટે છે. જે સ્વપર દુઃખદ છે. સ્વપર કલેશકારી છે. યોગી અન્ન-વસ્ત્ર-વસતી-ઔષધ ચાર આવશ્યક વસ્તુ જગત પાસેથી બધાને જગતના લોકોને જ્ઞાનદાન દ્વારા સ્વરૂપનું જ્ઞાનભાન કરાવી આપે છે.

સયોગી કેવળી ભગવંત જગતને કેવળજ્ઞાન અને તેનું સ્વરૂપ આપે છે.

આપણે છદ્મસ્થ મતિજ્ઞાન દ્વારા રાગ-દ્વેષ આપીએ છીએ. અગર જો ધર્મ મોક્ષના અર્થી હોઇએ તો ધર્મતત્ત્વ-પરમાત્મતત્ત્વ આપીએ છીએ.

સંસારી પાસે યોગ-ભોગ ઉભય છે.

યોગી પાસે ભોગરહિત યોગ છે. અને પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ માટે સાધના કરે છે. યોગી પરંતુ અભોગી એટલે યોગ દ્વારા દેહ દ્વારા સુખ દુઃખ ન વેદતા-અતીન્દ્રિય સુખ વેદી શકે છે.

યોગ અને ભોગી ત્રણે ભોગ દ્વારા દેહનું અને મનનું સુખ-દુઃખ ભોગવે છે-વેદે છે.

યોગ એટલે યોગી અર્થાત્ ત્રણે યોગ દ્વારા આત્મકલ્યાણ કરવું.

છદ્મસ્થ જ્ઞાનીનો વર્તમાન કાળનો જ્ઞાન-દર્શન ઉપયોગ અસંખ્ય સમયનો છે. જ્યારે કેવળજ્ઞાનનો ઉપયોગ એક સમય રૂપ છે. અવિનાશી એક સમય અને છદ્મસ્થનો અસંખ્ય સમય ઉપયોગનો જે છે તે વિનાશી છે. આપણો વિકલ્પ ક્ષણિક સ્વ છે, કાળથી પર છે, જે વિનાશી છે. પર-વસ્તુ અને વ્યક્તિઓ એ તો ત્રિકાળ પર છે. ક્ષણિક પણ તે સ્વ નથી. જ્ઞેય-જ્ઞાનનો સંબંધ કેવળી ભગવંતને અરીસારૂપ બિમ્બ-પ્રતિબિમ્બરૂપ પૂર્ણ જ્ઞાતા દ્રષ્ટારૂપ છે. અકર્તા-અભોકતારૂપ છે. જ્યારે જ્ઞેય-જ્ઞાનનો છદ્મસ્થ જીવને સંબંધ છે તે ત્રિકરણ-મણરૂપ છે. જે કર્તા ભોકતારૂપ છે. જે સદ્ભાવ વિકારી મોહ અજ્ઞાનરૂપ છે.

ચોથા ગુણસ્થાનકથી અકર્તા-અભોકતાપણાની શરૂઆત થાય છે; જે દશમા ગુણ સ્થાનકે પૂર્ણ બને છે.

સાધ્ય જ્ઞાનદર્શન, સાધન પણ જ્ઞાનદર્શન; સ્વરૂપ પણ જ્ઞાનદર્શન છે. જ્યાં સુધી જ્ઞાનદર્શનને સાધન નહિ બનાવીએ, ઉપયોગને નિર્વિકલ્પ – નિર્વિકારી ઉપયોગ નહિ બનાવીએ ત્યાં સુધી સાધ્ય – સિદ્ધિ નહિ થાય. જ્ઞાનદર્શન ઉપયોગમાંથી જીવે પોતાનામાં રહેલ કર્તા ભોકતાભાવરૂપ વિકારી ભાવો કાઢી નાખવા જોઇએ. ગુરુ અને ગ્રંથ પાસેથી જ્ઞાન-દર્શન લેવાનું છે. સમજણ લેવાની છે. અને પોતાના જ્ઞાનદર્શન ઉપયોગમાંથી કર્તા ભોકતાભાવ કાઢી નાખવાના છે. નિર્વિકલ્પ ઉપયોગવંત બનવાનું છે.

સહુ કોઇ પ્રાપ્ત યોગ વડે પોતાના ઉપયોગથી શુદ્ધિ કરી ઉપયોગવંત બને, કેવળજ્ઞાન પ્રાપ્ત કરે એવી અભ્યર્થના.

સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
વાર્ષિક સામાન્ય સભા

સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૨૩મી સપ્ટેમ્બર, રોજ સાંજના ૪-૦૦ કલાકે સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત્ વર્ષના વૃતાંત તથા સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો મંજૂર કરવા.

(૨) નવા વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા.

(૩) સંઘના પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.

(૪) સંઘ તેમજ વાચનાલય-પુસ્તકાલયના ઓડિટર્સની નિમણૂંક કરવી.

વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

તા. ક. ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘનો વૃત્તાંત તથા સંઘ તેમજ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૧૧-૯-૧૯૮૯ થી તા. ૨૦-૯-૧૯૮૯ સુધીના દિવસોમાં બપોરના ૧ થી ૫ સુધીમાં કોઇપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઇને પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો બે દિવસ અગાઉ લેખિત મોકલી આપવા વિનંતી.

લિ.

શૈલેશ એચ. કોઠારી — **કે. પી. શાહ**
વસુબહેન સી. ભણસાલી — **નિરુબહેન એસ. શાહ**
ધીરજલાલ કુલચંદ શાહ — મંત્રીઓ
સહમંત્રીઓ

મુનિ સેવા આશ્રમ

દવાની કાયમી તિથિ માટે અત્યાર સુધીમાં નોંધાયેલી રકમ

૫૧૦૦૦ શ્રી કાંતિલાલ નારણદાસ શાહ
૭૫૦૦ ડો. રમણલાલ ચી શાહ, શ્રીમતી તારાબહેન ર. શાહ અને પરિવાર તરફથી
૭૫૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૭૫૦૦ શ્રીમતિ પુષ્પાબેન મનુભાઇ મોરજરિયા
૭૫૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૭૫૦૦ શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ કામદાર
૭૫૦૦ શ્રી ચિનુભાઈ છગનલાલ શાહ
૭૫૦૦ એક શુભેચ્છક
૫૦૦૦ શ્રી ઓટોમેટીક એન્ટરપ્રાઇઝ હઃ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
૫૦૦૦ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૫૦૦૦ શ્રીમતી સંયુકતાબહેન મહેતા
૫૦૦૦ ,, શમી'બહેન ભણશાળી
૫૦ ૦ ,, સુલિબહેન અનિલભાઇ હીરાણી
૫૦૦૦ શ્રી શાંતિલાલ બી. ગાંધી
૫૦૦૦ શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ
૨૫૦૦ સ્વ. છબલબહેન પી. શાહના સ્મરણાર્થે
૨૫૦૦ શ્રીમતી સવિતાબહેન કે. શાહ
૨૫૦૦ શ્રી કે. પી. શાહ
૨૫૦૦ ,, મિલ્ટન પ્લાસ્ટીક હ : શ્રી દિનેશભાઇ વાઘાણી
૨૫૦૦ શ્રીમતી કલાબહેન શાંતિલાલ મહેતા
૨૫૦૦ શ્રી શાંતિલાલ બાલભાઇ મહેતા
૨૫૦૦ શ્રીમતી કુસુમબહેન એન. ભાઉ
૨૫૦૦ ,, નરેન્દ્રભાઇ ભાઉ
૨૫૦૦ ,, ભૂપતભાઇ ઉમિયાશંકર મહેતા
૨૫૦૦ સ્વ. લખમશી ઘેલાભાઇ કચ્છ, દુર્ગાપુરવાળાના સ્મરણાર્થે
૨૫૦૦ શ્રીમતી રતનબહેન લખમશી ઘેલાભાઇના કચ્છ દુર્ગાપુરવાળા હ : શ્રી વસનજી લખમશી
૨૫૦૦ સ્વ. રામભાઇ લખમશી ઘેલાભાઇના સ્મરણાર્થે
૨૫૦૦ શ્રીમતી મીરાંબહેન મહેતા
૨૫૦૦ ,, ચંપાબહેન હીરાલાલ શાહ હઃ શ્રી યશોમતીબહેન
૨૫૦૦ શ્રી ઉત્તમચંદ એસ. શાહ
૨૫૦૦ શ્રીમતી નીરુબહેન તથા શ્રી સુબોધભાઇ શાહ
૨૫૦૦ ,, વસુમતીબહેન સી. ભણસાળી
૨૫૦૦ શ્રી અરવિંદભાઇ ચોકસી
૨૫૦૦ શ્રી ડો. કે. બી. પીસપાટીની સ્મૃતિમાં હ : શ્રી કમલાબહેન પીસપાટી
૨૫૦૦ શ્રી અમર જરીવાળા
૨૫૦૦ શ્રી જયંતીલાલ કસ્તૂરચંદ શાહ
૨૫૦૦ શ્રી એક સદ્‌ગૃહસ્થ હઃ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૨૫૦૦ શ્રી ધનવંતભાઇ ટી. શાહ
૨૫૦૦ શ્રીમતી જયાબહેન વીરા
૨૫૦૦ શ્રીમતી રિમતાબહેન તથા શિરીષભાઇ કામદાર
૨૫૦૦ શ્રી નાનજીભાઇ ઓભાણ હ : શ્રી મીનાબહેન શાહ
૨૫૦૦ શ્રીમતી સરસ્વતીબહેન ડાહ્યાભાઇ ઝવેરી હ : શ્રી નીરુબહેન
૨૫૦૦ સ્વ. ડાહ્યાભાઇ ભોળાભાઇની સ્મૃતિમાં હઃ શ્રી ભુપેન્દ્રભાઇ
૨૫૦૦ શ્રી માણેકભાઇ સવાણી
૨૫૦૦ શ્રી પ્રવીણચંદ્ર ટી. શાહ
૨૫૦૦ શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
૨૫૦૦ શ્રીમતી વિમળાબહેન ગુણવંતલાલ શાહ

૨૧૮૫૦૦

સ્વ. મોહનલાલ પારેખ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના વિદ્યમાન સ્થાપક સભ્યોમાંના એક શ્રી મોહનલાલ રતનચંદ પારેખનું ૯૨ વર્ષની વયે તા. ૨૯મી જુલાઇ, ૧૯૮૯ના રોજ મુંબઇમાં અવસાન થયું છે. એ ઘટનાની નોંધ લેતા અમે દુઃખ અનુભવીએ છીએ.

સંઘની સાડ વર્ષ પૂર્વે સ્થાપના થઇ ત્યારે એના યુવાન સ્થાપક સક્રિય સભ્યોમાં શ્રી મોહનલાલ પારેખ પણ એક અગ્રગણ્ય કાર્યકર્તા હતા, સ્થાપનાના સમયથી જીવનના અંત સુધી તેઓ સંઘ સાથે ગાઢ રીતે સંકળાયેલા રહ્યા હતા. તેમણે સ્વ. મણિલાલ મોકમચંદ શાહ, સ્વ. પરમાનંદ કાપડિયા, સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ વગેરે સાથે રહીને સંઘની પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જૈનધર્મમાં તેમને ઊંડી શ્રદ્ધા હતી. તેઓ પ્રગતિવાદી અને આધુનિક વિચારસરણી ધરાવતા હતા. અપંગોને અને બહેનોને કેળવણી આપવા માટે તેમનો સવિશેષ આગ્રહ હતો. અનેક ભાઇ-બહેનોને પગભર થવામાં તેઓ હંમેશ સહાય કરતા રહ્યા હતા. સ્વભાવે તેઓ અત્યંત મૃદુ અને સમતાવાળા હતા. છેલ્લા છએક મહિનાથી તેઓ પગના હાડકાની પીડાને કારણે પથારીવશ રહ્યા હતા. તેમ છતાં તેઓ કયારેય નિરાશા કે હતાશા અનુભવતા નહોતા. શારીરિક વેદનાને તેઓ શાંતિથી સહન કરતા હતા.

થોડા સમય પહેલા સંઘના હીરક મહોત્સવ પ્રસંગે ત્રણ વિદ્યમાન સ્થાપક સભ્યોનું બહુમાન કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તે સમયે પોતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શકયા ન હતા પરંતુ તેમણે પ્રેરણા ને શુભેચ્છાનો પોતાનો સંદેશો મોકલાવ્યો હતો. એમના વતી એમની દિકરીઓ બંસરીબહેન અને જ્યોતિબહેને બહુમાનનો સ્વીકાર કર્યો હતો.

સમાધિપૂર્વક દેહ છોડી પોતાની જીવનલીલા સંકેલી લેનાર સંઘના સ્થાપક સભ્ય સ્વ. મોહનલાલ પારેખને શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. -તંત્રી

અજ્ઞાનીની સોબત ન કરો

(પૃષ્ઠ ૨ ૫થી ચાલુ)

રાજાને જણાયું હતું કે મહાત્મા કેદમાં દાખલ થયા પછી બધા કેદીઓ સાથે હળીમળીને રહેતા અને તેમને રાતદિવસ જાતજાતનો ઉપદેશ આપતા. એને લીધે કેદની સજા પામેલા કેટલાયે કેદીઓના હૃદયનું કાયમી પરિવર્તન થયું હતું. મહાત્મા કેદીઓને કહેતા કે તેમની સાથે કેદમાં દિવસરાત સાથે રહેવા મળે માટે જ તેઓ નાનકડી ચોરી કરી લેતા હતા.

રાજાને, લોકોને અને મહાત્માના શિષ્યોને જ્યારે ખબર પડી કે મહાત્મા પોતે લોકોમાંથી ગુનાખોરી ઓછી થાય તે માટે જાણી જોઈને નાનકડી ચોરી કરી લેતા કે જેથી કેદીઓના નિકટના સંસર્ગમાં તેઓ રહી શકે અને તેઓના જીવનને તેઓ સુધારી શકે. વારંવાર કેદની સજા ભોગવીને તેમણે સમગ્ર રાજ્યમાં ગુનાઓનું પ્રમાણ ઘણું ઓછું કરી નાખ્યું. મહાત્માની આરંભમાં ઘણી અપકીર્તિ થઇ, પરંતુ એમના આશયની અને યુક્તિની લોકોને જ્યારે ખબર પડી ત્યારે લોકોનું તે મહાત્મા પ્રત્યેનું માન ઘણું વધી ગયું. જાતે અપકીર્તિ વહોરીને લોકોને કલ્યાણના માર્ગે લઇ જવાની કરુણાભરી એમની દ્રષ્ટિ હતી.

ખરાબ માણસોના સંગમાં રહીને પણ પોતે ખરાબ ન થતાં, ખરાબ માણસોને સુધારવાનું ભગીરથ કાર્ય આવા મહાત્માઓ કરી શકતા હોય છે. એ માટે પોતાનામાં પૂરું સામર્થ્ય, પૂરું આત્મબળ હોવું જરૂરી છે.

જેમ વ્યાવહારિક ક્ષેત્રે તેમ ધાર્મિક કે આધ્યાત્મિક ક્ષેત્રે પણ કુસંગને કારણે વિષમ ઘટનાઓ નથી બનતી એમ ન કહી શકાય. દુનિયાના બધા જ ધર્મના ક્ષેત્રમાં વત્તેઓછે અંશે સડો તો રહેલો છે. એમાં પણ પહેરવેશથી કે ધર્મક્રિયાથી બહુ ધાર્મિક દેખાતા માણસોના હૃદયમાં પણ અધાર્મિક વાસનાઓ ગુપ્ત કે સુષુપ્તપણે પડેલી હોય છે. સરખી સોબત મળી જતાં ત્યાં અનાચાર ચાલુ થાય છે. એવા ક્ષેત્રમાં પણ માણસે સંગત કરતાં પહેલાં સામી વ્યકિતની પાત્રતાનો વિચાર કરી લેવો જોઇએ અને ઉતાવળે સંબંધ બાંધવા કરતાં થોડા અનુભવે પરીક્ષા કરીને એ સંગત વધારવી કે નહિ તેનો નિર્ણય કરી લેવો જોઇએ. માણસને જ્યાં એમ લાગે કે બાહ્ય દૃષ્ટિએ પવિત્ર દેખાતી વ્યકિતના સંપર્કમાં આવવાથી પોતાનું નૈતિક અધઃપતન જ થવાનું છે, ત્યાં તેણે હિંમતપૂર્વક તેવી સંગત છોડી દેવી જોઇએ.

ધાર્મિક કે આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરવાની ભાવના-વાળાએ અન્ય વ્યકિતની ધાર્મિક કે આધ્યાત્મિક પાત્રતાનો વિચાર વધારે સૂક્ષ્મ રીતે કરવાની અપેક્ષા રહે છે. કેટલાક માણસોને તત્ત્વચર્ચામાં ઘણો રસ હોય છે, પરંતુ તેમની વૃત્તિઓ તો પાર્થિવ વિષયોમાં દોડયા કરતી હોય છે. એવી વ્યકિત સાથેના સંબંધથી તાત્ત્વિક જ્ઞાન કદાચ વધે કે ન વધે તોપણ, તેમના સ્થૂળ ભૌતિક રસના પ્રભાવને કારણે સંગત કરનારના પોતાનામાં ભૌતિક વાસનાઓ જાગવાનો સંભવ રહે છે. ભોજનની સ્વાદિષ્ટ વાનગીઓ, સુંદર વસ્ત્રપરિધાન, સુખવૈભવનાં આકર્ષક સાધનો, સ્ત્રી, ધન, વગેરેની સ્થૂલ કે સૂક્ષ્મ આસકિત, કીર્તિ-પ્રસિદ્ધિની લાલસા, લોકો ઉપરનું પ્રભુત્વ, આત્મશ્લાઘા વગેરે પ્રકારનાં લક્ષણો જેનામાં ઠાંસી ઠાંસીને ભરેલાં હોય તેવા કહેવાતા મહાત્માઓ ધર્મ કે તત્ત્વજ્ઞાનની ગમે તેટલી મોટી વાતો કરે અને છટાદાર વકતૃત્વશકિતને કારણે અનેક લોકોને આકર્ષે તોપણ તેવા ધર્મનેતાઓના સંસર્ગથી ધાર્મિક લાભ મેળવવાની ભાવનાવાળાને તો પતનના માર્ગે જવાનું જ વિશેષ બને છે. કોઇવાર એવું પણ બને કે એવા ધર્મનેતા પોતાની આત્મિક શકિતથી ઘડીકમાં જાગૃત થઇ, સ્વસ્થ થઇ પોતાની જાતને પતનના માર્ગે જતાં અટકાવી કે સંભાળી લઇ શકે, પરંતુ એના પ્રભાવમાં આવ્યા પછી પતનના માર્ગે ઘસડાવા લાગેલા સામાન્ય ભકતોને માટે તેમાંથી નીકળવું અઘરું કે અશકય બની જાય છે. એવા કેટલાક ધર્મનેતાઓ પોતે ડૂબતાં બચી જાય છે, પરંતુ એને અનુસરનારાઓ ડૂબી જાય છે. સમર્થ માણસોનો પ્રમાદ, એટલા જ સામર્થ્યથી, દૂર થવાની શકયતા રહે છે. અસમર્થ માણસોનો પ્રમાદ તેમને દુર્ગતિ તરફ ઘસડી જાય એવી સંભાવના વિશેષ જોવા મળે છે.

માણસો અન્ય વ્યકિતઓનો સંગ કરે છે અથવા તેમનાથી અજ્ઞાનીનો સંગ થઇ જાય છે, પરંતુ અપ્રમત્ત માણસો પતનના માર્ગે લઇ જનારા સંગને નિવારે છે. એટલા માટે જ ભગવાને સાધના કરવા ઇચ્છનાર સાધુઓને કહ્યું છે: अलं बालस्स संगेणं.

વિવિધ પ્રકારના સંગોમાં પોતાના જ આત્મા જેવો ઉત્તમ બીજો કયો સંગ હોય? એટલે જ જ્ઞાની મહાત્માઓ યોગ્ય સંગ ન મળે તો નિઃસંગ રહેવાનું પસંદ કરતા હોય છે કારણ કે અસંગ એ પણ એક અપેક્ષાએ ઉત્તમ સંગ છે.

—રમણલાલ ચી. શાહ

અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાંના રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૯-૩૦ થી ૧-૩૦ સુધી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો-ઓપરેટિવ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, પ્રાર્થના સમાજ, મુંબઇ-૪૦૦૦૦૪ [ફોનઃ ૩૫૦૨૯૬] ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૩-૦૦થી ૫-૦૦ સુધી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઝાલાવાડનગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૮. ખાતે ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોકત સારવાર વિનામૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ — કે. પી. શાહ
સંયોજક — નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ,

એકયુપ્રેશર તાલીમ વર્ગ

સંઘના ઉપક્રમે એકયુપ્રેશર પદ્ધતિ દ્વારા સારવાર માટેના નિઃશુલ્ક તાલીમ વર્ગ અંગ્રેજી ભાષામાં સોમવાર, તા. ૧૧ મી સપ્ટેમ્બર, ૧૯૮૯ થી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. માર્ગ, રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઇ-૪૦૦ ૦૦૪ (ફોન : ૩૫૦૨૯૬) ખાતે શરૂ થશે. બાર સપ્તાહ સુધી દર સોમવારે બપોરના ૨-૦૦ થી ૪-૦૦ સુધી ચાલનારા આ વર્ગનું સંચાલન શ્રી જગમોહનભાઇ દાસાણી કરશે. આ તાલીમ વર્ગમાં જોડાવા ઇચ્છુક ભાઇ-બહેનોએ સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી છે. —મંત્રીઓ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સોમવાર, તા. ૨૮-૮-૧૯૮૯ થી મંગળવાર, તા. ૫-૯-૧૯૮૯ સુધી એમ નવ દિવસની વ્યાખ્યાનસભાઓ બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ-૪૦૦ ૦૦૭ મધ્યે યોજવામાં આવી છે. આ નવેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૧૫ અને ૯-૩૦ થી ૧૦-૧૫ એમ રોજ બે વ્યાખ્યાનો રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

દિવસ	તારીખ	વ્યાખ્યાતા	વિષય
સોમવાર,	૨૮-૮-૮૯	૧. પૂ. સાધ્વીશ્રી નગીનાજી	कर्मवाद मनोविज्ञानके परिप्रेक्ष्यमें
		૨. શ્રી શશિકાન્ત મહેતા	કરેમિભંતેનું વિજ્ઞાન
મંગળવાર,	૨૯-૮-૮૯	૧. પ્રા. તારાબહેન ર. શાહ	ત્રિશલા માતાનાં સ્વપ્ન
		૨. ડૉ. અશ્વિન કાપડિયા	સાવિત્રી-નવા યુગનું વરદાન
બુધવાર,	૩૦-૮-૮૯	૧. પૂ. સ્વામીશ્રી બ્રહ્મેશાનંદજી	मानवका वास्तविक स्वरूप
		૨. ડૉ. રમણલાલ ચી. શાહ	મિથ્યાત્વનું સ્વરૂપ
ગુરુવાર,	૩૧-૮-૮૯	૧. ડૉ. સુમન શાહ	સાહિત્ય, સમાજ અને સમૂહ માધ્યમો
		૨. ડૉ. મોતીભાઇ પટેલ	મનુષ્યનાં ત્રણ કર્તવ્ય-વાંચવું વિચારવું અને વિકસવું.
શુક્રવાર,	૧-૯-૮૯	૧. ડૉ. રમણલાલ જોશી	શ્રી અરવિંદ-જીવન અને દર્શન
		૨. ડૉ. નરેન્દ્ર ભાણાવત	तनाव मुक्तिका साधन-प्रतिक्रमण
શનિવાર,	૨-૯-૮૯	૧. શ્રી નાગજીભાઇ દેસાઇ	કરુણાનું વાવેતર
		૨. શ્રી હીરાલાલ જૈન	જૈન એકતા
રવિવાર,	૩-૯-૮૯	૧. ડૉ. (શ્રીમતી) સુષમા સિંઘવી	सामायिक और स्वाध्याय
		૨. શ્રી જયેન્દ્ર ત્રિવેદી	ભગવાન બુદ્ધ
સોમવાર,	૪-૯-૮૯	૧. પૂ. સાધ્વીશ્રી જયંતપ્રભાશ્રીજી	મોક્ષનું પાથેય
		૨. ડૉ. સાગરમલ જૈન	स्वहित और लोकहित
મંગળવાર,	૫-૯-૮૯	૧. ડૉ. ગુણવંત શાહ	ચાલો, જીવવાનું કાવતરું રચીએ
		૨. ડૉ. રમણલાલ ચી. શાહ	ભક્તામર સ્તોત્રનું રહસ્ય

વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૨૦ સુધી પ્રાર્થના અને ભજનો રજૂ થશે. અનુક્રમે શ્રીમતી ખેરાજ ચેટરજી, શ્રીમતી રેખા પરીખ, શ્રી જતીન શાહ, શ્રીમતી શીલા શેઠીયા, શ્રીમતી શૈલજા ચેતન શાહ અને શ્રી વિક્રમ નિઝામા, શ્રીમતી હંસા બદરીનાથ, શ્રીમતી ચંદ્રા કોઠારી, શ્રીમતી શોભા સંઘવી અને શ્રીમતી શારદા ઠક્કર.

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, શુભેચ્છકો તથા મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે.

લિ.

શૈલેશ એચ. કોઠારી	રમણલાલ ચી. શાહ-પ્રમુખ	કે. પી. શાહ
વસુમતીબહેન સી. ભણસાલી	ચીમનલાલ જે. શાહ-ઉપપ્રમુખ	નિરુબહેન એસ. શાહ
ધીરજલાલ કુલચંદ શાહ	પ્રવીણચંદ્ર કે. શાહ-કોષાધ્યક્ષ	મંત્રીઓ
સહમંત્રીઓ		

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ - ૪૦૦૦૦૪, ટે. ન. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪

વર્ષ : ૫૧ * અંક ૯-૧૦ : * તા. ૧૬-૯-૧૯૮૯.....Regd. No. MH. By / South 54 * Licence No. 1 37

પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર * પરદેશમાં રૂા. ૩૦૦/-

તંત્રી : રમણલાલ ચી. શાહ

દયાપ્રેરિત હત્યા–ઇતર અને જૈન દૃષ્ટિ

સંસારમાં જન્મ-મરણનું ચક્ર પ્રતિક્ષણ ચાલ્યા કરે છે. મૃત્યુ નૈસર્ગિક રીતે આવ્યા વિના રહેવાનું નથી. એના આવવાની સમયાવધિ પહેલાં અકસ્માત, ખૂન, રોગચાળો, યુદ્ધ, દુકાળ, પૂર વગેરે દ્વારા અકાળે, અનિચ્છાએ એ આવે છે. સ્વેચ્છાએ પોતાના જીવનનો અચાનક અંત આણવાના પ્રયત્નો આત્મહત્યા દ્વારા થાય છે દુનિયાના કેટલાક દેશોમાં આત્મહત્યા કાયદેસર ગણાય છે અને કેટલાક દેશોમાં કાયદાની દૃષ્ટિએ એ ગુનો લેખાય છે વૃદ્ધ બીમાર, વિકલાંગ, લાચાર કે અશક્ત માણસનું વેદનાને કારણે જીવન જ્યારે અસહ્ય બોજારૂપ કે નાલેશીભર્યું બની જાય છે અને મૃત્યુ વહાલું કે છુટકારારૂપ લાગે છે અને તેની વેદના નજરે જોવી એ બીજાઓને દુઃખમય લાગે છે ત્યારે દયાના ભાવથી પ્રેરાઇને એના જીવનનો અંત આણવો કે કેમ એ પ્રશ્નની–'Mercy Killing' અથવા 'યુથનેઝિયા'ની ચર્ચા વારંવાર થાય છે.

માનવીને જેમ સન્માનપૂર્વક કે ગૌરવપૂર્વક જીવવાનો અધિકાર હોવો જોઇએ તેમ સન્માનપૂર્વક કે ગૌરવપૂર્વક જીવનનો અંત લાવવાનો–મરવાનો અધિકાર પણ હોવો જોઇએ. એ તર્ક સાચો હોય તોપણ દયાપ્રેરિત હત્યાની બાબતમાં એ તર્ક કેટલો સાચો છે અને કેટલો ભ્રામક છે એ વિચારણીય છે. મનુષ્ય પોતાના જીવનનો માલિક છે. એ અર્થમાં પોતાના જીવનનો અંત આણતાં રોકવાનું સહેલું નથી. અહીં આત્મહત્યાના સ્વરૂપનો વિવિધ પાસાંઓનો વિચાર ન કરતાં કોઇ વ્યકિત દયાના ભાવથી પ્રેરાઇને અન્ય વ્યકિતની હત્યા કરે તો તે કેટલે અંશે યોગ્ય છે તેનો વિચાર કરીશું.

દયાપ્રેરિત હત્યાનો વિષય અત્યંત ગહન અને ગંભીર છે. એની વિચારણા આજકાલની નથી. 'હવે તો મોત આવે તો સારું, કે જેથી જલદી છુટાય'– એવો ભાવ કે વિચાર જ્યારથી માનવજાતમાં જન્મ્યો હશે ત્યારથી એટલે કે હજારો વર્ષથી અથવા આદિકાળથી એક અથવા અન્ય પ્રકારે આ વિચારણા થતી આવી છે. અહીં દયાપ્રેરિત હત્યા વિશે માત્ર કેટલાંક દૃષ્ટિબિન્દુથી વિચારણા કરી છે.

દયાપ્રેરિત હત્યા એ શબ્દો જ કેટલાકની દૃષ્ટિએ પરસ્પર વિરુદ્ધ છે. જ્યાં હત્યા છે ત્યાં દયા હોઇ શકે નહિ અને જ્યાં સાચી દયા છે ત્યાં વ્યકિતની હત્યાનો ભાવ જન્મી શકે નહિ. એટલે આ વિષયને દયાપ્રેરિત હત્યાને બદલે 'નિર્દયતા પ્રેરિત હત્યા' તરીકે જ દર્શાવવો જોઇએ એમ કેટલાકને લાગે છે. હત્યા શબ્દમાં ક્રુરતાનો ભાવ હોવાને કારણે કેટલાક લોકો 'દયાપ્રેરિત મૃત્યુ' એવો શબ્દપ્રયોગ કરે છે, પરંતુ એ શબ્દપ્રયોગ ભ્રામક નીવડવાનો સંભવ છે. કારણકે ત્યાં સ્વાભાવિક મૃત્યુની વાત નથી, પરંતુ કોઇક દ્વારા અચાનક જીવનનો અંત આણવાની વાત છે. એટલે એ માટે 'મૃત્યુ' કરતાં 'હત્યા' શબ્દ વધુ યોગ્ય મનાય છે.

દયાપ્રેરિત હત્યાના વિષયની વિચારણા ભૌતિકવાદીઓ એક રીતે કરવાના, ધર્મનેતાઓ બીજી રીતે કરવાના. વળી સમાજશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો અને તબીબો જુદી જુદી રીતે એનો વિચાર કરવાના. દરકને પોતપોતાનો જુદો દૃષ્ટિકોણ હોય એ સ્વાભાવિક છે. દુનિયાની વધતી જતી વસતી અને વધતી જતી સમસ્યાઓના પરિપ્રેક્ષ્યમાં ભિન્ન લોકો ભિન્ન ભિન્ન રીતે એનો વિચાર કરે એ સ્વાભાવિક છે. આપઘાત અને ગર્ભપાતના જેવો જ આ વિવાદાસ્પદ વિષય રહેવાનો.

દુનિયામાં જૈન, હિન્દુ. બૌદ્ધ વગેરે કેટલાક ધર્મો જન્માન્તરમાં અને કર્મના સિદ્ધાંતમાં માને છે. બીજી બાજુ યહૂદી, ખ્રિસ્તી અને ઇસ્લામધર્મ પુનર્જન્મમાં માનતા નથી. એટલે દયાપ્રેરિત હત્યાના વિષયની ચર્ચા પુનર્જન્મમાં માનતા ધર્મની દૃષ્ટિએ એક પ્રકારની રહેવાની અને પુનર્જન્મમાં ન માનનારા ધર્મની દૃષ્ટિએ જુદા પ્રકારની રહેવાની. વળી જેઓ ધર્મમાં કે આત્મામાં બિલકુલ જ માનતા નથી એવા ભૌતિકવાદીઓની દૃષ્ટિ પણ આ બાબતમાં જુદી રહેવાની.

દયાપ્રેરિત હત્યાના વિષયમાં યુવાન વ્યકિતની હત્યા અને વૃદ્ધ વ્યકિતની હત્યાનો વિચાર પણ જુદી જુદી રીતે થવો જોઇએ. શારીરિક ભયંકર પીડાથી બહુ જ રિબાતી યુવાન વ્યકિત પોતે કયારેક એમ કહેતી હોય છે કે 'હવે તો મોત જલદી આવે તો છૂટું' એ જ વ્યકિત પોતાનું દર્દ શમી જતાં અને રોગ મટી જતાં ફરી પાછી સ્વસ્થ બની જાય છે અને એને એમ લાગે છે કે તે વખતે મૃત્યુ ન આવ્યું તે સારું થયું. મૃત્યુની સમીપ જઇ આવવાના કારણે પછીથી તેની જીવનદૃષ્ટિ પણ બદલાઇ જાય છે. એવી રીતે બચી ગયેલી કેટલીક વ્યકિતઓ શેષ જીવન વધુ સાર્થક રીતે જીવી શકે છે.

કેટલીકવાર વ્યકિત પોતે દર્દથી બહુ રિબાતી હોય, શરીર દુર્ગંધમય બની ગયું હોય તોપણ એને પોતાને મરવું ગમતું નથી બીજી બાજુ સગાંસંબંધીઓને એમ થાય કે હવે એ વ્યકિત દુઃખમાંથી છૂટે તો સારું. આવી જ્યાં વિસંગત પરિસ્થિતિ હોય તેવે વખતે પણ દયાપ્રેરિત

હત્યાની છૂટવાળા કાયદાનો ગેરલાભ લેવાય એવી શકયતા રહે છે. વળી, બીમાર વ્યકિતના ચિત્તની અસ્થિરતા પણ રહેવાનો સંભવ હોય છે. અસ્વસ્થ હોય ત્યારે મૃત્યુ વાંછે અને સ્વસ્થતા આવે ત્યારે એને જીવવું ગમે એવી વારંવાર બદલાતી પરિસ્થિતિમાં હત્યાનો નિર્ણય લેવાનું કેટલે અંશે ડહાપણભર્યું" છે તે પ્રશ્ન પણ રહે છે.

જે માણસો અતિશય વેદના ભોગવતી વખતે એમ બોલતા હોય છે કે 'હે ભગવાન ! હવે તો મોત આવે તો સારું" એવા કેટલાક યુવાનો કે વૃદ્ધો જ્યારે ખરેખર મૃત્યુ આપીને ઊભું રહ્યું હોય ત્યારે તેનાથી દુર ભાગવાનો વિચાર કરતા હોય છે. જે કેટલાક લોકો અંતિમ અવસ્થાનું દર્દ, આખરી માંદગી કે Terminal Diseaseના તબકકામાં હોય છે અને મૃત્યુ હવે બેચાર દિવસમાં પોતાનો કોળિયો કરી જશે એવો ભાસ થાય છે, ત્યારે અત્યંત અસ્વસ્થ થઇ જાય છે. અલબત્ત કેટલાક તે સમયે જાગ્રત અવસ્થામાં સમાધિપૂર્વકની શાંતિ અનુભવતા હોય છે. પરંતુ તેની ટકાવારી ઘણી ઓછી હોવાની.

કોઇકવાર એવા બનાવો પણ જોયા કે સાંભળ્યા છે કે જ્યારે કોઇ એક વૃદ્ધ વ્યકિત બીમાર હોય, બેભાન અવસ્થામાં હોય અને ડોકટરોની ટીમે બધા રિપોર્ટને આધારે એવો અભિપ્રાય આપ્યો હોય કે એ વ્યકિત હવે ગણતરીના કલાકોમાં જ પોતાનો દેહ છોડશે. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે એવી ઘટના બને છે કે એ બેભાન વ્યકિત ભાનમાં આવે છે, આંખ ખોલે છે, ઉપચારો થતાં એના શરીરમાં ફરી પાછું ચેતન આવે છે અને સ્વસ્થ થઇ એ ઘરે જાય છે. એનું આરોગ્ય પાછું સારું થાય છે અને ઘણાં વર્ષ સુધેથી તે પસાર કરે છે. વૃદ્ધ હોવા છતાં પણ નવજીવનરૂપે મળેલાં એ વર્ષો એના જીવનને વધુ કૃતાર્થ કરે છે.

કોઇકવાર એવી ઘટના પણ બનતી સાંભળવા મળે છે કે પોતાના કુટુંબની એક વૃદ્ધ વડીલ વ્યકિત માંદી પડે છે. તેને હોસ્પિટલમાં રાખવામાં આવે છે. તેનું જીવન બચાવી લેવા માટે ઉપચારો કરવામાં આવે છે, પરંતુ એ ઉપચારો બહુ મોંઘા હોય છે છતાં નછૂટકે કરવા પડે છે અથવા કરવાની સગાંસંબંધીઓ તરફથી ફરજ પાડવામાં આવે છે. મૃત્યુ પામનાર વ્યકિત પાંચ – પંદર દિવસ તબીબી ઉપચારોથી વધુ જીવે છે, પરંતુ એથી એનું કુટુંબ આર્થિક રીતે પાયમાલ થઇ જાય છે. કયારેક તે મોટા દેવામાં ઊતરી પડે છે. એવે વખતે ઘરના સ્વજનોને જનાર વ્યકિત માટે એટલો બધો ઉત્કટ સ્નેહ – રાગ નથી હોતો અને આર્થિક તકલીફને કારણે પોતાના કુટુંબની વ્યકિત માટે 'મરતા ગયા અને અમને મારતા ગયા' એવો ભાવ તેઓ અનુભવે છે. કયારેક કુટુંબીજનો પોતાના ભાવ લોકભયને કારણે વ્યકત નથી કરતા, પરંતુ મનમાં તો એમ ઇચ્છે કે જનાર વ્યકિત હવે જલદી છૂટે તો સારું.

વૃદ્ધ, બીમાર અને રિબાતી વ્યકિતના જીવનનો એની ઇચ્છાનુસાર જલદી અંત આણવાનાં નીતિ-સિદ્ધાંતનો દુરુપયોગ થવાનો પણ સંભવ રહે છે. પોતાને માથે આવી પડેલી તકલીફમાંથી છૂટવાનો આશય તો હોય જ છે, પરંતુ તે ઉપરાંત એ વ્યકિતનાં માન-મિલકતનો વારસો મેળવવાની ઉતાવળ પણ હોય છે. કયારેક વારસાનો હક ધરાવનાર એક કરતાં વધારે વ્યકિત હોય અને તેઓમાં માંહોમાંહે વારસા માટે ઝઘડા ચાલતા હોય ત્યારે દબાપ્રેરિત હત્યા જો કાયદેસર હોય તો તેનો કોઇ ગેરલાભ ઉઠાવી જાય એવી શકયતા રહે છે. અલબત્ત, આવા દુરુપયોગને અટકાવવાના ઉપાયો ન થઇ શકે એમ નથી. પશ્ચિમની સુશિક્ષિત પ્રજામાં પણ કેવી કેવી ગેરરીતિ સગાંસંબંધીઓએ અને દાકતરોએ અપનાવી છે એના પ્રસંગો વાંચવા-સાંભળવામાં આવે છે. એક દાકતરે તો પોતે પોતાના એકરાર વિશે ગ્રંથ લખ્યો છે.

કેટલીકવાર કોઇ અકસ્માતના કારણે મગજને થયેલા નુકસાનને લીધે માણસ બેભાન થઇ જાય છે. દાકતરો મગજના રિપોર્ટના આધારે કહે છે કે, કંઇ ચમત્કાર થાય તો જુદી વાત છે. નહિ તો મગજના રિપોર્ટ પ્રમાણે એ વ્યકિત હવે કયારેય પાછી ભાનમાં આવવાની નથી. એવી વ્યકિત જ્યાં સુધી એનું હૃદય ચાલે છે ત્યાં સુધી જીવે છે. એના બીજા તબીબી ઉપચારો પણ બહુ કરવાના રહેતા નથી. એવી કેટલીક બેભાન વ્યકિતઓ બે દિવસ – પાંચ દિવસ કે પચ્ચીસ દિવસથી માંડીને છ – આઠ મહિના કે બે – પાંચ વર્ષથી વધુ સમય સુધી સતત બેભાન અવસ્થામાં રહી હોય અને એ રીતે દેહ છોડયો હોય એવા પ્રસંગો બને છે આવી વ્યકિતની બીજી કશી ઉપયોગિતા ન હોવા છતાં એનું અસ્તિત્વ કોઇક કુટુંબને આશ્વાસનરૂપ રહ્યા કરે છે, તે કોઇક કુટુંબને તે બોજારૂપ લાગે છે.

જેમ દવા આપીને દર્દથી રિબાતા માણસના જીવનને અંત લાવવાનું વિચારાય છે તેમ દવા આપીને માણસના જીવનને લંબાવવાનો પ્રશ્ન પણ વિચારાય છે.

કેટલીકવાર કેટલાક વૃદ્ધ માણસોનો અંતકાળ નજીક આવી રહ્યો હોય છે અને દાકતરોના અભિપ્રાય પ્રમાણે બેભાન અવસ્થામાં રહેલી એ વૃદ્ધ વ્યકિત કેટલો વધુ સમય જીવી શકશે એ અનિશ્ચિત હોય છે. તેવે વખતે પણ એ વ્યકિતનાં સ્વજનો એમ ઇચ્છતા હોય છે કે એવી અવસ્થામાં પણ પોતાના સ્વજનનું જીવન જેટલું લાંબુ ટકી શકે તેટલું સારું. એ વખતે તેઓ જો પોતાની આર્થિક શકિત સારી હોય તો એ માટે મોંઘામાં મોંઘી દવાઓ અને મોંઘામાં મોંઘા અન્ય ઉપચારો પણ કરાવે છે. બેભાન અવસ્થામાં રહેલી એ વ્યકિત સાથે વાત ચીતનો કોઇ વ્યવહાર થવાની શકયતા નથી. બીમાર વ્યકિ સ્વજનોને નજરે જોઇ શકે કે ઓળખી શકે એવી શકયતા પ રહી નથી હોતી. એટલે કે બીમાર વ્યકિતનું જીવન પરાધીન વ્યવહારુ ઉપયોગિતા વિનાનું, નિષ્ક્રિય અને ખર્ચાળ હો છતાં તે વધુમાં વધુ સમય જીવે એવો ભાવ એના સ્વજનો થાય છે, કારણ કે પોતાના વડીલા સ્વજનનો વિયોગ ઘણી વસમી ઘટના છે. જ્યાં સુધી શરીરમાં પ્રાણ હો ત્યાં સુધી એ પ્રાણ રહ્યા કરે એવો કુદરતી ભાવ તેમ થાય છે. આ બતાવે છે કે જીવંત સ્વજન સાથેનો સંબં કેટલો બધો મૂલ્યવાન છે. એક વખત પ્રાણ જાય, આત્મ જાય પછી ખાલી પડેલા નશ્વર દેહની કશી જ કિંમત નથ એ દેહનું વિસર્જન થાય છે. જેવી રીતે આવી કો અજાણી વ્યકિતની બાબતમાં એના સ્વજનોને ભાવ થાય તેવી રીતે પોતાના પ્રાણપ્યારા ધર્મનેતા, સમાજનેતા

(અનુસંધાન પૃષ્ઠ ૭ મે)

પ્રજાના પ્રજાસત્તાક રાજ્યમાં પ્રજાના જીવનની કિંમત કેટલી ?

વિજયગુપ્ત મૌર્ય

રોજ સવારે છાપું ઉઘાડો તો મોટા ભાગે પહેલા પાના ઉપર કોઇક અકસ્માતના કે હોનારતના સમાચાર હશે. ગુજરાત સૌરાષ્ટ્રમાં ગાડી, ખટારો, ટેક્ષી, જીપ, બસ, ટ્રેક્ટર કે બીજાં કોઇ વાહનના અકસ્માતમાં મોટા ભાગે ગુજરાતીઓ માર્યા ગયાના સમાચાર હશે. તેમાં આ આપણું કોઇ નથી તેની ખાતરી કરીને આપણે પાનું ફેરવી નાખશું અને બીજે દિવસે એવા સમાચાર પ્રગટ થશે ત્યાં સુધી તે વાત ભૂલી જઇશું, પરંતુ કેટલાક અકસ્માતો હૈયાને હચમચાવી દે તેવા હોય છે અને લગ્નની જાનો સ્મશાન યાત્રાઓમાં ફેરવાઈ જતી હોય છે.

સમાચારમાં થોડે દુર જઇશું તો ગંગા કે બીજી નદીમાં હોડી અકસ્માતમાં સંખ્યાબંધ માણસો ડૂબી ગયાના સમાચાર હશે. નદીમાં હંકારાતી હોડીને અકસ્માત નડે અને મુસાફરો ડૂબી જાય એમાં કંઇ નવું નથી હોતું એમ માનીને આપણે સમાચારપત્રનાં પાનાં ફેરવી નાખીએ છીએ. એથી વિશેષ દુરના સમાચાર પણ આવે છે: ભૂ-પ્રપાતથી ગામનું ગામ દટાઇ ગયું અથવા રસ્તા ઉપર કામ કરતા મજૂરો માર્યા ગયા. આવા સમાચાર છાપાવાળા કયાંથી અને શા માટે લાવતા હશે ? ભૂ પ્રપાત વળી શું છે અને કયાં બન્યો તે જાણવાની તકલીફ લેવા કરતાં આપણા ગુજરાતીઓ પણ વિમ્બલ્ડનની વિશ્વ ટેનિસ સ્પર્ધામાં કોણ કયાં છે અથવા ચિત્રહારમાં કયા હીરો અને હીરોઇન આવશે તે જાણવામાં વધુ રસ ધરાવશે. તેઓ પોતાને બુદ્ધિજીવીમાં ખપાવે છે.

ઘણીવાર વધુ ખરાબ સમાચારો પણ આવે છે. પંજાબમાં ખૂનરેજી, કાશ્મીરમાં પાકિસ્તાની અત્યાચારો, અન્યત્ર કોમી હુલ્લડો, દિલ્હીમાં અને સૌરાષ્ટ્રમાં પણ બોમ્બધડાકા વગેરેના સમાચારો આવે છે. એ સમાચાર છપાય અને આપણી આંખો સુધી પહોંચે ત્યાં સુધીમાં તો આપણી 'જાગૃત' સરકારે જાહેર કરી દીધું હશે કે આ દરેક જાતના 'આસમાની-સુલતાની' અકસ્માતમાં માર્યા ગયેલા દરેકને રૂા. ૫૦૦૦/– અને ઘવાયેલા દરેકને રૂા. ૨૫૦૦/– ચૂકવવામાં આવશે. આપણા પ્રજાજનના જીવનની કિંમત કેટલી ? રૂપિયાના ઘસાઇ ગયેલા છોતરાની કિંમત આજે સરકારી સ્વીકાર પ્રમાણે ૧૭ પૈસા છે, બરોબર તો તેથી પણ ઓછી. આ હિસાબે મરનારના આપ્તજનોને સેંકડે માત્ર ૧૭ રૂપિયા મળે છે, તે પણ કોને, કયારે કેટલા મળે અને ઘવાયેલ કોને ગણવા એ પણ અનુત્તર પ્રશ્ન છે.

આપણા પ્રજાસત્તાક રાજ્યમાં જિંદગી એટલી સોંઘી છે કે આ બધા કહેવાતા આસમાની-સુલતાની અકસ્માતો કેમ બને છે અને તે કેમ નિવારી શકાય, તે વિચારવામાં કોઇને રસ નથી. રસ્તા ઉપરના વાહનવ્યવહારનું નિયંત્રણ કરવું એ પોલીસ-ખાતાની, એસ. ટી.ની અને સંબંધ ધરાવતી બીજી ઓફિસોની ફરજ છે. જો સૌ કોઇ પોતાની ફરજ બજાવે તો તેવું ટકા ઘાતક અકસ્માતો ટાળી શકાય. કેટલાક પુલ, ગરનાળાં વળાંક, સીમાચિહ્નોના પથ્થરો વગેરે વાહનવ્યવાર માટે ભયરૂપ હોય છે. કેટલીક ભયરૂપ નદી કે નહેરના સાંકડા વળાંક અકસ્માત માટે નામચીન થઇ ગયા હોય છે. ઘણીવાર વાહનના હાંકનારાઓ રસ્તાના નિયમ પાળતા નથી. કેટલાક હાંકનારાઓ દારૂ કે બીજા માદક પદાર્થોની અસર નીચે પણ હોય છે. કેટલાંક વાહનોમાં તેમની શકિત કરતાં ઘણા વધારે ઉતારુઓ કે માલ ભરી જવામાં આવે છે. ટ્રેકટર, ખટારા વગેરે જે વાહનોમાં ઉતારુઓને બેસાડવાની મનાઇ હોય તેમાં પણ ઉતારુઓને બેસાડવામાં આવે છે. જો સત્તાધીશોની દરેક ઓફિસ અને દરેક વ્યકિત પોતાની ફરજ બજાવે તો અકસ્માત લગભગ સંપૂર્ણ રીતે ટાળી શકાય છે. મોટા અકસ્માતો વાહનોના દુરુપયોગથી થાય છે. દા. ત, ખટારામાં બીચોબીચ ઉતારુઓને ભરવામાં આવે છે, કેટલાક અકસ્માતો રેલ્વે ક્રોસીંગ ઉપર થાય છે. રસ્તો રેલવેને ક્રોસ કરવા જતો હોય ત્યાં બમ્પ બનાવીને રસ્તાના વાહનની ઝડપ ઓછી કરવાની ફરજ પાડી શકાય. સામાન્ય રીતે અરક્ષિત ક્રોસિંગ કયાં છે અને તે સમયે રેલવે ટ્રેન આવવાની સંભવિતતા કયાં છે તે વિશે વાહન હાંકનારાઓ સભાન હોય જ છે. તેમ છતાં રેલવે ટ્રેનની પહેલાં નીકળી જવાની અક્ષમ્ય લાલચનું કેવું કરુણ પરિણામ આવે છે તેનો બનાવ ત્રણેક માસ પહેલાં પોરબંદર – વાંસજાળિયા લાઇન ઉપર બન્યો હતો. હરિજનોની જાનને મેટાડોરમાં ઠાંસીને ભરવામાં આવી હતી અને રેલવે લાઇનને સમાંતર જતા રસ્તા ઉપર મોટરવાહનો રેલવે ટ્રેનની હરીફાઇમાં નીકળ્યાં હતાં. તેઓ ટ્રેઇન ક્રોસિંગને ઓળંગે તે પહેલાં પોતે પાટા ઓળંગી જવાની ગુનાહિત સ્પર્ધામાં ઊતર્યા હતાં. પરિણામે જે હૃદયભેદક દ્રશ્ય સર્જાયું તેનું વર્ણન ન થઇ શકે. ટ્રાફિકનું નિયમન કરતા સત્તાવાળાઓ જાગ્રત હોત તો તેઓ આ અકસ્માત પણ ટાળી શકયા હોત.

માર્ગ વાહનવ્યવહાર વધી રહ્યો છે અને ખૂબ વધ્યા કરશે. તેને પહોંચી વળવાની યોજનાઓ અમલમાં મૂકવાને બદલે પચાસ વર્ષ પહેલાંના માનસ વડે કામ કરનારાઓ આ દુર્ઘટના માટે જવાબદાર છે. સર્વત્ર સત્તાની સાઠમારી અને લાંચ-રુશવતની ખેંચતાણ ચાલતી હોય ત્યાં માત્ર રૂપિયા વડે વળતર વાળી શકે એવી માનવજિંદગીની શી કિંમત છે ? આપણે એવી અપેક્ષા રાખી હતી કે આપણે ચૂંટેલા નેતાઓ પ્રધાન થશે ત્યારે માર્ગોના વાહનવ્યવહાર ઉપર ચાંપતી નજર રાખીને લોકોના પ્રવાસને સુરક્ષિત બનાવશે અને પ્રવાસમાં પડતી બેહદ હાડમારીને દુર કરશે, પરંતુ રટેટ ટ્રાન્સપોર્ટના હસ્તક માર્ગ-વાહનવ્યવહાર લેવાયો હોવા છતાં એ કોર્પોરેશન રચાવાનો પ્રાથમિક હેતુ પણ સિદ્ધ થયો નથી. પ્રધાનોને પોતાના પ્રધાન-પદોમાં અને ફરીથી ચૂંટાય આવવામાં જ રસ છે અને તેઓ વિમાનમાં જ ઊડે છે.

ગુજરાતની નદીઓમાં નૌકાવ્યવહાર બીજો નથી, તેમ છતાં ત્યાં પણ હોડીઓ ડૂબવાની હોનારતો થાય છે. અહીં સલામતીનાં વિશેષ પગલાં લેવાની જરૂર છે, કારણ કે સાબરમતી, મહી, તાપી, નર્મદા વગેરે નદીઓના મુખ ભરતી–ઓટમાં અને પવનમાં જોખમમાં મુકાય છે, જે ક્ષતિઓ ગુજરાતની નદીઓના નૌકાપ્રવાસને જોખમી બનાવે છે, તેથી વધુ ગંભીર ક્ષતિઓ ઉત્તર ભારતના નૌકાવ્યવહાર પણ નડે છે. નૌકાઓ

જૂની હોય છે, તેના બચાવનાં સાધનો હોતાં નથી. મેળા પ્રસંગે હોડીવાળા સમાય તેના કરતાં વધુ ઉતારુઓને ભરે છે અથવા ભરવાની ફરજ પાડવાનો બચાવ કરે છે. કાયદા પ્રમાણે હોડીની સ્થિતિ દર વર્ષે તપાસીને જ તેને લાઇસન્સ આપવું જોઇએ અને તેમાં પ્રવાસ કરવામાં સલામતી છે તેની ખાતરી કરવી જોઇએ. કાંઠા પરના અધિકારીઓએ જોવું જોઇએ કે નિયમોનું બરાબર પાલન થાય છે, અને અકસ્માત વખતે બચાવનાં સાધનો સુલભ હોય તે જોવું જોઇએ પરંતુ અહીં પણ દુષ્ટ રાજકારણ અને ભ્રષ્ટાચાર સર્વોપરી હોય છે, સ્થાનિક નેતાઓ નૌકા-વ્યવહારમાં લાઇસન્સો કબજે કરે છે અને પ્રવાસીઓની સલામતીની ઉપેક્ષા કરીને વધુમાં વધુ નફો થાય એવી રીતે નૌકા-વ્યવહાર ચલાવે છે. નૌકાઓનાં લાઇસન્સ ધરાવનાર માથાભારે માણસો ચૂંટણીમાં ઊભેલા નેતાઓને જિતાડવાનું કે હરાવવાનું સામર્થ્ય ધરાવે છે, તેમાં હોડી અકસ્માતમાં ડઝનબંધ કે સેંકડો માણસો ડૂબી જાય તો તેમાં કોને પડી છે?

આસામ, બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશમાં નૌકા-વ્યવહારનું મહત્ત્વ ઘણું જ છે. તેમ તે તેના અનર્થ તથા દુરાચારોથી પણ પીડાય છે. આધુનિક ધોરણે નૌકાવ્યવહાર વિકસાવવામાં ભારત હજી એકસો વર્ષ પાછળ છે.

એક વધુ પાપ ડુંગરાળ પ્રદેશમાં થતી જાનહાનિ માટે જવાબદાર છે અને તેમાં રાજકીય નેતાઓથી માંડીને રાજ કરતા પ્રધાનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગુનેગાર છે. આજે બળતણ તથા ઇમારતી કામ માટે લાકડા એટલાં બધાં મૂલ્યવાન થઇ ગયા છે કે રાજકારણમાં વગ ધરાવનાર માણસો અમલદારોને અને પ્રધાનોને લાંચ આપીને વૃક્ષો કાપવાના પરવાના મેળવે છે. ગામડાની સ્થાનિક જરૂરિયાત માટે દસ વૃક્ષો કાપવાની રજા મેળવીને હજાર વૃક્ષો કાપવામાં આવે તોપણ કોણ પૂછે છે? મુખ્ય પ્રધાનોથી માંડીને જંગલખાતાના પ્રધાનો સુધી સહુએ ચૂંટણીમાં ચૂંટાઈ આવવાનું હોય છે અને તે માટે શેકબંધ મતો તો માથાભારે કોન્ટ્રેક્ટરો જ લાવી આપેને! આવી રીતે હિમાલયને પણ એવો મુંડી નાખવામાં આવ્યો છે કે એ દ્રશ્ય જોઇને સમજુ માણસને આઘાત લાગે. પરિણામ એ આવે છે કે અસંખ્ય વૃક્ષોનાં મૂળ વડે બંધાઈ રહેલી ધરતી અને માટી વરસાદમાં છૂટી પડી જવાથી તે નીચે ધસી પડે છે, તેથી કામ કરતા મજૂરોને અને ગામડાને દાટી દે છે.

મોટર અકસ્માતો, રેલવે અકસ્માતો અને વિમાની અકસ્માતો પણ મોટા ભાગે તેમના ચાલકોની ભૂલના પરિણામે હોય છે. વિમાની અકસ્માતોના તપાસપંચના અહેવાલો આંખ ઉઘાડનારા હોય છે. વિમાની પ્રવાસીઓને વળતર ૫૦૦૦ ને બદલે ૧૫૦ હજાર આપવામાં આવે તોપણ આ પ્રજાસત્તાકના પ્રજાજનનું મૂલ્ય વધી જતું નથી. આવા અનેક અકસ્માતો પાછળ દોષ માણસનો તથા તેના માનસનો હોય છે. ચાલતું હોય તેમ ચાલવા દેવું, કોઇ સારું કામ કરવાની પહેલ ન કરવી અને પોતાની પદવીને શ્રેષ્ઠ આવક આપનાર જાગીર બનાવવી તે આ રોજબરોજ બનતા અસંખ્ય કરુણ અકસ્માતો માટે જવાબદાર છે.

* * *

સંયુક્ત અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧-૧૦-૧૯૮૯નો તથા તા. ૧૬-૧૦-૧૯૮૯નો અંક સંયુક્ત અંક તરીકે તા. ૧૬-૧૦-૧૯૮૯ના રોજ પ્રગટ થશે.

-તંત્રી

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી

સંઘના ઉપક્રમે **શ્રી આત્માનંદ જૈન સભા, મુંબઈના** આર્થિક સહયોગથી ઉપર્યુક્ત વ્યાખ્યાન શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો સવિગત કાર્યક્રમ નીચે પ્રમાણે છે:

વ્યાખ્યાતા : ડો. રમણલાલ ચી. શાહ

વિષય : ગુજરાત ઉપર પંજાબના સાધુઓનો પ્રભાવ

સ્થળ : બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ-૪૦૦૦૦૭.

દિવસ: સોમવાર, તા. ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૮૯

સમય : સવારના ૯-૦૦ કલાકે

કાર્યક્રમના પ્રારંભે પૂ. સાધ્વી **શ્રી જયંતપ્રભાશ્રીજી** મંગલાચરણ કરશે અને **શ્રી જતીન શાહ** ભક્તિ સંગીત આપશે. સૌને સમયસર ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ છે.

શૈલેશ એચ. ઝવેરી — **કે. પી. શાહ**

સંયોજક

નિરુબહેન એસ. શાહ

મંત્રીઓ

સાભાર સ્વીકાર

* **કાવ્યસ્પંદિતા** (ગુજરાતી કવિયિત્રીઓ અંગેનો શોધ પ્રબંધ) લે. ડો. ગીતા પરીખ * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૩૦૬ * મૂલ્ય: રૂ. ૬૫ * પ્રકા. ગીતા પરીખ એ/૨, મનાલી એપાર્ટમેન્ટસ, વિક્રમ સારાભાઈ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫ * **ઉપાધ્યાય શ્રી યશોવિજયજી** લે. ડો. રમણલાલ ચી. શાહ * ક્રાઉન સોળપેજી-પૃષ્ઠ-૬૦ * પ્રકા. શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ ૧૩/બી. ચંદ્રનગર સોસાયટી, આનંદનગર, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ * **આચારાંગસૂત્ર** (ગુજરાતી અનુવાદ) લે. સંતબાલ * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૪૩૨ * મૂલ્ય રૂા. ૪૦/- **પ્રકા.** શ્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, હઠીભાઇની વાડી, અમદાવાદ-૩૮૦૦૦૧. * **પશુઓની નગરયાત્રા** * લે સુશીલા ઝવેરી * ક્રાઉનસોળ પેજી * પૃષ્ઠ-૯૬. મૂલ્ય- રૂા. ૧૪/- * પ્રકા. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા અમદાવાદ-૩૮૦૦૦૧ * **માનસિક શાંતિના સચોટ ઉપાયો** * લે.. એન. અનંતનારાયણ * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ- ૩૮ * પ્રકા. દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર ૩૬૪૦૦૧ * **ચાહ ગઈ ચિંતા ઘટી** (હિન્દી) લે. ચંદનમલ ચાંદ * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૧૮૩ મૂલ્ય રૂ. ૨૫ * પ્રકા. ચાંદ પ્રકાશન ભારત જૈન મહામંડળ, ૧૦૮, એ. સ્ટાન્ડ હાઉસ, ૧લા માળા ૮૩, મહર્ષિ કર્વે રોડ, મુંબઇ – ૪૦૦૦૦૨ * **પહેલા સુખ નીરોગી કાયા** (હિન્દી) સંપા. ચંદનમલ ચાંદ * ડેમી સાઇઝ * પૃષ્ઠ – ૧૯૮ મૂલ્ય રૂ. ૨૫, પ્રકાશક ઉપ મુજબ * **સ્યાદ્વાદ ઔર સપ્તભંગીનય** (હિન્દી) લે. ડો. ભીખારીરામ યાદવ * ડેમી સાઇઝ * પૃષ્ઠ ૨૩૦ * મૂલ્ય રૂ. ૬૦ પ્રકા. પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન, આઇ. ટી. આઇ. રોડ, વારાણસી (યુ. પી.)

પર્યુષણ વ્યાખ્યાનમાળા

અહેવાલ : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાએ આ વર્ષે પંચાવનમાં વર્ષમાં સાનંદ પ્રવેશ કર્યો છે. જ્ઞાન અને સાધનાની જ્યોત સમી આપણી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાને છેલ્લાં આઠેક વર્ષથી શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટનો આર્થિક સહયોગ મળતો રહ્યો છે. આ વર્ષની વ્યાખ્યાનમાળા ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને સોમવાર, તા. ૨૮મી ઓગસ્ટ, ૧૯૮૯થી મંગળવાર, તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૮૯ સુધી એમ નવ દિવસ માટે ચોપાટી ખાતે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાનો સંક્ષિપ્ત અહેવાલ નીચે પ્રમાણે છે:

* **કર્મવાદ મનોવિજ્ઞાન કે પરિપ્રેક્ષ્યમેં :** પ્રથમ દિવસના પ્રથમ વ્યાખ્યાતા પૂ. સાધ્વીશ્રી નગીનાજીએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે વિશ્વનાં બધાં જ દર્શનોમાં કર્મવાદનો સ્વીકાર કરવામાં આવ્યો છે. કર્મસિદ્ધાંતને સમજવા માટે મનોવિજ્ઞાનનો અભ્યાસ જરૂરી છે. કર્મવાદ અને મનોવિજ્ઞાનના સિદ્ધાંતો એકબીજાના પૂરક છે. કર્મવાદ જીવનો વિચાર કરે છે, તો મનોવિજ્ઞાન જીવનનો વિચાર કરે છે. કર્મસિદ્ધાંતમાં કર્મની જે વ્યાખ્યા કરવામાં આવી છે તે જ વ્યાખ્યા મનોવિજ્ઞાનમાં કરવામાં આવી છે. કર્મશાસ્ત્ર કહે છે કે કર્મબંધ જ જીવનની દુર્ગતિનું કારણ છે. મનોવિજ્ઞાનના મતે જીવની બીમારી તેના કષાયો પર આધારિત છે. આમ કર્મશાસ્ત્ર અને મનોવિજ્ઞાન એ બંને એક સમાન્તર રેખા પર ચાલી રહ્યાં છે.

* **કરેભિભંતેનું વિજ્ઞાન :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં શશિકાન્ત મહેતાએ જણાવ્યું હતું કે જૈનધર્મમાં સામાયિકને મોક્ષમાર્ગનું ઉપનિષદ ગણવામાં આવ્યું છે. વિશ્વના સર્વ જીવોને અભયદાન એ જ સામાયિકવ્રતનું હાર્દ છે. સામાયિક એટલે સમતાની પ્રાપ્તિ. આપણાં ધર્મશાસ્ત્રોમાં જે છ આવશ્યક બતાવવામાં આવ્યા છે તેમાં સામાયિકના આવશ્યક ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. આજે સામાયિકના તત્ત્વજ્ઞાનને સામાજિક અને યૌગિક સ્વરૂપ આપવાની જરૂર છે. સામાયિક એ મનના નિઃશસ્ત્રીકરણ માટેનું સચોટ સાધન છે.

* **ત્રિશલામાતાનાં સ્વપ્ન :** બીજા દિવસે આ વિષય ઉપર પ્રવચન કરતાં પ્રા. તારાબહેન ર. શાહે જણાવ્યું હતું કે ત્રિશલામાતાને આવેલાં ચૌદ સ્વપ્ન ઉપરથી તીર્થંકર ભગવાન મહાવીરના જગતહિતકારી, વિરાટ અને ભવ્ય વ્યક્તિત્વની ઝાંખી થાય છે. તેમના જીવનના જુદા જુદા પ્રસંગ અને હકીકતોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરતાં લાગે છે કે આ ચૌદ સ્વપ્નો ભગવાનના જીવનમાં જોવા મળતા અસાધારણ અદ્‌ભુત શક્તિ, આત્મકલ્યાણ અને લોકકલ્યાણ માટેના અપ્રતિમ પુરુષાર્થના ઉત્તમ અને મહાન પ્રતીકરૂપ છે એ પ્રતીકો તો શ્રેષ્ઠ છે જ, પરંતુ કેટલાંક સ્વપ્નો આગળ વિશેષણો પણ ઉમેરાયાં છે. ઉદાહરણ તરીકે શ્વેત હાથી, પદ્મસરોવર, દેવવિમાન, ક્ષીરસમુદ્ર, નિર્ધૂમ-અગ્નિ ઇત્યાદિ. આ વિશેષણો લૌકિકમાંથી અલૌકિકતાની, સામાન્યમાંથી વિશેષતાની અને વિરલતાની પ્રાપ્તિ કરાવે છે.

* **સાવિત્રી-નવા યુગનું વરદાન :** આ વિષય પર બોલતાં શ્રી અશ્વિન કાપડિયાએ જણાવ્યું હતું કે જીવનમાં સત્સંગ એ સાધનાની પૃષ્ઠ ભૂમિકા છે. સાધના, પ્રતીક્ષા અને શ્રદ્ધા વગર જીવન સફળ થઇ શકે નહિ. આપણા અંતર-આત્માના પ્રદેશનું અનુસંધાન ચેતનાવસ્થા સાથે છે, પરમાત્મા સાથે છે. તેની સાથે દેહની વિડંબનાનો કયાંય મેળ બેસે તેમ નથી. દેહના ભોગ ભોગવવાથી, સંપત્તિ એકત્ર કરવાથી સાચું સુખ પ્રાપ્ત થઇ શકતું નથી. સાધકની સાધનાનું સાફલ્ય ત્યારે જ છે જ્યારે વૃત્તિઓનો ત્યાગ થઇ જાય.

* **માનવકા વાસ્તવિક સ્વરૂપ :** આ વિષયના વ્યાખ્યાતા પૂ. સ્વામી બ્રહ્મમેશાનંદજી હતા. તેઓનું વ્યાખ્યાન તા. ૩૦મી સપ્ટેમ્બરે ગોઠવવામાં આવ્યું હતું, પરંતુ 'ભારત બંધ'ની હડતાલની કારણે તા. ૩૧મી સપ્ટેમ્બરે તેમનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. આ વિષય પર બોલતાં તેમણે જણાવ્યું હતું કે સ્વામી વિવેકાનંદની વિચારધારા આજના યુવાનો માટે એક આદર્શ જીવન જીવવાની દીવાદાંડી છે. તેઓના સંદેશો રાષ્ટ્રીય સામાજિક સંદર્ભમાં નહિ, પણ આધ્યાત્મિક સંદર્ભમાં હતો. સમાજ તથા રાષ્ટ્રના ઉત્થાન માટે તેનું મૂલ્ય જરા પણ ઓછું આંકી ન શકાય. મનુષ્ય એક પ્રાણી છે, અને તેમાં આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર વસ્તુ સમાન રૂપથી છે. દરેક મનુષ્યમાં શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય સ્વરૂપ આત્મા છે, પરંતુ ખેદની વાત એ છે કે આજે મનુષ્ય પોતાની જાતને ઓળખી શકતો નથી.

* **સાહિત્ય, સમાજ અને સમૂહ માધ્યમો :** ડૉ. સુમન શાહે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે આજના યુગમાં ટી. વી., રેડિયો, વર્તમાનપત્રો, સામયિકો અને અન્ય સમૂહ માધ્યમોનું આપણી સંસ્કૃતિ પર એવું આક્રમણ થઇ રહ્યું છે કે લોકોની વાંચવા-વિચારવાની વૃત્તિ કુંઠિત થતી જાય છે. વળી આ પ્રકારનાં માધ્યમો દ્વારા સત્ય વિચારનું પ્રસારણ થાય છે તેમ માનવું પણ અતિશયોક્તિ ગણાશે, કારણ કે સત્તાસ્થાને બેઠેલા નેતાઓ આ માધ્યમોનો પોતાના પક્ષના લાભમાં દુરુપયોગ કરી રહ્યા છે. આ માધ્યમો દ્વારા વૈચારિક હિંસા થઇ રહી છે તેથી સમાજોત્થાન અને રાષ્ટ્રોત્થાનના કાર્યો ઓટ આવી શકે.

* **મનુષ્યના ત્રણ કર્તવ્ય વાંચવું, વિચારવું અને વિકસવું :** આ વિષય પર બોલતા ડૉ. મોતીભાઇ પટેલે જણાવ્યું હતું કે વાંચવું, વિચારવું અને વિકસવું એ ત્રણે પર્યાયો સાથે ચાલે છે. આ દેશમાં વાંચનારા અસંખ્ય છે, પરંતુ સાચા વાચકો કેટલા છે તે એક પ્રશ્ન છે. વાંચ્યા પછી પુસ્તકના પ્રેમમાં પડી જવું તે જ સાચું વાંચન છે. વાંચતાં પહેલાં અગત્યનું માધ્યમ શ્રવણ છે. શ્રવણથી આપણા જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય છે. સાંભળ્યા પછી તેને સમજવાનું અને સમજ્યા પછી તેને વિચારવાનું તત્ત્વ એટલું જ મહત્ત્વનું છે. અભિવ્યક્તિના ત્રણ પ્રકાર શ્રવણ, વાંચન અને દર્શન છે આ ત્રણે જો કાચા હોય તો આપણો જીવનવિકાસ અટકી જાય છે. જે વાંચે છે, વિચારે છે તે વિકસી પણ શકે છે.

* **શ્રી અરવિંદ-જીવન અને દર્શન :** તા. ૧લી સપ્ટેમ્બરે આ વિષય પર બોલતાં ડૉ. રમણલાલ જોશીએ જણાવ્યું હતું કે ભારતમાં અનેક વિભૂતિઓ જન્મી છે, તેમાં પણ મહર્ષિ શ્રી અરવિંદનું જીવન અને કવન આજે પણ અનેકોને પ્રેરણા આપે તેવું છે. શ્રી અરવિંદનું જીવન માત્ર સપાટી પરનું જીવન ન હતું પરંતુ અંદરથી જીવાતું જીવન હતું. અંદરથી જે જીવન જીવાય છે તે એવું સૂક્ષ્મ હોય છે કે એના વિશે બાહ્ય વાતોથી ચાલે નહિ. દિવ્ય ચેતના પ્રાપ્તની અભિપ્સા, સમર્પણભાવ અને ઈશ્વરને પામવા માટેનો પુરુષાર્થ એ ત્રણ વસ્તુ પર શ્રી અરવિંદ વધુ ભાર દેતા. મહાત્મા ગાંધીમાં સત્યાગ્રહીનું સ્વરૂપ પ્રગટ થાય છે, રવીન્દ્રનાથ ટાગોરમાં કવિનું સ્વરૂપ પ્રગટ થાય છે તો શ્રી અરવિંદમાં એક યોગીનું સ્વરૂપ પ્રગટ થાય છે.

* **તનાવ મુક્તિકા સાધન-પ્રતિક્રમણ :** ડૉ. નરેન્દ્ર ભાણાવતે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે પ્રતિક્રમણ એટલે પાપોથી પાછા ફરવાની ક્રિયા. પ્રતિક્રમણની પહેલી શરત છે સમતા. સમતા ન હોય તો પ્રતિક્રમણનો કોઈ અર્થ નથી. પ્રતિક્રમણને આવશ્યક એટલા માટે કહેવામાં આવ્યું છે કે તેનાથી ગતિ અને સ્થિરતાને સંતુલિત કરી શકાય છે. આજે દ્વૈતદર્શન જ આપણું દર્શન બની ગયું છે. પરંતુ આત્મદર્શનની વાત આપણે સમજીએ તો જીવનની સાર્થકતા દૂર નથી. પ્રતિક્રમણ આપણને આત્મદર્શનની રીત બતાવે છે. પ્રતિક્રમણ પોતાના અંતરના પ્રદુષણને મટાડવાનું દિવ્ય ઔષધ છે. પોતાની પ્રશંસા ટાળે અને માન-અપમાનના સમયે સ્થિતિપ્રજ્ઞ રહે એનું જ પ્રતિક્રમણ સાર્થક છે. જે જીવ મન, વચન અને કર્મથી પ્રતિક્રમણ કરે છે તે કર્મની નિર્જરા કરે છે અને મુક્તિમાર્ગનો તે પથિક બને છે.

* **કરુણાનું વાવેતર :** તા. ૨જી સપ્ટેમ્બરે શ્રી નાગજીભાઈ દેઢાઈએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે માનવીની સાથે મહોબ્બત ન કરી શકે, પ્રેમ ન કરી શકે તેને માનવી કહી શકાય નહિ. આ જગતમાં કરુણા એવી ચીજ છે કે જે માણસના જન્મ સાથે જ તે તેની મુઠ્ઠીમાં હોય છે. પરંતુ માણસને આજે તેની સામે જોવાની ફુરસદ નથી. એકવીસમી સદીમાં પ્રવેશતાં આજના યુગને ભગવાન મહાવીરની કરુણાની અત્યંત આવશ્યકતા છે. કરુણા આપણે દ્વારે ઊભી છે. આપણે માત્ર આપણું બારણું જ ખોલવાની જરૂર છે. અનુકંપાનો જ્યાં જન્મ થાય છે ત્યાં કરુણા ફાલે છે, ફળે છે. જે માનવીમાં કરુણા કણે-કણે અને ક્ષણે ક્ષણે વ્યાપી ગઈ હોય તે માનવીનું જીવન સાર્થક ગણાય. આપણા મનને જીતવું તે કઠિન વસ્તુ છે, પરંતુ જે મનને જીતે છે તેનામાં કરુણાનો અવશ્ય પ્રાદુર્ભાવ થાય છે.

* **મિથ્યાત્વનું સ્વરૂપ :** આ વિષય પર બોલતાં ડૉ. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે મિથ્યા એટલે અસત્ય. મિથ્યાત્વ એ એક પ્રકારની મૂઢતા છે. દેહના સુખને જ જે સાચું સુખ માને અને આત્મતત્ત્વનો અસ્વીકાર કરે તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વને શાસ્ત્રકારોએ મહારોગ, મહાવિષ, મહાશત્રુ અને મહા અંધકાર તરીકે ઓળખાવ્યું છે. સાચા દેવ, સાચા ગુરુ અને સાચા ધર્મમાં જે રુચિસહિતની શ્રદ્ધા તે સમ્યગ્ દર્શન છે. જે કુદેવને દેવ માને, કુગુરુને ગુરુ માને અને કુધર્મને ધર્મ માને તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ મોહનીય કર્મ એ દર્શનમોહનીય કર્મનો પ્રકાર છે. જીવમાં તે અનાદિથી હોય છે, પરંતુ ભવ્ય જીવો તેનો અંત આણી શકે છે. મિથ્યાત્વના વ્યક્ત અને અવ્યક્ત સમા ગૃહીત અને અગૃહીત એવા બે પ્રકાર છે. વળી મિથ્યાત્વના પાંચ, દસ, પચ્ચીસ એવા જુદા જુદા પ્રકાર બતાવવામાં આવે છે. મિથ્યાત્વ જીવને સંસારમાં ભમાડનારું તત્ત્વ છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જ જીવની મોક્ષયાત્રા સાચી દિશામાં ચાલુ થાય છે.

* **સામાયિક ઔર સ્વાધ્યાય :** તા. ૩જી સપ્ટેમ્બરે ડૉ. (શ્રીમતી) સુષમા સિંઘવીએ આ વિષય પર બોલતાં જણાવ્યું કે સામાયિક અને સ્વાધ્યાય એ બંનેનો સંયોગ એટલે સોનામાં સુગંધ ભળી તેમ કહેવાય સામાયિક એટલે સમતાની પ્રાપ્તિ. સ્વાધ્યાય એટલે સ્વનું અધ્યયન. અહીં સ્વનો મતલબ આત્મચેતના સમજવો. આપણે આપણા આત્માના અવાજને, ચેતનના સ્વરૂપને મુર્ચ્છિત કરી દઈએ છીએ અને ભૌતિક સુખોમાં રમતા રહીએ છીએ. અનંત સમયથી આપણે આ રીતે કરીએ છીએ. એટલે જ ભવાંતરનો અંત આવતો નથી. ભગવાન મહાવીરે તેમના શિષ્ય ગૌતમને સમય માત્રનો પ્રમાદ ન કરવાની વાત કહી છે. 'સમય' એટલે કાળનું સૂક્ષ્મસ્વરૂપ. 'સમય' એટલે શાસ્ત્ર અને 'સમય' એટલે આત્મા.

* **ભગવાન બુદ્ધ :** શ્રી જયેન્દ્ર ત્રિવેદીએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે ભગવાન બુદ્ધે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ ચાર શબ્દ દ્વારા ઘણો બધો ઉપદેશ આપ્યો છે. ભગવાન બુદ્ધનો ઉપદેશ કયાંય નકારાત્મક નથી. ભગવાન બુદ્ધના ઉપદેશનો મર્મ એ છે કે બીજાને મારી નાખવાનું કે નીચો પાડવાનું કામ જેટલું સરળ છે, તેટલું મનની મારવૃત્તિને એટલે કે કામવાસનાને તેમ જ અન્યને મારવાની-સંતાપવાની વૃત્તિને વશ કરવાનું સરળ નથી. જે આ વૃત્તિ વશ કરે છે તે શુદ્ધ, બુદ્ધ અને ચૈતન્ય સ્વરૂપને પ્રાપ્ત કરે છે અને તે જ જીવ આ સંસારને જીતી શકે છે.

* **મોક્ષનું પાથેય :** તા. ૪થી સપ્ટેમ્બરે આ વિષય પર બોલતાં પૂ. સાધ્વીશ્રી જયંતપ્રભાશ્રીજીએ જણાવ્યું હતું કે સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રનું ખૂબ જ મહત્ત્વ છે. આ ત્રણેમાંથી એક પણ ઓછું હોય, ન્યૂન હોય તો મોક્ષ-પથની યાત્રા સુખદ સહજ, નિરામય અને સફળ બની શકતી નથી. મોક્ષમાર્ગના પથિકને દુષ્કૃત્યની નિંદા, સુકૃતની અનુમોદના અને ચાર શરણનો સ્વીકાર એ ત્રણ વસ્તુની આવશ્યકતા રહે છે. જે સમાજ અને રાષ્ટ્રનું ચરિત્ર ઉચ્ચ હશે તેની સદા ઉન્નતિ થવાની જ.

* **સ્વહિત ઔર લોકહિત :** ડૉ. સાગરમલ જૈને આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે આત્મહિતના ભોગે લોકહિતની પ્રવૃત્તિ ન કરવી જોઈએ. જે મનુષ્ય અનાસકતભાવે લોકહિતની પ્રવૃત્તિ કરે છે તેનું જીવન સાર્થક બને છે. જે પ્રવૃત્તિના પાયામાં નૈતિકતા અને આધ્યાત્મિકતા હોય તે જ પ્રવૃત્તિ લાંબા સમય સુધી ટકી શકે છે. જે મનુષ્ય કોઈપણ જાતની અપેક્ષા વિના સહજ રીતે દાન આપે છે તે જ ખરું દાન છે. સંપત્તિનો સંગ્રહ કરવાથી આત્મકલ્યાણ નથી થવાનું.

ત્યાગ, સંયમ અને સ્વાર્પણની ભાવનાથી જ આત્મકલ્યાણ સાધી શકાશે.

* **ચાલો જીવવાનું કાવતરું રચીએ :** તા. પમી સપ્ટેમ્બરે આ વિષય પર બોલતાં ડૉ. ગુણવંત શાહે જણાવ્યું હતું કે માણસ ક્યારેક મરવા માટે કે મારવા માટે કાવતરું રચે છે, કાવતરું રચતી વખતે, ષડયંત્ર રચતી વખતે સંકલ્પબળની જરૂર પડે છે. એવું સંકલ્પબળ આપણે આપણા જીવનને સુંદર બનાવવામાં દાખવતા નથી, તેનો રંજ રહે છે. આજે આપણે અડધું-પડધું જીવીએ છીએ. આપણા જીવનનો કેટલોક ભાગ ઠીંગરાઇ ગયો છે, છતાં આપણે આખાને આખા જીવતા હોઇએ તેવો ડોળ અને દંભ સેવીએ છીએ અને અહીં જ જીવન જીવવાના કાવતરાની શરૂઆત થઈ જાય છે. આપણે જેવા છીએ તેવા દેખાવાને બદલે આપણી જાતને બીજી રીતે રજૂ કરવી તેવી વૃત્તિ એટલે આજનું રૅટરેસ. આપણે જાહેરમાં નહિ, ખાનગીમાં પણ પ્રામાણિક બનવું જોઇએ.

* **ભક્તામર સ્તોત્રનું રહસ્ય :** આ વિષય પર બોલતાં ડૉ. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે જેમ મંત્રમાં નવકાર મંત્રનો મહિમા મોટો છે તેમ સ્તોત્રમાં ભક્તામર સ્તોત્રનો મહિમા મોટો છે. તેનું કારણ આ સ્તોત્ર મંત્રગર્ભિત છે. અને એના ચમત્કારિક અનુભવો થયાના અનેક દાખલા છે. કવિ માનતુંગસૂરિએ આ સ્તોત્રની રચના એવી અદ્‌ભુત રીતે કરી છે કે એનું પઠન, ગાન કે પૂજન કરતાં અનેરો ઉલ્લાસ અનુભવાય છે. હજાર કે પંદરસો વર્ષથી આ સ્તોત્રનું રોજેરોજ ક્યાંક ને ક્યાંક પઠન થતું રહ્યું છે. મધ્યકાળમાં ગુણાકરસૂરિ નામના આચાર્યે એના ઉપર મોટી ટીકા લખી છે અને જેમના જીવનમાં ચમત્કારો સર્જાયા હોય એવા દાખલા વાર્તારૂપે નોંધ્યા છે. ભક્તામર સ્તોત્રમાં ભૌતિક લાભોની, બંધન, ભય, રોગ વગેરેમાંથી મુક્તિની વાત ફલશ્રુતિ રૂપે જે કરી છે, તે ભૌતિક ઉપરાંત આધ્યાત્મિક દૃષ્ટિએ પણ સમજવાની છે. ભક્તામર સ્તોત્ર આદિનાથ ભગવાનની સ્તુતિ છે. એ ભક્તિનું એ સ્વરૂપ છે પરંતુ ભક્તિ પરંપરાએ જ્ઞાનનો હેતુ બનવી જોઇએ કે જે જ્ઞાન પરંપરાએ મુક્તિ અપાવે. આમ, ભક્તામર સ્તોત્રમાંથી મુક્તિમાર્ગનું રહસ્ય પણ સાંપડી રહે છે.

આ વ્યાખ્યાનમાળામાં દરરોજ વ્યાખ્યાનના પ્રારંભ પહેલાં એક કલાકનો ભક્તિસંગીતનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સંઘના મંત્રીશ્રી નિરુબહેન સુબોધભાઈ શાહે દરરોજ પ્રાર્થનાના વિષય પર વિવેચન કરવાની સાથે ભક્તિસંગીતનાં કલાકાર ભાઈ-બહેનોનો પરિચય આપ્યો હતો. શ્રીમતી બેરોઝ ચેટરજી, શ્રીમતી રેખા પરીખ, શ્રીમતી શીલા શેઠીયા, શ્રીમતી શૈલેજા ચેતન શાહ અને શ્રી વિક્રમ નિઝામા, શ્રીમતી હંસા બદરીનાથ, શ્રીમતી શોભા સંઘવી, શ્રીમતી ચંદ્રા કોઠારી અને શ્રીમતી શારદા ઠક્કરે અનુક્રમે ભક્તિસંગીતનો કાર્યક્રમ આપીને સવારના ખુશનુમા વાતાવરણને વધુ આહલાદક અને ભક્તિમય બનાવ્યું હતું. વ્યાખ્યાતાઓનો પરિચય અને વ્યાખ્યાનોની ટૂંકી સમીક્ષા ડૉ. રમણલાલ ચી. શાહે કરી હતી. આ પ્રસંગે મુનિસેવા આશ્રમનાં સંચાલિકા બહેન શ્રી અનુબહેન ઠક્કર પણ પધાર્યાં હતાં અને તેમણે તેમની સંસ્થાનો પરિચય આપ્યો હતો. સંઘના મંત્રીશ્રી કે. પા. શાહે મુનિસેવા આશ્રમ માટેની સંઘની અપીલને સુંદર પ્રતિસાદ આપવા બદલ સૌનો આભાર માન્યો હતો. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે વ્યાખ્યામાળાના રોજેરોજના કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. સંઘના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહે દાતાઓનો તેમજ આ વ્યાખ્યાનમાળામાં ઉપયોગી થનાર નામી-અનામી તમામ મિત્રોનો આભાર માન્યો હતો. આમ આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં જ્ઞાનવર્ધક સમી આ વ્યાખ્યાનમાળાની સાનંદ સમાપ્તિ થઇ હતી.

દયાપ્રેરિત હત્યા-ઇતર અને જૈન દૃષ્ટિ

(પૃષ્ઠ ૨ થી ચાલુ

રાષ્ટ્રનેતા વગેરેના જીવનના અંતકાળે એના ભક્તો, અનુયાયીઓ, ચાહકો વગેરેમાં પણ એવો ભાવ થાય છે. તે વખતે એ વૃદ્ધ, બીમાર અને બિનઉપયોગી પરંતુ પ્રાણપ્રિય વ્યક્તિના જીવનનો અંત જલદી આવે તો સારું એવા ભાવ એકંદરે એના ચાહકવર્ગમાં ઉદ્‌ભવતો નથી હોતો એ બતાવે છે કે જીવંત વ્યક્તિની કિંમત કેટલી બધી છે!

કેટલાક વખત પહેલાં એવી એક ચર્ચા ચાલી હતી કે વૃદ્ધો સમાજને માટે આર્થિક રીતે બોજારૂપ છે. જે દેશની આર્થિક સ્થિતિ નબળી હોય તેવા દેશોમાં કશું ન કમાતા અને આરામથી ખાતાંપીતાં એવાં વૃદ્ધ માતાપિતા સંતાનોને માથે આર્થિક દૃષ્ટિએ બોજારૂપ બની જાય છે. રહેઠાણ વગેરેના પ્રશ્નો પણ તેમને સતાવતા હોય છે. એવે વખતે વૃદ્ધોએ સ્વેચ્છાએ જીવન પૂરું કરી નાખવું જોઇએ. અર્થાત્ સરળ ઉપાયથી આત્મહત્યા કરી નાખવી જોઇએ કે અથવા સરળ ઉપચાર વડે બીજાઓએ તેમના જીવનનો અંત આણવો જોઇએ કે જેથી તેઓ સમાજને બોજારૂપ ન રહે; પરંતુ આ પ્રશ્નનાં પણ ઘણાં પાસાં રહેલાં છે. જે વૃદ્ધોએ અથાગ પરિશ્રમ કરીને પોતાની આજીવિકા ચલાવવા ઉપરાંત વિશેષ સંપત્તિ એકત્ર કરી હોય તે વૃદ્ધોને નિવૃત્તિના સમયમાં પોતાની સંપત્તિનો ઉપયોગ કરીને જીવવાનો હક ખરો કે નહિ? વારસાની લાલચથી સંતાનો એમ ઇચ્છતાં હોય કે વૃદ્ધ માતાપિતા સંસારમાંથી જલદી વિદાય લે તો પોતાને મળનારી સંપત્તિ જલદી પોતાના હાથમાં આવી જાય. એ રીતે વિચારનારાં સંતાનોને વૃદ્ધ માતાપિતા કે અન્ય વૃદ્ધ વડીલો બોજારૂપ જ લાગવાનાં. પરંતુ તેમાં સામાજિક, આર્થિક, ધાર્મિક કે નૈસર્ગિક ન્યાયદૃષ્ટિ રહેલી નથી. યુવાનો પોતે જ્યારે વૃદ્ધ થાય છે ત્યારે તેમને આ દૃષ્ટિ વધુ સારી રીતે સમજાય છે.

કેટલાકે એવો મત વ્યક્ત કર્યો છે કે જે વૃદ્ધો ઉપયોગી જીવન જીવતા હોય તે વૃદ્ધોએ પોતાના જીવનનો વહેલો અંત આણવાની જરૂર નથી. પરંતુ આ ઉપયોગિતા એટલે શું? કેટલાક વૃદ્ધો સમાજોપયોગી કાર્યો કરતા હોય છે, કેટલાક વૃદ્ધો કુટુંબમાં રહીને પણ ઉપયોગી થતા હોય છે, તો કેટલાક વૃદ્ધો સક્રિય કશું કાર્ય ન કરતા હોવા છતાં માત્ર પોતાની હાજરીથી જ કુટુંબના અનેક સભ્યોને હૂંફ અને જરૂર પડે માર્ગદર્શન આપે છે. ક્યારેક એમની હયાતીના કારણે જ કેટલાંક ખોટાં કામો થતાં અટકી જાય છે. કેટલીક વ્યક્તિઓને માટે વડીલ વૃદ્ધ વ્યક્તિઓ બોજારૂપ હોય છે અને એમની હયાતી દરમિયાન અન્ય કેટલાક સભ્યો નિર્ભયતા અનુભવે છે. એટલે 'ઉપયોગી વૃદ્ધો'ની વ્યાખ્યા બાંધવાનું સહેલું નથી. ઘણી જુદી જુદી

દૃષ્ટિએ, જુદા જુદા પ્રકારની ઉપયોગિતા સિદ્ધ કરી શકાય છે. એટલે બિનઉપયોગી વૃદ્ધોએ સમાજના અને કુટુંબના હિતમાં આત્મવિલોપન કરવું જોઇએ અથવા બીજાઓએ તેમને કરાવવું જોઇએ તેવો વિચાર એટલી સરળતાથી સ્વીકાર્ય બને એવું લાગતું નથી અંતે તો એનો નિર્ણય વૃદ્ધ અને એના સ્વજનને જ કરવાનો રહે છે. એટલે એ વિષયમાં સર્વમાન્ય ધોરણ ઘડી શકાય એવી સંભવિતતા રહેતી નથી.

કેટલાક લોકો આમરણ ઉપવાસ ઉપર ઊતરતા હોય છે. કોઇ ધાર્મિક, સામાજિક, રાષ્ટ્રીય કે એવા કોઇ ગંભીર પ્રશ્નોની બાબતમાં પોતાની ઇચ્છાનુસાર કાર્ય ન થતાં કેટલાક માણસો તેના વિરોધમાં મારણાન્તિક અનશન કરવાનું જાહેર કરે છે. આવા પ્રસંગોમાં ઘણીખરી વાર બે-ચાર ઉપવાસ પછી સમાધાનનો કોઇ રસ્તો શોધાય છે. જેમ પક્ષને સમાધાનની ગરજ રહે છે. અનશનની જાહેરાત કરવી એ સહેલી વાત છે. પરંતુ પ્રામાણિકપણે અનશનને વળગી રહેવું એ એટલી સહેલી વાત નથી. ઉપવાસના બીજે – ત્રીજે દિવસે જ અનશન કરનાર વ્યક્તિ સમાધાનરૂપે આવેલી વચગાળાની કોઇપણ દરખાસ્ત તરત સ્વીકારી લે છે અથવા પોતાના તરફથી તરત સ્વીકાર્ય બને એવી દરખાસ્ત મૂકવામાં આવે છે અને સમાધાનનો માર્ગ શોધાય છે. ઉપવાસ પર ઊતરવું અને કોઇકિ પ્રશ્નની બાબતમાં પોતાના જીવનનો અંત આણવો એ ધમકી ઘણી મોટી છે; પરંતુ એ બાબત દેખાય છે, એટલી સહેલી નથી. જે કોઇ વ્યક્તિએ આનો થોડો પણ અનુભવ કર્યો હશે તે આ બાબતમાં જુદો જ અભિપ્રાય આપશે. કેટલીકવાર ઉપવાસ પર ઊતરનાર વ્યક્તિ સાચી ભાવનાથી કે વટને ખાતર ખરેખર મૃત્યુ પામે છે પરંતુ ત્યારે એનું મૃત્યુ અનેક પ્રશ્નો જગાડે છે. જે પક્ષે ન્યાય હોય છે તે પક્ષને પણ અન્યાયી અને દોષિત ઠરાવવાની કોશિશ થાય છે. કારણ કે વ્યક્તિનું જીવન એ ઘણી મહત્ત્વની બાબત છે. વળી જે વ્યક્તિ આમરણ ઉપવાસ ઉપર ઊતરે છે તે વ્યક્તિના ચિત્તમાં ઉપવાસ દરમિયાન ઉદ્ભવતા શુભાશુભ ભાવો કે વિચારો પણ મહત્ત્વના બની રહે છે. દ્વેષ અને ધિક્કારથી ધમકીરૂપે ઉપવાસ ઉપર ઊતરીને અને આત્મશુદ્ધિ માટે ઉપવાસ પર ઊતરીને જીવનનો અંત આણવો એ બે વચ્ચે ઘણો ફરક છે. આવી રીતે પોતાના જીવનનો અંત વ્યક્તિ પોતે આણે છે બાહ્ય સંજોગોનું દબાણ હોય છે તોપણ વ્યક્તિ નિર્ધાર કરે તો પોતાને મૃત્યુમાંથી બચાવી શકે છે.

જૈનધર્મમાં સંલેખના–સંથારો–અનશનની ક્રિયાવિધિ છે, પરંતુ તે આત્મહત્યા નથી, કારણ કે તેમાં કોઇ રાગદ્વેષ, નિરાશા, નિષ્ફળતાની કે અશુભ અધ્યવસાયોની વાત નથી તે શુભ ધર્મબુદ્ધિથી ગુરુ કે સંઘની આજ્ઞા લઇ, અનેક લોકોની હાજરીમાં, દેહનું પોષણ અટકાવીને, પાંચ પ્રકારના અતિચારથી રહિત, દેહ અને આત્માની ભિન્નતા તથા દેહની નશ્વરતા અને આત્માની અમરતાને લક્ષમાં રાખી સ્વેચ્છાએ ઉલ્લાસપૂર્વક કરાતી શુદ્ધ ધર્મક્રિયા છે. એ વખતે સંથારો લેનારાને સંથારાની વિધિમાં સહાય કરનારા, એમને આત્મભાવમાં સ્થિર રાખવા માટે શાસ્ત્રશ્રવણ ઇત્યાદિ કરાવનારા, 'નિર્યામણા' (નિર્ઝામણા) કરાવનારા દયાપ્રેરિત હત્યા કરે છે એમ નહિ કહી શકાય. આ દૃષ્ટિભિન્નતાને બરાબર સમજવા માટે 'સંથારા'ની ધર્મવિધિનો સવિગત અભ્યાસ કરવાની આવશ્યકતા રહે છે.

દયાપ્રેરિત હત્યાના વિષયમાં જૈનતત્ત્વ સિદ્ધાંત કંઇક જુદી જ રીતે વિચારે છે. જૈનધર્મ જન્મ-જન્માન્તરના સિદ્ધાંતમાં અને કર્મના સિદ્ધાંતમાં માને છે. જૈનધર્મની દૃષ્ટિએ કોઇના પણ પ્રાણનું હરણ થાય અર્થાત્ બીજા માણસના જીવનનો હેતુપૂર્વક અંત આણવામાં આવે તો તે હિંસા છે. 'પ્રમત્તયોગાત્ પ્રાણવ્યપરોપણમ્ હિંસા' એવી હિંસાની વ્યાખ્યા આપવામાં આવે છે. એટલે દયાપ્રેરિત હત્યા કે ગમે તે પ્રકારની હત્યા હોય તો તેને જૈનધર્મ સ્થૂલ પ્રાણાતિપાત તરીકે જ ઓળખાવે છે અને તેને દોષરૂપ, પાપરૂપ, વ્રતભંગ રૂપ ગણાવે છે. જૈનધર્મ તો એટલી હદ સુધી કહે છે કે આવી બીમાર અને રિબાતી વૃદ્ધ વ્યક્તિની દયાના ભાવથી હત્યા કરવી તેમાં વસ્તુત : સાચી દયા જ નથી. એટલું જ નહિ એવી વ્યક્તિને માટે મનમાં એમ વિચારવું કે હવે તેનું જલદી મોત આવે તો સારું એવો વિચાર પણ ભાવહિંસા રૂપ ગણાય છે. યથાકાળે જે થવાનું હશે તે થશે એવી સમત્વ બુદ્ધિ જ વિચારશીલ વ્યક્તિએ એવે પ્રસંગે ધરાવવી ઘટે.

વળી જૈનધર્મ એમ માને છે કે દરેક જીવને પોત-પોતાનાં શુભાશુભ કર્મ ભોગવવાનાં રહે છે. તેમાં પણ નિકાચિત કર્મ અવશ્યપણે ભોગવવાં પડે છે. એક જન્મનાં શેષ અશુભ કર્મનો ઉદય ફરીથી કયા જન્મમાં આવશે તે નિશ્ચિતપણે કેવળજ્ઞાનીઓ સિવાય કોઇ કરી શકે નહિ. એટલે જે કોઇ અશાતા વેદનીય અશુભ કર્મનો ઉદય આવ્યો હોય તે કર્મ ભોગવી લેવાય તેટલું જ સારું. અન્યથા એ કર્મ અન્ય ભવમાં તો ભોગવવાનાં રહે જ છે. કયારેક વિપાકે એ વધુ ભયંકર રીતે ભોગવવાનાં પણ આવી શકે છે. વૃદ્ધાવસ્થામાં, અંતિમ અવસ્થામાં ન ભોગવેલાં એ અશાતા વેદનીય કર્મ અન્ય ભવમાં યુવાનીમાં જો એ ઉદયમાં આવ્યાં તો તે એથી પણ વધુ ભયંકર નીવડવાનો સંભવ છે. અલબત્ત, બધું ભવિતવ્યતા અનુસાર જ થાય છે તોપણ એક વ્યક્તિને રીબાતી જોઇને તેના જીવનનો અંત આણવાથી તે વ્યક્તિના વર્તમાન જીવનના દર્દને કદાચ અટકાવી શકાય. પરંતુ એ આત્માના અન્ય ભવોમાં ઉદયમાં આવનારા શેષ અશાતા વેદનીય કર્મને અટકાવી શકાતું નથી, એટલે દયાપ્રેરિત હત્યા કરવા જતાં તે વ્યક્તિનું આ જન્મ પૂરતું કદાચ હિત થાય તોપણ તેના 'આત્મા'નું તો અહિત જ થવાનો સંભવ છે.

વળી અહિંસાના સૂક્ષ્મ સિધ્ધાંત અનુસાર રાગ-દ્વેષની પરિણતી થાય છે તે જ જો હિંસારૂપ ગણાય તો દયાપ્રેરિત હત્યા એ પણ એક પ્રકારનો રાગ જ છે. એટલા માટે તે હિંસારૂપ કે દોષરૂપ જ ગણાય છે.

જે કેટલાક લોકો મનુષ્ય પ્રત્યે દયાની વાત કરે છે, પરંતુ તેઓને પ્રાણીઓ પ્રત્યેની દયાનો પ્રશ્ન એટલો ગંભીર લાગતો નથી. હડકાયા કુતરાને કે લંગડા ઘોડાને કે બીમાર અને પીડાતા પ્રાણીને મારી નાખીને એના જીવનનો અંત આણવામાં કાયદાની દૃષ્ટિએ કોઇ વાંધો આવતો નથી. પછી ત્યાં દયાનો ભાવ હોય કે ન હોય. ઘણીવાર તો ત્યાં વ્યવસ્થાનો અને એ બાબતનો ઝટ નિકાલ લાવવાની જ વાત હોય છે. કેટલાક લોકો પ્રાણીઓને મારી નાખવામાં નિર્દયતા ન

આચરવી જોઇએ એવો મત ધરાવતા હોય છે. નિર્દય રીતે પ્રાણીઓને મારીને તૈયાર કરવામાં આવતાં પ્રસાધનો કે મોજશોખની ચીજવસ્તુઓ ન વાપરવાની તેઓ ભલામણ કરે છે. તેટલે અંશે તે સારૂ છે. પાશ્ચાત્ય જગતમાં કેટલાક લોકો પશુઓને નિર્દયતાથી રીબાવીને મારી નાખવાનો વિરોધ કરે છે, પરંતુ કતલખાનામાં સ્વયંસંચાલિત યંત્રો દ્વારા મારેલાં પશુઓનું માંસ ખાવામાં કે પ્રયોગશાળામાં પશુઓને મારી નાખવામાં એમને કંઈ વાંધો જણાતો હોતો નથી. અહીં દયાની વા। બહુ જ સપાટી ઉપરની અને બહુ સીમિત પ્રમાણમાં રહેલી હોય છે. એમાં તાત્ત્વિક સિધ્ધાંતની બહુ ગહન વાત નથી, વળી એવી નિર્દયતાનો વિરોધ કરનારાઓની પ્રવૃત્તિ મુખ્યત્વે પંચેન્દ્રિય પ્રાણીઓ પૂરતી જ સીમિત હોય છે વાંદા, મચ્છર, માખી ગરોળી, સાપ, વીછી કીડી મંકોડી વગેરેને મારી નાખવામાં રહેલી નિર્દયતાની કોઈ વાત એમને જણાતી કે સ્પર્શતી નથી. પ્રાણીઓને આત્મા હોતો નથી એટલી હદ સુધીની માન્યતા પણ આવા કેટલાક લોકો ધરાવે છે.

જૈનધર્મ મનુષ્યની જ દયાપ્રેરિત હત્યાનો અસ્વીકાર કરવા ઉપરાંત પ્રાણીઓની પણ દયાપ્રેરિત હત્યાનો અસ્વીકાર કરે છે. બીજાના પ્રાણને, દ્વેષથી પુરાદાપૂર્વક છૂટા પાડવાની ક્રિયા જ જૈનધર્મને અસ્વીકાર્ય છે. એટલું જ નહિ જેનો દેહ નજરે દેખાતો નથી એવા સૂક્ષ્મ જીવોની હત્યા કરવાની કે વનસ્પતિમાં પાંદડું ફળ ફૂલ કે ડાળ વગેરેમાં રહેલા એકેન્દ્રિય જીવની દયાપ્રેરિત હત્યા પણ જૈનધર્મને અસ્વીકાર્ય છે. જો સૂક્ષ્મ જીવોની બાબતમાં જૈન ધર્મની આ માન્યતા હોય તો મનુષ્યની દયાપ્રેરિત હત્યાનો જૈનધર્મ કેમ સ્વીકાર કરી શકે ?

પોતાને માટે કે અન્ય કોઇ માટે 'સુખ આવ્યે જીવિત ના વાંછવું ને દુઃખ આવ્યે મૃત્યુ ન વાંછવુ' એવી સમદ્રષ્ટિની ભલામણ જૈનધર્મ કરે છે. -રમણલાલ ચી. શાહ

(પૃષ્ઠ ૧૦ થી ચાલુ)

શબ્દોના ઘડતરમાં ગ્રીક ને રોમન દેવતા

અર્વાચીન વૈદકની પરિભાષામાં હવે Hypn અને Hypno પૂર્વગો (શબ્દોના પ્રારંભમાં જોડાતા અંશો) તરીકે અનેક શબ્દોમાં વપરાય છે. ઊંઘની પ્રક્રિયાના શાસ્ત્રને આ પરથી હવે 'હિપ્નોલોજી' કહેવામાં આવે છે.

સંસ્કૃત : સ્વપ્ન–નિદ્રા તથા નિદ્રાના દેવતાના નામ તરીકે વપરાતું આ ગ્રીક નામ Hpnos આપણા સંસ્કૃત શબ્દ સ્વપ્ન' જોડે સરખાવવા જેવું છે. [સંસ્કૃત 'સ્વપ્ન:' સંસ્કૃત 'સ'ને માટે ગ્રીક 'હ'; અંત્ય વિસર્ગ (:) માટે ગ્રીક સ (S) મૂકી જુઓ : બંનેની સમાનતા સ્પષ્ટ થશે]

સંસ્કૃતમાં 'સ્વપ્ન' નિંદ્રાના અર્થમાં પણ વપરાયો છે: (ઋગ્વેદ) એનું એ મૂળ તો 'સ્વપ' એટલે ઊંઘવું જ છે ને ! લિથુનિયન ભાષામાં 'સ્વપ્ન' માટે વપરાતો SAPNAS શબ્દ પણ અહીં સરખાવવાનો-નોંધવાનો લોભ જતો કરી શકાય એવું નથી

અનિદ્રા : નિદ્રાના અર્થના આ હિપ્નોટિઝમ શબ્દના ઘડતરની આપણે કરેલી આ ચર્ચા જોડે જ નિદ્રા જોડે જ સંકળાયેલા અન્ય એક શબ્દ 'અનિદ્રા' માટે વપરાતા અંગ્રેજી શબ્દના ઘડતરની વાત પણ નોંધવાનું મન થાય છે. આમ થવાનું અન્ય એક કારણ એ પણ છે કે આ માટેના અંગ્રેજી શબ્દના ઘડતરમાં પણ એક પૌરાણિક દેવતાનું નામ રહેલું છે; પણ આ દેવતા ગ્રીક નથી, રોમન છે.

અંગ્રેજીમાં અનિદ્રાના રોગને 'ઇન્સોમ્નિઆ' કહે છે. સુશિક્ષિત વર્ગમાં આ શબ્દ ઠીક ઠીક પરિચિત છે.

ઇન્સોમ્નિઆ : ગ્રીક ભાષામાં નિદ્રાના દેવતાનું નામ Hypnos છે તેમ લેટિન ભાષામાં રોમનોના નિદ્રાના દેવતાનું નામ Somnus છે. પછી ગ્રીકભાષામાં દેવતાનું નામ નિદ્રાના અર્થમાં પણ વપરાયું તેમ રોમન દેવતાનું નામ પણ નિદ્રાના અર્થમાં પણ વપરાયું આ પરથી વળી Somnirium એટલે સ્વપ્ન એવો શબ્દ પણ બન્યો.

આ દેવતાના નામ પરથી Somn અને Somni એવા પૂર્વગો પણ બન્યા જે વૈજ્ઞાનિક પરિભાષામાં અનેક શબ્દોના પ્રારંભના અંશ તરીકે પણ વપરાયા જેમકે Somnambulist એટલે ઊંઘમાં ફરનારા, નિદ્રા ભ્રમણ કરનારા ! તથા Somnipathu કૃત્રિમ રીતે લવાતી નિદ્રા (ની પદ્ધતિ)

આ પરથી પ્રારંભમા નકારાત્મક પૂર્વગ IN-ઉમેરી વૈજ્ઞાનિક પરિભાષામાં ઈ. સ. ૧૭૫૮ માં 'અનિદ્રા' એવા અર્થમાં-એ રોગ માટે Insomnia-ઇન્સોમ્નિઆ' શબ્દ બનાવી લેવાયો જે હવે અલ્પશિક્ષિતોમાં પણ પરિચિત થતો જાય છે.

મુનિ સેવા આશ્રમ

દવાની કાયમી તિથિ માટે અત્યાર સુધીમાં નોંધાયેલી રકમ

(ગતાંકથી ચાલુ)

૨૦,૦૦૦	શેઠ હીરાચંદ તલકચંદ સ્મારક ટ્રસ્ટ
૧૧,૧૧૧	શ્રી પ્રભુદાસ લીલાધર
૧૦,૦૦૦	શ્રી વિદ્યાબેન મહાસુખભાઇ ખંભાતવાળા
૧૦,૦૦૦	શ્રી નવનીત પ્રકાશન
૧૦,૦૦૦	શ્રી દામજીભાઇ એન્કરવાળા
૧૦,૦૦૦	શ્રી સી. જી. સરૈયા
૭,૫૦૦	શ્રી કાંતિલાલ કેશવલાલ શેઠ
૭,૫૦૦	શ્રી આશિતાબેન કાંતિલાલ શેઠ
૫,૦૦૦	શ્રી પ્રવીણભાઇ મંગળદાસ અને ચંદ્રકળાબહેન પ્રવીણભાઇ
૫,૦૦૦	શ્રી સી એ. સંઘવી
૫,૦૦૦	શ્રી છોટાલાલ નાથાલાલ ચેરિટેબલ ટ્રસ્ટ
૫, ૦૦	શ્રી આર. કે. ફેમિલાઇઝ ચેરિટેબલ ટ્રસ્ટ
૫ ૦૦૦	સ્વ. નૌતમલાલ ઝવેરચંદ મહેતા
૫ ૦૦૦	શ્રી અમરસન્સ
૫,૦૦૦	શ્રી ચીતુભાઈ હિંમતભાઇ
૫,૦૦૦	શ્રી સોનલબેન હિતેન શેઠ
૫,૦૦૦	શ્રી મોહનલાલ હેમચંદ ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦	શ્રી શૈલેશભાઈ ઝોઝારી
૫ ૦૦	શ્રી મધુરીબેન શાહ
૫,૦૦૦	શ્રી બાલજી શામજી શાહ
૨ ૫૦૦	શ્રી રવજીભાઇ ગણાત્રા
૨,૫૦૦	શ્રી નિર્મળાબેન ગણપતભાઇ ઝવેરી
૨,૫૦૦	શ્રી ધીરજલાલ કુલચંદ શાહ
૨,૫૦૦	શ્રી રજનીકાંતભાઇ એમ શાહ

(વધુ આવતે અંકે)

શબ્દોના ઘડતરમાં ગ્રીક ને રોમન દેવતા

– પ્રવીણચંદ્ર જી. રૂપારેલ

[આપણે ત્યાં સારા એવા પ્રચલિત કેટલાક અંગ્રેજી શબ્દોના ઘડતરમાં ગ્રીક ને રોમન દેવતાઓનાં નામ રહેલાં છે. એવાં કેટલાક શબ્દોનો પરિચય અહીં રજૂ થાય છે]

ગત મહાયુદ્ધ દરમિયાન કેટલુંક એવુંય આવી પડયું હતું; જેનો આપણને પહેલીવાર પરિચય થયો હતો. આમાંની એક બાબત તે 'સાયરન'! વિમાની હુમલો થવાનો ભય સૂચવવા કે એવો ભય દુર થયો છે એવું સૂચવવા ખાસ યંત્રો દ્વારા ઉત્પન્ન કરાતા ને પ્રસારાતા વિશિષ્ટ ધ્વનિને તથા એ યંત્રને આપણે 'સાયરન' નામે ઓળખતા થયાં છીએ.

સાયરન : પણ એ 'સાયરન' નામે શા માટે ઓળખાય છે ?

આપણે આ નામ અંગ્રેજી દ્વારા અપનાવ્યું છે, પણ મૂળ તો એક ગ્રીક પૌરાણિક કથાએ જ આ નામ આપ્યું છે.

અર્ધ-દેવતાની કક્ષાની એક પ્રકારની દેવી (આપણી અપ્સરા જેવી) ગ્રીકમાં NYMPH નામે ઓળખાય છે. આપણે એને જળદેવી કહી શકીએ. સાયરન' આ પ્રકારની 'નિમ્ફ'નું નામ છે એનું શરીર પક્ષીનું ને માથું સ્ત્રીનું હોય છે. (પછીથી અડધી સ્ત્રી અને અડધી પક્ષી; ને તે પછી શરીર સ્ત્રીનું ને પગ પક્ષીનાં – પાંખવાળું કે પાંખ વગરનું, એવાં યે સાયરનનાં વર્ણનો મળે છે.) આ સાયરનો એવું મીઠું, મંત્રમુગ્ધ કરી દે એવું ગાતી હોય છે કે નાવિકો એ પ્રત્યે અવશપણે, અનિવાર્ય રીતે આકર્ષાય ને અંતે નાશ પામે.

ગ્રીક પુરાણ નાયક ઓડિશિયસને આ વિશે આગળથી જ ચેતવણી મળી ગઇ હતી. એટલે એની દરિયાઇ સફર દરમિયાન પોતાના નાવિકોના કાનમાં એણે મીણ પુરાવી દીધું જેથી એ કોઇ સાયરનનું સંગીત સાંભળી શકે નહીં ! પણ એવું સંગીત સાંભળવાની એની ઇચ્છા એટલી પ્રબળ, એટલી અદમ્ય હતી કે એ તરફ ખેંચાવાની શકયતા ટાળવા એણે પોતાને વહાણના કુવાથંભ (Mast) જોડે ખૂબ કસીને બંધાવી લીધો; અને આમ એણે સાયરનનું સંગીત તો સાંભળ્યું જ ! આ કથાઓ પ્રમાણે આવું સંગીત સાંભળીને પણ જીવતો રહેનાર એ પહેલો માનવ હતો.

પોતાના સંગીતની આવી નિષ્ફળતાથી હીણપત અનુભવતી, માનહાનિ પામેલી સાયરનોએ જળસમાધિ લીધી.

પણ પછી ? એમના સંગીતના મુગ્ધકર ગુણોને બાજુને, એવું સરસ ગાનાર સ્ત્રી પણ પછી, લક્ષણથી 'સાયરન' કહેવાય પણ 'સાયરન'ના આવા અદ્‌ભુત સંગીતની જોડે જવલેણ જોખમ પણ સંકળાયેલું હતું ને ! એટલે, પોતાના મુગ્ધકર ગુણોનો, કોઇને લોભાવવા-લલચાવવા માટે ઉપયોગ' કરનારી 'આકર્ષક' પણ 'જોખમી' સ્ત્રી માટે પણ આ નામ વપરાયું.

હવે : સાયરનના આવા ગુણો પરથી ઇ. સ. ૧૮૨૦માં સંગીતમય સૂરાવલિ ઉત્પન્ન કરતું યંત્ર પણ સાયરન કહેવાયું; પણ પછી ઇ. સ. ૧૮૭૯માં આવી જ પદ્ધતિથી બનેલાં પણ મોટાં યંત્રો, ધુમ્મસ કે અન્ય કોઇ પ્રકારનું જોખમ સૂચવવા, ચેતવણી આપવા રડીમરો પર વપરાયાં–ને એ પણ સાયરન કહેવાયાં. ભય જોખમનું સૂચન કરતાં–ને એ રીતે એ અંગેની ચેતવણી આપતાં આવાં યંત્રો પછી તો મિલો, કારખાનાઓ ને મોટરો વગેરેમાં પણ વપરાવા માંડ્યાં. પોલીસની મોટરો વિશ્વભરમાં આવાં યંત્રો છૂટથી વાપરે છે.

અને આ યંત્રો ચોકકસ પ્રકારના આરોહ અવરોહ કે ચોકકસ કક્ષાના સાતત્યવાળા ધ્વનિની સંજ્ઞાથી હવે વિમાની હુમલાનો ભય કે એવો ભય દુર થવાનું સૂચન કરવા માટે વપરાતાં થયાં; લગભગ બધા જ રાષ્ટ્રોમાં (થોડા ઉચ્ચાર ભેદે) આ 'સાયરન' નામે ઓળખાય છે.

યુદ્ધ તો હવે કયારનું પતી ગયું છે. પણ અણુબોમ્બ, અચાનક એવા સંજોગો આવી પડે તો પ્રજા એ માટે માનસિક રીતે તૈયાર રહે ને એવા સંજોગો આવી પડે તો એ માટે 'સાયરન' વગાડતાં યંત્રો બારે મહિના ને ચોવીસે કલાક કાર્યક્ષમ રહે તે માટે મોટા શહેરોમાં તો હજીયે રોજ નિયત સમયે સાયરન વગાડવામાં આવે છે. હવે તો આનો પરિચય એટલો વ્યાપક થયો છે કે ગામડાંના લોકો પણ આને સાયરન' નામે ઓળખતાં થયાં છે.

હિપ્નોટિઝમ : 'હિપ્નોટિઝમ' શબ્દ તો હવે આપણે ત્યાં – ભલે કાચું કાચું પણ અલ્પ શિક્ષિતોયે જાણે છે. સુશિક્ષિત વર્ગમાં એને માટે 'વશીકરણ વિદ્યા', 'મૂર્છનાશાસ્ત્ર' વગેરે જેવા પર્યાયો યોજાયા છે; પણ એ જે છે, તે ધ્યાનમાં લેતાં આ પર્યાયો પૂરતા અર્થસૂચક નથી. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ આમાં અનુભવાતી સ્થિતિ એ કૃત્રિમ રીતે પ્રેરેલી ગાઢ નિદ્રાની અવસ્થા હોય છે. કેટલાક વિશિષ્ટ રોગોની ચિકિત્સા કરવામાં એ ઉપયોગી નીવડે છે. એવો એક જમાનામાં વિવાદાસ્પદ ગણાતો દાવો હવે વાસ્તવિકતાનું સ્વરૂપ ધારણ કરતો જાય છે.

આ વિદ્યાના આવા હિપ્નોટિઝમ નામના મૂળમાં યે એક ગ્રીક દેવતાનું નામ રહેલું છે

ગ્રીક પૌરાણિક કથાઓ અનુસાર HUPNOS, એ નિદ્રાનો દેવતા છે. એને પાંખો હોય છે વળી આ HUPNOS એટલે નિદ્રા એવું પણ ખરું !

આ ગ્રીક નામે અંગ્રેજીમાં Hypno રૂપ ધારણ કર્યું. આ પરથી પછી, વૈજ્ઞાનિક પરિભાષામાં 'પ્રેરેલી કૃત્રિમ નિદ્રા' તે Hypnosis એવો શબ્દ બન્યો-પ્રચલિત થયો. જ્ઞાનતંતુ-ઓને લગભગ નિદ્રાની અવસ્થામાં મૂકી દેવાની આ માટેની પ્રક્રિયાને આ શબ્દ પરથી જ ડૉ. બ્રેઈડને ન્યુરો-હિપ્નોટિઝમ નામે ઓળખાવી.

(અનુસંધાન પૃષ્ઠ ૯ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી રોડ, મુંબઇ – ૪ ૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪

વર્ષ : ૫૧ * અંક ૧૧-૧૨ : * તા. ૧૬-૧૦-૧૯૮૯.....Regd. No MH. Bv / South 54 * Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર * પરદેશમાં રૂા. ૩૦૦/-

તંત્રી : રમણલાલ ચી. શાહ

પોલીસ અને ન્યાયતંત્ર

તાજેતરમાં છાપાઓમાં પ્રગટ થયેલા અહેવાલો અનુસાર ગુજરાતમાં નડિયાદ શહેરમાં પોલીસ કાયદાનું કરીને ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને દારૂ પીધાના કહેવાતા આરોપસર કાયમાં હાથકડી પહેરાવીને, દોરડું બાંધીને જેલમાં લઇ ગઇ એ બનાવે એટલી મોટી ચકચાર જગાવી કે છેક ખુદ સુપ્રિમ કોર્ટને પણ એ ગંભીર બાબતમાં તપાસ કરવાની ફરજ પડી છે. એનો ચુકાદો આવતાં વાર લાગશે, પરંતુ આ ઘટના ગુજરાતના ન્યાયતંત્ર અને પોલીસ તંત્ર વચ્ચે છેલ્લા કેટલાક સમયથી જુદે જુદે સ્થળે જે સંઘર્ષ ચાલી રહ્યો છે તેનો વાસ્તવિક ખ્યાલ આપે છે.

ભારતમાં છેલ્લાં કેટલાક વર્ષોથી પરિસ્થિતિ એટલી બધી વિષમ બનતી જાય છે કે સરકાર પ્રત્યે, ન્યાયતંત્ર પ્રત્યે, વકીલો પ્રત્યે કે પોલીસતંત્ર પ્રત્યે પ્રજાનો આદરનો ભાવ ઓછો તો જણાય છે. જે દેશમાં સામાન્ય નાગરિકને પોતાની સરકાર પ્રત્યે, ન્યાયતંત્ર કે પોલીસતંત્ર પ્રત્યે આદર ન હોય એ દેશમાં પરિસ્થિતિ ક્રમે ક્રમે આરાજકતા તરફ વધુ અને વધુ ગતિ કરે અને લોકશાહીની વિડંબના થયા કરે એ સ્વાભાવિક છે.

લોકશાહીમાં, કોઇ પણ દેશમાં સરકાર કાયદાઓ ઘડે છે. ન્યાયતંત્ર પોલીસતંત્ર દ્વારા એ કાયદાઓનો અમલ કરાવે . કાયદાનો અમલ કરતી વખતે કોઇ પણ વ્યક્તિનો અપવાદ હોય. સરકારી પ્રધાન હોય, કોઇ સંસદસભ્ય કે ધારાસભ્ય હોય, કોઇ ન્યાયધીશ હોય કે પોલીસ તંત્રના કોઇ પણ હોય, પરંતુ જો તે ફોજદારી ગુનો કરે તો તેની પણ પકડ કરીને તેની સામે અદાલતમાં કામ ચલાવી શકાય છે. કોઇ પ્રધાન કે ધારાસભ્ય હોય, ઉચ્ચ ન્યાયાલયના કોઇ ન્યાયધીશ હોય કે પોલીસતંત્રના કોઇ ઉપરી હોય કે કોઇ મોટા ગજાના સંન્યાસી તો પણ અંતે તો તેઓ માણસ જ છે અને માણસ-સહજ ગંભીર ફોજદારી ગુનો તેમનાથી જો કદાચ થઇ જાય તો તેમની ઉપર પણ કાયદેસર કામ ચલાવી શકાય છે, ચલાવવું જોઇએ. લોકશાહીની આ એક વિશિષ્ટતા છે. The king can do no wrong. એ કહેવત લોકશાહીમાં ખોટી અને કાળબાહ્ય ગણાય છે.

લોકશાહીમાં કયારેક સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે સંઘર્ષ થયો છે. સરકારે (ધારાસભાએ કે સંસદે) ઘડેલો કાયદો જ્યારે ન્યાયાલયમાં આવે છે ત્યારે વકીલો તેના દરેક શબ્દને તપાસીને જુદુ જુદું અર્થઘટન કરે તેમાં જો ત્રુટિઓ રહેલી હોય તો બતાવે છે. પોતાના અર્થઘટનના સમર્થનમાં અગાઉ બની ગયેલી ઘટનાઓ અને તે વિષે અદાલતમાં ચાલેલા કામની નોંધનો હવાલો આપે છે. સરકારી કાયદો ગેરબંધારણીય અથવા ત્રુટિવાળો-સંદિગ્ધ હોય તો તેનો સરખી રીતે અમલ થઈ શકતો નથી. કેટલીકવાર એથી સરકારને કાયદામાં કે રાષ્ટ્રના બંધારણમાં સુધારા કરવાની ફરજ પડે છે. કેટલીકવાર પરિસ્થિતિ બદલાતાં કે સંદર્ભ બદલાતાં કે ધાર્યું પરિણામ ન આવતાં સરકારને પણ કાયદામાં સુધારા કરવાની કે કાયદો રદ કરવાની ફરજ પડે છે. કાયદામાં ફેરફાર કરવાની સત્તા સરકારને હોય છે, ન્યાયતંત્રને નહિ. ન્યાયતંત્ર સુધારા સૂચવી શકે છે. સરકારનું કાયદાખાતું એ પ્રમાણે ફેરફારો કરીને નવો કાયદો ઘડી શકે છે. પરંતુ નવો કાયદો જ્યાં સુધી પસાર ન થાય ત્યાં સુધી ન્યાયતંત્ર દ્વારા પોલીસતંત્ર પાસે તેનો અમલ કરાવી શકાતો નથી.

કોઇપણ લોકશાહી દેશમાં સરકાર, ન્યાયતંત્ર અને પોલીસતંત્ર વચ્ચે કાયમને માટે આદર્શ સુસંવાદિતા કે સુમેળ રહ્યા કરે તેવું બનવું ઓછું શક્ય છે. કયારેક સરકાર ઉતાવળ કરે અથવા ન્યાયતંત્ર કે પોલીસતંત્ર ઉતાવળ કરે તો તેવી પરિસ્થિતિમાં ઘણા પ્રશ્નો ઊભા થાય છે. જે દેશમાં સરકાર સામે વિરોધપક્ષોનો બહુ ઉહાપોહ હોય, જે દેશમાં સરકારી પક્ષ કે વિરોધપક્ષો સત્તાને માટે ખૂન, પૈસાની ઉચાપત ઇત્યાદિ ગમે તેવાં ગુનાહિત અપકૃત્યો કરવા તત્પર થાય, જે દેશમાં લોકોને ન્યાયતંત્ર પ્રત્યે બહુ આદર ન હોય, જે દેશમાં પોલીસ તંત્રથી લોકો સતત ભયભીત હોય અને પોતાનું કામ કરાવવા માટે ગમે તેવી લાંચ આપવા તૈયાર હોય અને જ્યાં પોલીસતંત્ર સાવ ભ્રષ્ટ અને સડેલું હોય એ દેશમાં કાયદો અને વ્યવસ્થા આદર્શ સ્થિતિમાં રહી શકે નહિ.

સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે જેટલી અથડામણ થવાનો સંભવ છે એથી વધુ અથડામણો ન્યાયતંત્ર અને પોલીસ વચ્ચે થવાનો સંભવ રહે છે, કારણ કે કાયદાનું પરિપાલન પોલીસ દ્વારા કરાવવાનું હોય છે. પોલીસ જાણી જોઇને કે લાંચ લઇને ગુનેગારને છોડી દે છે એવું કયારેક ન્યાયતંત્રને લાગે છે. ગુનેગાર સામેના પુરાવા પોલીસતંત્ર જાણી જોઇને ઢીલા કરી નાંખે છે, જુબાનીઓ જાણી જોઇને ઊલટી સુલટી નોંધે છે. લાંચ લઇને સાક્ષીઓને ફોડે છે-આવા પ્રકારના આક્ષેપો કે ટીકાત્મક પ્રહારો ન્યાયતંત્ર તરફથી પોલીસતંત્ર ઉપર થાય છે. વળી ન્યાયતંત્ર તરફથી કાઢવામાં આવેલા

સમન્સ પોલીસ એક અથવા બીજા બહાના હેઠળ જાણી જોઈને કે લાંચ લઈને બજાવતી નથી કે બજાવવામાં જાણી જોઈને વિલંબ કરે છે, આરોપીનો પતો લાગતો નથી એવાં બહાનાં કાઢે છે અથવા ગુનેગારોને અગાઉથી માહિતી આપીને ભગાડી દે છે–એવા એવા આક્ષેપો ન્યાય-તંત્ર તરફથી થાય છે. બીજી બાજુ વકીલો અને ન્યાયધીશો ગુનેગારો પાસેથી લાંચ લઈને ગુનેગારોને છોડાવી દે છે. અથવા પોલીસે ઘણી જહેમત પછી, જાનના પણ જોખમે આરોપીને પકડયો હોય ત્યારે ન્યાયાધીશ પોલીસના હાથ ઢીલા કરી નાખે છે, વળી પોલીસના અભિપ્રાય વિરુદ્ધ આરોપીને જમીન પર છોડવાનો હુકમ કરે છે અને ગુનેગારને પુરાવાનો નાશ કરવા માટે, વેર લેવા માટે અથવા વધુ ગુના કરવા માટે કે નાસી જવા માટે પૂરતો સમય અને અવકાશ ન્યાયધીશ જાણી જોઈને આપે છે એવા આક્ષેપો પોલીસતંત્ર તરફથી ન્યાયતંત્ર ઉપર થાય છે. જ્યાં ન્યાયતંત્ર અને પોલીસતંત્ર વચ્ચે આવા સંભવિત આક્ષેપોનું વાતાવરણ સર્જાય છે ત્યાં પરસ્પર ટીકા, અસહકાર અને અસહિષ્ણુતા વધતાં જાય છે. અને તેના માઠા પ્રત્યાઘાતો લોકજીવન પર પડે છે.

ભારતમાં અંગ્રેજોએ દાખલ કરેલી ન્યાયની પદ્ધતિ ઘણી લાંબી, કંટાળા ભરેલી અને ખર્ચાળ છે. કેટલીય વાર કેટલાય માણસો મૂંગે મોઢે અન્યાય સહન કરી લેવાનું પસંદ કરે છે, કારણ કે ન્યાય મેળવવા અદાલતમાં જવા કરતાં અન્યાય સહન કરવામાં ઓછું નુકસાન અને ઓછી ઉપાધિ હોય છે. ભારતમાં નીચેના સ્તરથી હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટ સુધી કેસ વર્ષો સુધી લડી શકાતો હોવાના કારણે આર્થિક રીતે સમર્થ વ્યકિત વધુ ફાવી શકે છે. ગરીબ લોકોને ન્યાય મેળવવો મોંઘો પડે છે. કે પરવડતો નથી. ભારતમાં ન્યાયતંત્રની આટીઘૂંટી એટલી મોટી છે કે ઘણાં વર્ષો પછી પોતાને મળેલા ન્યાયનો માણસને આનંદ રહેતો નથી. ન્યાયાલયમાં તે જીતે છે, પરંતુ જીવનમાં તે હારી જાય છે. કેટલાક કિસ્સાઓમાં તો બે ત્રણ દાયકા પછી પણ માણસને ન્યાયલયનો ચૂકાદો મળ્યો ન હોય એવું બન્યું છે. કેટલીકવાર તો મૂળ વાદી – પ્રતિવાદીના અવસાન પછી કેટલાંયે વર્ષે ચુકાદો આવ્યાના બનાવો બન્યા છે.

ભારતમાં વસતી વધી છે તેનાં પ્રમાણમાં ન્યાયાલયો વધ્યાં નથી એટલે દરેક જિલ્લામાં હજારો લાખો કેસ એમને એમ પડી રહેલા છે. વળી આઝાદી પછી છેલ્લાં થોડાં વર્ષોમાં ન્યાયતંત્રમાં અને વકીલોમાં ભ્રષ્ટાચાર વ્યાપી ગયો છે. લાંચ લઈને ન્યાયાધીશોએ ચુકાદો આપ્યાનું સાંભળીએ છીએ તો બીજી બાજુ બંને પક્ષના વકીલો પણ અંદરઅંદર મળી જઈને કેસને જાણી જોઈને લંબાવે છે. અને પોતાના અસીલો પાસેથી પૈસા પડાવતા રહે છે. જ્યાં આવી પરિસ્થિતિ હોય ત્યાં લાચાર માણસો વકીલોને, કે ન્યાયધીશોને કે પોલીસને લાંચ આપવા લલચાય એમ બનવું સ્વાભાવિક છે.

ભારતમાં સત્તા અને પૈસાથી બળવાન બનેલા માણસો પોતાના હાથમાં કાયદો લઈને ફાવે તેમ વર્તે છે. પોલીસ કે ન્યાયતંત્રને ફરિયાદ કરવાથી ચુકાદો દસવીસ વર્ષે આવશે. માટે ત્યાં સુધી રાહ જોવા કરતાં પોલીસ કે ન્યાયતંત્રને ફોડીને ધાર્યું કામ કરાવી લેવું એ જ ઉત્તમ ઉપાય છે. એવું માનસ ભારતમાં દિવસે દિવસે વધતું જાય છે. જે હાથમાં સત્તા છે તેને પક્ષે તેથી અસહિષ્ણુતા વધતી જાય છે અને 'પછા અમારું જે થવાનું હશે તે થશે, અત્યારે તો તમને બરાબર બતાવી દઈશું'—એવું વલણ કેટલાક જબરા માણસોમાં અને ખુદ પોલીસતંત્રમાં પણ વધતું ચાલ્યું છે. નડિયાદનો બનાવ એની સાક્ષી પૂરે છે.

ભારતમાં વસતી વધવાની સાથે સાથે ગુનાખોરીનું પ્રમાણ પણ વધ્યું છે. એને લીધે એક બાજુ પોલીસતંત્રની કામગીરી અને જવાબદારી વધી છે તેમ બીજી બાજુ લોકો પાસેથી નાના-મોટા ગુનાઓ માટે લાંચ લેવાની તક પણ વધી છે. ક્રમણાં ક્રમણાં તો ઘણાં રાજ્યોમાં પોલીસતંત્ર લોકોમાં કાયદો અને વ્યવસ્થા સારી રીતે જળવાય એ માટે ઉદ્યમશીલ હોવા કરતાં ગુનેગારો પાસેથી પૈસા કેમ પડાવાય તે માટે જ વધુ ઉદ્યમશીલ હોય છે. ચોરી, ખૂન, બળાત્કાર કે દારૂબંધી, દાણચોરી, ફેરી દ્રવ્યોની હેરાફેરી વગેરે પ્રકારના ફોજદારી ગુનાઓમાંથી જે વિસ્તારમાં રૂપ્રવતરૂપે પોતાને વધુ કમાણી થશે એ વિસ્તારમાં પોતાની બદલી કરાવવા માટે પોલીસ અધિકારીઓ ઉપરીઓને મોટી લાંચ આપતા હોવાનું મનાય છે. કયા પોલીસ મથકની લાંચ દ્વારા મેળવેલી રોજની સરેરાશ આવક કેટલી છે તેની ચર્ચા પોલીસોમાં જ માંહોમાંહે થાય છે દુખીતી રીતે આવી પરિસ્થિતિ ન્યાયતંત્ર માટે અસહ્ય ગણાય એટલે વખતોવખત પોલીસની આકરી ટીકા ન્યાયાધીશો દ્વારા થાય એ સ્વાભાવિક છે. પરંતુ રીઢું બની ગયેલું પોલીસતંત્ર એથી જલદી સુધરે એવી આશા રાખવી અસ્થાને છે.

દેશના વિવિધ ક્ષેત્રોમાં અનેક અપાત્ર, અનધિકારી, બેજવાબદાર માણસો ઘૂસી ગયા છે. એમાં પોલીસતંત્ર પણ બાકાત નથી. સારા અને સાચા પોલીસને પોતાની ફરજ અને જવાબદારીનું પૂરેપુરું જ્ઞાન અને ભાન હોવું જોઈએ. પોતા જેની નિરબત છે એવા તમામ કાયદાઓની પૂરેપૂરી જાણકા તેમને હોવી જોઈએ. ભારતનો સરેરાશ પોલીસ જરૂ કાયદાઓમાં પૂરું જ્ઞાન ધરાવતો નથી પોતાનાથી શું કરી શકાય અને શું ન કરી શકાય, પોતાની કેટ સત્તા છે અને કેટલી સત્તા નથી તેને વિષે સાચી અ સરખી જાણકારી ઘણા ઓછાને હોય છે. લો પણ બિચારા અજ્ઞાની હોય છે અને પોલીસ કરે સાચું એમ સમજીને એની સત્તાને, એના કાય જ્યાં પડકારવા જેવું હોય ત્યાં પડકારતા નથી. પ્રજા પણ રોજિંદા કાયદાઓનું ઘોર અજ્ઞાન પ્રવર્તે છે. એ લીધે પોલીસતંત્રને તો લોકોની સલામતી અને શાંતિ મ સાચી ફરજ બજાવવા કરતાં સત્તાનો ડર બતાવી લો પાસેથી ગેરકાયદે પૈસા મેળવવામાં વધુ રસ છે. એથી ભારતમાં ગુંડાઓ, દાણચોરો, ગુનેગારો વગેરે નીડર બન ફરે છે. નિર્દોષ માણસોને પોલીસનો જેટલો ડર છે તે ડર રખડતા ગુનેગારોને રહ્યો નથી. આ એક અત્યંત દુ પરિસ્થિતિ છે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૯ ઉપર)

અનુપ્રેક્ષાની શૈલીનો સ્વાધ્યાય

પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી

આત્મપ્રિય મુનિવર,

સ્નેહભીની વંદના, સુખશાતા પૃચ્છા.

શ્રી દેવગુરુ કૃપાથી આનંદમંગલ વર્તે છે. ત્યાં પણ તેમ હો. થોડા દિવસ પહેલાં પત્ર મળ્યો હતો. ત્યાં હાલ સ્વાધ્યાયનું વાતાવરણ સુંદર જામ્યું છે એ જાણી ખૂબ પ્રમોદ અનુભવ્યો. સાધુ જીવનનો પ્રાણ સ્વાધ્યાય છે. વાચનાદિ પાંચે પ્રકારના સ્વાધ્યાયમાં સાધુ નિરંતર રમમાણ રહે તો જ તેની સાધુતા નિર્મળ રહે સ્વાધ્યાય કરતાં કરતાં જ આપણું જ્ઞાન ઉત્તરોત્તર આગળ-આગળ વિકસતું રહે.

પ્રારંભનું જ્ઞાન શ્રુતની કોટિનું હોય છે. કોઠારમાં પડેલા બીજ જેવું. એમાંથી કોઈ નવો અંકુર ન ફૂટે, અંતરંગ રહસ્ય ખુલ્લું ન થાય, ત્યાં જ સ્થિર થાય અને આગળ ન વધે તો તેના ફળ સ્વરૂપે વિવાદ અને મતાવેશ આવે. એટલે આપણે તો શ્રુતજ્ઞાનમાંથી ચિંતાજ્ઞાનમાં અને ચિંતાજ્ઞાનમાંથી ભાવનાજ્ઞાનમાં જવાનું લક્ષ્ય કેળવવું જોઈએ. સ્વાધ્યાય પણ એવા જ લક્ષ્ય સાથે કરીએ તો એ ઉપર ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ જરૂર થાય એને એવા સ્વાધ્યાયમાંથી આત્મ-તૃપ્તિકર અનેરા આનંદની અનુભૂતિ થાય, વિપુલ નિર્જરા થાય ચિંતાજ્ઞાનને પાણીમાં પડેલા તૈલબિન્દુ જેવું કહ્યું છે. બુદ્ધિમાં પ્રસરી જાય છે. એ જ્ઞાન અને તાત્પર્ય સુધી પહોંચાય પછી ઉલ્લાસોલ્લાસ થાય.

અધ્યયનને સ્થિર કરવાનો જે ક્રમ છે તે આ કક્ષામાં પ્રકટે છે. જે વિષયનું અધ્યયન કરે ત્યારે એજ વિષયને જે અન્ય ગ્રન્થોમાં વર્ણવ્યો હોય તેની સાથે તુલના કરે, બન્નેના અર્થ તાત્પર્યનું પરિશીલન કરે અને એમ કરીને બન્ને વચ્ચેના ભેદનું તારવણ કાઢે, પછી સ્યાદ્વાદ શૈલીનો આશ્રય લઈને એ બન્નેની સંગતિ કરે. આ પદ્ધતિએ ગ્રન્થ કે પાનાની દૃષ્ટિએ કદાચ થોડું અધ્યયન થાય તો પણ સદ્બોધ તો પર્યાપ્ત થઈ રહે અને પછી ક્રમશઃ ભાવના જ્ઞાનની કક્ષા સધાતી આવે. શ્રુતજ્ઞાનથી જલપાન જેવી માત્ર તરસ છીપે પણ ચિંતાજ્ઞાનથી દુગ્ધપાનની જેમ તરસ છીપે અને ભૂખ શમે. તુષ્ટિ મળે અને ભાવનાજ્ઞાનના અમૃતપાનથી તો સંતૃપ્તિ સાથે તુષ્ટિ અને પુષ્ટિ બન્ને મળે.

આવા ચિંતાજ્ઞાનનો અનુભવ ક્ષણાં ક્ષણાં કયારેક કયારેક થાય છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજનું નવમ શતાબ્દી વર્ષ, એટલે આપણા માટે તો હૈમગ્રન્થોના સ્વાધ્યાયનો અવસર. અવસર પામી આળસ કોણ કરે.

ત્રિષષ્ઠિના દશે પર્વ વાંચેલાં (વિ સં. ૨૦૨૩/૨૪માં) પણ જે તો કલાકની ૬૦૦૭૦ શ્લોકની ઝડપે વાંચેલાં. કહેવા ખાતર પણ આપણે ઘણું કરીએ છીએ ને ! એ રીતે એમાં પૂરો અર્થ બેસે ન બેસે સમજાય કે ન સમજાય એની દરકાર કોણ કરે ? સલાહ્યાથી સાથે હતા પણ તેય આપણા જેવા જ હોય તો મેળ જામેને ? કોઈ શબ્દ શબ્દકોશમાં જાતવાનો આવે એટલે કહે કે (वाच्यता समयोडतीत स्वष्टमग्रे भविष्यति) વાંચોને, થાય છે મોહું સ્પષ્ટ આગળ થઈ જશે એમ પછી લગાડી એટલે હાંકે એમ ગાડી ગબડાવતા અને આજે કલાક વાચન કર્યું એમ મન મનાવતાં હાં-કરીથી કયારેક વાંચીશું એવા મનોરથ કરેલા ખરા. એટલે આ અવસરે ત્રિષષ્ઠિ પ્રથમ પર્વ-પરિશિષ્ટ પર્વ અને યોગશાસ્ત્ર પ્રથમ પ્રકાશ એવા ગ્રન્થોના થોડાંક પૃષ્ઠોનો સત્સંગ કર્યો-સ્વાધ્યાય કર્યો તેમાં તો હું ન્યાલ થઈ ગયો. તેમનો ભક્ત બની ગયો. તેમની કેટલીય પંક્તિ જીભે રમવા લાગી પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજના ગ્રન્થો પ્રત્યે જેવો અનુરાગ છે તેવો હવે હૈમગ્રન્થો પ્રત્યે પ્રકટયો છે પહેલાં તેમના પ્રત્યે સદ્ભાવ હતો હવે અહોભાવ પ્રકટયો. પહેલાં તેમના ગ્રન્થોની પ્રશંસા અનેક ધુરંધર વિદ્વાનો પાસેથી સાંભળી હતી (પૂ. જંબુવિજયજી મ. તો હૈમગ્રન્થોના ભારે પ્રશંસક છે તે તો તમે જાણો જ છો) પણ તેની પ્રતીતિ ક્ષમણાં થઈ. પહેલેથી આદર તો હતો પણ હવે આકર્ષણ જાગ્યું. કારણ કે અત્યાર સુધી આચમન કર્યું હતું હવે કાંઠક અવગાહન કર્યું તેથી આ લાભ થયો. તેમનું સ્પષ્ટ વ્યાખ્યા કૌશલ્ય જોઈને ખુશ ખુશ થઈ ગયો. નિરૂપણ શૈલી તદ્દન આગવી રચના - ચાતુર્ય જોઈને અસંશય કહેવું પડે કે તેઓ સ્વયં સરસ્વતી હતા (કુર્યાલી શારદ).

હવે ઝાઝુ મોણ નાખ્યા વિના મૂળ વાત ઉપર આવું. પ્રસ્તાવના લાંબી થઈ ગઈ. પત્ર લાંબો થઈ રહ્યો છે કંટાળો તો નથી આવતો ને ? આપણું તો ભાઈ બે અંતિમ જેવું છે. કાગળ ન લખ્યો તો કેટલા મહિના ન લખ્યો. હવે તમારા ત્રણ પત્ર આવી ગયા. ઉધરાણી થતી રહી હોય તોય કોણ લખે ! આળસ પણ એવીને...પણ આજે તો ઉત્સાહ આવ્યો એટલે ખાધ પૂરી થશે. જો કે કાગળમાં કેટલું લખાય ? થોડાં થોડાં બિન્દુઓનો જ આસ્વાદ કરાવી શકીશ

(૧) આપણે ત્યાં પ્રસિદ્ધ છે: દાન, શીલ, તપ અને ભાવ. આમાં શીલ શબ્દ છે. આનો અર્થ આપણે ત્યાં એકજ પ્રચલિત છે. - શીલ એટલે શિયળ અને શિયળ એટલે બ્રહ્મચર્ય. જ્યારે ત્રિષષ્ઠિમાં शीलं सावद्य योगानां प्रत्याख्यानं निगद्यते । એવી વિશાળ વ્યાખ્યા મળે છે. કોઈ પણ પાપ વ્યાપારોનું પચ્ચક્ખાણ તે શીલ. આમાં પેલા બ્રહ્મચર્યરૂપ અર્થનો સમાવેશ આવી જ જાય છે. પંચશીલ એ શબ્દ દ્વારા આ અર્થ પ્રસિદ્ધ છે જ. વ્યાખ્યાનો વ્યાપ કેટલો મોટો !

(૨) સમ્યક્ત્વનાં લક્ષણોની વાત આપણે ત્યાં પ્રસિદ્ધ છે. તેનાં પાંચ લક્ષણો - શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય આની જે વ્યાખ્યા જાણીતી છે-વ્યાખ્યાનમાં જેનું નિરૂપણ થાય છે તે વ્યાખ્યા તો સમકિતના ૬૭ બોલની સજ્ઝાયમાં છે તેજ. પહેલીજ શમની વ્યાખ્યા - અપરાધીશું પણ ચિત્ત થકી નવી ચિંતવીએ પ્રતિકુળ આ વ્યાખ્યા વાંચીએ એટલે આપણને લાગે કે આ તો મુશ્કેલ છે, પ્રતિકુળ ચિન્તવન સુદ્ધા ન થાય ! આપણે આપણી મેળે જ કહીએ કે ભાઈ ! આવું સમકિત તો અમારે પણ દુર્લભ છે. પછી આપણે કહીએ કે આમાં ઉત્પત્તિ ક્રમ પશ્ચાનુપૂર્વીથી છે. છેલ્લે શમ આવે જ્યારે ત્રિષષ્ઠિ પ્રથમ પર્વ, સર્ગ - ૩, શ્લો. ૬, ૯, ૧૮ માં જે શમની વ્યાખ્યા છે તે વધુ વ્યવહારૂ છે. સંગત છે, આપણને આશ્વાસન આપે તેવી છે.

अनन्तानुबन्धि कषायाणा मनुदयः शम : ।
स प्रकृत्या कषायाणां विपाके क्षणतोऽपिवा : ।।

ध्यायत : कर्म विपाकं संसारासारतामपि ।
यत् स्याद् विषय वैराग्यं स संवेग इतीरित : ।

संसारवास :कारैव बन्धनान्येव बन्धव : ।
स संवेगस्य चिन्तेयं या निर्वेदः स उच्यते ॥

एकेन्द्रिय प्रभृतीनां सर्वेषामपि देहिनाम् ।
भवाब्धौ मज्जतां कलेशं पश्यतो दयार्द्रता ॥

तद्दु खै दुःखितत्वं च तत्प्रतिकार हेतुषु ।
यथाशक्ति प्रवृत्ति श्चेत्यनुकम्पाऽभिधीयते ॥

तत्त्वान्तराकर्णनेपि या तत्त्वेष्वा हेतेषु तु ।
प्रतिपत्ति निराकाङक्षा तदास्तिक्य मुदीरितम् ॥

ક્રોધના પણ પ્રત્યે થએલા કષાય, વૈર, વિરોધ વર્ષની અંદર અંદર તો શમી જ જાય છે, ક્ષમા માગવાનો અને ક્ષમા કરવાનો ભાવ આવી જ જાય છે. ક્રોધ વગેરે કષાયોના વિપાક-પરિણામ જાણ્યા પછી કષાયોની તીવ્રતા નથી રહેતી તો એ શમ છે અને સમ્યક્ત્વનું લક્ષણ છે. સંવેગની વ્યાખ્યા પણ એવી જ છે. પેલામાં સુરનર સુખ તે દુઃખ કરી લેખવે તે સંવેગ. એ તો કેટલે દૂરની વાત લાગે છે. અહિં તો કહે છે કે કર્મના વિપાકોને વિચારતાં વિચારતાં સંસારની અસારતા ભાસે એ સંવેગ. અનુકંપાની વ્યાખ્યામાં તો કમાલ કરી દીધી. પેલા સ્થાને દ્રવ્યથકી દુઃખિયાની જે દયા, ધર્મ-હીણાની રે ભાવ- આવી વ્યાખ્યા. અને અહીં તો એ કેન્દ્રિય જીવોથી શરૂ કરી સમગ્ર સંસારના જીવોને સંસાર સાગરમાં ડૂબતાં, કલેશ અનુભવતાં હૃદયમાં જે આર્દ્રતા, ભીનાશ પ્રગટે તેથી તે જીવોના દુખે દુઃખીપણું આવે અને તેના પરિણામે તે દુઃખ દૂર કરવા યથાશક્તિ પ્રયત્ન કરે તે અનુકંપા. આમ દુઃખદર્શન, ભીનાશ, સંવેદન અને પ્રયત્ન આ રીતે અનુકંપાનો વિસ્તાર દર્શાવ્યો છે. આ રીતે જેમ મતાન્તર હોય છે એમ આ વ્યાખ્યાન્તર છે. બન્ને વ્યાખ્યા સંગત છે. આ વ્યાખ્યા પ્રાથમિક શમાદિની છે અને પેલી વ્યાખ્યા (મૂળ તો સમ્યક્ત્વ સપ્તતિકા આધારિત છે) આદર્શ કોટિની-સાધ્ય કોટિની છે. આવા શમાદિ દ્વારા પેલા શમાદિ લાવવાના છે. આવી સંગતિ સાધી શકાય. આવી તુલનાથી સરવાળે તો સ્યાદ્વાદ દૃષ્ટિનો જ વિકાસ થાય છે. એકાન્ત મતાગ્રહ અને જડતા બન્ને આવી રીતની વિચાર-સરણીથી ટળે છે. એજ તો અધ્યયનનો હેતુ છે.

(૩) બસ આ એક ત્રીજો મુદ્દો લખીને આ પહેલા પત્રનું પૂર્ણવિરામ કરીશ. મને તો લાંબુ પહોળું કરીને કહેવા લખવાની કટેવ છે, એટલે આવું લાંબુ વાંચવાની તમારી ધીરજ જોઉ આ પત્રના તમારા પ્રતિભાવ જાણ્યા પછી મારા મનમાં રહેલી પરિશિષ્ટના બારમા સર્ગની કેટલીક વાતો લખવી હશે તો લખીશ. પણ તે તમારી રુચિ જાણ્યા પછી જ. હાં, તો ત્રીજો મુદ્દો એ લખવાનો કે આપણે ત્યાં મરુદેવા માતાના કેવળજ્ઞાનની વાત તો વારંવાર વ્યાખ્યાનમાં કહેવામાં આવે છે અને આજ સુધી મેં કે તમે જ્યારે જ્યારે આ વાત સાંભળી છે કે વાંચી છે ત્યારે ઋષભની- 'રિખવાની ઋદ્ધિ જોઇને મરુદેવા.

આ સંસાર અસાર સગુ કોઇએ નથી
સ્વારથની શી કરવી જગમાં વાત જો.
પોત પોતાને માટે ચાહે અન્યને
સ્વાર્થ સર્યા પછી કોણ માતને તાત જો.
ચેતન ચિંતા પરની શાને તું કરે !...

આવું આવું બોલે છે અને પછી એકત્વ – અન્યત્વ ભાવના ભાવતા કેવળજ્ઞાન પામે છે આવી વાત આપણે ત્યાં આબાલ-વૃદ્ધ પ્રસિદ્ધ છે. હેમ યોગશાસ્ત્રમાં (પ્રથમ પ્રકાશ શ્લો. ૧૦-વૃત્તિ શ્લો. ૨૨૮ – ૨૩૨) આ પ્રસંગ વિલક્ષણ રીતે નિરૂપેલો છે. જેમ મતાન્તર – વ્યાખ્યાન્તર છે તેમ કથાના પાઠાન્તર પાઠભેદ હોય છે. આ પ્રસંગ વાંચીને આપણને નવોજ પ્રકાશ મળે છે (ત્રિષષ્ઠિ ૦ પ્રથમ પર્વ, સર્ગ, ૩. શ્લો. ૫૨૮માં પણ એજ વાત સંક્ષેપમાં છે)

त्रैलोक्य मर्तुगम्भीरां वाणी संसार तारिणीम् ।
निवात वात निस्पन्दा मरुदेवा मुदा शृणोत् ॥ २८ ॥
श्रुण्वन्त्यास्तां गिरं देव्या मरूदेव्या लीयत ।
आनन्दाश्रु पय: पूरै पक्वत् पटलं दृशोः ॥ २९ ॥
सावश्यत् तीर्थकृल्लक्ष्मी तस्यातिशय शालिनीम् ।
तस्यास्तद् दर्शनानन्द स्थैर्यात् कर्मक्ष्यशीर्यत ॥ ३० ॥
भगवद् दर्शनानन्द योगस्थैर्य मुपेयुषी ।
केवळज्ञान मम्लान माससाद तदैव सा ॥ ३१ ॥
करिस्कंधाधिरूढैव प्राप्तायु : कर्मसंक्षया ।
अन्तकृत केवलित्वेन निर्वाणं मरुदेव्य गात् ॥ ३२ ॥

આપણે સાંભળેલી વાંચેલી વાતનો તો અહીં ગંધ પણ નથી. અહીં તો સાવ નિરાળી જ વાત મળે છે. પરમભદ્રિક એવા મરુદેવા માતા પોતાના એકના એક દીકરાની આવી ઋદ્ધિ જોઇને શા માટે દુઃખી થાય ? તેમના માટે તો સમવસરણનું દર્શન જ કેવું અ-પૂર્વ દર્શન હતું. આવા મહા ઐશ્વર્યથી યુકત પોતાના પુત્રને તો ધારીધારીને જુએ છે, જુએ છે ને હરખાય છે. સમવસરણમાં ગયા, પ્રભુની દેશના સાંભળી. પુત્ર વિરહની વેદનાથી આવેલા ઉના ઉના આંસુથી આંખે પડળ બાઝયા હતા તે પડળ પુત્રમિલનના આનંદથી ઉભરાએલા હર્ષનાં આંસુથી ખરી પડ્યાં અને તેમનાં બે નિર્મળ નેત્ર તીર્થંકરની અદ્‌ભુત શોભા નિહાળતાં નિહાળતાં સ્થિર થઇ ગયા. ટગર ટગર ટિકી ટિકીને તેઓ તો જોઇ જ રહ્યા બસ પલકારો પાડયા વિના જોઇ જ રહ્યા. એજ ભગવદ્‌દર્શનાનન્દ યોગથી તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ. કેવો સુંદર આ દર્શનાનન્દયોગ શબ્દ છે. પ્રભુના દર્શનથી જે આનંદ ઉપજે છે તે પણ એક યોગ છે, જે સર્વજનસુલભ છે અને આ રીતે મરુદેવા માતાને કેવળજ્ઞાનની પ્રાપ્તિ સંગત લાગે છે (આવા તો સંખ્યાબંધ કથાનો હેમગ્રન્થોમાં છે).

એકત્વ અન્યત્વ ભાવના પણ સંભવી શકે.. પણ આ પ્રચલિત પ્રસંગ તદ્દન જુદા જ દ્રષ્ટિ કોણથી વિચારીએ છીએ. ત્યારે કથા અને કથા પ્રસંગોમાં આવતા પાઠભેદોની પાછળ તાત્પર્યની એકતાને સમજવાની દ્રષ્ટિ કેળવાય છે એ લાભ મોટો છે. આજે હવે અહીં જ અટકું.

શાતામાં હશો. પત્ર મળ્યાની પહોંચ અને પ્રતિભાવની આશા સાથે. –એજ પ્ર.

ગાંધીજીના કેટલાક મનનીય જીવન પ્રસંગો

• 'સત્સંગી'

મહાત્મા ગાંધીના કેટલાક જીવન પ્રસંગો મનન પ્રેરે તેવા છે. આવો પ્રથમ પ્રસંગ તેમનાં વિદ્યાર્થી જીવનનો છે. ગાંધીજી મેટ્રિક પાસ કર્યા પછી ભાવનગરની શામળદાસ કોલેજમાં દાખલ થયા. ત્યાં પ્રથમ પંક્તિના અધ્યાપકો હોવા છતાં તેમને અભ્યાસના વિષયો સમજાય નહિ તેવા અઘરા લાગ્યા. પરિણામે તેઓ એક ટર્મ પૂરી કરીને ઘેર પાછા ફર્યા.

આ પ્રસંગ પરથી દેખીતું કારણ તો એ ફલિત થાય કે મહાપુરુષો વિદ્યાર્થી જીવનમાં તેજસ્વી હોય જ એવું નથી. તેથી નબળા વિદ્યાર્થીઓ એવું આશ્વાસન લઇ શકે કે અગમ્ય ભાવિની ચિંતા નિરર્થક છે; પરંતુ કોઇ નબળો વિદ્યાર્થી પોતે નબળો છે તેથી ભવિષ્યમાં તે ગાંધીજી બનશે અથવા તેણે ગાંધીજીની જેમ કોલેજ છોડી દેવી જોઇએ એવું તારણ કાઢે તો તે ઉચિત ન ગણાય. આ પ્રસંગ ઊંડો વિચાર પણ માગે છે. ગાંધીજીને કોલેજના વિષયો અઘરા લાગ્યા તેથી તેઓ ઘેર પાછા ફર્યા. આમ બનવાને લીધે તેમને માટે લંડન બારિસ્ટર થવા જવાનું નક્કી થયું. તેમને કોલેજના વિષયો સમજાયા હોત તો લંડન જવાનો પ્રશ્ન દેખીતી રીતે તો ન થાત. ગાંધીજીનું લંડનમાં રહીને બારિસ્ટર થવું એ એમનાં સમગ્ર જીવનઘડતરનો જરૂરી તબક્કો છે. ગાંધીજીની વિચારસરણી પર મહાનિબંધ લખીને વિદ્યાર્થીઓ ઠીક ઠીક સમયથી પીએચ. ડી.ની ડીગ્રી મેળવતા રહ્યા છે. આવા મહાન વિચારક વિદ્યાર્થી જીવનમાં ઠોઠ કે અભુધ શી રીતે હોય ? પરંતુ લંડનમાં તેમના વસવાટ દરમ્યાન તેમનું જે ઘડતર થવાનું હતું તે માટે તેમને કોલેજના વિષયો અઘરા લાગે એ અનિવાર્ય પગથિયું હતું. ઘડીભર તેમને કોલેજના વિષયો સહેલા લાગ્યા હોત, તો તેઓ બી. એ. થયા હોત, એમ. એ. થયા હોત અને પ્રોફેસર બન્યા હોત. અથવા બી. એ. પછી એલ. એલ. બી. થયા હોત અને સારા વકીલ બન્યા હોત. અથવા તો તેમના પિતાનું દીવાનપદ મેળવ્યું હોત. પણ તેઓ 'મહાત્મા ગાંધી' બન્યા હોત એવી આગાહી તેમને કોલેજના વિષયો ફાવ્યા હોત તેના પરથી કરી શકાય નહિ. તેથી ગાંધીજી કોલેજમાં અભ્યાસ કરી શકયા નહિ એવી તેમની નબળાઇ તેમની સમગ્ર જીવન યોજનામાં સારી બાબત બને છે.

તેમનાં લંડનમાં વસવાટ દરમ્યાનનું જીવન ઘડતર એટલે તેમના માતા પૂતળીબાઇએ જૈન સાધુ બેચરસ્વામી પાસે લેવડાવેલી પ્રતિજ્ઞાઓનું પાલન :–માંસ ન ખાવું, દારૂ ન પીવો અને પરસ્ત્રીને માતા સમાન ગણવી. આ ત્રણેય પ્રતિજ્ઞાઓ લંડનનાં જીવનથી વિરુદ્ધ હતી પરંતુ ગાંધીજીએ માતાને આપેલાં વચનનું ગમે તે ભોગે પાલન કરવું એવો નિશ્ચય જ કર્યો હતો. ભૂખ્યા રહેવું પડે તો તે દુઃખ સહન કરીને તેમજ નાજુક કસોટીઓમાંથી પસાર થવું પડે તેમાં અડગ રહીને તેમણે ત્રણેય પ્રતિજ્ઞાઓનું અક્ષરશઃ પાલન કરી બતાવ્યું. આ સંઘર્ષ અને નિશ્ચયબળ તેમનાં ભવિષ્યનાં નાનાં મોટાં કાર્યો માટે અમૂલ્ય બની રહ્યાં. વિશેષ સ્પષ્ટતા માટે ગાંધીજીની આત્મકથામાંથી લંડનમાં તેમના વસવાટનાં પ્રકરણો જે ખૂબ રસપ્રદ છે તે વાંચી જવા વાચકોને નમ્ર વિનંતિ છે.

લંડનથી બારિસ્ટર થઇ આવ્યા પછીનો ગાંધીજીનો જીવન-પ્રસંગ પણ મનનીય છે. ગાંધીજીના મોટાભાઇએ સ્વાભાવિક રીતે જ આવી કલ્પના કરી હોય, 'ભાઈ વિલાયતથી બારિસ્ટર થઇને આવશે, ધીકતી વકીલાત ચાલશે અને કુટુંબની આર્થિક સ્થિતિ યોગ્ય બનશે.' ગાંધીજી બારિસ્ટર થઇને આવ્યા પરંતુ રાજકોટની પરિસ્થિતિ વકીલાત માટે પ્રતિકુળ લાગતાં મુંબઇ જઇને ત્યાંની હાઇ કોર્ટનો અનુભવ લેવો એવું નક્કી થયું. અને મુંબઇમાં ? ગાંધીજીને મુંબઇમાં પહેલો જ સાદો કેસ મમીભાઇનો મળ્યો. તેઓ આ સાદો કેસ લડવા માટે સ્મોલ કોઝ કોર્ટમાં ગયા. તેઓ ઉલટ તપાસ માટે ઊભા થયા, પણ તેમના પગ ધ્રુજવા લાગ્યા અને માથું ફરવા લાગ્યું. પરિણામે તેઓ કેસ લડી ન શકયા અને તે કેસ બીજા વકીલને સોંપવો પડયો જેમને મન આ રમત વાત હતી. ગાંધીજી તો અન્ય કંઈ વિચાર્યા વિના કોર્ટ છોડી ગયા.

આ પ્રસંગ ગાંધીજીના વકીલાતના ધંધા માટે પ્રથમ ગ્રાસે મક્ષિકાપાત જેવો બન્યો. જે માણસે ગુલામી ભર્યા માનસમાં આનંદ માનતી પ્રજામાં અસ્મિતા જાગ્રત કરી અને સિદ્ધાંતની લડત છે પણ વ્યકિત સાથે દ્વેષ નથી, એવા સિદ્ધાંત પર અંગ્રેજ સરકારની લાઠી, ગોળી સહન કરવાનું અભૂતપૂર્વ અહિંસક માનસ નિર્માણ કર્યું તે માણસ કોર્ટમાં સામાન્ય કેસ માટે દલીલ કરી ન શકે એ વિધિની રહસ્યમય ઘટના નથી ? તે વખતે ગાંધીજીને પણ આવી નિષ્ફળતાં બદલ સારો એવો આઘાત જ લાગ્યો હોય, પણ આ નિષ્ફળતામાં 'મહાન સફળતા' છુપાયેલી હતી જે નિષ્ફળ થવાને પ્રસંગે વ્યકિત જોઈ શકે નહિ. જો ગાંધીજી આ કેસમાં સફળ થયા હોત તો તેમની વકીલાત ચાલવા લાગત અને પછી રાજકોટમાં વકીલાત સારી ચાલત. પરિણામે, તેમના મોટાભાઇની અપેક્ષા પ્રમાણે કુટુંબનાં આર્થિક સ્થિતિ, મોભો વગેરે યોગ્ય બન્યાં હોત. પરંતુ તેમ થવાથી ભારતને 'મહાત્મા ગાંધી' મળ્યા હોત ખરા ? તેથી કોર્ટમાં પ્રથમ સામાન્ય કેસમાં નિષ્ફળતા મળવી એ તેમની સમગ્ર જીવનયોજનામાં સુસંગત છે. ગાંધીજીને આ રીતે કોર્ટમાં નિષ્ફળતા મળી તેથી તેઓ કોઇ હાઇસ્કુલમાં અંગ્રેજીના શિક્ષક બનવા તૈયાર થયા એજ અરસામાં તેમણે પ્રખ્યાત હાઇસ્કુલની જાહેરખબર વાંચી. તેમણે અરજી કરી અને તેમને રૂબરૂ મળવાની આજ્ઞા પણ થઇ. પરંતુ ગાંધીજી બી.એ. નહોતા તેથી હાઇસ્કુલના આચાર્યે તેમને લેવા માટે દિલગીરી દર્શાવી. ગાંધીજીએ પોતે લંડનમાં મેટ્રિકયુલેશન પરીક્ષા પાસ કરી છે એ ખૂબ ભારપૂર્વક જણાવ્યું તો પણ તેમને તો ગ્રેજ્યુએટ જ જોઇએ એવો સ્પષ્ટ જવાબ આચાર્યે આપી દીધો. આ પ્રસંગ પણ ગાંધીજી માટે નૈરાશ્ય જન્માવનારો જ બન્યો. પરંતુ તેમનો હાઇસ્કુલમાં અંગ્રેજીના શિક્ષક તરીકે નોકરી મળી હોત તો ? તેઓ અંગ્રેજીના સારા શિક્ષક બન્યા હોત અને ટયુશન તેમજ લેખનકાર્ય દ્વારા સારી આવક મેળવી શકયા હોત પરંતુ આમ થયું હોત તો તેમને 'મહાત્મા ગાંધી' બનવા માટે જે પ્રસંગો

ક્રમબદ્ધ બ વાના હતા. તેમાં ગાબડું પડી જાત. તેઓ હાઇસ્કૂલના શિક્ષક થવા સર્જાયા નહોતા, પણ માનવજાતના શિક્ષક બનવા માટે આવી નિષ્ફળતા તેમનાં જીવનમાં તાકિંક ઘડતરરૂપ હતી.

ત્યાર પછીનો જે પ્રસંગ બન્યો તે રાજકોટના પોલિટિકલ એજન્ટે ગાંધીજીનાં કરેલાં અપમાનનો છે. આ પોલિટિકલ એજન્ટ અંગ્રેજ અમલદાર હતા અને ગાંધીજી લંડન રહ્યા તે દરમ્યાન તેમને આ અમલદાર સાથે મૈત્રી જેવો પરિચય થયો હતો. ગાંધીજીના મોટાભાઇ પોરબંદરના રાણાસાહેબના સલાહકાર અને મંત્રી હતા ત્યારે તેમણે રાણાસાહેબને ખોટી સલાહ આપી છે એવો તેમના પર આક્ષેપ થયો હતો. આ બાબત પોલિટિકલ એજન્ટ આગળ પહોંચી હતી અને તેમને ગાંધીજીના મોટાભાઇ પ્રત્યે પૂર્વગ્રહ થયો હતો. આ સંબંધમાં ગાંધીજી તેમના મોટાભાઇના અત્યાગ્રહથી આ અંગ્રેજ અમલદારને મળવા ગયા. ગાંધીજીએ જેવી વાત શરૂ કરી કે તરત જ અંગ્રેજ અમલદારનો મિજાજ ગયો. ગાંધીજી આ અંગ્રેજ અમલદારની ઓફિસમાં ભાગ્યે જ પાંચ મિનિટ બેઠા હશે ત્યાં તો તેમને પટાવાળા દ્વારા બહાર કાઢી જવામાં આવ્યા.

આ અપમાનજનક પ્રસંગથી ગાંધીજીને જે આઘાત-પ્રત્યાઘાત થયા તેના પરિણામે તેમને રાજકોટમાં વકીલાત માટે ન જ રહેવાય એવી પરિસ્થિતિ થઇ. ગાંધીજીએ આત્મકથામાં કબૂલ્યું છે કે આ બનાવે તેમનાં જીવનનો વળાંક બદલી નાખ્યો. લંડનથી બારિસ્ટર થઇ આવ્યા બાદ આ આઘાતો ક્રમશઃ બનતા ગયા તેથી વિધિની કૃતા જ લાગે. પરંતુ જ્યારે તેમને દક્ષિણ આફ્રિકામાં વસતા પોરબંદરના મેમણ અબ્દુલ્લા શેઠની પેઢીમાં વકીલ તરીકે જવાનું બને છે ત્યારે વિધિની યોગ્યતા સમજાય છે. તે સમયના ખટપટી કાઠિયાવાડમાં સ્થિર થવા માટે ગાંધીજીએ જે પ્રયત્નો કર્યા તેમાં તેમને દુઃસહ આઘાતો જ મળ્યા. તેથી તેમણે આફ્રિકા જવાની દરખાસ્ત તરત જ વધાવી લીધી અને રાજખુશીથી હિંદુસ્તાન છોડ્યું. તેમનો દક્ષિણ આફ્રિકાનો વસવાટ ગાંધીજી માટે 'મહાત્મા ગાંધી' બનવા માટે સમગ્ર રીતે જીવનઘડતરરૂપ બન્યો. ગાંધીજીએ આફ્રિકામાં પોતાનું વ્યક્તિત્વ ઘડવા માટે જે પુરુષાર્થ કર્યો છે. તે તેમને પ્રાતઃસ્મરણીય બનાવે છે. ભારતના ઘણાં વકીલો લક્ષ્મીનંદન બન્યા હશે અને બનતા હશે પરંતુ ગાંધીજી જેવા સત્યપ્રેમી, માનવતાવાદી વકીલ કાર્ય બન્યા હશે કે કેમ એ મોટો પ્રશ્ન છે. જે વકીલને પોતાનાં વતનમાં આજીવિકા રળવાનું અશક્ય લાગ્યું, તે જ માણસે ભારતના સાચા અર્થમાં વકીલ બનીને ભારતને સ્વતંત્રતા અપાવી એ ગહન સત્ય આજના વકીલો ભારતની સુખાકારી માટે સમજવા થોડો પણ પ્રયત્ન કરે તો ભારતના વકીલોની બુદ્ધિશક્તિ દેશની સુખાકારીમાં ઘણી ઉપયોગી બને અને મહાત્મા ગાંધીજીને યોગ્ય અંજલિરૂપ બને.

ગાંધીજીના આજીવન પ્રસંગો ગાંધીજીની નિષ્ફળતા સાબિત કરતા નથી, પરંતુ તેમનાં સમગ્ર જીવનઘડતરની ચાવીરૂપ સાબિત થાય છે. ગાંધીજીના આ જીવન પ્રસંગો પરથી બે બાબતો અવશ્ય શીખવા મળે છે. પહેલું એ કે ગાંધીજી આ આઘાતોથી ગભરાયા નથી, બેચેન બન્યા નથી કે માનસિક બિમારીનો ભોગ બન્યા નથી. દક્ષિણ આફ્રિકામાં એક દરવાનને હાથે તેમને માર ખાવો પડ્યો હતો, તેથી તેઓ ન તો આફ્રિકા છોડી આવતા રહ્યા કે ન તો ત્યાંના વાતાવરણ માટે અયોગ્ય ભાષા વાપરી. તેમણે આઘાતો સહન કર્યા અને પચાવ્યા; તેઓ સતત જીવનનો સામનો કરતા રહ્યા, પછી નાનો પ્રસંગ હોય કે મોટો. સ્વાનંદાશ્રયની વાત તો એ છે કે તેઓ બનતા આઘાતો પરથી પોતાનું ઉચ્ચકક્ષાનું નૈતિક ઘડતર કરતા રહ્યા. આવી માનસિક તાકાતને લીધે જ તેઓ અવિરત પુરુષાર્થ દ્વારા અદ્‌ભુત તેમજ સંગીન કાર્યો જીવ્યા ત્યાં લગી કરતા રહ્યા.

ગાંધીજીના આ જીવન પ્રસંગો પરથી બીજું જે શીખવાનું મળે છે તે એ છે કે માણસ માત્રનાં જીવનમાં નાના મોટા પ્રસંગો એવા પણ હોય છે એમાના કેટલાક પ્રસંગો એવા પણ હોય કે જ્યારે તે બન્યા હોય ત્યારે માણસને ન ગમ્યું હોય અથવા તે પ્રસંગોથી આઘાત પણ લાગ્યો હોય અને દિવસો સુધી અને કોઇ બાબતમાં વધારે સમય સુધી તે અંગે કચવાટ અને ખિન્નતા રહ્યાં હોય. માણસ પોતાની પાછલી વયમાં શાંત ચિત્તે ભૂતકાળના અણગમતા પ્રસંગો વિશે વિચારશે તો તેને સમજાશે કે તે પ્રસંગો તેના જીવનની સમગ્ર યોજનામાં બરાબર હતા અથવા તો તદ્દન લાભદાયી બન્યા. તે સમયે પોતાને જે રુચતું હોય તેવા પ્રસંગો બન્યા હોત તો કદાચ વધારે દુઃખદ પરિસ્થિતિ નિર્માણ થઇ હોત અને આજે પરતાવાનો વખત આવત એમ પણ વિચારને અંતે લાગશે. સૌ કોઇને પોતાનું જીવન વહાલું અને મહત્ત્વનું લાગે તે સ્વાભાવિક છે. સૌને પોતાનું જીવન યોગ્ય અર્થમાં વિશેષ વહાલું બને તે માટે ભૂતકાળના અને વર્તમાન સમયમાં અણગમતા બનાવો પ્રત્યે શાણપણભરી દૃષ્ટિ કેળવાય એવું સૂચન ગાંધીજીના જીવન પ્રસંગોમાં રહેલું છે. આવી દૃષ્ટિ કેળવાય તો ભૂતકાળમાં આમ થયું હોત તો હું સુખી થયો હોત અને તેમ થયું હોત તો હું બહુ સારું સ્થાન પ્રાપ્ત કરી શક્યો હોત એવી નિરર્થક કલ્પનામાં પોતાનાં સમય અને શક્તિ વેડફશે નહિ, પરંતુ પોતાનાં જીવનનો સ્વીકાર કરતાં શીખશે જે સુખી બનવાની કે યોગ્ય અર્થમાં પ્રગતિ કરવાની પ્રાથમિક જરૂરિયાત છે. *

સંયુકત અંક

પ્રબુદ્ધ જીવનનો તા. ૧-૧૧-૧૯૮૯નો તથા તા. ૧૬-૧૧-૧૯૮૯નો અંક સંયુકત અંક તરીકે તા. ૧૬-૧૧-૧૯૮૯ના રોજ પ્રગટ થશે.

-તંત્રી

દોલતની દો લાત

પૂ. પં. શ્રી પૂર્ણચન્દ્રવિજયજી ગણી

લક્ષ્મીના પર્યાયવાચી અનેક શબ્દોમાંનો એક શબ્દ છે : દોલત, ખૂબ જ અર્થસભર આ શબ્દ છે. જે બે તરફથી લાત લગાવે, એ દોલત! આગમન સમયે લક્ષ્મી માણસની છાતીમાં લાત મારે છે, એથી માણસ અકકડ થઈ જાય છે, વિદાય ટાણે લક્ષ્મી માણસની કેડમાં લાત લગાવતી જાય છે, એથી અકકડ ફરતો એ માનવ કેડથી વળીને દીનહીન બની જાય છે આમ દોલતને મળેલું દોલત નામ ખરેખર ખૂબ જ સાર્થક છે. લક્ષ્મીના આગમન બાદ અકકડ થઈને નહિ ફરનારા અને લક્ષ્મીના ગમન બાદ પણ ફકકડ થઈને જીવનારા માનવોની સંખ્યા આંગળીના વેઢે ગણાય, એટલી મળે તો ય ઘણી સારી ટકાવારી મળ્યાનો સંતોષ અનુભવી શકાય.

લક્ષ્મીની કેવી કારમી ભૂખ આજના સંસારને સતાવી રહી છે, એનું ઊંડાણથી અવલોકન કર્યા બાદ એક પ્રશ્ન જન્મ્યા વિના નહિ રહે કે, દોલતની દો લાતથી મુકત રહીને જીવવાનો ઉપાય શો ? આ પ્રશ્ન માત્ર અમીરના અંતરને જ ઠારી ખાય અથવા તો માત્ર ગરીબના મનને જ મુંઝવી મારે, એવો નથી ! બંનેને સરખી રીતે સતાવતી આ સમસ્યા છે. એથી બંનેને નજર સમક્ષ રાખીને સંતો જે સમાધાન આપે છે, એ કાળજે કોતરી રાખવા જેવું છે.

સંતો કહે છે : અમીર ! તારી પાસે ખૂબ ખૂબ વૈભવ હોય, તોય એનો ગર્વ કરવાનો શો અર્થ છે ? ગરીબ ! તારી પાસે કુટી કોડીય નથી, એ બદલ શોકના આંસુ વહાવવાનો ય શો અર્થ છે ? કેમકે અમીરી અને ગરીબી, ચડતી અને પડતી તો ફૂટબોલ જેવી છે ! ફૂટબોલ ગમે તેટલો ઊંચો જાય, તોય એ નીચે પટકાવાનો જ છે અને નીચે પટકાયેલો એ પાછો ઉંચે ઉછળવાનો જ છે ! માટે અમીરીનો ગર્વ શો ? ગરીબીનો શોક શો ?

માણસનું ખરેખરું ધન તો ખુમારીથી ભર્યું ભર્યું જીવન છે. આ ખુમારી એટલે હું માનવ છું અને ધન માર ધ્યેય નથી !" આવી અસ્મિતા ! આવી અસ્મિતા જો ગરીબના જીવનમાં ય જોવા મળતી હોય તો એ મહાશ્રીમંત છે અને કહેવાતા કરોડપતિના કાળજામાં આવી અસ્મિતાના ફાંફા હોય, તો એ કંગાળમાં કંગાળ હોય છે. આજની દુનિયામાં શ્રીમંતાઈના નામે ગર્વ લઈ શકાય એવી સંપત્તિનું કોઈ જમાપાસુ નથી. છતાં અભિમાન તો અપાર જોવા મળે છે. એજ રીતે ગરીબીના નામે રડવું જ પડે, એવી કારમી – અછતનું કોઈ મોટું ઉધાર પાસુ નથી દેખાતુ છતાં દીનતા પાર વિનાની જોવા મળે છે. આ બંને સ્થિતિ અસહ્ય છે. આમાંની જે કોઈ માનવ જાતની બાદબાકી કરી કરાવી શકે, એ જ સુખમાં કે દુઃખમાં ખુમારીભેર જીવી શકે

ખુમારી અને અભિમાન વચ્ચે કરોડો કિલોમીટરનું અંતર છે, એ સત્ય ભૂલવા જેવું નથી. ખુમારી તો ઘટાદાર વટવૃક્ષ જેવી છે, વટવૃક્ષ જેમ સમૃદ્ધ થતું જાય, એમ ચોતરફથી નમતું જાય અને અનેકને એ વિસામો પૂરો પાડે. અભિમાન તાડના ઝાડ જેવું છે, તાડની પાસે સમૃદ્ધિના ખાતે મોટા મીંડા જેવી શૂન્ય-દશા હોવા છતાં એ જેમ વધે, એમ એની અકકડાઈમાં વધારો થાય, અને કોઈને વિસામો આપવાની વાત તો દૂર રહી, પણ ઉપરથી એ ભયજનક બનતું રહે. માનવનો અવતાર અને બુદ્ધિનો ભંડાર મળ્યા પછી ધર્મને-મોક્ષને ધ્યેય તરીકે સ્વીકારીને, ન છૂટકે, જીવનની એક નબળાઈ રૂપે સાધ્ય નહિ સાધન તરીકે ધનને સ્વીકારવાની ખુમારી જેનામાં હોય એ શ્રીમંત કે ગરીબ હોય, તોય વટ-વૃક્ષની જેમ અનેકને માટે વિશ્રામ-ધામ બની શકે છે. જીવનને વડલાના વિસામા જેવું બનાવવા માટે આવશ્યક ગણાતી ચીજ ધન નહિ પણ ઉપર મુજબનું મન છે.

ફૂટબોલ અભિમાનીને વેઠવી પડતી અવદશાનું પૂરેપૂરું પ્રતીક બની શકે એમ છે. એમાં જ્યાં સુધી હવા ભરાતી નથી, ત્યાં સુધી એને કોઈની લાતો ખાવાની હોતી નથી. એ જ્યાં ફુલાવાને ફાળકા બને છે, ત્યાં જ એના માટે લાતો ખાવાની શરૂઆત થઈ જાય છે, માનવ પણ જ્યાં સુધી નમ્ર રહે છે, ત્યાં સુધી જ પૂજાય છે. ફૂટબોલની જેમ અભિમાનના પવનથી જ્યાં માનવ ફુલાવા માંડે છે, ત્યાં જ એના પતનનો પ્રારંભ થઈ જાય છે. માટે છતમાં છકી ન જવું અને અછતમાં અકળાઈ ન ઉઠવું, એ જ જીવનને સર્વતોમુખી સમૃદ્ધ બનવાનો રાજમાર્ગ છે. આ માર્ગ પકડવાની લગની જગાડવા માટે ફૂટબોલના સ્વાનુભૂત – બોલ આપણે સાંભળીએ એનું કહેવું છે કે, મારી જેમ ફુલાતા નહિ. જો ફુલાશો તો બધાની લાતો જ ખાવી પડશે. લાતો ખાવી ન હોય આમથી તેમ અથડાવું ન હોય, તો અભિમાનનો પવન કાઢી નાખવો જ રહ્યો. *

બોધ – કથા

ડૉ. પ્રવીણ દરજી

બોધ-કથા' શબ્દ સૂચવે છે તેમ એ કથા તો છે જ, પણ બોધની. અંગ્રેજીમાં એને માટે ફેબલ-Fable-શબ્દ જાણીતો છે. આવી કથાનું મધ્યબિન્દુ નીતિ કે બોધ હોય છે. એમાંથી જ એ કથા વિસ્તરે, કથા બોધની હોય કે પ્રેમ-સાહસની હોય. માનવમનને છેક આદિ-કાળથી કથાનું ભારે ઘેલું રહ્યું છે. હાલરડામાં ગૂંથાયેલી કથા સાંભળતાં સાંભળતાં બાળચિત્ત કેવું નિદ્રાધીન થઈ જાય છે ! રસ પડે અને કટકા થાય એવી વાતનો રંગ જામ્યો હોય ત્યારે ભલભલા પોતાનો કામધંધો મૂકીને કેવા વાત સાંભળવા ટોળે મળી જાય છે ! અરે, ચોરી કરવા ઘરમાં આવી ગયેલો ચોર પણ ચોરી કરવાનું કાર્ય બાજુએ રાખીને પલાંઠી વાળી વાર્તા સાંભળવા બેસી જતો હોય છે અને પેલાં દાદીમા અને દાદાજીને જ પૂછો ને-ભૂલકાં 'વાર્તા કહો' એમ કરીને કેવાં એમને પજવી રહે છે !

આ 'બોધ-કથા' લોક-વાર્તાનો જ એક પ્રકાર આવી 'બોધ-કથા' દુનિયાભરમાં પ્રસરેલી છે. યુરોપમાં ઘૂમી વળો કે એશિયામાં ફરી વળો. વિક્રમાની જેમ કથાને બોધ-કથા સઘળે મળવાની, એનો ઉદ્ભવ કયારે થયો અને કેવી રીતે થયો તે

વિશે પ્રશ્નો પૂછાતા રહે છે, એના ઉત્તરો પણ અપાતા રહે છે. આપણે એટલું એ વિશે જરૂર કહીશું કે માનવ સંસ્કૃતિના ઉદયની સાથે જ તે અસ્તિત્વમાં આવી. આપણે ત્યાં ઋગ્વેદના સૂક્તોમાં અને તે પછી 'શતપથ બ્રાહ્મણ'માં તેનું પ્રારંભિક રૂપ જોવા મળે છે. આવી વાર્તાઓના પ્રચલિત પ્રકારોમાં પુરાણકથા, પરીકથા અને બોધકથા મુખ્ય છે. ઉપરાંત દંતકથા, વિનોદકથા કે મહાકથા જેવા પ્રકારોનો પણ એમાં સમાવેશ થાય છે.

આ બોધ-કથાઓને પણ કેટલાક જુદા જુદા પ્રકારોમાં વિભક્ત કરે છે અને કાલ્પનિક બોધકથા Parableથી તેને જુદી લેખે છે. બોધ-કથા કાલ્પનિક હોય, પશુને લગતી હોય પણ બીજા રૂપે એમાં જે વાત રહી છે તે બોધની-સારગર્ભિતાની. એમાંથી કશોક મર્મ, આછેરી પ્રકાશ-કેડી ઊઘડી આવવી જોઇએ. આપણે ત્યાં 'પંચતંત્ર'માં એવી કથાઓ સધરાયેલી છે. 'હિતોપદેશ'માં પણ હિત અને ઉપદેશની એવી કથાઓ રસમય રીતે આલેખાઇ છે. આવી કથાઓમાં જાતકકથાઓ તરીકે ઓળખાતી કથાઓને પણ આમેજ કરી શકાય. કારણ કે એ સર્વ છેવટે કશાકની તારવણી કાઢે છે. આપણા પ્રેય અને શ્રેયની વાત કરે છે, આપણને રાહ ચીંધે છે. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના ધર્મે આપણને નીતિમત્તા શીખવતી અનેક કથાઓ આપી છે. આપણી ધણીબધી ગુજરાતી લોકવાર્તાઓમાં પણ એવો મર્મબોધ મળે છે.

ગામડાંઓમાં ચોરે-ચૌટે મિજલસ જમાવીને બેસતા ગ્રામજનો પાસે બોધ-કથાઓનું ખાસ્સું મસમોટું પોટકું હોય છે. કંઠોપકંઠ અને કર્ણોપકર્ણ એવી બોધ-કથાઓ વહેતી રહે છે. લડાઈ-ટંટા વખતે, સારા-માઠા પ્રસંગ વેળાએ ડાહ્યા વડીલો આવી બોધ-કથાઓનો તાર છેડતા હોય છે. એમાં પાત્રો તરીકે માનવો પણ હોય, દેવ - દેવીઓ પણ કયારેક આવે અને કયારેક કાગડો, શિયાળ, વાઘ-વરુ, ઘૂવડ, બકરી, બળદ, કાચબો કે સાપ પણ આવે. ઝાઝી લાંબી નહિ, તો છેક જ ટૂચકો પણ નહિ એવા વિસ્તારવાળી આ બોધ-કથાઓ રમત રમતમાં ઘણું બધું સૂચવી જતી હોય છે. અજાણતાં જ આવી બોધ કથાઓ સંસ્કાર ને નીતિના પાઠો ભણાવતી આપણી શાળા બની રહેતી હોય છે. ઘણીવાર હઠે ભરાયેલો માનવી માતા - પિતાનું નથી માનતો. ભાઇ - ભાંડુઓની વાતને નથી સ્વીકારતાં, કે મિત્રોની શિખામણને લેખામાં નથી લેતાં. પણ આવી કોઇ ચોટદાર બોધ - કથા કયારેક એને રીતે સ્પર્શી જતી જોવાય છે કે એના જીવનનો તેથી આખો રાહ જ બદલાઇ જાય, બોધ-કથાનો ગુણ જ એ છે કે એ કશી સખ્તાઇથી, આજ્ઞા કરીને અથવા આમ જ કરો, કે આમ નથી જ કરવાનું - એવું કડવું લાગે એ રીતે કશું કહેતી નથી. એ આપણી સામે એક પરિસ્થિતિ સર્જે છે-કોઇ પ્રસંગ-ઘટના વડે. અને એમાંથી એની સારી-નઠારી બાજુ સારવે છે. આપણે એ ઉપરથી પામી રહીએ છીએ કે જીવન માટે શું સારું છે અથવા તો શું બોટું છે.

આપણે, ચાલો એવી થોડીક બોધ-કથાઓ જોઇએ. આ કથા 'પંચતંત્ર'માંથી લીધી છે.

કોઇ એક શહેરમાં ચારેક બ્રાહ્મણપુત્રો રહેતા હતા. ચારેય દિલોજાન દોસ્તો. એકબીજા વિના કોઇને ચેન પડે નહિ. એવી પાકી મૈત્રી. એમાંના ત્રણ જણ વિવિધ શાસ્ત્રોના જાણકાર હતા. ઘણી વિદ્યાઓમાં પારંગત હતા, પણ તે એકેયમાં બુદ્ધિનો છાંટો ન મળે પેલો ચોથો આ ત્રણથી જુદો. તેણે શાસ્ત્રોનું અધ્યયન નહોતું કર્યું. વિદ્યાને નામે મીંડું હતું. પણ કોઠાસૂઝ ભારે. વિદ્યા નહિ પણ વ્યવહાર-બુદ્ધિ તો ભારોભાર. આવા આ ચારેય મિત્રોએ એકવાર નક્કી કર્યું કે વિદ્યા ભણ્યા પણ ધનપ્રાપ્તિ ન થાય તો અર્થ શો ?-ચાલો દેશાવર જઇએ અને વિદ્યાથી કોઇક રાજાને પ્રસન્ન કરી માલામાલ થઈ જઇએ. ચારેય ફાંકડા નીકળી પડયા. કોઇક રાજાને પોતાની વિદ્યાથી ખુશખુશાલ કરી દેવા. પણ પેલા ત્રણ વિદ્યાભોગીઓમાંથી એકને દુષ્ટ વિચાર આવ્યો. તેણે કહ્યું, 'આપણામાં પેલો ચોથો તો સાવ મૂર્ખ છે, બુદ્ધિ છે, પણ વિદ્યા તો છે જ નહિ. અને રાજાની કૃપાદ્રષ્ટિ માટે તો વિદ્યાની જરૂર પડે જ. એકલી બુદ્ધિથી શો ભલીવાર થવાનો છે ? એને આપણે આપણી કમાણ તેથી આપવી નહિ. એ ભલે એને ઘેર પાછો જતો.' આ સાંભળી પેલા ત્રણમાંથી એક જણ બોલ્યો : 'હા, દોસ્ત તું ઘેર જા. તારી પાસે વિદ્યા તો નથી.' પણ એ ત્રણમાંથી એક થોડો દયાવાન તેણે તરત કહ્યું : છો આવે આપણી સાથે એ. છેવટે તો એ આપણો લંગોટિયો દોસ્ત છે. આપણે ભલે જે કમાઇએ એનો એને ભાગ ન આપીએ, પણ આમ અડધે રસ્તેથી એને પાછો ન કઢાય મિત્ર એટલે મિત્ર પારકા - પોતાનો - એવો ખ્યાલ સંકુચિત મનવાળા કરે. ઉદાર લોકો માટે તો આખી પૃથ્વી જ કુટુંબ ને ?'- છેવટે ત્રણે સહમત થયા. એ ભલે આવે, ધનમ ભાગ નહિ.

રસ્તે ચાલતાં ચાલતાં આ ચારેયે એક મરેલા સિંહના હાડકાં જોયાં. પેલા ત્રણેય વિદ્યાધરોને પોતાની વિદ્યા અજમાવી જોવાનું મન થયું. 'ચાલો, મરેલા પ્રાણીને વિદ્યાથી જીવતું કરી દઇએ.' પેલા ત્રણમાંથી એકે હાડકાં ભેગાં કર્યાં, બીજાએ ચામડી, માંસ અને લોહી પૂર્યાં અને ત્રીજે વિદ્યાબળે એમ જીવ નાખવા તૈયાર થયો. ત્યાં તો પેલા ચોથા બુદ્ધિશાળી માણસે કહ્યું. મિત્રો થોભો. આ સિંહ જીવતો થશે તે આપણને જ ફાડી ખાશે. માટે તમારી વિદ્યા રહેવા દો.' પણ વિદ્યાના ગર્વવાળા પેલાએ કહ્યું, 'મૂર્ખા, તને વિદ્યામાં શ ગતાગત પડે. મારી વિદ્યાને હું નિષ્ફળ નહિ બનાવું.' પેલે ચોથો બુદ્ધિશાળી એના ત્રણેય મિત્રોના ગાંડપણને પા ગયો. તેણે તરત કહ્યું, 'સારું ભાઇ, જે કરવું હોય તે કરે પણ મને ઝાડ ઉપર ચઢી જવા દો પછી પેલા સિંહ તમારી વિદ્યાથી સજીવન કરજો.' પેલો વૃક્ષ ઉપર જોવો ચા ગયો કે બીજી જ ક્ષણે પેલા ત્રીજા વિદ્યાધારીએ પોતા વિદ્યાથી સિંહને સજીવન કરી દીધો. સિંહને આ ત્રણેય જોઇને મોઢામાં પાણી છૂટયું. 'કેવો સરસ ખોરાક' અ ત્રણેયને એમ મારી નાખ્યા.

પેલો ચોથો બુદ્ધિશાળી વૃક્ષ ઉપર આ તમાશો જો રહ્યો. સિંહ ચાલી જતાં તે વૃક્ષ ઉપરથી નીચે ઊતરી પોતા ઘેર સાજસમો પહોંચી ગયો. આથી જ કહેવાય છે :

બુદ્ધિ સારી, વિદ્યાથી બુદ્ધિ ચઢે. જેમ પેલા સિંહ સજીવન કરનારા મરણને શરણ થયા જેમ બુદ્ધિ વિના કેવળ વિદ્યાવાળાઓ પણ વિનાશ પામે છે.

ચાલો, આવી જ એક બીજી રસિક બોધ - કથા આપ

પશ્ચિમના સાહિત્યમાંથી જોઈએ.

એક વરુ, હાડકાં – પાંસળાં સાવ બહાર નીકળી ગયેલાં એવું. એક વરસાદી રાત્રે નગરમાં આવી પડયું. તેની બાજુમાં જ એક હૃષ્ટપુષ્ટ કુતરો પોતાના માલિકના ઘરની ચોકી કરતો બેઠો હતો. કૂતરો જેવો તગડો–એવો મજબૂત પણ ખરો. બંનેનો મેળાપ થતાં 'શુભ–રાત્રિ'ની આપ લે કરી. કુતરાએ પેલા સૂકલકડા વરૂને જોઈને પ્રેમભાવ દાખવતાં કહ્યું, 'મારી જેમ તું પણ સહેલાઈથી શરીર જમાવી શકે તેમ છે.' પેલા વરૂએ તરત મિત્ર થઈ ગયેલા કુતરાને પૂછયું, 'એ માટે મારે શું કરવું પડે? ઉપાય બતાવ.' કુતરાએ કહ્યું, 'અરે, ખાસ કશું કરવાનું નથી તે માટે.' ને બંને સાથે ચાલવા લાગ્યા. એકાએક પેલા વરુની નજર કુતરાના ગળા ઉપર પડેલા એક ડાઘ ઉપર ગઈ. વરુએ પૂછયું, 'ગળા ઉપર આ શાનું ચિહ્ન છે?' કુતરાએ ઉત્તર વાળતાં કહ્યું, 'ઓહ, એ તો એક સામાન્ય બાબત છે. એ તો જ્યારે મને અહીં રાખવામાં આવે છે ત્યારે ગળે પટ્ટો બાંધી દેવામાં આવે છે. એ પટ્ટનું આ ચિહ્ન પડેલું.' પેલું વરુ તો આ સાંભળીને એકદમ ચોંકી ઊઠયું : આશ્ચર્યથી પ્રશ્ન કરતાં એકાએક પૂછયું–'સાચ્ચે જ બાંધી દેવામાં આવે છે? એનો અર્થ તો એવો જ થયો ને કે તું દરરોજ જ્યાં ફરવા ધારે છે ત્યાં તારી રીતે ફરવા ન જઈ શકે. આમ બંધાયેલા પણ રહેવું પડે!' કુતરાએ કહ્યું, 'હા, દરરોજ તો નહિ, પણ એ કંઈ મોટી વસ્તુ નથી. સામાન્ય બાબત લેખાય. તું એ બાબતને કેમ ગંભીર લેખે છે?' વરુએ તરત કહ્યું, 'મારે માટે તો એ ઘણી મોટી બાબત છે.' આટલું કહેતાંક તો એ પેલા તગડા કૂતરાનો સાથ છોડીને નાચતું – કૂદતું પોતે જે જંગલ તરફથી આવ્યું હતું તે તરફ પાછું ચાલી ગયું. વાતનો સાર એ છે કે ભૂખ્યા ભલે રહેવાય, હાડકાંનો માળો લઈને ભલે જીવવું પડે, પણ મઝા તો સ્વતંત્ર જિંદગીની જ છે. તગડા થઈને ગુલામ રહેવા–કરતાં સ્વાતંત્ર્યનો સ્વાદ જુદો જ છે. જોયું ને? બોધ–કથાઓ રમતાં રમતાં જીવનનાં કેવાં ગંભીર સત્યો આપણને શીખવી જાય છે!...

આવી બોધ – કથાઓ જીવનના વાસ્તવને લઈને આમ આગળ ચાલતી હોય છે. તે આપણને ધરતી ઉપર ટકી રહેવાનો માર્ગ બતાવે છે. એમાં થોડોક કટાક્ષ ભળે છે, વક્રતા આવે છે, નાટયઅંશો પણ પ્રવેશે છે. પરિણામે કથાની ટોચ જે ચોટ છોડી જાય છે તે સાંભળનાર – વાંચનારને હૃદય સોંસરવી વીંધી જતી હોય છે. આપણે ત્યાં જેમ પંચતંત્ર કે હિતોપદેશની બોધ – કથાઓ સુખ્યાત છે તેમ પશ્ચિમમાં ઈસપની બોધકથાઓ પ્રખ્યાત છે. ફીડ્રસ અને બાબ્રીઅસ તેનું સંસ્કારેલું રૂપ રજૂ કરે છે. આજે પણ પશ્ચિમમાં અને આપણે ત્યાં બોધકથાઓ વંચાતી રહે છે, પ્રસંગોપાત મૌખિકરૂપે પણ તેનો પ્રયોગ કરતા રહીએ છીએ.

'બોલે તેનાં બોર વેચાય', 'જોઈને ડગલું ભરવું,' 'બેની લડાઈમાં ત્રીજો ફાવે' જેવી સંખ્યાબંધ કહેવતો એ આવી બોધ–કથાઓનો અર્ક જ છે. ઘણી બોધ–કથાઓમાં છેવટે એકાદ વાકયમાં સાર કહેવાતો હોય છે. એ સાર કથાનો નિચોવી લીધેલો સંપૂર્ણ અર્ક હોય છે. ઘણીવાર કાવ્યપંકિત-રૂપે પણ વાર્તાને છેવાડે એવો અર્ક રજૂ થતો હોય છે; જેમ કે–

હરે: પાદાહતિ: સ્ત્રીણાં સ્ત્રીણાં સ્પર્શ: સ્વરોહણમ્
રપર્ધાપિ વિદુષા યુકતા: ન યુકતા મૂર્ખ મિત્રતા સિંહના પગની લાત સારી, ગધેડા પર સવારી પણ સારી નહીં. વિદ્વાન સાથે હરીફાઈ પણ યોગ્ય છે; પણ મૂર્ખ સાથે તો મિત્રતાય સારી નહિ. હાથીને મારી નાખનાર સિંહ ગધેડાની ગાળોથી ઉશ્કેરાય તો સિંહનું સિંહપણું પછી કયાં રહે?

મૂળે આવી વાર્તાઓ નિરક્ષર અને અબૂધ વર્ગને સંસ્કારવા માટે રચાઈ હશે. એમાં હાસ્યની છાંટ હોય છે. પણ એનો હેતુ હાસ્યનો નહિ, જીવન – બોધનો જ રહ્યો છે. આવી બોધ–કથાઓ વાસ્તવમાં તો ગાગરમાં સાગર ભર્યાં જેવું મૂલ્ય દાખવે છે. આજે નીતિ–અનીતિના ભેદ ભૂંસાતા જાય છે, વિવેક–અવિવેકની મર્યાદાઓ લોપાતી જાય છે અને માણસ આપણે ભણ્યાં જોયેલી વિદ્યા અને બુદ્ધિની બોધ – કથામાં બને છે તેમ સારાસારનો ભેદ વિદ્યા તરફ જ વળ્યો છે ત્યારે આવી બોધ કથાઓ આજની અને આવનાર પેઢીને માટે પણ પથદર્શક બની શકે તેમ છે. સંભવ છે કે આવી એકાદ વાર્તા એના જીવનને એક નવા વળાંક ઉપર પણ મૂકી આપે. 'એકાએક વિચાર્યા વિના કશું કાર્ય કરવું નહિ'–એવા અણીને સમયે સ્મરણમાં આવેલા બોધવચનને લઈને તો પેલો વહેપારી પિતા વર્ષો પછી ઘેર પાછા વળતાં પોતાના હૃષ્ટપુષ્ટ દીકરાને માતાની સાથે સૂતેલો જોઈ કશું કે અન્ય જ ધારી પત્નીને રહેંસી નાખવા તૈયાર થયો હતો–ને ત્યાં જ અટકી ગયો હતોને! એ વચન જો સ્મરણમાં ન આવ્યું હોત તો પળમાં તે પુત્ર અને પત્ની બંનેને ગુમાવી દેત.

આ બોધ–કથાઓ સંસ્કારી ચિત્રની નીપજ છે. દરેક કાળમાં મનુષ્યને માટે આવી કથાઓની પ્રસ્તુતતા જેવી ને તેવી જ રહેવાની. *

નિદ્રા–મૃત્યુનો પૂર્વપ્રયોગ

* હેમાંગિની જાદ

'ભાઈ અનામી, તમને કાંઈ ખબર પડી?'

'ના, શેની?'

'પેલા ભાઈ 'અમર' ગયા, તેની.'

'એમ? અરે, હમણાં ગઈ કાલે જ તો મળ્યાતા.'

'હા, પણ રાત્રે સૂતા તે સૂતા. નિદ્રા ચિરનિદ્રામાં પલટાઈ ગઈ!'

'અરેરે!–બહુ ખોટું થયું ખરખરો કરવા જવું પડશે.'

ઉપર્યુકત સંવાદ શ્રુતિપથ પર પડયો અને વિચારો એ માર્ગે ફંટાયા.

ખરખરો શું વાસ્તવમાં ખરેખરો હોય છે ખરો? હશે કવચિત. બાકી બહુધા તો શાબ્દિક સહાનુભૂતિ, બીજું કે નહીં? સ્વજન ગુમાવનારને આપણે સાંત્વના આપશું, બહુ ખોટું થયું. ન પૂરાય તેવી ખોટ આપણને સહુને પડી.' શી ખોટ પડી શાબ્દિક દિલાસો દેનારને? અને મરણમાં ખોટું શું થયું? કે પછી કહેનારના સૂરમાં એવો તો લય નહીં હોય–'બરોબર ઓળખતો હતો એ અમરભાઈને. જીવનમાં

એમણે એવું કાંઈ જ કર્યું નથી કે જેથી અમરત્વ પામે, દેવલોકના અધિકારી બને. આ બધું ખોટું છે. જે ખરેખર અકુદરતી છે. એનું નામ ખરખરો.'

જેના થકી દેવલોક પામી શકાય એ મૃત્યુ શું શોકાંકિયું છે કે સાચે જ સચ્ચિદાનંદમાં તદ્રૂપ થવાનો અમૂલો અવસર?

કબીરનો દોહો સ્મૃતિપટ પર છવાય છે–

'એક તવે કી રોટી, કયા છોટી કયા મોટી;
જબ આવે આદમી કા અંત, જૈસા ગધા વૈસા સંત.'

તત્ત્વજ્ઞાનની દ્રષ્ટિએ તો મૃત્યુને ઊંચનીચ નથી, રાયરંક નથી, જ્ઞાતિજાતિ કે ધર્મ-સંપ્રદાયના ભેદભાવ નથી; પરંતુ સમાચારપત્રોની મૃત્યુ કોલમ પર દ્રષ્ટિપાત કરીએ તો? જૈનમરણ – હિંદુમરણ – પારસીમરણ. મૃત્યુને શું જૈન અને શું હિન્દુ? પરંતુ, વાસ્તવિકતા કેટલી વિરોધાભાસી હોય છે! અંગ્રેજી અખબારોની કકળાવારી મરણનોંધ વધારે વાસ્તવિક નથી લાગતી?

ગીતાનો નિરંતર અભ્યાસ કરીનેય આપ્તજનના મૃત્યુને સહજતાથી, સ્વસ્થતાથી, અવ્યથિત માનસથી, શાંતિથી સ્વીકારી શકાએ એવી શ્રીકૃષ્ણની – નારાયણની સમદર્શિતા કે નિર્મોહ અવસ્થામાં કયાંથી? 'અશોચ્યાનન્વ–શોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે'–ગીતાના આ કથન જેવી, અશોચ્યનો શોક કરનાર અર્જુન જેવી મનોદશા છે આપણી 'નર' સામાન્યની.

આ લખું છું ત્યારે રસ્તા પર 'રામ બોલો ભાઈ રામ'નો ધ્વનિ સંભળાય છે. હૃદયમાં રામ છતાં અંતરને આરામ નથી. 'અ – શોકવાટિકા'માં બેસીને શોકાશ્રુ સારતી સતી સીતા જેવી મનોવ્યથા છે સમષ્ટિની.

માનવમાત્રને શોકવિહ્વળ કરનાર મૃત્યુ આખરે છે શું? એક પરિવર્તનમાત્ર... નિદ્રાનું પરિવર્તન મહાનિદ્રામાં. પરમાત્મા પ્રતિદિન આપણને નિદ્રા દ્વારા ચિરનિદ્રા માટે તૈયાર કરે છે, કિન્તુ પરમાત્માનો આટલો સરળ પ્રયોગ એની યોજના, એની સમાધિભાષાનો સંકેત જનસામાન્યને સહજ સ્વીકાર્ય નથી, સમજાતો નથી.

છેલ્લી પળે વર્ષભરનો અભ્યાસ કરવા મથનાર વિદ્યાર્થી ભ્રાન્તચિત્ત કે મૂઢવિકલ્પ બની જાય છે. પરીક્ષાનો ભય તેના માથે ઝળુંબતો હોય છે; પણ પ્રતિદિન અભ્યાસ કરનારને પરીક્ષાની એટલી ભીતિ લાગતી નથી, કદાચ થોડી લાગે તોય સરખામણીએ તે સ્વસ્થચિત્ત હોય છે.

મૃત્યુનો ઊંડાણથી–શાશ્વત એટલા ઊંડાણથી અભ્યાસ કરનારને મૃત્યુ ડરામણું નહિ, રળિયામણું લાગી શકે. કવિવર શ્રી રાજેન્દ્ર શાહનું હૃદયને સ્પર્શી ગયેલું એક કાવ્ય છે, 'શેષ અભિસાર.' કાવ્યની નાયિકા મૃત્યુની પ્રેયસી છે. મૃત્યુની અભિસારિકાના પ્રેમવૈભવને, મંગલમય મૃત્યુના માંગલ્યની ઘડી માટેની નવવધૂ જેવી નાયિકાની ઉત્કંઠા કવિશ્રીએ લક્ષિતમધુર વાણીમાં વ્યક્ત કરી છે.

જીવન પ્રત્યે પ્રેમ હોય, જીવવું ગમતું હોય પણ તે આપણા હાથમાં નથી હોતું. મૃત્યુ ગમતું નથી હોતું પણ સન્મુખ આવીને ઊભું રહે છે. આ સંજોગોમાં એક સરળ માર્ગ એ છે કે જે નથી ગમતું તેના રહસ્યને સમજી લઈ ગમતું કરવાનું અને જે ગમે છે તેની ચંચળતા સમજી લઈ મોહ ત્યજવાનો. પ્રેય અને શ્રેય વચ્ચેની એ પસંદગી છે. સંસારને કર્મભૂમિ તરીકે સ્વીકારી જીવનનો અભિલાષ સેવવો અતિયોગ્ય છે; પરંતુ તેના પ્રતિ મોહના અંતરકનો ત્યાગ કરવો અને સર્વ માટે જે સુનિશ્ચિત છે તે મૃત્યુ સાથે મૈત્રીભાવ કેળવવો પણ તો ઉચિતનીય છે.

મૃત્યુના ગહન તત્ત્વજ્ઞાનની ઝલકમાં ઝાંખી કરાવનાર આદ્ય શંકરાચાર્યની પંક્તિનું અનુરણન મન કર્યા કરે છે. 'નિદ્રા સમાધિસ્થિતઃ' નિદ્રાને શ્રીમદ્ શંકરાચાર્યે સમાધિ સાથે સરખાવી છે. આ સરખામણીમાં આશ્ચર્ય શું? સમાધિ અર્થાત્ જીવનનો અંત, એટલે જ મૃત્યુ. જે ક્ષણે રૂપરસ–ગંધસ્પર્શ શબ્દની સૃષ્ટિ સાથેનો માનવીનો સંબંધ પૂરો થઈ જાય તે મૃત્યુ, અર્થાત્ સમાધિ. આ સમાધિ અવસ્થા સમાન સ્થિતિ તે નિદ્રાવસ્થા. નિદ્રાધીન થતાં રૂપરંગની સૃષ્ટિ સાથેનો પંચેન્દ્રિયોનો વ્યવહાર તત્ક્ષણ કપાઈ જાય છે. આમ જોતાં નિદ્રા એ ચિરનિદ્રાનું લઘુસ્વરૂપ છે.

નિદ્રાનું માણસને દુઃખ હોય છે? નિદ્રાનો ભય હોય છે? હરગિજ નહીં. ઊડવું નિદ્રારૂપી પંખી પંખણના પિંજરામાં પૂરાઈ રહે અને ઊડી ન જાય (પ્રાણને પણ પંખેરું જ કહે છે ને!) તે માટે માનવ કેટકેટલી મથામણ કરે છે! નિદ્રાને અભાવે કેટલો બેચેન બની જાય છે. સુખે નીંદર આવે માટે કેટકેટલા ઉપાય કરે છે! નિદ્રા માટે જો આટલી તાલાવેલી, વ્યાકુળતા હોય તો ચિરનિદ્રા સંબંધી વિહ્વલતા શાને? મૂઢવિકલતા શાને? જ્યાં મૃત્યુ એક પરિવર્તન છે, નિદ્રાનું પર્યવસાન મહાનિદ્રામાં

દિવસભરની તાણ અને માનસિક અશાંતિના આજના જમાનામાં 'ટ્રાન્કવીલાઈઝર' ભાગ્યશાળીને ત્યાં જ ન મળે! કેટલાક તો 'નાઈટકેપ' તરીકે સતત તેનું સેવન કરતા હોય છે – નિદ્રા લાવવા. જ્યાં નિદ્રા સહજ નથી, કુદરતી નિદ્રાનો જેમને અભ્યાસ નથી ત્યાં મૃત્યુને સહજ સ્વીકારવાની તત્પરતા સંભવી શકે? સમાધિ તો સહજ ભલી.

નિરાંતે નિદ્રા ન આવે કોને? મહાભારતનો એક પ્રસંગ છે. ધૃતરાષ્ટ્રની ઊંઘ ઊડી ગઈ છે, એને લાગે છે રાતભર ઉજાગરો કરવો પડશે કારણ તનમનમાં અગન છે. અર્ધરાત્રિની પળે ધૃતરાષ્ટ્ર ધર્મશીલ વિદુરને તેડાવે છે. ધૃતરાષ્ટ્રને શ્રદ્ધા છે કે વિદુરની વાણી તેના મનને શાંતિ આપશે, ધર્મ અને કલ્યાણનો માર્ગ ચીંધશે. વિદુરે ધૃતરાષ્ટ્રને આપેલો બોધ તે જ સંસ્કૃત સાહિત્યમાં સુપ્રસિદ્ધ 'વિદુરનીતિ'. 'વિદુરનીતિ'ના આઠ અધ્યાયોને વેદવ્યાસે 'પ્રજાગરપર્વ' એવું નામ આપ્યું છે.

પ્રજાગર એટલે જાગરણ. માણસ સ્વેચ્છાએ કરે તે જાગરણ અને પરાણે કરવો પડે તે ઉજાગરો. શિવરાત્રીનું જાગરણ હોય અને પરીક્ષાના ઉજાગરા.

માણસના સૂતેલા આત્માને જગાડવો એ આ પ્રજાગર-પર્વનો હેતુ છે, એના વિશેષ ઊંડાણમાં ઊતરવું અપ્રસ્તુત છે, પણ તેમાં વિદુરે કહેલી એક વાત અતિ સૂચક છે. સુખે નીંદર ના'વે કોને? વિદુરજીના મતે ૬ વ્યક્તિઓને. બળવાનોથી ઘેરાયેલાને, દુર્બળને, સાધન વિનાના માણસને, જેનું બધું

ખૂંટાઈ ગયું છે તેને, કામીને અને ચોરને. વિદુર ધૃતરાષ્ટ્રને પ્રશ્ન કરે છે, 'મહારાજ ! આમાંથી કોઈ એકનો દોષ તો તમને સ્પર્શી નથી ગયો ને ?'

રાગ-દ્વેષથી ઘેરાયેલાંની આંખ ઘેરાય ક્યાંથી ? નિદ્રામાં હું આ છું.' 'હું તે છું.' 'હું મોટો છું' એવી ભાવનાઓ જાગતી નથી કારણ, નિદ્રામાં 'સ્વ'ની વિસ્મૃતિ છે, અહંની નિવૃત્તિ છે. સમાધિ આપણા જીવનની શિખરીભૂત અવસ્થા છે જેમાં ન સંભવે રાગ, ન દ્વેષ, ન ઇચ્છા, ન વાસના, ન અહંભાવના. અહંના લોપ સાથે માયાનો કિનખાબી પડદો ઊંચકાઈ જાય છે. હૃદયભૂમિ પર આનંદનું સામ્રાજ્ય વ્યાપે છે. જાણે કે 'નંદ ઘેર આનંદ ભયો.' આ પંક્તિ કેટલી સૂચક છે ! નંદને ઘેર શ્રી કૃષ્ણનો નહીં, આનંદનો જન્મ થાય છે. તૈત્તિરીય ઉપનિષદની એક ઉક્તિ છે, 'આનંદમાંથી પ્રાણીમાત્રની ઉત્પત્તિ છે. આનંદમાં સ્થિતિ છે. અને આનંદમાં અંતિમ ગતિ છે.' જીવનની અંતિમ ગતિ અર્થાત્ મૃત્યુ પણ આવા નિરામય આનંદનું સ્થાન છે. મૃત્યુમાં વિષાદ નહીં, પરમકૃપાળુ પરમાત્માનો પ્રસાદ છે. નિદ્રા સ્ફૂર્તિવર્ધક હોય, તો મૃત્યુ સ્નેહાકર્ષક છે. નિદ્રા મૃત્યુનો પૂર્વપ્રયોગ છે, મૃત્યુ મહા-મૃત્યુંજયને પામવાનો યોગ છે.

નિદ્રા એટલે સમાધિસ્થિતિ.
સમાધિ એટલે 'સ્વ'ની સ્મૃતિ.
પંચેન્દ્રિયોની સંસ્થિતિ, સંહૃતિ.
દેહની પંચત્વગતિ, આત્માની સદ્ગતિ.
સમાધિ એટલે પરમાનંદની પ્રાપ્તિ.
મૃત્યુમાં છે નિરામય આનંદની અનુભૂતિ.
મહામૃત્યુ એટલે નિદ્રાની મહાનિદ્રામાં પરિણતિ.
નિદ્રા સમાધિ સ્થિતિઃ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–વાર્ષિક વૃત્તાંત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માત્ર સંસ્થા નથી પરંતુ અનેકવિધ સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓનું પ્રેરણાસ્થાન છે. ૭૭ દાયકા પહેલાં સ્થપાયેલી આ સંસ્થાએ વિચારજાગૃતિ અને વિચારપરિવર્તનની મશાલને સતત પ્રજ્વલિત રાખી છે અને સમાજના સંસ્કાર – ઘડતર માટે અગ્રીમ ભાગ ભજવ્યો છે. આ સંસ્થાના સદ્નસીબે તેને સમયે સમયે યોગ્ય નેતૃત્વ મળતું રહ્યું છે. સંસ્થાના પ્રારંભથી જ સ્વ. મણિલાલ માણેકચંદ શાહ અને ત્યારપછી સ્વ. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ નિર્ભીક નેતૃત્વ પૂરું પાડીને આ સંસ્થાની વિકાસ-યાત્રામાં મોટો ફાળો આપ્યો છે, તો સ્વ. શ્રી ચીમનલાલ મકુભાઈ શાહે આ સંસ્થાની પ્રવૃત્તિઓને વધુ વેગ આપ્યો છે. ત્યારપછી આજદિન સુધી સંસ્થા અનેક સભ્યો અને કાર્યકરોના સહકારથી જ્ઞાન અને કરુણાનાં કાર્યોમાં સતત પ્રગતિ કરતી રહી છે.

સંઘ એનાં ૬૦માં વર્ષની યાત્રા પૂરી કરે છે ત્યારે વીતેલા વર્ષની વિવિધ પ્રવૃત્તિઓનું અહીં દિગ્દર્શન કરાવતાં અમે આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમિયાન હાથ ધરાયેલી મોટા ભાગની પ્રવૃત્તિઓનો સવિગત અહેવાલ 'પ્રબુદ્ધ જીવન'માં અગાઉ પ્રગટ થયેલ છે, એટલે અહીં એ પ્રવૃત્તિઓ પર ઊડતી નજરે અવલોકન કરીશું.

વહીવટ અને આર્થિક દ્રષ્ટિએ આ અહેવાલ તા. ૧-૧-૧૯૮૮ થી તા. ૩૧-૩-૧૯૮૯ સુધીનો છે. અને કાર્યવાહીની દ્રષ્ટિએ ગત વર્ષ દરમિયાન વાર્ષિક સામાન્ય સભા તા. ૭-૫-૧૯૮૮ ના રોજ મળી હતી ત્યારથી ચાલુ વર્ષે તા. ૨૩-૯-૧૯૮૯ ના રોજ વાર્ષિક સામાન્ય સભાએ અહેવાલ મંજૂર કર્યો ત્યાર સુધીનો છે.

* **સંઘના સભ્યો** : સંઘના સભ્યોની સંખ્યા હાલ આ પ્રમાણે છેઃ પેટ્રન – ૧૭૪, આજીવન સભ્ય – ૨૦૬૦, સામાન્ય સભ્ય – ૬૩ અને પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો ૨૬૩.

* **'પ્રબુદ્ધજીવન'** : સુવર્ણ જયંતી વર્ષ ઉજવી રહેલું પ્રબુદ્ધ જીવન' શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર છે, તેમ એક વૈચારિક સામયિક પણ છે. યથાશક્ય નિયમિતપણે પ્રગટ કરવા માટે અમે સતત પ્રયત્નશીલ રહીએ છીએ. સુપ્રતિષ્ઠિત વિદ્વાન લેખકોનો અમને સારો સહકાર સાંપડતો રહ્યો છે, જે માટે અમે તેમના ખૂબ આભારી છીએ. સાહિત્ય, શિક્ષણ, ધર્મ, રાજકારણ, વિજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજસેવા ઇત્યાદિ વિવિધ વિષયો પર લેખો પ્રગટ કરીને 'પ્રબુદ્ધ જીવન'માં વૈવિધ્ય જાળવવા પ્રયત્ન કરીએ છીએ. 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતા લેખોને અન્ય દૈનિકો અને સામયિકો ઉધૃત કરે છે, એ આપણા માટે ગૌરવની બાબત છે.

આ વર્ષે ૧લી મે, ૧૯૮૯ થી 'પ્રબુદ્ધ જીવન' પચાસ વર્ષ પૂર્ણ કરી એકાવનમા વર્ષમાં શુભ પ્રવેશ કરતું હોવાથી તે પ્રસંગને અનુલક્ષીને 'પ્રબુદ્ધ જીવન'નો એક દળદાર સુવર્ણ જયંતી વિશેષાંક પ્રગટ કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતી સાહિત્ય જગતના પ્રતિભાવંત સર્જકોના સાડત્રીસ જેટલા મનનીય લેખો અને અન્ય સામગ્રી આપવામાં આવી હતી. આ વિશેષાંક માટે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડો. રમણલાલ ચી. શાહે ભારે જહેમત ઉઠાવી હતી અને તેના પરિણામે એક સુંદર સાહિત્યસામગ્રીથી શોભતો વિશેષાંક લોકોને મળ્યો હતો.

'પ્રબુદ્ધ જીવન'નું પ્રકાશન સમયસર–નિયમિત થઈ શક્યું છે એ માટે મે. ટ્રેન્ડ પ્રિન્ટર્સ' અને તેના મુખ્ય સંચાલક શ્રી કાકુભાઈના અને તેમના સ્ટાફના સભ્યોના અમે આભારી છીએ.

* **શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય** : પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન રૂા. ૬૨૨૩/૬૫નાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે વર્ષ આખરે ૧૩૩૦૦ પુસ્તકો છે. પુસ્તકાલયની આ પ્રવૃત્તિ માટે પુસ્તકાલય સમિતિના મંત્રીશ્રી હરિલાલ ગુલાબચંદ શાહના અમે આભારી છીએ.

* **પર્યુષણ વ્યાખ્યાનમાળા** : સંઘના ઉપક્રમે ગુરુવાર તા. ૮-૯-'૮૮ થી શુક્રવાર તા. ૧૬-૯-'૮૮ સુધી એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા શ્રી સેવંતિલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી બિરલા ક્રીડા કેન્દ્ર ચોપાટી, મુંબઈ-૪૦૦ ૦૦૭ ખાતે યોજવામાં આવી હતી. આ નવેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડો. રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું. ગત વર્ષની માફક આ વર્ષે પણ કલોઝ સરકિટ ટી. વી.ની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને વિષયોની વિગતો આ પ્રમાણે છે:–

- શ્રી શશીકાન્ત મહેતા.....જૈનધર્મમાં પુનર્જાગરણનો યુગ
- શ્રી સુનંદાબહેન વોરા.....વીતરાગ માર્ગબોધનું રહસ્ય
- ડૉ. રમેશભાઈ ભટ્ટ.....ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના
- ડૉ. નરેન્દ્ર ભાણાવત.....વીતરાગતા આધુનિક સંદર્ભમેં
- પ્રા. જયંતભાઈ કોઠારી.....ઉપા. યશોવિજયજી–જ્ઞાનમાર્ગી અને અનુભવયોગી
- શ્રી પુરુષોત્તમ માવળંકર.....સર્વપલ્લી રાધાકૃષ્ણન– દાર્શનિક રાજનીતિજ્ઞ
- ડૉ. રમણલાલ ચી. શાહ.....લોગ્ગરસ સૂત્ર
- શ્રી સત્યનારાયણ ગોએન્કા.....સાંપ્રદાયિકતા વિહીન ધર્મ
- શ્રી જયેન્દ્રભાઈ ત્રિવેદી.....સંતવાણી
- શ્રી ચંદનમલ ચાંદ.....જૈન ધર્મ एवम् दर्शन की मौलिक विशेषताए
- ડૉ. વિલાસ સાંગવે.....भारतीय संस्कृतिमें जैनो का योगदान
- ડૉ. દોલતભાઈ દેસાઈ.....સુખ નામે લીલુડા પ્રદેશમાં
- પ્રા. રમેશભાઈ દવે.....મન કે જીતે જીત
- ડૉ. ઉષાબહેન મહેતા.....શ્રી મા શારદાદેવી
- પૂ. સાધ્વી શ્રી જયંતપ્રભાશ્રીજી.....સંવત્સરી મહાપર્વ
- પ્રા. તારાબહેન ર. શાહ.....કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય
- ડૉ. રમણલાલ ચી. શાહ.....બોધિ દુર્લભ ભાવના
- પૂ. મોરારી બાપુ.....ધર્મ અને સંસ્કૃતિ

આ વ્યાખ્યાનમાળામાં દરરોજ વ્યાખ્યાનના પ્રારંભ પહેલાં એક કલાકનો ભક્તિસંગીતનો કાર્યક્રમ શ્રી રવિ નામેરી, શ્રીમતી શ્યામલી મુખરજી, શ્રીમતી પૂર્ણિમા શેઠ, શ્રીમતી ચંદ્રા કોઠારી, શ્રી જતીન શાહ, શ્રી લલિત સોઢા, શ્રીમતી હેમંતી ઝવેરી, શ્રીમતી શોભા સંઘવી, કુ. સાધના સરગમ, કુ. સોનાલી બાજપાઇએ આપ્યો હતો. તેમના તેમજ વ્યાખ્યાનમાળાના દાતા શ્રી સેવંતિલાલ કાંતિલાલ ટ્રસ્ટના અને સર્વ વ્યાખ્યાતાના અમે આભારી છીએ.

* **શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ વસંત વ્યાખ્યાનમાળા:** સંઘના ઉપક્રમે ઉપરોક્ત વ્યાખ્યાનમાળા તા. ૩, ૪, ૫, એપ્રિલ, ૧૯૮૯ના રોજ ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં સાંજના ૬–૧૫ વાગે યોજાઇ હતી. Towards the New World-નવી દુનિયા તરફ ગતિ–ચીન અને રશિયામાં પરિવર્તન, મધ્ય–પૂર્વમાં ફેરફારો અને પાકિસ્તાનમાં ફેરફારો એ વિષયો પર અનુક્રમે શ્રી એ. પી. વેંકટેશ્વરન, ડૉ. રફિક ઝકરિયા અને શ્રી એમ. જે. અકબરનાં વ્યાખ્યાનો થયાં હતાં. આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શ્રી અમરભાઈ જરીવાલાએ લીધું હતું. આ માટે અમે તેમના અને વ્યાખ્યાતાઓના આભારી છીએ.

* **વિદ્યાસત્ર:** સંઘના ઉપક્રમે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સ્વ. મંગળજીભાઇ ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર તા. ૧૬ અને ૧૭ જાન્યુઆરી, ૧૯૮૯ના રોજ સાંજના ૬/૧૫ કલાકે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટિરૂમમાં યોજવામાં આવ્યું હતું. 'તુલસીદાસ અને સુરદાસ' એ વિષય પર શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલે બે વ્યાખ્યાનો આપ્યાં હતાં. વ્યાખ્યાતા શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલના અને કાર્યક્રમના સંયોજક પ્રા. તારાબહેન ર. શાહના અમે આભારી છીએ.

* **પ્રેમળજ્યોતિ:** સંઘ સંચાલિત અને શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ પ્રેરિત 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે વર્ષ દરમિયાન મઝગાંવ, અંધેરી, ગોરેગાંવ, કાંદીવલીમાં બે એક અને બોરીવલીમાં બે રથળોએ ટેલિફ્રેન્ડ મુથ આપવાર આવ્યાં હતાં. આ ઉપરાંત અંધજનોને પગભર કરવા મા તેમને સિલાઇ મશીનો અપાયાં હતાં.

'પ્રેમળજ્યોતિ'ના સંયોજકો શ્રીમતી નિરુબહેન શા અને શ્રીમતી કમલબહેન પિસપાટીની દેખરેખ હેઠળ 'પ્રેમ જ્યોતિ'ની દર્દીઓને દવા, કપડાં, સ્કુલ ફી, યુનિફોર્મ' વગેરે સહાય આપવાની પ્રવૃત્તિઓ સુપેરે ચાલી રહી છે. એ મા તેમના અને અન્ય કાર્યકર બહેનોના અમે અભારી છીએ

* **વિલેપાર્લાની પ્રેમળજ્યોતિ શાખા:** આજ સાડા ચાર વર્ષ પહેલાં વિલેપાર્લા ખાતે 'પ્રેમળજ્યોતિ' શાખાનો પ્રારંભ થયો હતો. આ શાખાની બહેનો દર ગુરુવા વિલેપાર્લાની નાણાવટી હોસ્પિટલનાં દર્દીઓને આર્થિક સહા આપે છે, આ શાખાના સંયોજકો તરીકે શ્રીમતી રિમાબહે કામદાર અને શ્રીમતી સુલીબહેન હીરાણી વગેરે બહેનો સે આપે છે, તેની સાભાર નોંધ લઇએ છીએ તેમજ 'પ્રેમળ જ્યોતિ'ની આ પ્રવૃત્તિને શ્રી પુષ્પાબહેન મોરજરિયા તરફથી ઉદારભાવે આર્થિક સહયોગ મળે છે. તે બદલ તેમનો આભ માનીએ છીએ.

* **અસ્થિ સારવાર કેન્દ્ર:** સંઘના પરમાનંદ કા ડિયા સભાગૃહમાં તા. ૩૧-૭–૧૯૮૩થી અસ્થિ સારવાર કે શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં હાડકાંના દરદો નિષ્ણાત ડૉ. જે. પી. પીઠાવાલા દર રવિવારે નિયમિત સવારે ૯–૦૦ થી ૧–૩૦ દરમિયાન હાડકાંના રોગોની સારવ કરે છે. આ કેન્દ્રના સંયોજક તરીકે કારોબારી સમિતિ સભ્ય શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ દર રવિવારે અ હાજરી આપી રહ્યા છે. એમના અને ડૉ. પીઠાવાલા તેમજ તેમના સાથી કાર્યકરોના અમે ઋણી છીએ.

* **અંધેરીમાં અસ્થિ સારવાર કેન્દ્ર:** ૨૬–૧–૧૯૮૫ના રોજ સંઘ દ્વારા શરૂ થયેલા આ કેન્દ્ર દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨–૩૦થી ૫–૩૦ સુ અસ્થિ નિષ્ણાત ડૉ. જે. પી. પીઠાવાલા સેવા આપે છે. કેન્દ્રના સંયોજકો તરીકે શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ અ શ્રીમતી પર્ણલેખાબહેન દોશી સેવા આપે છે. તેઓ સૌ અમે હાર્દિક આભાર માનીએ છીએ તેમજ અંધેરી પ શ્રી વર્ધમાન સ્થાનકવાસી શ્રાવક સંઘના તેમની જગ્ય ઉપયોગ કરવા દેવા માટે અમો આભારી છીએ.

* **'અપૂર્વ અવસર' વિશે પ્રવચન:** સંઘના ઉપ શ્રી કિશોરભાઇ વોરાના આર્થિક સહયોગથી રવિવાર ૮મી મે, ૧૯૮૮ના રોજ સવારના દસ વાગે ભારતીય વિ ભવનના સભાગૃહમાં 'અપૂર્વ અવસર' એ વિષય પર રમણલાલ ચી. શાહનું વ્યાખ્યાન યોજાયું હતું. આ પ્રસં કુ. ઇન્દુબહેન ધાનકે ભક્તિ સંગીતનો કાર્યક્રમ આપ્યો અને વ્યાખ્યાતા ડૉ. રમણલાલ ચી. શાહનો, કુ. ઇન્દુબ

ધાનકના અને કાર્યક્રમના સંયોજક શ્રી ચીમનલાલ જે શાહના આભારી છીએ.

* **કુ. અમીબહેન શાહનું પ્રવચન :** શનિવાર, તા. ૨૧-૫-'૮૮ના રોજ સાંજના ચાર વાગે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટિરૂમમાં કુ. અમીબહેન શાહનું 'આત્મસાધનાનું રહસ્ય' એ વિષય પર પ્રવચન યોજવામાં આવ્યું હતું. અમે વ્યાખ્યાતા અને કાર્યક્રમના સંયોજક શ્રી સુબોધભાઇ શાહના આભારી છીએ

* **શ્રી સનત મહેતાનાં વ્યાખ્યાનો :** (૧) સંઘના ઉપક્રમે તા. ૨૮મી જુલાઇ, ૧૯૮૮ ના રોજ સાંજના ૬-૧૫ કલાકે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના સભાગૃહમાં સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના ચેરમેન શ્રી સનત મહેતાનું 'નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી' એ વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

(૨) મંગળવાર, તા. ૨૫મી એપ્રિલ, ૧૯૮૯ના રાંજના ૬-૧૫ કલાકે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર હોલમાં શ્રી સનત મહેતાનું 'ગુજરાતના તેલબંડોરા અને કેન્દ્ર સરકાર' એ વિષય પરનું પ્રવચન યોજવામાં આવ્યું હતું. આ બંને કાર્યક્રમના પ્રમુખ અને સંયોજક શ્રી અમરભાઇ જરીવાલાનો અને વ્યાખ્યાતા શ્રી સનતભાઇનો અમે આભાર માનીએ છીએ.

* **પ્રેમળજ્યોતિ-વિલેપાર્લા શાખાનો ઉત્સવ :** સંઘ સંચાલિત 'પ્રેમળજ્યોતિ'ની વિલેપાર્લા શાખાએ પાંચમાં વર્ષમાં પ્રવેશ કર્યો એ નિમિત્તે એક કાર્યક્રમ રવિવાર, તા. ૨૭ ઓક્ટોબર, ૧૯૮૮ ના રોજ વિલેપાર્લામાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી બંસીભાઇ ખંભાતવાલાએ અને પ્રેમળજ્યોતિની બહેનોએ ભક્તિ સંગીતનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. શ્રી ચીમનલાલ જે. શાહે દીપ પ્રગટાવી કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. શ્રીમતી સ્મિતાબહેન કામદારે સ્વાગત પ્રવચન કર્યું હતું. સંઘના પ્રમુખ ડૉ. રમણભાઇ શાહે પ્રસંગને અનુલક્ષીને સુંદર પ્રવચન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. બકુલ રાવલે અને આભારવિધિ શ્રી સુલીબહેન હીરાણીએ કરી હતી. શ્રી સ્મિતાબહેન કામદાર, શ્રી સુલીબહેન હીરાણી, શ્રી પુષ્પાબહેન મોરજરિયા વગેરે કાર્યકર્તા બહેનોનો અમે આભાર માનીએ છીએ.

* **આચાર્ય શ્રી વિજયવલ્લભસુરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી :** સંઘના ઉપક્રમે શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઇના સહયોગથી આ વ્યાખ્યાન શ્રેણીનું ગુરુવાર, તા. ૬ઠ્ઠી ઓક્ટોબર, ૧૯૮૯ના રોજ બિરલા ક્રીડા કેન્દ્રમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનશ્રેણીમાં શ્રી શશિકાન્તભાઇ મહેતાએ 'નવકાર મંત્ર-કળા અને વિજ્ઞાન' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાતા શ્રી શશિકાન્તભાઇના અને કાર્યક્રમના સંયોજક શ્રી શૈલેશ કોઠારીના અમે આભારી છીએ.

* **સુંદરલાલ બહુગુણા સાથે વાર્તાલાપ :** ચીપકો આંદોલનના પ્રણેતા શ્રી સુંદરલાલ બહુગુણા સાથેના વાર્તાલાપનો એક કાર્યક્રમ શનિવાર, તા. ૮મી ઓક્ટોબર, ૧૯૮૮ના રોજ સાંજના સાડા પાંચ વાગે પરમાનંદ કાપડિયા હોલમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રમુખ અને સંયોજક શ્રી અમરભાઇ જરીવાલાના અમે આભારી છીએ.

* **ભક્તિસંગીતના વર્ગો :** સંઘના ઉપક્રમે બહેનો માટેના ભક્તિ સંગીતના વર્ગનો પ્રારંભ તા. ૧૬મી નવેમ્બર, ૧૯૮૮ના રોજ થયો હતો. છ અઠવાડિયાં સુધી ચાલેલા આ વર્ગના અધ્યાપક તરીકે શ્રી બંસીભાઇ ખંભાતવાલાએ સેવા આપી હતી. ભક્તિ સંગીતનો બીજો વર્ગ તા. ૧૯મી જુલાઇ ૮૯ના રોજ છ અઠવાડિયાં માટે થયો હતો જેમાં શ્રી શ્યામ ગોગટેએ અધ્યાપક તરીકે સેવા આપી હતી. અમે બંને વર્ગ અધ્યાપકોના તથા આ વર્ગના સંયોજક શ્રી ઉષાબહેન મહેતાના આભારી છીએ.

* **પારિતોષિક એનાયત કાર્યક્રમ :** સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે એક કાર્યક્રમ શનિવાર, તા. ૧૯મી નવેમ્બર, ૧૯૮૮ના રોજ સાંજના ચાર વાગે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટિ રૂમમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંઘ તરફથી ૧૯૮૭નું શ્રેષ્ઠ ગુજરાતી પત્રકાર તરીકેનું શ્રી મોહનલાલ મહેતા - 'સોપાન' પારિતોષિક 'જન્મભૂમિ' અને 'પ્રવાસી' દૈનિકોના તંત્રી શ્રી હરીન્દ્ર દવેને અને આ જ વર્ષનું 'પ્રબુદ્ધ જીવન'ના શ્રેષ્ઠ લેખક તરીકેનું શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક જાણીતા જૈન તત્ત્વચિંતક પં. પનાલાલભાઇ ગાંધીને સબહુમાન એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. રમણલાલ શાહ, શ્રી હરીન્દ્ર દવે વગેરેએ સ્વ. ચીમનભાઇ ચકુભાઇ શાહને અંજલિ અર્પતાં પ્રવચનો કર્યાં હતા. પારિતોષિક વિજેતા પં. પનાલાલભાઇએ સંઘની પ્રવૃત્તિઓ માટે રૂપિયા પાંચ હજારની રકમ સંઘને ભેટ આપી હતી. આ કાર્યક્રમમાં શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહની સ્મૃતિરૂપે સંઘ તરફથી મુલુંડના જૈન ક્લિનિકને રૂપિયા એક લાખની રકમ અર્પણ કરવામાં આવી હતી.

* **એકયુપ્રેશર તાલીમ વર્ગ :** સંઘના ઉપક્રમે એકયુપ્રેશર પદ્ધતિ દ્વારા સારવાર માટેના તાલીમ વર્ગ સોમવાર, તા. ૨૧ મી નવેમ્બર, ૧૯૮૮ ના રોજ શરૂ થયા હતા. બાર સપ્તાહ સુધી દર સોમવારે અંગ્રેજી ભાષામાં ચાલેલા આ વર્ગના અધ્યાપક તરીકે શ્રી જગમોહન દાસાણીએ માનદ સેવા આપી હતી. અધ્યાપક શ્રી જગમોહન દાસાણીનો આ તકે અમે આભાર માનીએ છીએ.

* **નેત્રયજ્ઞ :** (૧) સંઘના આર્થિક સહયોગથી કડોદ-હરિપુરા વેલફેર સોસાયટીના ઉપક્રમે કડોદ (તા. બારડોલી, જિ. સુરત) મુકામે શ્રી દામોદરદાસ ગાંધી હોસ્પિટલ દ્વારા તા. ૪થી ડિસેમ્બર, ૧૯૮૮ના રોજ નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સંઘની સમિતિના કેટલાક સભ્યો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

(૨) સંઘના આર્થિક સહયોગથી અને શ્રી સર્વોદય આશ્રમ તથા વિશ્વવાત્સલ્ય ઔષધાલય, ગુદીના સહયોગથી રાણપુર મુકામે રવિવાર, તા. ૧૮મી ડિસેમ્બર, ૧૯૮૮ના રોજ નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો. નેત્રયજ્ઞ સમારંભના પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ હતા. અતિથિવિશેષ તરીકે શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઇ પધાર્યા હતા. નેત્રયજ્ઞનું ઉદ્ઘાટન શ્રી શિરીષભાઇ કામદારે કર્યું હતું. સંઘના પ્રમુખ ડૉ. રમણભાઇ શાહ સહિત સમિતિના પંદરેક સભ્યો આ પ્રસંગે હાજર રહ્યા હતા. સમિતિના સભ્યોએ વઢવાણ, સુરેન્દ્રનગરમાં આવેલી

વિવિધ સામાજિક સંસ્થાઓની મુલાકાત પણ લીધી હતી. નેત્રયજ્ઞની પ્રવૃત્તિના સંયોજક શ્રી રસિકલાલ લહેરચંદ શાહના અમે આભારી છીએ.

* **સોલી સોરાબજીનું પ્રવચન** : સંઘના ઉપક્રમે સોમવાર, તા. ૯મી જાન્યુઆરી, ૧૯૮૯ના રોજ સાંજના ૬-૧૫ વાગે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરની કમિટિ રૂમમાં ભારતના ભૂતપૂર્વ એટર્ની જનરલ અને સુવિખ્યાત ધારાશાસ્ત્રી શ્રી સોલી સોરાબજીનું 'ભારતની લોકશાહી કઈ દિશામાં?' એ વિષય પરનું પ્રવચન રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રમુખ અને સંયોજક શ્રી અમરભાઈ જરીવાલાના અમે આભારી છીએ.

* **આનંદઘનજીનાં સ્તવનો પર ભક્તિ સંગીત અને પ્રવચનો** : સંઘના ઉપક્રમે આનંદઘનજીનાં સ્તવનો પરના ભક્તિ સંગીતનો અને પ્રવચનોનો કાર્યક્રમ તા. ૧૩, ૧૪ અને ૧૫ ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ સાંજના ૬-૦૦ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો. શ્રીમતી પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠે આનંદઘનજીનાં સ્તવનો મધુર કંઠે રજૂ કર્યાં હતાં. અને તે સ્તવનો પરનાં વિવેચનાત્મક પ્રવચનો ડૉ. રમણલાલ ચી. શાહે આપ્યાં હતાં, આ કાર્યક્રમથી પ્રસન્ન થઈને તે વખતે શ્રી સુખલાલ-ભાઈ મહેતાએ રૂપિયા પાંચ હજારની ભેટ સંઘને આપી હતી જેમાંથી આનંદઘનજીનાં આ સ્તવનો ઉપરની વિવેચનની પુસ્તિકા પ્રગટ કરવાનું નક્કી થયું હતું. આ કાર્યક્રમ માટે શ્રી પૂર્ણિમાબહેન શેઠ, ડૉ. રમણભાઈ શાહ અને સંયોજક શ્રી ઉષાબહેન મહેતાનો આભાર માનીએ છીએ.

* **મરાઠી ભાષામાં ગોષ્ઠિ** : સંઘના ઉપક્રમે જાણીતાં લેખિકા શ્રી ઉષાબહેન શેઠ (B.A.)નું 'अवघाचि संसार सुखाचा करीन' એ વિષય પર મરાઠી ભાષામાં તા. ૧૬મી ફેબ્રુઆરી ૧૯૮૯ના રોજ સાંજના ૬-૧૫ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંયોજન શ્રીમતી કમલબહેન પિસપાટીએ કર્યું હતું. વ્યાખ્યાતા શ્રી ઉષાબહેન શેઠના તથા સંયોજક શ્રીના અમે આભારી છીએ.

* **પિંડવળની મુલાકાત** : સંઘના કેટલાક સભ્યોએ તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ ધરમપુર તાલુકાના પિંડવળ ગામની મુલાકાત લઈ આ વિસ્તારમાં સર્વોદય પરિવાર ટ્રસ્ટ દ્વારા ચાલી રહેલાં આદિવાસી સેવાકાર્યોની પ્રવૃત્તિને પ્રત્યક્ષ નિહાળી હતી. અહીંનાં કાર્યકર્તાબહેનો કાંતાબહેન, હરવિલાસબહેન ડૉ. નવનીતભાઈ ફોજદારે પિંડવળમાં ચાલી રહેલી આદિવાસીના ઉત્કર્ષની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. આ પ્રસંગે અહીંના આદિવાસીઓનાં ઝુંપડાં પર નળિયાં નાખવા માટે સંઘ તરફથી રૂપિયા વીસ હજારનો ચેક સર્વોદય પરિવાર ટ્રસ્ટને અર્પણ કરાયો હતો.

* **હિન્દીમાં વિચારગોષ્ઠિ** : સંઘના ઉપક્રમે શનિવાર, તા. ૧૧મી માર્ચ, ૧૯૮૯ના રોજ સાંજના ૫-૪૫ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં હિન્દી વિચારગોષ્ઠિનો એક કાર્યક્રમ ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને રાખવામાં આવ્યો હતો. જેમાં મહારાષ્ટ્રના વિધાન પરિષદના સભ્ય અને નગરવિકાસ ખાતાના ભૂતપૂર્વ રાજ્યમંત્રી ડૉ. રામમનોહર ત્રિપાઠીએ 'राष्ट्रभाषा हिन्दीका जैन साहित्य पर प्रभाव' એ વિષય પર હિન્દીમાં વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમના સંયોજક શ્રી બસંતલાલ નરસિંહપુરા અને વિદ્વાન વ્યાખ્યાતા ડૉ. ત્રિપાઠીનો અમે આભાર માનીએ છીએ.

* **ગીતસંધ્યા** : સંઘના ઉપક્રમે સોમવાર તા. ૧૩મી માર્ચ, ૧૯૮૯ના સાંજના ૬-૧૫ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી વિસનજી પાલણભાઈ શાહનો ગુજરાતી કચ્છી ગીતોનો 'ગીતસંધ્યા' નામથી એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. ગુલાબ દેઢિયાએ કર્યું હતું. અમે કલાકાર શ્રી વિસનજી શાહના અને કાર્યક્રમના સંચાલકશ્રીના આભારી છીએ.

* **મુનિ સેવા આશ્રમની મુલાકાત** : તા. ૯-૪-૧૯૮૯ના રોજ સંઘની સમિતિના પંદરેક સભ્યોએ મુનિ સેવા આશ્રમની મુલાકાત લીધી હતી અને આ વિસ્તારમાં સેવા આપનારાં બહેનશ્રી અનુબહેન ઠક્કરના આ આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓ નજરે નિહાળીને પ્રભાવિત થયા હતા.

* **ડૉ. એ. સી. શાહનું વ્યાખ્યાન** : સંઘના ઉપક્રમે બેન્ક ઑફ બરોડાના એક્ઝિક્યૂટિવ ડાયરેક્ટર ડૉ. એ. સી. શાહનું Third world Debt Problems Implication for Growth એ વિષય પરનું અંગ્રેજી ભાષામાં પ્રવચન ગુરુવાર તા. ૧૩-૪-૧૯૮૯ના સાંજના ૬-૧૫ વાગે યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમના સંયોજક શ્રી અમરભાઈ જરીવાલાના અને વિદ્વાન વ્યાખ્યાતાના અમે આભારી છીએ.

* **સંઘનો હીરક મહોત્સવ તથા સ્નેહમિલન** : સંઘને સાઠ વર્ષ પૂરાં થયાં હોઈ તે નિમિત્તે સંઘના હીરક મહોત્સવનો કાર્યક્રમ રવિવાર, તા. ૨૩મી એપ્રિલ, ૧૯૮૯ના રોજ સવારના ૯-૩૦ વાગે ચોપાટી ખાતેના બિરલા ક્રીડા કેન્દ્રમાં જાણીતા ગુજરાતી સાક્ષર શ્રી ફાધર વાલેસના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાળાના આર્થિક સહયોગથી સ્નેહમિલન પણ યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ સુમતિબહેન થાણાવાલાના ભક્તિ-સંગીતથી થયો હતો. સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ; ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહ, મંત્રીશ્રી કે. પી. શાહ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. આ પ્રસંગે સંઘના ત્રણ સ્થાપક સભ્યો સર્વશ્રી એ. જે. શાહ, શ્રી મોહનભાઈ પારેખ અને શ્રી ચંદુલાલ ટી. શાહનું સન્માન કરવામાં આવ્યું હતું. 'પ્રબુદ્ધ જીવન'ને પચાસ વર્ષ પૂર્ણ થતાં હોઈ વડોદરાના સંસ્કાર પરિવાર તરફથી આ વૈચારિક પત્રની સેવા બદલ પાંચ હજાર રૂપિયાનું પારિતોષિક અને પ્રશસ્તીપત્ર શ્રી વિઠ્ઠલભાઈ પટેલે સંઘને અર્પણ કર્યું હતું. કાર્યક્રમના સંયોજક શ્રી ચીમનલાલ જે. શાહના અમે આભારી છીએ.

* **સર્વોદય પરિવાર ટ્રસ્ટને ભેટ રકમ આપવાનો કાર્યક્રમ** : સંઘના ઉપક્રમે શનિવાર, તા. ૧૩ મી મે, ૧૯૮૯ના રોજ સાંજના ૬-૧૫ વાગે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરની કમિટિ રૂમમાં યોજાયેલ એક કાર્યક્રમમાં ગુજરાતના ધરમપુર તાલુકાના પિંડવળ આદિવાસી વિસ્તારના લોકોના છાપરા પર નળિયાં નાખવા માટે રૂપિયા એક લાખ શ્રી સર્વોદય પરિવાર ટ્રસ્ટને ભેટ અપાયા હતા. આ

પ્રસંગે શ્રી નારાયણ દેસાઇ અતિથિવિશેષ તરીકે હાજર રહ્યા હતા. સર્વોદય પરિવાર ટ્રસ્ટ તરફથી શ્રી કાન્તા-બહેન, હરવિલાસબહેન અને ડૉ. નવનીતભાઇએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. આ પ્રસંગે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી કે. પી. શાહ, શ્રી દીપચંદ ગાંધી, શ્રી અમર જરીવાલા, શ્રી મફતલાલ મહેતા વગેરેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં હતાં. સંઘની પ્રવૃત્તિથી અને સર્વોદય પરિવારની પ્રવૃત્તિથી પ્રસન્ન થઇ શ્રી મફતલાલ મહેતાએ આ પ્રસંગે પોતાના ટ્રસ્ટ તરફથી સર્વોદય પરિવાર ટ્રસ્ટને રૂપિયા એકાવન હજાર ભેટ આપ્યા હતા.

* **ડૉ. રશ્મિ મયૂરનું પ્રવચન** : સંઘના ઉપક્રમે ગુરુવાર, તા. ૩૧મી મે, ૧૯૮૯ના રોજ સાંજના ૬-૧૫ કલાકે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટિ રૂમમાં જાણીતા પર્યાવરણ શાસ્ત્રી ડૉ. રશ્મિ મયૂરનું Global Environment crisis–is Survival Possible ? વિશ્વની પર્યાવરણ કટોકટી–ઉગારવાનો ઉપાય છે ખરો ? એ વિષય પરનું વ્યાખ્યાન ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યું હતું. વ્યાખ્યાતા ડૉ. મયૂરનો અને કાર્યક્રમના સંયોજક શ્રી અમરભાઈ જરીવાલાનો અમે આભાર માનીએ છીએ.

* **સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક** : 'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલાં લખાણોમાંથી શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને પ્રતિવર્ષ રૂપિયા એક હજારનું ઉપરોક્ત પારિતોષિક આપવામાં આવે છે, તે મુજબ ૧૯૮૮ના વર્ષ માટેનું આ પારિતોષિક ડૉ. તનસુખભાઇ ભટ્ટને આપવામાં આવ્યું છે. આ પારિતોષિક માટે નિર્ણાયકો તરીકે સેવા આપનાર ડૉ રમણલાલ ચી. શાહ, ડૉ. દિનેશભાઇ ભટ્ટ અને શ્રી પન્નાલાલ ૨. શાહના આ તકે અમે અભારી છીએ.

* **સ્વ. શ્રી દીપચંદ ત્રિભોવનદાસ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ** : સંઘના ભૂતપૂર્વ મંત્રી સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહના પરિવાર તરફથી એમની સ્મૃતિમાં જૈનધર્મ'નાં પુસ્તકોના પ્રકાશન માટે રૂ. ૩૦,૦૦૦ની રકમ ભેટ આપવામાં આવી હતી અને તેમાં વખતોવખત ઉમેરો થતો રહ્યો છે. વર્ષ દરમિયાન ટ્રસ્ટના ઉપક્રમે ચિંતનતત્ત્વ ભાગ-૩ અને પ્રભાવક વ્યક્તિઓ ભાગ-૧ એ બે પુસ્તકો પ્રગટ થયાં છે.

* **શ્રીમતી ધીરજબહેન દીપચંદ શાહ રમકડાં ઘર** : સંઘ દ્વારા બાળકોને ઘરે રમવા માટે રમકડાં આપવાની આ પ્રવૃત્તિ દર રવિવારે ૩-૦૦ થી ૫-૩૦ સુધી નિયમિત ચલાવવામાં આવે છે. આ વર્ષે બાળકોની સભ્ય સંખ્યા ૧૨૫ જેટલી રહી છે. રમકડાં ઘર માટે વખતોવખત નવા રમકડાં ખરીદવામાં આવે છે. અને બાળકો તેનો સારો લાભ લે છે. આ પ્રવૃત્તિના સંયોજક ડૉ. અમૂલ શાહ અને શ્રીમતી જ્યાબહેન વીરાના અમે આભારી છીએ.

* **શ્રી સી. યુ. શાહ મેડિકલ એઇડ ફંડ** : અત્યાર સુધીમાં 'પ્રેમળજ્યોતિ' દ્વારા જુદા જુદા દરદીઓને દવાના રૂપમાં જે સહાય કરવામાં આવી હતી એને વિકસાવવા શ્રી સી. યુ. શાહ મેડિકલ ફંડની સ્થાપના કરવામાં આવી છે અને તેના ઉપક્રમે દરદીઓને દવા વગેરેની સહાય કરવાનું કાર્ય સારી રીતે ચાલે છે એ માટે શ્રી સી. યુ શાહના અમે આભારી છીએ.

* **શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ** : શ્રી જે. એચ. મહેતાનાં કુટુંબીજનો તરફથી રૂ. ૨૫૦૦/– અનાજ રાહત ફંડમાં મળતાં જરૂરિયાતવાળા કુટુંબોને સસ્તા દરે અનાજ આપવાનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે. આ પ્રવૃત્તિ માટે જુદા જુદા દાતા તરફથી અત્યાર સુધીમાં રૂ. ૪૯૨૪૬–૦૦ની રકમ મળેલ છે. આ પ્રવૃત્તિના સંયોજક તરીકે શ્રી ઉષાબહેન મહેતા અને શ્રી રમાબહેન મહેતા સેવા આપી રહ્યાં છે. આ પ્રવૃત્તિના સંયોજકોના અને દાતાઓના અમે આભારી છીએ

* **મોતીયાના દરદીઓને ચશ્મા માટે સહાય** : સંઘના ઉપક્રમે સાધારણ સ્થિતિવાળા મોતીયાના દરદીઓને ઓપરેશન પછી ચશ્માની સહાય માટે શ્રીમતી સરસ્વતીબહેન ડાહ્યાભાઇ ઝવેરી તરફથી સંઘને મળેલી આર્થિક સહાયથી આ પ્રવૃત્તિ સારી રીતે ચાલી રહી છે. તેના સંયોજક શ્રી નાનાલાલ સંઘરાજકાના અમે આભારી છીએ.

* **આભાર** :

- વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની ૧૦ સભા મળેલ હતી. કારોબારી સમિતિ, સહયોગ સમિતી અને કારોબારી સમિતિના નિમંત્રિત સભ્યોનો દિલ અને ઉમંગથી સહકાર મળે છે. એનો અમને આનંદ છે.
- ચોકકસ પ્રવૃત્તિ માટે મળેલ માતબર રકમનાં દાન ઉપરાંત પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે કે વર્ષ દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓ માટે અવારનવાર અર્થસિંચન કરનાર દાતાઓને તો કેમ ભુલાય ? સર્વ દાતાઓનો આ તકે હાર્દિક આભાર માનીએ છીએ.
- સંઘની પ્રવૃત્તિને લોકો સુધી પહોંચાડનારું માધ્યમ છે પ્રેસ. ચોથી જાગીરનાં ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાનાં માતબર દૈનિકો અને સંચાલકોએ સંઘની દરેક પ્રવૃત્તિના અહેવાલ યોગ્ય રીતે પ્રગટ કરી સંઘને સમાજમાં નવું પરિમાણ આપ્યું છે તે દરેક વર્તમાનપત્રો અને સામયિકોનો અત્રે અમે આભાર માનીએ છીએ.
- આપણી વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો અને વ્યાખ્યાન શ્રેણી કે વાર્તાલાપના વિદ્વાન વકતાઓ આપણી પ્રવૃત્તિનું અંગ છે. એમના સહકાર માટે અમે દરેક વ્યાખ્યાતાઓનો આભાર માનીએ છીએ.
- સંઘની પ્રવૃત્તિઓના ફલકનો આટલો બધો વિસ્તાર થયો છે તેનું મુખ્ય કારણ સમિતિના ઘણા બધા સભ્યોએ યથાશકિત ઉત્સાહપૂર્વક જુદી જુદી પ્રવૃત્તિઓની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી છે, એ સર્વ સંયોજકોનાં નામોનો તો તે પ્રવૃત્તિના અહેવાલમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. સંયોજકોના આવા ઉદારદિલ સહકાર અને સમયના ભોગ વિના સંઘની આટલી બધી પ્રવૃત્તિઓની જવાબદારી માત્ર મંત્રીઓ વહન કરી શકે નહિ, એ માટે એ સર્વ સંયોજકોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.
- સંઘને અનેકવિધ પ્રવૃત્તિઓથી સતત ધબકતો રાખવા માટે અને સંઘના દરેક સભ્યોને પ્રેમભરી હૂંફ આપવા બદલ સંઘના પ્રમુખ ડૉ રમણલાલ ચી. શાહનો આ તકે અમે અત્યંત આભારી છીએ.

- સંસ્થાના હિસાબો ચીવટપૂર્વક અને સમયસર જોઈ-તપાસી આપવા માટે ઓડિટર્સ મે. યુ. એસ. શાહ એન્ડ એસોસિએટસ અને શ્રીયુત ઉત્તમચંદ એસ. શાહના અમે આભારી છીએ.
- સંઘના હિસાબો માટે ઇન્ટરનલ ઓડિટરની માનદ સેવા આપવા બદલ સંઘની સમિતિના સભ્ય શ્રી મફતલાલ ભીખાચંદ શાહના અમે આભારી છીએ.
- સંઘનો કર્મચારીગણ પણ સંઘની પ્રવૃત્તિઓમાં પણ એટલો જ ઉપયોગી રહ્યો છે. એમની ચીવટ અને ખંતની નોંધ લેતાં અમને આનંદ થાય છે.

અમને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે કે આવો જ ઉમંગભર્યો સહકાર ભવિષ્યમાં સંઘને સૌ તરફથી મળતો રહેશે અને એથી સંઘની અવિરત વિકાસયાત્રા ચાલુ રહેશે.

શૈલેશ એચ. કોઠારી — કે. પી. શાહ
વસુબહેન ભણસાલી — નિરુબહેન એસ. શાહ
ધીરજલાલ કુલચંદ શાહ — મંત્રીઓ
સહમંત્રીઓ

* કારોબારી સમિતિએ મંજુર કર્યા તા. ૯-૮-૮૯
* વાર્ષિક સામાન્ય સભાએ મંજુર કર્યા તા. ૨૩-૯-૮૯

સંઘ સમાચાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સાંજના ૪-૦૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળી હતી. સંઘના અન્વેષિત હિસાબો, સરવૈયું અને નવા વર્ષનાં અંદાજપત્રો રજૂ થયા હતા. તે મંજૂર થયા બાદ નીચે પ્રમાણે પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

* પદાધિકારીઓ :

૧ ડૉ. રમણલાલ ચી. શાહ–પ્રમુખ
૨ શ્રી ચીમનલાલ જે. શાહ–ઉપપ્રમુખ
૩ શ્રી કે. પી. શાહ–મંત્રી
૪ શ્રીમતી નિરુબહેન એસ. શાહ–મંત્રી
૫ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ–કોષાધ્યક્ષ

ત્યારબાદ કારોબારી સમિતિના સભ્યોની ચૂંટણીનું કામ હાથ ધરવામાં આવ્યું હતું અને તેમાં નીચે જણાવેલા પંદર સભ્યો ચૂંટાઇ આવ્યા હતા :

* કારોબારી સમિતિ :

૧ શ્રી વસુમતીબહેન સી. ભણસાલી
૨ શ્રી તારાબહેન ર. શાહ
૩ શ્રી રમિતાબહેન એસ. કામદાર
૪ શ્રી સુબોધભાઇ એમ. શાહ
૫ શ્રી અમર જરીવાલા
૬ શ્રી ઉષાબહેન મહેતા
૭ શ્રી ધીરજલાલ કુલચંદ શાહ
૮ શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
૯ શ્રી શૈલેશભાઇ એચ. કોઠારી
૧૦ શ્રી પુષ્પાબહેન પરીખ
૧૧ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૧૨ શ્રી સુલીબહેન અનીલભાઇ હીરાણી
૧૩ શ્રી રસિકલાલ જવેરચંદ શાહ
૧૪ શ્રી પન્નાલાલ ર. શાહ
૧૫ શ્રી ગણપતલાલ મ. ઝવેરી

શુક્રવાર, તા. ૬ઠ્ઠી ઓક્ટોબર, ૧૯૮૯ના રોજ મળેલ કારોબારી સમિતિની સભામાં નીચેની વિગતે કો. ઓપ્ટ. સભ્યો, લાયબ્રેરી સમિતિ, બંધારણ સમિતિ, સહયોગ સમિતિ, સહયોગ સમિતિ અને નિમંત્રિત સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી.

* કો-ઓપ્ટ સભ્યો :

૧ શ્રી કમલાબહેન પીસપાટી
૨ શ્રી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા
૩ શ્રી જયંતીલાલ પી. શાહ
૪ શ્રી જયાબહેન ટી. વીરા
૫ શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ

* શ્રી મણિલાલ હેમચંદ શાહ વાચનાલય-પુસ્તકાલય સમિતિ :

* ટ્રસ્ટીઓ :

૧ ડૉ. રમણલાલ ચી. શાહ
૨ શ્રી ચીમનલાલ જે. શાહ
૩ શ્રી કે. પી. શાહ
૪ શ્રી સુબોધભાઇ એમ. શાહ
૫ શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ

* સમિતિ :

૧ શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ-મંત્રી
૨ શ્રી તારાબહેન ર. શાહ — સભ્ય
૩ શ્રી રસિકલાલ જવેરચંદ શાહ — ,,
૪ શ્રી ઉષાબહેન મહેતા — ,,
૫ શ્રી વસુમતીબહેન ભણસાલી — ,,
૬ શ્રી પુષ્પાબહેન પરીખ — ,,

* બંધારણ સમિતિ :

૧ શ્રી સુબોધભાઇ એમ. શાહ-સંયોજક
૨ શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
૩ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૪ શ્રી અમર જરીવાલા
૫ શ્રી બસંતલાલ નરસિંહપુરા
૬ શ્રી ઉષાબહેન મહેતા
૭ શ્રી વસુમતીબહેન ભણસાલી
૮ શ્રી પુષ્પાબહેન પરીખ
તથા હોદ્દેદારો–અધિકારની રૂએ

* સહયોગ સમિતિ :

૧ શ્રી હુંગરશી રામજી ગાલા
૨ શ્રી શાંતિલાલ દેવજી નંદુ
૩ શ્રી જયંતીલાલ કસ્તચંદ શાહ
૪ શ્રી રમણલાલ લાલભાઇ નાકડાવાલા

૫ શ્રી માણેકલાલ વી. સવાણી
૬ શ્રી વસનજી લખમશી શાહ
૭ શ્રી ચંપકલાલ એમ. અજમેરા
૮ શ્રી જેરમલ મગળજી મહેતા
૯ શ્રી સી. એન સંઘવી
૧૦ શ્રી બસંતલાલ નરસિંહપુરા
૧૧ શ્રી પ્રવીણચંદ્ર ટી. શાહ
૧૨ શ્રી ધનવંત ટી. શાહ
૧૩ શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
૧૪ શ્રી જ્યોતિબહેન પી. શાહ
૧૫ શ્રી અરવિંદભાઈ ચોકસો

* નિમંત્રિત સભ્યો

૧ શ્રી બિપિનભાઇ જૈન
૨ શ્રી કપૂરચંદભાઇ ચંદેરિયા
૩ શ્રી શમીબહેન ભણસાલી
૪ શ્રી મીરાંબહેન રમેશભાઈ મહેતા
૫ શ્રી ચંદ્રકુમાર જે. શાહ
૬ શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ
૭ શ્રી તરુણાબહેન બી. શાહ
૮ શ્રી જ્યોત્સનાબહેન કનુભાઇ શેઠ
૯ શ્રી શિરીષભાઇ કામદાર
૧૦ શ્રી રજનીકાન્ત એલ. વોરા
૧૧ શ્રી પશુંલેખાબહેન દોશી
૧૨ શ્રી જગમોહન દાસાણી
૧૩ ડો. અમૂલ્ય શાહ
૧૪ શ્રી ચંદ્રાબહેન હરસુખભાઇ શાહ
૧૫ શ્રી રમાબહેન વિનુભાઇ મહેતા
૧૬ શ્રી રૂપચંદ ભણસાલી
૧૭ શ્રી સરોજબહેન મહેતા
૧૮ શ્રી મૃદુલબહેન જે. શાહ
૧૯ શ્રી રવીન્દ્ર એચ. મહેતા
૨૦ શ્રી મુકુન્દભાઇ ગાંધી
૨૧ શ્રી શાંતિલાલ બી. ગાંધી
૨૨ શ્રી શ્રીપાળ કે. ભંડારી
૨૩ શ્રી પ્રદીપ એ. શાહ
૨૪ શ્રી મહેન્દ્રભાઈ બી. વોરા
૨૫ શ્રી મીનાબહેન એન. શાહ
૨૬ શ્રી ધીરજબહેન વોરા
૨૭ શ્રી અરુણભાઇ પરીખ
૨૮ શ્રી કાંતિલાલ નારણદાસ શાહ
૨૯ શ્રી કુસુમબહેન એન. ભાઉ
૩૦ શ્રી દમયંતીબહેન એન. શાહ
૩૧ શ્રી નાનાલાલ સંઘરાજકા
૩૨ શ્રી મીરાંબહેન ભંડારી
૩૩ શ્રી યશોમતીબહેન એચ. શાહ
૩૪ શ્રી રમાબહેન જે. વોરા
૩૫ શ્રી બચુભાઈ પી. દોશી
૩૬ શ્રી રસિલાબહેન એમ. ઝવેરી
૩૭ શ્રી સરલાબહેન એસ. પારેખ
૩૮ શ્રી આશાબહેન એમ. મહેતા
૩૯ શ્રી રેખાબહેન એસ. દોશી
૪૦ શ્રી શારદાબહેન ગાંધી
૪૧ શ્રી નટુભાઈ પટેલ
૪૨ શ્રી મહાસુખભાઇ કામદાર
૪૩ શ્રી ગુલાબ દેઢિયા
૪૪ શ્રી રિમતાબહેન બી. શાહ
૪૫ શ્રી આશિતાબહેન કે. શેઠ
૪૬ શ્રી પુનમબહેન એ. શાહ
૪૭ શ્રી સંયુકતાબહેન પી. મહેતા
૪૮ શ્રી વિનુભાઈ જે. મહેતા
૪૯ શ્રી કીર્તિભાઇ કુલચંદ દોશી
૫૦ શ્રી હેમંતભાઇ આર. શાહ
૫૧ શ્રી જ્યોતિબહેન એચ. શાહ
૫૨ શ્રી ધીરજલાલ ડોટાલાલ દોશી
૫૩ શ્રી નેમચંદ મેઘજી ગાલા
૫૪ શ્રી જ્યોતિબહેન પી. શાહ
૫૫ શ્રી કૃષ્ણાબહેન એન. પારેખ
૫૬ શ્રી ચન્દ્રકાન્ત ડી ગાંધી
૫૭ શ્રી હિંમતભાઇ એસ. ગાંધી
૫૮ શ્રી મહીપતરાય જાદવજી શાહ
૫૯ શ્રી શાંતિલાલ ટોકરશી શાહ
૬૦ શ્રી અશોકભાઇ એસ મહેતા
૬૧ શ્રી પૂર્ણિમાબહેન સેવંતીભાઇ શેઠ
૬૨ શ્રી ભારતીબહેન શાહ
૬૩ શ્રી સુશીલાબહેન સેવંતીલાલ કપાસી
૬૪ શ્રી નીતિનાબહેન ઇન્દુભાઇ કપાસી
૬૫ શ્રી પ્રમોદભાઇ પોપટલાલ શાહ
૬૬ શ્રી પુષ્પાબહેન એમ. મોરજરિયા
૬૭ શ્રી મધુસૂદન મોરજરિયા
૬૮ શ્રી નરેન્દ્ર ભાઉ
૬૯ શ્રી કલાવતીબહેન મહેતા
૭૦ શ્રી નવનીતભાઈ મહેતા
૭૧ શ્રી મુંદનલાલ રવિચંદ શાહ

નેત્રયજ્ઞ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આર્થિક સહયોગથી અને શ્રી કડોદ (હરિપુરા) વિભાગ વેલફેર સોસાયટીના ઉપક્રમે કડોદ મુકામે રવિવાર, તા. ૧૫-૧૦-'૮૯ના રોજ નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

સંઘના આર્થિક સહયોગથી અને શ્રી વિશ્વ વત્સલ ઔષધાલય-ગુંદીના ઉપક્રમે રવિવાર, તા. ૧૦-૧૨-૧૯૮૯ ના રોજ વિરમગામ તાલુકાના રૂદાતલ ગામે નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો છે.

મુનિ સેવા આશ્રમ

દવાની કાયમી તિથિ માટે અત્યાર સુધીમાં નોંધાયેલી રકમ

(ગતાંકથી ચાલુ)

૫,૦૦૦ શ્રી ચીમનલાલ લલ્લુભાઇ ચે. ટ્રસ્ટ
૨,૫૦૦ સ્વ. શીવજી માણેક ભેદા તથા સ્વ. ઉમરબાઇ શીવજી ભેદાના પૂણ્યાર્થે
૨,૫૦૦ શ્રી અનુપશીલા કાંતિલાલ કાપડિયા
૨,૫૦૦ ,, અનુપમા ,, ,,
૨,૫૦૦ ,, રવિચંદ સુખલાલ શાહના પરિવાર તરફથી
૨,૫૦૦ ,, સંપતબેન દીપચંદ શાહ
૨,૫૦૦ ,, રોયલ ફેમીરટ
૨,૫૦૦ ,, તારાબેન ચંદુલાલ ઝવેરી ચે. ટ્રસ્ટ
૨,૫૦૦ ,, વસંતલાલ કાંતિલાલ શાહ
૨,૫૦૦ સ્વ. મણિબેન ગીરધરલાલના સ્મરણાર્થે
૨,૫૦૦ શ્રી કાંતાબેન રસિકલાલ વકીલ
૨,૫૦૦ ,, એ. આર. શાહ
૨,૫૦૦ ,, મંજુલાબેન અ. શાહ
૨,૫૦૦ સ્વ. પી. વી. શાહ
૨,૫૦૦ શ્રી અરજણ ખીમજી એન્ડ કું.
૨,૫૦૦ શ્રી મહાસુખલાલ મણિલાલ શાહ
૨,૫૦૦ શ્રી ભારતીબેન ભૂપેન્દ્ર શાહ
૨,૫૦૦ શ્રી ઉષાબેન એચ. શાહ
૨,૫૦૦ શ્રી કેશવલાલ ખેમચંદ શાહ
૨,૫૦૦ શ્રી હીરાબેન પોપટલાલ શાહ
૨,૫૦૦ ,, ઉષાબેન તથા શ્રી રમાબેન મહેતા
૨,૫૦૦ ,, લાભુભાઇ જી. મહેતા
૨,૫૦૦ ,, જમનાદાસ હેમચંદ હેમાણી ચે. ટ્રસ્ટ
૨,૫૦૦ ,, હેમચંદ અમરચંદ ચે. ટ્રસ્ટ
૨,૫૦૦ ,, વિનુભાઇ ઉમેદચંદ શાહ
૨,૫૦૦ ,, લાલજી હંસરાજ ગંગર
૨,૫૦૦ સ્વ. ચંપાબાઇ રતનચંદના સ્મણાર્થે
૨,૫૦૦ શ્રી ઉમેદચંદભાઇ દોશી
૨,૫૦૦ ,, ગાંગજી પી. શેઠીઆ
૨,૫૦૦ ,, સ્ટુડન્ટ એજન્સી
૨,૫૦૦ સ્વ. તારાબેન મંગળજી મહેતાની સ્મૃતિમાં
૨,૫૦૦ શ્રી નિર્મળા ઇન્દ્રલાલ શેઠ
૨,૫૦૦ ,, હસમુખભાઇ શાહ,
૨,૫૦૦ ,, લક્ષ્મીબેન ચીમનલાલ દલાલ
૨,૫૦૦ ,, રસિલાબેન જયસુખલાલ પારેખ
૨,૫૦૦ ,, ઉષાબેન દિલીપભાઇ શાહ
૨,૫૦૦ સ્વ. કેશરબેન અમૃતલાલ મહેતા
૨,૫૦૦ શ્રી મહેન્દ્રભાઇ આર. શાહ
૨,૫૦૦ ,, એન. ડી. શેઠ
૨,૫૦૦ ડૉ. પ્રતિમાબેન યોગેન્દ્ર શાહ
૨,૫૦૦ શ્રી બી. એમ. પારેખ
૨,૫૦૦ ,, વર્ધમાન પી તુરખીયા
૨,૫૦૦ ,, ભાઇચંદ ઉકાભાઇ દોશી
૨,૫૦૦ ,, રમણલાલ નગીનદાસ ચેરી. ટ્રસ્ટ
૨,૫૦૦ શ્રી નીરવ હરેશ શાહ
૨,૫૦૦ ,, ચીનુભાઇ ચોકસી
૨,૫૦૦ ,, દીપ્તેશ પરીખ
૨,૫૦૦ ,, ન્યુ એસ ચેરીટેબલ ફાઉન્ડેશન
૨,૫૦૦ ,, વિનસ ટ્રેડર્સ
૨,૫૦૦ ,, ભોગીલાલ લલ્લુભાઇ ફાઉન્ડેશન
૨,૫૦૦ ,, વી. જી. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦ ,, સંજીવ સુરેશ મહેતા
૨,૫૦૦ સ્વ. કુસુમબેન મંગળદાસ તલસાણિયાની સ્મૃતિમાં

સંઘને ભેટમાં મળેલી રકમોની ચાદી

૫,૦૦૦ શ્રી ધીરજબેન યશવંતભાઇ દાદભાંવાળા
૨,૫૦૦ ,, નલિનીબહેન દ્વેદ્વિણ
૨,૫૦૦ ,, મણિબહેન હરગોવિંદદાસ
૨,૫૦૦ ,, શેઠીઆ એન. વોરા
૧,૦૦૦ ,, જેસીંગભાઇ લલ્લુભાઇ શાંહ
૧,૦૦૦ ,, રમણિકલાલ ભોગીલાલ ઝવેરી
૧,૦૦૦ ,, સુવર્ણાબહેન દલાલ
૧,૦૦૦ ,, જયંતીલાલ જે. શાહ
૧,૦૦૦ ,, વિક્રમભાઇ રમણલાલ શાહ
૧,૦૦૦ ,, રમેશચંદ્ર પી. મહેતા
૧,૦૦૦ સ્વ. કેશરબેન એ. મહેતા
૧,૦૦૦ શ્રી કાંતાબહેન એમ. ઝવેરી
૧,૦૦૦ ,, હસમુખભાઇ હરખચંદ
૧,૦૦૦ ,, કંચનબેન એચ. દોઢીવાલા
૧,૦૦૦ ,, જરિમન હસમુખલાલ
૧,૦૦૧ ,, નીતિનભાઇ કાંતિલાલ સોનાવાલા
૫૦૧ ,, પદ્મીની શિરીષભાઇ મહેતા
૫૦૧ ,, પ્રમોદભાઇ સોમચંદ શાહ
૫૦૦ ,, કિરણભાઇ શાહ
૫૦૧ ,, શાંતિલાલ ઉજમશી
૫૦૧ ,, ભારતીબેન ગાંધી
૫૨૫ ,, શ્રી એમ. એમ. સંઘવી
૫૦૧ ,, રમાબહેન એન. કાપડિયા
૫૦૦ ,, મણિલાલ નરશીદાસ દોશી
૫૦૦ ,, સમરતબેન મણિલાલ દોશી
૫૦૦ ,, જયંતીલાલ મણિલાલ દોશી
૫૦૦ ,, ધીરજલાલ મણિલાલ દોશી
૫૦૦ ,, રસિકલાલ મણિલાલ દોશી
૫૦૧ ,, પ્રભુદાસ લીલાધર પ્રા. લિ.
૫૦૧ ,, શોભનાબેન તુષારભાઇ મોદી
૫૦૦ ,, પુષ્પાબહેન એ. મહેતા
૫૦૦ ,, જ્યોતિબહેન ગૌતમભાઇ વોરા
૫૦૧ ,, મધુસુદનભાઇ
૫૦૧ ,, આર. વી. શાહ
૫૦૧ ,, કાન્તાબહેન શાહ
૫૦૦ ,, સેવંતીલાલ એફ. શાહ
૫૦૧ ,, ભારતીબેન ગાંધી
૫૦૦ ,, મણિબહેન બી. પટેલ
૫૦૦ ,, હકારબાંલ એમ. ગાંધી

(વધુ આવતા અંકે)

પોલીસ અને ન્યાયતંત્ર

(પૃષ્ઠ ૨ થી ચાલુ)

લોકશાહીમાં ન્યાયાધીશોની અને પોલીસોની બદલી સરકારને હસ્તક હોવાથી સરકારી અમલદારો અને પ્રધાનો પણ તેમાં રમત રમતા હોય છે. મોટી લાગવગવાળા ધારાસભ્યો જ્યાં પોતપોતાના વિસ્તારમાં ખૂન, દાણચોરી વગેરે પ્રકારના કૌભાંડોમાં સંડોવાયા હોય છે ત્યાં પોતાના ઉપર પોલીસતંત્ર કે ન્યાયતંત્ર કશું જ કામ ચલાવી ન શકે એ માટે શામ, દામ, દંડ અને ભેદની નીતિરીતિ અજમાવે છે. પરિણામે અનેક પ્રકારના ગુનાઓથી જનજીવન કલુષિત બની જાય છે. છેલ્લાં કેટલાક વર્ષોથી દરેક રાજ્યમાં ખૂનના દાણચોરીના, નશાબંધીના, જુગારના બનાવો એટલા બધા વધતા જાય છે કે સાચું બોલીને પોલીસ કે ન્યાયાધીશની વિરુદ્ધ ફરિયાદ કરવાનું સાહસ કરતાં લોકો ડરે છે. નજીવી વાતે જાન જોખમમાં મૂકાઈ જાય છે, કારણ કે પોલીસ પણ તેમની સાથે જોડાઈ ગઈ હોય છે.

સંઘબળના જેમ કેટલાક લાભ છે. તેમ સંઘબળનું અનિષ્ટ પણ ઘણું મોટું છે. બધા સાથે સંપી જઈને હડતાલ પર ઊતરવું કે સંપીને જઈને વેર લેવાનું ગુનાહિત કાર્ય કરવું એ જાણે કે હવે રોજની વાત થઈ ગઈ છે. કોઈ વકીલ હોય અને એને ખરેખર ફોજદારી ગુનો કર્યો હોય અને પોલીસે એને પકડયો હોય તો બધા વકીલો સંપી જઈને તે ગુનેગાર વકીલને બચાવવા દોડી જાય છે. એવું જ પોલીસતંત્રમાં બનતું જોવા મળે છે. સરકાર દ્વારા કે ન્યાયાલય દ્વારા કોઈ પોલીસને સાચી રીતે શિક્ષા થઈ હોય તો બધા પોલીસો એકત્ર થઈ જાય છે અને ધાકધમકીથી કે શારીરિક બળ વાપરીને પોતાનું ધાર્યું કરાવવા કોશિષ કરે છે અને કેટલીક વાર તેમાં ફાવે પણ છે.

ભારતમાં સર્વક્ષેત્રે અશિસ્તનું પ્રમાણ વધતું ચાલ્યું છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકોથી માંડીને ડોકટરો, વકીલો, ઇજનેરો, વિવિધ સરકારી તંત્રના કર્મચારીઓ એ બધામાં સંપી જઈને, યુનિયન દ્વારા પોતાનું ધાર્યું કરાવવાનું વલણ વધતું જાય છે. એ બધામાં કામચોરી અને ગેરશિસ્તનું પ્રમાણ પણ વધતું રહ્યું છે. એમાં પોલીસતંત્રમાં જ્યારે ગેરશિસ્ત થવા લાગે ત્યારે તેની પ્રજા ઉપર કેટલી ખોટી છાપ પડે છે ! લશ્કર અને પોલીસતંત્ર એ બંને શિસ્ત, આજ્ઞાકિતતા અને જવાબદારીનું વિશેષ ભાન ધરાવતાં તંત્રો ગણાય છે. એમાં ગેરશિસ્ત ચલાવી લેવા શકાય નહિ. પરંતુ છાપાઓમાં અનેકવાર વાંચીએ છીએ કે ફરજ પરના પોલીસો ઉપરીઓના હુકમનો અનાદર કરે છે, લાંચ લે છે અને ગુનાઓમાં સંડોવાય છે. લશ્કરી તંત્ર પ્રજાથી અલિપ્ત હોવાના કારણે એમાં ગેરશિસ્ત હજુ આવી નથી, પરંતુ પોલીસ તંત્રની ગેરશિસ્તના પડઘા વખત જતાં લશ્કરી તંત્ર ઉપર જો પડે તો પણ નવાઈ નહિ. સરકારે આ બાબતમાં સવેળા સચિંત બનવું અને રહેવું જોઈએ.

ભારતમાં આ આરાજકતાની પરિસ્થિતિમાં થોડાક પણ સારા, સમજદાર અને જવાબદાર માણસોનુ જૂથ સત્તાપક્ષે તૈયાર થાય તો જ તેનો પ્રભાવ સરકારી તંત્ર ઉપર અને લોકો ઉપર પડે. એકલદોકલ સારી વ્યકિતની છાપ સમાજ ઉપર હવે બહુ પડતી નથી. ભારતમાં હજુ લોકશાહી પ્રવર્તે છે. મોડોવહેલો પણ ન્યાય મળે છે. ત્યાં સુધીમાં આ અરાજકતાને જો દૂર કરી શકાય તો તેથી ભાવિ પ્રજાને લાભ થશે. જો તે દૂર નહિ કરી શકાય અને ઉત્તરોત્તર વધતી જશે તો લોકશાહી નામશેષ થઈ જશે. એક વખત ભારતમાંથી લોકશાહી જશે તો ફરીથી લોકશાહી પુનર્સ્થાપિત કરવાનું કામ ઘણું જ મુશ્કેલ બની જશે!

–રમણલાલ ચી. શાહ

અટકોનાં સ્વરૂપ પરિવર્તન

(પૃષ્ઠ ૨૦ થી ચાલુ)

અટક 'મકવાણા' હોય, એ વધુ સંભવિત છે! વૃત્તિ તો આ જ હશે !

આને બીજે પક્ષે, સાવ સામે છેડે બેસે એવો આપણો સંસ્કૃત પ્રત્યેનો 'પ્રેમ' (કે એવો દેખાવ કરવાની વૃત્તિ) પણ અટકોનાં આવાં પરિવર્તનો પ્રેરનાર પ્રબળ વૃત્તિ હોય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી વધતી જતી સાંસ્કૃતિક સભાનતા જોડે સંસ્કૃત શબ્દો ને પૌરાણિક યા વૈદિક નામો પ્રત્યેનું આકર્ષણ પણ આજે શિષ્ટ સંસ્કારી વર્ગનું લક્ષણ ગણાતું થયું છે

આપણે ત્યાં કેટલાંક વર્ષોથી જાણીતી થયેલી અટક 'જ્ઞાની' આનું સુંદર ઉદાહરણ છે. આ 'જ્ઞાની' રૂપના પાયામાં આપણે ત્યાં વર્ષોથી પ્રચલિત અટક 'જની' છે ! મોટા ભાગના વિદ્વાનોને મતે આ જની અટકનું મૂળ 'યાજ્ઞિક' છે ! પણ કદાચ એ મૂળ રૂપનો ખ્યાલ ન હોવાથી ને સંસ્કૃતીકરણની પ્રબળ વૃત્તિને લઈને 'જની' રૂપને ખૂબ જ મળતું આવતું ને સ્વરૂપમાં યે બંધબેસતું 'જ્ઞાની' રૂપ ગોઠવી લેવાયું ! –વધુ શોભતું ને પ્રભાવશાળી !–ને સંસ્કૃત તો ખરું જ !

અટકોનું પરિવર્તન પ્રેરનારાં આ બે–અંગ્રેજી ને સંસ્કૃત–બળો માટેના આકર્ષણ ઉપરાંત કંઈક જુદું, અવનવું, અસામાન્ય, સારું ને શોભતું લાગે એવું કરવાની સહજ–સાદી વૃત્તિ પણ એટલી જ પ્રબળ હોય છે. 'અંકલેશ્વરી'ને બદલે ઇકલેસરી' ને 'સોની'નું 'સોહની' બનેલા રૂપોમાં આ જોઈ શકાય છે.

વર્ષો પહેલાં 'ખંધડિયા' (કે ખંધેડિયા) અટકધારી એક વ્યકિત જોડે મારો પરિચય થયો હતો. અમારો સંબંધ તો લાંબો ન ચાલ્યો, પણ કેટલાંક વર્ષો પછી જાણ્યું કે એમણે અટક બદલીને 'ખંડેરિયા' કરી લીધી છે. આ વાતનેય વર્ષો વીતી ગયાં છે.

તે વખતે તો આ અટક નબી જ લાગતી હતી; પણ હવે તો આ અટકવાળાં ઘણાં છે (–આ બધાની મૂળ અટક 'ખંધડિયા' જ હતી એમ હવે કહી શકું નહીં.)

પરંતુ મૂળ અટક ખંધડિયાના પેલી વ્યકિતએ બદલેલા રૂપ વિશે હજુયે મનમાં એક પ્રશ્ન ઘોળાયા કરે છે કે, 'ખંધડિયા'નું 'ખંડેરિયા' રૂપ બનાવી લેવામાં કઈ વૃત્તિએ કામ કર્યું હશે ?

અટકોનાં સ્વરૂપ પરિવર્તન

પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

'એક કવિસંમેલનના આયોજનની જવાબદારીમાં હું સંકળાયેલો હતો. તૈયારી દરમિયાન એક કવિનો પત્ર આવ્યો. 'લેટરહેડ' પર નામ જોડે છપાયેલી અટક ધ્યાન ખેંચ્યું, એ હતું – ધ્રુકલેસરી' !

કવિ શ્રી મગનલાલ પટેલનું ઉપનામ 'પતીલ' હતું એ સૌ જાણે છે પણ અટકની જેમ વપરાયેલો આ 'ધ્રુકલેસરી' શબ્દ નવો હતો. પણ પછી ખ્યાલ આવ્યો કે કવિ અંકલેશ્વરના હતા ને! ઉર્દૂ કવિઓ પોતાના ઉપનામ જોડે ગામનું નામ લખે છે; ઉર્દુ શાયરીના શોખીન પતીલે એ રીતે અંકલેશ્વરી' કે 'અંકલેશ્વરીઆ' કરવાને બદલે જેમ એનું 'ધ્રુકલેસરી' કરી લીધું હતું.

આ જ કવિ સંમેલન પ્રસંગે કંઈ કામ અંગે એક બહેન મને મળવા માંગતાં હતાં; એમના નામની અંદર આવેલી ચબરખીમાં અટક હતી 'સોહની !' નામ કુતૂહલ પરિચિત હતું. અમારા રાષ્ટ્રભાષાના વર્ગની એ વિદ્યાર્થિની હોવા છતાં–પણ એની અટક તો 'સોની' હતી ! તો આ 'સોહની' !

પછી મળ્યાં ત્યારે એ બહેન મેં ધાર્યું હતું એ જ નીકળ્યાં–તો આ નવી અટક એમના સાસરિયાની હશે ? પણ વાતચીતમાં જાણી લીધું કે એ હજુ અપરિણિત હતાં. આ 'સોહની' વિશે પૂછતાં એમણે કહ્યું–'મને 'સોની' જેવી વ્યવસાયી અટક નથી ગમતી, એટલે 'સોહની' કરી લીધું છે; ને હિંદીમાં તો 'સોહની' એટલે સુંદર, રૂપાળી, એવું પણ છે જ ને! તમને આ બધું સારું નથી લાગતું ?'

ઢળવણી ને વધતા જતા સામાજિક સંપર્ક જોડે જ આધુનિક સભ્યતાની સમાનતા ને આકર્ષણને લઈને નામ, અટકો વગેરેને કંઈક નવું, વધુ સારું, સુઘડ ને સરસ લાગે એવું સ્વરૂપ આપવાની વૃત્તિ પણ વધુ સક્રિય થતી જાય છે. આનું પરિણામ આપણે જૂની પ્રચલિત અટકોમાં થતાં આવાં પરિવર્તનોમાં જોઈ શકીએ છીએ.

પણ નવું, વધુ સારું, સુઘડ ને સરસ લાગતું એટલે શું, તે તો સૌની અંગત રુચિની જ બાબત હોય ને ?

અંગ્રેજ ને અંગ્રેજોનાં માન, મરતબા ને મહત્ત્વથી આપણે એટલા અંજાઈ ગયાં છીએ કે આઝાદી મળ્યા પછી આટલા વર્ષેય એને માટેનો આપણો મોહ–છૂટવાની વાત તો દૂર રહી, એ–વધતો જ જાય છે. આપણી અટકોનાં રૂપપરિવર્તનોની પ્રવૃત્તિમાં આ અંગ્રેજ પ્રેમ (કે મોહ)નો પેસારો એનો ફાળો છે.

એક મિત્રે એમના અન્ય એક મિત્રનો મને પરિચય કરાવ્યો–એમની અટક હતી 'મેકેની' ! એ કોઈ યુરોપિયન હશે એવું રખે માની લેતા ! એ ભારતીય ભાઈની મૂળ અટક તો હતી મકાણી ! પશ્ચિમી પ્રભાવ હેઠળ એમણે એનું આધુનિકીકરણ કરી લીધું હતું 'મેકેની' !

આઇ. સી. એસ. ની પરીક્ષામાં હિંદી ફરજિયાત હોય છે–તેમાં મૌખિક પરીક્ષા પણ ખરી ! એક અંગ્રેજ માધ્યમની-ઠીક ઠીક યુરોપિયન પણ હોય–એવી છોકરીઓની શાળામાં હું, એકવાર મૌખિક પરીક્ષા લેવા ગયો હતો. પરીક્ષાર્થી વિદ્યાર્થિનીઓની યાદીમાં એક છોકરીની અટક હતી Nancy (નેન્સી) નામ ભારતીય હતું. ભારતીય ખ્રિસ્તી હોવાનો ખ્યાલ ઊભો કરતી આ છોકરી હિંદુ હતી–ગુજરાતી હતી ને કચ્છની હતી ! એની મૂળ અટક હતી 'નેણશી' ! (દાદાનું કે પરિવારની મહત્ત્વની વ્યક્તિનાં નામ પણ ઘણીવાર અટકની જેમ વપરાય છે– મફતલાલ, ઠાકરસી વગેરે–તેવું જ આ નામ હતું.)

પશ્ચિમી ઢબની શાળા ને તેની એવી જ સભ્યતામાં ઉછેર હોવાને કારણે એનાં મા–બાપ સહેજે એનું આધુનિક પશ્ચિમી રૂપ 'નેન્સી' બનાવી લેવા પ્રેરાયાં હતા.

સામાજિક યા મનોરંજનના મેળાવડા – કાર્યક્રમોમાં 'આઇટેમો' જાહેર કરવા તથા 'આઇટેમ'ને રજૂ કરનાર વિશે કંઈક રસપ્રદ પરિચય આપવા ને છૂટી 'આઇટેમો'ને સળંગ સાંકળરૂપે રજૂ કરવાનું કાર્ય કરનાર વ્યક્તિને આપણે 'પ્રવક્તા' (કોમ્પિઅરર) કહીએ છીએ.

શોખ ગણો કે વ્યવસાય કેટલાંક વર્ષો પહેલાં હું ઉત્સાહપૂર્વક આ કામ બજાવતો – હજુયે બજાવું છું ! એક મનોરંજન કાર્યક્રમમાં આવી સેવા કરવા વિગતો જાણી લેવા થોડો વહેલો પહોંચી ગયો. એક કાર્યક્રમ રજૂ કરનારનું નામ વાંચી નવાઇ લાગી–એ હતું 'મિ. શૉ' ! વિશ્વવિખ્યાત 'બર્નાડ શૉ' જ યાદ આવે ને !

આ અંગ્રેજ જેવી અટકવાળી વ્યક્તિ વિશે થોડું કુતૂહલ જાગ્યું. આયોજકોને પૂછતાં જાણવા મળ્યું કે આ ભાઇ ગુજરાતી જ હતા. પછી એ તરુણને શોધી કાઢ્યો ને સીધું જ પૂછી લીધું–'તમે મિ. શાહ ને ?'

મારો અંદાજ સાચો હતો–એમણે તરત 'હા' પાડી ! મેં પૂછ્યું–'તે 'શાહ'નું 'શૉ' કેમ કર્યું ?'

'એમ જ !' થોડું સંકોચાતાં એ બોલ્યા ને પછી કંઈક અચકાતાં કહ્યું–'સારું લાગે છે !'

આમ 'શાહ'ના 'શૉ' રૂપમાં થયેલા અવતરણમાં અંગ્રેજનું આકર્ષણ જોઈ શકાય છે, પણ એની એક જ કયાં વાત કરવી ! બંગાળમાં અત્યારે પ્રચલિત અટક 'લૉ' (Law નું ઘડતર પણ આમ જ થયું છે. મૂળ તો એ અટક 'લાહા' છે ! આ જ વૃત્તિએ પેલા તરુણને 'શાહ'નું 'શૉ' કરવા પ્રેર્યો હતો–ને એમાં કદાચ બર્નાડ શૉ' જેવી અટક કરી લેવાની લાલચ પણ ભળી હોય !

લેખક જોસેફ મેકવાન' કે કવિ યોસેફ મેકવાનની મૂળ

(અનુસંધાન પૃષ્ઠ ૧૯ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ – ૪૦૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪

વર્ષ : ૫૧ * અંક ૧૩-૧૪ : * તા. ૧૬-૧૧-૧૯૮૯.....Regd. No. MH. By / South 54 * Licence No : 37

પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર * પરદેશમાં રૂા. ૩૦૦/-

તંત્રી : રમણલાલ ચી. શાહ

ઋણાનુબંધ

દિવાળી, નાતાલ કે નવું વર્ષ આવે એટલે અનેક મિત્રો અને સંબંધીઓનાં અભિનંદન કાર્ડ મળવા લાગે. આપણે પોતે પણ કેટલાયે મિત્રો-સબંધીઓને કાર્ડ લખતા હોઇએ છીએ છેલ્લાં પાંચ – દસ વર્ષમાં આપણે લખેલાં કાર્ડની અને આપણા આવેલાં કાર્ડની યાદીને સરખાવીએ તો જણાશે કે આટલાં વર્ષ દરમિયાન કેટલાંક નામ ઓછાં થઇ ગયાં છે અને કેટલાંક નવાં નામો ઉમેરાયાં છે. નામો ઓછાં થવાનાં કેટલાંક કારણો છે અને વધવાનાં પણ કેટલાંક કારણો છે. સમયે સમયે મનુષ્યના સંબંધોનું ક્ષેત્ર કેવું વિસ્તાર અને સંકોચ પામતું રહે છે તે આવી કેટલીયે નાની મોટી ઘટનાઓ ઉપરથી જોઇ શકાય છે.

આ સંસારમાં જે જે વ્યક્તિઓ સાથે સંબંધો બંધાય છે તે બધી જ વ્યક્તિઓ સાથેના સંબંધો જીવનના અંત સુધી એટલા જ જીવંત, સતત ઉષ્માભર્યા અને સંપર્કવાળા રહ્યા કરે એમ બનવું શક્ય નથી. જીવન જેમ જેમ ગતિ કરે છે તેમ તેમ કેટલાક નવા નવા સંબંધો બંધાતા જાય છે અને જૂના કેટલાક સંબંધો પૂરા થાય છે. જૂના અને નવા બધા જ સંબંધો હંમેશને માટે એક સરખા કક્ષાના કે માત્રાવાળા રહી શકે નહિ. જીવન પરિમિત છે. જીવનને માટે સ્થળ અને કાળ પણ પરિમિત છે. એ પરિમિતતાનો પ્રભાવ સબંધો ઉપર પડયા વિના રહે નહિ. સંબંધો ઘટાડવાનો કે બાંધેલા સંબંધો ન સાચવવાનો માણસનો ઇરાદો ન હોય તો પણ સ્થળ કે સમયનું અંતર વધતાં તે સંબંધો ક્રમે ક્રમે શાંત પડી જાય છે. કેટલાક સંબંધો સકારણ કાયમને માટે પૂર્ણ થાય છે. કેટલાક સંબંધો કુદરતી રીતે જ, સ્વાભાવિક ક્રમે ખરી પડે છે. કેટલાક ટાઢા પડી ગયેલા સંબંધો ફરી પાછા અનુકૂળ સંજોગો મળતાં જીવંત અને ઉષ્માભર્યા બની શકે છે.

શાળા કે કોલેજમાં વિદ્યાર્થીમિત્રો સાથે બાંધેલા સંબંધો, શેરીમાં કે પાડોશીઓ વગેરે સાથે બાંધેલાં બધા જ સંબંધોમાં, બીજી શાળા કે કોલેજમાં અભ્યાસ કરવા જતાં કે બીજા વિસ્તારમાં રહેવા જતાં વધઘટ થાય છે. વ્યવસાયનું ક્ષેત્ર બદલાતાં, વ્યવસાયમાંથી નિવૃત્તિ લેતાં અથવા કુટુંબની એકાદ મુખ્ય વ્યક્તિનું અવસાન થતાં કેટલાય લોકો સાથેના સંબંધોમાં કુદરતી રીતે ઓટ આવે છે અથવા એનો અંત આવે છે. એકાદ લગ્નવિચ્છેદનો પ્રસંગ બનતાં કેટલાંક કુટુંબો સાથેના સંબંધોની સમાપ્તિ થઇ જાય છે. બીજી બાજુ દીકરા કે દીકરીનાં સગાઇ કે લગ્ન થતાં એક સાથે કેટલાંય કુટુંબો સાથે તરત નવા સંબંધો ચાલુ થઈ જાય છે. અચાનક ધનપ્રાપ્તિ થતાં કે સત્તાનું કે પ્રતિષ્ઠાનું મોટું પદ મળતાં પોતાની સાથે કેટલાયે માણસો સંબંધ બાંધવા આતુર બની જાય છે અને ધન, સત્તા કે પ્રતિષ્ઠા ચાલ્યાં જતાં સ્વજન જેવા લાગતા કેટલાયે માણસો આઘા ખસી જાય છે, વિમુખ બની જાય છે.

આમ, વખતોવખત નવા કેટલાક સંબંધો બંધાય છે અને ગાઢ બને છે તો બીજી બાજુ જૂના કેટલાય સંબંધો કુદરતી રીતે જ ખરી પડે છે. એમાં કેટલાક સંબંધો આત્મીય પ્રકારના હોય છે, તો કેટલાક માત્ર ઔપચારિક પ્રકારના હોય છે.

પિતા–પુત્ર, ભાઇ–ભાઇ, ભાણુ–બહેન, બહેન–બહેન, પતિ–પત્ની, સાસુ–વહુ, દેરાણી–જેઠાણી, શેઠ–નોકર, ગુરુ–શિષ્ય, મિત્રો–પાડોશીઓ, સગાં–સ્નેહીઓ, સહકાર્યકરો, ગુરુ ભક્તો વગેરે સાથેના સંબંધો ઉત્તરોત્તર ગાઢ થતાં, પરસ્પર સ્નેહાદરવાળા, સહકારની અને સ્વાર્પણની ભાવનાના અને જીવનના અંત સુધી એવા ને એવા શુભ અને સુખદ રહ્યા કરે એવું ઘણે સ્થળે જોવા મળે છે. એમ બનવું એ જ સ્વાભાવિક છે એમ આપણે માનીએ છીએ. એટલા માટે તેમાં કશું આશ્ચર્યકારક કે વિચારવાપણું સામાન્ય માણસને લાગતું નથી. પરંતુ કર્મની અને સંસારની ગતિ ઘણી વિચિત્ર છે. એમાં પણ મનુષ્ય મનુષ્ય વચ્ચેના સંબંધોમાં જે અનપેક્ષિત, આશ્ચર્યકારક, મંદતા કે, ફેરફારો આવે છે તેનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે સંસારમાં આમ કેમ બનતું હશે એવો પ્રશ્ન ઘણાને મૂંઝવે છે. આપણી આસપાસના સમાજનું અવલોકન કરતાં વિચિત્ર ઋણાનુબંધના એવા કેટલાય પ્રસંગો આપણી નજર સમક્ષ આવ્યા વગર રહેશે નહિ. ઉદાહરણ તરીકે કેટલાક પ્રસંગો જોઇએ : (૧) કોઇ એક માણસે પોતાના એકના એક દીકરાને ખૂબ લાલનપાલન કરીને, જાતે બહુ કષ્ટ વેઠીને ઉછેર્યો હોય, દીકરો મોટો થાય, કમાતો થાય એનાં લગ્ન થાય, એને સંતાનો થાય અને નંદનવન જેવું ઘર હોય, પરંતુ કેટલાક સમય પછી ઘરમાં હોળી સળગે છે. એકજ ઓફિસમાં કામ કરતા પિતા અને પુત્રની વચ્ચે વેપારની બાબતમાં જુદા જુદા મત પડે છે, ઘર્ષણ થાય છે. અણબનાવ અને રોષમય વ્યવહાર દિવસે

દિવસે વધતો જાય છે. સમય જતાં એ ઘર્ષણ જુદાં ઘર અને જુદી ઓફિસમાં પરિણમે છે. આવી સ્થિતિમાં પરસ્પર વૈર-વિરોધ વધે છે. અને એક દિવસ પિતાને એવું કહેતાં સાંભળીએ છીએ કે 'મારી મિલકતમાંથી એ નાલાયકને એક ચૈસો પણ હું આપવાનો નથી.' અને પુત્રને કહેતાં સાંભળીએ છીએ, મારે એમની સાથે હવે કોઈ સ્નાનસૂતકનો સંબંધ નથી. મારે હવે એમનું મોઢું પણ જોવું નથી. મને અડધી રાતે ઘરમાંથી બહાર કાઢયો અને ઓફિસમાંથી ધકકો માર્યો. હું ભીખ માગીશ, પણ બાપનો એક ચૈસો મને ન ખપે.'

જે સંતાનનું અત્યંત લાડકોડથી પાલન કર્યું હતું એ જ સંતાન સાથે ભયંકર દુશ્મનાવટ થઈ ગઇ. આવું જોઇએ ત્યારે પ્રશ્ન થાય કે પિતા-પુત્ર જેવા લોહીના સંબંધ વચ્ચે પણ જગતમાં આવું કેમ બનતું હશે?

(૨) ઋણાનુબંધની વિચિત્રતાનું બીજું એક ઉદાહરણ જોઇએ. એક યુવાને, બીજી એક યુવતીના પ્રેમમાં પડતાં, માબાપે કરાવેલી સગાઇ તોડી નાખી. સમાજમાં માબાપની આબરૂના કાંકરા થઇ ગયા. 'મારી પ્રિયતમા વગર એક ક્ષણ હું જીવી નહિ શકું.' એમ કહી યુવાન ઘર છોડીને ભાગી ગયો. એણે પોતાની પ્રેયસી સાથે લગ્ન કર્યાં. મહેનત-મજૂરી કરીને એ ચૈસેટકે સુખી થયો. પત્ની સાથે આનંદથી દિવસો પસાર કરતો હતો. થોડાં વર્ષ થયાં ત્યાં પતિને પડેલી દારૂની લતમાં પત્ની સાથેના મતભેદ, મનભેદ અને અણબનાવ ચાલુ થયા. ઝઘડા વધ્યા. પત્નીને તમાચા મારવા સુધીની હદ આવી ગઇ. એક દિવસ જમવા બેસતાં ઉશ્કેરાયેલા પતિનો બહુ માર ખાધા પછી આવેશમાં આવેલી પત્નીએ પતિના માથામાં એવું જોરથી એક વાસણ માર્યું કે પતિનું મૃત્યું થયું. પત્ની ઘર છોડીને ભાગી ગઇ. આવી કોઈ વાર્તા જેવી ઘટના સાચે જ બનેલી જ્યારે જાણવામાં આવે છે ત્યારે માનવસંબંધોમાં કેવાં કેવાં અંતિમ કોટિનાં વિષમ પરિણામ આવે છે તે વિશે વિચારે ચડી જવાય છે.

(૩) પિતાના બે પુત્રો રામ-લક્ષ્મણની જોડી તરીકે પંકાય છે. વેપાર-ધંધો ધણો સારો ચાલે છે. સમાજમાં ચારેબાજુ બહુ માનપાન મળે છે. સંયુકત કુટુંબમાં આનંદમાં દિવસો તેઓ પસાર કરે છે. પરંતુ એક દિવસ નવી આવેલી વિદેશી એરકન્ડિશન્ડ ગાડી કોણ વાપરે એ નાની વાતે દેરાણી - જેઠાણીનાં મન ઊંચાં થાય છે. તેની અસર ભાઇઓના વર્તન ઉપર થાય છે. વાત વધતી જાય છે. દરેક વાતે પરસ્પર તુલના થાય છે. જૂની વાતોની યાદ અપાવીને એકબીજાને મહેણાં મરાય છે. નાના નાના મુદ્દાઓમાંથી પરસ્પર અસહકાર, વૈર, શંકા, તુચ્છકાર, અપમાન વધતાં જાય છે. એમ કરતાં કરતાં વેપારધંધામાં છૂટા થવાની વાત આવે છે ધંધો એટલો પહોળો અને પથરાયેલો છે કે પૂર્વ-ગ્રહવાળા ભાઇઓ સાથે બેસીને હવે એ સહેલાઇથી ઉકેલી શકે એમ નથી. કોર્ટમાં કેસ ચાલે છે. રામ-લક્ષ્મણની જોડીમાંથી રાવણ - રાવણની જોડી થઇ જાય છે. એક જ જિંદગીમાં એક જ કુટુંબનાં સભ્યો વચ્ચે પંદર-પચીસ વર્ષમાં ઋણાનુબંધના કેટલા બધા રંગો જોવા મળે છે!

(૪) ચાર ભાઇઓ છે! મોટો ઉદ્યોગ છે. રોજનો લાખો-કરોડોનો વ્યવહાર છે. ભાઇઓ વચ્ચેનો સંપ એવો છે કે એકબીજાનું પીધેલું એ હું પાણી કે શરબત ન પીએ ત્યાં સુધી સંતોષ ન થાય. એક જ ભાણે બેસીને જમે છે. પરંતુ પિતાના અવસાન પછી બધા જ ભાઇઓના મનમાં ચોર પેઠો. દરેક વેપાર-ધંધામાંથી પોતાની અંગત-ખાનગી રકમ ઉપાડવાનું ચાલુ કર્યું. ઉદ્યોગમાં તળિયું દેખાયું. છૂટા પડયા. એક જ વિશાળ ઘરમાં વચ્ચે દીવાલો ચણાઈ ગઇ. વેરભાવ વધી ગયાં. એકું ખાવાપીવાના આનંદની વાત ભૂતકાળની બની ગઇ. એકબીજાના ઘરનું ખાવાનું આવે તો અંદર ઝેર હશે એવી શંકાથી ગટરમાં ફેંકી દેવાવા લાગ્યું. ખૂનની ધમકીઓ અપાવા લાગી. દરેક ભાઇ રિવોલ્વર લઇને ફરે. જો બે ભાઇઓ કયાંક સાથે થઇ ગયા હોય તો પોતપોતાની બેગમાંથી રિવોલ્વર કાઢીને હાથમાં તૈયાર રાખે. પરસ્પર ગાઢ પ્રેમ કેવા ભયંકર શત્રુતા સુધી થોડાં વર્ષોમાં પહોંચી જાય છે!

(૫) વિદેશોમાં પણ ઋણાનુબંધની વિચિત્ર ઘટનાઓ બનતી સાંભળીએ છીએ. યુવક-યુવતી વચ્ચે પ્રેમ થયો છે. લગ્ન કરવા ઇચ્છે છે. યુવકને પિતાની સંમતિ છે, માતાની નહિ. યુવતીને માતાની સંમતિ છે, પિતાની નહિ. બંને ઘરે માતા-પિતા વચ્ચેનો તીવ્ર મતભેદ, યુવક-યુવતી પરણી જતાં, છૂટાછેડામાં પરિણમે છે. પરંતુ થોડાં વર્ષ પછી યુવક-યુવતી વચ્ચે જ ઝઘડા ચાલુ થાય છે. લગ્નવિચ્છેદની વાત આવે છે. તેમ ન કરવા પોતાનાં સંતાનોને સમજાવવા યુવકના પિતા અને યુવતીની માતા રોજ મળે છે પરંતુ કોઇ માનતું નથી. છેવટે યુવક-યુવતી વચ્ચે લગ્નવિચ્છેદ થાય જ છે. બીજી બાજુ સંતાનોને સમજાવવા માટે વારંવાર સહાનુભૂતિપૂર્વક પરસ્પર મળનાર યુવકના પિતા અને યુવતીની માતા વચ્ચે સ્નેહ જાગે છે અને તેઓ બંને પરણી જાય છે.

કૌટુંબિક સંબંધો ઉપરાંત વ્યાવસાયિક કે જાહેર જીવનના સબંધોમાં અને મિત્રો, સ્નેહીઓના સંબંધોમાં પણ કયારેક અચાનક ઓટ આવે છે. આવા સંબંધોમાં કયારેક કટુ સત્યવચન દંભ, માન-અપમાન, સ્વાર્થ, મહત્ત્વાકાંક્ષા, ઇર્ષ્યા, દ્વેષ, અસત્ય, ખોટા આક્ષેપો વગેરે મહત્ત્વનાં કારણો બની રહે છે. સારા સંબંધોમાં કેટલીક વખત અન્ય વ્યકિતઓ દ્વારા ઇરાદાપૂર્વક કલહ કરાવાય છે. વેપારધંધામાં રાજકારણમાં શિક્ષણસંસ્થાઓમાં, સામાજિક કે સાહિત્યિક સંસ્થાઓમાં, જ્ઞાતિઓનાં મંડળોમાં એક પદ માટે વધારે ઉમેદવારો હોય તો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ ધરાવતી બે વ્યકિતઓમાં કયારે ઘર્ષણ પેદા થશે તે કહી શકાય નહિ. કેટલીક સંસ્થાઓમાં અમુક વ્યકિતઓ પોતાની ઓછી લાયકાતને કારણે કે વિચિત્ર સ્વભાવને કારણે બહુ આગળ ન વધી શકી હોય તો તેવી Furstrated વ્યકિતઓ બીજા ઉચ્ચ પદાધિકારીઓ વચ્ચે ખોટી ભંભેરણી કરીને, ચાડી-ચુગલી કરીને, બીજાના નામે ખોટી વાતો વહેતી મૂકીને ફાટફૂટ પડાવે છે. કેટલાયે માણસો કાચા કાનના હોય છે. કોઇક ઇરાદાપૂર્વક કહેલી ખોટી વાતને ચકાસણી કર્યા વગર સાચી જ માની લે છે અને તેની અસર તરત જ તેના વર્તન અને વ્યવહાર ઉપર થવા લાગે છે. વર્ષોનો ગાઢ સંબંધ ઘડીકમાં પૂરો થઇ જાય છે. પોતાના ઉપર બીજાએ કરેલા

(પૃષ્ઠ ૧૫ ઉપર)

परस्परोपग्रहो जीवानाम् ।

* સ્વ. પૂ. પન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી

જીવનાં બે લક્ષણ

'उपयोगो लक्षणम्' અને 'परस्परोपग्रहो जीवानाम्' આ બન્ને સૂત્રો જીવના અનુક્રમે અંતરંગ અને બહિરંગ લક્ષણનાં દ્યોતક છે !

'ઉપયોગ' એ જીવનું અંતરંગ લક્ષણ છે. એનાથી જીવનું પોતાનું સ્વરૂપ કેવું છે ? એનો બોધ થાય છે. અને ઉપગ્રહ એ જીવનું બહિરંગ લક્ષણ છે. એનાથી દરેક જીવોનો બીજા બધા જીવો સાથે શો સંબંધ છે ? તેનો બોધ થાય છે. ટૂંકાણમાં એમ કહી શકાય કે 'ઉપયોગ' એ જીવનું સ્વરૂપ દર્શક લક્ષણ છે અને 'ઉપગ્રહ' એ સંબંધ દર્શક લક્ષણ છે.

ચાહે નિગોદના જીવો હોય કે સિદ્ધના જીવો હોય પણ ઉપયોગ (જ્ઞાન દર્શન રૂપ જીવનો વ્યાપાર) અને ઉપગ્રહ–(પરસ્પર એકબીજા જીવોના હિતાહિતમાં અનુગ્રહ-ઉપઘાતમાં નિમિત્તભૂત બનવું) આ બન્ને લક્ષણો જીવમાત્રમાં સદા વિદ્યમાન હોય છે.

ચૈતન્ય શક્તિના વિકાસના તારતમ્યને લઈને જેમ ઉપયોગમાં તારતમ્ય હોય છે એમ ઉપગ્રહમાં તારતમ્ય હોઈ શકે છે. પરંતુ ઓછાવત્તા અંશે આ બને ધર્મો સદા મર્યાદા સર્વત્ર સર્વ જીવમાં હોય છે.

જગતમાં પિતા-પુત્રના, પતિ-પત્નીના, શત્રુ-મિત્રના, સ્વામિ-સેવકના અને પૂજ્ય-પૂજકના આવા અનેક પ્રકારના લૌકિક અને લોકોત્તર સંબંધો તો પ્રસિદ્ધ છે. પરંતુ સર્વ જીવોનો પરસ્પર જે સંબંધ છે તેનું જ્ઞાન બહુ જ વિરલ વ્યક્તિઓને હોય છે. અને એ જ્ઞાનને અનુરૂપ સર્વ જીવો સાથે ઉચિત વ્યવહાર કરનાર મહાત્મા પુરુષો તો એનાથી પણ વિરલ હોય છે.

સંસાર અને દુઃખનું મૂળ :–

જીવને પોતાના સ્વરૂપનું અને સર્વ જીવો સાથેના સંબંધનું અજ્ઞાન અને તદનુરૂપ ઔચિત્ય વ્યવહારનું પાલન ન હોવાના કારણે જ જીવનું વાસ્તવિક હિત થઈ શકતું નથી અને તેથી જ તેને જ ભવમાં ભટકવું પડે છે. અત્યન્ત દુઃખમય જીવન જીવવું પડે છે.

સંસારના દુઃખનું મૂળભૂત કારણ કોઈ હોય તો આ જીવના સ્વરૂપનું તથા તેના સંબંધનું અજ્ઞાન (મિથ્યાત્વ) અને તદનુરૂપ ઔચિત્ય પાલનનો અભાવ (અવિરતિ) જ છે. જીવનું સ્વરૂપ :– પ્રત્યેક આત્મા પૂર્ણજ્ઞાન દર્શન અને ચારિત્રમય છે. પૂર્ણ આનંદ અને ઉપયોગમય છે. ટૂંકમાં જીવનું શુદ્ધ સ્વરૂપ 'સચ્ચિદાનંદમય' છે. જીવનો સંબંધ–જીવો અનંતા છે, વ્યક્તિ (દ્રવ્ય પ્રદેશો)ની અપેક્ષાએ પણ 'જીવત્વ–જાતિ'ની દૃષ્ટિએ જીવમાત્ર એક છે. દરેક જીવમાં જીવત્વ જાતિ એક જ છે.

જેમ દેશ, વર્ણ, જ્ઞાતિ વગેરેની અપેક્ષાએ માનવના અનેક પ્રકાર પડી શકે છે. પણ માનવતા–જાતિની દૃષ્ટિએ તો માનવ માત્ર એક ગણાય છે.

આ રીતે પ્રત્યેક જીવનો બધા જ જીવો સાથે જીવત્વ જાતિનો ગાઢ સંબંધ છે એમ સિદ્ધ થાય છે. અને 'परस्परोपग्रह जीवानाम्' આ સૂત્ર એમાં પ્રમાણ આપે છે.

કાર્ય લક્ષણ :–

પરસ્પર (હિતાહિતમાં) ઉપગ્રાહક થવું એ જીવદ્રવ્યનું કાર્ય લક્ષણ છે.

તેનો વિશેષભાવ એ છે કે એક જીવ પોતાની વાણી, વિચાર અને વર્તન દ્વારા બીજા જીવોના અનુગ્રહ કે ઉપઘાત કરવામાં જેવી રીતે નિમિત્ત બને છે તેવા પ્રકારના અનુગ્રહ કે ઉપઘાત એ સ્વયં પામે છે.

એવા પરસ્પર ઉપગ્રાહ્ય (ઉપગ્રહ પામવાનો) અને ઉપગ્રાહક (ઉપગ્રહ કરવાનો) સ્વભાવ માત્ર જીવ દ્રવ્યમાં છે. તે સિવાયના બીજા પાંચ (ધર્માસ્તિકાયાદિ) દ્રવ્યો જીવ દ્રવ્યને ઉપગ્રહકારક બને છે. પણ જીવ દ્રવ્ય બીજા કોઈ દ્રવ્ય પર ઉપગ્રહકારક નથી. અર્થાત્ જીવ દ્રવ્ય સિવાયના દ્રવ્યોનો ઉપગ્રહ એક પાક્ષિક છે.

'परस्परोग्रहो जीवानम्' સૂત્રમાં વપરાયેલો પરસ્પર શબ્દ અતિ મહત્ત્વનો છે. એનાથી જીવ દ્રવ્યનો ઉભય પાક્ષિક ઉપકાર છે એ વાત સ્પષ્ટ થાય છે.

એક જીવ બીજા જીવ ઉપર ઉપકાર કરે છે. તેનાથી જેમ સામા જીવનો ઉપકાર થાય છે એમ ઉપકાર કરનાર જીવનો પણ ઉપકાર થાય છે. જીવ પ્રત્યેની મન, વચન અને કાયાની શુભાશુભ પ્રવૃત્તિની અસર બીજાની જેમ જીવને પોતાને પણ થાય છે.

અહીં ઉપકારનો તાત્પર્ય અર્થ હિત–અહિતમાં કે અનુગ્રહ ઉપઘાતમાં નિમિત્તભૂત થવું એ છે. 'પરસ્પર' શબ્દ જીવોના ઉપગ્રાહ્ય અને ઉપગ્રાહક સ્વભાવને જ સૂચિત કરે છે.

અહીં એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જીવનો આ સ્વભાવ સર્વ જીવના સર્વકાળ વિદ્યમાન હોય છે કે અમુક જીવોમાં અને અમુક કાળમાં જ.

આ પ્રશ્ન અતિ મહત્ત્વનો છે શાસ્ત્ર સાપેક્ષ વિચારણા દ્વારા તેનું સમાધાન આપણને મળી શકે એમ છે અને તે આ છે. 'ઉપયોગ' લક્ષણ જીવના સ્વરૂપને બતાવે છે અને તે સર્વ જીવોમાં સર્વકાળ હોય છે. એમ 'ઉપગ્રહ' લક્ષણ પણ જીવોના પરસ્પર સંબંધનાં દ્યોતક છે તો એ સર્વ જીવોમાં સર્વકાળ શા માટે ન હોઈ શકે ?

લક્ષણ તો તેને જ કહેવાય છે કે જે લક્ષ્ય માત્રમાં વ્યાપીને રહે છે.

સર્વ જીવોમાં ઉપગ્રાહક સ્વભાવ–

ઉપગ્રાહ્ય–ઉપગ્રાહક સ્વભાવ સર્વ જીવોમાં છે કેમકે સર્વ જીવો સાથેનો જીવત્વ–જાતિનો સંબંધ નિત્ય છે, શાશ્વત છે. કોઈપણ જીવ કોઈપણ અવસ્થામાં હોય પરંતુ એનામાં

જીવત્વ તો સર્વત્ર સર્વદા કાયમ જ હોય છે. જીવત્વ રહિત કોઇ જીવ કદાપિ સંભવી શકતો નથી.

આગમ ગ્રંથોમાં પણ એવે આવ્યા એવા અનેક પાઠો જીવોના અભેદને જણાવનારા મળી આવે છે. એનાથી એ જ સાબિત થાય છે કે સર્વજીવોમાં જીવત્વ એકસરખું હોવાથી જીવો એક છે અને ઐક્ય સદાકાળનું છે. સંસારી કે સિદ્ધ અવસ્થા એ કર્મોના ઉપચય અને ક્ષયને આશ્રયીને છે. બાકી જીવત્વ જાતિ તો જીવમાત્રામાં એક છે. સર્વ જીવો સાથેનો સંબંધ શાશ્વત છે એ વાત સ્પષ્ટ રીતે સમજાયા પછી આ વાત પણ સહજ રીતે સમજાય એવી છે કે જીવો સાથેનો સંબંધ કાયમી છે તો એ સંબંધ દ્વારા જીવોને પરસ્પર કંઇને કંઇ લાભ કે હાનિ, અનુગ્રહ કે ઉપઘાત પણ થતો જ હોવો જોઇએ. અન્યથા આ સંબંધનું તાત્પર્ય કે કાર્ય શું? આ સવાલ ઊભો રહે

આ વિચારણાથી એ સ્પષ્ટ થાય છે કે જીવદ્રવ્યનો પરસ્પર ઉપગ્રાહ્ય-ઉપગ્રાહક સ્વભાવ સર્વ જીવોમાં સર્વ કાળે કોઇ ને કોઇ પ્રકારે વિદ્યમાન છે.

આગમ ગ્રંથોમાં છ દ્રવ્યોનાં કાર્ય લક્ષણો બતાવતા જણાવ્યું છે કે જીવને (અને પુદ્ગલને) ગતિ અને સ્થિતિમાં નિમિત્ત બનવું એ અનુક્રમે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું કાર્ય છે એટલે કે જીવને ગતિ-સ્થિતિ કરવામાં આ બંને દ્રવ્યો ઉપકાર (સહાય) કરે છે.

હકીકતમાં ગતિ સ્થિતિનું ઉપાદાન કારણ જીવ પોતે જ છે. જીવ દ્રવ્ય સ્વયં ગતિશીલ અને સ્થિતિશીલ છે પણ કાર્યની ઉત્પત્તિમાં નિમિત્તની અપેક્ષા અવશ્ય રહે છે. નિમિત્ત કારણ વિના ઉપાદાન કારણ સ્વયં સક્રિય બની શકતું નથી એવી જ જીવદ્રવ્યની ગતિ સ્થિતિમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નિમિત્ત કારણ રૂપે ઉપકારક (સહાયક) બને છે.

એ જ રીતે પોતાના હિતાહિતમાં કે અનુગ્રહ-ઉપઘાતમાં જીવ પોતે જ ઉપાદાન કારણ છે પણ એની ઉત્પત્તિમાં નિમિત્તની અપેક્ષા જરૂરી બની રહે છે અને એથી આ વાત સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે જીવોનું હિતાહિત થવામાં નિમિત્ત કારણ રૂપે સર્વ જીવોનો ફાળો હોવો જ જોઇએ અને એ ફાળો કઇ રીતે છે તે આગળ વિચારીશું.

ભાવની પ્રધાનતા-

સર્વ જીવો સાથે જીવત્વનો સંબંધ અને તેના કારણે હિતાહિતમાં પરસ્પર નિમિત્ત કારણતા છે એ વાત સ્પષ્ટ થયા પછી એ નિમિત્ત કારણતા કઇ રીતે ઘટી શકે છે તે વિચારવાનું છે.

વાણી અને કાયાનું ક્ષેત્ર બહુ જ પરિમિત છે. એટલે એના દ્વારા સર્વ જીવો સર્વ કાળે પરસ્પર હિતાહિતમાં નિમિત્ત ન બની શકે એ હકીકત છે પણ મન [(દ્રવ્ય મન) અને (ભાવમન)] દ્વારા એટલે કે વિચાર-ભાવના દ્વારા તો સર્વ જીવોનાં હિતાહિતમાં પરસ્પર નિમિત્ત બનવું શક્ય છે.

જે જીવોને મન નથી એવા એકેન્દ્રિય વિકલેન્દ્રિય, અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો પણ સચેતન હોવાથી એમને સતત કર્મબંધ ચાલુ હોય છે. એમાં કારણભૂત આશ્રવો છે- મિથ્યાત્વ, અવિરતિ આદિ..... !

સર્વનું હિત ચિંતવનાર ઉપકારી આત્માઓ પ્રત્યેની સતત ઉદાસીનતાદિ રૂપ કે આત્મ અશ્રદ્ધાન રૂપ અનાભોગ મિથ્યાત્વ એ જીવોને હોય જ છે. એથી તેઓમાં પણ ઉપમાહકતા ઘટી શકે છે.

સિદ્ધાત્માઓ પણ કર્મ અને મનથી રહિત છે. છતાં એમનામાં સર્વ જીવરાશિ પ્રત્યે ક્ષાયિક ભાવની કરુણા રહેલી છે અને ભાવ કરુણા જગજંતુઓના આત્મહિતમાં પુષ્ટ કારણ રૂપે નિમિત્તભૂત બને જ છે.

ઉપદેશ દાનાદિ વડે, વાણી દ્વારા અને સેવા વડે કાયા દ્વારા હિતાહિતમાં નિમિત્ત બની શકાય છે. એ અનુભવ-સિદ્ધ જ છે.

આ રીતે મન (ભાવ) વાણી અને કાયાની શુભાશુભ પરસ્પરના હિતાહિતમાં સર્વ જીવો નિમિત્ત બની શકે છે. ધર્મોનો પાયો મૈત્રી આદિ ભાવ :-

પરમ કરુણાનિધિ વિશ્વોપકારક જિનેશ્વર પરમાત્માએ જે આત્મ હિતકર ધર્મનો ઉપદેશ આપ્યો છે તેનો પાયો મૈત્રી આદિ ચાર ભાવ છે. કારણ કે જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર રાગ-દ્વેષ અને મોહની મલિન વૃત્તિઓ છે. એ મલિન વૃત્તિઓ શુભ બનાવવા માટે મૈત્રી આદિ ભાવો અનિવાર્ય છે. માટે જ આ મૈત્રી આદિ ભાવોને ધર્મના મૂળ (પાયા) તરીકે ગણવામાં આવ્યા છે.

મૈત્રી આદિ ભાવોનું સ્વરૂપ :-

પરહિત ચિંતા રૂપ કે સ્નેહ પરિણામ સ્વરૂપ મૈત્રીભાવ સર્વ જીવો પ્રત્યે પ્રગટાવવાનો છે.

જીવને ભવભ્રમણ કરાવનાર જીવો પ્રત્યેની જે દ્વેષની કે ઉદાસીનતાની લાગણી છે તેને દૂર કરવા માટે સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ કેળવવો જોઇએ. બધા જીવો જીવત્વના સંબંધથી એક છે. માટે કોઇપણ જીવ પ્રત્યે દ્વેષ કે ઉદાસીનતાની લાગણી રાખવી એ હકીકતમાં પોતાના જીવ પ્રત્યે જ દ્વેષ કે ઉદાસીનભાવ રાખવા બરાબર છે.

જો પોતાના આત્માના મિત્ર બનવું હોય તો સર્વ જીવો પ્રત્યે મિત્ર ભાવનો ગુણ પ્રાપ્ત કરવો જરૂરી છે.

એ જ રીતે જે જીવો પોતાનાથી અધિક ગુણવાન છે એમના પ્રત્યે પ્રસન્નતા રૂપ 'પ્રમોદભાવ' કેળવવો જોઇએ જેથી દુર્ગુણની દુર્ગંધથી ભરેલા આપણા આત્મામાં સદ્ગુણની સુવાસ મહેકી ઊઠે...!

તથા જે જીવો દીન - હીન અને દુઃખી હાલતમાં છે તેમના પ્રત્યે એમના સર્વ દુઃખો દૂર પામો અને દુઃખના મૂળ આધારભૂત જે પાપ-અશુભ કર્મો એ પણ દૂર થાઓ- શુભ ભાવના રૂપ કરુણા પ્રગટાવવી જોઇએ.

જે જીવો પાપમાં પ્રવૃત્ત છે, અધમ છે, સમજાવ્યા સમજે, વાર્યા ન વળે એવા કદાગ્રહી અને અવિનીત છે તેમના પ્રત્યે પણ સ્નેહ ગર્ભિત 'એમને સદ્બુદ્ધિ મળો'ની ભાવના પૂર્વક) ઉપેક્ષાવૃત્તિરૂપ 'માધ્યસ્થભાવ' કેળવવો જોઇએ.

પાંચ ભાવોના જ્ઞાનથી મૈત્રી આદિ ભાવો...

જિનાગમોમાં જીવને ભાવ સ્વરૂપ પણ કહ્યો છે. એ ભાવના પાંચ પ્રકાર છે તે આ પ્રમાણે છે:

૧ ઔપશમિકભાવ
૨ ક્ષાયિકભાવ
૩ ક્ષયોપશમિકભાવ
૪ ઔદાયિકભાવ
૫ પારિણામિકભાવ

આ પાંચ ભાવોમાંથી સિદ્ધાત્માઓને ક્ષાયક અને પારિણામિક બે જ ભાવ હોય છે. અને સંસારી જીવોને ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ ચાર તથા પાંચ પણ હોઇ શકે.

ભાવશૂન્ય જીવ હોતો નથી. ઓછાવત્તા અંશે પણ પાંચમાંથી બે કે ત્રણ ભાવ તો દરેક જીવાત્મામાં અવશ્ય હોય છે. સહજ અને વિકૃત બનેલ સ્વરૂપના જ્ઞાન માટે પાંચ ભાવોનું સ્વરૂપ જાણવું અનિવાર્ય છે. એ વિના જીવના યથાર્થ સ્વરૂપનું પૂર્ણ જ્ઞાન થવું શકય નથી.

જિનાગમોનાં અધ્યયન-શ્રવણથી જ્યારે જીવના ભાવાત્મક સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે ત્યારે જીવોના તે તે ભાવો પ્રત્યે અંતઃકરણમાં મૈત્રી આદિ ભાવો સમ્યગ્દૃષ્ટિ જીવને ઉત્પન્ન થાય છે.

સર્વ જીવોમાં પારિણામિકભાવ (જીવત્વ રૂપ) રહેલો છે. તેથી તેના પ્રત્યે મૈત્રી ભાવ પ્રગટવો જોઇએ.

જે જીવોમાં ઔપશમિકભાવ, ક્ષયોપશમિકભાવ અને ક્ષાયિકભાવ પ્રગટયો છે તેમના પ્રત્યે પ્રમોદભાવ ઉત્પન્ન થવો જોઇએ.

અને જીવોના ઔદાયિકભાવનો વિચાર કરવાથી તેમના દુઃખો પ્રત્યે કરુણાભાવ અને પાપાચરણ પ્રત્યે માધ્યસ્થભાવ જાગવો જોઇએ. આ રીતે જીવોના વિવિધ ભાવોનું સ્વરૂપ વિચારવાથી તે તે ભાવો પ્રત્યે આપણા હૃદયમાં મૈત્રી આદિ ભાવો પ્રગટે છે. સર્વ જીવો સાથે જે પારિણામિક વગેરે ભાવોની અપેક્ષાએ શાશ્વત સંબંધ છે, ઐકય છે તે વધુને વધુ આત્મવત્ અને બુદ્ધિગમ્ય પણ બનાવવો જોઇએ. સર્વ જીવો સાથેના જીવત્વના સંબંધને યાદ કરીને અને એના દ્વારા સ્વપરના આત્માનું હિત સાધવા (હિતમાં નિમિત્ત બનવા) માટે જ સર્વ જીવો પ્રત્યે સ્નેહભાવ-મૈત્રીભાવ ઉત્પન્ન કરવો જોઇએ. અને એમાં પણ ગુણાધિક જીવો પ્રત્યે પ્રમોદભાવ, દુઃખાધિક જીવો પ્રત્યે કરુણાભાવ અને પાપાધિક જીવો પ્રત્યે માધ્યસ્થભાવ કેળવી એ સ્નેહભાવને પરિપુષ્ટ બનાવવો જોઇએ.

સમસ્ત જીવરાશિ પ્રત્યે ઉપર જણાવેલા ક્રમ મુજબ મૈત્રી આદિ ભાવો ભાવવામાં આવે તે જ સાધકની ધર્મસાધના ઔચિત્યમય અને વાસ્તવિક ફળ આપનારી બને છે.

ભાવના, ક્રમ અને ઉત્ક્રમથી હિતાહિત :-

યોગશતક ગ્રંથમાં પૂજ્ય હરિભદ્રસૂરિશ્વરજી મહારાજાએ એ ફરમાવ્યું છે કે ઉકત ક્રમ મુજબ જે જે જીવો પ્રત્યે જેવા જેવા પ્રકારનો ભાવ કેળવવાનો છે તે ક્રમે જ એ ભાવોનો વિનિયોગ-પ્રયોગ કરવામાં આવે તો જ સર્વ જીવો સાથેનું ઔચિત્ય જાળવી શકાય છે. અન્યથા એ ક્રમથી ઊલટા કે આડા-અવળા ક્રમે મૈત્રી આદિ ભાવો ભાવવામાં આવે તો સાધકને પ્રગતિના બદલે અવગતિ કે સ્વપરના હિતને બદલે અહિત જ થાય છે.

ગુણાધિક જીવો પ્રત્યે પ્રમોદભાવને બદલે કરુણા કે માધ્યસ્થ દુઃખી જીવો પ્રત્યે કરુણાને બદલે પ્રમોદ કે માધ્યસ્થ તથા સર્વ જીવો પ્રત્યે મૈત્રીના બદલે કેવળ મધ્યસ્થભાવ કેળવવાથી સર્વ જીવો સાથેના જીવત્વના સંબંધ પ્રત્યે બેવફા બનવામાં આવે છે અને તેથી ભયાનક આત્મ - અહિત થાય છે. માટે શાસ્ત્રોકત ક્રમે સર્વ જીવો પ્રત્યે તે તે પ્રકારના ભાવ કેવળ એને જીવનમાં જીવંત બનાવવા ઉદ્યમશીલ બનવું જરૂરી છે.

મૈત્રી આદિ ભાવો દ્વારા સર્વ જીવો સાથે ઉચિત વ્યવહારનું પાલન થવાથી પરસ્પરના હિતમાં નિમિત્ત બનાય છે અને સ્વપરનું શ્રેય સાધી શકાય છે. અને તેના એટલે કે જીવો સાથેના સંબંધને તથા તેમના ઔચિત્ય ભાવો જાણવામાં ન આવે તો હિતના બદલે સ્વ પરના અહિતમાં નિમિત્ત બનવાનું થાય છે.

एसो चेवे त्वक्कमो उचियपवित्तीए वण्णिओ आहू
इहरा ऽ राभजसत तहा तहाऽ क्ख बिज ओया ॥ ८० ॥

સર્વ જીવો પરસ્પર કઇ રીતે હિતાહિતમાં નિમિત્ત બને છે.

સર્વજ્ઞ, સર્વદર્શી પરમ કરુણાનિધિ પરમાત્માએ સંસારને દુઃખમય અને પાપમય કહ્યો છે. એમાં પણ નારક જીવોની અને તેનાથી પણ નિગોદના જીવોની સ્થિતિ તો અત્યંત દુઃખમય અને પાપમય બતાવી છે.

આ નિગોદવાસી જીવોને એક શ્વાસોચ્છ્વાસ જેટલા અલ્પકાળમાં સત્તરથી અધિકવાર જન્મ-મરણ કરવા પડે છે. અને એક સોયના અગ્રભાગ જેટલા સૂક્ષ્મ ભાગમાં અનંતા જીવોની સાથે વસવાની પીડા સહવી પડે છે.

જન્મ - મરણની પરંપરા અને સંકડાશનાં ભયાનક દુઃખો નિગોદના જીવોને સતત ભોગવવાનાં હોય છે.

સંસારી જીવોની સ્થિતિ આવી દુઃખમય અને પાપમય છે. એનું શ્રુતજ્ઞાન દ્વારા જાણ્યા-સમજ્યા પછી કયા મધ્યસ્થ-સજ્જન પુરુષના હૃદયમાં-એ સ્વજાતિ જીવો પ્રતિ હમદર્દી ન પ્રગટે કે એમનાં દુઃખો પ્રત્યે સહાનુભૂતિ ન જાગે ? જેમ આપણા જીવને દુઃખ ઇષ્ટ નથી. એ કયારે દૂર થાય એવી સતત ઝંખના હોય છે. એમ જે બીજા જીવો પણ દુઃખથી ઘેરાયેલા છે એમનાં પણ દુઃખ દુર થાઓ અને કોઇ જીવ પાપ ન કરો એવી શુભ ભાવના પણ સમ્યગ્દૃષ્ટિ જીવોના હૃદયમાં ઉત્પન્ન થાય છે.

જીવત્વ તરીકે બધા સમાન છે. સહુને સુખ જ ગમે છે. દુઃખ કોઇને પ્રિય નથી. માટે જેવી લાગણી આપણને પોતાના જીવ પ્રત્યે થાય છે તેવી લાગણી સર્વ જીવો પ્રત્યે પણ થવી જ જોઇએ. પોતાના જીવ પ્રત્યે રાગની અને બીજા જીવો પ્રત્યે દ્વેષ કે ઉદાસીનતાની લાગણી રાખીએ તો એ નર્યો પક્ષપાત કર્યો ગણાશે. જેમ આપણામાં કોઇ સ્નેહી-સંબંધી ઉપર ઉપાધિ કે આપત્તિ આવી પડે ત્યારે એની આપત્તિ દૂર થાઓની ભાવના અને યથાશકિત પ્રયત્નો તરત જ આપણે કરીએ છીએ. કારણ ત્યાં

સ્નેહસંબંધ છે. જો તેમ ન કરીએ તો લોકોની નજરે પણ સ્વાર્થી-નિષ્ઠુર તરીકે કરીએ છીએ, એમ સર્વજીવો સાથે આપણો જીવત્વનો સંબંધ હોવાથી દુઃખી જીવોનાં દુઃખ દૂર થાઓની ભાવના પણ જો આપણા દિલમાં ન પ્રગટે તો આપણે દૂષિત અને નિષ્ઠુર લાગીએ છીએ.

ઉદાસીનતા એ મહાન દોષ છે :-

કોઈ જીવ દુઃખી હોય કે સુખી, ગુણી હોય કે દુર્ગુણી હોય, તો એ એનાં કર્મ છે એમાં મને શું ? આવી આભોગિક (ઇરાદાપૂર્વકની) કે અનાભોગિક (સ્વાભાવિક) જે ઉદાસીનતા, લાગણી, ઉપેક્ષાવૃત્તિ છે તે સર્વ દોષોમાં મહાન દોષરૂપ છે. અર્થાત્ રાગદ્વેષ કરતાં પણ ઉદાસીનવૃત્તિ અધિક બંધનકર્તા છે.

આપણને રાગદ્વેષની લાગણી બહુ જ થોડા જીવો પ્રત્યે હોય છે. બાકીના જે અનંત જીવો છે તેની તરફ રાગ કે દ્વેષ કશું નથી પણ ઉદાસીનતા છે, જો આ ઉદાસીનતાને દોષરૂપે નહીં માનતાં ગુણરૂપે માનવામાં આવે તો અનંત જીવો પ્રત્યેના ઉદાસીનતાભાવના કારણે આપણો આત્મ-વિકાસ યા મોક્ષ જલદી થઈ જવો જોઇતો હતો પણ એમ નથી બન્યું. એથી જ એ સાબિત થાય છે કે જીવોને ભવમાં પરિભ્રમણ કરાવનાર દુઃખમય દીન-હીન સ્થિતિ સર્જનાર અનંત જીવો પ્રત્યેની આ ઉદાસીનતા મુખ્ય કારણભૂત છે. રાગદ્વેષની લાગણીઓ ચારિત્ર મોહનીય કર્મની દેન અને ચારિત્ર મોહનીય કર્મની બંધક પણ છે. જ્યારે જીવો પ્રત્યેની ઉદાસીન ભાવની લાગણીઓ દર્શન મોહનીયજન્ય છે. અને દર્શન મોહનીય કર્મની જનેતા પણ છે.

જીવોને અનંતકાળ સુધી સંસારમાં ભટકાવનાર અને નરક નિગોદના દુઃખમય જીવનનો અનુભવ કરાવનાર આ દર્શન મોહનીય કર્મ છે એમ શાસ્ત્રકારો ફરમાવે છે.

'ન નિષિદ્ધં અનુમતં' જે વાત કે વસ્તુ આપણને ઇષ્ટ ન હોય તેનો નિષેધ કરવો જોઇએ. જો નિષેધ કરવામાં ન આવે તો તે વસ્તુ કે વાત આપણને માન્ય છે એવી લોકોક્તિ પણ છે એ જ રીતે જીવોની દુઃખમય અને પાપમય સ્થિતિ જાણ્યા સમજ્યા પછી પણ જો એ જીવો પ્રતિ 'દુઃખ દૂર થાઓ અને કોઇ જીવ પાપ ન કરો' એવી શુભ ભાવના પણ ભાવવામાં આવે તે 'ન નિષિદ્ધ અનુમતં' એ ન્યાયે એ દુઃખ અને પાપ આપણને માન્ય છે. એમ કહી શકાયને? અને એથી એ બધાં દુઃખ અને પાપના ભાગીદાર પણ આપણે બનીએ જ.

સૂત્ર પ્રમાણ :-

કરેમિભંતે સૂત્રમાં 'करं तांपि अन्नं न समणुआणामि" આ પદનું તાત્પર્ય પણ એ જ છે કે પાપની અનુમતિનો ત્યાગ કરવામાં ન આવે ત્યાં સુધી જો કોઈ જીવો પણ કરી રહ્યા છે તેની અનુમોદના ચાલુ જ રહે છે. અને તેથી એ પાપમાં આપણી પણ ભાગીદારી નોંધાય છે. અર્થાત્ તે નિમિત્તે કર્મબંધ થાય છે. આથી સામાયિકની પૂર્વપ્રતિજ્ઞા ગ્રહણ કરનાર સાધકે અન્ય જીવોના પાપાચરણની અનુમોદનાનો પણ ત્યાગ કરવો પણ જરૂરી બની જાય છે. અનુમોદનાના ત્યાગથી એ પાપકર્મોનો નિષેધ છે. માટે તેની અનુમતિથી બચી જાય છે. અન્યથા "न निषिद्धं अनुमतं" એ ન્યાયે અનુમો-દનાના ત્યાગ વિના એ પાપકાર્યોમાં અનુમતિ અને તજ્જન્ય પાપ – કર્મબંધ ચાલુ જ રહે છે સામાયિકની શુદ્ધિ માટે "કોઈ જીવ દુઃખી ન થાઓ, કોઇ જીવ પાપ ન કરો. સર્વ જીવો કર્મથી મુક્ત બનો" એવો મૈત્રીભાવ કેળવવો જરૂરી છે. એ વિના સામાયિકની શુદ્ધિ શક્ય નથી. દરેક ક્ષેત્રમાં કે કાર્યમાં ભાવની પ્રધાનતા હોય છે. ભાવ વિનાની કે ભાવના લક્ષ્ય વિનાની પ્રત્યેક ક્રિયા માત્ર કાયકષ્ટ બની રહે છે. પ્રસંગ અને પાત્રને અનુરૂપ ભાવપૂર્વક કરેલી ક્રિયા અવશ્ય પોતાનું ફલ આપે છે. એ ભાવ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ સ્વરૂપ છે. તે સિવાયનો ભાવ અશુભ ભાવ હોવાથી સ્વ-પર અહિતકર્તા જ બને છે (ક્રમશ:)

હેમ વજ્રચરિતનો આસ્વાદ

* પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી

આત્મપ્રિય મુનિવર,

પ્રેમભરી વન્દના – સાતા પૃચ્છા

પત્રનો ઉત્તર મારી ધારણા કરતાં વહેલો મળ્યો. મને તમે ખોટો પાડ્યો. હું તો એમ માનતો હતો, મારા ગરબડીઆ અક્ષરો અને લાંબું...લાંબું વાંચતાં થાક લાગે તેવું લખાણ વાંચી થોડા દિવસ પછી માત્ર કાગળ મળ્યો છે તેવી ફોરી પહોંચ જ લખશો એને બદલે તમે તો તમને પત્ર લખવાના મારા ઉત્સાહનો વધારો થાય તેવો ઉમળકો બતાવ્યો. વળી તમારા પત્રથી પૂજ્યપાદ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ કૃત 'સમ્યક્ત્વ પદ્સ્થાન ચઉપઇ' સ્વોપજ્ઞ બાલાવબોધમાં **'મરુદેવા ભગવદ્દર્શનજનિત યોગસ્થૈર્યાદ્ જ અંતકૃત્સિદ્ધ થયાં.'** (ગાથા-૧૦૦) એ પ્રમાણે હૈમયોગ-શાસ્ત્રને મળતો જ ઉલ્લેખ છે તે જાણીને હું ખૂબ રાજી થયો છું.

તેથી હવે પરિશિષ્ટ પર્વ સર્ગ આરંભમાં શ્રી વજ્રસ્વામી ચરિત્ર વાંચતાં મનમાં જે ઊર્મિઓ જાગી તે લખી જણાવું છું. આ વખતે પ્રસ્તાવના લાંબી નહીં કરું.

કારણની તો ખબર નથી પણ વજ્રસ્વામી મહારાજ પ્રત્યે મને અનહદ આકર્ષણ છે. જે જે ગ્રન્થ હાથમાં આવે અને તેમાં જો કથાઓ હોય તો આંખ પહેલાં શ્રી વજ્રસ્વામીની કથા શોધવા લાગે. પાનાં ફરે અને જ્યાં વજ્રસ્વામીની કથા આવે ત્યાં આંખ ખોડાઇ જાય અને તરસ્યું બાળક ચસચસ પાણી પીવે તેમ આંખ એકીશ્વાસે એ કથા પી જાય. જેટલીવાર વાંચું એટલીવાર મન એવું ને એવું અધીરું. જેવું વાંચવામાં એવું જ કહેવામાં, ગમે તેટલીવાર કહું પણ ધરવ જ નહીં. એ રીતે આ કથા જોતાં-જોતાં પરિશિષ્ટ-પર્વમાં આ કથા વાંચીને હું તો ઝુમી જ ઊઠ્યો!

પરિશિષ્ટ પર્વના બારમા સર્ગમાં આ કથા છે. કથાની ગૂંથણી કળા-કારીગરીવાળી થઈ છે. મૂળ કથા જ બળવતી છે અને તેમાં શીલભદ્ર સારસ્વતની કલમનો રસપરા થાય એટલે પૂછવું જ શું ? શબ્દો સજીવ બની ગયા છે. સાદા શબ્દોની ઝળહળી પીછીના લસરકે-લસરકે એવાં તો ચિત્રો દોર્યાં છે કે

પણ મનમાં તે અંકાઇ જ જાય.

વજ્રનો જન્મ થયો પછી તે એવું રડે છે, એવું રડે છે કે મે કરીને છાનો રહેતો નથી. એ પ્રસંગે વ્યતિરેકથી-કારાત્મક રીતે રડતાં બાળકને કેમ કરીને છાનો રાખી શકાય. ને છાનો રાખવા શું શું ઉપાયો કારગત નીવડે તે બતાવ્યું : હાજરડાં જેવું કાંઇક ગાવાથી. ધૂંધરો કે એવાં કાંઇ મકડાં બતાવવાથી, ઘોડિયામાં હીંચકા ખવરાવાથી, કાલાંઘેલાં ચનો બોલવાથી, બોળામાં રાખી નચાવવાથી મોંથી સીસોટી વું વગાડવાથી અને મસ્તક, ગાલ ચૂમી વહાલ વરસાવવાથી ને છાનું રાખી શકાય. કેવી મઝાની વાત છે !

પછી બીજો એક સુંદર પ્રસંગ લખ્યો છે -

વજ્રના મામા – સુનન્દાના ભાઇ આર્ય શમિતસૂરિજી હારાજ અને બહદ્વીપી શાખાવાળા સાધુના પ્રસંગે એક દર વાત લખી છે. આ તાપસ પાદલેપ કરીને કન્યા અને ર્ણા નામની બે નદીઓ ઊતરીને આવે છે તે બાબતને વિજ્ઞાન કહ્યું છે.

यथा इयकाल पुष्पादि, दर्शितं कौतुकावहम् ।
तथैतदपि विज्ञानं, न तपः शक्तिरिदृशी ॥ ७८ ॥

અહીં એમણે જે વિજ્ઞાન શબ્દ વાપર્યો છે તે ધ્યાનપાત્ર જેમાં કાર્ય-કારણ ભાવ જાણી શકાય તે વિજ્ઞાન અને તે ઇગલ આધારિત હોય. જ્યારે તપઃશક્તિ આન્તરબળ-માત્માધારિત હોય છે.

પછી અંક બદલાય છે : દ્રશ્ય બદલાય છે. એક પ્રસંગ ાવે છે. વજ્ર રાજસભામાં ઊભા છે. વજ્રની ઉંમર છે ત્રણ ર્ષ. એક બાજુ સુનંદા માતા છે, બીજી બાજુ આચાર્ય હારાજ સાહેબ સહિત સકલ શ્રી સંઘ છે. ત્યારે આવા ાના બાળના મનમાં જે વિવેક-રત્નદીપના અજવાળાં થરાયાં છે તેનું વર્ણન મઝાનું છે.

'માતાની ઉપર દયા કરીને જો હું સંયની ઉપેક્ષા કરીશ ા. મારો સંસાર વધી જશે. અને બીજી વાત આ મારી ાતા ધન્ય છે, કૃતપુણ્યા છે. તેથી એ દીક્ષા ગ્રહણ કરશે જ. ાની ઉપેક્ષા થોડા વખત માટે જ અળખામણી લાગશે.' ાવો દીર્ઘદર્શી વિચાર વજ્રે કર્યો. કેવું ઉચિત મનોમંથન છે.

ह्येष्यचाल्यप्रतिमायुतायतनम : श्रीवज्रायशुत्तमाय ॥

એક ખાનગી વાત કહું ! શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજે હાવલી'ના આધારે જ આ કથા લખી છે. આમેય આવા ુષોની 'ना मूलं लिख्यते किञ्चितूनी प्रतिज्ञा હોય છે જ. ી આચાર્યશ્રી કવિ છે. અને કવિની એક વ્યાખ્યા એ ય છે કે कविरनुहरतिच्छाया કવિ માત્ર છાયા જ લે છે પૂરણી પોતાની કરે. પ્રાણ પણ પોતે પૂરે.

અહીંના તમામ વર્ણનના સગડ 'કહાવલી'માં મળે છે. હા, અડધી લીટી હોય, એક લીટી હોય અને એનાથી અહીં ા જ શબ્દોના બસરકે સરસ રીતે ચોટદાર ચિત્ર દોરી દે. આપણે જોયા જ કરીએ. આખા ચિત્રને માટે બે-ત્રણ ્દ તો બહુ થઇ ગયા જયંત પાઠકની પેલી પંક્તિ છે ને-

એક બસરકે ઊગી નીકળ્યા. જંગલ જંગલ ઝાડ;
ટપકે ટપકે ફૂટી નીકળ્યા, ધરતી પરથી પહાડ.

બસ અરસલ એવું જ તેઓ કરે છે. એ વાત ઉદાહરણ થે જ કહું તો મઝા આવશે.

શ્રી વજ્રસ્વામી વિહાર કરતાં કરતાં પાટલીપુત્ર નગરમાં પધારે છે. ત્યારે ત્યાંનો રાજા તેમની સામે જાય છે. તેનું વર્ણન 'કહાવલી'માં આ રીતે મળે છે :

तत्थ व राया वइरसामिसमागमणं सोउ सम्मुहो निग्गओ, वयंसामिसाहूणो य अइसयरूववारिणो बहु विंदेहिं सहिए दट्ठूण राया भणइ-किमेसो वयरसामी (साहू) अम्हे तस्स सीसा, तओ पुणो पुणो रायं पुच्छंतो ताव गओ जाव पच्छिमं विंदं तत्थ य पवियरलसहिओ दिठो रण्णा य वंदिओ ।

આ વર્ણનને તેઓ પોતાની આગવી શૈલીમાં-ચિત્રાત્મક રીતે રજૂ કરે છે :

श्रुत्वा च वज्रमायान्तं, पाटलिपुत्र पार्थिव : ।
तत्काल संपरीवारो, भ्यगादध्वया गरिष्ठया ॥ २५२ ॥
इतश्चेतश्च वज्रर्षे वृन्दोन्मूतान् महामुनीन् ।
ददर्शाऽऽगच्छतो राजा राजमानां स्तपःश्रिया ॥
दृढव्रता तांतु निदध्यौ च, सर्वेऽमीधुलिशालिन : ।
सर्वेपि मधुराकारा :, सर्वेपि विकसन्मुखा : ॥
सर्वे प्रियंवदा : सर्वे करूणारससागरा : ।
सर्वेपि समताभाज :, सर्वेपि ममतोज्झिता : ॥
को नाम वज्रस्वामीति, न जानामि करोमि किम् ।
एष्व भगवानादौ वन्द्यो गच्छस्य नायक : ॥ २५६ ॥

આ પાંચ શ્લોક વાંચતા આપણે જ જાણે નગરની બહારના ચાર રસ્તે ઊભા છીએ અને ચારે તરફથી સાધુઓના વૃન્દના વૃન્દ આવતા જોઇએ છીએ એવું લાગવા માંડે છે એટલું જ નહીં એ સાધુ બહારની આકૃતિથી પણ કેવા સોહામણા લાગે છે તે જોતાં જ રહીએ એવું ચિત્ર દોરી દીધું છે. અન્યોકિતથી સાધુ કેવા હોવા જોઇએ તે પણ આના દ્વારા બતાવી દીધું છે ને !

કેટલીક પ્રાસંગિક ઉક્તિઓ તો નયન દ્વારા એક જ વાર ઝીલાય અને કાયમ માટે મન-મોંએ રમતી થઈ જાય તેવી છે. કાગળમાં તો કેટલી લખું ? છતાં બે-ત્રણ લખ્યા વિના રહી શકું તેમ નથી

શ્રી ભદ્રગુપ્તસૂરિજી મહારાજ પાસે દશ પૂર્વ ભણવા ગુરુ-મહારાજ મોકલે છે ત્યારે 'तव संनिहिता सन्तु सौम्य ! शासनदेवता' આ શબ્દોમાં આશીર્વાદ આપે છે. કેવા વાત્સલ્યનીતરતાં હૃદયની ભાષામાં અપાયેલા આશીર્વાદ છે. સાધ્વીજી મહારાજ શ્રાવિકા પાસે શ્રી વજ્રના ગુણગાન કરે છે ત્યાં કહે છે :

'स्वाध्यायावश्यकसमो गुरुणां हि, गुणस्तव : ।'

ગુરુ મહારાજના ગુણોનું ગાન સ્વાધ્યાય અને આવશ્યક જેટલું જ લાભદાયી છે. આ ઉક્તિ કેવી મઝાની છે. નવું જ અજવાળું પથરાય છે આના મનનથી. અને છેલ્લે પાટલીપુત્ર નરેશને શ્રી વજ્રસ્વામીના દર્શન-વંદન-શ્રવણથી જે અનુભૂતિ થઇ તેવી જ અનુભૂતિ મને પણ શ્રી વજ્રસ્વામીના ચરિત્ર વાચનથી થઇ છે તેથી એ રાજાની ઉક્તિની નીચે મારી સહી કરીને આ લાંબો પત્ર પૂરો કરીશ

मम गात्रं च नेत्रे च श्रोत्रे चाद्य कृतार्थताम् ॥

મારું શરીર નેત્ર ને કાન, આજે તો સફળાં થયા.

હા, આ પત્ર વાંચીને તમને પણ આ ચરિત્ર વાંચવાની ચાનક લાગી એ જાણીશ ત્યારે મન ટાઢક વળશે

સાતામાં રહો ? મન ભરીને પત્ર લખજો.

એજ પ્ર.ની સ્નેહસિકત વન્દના.

નાટ્યકાર બર્નાર્ડ શૉ

● ડૉ. હસમુખ દોશી

આજે તો હવે વર્ષોથી જ્યોર્જ બર્નાર્ડ શૉનાં પ્રભાવક સામાજિકને રાજકીય મંતવ્યોની ગર્જનાઓ શાંત પડી ગઈ છે. પણ ઈ. સ. ૧૯૫૦ સુધી એટલે કે આ સદીના સંપૂર્ણ પૂર્વાર્ધ સુધી એ મહામાનવની પ્રચંડ, ઉન્નત ને વીરત્વભરી હાકથી માત્ર ઈંગ્લાંડ કે યુરોપ નહિ, સમગ્ર વિશ્વ ધમધમતું હતું. પ્રજા-જીવનનો કોઈ મહાપ્રશ્ન ઉપસ્થિત થાય અને જ્યોર્જ બર્નાર્ડ શૉ જે કંઈ બોલે તે આખું જગત સાંભળવા આતુર રહેતું પ્રખર બુદ્ધિવાદી અને પ્રચંડ મેધાવી વ્યક્તિત્વ હોવા છતાં પ્રજા-જીવન ઉપર આવો વ્યાપક પ્રભાવ ભાગ્યે જ કોઈ અન્ય સાહિત્યરચનાકારોનો પડ્યો હશે. ભારતના હિન્દી સામયિક 'ધર્મયુગે' યોગ્ય રીતે જ તેમને વિશ્વસાહિત્યના ભીષ્મપિતામહ નરીકે એ જમાનામાં ઓળખાવ્યા હતા. ચાર ચોપડી ભણેલો એ મધ્યમવર્ગીય આયરિશ યુવાન માત્ર આયર્લેન્ડ કે ઈંગ્લેંડ ઉપર નહિ, સમગ્ર વિશ્વ ઉપર સાક્ષરત્વનું જે પ્રભુત્વ ધરાવતો હતો તેનો જોટો જગત-સાહિત્યમાં મળવો દુર્લભ છે. સાર્ત્ર કે કામુ જેવા આધુનિક ધુરંધરોને પણ શૉના અવસાન પછી જ કંઈક પ્રકાશ પ્રાપ્ત થયો હતો એ નોંધવા જેવું છે. શૉના અદ્‌ભુત ચમત્કારિક વ્યક્તિત્વ આડે તેઓ અંધકારમાં જ અથડાતા હતા એમ કહેવાનું જરાય અતિશયોક્તિભર્યું નથી.

આન્તરપ્રાંતીય સાહિત્યની જ નહિ. આન્તરરાષ્ટ્રીય સાહિત્યની ઉત્તમ કે કનિષ્ટ રચનાઓ પણ ગુજરાત ભાષાંતરો ને અનુવાદો દ્વારા પચાવતું રહ્યું છે. મહાન ને સામાન્ય સાહિત્યકારોની રચનાઓ ગુજરાતીમાં ઉતારવાનું શકય ન હોય ત્યારે એ લેખકો વિશે સાચાં – ખોટાં મૂલ્યાંકનો આપણે ત્યાં પ્રગટ થતાં રહ્યાં છે. ટોલ્સ્ટોય, શેકસ-પિયર, ચેખોવ, દોસ્તોયેવસ્કી, વિકટર હ્યુગો કે કામુની રચનાઓ આ રીતે ગુજરાતને પ્રાપ્ત થઈ છે. આ બધામાં એકમાત્ર અપવાદ બર્નાર્ડ શૉ રહ્યા છે. જોવા જેવું તો એ છે કે બર્નાર્ડ શૉનું જ્યારે અવસાન થયું ત્યારે તેના વિશે ઉત્સાહપૂર્વક લખનારા શામળદાસ ગાંધી અને તેમના જેવા અન્ય પત્રકારો હતા અને આપણા કહેવાતા 'સંસ્કૃતિ' વીરો કે 'સંસ્કૃતિ સર્જકો' આ પ્રસંગે મહદ્‌અંશે મૌન કે ચૂપ જ રહ્યા હતા. શૉ પ્રત્યે ગુજરાતમાં આટલી ઉદાસીનતા હોવાનું કારણ શૉનું વ્યક્તિત્વ અને તેની રચનાઓ બન્ને લાગે છે. બહારથી શૉ હંમેશાં ઉદ્દામવાદી, ઉડંડ, અહંકારી ને તોછડા લાગતા હતા એ આપણા બહારથી નમ્ર પણ ભીતરથી શૉ જેવાં જ લક્ષણો ધરાવનારા સાહિત્યકારોથી સહન થાય એમ નહોતું. ઉપરાંત શૉની જીવનદ્રષ્ટિ અને જગતદ્રષ્ટિ હમેશાં વિલક્ષણ રહી હતી. ગાંધીયુગમાં અને એ પછી છેક આજ સુધી આપણા સર્જકો માનવ નિર્બળતાઓને તેની દુષ્ટતા સમેત હમેશાં પંપાળતા રહ્યા છે. માનવજીવનમાં પેસી ગયેલી લઘુતાઓને 'માનવીય' કહીને તેનું ગૌરવ કરતા રહ્યા છે. મેઘાણીથી માંડીને સુરેશ જોષી સુધીના લેખકોનો આવો જ અભિગમ રહ્યો છે. એ લેખકો શૉની માનવવિરોધી દ્રષ્ટિને સાંખી શકે તેમ નહોતા. શૉની સમગ્ર રચનાઓમાંથી માનવજીવન સંબંધે જે રહસ્ય પ્રગટ થાય છે એ નિરાશાજનક છે. પોતાના પ્રત્યેક નાટકમાં શૉ જે પાત્રો રચે છે સંપૂર્ણ પરલક્ષી હોવા છતાં તેમાં એક માત્ર એવું પા મૂકે છે જે તેમનું Mouthpiece બની રહે. શૉનું એ વિલક્ષણ નાટક છે : The Heartbreak House તેમાં તેન Mouthipiece જેવું એક પાત્ર માનવસ્વભાવ વિશે કહે છે Human nature? Gluttony, selfishness, debar chery robbery of the poor is that what you call human nature?

આ જ રીતે તેમના બીજા એક નાટક 'Fanny' first paly'માં યુવા સમાજ વિશે તેનું એક માત્ર નોકર કહે છે : All youngmen are hard coarse selfish, dirty minded. અર્થાત્ બધાં જ યુવાને નઠોર, સ્વાર્થી, બીભત્સ ને ગંદા હોય છે. અને જેમના ઉપર લેખકો વારી જાય છે એ સ્ત્રીની શક્તિમાં ભક્તિમાં તેમને કોઈ શ્રદ્ધા નથી. એટલે જ તેમના નાટ Heartbreak House માં તેમનું એક Mouthpiec કહે છે, Napolian was Quite right when he sai that women are the occupation of the idlema and that she is the relaxation of the warrior –'નેપોલિયન જ્યારે કહેતો હતો કે સ્ત્રીઓ માત્ર નવરા માણસોનો ધંધો છે ને તેઓ યોદ્ધાનું વિશ્રામસ્થાન છે ત્યાં તે તદ્દન સાચો હતો.'

મનુષ્યો ઉપર કે મનુષ્ય જીવન ઉપર આવા પ્રહારે કરનાર લેખક ભાગ્યે લોકોની સહાનુભૂતિ પ્રાપ્ત કરી શકે એમ છતાં જોવા જેવું એ છે કે ઈંગ્લાંડમાં શૉની જે લોક પ્રિયતા હતી તેને ટક્કર મારી શકે એવી લોકપ્રિયતા માત્ર બાયરન કે ડીકન્સને જ પ્રાપ્ત થઈ હતી. પોતે આયરિશ હતા ને આયર્લેન્ડનું ઈંગ્લાંડનું ગુલામ હતું એ તેઓ ભૂલી શકતા નહોતા. એટલે તેમણે અંગ્રેજો ઉપર, અંગ્રેજી રીતભાત ઉપ કે અંગ્રેજી શાસન ઉપર વારંવાર પ્રહારો કર્યા છે. અને છતાં એજ પ્રજાએ શૉને હંમેશા પોતાના માનીને તેમને ખૂ આદર અને માન આપ્યાં હતાં. આમ તો અંગ્રેજ જેવ મહાન ઉદાર પ્રજા જ કરી શકે. ગાંધીજી વિ ચલચિત્ર ઉતારીને તેમના જ કહી શકાય એવા એ ફિલ્મ નિર્દેશકે એક વિદેશી મહાત્માને અંજલ આપી જ છે. તો પછી બર્નાર્ડ શૉ તો જન્મ આયરિશ હતા એટલું જ. તેમના જીવનના લગભગ પોણોસ વર્ષો લંડનમાં અને પછી તેની નજીકના એક ગ્રામપ્રદેશ તેમણે ગાળ્યા હતા. તેમને આ મહાન પ્રજા કેવી રીતે ઉપેક્ષ શકે ? અંગ્રેજો એ પણ સમજતા હતા કે શૉ માત્ર અંગ્રે પ્રજાના વિરોધી નથી, તેમનો વિરોધ સમગ્ર માનવજાત સા હતો. તેમને તો જેટલી નફરત રશિયન રાણી કેથેરિન પ્ર હતી એટલી જ નફરત વિશ્વઇતિહાસની અવિસ્મરણીય સુંદ ક્લીઓપેટ્રા પ્રત્યે પણ હતી. તેમને જેટલો અણગમ પોતાના રાજાઓ અને પ્રધાનો પ્રત્યે હતો એટલો અણગમો નાઝીઓ, ફાસિસ્ટો ને ભારતનાં ભાગલાવાદી પ બળોના જનક જેવા પાકિસ્તાનીઓ પ્રત્યે પણ હતો.

માણસ કોઇ આયરિશ કે અંગ્રેજ નહિ, વિશ્વમાનવ હતો એટલું ન સમજી શકે એવી અંગ્રેજ પ્રજા મૂર્ખ કે બોટ નહોતી. શૉ જ્યારે ભારતમાં આવ્યા, ગાંધીજીને મળ્યા, અન્ય લોકોને પણ મળ્યા ત્યારે કોઇએ તેમને પૂછ્યું: 'આ દેશ વિશે ને દેશવાસીઓ વિશે આપની શી છાપ છે?' ત્યારે શૉએ ગંભીર બનીને કહ્યું: 'હું અહીં બહુ રહી શકયો નથી એટલે વધારે લોકોને મળી શકયો નથી. પણ જે નિષ્પાપ ને નિર્દોષ રેખાઓ મેં ગાંધીના ચહેરા ઉપર જોઇ એવી રેખાઓ બીજા કોઇ ચહેરા ઉપર મને જોવા ન મળી! મને લાગે છે કે ગાંધીને એ ચહેરાઓ ઓળખી શકતા નથી એટલે જ તો તેને વારંવાર ઉપવાસ કરવા પડે છે!' કેટલા સાચા ને કેવા સચોટ શબ્દો હતા આ!

–અને આવા શૉને ગુજરાતી સાહિત્યના ધુરંધરો' સમજી શકે કે પચાવી શકે એ શકય નહોતું. ગુજરાતી સાહિત્ય નર્મદ, ગોવર્ધનરામ કે ગાંધીજીની અસરને બાદ કરતાં કલા-ભોગી ને વિલાસી રહ્યું છે. જીવનનો વિચ્છેદ કરીને પણ કલાકૃતિઓનું સર્જન કરવું એનો તેનો અભિગમ કેવળ સુરેશ જોષી પ્રેરિત નહોતો. તેમની પહેલાં પણ એવો પ્રવાહ વહેતો જ હતો. ત્યારે શૉ તો જીવનવાદી ને વિશ્વયાત્રી હતા. ભૂત, વર્તમાન ને ભવિષ્યના સંદર્ભમાં કલાના માધ્યમ દ્વારા જીવનને શોધનારા એક વિલક્ષણ શબ્દસ્વામી હતા. અને એટલે જ ગુજરાતી સાહિત્યમાં શૉ હંમેશાં અસ્પૃષ્ટ, ઉપેક્ષિત અને અણસમજ થયેલા રહ્યા છે. તેમનો સંદર્ભ આપણા સાહિત્યમાં વારંવાર મળે છે ખરો, પણ તે માત્ર અછડતા સ્પર્શ જેવો છે. ટોલ્સ્ટોય, ઇબ્સન, શેકસપિયર કે આધુનિક સાહિત્યકારો સંબંધે જે આલોચનાઓ ને પરામર્શ થયા છે. એથી શૉ ઉપરોકત કારણોસર મહદ્ અંશે વંચિત રહી ગયા લાગે છે.

આપણે ત્યાં શૉ વિશે વારંવાર એવું પણ સાંભળવા મળ્યું છે કે શૉની આ કે તે કૃતિ અમને પસંદ પડી નથી. શૉની કોઇ એક નાટયકૃતિ વાંચવાથી તેમની પ્રતિભાનો તાગ મળી શકે એ લગભગ અશકય છે. તેને તો સમગ્રતામાં જ માપી શકાય. વર્ષો પહેલાં અમારી કોલેજમાં અમદાવાદના કેટલાક કલાકારો આવ્યા હતા અને અન્ય નાટકો સાથે તેમણે શૉ નું એક નિષ્ફળ ગણાયેલું નાટક ભજવ્યું હતું. 'Widowers Houses.' શૉનું આ પહેલું જ લખાયેલું નાટક છે અને તેણે પોતે જ તેને પોતાનું The first and the worst play તરીકે ઓળખાવેલ છે. એવું નાટક જોઇને કેટલાક અધ્યાપકોએ ગુસ્સે થઇને મને કહ્યું હતું કે 'તમે તો શૉને માથે ચઢાવીને ફરો છો, પણ તેના આ નાટકમાં એવું તો શું છે?' આવી ફરિયાદ તેની અન્ય નાટયરચનાઓ સામે પણ ચોકકસ થઇ શકે. ફરિયાદ કરનારાઓ અનુચિત નહોતા, તેમની ટીકા ઘણી સાચી હતી. પણ શૉ કોઇ એકાદ નાટયરચનાથી નહિ, તેની સમગ્ર નાટયસૃષ્ટિથી જ પામી શકાય છે. આપણે ત્યાં આવો જ દાખલો કવિ ન્હાનાલાલનો છે. ન્હાનાલાલ કવિનું કોઇ એકાદ પુસ્તક તેમની પ્રતિભાનો પરિચય ભાગ્યે કરાવી શકે છે. તેમને પામવા માટે તો તેમની સમગ્ર કાવ્યસૃષ્ટિનું કાનન ખેડવું પડે. શૉ કે ન્હાનાલાલની આ મર્યાદા કહો તો મર્યાદા. પણ એ સૌએ સ્વીકારવી જોઇએ.

સ્વ. અનન્તરાય પટ્ટણીએ વરસો પહેલાં બર્નાડ શૉનું સર્વ-શ્રેષ્ઠ ગણાતું નાટક 'Sant Joan' ગુજરાતીમાં ઉતાર્યું હતું. દુર્ભાગ્યે એ ભાષાંતર મારા વાંચવામાં આવ્યું નથી. સ્વ. અનન્ત-રાય પટ્ટણી ઉકત ભાષાંતર કરતાં પહેલાં શૉને મળ્યા હતા. તેની પ્રસ્તાવનાની માગણી પણ કરી હતી અને શૉએ એ માગણી સ્વીકારી હતી. અને ત્યારે તેમની અને શૉ વચ્ચે રસભર્યો રમૂજી વાર્તાલાપ પણ થયો હતો. આ બધું મારા વાંચવામાં આવ્યું છે, એટલું જ નહિ 'G. B. S. 90' નામનું પુસ્તક જે શૉની નેવુંમી જન્મશતાબ્દીએ તેની ખ્યાતીમાં પ્રગટ થયું હતું તેમાં સ્વ. પટ્ટણીએ કરેલા ગુજરાતી ભાષાંતરનું એક પાનું પણ 'A page from an Indian translation of Saint Joan' નામથી પ્રગટ કરવામાં આવ્યું છે. પણ હું પટ્ટણીનું એ ભાષાંતર આજ પર્યંત મેળવી શકયો નથી. આ સિવાય શૉનાં નાટકોનાં ભાષાંતરો કે અનુવાદો થયાનું જાણમાં નથી.

–અને એ શકય પણ નથી. શૉ આન્તરરાષ્ટ્રીય સર્જક ને ચિંતક હોવા છતાં તેનાં નાટકોની પાર્શ્વભૂમિ અંગ્રેજી જીવન જ રહે છે. તેમનાં પાત્રો અંગ્રેજી પરિવેશમાં જ ઘબકે છે. એટલું જ નહીં અંગ્રેજી સમાજના પ્રશ્નો તેમાં પ્રાધાન્ય ભોગવે છે. અને છતાં તેની ખૂબી એ છે કે એ પાત્રો, પ્રસંગો, પ્રશ્નો કેવળ અંગ્રેજી જીવનના રહેતા નથી; સમગ્ર મનુષ્ય જીવનને સ્પર્શે છે. પોતાની નાટયરચનાઓને Comic touch થી Cosmic vision આપવામાં જ શૉની નાટયપ્રતિભાની સિદ્ધિ રહેલી છે. તત્કાલીન અંગ્રેજી જીવનનું તેમાં પ્રતિબિંબ હોવાથી અને વળી તેમાં યુગલક્ષી પ્રશ્નોનું અર્થઘટન થયું હોવાથી તેમની નાટય–રચનાઓનું ભાષાંતર કે રૂપાંતર સહજ સાધ્ય નથી.

સાહિત્યકાર એક એવો કલાકાર છે જેની સાધના સામાન્ય કલાકાર– Artist કરતાં નિરાળી હોય છે. આવું જ્યારે કહેવામાં આવે ત્યારે આજના કહેવાતા વિદ્વાનોનો આક્રોશ સાંભળવા મળે છે. જે જમાનામાં આપણા આ કહેવાતા કલાકારો દારૂબંધી સામે દાંડીકૂચ કરવાનું એલાન આપે (માત્ર એલાન જ કેમકે અમદાવાદ– દાંડીનો અતિ લાંબો ને વિકટ પંથ શરાબની બાટલીઓ સાથે, કાપવાનું આ મહાનુભાવોનું ગજું નથી. અને તેમના અનુગામી વિદ્વાનો કે પત્રકારો સંસ્કાર શબ્દ સામે જ સૂગ રાખી તેના 'ડિફેન્ડરો'નો ઉપાલંભ કરે ત્યારે શૉ વધારે ને વધારે યાદ આવે છે. આ વિરલ વિભૂતિએ વિલાસપ્રધાન દેશમાં રહીને પણ કલાકારોના આવા જમેલાઓ ને બગડેલાં જૂથો સામે પોતાની પ્રચંડ સંસ્કારયાત્રાનો સાહિત્યસાધના 'દ્વારા પડકાર ફેંકયો હતો. 'જીનીવા' નામે તેના નાટકમાં તેમનું એક Mouthpiece કહે છે: 'તમે જેને ઇશ્વરનું કાર્ય કહો છો, તેનું રાજકીય કાર્ય કરો છો તે બધાથી થઇ શકતું નથી. પણ ઇશ્વરે આ કાર્ય દિવ્ય સંદેશ રૂપે અમુક માણસોને સોંપેલું હોય છે. તેમની ચૂંટણી લોકો કરતા નથી. એમણે પોતે જ પોતાની ચૂંટણી કરવી પડે છે. અને એ જ તેમનો પ્રેરણાસ્રોત હોય છે...' બર્નાડ શૉ કદાચ પોતાને આવો પ્રેરણાસ્રોત મળ્યો હોવાનું ગૌરવ અનુભવે છે અને એટલે જ તો એ ઘણો સંઘર્ષ કરીને અનેક રાજકારણીય ને કલાકીય વિરોધોનો સામનો કરીને પોતાની એક જુદી જ શબ્દસૃષ્ટિનું નિર્માણ કરે છે.

*

શોનાં નાટકો માત્ર નાટકો નથી. સ્ત્રી-પુરુષનાં સુંવાળા કે લપસણાં સંવેદનોનાં સરવાળા-બાદબાકી નથી. 'વિશ્વસાહિત્યમાં એ પહેલો નાટ્યકાર હતો જે રંગભૂમિ ઉપર સમાજજીવનની સમીક્ષા કરે છે' એમ એ. સી. વેાર્ડ નોંધે છે. એ સામાજિક જીવનનાં અનિષ્ટો દર્શાવે છે, રાજનીતિજ્ઞોના બગડેલા જીવન-વ્યવહારને ઉઘાડો કરે છે અને એ રીતે પોતાના પ્રબળ Oestructive Force થી જીવનની ઉન્નજવળ દિશાઓનું દર્શન કરાવવાની કલાકારની રીતિએ અનુપમ સિદ્ધિ મેળવે છે.

એ તો સ્પષ્ટ છે કે શોને પોતાનાં નાટકોનું સ્વરૂપ ઇબ્સન પાસેથી મળેલું છે. પણ ઇબ્સનના નાટ્યસ્વરૂપને તેણે પોતાની રીતે ખૂબ વિકસાવ્યું છે. ઇબ્સનનો એ ચાહક, ઉપાસક ને પ્રચારક હોવા છતાં સમજવા જેવું એ છે કે ઇબ્સનના ઘણા વિચારો સાથે તેનો વિરોધ છે. ઇબ્સનની નાટ્યકૃતિઓમાં પણ માણસમાં રહેલ માણસાઇના અભાવને ખંપાળવાનું કે પોષવાનું વલણ વધતેઓછે અંશે રહેલું જ છે. શો માણસાઇના અભાવને દુર્જનતાનું પ્રતીક ગણે છે. અને એ રીતે તે કેવળ ઇબ્સનથી નહિ, વિશ્વના સાહિત્યકારોથી ઘણો જુદો પડે છે. એમ પણ કહી શકાય કે એક તરફ સમગ્ર વિશ્વના સાહિત્યકારો છે અને બીજી તરફ બર્નાર્ડ શો એકલો છે. તેના હૃદયમાં માણસો માટે અનુકંપાનો સ્રોત કદાચ વહેતો હશે, પણ તેની રચનાઓ આપણે તે જોઇ શકતા નથી. માણસને માણસ તરીકે ગૌરવ આપવા કે સ્વીકારવા શો જરા પણ તૈયાર નથી. અને આ બધું બન્યું છે બન્ને વિશ્વયુધ્ધો પહેલાં. જગતની કોઇ પ્રચંડ ઘટનાઓએ શોના આવા માનસનું ઘડતર કર્યું નથી. કૌટુમ્બિક જીવનના કયુ અનુભવોએ અને માણસોની માણસાઇની હિજરતે જ શોને ખૂબ અકળાવ્યો છે. અને તેનું સ્પષ્ટ, સુરેખ ને નીડર નિરૂપણ કશાય ખંચકાટ કે ક્ષોભ વિના તેણે કર્યું છે. આવું Bold presentation કરવાનું સામર્થ્ય સામાન્ય કલાકારનું હોઇ શકે નહિ, સમર્થ સાહિત્યસ્વામીનું જ સંભવી શકે.

તેનાં નાટકોમાં વસ્તુ ને પાત્રો ગૌણ સ્થાને રહ્યાં છે એમ કહેવાયું છે. પણ શોનું પાત્રાલેખન Flat-સ્થિર હોવાથી વધારે જીવંત બન્યું છે માણસાઇના અભાવવાળાં પાત્રો દર્શાવવાં અને તેમને સજીવ વ્યક્તિત્વ આપવું એવા વિરોધમાંથી તેની પ્રતિભા ઓર ખીલી ઊઠે છે એ પાત્રો વાચકો કે શ્રોતાઓની બહુ સહાનુભૂતિ જીતી શકે એવાં નથી જ. 'જીવંત મનુષ્યો' તરીકે પાર ઊતરી શકે અને એ રીતે કલાની કસોટીમાંથી વિવેચકોની દૃષ્ટિએ પસાર થઈ શકે તેમ નથી. પણ શોને વધારે પોતાના ઇંગિતની પડી છે, જેને એ પાત્રો જ બરાબર ચરિતાર્થ કરી શકે છે.

અંગ્રેજી ભાષામાં Morality શબ્દ ઘણો વ્યાપક અર્થ ધરાવે છે. આપણે ત્યાં Morality એટલે નીતિ અંગ્રેજીમાં તેનો અર્થ માત્ર નીતિ નથી. મોરેલિટીમાં સામાજિક સુધારણા ને જીવનસંદેશ પણ સમાવિષ્ટ થાય છે. શો નું પ્રત્યેક નાટક જીવનના કોઇને કોઇ Moralityથી બદ્ધ થયેલું હોય છે. એમ છતાં એમની કલમમાં એવું તો સામર્થ્ય હતું કે એ જે કંઇ લખે છે તે કલાત્મક બની રહે છે. તેના ઉત્તમ વિવેચક એ. સી. વેાર્ડ લખે છે : He feared that there might be (as undouvabtrdly there was) an artist's nature in himself, and all h's life he tried to crush that part of his nature. For tunately he did not succeed entireles...' આ શબ્દો ઘણા યથાર્થ છે. શોનાં ઉત્તમ નાટકો કવિતાસભર સંવાદોથી ઉચ્ચ કવિત્વનું ઉત્કટ દર્શન કરાવે છે. અને એટલે જ 'સેન્ટ જોન', 'મેન એન્ડ સુપરમેન' કે 'બેક ટુ મેથ્યુસેલા' કવિતાની ખૂબ નજીક રહે છે. 'મિસિસ વોરેન્સ પ્રોફેશન' નાટકમાં મિસ્સ વોરેન પોતાનો ભૂતકાળ પોતાની પુત્રી પાસે પ્રગટ કરે છે ત્યારે કે 'ક્લેન્ડીડા'નો અંતિમ ભાગ કે 'જોન ઓફ્સ અધર આયલેન્ડ'નો બીજો અંક તેના કવિત્વયુકત કલાત્મક ગદ્યથી બદ્ધ થયેલા લાગે છે.

ઉપર નોંધ્યું તેમ શોના પ્રત્યેક નાટકમાં કંઇ ને કંઇ Moral હોય જ છે. તેનું પ્રથમ નાટક 'વીડો અર્સ' હાઉસીસ' લંડનના પછાત રહેઠાણોનું અને એ ગંદા રહેઠાણોમાં રહેતા અતિ ગરીબ માનવોનું જીવન બતાવે છે. ગરીબીથી પીડાતા આ લોકો જે મકાન-ભાડું ભરે છે તેમાંથી અમીર ઉમરાવો મલાઈ ઉડાવે છે. સમાજવાદનો અને કારલ'માર્ક'સનો પ્રખર પુરસ્કર્તા અહીં પ્રગટ થયા વિના રહેતો નથી. 'મિસિસ વોરન્સ પ્રોફેશન'માં પણ લેખકની એ જ દૃષ્ટિ જોવા મળે છે. ગરીબી સહન ન થવાથી દેહવિક્રયના ધંધે વળેલી મિસિસ વોરન પોતાની ભણેલીગણેલી પુત્રીને એ જ ધંધે વાળવા માંગે છે ત્યારે માતા-પુત્રી વચ્ચેનો સંઘર્ષ પરાકાષ્ઠાએ પહોંચે છે.' 'આર્મ્સ' એન્ડ ધ મેન'માં લેખક યુદ્ધનો વિરોધ કરતા હોવા છતાં અનિવાર્ય સંજોગોમાં યુદ્ધની તરફેણ કરતા હોવાનું જોઇ શકાય છે. 'ક્લેન્ડીડા' હું સમજ્યો છું ત્યાં સુધી ઇબ્સનના 'ડોલ્સ હાઉસ'ના વિરોધમાં લખાયેલું નાટક છે. 'ડોલ્સ હાઉસ'માં નોરા પતિની અપ્રામાણિકતા ને સહૃયતાના અભાવથી ઘર છોડી જાય છે ત્યારે ક્લેન્ડીડા નિર્બળ મનના પતિની સાથે જ રહેવાનું મુનાસીબ માની અઢાર વર્ષના મૂર્ખ કવિ આત્મા માર્ચબેન્કના પ્રેમનો ત્યાગ કરે છે અને તેને સાચા પ્રેમનું દાન સમજાવે છે. ફ્રેન્ક હેરિસ શોની આ રચનાને તેની સર્વોત્તમ કલાકૃતિ તરીકે ઓળખાવે છે પણ તે યથાર્થ લાગતું નથી. નાટકની રચના મનોહર હોવા છતાં શોની ભવ્ય પ્રતિભાનો ઉન્મેષ તેમાં પ્રગટ થતો નથી. 'ફિલેન્ડ્રેટ', 'યુ નેવર કેન ટેલ', 'કેપ્ટન્સ કરટ' પ્લે' વગેરે રચનાઓમાં લેખક યુવક – યુવતીઓમાં ઉન્માદો જોજવા-દ્યાર ને સ્વચ્છંદી પ્રણયવ્યવહાર ઉપર આકરા પ્રહારો કરી તેમની બેવકૂફી પ્રગટ કરે છે. કેટલાંક ઉત્તમ એકાંકીઓમાં પણ શો આવા પ્રેમનો સચોટ પરિહાસ કરે છે. સામાન્ય એકાંકીઓની રચના કરવાની દૃષ્ટિએ જુદા પડતાં 'હાઉ હી લાઈડ ટુ હર હસબંડ' અને 'ઓવરૂલ્ડ'માં સ્ત્રી – પુરુષના અઘટિત વિષયો પ્રેમનું નિરૂપણ કરી પ્રજ્ઞજીવનમાં પ્રેમને નામે ખોટી ગયેલા એ ભયાનક અનિષ્ટને ગાળી નાખવાના પ્રયાસ કરે છે. શો માટે પ્રેમ એક મહાન અનુભૂતિ છે. સમાજમાં તેનો જે રીતે અનર્થ થઇ રહ્યો હોય છે એ તેમને ખૂબ દઝાડે છે. જે ભવ્ય પવિત્ર પ્રેમ માટે તેઓ જીવનભર તલસતા રહ્યા હતા. તેને અંધારી આલમમાં અટવાતો જોઇને શોને ખૂબ દુઃખ થતું હતું તે આ નાટકોની રચના કહી જાય છે. ત્યારે લગભગ શો પોતાનું સળંગ એકાંકી 'ગેટિંગ મેરીડ' પ્રયોગશીલતાની દૃષ્ટિએ તો ધ્યાન ખેંચે જ છે પણ વિશેષ તો

અંગ્રેજી ને પશ્ચિમી લગ્નજીવનના ભંગારનું એ દર્શન કરાવે છે. 'મીસ એલાયન્સ' એ જ પ્રકારની વિષય અને આકૃતિ સૌન્દર્યનું પ્રભુત્વ સિદ્ધ કરતી શૉની બીજી રચના છે. 'ધ હાર્ટબ્રેક હાઉસ' વેરવિખેર ને છિન્નભિન્ન થતા કુટુંબ-જીવનની કરુણતા હાસ્યને કટાક્ષ નીચે છુપાવે છે. છેલ્લાં ત્રણેય નાટકોમાં વસ્તુની સળંગ-સૂત્રતાનો લગભગ અભાવ દેખાય છે. અને પાત્રોની જુદી જુદી ગતિવિધિઓથી સમગ્ર રચનાનું હાડ બંધાય છે. સમાજજીવનની સમીક્ષા સાથે કલાત્મક પ્રયોગ-શીલતાને સર્જક કયાંય ભૂલી શકતા નથી.

'ડૉકટર્સ' ડાઇલેમા'માં શૉ એ ડૉકટરો અને દર્દીઓના વિલક્ષણ સંબંધોનું નિરૂપણ કર્યું છે. જે કાર્ય ઘણું ઉમદા ને પવિત્ર ગણાવું જોઇએ તેને ડૉકટરો અને દવાના વેપારીઓ કેવું ધંધાકીય સ્વરૂપ આપે છે એ પરિસ્થિતિ જાણીતી છે. વિવિધ રોગો અને સ્વાર્થી ડૉકટરો વચ્ચે રીબાતા દર્દીઓનું અધ્યેયચિત્ર તો અહીં જોવા મળે જ છે, પણ વિશેષ તો ડૉકટરોના માનવીય સ્વરૂપનું લેખકે વિસ્મય-જનક નિરૂપણ જે રીતે કર્યું છે તે ફકત તત્કાલીન નથી, સર્વકાલીન છે. નાટકના અન્તમાં કોઇ કરુણ ઘટના બનતી નથી અને છતાં નાટકની નાયિકા જેનીફરની આન્તરવ્યથા જ આ નાટકને ટ્રેજેડી બનાવે છે. બહુ રસિક ન લાગે એવું આ નાટક માનવસ્વભાવના ચાતુર્યવંત અવલોકન માટે ખૂબ મહત્ત્વનું બન્યું છે. શૉએ મહદઅંશે કોમેડીઓનું સર્જન કર્યું છે, ત્યારે અહીં તેનો ટ્રેજેડી રચવાનો પ્રયોગ ઠીક રીતે સિદ્ધ થયો છે.

વ્યકિત, કુટુંબ અને સમાજની બહાર નીકળીને લેખક 'એપલ કાર્ટ' કે 'બોયોનટ બિલિયન્સ' જેવી રચનાઓ દ્વારા રાજકારણ અને અર્થશાસ્ત્ર પ્રત્યે વળે છે. 'એપલ કાર્ટ'માં તેમણે રાજાશાહીના વિરોધમાં લોકશાહીનાં અનિષ્ટો દર્શાવ્યાં છે. તો 'બોયોનટ બિલિયન્સ'માં કરોડપતિઓ અને અબજપતિઓના જીવનની વેધક કરુણાઇ બતાવી છે. પહેલા વિશ્વ યુદ્ધની ભૂમિકા ઉપર તેમણે ચાર Playlets of war લખીને એ ઘોર સંગ્રામની યાતનાઓ પોતાની લાક્ષણિક કટાક્ષવાણી દ્વારા પ્રગટ કરી છે. 'જીનિવા' મહદ અંશે પ્રયોગશીલતાની દૃષ્ટિએ લખાયેલું નાટક છે. પણ તે દ્વારા તેમણે વિશ્વશાંતિના કર્ણધારો જ જગતમાં કેટલી અશાંતિ ફેલાવે છે ને આન્તર-રાષ્ટ્રીય નાણાંનો દુર્વ્યય કરે છે તે વકદૃષ્ટિએ દર્શાવ્યું છે.

*

વહેતા સમયપ્રવાહમાં શૉની આ બધી રચનાઓ કાલગ્રસ્ત બની જતાં કદાચ ભુલાઇ જશે પણ તેમણે ત્રણ એવી મહાન રચનાઓ કરી છે જેને કાળપ્રવાહ પણ લુપ્ત નહીં કરી શકે. આ ત્રણેય રચનાઓ ભવ્ય વિશ્વદૃષ્ટિ ધરાવે છે.

'મેન એન્ડ સુપરમેન'ને બર્નાડ શૉ કોમેડી એન્ડ ફિલોસોફી તરીકે ઓળખાવે છે અને ખરેખર તેમાં એ બન્ને છે. શૉની આ એક ખૂબદ નાટયકૃતિ છે. તેના ત્રણ અંકો છે અને તેમાં મુખ્ય પાત્રો ત્રણ છે. સાહિત્ય સૃષ્ટિમાં ઐતિહાસિક બની ગયેલા દોનજુઆનના પાત્રને લેખકે જુદો જ મોડ આપ્યો છે. નાટકનો છેલ્લો અંક ખૂબ મહત્ત્વનો છે અને લેખકની સર્ગશકિતનો ઉત્તમ પરિચય કરાવે છે. દોનજુઆન અન્ય પાત્રો જોડે અહીં સ્વપ્ન જુએ છે ને દીર્ઘ ચર્ચાઓ કરે છે ત્યારે તેમને શયતાનનો ભેટો થાય છે શયતાન પણ મુખ્ય પાત્રોની જોડે બાથી ને ગહન તત્ત્વચર્ચામાં જોડાય છે. શયતાન એમ કહે છે કે આજનો તમારો માનવી એટલો તો મૂર્ખ ને બરાબ છે કે તેને સર્વનાશમાંથી કોઈ ઉગારી શકે તેમ નથી. ત્યારે દોનજુઆન એવી દલીલ કરે છે કે ફકત માણસમાં જ એવી વિરલ શકિત રહેલી છે જે દ્વારા તે ખૂબ આત્મસંઘર્ષ કરીને મહામાનવ-Superman બની શકે તેમ છે. માણસમાં રહેલી આ વિરલ શકિતને દોનજુઆન Life Force તરીકે ઓળખાવે છે. વાસ્તવિક રીતે કહીએ તો શૉ ના મનનો એ આંતરિક સંઘર્ષ છે. તે અહીં વ્યકત થયો છે. સામાન્ય રીતે નાસ્તિક મનાતા શૉ Life-Force માં અતૂટ વિશ્વાસ ધરાવે છે. તેમને ઊંડે ઊંડે શ્રદ્ધા છે કે આ Life-Force આ વિરલ શકિત ઇશ્વરનું જ બીજું રૂપ છે. પ્રચ્છન્ન રીતે શૉ આમ એક આસ્તિક જ છે. આ નાટકની સમીક્ષા કરતાં એ. સી. વેડ એમ નોંધે છે કે શૉ નાં પાત્રો કેવળ લેખકના Mouth pieces છે એવો જે આક્ષેપ થયો છે તે ખોટો છે. કેમકે અહીં દોનજુઆન અને શયતાન પરસ્પરથી ખૂબ વિરોધી વિચારો વ્યકત કરે છે. તેમાંથી કોના વિચારો સાચા છે એ નકકી કરવાનું શૉએ પ્રેક્ષકો ઉપર જ છોડયું છે અને એ રીતે પોતાની ઉત્તમ કલાદૃષ્ટિનો તેમણે અહીં પરિચય કરાવ્યો છે.

આ નાટકનો માત્ર છેલ્લો અંક જ લગભગ નેવું મિનિટ સુધી ચાલે છે. તેમાં વાર્તા કે ઘટનાઓ જેવું કંઇ છે જ નહિ. છે ફકત દીર્ઘ ચર્ચાઓ ને ગહન જીવન પર્યેષણાઓ! આવું સાહસ માત્ર બર્નાડ શૉ જ નાટકના સ્વરૂપ દ્વારા કરી શકે. પણ શૉની વિશેષતા એ છે કે તેઓ ગંભીર ચર્ચાઓની સાથે પ્રેક્ષકોને કે વાચકોને સતત હસતા રાખે છે. હાસ્ય-રસની છોળોમાં જીવનનું ગહન તત્ત્વજ્ઞાન ઓગળી જાય છે. એટલે પાઠકો 'બોર' થઇ જતા નથી. તેમને કંટાળો આવતો નથી. શૉ એમ કહેતા હતા કે મારે તો ફિલસૂફોનો મીટ કલાસ જોઇએ છે! અને ખરેખર અહીં તેમને A hit of philosophers મળી પણ રહે છે. કેમકે આ નાટક મૂળ તો એક કલાત્મક સર્જન કરવાની દૃષ્ટિએ જ શૉ એ લખ્યું હતું. પરંતુ સાહસિક દિગ્દર્શકોએ અને કલાકારોએ જ્યારે આ નાટક રંગભૂમિ ઉપર પેશ કર્યું ત્યારે નાટયગૃહમાં પ્રેક્ષકો શાન્ત સ્તબ્ધ-Spellbound-બનીને આ નાટક જોતા હતા, અને ટાંકણી પડે તો પણ સંભળાય એવી શાન્તિ સર્વત્ર પ્રસરી રહી હતી.

'સેન્ટ જોન' સર્વાનુમતે શૉનું ઉત્તમ નાટક ગણાય છે. અહીં પણ લેખકનો એજ આક્રોશ સંભળાય છે. જમાને જમાને વિશ્વ-નિયંતા કોઇને કોઇ માનવને પોતાનું રૂપ આપીને આ પૃથ્વી ઉપર મોકલે છે, એ માનવ પૃથ્વીને ઉદ્ધારે છે અને છતાં પૃથ્વી પતિઓ તેમને કેટલા સતાવે છે એ ફ્રાન્સની વીરાંગના જોન ઓફ આર્કના જીવન નિમિત્તે શૉએ દર્શાવ્યું છે. અહીં માત્ર જોન ઓફ આર્કનું વીરચરિત્ર આપવાનો લેખકનો ઉદ્દેશ નથી, પણ ઇશ્વરી અંશ ધરાવતા સ્ત્રી-પુરુષોની જગતમાં જે વિડંબના થાય છે, અને તેમને જે રીતે સતાવવામાં આવે છે, તે મુદ્દો કેન્દ્રસ્થાને રહે છે. શૉની જીવનદૃષ્ટિ અહીં બરાબર ઓતપ્રોત થયેલી છે. અને જોન દ્વારા બર્નાડ શૉનું પોતાનું જ વ્યકિતત્ત્વ અંકુરિત

થાય છે. વીસમી સદીના અંગ્રેજી સાહિત્યનો ઇતિહાસ આલેખતાં ફ્રેન્ક સ્વીનરટન, આ રચનાને નાટક નહિ, પણ નાટકના સ્વરૂપમાં મૂકાયેલા તાત્ત્વિક નિબંધો કહે છે. સ્વીનટરન એમ પણ નોંધે છે કે શોની ફિલસૂફીએ કલાકાર શોનું અહીં જે શોષણ કર્યું છે. તેવું અન્ય નાટકોમાં ભાગ્યે જ કર્યું હશે પણ શોની એજ તો વિશેષતા હતી. ચાલ્યા આવતા સાહિત્યસિદ્ધાંતોની તેમણે હમેશાં ઉપેક્ષા જ કરી છે અને પ્રત્યેક નાટકનું સ્વરૂપ નવ-નિર્માણની દૃષ્ટિએ જ તેમણે ઘડ્યું છે. શો માટે વિચારો અને ફિલસૂફી વધારે મહત્ત્વના હોય છે અને તેને અનુરૂપ આવે એવું સ્વરૂપ તો આપમેળે જાણે ઘડાતું જાય છે. 'સેન્ટજોન' તેનું ઉત્તમ દૃષ્ટાંત છે.

દુનિયા ભલે 'સેન્ટજોન'ને તેમની સર્વોત્તમ નાટ્યકૃતિ ગણે, શોની પોતાની દૃષ્ટિએ તો 'બેક ટુ મેથ્યુસેલાહ' તેમની સર્વોત્તમ નાટ્યરચના છે. ફકત કલાપ્રેમ અને અચેતન દૃષ્ટિએ લખાયેલું આ નાટક શોની ધંધાદારી ગણાતી રચના 'સેન્ટજોન' કરતાં ઉતરતી કક્ષાની રચના છે એમ સમરસેટ મોમ કટાક્ષ-પૂર્વક એક સ્થળે નોંધે છે. મોમનું કહેવું એમ છે કે ઘણી વાર અચેતન દૃષ્ટિએ લખાયેલું નાટક ધંધાદારી દૃષ્ટિએ લખાયેલા નાટકથી ઊતરતી કક્ષાનું નાટક હોય છે. અને તેના સંદર્ભમાં તો શો નાં આ બે નાટકોનો ઉલ્લેખ કરે છે. પરંતુ શો ની ફિલસૂફીનો વ્યાપ આ નાટકમાં જે રીતે થયો છે તેવો બીજે ભાગ્યે થયો હશે. પ્રયોગની દૃષ્ટિએ પણ આ નાટક વિશિષ્ટ કોટિનું છે. તેમાં પાંચ ખંડો છે એટલે કે તેમાં માત્ર એક નહિ, પણ પાંચ નાટકો છે અને છતાં એ બધાં એકસૂત્રે બંધાયેલાં છે. આદમ અને ઇવની ઉત્પત્તિથી માંડીને તેમાં ભવિષ્યના માનવી ઇતિહાસનું દર્શન છે. શો સર્જનાત્મક ઉત્ક્રાંતિ–Creative Evolution–ના પ્રણેતા છે. અને અહીં તેમણે ડારવીનની Evoluation ની વિચાર સરણીનો પ્રબળ વિરોધ કર્યો છે. ડારવીનનો ઉત્ક્રાંતિવાદ નબળાનું ભક્ષણ કે શોષણ કરીને પ્રગતિ કરતા સમાજનું ગૌરવ કરે છે જે ઉચ્ચ માનવતાને ઝંખતા શોને સ્વીકાર્ય ન હોય તે યથાર્થી જ છે. શોનું કહેવું અહીં એ છે કે નિર્બળને હણીને સધાયેલી પ્રગતિ એ ખંડનાત્મક ઉત્ક્રાંતિ છે એટલે તે નકામી છે. ઉત્ક્રાંતિ સ્વાભાવિક રીતે રહેલી હોય તો પણ પ્રખર બુદ્ધિશાળી ને પ્રબળ આત્મબળ ધરાવતા મનુષ્યો તેને ટાળી શકે છે કેમકે પ્રખર બુદ્ધિ ને પ્રબળ આત્મબળ દ્વારા જ જીવનનું સાતત્ય રહે છે. પણ એ માટે પ્રબળ આત્મબળથી સામાન્ય મનુષ્યોએ ઉત્તમ માનવો બનવું પડશે જે માનવતા મહા માનવતાની ખૂબ નજીક હશે. માણસાઇની હિજરતને અટકાવી દુર્ગુણોને દુર્જનતાનો વિલય કરીને માનવે મહામાનવ બનવું પડશે અને તોજ એ સુખી થઇ શકશે ને લાંબુ જીવી શકશે. ભવિષ્યની પ્રજાને આજ વારસો સંસ્કૃતિ તરીકે માણસે આપવાનો છે. અને ત્યારે સુખ તો પારાવાર છલકાશે. રાષ્ટ્રો રહ્યાપણુ ને સદ્‌ગુણથી ચાહતાં હશે, તેમજ યુદ્ધ અને અન્ય અનિષ્ટોનો સદંતર નાશ થશે. આમ, 'મેન એન્ડ સુપરમેન'ની વિચારણા અહીં વિસ્તાર સાધતી જોવા મળે છે. આ નાટકમાં શોની ભવ્ય કલ્પના છે, માનવ જીવનના શ્રેયનો ઉચ્ચ વિચાર છે અને નાટ્યકલાની શકિતનો પરમોચ્ચ અભિનિવેશ છે.

વિચારો ને ફિલસૂફી તળે શોનાં નાટકોની કલા કચડાઇ જતી નથી કેમકે ઊંચો હાસ્યરસ નિષ્પન્ન કરવાની તેમનામાં અપ્રતિમ પ્રતિભા છે તેમજ ધારદારને કવિત્વમુકત સંવાદો લખવાનું અદ્‌ભુત કૌશલ છે. અને એટલે જ તેમની નાટ્યકલાની અનેક મર્યાદાઓ હોવા છતાં તેમને ઉત્તમ વિવેચકોએ Greatest dramatist Since Shakespeare –શેકસપિયર પછીનો મહાન નાટ્યકાર કહ્યા છે. અને શોના વિરોધીઓને પણ એ વિધાનનો વિરોધ કરવાનું ગમ્યું નથી.

*

મારા જીવનકાળમાં મેં બે મહાન વિભૂતિઓની અનુભૂતિ કરી છે. મહાત્મા ગાંધી અને જ્યોર્જ બર્નાડ શો. આ બન્ને મૃત્યુ પામ્યા ત્યારે હું ઊછરતો યુવાન હતો. તેમને સદેહે તો જોઇ શકયો નથી છતાં તેમના ભવ્ય વ્યકિતત્વની હમેશાં હું અનુભૂતિ કરતો રહ્યો છું. ગાંધીજીએ પોતાના જીવન અને કાર્યથી મને પ્રભાવિત કર્યો છે તેમ બર્નાડ શોએ પોતાના વ્યકિતત્વ અને સાહિત્યથી મને હમેશાં આકર્ષ્યો છે. તેનાં નાટકો મેં વરસો પહેલાં વાંચ્યાં હતાં. આજે મારી પાસે તેનાં નાટકોનાં બધાં પુસ્તકો નથી. ફકત એ ઉપર કરેલી નોંધો સચવાઇ રહી છે. સંભવિત છે કે કયાંક વિગતદોષો પેસી ગયા હોય. એ માટે વાચકો મને ક્ષમા કરે. તેમના વિશે એક પુસ્તક લખવાની મારી ઇચ્છા સંજોગો ને સમયને કારણે હજી સુધી તો પૂર્ણ નથી. થઇ પણ તેમના સંબંધે આવો ને આટલો લેખ લખવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું એ માટે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીશ્રીનો હું હમેશાં હમેશાં ઋણી રહીશ.

*

ભકિત સંગીતના વર્ગો

સંઘના ઉપક્રમે બહેનોને ભકિત સંગીત-સ્તવન વગેરે શીખવવા માટેનો વર્ગ બુધવાર, તા. ૨૨મી નવેમ્બર, ૧૯૮૯ના રોજ પરમાનંદ કાપડિયા સભાગૃહ (રસધારા કો. ઓપ. સોસાયટી બીજે માળે, ૩૮૫, સરદાર વી. પી. માર્ગ મુંબઇ-૪)માં શરૂ થાય છે. આ વર્ગ દર બુધવારે સાંજના ૪ થી ૫ ના રહેશે. શ્રી શ્યામ ગોગટે આ વર્ગના અધ્યાપક તરીકે સેવા આપશે.

રસ ધરાવતા બહેનોએ સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી છે.

ઉષાબહેન મહેતા — કે. પી. શાહ
સંયોજક — નિરૂબહેન એસ. શાહ
મંત્રીઓ

જિંદગી : ઈશ્વરે આપેલું એક બંધ કવર !

● ડા. પ્રવીણ દરજી

એકવાર આધુનિક સર્જક જેમ્સ જોયસને એક પ્રશ્ન કરવામાં આવ્યો : 'તમારી પ્રિય કૃતિ કઇ?' 'યુલિસિસ' જેવી આધુનિક સંવેદનાને ઉપસાવતી કૃતિના સર્જકનો ઉત્તર સ્વાભાવિક રીતે જ કોઇક નવીન કૃતિ કે સર્જકના અનુલક્ષમાં હોઈ શકે. જોયસે જે રીતે પ્રયોગો કર્યા છે. અને નવલકથાના સ્વરૂપને જુદી જુદી દિશાઓથી પ્રયોજવાનો પ્રયત્ન કર્યો છે. એ રીતે નિઃશંક જોયસ કોઇક પ્રયોગશીલ કૃતિનું નામ આપશે એવું પ્રશ્ન પૃછનારના મનમાં પણ હતું. પણ સૌના આશ્ચર્ય વચ્ચે જોયસે ઉત્તર આપ્યો : 'મને ગમતી કૃતિ વિખ્યાત નવલકથાકાર ટોલ્સ્ટોયની છે, અને કૃતિનું નામ છે 'એક માણસને કેટલી જમીનની જરૂર પડે?' માનવમનનો તાગ લેવા મથનાર, ભાષાને ભિન્ન ભિન્ન રીતે યોજનાર જોયસે પોતાની પસંદગીનો કળશ આમ ટોલ્સ્ટોયની એક જાણીતી કૃતિ ઉપર ઉતાર્યો એમાં જોયસની જીવન વિષયક વિભાવનાનો પણ સંકેત મળી રહે છે.

ટોલ્સ્ટોયની વાર્તા તો સુખ્યાત છે. એક મહત્વાકાંક્ષી માણસને એમાં કહેવામાં આવ્યું કે સૂર્યોદય થતાં એક નિશ્ચિત સ્થાનથી દોડવાનું શરૂ કરો અને સંધ્યાકાળ થતાં સૂર્ય ડૂબે એ ક્ષણે પાછું નિશ્ચિત સ્થાન ઉપર પાછા આવી જવાનું. જો આ શરત પૂરી થાય તો પેલો માણસ જેટલું દોડી આવે, જેટલા ગાઉનું અંતર કાપીને તે પરત આવે એ બધી જમીનનો તે માલિક બની જાય. લોભને થોભ કયાં હોય છે ? પેલી મહત્વાકાંક્ષી વ્યક્તિએ દોડ આરંભી. તેણે મનોમન નક્કી કરી લીધું કે પૂરા જોરથી, પૂરી તાકાતથી શક્ય તેટલું દૂર દૂર દોડી લઉ. પરત તો આવી પહોંચાશે, આવો હવાલો મળ્યો છે કે મળશે. જેટલું અંતર વધુ કાપીશું તેટલી જમીનના આંપણે તો રાતોરાત માલિક થઇ જઇશું. દોડ શરૂ થઇ ગઇ, પેલા માણસે તો પાછળ જોયા વિના દોડવા જ માંડયું, બસ દોડયે જ રાખ્યું. જેમ જેમ અંતર કાપતો જાય તેમ હાંફ વધતો જાય, થાક પણ લાગે. પણ જેટલું વધુ અંતર કાપીશ એટલી વધુ જમીન મળશે' આ લોભામણી વાત આંખ આગળ આવતાં તરત ગતિ વધી જતી. પરિણામે વળી પાછો તે મુઠ્ઠીઓ વાળી, પોતાની પાસે જે કંઇ ભાર જેવું લાગે એને દૂર કરીને આગળ દોડયે જ ગયો. થાક વધતો ગયો, શ્વાસ ચઢતો ગયો, વચ્ચે તરસ પણ લાગે. છતાં ઊભા રહેતાં સમય બરબાદ થાય અને એટલું અંતર ઓછું કપાય તો એટલી જમીન પણ ઓછી મળે ને ? પરિણામે તે દોડતો જ રહ્યો. તરસ સાથે, ભૂખ સાથે, થાક સાથે, શ્વાસ સાથે, બસ મનમાં એક જ ધૂન. દોડયે જ રાખો, દોડયે જ રાખો. સેંકડો માઇલ સુધીનો વિસ્તાર આજે આપણી એડી નીચે આવી જશે. રાતોરાત માલેતુજાર થઇ જવાશે. આવી લોભની પરીએ એના ચિત્રનો બરાબર કબજો લઇ લીધો. સારી રીતે દોડી શકાય, વધુ દોડી શકાય એ માટે તેણે વારાફરતી શરીર ઉપરનાં વસ્ત્રો એક પછી એક એમ કાઢીને ફેંકી દીધેલા. શરીર ઉપરના દર-દાગીના પણ તેણે કાઢી નાખેલાં. છેલ્લે તો પગમાં પહેરવાનાં બૂટ – ચંપલ સુધ્ધાં! શરીર ઉપર માત્ર ગુહ્યાંગને ઢાંકવા પૂરતું વસ્ત્ર બચ્યું હતું. એની દોડમાં એ ઠીક ઠીક આગળ નીકળી ગયો. પરત થવાનું મન થતું 'પણ થોડું કે વધુ દોડી લઉ' એવું વિચારતો ને પાછો આગળ વધતો. છેવટે એક તબક્કે તેણે પાછા વળવાનો નિર્ણય લીધો. પોતાની તમામ શક્તિઓ કામ લગાડી. જેટલું દોડી શકાય તેટલું તેણે દોડી લીધું. મનોમન તે ખુશ થતો. આજથી નસીબદેવી એની ઉપર વરસી જશે એવું એવું તે વિચારે જતો હતો. બીજી તરફ સૂર્યદેવ ધીમે ધીમે અસ્તાચલ તરફ વળી રહ્યા હતા. સૂર્ય અસ્ત થાય તે જ ક્ષણે મૂળ સ્થાને પહોંચી જવાની શરત હતી. એ શરત પળાય તો જ આ પ્રયત્નનું ફળ મળે. અન્યથા બધું વિફળ બની રહે. તેણે મુઠ્ઠીઓ વાળી, દાંત ભીડયા, બધુ જોર એકઠું કર્યું. શરીર પરસેવે રેબઝેબ થઇ ગયું. મોં ઉપરની નસો તંગ થઇ ગઇ. એ દોડતો જ રહ્યો. સૂર્ય અસ્ત થઇ જાય તે પહેલાં યેનકેનપ્રકારેણ તે નિયત સ્થળે પહોંચી જવા માગતો હતો. અસ્તાચળ તરફ જતા સૂર્યની તરફ તે ઘડીક જોતો, ઘડીક પોતાની તાકાત વધે તે માટે યત્ન કરતો. ને...એના પગ આખરે થાકયા, તે લથડવા લાગ્યો. નજર સામે હવે નિયત સ્થળ દેખાવા માંડેલું, આ પહોંચ્યો...આ પહોંચ્યો એવી અધીરાઇ વધતી ગઇ. અને સૂર્ય અસ્ત પામે છે. ત્યાં એ નિયત સ્થળ ઉપર આવી ધબ્બ દઇ પડે છે. એનું પ્રાણપંખેરું ઊડી જાય છે. એની મહત્વાકાંક્ષાનો કરુણ અંજામ આવે છે. સેંકડો માઇલ જમીનને પોતાની કરવામાં ને કરવામાં તે ભાન ભૂલી ગયો કે જેટલો આગળ જઇશ, તેટલું જ પાછા પણ આવવાનું છે. લોભને કોઇ સીમા હોતી નથી. આખરે કબર ખોદી એના દેહને દાટયો ત્યારે માત્ર છ ફૂટ જમીનની તેને જરૂર પડી. સેંકડો એકર જમીન એક કરી લેવાના અરમાનોવાળા મહત્વાકાંક્ષીનો કેવો કરુણ અંજામ! ઇશ્વરની સત્તા આગળ માનવીની સત્તા કેટલી વામણી અને તુચ્છ છે. જોયસને કદાચ આ વાત સ્પર્શી ગઇ હશે; જિંદગી કયારે ય માણસની ગુલામ બની નથી. માણસ ઇચ્છે તો પણ એની ઉપર તે આધિપત્ય જમાવી શકે તેમ નથી. ટોલ્સ્ટોયે આ ટચૂકડી વાર્તા દ્વારા ભૂંડા હાલને પામતા માનવીનું ટૂંપણું હુબહુ છતું કર્યું છે.

આપણે–માનવીઓ યુગે યુગે કેવળ આજ ભૂલ કરતા આવ્યા છીએ. જિંદગી આપણી સંપત્તિ છે, એના ઉપર આપણો અધિકાર છે. તે આપણી ચલાવી ચાલે છે વગેરે વગેરે. આપણે ત્યાં જ દિશાચૂક થઇએ છીએ. જિંદગી તો ઇશ્વરે આપેલું એક બંધ કવર છે. એ કવર આપણે ખોલવાનું નથી તેમ તેમાં આપણે આપણી ઇચ્છા અનુસારનો કોઇ શબ્દ પણ પાડવાનો નથી. તેને તો યથાવત્ બંધ રાખવાનું છે. એને આપણે સાચવી શકીએ તોય એક મોટી વાત, એ ય આપણું સદ્ભાગ્ય. ઇફિજેનિયા લો, ઇડિપસ લો, હેમ્લેટ લો કે ઓથેલો લો, દ્રૌપદી લો કે પાંડવો લો. જે જે એને પોતાની કરવા ગયા છે, જે જે એની ઉપર સ્વામીત્વ સિદ્ધ કરવા ગયા છે તે સૌએ રૂપાન્તરે પેલું બંધ કવર ખોલવા જેવી ભૂલ કરી છે અને એનાં દુષ્પરિણામો તેમને મળ્યાં પણ છે–ભોગવ્યાં છે.

જિંદગીના અનેક ખૂણા છે, અનેક રૂપો છે. દરેક વેળા

તેના નવા રૂપ-રંગ હોય છે; દરેક વેળા તેનો ચહેરો નવો હોય છે. એ ચહેરાથી ભલભલા ચમરબંધીઓ, જ્ઞાનીઓ, જ્યોતિષીઓ કે ચિંતકો પણ અંજાયા છે-લોભાયા છે. ઘણાને ઘણી વખતે તેથી લાગ્યું છે કે જિંદગીનું રહસ્ય તેઓ પામી ચૂક્યા છે, જિંદગીની આરપાર તેઓ દેખી શકે છે, જિંદગીને તેઓએ મહાત કરી છે, એની ઉપર પોતાનું પ્રભુત્વ સિદ્ધ કર્યું છે. પણ એ બધી વેળા જિંદગી સેંકડોથી દૂર ને દૂર રહી છે. જે કંઈ 'પામ્યા છે' એવી પ્રતીતિ છે, એ તો એક ભ્રમણા કેવળ છે બાકી એની બાગડોર આપણા હાથમાં નહિ, કોઈક બીજીના હાથમાં છે. એ જેમ ખેંચે, એ જેટલી ખેંચે એટલું ને એવું જ ડગલું જિંદગી ભરતી હોય છે. આપણે એને પરમશક્તિ કહીએ કે પછી ઈશ્વર કહીએ. આપણા પાસાં ગમે તેટલાં ફેંકીએ પણ દાવ દેવો તો એ ઈશ્વરને આધીન છે. જેમ પેલો ટોલ્સ્ટોયની વાર્તાનો મહત્ત્વાકાંક્ષી નાયક અંતિમ પળ સુધી ન સમજી શક્યો કે આ બધું દોડવું વ્યર્થ છે અને અંતે પેલી એક માત્ર બંગોટી, મૃત્યુ ને છ ફૂટ જગા જ એનાં છે એમ આપણે પણ છેલ્લે સુધી એ બહુરૂપિણી જિંદગીના ભરમ-ભરમને ભાગ્યે જ પામતા હોઈએ છીએ. એ બંધ કવરને બંધ રાખવામાં જ શાણપણ છે. *

પરંપરા અને વ્યક્તિત્વ

● પન્નાલાલ ૨. શાહ

ભાષા એ ભાવની અભિવ્યક્તિનું પ્રબળ માધ્યમ છે. માનવીના મનમાં ઉદ્‌ભવતા પ્રેમ, લાડ, નૈકટ્ય, રાગ, અનુરાગ, દ્વેષ, તિરસ્કાર આદિ વિવિધ મનોભાવો અને અનુભૂતિ એ ભાષા દ્વારા અભિવ્યકત કરે છે, એ એક સંકેત છે. હાવભાવ અને વર્તન દ્વારા પણ એની અભિવ્યક્તિ થાય છે. આવી ભાષાની શોધ એ વિચારવિનિમય અને પરસ્પર માનવીય સંબંધનું ઉત્તમ માધ્યમ અને સાધન છે. પરંતુ એની પણ એક મર્યાદા છે, આવી ભાષા દ્વારા વ્યકત થતાં વિચારો અને મનોભાવો કરતાં અવ્યકત રહેતા મનોભાવનો પ્રદેશ વિસ્તૃત વ્યાપક અને મહત્ત્વનો છે. ઈશ્વરની શોધ અને કલ્પનામાં પણ માનવીએ 'નેતિ નેતિ' કહીને જ સંતોષ માનવો પડયો છે. સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહે એટલે જ એક જગ્યાએ સરસ કહ્યું છે : 'ભાષા એ બેધારી તલવાર છે. સંપૂર્ણ સત્ય ભાષામાં આવતું નથી.'

માનવીય સંબંધોમાં પ્રગટ થતી ઉષ્મા અને વ્યકત થતાં પ્રેમને કયારેક વિચિત્ર વળાંક મળે છે. કયાંક સમય પરિપકવ થાય એ પહેલાં કોઈ વાત પ્રગટ કરવાથી પણ આવી પરિસ્થિતિ ઊભી થાય છે; કયારેક માનવીના મનના, વર્તણૂકના અભ્યાસથી કે મન વાંચી લીધાના વહેમથી આપણે એના વિષે ચોકકસ માન્યતા બાંધી લઈએ છીએ. એના આધારે આપણે એના વર્તનને મૂલવીએ છીએ અને ચોકકસ સંજોગોમાં એ વ્યકિત અમુક રીતે જ વર્તન કરશે એવું પૂર્વાનુમાન આપણે કરીએ છીએ. પરંતુ કયારેક એ વ્યકિત આપણી માન્યતાથી તદ્દન જુદી રીતે વર્તે છે, અને આપણને એ વ્યકિત પરત્વે પૂર્વગ્રહ છે એવું ફલિત થાય છે. વ્યકિતની વર્તણૂક અંગે આપણે તર્ક જરૂર કરી શકીએ, પરંતુ એક વત્તા એક બરાબર બે થાય એવું એ રીતે સાદું ગણિત નથી. ભગવાન શ્રીકૃષ્ણ જેવા સમગ્ર પુરુષની પ્રત્યેક ભૂમિકા પરસ્પર વિરોધી પણ હોય અને એટલે એમના વિષે પૂર્વાનુમાન કરવું એ દુસ્સાહસ ગણાય, તો મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ ચોકકસ સિદ્ધાંતને અનુસરશે એવું સહજપણે માની શકાય. જુદાં જુદાં પ્રસંગોએ ભગવાન શ્રી કૃષ્ણના પરસ્પર વિરોધી વર્તનનો નિષ્કર્ષ એ છે કે એમાંથી એક સિદ્ધાંત, પ્રણાલિકા કે પરંપરા પ્રસ્થાપિત થાય, જ્યારે પૂર્વાનુભવ, સિદ્ધાંત કે સ્થાપિત પરંપરામાંથી મર્યાદા-પુરુષોત્તમ રામનું વ્યકિતત્વ વિલસે. સામાન્ય રીતે પોતાની ઈજ્જતના ચૂરેચૂરા થાય એવા ડરથી સામાન્ય માનવી પોતાની ભૂલનો જાહેરમાં એકરાર ન કરે ત્યાં ગાંધીજી જેવી વ્યકિત પોતાની નાનીશી ભૂલને 'હિમાલય જેવડી ભૂલ' તરીકે જાહેર કરે અને સત્યાગ્રહ જ્યારે હિંસક વળાંક લે ત્યારે દુનિયા આખી ય વિરુદ્ધ થઈ જાય તો પણ એ હિંસા બંધ થાય એ માટે ગાંધીજી સત્યાગ્રહ પાછો ખેંચી લે. એ બાબત એ વખતના સંજોગોમાં જો આપણે નિર્ણાયક હોઈએ તો ગળે ના ઉતરે એવી આપણી તાસીર છે; દૂરનું જોઈ શકતી વ્યકિત માટે એ સહજ છે. વ્યકિતના વ્યકિતત્વના વિકાસની એ ચાવી અને પારાશીશી છે.

એક એવી માન્યતા છે : આ બધાં ઉદાહરણો દૃષ્ટાંતો અસાધારણ વ્યકિતના છે. ઉચ્ચ આદર્શનું આચરણ સામાન્ય માનવી માટે લગભગ અશકય છે. એટલે સામાન્ય માનવી માટે આવા માપદંડમાં ઔચિત્ય કેટલું? એ ખરું કે સામાન્ય માનવીનું એવા માંપદંડ કે આદર્શ માટે કદાચ ગજુ ન હોઈ શકે. સામાન્ય વ્યકિતના સંદર્ભમાં વિચારતા એટલું અવશ્ય કહેવું જોઈએ કે સમાજના અને વ્યકિતગત વિકાસના જનક એવા ઉચ્ચ આદર્શ માટે એવી વ્યકિત પ્રયત્નશીલ હોવા છતાં તેના સંજોગો, તેની આંતરિક મર્યાદા, કે અન્ય કારણોસર એવું આદર્શ-નેત્રદીપક આચરણ પોતાના જીવનમાં ન કરી શકે તો એ પરત્વે આપણે ક્ષમાશીલ, ઉદાર કે સહાનુભૂતિ જરૂર રાખીએ. પરંતુ એવા ધ્યેયનું લક્ષ જ ન રાખ્યું હોય તો એવી ઉન્નત સ્થિતિએ પહોંચવાની આંતરિક ક્ષમતા હોવા છતાં ય એવો વિકાસ એ કયાંથી શકય બને? સાચી અને સારી વાત એ છે કે એવી આંતરિક ક્ષમતા પણ વ્યકિતમાં ન હોય તો વિકસાવવી જોઈએ. કહ્યું છે ને કે 'નિશાનચૂક માફ, નહિ માફ નીચું નિશાન.'

વ્યકિતની મર્યાદા તરફ ક્ષમા, દયા, કરુણા કે ઉદારતાનો ભાવ રાખીએ ત્યારે પણ એવી વ્યકિત જાહેર જીવનમાં જવાબદારીભર્યા સ્થાન પર હોય કે સમાજનું નેતૃત્વ તેમના હાથમાં હોય ત્યારે એમના જાહેર સ્ખલનથી એવા સ્થાન માટે એમની યોગ્યતા રહી નથી, સમાજની નાડ હવે એમના હાથમાં સલામત રહી નથી, એ સમજી લઈને એવી વ્યકિતને સમાજની નેતાગીરીમાંથી કે જવાબદારીભર્યા સ્થાન પરથી મુકત કરવી જોઈએ. સમાજ માટે એવી વ્યકિત ગમે તેટલી મહત્ત્વની હોય પણ એ અનિવાર્ય (Inbispensable) નથી. એ સતત લક્ષમાં રહેવું જોઈએ. કહેવાનું તાત્પર્ય એ છે કે એવી એક વ્યકિતએ ભ્રષ્ટાચાર કર્યો તો સમાજને એમણે કરેલાં નુકસાન પરત્વે ક્ષમાભાવ જરૂર રાખીએ, પરંતુ એમના પરત્વે ક્ષમાભાવ રાખીએ અને જવાબદારીભર્યા સ્થાને એમની અનિવાર્યતા સમજી એમને ચાલુ રાખીએ તો સમાજને લાંબા ગાળાનું, દેખી ન શકાય એવું નુકસાન થાય. ક્ષમા અને ઉદાર ભાવનાના પરિણામે વ્યકિતના નૈતિક સ્ખલન છતાં એનું નેતૃત્વ સલામત રહેવાથી ભ્રષ્ટાચાર વ્યાપક બનતો જાય છે, એટલું સમજીએ તો ગનીમત. *

ઋણાનુબંધ

(પૃષ્ઠ ૨થી ચાલુ)

ઉપકારોનું વિસ્મરણ થાય છે. વિદ્રોહનો માણસને જ્યારે વારંવાર અનુભવ થાય છે, અથવા ઉપકારના બદલામાં અપકાર મળે છે અથવા પોતાના જ આશ્રિતો તરફથી કડવી ટીકા–નિંદાનો તે ભોગ બને છે ત્યારે ગમે તેવા ઘનિષ્ટ સંબંધોનું અંતે કશું મૂલ્ય નથી એવા ભ્રામક વિચારમાં તે સપડાઇ જાય છે.

જેમ અનેક વ્યકિતઓ સાથે સારા સંબંધો બંધાય છે તેમ કેટલાય લોકોને બીજાઓની સાથે વેરભાવભર્યા, અસહિષ્ણુ સંબંધો પણ થાય છે. કેટલાક સંબંધો તૂટે છે અને તે કાયમના માટે તૂટેલા રહે છે. કેટલાક તૂટેલા સંબંધો ફરી સંધાય છે, પ્રેમભર્યા બને છે. કેટલાક સંબંધો તૂટે છે, ફરી બંધાય છે, ફરી તૂટે છે, ફરી બંધાય છે. સંબંધોનું આવું ચક્ર વિશ્વમાં ચાલ્યા કરે છે.

કોઇક વિરલ મહાત્માઓને સંસારમાં કોઇની સાથે સંબંધ બગાડવાનો અનુભવ થતો નથી. વળી અન્ય પ્રકારના કેટલાક નિર્જનંદી મહાત્માઓ કોઇની સાથે સંબંધ બાંધવા ઉત્સુક હોતા નથી. તેઓ એકંદરે નિઃસંગ રહેવા ઇચ્છતા હોય છે. બીજી બાજુ કેટલાક માણસોની પ્રકૃતિ જ એવી હોય છે. કે એમને એકલા રહેવું ગમતું નથી. તરત ઉષ્માભર્યા પ્રેમસંબંધો તેઓ બાંધી શકે છે. કેટલાક માણસોની પ્રકૃતિ જ એવી હોય છે કે જ્યાં જ્યાં સંબંધ બંધાયો ત્યાં ત્યાં તેને બગાડીને કલેશમય બનાવ્યા વગર તેઓ રહી શકતા નથી. કેટલાક લોકો નવા સંબંધો બાંધતા જાય છે, પરંતુ જૂના સંબંધો સાચવવાની તેમને દરકાર હોતી નથી. કેટલાક લોકો નવા સંબંધો માટે ઉત્સુક હોતા નથી, પરંતુ જે સંબંધો બંધાયા છે તેને સારી રીતે જાળવી રાખવા માટે સાચી નિષ્ઠાથી પૂરી દરકાર કરતા હોય છે. કેટલાક લોકોને ઓળખાણો ઘણી બધી હોય છે, પરંતુ ઘર જેવો અંગત, ઉષ્માભર્યો, દિલ ખોલીને મનની ખાનગી – અંગત વાત કરી શકાય એવો સંબંધ બહુ ઓછાની સાથે હોય છે. કેટલાક લોકોને ઘરમાં પણ કોઇની સાથે ઘર જેવો આત્મીય સંબંધ હોતો નથી. કેટલાક લોકો નાની વાતમાં તરત સંબંધ બગાડી નાખે છે અને પછી આખી જિંદગી પસ્તાય છે. કેટલાક લોકો સંબંધ બગાડે છે, પણ પછી સામી વ્યકિતને કંઇ સ્વાર્થ કે ગરજ નથી એમ સમજતાં પોતે જ પાછા તેને વળગતા જાય છે.

કોઇકવાર કોઇક વ્યકિત સાથેનો સંબંધ અલ્પકાળ માટે ઘણો બધો ઘનિષ્ઠ થઇ જાય છે, પરંતુ સંજોગવશાત્ છૂટા પડયા પછી જીવનમાં બીજીવાર કયારેય તેને મળવાનું બનતું નથી. પ્રવાસમાં આવું ઘણી વાર બને છે શાસ્ત્રકારોએ ઉપમા આપી છે કે મહાસાગરમાં લાકડાના બે ટુકડાઓ તરતા તરતા એકબીજાની પાસે આવે છે. થોડો વખત સાથે રહે છે અને ત્યાર પછી એવા છૂટા પડી જાય છે કે ફરી તેઓ કયારેય એકબીજાને મળતા નથી. કોઇકવાર થોડીક ક્ષણ માટે થયેલો વિરલ સંબંધ જીવનભર યાદ રહી જાય છે. ફરી મળવાનો સંભવ નથી, પરંતુ એ સંબંધ વારંવાર વાગોળવાનું મન થાય એવો હોય છે. બીજી બાજુ અલ્પકાળ માટે થયેલો તીવ્રકટુ સંબંધ વર્ષો સુધી હૃદયમાં ખટકયા કરે છે. કયારેક વર્ષોનો ગાઢ સંબંધ તૂટયા પછી જિંદગીમાં ફરી કયારેય યાદ આવતો નથી. સંબંધોમાં આવી વિવિધ પ્રકારની ગતિસ્થિતિ ચાલ્યા કરતી હોય છે.

परस्परोपग्रहो जीवानाम् એ સૂત્ર અનુસાર સંસારમાં એકબીજા ઉપર ઉપકાર કરવો એ જીવનું લક્ષણ છે. જગતમાં પ્રત્યેક જીવને અન્ય જીવો સાથેના જે નવા સંબંધો બંધાય છે અને તેમાં ફેરફારો થાય છે તે બધા ઋણાનુબંધ અનુસાર, એટલે કે શુભાશુભ કર્મની ગતિ અનુસાર થાય છે એમ ભારતીય વિચારધારા સ્વીકારે છે. ઋણ એટલે દેવું અથવા ફરજ, પૂર્વના સમયનું ઋણ ચૂકવવાનું બાકી હોય ત્યાં તે ચૂકવવા માટે સંબંધો બંધાય છે. એ ઋણ સારું પણ હોય અને ખરાબ પણ હોય!

પોતાની આસપાસના સંબંધો શુભાશયવાળા અને શુભપરિણામી રહ્યા કરે એ માટે કેટલાક માણસો સતત જાગ્રત રહ્યા કરે છે. નિષ્ઠા, કરુણા, પ્રામાણિકતા, ન્યાયબુદ્ધિ, ઉદારતા, સહિષ્ણુતા, ક્ષમા વગેરેના ભાવોનું પોષણ જો હૃદયમાં રહ્યા કરે તો જ્યારે સંબંધોની પરિસ્થિતિ વિષમ બને અને માણસની કસોટી કરનાર નીવડે તેવે વખતે પણ સજ્જન માણસે તો વેર લેવાનો ભાવ ન રાખતાં, માનવતા, કરુણા, ક્ષમા વગેરેનો જ આશ્રય લેવો જોઇએ. સુજ્ઞ પુરુષો ચકાસણી કર્યા વગર કોઇ સંબંધને ગાઢ થવા દેતા નથી અને સંબંધ ગાઢ થયા પછી એને ગમે તે ભોગે પણ જાળવી રાખે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ જે ઉત્તમ જીવો છે તેની સાથેનો ઋણાનુબંધ જન્માન્તરમાં પણ સહાયરૂપ અને સદ્ગતિ તરફ લઇ જનારો બને છે હીન વ્યકિતઓ સાથેનો ઋણાનુબંધ માણસને અપકૃત્યો અને દુર્ગતિ તરફ દોરી જાય છે. એટલા માટે ડાહ્યા માણસો દુર્જન માણસો સાથે સંબંધ બાંધતા નથી અને સકારણ કોઇક બંધાય તો તેને ગાઢ થવા દેતા નથી.

સંબંધો જ્યારે અતિશય બગડે, વાતાવરણ વિષમ બની જાય અને કોઇ ઉપાય ન સૂઝતો હોય તેવે વખતે 'દરેક જીવને પોતાનાં કરેલાં અશુભ કર્મો મોડાં કે વહેલાં ભોગવવાનાં જ છે, આ સંસારમાં બધું જ ભવિતવ્યતા અનુસાર થયા કરે છે'– એવી તત્ત્વદૃષ્ટિ રાખીને, બીજા જીવો પ્રત્યે સમભાવ અને ક્ષમાનો ભાવ જો ધારણ કરીને રહે તો એને પોતાને ઘણું સાંત્વન મળે અને પોતે અશુભ વિચારો, અધ્યવસાયો કે મન, વચન અને કાયાના અશુભ કર્મોમાંથી બચી જઇ શકે છે. પોતાના પૂર્વે બાંધેલાં અશુભ કર્મોને કારણે સંબંધો બગડતા હોય, અત્યંત દુઃખદાયક નીવડતા હોય તો માણસે જો શ્રદ્ધા હોય તો તપ – જપ – ધ્યાન ઇત્યાદિનો આશ્રય લઇ પોતાના અશુભ કર્મનો શુભ ચિત્તથી યથાશકય ક્ષય કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. એમ કરવાથી એટલે કે પોતાની સદ્વૃત્તિથી સામી વ્યકિતના ચિત્ત કે હૃદયનું પરિવર્તન થયાના અનેક દાખલાઓ જોવા મળે છે. કર્મ અને જન્મજન્માન્તરના ઋણાનુબંધની વાત સુધી જેમને ન જવું હોય તેઓ પણ જો પોતાના હૃદયને નિર્મળ કરે, ચિત્તમાં શુભ ભાવ ધારણ કરે, વેર લેવાની વૃત્તિ કાઢી નાખે, સામી વ્યકિત પણ સુખી થાઓ એવો અંતઃકરણપૂર્વક ભાવ ધારણ કરે તો સામી વ્યકિત ઉપર એનો પડઘો પડયા વગર રહેતો નથી.

મનુષ્યનું મન અકળ છે. એમાં કઇ કઇ ગ્રંથિઓ પડેલી છે

તેની એને પોતાને પણ ઘણીવાર ખબર હોતી નથી. માણસને પોતાને બહુ દુઃખ પડ્યું હોય અને પોતાની કરેલી કમાણી વાપરીને સંતાનો મોજમજા કરતાં હોય તો પોતાનાથી તે સહન થતું નથી. એના અસંપ્રજ્ઞાત-ચિત્તમાં એવી એક ગ્રંથિ બંધાય છે કે જેના પરિણામે પછીથી તેનાથી પોતાનાં સંતાનોનું સુખ ખમાતું નથી. માત્ર સંતાનોની બાબતમાં જ નહિ, કેટલીક સુખી વ્યક્તિઓ પોતાના સ્વજન-સંબંધીઓ કે મિત્રોના સમાન્તર સુખ કે ઉત્કર્ષ જોઈને રાજી થઈ શકતી નથી. તેઓ મોઢે પ્રશંસા કર્યા કરે, પણ મનમાં બળ્યા કરતા હોય છે અને છતાં પોતે કોઈ ગ્રંથિનો ભોગ બન્યા છે એની એને ખબર સુદ્ધાં હોતી નથી. એટલા માટે સંબંધોની બાબતમાં માણસે સુખી થવું હોય તો પોતાના મનમાં ગ્રંથિઓ ન બંધાવા દેવી જોઈએ. સ્વજન કે સંબંધી વિશે મનમાં આવેલા કોઈ નબળા અસદ્ વિચારનું વારંવાર સેવન ન કરવું જોઈએ. પતિ-પત્નીએ પણ 'એ તો આવી જ છે' અથવા 'એ તો એવા જ છે' એ પ્રકારના અપ્રગટ પૂર્વગ્રહને ચિત્તમાં વધુ ઘેરો થવા દેવો ન જોઈએ.

જે માણસને સંબંધોના વ્યવહારમાં આવા દુઃખદ અનુભવો થતા હોય તેની કેટલીક વ્યક્તિઓએ તો માત્ર પોતાના અભિગમને બદલવાની જ જરૂર છે. જગતના બધા જ જીવો સુખી થાઓ એવી ભાવનાનું વારંવાર સાચા હૃદયથી જો રટણ થાય તો કેટલીય વ્યક્તિઓ સાથેનો પોતાનો બગડેલો સંબંધ અટકે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થની ભાવનાને જીવનમાં જો ઉતારી શકે તો તેને પોતાની કેટલીયે સમસ્યાઓનું સમાધાન મળી રહે. 'કોઈ કદાચ મારા હાથમાંથી લઈ જઈ શકશે; પરંતુ મારા ભાગ્યમાંથી લઈ જઈ શકાતું નથી. મને નુકસાન કરનારાઓ કે મારી ટીકા કે નિંદા કરનારાઓ પણ આડકતરી રીતે તો મારા ઉપર ઉપકાર જ કરી રહ્યા છે'-આવો અભિગમ ઉદારચિત્તથી સેવે અને પ્રતિક્રિયાના કે વેરના વિચારોમાં રાચે નહિ તો તેના બગડેલા સંબંધોમાં મોટું વહેલું સદ્પરિવર્તન આવતું જ હોય છે.

એમ કહેવાય છે કે કેટલીકવાર તો પરસ્પર વેર વસૂલ કરવા માટે જ બે જીવો ભાઈ-ભાઈ તરીકે કે સાસુ-વહુ તરીકે કે અન્ય સ્વરૂપે જન્મ લે છે. પતિ - પત્ની, પિતા - પુત્ર, માતા - પુત્ર વગેરે કૌટુંબિક સંબંધોમાં તેમજ ગુરુ - શિષ્ય, શેઠ - નોકર, પાડોશી - પાડોશી વગેરે તમામ પ્રકારના સંબંધોમાં ઋણાનુબંધ કામ કરે છે. દરેક વખતે ઋણાનુબંધ અશુભ જ હોય છે એવું નથી, શુભ પણ હોય છે. કેટલાય જીવો બીજાને સુખ આપવા આતુર અથવા દુઃખ આપવા માટે જ જાણે સંસારમાં જન્મ લેતા હોય એવા પણ દાખલા જોવા મળે છે. કોઈક કુટુંબમાં એક બાળકનો જન્મ થાય છે અને આખું કુટુંબ ઉત્તરોત્તર વધુ ને વધુ સુખ અનુભવે છે. કોઈક કુટુંબમાં એક અપંગ કે મંદબુદ્ધિના કે લોકભાષાનો શબ્દ વાપરીએ તો અપશુકનિયાળ બાળકનો જન્મ થાય છે અને તે આખા કુટુંબને વારંવાર તકલીફમાં મૂક્યા કરે છે. કુટુંબની પડતી થાય છે. કેટલાક જીવોની હયાતી જ શુભ રૂપ હોય છે. એમની વિદાય પછી અશુભ ઘટનાઓ વારંવાર બનવા લાગે છે. કુટુંબની કોઈક વ્યક્તિની વિદાય પછી સુખના દિવસો ઊગે છે. ઋણાનુબંધ કેવું કામ કરે છે તેનાં આવાં અનેકવિધ ઉદાહરણો આપણી આસપાસ જોવા મળશે.

જગતમાં આવી રીતે બે વ્યક્તિઓ વચ્ચે શુભાશુભ સંબંધ બંધાય છે, વૃદ્ધિ પામે છે અને ફરી પાછો વિલીન થઈ જાય છે. માણસને કયારેક પ્રશ્ન થાય કે આ બધાંની પાછળ શું કોઈ નિયમ નહિ પ્રવર્તતો હોય ? જેઓ સમગ્ર સંસારના સ્વરૂપનું વારંવાર ચિંતન કરે છે અને જેઓને પૂર્વજન્મ અને પુનર્જન્મમાં પૂરી શ્રદ્ધા છે તેઓને તો તરત પ્રતીત થશે કે જગતના તમામ જીવો એકબીજા સાથે ઋણાનુબંધથી સંકળાયેલા છે. એ ઋણાનુબંધ શુભ હોય કે અશુભ પણ હોય. કયારેક તે શુભમાંથી અશુભ થાય અને કયારેક અશુભમાંથી શુભ પણ થાય. શુભ ઋણાનુબંધના ઉદયે પરસ્પર સ્નેહ, સદ્ભાવ, સહકાર, સ્વાર્પણ વગેરે દ્વારા ફરી શુભ ઋણાનુબંધ બંધાય અને ઈર્ષ્યા, દ્વેષ, વહેમ, લોભ, કપટ, કલહ, સંઘર્ષ વગેરે દ્વારા અશુભ ઋણાનુબંધ બંધાય, તેવી જ રીતે અશુભ ઋણાનુબંધના ઉદયે ફરી પાછા પરસ્પર અશુભ કે શુભ ઋણાનુબંધ બંધાય. જીવની પોતાની જાગૃત અને સ્વસ્થ દશા કેટલી છે અને તેની સમજદારી તથા શક્તિ કેટલી છે વગેરે ઉપર તેનો આધાર રહે છે. જૈન ધર્મ તો કહે છે કે માત્ર મનુષ્યો વચ્ચે જ નહિ, મનુષ્ય અને તિર્યંચગતિના જીવો વચ્ચે, મનુષ્ય અને દેવગતિના જીવો વચ્ચે-એમ સમાન કે વિવિધ ગતિના જીવો વચ્ચે પણ ઋણાનુબંધના સંબંધો હોય છે, જે શુભ કર્મના ઉદયે શુભપણે પરિણમે છે અને અશુભકર્મના ઉદયે અશુભપણે પરિણમે છે. જે સમયે જે પ્રકારનો ઋણાનુબંધ ઉદયમાં આવ્યો હોય તે સમયે તેવા પ્રકારના અનુભવો જીવને થાય અને તે સમયે નવા ઋણાનુબંધ બાંધવામાં જીવ જેટલો જાગૃત રહે તે પ્રમાણે તે તે બંધ ભવિષ્યમાં તે તે રૂપે પરિણમે. આમ, મોક્ષપ્રાપ્તિ સુધી જીવોના પરસ્પર ઋણાનુબંધ સતત ચાલ્યા કરતા હોય છે.

જૈન ધર્મમાં એમ કહેવાય છે કે જ્યારે એક જીવ સિદ્ધાવસ્થા (મોક્ષગતિ) પ્રાપ્ત કરે છે ત્યારે નિત્ય નિગોદમાંથી એક જીવ છૂટો પડીને વ્યવહાર રાશિમાં આવે છે. આ પણ પૂર્વેના ઋણાનુબંધને કારણે જ બને છે.

— રમણલાલ ચી. શાહ

સાભાર સ્વીકાર

આરામ શોભા રાસ સંપાદક : જયંત કોઠારી * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૩૫૫ * મૂલ્ય રૂા. ૯૦/ પ્રકાશક જૈન વિદ્યા વિકાસ ફંડ, ૭૭/૭૭૫, સરસ્વતી નગર, અમદાવાદ-૧૫ ★ **વિચારોની વાટે** લે. મુનિ ભુવનચંદ્ર-વિજયજી * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ ૧૩૪ મૂલ્ય રૂા. ૧૦/ પ્રકા. આત્મજાગૃતિ ટ્રસ્ટ, મહાવીર નિવાસ, ઝોખાણી શેરી, મોરબી (સૌરાષ્ટ્ર), ★ **જીવન સાધના** સંપા. શ્રેયાર્થી * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ ૪૮ * મૂલ્ય રૂા. ૨/ પ્રકાશક શ્રી સત્શ્રુત સેવા સાધના કેન્દ્ર, કોબા. જિ. ગાંધીનગર.

સાફ છુપતે ભી નહીં, સામને આતે ભી નહીં

(પૃષ્ઠ ૧૮થી ચાલુ)

બોલાતું 'ટેમ્પરવારી' કે 'કોન્ટ્રેક્ટ' માટે બોલાતું 'કન્ત્રાટ' રૂપ સાંભળી એમની હાંસી કરનાર સુશિક્ષિતો, અંગ્રેજો દ્વારા આ જ રીતે ઘડાતા મૂળ શબ્દોના આવા રૂપો કેવા ગૌરવપૂર્વક સ્વીકારી લઇએ છીએ!

પણ અંગ્રેજોએ આવું તો ઘણું કર્યું છે. આવો, થોડું એ પણ જોઇ લઇએ.

બ્રિટિશરોએ ભારતમાં પગપેસારો કર્યો ત્યારે એમની દાનત પ્રમાણે એમનો મુખ્ય સંબંધ અહીંના રાજાઓ જોડેજ રહેતો. આ ક્ષેત્રે બ્રહ્મદેશ (બર્મા)માંના ફ્રેડ્રન જેક્સને સન ૧૭૫૫માં પાટલીકુવર-'યુવરાજ માટે યોજેલો શબ્દ નોંધવા જેવો છે.

'યુવરાજ' શબ્દ એમને માટે નવો ને અસ્પષ્ટ હતો અર્થ તો પૂછીને જાણી લીધો પણ કંઇ ફાવતું નહોતું પરિણામે એમણે આ માટે 'અપર રોજર' (Upper Roger) રૂપ બનાવી લઇ એ એમના પત્રમાં લખ્યું.

અંગ્રેજી ઓકરફ્ડ શબ્દકોશ લો! મોટો કોશ હશે તો એમાં તમને 'બોબરી' ને 'બોબરી બોબ' શબ્દો મળશે. અર્થ છે આશ્ચર્ય કે દુઃખનો ઉદ્‌ગાર, કોલાહલભર્યું ક્ષુબ્ધ વાતાવરણ, શોરગુલ વગેરે.

આ શબ્દો મૂળ ભારતીય હોઇ શકે એવી શંકા પણ આવે એમ નથી—છતાં હકીકત એ છે કે આ બે ભારતીય શબ્દો છે. આમાં 'બોબરી'ના મૂળમાં છે 'બાપ રે!'

અને 'બોબરી બોબ'ના મૂળમાં છે 'બાપ રે બાપ!'

અંગ્રેજો અહીં આવી આવા કેટલાક પ્રયોગોથી પરિચિત થયા ને એમના વ્યાપક ઉપયોગોને લક્ષને એમાંના કેટલાક અપનાવી પણ લીધા છે—અલબત્ત, એમને ફાવ્યું એ રીતે સંસ્કારીને-એવા રૂપોમાં!

આમાંનો એક ખૂબ જ રમૂજ ઉપજાવે એવો પ્રયોગ છે 'હોબ્સન-જોબ્સન!'

અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે કેટલીક બાબતો એવી યે જોઇ જેનાથી એ તદ્દન અપરિચિત હતા. મહોરમના દિવસોમાં આપણા મુસલમાન બિરાદરો એમના અત્યંત આદરણીય ધર્મામો હસન ને હુસેનની શોકપૂર્ણ યાદ તાજી કરે છે ને આર્તસ્વરે એમને પોકારે છે.

આવા 'યા હસન, યા હુસેન' પોકારો આ પરદેશીઓ માટે અપરિચિત હતા. ધ્વનિ ને અર્થ બંને અજાણ્યા! એટલે એમણે માની લીધેલા આના ઉચ્ચા એમને પરિચિત એવા રૂપમાં ગોઠવાઇને-અનેક રૂપો ધારણ કર્યા પછી ૧૮૨૪ માં 'હોબ્સન જોબ્સન' રૂપે સ્થિર થયા.

વખત જતાં આનો અર્થ પછી કંઇક વિસ્તૃત થયો. (મહોરમ સિવાયના યે) કોઇ પ્રસંગે થતી ધમાલ, મોટા સમૂહોમાં પળાતા ઊજવાતા પ્રસંગો પણ પછી 'હોબ્સન જોબ્સન કહેવાતા થયા. આ પ્રયોગ પણ મોટા અંગ્રેજી કોશમાં નોંધાયેલો મળે છે.

આ પ્રયોગમાંનો મોટા સમૂહનો, ટોળાનો ને એની જોડે સંકળાયેલી ધમાલનો અર્થ લઇ પારસી સમાજમાં આ પ્રયોગ વર્ષો પહેલાં 'હાઉસન જાઉસન' રૂપે પ્રવેશ્યો છે અને હજુ યે સંભળાય છે.

કેવાં છે આ બધાં રૂપો! વિગતે ન જાણીએ તો પેલા ઉર્દુ શેરમાં છે ને એવું જ લાગે—'સાફ છુપતે ભી નહીં, સામને આતે ભી નહીં'! *

બળવા—બાળવામાં એકડો—ક્રોધ

* ગુલાબ દેઢિયા

ઉપાધ્યાય ઉદયરત્નજી મહારાજે જે સજ્ઝાયો લખી છે, તેમાં કવિત્વ શક્તિની સાથોસાથ વિષયને સરળ છતાં વિશદ રીતે નિરૂપવાની કળા છે. તેનો નમૂનો એમની ક્રોધ વિષેની સજ્ઝાયમાં મળે છે. તેઓ લખે છે:

કડવા ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે,
રીસ તણો રસ જાણીએ, હળાહળ તોલે
ક્રોધે ક્રોડ પૂરવ તણુ, સંજમફળ જાય,
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય.

ગુસ્સો કરવો એટલે બીજાની ભૂલ માટે પોતાની જાતને સજા કરવી. ક્રોધ એ તો આગ છે. જ્ઞાનીજનોનો હવાલો આપી કવિ કહે છે ક્રોધનાં ફળ કડવાં છે. ક્રોધનું પરિણામ દુઃખદાયક છે. રીસ કરવી એટલે વાંકું પડે, ખીજ ચડે, ગુસ્સો આવે, ક્રોધથી આંખો રાતીચોળ થઇ જાય, અવાજ ઊંચો થાય. શ્વાસ જોરથી ચાલવા લાગે પછી મગજ પર કાબૂ ન રહે અને અનર્થ કરી બેસીએ, તો એ ક્રોધનો રસ હળાહળ ઝેર બરાબર છે.

અગાઉ અનેક અનેક ભવોમાં સંયમનું પાલન કર્યું હોય પણ જો ક્રોધ આવ્યો તો સંયમનું ફળ છિનવાઇ જાય છે. ક્રોધ સાથે તપશ્ચર્યા કરવામાં આવે તો એ તપ કર્મને બાળનાર નથી બનતું.

કવિ પછી ચંડકૌશિક નાગનું દૃષ્ટાંત આપે છે. તાપસ ક્રોધ કરી બીજા ભવમાં ઝેરભર્યો નાગ બને છે. પોતાના ક્રોધથી કેટકેટલા જીવોના પ્રાણ હરે છે! છતાં એનું સદ્‌ભાગ્ય કે પ્રભુ મહાવીર એને મળ્યાં અને એનો ઉદ્ધાર થયો.

જે ઘરમાં આગ ભભૂકી ઊઠે, પહેલાં તો એ જ ઘર બળે છે. એટલે જે ક્રોધ કરે છે. વેરઝેર રાખે છે તે પ્રથમ પોતે તો બળીને ખાખ થઇ જાય છે, સાથે નિકટના સ્વજનોને પણ ત્રાસરૂપ બને છે. શાંતિ, સહનશીલતા, ઉદારતા અને ક્ષમા એ જળ જેવાં શીતળ છે. ક્રોધના દાવાનળને એ જ ઠારી શકે છે. એટલે જ કવિએ લખ્યું છે:

આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પ્રજાળે.

જ્ઞાનીઓએ ક્રોધ ન કરવા કહ્યું છે અને ચેતવ્યું છે કે ક્રોધીને કોઇ મિત્ર નથી હોતો, ક્રોધ હેતને હણી નાંખે છે.

મનમાં જે મમત્વ છે, મમભાવ છે, પોતાની વાત સાચી ઠરાવવાની જિદ્દ છે ધાર્યું કરવાનો દુરાગ્રહ છે. તેથી સ્વભાવ ક્રોધી બની જાય છે ક્રોધથી શરીર પર પણ ખૂબજ માઠી અસર થાય છે. ક્રોધ કરનાર અનેક રોગનો ભોગ બને છે. માનસિક શાંતિ રહેતી નથી. એટલે શરીર, મન અને આત્મા ત્રણેના ભલા માટે ક્રોધને ગળેથી પકડીને સમૂળગો કાઢવાની જરૂર છે. ઉપશમરસ-શાંતિથી સમભાવથી, રત્નેહથી સ્નાન કરીને દેહને, મનને અને આત્માને નિર્મળ કરવાની જરૂર છે.

આપણે ક્રોધને જાણીએ છીએ, છતાં તજી નથી શકતા એ જ આપણી લાચારી છે. મનમાં ઉદારતા આવે સામી વ્યક્તિના દૃષ્ટિકોણને સમજવાની દૃષ્ટિ પ્રગટે તો ક્રોધને વશ કરી શકાય. ભૂલને સુધારવાનો ઉપાય ક્રોધ નથી, આગને ઠારવાને ઉપાય એમાં ઘી હોમવું એ નથી એમ સમજશે અને આચરણમાં આવશે ત્યારે જ આપણો ઉગારો છે.

કવિ ઉદયરત્નજી મહારાજે આત્મામાં સદ્‌ગુણો પ્રગટાવવા માટે જે કષાયોને દૂર કરવાની જરૂર છે, તેમાં પ્રથમ કષાય તરીકે ક્રોધને ગણાવ્યો છે. આ સજ્ઝાય કંઠસ્થ થયા પછી મનસ્થ થાય તો જ શાંતસુધારસનું પાન કરી શકીશું. *

સાફ છુપતે ભી નહીં, સામને આતે ભી નહીં

પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

એક વાત ૧૯૭૬ની. ત્યારે 'જગરનોટ' નામની એક અંગ્રેજી ફિલ્મ ઠીક ઠીક લોકપ્રિય થઇ હતી. એમાં, જગરનોટ નામનો માણસ, આનંદ પર્યટન માટે સ્ટીમરમાં નીકળેલા ૧૨૦૦ પ્રવાસીઓને સ્ટીમર સહિત ઉડાવી દેવાની ધમકી આપે છે-જો તેને ૨૪ કલાકમાં અમુક માતબર રકમ ન મળે તો ! આ ધમકીની યથાર્થતાના સમર્થનમાં સ્ટીમરમાં એક ધડાકો પણ થાય છે ને વાર્તા આગળ વધે છે.

અંગ્રેજીમાં 'જગરનોટ'નો અત્યારે પ્રચલિત અર્થ છે-અદમ્ય ભયાનક તાકાત-શકિત ! આ કથાના પાત્રનું આવું નામ આમ સાર્થક જ છે.

આ તો બહુ જૂની વાત થઇ, ખરું ને? તો અત્યારની વાત કરીએ. હવે તો ઘણાં પશ્ચિમની ઢબની ફાઇવસ્ટાર' હોટેલોમાં જતા હોય છે. દિલ્હી તથા અન્ય મોટા શહેરોની આવી હોટેલોમાં અનેક પ્રકારનાં સૂપ પણ પીરસાતાં હોય છે. જેમાં એકનું નામ હોય છે. 'મલિગટોની' !

ખાણી-પીણીનો શોખ એક વાત છે ને પશ્ચિમનું એટલે કે 'ઇમ્પોર્ટેડ' એટલું બધું જ ઉચ્ચ કક્ષાનું એવો મોહમય ખ્યાલ કે પક્ષપાત એ બીજી વાત છે. આવા મલિગટોની'ના શોખીનો એ માનવા તૈયાર થશે ખરા કે આ વાની અને એનું નામ બને મૂળ સ્વરૂપમાં ભારતીય છે?

પણ હકીકત કંઇક એવી જ છે. હૈદરઅલીની બેંગલોર-માંની એક જેલમાં સને ૧૭૮૪માં એક યુરોપીયન કેદીએ આ નામનો સૌથી પહેલો ઉપયોગ કર્યો હતો. ત્યારે દક્ષિણ ભારતમાં લોકો ખોરાકમાં મરીનું પાણી પીતા. આ કેદીને પણ એ અપાયું. એને એ ખૂબ ભાવી ગયું! પણ આનું નામ?

ત્યાં મરીને 'મલિગુ' અને પાણીને 'તન્નીર' કહેતા. આમ પેલું મરીનું પાણી ત્યાં 'મલિગુ – તન્નીર' કહેવાતું.

પેલા કેદીએ નામ તો પૂછી લીધું પણ ન તો એ કંઇ સમજ્યો, ન બોલવામાં ફાવ્યું ! એટલે એણે તો એનું બોલવામાં ફાવ્યું એવું ને આવડયું એવું રૂપ બનાવી લીધું ને એ નામ બન્યું – 'મલિગુટોની !'

આમ મૂળ આ માલગુ તન્નીર એટલે મરીનું પાણી તે હવે 'મલિગટોની' એટલે શબ્દાર્થમાં બહુ બહુ તો 'મરીનું સૂપ'– એટલું જ !

એટલે મૂળ તો આ રૂપ ભારતમાં જ ઘડાયું છે. પણ જેમ અહીંથી જ 'એકસપોર્ટ'' (નિકાસ) થયેલો કાચો માલ પરદેશમાં 'પ્રોસસ' થઇ પાછો આપણે ત્યાં આવે છે ને આપણે તેને 'ઇમ્પોર્ટેડ' માની વધાવી લઇએ છીએ તેવું જ આ 'મલિગટોની'નું થયું છે.

ચાલો, તો હવે પેલા 'જગરનોટ'ની વાત પણ કરી લઇએ. છે તો નવાઇ લાગે એવું પણ એ નામના મૂળમાં છે. સંસ્કૃત નામ 'જગન્નાથ' ! એટલું જ નહીં, પણ પુરીના શ્રી જગન્નાથજીની રથયાત્રા જોડે પણ એના પ્રચલિત અંગ્રેજી પ્રચલિત અર્થ સંકળાયેલો છે.

વાત માન્યામાં નથી આવતીને? કયાંથી આવે? કયાં 'જગતના નાથ! નો અર્થ ધરાવતું નામ 'જગન્નાથ' ને કયાં ભયાનક રાક્ષસી તાકાતનો અર્થ ધરાવતું નામ જગરનોટ'! મેળ જ કયાં ખાય છે?

ઓરિસ્સામાં 'પુરી'–એટલે કે જગન્નાથપુરીમાં જગન્નાથજીનું મંદિર છે. અહીં વિષ્ણુના એક વિશિષ્ટ અવતારની મૂર્તિની પૂજા થાય છે. આ પ્રાચીન મંદિરનું મહાત્મ્ય ગજબનું છે. નોંધ પ્રમાણે ઇ. સ. ૧૬૧૬માં અહીં રોજ ૬૦૦૦ બ્રાહ્મણો મંદિરમાં પુજા કરતા.

હજુ યે દર વર્ષે એક અત્યંત વિશાળકાય રથમાં આ (અને સાથેની અન્ય) મૂર્તિની યાત્રા નીકળે છે આ (લગભગ ૧૭૨૭ ફૂટ જેટલા) ઊંચા રથને ૧૬ મોટાં પૈડાં હોય છે. લગભગ ૨૦૦૦ માણસો એકીસાથે એને ખેંચી શકે એટલા લાંબા દોરડા વડે એ ખેંચાય છે એના દર્શન માટે દેશના દૂર દૂરના ભાગોમાંથી અસંખ્ય લોકો આવે છે ને એના દર્શનથી પાપ ધોવાઇ જાય છે એવી દૃઢ શ્રદ્ધા ધરાવે છે; એટલે જ એના પ્રતીકરૂપે શ્રદ્ધાળુ ભકતો અન્યત્ર પણ આવી રથયાત્રાનું આયોજન કરતા હોય છે–આમાંની એક તે મુંબઇની રથયાત્રા.

પુરીની રથયાત્રા વિશે ખાસ નોંધવા જેવી એક વાત એ છે કે અત્યંત શ્રદ્ધાળુ ભકતો આ રથના પૈડા નીચે સ્વેચ્છાથી સૂઈ જતા ને કચડાઇને તત્કાળ મૃત્યુ પામતા. આમ મૃત્યુ પામનારની 'મુકિત' થતી એવી દૃઢ શ્રદ્ધા પ્રચલિત હતી (હવે આ બંધ થયું છે.)

પણ ત્યારના (ને આજના યે) અંગ્રેજોને ગળે આ વાત ઊતરે, એવું નહોતું. એ લોકો આવી વાતો નોંધી લેતા ને વિગતો ઇંગ્લેન્ડ મોકલતા.

એમણે નોંધેલા આ પ્રસંગમાં 'જગન્નાથ' નામ ક્રમે ક્રમે બદલાઇને–JAGNAR (૧૩૧૧) JAGNAUT (૧૫૬૦) JAGERNOT (૧૬૮૨) ને અંતે ૧૮૧૪માં JUGGERNAUT રૂપ ધારણ કર્યું જે હવે અંગ્રેજીમાં સ્થિર થયું છે.

આ નામ જોડે પેલી રથયાત્રા પણ સંકળાયેલી હતી જ ! અંધશ્રદ્ધા, કઠોરતા પૂર્વકના બલિદાન ને રથની ગજબની વિશાળતા – આ બધું ભળીને લક્ષણોથી આવી બલિદાન માગી લેતી ભયાનક શકિત એવા અર્થનું પણ આ નામમાં આરોપણ થયું જે આજે ય પ્રચલિત છે.

સાવ અંગ્રેજી લાગતા આવા શબ્દો, મૂળ ભારતીય શબ્દોનાં અંગ્રેજોએ – ન સમજવાથી ને ન ફાવવાથી–ઘડેલાં રૂપો છે! પણ આપણે.....?

કોઇ અજાણ કે અલ્પ શિક્ષિત દ્વારા 'ટેમ્પરરી' માટે

(પૃષ્ઠ પાના ૧૭ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ – ૪૦૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટસ', જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪

વર્ષ : ૫૧ * અંક ૧૫ : * તા. ૧-૧૨-૧૯૮૯ ..... Regd. No. MH. Rv / Sosth 54 * Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર * પરદેશમાં રૂા. ૩૦૦/-

તંત્રી : રમણલાલ ચી. શાહ

ચિત્રકૂટમાં નેત્રયજ્ઞ

ભારતમાં છેલ્લા કેટલાંક વર્ષોથી જુદે જુદે સ્થળે નેત્રયજ્ઞો યોજાય છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં કેટલાક નેત્રયજ્ઞોમાં જઇને ત્યાંની કાર્યવાહી નજરે નિહાળવાનું બન્યું છે. સમગ્ર ભારતમાં સૌથી મોટો નેત્રયજ્ઞ શ્રી સદ્‌ગુરુ સેવા સંઘ ટ્રસ્ટ તરફથી ચિત્રકૂટમાં યોજાય છે. એનું કાર્ય જાતે જોવાની તક હમણાં પ્રાપ્ત થઇ હતી. મારી આ મુલાકાતની વ્યવસ્થા કરી આપવા માટે શ્રી રામદાસભાઇ, શ્રી ચંપકભાઇ મોદી, શ્રીમતી નિરુબહેન શાહ વગેરે મિત્રોનો ઋણી છું.

ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશની સરહદ ઉપર આવેલું પવિત્ર સ્થળ ચિત્રકૂટ ભગવાન રામ અને સીતા માતાના જીવન પ્રસંગોની દૃષ્ટિએ તીર્થયાત્રાનું એક મહત્ત્વનું સ્થળ ગણાય છે. છેલ્લાં કેટલાક વર્ષોથી માનવ સેવાના મહત્ત્વના કાર્યોની સુવાસથી ચિત્રકૂટ વિશેષ પ્રસિદ્ધિ પામ્યું છે.

ચિત્રકૂટ મધ્ય પ્રદેશમાં સતના રેલ્વે સ્ટેશનથી આશરે ૭૫ કિ.મિ. દૂર આવેલું છે. (ખજુરાહો પણ આ જ વિસ્તારમાં આવેલું છે.) જંગલ અને ઘાટવાળા આ પ્રદેશમાં મંદાકિની નદીનાં નિર્મળ નીર ધીમે ધીમે વહે છે. આસપાસનું વાતાવરણ શાંત અને પવિત્ર છે. જાનકીકુંડમાં શ્રી સદ્‌ગુરુ સેવા સંઘના આ કેમ્પસમાં-આશ્રમમાં દાખલ થતાંજ કોઇ અનેરું પ્રસન્ન વાતાવરણ અનુભવાય છે. ચારેબાજુ હરિયાળી છે, પક્ષીનો કલરવ છે. અહીં ગુરુભક્તો 'જય ભગવાન' કહીને એકબીજાને ભિરદાવતા હોય છે. એવા પ્રસન્ન અને ઉત્સાહભર્યા વાતાવરણમાં નેત્રયજ્ઞની કાર્યવાહી જોવી એ પણ અનોખો અનુભવ છે.

ચિત્રકૂટના વિસ્તારમાં રામઘાટ, જાનકીકુંડ, ગુપ્ત ગોદાવરી, હનુમાનધારા, અનસૂયા, સ્ફટિકશિલા, કામદ પર્વત વગેરે શાંત, પવિત્ર ધામોમાં અનેક મહાત્માઓ હજારો વર્ષથી પોતપોતાની સાધના કરતા આવ્યા છે. સમયે સમયે જુદા જુદા મહાત્માઓ આત્મસાધનાની સાથે ધર્મપ્રચાર અને લોકકલ્યાણનાં કાર્યો કરતા રહ્યા છે. આ મહાત્માઓમાંના એક મહાત્મા તે પરમ પૂજ્ય સ્વામી રણછોડદાસજી મહારાજ હતા. તેમણે ચિત્રકૂટમાં રહીને ઉગ્ર તપશ્ચર્યા અને વિશિષ્ટ સાધના કરી હતી. એમની પ્રેરણાથી એ વિસ્તારમાં અને અન્યત્ર લોકસેવાનાં ઘણા મહત્ત્વનાં કાર્યો ચાલુ થયાં છે. લગભગ ચાર દાયકાથી આજ દિવસ સુધી લોકસેવાની આ પ્રવૃત્તિ સતત વિકસતી રહી છે. છેલ્લા બે દાયકામાં તો એ પ્રવૃત્તિઓએ વધુ વ્યવસ્થિત સ્વરૂપ ધારણ કર્યું છે. ઇ. સ. ૧૯૫૦માં ચિત્રકૂટમાં પહેલો નેત્રયજ્ઞ યોજાયો ત્યારે ૬૫૦ ઓપરેશનો થયાં હતાં. અને ૧૯૮૦-૮૧માં ૩૦મો નેત્રયજ્ઞ ચિત્રકૂટમાં થયો ત્યારે ત્યાં પંદર હજારથી વધુ ઓપરેશનો થયાં હતાં. અત્યાર સુધીમાં ૪૪ નેત્રયજ્ઞ યોજાયા છે અને સવા બે લાખથી વધુ ઓપરેશનો થઇ ચૂક્યાં છે. માનવતાના ક્ષેત્રે આ એક ભગીરથ કાર્ય ગણાય !

આરંભમાં જુદે જુદે સ્થળે નેત્રયજ્ઞો યોજાતા હતા ૧૯૭૫થી ટ્રસ્ટ તરફથી ચિત્રકૂટમાં નેત્રયજ્ઞ માટે કાયમી ધોરણે કેટલીક વ્યવસ્થાઓ કરવામાં આવી છે. એટલે ત્યારથી દર વર્ષે ચિત્રકૂટમાં નેત્રયજ્ઞ યોજાય છે. અગાઉ અન્ય સ્થળે જે નેત્રયજ્ઞો કામચલાઉ ધોરણે યોજવામાં આવતા હતા તેમાં ભરતપુરના નેત્રયજ્ઞમાં ૧૪ હજારથી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. એ સમયે ડોકટરોએ અને સ્વયંસેવકોએ ઊભે પગે સતત જે સેવાકાર્ય કર્યું હતું તેના સંસ્મરણો હજુ પણ તેઓ વાગોળે છે.

નેત્રયજ્ઞ માટે હવે કેટલાંક વર્ષથી ચિત્રકૂટનું જાનકીકુંડ સ્થળ નિશ્ચિત થઇ ગયું છે. અને નેત્રયજ્ઞના દિવસો પણ નિશ્ચિત થઇ ગયા છે. પ્રતિવર્ષ કારતક માસના આરંભથી લગભગ એક મહિના માટે આ નેત્રયજ્ઞ ચાલુ રહે છે. અનેક દર્દીઓ દ્વારા આસપાસના બધા વિસ્તારોમાં આ વાત હવે જાણીતી થઈ ગઇ છે એટલે જેને પણ આંખે ઓપરેશન કરાવવું હોય એ વગર કીચે કારતક મહિનામાં ચિત્રકૂટમાં પહોંચી જાય છે. વર્ષોથી ચાલતી આ સરસ પ્રવૃત્તિથી એ પ્રદેશના ઘણા લોકો સુમાહિતગાર છે એટલે હવે નેત્રયજ્ઞ માટે પ્રચારની બહુ અપેક્ષા રહેતી નથી. બીજી બાજુ આશ્રમમાં પણ પ્રતિવર્ષ જરૂરિયાત અનુસાર નવી નવી વ્યવસ્થા કાયમી ધોરણે કરવામાં આવતી જાય છે.

પ. પૂ. શ્રી રણછોડદાસજી મહારાજના સંપર્કમાં શ્રી અરવિંદભાઇ મફતલાલ આવ્યા ત્યારથી તેમણે ગુરુ મહારાજની પ્રેરણાથી લોકસેવાનું આ કાર્ય મોટા પાયે ઉપાડી લીધું. ટ્રસ્ટને દાનનો મુખ્ય પ્રવાહ તેમના તરફથી સાંપડતો રહ્યો છે. કોઇ સંત મહાત્મા, કોઇ એક વ્યક્તિના જીવનમાં કેટલું મોટું સદ્‌પરિવર્તન આણી શકે છે તે આ ઘટના ઉપરથી જોઈ શકાય છે.

શેઠશ્રી અરવિંદભાઇ મફતલાલ જન્મારથી આ ટ્રસ્ટની સ્થાપના થઇ અને ચિત્રકૂટમાં નેત્રયજ્ઞ યોજવા ચાલુ થયા

ત્યારથી પ્રતિવર્ષ નિયમિતપણે ચિત્રકુટમાં નેત્રયજ્ઞમાં આવે છે, તેની વ્યવસ્થાની સંભાળ રાખે છે અને યોગ્ય માર્ગદર્શન આપે છે. તેમના પરિવારના સભ્યો પણ આ નેત્રયજ્ઞમાં સક્રિય રસ લે છે. પૂ. રણછોડદાસજી મહારાજના સમાગમથી શેઠશ્રી અરવિંદભાઈના જીવનમાં લોકસેવાનો સંદેશો વણાઈ ગયો છે અને તેમનામાં સાદાઈ, સરળતા વિનમ્રતાના સદ્‌ગુણોનો વિકાસ થયો છે. એમનું લોકસેવાનું કાર્ય બીજા અનેક ધનપતિઓ માટે પ્રેરણારૂપ બને એવું છે.

પૂજ્ય રણછોડદાસજી મહારાજના જીવનના કેટલાયે પ્રેરક પ્રસંગો છે. એમના થકી પોતાને ચમત્કારિક અનુભવો થયાની વાત પણ કેટલાક પાસેથી સાંભળવા મળે છે.

પૂજ્ય રણછોડદાસજી મહારાજનો પુણ્યપ્રભાવ ઉત્તર ભારતમાં અને ગુજરાત, સૌરાષ્ટ્ર તથા અન્ય સ્થળે ઘણો મોટો રહ્યો છે. તેમના હજારો ભક્તો છે. આવા ભક્તોમાંથી કેટલાય ભક્તો પોતાનો કામધંધો છોડીને માનદ્ સેવા આપવા માટે કારતક મહિનામાં ચિત્રકુટ પહોંચી જાય છે. ચિત્રકુટમાં જે વિશાળ ફલક ઉપર નેત્રયજ્ઞ યોજાય છે તે માટે અનેક સ્વયંસેવકોની જરૂર પડે છે. ગુરુભક્તો એ સેવા આપવા માટે હંમેશાં તત્પર હોય છે. મુંબઈ, રાજકોટ, વેરાવળ, સુરત, બગસરા વગેરે સ્થળેથી સ્વયંસેવકોની ટુકડીઓ ત્યાં આવી પહોંચે છે મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાંથી પણ સંખ્યાબંધ સ્વયંસેવકો આવે છે. પંદર દિવસ કે એક મહિનાનું રોકાણ હોવાને કારણે કેટલાક તો સહકુટુંબ ત્યાં આવી પહોંચે છે. આ બધા જ સ્વયંસેવકો ઓપરેશન થિયેટરમાં, વોર્ડમાં, રસોડામાં કે અન્ય સ્થળે આપેલી ફરજ બજાવવા માટે વહેલી સવારથી જે અથાગ પરિશ્રમ ઊઠાવે છે તે ધન્યવાદને પાત્ર છે.

પૂજ્ય રણછોડદાસજી મહારાજ સમગ્ર ભારતમાં ઘણું વિચર્યા હતા અને એમના સંપર્કમાં અનેક લોકો આવ્યા છે. જે લોકોએ પૂજ્ય મહારાજને નજરે જોયા છે અને તેમના સમાગમમાં આવ્યા છે તે બધાના જીવનમાં લોકકલ્યાણનો એક અભિગમ સર્જાયો છે. પૂરી નિષ્ઠાથી અને સેવાભાવનાથી કેટલા બધા કાર્યકર્તાઓ પોતાની મેળે આ નેત્રયજ્ઞમાં સેવા આપવા માટે દોડી જતા હોય છે. શ્રી રામદાસભાઈ ગોકાણી શ્રી ચંપકભાઈ મોદી અને ધનાબહેન મોદી, શ્રી જાનીબાપા, શ્રી રાજકાકા, શ્રી કાનજી બાપા, શ્રી વિઠ્ઠલભાઈ, ગુરુભક્ત સ્વ. કેશુકાકાના પરિવારના સભ્યો, વગેરે કેટલા બધા ગુરુભક્તો પૂરી લગની સાથે આ કામમાં લાગી ગયેલા ચિત્રકુટમાં આપણને જોવા મળે છે.

આ નેત્રયજ્ઞમાં ઘણાં બધાં વર્ષોથી માનદ્ સેવા આપનારા ડોકટરોમાં ડો. જોષનપુત્રા, ડો. જોશી, ડો. જોગલેકર વગેરે છે. તેઓના હાથે છેલ્લાં કેટલાંય વર્ષોમાં હજારો ઓપરેશન થયાં છે. આખો દિવસ તેઓ ઊભે પગે ચીવટપૂર્વક ઓપરેશન કરતા હોય છે. પ્રત્યેક દર્દીની આંખ સારી થાય એ માટે તેઓ સતત કાળજી રાખે છે. એકંદરે દર વર્ષે નેત્રયજ્ઞનું પરિણામ ઘણું જ સંતોષકારક રહે છે. આ ડોકટરો માને છે કે બાર મહિનામાં તેમનો સારામાં સારો સમય આ નેત્રયજ્ઞમાં પસાર થાય છે. એમાં તેઓ જીવનની ધન્યતા અનુભવે છે.

આ બધા પીઢ, અનુભવી ડોકટરો ઉપરાંત ડો. જૈન અને બીજા કેટલાક ડોકટરો પણ સારી સેવા આપે છે. જેઓ એક વખત ચિત્રકુટ આવે છે તેને પછી ચિત્રકુટ છોડવાનું મન થતું નથી.

આ નેત્રયજ્ઞમાં એક વોર્ડની અંદર ૩૦૦ થી વધુ દર્દીઓના ખાટલા રાખવામાં આવે છે અને એવા નવ જેટલા વોર્ડમાં દર્દીઓની ભરતી થાય છે. મહિલાઓ માટે જુદા વોર્ડ રાખવામાં આવે છે. જે દર્દીઓને બ્લડપ્રેશર, ડાયાબિટિસ કે આંખના ટેન્સનના કારણે વિશેષ ધ્યાન આપવાની જરૂર હોય તેવા દર્દીઓના માટે એક જુદો વોર્ડ રાખવામાં આવ્યો છે. એક વોર્ડમાં એક સાથે આટલા બધા દર્દીઓને રાખવામાં આવે છે કારણ કે તો જ ભોજન, તબીબી સહાય અને અન્ય બાબતો માટે પહોંચી શકાય. જેમ વોર્ડ નાના અને વધારે તેમ ડોકટરોની અને સ્વયંસેવકોની જરૂર વધારે પડે નેત્રયજ્ઞમાં આવનાર ઘણા ખરાં દર્દીઓ નિરક્ષર હોય છે. એટલે તેઓ દરેકને જે એક કાર્ડ આપવામાં આવે છે તે એમના ગળામાં દોરી વડે ભરાવી રાખવાનું હોય છે કે જેથી ડોકટરો કે સ્વયંસેવકો તેમની ભરેલી વિગતો પ્રમાણે દર્દી વિશે બધી માહિતી તરત જાણી શકે. દાખલ થયા પછી બધા દર્દીઓને નવા વસ્ત્રો અપાય છે. દર્દીઓના સગાઓને રહેવા-જમવા માટે બહાર વ્યવસ્થા હોય છે. અને તેઓને પોતાના દર્દીને નક્કી કરેલ સમયે મળવા દેવામાં આવે છે. 'મિલાપ' એટલે કે મિલન માટેની માઇક ઉપર જાહેરાત થતાં જ બધા જ માણસો પોતાના દર્દી પાસે પહોંચી જાય છે. આ એક દૃશ્ય જોવા જેવું હોય છે. પ્રૌઢ કે વૃદ્ધાવસ્થાએ પહોંચેલાં પતિપત્ની કે એમના સ્વજનો એકબીજાને મળવા કેટલા ઉત્સુક હોય છે. તે આ પ્રસંગે જોવા મળે છે. મળવા આવનાર સ્વજનો પણ મિલનનો સમય પૂરો થવાની માઇક ઉપર જાહેરાત થતાં જ વોર્ડમાંથી બહાર નીકળી જાય છે. એ જાતની શિસ્ત આ નેત્રયજ્ઞમાં આદરપાત્ર છે. ગરીબ ગભરૂ લોકો પોતાના સ્વજનની બીજા વોર્ડમાં બદલી થઈ હોય અને તરત તેની ભાળ ન મળતી હોય ત્યારે કેવી અસ્વસ્થતા અનુભવે છે તે પણ જોવા મળે છે. કેટલાક દર્દીઓ કે એના સાથીદારો એવા અભણ અને અજ્ઞાન હોય છે કે પોતાનું નામ કે ગામના નામ બોલવામાં પણ ગડબડ કરી નાખે છે. દર્દી એક નામનાં અને એક ગામનાં હોય છે ત્યારે તેમને મેળવી આપવામાં સ્વયંસેવકોને ઠીક ઠીક પરિશ્રમ પડે છે.

સ્વયંસેવક તરીકે વોર્ડની અંદર જે ભાઈ બહેનો કામ કરતા હોય છે તેઓને દરદીઓના વિવિધ પ્રકારના અનુભવો થતા હોય છે. દર્દીઓના જીવનની ભાત-ભાતની વાતો સાંભળવા મળે છે. આવા બધા અનુભવો એક વાર્તા કે નવલકથા લખવા જેટલા રસિક હોય છે. સ્વયંસેવકો પણ કોઈપણ પ્રકારની સૂગ રાખ્યા વગર દરદીઓની પ્રેમથી સેવા કરે છે. દરેક દર્દીને કોઈકને કોઈક પ્રશ્ન તો હોય છે. તેની વાત ધીરજથી અને પ્રેમથી સાંભળીને તેનો ઉકેલ સ્વયંસેવકો તરત લાવતા હોય છે. મહિલા દર્દીઓના માથામાં તેલ ઘસી આપવાનું કામ મુંબઈ, સૂરત વગેરે શહેરોની શ્રીમંત મહિલા સ્વયંસેવિકાઓ કરતી જ્યારે જોઈએ ત્યારે ગુરુભક્તિનો

(વધુ માટે જુઓ પૃષ્ટ ૧૧ ઉપર)

परस्परोपग्रहो जीवानाम् ।

• સ્વ. પૂ. પન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી

(ગતાંકથી પૂર્ણ)

ઉદાસીનતા અજ્ઞાન સૂચક છે :

જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય વચ્ચે પરસ્પર વૈધર્મ્ય હોવાથી ભેદ છે. પણ બધા જીવોમાં કેટલાક ધર્મો સમાન હોવાથી અભેદ પણ છે એમ શ્રી જિનાગમો ફરમાવે છે. જડ પદાર્થો આત્મભિન્ન હોવાથી એના પ્રત્યે ઉદાસીન-વૃત્તિ રાખવાની હોય છે. પણ જીવ સાથે જીવત્વરૂપે કથંચિત અભેદ હોવાથી એમના પ્રત્યે મૈત્રીભાવ પ્રગટાવવો જરૂરી છે.

પણ સર્વ જીવો સાથેના આ ઐક્ય સંબંધનું યથાર્થ જ્ઞાન નહિ હોવાથી આપણે જડની જેમ જીવની પણ ઉપેક્ષા કરીએ છીએ. એમ કરવાથી આપણે સ્વ-પરના અહિતકર્તા બનીએ છીએ. જે ઉદાસીન (માધ્યસ્થ) ભાવ જડ-ભૌતિક પદાર્થો પ્રત્યે કે કર્માધીન જીવોના પાપાચરણ પ્રત્યે કેળવવાનો હોય છે તે ભાવ આપણે અનંતા જીવો પ્રત્યે ધારણ કરીએ છીએ. તો એમાંથી એ જ સાબિત થાય છે કે આપણને હજુ જીવ અને જડભેદનું જ્ઞાન જ નથી થયું અથવા સર્વજ્ઞ પરમાત્માના યથાર્થ વચન ઉપર વિશ્વાસ નથી પ્રગટયો.

સંબંધમાં ખોટ લાગે છે :

આપણને પોતાના સુખ-દુઃખના કે હિતાહિતના વિચારની જેમ સર્વ જીવોના સુખ-દુઃખાદિનો વિચાર પણ જીવત્વ તરીકેના એક સંબંધને લઇને આવવો જ જોઇએ. સર્વના શુભ વિચાર વિના વાસ્તવમાં સ્વનું હિત થઇ શકતું નથી. સર્વ જીવો સાથેના ઐક્ય સંબંધને જાળવી રાખવા માટે મૈત્રી આદિ ભાવો અનિવાર્ય છે. આ ભાવોમાં જેટલા અંશે ન્યુનતા-ખોટ આવે છે એટલા અંશે જીવો સાથેના સંબંધમાં કે તેમના દ્વારા થતા હિતમાં આવે છે. મૈત્રીભાવ વિનાના સંબંધો હિતકારી નહિ, અહિતકારી બને છે

ભાવોની વ્યાપક અસર :

શુભ કે અશુભ ભાવની જેવી અસર આપણા ચિત્તને થાય કે તેવી જ અસર એ ભાવ જેને ઉદ્દેશીને કરવામાં આવે છે તેને પણ વહેલી કે મોડી અવશ્ય થાય છે. 'परस्परोपग्रहो जीवानाम्' સૂત્રથી પર એ જ વાત સ્પષ્ટ થાય છે. ભાવોની પરસ્પર અસર વિના સર્વ જીવોનો ઉપગ્રાહક સ્વભાવ ઘટી શકતો નથી. જે જીવોની સાથે કાયા કે વાણી દ્વારા સંબંધમાં આવવાની કોઇ જ શક્યતા નથી. તે જીવોની સાથે પણ ભાવાત્મક રીતે સંબંધ હોવાથી ઉપગ્રાહક બની શકાય છે. ભાવોનો આટલો વ્યાપક પ્રભાવ હોવાથી આ સૂત્ર સર્વ જીવોને સર્વત્ર સર્વદા લાગુ પડી શકે છે.

'યોગબિન્દુ' ગ્રંથરત્નમાં પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ પરમાત્માના કરુણ ભાવનો મહાન પ્રભાવ બતાવતાં કહ્યું છે સર્વ જીવોના પાપ અકરણ નિયમમાં પ્રધાન કરુણરૂપ ઉત્કૃષ્ટ શુભ ભાવ જ હેતુભૂત છે. કેમકે પ્રાણીઓમાં સર્વ અશુભ ભાવો (અપરાધો)નું નિવર્તન કરવાનું સામર્થ્ય એમાં રહેલું છે એમ સૂક્ષ્મ દ્રષ્ટા (સર્વજ્ઞ) મહાપુરુષો કહે છે:-

हेतुमस्य परं भावं सत्त्वाद्यागो निवर्त्तनम् ।
प्रधान करुणा रूपं ब्रुवते सूक्ष्म दर्शिन : ॥

આ શ્લોકનું તાત્પર્ય એ છે કે પાપમાં ડૂબેલા સંસારી જીવોને જ્યારે ત્યારે પણ પાપ ન કરવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે એની પાછળનું પ્રેરક બળ (તત્ત્વ) છે કરુણાનો ઉત્કૃષ્ટ શુભ ભાવ-

કોઇ જીવ દુઃખી ન થાઓ, કોઇ જીવ પાપ ન કરો, સર્વ જીવ કર્મોથી મુક્ત બનો. જિનશાસનના રસિક બનો...આવી કરુણાસભર જે ઉત્કૃષ્ટ શુભ ભાવના ઉત્તમ પુરુષોના (તીર્થંકરાદિના) અંતઃકરણમાં સદા સ્ફુરાયમાન રહે છે તે શુભ ભાવના જ જીવોને પાપ ન કરવાની વૃત્તિ ઉત્પન્ન થવામાં અદૃશ્ય પ્રેરણા આપે છે.

આ ઉત્કૃષ્ટ કરુણા ભાવના પ્રભાવે નિત્ય વૈરવાળા જીવોની શત્રુતા આદિ મલિન પરિણામો પણ શાંત થઇ જાય છે. ક્રોધની આગથી સદા પ્રજ્વલિત રહેતો ચંડકૌશિક નાગ કરુણાસાગર શ્રી મહાવીર પરમાત્માના કરુણાભર્યા બે શબ્દોએ જ પ્રશાંત બની ગયો હતો. દુર્ગતિની ખીણમાં ગબડતો બચી ગયો હતો. પ્રત્યક્ષમાં કે પરોક્ષમાં સર્વત્ર આ કરુણાનો ઉત્કૃષ્ટ શુભભાવ જીવ માત્રને શુભની પ્રેરણા આપી જ રહ્યો છે. ભાવની આટલી ઘેરી અસરને લઇને જ જીવો પરસ્પર હિતાહિતમાં નિમિત્તભૂત બની રહ્યા છે.

જેમ અવિરતિ કષાય પ્રમાદ કર્મબંધના હેતુઓ છે એમ અજ્ઞાનતા અને તજ્જન્ય મિથ્યાત્વ પણ આશ્રવનો હેતુ છે. હિંસાદિ અઢાર પાપોમાં મિથ્યાત્વ સૌથી મોખરે છે એની હાજરી જ્યાં હોય છે ત્યાં બધાં પાપો વગર નોતર્યા આવીને ઊભાં રહે છે.

નિગોદના જીવોને પણ મિથ્યાત્વનો સતત ઉદય હોય છે, એમની ચિત્તશક્તિ અત્યંત અવિકસિત હોવાથી એમના મિથ્યાત્વને અનાભોગ મિથ્યાત્વ કહેવાય છે. આ અનાભોગ મિથ્યાત્વાદિના કારણે એ જીવોને પણ સતત કર્મબંધન થાય છે.

સર્વના હિતની-'ચિંતા કરનાર કોઇ દુઃખી-પાપી ન રહો'-ની શુભ ભાવના ભાવનાર ઉપકારી આત્માઓ પ્રતિ સ્નેહભાવ અને પ્રમોદભાવ ન જાગવો એ પણ મિથ્યાત્વનો જ એક પ્રકાર છે. કારણ એમાં ઉપકારીનો ઉપકાર તરીકે અસ્વીકાર થાય છે.

નિગોદાદિના જીવોને સર્વ જીવ પ્રત્યે અનાભોગ મિથ્યાત્વના કારણે સતત ઉદાસીન ભાવ હોય છે. હિતચિંતક ઉપકારી આત્માઓ પ્રતિ પણ મિત્રભાવ કે પ્રમોદભાવ એ દાખવી શકતા નથી. તો સર્વ જીવ પ્રતિના મિત્રભાવની વાત જ ક્યાં રહી ?

જીવો પ્રત્યેનો આ ઉદાસીનભાવ સર્વેને પરસ્પર અહિતમાં

કારણભૂત બનાવે છે અને મૈત્રી આદિ ભાવો દ્વારા જ તેનું નિવારણ થઇ શકે છે.

આ રીતે અનાભોગ મિથ્યાત્વજન્ય ઉદાસીનતા આદિના કારણે નિગોદના અને બીજા જીવો વચ્ચેની પરસ્પર ઉપગ્રાહકતા પણ ઘટાવી શકાય છે.

જીવોની પરસ્પર અધિકરણતા :

आद्यं संरम्भा समारंभा रम्भयोगकृतकारिता नुमतकषाय विशेषै स्त्रि स्त्रिश्चतु श्चैवारा। (તત્વાર્થસૂત્ર) આ સૂત્રમાં જીવના ૧૦૮ અધિકરણોનો નિર્દેશ છે. તેના ત્રણ મુખ્ય ભેદ છે: સરંભ, સમારંભ, આરંભ [તેના ૩ યોગથી ૯, તેનાં ૩ કરણથી ૨૭ અને તેનાં ૪ કષાયથી ૧૦૮ ભેદ થાય છે] તે સમારંભ અને આરંભજન્ય અધિકરણના વિષય બહુ જ થોડા જીવો બની શકે છે. પણ સરંભ જનિત અધિકરણના વિષય તો નિગોદ આદિ સર્વ જીવો બની શકે છે.

જેમ અવિરતિના કારણે કર્મનો સતત આશ્રવ થાય છે એમ કષાયોના કારણે પણ સતત કર્મબંધ થાય જ છે. સરંભ એ સકષાય યોગ વ્યાપાર હોવાથી તે સર્વ સંસારી જીવોના અધિકરણનો (કર્મબંધનું સાધન કરણ) ભેદ બને છે.

આ સૂત્ર દ્વારા પણ જીવોનો પરસ્પર સંબંધ અને ઉપગ્રાહ્ય-ઉપગ્રાહક સ્વભાવ સિદ્ધ થાય છે.

જો અધિકરણના વિષય ન બનવું હોય તો કષાયના પ્રતિપક્ષી મૈત્રી આદિ ભાવો કેળવવા જ જોઇએ. અધિકરણ દ્વારા સ્વ-પરના અહિતમાં અને મૈત્રી આદિ ભાવો દ્વારા સ્વપરના હિતમાં નિમિત્ત બનાય છે.

જીવ દ્વેષ મોક્ષનો બાધક છે :

આજ સુધી આપણા આત્માનો મોક્ષ ન થવામાં કારણભૂત મોક્ષદ્વેષ છે. અને મોક્ષપ્રાપ્તિની રુચિનો અભાવ છે એમ જિનાગમો કહે છે. મોક્ષ એટલે જીવન શુદ્ધ સ્વરૂપ. મોક્ષનો દ્વેષ એ હકીકતમાં શુદ્ધાત્મસ્વરૂપનો જ દ્વેષ છે. અર્થાત્ જીવત્વનો દ્વેષ છે. શુદ્ધ જીવનો દ્વેષ હોય ત્યાં અશુદ્ધ જીવ પ્રતિ તો દ્વેષ સંભવે છે. પોતાના ઘરના કે સર્વ કોઇના જીવ પ્રત્યે દ્વેષભાવ જ મોક્ષનો બાધક બને છે. શુદ્ધાત્મ સ્વરૂપની પ્રાપ્તિનો અવરોધક બને છે. માટે જ મોક્ષની સૌ પ્રથમ શરત મુકિતના દ્વેષનો અભાવ છે. અને પછી બીજી શરત મોક્ષ પ્રત્યેની તીવ્ર રુચિ છે. એનો અર્થ એ જ કે સર્વ જીવો પ્રત્યેનો દ્વેષભાવ દૂર કરી એમના પ્રતિ પરમ મિત્રભાવ પ્રગટાવવો જોઇએ. એ વિના મોક્ષ શક્ય નથી.

સંસારી અને સિદ્ધ આત્માઓનો પરસ્પર સંબંધ એ એમની ઉપગ્રાહકતા. આત્મા કર્મથી લિપ્ત હોય કે અલિપ્ત હોય, પણ જીવત્વ તો દરેકમાં એક જ સરખું હોય છે. જીવત્વ જાતિની અપેક્ષાએ જીવ જીવ વચ્ચે કોઇ ભેદ જ નથી. એટલે અશુદ્ધ એવા સંસારી જીવોનો પરમ અશુદ્ધ પરમાત્મા સાથે પણ જીવત્વનો સંબંધ છે જ. તે કઇ રીતે છે તે હવે જોઇએ.

જે સમયે એક આત્મા સિદ્ધ થાય છે તે જ સમયે એક આત્માનું અવ્યવહારરાશિમાંથી ઉદ્ધાર થાય છે. અર્થાત્ એ આત્માનું અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આગમન થા છે. એમાં એ સિદ્ધાત્મા જ પુષ્ટ નિમિત્તરૂપ બને છે.

આત્માના સહજ શુદ્ધ સ્વરૂપને વરેલા સિદ્ધ ભગવંતે ભવ્યાત્માઓને સ્વ-શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિનો મહાન આદર્શ પૂરે પાડે છે તથા ધ્યાનાદિ દ્વારા સાધકનાં આત્મહિતમાં પરમ આલંબનભૂત બને છે.

સિદ્ધ પરમાત્મા અનંત જ્ઞાનાદિ ગુણના ભંડાર છે. પૂજ્યતા, અનુગ્રહકારકતા, કરુણા, તારકતા આદિ ગુણો પણ એમનામાં છે જ પણ આ ગુણોની અભિવ્યકિત ભકતાત્મા દ્વારા થતાં આદર-બહુમાન, કીર્તન, પૂજનાદિથી થાય છે. એટલે તે ગુણોથી જ અભિવ્યકિતમાં ભકતાત્મા નિમિત્ત બને છે. અર્થાત્ પરમાત્મામાં પૂર્ણ પૂજ્યતા છે પણ તેનું પ્રગટીકરણ પૂજકની પૂજા દ્વારા થાય છે. પરમાત્મા અનુગ્રહના સાગર છે પણ એની અભિવ્યકિત ભકતની ભકિત દ્વારા થાય છે.

નમુત્થુણં-શકસ્તવમાં આવતા 'લોગનાહાણં' દ્વારા પણ પરમાત્મા અને સંસારી જીવોની પરસ્પર ઉપગ્રાહકના વધુ સ્પષ્ટ થાય છે.

'લલિતવિસ્તરા' ગ્રંથમાં પૂ. હરિભદ્રસૂરિ મહારાજ આ પદની ટીકામાં ફરમાવે છે કે 'લોક' એટલે ધર્મ બીજાધાનાદિ યોગ્ય જીવો અને 'નાથ' એટલે યોગક્ષેમ કરનાર પરમાત્મામાં રહેલી આ નાથપણાની શકિતની અભિવ્યકિત જેનું યોગ અને ક્ષેમ થઇ શકે તેમ છે. એવા ચરમાવર્તમાં આવેલા જીવો દ્વારા જ થાય છે અને ધર્મબીજાધાનાદિ યોગ્ય ભવ્ય જીવોના યોગ અને ક્ષેમ પણ પરમાત્માના અનુગ્રહના પ્રભાવે જ થાય છે. અર્થાત સહકારી બીજા કારણો કરતાં પરમાત્માની ભકિતનો પ્રભાવ સર્વાધિક છે. પરમાત્મામાં એટલે કે તેમની આજ્ઞામાં જેમ તારકતા રહેલી છે. મોક્ષપ્રાપ્તિનું કારણતા, રહેલી છે, એમ તેમની આજ્ઞાની ઉપેક્ષામાં અપેક્ષાએ મારકતા અને ભવવૃદ્ધિની કારણતા પણ રહેલી છે. પરમાત્માના ગુણોના અને તેમની આજ્ઞાના આદર, બહુમાન અને પાલન દ્વારા ભકતાત્મા જેમ પરમાત્માની પૂજ્યતા, તારકતા આદિ ગુણોની અભિવ્યકિતમાં નિમિત્ત કારણ બને છે એમ મિથ્યા દૃષ્ટિ વગેરે જીવો એમનો અનાદર-તિરસ્કાર કે આશાતનાદિ કરવા દ્વારા પરમાત્માની નિગ્રહશકિતને એટલે કે એમની આજ્ઞાના ઉત્થાપનમાં રહેલી ભીષણતાને પ્રગટ કરવામાં નિમિત્ત કારણ બની રહે છે એમ અપેક્ષાએ સમજી શકાય છે. આ રીતે સિદ્ધ અને સંસારી આત્માઓની પણ પરસ્પર ઉપગ્રાહકતા ઘટાવી શકાય છે.

ગુણી પ્રત્યેનું માધ્યસ્થ મહાન અહિતકારી છે :

સિદ્ધના આત્માઓ પૂર્ણ ગુણી છે. શેષ પદે રહેલા પરમેષ્ઠિઓ પણ મહાન ગુણી છે. પૂર્ણ ગુણી બનનારા છે, એમના પ્રત્યે જો સ્નેહપૂર્ણ પ્રમોદભાવ પ્રગટાવવામાં ન આવે તો તેમની એટલે કે તેમના જ્ઞાનાદિ અનંત ગુણોની ઉપેક્ષા કરી જ કહેવાય.

ગુણી અને ઉપકારી આત્માઓ પ્રત્યેની ઉપેક્ષા સેવવાથી આત્માનું ભયંકર અહિત થાય છે, કહ્યું પણ છે કે...માધ્યસ્થ

મપિ દૌ સ્થપ્યાય કિં પુનઃ દ્વેષ બિલ્લવ। પરમાત્મા પ્રત્યે સેવેલો માધ્યસ્થ ભાવ પણ દુર્ગતિને માટે થાય છે. તો પછી એમના પ્રત્યેના દ્વેષભાવની તો વાત જ શી કરવી?

જીવત્વ તરીકેનો સંબંધ પરમાત્મા અને સદ્‌ગુરુ સાથે પણ છે જ. એટલે એમનામાં રહેલા ગુણો પ્રતિ પ્રમોદના બદલે માધ્યસ્થભાવ રાખવાથી આત્માનું અહિત-અધઃપતન થાય છે.

સદ્‌ગુણ વિના સદ્‌ગતિ કે શિવગતિ મળી શકતી નથી અને સદ્‌ગુણો પ્રત્યેના પ્રમોદ હર્ષ વિના સદ્‌ગુણની પ્રાપ્તિ થઈ શકતી નથી.

હકીકતમાં મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ આ ચારે ભાવોની યથાસ્થાન પ્રવૃત્તિ એ જ સદ્‌ગુણ સાધનાની પ્રક્રિયા છે. એના અભાવમાં દુર્ગુણોની વૃદ્ધિ અને દુર્ગતિની પરંપરા જ સર્જાય છે. ગુણાધિક અને ઉપકારી જીવો પ્રત્યેનો માધ્યસ્થ ભાવ તો આત્મા માટે અત્યંત અહિતકર છે.

પરમાત્માની લોકવ્યાપી ઉપકારકતા:

અરિહંત પરમાત્માના અદ્‌ભુત ગુણોની સ્તુતિ કરતા 'નમુત્થુણં' સૂત્રમાં પરમાત્માને 'લોગહિયાણં' દ્વારા સમગ્ર લોકના હિતકારી તરીકે બિરદાવવામાં આવ્યા છે. 'લલિતવિસ્તરા' ગ્રંથમાં ટીકાકાર મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ જણાવ્યું છે કે લોક એટલે પંચાસ્તિકાય સ્વરૂપ-લોક, તેનું હિત કરનાર પરમાત્મા છે.

માત્ર જીવરાશિ ઉપર જ નહિ પરંતુ ધર્માસ્તિકાયાદિ અજીવ દ્રવ્યો ઉપર પણ પરમાત્માનો ઉપકાર છે. પરમાત્મા જીવ અને અજીવ દ્રવ્યોનું યથાર્થ દર્શન કરીને તે દ્રવ્યોનું તે જ સ્વરૂપે યથાસ્થિત નિરૂપણ કરે છે જેથી ભાવિમાં પણ આ દ્રવ્યોના સ્વરૂપમાં કોઇ વિકૃતિ કે વિપરિતતા ન કરી શકે. એથી પરમાત્મા લોકના હિતસ્વરૂપ છે. પરમાત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાથી એમનું પદાર્થોનું યથાર્થદર્શન યાને યથાસ્થિત જ્ઞાન થાય છે માટે એમનું નિરૂપણ પણ યથાર્થ જ હોય.

જો દર્શન યથાર્થ ન હોય તો નિરૂપણ પણ અસત્ય થઈ જાય છે અને અસત્ય નિરૂપણથી લોકોની તે દ્રવ્યો પ્રત્યેની સમજણ અને પ્રવૃત્તિ ભ્રામક અને અનુચિત બની રહે છે. એથી ભાવી અનેક અનર્થો ઉત્પન્ન થવાની શકયતા ઊભી થાય છે પણ પરમાત્માનું દર્શન-જ્ઞાન યથાસ્થિત હોવાથી અને એમનું નિરૂપણ યથાર્થ હોવાથી લોકમાં રહેલા સર્વ દ્રવ્યોનું સાથે તેના સ્વરૂપને અને તેની સાથેના સંબંધને અનુરૂપ ઉચિત વ્યવહાર કરતા સમ્યગ્‌દૃષ્ટિ વગેરે જીવો પ્રેરાય છે. આ રીતે યથાર્થ દર્શન અને નિરૂપણ દ્વારા પરમાત્મા પંચાસ્તિકાયમય લોકના સદા સર્વદા હિતકારી છે.

અયાથાર્થ દર્શનાદિ સર્વનું અહિત:

આ હકીકતથી આપણને પણ એ જ બોધપાઠ મળે છે કે કોઇ પણ વસ્તુનું યથાર્થ દર્શનાદિ કરવાથી હિતમાં અને અયથાર્થ દર્શનાદિ કરવાથી અહિતમાં પરંપર નિમિત્ત ભૂત બનાય છે. ભલે આપણને એવું વિશિષ્ટ દર્શન કે જ્ઞાન છે. તેના નિર્દેશ અનુસાર જીવ અને અજીવ વગેરે દ્રવ્યોનું (તત્ત્વોનું) યથાર્થ સ્વરૂપ સમજી શ્રદ્ધા કરી તદ્‌નુરૂપ તેનું યથાર્થ દર્શન અને નિરૂપણ કરીએ તો આપણે પણ તે તે દ્રવ્યોના હિતકારી બનવા દ્વારા સ્વહિત સાધક બની શકીએ અને જિનાગમથી વિરુદ્ધ જીવાદિ દ્રવ્યોનું વિપરિત દર્શન કે નિરૂપણ કરીએ તો અહિતકર બનીએ છીએ.

કર્તા અને કર્મની સાપેક્ષતા અને પરંપર હિતાહિત-ક્રિયા કરનાર કર્તા કહેવાય છે અને જેને ઉદ્દેશીને ક્રિયા કરવામાં આવે તેને કર્મ કહેવાય છે. એટલે કોઇપણ ક્રિયામાં કર્તા અને કર્મ બને સાપેક્ષ હોય છે અને ક્રિયાનું ફળ કર્તાને તો અવશ્ય મળે છે. કર્મને પણ કદાચિત કદાચિત મળે છે.

પ્રસ્તુતમાં અજીવ દ્રવ્ય સંબંધી કરેલી જોવાની નિરૂપણની ક્રિયાથી અજિવાદિ દ્રવ્યોનું હિતાહિત કઇ રીતે થાય? તેનું આ સમાધાન છે કે અજીવ જડ પદાર્થો સંબંધી સાચી-જૂઠી ક્રિયાનું ફળ કર્તા-જીવને તો અવશ્ય અને કર્મ જીવ હોય તો તેને પણ કથંચિત ભોગવવું પડે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે જડ સંબંધી ક્રિયાથી જડને કોઇ વિશેષ હિત કે અહિતની અસર પહોંચી શકતી નથી એટલે એ પરિણામ કર્મમાં જવાને બદલે પરિવર્તીત થઇને કર્તા જ પોતાનો વિષય બનાવે છે અર્થાત્ ક્રિયાનું પરિણામ કર્તાને તો ભોગવવું જ પડે છે.

આ જ નિયમ સિદ્ધ પરમાત્માની બાબતમાં પણ ઘટાવી લેવો. તેઓ પૂર્ણ કૃતકૃત્ય અને સર્વથા કર્મથી અલિપ્ત છે એટલે એમના સંબંધી ક્રિયાનું પરિણામ એમને નહિ પણ કર્તાને અવશ્ય પ્રાપ્ત થાય છે.

અજીવ દ્રવ્ય સંબંધી ક્રિયાનું પરિણામ કથંચિત અજીવને પણ ભોગવવું પડે છે. તો જીવ દ્રવ્ય સંબંધી ક્રિયાનું પરિણામ જીવને તો અવશ્ય ભોગવવું જ રહ્યું.

નિગોદ અને પૃથ્વીકાયાદિ જીવોનું યથાર્થ સ્વરૂપ ન જાણીએ કે સત્ય નિરૂપણ ન કરીએ તો આપણું અને એ જીવોનું પણ અહિત થાય છે. જિનોક્ત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન – શ્રદ્ધા કરી તદ્‌નુરૂપ ઔચિત્ય-પૂર્ણ વ્યવહાર કેળવવા મૈત્રી આદિ ભાવો અત્યંત જરૂરી છે. તો જ 'પરસ્પરોપગ્રહો જીવાનામ્' એ મહાવાક્યનો અર્થ યથાર્થપણે ગ્રહણ કર્યો ગણાય.

સૂત્રનું ગાંભીર્ય:

'પરસ્પરોપગ્રહો જીવાનામ્'-આ સૂત્રના રચયિતા છે પૂર્વધર મહર્ષિ શ્રી ઉમાસ્વાતી મહારાજ. જેઓ 'સંગ્રહકાર' તરીકે વિશ્વવિખ્યાત મહર્ષિ છે. તેમના રચેલા આ નાનકડા સૂત્રમાં કેટલું મહાન અર્થગાંભીર્ય સમાયેલું છે, તે માપવાનું કામ આપણા જેવાઓ માટે અતિગહન છે. આપણા જેવા મંદ ગતિવાળા જીવોમાં એવું સામર્થ્ય કયાંથી થાય? અને આવા સૂત્રોના ગંભીર અર્થો અને ગૂઢ રહસ્યોનો ઉકેલ માત્ર બુદ્ધિથી કે તર્કથી આવી શકતો નથી. એના માટે તો અહિંસા, સંયમ અને તપોમય દિવ્ય આત્મસાધના દ્વારા આત્મસાક્ષાત્કારની ઉચ્ચ ભૂમિકા સુધી પહોંચવું જરૂરી છે.

પ્રસ્તુતમાં કરેલો અલ્પ પ્રયાસ દેવ ગુરુની કૃપાનું પરિણામ છે એમાં જિનાજ્ઞા વિપરીત કંઇ લખાયું હોય તે તે બદ્ધા મિચ્છામિ દુક્કડમ્!

મુક્તામાહાત્મ્ય તથા રત્નપરિચય

* તનસુખ ભટ્ટ

દેહસૌન્દર્ય કોને પસંદ નથી ? રાજશાહીના દિવસોમાં વિજયાદશમીને દિને રજવાડાઓમાં હાથીની સવારી નીકળતી ત્યારે હાથીના કુંભસ્થળને વિવિધ રંગોથી શણગારવામાં આવતાં આજે પણ દક્ષિણ ભારતમાં સરઘસમાં જોડાતા હાથીઓનાં કુંભસ્થળોને રંગે છે. મહારાષ્ટ્રમાં બળદનાં શીંગડાંને લાલ રંગ વડે રંગે છે. અમેરિકાના રેડ ઇન્ડિયનો માથે પીંછાં ખોસે છે, પૂર્વ ભારતના આદિવાસીઓ પણ આવો જ કંઈક શણગાર કરે છે. હબસીઓમાં પણ દેહસૌન્દર્ય ઉપર લક્ષ અપાય છે, ભારતની કુમારિકાઓ તથા નવયુવતીઓ હાથે મેંદી મૂકે છે. વૃદ્ધ પુરુષો ધોળા વાળને રંગ વડે રતાશવાળા બનાવે છે. સરકસમાં ડાગળાઓ શરીરને રંગે છે. તાબૂતમાં વાઘ બનનારાઓ પણ દેહને દીપાવે છે. રત્નની પરખ ન કરનારાઓ તેને પથ્થર ગણે છે. સદીઓ પહેલાં આફ્રિકાની નદીઓમાંથી કયારેક હીરા નીકળતા. એક હબસીને આવો ધુળિયો હીરો મળેલો તે તેણે પોતાની બકરીની ડોક બાંધેલો. ગરીબો ખોટા હીરા કે સોનાનું પાણી પાયેલ અલંકારો ધારણ કરે છે તો રાજરાણી સાચાં મોતીઓ તથા સાચાં રત્નોથી દેહસૌન્દર્ય વધારતાં. આમ મોતી તથા રત્નો અલંકાર બનીને રૂપ કે શોભા તો વધારે જ છે, પરંતુ શ્રીમંતાઈનું પ્રદર્શન પણ કરાવે છે. આજકાલ સાચા મોતીની એક સેર પહેરતાં નવયુવતીઓ મુશ્કાય છે. પરંતુ રાજાઓમાં ને રાણીઓમાં કેટલી સેરના હાર પહેરાતા તે નીચેના વર્ણન પરથી જણાશે. વૈભવની વિપુલતા અને ઠાઠમાઠનો ઠઠારો જુઓ :-

મોતીના હાર પ્રકારો :- (અઠ્ઠા, ગઠ્ઠા, હાર તથા સેર) :-

જે હારમાં એક હજાર અને આઠ મોતી ભરેલી સેરો હોય તે હાર **ઇન્દ્રછંદ** કહેવાતો. પાંચસો ચાર સેરો મોતી ભરેલી હોય તે હાર **વિજયચ્છંદ** કહેવાતો. ચોસઠ સેર મોતી ભરેલી હોય તે હાર **અર્ધહાર** કહેવાતો. ચોપન સેર મોતીવાળી હોય તે હાર **રશ્મિકલાપ** કહેવાતો. બત્રીસ સેરો મોતીની હોય તે હાર **ગુચ્છક** કહેવાતા, જે હારમાં સત્યાવીસ મોતીની સેરો હોય તે હાર **નક્ષત્રમાલા** કહેવાતો. ચોવીસ સેરો મોતીની હોય તે હાર **અર્ધગુચ્છ** કહેવાતો. વીસ મોતીની સેરોવાળો હાર **અર્ધમાણવક** કહેવાતો, દરેક હારના મધ્યમાં જો રત્ન જડેલું હોય તો હારનું નામ તો તેનું તે જ રહેતું; પરંતુ હારના મૂળ નામને છેડે માણવક શબ્દ વધારામાં લગાડાતો. જો હારની બધી સેરો શિરીષના નમૂનાની (ઘાટની) હોય તો તે **શુદ્ધ હાર** કહેવાતો. જો હારની મધ્યમાં રત્ન જડેલું હોય તો તે **અર્ધમાણવક હાર** કહેવાતો. જે હારની મધ્યમાં પટ્ટી જેવાં ત્રણ કે પાંચ રત્નો જડેલાં હોય તે **ફલક હાર** કહેવાતો. મોતીની એક જ સેરવાળો હાર **એકાવલી** કહેવાતો. તેની મધ્યમાં જો રત્ન જડ્યું હોય તો તે **યષ્ટિ** કહેવાતો. યષ્ટિ હારમાં જો મોતીના અને સોનાના મણકા વારાફરતી મૂકેલા હોય તો તે હાર **રત્નાવલી** કહેવાતો. રત્ન વિનાની મોતીની સેરમાં મોતીના અને સોનાના મણકા વારાફરતી મૂકેલા હોય તો તે સેર **અપવર્તક** કહેવાતી. મોતીની બે સેરોની વચમાં જો સોનાનો તાર જડેલો હોય તો તેનું નામ **સોપાનક** કહેવાતું. સોપાનકની મધ્યમાં જો રત્ન જડેલું હોય તો તેને **મણિસોપાનક** હાર કહેવામાં આવતો.

રત્નના પ્રકારો: કોટ (પાર્થીય) **મૌલેયક** (ખનિજ) તથા પારસમુદ્ર (સમુદ્રપારથી આવેલ) એવા રત્નના વર્ગો છે. લાલ કમળના જેવો આનંદપ્રદ રંગ હોય અથવા પારિજાતના જેવો વર્ણ હોય અથવા ઊગતા સૂર્યની સમાન વર્ણવાળું હોય તે રત્ન **સૌગન્ધિક** કહેવાતું.

નીલકમળ સમાન રંગ હોય, અથવા શિરીષપુષ્પ જેવો વર્ણ હોય, કે જળ જેવી ઝાંય હોય, અથવા તો લીલાવાંસના વર્ણનું હોય કે પછી પોપટનાં પીંછાં જેવો રંગ હોય તે **વૈદૂર્ય** રત્ન કહેવાતું. પુષ્પરાગ, ગોમૂત્રક તથા ગોમેદિકા એવા તે રત્નના ત્રણ પ્રકારો છે.

જેમાં વાદળી રેખાઓ હોય, જે કલાય પુષ્પતુલ્ય રંગધારી હોય, જે ઘેરા વાદળી રંગનું હોય, જે જાંબુના વર્ણવાળું હોય, જે આકાશના વાદળા જેવું ઘનશ્યામ હોય તે **ઇન્દ્રનીલ** રત્ન કહેવાતું. નંદક (પ્રસન્નતા અર્પનારું) સ્રવન્મધ્ય (કેન્દ્રમાંથી જળપ્રવાહ વહેતો હોય એવા આભાસવાળું) શીતવૃષ્ટિ (ઠંડું ઝાપટું પડતું હોય તેવો આભાસ ઉપજાવનારું) અને સૂર્યકાન્ત (બહિર્ગોળરત્ન હોવાથી આગિયા કાચની માફક નીચે રાખેલા રૂ, કાગળ, ચીંથરાં વગેરે પદાર્થોમાં આગ ઉત્પન્ન કરનારું) એવા આ ઉપરાંત રત્નના અન્ય પ્રકારો છે.

રત્નો ષટ્કોણી, ચતુષ્કોણી કે ગોળાકાર હોય, તેનામાં આંખને આંજી નાખે તેવી ભભક, શુદ્ધતા, સુંવાળપ ભારવત્તા, તેજસ્વિતા, પારદર્શકતા તથા પ્રકાશકારકતા હોય. સાચાં રત્નનાં આ લક્ષણો છે.

ફીકો રંગ, અંદર રેતીનું પડ, ડાઘા, છિદ્રો, અણઘડપણે કારીગરે પાડેલાં છિદ્રો અને ઊબડ-ખાબડા રત્નના દોષો છે.

વિમલક, (શુદ્ધ) સસ્યક (છોડની આકૃતિનું) અંજનમૂલક (આંજણ જેવું કાળું), પિત્તક (ગાયના પિત્તના વર્ણનું), સુભગક (સરતામાં મળનારું), લોહિતક (રાતું), અમૃતાંશુક (શ્વેત કિરણવાળું), જ્યોતિ રસક (ચળકતું) મૈતેયક (?) અહિચ્છક (અહિચ્છત્રના રાજ્યમાંથી મળનારું), કૂપ (ભીતરમાં રેતીના થરવાળું) પૂતિકૂપ (મધપૂડાના દેખાવનું) સુગન્ધિકુપ (?) ક્ષીરપાક (દૂધવર્ણ) શુક્તિચૂર્ણક (માછલીની છીપના ચૂર્ણના વર્ણનું) શિલા પ્રવાલક (પરવાળાના દેખાવનું) પુલક (કેન્દ્રમાં કાળા રંગનું) શુક પુલક (કેન્દ્રમાં શ્વેત વર્ણનું) આ બધા પ્રકારો હલકા રત્નોના છે.

આ સિવાયનાં રત્નો માત્ર કાચમણિ જ કહેવાતાં.

સમારાષ્ટ્રક (વિદર્ભદેશનું) મધ્યમરાષ્ટ્રક (કોશલ દેશનું) કાશ્મક (કાશીના આસપાસના પ્રદેશનું) શ્રી કાતનક (વેદ્રોત્કટ નામના પર્વતમાંથી પ્રાપ્ત થનાર) મણિમંતક (મણિમન્ અથવા મણિમંત નામના પર્વતમાંથી પ્રાપ્ત થનાર) અને ઇન્દ્રવાનક

(કલિંગ દેશમાંથી પ્રાપ્ત થનાર) આટલા પ્રકારો હીરાના છે, મગધ, કલિંગ શૂપક, જલદાયસ, પૌંડ્રક, બાર્બર, ત્રિપુરા, સહ્યાદ્રિ, વિન્ધ્યાચળ વારાણસી, વેદોત્કટ પર્વત, કોશલદેશ, તથા વિદર્ભ દેશમાં હીરાની ખાણો મળતી હતી.

ખાણો, નદીપ્રવાહો (પાત્રો) તથા ઇતર કેટલાંક પરચૂરણ સ્થળો રત્નોનાં ઉપલબ્ધિસ્થાનો હતાં

બિલાડીની આંખના રંગ સમાન, શિરીષપુષ્પના રંગ સમાન, ગોમૂત્ર સમાન, ગોપિત્ત સમાન, સ્ફટિક (ફટકડી) સમાન, માલતીપુષ્પ સમાન અથવા તો ઉપરિનિર્દિષ્ટ રત્નો સમાન હીરાનો રંગ હોય છે.

મોટા કદનો, ભારે, પ્રહાર સહન કરનારો (અતિકઠિન) સમકોણ, ભાજનલેખી (વાસણની સપાટી પર ઉઝરડા કરી શકનાર) કુભ્રામિ (પ્રકાશનું વક્રીભવન કરનાર) અને ઝગમગાટવાળો હીરો ઉત્તમ ગણાય છે.

કોણરહિત, વાંકાચૂકા તથા એક બાજુ વળેલો હીરો અપશુકનિયાળ ગણાય છે. આલકંડક તથા વૈદૂર્યક આ બે પરવાળાના પ્રકારો છે. તે અનુક્રમે બાર્બર નદીના મુખમાં તથા યવનોના દેશમાં આવેલા વિવર્ણ નામના દ્વીપમાંથી ઉપલબ્ધ થાય છે પરવાળોનો રંગ માણિક્યરત્ન તુલ્ય હોય છે. તે કર્કણ તથા બાહ્યાંતર પદાર્થોની અસરથી ઊપજતા બગાડાથી મુક્ત હોય છે.

*

નિરાશા

'સત્સંગી'

સામાન્ય રીતે જીવનની ઘટમાળ એવી છે કે સૌ કોઇને નિરાશ થવાના પ્રસંગો સાંપડતા જ હોય છે. નથી સાંપડતા માત્ર એવા લોકોને કે જેમનાં જીવનમાં આશા, તૃષ્ણાને સ્થાન જ નથી. અર્થાત્ જેમણે કામના જીતી છે તેમને માટે આશાનિરાશાનું દ્વંદ્વ રહેતું જ નથી. આવા અપવાદો તો જવલ્લે જ જોવા મળે. પરંતુ સામાન્ય માનવી તો આશાના તાંતણે નભ્યે જતો હોય છે. ભગવાન કાલ સારો દિવસ આપશે એવી આશાથી દરિદ્રમાં દરિદ્ર, દુઃખીમાં દુઃખી અને રોગોથી ઘેરાયેલો માણસ પોતાનો કપરો સમય વિતાવતો હોય છે. પચાસ વરસની ઉંમરે કોઇને બે–ત્રણ વરસનો દીકરો હોય તો એ પોતાની વૃદ્ધાવસ્થામાં તેને કમાઇ ખવડાવશે અને તેની લાકડી બનશે એવી આશા રાખીને તે પિતા પોતાના દીકરાને દુઃખ વેઠીને પણ ઉછેરવામાં આનંદ અનુભવશે વળી, 'આશા અવશ્ય રાખો' એવી સલાહ શાણપણભરી ગણાય છે. આમ માનવજીવનની યોજનામાં જ્યાં જોશો ત્યાં આશા આધારસ્તંભ તરીકે જોવા મળશે. છતાંય નિરાશાના પ્રસંગો તો સૌ કોઇને સાંપડે જ છે.

વિદ્યાર્થીઓને પરીક્ષામાં સારા ગુણ ન મળવાથી નિરાશા આવી જાય છે. યુવકને મનપસંદ યુવતી ન મળે અને યુવતીને મનપસંદ યુવક ન મળે તો નિરાશા તેમને ઘેરી લે છે. અત્યારની કારમી બેકારીમાં નોકરી ન મેળવી શકનાર યુવકો નથું નિરાશામય જીવન જીવે છે. પોતાના વ્યવસાયમાં સરળતા ન મળવાથી માણસ તદ્દન નિરાશ બનીને યંત્રવત જીવન જીવે છે. સ્ત્રી–પુરુષોને તેમનાં લગ્નજીવનનાં સુખ – સંતોષ ન મળે તો નિરાશા તેમને પરેશાન કરે છે. પોતાનાં સંતાનો યોગ્ય ન નીવડે તો માબાપને નિરાશામાંથી કોઇ છોડાવી શકતું નથી. શરીરનું કે મનનું સ્વાસ્થ્ય નબળું રહ્યા કરે તો તે સ્ત્રી–પુરુષો માટે સારાં સ્વાસ્થ્ય અને તે દ્વારા જીવાતા યોગ્ય જીવન અંગે આશાનું કિરણ શક્ય હોય એમ તેઓ વિચારી શકતા નથી. એ સિવાય રોજબરોજના જીવનમાં પોતાનાં ધારણા અને ગણતરી પ્રમાણે કામ ન થાય તેથી નિરાશાનું મોજું ફરી વળે એવા અનેક પ્રસંગો સૌને જીવનમાં આવતા જ હોય છે. જેમ આશા માણસને ટકાવી રાખે છે તેમ નિરાશા માણસની કમર તોડી નાખે છે એવી ઘટમાળ ચાલતી હોય છે.

જીવનમાં એવા પ્રસંગો બનતા હોય છે કે જેમાં માણસને ઇચ્છિત સુખ હાથવેંતમાં દેખાય છે; અરે! જાણે હમણાં જ મળશે જ અને બસ બસ એવી આનંદદાયક સ્થિતિ સર્જાતી હોય છે. પણ ત્યાં તો કોઇ અગમ્ય કારણથી માણસ પોતાના ઇચ્છિત સુખથી સાવ વંચિત બને છે. આવા અત્યંત કડવા પ્રસંગો જીવનમાં વખત પણ બનતા હોય છે. આમ જીવનમાં કોઇ પણ પ્રસંગે છેલ્લી ઘડી સુધી નિરાશાની શક્યતા હોવાથી જીવનમાં 'સાફલ્ય'ની વાત રાખવી કે આશાવાદ રાખવો એ કેવળ માણસની કલ્પના છે તેનો ભ્રમ છે. વાસ્તવમાં તો નિષ્ફળતા જ સાંપડવાની છે, ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થવાની જ નથી એવી વિચારસરણી પણ અસ્તિત્વમાં આવી છે જે નિરાશાવાદ કહેવાય છે. નિરાશાવાદીઓને આશાવાદીઓ કેટલીક વખત તો મૂર્ખ જેવા લાગે છે.

વ્યક્તિગત જીવનમાં માણસને વારંવાર નિરાશ બનાવાના પ્રસંગો સાંપડે તો તેની માનસિક સ્થિતિ નિરાશાના રોગી જેવી બને છે. આશા'નાં ઉચ્ચારણ પ્રત્યે પણ તેને સૂગ ચડે છે. તેને પોતાનાં જીવનમાં રસ પડતો નથી અને સદા બેચેની જ લાગ્યા કરતી હોય છે. જીવનમાં દુઃખ, નિષ્ફળતા અને કલેશ જ છે એ વિચારથી તે ઘેરાયેલો રહે છે. તે કોઇ પ્રવૃત્તિમાં મન લગાડી શકતો નથી અને પોતાની નિરાશાના વિચારોની દુનિયામાં સમસામ બેસી રહે છે અન્ય લોકોની દોડધામ અંગે તેને ગતાગમ પડતી હોતી નથી. અમુક કાર્ય સારું છે માટે તે કરવું જોઇએ એમ કોઇ તેને સમજાવે, તો તેને તે સમજાવટ સ્પર્શતી જ હોતી નથી. જીવન જીવવા જેવું નથી એવી ગ્રંથિનો તે ભોગ બનવા પામે છે. તેને વારવાર મળેલી નિષ્ફળતાઓએ તેનાં માનસિક સ્થિતિ અને શક્તિને છિન્નભિન્ન કરી નાખ્યાં હોય છે.

દુઃખની લાગણીના અનુભવથી માંડીને માનસિક બીમારીના ભોગ બનવું પડે એવી નિરાશાની જબ્બર તાકાત રહેલી છે. આવી આપત્તિથી તો સૌ કોઈ બચવા ઇચ્છે અર્થાત્ નિરાશાથી મન પર થતી વિપરીત અસરોથી બચવાની ઇચ્છા રાખવી એ માણસમાત્ર માટે સ્વાભાવિક છે. અલબત્ત આને માટે કોઇ જડીબુટ્ટી તો છે જ નહિ. મનોરંજક કાર્યક્રમોથી થોડીવાર નિરાશા ભુલાય છે, પરંતુ પછી એ જ વેદના વધુ માત્રામાં પણ થવા પામે નિરાશા જ સાંપડે છે માટે સંસાર

છોડીને સંન્યાસી બનવું એ તંદુરસ્ત માર્ગ નથી. એમ કરવાથી પોતાનાં કુટુંબીજનો મુશ્કેલીમાં મુકાય છે – આવો અધર્મ બજાવવો એ તર્કસંગત બાબત નથી. તેમ કરવાથી સંસારની નિરાશા સહેલાઈથી ભુલાવાની તો નથી અને વળી સંન્યાસના ક્ષેત્રમાં નિરાશા નહિ જ સાંપડે એવી કોઈ જ બાંહેધરીની વાત નથી. વાસ્તવમાં, નિરાશાની અસરોમાંથી બચવા માટે બુદ્ધિગમ્ય તંદુરસ્ત માર્ગ વિચારવો સર્વથા હિતાવહ છે.

પહેલું તો એ કે વ્યક્તિ જે આશા રાખે છે તે આશા ખરેખર તંદુરસ્ત છે ? વધુ પડતી તો આશા નથી રખાતીને ? દીકરો અભ્યાસ કરવા લાગે એટલે તે ભણીને કમાઈ બતાવશે એવી આશા કેટલાંક માબાપ રાખતાં હોય છે. પરંતુ સમય જતાં દીકરો લાચાર બનીને પોતાની અશક્તિ જાહેર કરે ત્યારે માબાપ નિરાશ થઈને કકળી ઊઠે છે અને વસમો આઘાત અનુભવે છે. ખરેખર તો માબાપે આશા રાખતી વખતે વિચાર કરવો જોઈતો હતો. દીકરો કેટલી આવક મેળવવા સમર્થ બને ? દીકરો સંસારમાં નહિ પડે ? પછી તેની શક્તિ કેટલી ગણાય ? આવા પ્રશ્નોની ગંભીર વિચારણા બાદ જ આશાનું સ્થાન રહેવું ઘટે તેવી જ રીતે મહેનતુ અને તેજસ્વી વિદ્યાર્થી સ્વસ્થતાથી પરીક્ષા આપ્યા બાદ સારા ગુણ કે વર્ગની આશા રાખે એ સહજ બાબત છે. પરંતુ તેની ધારણા પ્રમાણેનો વર્ગ તેને ન પણ મળે. પોતાનાં ધારણા–આશા કેટલાં પાયાદાર હતાં. તે તેણે તપાસવાનું રહે છે. તેમ છતાં, પરીક્ષકના હાથે અન્યાય થતો હોય છે અને તેથી પણ અન્યાય જ થયો છે એમ તરત જ માની લેવું ઉચિત નથી. આશા રાખવામાં આત્મલક્ષી તત્ત્વ સામાન્ય રીતે વિશેષ બને છે. અને પોતાની ખામી વ્યક્તિને સહેલાઈથી દેખાતી હોતી નથી. એટલે આશા રાખતી વખતે વસ્તુલક્ષી (Objective) બનવાની ટેવ પાડવી એ નિરાશાની અસરોમાંથી બચવાનો યોગ્ય ઉપાય છે. મોટો લાભ મળશે એવી આશા રાખવા મન ખૂબ લલચાય છે, જ્યારે વાસ્તવિકતા ઘણી કઠોર છે એ મનને વિચારવું ગમતું હોતુ નથી. બીજા શબ્દોમાં કહીએ તો વધુ પડતી આશા રાખવી એટલે નિરાશા અને તેની વિપરીત અસરોને આમંત્રણ આપવું.

બીજું, માણસ જોઈ શકતો જ હોય કે પોતાનું ઇચ્છિત સુખ હાથવેંતમાં જ છે અને વાસ્તવમાં સઘળી પરિસ્થિતિ તે સુખપ્રાપ્તિ માટે બરાબર હોય અને છતાં એ ઇચ્છિત સુખથી વંચિત બનાય. આ નિરાશા જબ્બર આઘાત સર્જે એ પણ હકીકત જ છે – આ પરિસ્થિતિમાં નિરાશાની દુઃસહ અસરોમાંથી બચવા માટે દૈવ – ઈશ્વરેચ્છા આગળ મસ્તક નમાવીને સાંત્વન મેળવવું એ જ તંદુરસ્ત માર્ગ છે. ધારો કે યુવક–યુવતી બંને પરસ્પર ખૂબ ચાહે છે અને એક–બીજાના સહવાસ વિના રહી શકે એમ નથી. સહજીવન ગાળવાની સઘળી વાત નક્કી જ હોય છે. માત્ર ઘડીઓ જ ગણવાની હોય તેટલો સમય છે. આ સંબંધમાં વિઘ્ન આવે તેવી કોઈ જ શંકાને સ્થાન નથી. તેમ છતાં તદ્દન અણધારી રીતે યુવક કે યુવતીનાં માતાપિતા દ્રશ્ય પર આવી ચડે અને કોઈપણ રીતે આ સંબંધ ન થવા દે અથવા તો પ્રેમપ્રકરણમાં છૂપા રહેવું પણ અવકાશ હોય છે; તે ગમે તેવો દાવપેચ રચીને યુવતીને તેની સાથે લગ્ન કરવાની ફરજ પડે એવી પરિસ્થિતિ મુત્સદ્દીગીરીથી ઊભી કરે એવું બનવા પામે. અથવા તો સત્તાવાળા લોકો કે ધર્મગુરુ અણધારી રીતે દરમ્યાનગીરી કરીને આ સંબંધ ન થવા દે. (જેમને આવી પરિસ્થિતિ પર રચાયેલી વાર્તા વાંચવાનો શોખ હોય તેમને ફ્રેંચ સાહિત્યકાર એલેક-ઝાન્ડર ડુમાની નવલકથા 'ધ કાઉન્ટ ઓફ મોન્ટે ક્રીસ્ટો' વાંચવા માટે વિનંતિ છે. અલબત્ત, આ નવલકથામાં લેખકનું સ્પષ્ટ સૂચન તો આશાવાદનું જ છે.) આવી પરિસ્થિતિમાં દૈવ કે ઈશ્વરેચ્છા જ કારણભૂત ગણાય. સઘળું માણસનું ધાર્યું બનતું નથી અને બની શકે નહિ એ સનાતન સત્ય હૃદયથી સ્વીકારીને નિરાશા ખંખેરી નાખવી જોઈએ.

ત્રીજું, અન્ય લોકો સાથે સરખામણી કરવાની ટેવનો સદંતર ત્યાગ કરી દેવો. ફલાણી વ્યક્તિને સફળતા મળતી રહે છે, ત્યારે મારા માટે તો નિષ્ફળતા–નિરાશા જ છે. આવી સરખામણી કરવાથી નિરાશાની વિપરીત અસરો ઊંડી ઊતરે છે અને પોતાની જાત પ્રત્યે તિરસ્કાર આવે છે અથવા પોતાની ખામીની સતત સભાનતા રહેવા લાગે છે. આ સભાનતા બીજા પ્રયત્નમાં નડતરરૂપ બને છે. સફળતા માટે સાત નહિ પણ સિત્તેર વાર પણ પ્રયત્ન કરવો પડે. બીજાને સફળતા મળે તેથી આપણે રાજી થવું એ સર્વથા તંદુરસ્ત રીત છે. આપણા કરતાં બીજામાં વધારે શક્તિ હોય, તેમના સંજોગો સાનુકુળ હોય અને દૈવ પણ સાનુકુળ હોય એનો આનંદથી સ્વીકાર કરવો ઘટે. આપણા માટે તેવી બાબતો નથી એનો પણ હસતે મોંએ સ્વીકાર કરવો ઘટે. આપણે આપણી મર્યાદાઓ સમજીને સ્વસ્થતાથી આપણો પુરુષાર્થ ચાલુ રાખવો. ફળ જે મળે તે આનંદથી સ્વીકારી લેવું. આવું વલણ કેળવવાથી નિરાશાની વિપરીત અસરોથી બચી જવાશે અને પુરુષાર્થનું જીવન જીવવામાં પણ આનંદ રહેશે.

ચોથું, હિંમત રાખવી. અહીં હિંમતનું સ્વરૂપ જુદું છે પ્રયત્ન કરતી જ વખતે 'ભલે નિષ્ફળતા મળે', 'ભલે નિરાશ થવું પડે' એવી હિંમત રાખવી. નિષ્ફળતા કંઈ વાઘ કે દીપડો નથી એવું મજબૂત મન રાખવું. આવું વલણ કેળવવાથી નિષ્ફળતાનો 'હાઉ' રહેશે નહિ. આવી હિંમતને લીધે નિષ્ફળતાથી સાંપડતી નિરાશાને લીધે જગતનો સામનો કરતાં લજ્જા, સંકોચ, ક્ષોભ ઇત્યાદિ અનિચ્છનીય લાગણીઓ વ્યક્તિત્વ પર કબજો નહિ ધરાવે. રમવાનું આદ્યું એટલે હાર અથવા જીત એવું પરિણામ આવવાનું એ દેખીતું જ છે. હારજીત મુખ્ય નથી, રમત મુખ્ય છે. આપણે આપણો પ્રયત્ન તનમનધનથી કર્યો એ જ જોવાનું છે. જે સફળતા મેળવે તે માણસ અને નિષ્ફળતા મેળવે તે માણસ નહિ એવી માણસની વ્યાખ્યા કોઈએ આપી નથી. આપણે આપણી શક્તિ પ્રમાણે આપણો ભાગ સારી રીતે ભજવ્યો. નિષ્ફળતા મળી તો છો મળી. આવી હિંમત કેળવવાથી નિરાશાની વિપરીત અસરોથી બચી જવાય છે અને જીવનનો સામનો કરવા માટે પોતાની શક્તિનો સાથ મળતો રહે છે.

છેલ્લું સૂચન એ છે કે માણસે ધર્મપરાયણ બનવાનો સાચા દિલથી મહેનત લેવી. પોતાના ધર્મની વિચાર-સરણી સમજીને તે પ્રમાણે જીવન જીવવાનો પ્રયાસ

રાખવો એ ધર્મપરાયણ બનવાનો માર્ગ છે. ધર્મપરાયણતા રોજિંદા જીવનથી અલગ કે સંબંધરહિત નથી. જે માણસ સુખના સમયમાં છકી જતો નથી અને દુઃખમાં હિંમત હારતો નથી તે ધર્મપરાયણ માણસ છે. ધર્મપરાયણ માણસ પોતાનાં કુટુંબીજનો, સંબંધીઓ અને મિત્રો પ્રત્યે, સમાજ પ્રત્યે, રાષ્ટ્ર પ્રત્યે, પોતાના વ્યવસાય અંગે અને જીવમાત્ર પ્રત્યે પોતાની શક્તિ પ્રમાણે નિષ્ઠાપૂર્વક અને શ્રમપૂર્વક ફરજ બજાવે છે. ધર્મપરાયણ માણસ સાદાં જીવનથી ભાગ્યેજ ભડકતો નથી. પરંતુ સાદું જીવન તેને જીવવું પડે તો તે પોતાની જાતને ભાગ્યશાળી ગણે છે. સુખસગવડોનું જીવન પ્રાપ્ત થયું હોય તો ધર્મપરાયણ માણસ તે ભોગવે છે ખરો, પરંતુ તે સુખસગવડોને વળગી નથી રહેતો. તેમ તેમને સર્વસ્વ ગણતો નથી. તે નિઃસ્વાર્થ દૃષ્ટિથી અન્ય લોકોને પોતાની સુખસગવડોના ભાગીદાર બનાવે છે. ધર્મપરાયણ માણસ 'મને આ જોઇએ' 'મને તે જોઇએ'ની ઘેલછા વિના પોતાનાં સ્વભાવ અને શક્તિ પ્રમાણે કાર્યરત રહે છે ધર્મપરાયણ જીવનનો મહાવરો કરતાં કરતાં એવો તબક્કો પણ આવે કે જેમાં આશા-નિરાશાનાં દ્વંદ્વથી પર બની જવાય. આ આદર્શ સાકાર ન થાય તો પણ ધર્મપરાયણ બનવાના સાચા દિલના પ્રયાસથી છેલ્લી બાકી નિરાશા સાંપડવાથી જે ડંખ લાગતો હોય છે તે ડંખ તો ન જ લાગે.

આરામ શોભારાસમાળા

પ્રા. કાન્તિભાઈ બી. શાહ

'આરામ શોભારાસમાળા' એ પ્રાકૃત જૈન વિદ્યાવિકાસ ફંડ દ્વારા તાજેતરમાં પ્રકાશિત થયેલ જયંત કોઠારીનો મહત્ત્વનો સંપાદનગ્રંથ છે. સાહિત્યનો તુલનાત્મક અભ્યાસ કેવી રીતે થઈ શકે એનો એક આદર્શ આ ગ્રંથ પૂરો પાડે છે.

આરામશોભાની કથા એ જૈન પરંપરાની એક પ્રસિદ્ધ કથા છે. આ કથાનાં કથાનકો સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ત્રણે ભાષાના સાહિત્યમાં મળી આવે છે. અહીં જયંત કોઠારીએ, મધ્યકાળમાં ૧૫મા શતકના ઉત્તરાર્ધથી માંડી ૧૮મા શતકના આરંભ સુધીમાં જુદા જુદા સમયના તબક્કે છ જુદા જુદા મધ્યકાલીન જૈન સાધુ કવિઓએ ગુજરાતી ભાષામાં રચેલી આરામશોભાની રચનાઓની પ્રાપ્ત હસ્ત-પ્રતોનું સંપાદન કર્યું છે.

આરામશોભાના કથાનકવાળી આ છ ગુજરાતી રચનાઓનાં નામ, કર્તાનામ અને સમય આ પ્રમાણે છે:

૧. રાજકીર્તિ કે કીર્તિરચિત આરામશોભારાસ
૨. સ. ઇ. ૧૪૭૯

૨. વિનયસમુદ્રવાચકરચિત આરામશોભાચોપાઈ
૨. સ. ઇ. ૧૫૨૭

૩. સમયપ્રમોદરચિત આરામશોભાચોપાઇ
૨. સ. ઇ. ૧૫૯૫

૪. પૂંજાઋષિરચિત આરામશોભાચરિત્ર
૨. સ. ઇ. ૧૫૯૬

૫. રાજસિંહરચિત આરામશોભાચરિત્ર
૨. સ. ઇ. ૧૬૩૧

૬. જિનહર્ષરચિત આરામશોભારાસ
૨. સ. ઇ. ૧૭૦૫

ઉપર્યુક્ત આ છયે રચનાઓની હસ્તપ્રતોનું ચીવટભર્યું અને પ્રમાણભૂત સંપાદન કરવા સાથે જયંતભાઇએ ૯૮ પાનાંની બાંધેલી લાંબી ભૂમિકામાં આ છયે રચનાઓનાં કથાનકો અને એનાં કથાઘટકોનો વિસ્તૃત તુલનાત્મક અભ્યાસ રજૂ કર્યો છે. એ અભ્યાસમાં જુદી જુદી કૃતિઓમાં જોવા મળતા વસ્તુના ફેરફારો, સ્થળ અને વ્યક્તિનામોના ફેરફારો, કથાપ્રયોજનોનાં વરતાતાં સૂક્ષ્મ પરિવર્તનો, શૈલીભેદ, કથાના આરંભે આવતાં મંગલાચરણો, વસ્તુસંરચનાના ભેદો, પ્રસંગનિરૂપણ રીતિના ભેદો, પાત્રનિરૂપણના તફાવતો, પાત્રના મનોભાવનાં ચિત્રણોમાં વરતાતા ભેદો, વર્ણનો તેમજ ચિંતન-ઉપદેશના ભેદોનાં ઝીણવટભર્યાં નિરીક્ષણો સંપાદકે નોંધ્યાં છે. આ રીતે આરામશોભા વિષયક આ છ ગુજરાતી પદ્યરચનાઓના વિશિષ્ટ કથાંશો અને કાવ્યકળા વિશેની સંકલિત માહિતી રજૂ કરતો તુલનાત્મક અધ્યયનનો આ ગ્રંથ મધ્યકાલીન કથાસાહિત્યમાં અને તુલનાત્મક અભ્યાસમાં રસ ધરાવતા સૌને માટે ખૂબ ઉપયોગી બની રહે તેમ છે.

ગુજરાતી ભાષાની આ છ રચનાઓનો અભ્યાસ રજૂ કરતાં અગાઉ સંપાદકે આરામશોભાનાં કથાનકો જે સંસ્કૃત-ભાષાની કૃતિઓમાં મળે છે તેમની યાદી પણ સમયાનુક્રમે રજૂ કરી છે. એ રીતે જોતાં તો છેક, પ્રદ્યુમ્નસૂરિરચિત પ્રાકૃત ગ્રંથ 'મૂલશુદ્ધિપ્રકરણ' પરની શ્રી દેવચન્દ્રસૂરિએ ઇ. સ. ૧૦૮૯-૯૦માં રચેલ સંસ્કૃત વૃત્તિ-અંતર્ગત પ્રાકૃત ભાષામાં આરામશોભાની કથા સાંપડે છે ૧૧મા શતકના ઉત્તરાર્ધથી શરૂ કરી કુલ નવેક સંસ્કૃત-પ્રાકૃત રચના-અંતર્ગત આ કથા પ્રાપ્ત છે. આ ગ્રંથોના સૌ રચયિતાઓ પણ જૈન સાધુ કવિઓ છે, જ્યારે બેએક કૃતિઓનું કર્તૃત્વ અજ્ઞાત કવિનું કરે છે. આ સિવાય પણ આરામશોભાની કથાનકવાળી અન્ય અજ્ઞાતકર્તૃક રચનાઓ હોવાની સંભાવના સંપાદકે વ્યક્ત કરી છે. આ કથાનકનાં સંસ્કૃત-પ્રાકૃત રૂપાંતરો પણ એક સ્વતંત્ર અભ્યાસનો વિષય બને એમ છે એવો અછડતો નિર્દેશ પણ સંપાદકે કર્યો છે. આ સંસ્કૃત-પ્રાકૃત કૃતિઓની કેવળ યાદી આપીને જ કામ ચલાવવાને બદલે સંપાદકે એ બધી કૃતિઓનો સંક્ષિપ્ત પરિચય તો આપ્યો જ છે; સાથે સાથે તે કૃતિઓનાં આરામશોભા વિષયક કથાનકોનાં કથાઘટકોના જોવા મળતા મુખ્ય મુખ્ય ફેરફારોની તેમજ નિરૂપણરીતિના કેટલાક મહત્ત્વના ભેદોની અભ્યાસનોંધ રજૂ કરી છે. એમ કરવામાં સૌ પ્રથમ શ્રી દેવેન્દ્રસૂરિએ આપેલ આ કથાનકને અને એના ભાવ-વર્ણન જગતને અનુગામી કવિઓને હાથે કેવા કેવા નવાં વળાંકો અને રંગો મળતા ગયા છે એનો એક ઝીણવટભર્યો આલેખ સંપાદકને હાથે અહીં રજૂ થયો છે. આ આલેખ સુગ્રાહ્ય બને તે માટે

દેવેન્દ્રસૂરિવિરચિત સૌથી પ્રાચીન એવા આરામશોભા-કથાનકનો એક ભૂમિકા લેખે સંપાદકે અહીં અર્વાચીન ગુજરાતી ભાષામાં અનુવાદ પણ પરિશિષ્ટરૂપે મૂકયો છે.

સંપાદકે નોંધ્યું છે તે પ્રમાણે સંસ્કૃત-પ્રાકૃત ભાષાના ગ્રંથોમાં અંતર્ગત ભાગરૂપે મળતી આરામશોભાની કથા દૃષ્ટાંતકથા તરીકે આવે છે, જ્યારે ઉપર્યુકત ગુજરાતી કવિઓની આ છ રચનાઓ આરામશોભાના કથાનકને નિરૂપતી સ્વતંત્ર રચનાઓ છે. છ ગુજરાતી રચનાઓમાં ઇ. ૧૪૭૯માં રચાયેલી સૌથી જૂની રચના છે રાજકીર્તિ કે કીર્તિવિરચિત 'આરામ-શોભારાસ.' આ કૃતિ અહીં પહેલી વાર જ પ્રકાશિત થાય છે. કર્તા ના નામનો અહીં ક્રાયડો છે. આની ઉપલબ્ધ બે પ્રતોમાંથી એકમાં કર્તાનામ રાજકીર્તિ મળે છે, જ્યારે બીજીમાં કીર્તિ. રાજકીર્તિનું નામ આપતી પ્રત જૂની હોવાનું સંપાદકનું અનુમાન છે અને રાજકીર્તિનું કીર્તિ થઈ ગયું હશે કે પછી કીર્તિચંદ્રનું તે ટૂંકું રૂપ હશે એવી સંભાવના સંપાદકે કરી છે. અન્યત્રથી આની ક્રોસ ચાવી ન મળતી હોઈ સંપાદકને આ કર્તાનામનો ક્રાયડો ઉકેલી શકાય એવો લાગ્યો નથી.

બીજી, વિનયસમુદ્રવાચકરચિત 'આરામશોભાચોપાઈ' આ પૂર્વે પ્રકાશિત થયેલી છે; પરંતુ એમાં ઘણા પાઠદોષ રહી ગયાનો અને અહીં પ્રકાશિત વાચનામાં એક અન્ય પ્રતની મદદ મળ્યાનો ઉલ્લેખ સંપાદકે કર્યો છે. ત્રીજી કૃતિ સમયપ્રમોદરચિત 'આરામશોભાચોપાઈ' પણ અહીં પહેલી વાર પ્રકાશિત થાય છે. જેમ પ્રથમ કૃતિમાં કર્તા નામનો ક્રાયડો છે તો આ ત્રીજીમાં સમય અંગેનો થોડો ક્રાયડો સંપાદકને જણાયો છે. પણ સંપાદકે એની બે પ્રતને આધારે એનો રચનાસમય ઇ. સ. ૧૫૯૫નો સ્વીકારવાનું પસંદ કર્યું છે. ચોથી કૃતિ પૂંજઋષિવિરચિત 'આરામ-શોભાચરિત્ર' આ અગાઉ પ્રકાશિત થયેલી છે. પણ અહીં મૂળ હસ્તપ્રત પરથી જ એનું પુનઃ સંપાદન કરવામાં આવ્યું છે. પાંચમી કૃતિ રાજસિંહરચિત આરામશોભા-ચરિત્ર' અહીં સૌ પ્રથમવાર પ્રકાશિત થાય છે. મધ્યકાલીન ગેય દેશીબંધનો સમૃદ્ધ વારસો આ કવિએ ઝીલ્યો જણાય છે. છઠ્ઠી કૃતિ જિનહર્ષરચિત 'આરામ-શોભારાસ' આ પૂર્વે જયંત ક્રોઠારી અને કીર્તિદા જોશીના સહિયારા સંપાદનતળે પ્રકાશિત થયેલી છે. એ જ વાચના નજીવા સુધારા સાથે અહીં અપાઈ હોવાનું સંપાદકે નોંધ્યું છે.

આરામશોભાના કથાનકવાળી જે છ ગુજરાતી કૃતિઓ અહીં સંપાદિત થઈ છે તેમાં ઉપયોગમાં લેવાયેલી પ્રતોનો પરિચય અને સંપાદકે અપનાવેલી સંપાદનપદ્ધતિ અંગેની માહિતી અહીં અપાયાં છે. સંપાદકે છયે કૃતિઓનાં મહત્ત્વનાં પાઠાંતરો અને ટિપ્પણો આપ્યાં છે. ટિપ્પણોમાં સંઘવત્સલ' જેવા શબ્દોની એકથી વધુ અર્થચ્છાયાઓની ચર્ચા કરી છે, કયાંક વ્યુત્પત્તિની દૃષ્ટિએ શબ્દો તપાસ્યા છે તો કયાંક અર્થ સ્પષ્ટ ન થતાં ક્રેવળ ક્રાશ્રાય' મૂકીને એ અર્થને સંભાવનારૂપે સૂચિત કર્યો છે. દા.ત. 'સમયસરણ રચના મિલી વાણી' માંનો 'વાણી' શબ્દ. જૈનધર્મના ઢગલાબંધ પારિભાષિક શબ્દોનો પણ માહિતીપ્રદ પરિચય આપ્યો છે, જેમકે પંચ મહાવ્રત, પંચ ક્રિયા, પંચ સમિતિ ગુપ્તિ ખટકાય, પંચાશ્રવ, સત્તર ભેદ, ચતુર્વિધ સંઘ, ચાર કષાય, સંલેહણ, ચઉવિહ આહાર, પ્રભાવના, પંચમગતિ, નવતત્ત્વ વગેરે.

આ સંપાદનની વિશેષ ફલશ્રુતિ તો છે ગ્રંથને છેડે પ્રાપ્ત થતો, આ છ કૃતિઓની અંતર્ગત મળતા મધ્યકાલીન ગુજરાતી શબ્દો (જે સામાન્ય રીતે અત્યારે વપરાશમાં નથી)નો સમૃદ્ધ શબ્દક્રોશ. અલ્પપરિચિત સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, દેશ્ય, હિંદી, રાજસ્થાની કે ફારસી શબ્દો પણ અહીં સામેલ કર્યા છે. 'આરામશોભા-રાસમાળા'નો શબ્દક્રોશ તૈયાર કરવામાં જયંતભાઈએ ઘણો પરિશ્રમ લીધો જણાય છે. અનેક શબ્દોના અર્થની ચાવી એમને રાજસ્થાની ક્રોશમાંથી મળ્યાનું પણ જણાય છે. સંપાદકે 'વનસ્પતિક્રોશ' જુદો તારવીને આપવાનો પણ શ્રમ લીધો છે. આમ શબ્દક્રોશ, વનસ્પતિક્રોશ, દેશીઓની સૂચિ મહત્ત્વની સંદર્ભસૂચિ મધ્યકાલીન ગુજરાતી ભાષા-સાહિત્યના અભ્યાસમાં વધુ ઊંડા ઊતરવા માગનારાઓ અને ભાવિ સંશોધનકારો માટે ખૂબ જ ઉપયોગી પુરવાર થાય એમ છે.

સંયુકત અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧૬-૧૨-૧૯૮૯ નો તથા તા. ૧-૧-૧૯૯૦નો અંક સંયુકત અંક તરીકે તા. ૧-૧-૧૯૯૦ ના રોજ પ્રગટ થશે.

-તંત્રી

નેત્રયજ્ઞ

સંઘના આર્થિક સહયોગથી શ્રી વિશ્વવત્સલ ઔષધાલય. ગુંદીના ઉપક્રમે વિરમગામ તાલુકાના **ખાન્ટાઇ** ગામે **નેત્રયજ્ઞ** યોજવામાં આવ્યો છે. તેની વિગત નીચે પ્રમાણે છે:-

દિવસ : રવિવાર, તા. ૧૦-૧૨-૧૯૮૯
સમય : સવારના ૧૧-૦૦ કલાકે
પ્રમુખ : ડા. રમણલાલ ચી. શાહ
ઉદ્‌ઘાટક : શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
અતિથિવિશેષ : શ્રીમતી નિરૂબહેન એમ. શાહ
વિ૦ મંત્રીઓ

સાભાર સ્વીકાર

* **સાધુ સોહમ સુર** લે. સુશીલા ઝવેરી * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૫૯ * મૂલ્ય રૂ. ૧૦-૦૦ પ્રકા. પી. સી. ઝવેરી, ડી/૩૪, ગણેશ પ્રસાદ તારદેવ, નૌશીર ભરૂચા માર્ગ, મુંબઈ-૭ * **નિખાલસ સંવાદ** લે. પુરુષોત્તમ ગણેશ માવળંકર * રેમી સાઈઝ * પૃષ્ઠ-૩૮ * મૂલ્ય રૂ. ૧૦-૦૦, પ્રકા. સંનિષ્ઠ પ્રકાશન - ગોપિકા, મહારાષ્ટ્ર સોસાયટી, એલિસબ્રીજ, અમદાવાદ-૬ * **સાત પગલાં સાથે** લે. મીરાં ભટ્ટ * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ-૮૮ મૂલ્ય રૂા. ૧૦ * **સદ્‌ભાગ્યનું સર્જન** લે. પ્રકાશ ગજજર ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૯૫ * મૂલ્ય રૂા. ૧૦ * **પરબનાં મીઠાં જળ** લે. અમૃત મોદી * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૯૬ * ત્રણેના પ્રકાશક : અનાયાસ પ્રકાશન ૫, જવકુશ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૧૫

ચિત્રકુટમાં નેત્રયજ્ઞ

(પૃષ્ઠ ૨થી ચાલુ)

પ્રભાવ, સેવાની ભાવના અને નિર્દંભ વિનમ્રતાનું દર્શન થાય છે.

નેત્રયજ્ઞ માટે સવારથી સાંજ સુધી આખો દિવસ માઇક ઉપર વિવિધ પ્રકારની સૂચનાઓ મધુર, વિનમ્ર અવાજે અપાયા કરતી હોય છે. એમાં આવડા મોટા વિસ્તારમાં આટલા બધા લોકોમાં પોતાનાં સ્વજનો ક્યાં છે. તેની ભાળ મેળવવા માટે માઇક દ્વારા વ્યવસ્થા કરવામાં આવે છે. થોડા થોડા સમયના અંતરે દરદીઓને, તેમનાં સગાઓને સ્વયંસેવકોને અન્ય કર્મચારીઓને જાત-જાતની સૂચનાઓ સતત અપાતી રહે છે. વિદાય લેતા દરદીઓને અપાતી પ્રેમભરી સૂચનાઓ સાંભળવા જેવી હોય છે.

ચિત્રકુટમાં દરદીઓ પોતાની અનુકુળતા પ્રમાણે તેમના સગાઓ સાથે રોજેરોજ આવતા રહે છે. આ બધા લોકોને નજરે જોઇએ ત્યારે ખ્યાલ આવે છે કે ભારતમાં આઝાદી મળ્યા પછી આટલે વર્ષે પણ ગરીબી કેટલી બધી રહી છે. માણસ પાસે બસ કે ટ્રેનમાં જવાના પૈસા ન હોય તો ઓપરેશન કરાવવાના પૈસા તો ક્યાંથી હોય? આવા ગરીબ લોકો ભગવાનનું નામ લેતા દેતા, 'જય સિયારામ'નું રટન કરતાં કરતાં ઓપરેશન કરાવવા આવી પહોંચે છે. નેત્રયજ્ઞના કેમ્પસમાં રસ્તા ઉપર જ્યાં જગ્યા મળે ત્યાં અથવા સ્વયંસેવકો દ્વારા અપાતી સૂચનાનુસાર, કશી પણ ફરિયાદ કે અપેક્ષા વિના તેઓ પોતાનો ઉતારો શોધી લે છે. કેટલાય લોકોને તો બીજાના હાથની બનાવેલી રસોઇ પણ ખપતી નથી હોતી. એવા કેટલાક લોકો ખુલ્લામાં થોડી ઇંટો ગોઠવીને પોતાનો જુદો ચૂલો પેટાવે છે અને દાળ-રોટી-ચાવલ જેવી સાદી રસોઇ બનાવીને ખાઇ લે છે. આશ્રમ તરફથી ખાવાની મફત વ્યવસ્થા બધાંને માટે હોય છે, પરંતુ આવા કેટલાક મરજાદી લોકો પોતાની રસોઇ પોતાને હાથે બનાવીને ખાય છે. જે દરદીઓ હોય છે તેઓને તો ભરતી થયા પછી નેત્રયજ્ઞ તરફથી અપાતી રસોઇ એટલા દિવસ ખાવાની રહે છે.

ચિત્રકુટમાં નેત્રયજ્ઞની સાથે સાથે દંતયજ્ઞ પણ છેલ્લા કેટલાંક વર્ષોથી યોજાય છે. રાજકોટના સુપ્રસિદ્ધ દંતવૈદ્ય શ્રી લાભશંકર શુકલ એ માટે વર્ષોથી સેવા આપી રહ્યા છે. તેઓ આયુર્વેદ પદ્ધતિ અને યોગ્ય વિદ્યાથી દાંત પાડવાનું કામ કરે છે. તેઓ દરદીને 'જલંધર બંધ યોગ' બે ત્રણ મિનિટ કરાવે છે, કે જેથી દાંત પાડતી વખતે દરદીને લોહી ન નીકળે, સોજો ન આવે અને પીડા ન થાય. એ રીતે દરદીનો સડેલો કે હાલતો કે દુઃખતો દાંત ઇન્જેકશન આપ્યા વગર પાડી દેવામાં આવે છે.

ઇડા, પિંગલા અને સુષુમણા નાડીના પ્રયોગથી મુખની નસોમાં વહેતું લોહી બંધ કરવામાં આવે છે. મસ્તક પર અમુક જગ્યાએ દબાણ આપી વાયુનું હલનચલન નિયંત્રિત કરવામાં આવે છે કે જેથી પીડા ન થાય. થોડી મિનિટોમાં જ એક પછી એક દરદીના દાંત પાડવામાં આવે છે. આ એક વિશિષ્ટ વિદ્યા છે અને નજરે જોવાથી તેનો બધુ ખ્યાલ આવી શકે છે. ભારતમાં પણ પ્રાચીન સમયમાં તબીબી વિજ્ઞાન કેટલું વિકસેલું હતું તેનો ખ્યાલ આ દંતયજ્ઞ જોવાથી આવે છે.

ટ્રસ્ટના આ વિશાળ કેમ્પસનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે તેમાં કેટલાક વર્ષોથી એકસો પથારીની જનરલ હોસ્પિટલ જાનકીકુંડ ચિકિત્સાલય છે. એમાં ઓપરેશન થિએટર, એકસરે યુનિટ, પેથોલોજી લેબોરેટરી વગેરેની સગવડ કરવામાં આવી છે. આ ચિકિત્સાલય તરફથી આસપાસના ગ્રામ વિસ્તારોમાં જઇને દાકતરો ગરીબ લોકોને નિઃશુલ્ક તબીબી સહાય આપે છે અને જે દરદીઓને સારવાર માટે હોસ્પિટલમાં રહેવાની જરૂર હોય તેમને જાનકીકુંડની હોસ્પિટલમાં લાવવામાં આવે છે.

જાનકીકુંડ ચિકિત્સાલય તરફથી ગ્રામ આરોગ્ય માટે વિવિધ તબીબી યોજનાઓ ચાલુ કરવામાં આવી છે ચિકિત્સાલયમાં સ્ત્રીઓ માટે પ્રસુતિગૃહની વ્યવસ્થા રાખવામાં આવી છે. સંતતિ નિયમન માટેનાં ઓપરેશન્સ પણ અહીં કરી આપવામાં આવે છે. બાળકોને પોલિયો, ડિપથેરિયા, ક્ષય, અછબડા વગેરે ન થાય તે માટે રસી મૂકી આપવામાં આવે છે. પોલિયો થયો હોય તેવા દરદીઓને ઓપરેશન કરી આપવામાં આવે છે તદુપરાંત પ્લાસ્ટિક સર્જરીનું કામ પણ નિષ્ણાત ડોકટરો દ્વારા હાથ ધરવામાં આવે છે. કેટલાંક બાળકોને જન્મથી કે પડી જવાથી ચહેરા ઉપર કોઇ ખોડ આવી ગઇ હોય તો તે પ્લાસ્ટિક સર્જરી દ્વારા દૂર કરવામાં આવે છે. અને એવા કેટલાય બાળ દરદીઓની મુખમુદ્રા સારી થઇ ગઇ છે. આ ચિકિત્સાલયને ભારતીય ડોકટરો ઉપરાંત અમેરિકા, ઇંગ્લેન્ડ, જર્મની વગેરેથી આવતા ડોકટરોની સેવાનો લાભ પણ મળે છે.

ચિત્રકુટના આ આશ્રમમાં આયુર્વેદ અને હોમિયોપેથિની ચિકિત્સાની વ્યવસ્થા રાખવામાં આવી છે. અને તે અનુસાર દરદીઓને તે પ્રકારની સારવાર પણ આપવામાં આવે છે. ડો. બી. કે. જૈન, ડો. બી. કે. અગ્રવાલ વગેરે નિવાસી ડોકટરો અહીં કાયમી ધોરણે દરદીઓને સારવાર આપે છે. નેત્રયજ્ઞના કુશળ આયોજનની પૂર્વતૈયારીમાં પણ આ ડોકટરોનું સક્રિય યોગદાન હોય છે.

શ્રી સદ્‌ગુરુ સેવા સંઘ ટ્રસ્ટના આ આશ્રમમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ પણ સારી રીતે ચાલે છે. બાળકો માટે પ્રાથમિક અને માધ્યમિક શાળાનું શિક્ષણ અહીં 'વિદ્યાધામ' નામની સંસ્થામાં અપાય છે. લગભગ ૩૦૦ જેટલાં બાળકો એમાં અભ્યાસ કરે છે અને તેઓને શાળા તરફથી નિઃશુલ્ક ભોજન પણ અપાય છે.

ટ્રસ્ટ તરફથી આશ્રમમાં 'શ્રી રામ સંસ્કૃત મહાવિદ્યાલય' નામની સંસ્કૃત પાઠશાળા પણ ચાલે છે, અવધેશ પ્રતાપસિંગ યુનિવર્સિટીએ એને માન્યતા આપી છે. આ પાઠશાળાનો વિદ્યાર્થીઓ અહીં 'શાસ્ત્રી'ની પરીક્ષા સુધી અભ્યાસ કરી શકે છે, આ શાળામાં લગભગ ૮૦ જેટલા વિદ્યાર્થી અભ્યાસ કરે છે અને તેઓને માટે રહેવાની તથા ભોજન વગેરેની વ્યવસ્થા આશ્રમ તરફથી સારી રીતે કરવામાં આવી છે. સંસ્કૃત ભાષાના પ્રોત્સાહન માટેની આ વ્યવસ્થા ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ સ્તુત્ય અને અનુમોદનીય છે.

આશ્રમમાં એક ગૌશાળા પણ ચલાવવામાં આવે છે, જેમાં હાલ એકસોથી વધારે ગાયો રાખવામાં આવી છે. ગાયોના આ દુધનો ઉપયોગ હોસ્પિટલના દર્દીઓ માટે, શાળાના વિદ્યાર્થીઓ માટે, આશ્રમના કર્મચારીઓ માટે અને અભ્યાગત સાધુ મહાત્માઓ માટે કરવામાં આવે છે.

આશ્રમ તરફથી સહકારી સ્ટોર પણ ચલાવવામાં આવે છે. એમાંથી આશ્રમના કર્મચારીઓને અનાજ, ઘી, તેલ, કાપડ વગેરે વ્યાજબી ભાવે કે રાહતના દરે આપવામાં આવે છે. આશ્રમમાં ગોબર ગેસનો પ્લાન્ટ રાખવામાં આવ્યો છે. અને સોલર હિટરની પણ વ્યવસ્થા કરવામાં છે જેથી કુદરતી ઉર્જાનો લાભ આશ્રમવાસીઓને મળી શકે.

ટ્રસ્ટ તરફથી ચિત્રકુટ ઉપરાંત મધ્યપ્રદેશમાં આનંદપુર નામના સ્થળે પણ ૧૯૮૦ થી આજ દિવસ સુધી પ્રતિવર્ષ નેત્રયજ્ઞ યોજાતા રહ્યા છે. અલગત્ત એ સ્થળ ઘણું દૂર હોવાથી અને અવરજવરની સુવિધા ઓછી હોવાથી મધ્યપ્રદેશના એ બાજુના આદિવાસીઓ અને અન્ય ગ્રામજનો તેનો લાભ લે છે.

સ્વતંત્રતા મળ્યા પછી ભારતે ચાર દાયકામાં વિવિધ ક્ષેત્રે પ્રગતિ તો કરી છે, તો પણ આપણો દેશ એટલો વિશાળ છે અને વસતિ એટલી મોટી છે કે હજુ ઘણાં ક્ષેત્રોમાં ઘણું કામ કરવાનું બાકી છે. ભારતનું એ સદ્‌ભાગ્ય છે કે કેટલીય વ્યકિતઓ અને સંસ્થાઓ સ્વેચ્છાએ લોક–કલ્યાણનું કાર્ય ઉપાડી લે છે. એટલે સરકારની એટલી જવાબદારી ઓછી થાય છે. દાન, દયા અને લોકસેવાના સંસ્કાર ભારતીય પ્રજાના લોહીમાં છે.

ભારત જેવા વિશાળ દેશમાં વસતિના પ્રમાણમાં આરોગ્ય માટેની જેટલી સુવિધાઓ હોવી જોઇએ તેટલી નથી. ભારતની પ્રજામાં ગરીબી, અજ્ઞાત, વહેમ અને અંધશ્રદ્ધાને કારણે પણ આરોગ્યની બાબતમાં કંઇક પછાતપણું રહેલું છે, આરોગ્યના ક્ષેત્રમાં જુદી જુદી બાબતોમાં વિવિધ રોગના નિવારણ અર્થે સમગ્ર દેશમાં સેવાભાવી સંસ્થાઓ તરફથી જે જુદી જુદી યોજનાઓ થાય છે એમાંની એક મહત્ત્વની યોજના તે નેત્રયજ્ઞના પ્રકારની છે. ઇંગ્લેન્ડ, જર્મની, રશિયા કે અમેરિકામાં નેત્રયજ્ઞો યોજાયાની વાત આપણે સાંભળતા નથી, કારણ કે ત્યાં જ્યારે પણ માણસને જરૂર પડે ત્યારે તે તરત પાસેની હોસ્પિટલમાં જઇને મોતીયો, ઝામર વગેરેનું ઓપરેશન પોતાના ખર્ચે અથવા સરકારના ખર્ચે કરાવી શકે છે. ભારતમાં અસંખ્ય ગરીબ લોકો પાસે એટલા પૈસા નથી. નજીકમાં એવી કોઇ સુવિધા નથી અને સરકાર પણ હાલ એટલા બધા ક્ષેત્રોમાં પહોંચી શકે તેમ નથી. એટલે ભારતમાં જુદે જુદે સ્થળે વખતોવખત મફત નેત્રયજ્ઞ યોજાય છે અને તેનો લાભ આસપાસના અનેક લોકો લે છે. જ્યાં જ્યાં નેત્રયજ્ઞ યોજાય છે ત્યાં ત્યાં સંસ્થા તરફથી દર્દી તથા એના સાથીદારને રહેવા–જમવાની વ્યવસ્થા કરવામાં આવે છે, મફત દવા આપવામાં આવે છે અને કેટલાક ગરીબ લોકોને તો પોતાના ગામથી જવા આવવાનું ભાડું પણ અપાય છે, અથવા વાહનની વ્યવસ્થા કરાય છે, કારણ કે તે વિના તેઓ આવી શકે તેમ નથી.

સામાન્ય રીતે ૫૦ થી ૬૦ વર્ષની ઉંમરે માણસની આંખે મોતીયો આવે છે. ઓપરેશન કરીને એ ઉતારવામાં આવે તો માણસ ફરી પાછો ચશ્માની (લેન્સની) મદદ વડે દેખતો થઇ જાય છે. મોતીયાના ઓપરેશનમાં પણ નવી નવી શોધો થતી રહી છે. આંખે મોતીયો આવવો એ સ્વાભાવિક ઘટના હોવાથી, પ્રતિવર્ષ નેત્રયજ્ઞો યોજાય અને અનેક દર્દીઓની આંખ સારી થઇ જાય તો પણ નવા દર્દીઓ પાછા તૈયાર થઇ જતાં હોય છે. એટલે જ્યાં સુધી કાયમી ધોરણે સમગ્ર દેશમાં તબીબી વ્યવસ્થા ન થાય અને લોકોની આર્થિક સ્થિતિ ન સુધરે ત્યાં સુધી નેત્રયજ્ઞની આવશ્યકતા રહેવાની. જેમ જેમ કાયમી ધોરણે નજીકના વિસ્તારોમાં હોસ્પિટલો થતી જશે તેમ તેમ કામ ચલાઉ ધોરણે યોજાતા નેત્રયજ્ઞોની સંખ્યા ઘટતી જશે. ભારતમાં પછાત પ્રદેશોમાં અજ્ઞાન એટલું બધું છે કે આંખે મોતીયો આવે તો તે શાપ કે દૈવી કોપ છે એવી અંધશ્રદ્ધા કેટલાક લોકો ધરાવે છે. વળી પોતાને આ કાયમનો આંધાપો આવી ગયો છે અને જીવનના અંત સુધી તે સહન કરવાનો છે એવી અજ્ઞાનયુકત માન્યતા પણ કેટલાક લોકો ધરાવે છે. પરંતુ હવે નેત્રયજ્ઞોનો જેમ જેમ વધુને વધુ લોકો લાભ લેતા થયા છે તેમ તેમ તેમની આસપાસના વિસ્તારમાં લોકોને હવે એવી જાણકારી પ્રાપ્ત થતી જાય છે કે મોતીયો ઉતરાવવાથી ફરી પાછા દેખતા થઇ શકાય છે

ભારતમાં ક્ષય નિવારણ, બાળલકવા નિવારણ, વગેરેને માટે જે યજ્ઞ કે શિબિરો યોજાય છે તે ક્ષેત્રમાં ઘણું સારું કામ થાય છે. પરંતુ તેના કરતાં આંખની સારવાર માટેની આવશ્યકતા પ્રતિવર્ષ વધુ જ રહેવાની. મનુષ્યના દેહમાં આંખ એવું ઉત્તમ અંગ છે કે જેના વિના માણસ પરાધીન અને લાચાર બની જાય છે. એટલે આવા મફત નેત્રયજ્ઞો ગામડાંના અનેક લોકોને માટે આશીર્વાદરૂપ નીવડયા છે. આપણે તો એવી આશા રાખવી જોઇએ કે દરેક વિસ્તારમાં નજીકના સ્થળે હોસ્પિટલની સગવડ ઊભી થાય અને એવી તબીબી સુવિધાઓ ભારતના ગ્રામજનો સુધી પહોંચે કે જેથી ભવિષ્યમાં યુરોપ – અમેરિકાની જેમ ભારતમાં પણ નેત્રયજ્ઞોની આવશ્યકતા ન રહે. અલબત્ત, ભારતમાં એવો શુભ દિવસ આવતાં તો હજુ પચાસ કે વધુ વર્ષ સુધી રાહ જોવી પડશે ! પરંતુ આ દિશામાં જાગૃતિ આવી છે એ પણ એક શુભ નિશાની છે ! રમણલાલ ચી. શાહ

મુનિ સેવા આશ્રમની મુલાકાત

સંઘના સભ્યો અને દાતાઓ માટે મુનિ સેવા આશ્રમની મુલાકાત ફેબ્રુઆરી મહિનાના ત્રીજા અથવા ચોથા અઠવાડિયામાં શનિ-રવિના દિવસોમાં ગોઠવવાનું વિચાર્યું છે. સંઘના સભ્યો અને મુનિ સેવા આશ્રમને માટે સંઘ હસ્તક દાનની રકમ આપનારાઓને વિનંતી છે કે જેઓને આ કાર્યક્રમમાં જોડાવાની ઇચ્છા હોય તેઓએ પોતાનાં નામ રૂા. ૫૦/– પચાસ ભરીને સંઘના કાર્યાલયમાં તા. ૧૫મી ડિસેમ્બર. ૧૯૮૯ સુધીમાં નોંધાવી દેવાં. પ્રવાસનું અન્ય ખર્ચ સંઘ તરફથી રહેશે. મુંબઇથી વડોદરા જવા-આવવાનું ટ્રેન દ્વારા બીજા વર્ગમાં રહેશે. લિ. મંત્રીઓ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ – ૪ ૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૬૬૫ મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪